૧૯૫૨ - 1952

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૧૭

મુંબઇ : ૧ જાન્યુઆરી ૧૯૫૨ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## મધ્યપૂર્વમાં મુક્તિ આંદોલન

### ઇજીપ્તનો પ્રશ્ન

( ગતાંકથી ચાલુ )

આબાદાનથી બ્રિટિશ નિષ્ણાતોએ વિદાય લીધાને પૂરા બોંતેર કલાક નહોતા થયા અને ઇજીપ્તના વડા પ્રધાન મુસ્તફા નહાશ પાશાએ બ્રિટન સાથેની સર્વ અસમાન સંધિઓને રદ કરવાની ઇજીપ્તની પાર્લામેન્ટને વિનંતિ કરી. જાન્યુઆરી ૧૯૫૦માં વફદ પક્ષ સત્તા પર આવ્યો ત્યારથી ઇજીપ્તમાં બ્રિટન સાથે કડક હાથે કામ લેવાની ચળવળે જોર પકડયું હતું, પણ ઈરાનના પગલાએ ઇજીપ્તના છુટાછવાયા વિરોધને એક મકકમ નિર્ધારમાં ફેરવી નાંખ્યો. ઈરાનના પગલાએ મધ્યપૂર્વની શોષિત પ્રજાના સ્વમાનને આહ્વાન કર્યું એ હકીકત ઇજીપ્તના વફદ પક્ષના એક મુખપત્ર સમા **'અલ મીદાઓ'** નામક સાપ્તાહિકે જરા અસંયત ભાષામાં વ્યકત કરી છે: "We do not believe that the Egyption nation is less valourous or less courageous than the Persian nation which spat in the face of imperialism." (શાહીવાદના મોં પર થૂંકનારે પર્શીયન રાષ્ટ્ર કરતાં ઇજીપ્ત ઓછું શૌર્યવાન કે હિંમતવાન છે એ માનવાને અમે તૈયાર નથી.) આથી જ્યારે ઇજીપ્તના વડા પ્રધાન મુસ્તફા નહાશ પાશાએ ૧૯૫૧ના ઓકટોબરની ૮મી તારીખે બ્રિટન સાથેની સુએઝની નહેર તથા સુદાન અંગેની સંધિઓ રદ કરવાની જાહેરાત કરી ત્યારે ઇજીપ્તની પાર્લામેન્ટના બધા જ પક્ષોના સભ્યોએ દીર્ઘ હર્ષનાદથી એ જાહેરાતને વધાવી લીધી.

### ઇજીપ્ત અને ઇરાન

બ્રિટન સામેની ઇરાન અને ઇજીપ્તની લડતમાં મોટો ફરક છે. ઇરાનમાં તેલના કુવાઓના રાષ્ટ્રીયકરણનો મુદ્દો હતો; ઇજીપ્તમાં સુએઝની નહેરના વિસ્તારમાં તથા સુદાનમાં ગોઠવાયેલા બ્રિટિશ લશ્કરને દૂર કરવાનો પ્રશ્ન છે. બ્રિટિશ લશ્કર ઇજીપ્તમાં છે એ નગ્ન વાસ્તવિકતા છે અને સુદાનમાં સર્વ રીતે બ્રિટન જ રાજ્ય કરે છે. આ લેખ સાથેનો નકશો જોતાં માલુમ પડશે કે ઇજીપ્તની આસપાસ લિબિયા, ઇરાક, માલ્ટા, સાયપ્રસ અને ટ્રાંસજોર્ડનમાં બ્રિટિશ લશ્કરી, હવાઈ અને નાવિક મથકો છે. સુએઝના વિસ્તારમાં તથા સુદાનમાં તો લશ્કર છે જ, પણ મધ્યપૂર્વ અને ઉત્તર આફ્રિકામાં બ્રિટિશ લશ્કરી મથકો ઇજીપ્તને ઘડીભર હતાશ કરી દે એટલા શકિતશાળી છે. ઇજીપ્તના પ્રશ્નની આ લશ્કરી વાસ્તવિકતા ઇજીપ્તનો પ્રશ્ન ઈરાનના પ્રશ્ન કરતાં વધુ વિકટ અને ઉગ્ર બનાવે છે.




પશ્ચિમ એશિયા અને ઉત્તર આફ્રિકા

### ઇજીપ્ત અને ઓટોમન સામ્રાજ્ય

લગભગ ૭૦૦,૦૦૦ ચોરસ માઈલના વિસ્તારમાં પથરાયેલા ૧૯મી સદીના ટર્કીશ સામ્રાજ્યનું ઇજીપ્ત એક અર્ધ-સ્વતંત્ર અંગ હતું. ઇજીપ્તમાં વંશપરંપરાથી ચાલ્યા આવતા ખેદિવનું આધિપત્ય હતું. સાર્વભૌમત્વ ટર્કીનું અને રાજ્ય ખેદિવનું. આમ ઇ. સ. ૧૮૪૧ થી ઈ. સ. ૧૯૧૪ સુધી ચાલ્યું. ઓગણીસમી સદીના આખરના દસકાઓમાં ખેદિવની સત્તા ઓસરવા માંડી. પોતાના લખલુટ ખર્ચને પહોંચી વળવા ખેદિવ સૈયદ પાશાએ સુએઝની નહેરના શેરો બ્રિટનના વડા પ્રધાન ડીઝરાયલીને વેચી દીધા. અને ઇ. સ. ૧૮૯૯માં બ્રિટન અને ઇજીપ્તની સંયુકત સત્તા સુદાનમાં સ્થાપવામાં આવી. આમ ઓગણીસમી સદીના અંતમાં ઇજીપ્ત બ્રિટનની લશ્કરી પાંખ નીચે આવી ગયું.

### ઇજીપ્ત-પુરાતન સંસ્કૃતિનું પારણું

મધ્યપૂર્વનું ઇજીપ્ત સૌથી મહત્ત્વનું રાષ્ટ્ર છે. ઐતિહાસિક દૃષ્ટિએ નાઇલની ખીણમાં વિકસેલી પુરાતન સંસ્કૃતિના પારણા તરીકે ઇજીપ્તની ખ્યાતિ છે. ઇજીપ્શીયન પ્રજાની સ્થાપત્યની સમૃદ્ધિ સમા પિરામિડો અને

ઇજીપ્તના પ્રાચીન દેવાલયોના ભીંતચિત્રો માનવજાતના કળા-વિકાસને એક મહત્વને તબક્કો વ્યક્ત કરે છે. આવી પ્રજાની વર્તમાન પરિસ્થિતિ દયાજનક છે. ૩૮૬,૦૦૦ ચોરસ માઇલના વિસ્તારમાં વસતાં ૧૯,૦૦૦,૦૦૦ ઇજીપ્શીયનોમાંથી માત્ર ત્રણ લાખ ઇજીપ્તના નાગરિકો લખતા વાચતા શીખ્યા છે. ઇજીપ્તની પ્રજાની ગરીબી હિન્દી પ્રજાની ગરીબીથી યે વિશેષ છે. ઈંગ્લેંડમાં દર હજાર બાળકોએ (બાળક એક વર્ષનું થાય એ પહેલાં) ૩૨ બાળકો મરણ પામે છે; અમેરિકામાં દર હજાર બાળકે ૩૧ બાળકો મરણ પામે છે; હિન્દુસ્તાનમાં ૧૫૦બાળકો મરણ પામે છે. જ્યારે ઇજીપ્તમાં દર ૧૦૦૦ બાળકે ૧૭૦ બાળકો મૃત્યુ પામે છે. એક સમયે નાઇલની સંસ્કૃતિને જન્મ આપનાર ઇજીપ્તની આજે આવી સ્થિતિ છે.

## પહેલું વિશ્વયુધ્ધ અને ઇજીપ્ત

આપણે એ જોયું કે ૧૯મી સદીના આખરના ભાગથી બ્રિટને ઇજીપ્તમાં પગપેસારો શરૂ કર્યો. એ સમયે બ્રિટન ઇજીપ્તની આઝાદી અણનમ રાખવા અને તેના વિકાસમાં સહાય કરવા પોતે સુદાનમાં અને ઇજીપ્તમાં છે એવો તે ડોળ કરતું હતું. પણ પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું કે તુરત જ બ્રિટને પોતાનું ખરૂં સ્વરૂપ વ્યક્ત કર્યું. ઇ. સ. ૧૯૧૪ના ડીસેંબરની ૧૮ મી તારીખે બ્રિટને, ખેદિવ અબ્બાસ હીલમીને ગાદી પરથી ઉઠાડી, ઇજીપ્તને બ્રિટનના એક ખંડિયા રાજ્ય તરીકે જાહેર કર્યું. આ પરિસ્થિતિ સ્વીકારવા હુસેન કમાલ તૈયાર થયો અને બ્રિટને તેને "સુલતાન" બનાવ્યો! "સુલતાન" હુસેન કમાલ ઈ. સ. ૧૯૧૭ માં ગુજરી ગયો અને તેનો ભાઈ ફૌદ ગાદી પર આવ્યો. આપણે પ્રથમ લેખમાં ઇજીપ્તના રાષ્ટ્રપિતા ઝગલુલ પાશાની લડત પર ઉડતી નજર કરી હતી. ઝગલુલ પાશાની લડતનાં પરિણામે બ્રિટને ઈ. સ. ૧૯૨૨ માં ઇજીપ્તની આઝાદી માન્ય કરી, અને ઈ. સ. ૧૯૨૨ના ફેબ્રુઆરીમાં "સુલતાન" ફાઉદ "રાજા" ફાઉદ બન્યો!

ઈ. સ. ૧૯૨૨ માં સુદાન (જે એંગ્લો–ઇજીપ્શીયન સુદાન તરીકે ઓળખાય છે.) માં બ્રિટન અને ઇજીપ્તની સંયુકત સત્તા હતી; જયારે ઇજીપ્તમાં બ્રિટનને લશ્કરી મથકો રાખવાની છૂટ હતી પણ ઇજીપ્તમાં બ્રિટન વિરૂધ્ધ જોરશોરથી ચળવળ ચાલતી હતી. આખરે નવ વર્ષની લંબાણ વાટાઘાટ બાદ, મુસોલિનના ઇથિયોપિયા પરના સફળ આક્રમણના પરિણામોના ભયથી, ઇજીપ્તે ઇ. સ. ૧૯૩૬ ના ઓગષ્ટ માસમાં બ્રિટન સાથે નવી સંધિ કરી. આ લેખ સાથેના નકશામાં જોતાં માલુમ પડશે કે ઇથિયોપિયા મુસોલિનના હાથમાં જવાથી નિર્બળ ઇજીપ્તને બ્રિટનની પાંખમાં ભરાયા સિવાય કોઈ માર્ગ ન હતો. ઇ. સ. ૧૯૩૬ ની સંધિ ૨૦ વર્ષની હતી.

## ઈ. સ. ૧૯૩૬ ની સંધિ

ઈ. સ. ૧૯૩૬ની સંધિદ્વારા એ નકકી થયું કે ૫૪ વર્ષ બાદ (ઈ. સ. ૧૯૯૦ માં) બ્રિટન એલેકઝાંડ્રિયા તથા કેરોમાંથી બ્રિટિશ લશ્કર હઠાવી લેશે. આ સંધિ દ્વારા એ પણ નકકી થયું કે જ્યાં સુધી ઇજીપ્ત શકિતશાળી ન થાય ત્યાં સુધી સુએઝની નહેરના રક્ષણ માટે ઇજીપ્ત બ્રિટનને સુએઝના વિસ્તારમાં ૧૦,૦૦૦ સૈનિકો તથા ૪૦૦ વિમાની–સૈનિકો રાખવાની છૂટ આપે છે. યુદ્ધ દરમ્યિાન બ્રિટનને ઇજીપ્તના બંદરો, હવાઇ મથકો અને વાહનવ્યવહારના સાધનો વાપરવાની આ સંધિથી છૂટ મળી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટને આ સંધિની કલમોનો પૂરેપૂરો ઉપયોગ કર્યો હતો.

## બીજા વિશ્વયુધ્ધ બાદ

બીજા વિશ્વયુદ્ધ બાદ મધ્યપૂર્વમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિના પૂર ફરી વળ્યાં અને તેની આગેવાની લેવા ઇજીપ્તે પ્રયત્ન કર્યો. ઈ. સ. ૧૯૪૫ માં આરબ–લીગની ઇજીપ્તની આગેવાની નીચે સ્થાપના થઇ. ઈ. સ. ૧૯૪૬ માં બ્રિટને ઇજીપ્તની રાષ્ટ્રીય સ્વમાનની ભાવના સંતોષાય એ હેતુથી સંધિ-કરારનો નવો ખરડો તૈયાર કર્યો. આ ખરડામાં એક મહત્વનો સુધારો કરવામાં આવ્યો. ઇજીપ્તની એ ફરિયાદ હતી કે ઈ. સ. ૧૯૩૬ની સંધિથી બ્રિટનનું કોઈ પણ યુધ્ધ એ ઇજીપ્તનું યુધ્ધ બની જતું હતું; આથી નવા ખરડામાં એમ જણાવવામાં આવ્યું કે જો ઇજીપ્તના પાડોશના રાજ્યો પર આક્રમણ થાય તો જ બ્રિટનને ઇજીપ્ત બંદરો, હવાઇ મથકો અને વાહનવ્યવહારના સાધનો વાપરવાની છૂટ આપે. પણ ઈ. સ. ૧૯૪૬ ના ખરડાનો ઇજીપ્તે અસ્વીકાર કરી લંબાણ વાટાઘાટો અને ઉગ્ર નિવેદનો બાદ બ્રિટનને સુએઝનો વિસ્તાર ખાલી કરવાની આજ્ઞા કરી અને સુદાનને ઇજીપ્ત સાથે જોડી દેવાની જાહેરાત કરી.

## સુએઝની નહેરનું મહત્વ

આંતરરાષ્ટ્રી રાજકારણમાં સુએઝની નહેરનું મહત્વ ગણનાપાત્ર છે. આ નહેર ભુમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્રને જોડે છે. એશિયા, આફ્રિકા અને યુરોપના વેપાર માટે આ નહેરની અગત્યતા છે. યુરોપથી હિન્દુસ્તાન તથા પૂર્વ એશિયામાં જવા માટે સુએઝનો માર્ગ ટુંકામાં ટુંકો છે. સુએઝની નહેર એ બ્રિટિશ સામ્રાજ્યની જીવાદોરી તરીકે ઓળખાતી.

લેપ્લાસ નામના ફ્રેંચ ઈજનેરની અણથક મહેનતના પરિણામે ઇ. સ. ૧૮૬૯માં આ નહેર પૂરી થઇ. "કોમ્પાન્ય યુનિવર્સાલ દુ કાનાલ મારીતામ દ સુએઝ" નામક ફ્રેંચ કંપનીને ઈ. સ. ૧૯૬૭ સુધી માલિકીનો પટ્ટો આપવામાં આવ્યો છે. આ કંપનીમાં એકલા બ્રિટનના ૪૪ ૦/૦ શેર છે. ઇજીપ્તની ધરતી પર આવેલી આ નહેર પર ઇજીપ્તનું નામનું જ વર્ચસ્વ છે. માલિકી પરદેશી હિતોની છે, રક્ષણ બ્રિટન કરે છે. ઇ. સ. ૧૯૪૯ માં લંબાણ વાટાઘાટ બાદ ફ્રેંચ કંપનીએ પ્રત્યેક દસ કામદારોમાંથી નવ ઇજીપ્શીયન કામદારોને કામ આપવા તથા સુએઝ નહેરની કંપનીની વ્યવસ્થા કરતા મેનેજીંગ બોર્ડનાં સભ્યોમાં માત્ર બે ઇજીપ્શીયનોના સ્થાને સાત ઇજીપ્શીયનોને નિમવા કબુલ કર્યું હતું.

એ અહીં જણાવવું જરૂરી છે કે સુએઝની નહેરમાંથી પસાર થતાં વહાણોમાં મુખ્યત્વે બ્રિટન, અમેરિકા અને નોર્વેના વહાણો હોય છે. આથી જ્યારે ઇજીપ્તે ઇઝરાઇલ જતા માલને સુએઝની નહેરમાંથી પસાર નહિ થવા દેવાની જાહેરાત કરી ત્યારે બ્રિટન, અમેરિકા અને નોર્વેની સરકારે પ્રબળ વિરોધ કર્યો. જ્યાંસુધી ઇજીપ્ત ઇઝરાઇલ પરથી પ્રતિબંધ ન ઉઠાવી લે ત્યાં સુધી બ્રિટન ખાતે જમા થયેલી ઇજીપ્તની સ્ટર્લીંગ પુરાંત છુટી નહિ કરવા બ્રિટનની પાર્લામેન્ટના કેટલાક સભ્યોએ બ્રિટનની મજુર સરકારને સૂચના કરી, પણ બ્રિટનના નાણાંપ્રધાન શ્રી. ગેટસ્કેલ ઇજીપ્તનો મિજાજ પારખી ગયા હતા. આથી તેમણે જણાવ્યું કે બ્રિટન ઇજીપ્તના સ્ટર્લીંગને સુએઝના પ્રશ્ન અંગે રોકશે નહિ. ઈ. સ. ૧૯૫૧ની શરૂઆતમાં બ્રિટનના કેરો ખાતેના એલચી સર રાલ્ફ સ્ટીવનસને ઇજીપ્તને સુએઝના વિસ્તારમાંથી ક્રમશઃ બ્રિટીશ લશ્કર ખસેડવાની ખાત્રી આપી હતી; જ્યારે બીજી બાજુ બ્રિટને સાયપ્રસ અને લિબિયા (જુઓ નકશો) માં બ્રિટિશ લશ્કરી તાકાત વધારવા માંડી. ઇજીપ્તે 'સુએઝ છોડો' ની લડત જારી રાખી; આખરે સંધિની પવિત્રતા વગેરેની વાત તડકે મૂકી બ્રિટને સુએઝના વિસ્તારમાં જ, ઈ. સ. ૧૯૩૬ ની સંધિનો ભંગ કરી, બ્રિટિશ લશ્કર વધારવા માંડયું. અને એક આક્રમક સૈન્ય તરીકે વર્તવા માંડયું. સુએઝ વિસ્તારના બ્રિટિશ લશ્કરી દળોના સરદાર સર જયોર્જ અર્સકીને અજ્ઞાન અને ઘમંડપૂર્વક જાહેર કર્યું છે કે બ્રિટીશ દળો 'ઇજીપ્શીયન સરકારની સાન ઠેકાણે આવશે ત્યાં સુધી' સુએઝ વિસ્તારમાં રહેશે.

અપૂર્ણ

**વાડીલાલ ડગલી**

(આ છેવટના હફતાનો બાકીનો ભાગ અહીં પુરેપુરો પ્રગટ થાય એવી લેખકની ઇચ્છા હોવા છતાં જગ્યાના અભાવે બાકીનો ભાગ આગળના અંક ઉપર મુલત્વી રાખવામાં આવે છે. તંત્રી)

# કેટલાક સમાચાર અને નોંધ

## ચૂંટણીનું ધનઘેરૂં વાતાવરણ

આજે આખો દેશ ચૂંટણીના ધનઘેરા વાતાવરણમાંથી પસાર થઇ રહયો છે. છાપાઓમાં ચૂંટણીપ્રચારને લગતા સમાચારો જ મોટા ભાગે ભરેલા હોય છે. ભિન્નભિન્ન રાજકીય પક્ષો પોતપોતાના ઉમેદવારોને આગળ ધરી રહ્યા છે. આ ઉમેદવારો પોતાના પક્ષની બડાઇ ગાઇ રહ્યા છે અને અન્ય પક્ષોની બને તેટલી અવહેલના કરી રહ્યા છે. અતિશયોક્તિ એ દરેક પક્ષના પ્રચારકોનો સ્વાભાવિક ધર્મ થઇ પડયો છે. આમાં પણ જેમ પક્ષ નાનો અને નવો તેમ તેના ઉમેદવારોની વાણી વધારે બેલગામ જોવામાં આવે છે વાણીસંયમને કેટલાક પક્ષોએ તો થોડા વખત માટે વિદાયગીરી જ આપી હોય એવાં ગંદાં મલીન, મત્સરપૂર્ણ ભાષણો જ્યાં ત્યાં સાંભળવા મળે છે. આવડા મોટા દેશમાં પુખ્તવયના મતાધિકાર ઉપર યોજાયલી ચૂંટણીના આ મહીનાઓ દેશ માટે ભારે કટોકટીના હોય અને શસ્ત્રના સીધા ઉપયોગ વિનાનો એક પ્રકારનો આન્તર્ગત વાણીવિગ્રહ જ ચાલી રહયો હોય એમ આજે ચોતરફ બનતી ઘટનાઓ ઉપરથી લાગે છે. ચૂંટણી અંગેના પ્રચારકાર્યને લીધે પ્રજાને રાજકારણના પ્રદેશમાં–રાષ્ટ્રની અનેકવિધ સમસ્યાઓને અનુલક્ષીને ભારે મહત્વનું શિક્ષણ મળે છે એ હકીકતરૂપે આપણે જરૂર સ્વીકારીએ, પણ સાથેસાથે પ્રચારકાર્યમાં એકમેક સામે જે સાચાખોટા આક્ષેપો થાય છે, અન્ય પક્ષને કે તેના ઉમેદવારને ઉતારી પાડવા માટે સંયમની અને સત્યની બધી મર્યાદા ઓળંગીને જે વાણીતાંડવ ચાલે છે અને રાગદ્વેષ અને મત્સરના પ્રવાહો વહેતા કરવામાં આવે છે તેનું દેશની સભ્યતા ઉપર જે માઠું પરિણામ નીપજે છે તે કાંઇ નાનોસુનો ગેરલાભ નથી. પ્રજાશાસન એટલે પ્રજાના ઘણા મોટા ભાગના મતપ્રદાનદ્વારા ચૂંટાયલા પક્ષનું શાસન-આમ હોવાથી રાષ્ટ્રવ્યાપી ચૂંટણીના લાભો અને ગેરલાભો બન્ને આપણે સ્વીકારવા જ રહ્યા–સિવાય કે તેના ગેરલાભોથી પ્રજા બચી શકે એવી કોઇ લોકશાસનની નવી યોજના વિચારવામાં અને સ્વીકારવામાં આવે.

## રાજ્યસત્તા ઉપર આવવા માટે કયો પક્ષ યોગ્યતા ધરાવે છે?

આજના ચૂંટણીના જંગમાં રાજ્યશાસનની ધુરા હસ્તગત કરવા માટે અનેક રાજકીય પક્ષો મેદાને પડ્યા છે. આ પક્ષોમાં કોંગ્રેસ સૌથી જુનો અને મોટો પક્ષ છે અને દેશમાં સ્વરાજ્યની સ્થાપના થયા બાદ રાજ્યવહીવટની જવાબદારી આજ સુધી તેણે સંભાળી છે. દેશને આઝાદી મળ્યા બાદ આખા રાષ્ટ્રને કોંગ્રેસે સંગઠિત કર્યો છે; દેશી રાજ્યોને વિસર્જિત કર્યાં છે અને સમસ્ત દેશને લાગુ પડતું નમુનેદાર રાજ્યબંધારણ ઘડી આપ્યું છે. એવી જ રીતે વિશિષ્ટ પ્રકારની પરદેશનીતિ ગ્રહણ કરીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કોંગ્રેસી રાજ્યવહીવટે નવી ભાત પાડી છે અને જ્યાં ન્યાય નીતિ અને શાન્તિની રક્ષા છે તેના પક્ષે ભારત ઉભું છે, એવી છાપ દેશ પરદેશમાં ઉભી કરી છે, આખા દેશમાં કોંગ્રેસે સુલેહ શાન્તિ સ્થાપિત કરી છે અને રાષ્ટ્રના આર્થિક અભ્યુદય થાય એવી અનેક યોજનાઓ હાથ ધરી છે. કોંગ્રેસી રાજ્યની આ સિદ્ધિઓ છે. બીજી બાજુએ મોંઘવારી ઘટી શકી નથી અને પ્રજાજીવનની અનેક હાડમારી હજુ ચાલુ છે. આગળની સરકારે કોંગ્રેસ સરકારને એવો વારસો આપ્યો છે કે તે વારસાનાં માઠાં પરિણામો હજુ પણ વિષમ વર્તુલની માફક વધતાં રહ્યાં છે. આમ છતાં પણ ભિન્ન ભિન્ન પક્ષોની તાકાત કરતાં દેશનો રાજ્યવહીવટ ચલાવવા માટે કોંગ્રેસની તાકાત તથા અનુભવી અને પ્રજાનિષ્ઠા ધરાવતા કાર્યકરોની મુડી અનેકગણી વધારે છે અને આજના કઠણ સમયમાં રાષ્ટ્રના નાવને સલામતીપૂર્વક પાર ઉતારવા માટે જે મધ્યમમાર્ગી નીતિની આપણને જરૂર છે તે નીતિ કોંગ્રેસે અખત્યાર કરી છે અને પોતાના જાહેરનામામાં તે નિતિની વિગતો પ્રગટ કરી છે. આ દ્રષ્ટિએ આજની કક્ષાએ કોંગ્રેસ પક્ષ જ પુનઃ રાજ્યસત્તા ઉપર આવે એ દેશના હિતમાં ઇષ્ટ તેમ જ આવશ્યક છે.

આ વિચારણા પાછળ બીજું પણ એક મહત્વનું કારણ છે. પંડિત જવાહરલાલ નહેરૂ હિંદની એક અજોડ અને અનુપમ વ્યકિત છે. તેમનું હિંદના પ્રજાજનોના દિલ ઉપર અનન્ય સ્થાન છે એટલું જ નહિ પણ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ તેઓ અસાધારણ પ્રભુત્વ ધરાવે છે. તેમની જોડે મૂકી શકીએ એવી હજુ દેશના નભોમંડળમાં બીજી કોઇ વ્યકિત દેખાતી નથી. ગાંધીજીની વિશ્વશાન્તિની ભાવનાને આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રમાં તેઓ મૂર્ત સ્વરૂપ આપી રહ્યા છે અને જ્યારે પણ કોઇ ફૂટ સમસ્યા દેશ પરદેશના પ્રજાજનો સમક્ષ આવીને ઉભી રહે છે ત્યારે તે વિષે જવાહરલાલજી શું કહે છે તેની દુનિયાના લોકો આતુરતાપૂર્વક રાહ જુએ છે. આજના ચાલુ, કટોકટીના વખતમાં જવાહરલાલજીની આગેવાની ગુમાવવાનું દેશને પરવડે તેમ નથી અને તે આગેવાની ટકાવી રાખવી હોય તો તે માટે પણ કોંગ્રેસનું શાસન ચાલુ રહે તે જ જરૂરનું છે. આ આખી વસ્તુસ્થિતિને ધ્યાનમાં લઇને નવી પાર્લામેન્ટ અને પ્રાદેશિક સભામાં કોંગ્રેસને બહુમતી મળે એ જ આજના સંયોગોમાં ઇષ્ટ લાગે છે.

## આમ છતાં પણ બળવાન વિરોધપક્ષની ખાસ જરૂર છે

ઉપર મુજબ અન્ય પક્ષોની અપેક્ષાએ રાજ્યસત્તા ઉપર આવવા માટે કોંગ્રેસ પક્ષ સૌથી વધારે યોગ્ય છે એવું મન્તવ્ય રજુ કરવા સાથે કોંગ્રેસ સામે શકિતશાળી સભ્યોનો એક બળવાન વિરોધપક્ષ ઉભો થાય એ એટલું જ આવશ્યક છે એ પણ જણાવવું જ જોઇએ. દેશમાં ભિન્ન ભિન્ન પક્ષોની સ્થિતિ જોતાં મધ્યવર્તી ધારાસભામાં તેમ જ ભિન્ન ભિન્ન પ્રદેશોની બધી ધારાસભાઓમાં કોંગ્રેસ પક્ષ બહુમતી પ્રાપ્ત કરશે એવી આશા અનુભવાય છે. આમ છતાં પણ કોંગ્રેસ સામે આજે કેટલાક વર્ગમાં ભારે અસંતોષ પ્રવર્તે છે તેમ જ કેટલાક પક્ષોનું પ્રજાના કેટલાક અગત્યના વર્ગો ઉપર બહુ સારૂં પ્રભુત્વ વર્તે છે તે વિચારતાં મધ્યવર્તી તેમ જ પ્રાદેશિક ધારાસભાઓમાં અપેક્ષિત બળવાન વિરોધપક્ષ જરૂર ઉભો થવાનો જ છે એમ પણ સૌ કોઇને લાગે છે. આવા વિરોધપક્ષની આવશ્યકતા એટલા માટે છે કે તેમ થવાથી જ રાજ્યસત્તા ઉપર આવેલો પક્ષ પુરી જવાબદારીના ભાનપૂર્વક રાજ્યવહીવટ ચલાવશે અને સત્તાના ગુમાનમાં તેમ જ લગભગ સર્વાનુમતી જેવી સદ્ધર પરિસ્થિતિના ધમંડમાં કોંગ્રેસી તંત્રના હાથે જે કેટલીક ગંભીર ભૂલો થવા પામી છે, ને પ્રજાનો પ્રેમ અને વિશ્વાસ જાળવવાની બાબતમાં અમુક અંશે જે બેપરવાઇ દાખવવામાં આવી છે તેવી ભૂલો અને બેપરવાઇને અવકાશ નહિ રહે, અને પ્રજાનો સર્વાંગીણ ઉદ્ધાર સાધવામાં સત્તાધારી પક્ષ તરફથી સવિશેષ કાળજી અને તત્પરતા દાખવવામાં આવશે. વળી આવા વિરોધપક્ષના અસ્તિત્વથી પ્રજામતનો ધારાસભામાં સાચો પડઘો પડી શકશે. આ વિરોધપક્ષમાં જેટલા વધારે શકિતશાળી માણસો આવશે તેટલું વિરોધપક્ષનું અસ્તિત્વ વધારે સાર્થક થશે.

## આ તે કેવી નિષ્ટા?

આજે દેશમાં ચૂંટણીના અવસર ઉપર ભિન્ન ભિન્ન વિચારસરણી ઉપર ભિન્ન ભિન્ન રાજકીય પક્ષો ઉભા થયા છે. આ પક્ષમાંથી જે પક્ષની વિચારસરણી જે ઉમેદવારને સંમત હોય તે ઉમેદવાર તે પક્ષમાં જોડાઇને પોતાની ઉમેદવારી જાહેર કરે એ તદ્દન યોગ્ય છે અને તે સામે કોઇને કશું પણ કહેવાનું હોઇ ન શકે. પણ આજે ઉભા રહેલા ઉમેદવારોમાં એવા પણ ઉમેદવારો છે કે જેમણે પહેલાં કોંગ્રેસપક્ષ તરફથી ઉમેદવાર તરીકે ઉભા રહેવાની અરજી કરી હોય-અને તેવી અરજીમાં ઉમેદવારે સ્પષ્ટપણે જણાવવાનું હોય છે

કે પોતાને ઉમેદવાર તરીકે પસંદ કરવામાં નહિ આવે તો પણ પછી પોતે અન્ય પક્ષ તરફથી ઉભો નહિ રહે-અને આમ છતાં પણ કોંગ્રેસે તેની ઉમેદવારી સ્વીકારી ન હોય એટલે પછી કોંગ્રેસવિરોધી પક્ષના ઉમેદવાર તરીકે તેઓ બહાર પડયા હોય. આવા બેવફા ઉમેદવાર વિષે શું કહેવું કે વિચારવું તે સમજાતું નથી. આ જ ઉમેદવારને જો કોંગ્રેસે પસંદ કર્યો હોત તો તે ઉમેદવાર કોંગ્રેસના બે મોઢે વખાણ કરતો હોત. અને એવી પસંદગી પ્રાપ્ત ન થવાના કારણે એ જ ઉમેદવાર આજે કોંગ્રેસની ધરાઇ ધરાઇને નિન્દા કરે છે. અને પોતે સ્વીકારેલા નવા પક્ષને આસમાને ચઢાવે છે. આવી રીતે વચનનો ભંગ કરીને પોતાની કારકીર્દી શરૂ કરનાર ઉમેદવાર પોતાના મતદારોનું કઈ યોગ્યતા ઉપર ધારાસભામાં પ્રતિનિધિત્વ કરનાર છે અને પોતે સ્વીકારેલી નવા પક્ષની પણ કઇ નિષ્ટાથી સેવા કરનાર છે? આની પાછળ યેન કેન પ્રકારેણ પોતાની જાતને આગળ વધારવી અને અધિકારસ્થાન પ્રાપ્ત કરવું એ સિવાય બીજી કોઇ વૃતિ દેખાતી નથી. આવો કીસ્સો સૌરાષ્ટ્રમાં શ્રી. કૃષ્ણુલાલ શ્રીધરાણીનો છે. કોંગ્રેસે, તેની અરજી નકારી છે અને કિરપલાણીજીના પ્રજાપક્ષના ઉમેદવાર તરીકે પાર્લામેન્ટના સભ્યત્વ માટે તેઓ સૌરાષ્ટ્રમાં શ્રી. બળવન્તરાય મહેતા અને શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ સામે એમ બે ઠેકાણે ઉભા રહ્યા છે, અને શ્રી. સામળદાસ ગાંધીના સાથીદાર તરીકે સૌરાષ્ટ્રમાં સ્થળે સ્થળે ફરી રહ્યા છે અને કોંગ્રેસને વખોડી રહ્યા છે. ભાઇશ્રી કૃષ્ણુલાલને આપણે પૂછી શકીએ છીએ કે તમોએ કોંગ્રેસપક્ષ તરફથી પાર્લામેન્ટના ઉમેદવાર તરીકે નીમાવાની અરજી કરી ત્યાં સુધી આ દેશમાં કોંગ્રેસ એક જ એવી સંસ્થા છે કે જે આખા દેશનું શાસન ચલાવવાને યોગ્ય છે એમ તમે માનતા હતા, એટલું જ નહિ પણ હજુ થોડા સમય પહેલાં તમે સૌરાષ્ટ્ર સરકારની સિદ્ધિઓને વર્ણવી અને વખાણી પણ હતી અને તમારી અરજી નકારવામાં આવી એટલા વખતમાં જ એવું તે શું બની ગયું કે જેને લીધે તમારા મતે કોંગ્રેસ તદ્દન નાલાયક સંસ્થા બની ગઇ અને સૌરાષ્ટ્ર સરકાર એટલે આજની ઢેબર સરકાર જડમૂળથી ઉખેડી નાંખવા લાયક બની ગઇ? જે વિભાગમાં તેઓ ઉભા રહ્યા છે તે વિભાગના મતદારો શ્રી. કૃષ્ણુલાલ શ્રીધરાણીના આ કાયાપલટને યથાસ્વરૂપે સમજે અને પછી યોગ્ય લાગે તેને મત આપે.

## એ પણ ગાંધી અને આ પણ ગાંધી !

મહાત્મા ગાંધીજીએ પોતાના અપ્રતિમ જીવન દ્વારા આપણને અનેક બોધપાઠ આપ્યા છે, પણ તેમાંથી સૌથી મહત્વનો બોધપાઠ તેમણે આચરી બતાવેલા વાણીસંયમનો છે. તેમની પહેલાંનો જમાનો શબ્દપ્રચુર લખાણોનો અને ગર્જનાપૂર્ણ ભાષણોનો હતો અને અત્યુક્તિપ્રયોગ એ લેખન-પ્રવચનનું એક સ્વાભાવિક ભૂષણ મનાતું હતું. ગાંધીજી આપણી વચ્ચે આવ્યા અને વિચારનિરૂપણની એક નવી જ શૈલિ તેમણે શરૂ કરી. જે કાંઇ કહેવાનું હોય તે સાદી સીધી અને સચોટ રીતે અને એમ છતાં પણ અત્યન્ત સૌમ્ય ભાષામાં કહેવું, તેમાં કદિ સત્યનો લોપ ન હોય કે વ્યકિતગત કશું ઝેરવેર ન હોય, સ્વ પક્ષ વિષે અત્યુકિત ન હોય કે પર પક્ષ વિષે હીન ઉકિત ન હોય. આ આખી શૈલિએ ગુજરાતી ભાષાના લેખન ઉપર, તેમ જ વ્યાખ્યાન પધ્ધતિ ઉપર ભારે મહત્વની અસર પાડી અને શિક્ષિત પ્રજાના વિચારનિરૂપણને સૌમ્યતા અને સત્યપરાયણતાનું અદ્ભુત ઘડતર આપ્યું. એ જ કુટુંબના કુટુંબીજન, એ ગાંધી કુળના સન્તાન શ્રી. સામળદાસ ગાંધી વિચારનિરૂપણની બાબતમાં ગાંધીજીથી કેવળ વિપરીત દીશાએ આજે ઉતરોત્તર નવાં સીમાચિહ્નો સર કરી રહ્યા છે, જે ભારે આશ્ચર્યજનક તેમ જ દુઃખદ છે. ગાંધીજી એટલે શબ્દોની કરકસર, સામળદાસ એટલે શબ્દોની બેફામ ઉડાઉગીરી; ગાંધીજી એટલે અપૂર્વ વાણીસંયમ, સામળદાસ એટલે અશ્રુતપૂર્વ વાણીસ્વચ્છંદ, ગાંધીજી હંમેશા પક્ષ અને પક્ષકાર વચ્ચે ભેદ કરે અને પક્ષનો કટ્ટર વિરોધ કરવા છતાં પક્ષકારનું સ્વપ્ને પણ અહિત ન ચિન્તવે તેમ જ તેના વિષે અજાણતાં પણ અઘટિત ઉદ્ગાર ન કાઢે, સામળદાસ, પક્ષ અને પક્ષકાર વચ્ચે અભેદ સેવે અને બન્નેને એક જ ખાંડણીયે ખાંડે: ગાંધીજી એટલે સત્ય વિષે અસાધારણ કાળજી, સામળદાસનું રાજકારણ એટલે સત્યની આહુતિ; ગાંધીજી એટલે પ્રતિપક્ષિ વિષે પ્રેમભાવ, સામળદાસને મન પ્રતિપક્ષી એટલે નરાધમ-નિકૃષ્ટકોટિનો આદમી—આમ એક જ કુટુંબના બે સ્વજનો વચ્ચે સભ્યતાનું, સંસ્કૃતિનું, વાણીસંયમનું ઉત્તર દક્ષિણ જેટલું અન્તર જોઇને ભારે વિસ્મય થાય છે. વિધિનિર્માણની આ તે કેવી ગહનતા? એક જ વૃક્ષની એક ડાળ ઉપરથી અમૃતફળ ઉતરે છે અને બીજી ડાળ ઉપર વિષફળ પાકે છે?

શ્રી. સામળદાસ ગાંધી સૌરાષ્ટ્ર પ્રધાનમંડળમાંથી છુટા થયા બાદ તેમના તંત્રીપણા નીચે પ્રગટ થતા 'વન્દેમાતરમ્'માં હિંદી સરકાર સામે અને વિશેષે કરીને સૌરાષ્ટ્ર સરકાર સામે એક સરખો ઝેરી પ્રચાર ચાલી રહયો છે. અને હિંદી સરકાર, મુંબઇ સરકાર કે સૌરાષ્ટ્ર સરકાર,—જવાહરલાલ, મોરારજી દેસાઈ કે ઉછરંગરાય ઢેબર—કોઇની પણ નાની સરખી વાત કાને અથડાણી કે તેને કેમ વિકૃત સ્વરૂપ આપવું તેવી જાતનો અમલ થઇ રહયો છે, પણ ચૂંટણી—પ્રચાર અંગે સૌરાષ્ટ્રમાં જઇને તો તેમણે જે વાગ્ધારા ચલાવવા માંડી છે તેમાં તો તેમણે સંયમની અને સૌજન્યની બધી માઝા નેવે મૂકી છે અને વિષમય વાણીનું જાણે કે નવું શાસ્ત્ર રચાઈ રહ્યું હોય એવી ભાષા તેમના મોઢામાંથી અસ્ખલિતપણે વહી રહી છે. જે વ્યકિત જવાહરલાલથી માંડીને ઢેબરભાઈ, રસિકલાલ પરીખ સુધી એટલું જ નહિ પણ પોતાના માર્ગમાં આડે આવતો કોઈ પણ નાનો સરખો કાર્યકર—સૌ કોઇને હાકોટાના હથોડા વડે નિર્દયપણે ટીપી શકે છે, છુંદી શકે છે એ શ્રી સામળદાસ ગાંધી એટલે ધૃષ્ટતાની પરાકાષ્ટા-આથી અન્ય પ્રકારે તેમને વર્ણવી શકાય તેમ છે જ નહિ. વાણીની અરાજકતામાં તેમને ભાગ્યે જ કોઈ વટાવી શકશે.

ચૂંટણી આવશે અને જશે, કોઇ ચૂંટાશે કોઈ નહિ ચૂંટાય, પણ તેમણે જે પ્રકારનો ઝેરી પ્રચાર શરૂ કર્યો છે તેનાં આઘાત પ્રત્યાઘાતો પ્રજામાનસ ઉપર પેદા થયા જ કરશે અને સૌરાષ્ટ્રમાં કે હિંદમાં આપણને જે સ્થિર અને સ્વસ્થ રાજકીય વાતાવરણ અને સુદૃઢ રાજ્યશાસન જોઇએ છીએ તે પ્રાપ્ત કરવા સામે આડે રસ્તે દોરવાયલી પ્રજા અનેક પ્રકારના અન્તરાયો અને ઉલ્કાપાતો ઉભા કરતી રહેશે, પરમાત્મા હજુ પણ તેમને સન્મતિ આપે એ જ પ્રાર્થના !

## ડૉ. અંબેડકરનાં વિભ્રામક વિધાનો

દલિત વર્ગ ફીડરેશનના પ્રમુખ ડો. અંબેડકરે કોંગ્રેસવિરોધી મોરચો શરૂ કર્યા પછી પ્રચારપ્રવચનોમાં એક પછી એક એવાં વિચિત્ર અને પાયામાંથી ખોટાં વિધાનો કરવા માંડયા છે કે તે સાંભળીને સામાન્ય જનતા તો આશ્ચર્ય અનુભવે છે એટલું જ નહિ પણ તેમની સાથે જોડાણ પામેલા સમાજવાદી પક્ષના નેતાઓ પણ આની સાથે આપણે કયાં આવી ભરાણા એવી બેચેની જરૂર અનુભવતા હશે જ. કારણ કે સમાજવાદની રચના કોંગ્રેસના કેવળ ખંડન ઉપર ઉભી નથી થઇ, પણ તેની પાસે ચોકકસ વિચારસરણી છે અને તે મુજબ રાષ્ટ્રનું ભાવી નિર્માણ કરવા માંગે છે. આ વિચારસરણી અને કાર્યક્રમ આજના સંયોગોમાં વ્યવહારૂ છે કે કેમ એ આખો જુદો જ પ્રશ્ન છે.

કોંગ્રેસે દલિતો અને ખાસ કરીને હરિજનો માટે કશું જ કર્યું નથી એ આક્ષેપનું પિષ્ટપેષણ તો ડો. અંબેડકર ચાલુ કર્યા જ કરે છે. પણ સાથે સાથે કોંગ્રેસે મુસલમાનો પ્રત્યે સુંવાળો વર્તાવ રાખ્યો છે એમ પણ એક ઠેકાણે જણાવીને હિંદુ જનતામાં કોંગ્રેસ સામે બેદીલી ઉભી કરવાનો તેમણે પ્રયત્ન કર્યો છે. વળી સાંભળનાર સમુદાય બદલાય એમ બોલવાની ચાલ બદલતાં પણ તેમને શરમ કે સંકોચ નથી થતો. મુસ્લીમ મતદારો સમક્ષ બોલવાનું આવ્યું ત્યારે તેમણે વળી એમ જણાવ્યું કે મુસ્લીમ લઘુમતીઓના પોતે ભારે હિતચિન્તક છે અને મુસલમાનોના હિતને ખરો છેહ દેનાર તો

મૌલાના અબુલકલામ આઝાદ છે. આ એ દિવસોની વાત છે કે જ્યારે ડો. ભીમરાવ અંબેડકરે પોતાની માંગણીઓ મંજુર ન થાય ત્યાં સુધી દેશને આઝાદી મળવી ન જોઇએ એ મુદ્દા ઉપર કાયદેઆઝમ ઝીણા સાથે હાથમાં હાથ મેળવ્યા હતા અને અબુલકલામ આઝાદ મુસ્લિમ લીગનો રોષ વહોરીને આઝાદી જંગના મોખરે ઉભા હતા.

તાજેતરમાં તેઓ આથી પણ આગળ વધ્યા છે અને પોકારીને કહી રહ્યા છે કે "કોંગ્રેસ દ્વારા દેશને આઝાદી હાંસલ થઇ છે એવો કોંગ્રેસનો દાવો પોકળ અને વાહિયાત છે. આ દેશની આઝાદી માટે કોઇ જવાબદાર હોય તો તે સુભાષ બાબુ છે. બ્રીટીશ સરકાર એમ માનતી હતી કે આ દેશમાં બ્રીટીશ વિરોધી કોઈ પણ ચળવળ ઉભી થશે તો હિંદી સૈન્ય સરકાર પક્ષે ઉભું રહેશે. આ શ્રધ્ધા સુભાષ બોઝે તોડી અને હિંદી સેના જ સરકાર સામે જાગી એટલે તેમણે દેશને આઝાદી હાંસલ કરાવી." દેશને આઝાદી હાંસલ થવામાં નેતાજી સુભાષ બોઝનો અથવા તો આઝાદ હિંદ સેનાનો કશો ફાળો નહોતો એમ કોઇ સ્વપ્ને પણ ચિન્તવતું નથી. તેમનો જરૂર ફાળો હતો પણ આવડા મોટા રાષ્ટ્રને આઝાદી મળી અને અંગ્રેજ સરકારે અહિંથી સદાને માટે વિદાયગીરી લીધી એની પાછળ તો છેલ્લાં ૩૦ વર્ષની લડતનો ઇતિહાસ છે અને એ લડતનું નેતૃત્વ કોંગ્રેસે જ કર્યું હતું એ હકીકતનો કોઇથી પણ ઇનકાર થઇ શકે તેમ છે જ નહિ. આવી ક્રાન્તિકારી ઘટના આઝાદ હિંદ ફોજના નાના સરખા બનાવમાંથી જ પેદા થઇ છે એમ કહેવું એ તો આગળના સમગ્ર ઈતિહાસને નાબુદ કરવા બરોબર છે, આવું બેહુદું વિધાન કરનાર તો એમ પણ જરૂર કહી શકે છે કે હિંદને આઝાદ બનાવવામાં ગાંધીજીનો કશો ફાળો નહોતો અને ગાંધીજીની આખી કાર્યપધ્ધતિએ હિંદને ફાયદો કરવાને બદલે વધારે નુકસાન કર્યું છે. અને હવે પછીની કોઈ પ્રવચનસભામાં ડો. અંબેડકર આવા ઉદ્‌ગાર કાઢે તો કોઇ નવાઈ પામવાની જરા પણ જરૂર નથી. કારણ કે ડૉ. અંબેડકરે ગાંધીજીને દલિત વર્ગના કે હરિજનોના મિત્ર તરીકે તો કદી સ્વીકાર્યા જ નથી. સંસ્કૃતમાં એક કાવ્યપંક્તિ છે કે 'વિવેકભ્રષ્ટાનાં ભવતિ વિનિપાત: શતમુખ:' સત્યનો માર્ગ છોડીને જ્યારે પોતાની જાતનું અને પોતાના પક્ષનું સમર્થન કરવાની વૃત્તિ ઉભી થાય છે ત્યારે સેંકડો જુઠાણાનું અવલંબન લીધા સિવાય તે ઉમેદવાર માટે બીજો કોઇ વિકલ્પ જ રહેતો નથી. ડૉ. અંબેડકરની જ બાબતમાં આમ બની રહ્યું છે એમ નથી પણ સત્યથી વિમુખ બનીને ચાલનાર દરેક પક્ષ અને દરેક ઉમેદવાર અસત્યના આ રાજમાર્ગ ઉપર જોસભેર દોડી રહ્યો છે, અને પ્રજામાનસમાં જાત જાતના વિભ્રમો પેદા કરી રહેલ છે. થોડા વખત પહેલાં ડો. કૃષ્ણલાલ શ્રીધરાણીએ એક પ્રચારસભામાં એ મતલબનું જણાવેલું કે જો કોંગ્રેસ સત્તા ઉપર આવશે તો વહેલી તકે સૌરાષ્ટ્રને ગુજરાતમાં મેળવી દેશે અને સૌરાષ્ટ્રના વ્યક્તિત્વનો, સંસ્કૃતિનો અને તેના સમગ્ર હિતનો નાશ થશે. કોંગ્રેસના પ્રોગ્રામમાં તત્કાળ પ્રા[illegible]ની સરહદોમાં ફેરફાર કરવાની કોઇ વાત છે જ નહિ, એમ છતાં પણ આવી કલ્પના વહેતી કરવી, લોકમાનસને બ્રમિત કરવું, પ્રાન્તવાદનું ઝેર ફેલાવવું અને એ રીતે પોતા માટે તેમ જ પોતાના પક્ષ માટે લાભ ઉઠાવવો એ ન્યાયયુક્ત નથી, પ્રમાણીક નથી. પણ આવી ન્યાય, નીતિ અને પ્રમાણીકતાની વાત આગળ ધરવી એને પણ શું આવા પક્ષપ્રચારકો વાહિયાત અને બેવકુફીભરેલું નથી ગણાતા હોતા? સત્તાલક્ષી રાજકારણમાં વળી ન્યાય શું અને સત્ય શું? લોકલાગણીઓને યેન કેન પ્રકારેણ ઉત્તેજીને સત્તા ઉપર આવવું એ જ એમને મન નીતિ છે અને એ જ એમને મન ધર્મ છે.

**પરમાનંદ**

## પ્રવાસ વર્ણન

(ગતાંકથી ચાલુ)

એક શ્રી. કઠોદીઆજીએ અમને જમવા કહ્યું. અમારા મુંબઈના મિત્ર શ્રી. રમણીકભાઇ ઝવેરી અને એમનાં પત્નિ શ્રી. કાન્તાબહેન પણ સાથે જમવાનાં હતાં. અમારે શ્રી. રમણીકભાઇની સાથે એમના ઘેર જવાનું હતું એટલે ન અમે ઠેકાણું પૂછ્યું કે ન યજમાનનું નામ યાદ રાખવાની દરકાર કરી. પાંચ વાગે નિયત સ્થળે, રમણીકભાઇ આવવાના હતા તે સાડા છ સુધી ના આવ્યા. નામ ઠેકાણા વગર ક્યાં પહોંચવું? અને ન પહોંચીએ તો એ શું ધારે? એક વાત યાદ હતી. ઘંટાઘરની પાસે ક્યાંક જવાનું હતું. ટાંગામાં ઘંટાઘર ગયા. ત્યાં જઇ પૂછ્યું અહિં સ્થાનક ક્યાં છે? જમણી, ડાબી ગલીઓ વટાવી એક સ્થાનકમાં ગયા. પૂછ્યું, અહિં આટલામાં કોઈ તેરાપંથી ભાઇ રહે છે? 'પણ નામ શું?'—લોકો પૂછતા હતા. 'ખબર નથી.' અમે જવાબ આપતા હતા. 'કામ શું છે?' એ બીજા પ્રશ્નના જવાબમાં અમારે કહેવું પડતું, 'અમે જમવાના છીએ એમને ત્યાં!' એક હવેલી પાસે સ્થાનકનો રખેવાળ અમને લઇ ગયો; દરવાનને અમે પૂછ્યું, અહિં કોઇ તેરાપંથી જૈન શેઠ રહે છે? દરવાને કહ્યું, અમારા શેઠ તેરાપંથી તો છે પણ આપને જોઇએ તે શેઠનું નામ શું અને કામ શું છે? અમે કહ્યું નામ તો કાંઇક છે પણ યાદ નથી અને કામમાં તો અમે એમને ત્યાં જમવાના છીએ. દા. અનસારીની મુછોની યાદ અપાવે તેવી ભવ્ય મુછોવાળા ભૈયાએ કહ્યું, 'વાહ! આપ ભી ખૂબ હૈ. જીમને જાતે હો ઉસકા નામ ઠીકાના ભી નહિ જાનતે?'—પણ અમે બચી ગયા. હાથ જોડી એક ગ્રહસ્થે કહ્યું 'મૈં આપ લોગોકી ઇંતિજારી કર રહા હું.' દિલ્હી જેવા શહેરમાં વગર નામ–ઠેકાણે શ્રી. કઠોદીઆજીને ત્યાં જઈ આવ્યા એ વાતનો અમારો આનંદ હિમાલયના સર્વોચ્ચ શીખર માઉંટ એવરેસ્ટ પર પહોંચવા જેટલો હતો.

જમતીવેળા શ્રી સુગનચંદજી આંચળીઆ ગંગાશહેરના, જે હાલ આસામ રહે છે તે મળ્યા. ઘાસતેલ અને પેટ્રોલ વિ.નો ધંધો છતાં કોઈ પ્રલોભનમાં લડાઇ દરમ્યાન ન ફસાતાં લાખો રૂપીયા આવતા જતા કર્યા—આવા ત્યાગી પુરૂષ આજે તેરાપંથી સમાજના અણુવ્રતિ સંઘના સંયોજક છે.

પાર્લામેંટ જોઈ, થોડાંક મુખ્ય માણસો સિવાય, બીજી ખાલી જગ્યાઓ અને ભરેલી હતી તેમાંય જે રીતે સભ્યોને બેઠેલા જોયા, તે જોઇને દુઃખ થયું. હિંદના ભાવિના ઘડવૈયાઓ જોઇ, કરૂણ નિરાશા ઉપજી. શોભાના માણસો ઘણા તેથી કામનો બોજો થોડાંકને માથે ગજા ઉપરાંતનો આવે, સરદાર અને પંડિતજી જેવાને જ બધો જ ભાર કેમ ઉપાડ્યા કરવો પડ્યો હશે તે સમજાયું.

પૂ. બાપુની સમાધિનાં દર્શન કરી, પ્રેસીડંટ શ્રી. રાજેન્દ્રબાબુની મુલાકાત લઈ અમે ૧૦મી તારીખે મથુરા જવા સાંજના રવાના થયા.

**મથુરા વૃંદાવન**

દિલ્હીથી અમે શ્રીકૃષ્ણની જન્મભૂમિ મથુરા ગયા. હિંદુઓ એને પૃણ્યભૂમિ ગણે છે અને હિંદનું સૌથી જૂનું આ શહેર છે. યમુના નદિના તિરે આ શહેરના સુંદર ઘાટો અને મંદિરો છે. અહિં ધર્મશાળાના રખેવાળો રાતના ઉઠવા માગતા નથી અને મુસાફરોને ઘણી તકલીફ પડે છે. અમે એક માઇલ દૂર શ્રી. બીરલાજીએ બંધાવેલી ધર્મશાળામાં રહ્યા. પોકારતાં જ રખેવાળે દરવાજા ખોલી, અમને બધી સગવડ કરી આપી. કોઇ સરસ મહેલ જેવી, તમામ સગવડવાળી, સ્વચ્છ આ ધર્મશાળા, મથુરાની તમામ ધર્મશાળાઓમાં નવિ ભાત પાડે છે. સામાન્યત: લોકો ધર્મશાળા ખૂબ ખર્ચ કરી, બાંધી દે છે પરંતુ એના નિભાવ માટે નથી રકમ જૂદી કહાડતા કે નથી વ્યવસ્થાનું ખર્ચ બરાબર ઉઠાવતા. એટલે ધર્મશાળાઓ બેહાલ દશામાં બધે જોવાય છે, સવારના રવાના થતાં પહેલાં અમે રખેવાળને બક્ષીસ આપવા માંડી તો નમ્રતાપૂર્વક કહે, —'મેરેકો માલિક સવાસો રૂપૈયા તનખા દેતે હૈ. બક્ષીસસે મેરી આદત બીગડ જાયગી. આપ ક્ષમા કરે!' અમારા દિલમાં આ માણસના સૌજન્યની સુગંધ પ્રસરી રહી.

પાંચ માઇલ દૂર વૃંદાવન ગયા. ત્યાં સાડા બાર મણ સોનાથી મઢેલો એક સ્થંભ અમે એક મંદિરમાં જોયો. લગભગ ચાલીસ લાખ રૂપીયાનો આજની કિંમતે. ભવિષ્યમાં કોઈ શિવાજીને

હવે સુરત લૂંટવા નહિ જવું પડે. અને કોઇને સોમનાથ લુંટવા સૌરાષ્ટ્રમાં નહિ આવવું પડે.

ગોવર્ધન પર્વત, જેની પૂરાણોમાં ખૂબ પ્રશંસા છે તે જોયો અને ત્યાં પ્રદક્ષીણા ફરતાં માણસોની રોમાંચક વાતો સાંભળેલી તે જોવા ગયા પણ ખરે બપોરે ગએલા તેથી જોવા પામ્યા નહિ. કહે છે કે પુરૂષો અને સ્ત્રીઓ જાણે નૃત્ય કરતા હોય તેમ, જૂદા જૂદા પ્રકારે આ પર્વતની પ્રદક્ષીણા કરતાં હોય છે, કોઇ ડાબે પડખે ઝુકતાં હોય, કોઇ જમણે પડખે, કોઇ એક પગે, કોઇ ગોઠમણાં ખાતે ખાતે, કોઇ ધુણતે ધુણતે.

**ડીગ–ભરતપુર**

ત્યાંથી ડીગ ગયા. ડીગ ભરતપૂર રાજ્યની જૂની રાજધાનીનું શહેર છે. અમે આ શહેરમાં પ્રવેશ્યા ત્યાંજ એની ગમગીની અમારા દિલને અડકી ગઇ. અહિં મુસલમાનોની ઘણી વસ્તી હતી. જાટ રાજ્ય હતું. હિંદના ભાગલા પડયા ત્યારે જે કોમી દાવાનળે હિંદને સળગાવ્યું હતું, પંજાબ કે સિંધમાં જે હિંદુ ભાઇ બહેનોની કતલ થઇ હતી તેનો અહિં બદલો લેવાયો હતો. તમામ ઘર ઉજ્જડ અને સળગી ગએલાં અમે જોયાં. એનાં ઉભેલાં ભિંતડાં કોઇ ભયંકર ભૂતાવળનું સર્જન કરતા લાગ્યાં. કોમી દાવાનળની જે ભયંકર કતલનાં વર્ણન છાપાંઓ આપતાં હતાં તેથી હજ્જારગણી કમકમાટી અમે આ ભુતિયા શહેરમાં, સાંભળી ને અનુભવી. મહારાજાનો મહેલ જોયો. આ મહેલ હિંદની પૂરાણી સ્થાપત્યકળામાં અગત્યનું સ્થાન ધરાવે છે. ત્યાંથી ભરતપૂર થઇ, સાંજના આગ્રા આવ્યા.

**આગ્રા**

પૂર્ણિમાની રાત હતી–હજ્જારો લોકો આગ્રાના તાજમહેલનાં સૌંદર્ય માણવા આવ્યાં હતાં. સફેદ મોતી જેવો આ ભવ્ય તાજ ઘણી વાર જોયો હતો પરંતુ રાતના બાર વાગ્યે પૂર્ણચંદ્ર સિધો ગગનથી એનો પ્રકાશ ફેલાવતો હોય ત્યારે તાજનાં ગુંબજ અને મિનારાઓમાંથી જે તેજભર્યું લાલિત્ય પ્રકટે છે તેનું વર્ણન અશકય છે. શ્રી કેશરીમલજી અને અમારા ડ્રાઈવરે ત્યાંના રખેવાળ પાસે શેઠ રજમલજીની પ્રતિષ્ઠાની વાત કહી, અને એ ભલા માણસે અપવાદ રૂપે અમને આખી રાત આ સૌંદર્યનાં રૂપ મ્હાણતાં સુવાની રજા આપી. રાતના ત્રણ સુધી, આંખને નિદ્રાદેવી પરાણે બંધ ન કરે ત્યાં સુધી, આ સૌંદર્ય મહાણ્યા કર્યું. આ રોમાંચક ઉલ્લાસમાં સાથે કોઇ જુવાન દિલ ન હતું એ સાલ્યા કર્યું. સ્હવારના ફતેહપૂરસિક્રી ગયાં. ત્યાંથી; આગ્રા થઇ, ધોલપુર જઈ ગ્વાલીયર સ્હાંજના પ્હોંચ્યા.

**ગ્વાલીયર–શિવપૂરી**

ગ્વાલીઅરમાં શેઠ અનરાજ પનરાજના ત્યાં ઉતર્યા. એમના પુત્ર શ્રી સિધ્ધરાજજી તથા તેમના પુત્રો ભારત જૈન મહામંડળના કાર્યકરતાઓ છે. ગયા વર્ષે અહિં મંડળનું અધિવેશન થયું ત્યારે એમણે અને શ્રી સિપાનીજીએ ખૂબ સેવા કરેલી. મંડળના ઘણા કાર્યકરતાઓ મળ્યા. અહિંના જુવાનો પડદાનો રિવાજ ઓછો કરવાનો ખૂબ પ્રયાસ કરી રહયા છે અને શ્રી સિધ્ધરાજજી જેવા સમર્થ અને બુઝર્ગ પુરૂષનો એમને ટેકો છે. મંડળની શાખા અહિં બહુ સરસ કામ કરે છે. શ્રી સિપાનીજીનો ઉત્સાહ ખૂબ છે. બીજે દિવસે રાતના અહિં સભા થઇ. સ્ત્રી; પુરૂષો અને બાળકો બધાં હતાં. સ્ત્રીઓ પણ અહિં પડદો છે છતાં સભાઓ વિગેરેમાં સારો રસ લ્યે છે. નાના મોટા ઘણા પ્રશ્નો કાર્યકરો સાથે સમજ્યા–સમજાવ્યા.

સવારના શિવપુરી પહોંચ્યા. સાથે સિપાનીજી તથા શ્રી. સિદ્ધરાજજી હતા; શિવપૂરીનું જૈન ગુરૂકુળ જોયું. જૈન સમાજને ગૌરવરૂપ આ ગુરૂકુળ આજે આર્થિક મુશકેલીઓ ભોગવી રહયું હોય એમ લાગ્યું. મુંબઈ જૈન યુવક સંઘના એક આગેવાન કાર્યકર અને તરૂણ જૈનના આગળના તંત્રી સ્વ. ચંદ્રકાન્ત સુતરીઆ આ ગુરૂકુળને આર્થિક સહયતા મેળવવામાં ખૂબ ઉપયોગી બનતા તે યાદ આવ્યું. રાતના સભા થઈ પણ પ્રાણ ન્હોતો.

શિવપૂરી હવા ખાવનું સ્થાન છે. ગ્વાલીયરના માજી મહારાજાએ એને સહેલગાહ અને શિકારગાહ મટે ખૂબ ખિલવ્યું. સરસ માઇલો લાંબા રસ્તા, સુંદર સરોવરો, મોટરલાંચો, અને જગ્યાએ જગ્યાએ હોડકાં, બાગો, પણ એના ઉપભોગ કરનારા માણસો નહિ. બધું જાણે ખાલી ખાલી અહિંનો, મુધ્ર, ખાવાનો સુંદર અને કાથો વખણાય છે પાનનો આ કાથો શામાંથી થાય છે એ જાણો છો? ખેરનાં ઝાડ તો તમે જોયાં હશે. એના ઝાડમાંથી ખરતાં ભૂકામાંથી કાથો બને છે જે આપણાં મ્હોં પાન સાથે રહી, લાલ બનાવે છે. શિવપૂરીમાં પણ શેઠ સિદ્ધરાજજીનું મકાન હતું, ત્યાં ઉતરેલા. રાતના દશ વાગે, લલિતપુર જવા રવાના થયા.

**લલિતપુર**

માર માર કરતી મોટરમાં બીજે દિવસે બપોરના લલિતપુર પહોંચ્યા. લલિતપુરમાં દિગંબર બ્રહ્મચારી શ્રી. વર્ણીજીનો જન્મદિન મહોત્સવ હતો. આખે રસ્તે અમે એમનો પ્રભાવ જોયો. લલિતપુરની વીસેક હજારની વસ્તી અને વીસેક હજાર જૈન જૈનેતરો ઉત્સવમાં બહારથી આવેલા. અમે અમારા તાર ટપાલ જોયાં. એક તારે ચિંતા પેદા કરી દીધી અને ખાસ કોઇનેય મળ્યા વિના અમે વર્ધા જવા રવાના થયા. શ્રી. રિખભદાસજી તો વર્ણીજીથી પરિચિત હતા પણ અમારે એમ ને એમ જવું જ પડયું.

**જબલપુર**

જબલપુર જતાં રસ્તામાં મહાભારતના પ્રસિદ્ધ સગરકુમારોનું સાગર શહેર આવ્યું. રાત જબલપુર રહયા, શ્રી. રિખભદાસજીનાં રાંકા કુટુંબના અહિં સગાં હતાં. મધ્ય પ્રાંતનું આ બીજું મહત્વનું શહેર છે. દરિયાઈ સપાટીથી તેરસો ફીટ ઉંચું છે. નર્મદાના સંગેમરમરના ખડકો અહિંથી તેર માઇલ દૂર છે. એક ધોધ છે જે ધુંવાંધારના નામથી જાણીતો છે. ચંદ્રની ચાંદનીમાં આ ધોધ અને આ સંગેમરમરના ખડકો અદ્ભૂત દ્રશ્ય ખડું કરે છે.

સવારના જબલપુરથી નીકળી, સાંજના મોટરમાં નાગપુર થઇ રાતના આઠ વાગે વર્ધા પહોંચ્યા.

સમાપ્ત **તારાચંદ**

## આચાર્ય નરેન્દ્રદેવનું શિક્ષણવિષયક પ્રવચન

(ગતાંકથી ચાલુ)

આજની સ્પર્ધાયુકત સામાજિક પરિસ્થિતિમાં શિક્ષકોને પોતાના હકનાં રક્ષણાર્થે અને વિકાસાર્થે સંગઠિત થયા વિના છૂટકો જ નથી. તેમના હકોનું રક્ષણ કરતાં અને હિતોનો વિકાસ સાધતાં સામુદાયિક રીતે મળતા લાભોનો ઉપયોગ શાળામાં અપાતા શિક્ષણને પણ બને તેટલું સુધારવા તરફ પણ શિક્ષકોએ કરવો જોઇએ. આવા મંડળોએ પગાર, નોકરીના મુદ્દતનિર્ણય વગેરે બાબતોનો યોગ્ય પ્રબંધ બરાબર થાય છે કે નહિ તે જોવું જોઇએ અને વધારામાં તેમની મુસ્કેલીઓ દૂર કરવામાં પણ એક અસરકારક સબળ સાધન તરીકે ઉપયોગી થવું જોઇએ. વળી આવા મંડળોએ કેળવણીના પ્રશ્નોની ચર્ચા કરવી જોઇએ અને સાથે સાથે શિક્ષણના ધંધાનું ધોરણ ઉંચે લાવવાનો પ્રયત્ન પણ કરવો જોઇએ. શિક્ષકોનું વર્તન ઉમદા બને એ માટે કેટલાક સિદ્ધાંતો નક્કી કરી એને આચરણમાં મૂકાવવાનો પણ આવા મંડળોએ પ્રયત્ન કરવો જોઇએ. કોઇ પણ શિક્ષકની ગેરવર્તણુંકથી કેળવણીના વ્યવસાયને હાનિ ન પહોંચે તેમજ દરેક દરજ્જાના શિ[illegible] વચ્ચે બંધુત્વભાવ અને એકતાની લાગણી પ્રવર્તી રહે એવો [illegible] આવી સંસ્થાઓએ કરવો જોઇએ. વિદ્યાર્થીઓના માતાપિતા તેમજ શિક્ષકો વચ્ચે પણ સંબંધ બંધાય એ માટે પણ સંસ્થાઓ સ્થપાવી જોઇએ. બાળકના હિતને ખાતર પણ માતાપિતાનો સહકાર સાધવો જોઇએ. આપણે ભૂલવું ન જોઇએ કે જ્યારે શાળા અને ઘર બન્ને બાળકોનાં હિત માટે સાથે મળીને કામ કરશે ત્યારે જ કંઇક સંગીન પ્રગતિ સાધી શકાશે. આ ઉપરાંત જુદે જુદે માર્ગે શિક્ષક પોતે જ સમાજને ઉપયોગી થવાનો પ્રયત્ન કરશે અને સમાજમાં પોતાને કઈ જાતનો ભાગ ભજવવાનો છે એને માટે સભાન રહેશે તો જ પોતે ગુમાવેલી મહત્તાને તે પાછી મેળવી શકશે અને સમાજમાં પોતાના દરજ્જાને ઉંચે લાવી શકશે.

આજે યુનિવર્સિટીની કેળવણીનું ધોરણ નીચું ને નીચું જતું જાય છે, વિદ્યાર્થીઓ પાસે સામાન્ય જ્ઞાનની ભૂમિકા પણ નથી હોતી.

અને તેમનો માનસિક વિકાસ ખામીભરેલો છે એવી ફરિયાદ સર્વત્ર થઇ રહી છે. માત્ર યુનિવર્સિટીની કેળવણીનો જ વિચાર કરીએ તો એ એકાંગી વિચાર ગણાય. જુદી જુદી કક્ષાએ મળતી કેળવણીનો સમગ્રપણે વિચાર થવો ઘટે છે અને જો સૌથી ઉપલી કક્ષાની કેળવણીનું ધોરણ હલકું બનતું હોય તો એને માટે નીચલી કક્ષાની કેળવણી જેવી રીતે મળવી જોઇએ તે રીતે નથી મળતી એ પરિસ્થિતિ જ મુખ્યત્વે કરીને જવાબદાર છે. તેથી ખાસ કરીને માધ્યમિક કેળવણી પર ધ્યાન આપવાની ખાસ જરૂર છે. કારણ કે જો ઉચ્ચ કેળવણીમાંથી સંપૂર્ણ લાભ મેળવવો હોય તો આ વચલી કડીને મજબુત બનાવવી જોઇએ. એનો અર્થ એ નથી કે યુનિવર્સિટીની કેળવણીમાં જે મળે છે તે ઉત્કૃષ્ટ કોટીનું જ હોય છે. જ્ઞાનની સીમાઓ ચોતરફ વિસ્તરતી જાય છે, માટે આધુનિક યુગમાં દરેક વિદ્યાર્થીને તેના પુરોગામીઓ કરતાં વધુ જ્ઞાન મેળવવાની જરૂર છે. પોતાના જરૂરી માનસિક વિકાસ અર્થે એ આવશ્યક છે કે આધુનિક જીવન ઉપર થઇ રહેલ વિજ્ઞાનનો ધસારો આખા સમાજ ઉપર કેવી કેવી અસરો નિપજાવી રહેલ છે, તે તેણે બરોબર સમજવું જોઇએ. વળી લોકશાહીના વલણથી અને સામાજિક આદર્શોથી તે રંગાયેલો હોવો જોઇએ. આ હેતુને ધ્યાનમાં રાખીને જ પ્રાકૃતિક અને સામાજિક વિજ્ઞાન સાથે માનવતાનો સુમેળ સાધવાનું કહેવામાં આવે છે. એક જ વિષયમાં નિષ્ણાત થવામાં એકાંગી જ્ઞાનનાં જે દૂષણો આવી જાય છે તેથી મુક્ત રહેવામાં આવો સુમેળ મદદરૂપ થશે.

વિશાળ પાયા ઉપર નિર્માણ થએલી દેશની સંસ્કૃતિની તેમજ દેશ પરદેશના સામાન્ય જ્ઞાનની ભૂમિકા ઉપર જ ચોકકસ વિષયોના વિશિષ્ટ જ્ઞાનની ઇમારત રચાવી જોઇએ. આ ભૂમિકા વિના કોઇ ચોકકસ વિષયમાં મેળવેલું પ્રાવીણ્ય વિદ્યાર્થીને આજીવિકા રળવામાં જરૂર કામ લાગશે, પણ ભર્યું અને સર્વદેશીય જીવન જીવવા માટે જે યોગ્યતા અને સંસ્કારસંપન્નતાની જરૂર છે તેથી તો તે વંચિત જ હોવાનો. માણસને માત્ર આજીવિકા મેળવીને જ બેસી રહેવાનું નથી. પરંતુ પોતાની કોમને ઉપયોગી થવાનું હોય છે. તેના હકોનું પાલન કરવાનું હોય છે અને એક પ્રજાસત્તાક રાજ્યના સ્વતંત્ર નાગરિક તરીકે પોતાની ફરજો પણ બજાવવાની હોય છે. જો માધ્યમિક શિક્ષણને વ્યવસ્થિત કરવામાં આવે તો આ બધી ખામીઓ દૂર કરી શકાય. પણ જ્યાં સુધી આમ નથી થયું ત્યાં સુધી અમેરિકાની કેટલીક કોલેજોમાં અપાય છે તેવી રીતે યુનિવર્સિટીએ જ સામાન્ય જ્ઞાન આપવાનો પ્રબંધ કરવો જોઇએ. યુનિવર્સિટીનો વિદ્યાર્થી ગમે તે વિભાગ (Faculty) સાથે સંબંધ ધરાવતો હોય તો પણ પોતાના દેશના રાજ્યબંધારણની રૂપરેખા, પ્રજાનો પ્રાચીન ઇતિહાસ અને તે ઉપરાંત આધુનિક વિશ્વમાં બનતા બનાવોનું સામાન્ય જ્ઞાન તો તેનામાં હોવું જ જોઇએ. આધુનિક વિચારણાના પ્રવાહોનું પણ તેને ઠીક ઠીક જ્ઞાન હોવું જોઇએ અને પોતાના પૂરતું સામાજિક આદર્શોનું ધોરણ પણ તેણે નકકી કરવું જોઇએ. વૈજ્ઞાનિક પદ્ધતિએ અને બુદ્ધિપૂર્વક વિચાર કરવાની તેણે ટેવ પાડવી જોઇએ. પરીક્ષાની દ્રષ્ટિએ આ વિષયોનો સમાવેશ યુનિવર્સિટી અભ્યાસક્રમમાં થાય એવો મારો ઇરાદો નથી તેમ જ એ ઇચ્છવાયોગ્ય પણ નથી.

નાના વિદ્યાર્થી... ના બોજામાં વધારો કર્યા વિના ચાલુ અભ્યાસક્રમની બહાર અવારનવાર વ્યાખ્યાનો ગોઠવીને તેમજ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે નિકટનો સંબંધ સ્થાપીને એ ધ્યેય સારી રીતે સાધી શકાય તેમ છે. જો વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવે તો શાળા સમય બહારનો શિક્ષણપ્રબંધ (Tutorial System) ખૂબ જ ઉપયોગી થઇ શકે છે, અલબત્ત, આ પ્રથા ખર્ચાળ છે, પરંતુ આપણા વિદ્યાર્થીઓના બૌદ્ધિક વિકાસ માટે આપણે ખરેખર ગંભીરતાથી વિચારતા હોઇએ તો આ વધારાના ખર્ચનો બોજો આપણને લાગવો ન જ જોઇએ.

રાષ્ટ્રીય સંઘર્ષના આ યુગમાં દુનિયાનાં પ્રજાજનો ઉપર વિગ્રહનો ભય હરઘડી તોળાઈ રહ્યો છે ત્યારે આંતરરાષ્ટ્રીય સમાધાન અને વિશ્વશાંતિ માટે આપણે સતત પ્રયત્નશીલ રહીએ એ ખાસ જરૂરી છે. વિગ્રહનાં કારણોને દૂર કરવામાં કેળવણી જરૂર અમુક અંશે મદદરૂપ બની શકે છે. કમનસીબે હજુ પણ કેળવણીનો પ્રધાન સૂર ઉદ્દામ રાષ્ટ્રીયતાનો રહ્યો છે. જો કે સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ જુદા-જુદા દેશો વચ્ચે પરસ્પર શુભેચ્છાની ભાવના વધે એ માટે આંતરરાષ્ટ્રીય કાર્યવાહી ઉપસ્થિત કરી છે અને જાહેરાત પણ કરી છે કે "માનવજાતના માનસને ઘડવાને માટે સાંસ્કૃતિક જ્ઞાનનો વિસ્તૃત પ્રચાર અત્યન્ત આવશ્યક છે." અને આ હેતુ ધ્યાનમાં રાખીને પાયાની કેળવણી માટે વિશાળ કાર્યક્રમ પણ નકકી કર્યો છે, તો પણ ભિન્નભિન્ન રાષ્ટ્રોની કેળવણીને લગતી સરકારી નીતિમાં હસ્તક્ષેપ કરવા જેટલી પણ શકિત તેનામાં ન હોય તો તેને થોડે અંશે પણ સફળતા મળી શકે નહિ.

ઇતિહાસ અને ભૂગોળ શીખવવાની પદ્ધતિમાં ઘણી જ ખામીઓ રહેલી છે. તે શિખવવામાં પોતાની પ્રજાને ચડિયાતી બતાવવાની અને બીજી પ્રજાને હીણી–ઉતરતી બતાવવાની વૃત્તિ જ સર્વત્ર મહદ્અંશે જોવામાં આવે છે. એકમેકને જુદા પાડતી નજીવી બાબતોને પ્રમાણબહાર મહત્વ આપ–વામાં આવે છે અને સમાનતાસૂચક તત્ત્વોને મોટે ભાગે અવગણવામાં આવે છે. આપણું રાષ્ટ્રીય અભિમાન અને બીજાઓ માટેનું આપણું અજ્ઞાન પ્રજા પ્રજા વચ્ચેની એકતા માટે અભેદ્ય દીવાલનું કામ કરે છે. પણ આ પ્રજા પ્રજા વચ્ચેના અન્તરાયો અને ઘર્ષણો માત્ર શૈક્ષણિક પ્રયત્નો વડે દૂર થઈ શકશે એમ માનવું ભૂલભરેલું છે. આ દુઃખદ પરિસ્થિતિનાં કારણો ઘણાં ગંભીર છે. તે માત્ર માનસિક જ નથી, પણ રાષ્ટ્રીય અને આર્થિક પણ છે. જ્યાં સુધી આ કારણો દૂર ન કરી શકાય ત્યાંસુધી આ સંઘર્ષ નિવારી શકાશે નહિ. શિક્ષણ જો કંઇ પણ કરી શકે તેમ હોય તો તે એ છે કે બીજી પ્રજા માટે માનની વૃત્તિ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરે, અમુક હદ સુધી સામાજિક વ્યવહાર અને રીત–ભાત નિયંત્રિત થઇ શકે છે એમ આપણને શિખવે અને ઓછામાં ઓછા ઘર્ષણપૂર્વક સામાજિક ક્ષેત્રે ઇષ્ટ પરિવર્તન સાધે.

હવે હું શિક્ષણની સંસ્થાઓમાં ચર્ચાતા મહત્ત્વના એક બે વિષયનો નિર્દેશ કરવા માંગું છું. આમાંનો એક તે કેળવણીનાં માધ્યમનો પ્રકાર. રાષ્ટ્રભાષાનો પ્રશ્ન તો થાળે પડી ગયો છે. અને શિક્ષણનું માધ્યમ અને તે પણ યુનિવર્સિટી કેળવણીનું માધ્યમ પણ પ્રાદેશિક ભાષા જ હોવું જોઇએ એવો પણ હાલતુરતને માટે નિર્ણય લેવાયો છે. હું માનું છું કે આ બાબતની પુનર્વિચારણા થવી જોઇએ. યુનિવર્સિટીની કેળવણીના માધ્યમ તરીકે તો રાષ્ટ્રભાષા જ હોવી જોઇએ એવું મારૂં માનવું છે. ૧૯૪૯માં કેળવણીખાતા તરફથી ભરાયેલી વાઇસચાન્સેલરની પરિષદમાં મેં મારો આ મત પ્રદર્શિત કર્યો હતો, પણ એ વખતે તેને સબળ ટેકો મળ્યો નહોતો. પ્રાદેશિક ભાષા માધ્યમ તરીકે રાખવામાં આવશે તો તેથી શિક્ષણનું ક્ષેત્ર સંકુચિત બની જશે. વિદ્યાર્થી માટે એક યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં જવાનું સરળ બને એ માટે ઇન્ટર-યુનિવર્સિટી–બોર્ડ શિક્ષણના ધોરણની સમાનતા પર ભાર મૂકે છે. જો આપણી યુનિવર્સિટીઓની અંદર શિક્ષણના માધ્યમ તરીકે પ્રાદેશિક ભાષાઓ સ્વીકારવામાં આવશે તો એક યુનિવર્સિટીમાંથી બીજીમાં જવાનું અશકય બનશે. શિક્ષકોની નિમણૂંક પણ જો પ્રાદેશિક ધોરણે જ કરવાની રહેશે તો તો પસંદગીનું ક્ષેત્ર બહુ સંકુચિત બની જશે, અને આવું કાર્ય એ શિક્ષણનાં ધોરણને નીચું ઉતારશે અને પ્રાન્તીયતાના મિથ્યા અભિમાનમાં વધારો કરશે. જ્યારે સંયુક્ત રાષ્ટ્રસંસ્થા મોટા પાયા પર આંતરરાષ્ટ્રીય ધોરણે વિદ્યાર્થીઓની હેરફેર કરવાનો વિચાર કરે છે અને કેળવણીના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સહકાર સાધવા માટે યોજનાઓ ઘડાઇ રહી છે ત્યારે આશ્ચર્યજનક છે કે આપણે માત્ર પ્રાન્તનો જ વિચાર કરીએ છીએ અને સમગ્ર દેશનો

નથી કરતા. જો જુદા જુદા પ્રાન્તો વચ્ચે સાંસ્કૃતિક સંબંધ સ્થાપવામાં ન આવે તો હિંદ રાષ્ટ્રીય એકતા સાધી શકે નહિ. તેમજ પોતાના ઉત્તમોત્તમ વિચારો એક સર્વસામાન્ય ભાષામાં વ્યક્ત કરનાર માણસોનું મોટું જુથ પણ ઊભું ન કરી શકે. આ હેતુ સારી રીતે તો જ સધાય જો દરેક યુનિવર્સિટીમાં આધુનિક ભારતીય ભાષાઓ શીખવવામાં આવે અને શિક્ષણનાં માધ્યમ તરીકે રાષ્ટ્રભાષાને સ્થાન આપવામાં આવે. જોકે આમાં ઝડપી પ્રગતિ થઈ ન શકે અને ધીમે ધીમે આગળ વધવાની નીતિ જ આપણે અપનાવવી જોઇએ. પણ જો આપણે અત્યારથી જ નિશ્ચય નહિ કરીએ તો આપણી યુનિવર્સિટીઓમાં શિક્ષણનું માધ્યમ કોઈ એક ભાષા હોય એવો દિવસ કદિ પણ આવશે નહિ. હું તમને ખાત્રી આપું છું કે હિન્દી પ્રત્યેના પક્ષપાતથી હું આ વસ્તુની હિમાયત કરી રહ્યો નથી, હું તો કોઈ પણ ભારતીય ભાષાને—જો તે સૌકોઇને સ્વીકાર્ય હોય તો સ્વીકારવા તૈયાર છું. મારૂં મુખ્ય ધ્યેય તો રાષ્ટ્રની એકતા સાધવાનું છે.

આ ધ્યેયને લક્ષમાં રાખીને જ દક્ષિણ ભારતની ભાષાઓમાંથી કોઇ પણ એક ભાષા ઉત્તર ભારતની યુનિવર્સિઓમાં ફરજિયાત શીખવાય એ બાબતની હું હિમાયત કરૂં છું. હું એમ પણ માનું છું કે ભારતની બધી જ ભાષાઓ માટે એક સર્વસામાન્ય લિપિ હોવી જોઇએ, પરંતુ હું કોઇ અમુક જ લિપિ માટે આગ્રહ રાખતો નથી. જો આ રીતે કરવામાં આવે તો બહુ જ ટૂંકા સમયમાં અને ખૂબ સરળતાથી આપણે થોડી વધારે ભારતીય ભાષાઓ શિખી શકીએ. હું જાણું છું કે મારા આ મંતવ્યને લોકો આજે અનુમતિ નહિ આપે, પણ મને શંકા નથી કે થોડા વખતમાં આપણી વ્યવહારિક દ્રષ્ટિ અને રાષ્ટ્રીય એકતાની ઇચ્છા આપણને તેમ કરવા ફરજ પાડશે.

હવે જે બીજી બાબતનો ઉલ્લેખ કરવા માંગું છું તે રાષ્ટ્રીય શિક્ષણની યોજનામાં સાંસ્કૃતિક વિષયોને લગતા શિક્ષણના મહત્વ વિષેનો છે. મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે તેને જે મહત્વ મળવું જોઈએ તે મહત્વ આપવામાં આવ્યું નથી. પરદેશમાં જો આપણને પ્રતિષ્ઠા મળતી હોય તો તે આપણા પ્રાચીન સાંસ્કારિક વારસોને લીધે તેમજ આપણા ટાગોર અને ગાંધીને લીધે જ મળે છે. પરંતુ સ્વતંત્ર ભારતમાં સંસ્કૃતના અભ્યાસનું મહત્વ ઘટતું જાય છે. અને તે મહત્ત્વ ઘટતું અટકાવવા માટે કોઈ પણ પ્રયત્ન થતો નથી. ભારતીય-વિદ્યાશાસ્ત્રના ઉચ્ચ અભ્યાસ અને સંશોધનને અંગે મધ્યવર્તી સંશોધન મંદિર (Central Research Institute) ઉભું કરવા માટેની અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદે કરેલી માંગણી સરકારે આર્થિક વિષમતાને લીધે હાલતુરત નકારી છે. આપણે આપણી પ્રાચીન સંસ્કૃતિ પ્રત્યે માત્ર શબ્દોથી જ સહાનુભૂતિ બતાવીએ છીએ અને તેનો બીજી રીતે લાભ પણ ઉઠાવીએ છીએ, પણ જ્યારે તેના રક્ષણનો પ્રશ્ન આવે છે ત્યારે આર્થિક મુશ્કેલીઓનું બહાનું કાઢીને વ્યવહારિક પગલા ભરવાની આપણે અશક્તિ બતાવીએ છીએ. આ તદ્દન અયોગ્ય અને ન ઇચ્છિવાયોગ્ય કરકસર છે. સંસ્કૃત એ તો ભારતીય વિચારણા અને ભારતીય સંસ્કૃતિનું ઉદ્‌ભવસ્થાન છે, અને જો આપણે આપણી સંસ્કૃતિનો વિકાસ સાધવા માંગતા હોઇએ તો સંસ્કૃત, પાલી અને પ્રાકૃત ભાષાઓના મહત્વના ગ્રંથોના ભારતીય ભાષાઓમાં અનુવાદો છપાવવા જોઈએ. જૂની હસ્તપ્રતો અને ઐતિહાસિક સાધનોને મેળવવા અને તેનું રક્ષણ કરવા માટે પણ આપણે યોગ્ય પ્રબંધ કરવો જોઇએ. એ પણ શરમજનક વસ્તુ છે કે સંસ્કૃતના ઉચ્ચ અભ્યાસ માટે હજુ પણ ભારતના વિદ્યાર્થીઓને પરદેશ જવું પડે છે. સંશોધનની આધુનિક પદ્ધતિઓ શીખવવામાં મદદ કરવા માટે આપણે ભારતિય વિદ્યાના નિષ્ણાત એવા થોડા પરદેશી વિદ્વાનોને જરૂર અહિં બોલાવી શકીએ છીએ અને આપણે ન શીખ્યા હોઇએ તેવી વિદ્યા શીખવીને યુવાન માણસોનું એક યુથ તેઓ જરૂર તૈયાર કરી શકે. પરંતુ ધીમે ધીમે ભારતે જ સંસ્કૃતભાષાનાં શિક્ષણ માટે જગતભરમાં મધ્યવર્તી કેન્દ્ર બનવું જોઇએ અને પરદેશી વિદ્યાર્થીઓ અને વિદ્વાનોને અહીં આવવા આકર્ષવા જોઇએ.

કેળવણીને લગતા કેટલાક મહત્ત્વના અને પાયાના પ્રશ્નોને મેં ટૂંકામાં ચર્ચ્યા છે. જો કેળવણીના આદર્શો અને હેતુઓ સરખી રીતે નિશ્ચિત કરવામાં આવે તેમજ તેના વિકાસ માટે પ્રગતિશીલ દ્રષ્ટિ સ્વીકારવામાં આવે તો શિક્ષણ માટે એક સંપૂર્ણ અને આદર્શ યોજના ઘડવામાં કંઈ પણ મુશ્કેલી નડે નહિ. રાષ્ટ્રના પુનર્નિર્માણનું કાર્ય તો ઘણું મહાન છે. ક્ષેત્ર વિશાળ છે ત્યારે કાર્યકરો થોડા છે. આપણી માનવશક્તિ મર્યાદિત છે અને ભૌતિક સાધનો પણ ઘણાં અપૂર્ણ છે. પણ આપણા રાષ્ટ્રીય જીવનમાં કેળવણી ઘણું અગત્યનું સ્થાન ધરાવે છે અને તેથી જીવનની પ્રાથમિક જરૂરિયાતો બાદ કરતાં કેળવણીને બીજી બધી બાબતોથી ઉપરનું સ્થાન મળવું જોઇએ. કેળવણીને નવું સુંદર સ્વરૂપ આપવા માટે વિશાળ દર્શન અને ઉંડી સુઝ આપણામાંના બહુ થોડાને છે. એવી થોડી જ વ્યક્તિઓ છે કે જેમને પોતાના આ કાર્યમાં જીવંત શ્રદ્ધા હોય. ભલેને તેમની સંખ્યા થોડી હોય પરંતુ કેળવણીની આ નવી ક્રાન્તિ સર્જવા માટે તેમણે હાથમાં હાથ મીલાવી આગળ આવવું જ જોઇએ. ભારતને અજ્ઞાનના કીચડમાંથી તો જ બહાર કાઢી શકાય કે જો તેના રાજદ્વારી પુરૂષો અને શિક્ષકો પોતાની ફરજો માટે સભાન બને. રાજદ્વારી પુરૂષોએ જાણી લેવું જોઇએ કે માત્ર ભાષણ કરવાનું કાર્ય જેટલું સ્વતંત્રતા મળ્યા પહેલાં અગત્યનું હતું તેટલું અત્યારે નથી, આજે તો તેની પાસેથી બુદ્ધિ, હિંમત અને સર્જનાત્મક વિચારણાની જ આશા રાખવામાં આવે છે. શિક્ષકોએ પણ જાણી લેવું જોઇએ કે દેશના યૌવનને યોગ્ય જીવન માટે તૈયાર કરવું અને પ્રજાની સેવા માટે શક્તિશાળી સાધન બનાવવું એ તેની પવિત્ર ફરજ છે.

જે પરિસ્થિતિ વચ્ચે આપણે કામ કરવાનું છે તે ખરેખર દુઃખદાયક છે. સત્તા માટેની લાલસા કદાચ રાજદ્વારી પુરૂષોને વાસ્તવિકતાનો પરિચય ન થવા દે. એમની વિવેકબુદ્ધિ કદાચ જાગ્રત થાય કે ન થાય, પરંતુ શિક્ષકો કે જે સત્તાની આ ઘેલછાથી પર છે તેમણે તો દેશકાળની જરૂરિયાતોને પહોંચીવળવા કટિબધ્ધ થવું જ જોઇએ. તેમના વિષે આટલી આશા જરા પણ વધારેપડતી નથી. આખરે બધું સારૂં થઇ રહેશે એવી શ્રદ્ધા રાખીને આપણે આળસુ ન બનીએ. પરિસ્થિતિ કથળી ગઇ છે, અને એને કથળતી અટકાવવા મજબુત હાથે જો કામ નહિ લઇએ તો આપણી વિપત્તિનો કોઇ અંત નહિ હોય. સમાનતા, સામાજિક ન્યાય અને સહકારના પાયા પર લોકશાહી સમાજની ઇમારતો રચવા આપણને શક્તિશાળી માણસોની જરૂર છે, જોકે એવા બહુ જ ઓછા માણસો હોય છે કે જેને નવું દર્શન પ્રાપ્ત થયું હો. આમ છતાં પણ કેળવણીની નવી કલ્પનાને નવી દૃષ્ટિને સર[illegible]ના ઉત્થાન સાથે—શ્રેય સાથે સીધો સંબંધ હોઇને આ હકીકતનું મહત્ત્વ લોકોની નજર ઉપર વહેલું મોડું આવ્યા વિના અને તેનો સાર્વત્રિક સ્વીકાર થયા વિના રહેવાનો નથી. આજની ઘડિએ તો આપણાં આ નાના સરખા જૂથે એક જ્યોતિર્ધરનું કામ કરવાનું છે. તે પોતાની શક્તિ અને પુરૂષાર્થથી ચોતરફ પ્રકાશ ફેલાવશે અને જડપ્રાય દિસતા જનસમુદાયમાં ચૈતન્યનો—પ્રકાશનો—જરૂર સંચાર કરશે જ.

**મૂળ અંગ્રેજી: આચાર્ય નરેન્દ્રદેવ**

સમાપ્ત **અનુવાદક: કુ. તારાબહેન શાહ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩ અંક : ૧૮ ] મુંબઇ : ૧૫ જાન્યુઆરી ૧૯૫૨ મંગળવાર [ વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## આ તે કેવો અલગતાવાદ ?

માણસ પામર આત્મા હોઇ ભૂલ કરે એ સ્વાભાવિક છે, પણ જ્યારે તે કોઇ અંગત સ્વાર્થને કારણે ખોટી રજુઆત કરે છે ત્યારે એની યથાર્થતા સિધ્ધ કરવા માટે એને અનેક નવા નવા તુક્કા ઉભા કરવા પડે છે; ને આમ એક ભૂલને ઢાંકવા જતાં એને અનેક ભુલોની પરંપરામાં ધસડાવું પડે છે. પરિણામ એ આવે છે કે ઇરાદાપૂર્વક કરેલી એક ભૂલ એને એવી ભારે પડી જાય છે કે પછી એને એમાંથી છૂટવાનો માર્ગ જ જડતો નથી. નથી એ પાછો ફરી શકતો કે નથી એ એનો ઉપાય શોધી શકતો. 'હરિજન મંદિર પ્રવેશ'ના કાયદામાંથી બચી જવા "જૈનો હિંદુ નથી"નો ઉભો કરેલો નાદ એ એવી જ એક ઘટના છે. જો કે એથી તાત્કાલિક ઇષ્ટ પરિણામ આવ્યું એમ જણાયું હશે, પણ છેવટ તો એનો અંજામ કેવો ખતરનાક નીવડવાનો સંભવ છે, એની આગાહી રૂપ ઉત્તર પ્રદેશમાં મ્યુનિસિપલ ચૂંટણીઓ વેળા હિંદુઓએ "જૈનો હિંદુઓ નથી"નો કરેલો પ્રચાર જ એની સાબીતી પુરી પાડે છે. અખિલ ભારતીય દિગંબર જૈન પરિષદનું સાપ્તાહિક મુખપત્ર તેના તાજેતરના અંકોમાં લખે છે કે "ઉત્તર હિંદના ઘણા શહેરોમાં મ્યુનિસિપલ ચૂંટણીઓમાં જ્યાં સારી એવી સંખ્યામાં જૈન ઉમેદવારો હરવખત ચૂંટાઇ આવતા ત્યાં હિંદુઓએ 'જૈનો હિંદુઓ નથી'ના કરેલા પ્રચારના કારણે બહુ જ ઓછા સભ્યો સફળ થઇ શકયા છે. અને જે થોડા ઘણા ચૂંટાઈ આવ્યા છે તે પણ તેમની સેવાને કારણે જ આવી શક્યા છે." આગળ જતાં "વીર" એવા ભાવાર્થનું લખે છે કે "આ ચળવળને ખાળવા અખિલ હિંદ જૈ. દિ. પરિષદને 'જૈનધર્મ એ વૈદિક ધર્મથી સ્વતંત્ર ધર્મ હોવા છતાં જૈનો વિશાળ હિંદુ કોમનો જ એક ભાગ છે' એવા પસાર કરેલા ઠરાવની નકલો વહેંચવી પડેલી.

'વીરે' જણાવ્યા મુજબ પરિસ્થિતિ નાજુક નહિ હોય, તેમજ મ્યુ. ચૂંટણીઓમાં હરવખત ચૂંટાઇ આવતા જૈન ઉમેદવારો કોઇ બીજા જ કારણે ચૂંટણીમાં સફળ નહિ થઇ શકયા હોય એમ માની લઇએ, તો પણ 'જૈનો હિંદુઓ નથી માટે તેમને મત આપવા એ અહિંદુઓને મત આપવા બરોબર છે' એવો જે જોરશોરથી પ્રચાર ચાલેલો તેમ જ ગયે વર્ષે મધ્ય પ્રાંતમાં હિંદુ મંદિરો પર (જૈનો તથા મુસ્લીમોને અંદર પ્રવેશવાની મનાઈ છે) એવા પાટિયાં લાગેલાં એ બીના આપણી આંખ ઉઘાડવા માટે બસ છે. આ ચળવળને જો વેગ મળતો રહે તેમ જ હિંદુઓને મન જો આપણે પરાયા બનવા લાગીએ તો આપણે કેવી મુસ્કેલીમાં મુકાઈ જઇએ એ સમાજે વિચારવાની વાત છે. શીખો, મુસ્લીમો, ખ્રિસ્તીઓ તો પોતાની વિશાળ સંખ્યાને કારણે એક અલગ જૂથ તરીકે ઉભા રહેવાની શકિત ધરાવે છે; પણ આપણે જૈનો તો હિંદુસમાજના અંગ બની એમાં એવા ઓતપ્રોત થઈ રહેલા છીએ કે એમાંથી જો આજે આપણે કપાઈ જઇએ તો આપણે અલગ જૂથ તરીકે ઉભા રહેવાની શકિત ધરાવીએ છીએ કે કેમ એ શંકાસ્પદ છે અને એવી શકિત ધરાવતા હોઇએ તો તેથી આપણને કશો લાભ તો થવાનો જ નથી. સંભવ છે કે અલગતાવાદીઓને આવા ભયની આગાહીમાં નરી કાયરતા જ જણાય. અને તેથી ઘડીભર તે એમ પણ માનતા હોય કે 'કેવળ વ્યાપારી વર્ગ ધરાવતા અપંગ જૈન સમાજને એવા ભયનો સામનો કરવાનો હશે તોય શું ? એથી પરિણામે જૈન સમાજ ખેડૂત, કારીગર, શ્રમજીવી આદિ પ્રત્યેક અંગઉપાંગને પોતાનામાંથી પેદા કરી પૂર્ણ જ બનશે.' આવું આશ્વાસન જો કે લઈ શકાય ખરૂં; આમ છતાંય કલ્પિત ભયની વાત છોડી દઇએ તોય જે રીતે આપણે આ નાદ ઉભો કર્યો છે એની યોગ્યતા—અયોગ્યતાનો વિચાર તો આપણે કરવો જ રહ્યો.

આપણી દૃષ્ટિએ પરધર્મી ગણાતા વૈષ્ણવ, શૈવ, સ્વામીનારાયણ કે આર્યસમાજી વણિકો સાથે આપણે આજે પણ રોટી બેટીનો વ્યવહાર રાખીએ છીએ, લગ્નવિધિ પણ વૈદિક જ સ્વીકારીએ છીએ જ્યારે પાટીદાર, ભાવસાર, ક્ષત્રિયાદિ જૈનધર્મીઓ સાથે રોટીબેટીનો સંબંધ રાખતા નથી. એ આપણો વ્યવહાર જ સિદ્ધ કરે છે કે આપણે હાડોહાડ હિંદુઓ છીએ. જૈન જેવી તો આપણી કોઈ કોમ જ નથી. અને આપણે હિંદુઓ તો છીએ જ અને સાથે સાથે વૈદિક-વિધિઓ—આચાર—વિચારોમાં પણ આપણે એવા ડૂબેલા છીએ કે ઉચ્ચ—નીચના, સ્પૃશ્યાસ્પૃશ્યતાના—નાતજાતના ભેદો જે જૈનધર્મને માન્ય નથી એને આપણે આપણા પોતીકા બનાવી વૈદિકોથીયે આપણે વધારે કટ્ટર બન્યા છીએ. એથી હરિજનોને જૈન મંદિરમાં પ્રવેશતાં અટકાવવા "જૈનો હિંદુઓ નથી"નો ઉભો કરેલો નાદ જ સ્વયં આપણું ઉપરોકત અર્થમાં કટ્ટર હિંદુપણું વ્યકત કરે છે.

જૈન, બૌધ્ધ અને વૈદિક ત્રણે આર્યધર્મની શાખાઓ છે. ત્રણેના અનુયાયીઓ "આર્ય" કહેવાતા આવ્યા છે અને કહેવાય છે. એ આર્ય શબ્દને પાછળથી આવેલા ગ્રીકો—મુસ્લીમોએ "હિંદુ" ઉપનામ આપ્યું છે. એથી જૈનો—બૌધ્ધો અને વૈદિકો ત્રણે હિંદુઓ જ છે. કેવળ વૈદિકો જ હિંદુઓ નથી. આજે જો કે સામાન્ય વ્યવહારમાં વૈદિક અને હિંદુ એકાર્થવાચી શબ્દો બની ગયા છે. તો પણ એ કારણે આપણે પોતાનાં હિંદુપણાનો ઇનકાર કરવો એ યોગ્ય નથી. આમ આપણે હિંદુઓ તો છીએ જ, પણ સાથે સાથે વાડાબંધીના ભેદો અપનાવી કટ્ટર વૈદિકો પણ આપણે બની ગયા છીએ.

આ પરિસ્થિતમાં હવે સમાજના બુધ્ધિશાળી વિચારક વર્ગે તથા સમયજ્ઞ ત્યાગીવર્ગે જાગવાની જરૂર છે. અને જ્યાં આજે વાડાબંધી—અલગતાવાદના બંધનો તૂટી રહ્યાં છે ત્યારે આપણા જૈન સમાજે તો—જેની પાસે અમૂલ્ય માનવ—સમાનતાના સિધ્ધાંતની મૂડી છે, એણે તો ઉલટું જગતનો નવપ્રકાશ આપવાની જવાબદારી ઉઠાવવી જોઇએ. બીજાની જેમ જો આપણે હજુપણ ઘોર્યાં કરશું તો આપણી જગતને શી જરૂર છે? કેવળ ભૂતકાળનું ગૌરવ—ગાણું એજ શું આપણો જગતને સંદેશ હશે? એવી આશા રાખીએ કે સમાજ જેમ બને તેમ વહેલો જાગ્રત થઇ આ અલગતાવાદનું પાપ ધોઇ નાખવા કટિબધ્ધ થશે. અને તોજ આજે જ્યારે જગત જાગી રહ્યું છે ત્યારે જૈન સમાજ જગતને મહાવીરનો સમાનતાનો મૂળ સંદેશ આપી જગકલ્યાણ યજ્ઞમાં પોતાનો ફાળો આપી શકશે.

રતિલાલ મફાભાઇ શાહ

# જૈન બંધુઓ ચેતો અને સમયને ઓળખો !

(મારવાડમાં આવેલ પાલી મુકામેથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના એક સાધુ મુનિશ્રી હર્ષ વિમળ તરફથી નીચેનો પત્ર મળ્યો છે. આજે જ્યારે જૈન સમાજના કેટલાએક સાધુઓ તરફથી આજની સરકાર સામે સમજણ વિનાનો વિરોધી પ્રચાર થઈ રહ્યો છે ત્યારે જૈન સમાજને અનુલક્ષીને આ પત્ર અમુક અંશમાં આજની પરિસ્થિતિ વિષે વાસ્તવિક અને ડહાપણભરી દૃષ્ટિ રજુ કરે છે. એ પત્ર નીચે મુજબ છે. તંત્રી)

જૈનો હંમેશા રાજ્યભક્ત રહે છે. તેમણે હજુ સુધી કોઈ પણ રાજ્યનો દ્રોહ કર્યો હોય એવો ઈતિહાસ જાણવામાં આવ્યો નથી, અને આ તો સ્વરાજ્ય એટલે ઘરની સરકાર. આપણે તેનો દોષ કાઢીએ તે ઘરમાં દોષ કાઢવા જેવું ગણાય. નવો કારભાર છે, ભુલ થવા સંભવ છે, પણ ભુલ સુધરે એવી આપણે તેને સલાહ આપવી જોઈએ. કાળાબજાર બંધ કરવા જોઈએ અને કોઈ કરતા હોય તો સરકારનું તે તરફ આપણે તરતજ ધ્યાન ખેંચવું જોઇએ. રાજ્યને આપણા તરફથી મદદ મળે તેવી રીતે વફાદાર રહેવું જોઈએ. ચૂંટણીનો સમય પાસે છે, માટે એમને મદદ આપવી જોઈએ. એમનાથી જ આપણને લાભ થવા સંભવ છે. માટે જેમ બને તેમ એમના જ પક્ષમાં રહીએ તો એ પણ આપણી કદર કરી આપણી મુશ્કેલીઓ જરૂર ટાળશે. દરેક વસ્તુ પ્રેમથી જીતાય એ જૈન સિધ્ધાંત હંમેશા યાદ રાખો અને દુનિયામાં જૈન ધર્મ વિશ્વ ધર્મ બને તે માટે સારી દુનિયાને શાંતિને માટે જૈન ધર્મનો સિધ્ધાત વિજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે એમ બતાવો અને એ રીતે જૈન ધર્મનો દુનિયામાં પ્રચાર કરો, જેથી દુનિયા લડાઈથી છુટે, ચોરી, લુંટફાટ, દગો ફટકો, લડાઈ, ખુનામરકી વિ. નાબુદ થાય, અગર ઓછી થઇ જાય, અને સાચો અહિંસાવાદ ફેલાવો પામે, જેથી દુનિયા ખરી શાંતિ તથા સુખનો અનુભવ લે. એ પ્રમાણે ખરો મનુષ્યધર્મ બજાવો! જૈનોના ચારે ફીરકા એકસંપ કરીને બહારની દુનિયાનો તથા લોકોનો પ્રેમ મેળવતા નથી, અંદરનો કુસંપ હટાવવાનો પ્રયત્ન કરતા નથી, માણસોને ભુખે મરતા બચાવી આશિષ લેતાં નથી, માનમરતબો અને કુરૂઢીઓમાં લાખો ખરચ્યે જાય છે-આ બધું જૈન સિધ્ધાંતથી વિપરીત થઇ રહ્યું છે. એની પર વિદ્વાન ધર્માત્માઓએ તટસ્થ થઇને વિચાર કરવાની ખાસ જરૂર છે. જ્યાં સુધી જૈનો આ બધી બાબતો વિષે ગંભીરતાથી વિચાર કરતા નહિ થાય, ત્યાં સુધી જૈન ધર્મની ઉન્નતિને બદલે અવનતિ થતી રહેવાની છે. આનો પુરી રીતે વિચાર કરો.

(૧) સરકારે બે વરસ ઉપર જે સંદેશો માયાળુપણાથી આપ્યો હતો તે ઉપર વિચાર કરીને જૈનોની મોટી મોટી સંસ્થાનાં સુકાનીઓ અને શેઠીઆઓ લોકોના મત તથા દુનિયાના મત ફેરવવાનો પ્રયાસ ચાલુ કરત અગર કરવાવાળાને મદદ આપત, તો હાલ જે સાધુઓને કુટાવું પડે છે તથા શ્રાવકોને લૂંટાવું પડે છે, ઠેકાણે ઠેકાણે મૂર્તિઓની ચોરી અથવા નુકશાની થાય છે, મૂર્તિ ઉપરથી દાગીનાની ચોરી થાય છે, ભંડારો તોડીને લૂંટવામાં આવે છે, સાધુનાં ગોચરીના પાતરાં ઝુંટવાઇ જવાના બનાવો બને છે તે બધું ન બનત, અગર જૂજ બનત તો પણ પ્રચાર ચાલુ રહેતાં ધીમે ધીમે નાબુદ થઈ જાત. હજુ પણ ચેતો, પોતે પ્રચાર કરો, કરાવો અને પ્રચાર કરવાવાળાને જેનાથી જેવી બને તેવી મદદ કરો !

(૨) હાલ ચૂંટણીનો સમય છે અને કોઈ શ્રાવક અધિકારને માટે મત લેવા ઉભો રહે છે ત્યારે લોકોના આગેવાનો કહે છે કે "એણે આપણને ચુસીચુસીને હવેલી બાંધી છે, દાગીનાઓ પહેરે છે, એમના ભગવાનને દાગીના પહેરાવે છે, ધામધુમ કરે છે, એ ક્યાં મહેનત કરવા ગયા હતા? ટાઢ તડકો આપણે ભોગવીએ છીએ, મજુરી આપણે કરીએ છીએ અને એ અધિકાર પર આવશે તો પાછા આપણને ચૂસશે, માટે એમને મત આપવો નહી." એવી પ્રવૃત્તિ થઇ રહી છે. એમની આ માન્યતા ખોટી પુરવાર કરી એમના વિચાર ફેરવવાની કોશીષની જરૂર છે. અમારા આગેવાનો જાગો અને પોતાના ધર્મને દીપાવો !

(૩) મધ્યમ વર્ગને માટે વાતો થઈ રહી છે, પરંતુ સાચો કોઈ માઈનો લાલ છૂટે હાથથી કોથળી ખોલવાનો ઇરાદો કરતો નથી. અચરે અચરે રામ અથવા દીકરા ડાહ્યા થાઓ તમને પરણાવીશું, એ કહેવત પ્રમાણે દિલાસો અપાઈ રહ્યો છે. અન્ય લોકો પોતાની કોમને પોષવા માટે ફંડ રાખે છે ત્યારે અહીં ધામધુમનો ખર્ચ કરી અન્ય કોમને પોષે છે. જૈન સિધ્ધાંત મહાવીર સ્વામીનો, મોટું સગપણ સાધર્મીભાઈઓનું-આ કોઇના ધ્યાનમાં આવતું નથી અને જૈન સમાજમાં ઘણા આચાર્યો તથા શેઠીયાઓ હોવા છતાં પોથીમાંના રીંગણાં જેવું બની રહ્યું છે. જૈનો આગળ કેટલા હતા અને હવે કેટલા રહ્યા છે? હાલની પ્રણાલીએ ઉન્નતિ કરી છે કે અવનતિ? મુદ્દામાં સાચા ધર્મના જ્ઞાનની અજ્ઞાનતા પ્રવર્તે છે જેથી શેઠીઆઓ પોતાના સાધર્મીભાઇને મદદ દેવાને બદલે બીજી લાઈન પર ચડી ગયા છે. વાડ વગર વેલો ચડે નહિ. અન્ય ધર્મીઓ પોતાના ધર્મને વધારવાને મદદ આપી રહ્યા છે, ત્યારે આપણે ત્યાં સાધર્મી ભાઈઓને દુઃખમાં ડુબેલા જોવા છતાં કોઈનું રુંવાડું ફરકતું નથી. આજના સંયોગોમાં સત્ય-ધર્મને તથા જૈન શ્રાવકોને પોષવા તથા આપણી સરકારને મદદ કરવી એ આપણી ખાસ ફરજ છે.

(૪) હાલમાં નાણા ગામમાં જે અત્યાચાર થયો તે સર્વેને ખબર હશે. મુંબઇના અમારા શેઠીઆઓએ તથા મંડળે ત્યાં જઇને દીલગીરી જાહેર કરી અને રાજસ્થાનને ખબર આપી કે આમ કરવાવાળાને શિક્ષા થવી જોઇએ કે ફરી આવું ન કરે તે ઠીક જ છે, પણ આટલું બસ નથી. આસપાસના લોકોમાં ફરીને તેમને આ બાબતમાં સાચી સમજ આપવી જોઇતી હતી અને તેમના મનનો વહેમ દૂર કરવો જોઇતો હતો. નાણા ગામની નજીકમાં જ દસ વરસ ઉપર બામણવાડજીની ટેકરી ઉપર અમારૂં ચોમાસું હતું ત્યારે પણ વરસાદ બાંધવાના વહેમ ઉપર જ અમારા ઉપર લોકોનો હલ્લો આવ્યો હતો. શાસનદેવની કૃપાથી અમે બચ્યા અને હલ્લો લાવનારા નાગાભુખ્યા અને બદમાસ-અનેક માણસોને પોલીસે ત્યાં લાવી લાવીને પુરતી શિક્ષા કરેલી અને ગામધણી તથા પૈસાવાળા ઉપર કેસ ચલાવી કેટલાકને દંડની તથા કેટલાકને જેલની શિક્ષા કરવામાં આવી હતી. આમ છતાં ફરી ચાર વરસ ઉપર સંવત ૨૦૦૪ માં એમના જ ઉપર પોશાલીઆ ગામમાં વરસાદ બાંધવાના વહેમ ઉપર ગામવાળા તથા ગરાસીયાઓનો હલ્લો આવ્યો હતો. તે વખતે પણ શાસનદેવની કૃપાથી અમે બચ્યા અને પોલીસ [illegible] હતી અને ગુનેગારોને વાજબી કર્યું હતું. આને [illegible] ગતી કુલ વિગત શીરોહી સંદેશમાં તે વખતે આવી હતી. છતાં [illegible]ળી પાછો હલ્લો તો થયો હતો. આ બાજુ દુકાળના કારણે જે [illegible]મમાં મહાજનના ઘર થોડાં છે તેમને ભય લાગ્યો છે કે વખતે [illegible] એમને લૂંટશે, તેથી ત્યાંના દેહરા-અપાસરા મૂકીને તેઓ શહેર તરફ જઈ રહ્યા છે, જ્યારે તેમનો ધંધોધાપો, ઉઘરાણી-કમાણી કરી ખાવાનું સાધન પોતપોતાને ગામ રહ્યું છે. આ રીતે જૈનોની બેકારીમાં વધારો થયો છે અને દહેરા-અપાસરા સંભાળવાની મુશ્કેલી ઉભી થઈ છે. તો પણ અમારો સંઘ તથા આગેવાનો કુંભકરણની ઉંઘમાં પડયા છે, જાગૃત થતા નથી. કરોડો માંથી લાખો પર આવ્યા, તેમાં પણ ઘટી રહ્યા છે, તો પણ બેકારોને મદદ કરવા માટે જોઇએ તેવો પ્રયાસ થતો નથી.

(૫) જમાનો ફર્યો છે, આપણી પરતી ફુલી નજરમાં આવી રહી છે, તો પણ અમારા ગુરુમહારાજો તથા શેઠીઆઓને માનને

માટે પૈસા ખરચવા સિવાય-જરૂરી કાર્ય કરવા ઉપર હજુ મન થતું નથી એ કમનસીબી છે. મહાનુભાવો, અમારી વાત જેને મગજમાં બેસે તે પોતે કરો, બીજા પાસે કરાવો અગર કરવાવાળાને મદદ આપો તેમ જ અમોને ટેકો આપો. અમોએ અમારૂં શરીર સંઘને માટે અને દેશને માટે તેમ જ પ્રાણીમાત્રની સુખશાંતિ માટે અર્પણ કરેલ છે. જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી સેવા કરી મરી છુટીશું, જેને સાથ આપવો હોય તે આપે.

તા. ક:–હાલમાં પાલણપુરથી શ્રાવક આવેલ તેણે કહ્યું કે જે અરસામાં નાણાં ગામમાં તોફાન થયું તે અરસામાં પાલણપુર અને આબુ રોડ વચ્ચે–હમીરગઢ ગામ છે ત્યાં પણ ગરાશીયાઓએ મહાજન પર હલ્લો કર્યો હતો, સીંદુર વીગેરે લગાડી મટકો ફોડયો હતો અને લૂંટવાની તૈયારી કરતા હતા ત્યાં ફોજદાર સાહેબ પોલીસ સમેત આવી પહોંચવાથી અને તેમના સમજાવવાથી હલ્લો થતો અટકયો હતો. એજ પ્રમાણે આબુ પાસે અનાદરાથી ત્રણ ગાઉ ઉપર શીરોહી ગામમાં એક શ્રાવક તોફાન થયાની આજે વાત કરતા હતા. પીંડવારા તરફ આગળ બે ત્રણ વખત હલ્લો થવાનું સૌ કોઇ જાણે છે. જાવાલમાં બે વખત હલ્લો થયાની વાત મશહુર છે, તેમાં એક વખત સાધુ કુટાણા અને બીજી વખત જૈનમૂર્તિ તોડી તથા ત્યાં પાડાનો વધ કરવામાં આવ્યો. આવા લોકોને સમજાવવાની હીલચાલ પુરા વેગથી હાથ ધરવામાં ન આવે તો આ રોગ સર્વત્ર ફેલાવાનો સંભવ છે. માટે ધર્મગુરૂઓએ તથા ઉપદેશકોએ ઉપદેશદ્વારા, હેંડબીલો તથા પત્રિકાઓ તથા પુસ્તકોદ્વારા એમને સમજાવીને જૈન વિરૂધ્ધના વિચારો હટાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. અમો આ દિશાએ અમારાથી બનતું કરી રહ્યા છીએ. અમારા આ કાર્યને કેટલાએક આચાર્યો, સાધુઓ તેમ જ તેમના ભકતો, પુરતો ટેકો આપતા નથી. ઉલટું તેમાંના કેટલાએક અમારો વિરોધ કરી રહ્યા છે અને અમોને વખોડી રહયા છે. અમારી પ્રાર્થના છે કે શાસનદેવ તેમને સદ્‌બુધ્ધિ આપે અને તેઓ જમાનાને ઓળખીને અમને બને તેટલો સાથ આપે!

**મુનિ હર્ષવિમળ**

---

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

**વાર્ષિક સભા**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સભા તા. ૨૭–૧–૧૯૫૨ રવિવાર બપોરના ૩ વાગે ધનજી સ્ટ્રીટમાં આવેલા સંઘના કાર્યાલયમાં મળશે, તો દરેક સભ્યને સમયસર પધારવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

---

## કેટલાક સમાચાર અને નોંધ

### સાક્ષરવર્ય શ્રી. બળવન્તરાય કલ્યાણજી ઠાકોરનું અવસાન

તા. ૨–૧–૫૨ ના રોજ ગુજરાતી સાહિત્યના અગ્રગણ્ય સાક્ષર, કવિ અને વિવેચક શ્રી. બળવન્તરાય કલ્યાણજી ઠાકોર ૮૨ વર્ષની ઉમ્મરે અવસાન પામ્યા. તેમની હરોળના એક વયોવૃધ્ધ કવિ અ. ફ. ખબરદારને બાદ કરતાં આજે આથમતી કવિ સાહિત્યકારોની પેઢીના તેઓ છેલ્લા પ્રતિનિધિ હતા એમ કહી શકાય. તેમના વિષે આશ્ચર્યજનક તો એ છે કે ૮૨ વર્ષની ઉમ્મરે પણ તેઓ એકસરખા સચેત અને જાગ્રત સાહિત્યકાર રહ્યા હતા. આજે પણ તેમના કાવ્યો, લેખો અને વિવેચનો જુદા જુદા સામયિકોમાં દૃષ્ટિગોચર થતા હતા. સાહિત્યકારોની ઉગતી પેઢીના તેઓ મિત્ર, સાથી અને સલાહકાર હતા. તેમના હૃદયમાં અપાર વાત્સલ્ય હતું અને નાના મોટા અનેક લેખકો અને કવિઓને તેમની ખૂબ હુંફ હતી. તેમના સ્નેહાર્દ્ર સ્વભાવને નીચેની પંકિતઓ યથાર્થ રીતે રજુ કરે છે.

> "પુષ્પની પાંમડીથીયે હૈયું સ્નેહાર્દ્ર ને મૃદુ
> વજ્રકાયે છુપાયેલું અંકાશે સ્મૃતિમાં સદા."

સ્વ. અધ્યાપક બળવન્તરાય ક. ઠાકોરના એક નિકટ પરિચિત વ્યકિત તરીકે શ્રી હીરાબહેન મહેતાને તેમના વિષે કાંઈક લખી આપવાની વિનંતિ કરતાં એક તેમણે નોંધ લખી આપી છે જે નીચે મુજબ છે:–

તા. ૨–૧–૫૨ ના રોજ ગુજરાતી સાહિત્યના પ્રખર સાક્ષર બ. ક. ઠાકોરનું અવસાન થયું. એ સાથે ગત પેઢીના તેજસ્વી સાક્ષરયુગનો અવશેષરૂપ છેલ્લો સ્ફુલિંગ પણ ઓલવાયો. સ્વ. ઠાકોર ૮૨ વર્ષનું સુદીર્ઘ, તંદુરસ્તીવાળું, ક્રિયાશીલ જીવન જીવતાં જીવતાં ગયા. તેથી, તેમને અંગત રીતે ઓળખનારાઓમાંથી કોઈએ નહિ ધાર્યું હોય તેટલું સહસા તેમનું મૃત્યુ થયું. એટલે આ આઘાત ગુજરાતી સમાજ માટે કંઇક અચાનક આવ્યો ગણાય.

"સ્વ. ઠાકોરના દીર્ઘ જીવનનું સ્મરણ થતાં, ઓછામાં ઓછી સાઠ વર્ષ લગી લંબાયેલી તેમની પરાક્રમશીલ અને પ્રયોગશીલ, રસમય, બહુશ્રુત, બહુશાખાળી અને વિલક્ષણ સાહિત્યકારકિર્દીનું સ્મરણ થયા વિના રહે નહિ. પૂરેપૂરા બ્રિટિશ રાજ્યને અને તેની રાષ્ટ્ર તરીકેની શકિતને સત્કારનારા તેઓ, પશ્ચિમી સંસ્કૃતિના પ્રશંસક હતા, અને બન્યું પણ એમ જ. બ્રિટિશ રાજ્યની આપણા દેશ પરની હકુમતના મધ્યાહ્નનો સૂર્ય તેમણે તપતો જોયેલો; ત્યારથી માંડીને, બ્રિટિશ રાજ્યનો અસ્ત અને આપણી સ્વતંત્રતાના ઉદયના રંગો પણ તેઓ જોવા જીવ્યા. સ્વાભાવિકપણે બને છે તેમ બ્રિટિશ હુકુમતના સલામતીભર્યા સુલાભો ભોગવનારા એ ઇતિહાસવિદ્ સાક્ષરને, સ્વતંત્રતા કાજેની આપણી પ્રજાની અશક્તિ જોતાં, ગાંધીજીની તથા કોંગ્રેસની અસહકારની ચળવળ પ્રત્યે અલ્પશ્રધ્ધા હતી. તે જ પ્રો. ઠાકોરનું રચેલું પ્રવાહી રચનાવાળું કવિતાનું બાહ્ય કલેવર, ગાંધીવાદના કવિઓને પોતાનું મંતવ્ય પ્રગટ કરવા માટેનું યોગ્ય વાહન બની રહે એ આશ્ચર્યજનક છે. સ્વ. ઠાકોરે વીસમી સદીના પ્રારંભમાં, પોતાના કાવ્યસર્જન દ્વારા અનેક પ્રયોગો કરી કરીને રચવા માંડેલું કવિતાનું કલેવર, તૈયાર કરી દીધું હતું; જે તે પછીના ૨–૨॥ દાયકા લગી ગુજરાતી સર્જક-વાચક વર્ગના ઔદાસીન્યના અંચળામાં ગોપાઈ, છેવટે ગાંધીવાદના કવિઓદ્વારા અપનાવાઇ, તે યુગની ભાવનાઓને મૂર્ત કરનાર યોગ્ય પાત્ર બન્યું. માટે જ તેઓ નવીન કવિતાના પિતા ગણાયા છે. તેમના 'ભણકાર'ની પાંચમી અને છેલ્લી આવૃત્તિ અગાઉની આવૃત્તિઓ સાથે સરખાવી જોતાં, અભ્યાસી માટે રસદાયી સામગ્રી પૂરી પાડે છે. પ્રત્યેક નવીન આવૃત્તિ પ્રસંગે તેઓ જૂના કાવ્યોને સુધારી મઠારી વિકસાવી અને વિવિધ છટાઓ પૂરી પાડી, તેને નવો લેબાશ સજાવતા; અને નવાંનવાં કાવ્યો પણ સાથે સર્જતા જતા. તેનું કારણ તેમની કાવ્યપ્રવૃત્તિ પ્રત્યેની અવિરત સચેતન પ્રયોગશીલતા જણાય છે.

"પદ્ય ઉપરાંત તેમનું ગદ્ય વિપુલ પ્રમાણમાં અને વિલક્ષણપણે ખેડાયું છે. તેમણે નવલિકાઓ લખી છે, વિવેચન લખ્યું છે, અને ચરિત્રલેખ લખેલા છે. ઉપરાંત ઇતિહાસ, રાજ્ય, ધર્મ, સમાજ વગેરેના શાસ્ત્રીય ચિંતનવાળા લેખો પણ ઘણા લખ્યા છે. એ અને એમના વિવેચનના લેખો સંગ્રહસ્થ થાય તે આવશ્યક છે. તો તેમને ખાતે ઓછામાં ઓછા ૧૦ થી ૧૨ ગદ્યલેખોના સંગ્રહો જમા થશે, અને એનો અભ્યાસ થતાં આપણે વિસર્જિત થયેલા સાહિત્યયુગનો પરિચય કરી શકીશું. તેમનું ગદ્ય જ્ઞાનસભર, અર્થઘન, એક બાજુ તળપદી બોલી તથા લઢણોથી ભરપૂર, બીજી બાજુ સંસ્કૃતમય, પોતે યોજેલા નવીન શબ્દપ્રયોગોવાળું, શબ્દપરંપરાથી ભરપૂર વાકયવાળું, મોટા વળાંકો અને આરોહઅવરોહવાળાં વાકયોથી ભરપૂર, પ્રૌઢીવાળું છે.

"તેમણે નાટકો પણ લખ્યાં છે, તેમાં મૌલિક ઉપરાંત અનેક અનુવાદો પણ છે. નાટક ઉપરાંત કાવ્ય અને ગદ્યના અનુવાદો પણ તેમણે કરેલા છે. અને સંપાદનકાર્ય પણ કરેલું છે.

"અત્રે, આ નાનીશી નોંધમાં આ મહાકાય કારકિર્દીની વિગતો આપવાનો આશય નથી, તેમ શક્ય પણ નથી. પણ તે પ છળનું પ્રો. ઠાકોરનું સભર, સમૃધ્ધ, ઓજસ્વી, પ્રયોગશીલ અને જ્ઞાનપૂર્ણ વ્યકિતત્વ એ ગુજરાતી સાહિત્યનું એક ચિરંજીવ અંગ

બની રહે. એવા તેમના સ્વભાવના ને ચેતનના વિવિધ પાસાનું દર્શન તેમની અક્ષરપ્રવૃત્તિથી થાય છે. અને તેમના અંગત સંપર્કમાં આવેલને તો, એ પ્રભાવશાળી વ્યક્તિત્વની ગુજરાતના સંસ્કારજીવન પર પડેલી પ્રબળ અસર વિચારતાં, એ વ્યક્તિ નહિ પણ કુદરતની એક **Phenomenon** અને force રૂપે જ લાગે, જો કે આ લખનારને તો તેમની કોમળ, નિર્ભેળ અને એકધારી મમતાનો—વાત્સલ્યનો જ લાભ મળ્યો છે. એ જેમ અંગતજનોને તેમજ તેમના અભ્યાસી વર્ગને માટે ગુજરાતી સાહિત્યાકાશના આ દિગ્ગજનો પ્રાણ પડતાં એક ન પૂરાય તેવી ખોટ પડી જણાશે.''

તેમના રસસમૃધ્ધ આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એ જ પ્રાર્થના !

## એક મુમુક્ષુ ગૃહસ્થની દેહમુક્તિ

તા. ૩૧-૧૨-૫૧ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓમાં ઉંડો રસ ધરાવનાર એક સજ્જન મિત્ર શ્રી મોહનલાલ કુંવરજી શાહનું અવસાન થયું. તેમના એક નિકટવર્તી મિત્ર શ્રી કાન્તીલાલ નથ્થુભાઇ પારેખ તેમના ભાવનાશીલ અને શ્રધ્ધા-પરાયણ જીવનનો નીચે મુજબ પરિચય આપે છેઃ—

"શ્રી મોહનલાલભાઈ પૂજ્ય બાપુજીના અનન્ય ભકત હતા, મુમુક્ષુ હતા અને મૂક રચનાત્મક કામ કરનાર હતા. મુંબઇ શહેરમાં ગ્રામોદ્યોગ પ્રવૃતિ કહો કે હરિજન પ્રવૃતિ કહો, શ્રી મોહનભાઇ એમાં સક્રિય ભાગ લેતા. મુંબઇ જેવા ધમાલિયા શહેરમાં રહીને, સંસારમાં રહ્યા છતાં સંસારથી અલિપ્ત જેવા રહી તેઓ પોતાનો વધુ વખત તો યજ્ઞાર્થે રેંટિયો ચલાવવામાં ને પ્રાર્થનામાં ગાળતા. મુંબઈમાં કયાંય સૂત્ર-યજ્ઞ હોય, સમુહ કાંતણ હોય તો શ્રી મોહનભાઈ તેમાં હાજર રહેવાના જ.

"મોહનભાઇ જામનગરના વતની. ઓસવાળ વાણિયા. અભ્યાસ સામાન્ય, ધંધો વાયદા બજારનો. આમ તદ્દન સામાન્ય રીતે ઉછરેલા અને મોટા થયેલા શ્રી મોહનભાઇએ બાપુજીનું સાહિત્ય વાંચ્યું, અને બાપુનાં દર્શન કર્યાં. અને બદલાયા. જે વાંચે તે બધું અમલમાં ઉતારવા અવિરત પ્રયત્ન કરે. અને પોતે જે સમજે તે પોતાના કુટુંબીઓમાં પણ ઉતારે. મરીનડ્રાઇવ ઉપર ગિરિકુંજમાં રહેનાર મોહનભાઈના પુત્રો પ્રભુલાલભાઈ તથા જયન્તીભાઈ ઘરનાં કપડાં જાતે ધુએ એ જ્યારે જાણીએ ત્યારે આપણને ખાત્રી થાય કે બાપુએ સમજાવેલો શ્રમનો મહિમા પણ મોહનભાઇએ કેટલી હદ સુધી પચાવ્યો છે.

"ત્રણેક મહિના પહેલાં એમને કેન્સરની અસર જણાઈ. એ વિષે જરાય ચિંતા કર્યા વગર તેઓ તો રામનામ લેવામાં અને રેંટિયો કાંતવામાં જ નિમગ્ન રહેતા. અને પૂરેપૂરો વિશ્વાસ રાખતા કે રામનામથી જ એમનો એ ભયંકર રોગ પણ મટી જશે. પણ જ્યારે રોગની અસર વધતી ગઈ, કુટુમ્બીઓ અસ્વસ્થ થવા મંડયાં, સમજાવી કરી મોહનભાઇને જામનગરથી મુંબઈ લાવ્યા, અને ડૉકટરે તો કહી દીધું કે કેન્સરની અસર એટલી બધી થઇ ગઇ છે કે એમાંથી બચાય એમ છે જ નહિ, અને મરણ એ તો થોડા દિવસનો જ સવાલ છે—આમ તેમણે જ્યારે જાણ્યું ત્યારે પણ તેમના ચિત્તની સ્વસ્થતા જરાય ઘટી નહિ અને કોઇક જન્મમાં કરેલા કર્મોનું ફળ ભોગવું છું એવી સ્પષ્ટ સમજ સાથે સમતાપૂર્વક જ્ઞાનીની પેઠે તેઓ દુઃખ સહન કરતા રહ્યા. મરણને તેઓ મિત્ર જ માનતા. મરવા માટે પોતે તૈયાર જ રહેતા, અને મરણ સાથેની મિત્રતાનો ખ્યાલ, મરણ વિષેનું નિર્ભયપણું પણ તેમણે કેટલું ઉંડું પચાવ્યું હતું ! !

"પોતે સમજેલ વાતના સંસ્કાર જેમ પોતાના સંતાનોમાં પાડતા હતા તે જ રીતે મરણને હર્ષથી વધાવી લેવાની સમજ એમનાં પત્ની મયાબહેનને પણ આપી હતી. મયાબહેન એમનાં બીજીવારનાં પત્ની. ઉમ્મરમાં સારો એવો તફાવત. છતાં બન્ને જણાં એકબીજાના સંગમાં ખૂબ ઉંચે ચડયાં હતાં. મોહનભાઇએ પોતે કે ઘરમાંથી કોઇએ મરણનો ડર કે ક્ષોભ બતાવ્યો નહોતો.

"પૂજ્ય નાથજી તથા કિશોરલાલભાઇને યજ્ઞાર્થી મોહનભાઈની ગંભીર માંદગીના સમાચાર મળ્યા કે તરત જ, પોતે માંદા હોવા છતાં તેમના ખબર પૂછવા ગયા હતા. મોહનભાઈ હવે આ જગતના છ જ દિવસના મહેમાન રહેવાના છે એવો તે વખતે કોઈને ખ્યાલ ન હતો. હા, હવે લાંબુ નથી ચાલવાનું એ સૌ જાણતાં હતાં. જિંદગીના છેલ્લા દિવસોમાં બન્ને સંતોના દર્શન થયાં તેથી મોહનભાઈ પોતાની જાતને ધન્ય માનતા.

"છેલ્લી ઘડી સુધી રામનામનું રટણ કરતા હતા, કે સ્નેહી પાસે ભજન ગવરાવતાં કે રામનામની ધૂન સાંભળતાં સાંભળતાં, અસહ્ય દુઃખ અત્યંત સમતાપૂર્વક સહન કરી વહેલી પરોઢે તેમનો આત્મા જુના ખોળિયાને આ સંસારમાં મૂકી પરલોક પ્રયાણ કરી ગયો.

"મોહનભાઈના છેલ્લા દિવસોમાં મયાબહેને જે સ્વસ્થતા બતાવી હતી તે તો ખરેખર આપણ સર્વ માટે અનુકરણીય હતી. જે સમાજમાં તેઓ જીવે છે તે સમાજમાં મરણ પાછળ રોકકળ કરવાનો રીવાજ છે. મયાબહેને છાતી વજ્ર જેવી કરી એ મુમુક્ષુ પાછળ રોકકળ કરવાની હોય નહિ એવું સગાઓને કહ્યુ, ન પોતે આંસુ સાર્યાં ન બીજાને સારવા દીધાં. આ રીતે મયાબહેને પણ મોહનભાઈની જીવનદ્રષ્ટિ આવા દુઃખદારૂણ પ્રસંગે સમયોચિત ધૈર્ય દાખવીને સાર્થક કરી બતાવી.''

## મુંબઇમાં કોંગ્રેસનો અપૂર્વ દિગ્વિજય

મુંબઈ અને બૃહત્ મુંબઇમાં ધારાસભા તથા પાર્લામેન્ટની ચૂંટણી થઈ ગઇ અને કોંગ્રેસે ધાર્યા કરતાં પણ ઘણી વધારે સફળતા પ્રાપ્ત કરી છે અને મુંબઇ તો સમાજવાદીઓનો ઘણો મોટો કીલ્લો એવી ચોતરફ માન્યતા હોવા છતાં સમાજવાદી પક્ષને કલ્પનામાં ન આવે એવી સજ્જડ હાર મળી છે. કોંગ્રેસનો વિજય એમ જરૂર સૂચવે છે કે મુંબઈ શહેરની પ્રજાના દિલમાં કોંગ્રેસ માટે ઉંડે ઉંડે પણ મમતા છે. આ કોંગ્રેસ પાછળ મહાત્માજીની જીવનતપશ્ચર્યા છે. તેના મોખરે પંડિત જવાહરલાલ નહેરૂ ઉભા છે જેનો પ્રજા-માનસ ઉપર અવર્ણનીય પ્રભાવ પડે છે. કોંગ્રેસ પક્ષની સફળતામાં આ તત્વોનો નાનોસુનો ફાળો નથી.

આ વિજય મુંબઈની કોંગ્રેસના સૂત્રધારોનું મગજ ભમાવી મૂકે તેવો છે. આપણે ઇચ્છીએ અને દિલથી પ્રાર્થના કરીએ કે આ વિજયથી ન ભરમાતાં તેઓ પોતાના મગજને સમતોલ રાખે અને ન ભૂલે કે આ વિજય તેમનો નહિ પણ પંડિત જવાહરલાલનો છે, તેમના પૂર્વજોના પુણ્યનું ફળ છે. તેઓ એ પણ ન ભૂલે કે કોંગ્રેસ પ્રત્યે મુંબઈની જનતાએ આટલો બધો વિશ્વાસ દાખવ્યો હોવા છતાં પ્રજાના દિલમાં કોંગ્રેસના સુકાનીઓ વિષે, કોંગ્રેસ રાજ્ય વહીવટ વિષે ખૂબ જ અસંતોષ છે, લોકો પાર વિનાની હાડમારીઓ ભોગવી રહ્યા છે અને તે હાડમારીઓમાં હજુ વધારો જ થયા કરે છે, લાંચરૂશ્વત અને કાળાબજાર એકમેકના વિષચક્રને વધારે ને વધારે મોટું કર્યે જ જાય છે, મોંઘવારી મધ્યમ વર્ગની પ્રજાના પ્રાણ ચુસતી જ જાય છે અને જાનમાલની સહીસલામતી દિન પ્રતિદિન ઘટતી જાય છે. ઇશ્વરે કોંગ્રેસને ફરી એકવાર તક આપી છે. આ તકનો તેઓ પૂરો ઉપયોગ કરે, પ્રજા-જનોના દુઃખો હળવાં કરે, તેના વિશેષ ને વિશેષ સંપર્કમાં રહે, સરકારી ખાતાનો સડો સાફ કરે. કોંગ્રેસનું ડોલી રહેલું સિંહાસન વળી પાછું ઠીક ઠીક મુદત માટે સ્થિર થયું છે. આ માટે ઇશ્વરની અહેશાન-મંદી ચિન્તવે, પ્રજા સાથે નમ્રતા અને ભલાઇ કેળવે, પ્રજાએ ફરીને મૂકેલા વિશ્વાસને સાર્થક કરી બતાવે.

સમાજવાદી પક્ષને આવી સજ્જડ હાર કેમ મળી એ એક કોયડો છે. સંભવ છે કે સમાજવાદી પક્ષના હાથમાં પ્રજાની નાડ હજી આવી નથી, તેમની વિચારસરણીને અને કાર્યક્રમને પ્રજાજનોના બહુમતની સંમતિ નથી. ડૉ. આંબેડકર સાથેના જોડાણે પણ તેમને ઠીક ઠીક નુકસાન કર્યું લાગે છે. આ વખતની હારનું ભાન તેમને વધારે અન્તર્મુખ બનાવે, પ્રજાજનો તેમની સાથે ક્યાં સુધી ચાલી શકે તેમ છે તેનું તેમને સમ્યગ્દર્શન કરાવે, આંબેડકર સાથે કર્યું તેવા કઢંગા જોડાણોથી તેમને બચાવે–એમ આપણે ઇચ્છીએ. જો કે ચુંટાયેલા ઉમેદવારોની સંખ્યાની દૃષ્ટિએ તેમનો ઘણો મોટો પરાજય છે, છતાં મુંબઇમાં કોંગ્રેસથી બીજા નંબરે તેમના પક્ષના લાભમાં મતપ્રદાન થયું છે. આ ઉપરથી આપણને એવી માન્યતા ઉપર આવવાની ફરજ પડે છે કે જ્યારે પણ કોંગ્રેસ સત્તા ઉપર નહિ આવે ત્યારે તેનું સ્થાન સમાજવાદી પક્ષ જ લેનાર છે. આ ઉજ્જવળ દીસતા ભાવીને લક્ષ્યમાં રાખીને તેઓ પ્રોત્સાહિત બને, પક્ષશુધ્ધિ કરે, કાર્લ માર્ક્સના આદેશ–ઉપદેશોનો દેશની પરંપરા, પરિસ્થિતિ તથા લોકમાનસ સાથે સમન્વય કરે, સુમેળ સાધે અને દેશની અનેક જટિલ સમસ્યાઓનો વ્યવહારૂ ઉકેલ શોધવામાં સત્તાસ્થાન ઉપર આવેલા પક્ષને મદદરૂપ થાય. આ રીતે મુંબઇની ચૂંટણીમાં જીતેલો પક્ષ જીતને પચાવે અને હારેલો પક્ષ હારથી હતાશ ન બનતાં વળી પાછો પ્રસંગ આવે ત્યારે જીતવા માટે જરૂરી યોગ્યતા કેળવે એજ પ્રાર્થના!

## મુંબઇ ખાતે ચૂંટાયલા જૈન બંધુઓને અભિનન્દન

મુંબઇની ચૂંટણીમાં શ્રી શાન્તિલાલ હરજીવન શાહ સારી બહુમતીપૂર્વક ચૂંટાયા છે. તે માટે તેમને મુંબઇ જૈન યુવક સંઘના હાર્દિક અભિનન્દન ઘટે છે. તેઓ સંઘના વર્ષોજુના સભ્ય છે. અત્યારે મુંબઇની લેજીસ્લેટીવ કાઉન્સીલના ઉપપ્રમુખ છે. ઇન્ડીયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસના કોષાધ્યક્ષ છે. જન્મભુમિ સંસ્થાના મુખ્ય સંચાલક છે. આ ઉપરાંત શ્રી નાથાલાલ પારીખ પણ મુંબઇની ધારાસભામાં ચૂંટાવાબદલ આપણા અભિનન્દનના અધિકારી બને છે. તેઓ જીવનમાં ઉત્તરોત્તર ઉચ્ચતર અધિકારસ્થાનો પ્રાપ્ત કરતા જાય છે અને જનતાને ઉપયોગી થવાની શક્યતા તેમના માટે વધતી જાય છે. આ બન્ને બંધુઓ જૈન છે એવી કોઇ કોમી દૃષ્ટિએ નહિ. પણ પુખ્તમતાધિકારના ધોરણે થયેલી વિરાટ ચૂંટણીદ્વારા આમજનતાનો વિશ્વાસ પ્રાપ્ત કરનાર આ બે વ્યક્તિઓ આપણામાંની છે, આપણા સામાજિક વર્તુળની છે એ દૃષ્ટિએ તેઓ આપણા અભિનન્દનના અને આપણી અનેક શુભેચ્છાઓના અધિકારી છે. તેમના હાથે લોકકલ્યાણના અનેક શુભ કાર્યો થતા રહે અને લોકોની હાડમારીઓ દૂર થવામાં અને સુખમાં વૃદ્ધિ થવામાં તેમના પ્રયત્નો પરિણમે એવી આપણે તેમની પાસેથી અપેક્ષા રાખીએ છીએ.

પુના ખાતે ચૂંટાયેલા શ્રી પોપટલાલ રાયચંદ શાહને પણ હાર્દિક અભિનંદન.

## રવિશંકર મહારાજ અને પક્ષાપક્ષીનું રાજકારણ

પૂજ્ય રવિશંકર મહારાજ કેટલાક સમયથી રાધનપુર વિભાગની પ્રજાની અનેકવિધ સેવાઓ કરી રહ્યા છે અને તેમનો મોટા ભાગનો વસવાટ પણ રાધનપુરમાં જ હોય છે. છેલ્લા દોઢેક માસથી ત્યાં પણ ચૂંટણીપ્રચાર ચાલી રહ્યો હતો અને જુદા જુદા પક્ષના ઉમેદવારોનું પ્રચારકાર્ય ચાલી રહ્યું હતું. આ દરમિયાન બનાસકાંઠામાં પાર્લામેન્ટ માટે શેઠ તુલસીદાસ કીલાચંદે અને પ્રાદેશિક ધારાસભા માટે શેઠ રામદસે સ્વતંત્રપણે પોતાની ઉમેદવારી જાહેર કરી અને તેથી ચૂંટણીજંગમાં વધારે ગરમી અને ઉશ્કેરાટ આવ્યો અને ભિન્ન ભિન્ન પક્ષો વચ્ચે જોસભેર પ્રચારકાર્ય શરૂ થયું. રવિશંકર મહારાજ આ સમયે કોંગ્રેસપક્ષનો પ્રચાર કરતા હતા. પ્રતિપક્ષના પ્રચારકો પ્રચારના આવેશમાં વિવેકની મર્યાદા ચુકયા અને રવિશંકર મહારાજ ઉપર પણ અણઘટતા આક્ષેપો કરતાં અચકાયા નહિ. પરિણામે જે રાધનપુરમાં મહારાજના અગણિત ઉપકાર હતા અને તેમનો પડયો બોલ ઝીલાતો હતો ત્યાંની પ્રજામાં બુધ્ધિભેદ થયો. આથી રવિશંકર મહારાજના દિલમાં પારવિનાની યાતના થઇ અને રાધનપુરના કેટલાક આગેવાનો સમક્ષ તેમણે નીચે મુજબ પોતાની યાતના વ્યકત કરી:–

"તમે મારી અને પ્રજાની વચ્ચે જે પ્રેમદોરી હતી તે તોડી નાખી છે. એ પ્રેમદોરી સંધાય તો યે હવે ગાંઠ તો રહી જશે. હું તો તમારો સેવક હતો. તમારા વતી કાંઇ પણ ટાંપુ હોય તો સરકાર સુધી જઇ મારાથી બને એટલું નાનું–મોટું કામ પણ કરતો. આજે તમે મારૂં હૃદય ભાંગી નાખ્યું છે. મારા ત્રણ વરસના કાર્ય પછી જે પ્રજા મારા એક બોલથી કૂવામાં પડવા પણ તૈયાર હતી તેના મનમાં હલકો પ્રચાર કરી વિભ્રમ પેદા કર્યો છે. આવા પ્રચારથી પ્રજા મારી વિરૂધ્ધ પડી છે. પણ હું તો ઇશ્વરમાં ભરોસો રાખનારો છું એટલે જે થવાનું હશે તે થશે. મારે તો સેવા કરવી છે. સેવાનાં ક્ષેત્ર ઘણાં છે. હું ગમે ત્યાં જઇ સેવા કરીશ, પણ મારી સામે તમારા પ્રચારકોએ જે વર્તાવ કર્યો છે તે મારાથી જિંદગીભર ભુલાશે નહીં. આ નગરશેઠે શરૂઆતમાં કોંગ્રેસને ટેકો આપવાનું વચન આપ્યું હતું. આજ તેઓ ફરી બેઠા છે. મારૂં આ દુઃખ તમને જણાવ્યા વિના રહી શકતો નથી, માટે જ આટલું કહું છું. ઇશ્વર તમારૂં કલ્યાણ કરો!"

આ રીતે રવિશંકર મહારાજ જેવી એક સન્તકોટિની વ્યકિતનો આવી રીતે જીવ દુભાય તે જોઇને ગુજરાતની એવી એક પણ વ્યકિત નહિ હોય કે જેણે ઉંડી વેદના અનુભવી ન હોય. આનું કારણ એ છે કે રવિશંકર મહારાજને ગુજરાતની આમ–જનતાએ પોતાના એક અનન્ય સેવક તરીકે માન્યા છે, ઓળખ્યા છે, સન્માન્યા છે. તેમણે લોકોની અનેકવિધ સેવા કરી છે. જ્યાં જ્યાં દુષ્કાળની આફત ઉભી થઇ ત્યાં ત્યાં રાહતપ્રવૃત્તિ હાથ ધરી છે, જ્યાં જ્યાં સરકારી નોકરોની સતામણી દેખી ત્યાં ત્યાં તેનો પ્રતિકાર કર્યો છે અને લોકોને અનેક અગવડ, અન્યાયમાંથી ઉગાર્યા છે, આટલું જ નહિ પણ જેમને માનવ સમાજમાં કેવળ હિંસક પશુની જ ઉપમા આપી શકાય તેવા અનેક ખુની લુંટારાઓને પણ તેમણે ઠેકાણે આણ્યા છે અને તેમનામાં સદ્વૃત્તિનો ઉગમ સાધ્યો છે.

આમ રવિશંકર મહારાજ પ્રત્યે ઉંડા દિલની સહાનુભૂતિ અનુભવવા છતાં તેમના કોંગ્રેસી પ્રચારકાર્ય સંબંધમાં એક બે વિચાર રજુ કરવા જરૂરી લાગે છે.

દરેક દેશ અને દરેક સમાજમાં એવી કોઇ ને કોઇ માનવ વિભૂતિઓ અસ્તિત્વ ધરાવતી હોય જ છે કે જે નાતજાત, ધર્મ, સંપ્રદાય કે રાજકારણી પક્ષભેદોથી પર રહીને સમાજનું એકાન્ત કલ્યાણ સાધવામાં, પ્રજાની નૈતિક ઉન્નતિ નિર્માણ કરવામાં, તેમજ લોકોને કોઇ પણ પ્રકારના સામાજિક કે રાજ્યવહીવટી અન્યાયોના ભોગ થતા બચાવવામાં જ સદા નિમગ્ન રહે છે. તેમની સેવાનિષ્ઠા એટલી બધી બળવાન હોય છે કે તેનો સૌ કોઇની ઉપર–લોકો ઉપર તેમજ રાજ્યાધિકારીઓ ઉપર, સંપ્રદાયના આગેવાનો ઉપર તેમજ રાજકારણી પક્ષના નેતાઓ ઉપર–એક સરખો પ્રભાવ પડે છે. અને પરિણામે પ્રજાનું જે કામ બીજાથી થઇ શકતું નથી તે કામ તેમનાથી સહજપણે શકય બને છે. તેમના શ્વાસે શ્વાસે અનુકંપા, કરૂણા, પ્રેમ, લોકોને કેમ ઉપયોગી થવું, તેમની અગવડો કેમ દૂર કરવી અને સુખમાં કેમ વધારો કરવો એ જ તમન્ના ધબકતી હોય છે અને એ જ તેમનું

જીવનધ્યેય હોય છે. સદ્ગત ઠક્કરબાપા આપણે ત્યાં એક આવી વ્યક્તિ હતી. રવિશંકર મહારાજ કે સન્તબાલજી આ જ કોટિની જીવન્ત વ્યક્તિઓ છે. તેમના વિષેનો આજ સુધીનો આપણો આવો અનુભવ છે. વિશાળ જનસમાજ અને આવી કલ્યાણમૂર્તિ સમી વ્યક્તિઓ વચ્ચે ખૂબ મીઠો સંબંધ આજ સુધી ચાલતો આવેલો આપણે જોયો છે.

આમ છતાં પણ આજ સુધી જે પ્રકારના સમાજ વચ્ચે તેઓ કામ કરતા આવ્યા છે અને આજે જે સમાજ વચ્ચે તેમને કામ કરવાનું છે તે બે વચ્ચે એક મહત્વનો તફાવત પડયો છે, જે તેમણે તેમ જ આપણે ધ્યાનમાં લેવો ઘટે છે. ૧૯૪૭ના ઓગસ્ટની ૧૫ મી તારીખે આખા દેશનું રાજ્યતંત્ર આપણુને સ્વાધીન થયું અને પરદેશી હકુમતે સદાને માટે વિદાય લીધી. તે પહેલાં પ્રજાપ્રાણુને શોષતી અને રૂંધતી પરદેશી સત્તાને નાબુદ કરવી તે માત્ર રાજકારણમાં આગેવાની ધરાવતા રાજકીય પક્ષ કે પક્ષોની જ ફરજ નહોતી પણ તે દિશાએ બનતું કરી છૂટવું તે દરેક પ્રજાજનનો અનન્ય ધર્મ હતો. એ સમયે કોઇ પણ રાજકીય નેતા આઝાદી જંગનો જેવો એક સૈનિક હતો તેવા જ સૈનિક રવિશંકર મહારાજ હતા અને એ તદ્દન યોગ્ય હતું. એ વખતે દેશમાં પક્ષાપક્ષીનું રાજકારણ લગભગ નહિવત હતું.

આજે સમગ્ર પરિસ્થિતિનું ચિત્ર બદલાયું છે. પરદેશી હકુમત નાબુદ થઇ છે. દેશમાં લોકશાહી પધ્ધતિનું બંધારણ નિર્માણ થયું છે. હજુ સુધી કોંગ્રેસનું રાજ્યતંત્ર ચાલી રહ્યું છે, એમ છતાં પણ સત્તાકાંક્ષી અને રાજકીય પક્ષો ઉભા થયા છે. છેલ્લા એક માસથી સત્તા ઉપર કયો પક્ષ આવે તેની ભિન્ન ભિન્ન પક્ષો વચ્ચે તીવ્ર રસાકસી શરૂ થઇ છે અને તેને લગતા પ્રચારકાર્યમાં રાગદ્વેષ અને મત્સરના પ્રવાહો સ્વાભાવિક રીતે વહેતા થયા છે. આવા રાજકારણી ઝંઝાવાતમાં રવિશંકર મહારાજ કે સંતબાલજી જેવી પુણ્યચરિત વ્યક્તિઓ પડે અને કોઇ પણ એક પક્ષના પક્ષકાર બની જોસભેર પ્રચારકાર્ય કરે એનું એક જ પરિણામ આવે કે તેમની સર્વમાન્યતા જોખમાય અને તેમની સર્વકલ્યાણકારી, સર્વોદયસાધક વ્યાપક પ્રવૃત્તિઓને એક યા બીજી રીતે ધક્કો લાગે, સત્તા ઉપર કયો પક્ષ આવવાને યોગ્ય છે અને તે દૃષ્ટિએ કયા ઉમેદવારની ચૂંટણી થવી જરૂરી છે એ સંબંધમાં એક સામાન્ય માણસને જેમ અભિપ્રાય ધરાવવાનો તેમ જ રજુ કરવાનો હક્ક છે તેવી જ રીતે રવિશંકર મહારાજને કે સન્તબાલજીને પણ ચોકકસ વલણ ધરાવવાનો અને તે વ્યકત કરવાનો સંપૂર્ણ અધિકાર છે. આમ છતાં પણ આવી વ્યક્તિઓ કોઈ પણ રાજકીય પક્ષના સક્રિય પક્ષકાર કે પ્રચારક બને તેનું પરિણામ આખરે તેમની સર્વમાન્યતા ઘટવામાં જ આવે. કારણ કે તેમ બનતાં ભિન્ન ભિન્ન રાજકીય વળણોને વરેલી પ્રજાના દિલમાં તેમના વિષે તરેહ તરેહના પૂર્વગ્રહો અને અનુકુળ પ્રતિકુળ વળણો પેદા થયા વિના રહે જ નહિ અને પરિણામે તેમનું સામાજિક મહત્વ, પ્રતિષ્ટા અને ઉપયોગીતા એટલા જ પ્રમાણમાં ઘટવાનો સંભવ ઉભો થાય. આ બાબતમાં શ્રી વિનોબા ભાવે કે કેદારનાથજીએ દાખવેલું વલણ તેમણે ધ્યાનમાં લેવું ઘટે છે. આજની ધારાસભામાં ભલે કોંગ્રેસની બહુમતી આવે, પણ સ્થાનિક લોકલ બોર્ડો અને મ્યુનીસીપાલીટીઓમાં બધે કોંગ્રેસની બહુમતી હોવાની એમ માનવાને કશું જ કારણ નથી. આજે પણ અમુક પ્રદેશની ધારાસભામાં કોંગ્રેસ પક્ષનું રાજ્ય સ્થપાશે કે એકત્ર થયેલા અન્ય પક્ષોનું એ સંશયાસ્પદ છે! આવતી કાલે કોંગ્રેસ બહુમતી ગુમાવે, અને આખા રાષ્ટ્ર ઉપર તેમજ પ્રદેશ પ્રદેશની ધારા સભાઓ ઉપર અન્ય કોઇ પક્ષનું પ્રભુત્વ સ્થપાય–એ પણ એટલું જ સંભવિત છે. આવા ફરતા જતા સંયોગોમાં અને પલટતા જતા રાજકીય રંગોમાં રાષ્ટ્રને-આપણા વિશાળ સમાજને એવી અનેક વિભૂતિઓની–વિશિષ્ટ વ્યક્તિઓની–જરૂર રહેવાની જ કે જે કોઇ પણ રાજદ્વારી પક્ષનું લેબલ ધારણ કરીને ફરતી ન હોય, જેમની દ્રષ્ટિ રાજકારણી પૂર્વગ્રહોથી મુકત હોય, જેમના વિષે સૌ કોઇને પૂરો આદર હોય, અને જ્યાં જે કોઇ સત્તાધીશ હોય ત્યાં તેની પાસેથી જોઇતું કામ લઇ શકે તેમ હોય આ કોટિનું વ્યકિતત્વ આપણે વિનોબા ભાવે કે કેદારનાથજીમાં નિહાળી શકીએ છીએ. એવી કોટિ રવિશંકર મહારાજની તેમ જ સન્તબાલજીની હતી અને હોવી જોઇએ. આજના તેમના સક્રિય ચૂંટણીપ્રચારથી ધારો કે કોંગ્રેસના બે પાંચ ઉમેદવારો વધારે ચૂંટાશે, પણ આ ટુંકા લાભની સામે તેઓ જે કાંઇ ગુમાવી રહ્યા છે તેની કીંમત ઘણી મોટી છે. તેમના વિષે જરાસરખું પણ કોઇ અન્યથા બોલે તે અક્ષમ્ય અવિનય કરે છે એમ આપણે જરૂર કહી શકીએ. પણ સાથે સાથે એમ પણ કહેવા મન લલચાય છે કે ગાંધીજીના અનેક અન્તેવાસી ચિન્તકો અને સામાજિક કાર્યકરો–દા. ત. વિનોબા ભાવે, કેદારનાથજી, કિશોરલાલભાઇ, કાકા સાહેબ કાલેલકર ઇત્યાદિ–આ વ્યક્તિઓએ જેમ ચૂંટણી પરત્વે લગભગ તટસ્થતા અથવા તો પ્રચારનિષ્ક્રિયતા અખત્યાર કરી છે–લગભગ એટલા માટે કે રાજકારણ આપણા જીવનનાં સર્વ અંગોને એટલું બધું ગાઢપણે સ્પર્શે છે કે આ કાળમાં કોઇ પણ જીવન્ત વ્યકિત માટે રાજકારણી તટસ્થતા સંપૂર્ણ અંશમાં અખત્યાર કરવી શકય જ નથી–તેવી જ રીતે રવિશંકર મહારાજ અને તેમના પગલે પગલે ચાલતા મુનિ સન્તબાલજી પણ ચૂંટણીના આવેગથી અલિપ્ત રહ્યા હોત તો વધારે ઠીક થાત. હજુ પણ તેઓ પક્ષાપક્ષીના રાજકારણથી અલગ રહીને પોતપોતાની સર્વકલ્યાણકારી પ્રવૃત્તિઓ ચલાવતા રહે એમ આપણે ઇચ્છીએ છીએ.

**પરમાનંદ**

**ભુલ સુધાર**—છેલ્લા પાનાના નંબર ૧૫૯–૧૬૦ છે તે સુધારીને ૧૫૭–૧૫૮ વાંચવા.

## મધ્યપુર્વમાં મુકિત આંદોલન

(ગતાંકથી ચાલુ)

### સુદાનનો પ્રશ્ન

ભાગલા પાડવાની કળા બ્રિટને ખૂબ વિકસાવી છે. નાઇલની ખીણમાં આવેલા ભૌગોલિક ઐકય સમા ઇજીપ્ત અને સુદાનના ભાગલા બ્રિટને પોતાના લશ્કરી અને વ્યાપારી હિતો સાચવવા પાડયા હતા. ઈ. સ. ૧૮૯૮માં લૉર્ડ કીચનરે સુદાન જીત્યું અને ઈ. સ. ૧૮૯૯ ના જાન્યુઆરીની ૧૯ મી તારીખે ઇજીપ્તના અંગ સમા સુદાનમાં બ્રિટન અને ઇજીપ્તની 'સંયુકત સત્તા' સ્થાપવાનું નકકી થ[illegible] સુદાનનું નવું નામકરણ થયું અને તે 'એંગ્લો–ઇજીપ્શ[illegible]ન સુદાન' તરીકે ઓળખાવા માંડયું. 'સંયુકત–સત્તા'ના પરિણામે એમ નકકી થયું કે સુદાનનો ગવર્નર-જનરલ અંગ્રેજ હોય પણ તેની નિમણુંક ઇજીપ્તનો રાજા કરે. સુદાનના ગવર્નર–જ[illegible] ઉપરાંત ઉચ્ચ કક્ષાના અમલદારો તથા લશ્કરી અફસરો બ્રિ[illegible]શ હતા. સુદાનના રક્ષણનું ખર્ચ ઇ. સ. ૧૯૨૪ સુધી ઇજી[illegible] આપતું. ઇ. સ. ૧૯૨૪માં સુદાનના બ્રિટિશ ગવર્નર–જનરલ [illegible]ી સ્ટેકનું કેરોમાં ખૂન થયું. આ પ્રસંગનો બ્રિટને પૂરેપૂરો ઉ[illegible] કર્યો અને ઇ. સ. ૧૯૨૪ માં સુદાનમાંથી ઈજીપ્શીયન લશ્કરને હાંકી કાઢયું. આથી ઇજીપ્તનો સુદાન પર માત્ર નામનો જ [illegible]ભુ રહયો.

### સુદાનનું આર્થિક મહ[illegible]વ

દસ લાખ ચોરસ માઈલના વિશાળ વિ[illegible]તારમાં ફેલાયેલું સુદાન ઇજીપ્ત કરતાં વિસ્તારમાં લગભગ અઢીગણું મોટું છે. તેની માત્ર ૭૫ લાખની વસ્તીમાંના ૫૦ લાખ આર[illegible] મુસ્લીમો ઉત્તર સુદાનમાં વસવાટ કરે છે જ્યારે દક્ષિણ [illegible]દાનમાં હબસી આદિવાસીઓ પ્રાથમિક દશામાં જીવન વ્યતીત કરે છે. ઓગણીસમી સદીના ટર્કીશ–ઈજીપ્શીઅન સામ્રાજ્ય[illegible] સુદાનનું મહત્વ ગુલામો પુરા પાડવાનું હતું. વીસમી સદીમાં [illegible]ને સુદાનને બ્રિટિશ અર્થ-

તંત્રના ચોકઠામાં ગોઠવી દીધું છે. સુદાન દર વર્ષે ૭૫,૦૦૦ ટન કપાસ ઉત્પન્ન કરે છે. આ કપાસ ઈગ્લેંડના લેંકશાયરના કાપડ-ઉદ્યોગના નિભાવ માટે ઈંગ્લેંડ મોકલવામાં આવે છે. આ ઉપરાંત એરેબિક ગુંદરની વિશ્વની બધી જ પેદાશ સુદાનમાં થાય છે.

## સુદાનનું લશ્કરી મહત્વ

લશ્કરી દૃષ્ટિએ સુદાનનું મહત્વ નાનું સુનું નથી. હાલ વિકાસ પામતા બ્રિટનના પૂર્વ આફ્રિકાના લશ્કરી મથકોના બ્રિટન સાથેના જોડાણ માટે સુદાન ઉપયોગી કડી છે. આફ્રિકાના ઉત્તર-દક્ષિણ અને પૂર્વ–પશ્ચિમ વિમાન વ્યવહાર માટે સુદાનની અગત્યતા છે. આફ્રિકા ખંડની અંદર બ્રિટિશ સામ્રાજ્યનું સુદાન એક મહત્વનું મથક છે. સુએઝની નહેરની સલામતી માટે સુદાનમાં હવાઈ મથકો રાખવા અનિવાર્ય છે.

## ભાગલાની નીતિ

આથી બ્રિટને પ્રગતિશીલ નીતિના વાઘા પહેર્યા છે. 'સ્વ-સુદાન'ની માંગણીને બ્રિટને ટેકો આપ્યો છે. સુદાનનું ભવિષ્ય સુદાનની પ્રજા જ નક્કી કરે એવી વાત બ્રિટને કરવી શરૂ કરી છે. હિન્દુસ્તાન, આયર્લેન્ડ અને પેલેસ્ટાઇનના માર્ગે બ્રિટન ઇજીપ્તને લઈ જવા ઇચ્છે છે. ભાગલા પાડી ઇજીપ્તને નબળું બનાવવું અને સુદાનની આર્થિક અને લશ્કરી અગત્યતાનો લાભ લેવો—આ નીતિનો ઢાંકપીછોડો કરતી બ્રિટનની બીજી બધી દલીલ વ્યર્થ વાણીવૈભવ છે. સુદાનની પ્રજાના આરોગ્ય, શિક્ષણ અને પ્રાથમિક જરૂરિયાતો વિશે બ્રિટને ૫૦ વર્ષ સુધી કશી પરવા કરી નથી. આજે સુદાનીઝ પ્રજાના હિત બ્રિટનને હૈયે વસ્યાં છે.




પશ્ચિમ એશિયા અને ઉત્તર આફ્રિકા

## ઇજીપ્તને સુદાનની અગત્યતા

ઇજીપ્તને સુદાનની જેટલી પૂર્વ બંગાળને પશ્ચિમ બંગાળની અને પૂર્વ અને પશ્ચિમ પંજાબની જરૂરિયાત છે તેટલી જ છે. બીજી રીતે કહીએ તો પંજાબ અને બંગાળના ભાગલા જેટલા કૃત્રિમ અને ભયંકર છે તેટલા જ ઇજીપ્ત અને સુદાનના ભાગલા કૃત્રિમ અને ભયંકર છે. ઈજીપ્તના સરકારે 'નાઈલની ખીણની એકતા'ની લડત આરંભી છે. ઐતિહાસિક દૃષ્ટિએ પણ ઈજીપ્તની લડતને ટેકો મળે છે. ઇ. સ. ૧૮૨૧થી ઈ. સ. ૧૮૮૫ સુધી સુદાન ઇજીપ્ત સાથે જોડાયેલું હતું. નાઈલની ખીણની નહેરોની અખંડિતતા તથા ખેતીના વિકાસ માટે ઈજીપ્ત અને સુદાનનું જોડાણ કેટલું અનિવાર્ય છે તે નકશા પર ઉપરછલ્લી નજર નાંખવાથી સ્પષ્ટ થશે. આમ છતાં ઇજીપ્તે ગયા ઓક્ટોબરની—રાજા ફારૂકને ઇજીપ્ત અને સુદાનનો શહેનશાહ ગણવાની—જાહેરાતમાં ફેરફાર કરવાની તૈયારી બતાવી છે. બ્રિટન સુદાનનું ભવિષ્ય સુદાનની પ્રજા જ નક્કી કરે એવી દલીલ કરતું હતું એ દંભ હતો, અને ઈજીપ્તના છેલ્લા પગલાથી બ્રિટનની દાનત સાફ નથી એ સ્પષ્ટ થઇ ગયું છે.

ઇ. સ. ૧૯૫૧ના નવેંબર માસમાં પારીસ ખાતે ભરાયેલી સંયુક્ત રાષ્ટ્ર સંઘની મહાસભા સમક્ષ ઇજીપ્તના પરદેશમંત્રી શ્રી મહમદ સાલેહ અલ-દીન બે 'એ સુદાન અંગે મહત્વની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે ઇજીપ્ત સુદાનમાંથી પોતાના અમલદારો તથા લશ્કરને ખેંચી લેવા તૈયાર છે. તેમણે બ્રિટનને એવી જ રીતે સુદાનમાંથી લશ્કર પાછું ખેંચી લેવા સૂચના કરી છે. ઇજીપ્તની એવી દરખાસ્ત છે કે બન્ને પક્ષે લશ્કરો તથા અમલદારો સુદાન છોડી જાય કે તુરત જ સુદાનની પ્રજાનો લોકમત લેવામાં આવે અને એ લોકમતના પરિણામને સ્વીકારવા ઇજીપ્તે પૂરતી તૈયારી બતાવી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી શ્રી. ટ્રીગ્વી લીએ ઇજીપ્તની દરખાસ્તને આવકાર આપ્યો છે. શ્રી. લી એ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે "ઇજીપ્તની દરખાસ્ત સારી અને વાસ્તવિક છે. હું આશા રાખું છું કે એ દરખાસ્ત પર સત્વર ગંભીર વિચારણા તંત્ર કરવામાં આવશે"

હજુ સુધી સુદાનની પ્રજા વતી બોલતા બ્રિટને ઇજીપ્તની દરખાસ્તનો કાંઇ જવાબ આપ્યો નથી.

## મધ્યપૂર્વ સંરક્ષણ યોજના

ઇજીપ્તને બ્રિટન સાથેના સર્વ સંધિ-કરારો રદ કર્યાં એ જ સમયે અમેરિકા, બ્રિટન, ફ્રાંસ અને ટર્કીએ ઇજીપ્ત સમક્ષ એક દરખાસ્ત મૂકી હતી. એ દરખાસ્ત 'મધ્ય-પૂર્વ સંરક્ષણ યોજના' છે. અમેરિકા ચારે બાજુથી રશિયા અને તેના સાથી રાજ્યોને લશ્કરી કરારો દ્વારા મેળવેલા લશ્કરી મથકોથી ઘેરી લેવા ઇચ્છે છે અને તે માટે આટલાંટિક કરાર, (ઓસ્ટ્રેલિયા અને ન્યુ ઝીલેંડ સાથે) કરાર, અને જપાન તથા ફિલિપિન્સ સાથે પાસિફીક કરાર કર્યાં છે, આ લશ્કરી કરારોની યોજનામાં 'મધ્યપૂર્વ સંરક્ષણ કરાર' નું મહત્વનું સ્થાન છે. ઇ. સ. ૧૯૫૧ના ઓક્ટોબરની શરૂઆતમાં ઇજીપ્તને આ સંરક્ષણ કરારના સ્થાપક સભ્ય થવા નિમંત્રણ મળ્યું; સાથે સાથે એવું ગર્ભિત સૂચન પણ થયું કે જો ઇજીપ્ત આ સંરક્ષણ-યોજનામાં જોડશે તો ઇજીપ્ત સહિત, અમેરિકન, બ્રિટિશ, ફ્રેંચ અને ટર્કીશ સૈન્યોનું બનેલું 'આંતરરાષ્ટ્રીય' સૈન્ય સુએઝનું રક્ષણ કરશે. અને આથી સુએઝના વિસ્તારમાંથી બ્રિટિશ વર્ચસ્વ દૂર થશે. રશિયા વિરૂધ્ધની આ યોજનામાં જોડાવાનું ઇજીપ્તે યોગ્ય ધાર્યું નથી. ઈજીપ્તના આગેવાનોને આ સંરક્ષણ-યોજનાના સ્વીકારમાં બ્રિટનનું બકરૂં કાઢવામાં અમેરિકન ઉંટ પેસી જવાની ગંધ આવે છે. આથી જ ઇજીપ્તના વડા પ્રધાન મુસ્તફા અલ નહાશ પાશાએ એંગ્લો-અમેરિકન મધ્યપૂર્વ સંરક્ષણ યોજનાને શાહીવાદથીએ બદતર કહી છે.

## ઈજીપ્તનો શાંત અસહકાર

થોડા છુટાછવાયા હિંસક બનાવો સિવાય, ઇજીપ્તે અસહકારનો માર્ગ અખત્યાર કર્યો છે. સુએઝ વિસ્તારમાં કામ કરતા બધા જ ઇજીપ્શીયન કામદારોએ અંગ્રેજ લશ્કરની નોકરીનો ત્યાગ

કરી કેરો ભણી કુચ કરી છે. બ્રિટને આ સામે અત્યંત કરડાકીથી વર્તવા માંડયું છે. બંદુકની અણીએ બ્રિટને ઇજીપ્શીયન કામદારો પાસેથી વેઠ કરાવવાની શરૂઆત કરી છે એમ ઇજીપ્તના વડા પ્રધાને સંયુકત રાષ્ટ્ર સમક્ષ ફરિયાદ કરી છે. લગભગ પચાસ હજાર કામદારો સુએઝનો વિસ્તાર છોડી ગયા છે અને તેમને કામ આપવા ઇજીપ્તની સરકાર પ્રયત્ન કરી રહી છે. આજ સુધીમાં લગભગ સોળ હજાર કામદારોને ઇજીપ્શીયન સરકાર કામ આપી શકી છે. બ્રિટને ઇજીપ્તની ભૂમી પર આક્રમક સૈન્ય ઉતાર્યું છે, કેમકે આક્રમક સૈન્યની માફક જ બ્રિટને ઇજીપ્તના નાગરિકોના મકાનોને ડાઇનેમાઇટથી ઉડાવી દઇ પોતાને અનુકૂળ રસ્તો બાંધ્યો છે. આ સામે ઇજીપ્તમાં એટલી બધી ક્રોધની લાગણી વ્યાપી ગઇ કે ઇજીપ્તે વિરોધના પ્રતીક રૂપે લંડનથી પોતાનો એલચી પાછો બોલાવી લીધો છે. માત્ર યુધ્ધ સમયે જ આવું પગલું ભરવામાં આવે છે. ઇજીપ્તની પ્રજા—ખાસ કરીને 'ઇસ્લામનો ભાઇબારો' નામક સંસ્થાના જુવાન સભ્યો વેર લેવા થનગની રહયા છે. 'અમને હથિયાર આપો' 'અમને હથિયાર આપો' અને 'ચલો સુએઝ' ના સુત્રો કેરો, અલેગઝાંડ્રિયા અને પોર્ટ સૈયદમાં સંભળાઇ રહ્યા છે. જો બ્રિટન હિન્દુસ્તાનમાંથી ગયું તો શા માટે સુએઝ વિસ્તારમાં રહે છે? બ્રિટને આબાદાનના તેલના કુવાઓ છોડયાં તો શા માટે સુદાન છોડતું નથી? આવા પ્રશ્નો ઇજીપ્તનાં લાંખો નાગરિકો પૂછી રહ્યા છે. ઇ. સ. ૧૯૫૧ ના નવેંબરની ૧૪ મી તારીખે ઇજીપ્તે 'સંગ્રામ દિન' તરીકે ઉજવી હતી. પાંચ લાખ ઇજીપ્શીયનોએ વડા પ્રધાન નહાશ પાશાની આગેવાની નીચે મૌન કૂચ કરી હતી. આવી જ મૌન કૂચો અલેઝાંડ્રીયા, પોર્ટ સૈયદ વગેરે ઇજીપ્શયન શહેરોમાં થઈ હતી. આ વિરાટ મૌન કૂચોનું મૌન વરાળ ભરેલાં બોઇલરના ઢાંકણા સમું છે.

બ્રિટન માટે હવે સુએઝના વિસ્તારની જરૂરિયાત બહુ ઓછી થઇ ગઇ છે અને ઇજીપ્તના અસહકાર બાદ સુએઝની નહેરનું લશ્કરી મથક જે હેતુ માટે રાખવામાં આવેલુ તે હેતુ માર્યો ગયો છે. સુએઝની નહેરના લશ્કરી મથકનું મહત્વ પુરવઠા અને મરામત (Supply and Maintenance) માટે હતું. લંડનના રૂઢિચુસ્ત વર્તમાનપત્ર ઓબ્ઝર્વરના કેરો ખાતેના ખબરપત્રી શ્રી. રોબર્ટ સ્ટીફન્સે એક લેખમાં જણાવ્યું છે કે 'British military outhorities here admit that a political settlement restoring Egyptian co-operation is necessary if the Canal base is to function as it was intended' (અહીંના બ્રિટિશ લશ્કરી અધિકારીઓ એ કબુલ કરે છે કે જે હેતુ માટે સુએઝની નહેરનું લશ્કરી મથક ઉભું કરવામાં આવ્યું હતું તે હેતુ સિધ્ધ કરવા રાજકીય સમાધાન દ્વારા પ્રાપ્ત કરેલો ઇજીપ્શયન સહકાર આવશ્યક છે). બ્રિટનના કમભાગ્યે આ સમયે એવી રૂઢિચુસ્ત સરકાર સત્તાપર આવી છે કે જેનો આગેવાન ઓગણીસમી સદીના ડીઝરાઇલી અને પાલમર્સ્ટનની દુનિયામાં જીવે છે.

### ઇજીપ્તની બુનિયાદી અશક્તિ.

ઇજીપ્તના આગેવાનો વારંવાર ધમકીઓ આપે છે, પણ પરિસ્થિતિમાં કાંઈ ફેર પડતો નથી. ઇજીપ્તના આગેવાનો જમીનદારો—પાશાઓ—છે. ઇજીપ્તના ફેલાહિન અને નહાશ પાશા વચ્ચે બિહારના એક કંગાલ કિસાન અને શ્રી. ધનશ્યામદાસ બિરલા જેટલો તફાવત છે. આથી ઇજીપ્શીયન આગેવાનો પ્રજાજાગૃતિના જહાલ સ્વરૂપેથી સકારણ ભયભીત બને છે. ઇજીપ્તના ફેલાહિનને એમ કહેવામાં આવે છે કે તારી કંગાલિયતનું કારણ સુએઝના વિસ્તારમાંનું બ્રિટિશ સૈન્ય છે; પણ હકીકત જુદી જ છે. વફદ પક્ષની કાર્યવાહી સમિતિના એક સભ્ય નાગીબ અલ હીલાલી પાશાએ **અલ અહરામ** નામક ઇજીપ્શયન પત્રના પ્રતિનિધિને એક ખાસ મુલાકાત આપતાં જણાવ્યું કે "આમજનતાને તેમના આગેવાનોના હેતુઓ વિશે શંકા સેવવાનું કારણ છે". તેમણે ઇજીપ્તની આર્થિક પરિસ્થિતિ પર ટીકા કરતાં જણાવ્યું કે ઇજીપ્તમાં એક બાજુ લખલૂટ સમૃધ્ધિ છે, જ્યારે બીજી બાજુ અત્યન્ત દારિદ્રય છે.

ઇજીપ્તમાં રાજ્ય કરતા વફદ પક્ષના મુખપત્ર **અલ–મીશ્રીએ** એક સરકારી કારકુનની સત્ય ઘટના પ્રસિધ્ધ કરી છે. **અલ–મીશ્રી** જણાવે છે કે એ કારકુનને એટલો ઓછો પગાર મળતો કે એ પોતાની પત્ની અને છ બાળકો માટે માંડમાંડ રોટી ખરીદી શકતો. આ કારકુને વર્ષો સુધી નોકરી કરી, પણ તેના પગારમાં કાંઇ વધારો થયો નહિ. થોડા વર્ષો પૂર્વે પાંચ વર્ષ માટે ફરજીયાત લશ્કરી સેવા માટે સરકારે તેને બોલાવ્યો, લશ્કરમાં તેની સ્થિતિ વધારે બગડી, કેમકે લશ્કરી પગારધોરણ પ્રમાણે એને દર મહિને માત્ર ૭૬ પીઆસ્ત્ર (૧૦ રૂપિયા) મળતા અને આ રકમમાં તેના કુટુંબના સાત માણસોનું કેમ પૂરૂં કરવું એ પ્રશ્ન થઇ પડયો. આખરે એ કારકુન **અલ મિશ્રી** ના તંત્રીને ફરિયાદ કરવા આવ્યો, અને તેણે તંત્રીને જણાવ્યું કે જ્યારે જ્યારે મેં મારા ઉપરી અધિકારીઓને મારા પગાર વિશે ફરિયાદ કરી છે ત્યારે બધા એક જ જવાબ આપે છે કે "બધું જ કાયદા પ્રમાણે થાય છે".

થોડા દિવસ બાદ એ પોતાના સઉથી નાના બાળકના મૃત્યુનું સર્ટીફિકેટ લઇને **અલ–મીશ્રી**નાં તંત્રી પાસે આવ્યો. તે બાળક ભુખમરાથી મરી ગયું હતું. તે સૈનિકે અશ્રુભરી આંખોએ ફરિયાદ કરી કહયું. "મારા બધાજ બાળકો બરફની જેમ પીગળતા જાય છે. સૌથી નાનો તો પીગળી ગયો છે અને બીજા તેને અનુસરી રહ્યા છે. જ્યારે જ્યારે મારા દુઃખની હું ફરિયાદ કરૂં છું ત્યારે એક જ જવાબ મળે છે કે 'બધું જ કાયદા પ્રમાણે થાય છે.' એવો તે કેવો કાયદો છે કે જે નાના નિર્દોષ બાળકોને ભુખમરાની સજા કરે છે?

ઉપરની હકીકત સાથે ઇજીપ્તના રાજા ફારૂકના જીવનની સરખામણી સૂચક છે. ફારૂકના પિતા ૧૯૩૬ માં ગુજરી ગયા ત્યારે પોતાની ખાનગી મુડીના લગભગ ૨૦ કરોડ રૂપિયાનો ફારૂક માટે વારસો મૂકી ગયેલા. આજે ઇજીપ્તના રાજાના સરકારી ખજાનામાંથી માસિક આવક (Priuy Purse) ઇંગ્લેંડના રાજા કરતાંયે વધુ છે અને એ યાદ આપવું જરૂરી છે કે ઇજીપ્તના સમૃધ્ધ પાશાઓનો ફારૂક એ વડો પાશા છે. ઇજીપ્તના કંગાળ પ્રજાજનો અને મુઠ્ઠીભર જાગીરદારો વચ્ચેનું અસહ્ય આર્થિક અંતર [illegible] ઇજીપ્તની બુનિયાદી નબળાઇ છે.

અને ઉપરનું વર્ણન જેટલું ઇજીપ્ત મા[illegible] સાચું છે તેટલું મધ્યપૂર્વના બધા જ આરબ રાજ્યો માટે [illegible]ં છે. મધ્યપૂર્વનું ખરૂં મુકિત યુધ્ધ માસિક દસ રૂપિયાન[illegible]ગારે કામ કરતા લશ્કરી કારકુન અને નહાશ પાશા તથા આઝમ [illegible]ાશા જેવા જમીનદારો વચ્ચે ખેલાય એવી પૂરી શકયતા છે. ઇરાનન[illegible] શાહને આની ગંધ આવી ગઇ હોય એમ લાગે છે, કેમકે કોઇ [illegible] ભાવેની સલાહ સિવાય તેમણે પોતાની જાગીરોની જમીનનું [illegible]ગાળ કિસાનોમાં દાન કરવાનું શરૂ કરી દીધું છે.

મધ્યપૂર્વના સામાજિક તથા આર્થિક [illegible]વનમાં ત્યારે જ સાચી ક્રાંતિ આવશે કે જયારે બ્રિટન અને ફ્રાંસ[illegible] લશ્કરી તથા આર્થિક શૃંખલા આરબ પ્રજા ફગાવી દેશે. આરબ પ્રજાનું ભવિષ્ય ગમે તે હો, પણ એક વાત નકકી છે કે મ[illegible]ર્વમાં બ્રિટિશ સામ્રાજ્ય છેલ્લા શ્વાસ લઇ રહયું છે.

સમાપ્ત **વાડીલાલ ડગલી**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૧૯

મુંબઈ : ૧ ફેબ્રુઆરી ૧૯૫૨ શુક્રવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## ત્રણ પ્રકારના ભ્રમ

(શ્રી કેદારનાથજીના "વિવેક અને સાધના"માં દિવ્ય સામર્થ્યનો ભ્રમ, શુદ્ધ વેદાન્તનો ભ્રમ, અને નિર્વિકારતાનો ભ્રમ એ ત્રણ પ્રકારના ભ્રમ વિષે વિચારપ્રેરક નિરૂપણ કરવામાં આવ્યું છે જે તેમાંથી ઉધ્ધૃત કરીને "પ્રબુદ્ધ જૈન"માં ક્રમશઃ પ્રગટ કરવામાં આવનાર છે. દિવ્ય સામર્થ્યના ભ્રમ વિષે તેમને શું કહેવાનું છે તે આપણે આ અંકમાં જોઈએ. તંત્રી)

### દિવ્ય સામર્થ્યનો ભ્રમ

કોઈ ગૂઢ સાધનથી પોતાનામાં પરમેશ્વરી સામર્થ્ય પેદા કરીને તે વડે પોતાનું, બીજાઓનું અને સમસ્ત જગતનું કલ્યાણ કરવાની મહત્વકાંક્ષા કેટલાક સેવે છે. કોઈ વિશેષ સાધનથી અને ક્રિયાથી ઈશ્વર સંતુષ્ટ થાય છે અને માણસને દિવ્ય સામર્થ્ય આપે છે અથવા તે સાધનથી અને ક્રિયાથી માણસમાં જ ઈશ્વરી શક્તિ પ્રગટ થાય છે એવી જાતની મહત્વાકાંક્ષાથી પ્રેરાઈને કોઈ વિશિષ્ટ પ્રકારની સાધના કરનારા સાધકો મળી આવે છે. પરંતુ તેમાંના કોઈને પણ સિદ્ધિ મળી છે અને તેનામાં જગતનું કલ્યાણ કરવાની શક્તિ આવી છે એવું હજુ ક્યાંય જોવામાં આવ્યું નથી. આવી જાતના સાધકોના પૂર્વજીવનની માફક તેમના પાછલા જીવનને મહત્વ પ્રાપ્ત થાય છે. સાધક પૂર્વજીવનમાં જ કોઈક વિશેષતાને લીધે પ્રખ્યાત હોય તો તેના સાધકપણાને મહત્વ મળે છે. અને તેના પ્રયત્ન તરફ મોટા મોટા લોકોનું લક્ષ ચોંટેલું રહે છે. પરંતુ આવા સાધકોનો જેમ જેમ સાધનામાં કાળ જાય છે અને સિધ્ધિની દૃષ્ટિથી કશું પ્રાપ્ત થવાની તેમની આશા જેમ જેમ નાશ પામતી જાય છે તેમ તેમ તેમની સાધનાને અને જીવનને જુદું રૂપ મળવા લાગે છે અને પછી કેવળ સાધનાના નામ પર જ તેમનું જીવન ચાલવા લાગે છે. સિદ્ધિની [illegible]શામાં તેમનો ઘણો કાળ વહી જાય છે. એટલા વખતમાં બાહ્ય પરિસ્થિતિ, જગતની સ્થિતિ, લોકમાનસ, કલ્પના, આદર્શ વગેરે બાબતોમાં ખૂબ ફેરફાર થઈ ગયેલો હોય છે. તેથી સાધકના ચિત્ત પ[illegible] તેની અસર પડીને તેની પહેલાંની મનઃસ્થિતિ બદલાવા માંડ[illegible] સિદ્ધિની દૃષ્ટિથી કશું જ પ્રાપ્ત થયું ન હોય તો પણ ઘણો વ[illegible] જનસંપર્કથી–પ્રવૃત્તિથી–દૂર રહ્યા પછી તેઓ સમાજમાં ભળી [illegible]કતા નથી. સામર્થ્યહીન અને મહત્વહીન સ્થિતિમાં એકાંત છો[illegible] બહાર આવવાની ઈચ્છા તેમને થતી નથી. આવે વખતે ખરું જ[illegible] પોતાની સાધના, અનુભવ, મનઃસ્થિતિ, પ્રયત્નને અંતે પોતાને મ[illegible]ળેલા યશ–અપયશ–એ બધું શાસ્ત્રીય શોધની અને સમાજના હિતની દ[illegible]ષ્ટિથી પ્રગટ કરવું એ તેમનું કર્તવ્ય બને છે. પણ ભ્રમને લીધે, પ્ર[illegible]ષ્ટાના મોહને લીધે અથવા દંભને કારણે તેઓ તેમ કરવાની હિંમત કરી શકતા નથી. ભક્તિ, જ્ઞાન અને યોગમાર્ગના કેટલાયે સાધકો જેમ પોતાના યશ–અપયશ કશું ન જણાવતાં પોતાના ધ્યેયની [illegible]દ્ધિ થવાનો દંભ કરે છે, તે જ પ્રમાણે દિવ્ય સામર્થ્યની પાછળ પડે[illegible] સાધકો પણ સિદ્ધિની બાબતમાં મળેલો અપયશ પ્રગટ ન કરત[illegible] દંભ કરવા લાગે છે. જનસમુદાયમાં તેઓ ભળી શકતા નથી અને [illegible]કાંત પણ તેમનાથી સહન થ[illegible] નથી, ત્યારે લોકો જ પોતાની પ[illegible] આવવા માંડે એવી પ્રથા તેઓ શરૂ કરે છે. આપણા સમાજમાં મૂળથી જ પુષ્કળ અંધશ્રધ્ધાળુપણું છે. તેથી ભાવિક લોકો તેમના દર્શને જવા લાગે છે. અને વખત જતાં તેમની આજુબાજુ સમુદાય વધતો જાય છે, અને આવી રીતે સમાજમાં ભ્રમ ફેલાવવા માંડે છે.

આવા સાધકોને સિદ્ધિની દૃષ્ટિથી કશું પ્રાપ્ત થયેલું ન હોય તો પણ કેટલાક વખતના એકાંતને લીધે અને હંમેશ શુક્ષ્મ વિચાર અને નિરીક્ષણ કરવાની ટેવને લીધે તેમના વિચારમાં સૂક્ષ્મતા અને માર્મિકતા સહેજે આવે છે. તે મૂળથી જ વિદ્વાન હોય તો તેમની વિચારશક્તિ સારી પેઠે ખીલે છે. તેથી તેઓ વિદ્વત્તાભર્યા લેખો લખી શકે છે. ગીતા અને ઉપનિષદનાં વચનો પર તેઓ એટલાં ગૂઢ અર્થવાળાં લખાણો કરે છે કે મૂળ ગીતા અને ઉપનિષદકારથી પણ તે સમજી ન શકાય, એટલું જ નહિ પણ તેઓ પોતે પણ તેમાંથી કશું સમજી શકે છે કે નહિ એ વિષે શંકા પેદા થાય છે. તે વાંચીને બુદ્ધિમાન અને ભાવિક લોકોની શ્રદ્ધા બમણી થાય છે, લખાણના ન સમજાતા ભાગને તેઓ દિવ્ય માને છે અને તેમની સિધ્ધિનો પ્રતાપ છે એમ તેઓ માને છે. આવા સાધકોની આજુબાજુ અનુયાયીઓ અને ભક્ત લોકોની સૃષ્ટિ નિર્માણ થાય છે. કોઈ પણ દિવ્ય શક્તિ તેમને પ્રાપ્ત થયેલી નથી હોતી, તેમ જ પોતાના ઉધ્ધારનો માર્ગ તેમને પ્રાપ્ત થયેલો નથી હોતો. છતાં તેઓ ધીમે ધીમે જગદુધ્ધારક બને છે. ભક્ત લોકો તેમનું મહત્વ વધારી મૂકે છે. તેમાં તેમનું પોતાનું મહત્વ પણ વધે છે. સર્વસમર્પણ, કૃપાપ્રસાદ, શક્તિસંચરણ, સાક્ષાત્કાર, ચમત્કારની ભાષા ત્યાં શરૂ થાય છે. આવા દરેક સાધકના ભક્તો પોતાની ભાવિકતાને પોષવા માટે તે સાધકને ભગવાન બનાવી દે છે અને પોતાને આનંદ થાય અને અદ્‌ભુતતા લાગે એવા કાલ્પનિક ચમત્કારો તેને નામે પ્રસિધ્ધ કરે છે. મોટાં મોટાં યુધ્ધો, તેમાં થતાં જય–પરાજયો, જુદા જુદા દેશોની રાજ્યક્રાંતિઓ, પ્રતાપી રાજકરણી પુરુષોનાં મૃત્યુ વગેરે જગતની બધી મહાન ઘટનાઓ પોતાના ગુરુની ઈચ્છાથી, આજ્ઞાથી અને સામર્થ્યથી બને છે એમ તે ભક્તો માને છે. જગતનાં બધાં સારાં કાર્યોનું કર્તૃત્વ પોતાના ગુરુનું છે એમ તેઓ દુનિયાને દર્શાવે છે. ટૂંકમાં, પોતાનો ગુરુ જ એક જગાએ બેસીને જગતનાં સૂત્રો ચલાવી રહ્યો છે એવી ભાવના લોકોમાં ફેલાવવાનો તેઓ પ્રયત્ન કરે છે. આ બધા પ્રકારોથી જગતનો કે કોઈનોય ઉધ્ધાર ન થતાં કેવળ એક નવો સંપ્રદાય માત્ર નિર્માણ થાય છે. દુનિયામાં પહેલેથી જ ચાલતા આવેલા ભ્રમ અને દંભમાં વૃદ્ધિ થાય છે. કોઈનામાંય દિવ્ય તો શું, પણ થોડુંય સામર્થ્ય વધતું નથી. ભક્ત કહેવડાવનારાઓમાં પણ ખરી શ્રધ્ધા ભાગ્યે જ હોય

છે. પરંતુ જીવન અને મનના આધાર તરીકે એક પ્રકારની શ્રધ્ધા દૃઢ કરવાનો તેઓ પ્રયત્ન કરે છે. સંપ્રદાયનું મહત્વ વધારવાનો પ્રયત્ન બંને બાજુથી ચાલુ હોય છે. પરંતુ તે બધા પ્રયત્નમાંથી બોધ એટલો જ નીકળે છે કે ભ્રમ છે ત્યાં દંભ છે, દંભ છે ત્યાં આડંબર અને આડંબર છે ત્યાં શબ્દચાતુર્ય જરૂરી હોય છે.

માણુસના મનમાં કેટલીયે ગૂઢ શક્તિઓ છે. તે શક્તિઓનો વિકાસ થાય અને તે સાથે જ સદ્ગુણોની વૃદ્ધિ થાય તો માનવજાત સુખી થાય એમાં શંકા નથી. પરંતુ શકિતને નામે જ્યાં વહેમ અને દંભ વધતાં હોય છે, એવા સમાજની ઉન્નતિ થાય એ શક્ય લાગતું નથી. આપણા લોકોને માનવતાની કિંમત નથી. કોઇને ભગવાન બનવાની મહત્વાકાંક્ષા હોય છે, તો બહુજનસમાજમાં કોઇને પણ ભગવાન બનાવીને તેની આરાધના કરવાનો રસ હોય છે. આ સ્થિતિને લીધે તત્વજ્ઞાન અને મનઃશક્તિના શોધકો અને માનવતાના ઉપાસકો આપણામાં જોવામાં આવતા નથી. આપણામાં હજુ સત્ય જ્ઞાનની ભૂખ ઉઘડી નથી. તેથી સાધક દશામાં ઘણો વખત ગાળ્યો હોય એવા સાધકો પણ પોતાનો ખરો અનુભવ દુનિયા આગળ રજુ કરતા નથી. ઊલટું, પહેલાંના જ ભ્રમને તેઓ વધારે દૃઢ કરે છે. શ્રધ્ધા પ્રમાણે આગળ જતાં અનુભવ ન થાય ત્યારે તેમ કહેવાની હિંમત પોતાનામાં ન હોય તો સત્યની ઉપાસના થઇ શકતી નથી. સિધ્ધાર્થ ગૌતમે કશો સંકોચ અને ભય રાખ્યા વિના પોતાના અનુભવો જગતને સ્પષ્ટપણે કહ્યા. તેની માફક દરેક સાધક પોતાના ખરા અનુભવ જો પ્રકટ કરે તો આ વિષયને અંગેનું આપણું અજ્ઞાન દૂર થશે અને આપણી બધાની ખરી પ્રગતિ થશે, ભ્રમ અને દંભમાંથી આપણે બધા છૂટી જઇશું, જ્ઞાનનો આપણો માર્ગ સરળ થશે અને માનવજાત સુખી થશે. જગતની અંધશ્રદ્ધા, વહેમ, અજ્ઞાન, ભ્રમ અને દંભ અને આ બધાંને લીધે થનારાં પાતકો અને અનર્થોનું કારણ સાધકોની સત્ય વિષેની અવહેલના, વિવેક અને શોધકપણાનો અભાવ, તેમની અધીરાઇ, તેમનું આળસ, સુખ વિષેની તેમની લોલુપતા અને જનહિત વિષે બેપરવાઈ એ જ છે, એમ અત્યંત દુઃખ સાથે કહેવું પડે છે.

અપૂર્ણ. **કેદારનાથજી**

## કંડલા–હિન્દનું કરાંચી

કોઈ પણ રાષ્ટ્રની સમૃધ્ધિનો આધાર તેના ઔદ્યોગિક વિકાસ ઉપર છે. ઉદ્યોગોના વિકાસનો આધાર માલની હેરફેર કરવાનાં સાધનો વાહનવ્યવહાર વગેરે પર અવલંબે છે. આમાં બંદરો મહત્વનો ભાગ ભજવે છે.

હિન્દુસ્તાનનો લગભગ ૩૦૦૦ માઇલ લાંબો કિનારો છે; પણ તેના પશ્ચિમ કિનારે સર્વ પ્રકારના આધુનિક ઢબનાં સાધનો સહિતનું મુખ્ય કુદરતી બંદર તો એક મુંબઇ જ છે. બીજું બંદર કરાંચી હતું, પણ તે તો પાકિસ્તાનમાં ગયું. માલની હેરફેર માટે તથા પરદેશ સાથેના ઝડપી વ્યાપાર માટે જેમ બંદરો વધે તેમ વ્યાપારની ખીલવણીને વેગ મળે. એટલે જ્યારે કરાંચી આપણી પાસે હતું ત્યારે ય મુંબઇ અને કરાંચી વચ્ચે કોઈ મોટું બંદર ખિલવવાની જરૂરિયાત અનિવાર્ય થઇ હતી.

ઇ. સ. ૧૯૪૮ માં ‘પશ્ચિમ–કિનારા–વિકાસ સમિતિ’એ કચ્છ–કાઠિયાવાડમાં ફરી સારા કુદરતી બંદરની તપાસ શરૂ કરી. આખરે સમિતિની પસંદગી કંડલા બંદર ઉપર ઉતરી. આથી હિન્દી સરકારે કંડલાને મુખ્ય બંદર બનાવવાનો નિશ્ચય કર્યો. આ નિશ્ચયને ચરિતાર્થ કરવા તા. ૧૦–૧–૫૨ ના રોજ પંડિત જવાહરલાલ નહેરૂના શુભ હસ્તે કંડલા બંદરનો પાયો નાખવાની વિધિ થઇ.

### કંડલા જ શા માટે?

કંડલા બંદર, કચ્છની ખાડીમાં આવેલું છે. આ ખાડી જમીનની અંદર ઘૂસી ગયેલી હોવાથી કંડલા બંદરને નૈઋત્યના તોફાની પવનો જરા પણ નુકસાન કરી શકતા નથી. વળી બંદર પાસેનું પાણી ખૂબ ઊંડું હોવાથી ઠેઠ કિનારા સુધી મોટી સ્ટીમરો આવી શકે તેવી કુદરતી સગવડ છે.

ભૌગોલિક દૃષ્ટિએ, કંડલા એવા મોકાના સ્થળે આવેલું છે કે તેનો વિકાસ થવાથી ઉત્તર ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, રાજસ્થાન અને ઠેઠ પંજાબ તથા કાશ્મીર સુધીના પ્રદેશને માલની હેરફેર કરવામાં પુષ્કળ સગવડ થઇ જશે અને દર વર્ષે નેવુ લાખ રૂપિયાનો માત્ર રેલ્વે–નૂરમાં જ ફાયદો થશે. વળી આ પ્રદેશમાં લોખંડ, જીપ્સમ, લીગ્નાઇટ વગેરે પુષ્કળ ખનિજો મળે છે. માત્ર વાહનવ્યવહારની અગવડતાને કારણે જ આ બધું નિરર્થક પડયું રહ્યું છે. આ કુદરતી સંપત્તિનો આ બંદર દ્વારા ખૂબ લાભ ઉઠાવાય. આમ કાઠિયાવાડના બીજા બંદરો કરતાં કંડલાનું મહત્વ વધારે છે.

### બીજા આનુષંગિક ફાયદા

પશ્ચિમ અને ઉત્તર હિન્દના વ્યાપાર અને ઉદ્યોગને કંડલા બંદરના વિકાસથી વેગ મળશે એ સ્પષ્ટ છે. આ ઉપરાંત કંડલા હિન્દના નિર્વાસિતોનો પ્રશ્ન ઉકેલવામાં સહાય કરશે. કંડલા પાસે જ વસાવેલા ગાંધીગ્રામમાં નિર્વાસિતો પુનર્વસવાટ કરશે. કંડલાથી ડીસા સુધી ૧૭૭ માઇલની રેલ્વે લાઇન બંધાશે. આ રેલ્વેથી કચ્છનું ઉત્તર ગુજરાત સાથે સીધું જોડાણ થાય છે. કંડલાની આજુબાજુના વિશાળ મેદાનોનો સરકાર ‘એરોડ્રોમ’ બાંધવામાં ઉપયોગ કરશે. આ ફાયદા રાષ્ટ્રના વિકાસ માટે નાનાસુના નથી.

### કુદરતી સગવડો

કચ્છનો પ્રદેશ ઉજ્જડ છે. ૧૩ ઇંચ વરસાદ પડે તો ચોમાસું સારૂં ગયું ગણાય. વચ્ચે વચ્ચે સાવ કોરૂં ચોમાસું જાય. જો કંડલા મુખ્ય બંદર થાય તો તેના પ્રમાણમાં વસ્તી વધે, કારખાનાં ઊભાં થાય, તો આ બધી પ્રવૃત્તિ અને વિકાસ માટે પાણીની સગવડ હોવી જોઇએ. આપણા સદ્ભાગ્યે ભુસ્તરશાસ્ત્રીઓની તપાસ બાદ એમ સિધ્ધ થયું છે કે કંડલાની આસપાસની ભૂમિના રેતાળ પથ્થરોની નીચે પુષ્કળ પાણી ભર્યું છે. આ પાતાળપાણીનો ‘ટયુબ–વેલ’ નાંખીને ઉપયોગ થઈ શકશે, વળી ૪૪૮ લાખ ઘનફૂટની એક વિશાળ ટાંકી હાલ વપરાશમાં છે. આ ટાંકીમાં ચોમાસાનું પાણી ભરી રાખવાથી ઉનાળામાં તેનો ઉપયોગ થઈ શકશે.

### રોચક અને પ્રેરક સર્જન

હાલનું કંડલા બંદર ઈ. સ. ૧૯૩૦ માં બાંધવામાં આવ્યું હતું. પણ બંદર એટલું નાનું હતું કે કચ્છના થોડા પ્રદેશને વ્યાપારની સગવડ મળતી.

કંડલા બંદરના નવા બાંધકામ માટે જૂના બંદરથી બે માઇલ દૂરની જગ્યા પસંદ કરવામાં આવી છે, કેમકે ત્યાં ઠેઠ કિનારા સુધી પાણીનું ઊંડાણ ઘણું છે. હાલની યોજના પ્રમાણે સંપૂર્ણ બાંધકામનો ખર્ચ લગભગ તેર કરોડ રૂપિયા થશે.

બંદરની વિકાસની યોજનામાં ચાર મો[illegible]ાદીઓ, એક તેલની ટેંકરો માટેની ગોદી, મોટા મોટા ગોડાઉન, પ્ર[illegible]ગશાળા, ભરતી ઓટ તથા હવામાન માપવાનાં યંત્રો વગેરેનો સમા[illegible]શ થાય છે. સમગ્ર કાર્ય માટે ૨૬૯૬૬ એકર જમીન રોકવ[illegible]ી છે. આખું બાંધકામ તૈયાર થતાં લગભગ સાડાત્રણ વર્ષ લાગશે; એટલે ઇ. સ. ૧૯૫૫ માં આપણે આ બંદરનો લાભ ઉઠાવી શકીશું. બંદર તૈયાર થયા પછી તેની પાછળ વાર્ષિક ખર્ચ ૩૮,[illegible]૫,૦૦૦ રૂપિયાનો થશે; જ્યારે વાર્ષિક આવક ૫૦,૧૨,૭૦૦ રૂપિય[illegible]ા થશે એમ અનુમાન કરવામાં આવ્યું છે. આ બંદર દ્વારા પ્ર[illegible] વર્ષે સાડાચાર લાખ ટન માલ તથા ચાર લાખ ટન તેલની [illegible]ફેર થશે.

કંડલા બંદરનો પાયો નાંખતા [illegible]પણા વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂએ જણાવ્યું હતું [illegible] “સર્જનના જેવું કોઈ પણ કાર્ય રોચક અને પ્રેરક નથી [illegible]ને એમાં યે કોઈ નગર કે બંદરના સર્જન સમું”.

**મેનાબહેન શેઠ**

# શ્રીમદ્ વિજયવલ્લભસુરિ: એક અંગત સ્મરણનોંધ

માન્યવર શ્રી વિજયવલ્લભસૂરિ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના એક સુવિખ્યાત પ્રતાપી આચાર્ય છે. સ્વામી દયાનંદ સરસ્વતીના સમકાલીન—જૈન શ્વે. મૂ. સંપ્રદાયના જ એક ભારે પ્રતિભાશાળી આચાર્ય—શ્રી આત્મારામજી મહારાજ જેઓ આજે કેટલાંય વર્ષોથી વિદેહ થયા છે તેમના તેઓ પ્રશિષ્ય થાય. આત્મારામજી મહારાજનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે કરીને પંજાબ હતું. તેઓ મૂળ સ્થાનકવાસી સંપ્રદાયના સાધુ હતા, પણ સાધુજીવનમાં આગળ ચાલતાં તેઓ મૂર્તિપૂજક સંપ્રદાયમાં દાખલ થયા હતા અને તેથી મૂર્તિપૂજાને તેઓ ખૂબ જ મહત્વ આપતા હતા. શ્રી વિજયવલ્લભસૂરિએ પણ ગુરૂદેવની પરંપરા જાળવી છે અને પંજાબમાં ઘણાં વર્ષો વ્યતીત કર્યાં છે. આપણો દેશ આઝાદ થયો ત્યારે પણ તેઓ પશ્ચિમ પંજાબમાં હતા. ૧૯૪૭ની ભાગનાશ દરમિયાન તેમને શિષ્ય-સમુદાય સાથે પશ્ચિમ પંજાબ છોડીને પૂર્વ પંજાબ ચાલી આવવું પડેલું અને પછી ઉત્તરોત્તર વિહાર કરતાં કરતાં ગયા વર્ષે પાલીતાણા આવેલા અને ત્યાં ચાતુર્માસ કરેલું. ત્યાંથી બે એક માસમાં વડોદરા પહોંચવાના હેતુથી તેમણે પાલીતાણાથી વિહાર કર્યો અને ભાવનગર ચારેક દિવસ રોકાઇને કેટલાએક સમય પહેલાં તેઓ આગળ ગયા. આજે તેમની ૮૨ વર્ષની ઉમ્મર છે, આંખે મોતીયા આવેલા તે કઢાવવાં છતાં જોવાની શક્તિ તેમણે ગુમાવી છે અને હવે આંખ અને શરીર ઉભયની કમજોરીને અંગે પગે ચાલવાનું પણ લગભગ અશકય થવાથી ડોળીમાં બેસીને જ તેમને વિહાર કરવો પડે છે. આમ છતાં પણ તેમનું લક્ષ્ય તો આખરે પંજાબ પહોંચવાનું અને અવશેષ આયુષ્ય ત્યાં જ પૂરૂં કરવાનું છે.

એક વખત એવો હતો કે જ્યારે જૈનોના કેટલાએક આગેવાન આચાર્યો આજની ઉચ્ચ કેળવણીનો સખ્ત વિરોધ કરતા હતા અને એ કેળવણી લેતા વિદ્યાર્થીઓને મદદ કરવામાં અધર્મ લેખતા હતા. આવે વખતે તેમણે કાળબળને ઓળખીને આધુનિક ઉચ્ચ કેળવણીની મક્કમપણે હિમાયત કરી હતી અને ઉગતી ઉમ્મરના જૈન વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની કેળવણી લે અને પોતાના ઐહિક જીવનનો ઉત્કર્ષ સાધે તેમાં જ આખા જૈન સમાજનો ટકાવ અને અભ્યુદય રહેલો છે અને તેથી તેમને ભણવામાં બને તેટલી મદદ કરીને આગળ વધારવા જોઇએ એવો ચોતરફ તેઓ ઉપદેશ કરતા હતા, અને કેળવણીની સંસ્થાઓ, વિદ્યાર્થીગૃહો, તેમજ શિષ્યવૃત્તિઓ ઉભી કરવાની સર્વત્ર ...ા આપતા હતા. મુંબઈ શહેરની જાણીતી શિક્ષણસંસ્થા શ્રી ...ીર જૈન વિદ્યાલયનો ઉદ્ભવ તેમની પ્રેરણાને જ આભારી છે. મારવાડમાં તેમની પ્રેરણાના પરિણામે કેટલાંક વિદ્યાર્થીગૃહો અને કેળવણીની સંસ્થાઓ ઉભી થયેલ છે, પંજાબમાં તેમણે એક ... કોલેજની સ્થાપના કરી છે. આ રીતે ઉચ્ચ કેળવણીના પક્ષકા...ાવા જતાં તેમને અનેક જૈન આચાર્યોનો વિરોધ ખમવો પડ્યો છે અને સમાજના કટ્ટર સ્થિતિચુસ્ત વર્ગની અથડામણમાં આવવું ...ં છે અને તે સર્વનો કશી પણ બાંધ-છોડ કર્યા સિવાય તેમ... ...દુરીથી સામનો કર્યો છે. આ ઉપરાંત બાળદીક્ષાનો પણ તેઓ ...ારંભથી વિરોધ કરતા આવ્યા છે. આ સિવાય તેમના વ્યકિતત્વની ...જી બાજુઓનો વિચાર કરીએ તો આજના પ્રાગતિક અને વિચારઉત્ક્રાં...ના જમાનામાં તેમનાં વળણ સમભાવી સ્થિતિચુસ્તનાં અથવા તો ...જનસમાજને અનુરૂપ થઇને ચાલવાની વૃત્તિના દ્યોતક રહ્યાં છે એમ ...રૂર કહેવું પડે. શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ એ જ તેમનું મુખ્ય ...ક્ષેત્ર રહ્યું છે. સાંપ્રદાયિક ક્રિયાકાંડ અને વિચારપરંપરા વિષે તેઓ ઉંડું મમત્વ અને શ્રધ્ધા ધરાવતા રહ્યા છે. આમ છતાં પણ પો...ાથી પ્રતિકુળ વિચારશ્રેણી ધરાવતા, વર્ગ પ્રત્યે તેમણે કદિ તિરસ્કાર ... અસમભાવ દાખવ્યો નથી.

મુંબઇમાં તેમણે ઠીક ઠીક ...ય ગાળ્યો છે. આગળ જણાવ્યું તેમ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના તેઓ એક નિર્માતા છે. તે સંસ્થાના સંવર્ધનમાં તેમનો મહત્વનો ફાળો છે, આ કારણે મારા વડિલ બંધુ સદ્ગત મોતીચંદ ગિરધરલાલ કાપડિયા તેમના બહુ જ નિકટ સમાગમમાં આવેલા. મને પણ આચાર્યશ્રીના સમાગમમાં ઘણાં વર્ષો પહેલાંથી આવવાનું બનેલું. તેમને અનેકવાર જોયેલા, સાંભળેલા તેમજ કદિ કદિ ચર્ચા પણ કરેલી. આમ છતાં પણ તેમના નિકટ પરિચયનો હું કોઇ અંશમાં દાવો કરી ન શકું. ઉલટું તેમના કોઇ વક્તવ્ય કે વળણની પ્રબુધ્ધ જૈનમાં મેં એક બે વાર ટીકા પણ કરી હશે.

આ પશ્ચાદ્ભૂમિકા ઉપર લગભગ પંદર વર્ષના ગાળે મહારાજ-શ્રીને ડીસેંબર માસના પહેલા પખવાડીઆ દરમિયાન ભાવનગર ખાતે મળવાનું બન્યું. ભાવનગર આવ્યો અને તેઓ અહિં હોવાની ખબર પડી. તેમને મળવાની સહજપણે ઇચ્છા થઇ આવી. તેમને ઘણાં વર્ષથી નહી જોયેલા હોઇને તેમના વિષે મનમાં કેટલુંક કૌતુક પણ હતું. આમ છતાં પણ જૈન સમાજના સામાન્ય વિચારો સાથે મારે અનેકવાર અથડામણમાં આવવાનું બનેલું હોઇને તેમને મળવા જતાં મન ઠીક ઠીક સંકોચ અનુભવતું હતું. મહારાજશ્રી મારા વિષે કોણ જાણે કેવાયે ખ્યાલ ધરાવતા હશે—એ રીતે મન તર્કવિતર્ક કરતું હતું. આવા સંકોચ અને તર્કવિતર્કપૂર્વક હું મહારાજશ્રી પાસે ગયો, મેં નમન કર્યું, મારા આવવાની બાજુના એક ભાઇએ ખબર આપી, આ સાંભળીને તેમણે મને બહુ ભાવથી બોલાવ્યો, મુંબઇના સમાચાર પૂછ્યા. મેં પણ તેમની તબિયતના ખબર પૂછ્યા. તેમનું અન્ધત્વ જોઇને ઉંડું દુઃખ અનુભવ્યું. આટલી મોટી ઉમ્મર, વૃધ્ધાવસ્થાનું આક્રમણ, આંખોની હાનિ, એ બધું છતાં તેમને બીજી રીતે જાગૃત સચેત જોયા. મગજ પણ એટલું જ સ્વસ્થ અને તાકાતવાળું લાગ્યું. સામાન્ય વાતચિત થઈ. એ મૌન—અગિયારસનો દિવસ હતો. અનેક સ્ત્રી પુરૂષો મહારાજશ્રીનો વાસક્ષેપ* લેવા આવી રહ્યાં હતાં. મહારાજશ્રી પ્રસન્ન વદને સૌ કોઇને સંતોષતા હતા. બપોરનાં બાર વાગવા આવ્યા હતા. આહારપાણીનો સમય થયો હતો. એટલે 'આપને અવકાશ હોય તો જરા નીરાંતે મળીએ' એવી મેં વિનંતિ કરી અને ઉત્તરમાં બીજે દિવસે શહેરમાંથી વિહાર કરીને શ્રી. ભોગીલાલ શેઠને ત્યાં તેઓ સાત આઠ કલાક રોકાવાના હતા. ત્યાં મળવું એમ નકકી કર્યું અને મેં તેમની રજા લીધી.

બીજે દિવસે સવારના અગિયારેક વાગ્યે હું મહારાજશ્રી પાસે ગયો. તેમના શિષ્યમંડળને મન હું પણ કુતુહલનું પાત્ર હોઇશ એમ ધારૂં છું, કારણ કે મહારાજશ્રીને નમન કરીને હું જયારે તેમની પાસે બેઠો ત્યારે તેમનું શિષ્યમંડળ પણ બાજુએ આવીને બીરાજમાન થયું. તેમના એક શિષ્યે મને પૂછવા માટે એક પ્રશ્નાવલિ પણ તૈયાર કરી હોય એમ મારા જોવામાં આવ્યું. અહિં પણ કોઇ વિષયની ચર્ચા શરૂ કરતાં હું બહુ સંકોચ અનુભવી રહ્યો હતો. સમાજ અને સાંપ્રદાયિક રીતરીવાજ વિષે હું ગમે તેવા અભિપ્રાયો ધરાવતો હોઉં તો પણ આવા વયોવૃદ્ધ પુણ્યપુરૂષ અને તેમની આવી નાજુક તબિયત—આ પરિસ્થિતિ વચ્ચે તેમના દિલને જરા પણ આઘાત લાગે, દુઃખ લાગે એવો નાનો સરખો ઉદ્ગાર પણ મારાથી ન જ કહાય—આ વિચાર અને ચિન્તા અને ત્યાં સુધી

---

* વાસક્ષેપ એટલે ચંદન કેસર વગેરે કેટલાંક સુગંધી દ્રવ્યોને ઘસીને તૈયાર કરવામાં આવેલું ચૂર્ણ. આ ચૂર્ણ સાધારણ રીતે કોઈ વ્રત-નિયમધારી શ્રાવક યા શ્રાવિકાના માથે જૈન આચાર્ય નાંખે અને 'ધર્મલાભ'નો આશીર્વાદ આપે—આવો રીવાજ જૈન શ્વે. મૂ. સમાજમાં પ્રચલિત છે. પવિત્ર મુનિરાજના હાથે આવો વાસક્ષેપ લેવાથી પોતાનું આધ્યાત્મિક તેમજ ભૌતિક-પણ શ્રેય થાય છે એવી વાસક્ષેપ લેનાર શ્રદ્ધા ધરાવતાં હોય છે.

બચાવ કરે છે તેથી આપણને જરા પણ સંતોષ થતો નથી.

ઉપર આપણે જેની ચર્ચા કરી તે પ્રવચન પુરૂં થયું, અને કૃષ્ણલાલભાઇએ સોમનાથ તીર્થનો પુનરૂધ્ધાર કરવા બદલ માન્યવર મુનશીને અભિનંદ્યા અને અનેક પ્રશસ્તિઓ વડે નવાજ્યા. પછી પ્રદર્શન જોયું. જે પુરાણા મંદિરનો આજે નાશ કરવામાં આવ્યો છે તેના અંગ ઉપાંગોની તેમ જ સમગ્રપણે લેવાયલી અનેક છબીઓ જોઇ, તેનું ભવ્ય શિલ્પવિધાન અને કોતરકામ ફરી ફરીને નિહાળ્યું, અને અરબ્બી સમુદ્રના કીનારા ઉપર વર્ષો થયા ઉભેલું અને સદીઓના ઇતિહાસની ગાથાઓ ગાતું, કાળ બળે જર્જરિત થઇ રહેલું છતાં જીવન્ત કવિતા સમું, હિંદુ પ્રજાને પડકારતું અને મુસ્લીમ સંસ્કૃતિને શરમાવતું, એ પુરાતન મંદિર—એ ઐતિહાસિક અવશેષ—આજે ભૂતળ ઉપરથી ઉખેડી નાંખવામાં આવ્યું છે એ ઘટના મનમાં ફરીથી તાજી થતાં ભારે દુઃખ અનુભવ્યું. એમાં પણ આ પ્રદર્શનમાં એક બાજુએ ગોઠવેલી એક છબી જોઇને ભારે આશ્ચર્ય થયું. આ છબીમાં અથવા તો ફોટોગ્રાફમાં શ્રી મુનશી ચાંદીના નાના સરખા બળદની શીંગડીઓની અણી વડે જુના મંદિરની ઉન્મૂલન વિધિ (Demolition Ceremony) કરી રહેલા નજરે પડે છે. એક જુનું મકાન તોડી પાડીને તે જગ્યા ઉપર નવું મકાન ઉભું કરવાનું હોય તો તે જુનું મકાન તોડી પાડવા માટે કોઇ મુહુર્ત કે વિધિવિધાન કદિ સાંભળ્યા નથી. પણ સોમનાથના ખંડિયેરના વિધ્વંસનું એટલું બધું મહત્વ કે તે માટે ખાસ મુહુર્ત જોવાય, ખાસ ક્રિયાકાંડ યોજાય, અને તે માટે ખાસ શ્રી મુનશી જેવી સંસ્કૃતિરક્ષક મહાન વ્યક્તિને દીલ્હીથી પ્રભાસ પાટણ સુધી આવવું પડે. આ ઘટના સાંભળીને કોઇ એમ પણ ટકોર કરી શકે છે કે જે કામ મહમદ ગીઝનીએ અને તેના વારસદાર પ્રતિનિધિઓએ અધુરૂં મૂક્યું તે કામ શ્રી મુનશીએ—અલબત જુદા સંયોગોમાં અને જુદા ખ્યાલપૂર્વક—પૂરૂં કર્યું. આ પણ એક કાળની વિચિત્ર લીલા છે!

### ચૂંટણીએ પેદા કરેલી આશ્ચર્યજનક ઘટનાઓ

ધારાસભાઓનું ચૂંટણીકાર્ય લગભગ પૂરૂં થવા આવ્યું છે. આજ સુધીમાં પ્રગટ થયેલાં પરિણામોએ કંઇ કંઇ જાતનાં આશ્ચર્યો પેદા કર્યા છે. પક્ષની દૃષ્ટિએ મધ્યવર્તી લોકસભામાં તેમજ કેટલીએક પ્રાદેશિક ધારાસભાઓમાં કોંગ્રેસને ધાર્યા કરતાં પણ ઘણો મોટો વિજય મળ્યો છે. મુંબઇ અને સૌરાષ્ટ્રની ધારાસભામાં કોંગ્રેસ મોખરે છે. સમાજવાદી પક્ષનું મુંબઇ મોટામાં મોટું થાણું એમ છતાં મુંબઇમાં સજ્જડ હાર મળી છે, અને બીજે પણ સમાજવાદી પક્ષના ચૂંટાયલા સભ્યોની સંખ્યા ધારણાના પ્રમાણમાં બહુ ઓછી માલુમ પડે છે. બીજી બાજુએ સામ્યવાદી પક્ષે ત્રાવણકોર-કોચીન, મદ્રાસ તેમજ હૈદ્રાબાદમાં બહુ સારા પ્રમાણમાં બેઠકો મેળવી છે. ત્રાવણકોર-કોચીનમાં કોંગ્રેસને બહુમતી છે જ નહિ અને એવી જ સ્થિતિ મદ્રાસમાં ઉભી થાય એમ લાગે છે. દક્ષિણ હિંદુસ્તાનમાં સામ્યવાદી પક્ષનું આટલું બધું જોર હશે એવી આજ સુધી કોઇને જરા પણ કલ્પના નહોતી.

વ્યક્તિગત રીતે પણ અનેક અણકલ્પી ઘટનાઓ બની છે. સૌથી આશ્ચર્યજનક ઘટના મુંબઇ પ્રાન્તના ગૃહસચિવ શ્રી મોરારજી દેસાઇના પરાજયને લગતી છે. જેની ડીપોઝીટ જપ્ત કરાવીશ એવી જેના વિષે શ્રી મોરારભાઇએ આગાહી કરેલી તેજ તેમનો હરીફ સમાજવાદી પક્ષનો ઉમેદવાર શ્રી. અમુલ દેસાઇ મોરારજીભાઇ કરતાં ભલે થોડા પણ વધારે મત મેળવીને જીતી જાય એ એક સ્વપ્નાતીત હકીકત બની છે. કોંગ્રેસ પક્ષે શ્રી મોરારજીભાઇની હારની માફક ઇન્ડીયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસના પ્રમુખ શ્રી ખંડુભાઇ દેસાઇ જેવા મજુર વર્ગનાં આગેવાન કાર્યકર્તા શ્રી ખંડુભાઇ દેસાઇની હાર પણ વિસ્મય સાથે દુઃખ ઉપજાવે તેવી છે. આવી જ રીતે શ્રી જયશ્રીબહેન રાયજી જીત્યા એ આનંદદાયક છે, પણ તેનું પરિણામ શ્રી કમલાદેવી ચટ્ટોપાધ્યાયની હારમાં આવ્યું એ દુઃખદ છે. રાષ્ટ્રના નારીસમુદાયમાં કમલાદેવી ચટ્ટોપાધ્યાય જેવી શક્તિશાલી, વિદ્વાન અને અનુભવી તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકારણથી પણ સુપરિચિત બહેનો ગણીગાંઠી છે. તેમના જવાથી લોકસભા વધારે શોભત, તેમાં ચાલતી ચર્ચામાં નવો રંગ પુરાત.

આ ઉપરાંત ભિન્ન ભિન્ન પક્ષના મુખ્ય મુખ્ય નેતાઓ દા.ત. શ્રી અશોક મહેતા, ડૉ. આંબેડકર, શ્રી ડાંગે ઉડી ગયા. આ પણ અસાધારણ આશ્ચર્ય પેદા કરે એવી ઘટનાઓ છે. જવાબદાર લોકશાહીની દૃષ્ટિએ એ જ પક્ષના ઉતરતી કોટિના ઉમેદવારો લોકસભામાં બેસે અને જ્યારે જ્યારે એક યા બીજો રાજકારણી પ્રશ્ન ઉભો થાય ત્યારે પોતપોતાના પક્ષનું દૃષ્ટિબિન્દુ રજુ કરે તેના બદલે તે પક્ષના વડાઓ લોકસભામાં ચૂંટાયા હોય અને ભાગ લેતા હોય એ ખરેખર વધારે ઇચ્છવા યોગ્ય હતું. આજે બળવાન વિરોધ પક્ષની લોકસભામાં તેમજ પ્રાદેશિક ધારાસભામાં અત્યન્ત જરૂર છે એ લગભગ સર્વત્ર સ્વીકારાયું છે. આ દૃષ્ટિએ વિચારતાં મુખ્ય મુખ્ય પક્ષના આગેવાનો વિનાનો વિરોધપક્ષ લોકશાહીને ચરિતાર્થ કરવામાં જોઇએ તેટલો કામયાબ નહિ જ નીવડે.

મદ્રાસના મુખ્ય પ્રધાન કુમારરાજા ઉડી ગયા, રાજસ્થાનના મુખ્ય મુખ્ય પ્રધાન ઉડી ગયા, ટી. પ્રકાશમ્ ઉડી ગયા. શ્રી ભાઇલાલ પટેલ પણ ઉડી ગયા. આવી તો કંઇ કંઇ અવનવી ઘટનાઓ બની ગઇ છે. સૌરાષ્ટ્રમાં શબ્દભીમ સામળદાસ ગાંધીનો પરાજય પણ એટલો જ આશ્ચર્યજનક છે. આવી ચિત્રવિચિત્ર પરાજયઘટનાઓ ઉપરથી એક મિત્ર એવું એક સર્વસામાન્ય તારણ તારવે છે કે આ ચૂંટણીમાં જેણે જેણે શેખી કરી, અભિમાન કર્યું, પ્રતિપક્ષી કે પ્રતિપક્ષને જડમૂળથી ઉખેડવાની વાતો કરી—તે પછી કોંગ્રેસનો ઉમેદવાર હોય કે અન્ય પક્ષનો, સુચરિત હોય કે દુશ્ચરિત હોય—આવા દરેક ઉમેદવારને આ ચૂંટણીએ ભારે શિકસ્ત આપી છે—આ તારણ કેટલાક અંશે સાચું લાગે છે.

### શ્રી મોરારજીભાઇનો પરાજય.

શ્રી મોરારજીભાઇના પરાજયે કોંગ્રેસ વર્તુલમાં જ માત્ર નહિ પણ સર્વ સામાન્ય પ્રજાજનોમાં પણ ભારે આશ્ચર્ય અને ક્ષોભ પેદા કર્યો છે. તેમના ચૂંટાવા વિષે તો કોઇને શક હતો જ નહિ, એટલું જ નહિ પણ થોડા સમયમાં નિવૃત્ત થતા બાળાસાહેબ ખેરના સ્થાને તેઓ આવવાના છે તે પણ એટલુંજ ચોક્કસ હતું. આને બદલે તેમને નવી ધારાસભામાં સીધી રીતે સ્થાન જ ન મળે—આવી પરિસ્થિતિ ઉભી થઇ છે. શ્રી મોરારજીભાઇની સત્યનિષ્ઠા કે વહીવટકર્તા તરીકેની કુશળતા વિષે બે મત છે જ નહિ, અને આજે પણ જે રીતે તેમણે ધારાસભામાં આવવું જોઇતું હતું તે રીતે તેઓ આવી શકે એમ નથી તો પણ કોંગ્રેસ પક્ષના બંધારણમાં જરૂરી ફેરફાર કરીને પણ તેમને ધારાસભાના કોંગ્રેસ પક્ષના આગેવાન નેતા બનાવવાનો જે પ્રયત્ન સેવાઇ રહ્યો છે તે આવકારદાયક છે. કારણ કે નવી ધારાસભામાંથી રચાનારા નવા પ્રધાન મંડળને સંગઠિત અને સુયોજિત રાખે એવી—મોરારજીભાઇની તોલે આવે તેવી—બીજી કોઇ વ્યક્તિ નજરે પડતી નથી. આ રીતે આજના ગૃહસચિવ શ્રી મોરારજીભાઇ આવતી કાલે પંત પ્રધાન થશે એવી આશા રહે છે અને એવી ઇચ્છા જવાબદાર વર્તુલોમાં પણ પ્રવર્તતી જોવામાં આવે છે. આ રીતે મોરારજીભાઇ મુખ્ય પ્રધાન બને તો તેમને આપણો આવકાર છે, અન્તરનાં અભિનન્દન છે પણ સાથે સાથે પ્રાર્થના છે કે તેમણે પોતાની કડક અને કદિ કદિ અનમ્ર રીતભાતથી તેમજ અનેક પૂર્વગ્રહોના પરિણામે ઘણી વખત સામે આવતા પ્રશ્નોના કે તેમની સમક્ષ રજુ કરવામાં આવતી ફરિયાદોના ઊંડાણમાં ઉતરવાની અનિચ્છા દાખવીને અનેક લોકોનાં દિલ દુભવ્યાં છે અને તેના પરિણામે મોરારજીભાઇને આ થાપડ લાગવી જોઇતી હતી એવા ઉદ્ગારો બીજી રીતે તેમના વિષે આદર ધરાવતી અનેક વ્યક્તિઓના મોઢામાં નીકળતા સાંભળવામાં આવ્યા છે—આ હકીકત તેઓ ન ભૂલે.

કેવળ સત્ય એ ધાર્મિક યા તો નૈતિક સત્ય નથી. ધાર્મિક કે નૈતિક સત્ય બનવા માટે સત્ય પ્રિય હોવું જોઇએ, પથ્ય હોવું જોઇએ, સહાનુભૂતિના રંગે રંગાયલું હોવું જોઇએ. વળી અધિકારના શિખરે બેઠેલો માણસ લગભગ સર્વજ્ઞ બનીને ચાલે અને તેની સામે અરજી કરનારા ગમાર છે એમ સમજીને તેમને ટુંકા નકાર યા હકારથી વિદાય કરવામાં આવે—આ લોકશાહી—Democraey—નથી, માનવોચિત સભ્યતા નથી. આવી ઘમંડપુર્વકની સત્ય નિષ્ઠાનું મૂલ્ય ઘણુંજ ઓછું છે. આ નૈતિક તથ્ય પણ મોરારજીભાઈ વધારે ગંભીરતાપુર્વક ગ્રહણ કરે એમ આપણે ઇચ્છીએ.

**હરિજન, હરિજનબંધુ, હરિજનસેવક બંધ થાય છે!**

પૂરા વિશ્વાસપાત્ર સ્થળેથી ખબર મળ્યા છે કે આ ફેબ્રુઆરી માસની આખરથી નવજીવન પ્રકાશન મંદિર ઉપર જણાવેલ ત્રણે હરિજનપત્રોનું પ્રકાશન કાર્ય બંધ કરે છે. આ બંધ કરવાના કારણમાં એમ જણાવવામાં આવે છે કે એ ત્રણે પત્રોના સંચાલન પાછળ દર વર્ષે આશરે રૂ. ૩૦,૦૦૦ની ખોટ આવે છે અને જે પત્રો ખોટથી ચલાવવા પડે તે પત્રો લોકો નથી માંગતા એમ સમજી બંધ કરવા જોઇએ એવો ગાંધીજીનો અભિપ્રાય ધ્યાનમાં લઇને આવો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ સમાચારથી કોઇ પણ 'હરિજન'પ્રેમીને દુઃખ થયા વિના નહિ રહે. અલબત્ત મુડી જ ન હોય અને ચાલુ દેવું કર્યા કરવું પડતું હોય તો કોઇ પણ વ્યક્તિ કે સંસ્થા લાંબો વખત છાપું ચલાવી ન જ શકે. તેણે ગાંધીજીની સલાહ વિના પણ પોતાનું છાપું બંધ કરવાનો નિર્ણય કરવો પડે. પણ આ નિર્ણય કરનાર કોઇ એવી દરિદ્ર વ્યક્તિ કે સંસ્થા નથી. આ નિર્ણય કરનાર નવજીવન પ્રકાશન મંદિરના ટ્રસ્ટીઓ છે. આ નવજીવન પ્રકાશન મંદિર પ્રારંભમાં નવજીવન અને યંગ ઇન્ડીઆમાંથી અને પછી તે સામયિકોમાંથી જ ઉદ્દભવેલાં અનેક પ્રકાશનોમાંથી અને વળી પાછાં હરિજન પત્રો શરૂ થયાં ત્યારે તેની કમાણીમાંથી ધનાઢ્ય બનેલી એક જાહેર સંસ્થા છે. આ સંસ્થાએ તાજેતરમાં ત્રીશ લાખ રૂપીઆ ખરચીને અમદાવાદમાં એક નમુનેદાર આલીશાન મકાન પોતાના પ્રકાશન કાર્ય અંગે બાંધ્યું છે. ગાંધીજીના લખાણોના સર્વ હક્કો તેને સ્વાધીન છે. આ ઉપરાંત લોકોની ચાલુ માંગ રહે છે એવા અનેક સાહિત્યગ્રંથોના તે સંસ્થા માલેકી હક્ક ધરાવે છે. આવી ધનાઢ્ય સંસ્થા અને શ્રી. મોરારજીભાઇ. શ્રી. મગનભાઇ દેસાઇ, શ્રી. જીવણજી દેસાઇ જેવા સમર્થ ટ્રસ્ટીઓ ગાંધીજીનું પુણ્ય નામ જેની સાથે જોડાયલું છે અને જેની પરંપરા શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળા જેવી એક સત્યનિષ્ટ અને સાધુચરિત, વિદ્વાન અને વ્યવહારદક્ષ વ્યક્તિએ તંત્રીપદ સંભાળીને શોભાવી છે તે હરિજનપત્રો આજના મંદીના જમાનામાં આવતી ખોટ અને ગાંધીજીના અમુક વિચારો આગળ ધરીને બંધ કરવાનો વિચાર કરે એ અત્યન્ત દુઃખદ અને વિસ્મયજનક બીના છે. આજે ગાંધીજી હયાત નથી એમ છતાં કિશોરલાલભાઇના કુશળ અને નિડર તંત્રીપણાનીચે ચાલતા એ પત્રોનું જનતાના હૃધ્યમાં શું સ્થાન છે, આજે જ્યારે સરકારી તંત્ર અવ્યવસ્થા અને રૂશ્વતખોરીથી અધોગતિની એક પછી એક સીમા વટાવતું જાય છે અને પ્રજાજનો ન્યાય નીતિ અને પ્રમાણીકતાથી દૂર દૂર સરકતા જાય છે અને સમગ્ર વ્યાપાર વ્યવસાય કાળાબજાર અને પારવિનાની ભેળસેળથી અત્યન્ત દૂષિત થઈ રહ્યો છે ત્યારે સરકારની સાન ઠેકાણે લાવનાર અને પ્રજાને સાચા માર્ગનું ભાન કરાવનાર, સત્ય અને ભાષાસંયમને આગળ રાખીને ચાલનાર, ગાંધીજીની વિચારજ્યોતને એક સરખી પ્રજ્વલિત રાખનાર હરિજન પત્રોની આપણને કેટલી બધી અગત્ય છે તેની શું આ માન્યવર ટ્રસ્ટીઓને ખબર નથી?

ખોટ આવે તો છાપું ન ચલાવવું એવા ગાંધીજીના વિચારમાંથી આ નિર્ણય ઉભો થયો છે. આ નિર્ણયના સમર્થનમાં ગાંધીજીનો એ વિચાર આગળ ધરવામાં આવે છે એ પણ એક પ્રશ્ન છે. કારણ કે એ કાંઇ બહુ અજાણી વાત નથી કે હરિજન પત્રો પોતાના સ્પષ્ટવકતૃત્વના કારણે સત્તાધીશોની નજરમાં અળખામણાં થતાં રહ્યાં છે.

આ ગમે તે હોય. આજના વખતમાં ગાંધીજીના પ્રસ્તુત વિચાર મુજબ વર્તવાનો આગ્રહ રાખવામાં આવે તો જે સામયિક પત્રો સત્યનો આગ્રહ રાખીને ગંભીર વિચારસામગ્રી રજુ કરવા માંગે છે અને ચોક્કસ વિચારસરણીનો પ્રચાર કરવા માંગે છે અને જે ખર્ચનું પાસું હળવું કરવા માટે જાહેર ખબરનું બીલકુલ અવલંબન લેવા માંગતા નથી તે પત્રો માટે આવક જાવકના પાસા સરખા કરવાનું આજના અતિશય મોંઘવારીના વખતમાં લગભગ અશક્ય છે. આવા સામયિકના ટકાવ માટે તે તે વિચારસરણિ વિષે પક્ષપાત ધરાવતી વ્યક્તિઓએ પોતાનો ઉદાર હાથ લંબાવવો જ રહ્યો.

પણ આ બધા વિચાર તો જેને ટકાવી રાખવા માટે તેને પ્રકાશિત કરનાર સંસ્થાની મુડીનું પીઠબળ ન હોય તેના માટે કરવાના રહે છે. નવજીવન પ્રકાશન મંદિર જેવી ધનાઢ્ય સંસ્થા લોકોને શેની જરૂર છે તેનો ખ્યાલ બાજુએ રાખીને જેમાં નફો હોય તેવું જ પ્રકાશન હાથમાં લેવું યા ચાલુ રાખવું એવું વળણ સ્વીકારે તો તેમાં અને નફાવાદી કોઈ પણ ખાનગી પેઢીમાં ફરક શું?

આ નોંધ લખવા પાછળ નવજીવન પ્રકાશન મંદિરના ટ્રસ્ટીઓના ધ્યાન ઉપર આ હકીકત સચોટપણે લાવવાનો હેતુ છે કે હરિજન પત્રો પ્રજા જીવનની તેમ જ રાજ્ય વહીવટની ચોકી કરવાનું ઘણું મહત્વનું કાર્ય કરી રહેલ છે, દેશની ભિન્ન ભિન્ન સમસ્યાઓને ગાંધીવાદની દૃષ્ટિએ ચકાસતા રહેવું અને જનતાને ચાલુ માર્ગદર્શન કરાવતા રહેવું એ કાર્ય પણ માત્ર હરિજન પત્રો દ્વારા જ સધાઈ રહ્યું છે, એ પત્રોની એટલી બધી ઉપયોગીતા છે કે જનતાના શ્રેય માટે ખોટ ખાઇને પણ એ પત્રો ચલાવવા જ જોઇએ. અલબત્ત હરિજન પત્રો ચલાવવામાં જ્યાં કરકસરને અવકાશ હોય ત્યાં જરૂર કરકસર કરવી જોઇએ; કાગળ મોંઘા હોય તો હલકા વાપરવા; વળી કેટલાય વખતથી શ્રી. વિનોબા ભાવેનાં પ્રવાસવર્ણનો હરિજનની ઘણી જ વધારે જગ્યા રોકે છે તેના લીધે લોકોને આ પત્રો નિરસ લાગતા હોય અને તે કારણે ઘરાકી ઘટતી હોય તો તેમાં થોડો સંકોચ કરી હરિજન પત્રોમાં વૈવિધ્ય લાવવું ઘટે છે. વળી કાકાસાહેબ કાલેલકર જેવી અનેક ગાંધીવાદી સાહિત્યશક્તિઓનો હરિજન પત્રોમાં આજ કાલ કશો ફાળો જોવામાં નથી આવતો તેમની શક્તિઓને હરિજન પત્રોમાં અવકાશ આપી હરિજન પત્રોને વધારે આકર્ષક બનાવવું એ પણ ખૂબ જરૂરી છે. યોગ્ય લાગે તે સુધારા વધારા કરો, પણ હરિજન-પત્રોને બંધ કરવાનો વિચાર કૃપા કરીને મોકુફ રાખો એવી નવજીવન પ્રકાશન મંદિરના ટ્રસ્ટીઓને નમ્ર અભ્યર્થના છે. ગાંધીજીએ પ્રગટાવેલી આ જ્યોત આમ એકાએક ઓલવાય એ જોવાની જવાબદારી અને ચિન્તા ગાંધીજી પ્રત્યે આ[...] જોનારા–તેમને ભકિત ભાવથી પૂજનારા—આપણ સર્વની છે.

**શ્રેષ્ઠીવર્ય શ્રી. રતિલાલ મણિલાલ નાણાવટીને અભિનન્દન**

ઈન્ડીયન મરચન્ટસ ચેમ્બર એન્ડ બ્યુરો[...]ની ચૂંટણીમાં શ્રી. રતિલાલ મણિલાલ નાણાવટી આ વર્ષે પ્રમુખસ્થાને ચૂંટાયા. એ બદલ તેમને અભિનન્દન ઘટે છે. શ્રી. રતિલાલ નાણાવટી મુંબઈની વ્યાપારી દુનિયામાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. વીલેપારલેના એક ભાવનાશાળી નાગરિક છે, સરલા સર્જન[...] આધુનિક ઢબે ચાલતી એક શિક્ષણસંસ્થાના સર્જક અને સંચાલક છે, ડૉ. બાલાભાઈ નાણાવટી હોસ્પીટલની કાર્યવાહી સાથે અ[...]નો સંબંધ ધરાવે છે, શ્રી. શકુન્તલા કાન્તિલાલ ઇશ્વરલાલ ગર્લ્સ હાઈસ્કૂલ જે સંસ્થા હસ્તક ચલાવવામાં આવે છે તે મુંબઈ અને [...]ગરોળ જૈન સભાના પ્રમુખ છે. સુવિખ્યાત નાણાવટી કુટુંબના વંશજ હોઈને તેમને જીવનના પ્રારંભથી મોટો સંસ્કાર વારસો મળ્યો છે, વિધિના પણ તેઓ ખૂબ કૃપાપાત્ર છે, તેમનામાં વ્યાપા[...] કૌશલ્ય છે. ઉત્તરોત્તર નવાં નવાં અધિકારસ્થાનો તેમને પ્રાપ્ત થતા રહ્યા છે. તેમનું ઐશ્વર્ય અને ધનાઢયતા જનતાના સુખ [...]ને શ્રેયની વૃદ્ધિમાં સદા પરિણમતા રહે એમ આપણે ઇચ્છીએ.

પરમાનંદ

# શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ: વાર્ષિક વૃત્તાંત

વિક્રમ સંવત ૨૦૦૮ના પ્રારંભ સાથે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ત્રેવીશ વર્ષ પુરાં કરી ચોવીશમાં વર્ષમાં પ્રવેશ કરે છે. બીજું વિશ્વયુધ્ધ ૧૯૪૫માં પૂરૂં થયું એમ છતાં પણ એ યુધ્ધના અંગે ઉભી થયેલી મોંઘવારી ઉત્તરોત્તર વધતી જ ચાલી છે અને દ્રવ્યોપાર્જનની શક્યતાઓ ઉત્તરોત્તર ઘટતી ચાલી છે. પરિણામે વ્યકિતઓને તેમ જ સામાજિક સંસ્થાઓને ટકી રહેવાનો પ્રશ્ન વધારે ને વધારે વિકટ બનતો જાય છે. આ વિષમ પરિસ્થિતિના પ્રત્યાઘાતોથી મુંબઈ જૈન યુવક સંઘ પણ મુકત નથી. સંસ્થા હસ્તક ચાલતી ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ આજે પણ હજુ એક સરખી ચાલી રહી છે. એમ છતાં પણ સંઘના સભ્યોની સંખ્યા ઘટતી જાય છે અને ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓને મળતું આર્થિક સીંચન ઉત્તરોત્તર કમી થતું રહ્યું છે. અને સંસ્થાનું ભંડોળ આજે લગભગ નહિ જેવું બાકી રહ્યું છે. સંસ્થાના હસ્તક ચાલતું વાચનાલય-પુસ્તકાલય કેમ ચલાવવું એ ચિન્તાનો વિષય થઇ પડયો છે. પ્રબુધ્ધ જૈનને ગયા વર્ષે સંઘના કેટલાએક સભ્યો તરફથી સંગીન આર્થિક મદદ મળી ન હોત તો પ્રબુધ્ધ જૈનને બંધ કરવા જેવી સ્થિતિ ઉભી થઇ હોત.

વૈદ્યકીય રાહત અંગે સંઘ પાસે હવે બહુ નજીવી રકમ રહી છે. આ સંયોગોમાં જેમાં આર્થિક જવાબદારી રહેલી હોય તેવી કોઇ પણ નવી પ્રવૃત્તિ તરફ ગતિ કરવાનું બની શકતું નથી.

સંઘની ચાલુ પ્રવૃત્તિઓ ઉપરાંત જૈન સમાજને થોડી ઘણી આર્થિક રાહત પહોંચાડી શકાય એવી કોઇને કોઇ પ્રવૃત્તિ હાથ ધરવાની દિશાએ કેટલાક પ્રયત્ન થઇ રહ્યા છે અને વાટાઘાટ ચાલી રહી છે. પણ તે પ્રયત્નનું કોઇ મૂર્ત પરિણામ આજે અમો રજુ કરી શકીએ એવી સ્થિતિમાં નથી. આમ છતાં પણ અમને આશા છે કે બહુ થોડા સમયમાં આવી એક રચનાત્મક પ્રવૃત્તિ સંઘદ્વારા સંચાલિત કરવાનો શુભ યોગ આપણને પ્રાપ્ત થશે.

ચાલુ વર્ષ દરમિયાન એક આનંદજનક ઘટના બની છે, અને તે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના મકાનનો શ્રી. મણિલાલ મોકમચંદ શાહના શુભ હસ્તે તા. ૨૧-૫-૫૧ ના રોજ પાયો નાંખવાને લગતી. આ સંસ્થા સંઘથી તદ્દન અલગ અને સ્વતંત્ર છે, એમ છતાં પણ આ સંસ્થા સાથે મુંબઈ જૈન યુવક સંઘ આત્મીય ભાવથી જોડાયલો છે અને સંઘના આગેવાન સભ્યો સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની કાર્યવાહી સાથે ગાઢપણે સંકળાયલા છે. લોઢું અને સીમેન્ટ સરકાર તરફથી ન [illegible]ળવાના કારણે એ મકાનના બાંધકામમાં હજુ કશી પ્રગતિ થઈ [illegible] નથી. એમ છતાં પણ આ વર્ષ દરમિયાન એ મકાન ઉભું થવ[illegible] પૂરેપૂરી આશા છે.

ચાલુ વર્ષ દરમિ[illegible]ન બે ઘટનાઓની નોંધ લેવી ઘટે છે. એક તો સંઘના પ્રમુ[illegible] ચીમનલાલ ચકુભાઇ શાહ બ્રીટીશ કોમનવેલ્થમાં જોડાયલા [illegible] ભિન્ન રાષ્ટ્રોની પાર્લામેન્ટના પ્રતિનિધિઓની ન્યુઝીલાન્ડ ખાતે મળે[illegible] પરિષદમાં હિંદી પાર્લામેન્ટના પ્રતિનિધિમંડળના એક સભ્ય [illegible]રીકે ન્યુઝીલેન્ડ જઇ આવ્યા. તેમને શુભવિદાય ઇચ્છવા [illegible] ૨૭-૧૦-૫૦ ના રોજ સંઘના મંત્રી શ્રી. રમણલાલ સી. શાહ [illegible]ફથી એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહે ઉપર જણાવેલી પરિષદમાં ભાગ લીધો અને તે ઉપરાંત ઓસ્ટ્રેલીઆ, ઇન્ડોનેશીઆ તથા મલાયાનો પ્રવાસ કરીને પાછા આવ્યા. તે પરિષદ અને પ્રવાસના સંસ્મરણો તેમણે સંઘના સભ્યો સમક્ષ રજુ કર્યાં હતા.

અને બીજું સંઘના સભ્ય શ્રી. શાન્તીલાલ હરજીવન શાહ સોલીસીટરને જુન માસ[illegible] ૬ ઠ્ઠી તારીખે જીનીવા ખાતે ભરાનારી આન્તરરાષ્ટ્રીય મજુર પરિષદમાં હિંદુસ્તાનના મજુર સંસ્થાના પ્રતિનિધિઓના સલાહકાર ત[illegible] સરકારે નીમ્યા હતા. આ માટે તેઓ તારીખ ૨૪-૫-૫૧ ના [illegible]જ ઉપડવાના હોઈ તા. ૨૧-૫-૫૧ ના રોજ તેમને વિદાયમાન આપવા માટે સંઘના કાર્યાલયમાં એક નાનોસરખો સમારંભ યોજવામાં આવ્યો હતો તેનું અમને અભિનન્દન કરતા સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે, શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ તથા ભારત જૈન મહામન્ડળના કાર્યાધ્યક્ષ શ્રી. રીષભદાસ રાંકાએ પ્રસંગોચિત વિવેચનો કર્યાં હતાં. તેમણે પણ પાછા ફર્યા બાદ પોતાના અનુભવો સંઘના સભ્યો સમક્ષ રજુ કર્યા હતા. આ બન્ને ઘટનાઓ સંઘ માટે ગૌરવપ્રદ હતી.

આજે તારીખ ૨૭-૧-૫૨ ના રોજ સંઘની વાર્ષિક સભા મળી રહી છે ત્યારે છેલ્લી ચૂંટણીઓમાં જે જે જૈન બંધુઓ અથવા બહેનો હિંદની લોકસભામાં કે ભિન્ન ભિન્ન પ્રદેશોની ધારાસભાઓમાં આમજનતા તરફથી ચૂટાયલા જાહેર થયા છે તે સર્વને સંઘ તરફથી હાર્દિક અભિનન્દન આપવા ઘટે છે. આ ચૂંટાયલા સભ્યોમાં એક તો આપણા સંઘના પ્રમુખ છે જેઓ સૌરાષ્ટ્રના ગોહેલવાડ-સોરઠ વિભાગમાં કોંગ્રેસ તરફથી લોકસભા માટે ઉભા રહ્યા હતા. બીજા પણ આપણા સંઘના સભ્ય શ્રી શાન્તિલાલ હરજીવન શાહ છે જેઓ મુંબઈ પ્રદેશની ધારાસભામાં ચૂંટાયા છે. આ ઉપરાંત મુંબઈ પ્રદેશની ધારાસભામાં ચૂંટાયલી બીજી પાંચ વ્યકિતઓ જૈન છે. વળી સૌરાષ્ટ્રમાં ઝાલાવાડ વિભાગ તરફથી લોકસભામાં શ્રી. રસિકલાલ પરીખ ચૂંટાયા છે. અને સૌરાષ્ટ્રની ધારાસભામાં બે જૈન ભાઇઓ ચૂંટાયલા જાહેર થયા છે. આવી સારી સંખ્યામાં જૈનો લોકસભામાં અથવા તો પ્રાદેશિક ધારાસભામાં ચૂંટાય-એ જૈનોનો આમજનતા ઉપરનો પ્રભાવ તેમ જ તેનો વિશ્વાસ સૂચવે છે. જૈન સમાજ અસાંપ્રદાયિક વૃત્તિએ રાજકારણમાં કાર્ય કરતા આટલા બધા સેવકો પૂરા પાડી શકે છે એ પણ જૈન સમાજ માટે ખરેખર એક ગર્વ લેવા જેવી હકીકત છે.

હવે આપણે સંઘ હસ્તક ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનું જરા વિગતથી અવલોકન કરીએ:—

## શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય

આ વાચનાલય-પુસ્તકાલયનો ખૂબ જ મોટા પ્રમાણમાં લાભ લેવાય છે. વાચનાલયમાં અત્યારે ૬, દૈનિક, ૨૦, સાપ્તાહિક, ૫, પાક્ષિક, ૨૫, માસીક, અને એક ત્રિમાસીક મળી એકંદરે ૫૭, સામયિકો નિયમિત રીતે આવે છે. હમેશાં લગભગ સવાબસોથી અઢીસો ભાઇઓ વાચનાલયનો લાભ લે છે. અને પૂરતી જગ્યાના અભાવે સવાર-સાંજ વાચનારાઓની ભારે ભીડ રહે છે. આ રીતે સવાર-સાંજ રહેતી પુષ્કળ ભીડને અંગે જગ્યાના અભાવે પુસ્તકાલયનો સમય બપોરના ૨॥ થી ૫ ના ગાળાનો રાખવો પડે છે. એટલે વાચકોને આ પ્રવૃત્તિનો છૂટથી પુરેપુરો લાભ આપી શકાતો નથી. પુસ્તકો લેવાદેવાનો ૨॥ થી ૫ ના ગાળાનો બપોરનો સમય ખૂબ જ પ્રતિકૂળ હોવા છતાં અને ગયા આખા વર્ષ દરમિયાન વાચનાલય-પુસ્તકાલયના ગ્રંથપાળની બીમારીને અંગે મોટો સમય તેની ગેરહાજરી હોવાથી વર્ષ દરમિયાન નવા પુસ્તકો પણ ખરીદી શકાયા ન હોવા છતાં પુસ્તકાલયના રજીસ્ટર ઉપર અત્યારે ડીપોઝીટરોની સંખ્યાનો આંકડો ૬૬૮ નો છે, તે આ પ્રવૃત્તિની કેટલી બધી લોકપ્રિયતા આ લત્તામાં છે તે દર્શાવે છે.

હવે ગ્રંથપાળની કાયમી ગોઠવણ થઈ ગઇ છે અને પુસ્તકાલય પણ બરાબર વ્યવસ્થિતપણે ગોઠવાઇ ગયું છે. નવા વર્ષમાં ગત વર્ષો દરમિયાન ઘણા ફાટીગયેલા અગત્યના પુસ્તકો તથા એક વર્ષ દરમિયાન પ્રકાશન પામેલા સારાં પુસ્તકો વસાવવાની ધારણા રાખવામાં આવી છે. તેથી પણ પુસ્તકો લેવા આવનારની સંખ્યા સારા પ્રમાણમાં વધવાની શકયતા છે. આ પ્રવૃત્તિને હજુ ઘણા મોટા પ્રમાણમાં વિકસાવી શકાય તેમ છે, પરંતુ જગ્યાનો જટિલ પ્રશ્ન

# સંવત ૨૦૦૭નો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું

## પ્રબુદ્ધ જૈન

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૫૯૧- ૯- ૦ | લવાજમના | ૮૮૧- ૯- ૯ | પગાર, ભાડું, લાઈટ |
| ૨૯૧૪- ૪- ૩ | ભેટના | ૪૬૨-૧૪- ૯ | પોસ્ટ ખર્ચ |
| ૪૪૦= ૦- ૦ | સભ્યો પાસેથી નીયમ મુજબ લવાજમના | ૧૬૯૫- ૦- ૦ | છપામણી ખર્ચ |
| | | ૩૫-૧૩- ૦ | પરચુરણ ખર્ચ |
| | | ૪૧૪- ૨- ૯ | કાગળ ખર્ચ |
| ૪,૯૪૫-૧૩- ૩ | | ૩,૪૮૯- ૮- ૩ | |
| | | ૧,૪૫૬- ૫- ૦ | વર્ષની આખરે આ ખાતામાં જમા રહ્યા |
| | | ૪,૯૪૫-૧૩- ૩ | |

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૫- ૦- ૦ | ૨૦૦૫નાં સભ્ય લવાજમના | ૮૮૧- ૯- ૯ | પગાર, ભાડું, લાઈટ |
| ૧૮૧-૧૪- ૦ | ૨૦૦૬નાં સભ્ય લવાજમના | ૨૮- ૦- ૩ | પોસ્ટ ખર્ચ |
| ૮૯૦- ૦- ૦ | ૨૦૦૭નાં સભ્ય લવાજમના | ૧૧૭- ૬- ૯ | પરચુરણ ખર્ચ |
| ૧૦૨- ૪- ૦ | ભેટનાં | ૩૧- ૦- ૩ | સ્ટેશનરી ખર્ચ |
| ૧૬૧-૧૪- ૦ | વ્યાજના | ૪૪૦- ૦- ૦ | સભ્યોના પ્રબુધ્ધ જૈનને લવાજમના |
| ૧,૩૪૧- ૦- ૦ | | ૧,૪૯૮—૧—૦ | |
| ૧૫૭- ૧- ૦ | વર્ષની આખરે ખોટ | | |
| ૧,૪૯૮- ૧- ૦ | | | |

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

### સંવત ૨૦૦૭ની સાલનું સરવૈયું

| જ | | | ઉ | | |
|---|---|---|---|---|---|
| રીઝર્વ ફંડ ... ... | | ૧૧૦૦—૦—૦ | **રોકાણ** | | |
| **જનરલ ફંડ** | | | ૫ા ટકાના ધી ઇન્ડીયન હ્યુમ પાઇપ કું. લી. | | |
| ગયા વરસના બાકી | ૧,૮૬૭- ૧૪- ૭ | | ના ડીબેન્ચર્સ રૂા. ૪૦૦૦)ની ફેઇસ વેલ્યુના | | ૪,૨૩૬- ૬- ૨ |
| | | | **રોકડ બેંકમાં તેમજ હાથ ઉપર** | | |
| ચાલુ સાલમાં સંઘની ખોટના | ૧૫૭- ૧- ૦ | | હાથ ઉપર રોકડા | ૮—૧૦—૯ | |
| | | | ધી બેંક ઓફ ઇન્ડીઆ લી.ના | | |
| | | ૧,૭૧૦—૧૩—૭ | ચાલુ ખાતામાં | ૨,૨૯૮—૧૩—૫ | |
| શ્રી માવજત ખાતુ ... | | ... ૩૩૨— ૬—૩ | | | |
| ,, વ્યાખ્યાનમાળા ખાતું ... | | ... ૨૭૯— ૮—૩ | | | ૨,૩૦૭- ૮- ૨ |
| ,, પુસ્તક પ્રકાશન ખાતું ... | | ...૩,૧૮૩—૧૦—૬ | શ્રી. મ. મો. શાહ. સા. વા. પુ. ખાતે | | ૨,૦૪૦- ૩- ૬ |
| ,, ઉપલક ખાતું ... | | ... ૧૦— ૦—૦ | શ્રી માંદા માવજત ડીપોઝીટ ખાતે... | | ૫- ૦- ૦ |
| ,, વૈદ્યકીય રાહત ... | | ... ૫૯૨—૧૦—૩ | શ્રી. સૂર્યકાંત જે. ગુજરાતી ખાતે (વૈદ્યકીય રાહતની લોનના) | | ૫૦- ૦- ૦ |
| ,, ૨૦૦૮ના સભ્ય લવાજમ ખાતું | | ... ૧૩૯— ૦—૦ | ભાઇ શાંતિલાલ ઠાકરસી શેઠ ખાતે | | ૫- ૦- ૦ |
| ,, ૨૦૦૯-૧૦ના લવાજમ ખાતું | | ... ૧૦— ૦—૦ | શ્રી. પ્રબુદ્ધ જૈન પેપર ખાતે | | ૫૪૦- ૦- ૦ |
| ,, અલ્પાહાર ખાતુ ... | | ... ૨૭૨— ૭—૦ | | | |
| ,, માંદા માવજત ધારા ખાતું | | ... ૮—૧૧—૦ | | | |
| ,, આદિશ્વરજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ ચેરીટી ટ્રસ્ટ ખાતું | | ... ૮૮— ૯—૬ | | | |
| ,, પ્રબુધ્ધ જૈનનું ખાતુ ... | | ....૧,૪૫૬— ૫—૦ | | | |
| | | ૯,૧૮૪— ૧-૧૦ | | | ૯,૧૮૪- ૧-૧૦ |

અમોએ ઉપલું સરવૈયું, ચોપડાઓ, રસીદો, વાઉચરો અને બેંક પાસબુક સાથે તપાસ્યું છે અને આથી રીપોર્ટ આપીએ છીએ કે અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલ ખબર અને ખુલાસા પ્રમાણે અને ચોપડામાં બતાવેલ છે તે પ્રમાણે બરોબર માલુમ પડયું છે

**એચ. પી. કુંભાણીની કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ એન્ડ ઓડીટર્સ
મુંબઈ, તા. ૧૨-૧-૧૯૫૧

## સંવત ૨૦૦૭ની સાલનો શ્રી મ. મો. શાહ સાર્વજનિક વા. પુસ્તકાલયનો આવક જાવકનો હિસાબ

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૩૫– ૦–૦ | ડીપોઝીટ જપ્તના | ૩૬૦–૧૨– ૦ | પેપર લવાજમના |
| ૧૧૯૫–૧૪–૦ | વ્યાજના | ૮૫૫–૧૫– ૦ | ખર્ચના |
| ૬૫– ૪–૦ | પાસ બુકના | ૧૮૪૯– ૩– ૦ | પગારના |
| ૨૩૧– ૦–૬ | દંડના | | |
| ૮૮૬– ૪–૦ | ભેટના | ૩૦૬૫–૧૪– ૦ | |
| ૨૪૧૩– ૬–૬ | | | |
| ૬૫૨– ૭–૬ | વર્ષની આખરે ખોટના | | |
| ૩૦૬૫–૧૪–૦ | | | |

## સંવત ૨૦૦૭ની સાલનું શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલયનું સરવાયું

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૨૪,૦૦૧—૦—૦ | શ્રી. મ. મો. શાહ સા. વા. પુ. ખાતે જમા | ૧૦,૦૦૦—૦—૦ | ધી રાવલગામ સ્યુગર ફાર્મ લી. ના ડીબેન્ચર્સ ૪ ટકાના |
| ૬૦—૦—૦ | ,, ફરતી લાયબ્રેરી ડીપોઝીટ ખાતે જમા | ૧૦,૦૦૦—૦—૦ | ધી બોમ્બે સ્ટીમ નેવીગેશન કું. ના ડીબેન્ચર્સ ૪॥ ટકાના |
| ૧,૦૫૮—૪—૦ | ,, પુસ્તક ખાતે જમા | ૫,૦૦૦—૦—૦ | ધી જયપુર મેટલ વર્કસ લી. ના ડીબેન્ચર્સ ૪॥ ટકાના |
| ૯૭—૦—૦ | ,, પુસ્તક વધારા ડીપોઝીટ ખાતે જમા | ૩,૬૧૫—૦—૦ | ધી બોમ્બે સ્ટીમ નેવીગેશન કું. ની લોન ૫ ટકાની ૧૯૨૬ ની રૂા. ૩૦૦૦) ની |
| ૨,૦૪૦—૩—૬ | ,, મુંબઈ જૈન યુવક સંઘ ખાતે જમા | ૧,૦૪૩—૫—૬ | ધી બેન્ક ઓફ ઇન્ડીયા લી. ના ખાતામાં |
| ૩,૩૪૩—૮—૦ | ,, ડીપોઝીટ ખાતે જમા | ૯૭૦—૫—૦ | શ્રી આવક જાવક ખાતે ઉધાર |
| ૩૧—૧૦—૦ | ભાઈ શાંતિલાલ ઠાકરસી શેઠ ખાતે જમા | | ૩૧૭–૧૩—૬ ૨૦૦૬ ની ખોટના |
| | | | ૬૫૨—૭—૬ ૨૦૦૭ ની ખોટના |
| | | | ૯૭૦—૫—૦ |
| | | ૨–૧૫—૦ | રોકડ પુરાંત હાથપર |
| ૩૦,૬૩૧—૯—૬ | | ૩૦,૬૩૧—૯—૬ | |

અમોએ ઉપલું સરવૈયું, ચોપડાઓ, રસીદો, વાઉચરો અને બેંક પાસબુક સાથે તપાસ્યું છે અને આથી રીપોર્ટ આપીએ છીએ કે અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલ ખબર અને ખુલાસા પ્રમાણે અને ચોપડામાં બતાવેલ છે. તે પ્રમાણે બરોબર માલુમ પડયું છે.

**એચ. પી. કુંભાણીની કાં.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ એન્ડ ઓડીટર્સ
મુંબઈ તા. ૧૨–૧–૫૧

## 'સ્વામી સમંતભદ્રજી'

દુનિયામાં જેટલા મહાન માણસોને આપણે જાણીએ છીએ એના કરતાં પણ કદાચ વધારે સંખ્યા એવી છે કે જેને આપણે નથી જાણતા અથવા તો તેઓ પોતે જ અજ્ઞાત રહેવાનું પસંદ કરે છે. ઈશ્વરનું જ્ઞાન આપણને છે, પણ ઈશ્વર પોતે દેખાતો નથી. એવી જ રીતે આ અજ્ઞાત મહાત્માઓએ જીવનમાં જે કંઈ કર્યું છે તેને જ આપણે જોઈ શકીએ છીએ, પરંતુ એ મહાત્માઓના દર્શન કરવાનું, એમનો સત્સંગ મેળવવાનું અથવા તો તેમના અન્તેવાસી બનીને એ મૂકસેવક પાસેથી શિક્ષણ લેવાનું ભાગ્ય તો બહુ જ ઓછા માણસોનું હોય છે. કુદરત જેટલી શાંતિથી અને ક્રમબધ્ધરીતે પોતાનું કાર્ય કરે છે, એ જ પ્રકારનું નૈસર્ગિક જીવન આ મહાત્માઓનું હોય છે. તેને જો આપણે પ્રકાશમાં ન લાવીએ તો તે પ્રગટ થતું નથી, પણ અજ્ઞાત રહીને જ પોતાનું કાર્ય કર્યે જાય છે. આવા જ એક મહાન આત્માનો પરિચય, એક અદૃશ્ય સૂર્યનું દર્શન અહીં કરાવવાનો પ્રસ્તુત પ્રયત્ન છે.

છેલ્લાં પચાસ વર્ષોમાં ભારતમાં જે શૈક્ષણિક આંદોલન થયું તેથી અનેક અજ્ઞાત સત્પુરૂષો પ્રકાશમાં આવ્યા. રાજા રામમોહનરાયથી શરૂ કરીને સ્વામી વિવેકાનંદ સુધીના કાળ દરમિયાન ભારતમાં શિક્ષણનાં ક્ષેત્રમાં સારી જાગૃતિ આવી અને એમના પછી શિક્ષણની જુદી જુદી પરંપરાઓ શરૂ થઈ. એમાં ગુરૂકુળના શિક્ષણનું સ્થાન સર્વશ્રેષ્ઠ રહ્યું છે. સ્વામી શ્રધ્ધાનંદજીનું કાંગડીનું ગુરૂકુળ, રવીન્દ્રનાથ ટાગોરનું શાંતિનિકેતન, મહાત્મા ગાંધી [illegible] રાષ્ટ્રીય વિદ્યાપીઠ અને સત્યાગ્રહાશ્રમ આદિ સંસ્થાઓએ રાષ્ટ્રને [illegible] આદર્શ બતાવ્યો અને શિક્ષણની નવી પરંપરા ચાલુ કરી. આ પર[illegible]ામાં જૈન સમાજમાં પણ જે પ્રથમ પ્રયત્ન આ ઉદાત્ત ભાવનાથ[illegible] થયો એ સ્વામી સમંતભદ્રજીને આભારી છે. સ્વામી સમંતભ[illegible]એ છેલ્લા ચાલીસ વર્ષમાં જૈન સમાજને માટે જે કંઈ કર્યું [illegible]વું ભાગ્યે જ કોઇ બીજી વ્યકિતએ કર્યું હોય, અને આમ [illegible] છતાં પણ એમનું નામ ભાગ્યે જ કોઇ જાણે છે. કારણ કે [illegible]ળના ઉચ્ચ આદર્શ અનુસાર તેઓ સદૈવ અજ્ઞાત જ રહ્યા છે. [illegible]ાએ પોતાના સાઠ વર્ષના જીવન દરમિયાન સેંકડો વિધાર્થીઓ[illegible]ન કેવળ જ્ઞાનદાન જ નથી આપ્યું પરંતુ મનુષ્ય બનાવ્યા છે, પો[illegible]ાના સર્વોચ્ચ સ્વાર્થ-ત્યાગથી ભારતની જનતા સમક્ષ એક નવો [illegible]ાદર્શ રજુ કર્યો છે, તેમની ષષ્ઠિપૂર્તિના મંગલ પ્રસંગે તેમના [illegible]નનો પરિચય મેળવવો એ આપણું કર્તવ્ય છે.

સ્વામી સમંતભદ્રજીનો જન્મ સને ૧[illegible]૧માં સોલાપુરની નજીક દુધની ગામમાં એક ગુજરાતી જૈન કુટું[illegible]ાં થયો. તેમનું જન્મનામ દેવચંદ કસ્તુરચંદ શાહ છે. ઘણાં વર્ષો પહેલાં ગુજરાતના ઇડર પ્રાંતમાંથી જૈન ગુજરાતી કુટુંબો દક્ષિણમાં—મહારાષ્ટ્રમાં આવીને વસ્યા અને આજે પણ પોતાની વ્યા[illegible]રી કુશળતાથી તેઓ પ્રસિધ્ધ છે. શેઠ વાલચંદ હીરાચંદ આદિ અનેક પ્રસિધ્ધ વ્યાપારીઓની જન્મ-

પોતાના ગુરૂકુળમાં લાવ્યા, અને એમના માટે મફત શિક્ષણ તથા રહેવાની અને જમવાની વ્યવસ્થા કરી. ગામડાંના ગુરૂકુળના વિદ્યાર્થીઓ માટે લોકો સ્વેચ્છાએ દરરોજ એક એક મુઠી બાજરો એકત્ર કરતા હતા અને પ્રતિવર્ષ ગાડાં ભરીને આશ્રમમાં લઇ જતા હતા. જે ઘરમાં શિક્ષણનો પ્રચાર નહોતો અને જેને કદિ અક્ષરજ્ઞાન પણ નહોતું મળ્યું એવાં ઘર સુધી પણ શિક્ષણ પહોંચાડવાનું આ મહાનકાર્ય સ્વામી સમંતભદ્રજીએ કર્યું. પંદર વર્ષમાં આ સંસ્થા દ્વારા પાંચસોથી અધિક વિદ્યાર્થીઓએ પોતાનું શિક્ષણ પૂરું કર્યું છે. અને પોતાના ગામડાઓમાં શિક્ષણનો લાભ આપ્યો છે. આ સમગ્ર શિક્ષણસંસ્થા બહારના શિક્ષકોથી નહિ પણ સંસ્થાના સ્નાતકોની સ્વેચ્છાએ અર્પેલી સેવા વડે થયું છે. સ્વામી સમંતભદ્રજીની શિક્ષણની નીતિ એ હતી કે શાળાન્ત શિક્ષણ પછી પ્રત્યેક વિદ્યાર્થી આ સંસ્થાઓમાં પોતાનું એક વર્ષ આપી સેવારૂપે કામ કરે. આ પ્રકારે કારંજા ગુરૂકુળના વિદ્યાર્થી શાળાન્ત શિક્ષણ પછી બાહુબલિ ગુરૂકુળમાં સેવા કરતા અને બાહુબલિના વિદ્યાર્થી સોલપુર, નાસિક, સુરઇ અથવા અન્યત્ર જ્યાં ગુરૂકુળની શાખાઓ ચાલતી હતી ત્યાં જઇને અવેતન કાર્ય કરતા હતા. આપણા દેશમાં શૈક્ષણિક પ્રશ્નોને હલ કરવા માટે વિશ્વ-વિદ્યાલયના શિક્ષણ પછી પ્રત્યેક સ્નાતકે ગામડામાં એક વર્ષ માટે અવૈતનિક સેવા ફરજિયાત કરવાની અનેક યોજનાઓ આપણી સરકારે જાહેર કરી છે, પરતું એનું સર્વપ્રથમ આયોજન જો કોઇએ વ્યવસ્થિત રૂપમાં કર્યું હોય તો તે સ્વામી સમંતભદ્રજીએ. એ ભલે નાના પાયા પર કર્યું હોય, પરંતુ દેશને માટે અનુકરણીય આ શિક્ષણ-નીતિ છે એમાં સંદેહ નથી.

સ્વામી સમંતભદ્રજીની શિક્ષણનીતિની આ સિવાયની બીજી બાબતો પણ એટલીજ વિશિષ્ટતાવાળી છે. ગુરૂકુળોમાં જે કામ શિક્ષક વર્ગ કરે છે એ પ્રમાણમાં બહારના શિક્ષકોનાં કામથી ઘણું વધારે હોય છે. કેવળ શાળામાં ભણાવવાનું કામ તેમના માથે નથી હોતું, પણ વિદ્યાર્થીઓના પ્રત્યેક કાર્યક્રમની સાથે શિક્ષકનો સંબંધ હોય છે. વિદ્યાર્થી જો સવારે પાંચ વાગે ઉઠે તો શિક્ષક પણ ઉઠે છે. વ્યાયામ શાળામાં પણ બન્ને સાથે હોય છે, મંદિરમાં સ્વાધ્યાયના સમયે અને પ્રાર્થનાના સમયે પણ સાથે અને જમવાનું પણ સાથેજ. સરકારી ગ્રાંટ મળતી નહિ હોવાથી અનેક તાબેદારીઓમાંથી આ સંસ્થા મુક્ત છે. આપણાં દુર્ભાગી દેશમાં શાળાઓમાં જે રજાઓ અપાય છે તેનાથી સમયનો અને ધનનો કેટલો અપવ્યય થાય છે એ જોઇને, સમાજની સદિચ્છા અને ગરીબોની ' એક મુઠી ' દાન પર નભતી આ સંસ્થાઓમાં બારે માસ અને ચોવીસે કલાક જે કામ ચાલે છે તેનાથી રાષ્ટ્રનું ધન વધશે તેમાં કોઈ સંદેહ નથી. કામ, વધારે કામ, હજુ વધારે કામ—એજ સ્વામી સમંતભદ્રજીનું સૂત્ર છે. ઉઘાડા પગે અને ઉઘાડા માથે સંસ્થાને માટે ધાન્ય એકત્ર કરનાર વિદ્યાર્થી અને સ્વામીજીને જેમણે જોયા હોય તેઓ સમાજના દુર્લક્ષિત નીચલા થર સુધી શિક્ષણનો પ્રકાશ પહોંચાડવો એ કેટલું પુરૂષાર્થભર્યું છે એનો સાચો ખ્યાલ કરી શકશે. શાળામાં વિદ્યાર્થીઓને શાળાના અભ્યાસ ઉપરાંત અનેક જુદી જુદી ઉપયોગી વિદ્યાઓનું અધ્યયન કરાવવામાં આવે છે. તેથી સ્પષ્ટ થાય છે કે આપણે આપણી શાળાઓમાં વિદ્યાર્થીઓના સામર્થ્યનો, એનો સમય અને બુદ્ધિનો પૂરો ઉપયોગ નથી કરતા અને તેથીજ શિક્ષણ મોંઘુ તો પડેજ છે અને સાથે સાથે એકાંગી અને અધુરૂં પણ રહે છે.

સ્વામી સમંતભદ્રજીની શિક્ષણનીતિનું એક સ્પૃહણીય અંગ એ પણ છે કે તેમણે ઉચ્ચ અથવા યુનિવર્સિટી કેળવણી પર એટલો ભાર નથી મૂક્યો જેટલો પ્રાથમિક શિક્ષણ પર મૂક્યો છે. આપણા સમાજમાં યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણના નામે જે અપાર વ્યય, સમય અને ધનનો થાય છે એ ભારત જેવા ગરીબ અને સર્વથા અશિક્ષિત દેશને માટે ભાગ્યેજ હિતકારી કહી શકાય. વધારેમાં વધારે લોકોને ઓછા ખર્ચમાં વધારેમાં વધારે શિક્ષણ આપવાને માટે પ્રયત્ન કરવાને બદલે શહેરોમાં ઉચ્ચ શિક્ષણને કેન્દ્રિત કરીને ગામડાઓ પ્રત્યે જે દુર્લક્ષ બતાવવામાં આવે છે તેનાં દુષ્પરિણામ સ્પષ્ટ છે. કોઈ કોલેજ ખોલવી અથવા તો યુનિવર્સિટીમાં અમુક ચેર (chair) સ્થાપિત કરવી એ તો ઉત્તમ છે જ, પણ જો એટલાં જ ધન અને પરિશ્રમથી સેંકડો પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ગામડાઓમાં ખોલવામાં આવે તો એ બહુ જનહિતકારી બને એ નિર્વિવાદ વાત છે. સ્વામી સમંતભદ્રજીએ રાષ્ટ્રીય આવશ્યકતાઓને જાણીને એને જે સેવાભાવથી પૂરી કરી છે એ નિઃસંશય અનુકરણીય છે.

જો કે સ્વામી સમંતભદ્રજીએ જૈનોની સહાયથી અને જૈનધર્મના પુનરુત્થાનને માટે પ્રયત્ન કર્યા અને પોતાનું કાર્યક્ષેત્ર જૈનસમાજને માટે સીમિત કર્યું છે તો પણ એમણે કદી પણ સાંપ્રદાયિકતા પર ભાર મૂક્યો નથી. સંસ્થાનો વિદ્યાર્થી જ્યારે ઉચ્ચ શિક્ષણ લઇને કોલેજ-માંથી સંસ્થામાં પાછો આવે ત્યારે નવા વિચાર અને નવી કાર્યદિશા લાવ્યા વિના રહેતો નથી. સંસ્થામાંથી શિક્ષણ મેળવનાર વિદ્યાર્થી ઉચ્ચ અભ્યાસ કરતાં કરતાં પણ મળતી રજાઓમાં કે અભ્યાસ પૂરો કર્યા પછી સંસ્થામાં મહિનો બે મહિના રહીને પોતાની સેવા આપતા રહ્યા છે. સામાન્યતઃ આ નવશિક્ષિતોમાં વિચારનું પરિવર્તન જલ્દીથી થાય છે. આ નવા વિચારનો સુમેળ સ્વામી સમંતભદ્રજીએ ખૂબ કુશળતાથી સાધ્યો છે. સમાજના સળગતા પ્રશ્નો પર વિદ્યાર્થીઓને પોતાના વિચાર સ્વતંત્ર રીતે વ્યકત કરવાની સ્વતંત્રતા સંસ્થામાં અબાધિત છે. હા, જે સમાજની સદિચ્છા પર જ આ કાર્ય થવાનું હતું એજ સમાજ અત્યંત અશિક્ષિત અને જૂનવાણી સંસ્કારોથી ઘડાયેલો હોઇને પોતાના પ્રગતિશીલ વિચારોને ક્ષોભજનક રીતે રજુ કરવાને બદલે શાંતિથી મનનું પરિવર્તન કરાવીને અને વ્યક્તિગત સંબંધથી સ્વામીજીએ રજુ કર્યાં છે. પોતાની ચાલીસ વર્ષની સેવા દરમ્યાન સ્વામીજી ભાગ્યેજ કોઈ જાહેર સભામાં બોલ્યા હોય. સંસ્થાના અનેક વાર્ષિક ઉત્સવ થયા, અનેક ઇમારતોના ઉદ્‌ઘાટન સમારંભ થયા, અનેક અહેવાલો છપાયા, પરંતુ કદી પણ સ્વામીજીએ સભા–સમાજમાં હાજરી નથી આપી કે કદી પણ કોઈ અહેવાલમાં તેમનું નામ છપાયું. આ નિસ્પૃહતાના [illegible] પર જ તેમનો સ્વાર્થત્યાગ અને તેમની સેવા ટકી શકયા છે.

સ્વામીજીએ પોતાના જીવનમાં શિક્ષણના ક્ષે[illegible] જે કાર્ય કર્યું છે તે ભારતીય સમાજ સામે એક નવા આદર્શને [illegible]કે છે. ભૂતકાળમાં નાલંદા, તક્ષશિલા અને વિક્રમશિલા જેવી [illegible]ર્યપીઠો આજે પણ સર્વત્ર સમાજના દરેક વર્ગમાં નિર્માણ કરવાન[illegible]ી મહત્વાકાંક્ષા છે. "**मानसं उन्नतं यस्य, भाग्य तस्य समुन्न[illegible]**" આ એમનું ધ્યેય વાક્ય છે. સદૈવ કાર્યરત રહો, શ્રેય અને પ્રેમનો વિ[illegible]ક કરો, જેમાં તમારા આત્માને સંતોષ મળે તે કાર્ય કરો, સેવાને જીવ[illegible]નું સાધન માનો અને પોતાને નિમિત્ત માત્ર માનીને નિસ્પૃહતાથી [illegible] સાધ્ય કરો, એજ એમનો સંદેશ રહ્યો છે. જે માનવે પોતાના [illegible]ાગથી ઉન્નત માનસથી સેંકડોને જ્ઞાનદાન આપ્યું, ભાવિકોને જ્ઞાનચક્ષુ [illegible]ાપ્યાં, પુણ્યચરિતોને મોક્ષમાર્ગ બતાવ્યા. તેમની ષષ્ટિપૂર્તિના આ મંગલ અવસરે એમને દીર્ઘ આયુષ્ય અને આરોગ્ય માટે પ્રાર્થ[illegible] કરવી એ આપણું કૃતજ્ઞતાપૂર્વકનું કર્તવ્ય છે.

મૂળ હિંદી : [illegible]નાભ શ્રીવર્મા જૈન

અનુવાદક : [illegible]રાબહેન શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી [illegible]ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ. ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી. ૪૨૬૬.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

વર્ષ : ૧૩
અંક : ૨૦

મુંબઇ : ૧૫ ફેબ્રુઆરી ૧૯૫૨ શુક્રવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## યમરાજનો અતિથિ

( એલ્ફિન્સ્ટન કૉલેજના ગુજરાતી સાહિત્યના અધ્યાપક શ્રી. બિપીન ઝવેરીએ કઠોપનિષદ્‌માં આવતા યમ–નચિકેતાના સુપ્રસિધ્ધ પ્રસંગને એક નાની સરખી નાટિકામાં સુન્દર રીતે ગુંથ્યો છે: તેના પહેલા બે પ્રવેશ નીચે આપવામાં આવે છે અને બાકીનો ભાગ હવે પછી ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે.—તંત્રી )

### પ્રવેશ પહેલો

[પ્રાગૈતિહાસિક કાળના કોઇ એક નગરના એક બ્રાહ્મણવાડાની શેરી. ડાબી બાજુથી ભૃગુ ને જમણી બાજુથી શાર્વિક પ્રવેશે છે. બંનેએ મૃગચર્મ પહેરેલાં છે. ભૃગુના હાથમાં તુમડાનું કમંડળ છે. શાર્વિકના ખભા પર સમિધ—યજ્ઞ માટેનાં લાકડાંની ભારી છે. એણે એક હાથે એ ભારી પકડી રાખેલી છે.

**ભૃગુ:** કેમ શાર્વિક, કુશળ છો? તપ તો વધે છે ને?

**શાર્વિક:** હાસ્તો; યજ્ઞોને પ્રતાપે. જુઓને રોજ સવારે જાતે સમિધ વીણી લાવું છું. એવી સેવાથી દેવો પ્રસન્ન કેમ ન થાય?

**ભૃગુ:** જાતે યજ્ઞ કરો છો?

**શાર્વિક:** જાતેયે કરું છું, ને યજમાનોના યજ્ઞોમાં પણ જાઉં છું. તમે?

**ભૃગુ:** હું તો બીજાના યજ્ઞમાં હોતા, ઋત્વિજ કે અધ્વર્યુ થાઉં. દક્ષિણા મળે એનાથી આપણને સંતોષ. મારે તમારી જેમ સ્વર્ગો નથી જોઇતાં.

**શાર્વિક:** ...ારી જેમ તમનેયે કામ તો ઘણું રહેતું હશે?

**ભૃગુ:** હ... ઘેરે ઘેર યજ્ઞ થતા હોય ત્યાં અવકાશ ક્યાંથી મળે? અરે ભા... ...ડીની ફુરસદ નથી! અત્યારે પણ એ જ કામે ચાલ્યો.

**શાર્વિક:** ...ને ત્યાં?

**ભૃગુ:** અ... ...નમ વાજશ્રવા છે, તેને ત્યાં.

**શાર્વિક:** (...ઃ કરી) વાજશ્રવા ઉદ્દાલક?

**ભૃગુ:** હા. સર્વથી મહાન યજ્ઞ—સર્વજિત દક્ષિણાયજ્ઞ કરે છે.

**શાર્વિક:** (...ખડખડાટ હસી પડી) તમે ફસાઇ રહ્યા. શું ઉદાર યજમાન મળ્યા છે!

**ભૃગુ:** કેમ? ...મ કેમ કહો છો?

**શાર્વિક:** કેમ ...ું! એ વાજશ્રવા સર્વસ્વની દક્ષિણા આપશે? એ તો જેવો ક્રોધી છે ...ો જ કંજૂસ છે. એના ઘણા યજ્ઞોમાં હું જઇ આવ્યો છું. પહેલા ...માં અમને બધાને એમ હતું કે દરેકને પાંચ પાંચ ઘોડા આપશે. પ... એને બદલે એણે બળદ આપ્યા.

**ભૃગુ:** બળદ? ત્યારે તો દસદસ બારબાર આપ્યા હશે!

**શાર્વિક:** ના, એ... એક; અને તેયે ઘરડા. બીજા યજ્ઞમાં અમે બહુ આશાવંત હતા. દ... ...ને ઓછામાં ઓછી દસ દસ ગાય મળશે એમ ધારતાં હતા. પણ, વાજ... ...વાએ માત્ર બકરીઓ આપી.

**ભૃગુ:** કેટલી, સો સો?

**શાર્વિક:** ના, એક એક. ને એમાંયે મારી તો કાણી હતી. મારી ભાર્યાની જેમ.

[ડાબી બાજુથી શંભુ અને પ્રિયંકર પ્રવેશ કરે છે, અને આ બેની પાસે આવી ઊભા રહે છે:

**પ્રિયંકર:** ચાલો ભૃગુ, આવો છો ને?

**ભૃગુ:** જરા ઊભા રહો.

**શાર્વિક:** વાજશ્રવાના ત્રીજા યજ્ઞમાં ભૂમિદાન હતું. અમને લાગતું હતું કે યજમાન–રાજા અધ્વર્યુ, હોતા, ઉદ્દગાતા વગેરે દરેકને એક એક ગામ ને બાકીનાને એક એક ખેતર આપશે. પણ, વાજશ્રવાએ તો દાનમાં પોતાની પર્ણકુટી પાછળનો વંડો જ આપ્યો.

**ભૃગુ:** કોને? અધ્વર્યુને?

**શાર્વિક:** ના. અધ્વર્યુ, હોતા, ઉદ્દગાતા અને બીજા સર્વ વિપ્રો વચ્ચે. કહ્યું કે તમે એના ભાગ પાડીને વહેંચી લેજો.

**શંભુ:** કોની, વાજશ્રવા ઉદ્દાલકની વાત કરો છો?

**શાર્વિક:** હા.

**ભૃગુ:** પછી ભાગ કઇ રીતે પાડયા?

**શાર્વિક:** અમે પંચ નીમ્યા. પંચનો ફેંસલો આવ્યો કે આટલી ભૂમિના સત્તર ભાગ પડી શકે નહિ.

**પ્રિયંકર:** પછી શું થયું?

**શાર્વિક:** પછી શું થાય? અમે બધા ભેગા થઇને વાજશ્રવા પાસે ગયા. જઇને કહ્યું, કે આપ મહાન યજ્ઞો કરો છો, ને એથી આપની ખ્યાતિ દિગંતમાં ફેલાયલી છે. આપે અનુગ્રહ કરીને અમને ભૂમિદાન કર્યું છે. પણ અમે એને સરખે હિસ્સે વહેંચી શકતા નથી. એટલે અમે આપને એ ભૂમિ પાછી આપવા આવ્યા છીએ. ભગવન્ત, એ સ્વીકારવાની કૃપા કરશો, અને પછી અમે એ વાડો એને પાછો આપી દીધો અને કહ્યું, 'અમને કોઈ બીજી દક્ષિણા આપશો તો ઉપકૃત થઇશું.'

**ભૃગુ:** યજમાન–રાજા બહુ ચિડાઇ ગયા હશે!

**શાર્વિક:** ના રે, એ તો બહુ ખુશ થઇ ગયા. એ કહે, 'અમારાં ભાર્યાને આ વાડો બહુ જ ગમતો હતો; એમ કહીને એણે અમારા સર્વના પગ પખાળ્યા અને એના બદલામાં બીજી દક્ષિણા આપવા માંડી.

**ભૃગુ:** કઇ?

**શાર્વિક:** ધાન્યની.

**ભૃગુ:** જવ કે ચોખા?

**શાર્વિક** : કોદરા.

**ભૃગુ** : ત્યારે તો આખા વરસનો પાક આપી દીધો હશે ?

**શાર્વિક** : ના. દરેકને એક એક ધડૂલીપૂર. ને એ પણ સડેલા.

**ભૃગુ** : વાજશ્રવા એવા કૃપણ હોય તો આપણે નથી—

**પ્રિયંકર** : (વચ્ચેથી, શાર્વિકને) પણ આ બધી કયારની વાત કરો છો ?

**શાર્વિક** : 'કયારની' એટલે ?

**પ્રિયંકર** : એટલે કેટલાં વર્ષ પરની ?

**શાર્વિક** : પાંચ સાત વર્ષ પરની. એનો આવો સ્વભાવ જોઈને પછી હું તો કોઇ દિવસ એના યજ્ઞોમાં ગયો જ નથી.

**પ્રિયંકર** : એ પછી થોડે વખતે એની એક પુત્રી મરી ગઇ. ત્યારથી એનો સ્વભાવ બદલાયો છે. અલબત્ત, વચ્ચે વચ્ચે કોઇ કોઈ વાર જૂનો સ્વભાવ ડોકિયાં કરી જાય ખરો. (સ્મિત કરે છે.)

**ભૃગુ** : આ વખતે પાછો એનો લોભી સ્વભાવ જોર તો નહિ કરે ને ?

**પ્રિયંકર** : ના રે! આ વખતે તો એ સર્વજિત દક્ષિણાયજ્ઞ કરે છે. એટલે, સર્વ વસ્તુ દક્ષિણામાં આપશે જ ને ?

**ભૃગુ** : એમ ? તમને ખાત્રી છે ?

**શંભુ** : હા હા; આપશે જ. ચાલો, વહેલા થઈએ.

[ભૃગુ, શંભુ ને પ્રિયંકર ઉતાવળે જમણી બાજુ જવા જાય છે.

**શાર્વિક** : જાવ, ખુશાથી જાવ. પણ પછી પસ્તાતા નહિ! (હસે છે.)

[ભૃગુ, શંભુ ને પ્રિયંકર જમણી બાજુ ને શાર્વિક ડાબી બાજુ ચાલ્યા જાય છે.

## પ્રવેશ બીજો

[તખ્તાની ડાબી બાજુના ભાગમાં ગૌતમ વાજશ્રવાની પર્ણકુટીનું પ્રવેશદ્વાર દેખાય છે. એ બાદ કરતાં બાકી રહેલા ભાગ ઉપર વચ્ચોવચ્ચ એક યજ્ઞવેદી છે. એમાંથી ધીમી જ્વાળાઓ નીકળી રહી છે. વેદીની પાછળ, પ્રેક્ષકોની સામે મુખ કરીને ગૌતમ-વાજશ્રવા અને એની પત્ની બેઠેલાં છે. ગૌતમનું વય આશરે પિસ્તાળીશનું હશે. એના મુખ પર ખિન્નતા, કરડાકી ને વિષાદની ભાતીગળ રેખા અંકાયેલી રહે છે. એનું વનકલ ફાટેલું છે. ગૌતમની પત્નીનું વય પાંત્રીસનું હશે. એણે વનકલમાંથી બનાવેલ કુશપટ્ટિકા અને વનકલનો જ બહુ ઊંચો ઘાઘરો પહેરેલાં છે. એનાં વનકલ સ્વચ્છ ને સુરેખ છે. એણે આખા શરીરે સુવર્ણના અલંકારો પહેરેલા છે—સાથે કોઈ કોઈ છીપ અને કોડીનાં પણ છે. વેદીની બન્ને બાજુએ, કંઇક અર્ધગોલાકારમાં, ભૃગુ, પ્રિયંકર, શંભુ અને વાસુકી બાજઠો પર બેઠેલા છે. ચ્યેના મુખ શ્રોતાઓ બરાબર જોઇ શકે છે. વેદીની ડાબી—પ્રેક્ષકોની જમણી—બાજુએ જમીન ઉપર ચારપાંચ યાજ્ઞિક બ્રાહ્મણો બેઠેલા છે. આઠ—નવે બ્રાહ્મણો પાસે નાની મોટી પોટલીઓ છે.

**ભૃગુ** : ચાલો, આ મહાયજ્ઞ તો પૂરો થયો. દક્ષિણા આપવાનું કામ પણ પૂરું થયું. જર—ઝવેરાત, સુવર્ણ, ગ્રામ—ખેતરો, મુખ્ય ગોધન—બધું અપાઈ ગયું. યજમાન—રાજા, હજી કાંઇ દાનદક્ષિણા બાકી રહ્યાં હોય તો પતાવી દો. એટલે અમે પૂર્ણાહુતિના શ્લોકો શરૂ કરીએ.

**વાજશ્રવા** : (અર્ધસ્વગત) હું સર્વસ્વ દાનમાં આપી દઉં છું ત્યારે મારી પાસેની નજીવી વસ્તુઓ શા માટે બાકી રાખું ? કાંચનનાં દાનદક્ષિણા કરી દીધાં, તો હવે કથીરનો ભાર શા માટે ગળે વળગાડું ? હજી જે કાંઇ ભાંગ્યુંતૂટયું રહ્યું છે એ આપી સર્વસ્વના બોજાથી મુક્ત થાઉં.

**પત્ની** : (વાજશ્રવાને) હવે મારું કાંઈ કામ છે ? હું ઊઠું ?

**ભૃગુ** : ખુશીથી ઊઠો યજમાન—રાણી ! બધાં મુખ્ય દાન તો પતી ગયાં છે.

[પત્ની અંદર જવા માંડે છે.

અર્ધઘટિકા રહીને પાછાં પધારજો.

[પત્ની અંદર ચાલી જાય છે.

**વાજશ્રવા** : દાસ—

[પર્ણકુટીમાંથી એક શામળો નોકર બહાર આવે છે. એણે માછીમારો પહેરે છે એવી માત્ર એક પહોળી લંગોટી પહેરેલી છે. એની દાઢી બોડેલી છે, અને માથે મુંડો છે.

જો દાસ ! આ વિપ્રશ્રેષ્ઠ વાસુકીને અંદર લઈ જા. એમને પેલી પીળી ગાય આપજે. વિપ્રવર્ય, મારી ભાર્યાને એ બહુ પ્રિય છે હો !

**દાસ** : કઈ, પેલી કાણી ને ?

**વાજશ્રવા** : હા, એ જ; જા. પધારો, બ્રાહ્મણશ્રેષ્ઠ !

**વાસુકી** : (ઊભો થતાં) કાણી ? એના કરતાં કોઇ આંધળી ગાય નહોતી ?

**વાજશ્રવા** : એ પણ છે. એ વિપ્રવર્ય પ્રિયંકરને આપીશું.

[આગળ દાસ ને પાછળ મોં બગાડતો વાસુકી જાય છે. એ જતા હોય છે તે દરમ્યાન—

**પ્રિયંકર** : આંધળી ? મને આવી ગાય ? એના કરતાં લંગડી જ આપો ને !

[જમણી બાજુથી વાજશ્રવાનો પુત્ર નચિકેતા અને એનો નાનો ભાઇ શ્વેતકેતુ આવે છે, ને એ ખૂણે ઊભા રહે છે. નચિકેતાનું વય તેરચૌદનું હશે, શ્વેતકેતુનું નવેકનું. એમણે માત્ર એક સફેદ ધોતિયું પહેર્યું છે—કછોટો વાળીને. એમના શરીર પર અલંકારો નથી, પણ વાંસા પર વસ્ત્રોનો વીંટો બાંધેલો છે. નચિકેતાનો દેહ નમણો ને ગૌર છે. એનું મુખ પ્રતાપ દર્શાવે છે.

**નચિકેતા** : (શ્વેતકેતુને) ગુરુને આશ્રમેથી આવતાં આપણે મોડા પડયા. અહીં તો દક્ષિણા શરૂ થઇ ગઇ છે.

[હજી કોઈનું ધ્યાન આ બે તરફ ગયું નથી.

**વાજશ્રવા** : (પ્રિયંકરને) મહાત્મન્, લંગડી પણ બાકી રહી છે. પણ એ બીજા કોઇને આપીશું. આ આંધળી ગાય અમારી મોટી છોકરીને બહુ વહાલી છે હો ! એનું એક શિંગડું તૂટેલું છે, પણ બાકી બધી વાતે બહુ સારી છે.

[આગળ વધવા જતા શ્વેતકેતુને નચિકેતા હાથથી અટકાવે છે.

**પ્રિયંકર** : દૂધ કેટલું આપે છે ?

**વાજશ્રવા** : એક લોટી તો ઓછામાં ઓછું. કોઇક વાર તો સવા લોટી પણ આપે છે.

[નચિકેતા અને શ્વેતકેતુ એકબીજા તરફ [illegible]ે છે. પ્રિયંકર મોં બગાડે છે.

પધારો, પધારો વિપ્ર, આ તો પ્રેમની ભે[illegible]. એમાં આનાકાની હોય નહિ. આપે આ ગૌદાન લેવું જ પડશે. પધારો, પધારો, હું મારે સ્વહસ્તે અંતિમ દાન આપીને કૃતાર્થ [illegible]ઉં !

[કંઇક કોચવાતા પ્રિયંકરને વાજશ્રવા [illegible]નાં દ્વારની અંદર લઈ જાય છે. એ જતા હોય છે [illegible]ત નચિકેતા અને શ્વેતકેતુ ફરી એકબીજા સામે જુએ છે. વાજશ્રવાની પીઠ દેખાતી બંધ થાય છે એટલે—

**નચિકેતા** : જોયું શ્વેતકેતુ, પિતાજી કે[illegible]નર્થ કરે છે તે ! એમને ખબર નથી કે જીવનથી આવી થાકેલી, દોહી લીધેલી કે વસૂકી ગયેલી ગાય આપવાથી યજ્ઞનાં ફળ મળ[illegible]ાં નથી. એથી તો પરલોક આનંદ વિનાનો થઇ જાય છે. હરકોઈ આર્યે યજ્ઞદેવને ચરણે તો પોતાની શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સંપત્તિ ધરી દેવી જોઇએ. ગુરુ કહેતા હતા કે યજ્ઞ આગળ સ્ત્રી અને પુત્રો પણ [illegible]સાતમાં નથી; તો ક્ષુદ્ર સંપત્તિની શી ગણના ?

**શ્વેતકેતુ** : પણ પિતાનો સ્વભા[illegible] ક્રોધાવિષ્ટ છે. એમને કહીશું તો ગુસ્સાથી સળગી—

[એટલામાં વાજશ્રવા દાખલ થાય [illegible]. એની પાછળ જરા વારે

(અનુસંધાન પાના [illegible]૯ ઉપર)

# ત્રણ પ્રકારના ભ્રમ (ગતાંકથી ચાલુ)

## શુદ્ધ વેદાન્તનો ભ્રમ (૨)

આધ્યાત્મિક વિષયમાં સૌથી ભ્રમાત્મક અને તેથી જ અનર્થકારી માર્ગ છે. 'હું જ બ્રહ્મ છું' એમ માનીને સાધના સિવાય સ્વયં-સિધ્ધ બનવાનો. આ માર્ગમાં સાધન નથી, વિધિ નથી, નિષેધ નથી, કષ્ટ નથી, કોઈ પણ જાતની જવાબદારી નથી, કર્તવ્ય નથી. હું જ 'આત્મા' કે 'બ્રહ્મ' છું એમ હંમેશાં મનને મનાવતા અને ભાવના કરાવતા રહેવા સિવાય બીજું કશું સાધન જેમાં નથી એવો આ માર્ગ છે કોઇ પણ એક તત્વજ્ઞાન સ્વીકારીને તેમાંજ પોતાનો તર્કવાદ સામેલ કરીને તે દ્વારા સાધક પોતે જ આ માર્ગમાં સાધ્ય બની જાય છે. **सर्वं खल्विदं ब्रह्म** જેવા કોઈ મહાવાકયનો આધાર માત્ર તેણે લીધેલો હોય છે. "આપણે પોતે અને આપણા સિવાય જે કાંઇ ગોચર–અગોચર 'કલ્પનામાં આવનારૂં ન આવનારૂં, 'સ્થિર–ચર, જ્ઞાત–અજ્ઞાત છે તે બધું એક જ મહાન તત્વ પર કરાયેલો આભાસ માત્ર છે. ગમે તેવા બાહ્ય ફેરફારથી, સ્થિત્યંતરથી, મૂળ તત્વમાં કશો ફેરબદલ થતો નથી. તે વિકાર જાણતું નથી, પ્રકાર જાણતું નથી. તેમાંથી જ વિશ્વનો આભાસ સતત ચાલુ છે. તેમાં માયાનો અવકાશ નથી. તે તત્વનો જ આવિર્ભાવ સર્વત્ર ભાસે છે. ત્યાં માયા આવવાની કયાંથી અને રહેવાની કયાં? અજ્ઞાનના નિરસનની અહીં જરૂર નથી. વિશેષ જ્ઞાનની કે જ્ઞાનસ્થિતિની આવશ્યકતા નથી. અહીં કશું થયું જ નથી એટલે કર્મનો કે કાર્યનો આગ્રહ નથી. આમાં કોઇ કર્તા નથી. ભૂત, વર્તમાન કે ભવિષ્યનો આમાં ભેદ નથી. દરેક વ્યકિત, દરેક, વસ્તુ, કોઇ અણુરેણુ પણ આવિર્ભાવની દ્રષ્ટિથી પોતપોતાની રીતે પૂર્ણ જ છે. તે પોતાની યોગ્ય જગ્યાએ યોગ્ય સ્થિતિમાં અને યોગ્ય ગતિમાં છે. માણસ કર્મ કરે તો યે ઠીક, ન કરે તો યે ઠીક, આવિર્ભાવની દ્રષ્ટિથી ઉન્નતિ–અવનતિ, નીતિ–અનીતિ એ કેવળ કલ્પનાઓ છે. માયા ન હોવાથી અહીં ભ્રાંતિ નથી. બંધન ન હોવાથી મોક્ષ નથી. બધું આવિર્ભાવ જ છે ત્યાં કોને બંધન અને કોને મોક્ષ કહેવો? આવિર્ભાવનું જ્ઞાન થવું અથવા ન થવું બન્ને આવિર્ભાવની જ સ્થિતિઓ છે, તેથી બન્ને એક જ છે. શુધ્ધ, બુધ્ધ, નિત્ય સનાતન એક જ તત્વ અનેક રૂપોથી સર્જાયેલું છે. તેનું ભાન રહે અને ચિત્તની શાંતિ જળવાય એ માટે મહાવાકયનું સ્મરણ રાખવું જોઇએ. ... તે ન રાખીએ તોય મૂળભૂત તત્વમાં કે તેના આવિર્ભાવમાં ફેરફ... ...ો નથી." તેમના આ તત્વજ્ઞાનમાં સદ્‌ગુણોનો આગ્રહ ન હોવાથી ...ા હોય તેવા જીવનને પૂર્ણ માનવા માટે એવા જ પ્રકારની વિ...ારસરણી પ્રસ્થાપિત કરવામાં તેમની તર્કશકિત કામ કરતી હોય છે. ...ળદ, ઘોડો, ઝાડ, પાન, ફૂલ, ઘાસનું તણખલું, જે કંઇ તેમની ... આગળ દેખાય તે પર પોતાની તાર્કિકતા ચલાવીને તેઓ પોતા... ...વજ્ઞાન અને પોતાનો મત દૃઢ કરતા રહે છે. આ પ્રાણીઓ, ... વસ્તુઓ છે તેના કરતાં વધારે સારા કેમ નથી? આ પ્રશ્ન કે ...કા અજ્ઞાન છે. કોઇ પણ વસ્તુ બહારથી ગમે તેવી દેખાતી હો... તો પણ તેનું સ્વરૂપ નાશવંત છે. બધી વસ્તુના બાહ્ય આવિર્ભાવો ક્ષણે ક્ષણે બદલાતા હોય છે અને તે તેવા જ બદલાતા રહેવાના. એટલે વિશ્વની બધી વસ્તુઓનું આ ક્ષણે જે સ્વરૂપ હોવું જોઇએ જે સ્થાને તે હોવી જોઇએ તે જ સ્વરૂપે અને તેજ જગાએ તે છે. હું પણ આ દેહના આવિર્ભાવ રૂપે જયાં જેવો હોવો જોઇએ ત્યાં ... તેવો જ છું. આ સૃષ્ટિ અને હું–બધાં યથાતથ છીએ. ...ાંજ સમાધાન છે. હું આવો કેમ અને તેવો કેમ નહિં એ વિ...ાર જ અજ્ઞાન, દુઃખ અને અસમાધાનનું કારણ છે. તેને ચિત્તમાં ઉઠવા ન દેવો એ જ ખરૂં સાધન અને તે ન ઉઠે એ જ સાચી જ્ઞા...વસ્થા. આ ઘાસનું તણખલું કદી કહે છે કે હું અપૂર્ણ છું? ... પછી હું માણસ હોવા છતાં મારે પોતાની જાતને અપૂર્ણ શા મા... સમજવી? ઉપનિષદમાં કહ્યું છે:

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते॥

(આ પૂર્ણ છે, એ પૂર્ણ છે, પૂર્ણમાંથી પૂર્ણ નીકળે છે, પૂર્ણમાંથી પૂર્ણ લેવાથી પૂર્ણ જ અવશેષરૂપે રહે છે.) આ શ્લોકનું રહસ્ય ચિત્ત પર પૂર્ણપણે ઠસ્યું નથી ત્યાં સુધી જ પૂર્ણ–અપૂર્ણ, જ્ઞાન–અજ્ઞાન, ઉન્નતિ–અવનતિ, સદ્‌ગુણ–દુર્ગુણ, શુધ્ધિ–અશુધ્ધિ, એવા ભેદો રહેવાના. આ રહસ્ય ઠસ્યા પછી ભેદ શાના અને તે કોણે માનવા? સત્ય જ્ઞાન, સત્ય સિધ્ધાંત, '**सर्वं खल्विदं ब्रह्म**' છે.

આવા સાધકો પોતાની મનઃસ્થિતિ આવી જાતની બનાવતા હોય છે. તેમને આ સ્થિતિને લીધે એક પ્રકારનો સંતોષ મળે છે, કારણ આ સ્થિતિમાં બધાં કર્તવ્યોમાંથી, બધી જવાબદારીમાંથી, કશું ન કરતાં તેમને છૂટ્યા જેવું લાગે છે. આ સ્થિતિમાં મરજી પડે તો ઉપાધિ લેવી, ન પડે તો ન લેવી; પ્રિય લાગે તે વિષયમાં મનને જવા દેવું; રમ્ય અને આનંદપ્રદ લાગે તે કરવું; કોઈ પણ બાબત કોઇ પણ કાર્ય આગ્રહપૂર્વક પૂરૂં કરવું જોઇએ, એમ આ સ્થિતિમાં મનને કદી લાગતું નથી. ચિત્તનું સ્વાસ્થ્ય જાય એવી ભાંજગડમાં પડવાનું નહિ. આવી જીવનપધ્ધતિ રાખ્યા પછી તેમાં દુઃખ અને ચિંતાને અવકાશ રહેતો નથી. તેથી એ જ્ઞાનની પરમાવસ્થા છે એમ માનવાનો ભ્રમ સહેજે થાય. આપણા દેશમાં આવી જાતની વિચારસરણીવાળા પંથો ચાલુ છે. તેમાં કોઇ જ બુધ્ધિમાન હોતું નથી એમ નથી, પરંતુ તેમાં સામાન્ય રીતે આળસુ, જડબુધ્ધિ, પુરુષાર્થહીન અને પોતાનામાં રહેલો કોઈ પણ દોષ દૂર ન કરતાં કોઇ આધ્યાત્મિક વિશેષતા પ્રાપ્ત કરવાની મહત્વાકાંક્ષા રાખનારાઓ મોટા પ્રમાણમાં હોય છે. આ માર્ગમાં તેમને નિરૂપાધિકતા લાગે છે અને પ્રતિષ્ટાની મહત્વાકાંક્ષાની પણ કંઇક અંશે તૃપ્તિ થાય છે.

પરંતુ આ વિચારસરણીથી ગમે તેવા દોષને આશ્રય મળે છે. અને તેનું પોષણ થવાને પણ તેમાં ભરપૂર અવકાશ રહે છે. તેથી જે વિચારસરણીથી આપણે પોતાની માણસાઈ, તેનાં કર્તવ્યો અને પોતાનું ધ્યેય ભૂલી જઇએ છીએ, તે તત્વજ્ઞાન નહિં પણ ભારે મોટો ભ્રમ છે એમ કહેવું પડે છે. ચિત્તની શુધ્ધિ અને સદ્‌ગુણોનું સંવર્ધન જેનાથી સાધી શકાતાં નથી, જેમાં આપ–પરભાવ પ્રત્યક્ષ આચરણમાં ઓછો કરવાની શકિત નથી, વિવેક, નમ્રતા, સેવાવૃત્તિ જેવા સદ્‌ગુણોનું જેમાં મહત્ત્વ નથી, જેમાં કર્તૃત્વ અને પુરુષાર્થની વૃધ્ધિ માટે અવકાશ નથી તે વિચારસરણી કે તત્વજ્ઞાન અથવા સાધન ગમે તેટલું દિવ્ય, આકર્ષક કે રમ્ય લાગે તોય માનવીજીવનને સફળ કરવાનું સામર્થ્ય તેમાં નથી એ વાત આપણને સહેજે સમજાવી જોઈએ. માનવીના મનમાં અનેક પ્રકારના મોહ પ્રગટ કે સુપ્તપણે વાસ કરે છે. અંતર્મુખ થયા સિવાય, શુધ્ધ વિવેક સૂઝયા સિવાય આપણો મોહ આપણે ઓળખી શકતા નથી. માનવશરીરમાં રહેલી બધી શકિતઓની શુધ્ધિ અને વૃધ્ધિ કરીને પોતાની પૂર્ણતા સાધવી એ જીવનનો હેતુ છે. ચિત્તને શુધ્ધ કરતાં કરતાં અને સદ્‌ગુણોની વૃધ્ધિ કરતાં કરતાં પોતાનો અહંકાર નાશ પામે ત્યાં સુધી અને તે સદ્‌ગુણો જ પોતાનો સ્વભાવ બની જાય ત્યાં સુધી આપણે આગળ જવાનું છે. આપણે એકલા જ કોઈ શ્રેષ્ટ ભૂમિકા પર આરૂઢ છીએ એવી કલ્પનામાં ન રહેતાં, આપણે અને આપણી આજુબાજુનો માનવસમાજ સતત ઉન્નત થતો રહે એવા પ્રકારનો કર્મયોગ આપણે સિધ્ધ કરવો જોઇએ. એ કર્મયોગ તે જ માનવધર્મ. તે કર્મયોગનું આચરણ કરતા રહીને આપણે બધાએ પોતાની ઉન્નતિ સાધવી એ જ આપણું જીવનકર્તવ્ય છે.

અપૂર્ણ

કેદારનાથજી

# સંઘ સમાચાર

## શ્રી. મુંબઈ જૈન યુવક સંઘઃ વાર્ષિક સભા

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૭–૧–૫૨ રવિવારના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી. તેજ દિવસે સવારે સૌરાષ્ટ્રમાં ચૂંટણીનું કાર્ય પતાવીને સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ સદ્ભાગ્યે મુંબઇ આવી પહોંચ્યા હતા અને તેમણે સામાન્ય સભાનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. આગળની સાલની સામાન્ય સભાની નોંધ વંચાયા બાદ કાર્યક્રમ મુજબનું કાર્ય શરૂ થાય તે પહેલાં પ્રમુખશ્રીની રજા લઇને શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજુ કર્યો હતોઃ—

"ગોહેલવાડ—સોરઠ વિભાગમાંથી ઘણી મોટી બહુમતી સાથે સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ હિંદની લોકસભામાં ચૂંટાયા અને સંઘના સભ્ય શ્રી. શાન્તીલાલ હરજીવન શાહ મુંબઇ પ્રદેશની ધારાસભામાં ચૂંટાયા તે વિષે આજની સભા પોતાનો આનંદ વ્યક્ત કરે છે અને તે બન્ને બંધુઓને આજની સભા હાર્દિક ધન્યવાદ આપે છે.

ત્યાર બાદ સંઘનો વાર્ષિક વૃત્તાંત, આવકજાવકનો હિસાબ તથા સરવૈયું અને નવા વર્ષનું અંદાજપત્ર કાર્યવાહક સમિતિ વતી મંત્રીઓએ રજુ કર્યાં હતા અને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા.

ત્યાર બાદ સંઘના નવા અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિની નીચે મુજબ ચૂંટણી કરવામાં આવી હતી.

### નવા અધિકારીઓ

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા ...પ્રમુખ
,, ચીમનલાલ ચકુભાઈ શાહ ...ઉપપ્રમુખ
,, મણિલાલ મોકમચંદ શાહ
,, જયંતિલાલ લલ્લુભાઈ પરીખ } મંત્રીઓ
,, રમણલાલ સી. શાહ
,, ચીમનલાલ પી. શાહ ...કોષાધ્યક્ષ

### કાર્યવાહક સમિતિના સભ્યો

| | |
|---|---|
| શ્રીમતિ જસુમતિબહેન મનુભાઈ કાપડિયા | શ્રી. કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા |
| શ્રી. ટી. જી. શાહ | ,, પાસુભાઇ ખીયસી ફુરીઆ |
| ,, તારાચંદ એલ. કોઠારી | ,, રમણિકલાલ મણિલાલ શાહ |
| ,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ | ,, ચંચળબહેન ટી. જી. શાહ |
| ,, ધીરજલાલ ધનજીભાઈ શાહ | ,, પરમાનંદ હરજીવન કામદાર |
| ,, નાનચંદભાઈ શામજી શાહ | ,, લક્ષ્મદાસ ફુલચંદ મહેતા |
| ,, રતીલાલ ચીમનલાલ કોઠારી | ,, જટુભાઈ મહેતા |
| | ,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ |

છેલ્લાં સાત વર્ષથી સંઘના મંત્રી તરીકે કાર્ય કરી રહેલ શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહ આ વખતે મંત્રી તરીકે નિવૃત્ત થતા હોઇને તેમની મંત્રી તરીકેની આજ સુધીની સેવાની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લેવામાં આવી હતી.

સંઘના નવા વર્ષના ઓડીટર તરીકે એચ. પી. કુંભાણીની નીમણુક કરવામાં આવી હતી અને ત્યાર બાદ અલ્પાહાર સાથે સભા વિસર્જન કરવામાં આવી હતી.

## શ્રી મ, મો, શાહ, સા, વા, અને પુ, સમિતિ

તા. ૬–૨–૫૨ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભા શ્રી. ટી. જી. શાહના ખાસ નિમંત્રણથી તેમના નિવાસસ્થાને મળી હતી અને તે સભાએ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય માટે નવા ચાર સભ્યોની નીમણુક કરી હતી. આમાં અધિકારની રૂઇએ પાંચ ટ્રસ્ટીઓને ઉમેરતાં આ સમિતિ નીચે મુજબની બને છે.

### ટ્રસ્ટીઓ

શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ — શ્રી રમણિકલાલ મણિલાલ શાહ
,, પરમાનંદ કુંવરજી કાપડિયા — ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
,, રતીલાલ ચીમનલાલ કોઠારી

### નવા નિમાયલા સભ્યો

શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ—મંત્રી શ્રી. કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા
,, રમણલાલ સી. શાહ ,, જટુભાઇ મહેતા

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

## શ્રી સર્વોદય કતાઈ મંડળ

પાર્લાથી શરૂ થયેલી અમારી નાની પ્રવૃત્તિ વિષે બીજાં કતાઇ મંડળો પણ માહિતી મેળવે એ હેતુથી પ્રેરાઇને આ લખી રહ્યો છું. વચમાં મારૂં કાંતવાનું લગભગ નિયમિત રીતે બંધ થઈ ગયું હતું. પરંતુ સંવત ૨૦૦૭ના નવા વર્ષથી ચાલુ થયું અને રહ્યું. એકલો કાંતીને સંતોષ પામી જાય એવો મારો જીવ નહિ એટલે હું દોસ્તોની શોધમાં નીકળ્યો. ખબર મળી કે દર રવિવારે કેટલાંક કાંતનારાંઓ મારા જ લત્તામાં સમૂહમાં બેસીને લગભગ નિયમિત રીતે કાંતે છે, હું પણ તેમાં ભળ્યો. કાંતીએ એટલે વાતો તો ચાલે જ. એ વાતોમાંથી એક એવું તારણ નીકળી આવ્યું કે આજે ગરીબ તેમ જ મધ્યમ વર્ગના માણસો જો કાંતે તો પણ પૂણી તથા વણકરીના દરો એટલા બધા છે કે તેમ કરવું તેમને પોસાય નહિ. એ ઉપરથી એવો વિચાર સ્ફુર્યો કે કાંતણ પ્રચાર અંગે એક મંડળ સ્થાપવું, આ રીતે સર્વોદય કતાઈ મંડળનો જન્મ થયો. પહેલા બે મહિના તો અમે (એક મહિનામાં) વધુમાં વધુ કાંતનારને એક રતલ પુણી ઈનામ તરીકે આપતા. પરંતુ તેનો લાભ તો કુદરતી રીતે એક જ માણસ લઈ શકે. જ્યારે બીજી બાજુ એ પણ વિચાર આવ્યો કે કાંતનારમાત્રને પુણીની મદદ થઇ પણ કેમ શકે? તેમાંથી ઉત્પન્ન થઇ અમારી ખાદી વેચાણની એજન્સી. એટલે ખાદીના વેચાણ પર મળતા કમિશનમાંથી પુણી અને વણકરી અંગેની મદદ આપવી અમારા માટે સહેલી થઈ પડી. હાલ તરત તો આ મદદને કોઇ મર્યાદા બાંધવામાં આવી નથી. પરંતુ દરેક આંટી પાછળ દોઢ તોલો પૂણીની મદદ આપવી એવો એક વ્યવહારૂ માર્ગ શોધ્યો. દોઢ તોલો રાખવા પાછળ અમારો હેતુ એ છે કે કાંતનારે જો પુણી તદ્દન મફતમાં પાડવી હોય તો તેને ૨૮ આંકનું સૂતર કાઢવું જ પડે અને અઢી રૂપિયે રતલની પુણીમાંથી એથી ઓછા આંકનું સૂતર કાઢવું એ એ[illegible]ક દૃષ્ટિએ બરાબર નથી જ. પૂણી મફત મળવા છતાં સૂતર [illegible]કાંતનારનું જ રહેતું તેથી કાંતનારાઓનો ઉત્સાહ વધ્યો અને [illegible]ખ્યા તથા સૂતરની ઉત્પત્તિ પણ વધવા માંડી. આ થઇ **પૂણી મદદની** વાત. એટલે કે અમારો સભ્ય જો સમજપૂર્વક કાંતે તો પોતાની મહેનતથી કાંતેલું સૂતર તેને મફતમાં પડે.

હવે આપણે વણાટ તરફ વળીએ. કા[illegible]રાઓને ખબર હશે જ કે સરકાર તરફથી સ્વાવલંબી કાંતનારાઓને દર ચોરસ વારે ૦–૬–૦ (ઓકટોબર ૧૯૫૧ થી ૦–૪–૦) મદદ તરીકે આપવામાં આવે છે. આ ઉપરાંત મંડળના સભ્યને દર ચોરસ વારે ૦–૪–૦ની મદદ મંડળ તરફથી આપવામાં આવે છે, એટલે કે વણકરીમાં પણ મંડળ તરફથી સારી એવી મદદ મળી રહે છે. અને કાપડની મધ્યમ જાત જાતે કાંતનારને પાંચથી છ આને [illegible]રસ વાર પડે છે, જેની ભંડારની કિંમત ચોરસ વારે લગભગ રૂા. ૨–૦–૦ ગણાય.

યોગ્ય સભ્યને અમે ચરખો અડધી [illegible]મતે આપવાનો પ્રબંધ રાખ્યો છે. બાકીની અડધી કિંમત (રૂા. ૫–[illegible]–૦) મિત્રો પાસેથી મેળવી લઇએ છીએ.

આ ઉપરાંત જે કોઈ સભ્ય પોતે અમારી પાસેથી ખાદી ખરીદે અથવા વેચે તેને વેચાણ પર રા[illegible]કા વર્ષની આખરે; કાં તો તેની વણકરીમાં મજરે આપવામાં આવે છે અથવા તેટલી કિંમતની ખાદી

આપવામાં આવે છે. એટલે જો મહેનતુ માણસ ધારે તો પોતે કાંતેલા સૂતરની ખાદી તદ્દન મફત પાડી શકે.

મને લાગે છે કે અમારી પ્રવૃત્તિના કેટલાક આંકડાઓ પણ અહીં જ આપી દઉં. આવકનાં અમારાં મુખ્ય સાધનો બે છે; (૧) ખાદી વેચાણ પર મળતું કમિશન (૨) લવાજમ. (જે વાર્ષિક રૂા. ૩ અને ૧૪ વર્ષથી નાની ઉમરના સભ્ય માટે રૂા. ૧-૮-૦ અથવા બાર આંટી છે.) જ્યારે જાવકમાં (૧) ખર્ચ (૨) પૂણી મદદ અને (૩) વણકરી-મદદ મુખ્ય છે. નવેમ્બરની આખર સુધીમાં ખાદી વેચાણ લગભગ રૂા. ૮૦૦૦) નું થયું અને લવાજમના રૂા. ૧૧૭) આવ્યા. જ્યારે પૂણીની મદદ અમે અત્યાર સુધીમાં લગભગ ૮૦ રતલ એટલે, રૂા. ૨૦૦) ની કરી. વણકરીમાં મદદ કરવાનો સમય હજી હવે આવશે. સરેરાશ ત્રીસ કાંતનારાઓએ છેલ્લા દશ મહિનામાં કુલ ૨૫૦૦ આંટી કાંતી, એટલે લગભગ ૫૦૦ ચોરસવાર ખાદી તૈયાર થઈ એટલે કાંતનાર દીઠ સરેરાશ (વાર્ષિક) ૨૦ ચોરસ વાર ખાદી તૈયાર થઈ જે મિલના ૧૨॥ ચોરસ વાર આગળ સાવ નીચું જોવા જેવું ન જ ગણાય. નવેમ્બર માસમાં લગભગ ૫૦૯ આંટી કંતાઈ. કેટલાંક તો માસિક ૨૫ થી ૩૫ આંટી પણ કાંતે છે. એટલે કે આ પધ્ધતિને લીધે કાંતનારની સંખ્યા તેમ જ ખાદી ઉત્પાદન (અને વેચાણ પણ) વધે છે એ વ્યવહારિક રીતે આપણે જોયું.

પરંતુ જ્યારે સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને વિચાર કરીએ છીએ ત્યારે કોઈક વેળા અમને સાફ અને સરળ રસ્તો દેખાતો નથી. આ રીતે પૂણી ક્યાં સુધી આપી શકાય? જો બધાં જ કાંતતાં થઈ જાય તો કેમ પહોંચી વળાય? પૂણી-મદદ બંધ થતાં જ કાંતણ પ્રવૃત્તિ પણ બંધ ન થાય? આ બધું સિદ્ધાંતની દ્રષ્ટિએ વિચારીએ તો મૂંઝવનારૂં તો છે જ. પરંતુ અંતની લાંબી દૃષ્ટિને છોડીને જરા નજીકના ભવિષ્યમાં નજર નાંખીએ તો મન આ પ્રમાણે શાંતિ મેળવી લે છે, કે (૧) બધાં જ કાંતતાં થઇ જાય તે માટે જ પૂણીની મદદ છે. (૨) ગરીબ તેમ જ મધ્યમ વર્ગના લોકોને આવી મદદની જરૂર છે. (૩) મુંબઈ જેવા શહેરમાં સામાન્ય રીતે બધાં જ માણસો પોતાના પૂરતું કાંતી લેશે અને ખાદી વેચાણ બંધ જ કરવું પડશે એ વિચાર ગમે છે તો ઘણો, પણ હાલ તરત સંભવિત લાગતો નથી. (૪) એવો સુવર્ણ દિવસ આવે ત્યારે આપણને રસ્તો સૂઝી રહેશે અને કદાચ મુંબઇની વસ્તીનું વિકેન્દ્રીકરણ થઇને લોકો ગામડાંઓમાં વસતા થઈ ગયાં હશે, જ્યાં પૂણી ઓછામાં ઓછી કિંમતે પડે તે માટે તેમની પાસે જમીન હશે મહેનતુ હાથપગ હશે અને સૌથી મોટું બાપુના કાર્યને તનતોડ [illegible] કરીને આગળ ધપાવવાનું ઉત્સાહભર્યું દિલ હશે. (૫) આજે પણ [illegible] મફતમાં મળે છે એવું કોઇએ ધારવાની જરૂર નથી. સહકારી [illegible]ધ્ધતિથી સભ્યો ખાદીનો ધંધો કરે છે અને પોતાનામાં તેમ જ બીજાઓમાં રહેલી ઓછી વત્તી આળસના પરિણામે ઓછું [illegible] તદ્દન ન કાંતનારાઓ પાસેથી તેટલા પ્રમાણમાં એક પ્રકારનો કર [illegible] પ્રમાણમાં ઓછા આળસુ માણસોમાં વહેંચી દેવામાં આવે છે. [illegible]દદ લેનારે પોતે પણ સંકોચ અનુભવવાનો નથી. કારણ કે એ દૃષ્ટિએ તો જે રસ્તાઓ પર આપણે ચાલીએ છીએ, જ્યાં આપણે અભ્યાસ કરીએ છીએ; રાતના અંધારામાં હાથમાં પોતાનો દીવો રાખ્યા સિવાય સુખેથી હરીફરી શકીએ છીએ, પોલિસનું રક્ષણ મેળવીએ છીએ, તે અને તેના જેવી સેંકડો વસ્તુઓ આપણે સીધી રીતે [illegible]રીદતા નથી અને તે છતાં તે આપણી છે ને રીતે આપણે વાપરીએ છીએ. એ જ સંતોષ આમાં પણ લેવાનો રહ્યો. (૬) મદદ બં[illegible] થતાં કાંતવાનું બંધ થશે એ ડર પણ નકામો છે, કારણ કે છેવટે જે બીજ ઉત્પન્ન થઈ ચૂકી છે તેટલો તો ફાયદો રહેશે જ.

મને લાગે છે કે આ[illegible]મી વસ્તુ અંગે મેં ઠીક પ્રમાણમાં ચોખવટ કરી છે. એટલે હવે આ પ્રવૃત્તિમાં રસ ધરાવતા ભાઈ બ્હેનોને મારી વિનંતી છે કે તેઓ અમારામાં ભળે અને આ પ્રવૃત્તિને વેગ આપે, ધીમે ધીમે આપણે [illegible]ાં એકઠા થઇને સમસ્ત મુંબઈની કાંતણ પ્રવૃત્તિને સંગીન પાયા પર મૂકી દઇએ. ખાદીમાં કાંતવાનો અને કાંતવામાં ખાદીનો પ્રચાર તાણાવાણા માફક વણાયેલો છે એટલે હાલની પરિસ્થિતિને સમજીને આપણે બધાં આગળ વધીએ અને બાપુનો પયગામ ઘરઘર પહોંચતો કરીએ.

**યહ આગ હૈ જો પાની બુઝા નહીં સકતા;**
**દિલોંમેં આકે યહ અરમાન જા નહીં સકતા.**

ઇન્દુમતી હાઉસ, નરીમાન રોડ,
વીલે પારલે, મુંબઈ ૨૪ **ચીનુભાઈ ગી. શાહ**

## કેટલાક સમાચાર અને નોંધ

### ચૂંટણી

શ્રી ઉમાશંકર જોષી ડિસેંબર માસના 'સંસ્કૃતિ' ના આદિવચનમાં ચૂંટણી વિષે નીચે મુજબ કેટલીક જરૂરી માહીતી અને ઉપયોગી વિચારણા રજુ કરે છેઃ-

"આપણા નવીન પ્રજાસત્તાક રાજયની પ્રથમ ચૂંટણી ડિસેમ્બર જાન્યુઆરીમાં પુરી થશે. દુનિયામાં આવડી મોટી જનસંખ્યાએ પોતાના પ્રતિનિધિઓ ચૂંટ્યા હોય એનો આ પહેલો દાખલો છે. કુલ ૧૭ કરોડ ૬૬ લાખ મતદારો ૪,૪૧૨ પ્રતિનિધિઓને ચૂંટશે. ૩,૨૯૩ મતદાર મંડળોમાં ૨૨૪૦૦૦ મતદાન મથકો ઉભાં કરવામાં આવશે. ૫૬૦૦૦ ચૂંટણી અધિકારીઓ, ૨૨૮૦૦૦ કારકુનો અને ૨૨૪૦૦૦ પોલીસો ચૂંટણીકાર્યમાં મદદ કરશે. કુલ દશ કરોડનું ખર્ચ થશે. ઉમેદવારો તરફથી પણ અઢળક ખર્ચ થશે.

"અત્યારની દુનિયામાં પુખ્તમતાધિકાર એ એક મોટી સિધ્ધિ છે. અલબત્ત વિચારકો એની મુસ્કેલીઓથી વાકેફ નથી એમ નથી. જે પ્રજાઓ નાની એક-ઘર જેવી કે પૂરી કેળવાયેલી હોય (સ્વીટઝર્લૅન્ડ જેવી,) તેમને આ પ્રતિનિધિત્વવાળી રાજયપધ્ધતિ વધુ લાભદાયક નીવડે છે. બીજું, ઇતિહાસ એવું બતાવે છે કે અમુક પ્રકારના શોષણ ઉપર આવી પધ્ધતિઓ નભી છે. ગ્રીસના નગરોમાં એક મતદાર નાગરિક દીઠ ચાર ગુલામો હતા. આપણે ત્યાં વૈશાલીમાં ૧૬૮,૦૦૦ની વસ્તીમાંથી માત્ર ૭૭૦૭ લિચ્છવીઓ મત ધરાવતા હતા. બ્રિટિશ જનતંત્રનું નૂર એની એડી નીચેનાં સંસ્થાનો વગર કેટલું? અમેરિકાની અત્યારની સર્વમુખી આર્થિક સત્તાની વાત ન કરીએ તો પણ આજની ઘડીએ એને આંગણે વસ્તીના દસમા ભાગના નિગ્રો લોકોમાંથી ઘણો ભાગ મતાધિકાર ભોગવી શકતો નથી. સદ્‌ભાગ્યે આપણે ત્યાં મતાધિકાર સાર્વત્રિક અને અબાધિત છે. ત્રીજું, ચૂંટણી પૂરતો બહુજનસમાજ ભલે ભાગ ભજવે, પણ પછીથી એની ભાવનાઓ પ્રમાણે રાજ્ય ચાલશે જ એવું કહી શકાતું નથી. આ પ્રથા જ એવી છે કે ઘણુંખરું એમાં સાચા માણસોને બદલે ઘૂસણિયા-ખટપટિયા માણસો વધુ સફળતાથી ચૂંટાઈ જાય. તે ઉપરાંત જે ધારાસભાઓ કે પાર્લામેન્ટો રચાય તેમના હાથમાં પણ પછીથી રાજસત્તાનાં સૂત્રો સુવાંગપણે રહે છે જ એવું બનતું નથી એમ રાજકારણના ચિંતકોનું અવલોકન છે. રાજકીય ગુરુત્વમધ્યબિંદુ પાર્લામેન્ટમાં કે પ્રધાનમંડળમાં સેવાને બદલે ઘણીવાર રાષ્ટ્રીય બેન્કમાં, લોકપ્રિય વર્તમાનપત્રની કચેરીમાં કે કોઈ પ્રભાવશાળી કુટુમ્બમાં જોવા મળે છે. આ તત્વો લોકોને ચૂંટણીની રમત પાંચ વર્ષે એક દિવસ રમવા દઇ લોકોને મળેલા મતાધિકારની પાયાની સત્તાને પોતાના હિતમાં ખંડીવાળે છે. આ બધાનો અર્થ એ જ કે મતાધિકારની રાજકીય સમનતાની જે શક્તિ માણસ જાતના વિશાળ સમુદાયોએ મેળવી છે તેને, આર્થિક સમાનતા મેળવવામાં તેનો ઉપયોગ કરીને, વધુ સંગીન બનાવવા વધારે જાગ્રતિ સેવવાની જરૂર છે"

ઉપરની વિચારણામાં "ઇતિહાસ એવું બતાવે છે કે અમુક પ્રકારના શોષણ ઉપર આવી પધ્ધતિઓ (એટલે કે પુખ્તવયમતાધિકારના ધોરણે કરવામાં આવતી ચૂંટણીની પધ્ધતિ) નભી છે" આ મુજબ કરવામાં આવેલું વિધાન યુક્તિસંગત લાગતું નથી. એ વિધાનના સમર્થનમાં પ્રાચીન ગ્રીસ, અને વૈશાલી તથા અદ્યતન ગ્રેટ બ્રીટન અને અમેરિકાના દાખલા આપવામાં આવ્યા છે પણ આ ચારે દાખલાઓમાં સૂચવવામાં આવેલો પુખ્તવયમતાધિકાર અને શોષણ વચ્ચેનો સંબંધ કેવળ આકસ્મિક લાગે છે. કારણ કે આજે એવા બીજા પણ દેશો છે કે જ્યાં પુખ્તવયમતાધિકાર પ્રવર્તે છે, છતાં

(અનુસંધાન પાના ૧૭૪ નું ચાલુ)

દાસ આવે છે. વાજશ્રવાને જોતાં જ શ્વેતકેતુ ભયથી વાક્ય અધૂરું મૂકે છે. ઉત્સાહમગ્ન ગૌતમ વાજશ્રવાની નજર હજી આ બાળકો ઉપર પડતી નથી.

**વાજશ્રવા :** (આનંદથી) વિપ્રવર્ય ભૃગુ, આજ તો હું મારું સર્વસ્વ દાનમાં આપી દઉં છું—પરિણામે મને સર્વોત્તમ સ્વર્ગલોકમાં વાસ મળશે. ચાલો હવે ઓદનમિશ્ર, તમારો વારો.

[ વાજશ્રવા પોતાના આસન પર બેસે છે. જમીન પર બેઠેલા બ્રાહ્મણોમાંથી એક ઊભો થાય છે.

દાસ, આપણી કાળી ગૌ આ વિપ્રશ્રેષ્ઠને આપજે.

**દાસ :** કઈ કાળી? લંગડી કે પૂંછડી વિનાની?

**વાજશ્રવા :** લંગડી.

**ઓદનમિશ્ર :** (અર્ધસ્વગત) એક જ પગે લંગડી હોય તો સારું. (જતાં જતાં) નહિ તો મારે ઊંચકીને લઈ જવી પડશે.

[ આગળ દાસ અને પાછળ ઓદનમિશ્ર જાય છે.

**નચિકેતા :** (શ્વેતકેતુને) આવો અનર્થ કરવા કરતાં તો પિતાજી આપણને દાનમાં આપી દે તો સારું. એમ કર્યા સિવાય એ દુર્ગતિમાંથી બચવાના નથી. (વિમાસણમાં પડે છે. જરા અચકાય છે. પણ દૃઢ નિર્ણય કરીને આગળ આવે છે. શ્વેતકેતુ એની પાછળ પાછળ ઘસડાય છે.) પિતાજી—

**વાજશ્રવા :** (શ્વેતકેતુને ભેટતાં, ઉમળકાથી) આવ્યો બેટા! કેમ આટલો વિલંબ થયો, વત્સો?

**નચિકેતા :** રસ્તામાં વરસાદનું તોફાન થયું એટલે અમે મોડા પડ્યા. (ક્ષોભ પામે છે, ક્ષોભ તજીને) પિતાજી, આજ આપ સર્વજિત યજ્ઞ કરી સર્વસ્વ દાનમાં આપી દો છો, ને હું પણ તમારો જ છું. તો મને કોને આપો છો?

[ વાજશ્રવા એની સામે રોષથી જુએ છે, પણ જવાબ આપતો નથી. એની ઉપેક્ષા કરીને—

**વાજશ્રવા :** અધ્વર્યુ મહારાજ, હવે આપનો વારો. આપને હું એકને સ્થાને બે ગૌ આપું છું.

[ દાસ આવે છે.

દાસ, જો, અધ્વર્યુ શ્રી ભૃગુ આચાર્યને પેલી ગમાણમાં છે ને, તે બન્ને ગૌ આપ.

**દાસ :** પેલી વસૂકી ગયેલી?

**વાજશ્રવા** રા મૌન સેવતો હોય તો?

**ભૃગુ :** ( ) કાંઈ વાંધો નહિ! શાર્વિકને મળેલા ઘરડા બળદ ને સત્તરમા ભ ના વાછડા કરતાં વસૂકી ગયેલી બે ગાય કાંઈ ખોટી નથી.

[ દાસ અને એ ય છે.

**નચિકેતા :** પાછો ફરી, શ્વેતકેતુને) યજ્ઞધર્મની—ત્યાગના એ મહાધર્મની કવી અવહેલના થઈ રહી છે, જોયું?

[ શ્વેતકેતુ પિતાથી બીતો બીતો હકારમાં ડોકું હલાવે છે.

(વાજશ્રવાને) પિતાજી, આપ મને કોને દાનમાં આપો છો?

[ ગૌતમ વાજશ્રવા એકદમ ક્રુધ્ધ થઈ જાય છે. એના મોં પર રતાશ આવી જાય છે. કપાળ પર કરચલી વળે છે, અને ડોળા મોટા થઈ જાય છે. છતાં એ પરાણે ગુસ્સો ગળી જાય છે, અને બૂમ મારે

**વાજશ્રવા :** દાસ—

[ દાસ પર્ણકુટીમાંથી બહાર આવે છે.

છેલ્લી દક્ષિણામાં આ ભૃગુવિપ્ર બાકી રહ્યા. એમને પેલી બાકી રહેલી વાછરડી આપ.

**શંભુ :** વાછરડી?

**વાજશ્રવા :** એ પણ ય જ છે ને!

**શંભુ :** મોટી તો હશે?

**દાસ :** મોટી શેની? પાંચ માસની છે.

**વાજશ્રવા :** (શંભુને, હસીને—પ્રસન્નતાથી) આજે પાંચ માસની છે તો કાલે પાંચ વરસની થશે. પધારો, વિપ્રશ્રેષ્ઠ!

[ દાસ, ને તેની પાછળ માથું ખંજવાળતો શંભુ જાય છે.

(ધમકાવવાના આશયથી) નચિકેતા, છોકરા, તને—

**નચિકેતા :** (આનંદમાં આવી જઈ, વચ્ચેથી) હા પિતાજી, મને કોને આપો છો?

**વાજશ્રવા** (એની આંખો એકદમ ફાટી જાય છે); તને?– તને? જા તને આપ્યો યમને –

**બધાં :** (ભયથી) યમને? મૃત્યુને?

[ ગુસ્સામાં ને ગુસ્સામાં વાજશ્રવા પર્ણકુટીની અંદર ચાલ્યો જાય છે.

**નચિકેતા :** (લાગણીથી, અર્ધસ્વગત) યમને? યમને? મારા પિતા મને યમદેવને આપે છે? મારું મરણ ઇચ્છે છે? પોતાના જ્યેષ્ઠ પુત્રનું મરણ? હું તો એમને વહાલો પણ બહુ હતો. બહુ ભણ્યો નથી તોયે હું ધર્મઅધર્મ સમજું છું. માત્ર શ્રદ્ધાથીયે મને પરમ સત્યો સમજાય છે એમ લોકો માને છે; એટલે તો એ મને સર્વ પુત્રોથી વિશેષ ચાહતા. માતા અને પિતાજી બંનેનો હું સહુથી લાડકો પુત્ર છું, અને પિતા મને યમને આપે છે? નક્કી, ક્રોધના આવેગમાં પિતા આમ બોલી ગયા જણાય છે. પણ, હું યમરાજના ધામમાં જવા તૈયાર થઈશ ત્યારે મને જરૂર રોકશે.

**શ્વેતકેતુ :** રોકે તો તો સારું ને ભાઈ?

**નચિકેતા :** ભાઈ, સારું તો ખરું–પણ એ વચનભંગ ન કહેવાય? અને એમ કરતાં તો આપ્યું દાન પાછું લીધાનું દત્ત ચોંટે.

[ ધીમે ધીમે ડગ ભરતો ગૌતમ અંદરથી બહાર આવે છે. એનું શરીર આગળ જેવું ટટાર રહ્યું નથી. એનું મોં પડી ગયું છે; એની દાઢી અસ્તવ્યસ્ત થઈ છે—જટા છૂટી ગઈ છે. એ કમરમાંથી સહેજ વાંકો વળીને ચાલે છે.

**વાજશ્રવા :** નચિકેતા, મને માફ કર, બેટા! ક્રોધમાં હું ન બોલવાનું બોલી ગયો—

**નચિકેતા :** આપણું કુળ વચનપાલક છે, બાપુજી.

**વાજશ્રવા :** તું સુખેથી અહીં રહે બેટા. તું જઈશ નહિ, દીકરા!

**નચિકેતા :** બાપુ, આપ આમ કહો છો?

**વાજશ્રવા :** બેટા ક્રોધમાં બોલાયેલાં વચન થોડાં પાળવાનાં હોય?

**નચિકેતા :** પિતાજી, આપણે વાજશ્રવો આમ કહીશું તો જગત કેમ ચાલશે? આપણા કુળમાં પિતાનાં વચન પુત્ર પાળતો જ આવ્યો છે; પછી ભલેને એ વચન ગમે તે સ્થિતિમાં ઉચ્ચારાયાં હોય!

**વાજશ્રવા :** પણ તારું મૃત્યુ થાય—

**નચિકેતા :** પિતાજી, માનવમાત્રને મોડું વહેલું મરવાનું જ છે ને? (પાસેના થાળમાંથી જવનો ખોબો ઉપાડીને) જુઓ પિતાજી, આ જવ કેવા સુંદર અને તાજા દેખાય છે? પણ હમણાં એનો નાશ થઈ જશે. (એ ખોબો યજ્ઞના અગ્નિમાં પધરાવે છે. એમાં થોડો વિશેષ ભડકો થાય છે.) જોયું? માનવશરીરની પણ એ જ દશા થવાની છે. એવું શરીર જરા વહેલું યમને ત્યાં ગયું કે મોડું, તેનો હર્ષશોક શો? ને પિતાજી, તમે ભૂલી જાવ છો, કે આપનું કલ્યાણ પણ હું યમગૃહે જાઉં તેમાં જ છે.

**વાજશ્રવા :** મારું કલ્યાણ? તારા મરણમાં મારું કલ્યાણ બેટા?

**નચિકેતા :** હા, પિતાજી. આપે યજ્ઞમાં મારું દાન કર્યું છે. યજ્ઞનું દાન પૂર્ણ ન કરો તો યજ્ઞનું ફળ કઈ રીતે મળે?

**વાજશ્રવા :** બેટા, તારા જેવા સર્વગુણસંપન્નનું યજ્ઞમાં બલિદાન! આ તો નરબલિ થયો. મારા સ્વાર્થ માટે હું પુત્રને હોમી દઉં—

**નચિકેતા :** પિતાજી, આપનો સ્વાર્થ નહિ, મારો પણ.

**વાજશ્રવા :** તારો સ્વાર્થ ? બેટા, તું તો નિઃસ્વાર્થી છે. આયુષ્ય ધરીને તેં કોઇ દિવસ સ્વાર્થબુધ્ધિ સેવી નથી. તારો સ્વાર્થ ?

**નચિકેતા :** પિતાની આજ્ઞા પાળ્યાનું ફળ મેળવવાનો. પિતાજી, મને એ ફળથી શા માટે વંચિત કરો છો ?

**વાજશ્રવા :** પણ—

**નચિકેતા :** પિતાજી, હવે બોલશો નહિ. મને યમપુરી જવાની રજા આપો—હસતે મોંએ.

[ નચિકેતા જમણી બાજુ જવા માટે પગ ઉપાડે છે ત્યાં એની માતા–વાજશ્રવાની પત્ની અંદરથી રડતીકકળતી બહાર આવે છે. આવીને એ નચિકેતાને વળગી પડે છે.

**માતા :** ન જા, બેટા ન જા. તું યમને ત્યાં જાય છે ! હું તને નહિ જવા દઉં !

[ નચિકેતાનો હાથ પકડી લે છે.

**નચિકેતા :** બા, આ ધર્મનું કાર્ય છે. આ ફરજ છે. પિતૃઓ પ્રત્યેનું મારું એ ઋણ છે.

[ એની માતા ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે, ને બેસી જાય છે. ફરી રડે છે. નચિકેતા પાછો વળી એના ખભે પંપાળે છે, અને એને ધીરે ધીરે ઊભી કરે છે. આ બધો વખત વાજશ્રવા બાજુમાં સૂનમૂન ઊભો રહે છે. એની આંખમાંથી આંસુ વહ્યાં જાય છે.

બા, મારા એક સવાલનો જવાબ આપીશ ?

**માતા :** ( રડતાં રડતાં ) બોલ બેટા, શું કહે છે ?

**નચિકેતા :** જગતમાં મારી કીર્તિ વધે એ તને ગમે કે ઓછી થાય એ ?

**માતા :** બેટા, પતિ અને પુત્ર એ તો આર્ય સ્ત્રીનું સર્વસ્વ. પતિ કે પુત્રની કીર્તિ ઘટે એવું તે કઇ અભાગી સ્ત્રી ઇચ્છે ?

**નચિકેતા :** ખરું ને બા ! હવે જો, વિચાર કર. હું યમને ત્યાં નહિ જાઉં તો મારા પિતા મિથ્યાભાષી ગણાશે, ને હું અધર્મી–પિતૃઆજ્ઞાનો લોપ કરનાર—ગણાઇશ.

**માતા :** પણ તેથી કાંઇ બેટા—( આવેગથી ) ના, હું તને નથી જવા દેવાની.

**નચિકેતા :** બા, બાપુજીની કીર્તિ પણ તને વહાલી નથી ? ગૌતમ કુળની કીર્તિની તો કેટકેટલી વાતો તેં મને કહી છે ! એ કીર્તિકથાઓ સાંભળી સાંભળીને મેં મારા આદર્શ રચ્યા છે. અને તું હવે એ જ કીર્તિને ઝાંખપ લગાડવા તૈયાર થઇ છે ?

**માતા :** મારું માનું હૈયું છે, બેટા !

**નચિકેતા :** બા, પતિના કુલનું ગૌરવ એ પુત્રનું જ ગૌરવ નથી ? તારા જેવી વિદુષી આ નહિ સમજે તો કોણ સમજશે ? અને, તને આમ વર્તતી જોઇને સામાન્ય સ્ત્રીઓ કેવી બનશે ? એમની આગળ કોઇ આદર્શ જ નહિ રહે. આર્યાને આમ કરતી જોઇને આપણા શત્રુઓ—દસ્યુઓ ને દાસો હસવા માંડશે.

**માતા :** ( વચ્ચે વચ્ચે આંછા હુસકા સાથે ) પિતાનું વચન ? પુત્રનું વચન ? કુલનું ગૌરવ ? આર્યોનું ગૌરવ ? ( રડી પડી, રડતાં રડતાં ) તારી વાત સાચી હશે બેટા, તોયે મારું મન નથી માનતું. હું પુરુષ નથી, હું સ્ત્રી છું, વત્સ !

[ આ બધા સંવાદ દરમિયાન નચિકેતા એક એક પગલું જમણી તરફ જતો જાય છે; તેની મા કોઇ વાર એની પાછળ ચાલે છે, તો કોઇ વાર ઘસડાય છે. આમ હવે બન્ને વિંગથી બે જ ગજ દૂર રહ્યાં છે ]

**નચિકેતા :** તું મા છે ને ? મા તો પુત્રના કલ્યાણમાં રાચે, સુખમાં નહિ.

**માતા :** બેટા—

**નચિકેતા :** બોલતી નહિ બા—માત્ર મારા સવાલનો જવાબ આપ.

**માતા :** ( રહમસ અવાજે ) કઇ દુર્ભાગી માતા પોતાના પુત્રને નરકમાં ધકેલે ?

**નચિકેતા :** તેં જ મને રજા આપી. હવે હું જાઉં છું—ના ન પાડતી. યમરાજ મારી રાહ જોતા હશે.

[ માતાનો હાથ છોડવીને ચાલ્યો જાય છે. માતા ખેંચાઇને ગોઠણભેર પડે છે, ખૂબ જોરથી રડે છે, ને અંતે જમીન પર પટકાઇ પડે છે. હાજર રહેલા સર્વ આંસુ સારે છે. ]

**બિપીન ઝવેરી**

## ધર્મનો ખરો હેતુ શું છે ?

તા. ૧૬–૧૨–૫૧ ના રોજ રશીઆ ખાતેના હિંદી એલચી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને દીલ્હી ખાતે મળેલા રામકૃષ્ણ મીશનના કોઈ સંમેલનમાં આજના ધાર્મિક સંપ્રદાયોની શી સ્થિતિ છે, શા માટે આ સંપ્રદાયો જનતાના અનાદરના પાત્ર બની રહ્યા છે અને ધર્મનો ખરો હેતુ શું છે એ મુદ્દાઓ ઉપર એક મર્મપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. તેનો સંક્ષિપ્ત સાર નીચે આપવામાં આવે છેઃ—

"આજની દુનિયામાં ભૌતિક વાતાવરણ જામી રહ્યું છે અને ધાર્મિક માન્યતા અને અનુભવને લગતી પાયાની વાસ્તવિકતા વિષે અશ્રધ્ધા વધતી રહી છે. આનાં બે કારણો છે. (૧) ધર્મે એક સંપ્રદાયનું–અચલાયતનનું–સ્વરૂપ ધારણ કર્યું છે અને આ રીતે વૈજ્ઞાનિક સંશોધનની જે તમન્ના આધુનિક સભ્યતાનું વિશિષ્ટ લક્ષણ છે તે તમન્ના સાથે તેને કશો મેળ રહ્યો નથી. (૨) ધર્મસંસ્થાના ઉપાસકોએ ધર્મતત્ત્વનું ખોટી રીતે નિરૂપણ કર્યું છે અને માનવશ્રેય સાધના (humanism) ની જે કલ્પના છે તે તો જાણે કે ધર્મ વિરોધી હોય એવી સમજણ આજે ચોતરફ ઉભી કરવામાં આવી છે. આ બન્ને મુદ્દાઓનો ધર્મે કાં તો સંતોષકારક ખુલાસો કરવો જોઇએ અથવા તો ધર્મે આ જગતમાંથી અચૂકપણે વિદાય લેવી જોઇએ. મારા વિચાર પ્રમાણે સામાજિક યાતનાઓ સામે આંખમીંચામણાં કરવાનું ધર્મ કદિ કહી શકે જ નહિ. તદુપરાન્ત બીનજવાબદાર ધનિકતા અને માનવી સમાજની દુઃખમયતા–આ બન્ને વચ્ચે રહેલું દુર્ભેદ્ય અન્તર નિમૂંળ કરવા અને એ હદ સુધી શક્ય ન હોય તો મોટા પ્રમાણમાં હળવું કરવા ધર્મે ઘટતો પ્રયત્ન કરવો જ જોઇએ. આજે પ્રવર્તતી સામાજિક અસમાનતા અને અન્યાયમયતા કેવળ ઈશ્વરની ઇચ્છાનું પરિણામ છે અથવા તો પુર્વભવનાં કર્મોનું ફળ છે એમ કહીને જે ધર્મ આજની સામાજિક અસમાનતાનો ખુલાસો કરે છે અને એ રીતે આજની પરિસ્થિતિ એનાં એ આકારમાં ચાલુ રાખવામાં મદદરૂપ થાય છે તે ધર્મને આજની દુનિયામાં કશું પણ સ્થાન હોઇ શકે જ નહિ. ધનવાન આશ્રયદાતાઓની લાગણીઓ અને અભિપ્રાયોને પ્રતિધ્વનિત કરતા આજના અપ્રમાણિક 'અસત્યમય' ધર્મનું આક્રમણકારી નાસ્તિકતા (Militant Atheism) વડે જ નિરસન થઈ શકે એમ હું જાહેર કરું છું. જ્યારે દુનિયા એકતાને શોધી રહી છે ત્યારે ધાર્મિક લેખાતા માનવીઓ માત્ર બાહ્ય આચાર અને ક્રિયાકાંડની વેદી ઉપર ધર્મના હાર્દનું બલિદાન આપીને માણસ માણસ વચ્ચે દિવાલો ઉભી કરી રહ્યા છે. હું ભારપૂર્વક રજુ કરું છું કે વૈજ્ઞાનિક વૃત્તિ અને ધાર્મિક વૃત્તિ વચ્ચે પાયાની કોઈ વિસંવાદિતા છે જ નહિ. બન્નેનો પાયો માણસની બુદ્ધિપૂર્વકનું જીવન જીવવાની વૃત્તિમાં રહેલો છે. ખરી રીતે તો જ્યારે કુદરત, સમાજ અને પોતાના વ્યકિતત્વ વચ્ચેના અથડામણનું–વિરોધભાવનું–જ્યારે માણસને ખરું ભાન થયું ત્યારે જ તેના ઉકેલની–નિરાકરણની–સમન્વયની તે શોધ કરવા પ્રેરાયો. અને ધર્મનો ખરો હેતુ ખરું કાર્ય તો આ ત્રણ તત્વો વચ્ચેના વિસંવાદનું–અથડામણનું–નિરાકરણ શોધવામાં મદદરૂપ થવાનું અને કુદરત, સમાજ અને પોતાની વચ્ચે સંવાદિતા–એકવાકયતા–સ્થાપિત કરવાનું છે."

આજના ધર્મચિન્તકોએ આ સાર ભાગ ગંભીરતાપૂર્વક વિચારવા યોગ્ય છે. જે કોઈ પોતાના ધર્મને ટકાવવા અને એ ખાતર સંસ્કારવા માંગે છે તેણે રાધાકૃષ્ણને જે માર્ગદર્શન કરાવ્યું છે તે દિશાએ પોતાના ધર્મનું ઘડતર કરવાને ઉદ્યુક્ત થવું ઘટે છે. આ દિશાએ જે ધર્મસંસ્થા ગતિમાન નહિ થાય તેણે વહેલા યા મોડા નાબુદ થયે જ છુટકો છે.

**પરમાનંદ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૩ અંક : ૨૧ | મુંબઈ : ૧ માર્ચ ૧૯૫૨ શનિવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## યમરાજનો અતિથિ (ગતાંકથી ચાલુ)

(આ નાટકના પ્રકાશનને લગતા સર્વ હક્ક લેખકને સ્વાધીન છે. **તંત્રી**)

### પ્રવેશ ત્રીજો

[યમપુરીમાંનો માર્ગ. ઊંચે ચડતી ભયંકર અટવી. જમણે ખૂણે, ઊંચાણમાં, યમરાજાનું દ્વાર આવેલું છે. આવા તખ્તા ઉપર જાતજાતના વિચિત્ર, ભયાનક અવાજો થયા કરે છે. ત્યાં નચિકેતા ડાબી બાજુથી પ્રવેશ કરે છે, ને ધીરે ધીરે, લથડિયાં ખાતો, ઘસડાતો, પડતો–આખડતો, ઘૂંટણિયા તાણતો જમણી બાજુ તરફ ચડે છે. આમ એ તૃતીયાંશ તખ્તો ઓળંગતાં એને એકથી દોઢ મિનિટ લાગે છે. એ વચ્ચે વચ્ચે દુઃખની આહ ભરે છે. નચિકેતા યમદ્વારથી થોડે દૂર હોય છે ત્યાં એ દરવાજામાંથી એક નોકર નીકળે છે. નોકર અને નચિકેતા સામસામા થઈ જાય છે.

**નચિકેતા** : યમરાજાનો પ્રાસાદ ક્યાં આવ્યો, ભાઈ?

**નોકર** : આ સામે દેખાય છે તે. કેમ?

**નચિકેતા** : હું યમરાજાનો અતિથિ છું.

**નોકર** : એ તો બહાર ગયા છે.

[વધુ વાત કર્યા વિના એ ચાલ્યો જાય છે, ને ડાબી બાજુએથી બહાર નીકળી જાય છે. અંતે નચિકેતા યમના દ્વાર સન્મુખ આવીને ઊભો રહે છે. પણ તે પહેલાં દ્વાર જાણે આપોઆપ બંધ થઈ જા[ય] છે. જાતજાતના વિચિત્ર અવાજો આવ્યા જ કરે છે.

**નચિકેતા** [:] હાશ, અંતે અહીં આવી પહોંચ્યો ખરો. (સહેજ હાંફ ખાવા [જે]વું કરી નિરાંત અને આનંદનો શ્વાસ મૂકે છે.) પણ દ્વાર તો બંધ થઈ ગયાં! યમરાજ તો બહાર ગયા છે, ખરું? પણ થોડી વારે તે [આ]વશે જ ને! લાવ, અહીં જ એમની વાટ જોઉં!

[દરવાજાની જમણી બાજુ, પ્રેક્ષકોની સામે મોં કરીને ઊભો રહે છે. ભયંકર અવાજો ચાલુ જ રહે છે. ધીરે ધીરે અંધારું થાય છે, ને પચીસ સેકંડ સંપૂર્ણ અંધારું રહી ફરી પ્રકાશ થવા માંડે છે. પ્રકાશ જરા વધતાં નચિકેતા દ્વાર પાસેના એક પથરા પર બેઠેલો જણાય છે. કૂકડાનો આછો અવાજ સંભળાય છે.

(આળસ મરડી) એક દિવસ વીતી ગયો, પણ હજી યમરાજ પાછા ન આવ્યા.

[અવાજો ચાલુ રહે છે. ધીમે ધીમે અંધારું થતું જાય છે. એમાં નચિકેતા આમતેમ ટહેલે છે. પચીસ સેકંડ સંપૂર્ણ અંધકાર. એ પછી ધીરે ધીરે પ્રકાશ. પ્રકાશ થોડો વધતાં નચિકેતા બારણાની બાજુમાં ભીંતને અઢેલી, પગ જરા લંબાવી બેઠો બેઠો આરામ લેતો જણાય છે.

હવે તો બે દિવસ પૂરા થયા! ભૂખ પણ કકડીને લાગી છે. યમપુરીમાં આવીનેયે દેહ પોતાની વૃત્તિઓ મૂકતો નથી! આ વૃક્ષ ઉપર કેવાં મનોહર ફળ ઊગ્યાં છે! (લાલચથી) લાવ, એ તોડીને ક્ષુધા શાંત કરું.

[બાજુના ઝાડ પર ઊગેલું ગોળ ફળ તોડવા જાય છે. પણ પછી ખંચકાય છે.

ના, પણ મારાથી આ આહાર કેમ લેવાય? હું યમરાજને ત્યાં આવ્યો છું. મારા પિતાએ મને યમને સોંપી દીધો છે. હવે હું ધર્મરાજનો થયો. એમની અનુજ્ઞા વિના એમના ઉપવનનાં ફળ કે કોઈ પણ ચીજ કેમ લેવાય? (ખૂબ થાકી જઈ) હવે તો ભૂખ જરાયે સહેવાતી નથી! ફળ લઈ લઉં? (ફળ લેવા જાય છે. ઓચિંતો અચકાઈને ઊભો રહે છે. અંતે આવેગથી નિર્ણય કરી) ભલે ગમે તે થાય, આ ગૌતમપુત્ર અધર્મ નહિ આચરે.

[ધીરે ધીરે અંધારું થાય છે. પચીસ સેકંડ સંપૂર્ણ અંધકાર. પાછો ધીમે ધીમે પ્રકાશ થાય છે. આ વખતે નચિકેતા યમના દરવાજાની આગળ શબવત્ પડ્યો છે. ડાબી બાજુથી એક ખૂબ કાળો માણસ રણશિંગું ફૂંકતો પ્રવેશ કરે છે. શિંગડાના અવાજથી નચિકેતા જાગ્રત થાય છે. એ માણસ યમના દ્વાર પાસે આવી અટકે છે. ત્યાં સુધીમાં નચિકેતા બેઠો થઈ જાય છે. કાળો નોકર નચિકેતા તરફ ધ્યાન આપતો નથી. દ્વાર આગળ આવીને એ શિંગું ફૂંકે છે. દ્વાર ઊઘડે છે. આ દરમિયાન કર્કશ ધ્વનિ ધીરે ધીરે ઓછો થઈ થોડી વારે લુપ્ત થઈ જાય છે.

**નચિકેતા** (ઊભો થઈ જઈ) : ઓ, અંતે દ્વાર ખૂલ્યું!

**પ્રતિહાર** (બારણામાં) : દેવી! યમરાજ પધારે છે.

[દ્વારમાંથી યમપત્ની બહાર આવે છે. એનો વર્ણ ગૌર ને દેખાવ આકર્ષક છે. નચિકેતાને જોઈને, પળવાર ખંચાઈને, જરા વિભ્રમથી—

**યમપત્ની** : કોણ છો આપ?

**નચિકેતા** : હું વાજશ્રવા ગૌતમનો પુત્ર નચિકેતા.

**યમપત્ની** : આપ ક્યારના પધાર્યા છો? મને ખબર પણ ન આપી?

**નચિકેતા** : ત્રણ દિવસ થયા, ભગવતી. પણ દ્વાર—

[ડાબે ખૂણેથી યમરાજ પ્રવેશે છે ને દ્વાર તરફ આવે છે.

**યમપત્ની** : (નચિકેતા બોલે છે ત્યાં વચ્ચે જ, અચંબાથી, અને છળી જઈને) ત્રણ દિવસ! ત્રણ દિવસ અતિથિ અમારે બારણે ભૂખ્યાતરસ્યા બેસી રહ્યા!—(પાસે આવી પહોંચેલા યમને) પધારો, ધર્મરાજ! આ વાજશ્રવા ગૌતમના પુત્ર નચિકેતા, ત્રણ દિવસથી આપણે બારણે અન્ન અને પાણી વિના ઊભા છે.

**યમ** : અતિથિદેવ! આ ભયંકર અટવીમાં ત્રણ દિવસ! અન્ન ને પાણી વિના! ભગવતી, તમે શું કરતાં હતાં? હું બહાર ગયો એટલે બધું અંધારું!

**યમપત્ની** : (જવાબ ખાઇ જઇને) બ્રાહ્મણ અતિથિ એ તો વૈશ્વાનર અગ્નિ છે. યમરાજ! જળ આપીને એમને શાંત કરો. નહિ તો આપણી આશા અને પ્રતીક્ષા, સત્કાર્યો અને પુણ્ય, પુત્ર અને પશુ—એ સર્વનો નાશ થઈ જશે.

[ યમપત્ની ઉતાવળે અંદર જાય છે, ને પાણીનો લોટો લાવી યમના હાથમાં મૂકે છે. યમ તે આદરપૂર્વક, નતમસ્તકે, નચિકેતાના હાથમાં મૂકે છે. નચિકેતા પાણી પીએ છે. યમપત્નીના મોં પરનો ભય ઓછો થાય છે, ને એ નિરાંતનો શ્વાસ મૂકી આછું સ્મિત કરે છે. પણ, યમની ચિંતા હજી પૂરી ગઇ નથી. યમપત્ની નચિકેતાના હાથમાંનો લોટો પાછો લે છે. અને પેલા કાળા પ્રતિહારને આપે છે. એ તે લઇને ઘરની અંદર જાય છે.

**યમ** : અતિથિરાજ! ત્રણ દિવસ મારે દ્વારે ભોજન વિના રહેવું પડયું એથી આપ અપ્રસન્ન કે ક્રુધ્ધ ન થશો. ભગવન્ત, આપના ક્રોધની શાન્તિ માટે આપ ત્રણ વર માગો.

**નચિકેતા** : પ્રભુ, હું અતિથિ નથી, હું તો આપનો જ છું. મારા પિતાએ સર્વસ્વ દક્ષિણાયજ્ઞ કરી મને આપને સોંપ્યો છે. હું આપનો કિંકર છું, અતિથિ નથી.

**યમપત્ની** (દુઃખમિશ્રિત આશ્ચર્ય સાથે) : ઓ માડી! પિતા પોતાને હાથે પુત્ર આપણને સોંપે છે! એ તે પિતા કે રાક્ષસ!

**નચિકેતા** : એવું ન બોલશો ભગવતી! ક્રોધે ભરાઈ મારા પિતાએ આમ કર્યું હશે, પણ એમનું હૃદય સાવ નિષ્પાપ છે. અત્યારે પણ એ મારા વિરહે ઝૂરતા હશે.

**યમ** : બાલ, તારા પિતાએ તારું દાન કર્યું હશે, પણ મેં હજી તારો સ્વીકાર ક્યાં કર્યો છે? ત્યાં લગી તું મારો અતિથિ જ છે. બોલ, વર માગ!

**નચિકેતા** : ભગવન્ત, હું કયા વર માગું? મને કશાની સ્પૃહા નથી. છતાં (વિચાર કરતાં) આપે અનુગ્રહ કર્યો જ છે તો હું વર માગીશ. મારી માતા અને મારા પિતા તથા ભાઇભાંડુ મારા વિના દુઃખી થતાં હશે, કકળતાં હશે. હું એ વર માગું છું કે, આપનાં મોકલવાથી મને પાછો આવેલો જોઇને મારાં માતાપિતાની ચિંતા ને તર્કવિતર્ક શાન્ત થાય, ને એમના મનની ગ્લાનિનો લોપ થાય.

**યમપત્ની** : (આનંદથી) બહુ સુંદર વર માગ્યો, બેટા! તારી માને આથી કેટલો આનંદ થશે!

**યમ** : તથાસ્તુ! હવે બીજું વરદાન માગો.

**નચિકેતા** : પ્રભુ! લોકો કહે છે કે સ્વર્ગમાં સર્વ સુખ સમાયેલાં છે. ત્યાં ભૂખ નથી ને તરસ નથી, જરા નથી ને મૃત્યુ નથી. જરા અને મૃત્યુની પાર થઇને, ભયમાત્રથી વિમુક્ત બનીને માનવ ત્યાં આનંદમાં વિહરે છે. કહે છે કે ત્યાં વસનાર અમરતાને પામે છે. પ્રભુ, આપ એ ઊર્ધ્વલોકમાં નથી; તોયે જે અગ્નિની ઉપાસનાથી સ્વર્ગ મળે છે એને આપ જાણતા હશો. એ પરમ અગ્નિને જાણવાની મને જિજ્ઞાસા જાગી છે. મારી વિનંતી છે કે આપ મારી એ જિજ્ઞાસા પૂર્ણ કરો.

**યમ** : બહુ ઉત્તમ વર માગ્યો, તાત! તથાસ્તુ! જો—

**યમપત્ની** : આપ બન્ને અંદર પધારશો, કે અહીં ઊભા ઊભા જ વાતો કરશો? (યમને) નવો પુત્ર સાંપડયો એના આનંદમાં એનો સત્કાર કરવાનુંય ભૂલી ગયા? એને આસન તો આપો! ચાલ બેટા—અંદર ચાલ. મારો મહેલ તો જો! વાતો બધી પછી થયા કરશે.

**યમ** : ચાલો.

[ આગળ યમરાજ અને પાછળ નચિકેતાનો હાથ પકડી યમપત્ની દ્વારમાં પ્રવેશે છે. જરા મંજુલ ધ્વનિ સાથે દ્વાર આપોઆપ બિડાઇ જાય છે.

## પ્રવેશ ચોથો

[ યમરાજના ઘરનો એક મુખ્ય ખંડ. પિરોજા રંગના આ ખંડમાં રાચરચિલારૂપે મૃત્યુનાં અનેક સૌમ્ય પ્રતીકો ગોઠવેલાં છે. ડાબે ખૂણે બહારની બાજુ મધુબિંદુની આકૃતિ છે. એ જ ખૂણે ઊંડાણમાં ત્રણ ખોપરીનો ત્રિકોણ છે. જમણે ખૂણે બહારની બાજુ કરોડમાંથી બનાવેલું વજ્ર છે. પાછળની ભીંતમાં ડાબી તરફ એક વિશાલ બારી આવેલી છે, ને એની પાછળ ઊંડાણમાં એક ડુંગરનું શિખર દેખાય છે. ખંડની લગભગ વચ્ચે, ભીંત તરફ એક વેદીમાં અગ્નિ સળગે છે. તખ્તાની જમણી બાજુ એક મોટા આસન ઉપર ધર્મરાજ બેઠા છે. ધર્મરાજની ડાબી બાજુ, એટલે કે પ્રેક્ષકોના જમણા ખૂણામાં, નચિકેતા એક નાના સરખા, યમરાજથી જરા નીચા સાદા આસન પર બેઠેલો છે. યમરાજની પત્ની એમની જમણી બાજુ એમના કરતાં નાના પણ નચિકેતા કરતાં વધારે સુખવસ્તુ આસન પર બેઠેલી છે. યમનું આસન એવી રીતે ગોઠવાયેલું છે કે એ મોં થોડું ફેરવે તો બારી ઉપર એની નજર પડી શકે. વચ્ચે વચ્ચે મધુરાં વાજિંત્રોનો કર્ણમધુર નિનાદ આવ્યા કરે છે. યથાપ્રસંગ કોઇક વાર, યમ આસન ઉપરથી ઊઠીને ઊભા રહે છે યા ટહેલે છે, કે પાછા આસને આવી બેસે છે.

**યમ** : સમજ્યો પુત્ર! ત્યારે એ રીતે આ પવિત્ર અગ્નિની ઉપાસના કરનાર એ પરમ સ્વર્ગને પામી દીર્ઘકાલીન સુખ ભોગવે છે.

**નચિકેતા** : પિતાજી, આ જ્ઞાન આપીને આપે બહુ અનુગ્રહ કર્યો!

**યમપત્ની** (યમને) : તમે આ જ અનુગ્રહ કરશો, કે બીજોયે કરશો? લાવ, હું એની વ્યવસ્થા કરું!

[ યમ સ્મિત કરે છે. યમપત્ની જાય છે.

**યમ** : બેટા, ફરી કહું છું કે તેં આ વર પણ બહુ ઉત્તમ માગ્યો. ખરે, હું તારા પર પ્રસન્ન છું. (જરા અટકીને, મોં પર પ્રસન્નતાની રેખાઓ સાથે) તારી આ સન્નિષ્ઠા જોઈ હું તને એક વધારાનું વરદાન આપું છું. જા, આજથી [illegible]કમાં આ પવિત્ર અગ્નિ તારે નામે ઓળખાશે—હવેથી લોકો એ[illegible]કેત અગ્નિ કહેશે.

[ નચિકેતાના મોં ઉપર પ્રસન્નતા છવાય છે

બેટા, હવે ત્રીજું વરદાન માગ.

**નચિકેતા** : ભગવન્ત, થોડા સમય [illegible] મારી એક બહેન મૃત્યુ પામી. એ વખતે કેટલાકે કહ્યું કે [illegible] અસ્તિત્વ કાયમ માટે લુપ્ત થયું. બીજાઓએ કહ્યું કે એ હયાત છે. તો એમાં સાચી વાત શી? માણુસ મરી જાય પછી એનું અસ્તિત્વ રહે છે કે નહિ? આ જ્ઞાનની પ્રાપ્તિ એ જ મારો ત્રીજો વર.

**યમ** : બેટા, મરણ પછી કોઇનું અસ્તિત્વ રહે છે કે નાશ પામે છે એ વાત ઘણી ગૂઢ છે. દેવો પણ એ વિષે શંકાની અટવીમાં ઘેરાયેલા છે. એ જ્ઞાન મેળવવું બહુ જ [illegible]રું છે. માટે તું કોઇ બીજો વર માગ.

**નચિકેતા** : પ્રભુ, મરેલાં માણુસો તમારી પાસે જ આવે છે. એટલે, તેઓ હયાત રહે છે કે નહિ એની ખબર તો તમને જ પડી શકે. આમ, દેવોને પણ જેની શંકા છે એવી એ દુર્લભ વિદ્યા માત્ર તમને જ અવગત છે. ત્યારે, એ જાણવાનો લાભ મૂકીને બીજું તો હું શું માગું?

([અ]નુસંધાન પાના ૧૮૮ ઉપર)

# કેટલાક સમાચાર અને નોંધ

## ચૂંટણીએ પેદા કરેલી રાજકીય પરિસ્થિતિનું તારણ

ભારતની વિરાટ ચૂંટણીનું કાર્ય હવે લગભગ પૂરૂં થવા આવ્યું છે અને તેનાં પરિણામો બહાર પડી ચુકયાં છે. ચૂંટણી થવા પહેલાં હિંદની રાજકીય પરિસ્થિતિનું જે ચિત્ર આપણી આંખ સામે હતું તેના કરતાં ચૂંટણી બાદ આપણી આંખ સામે ઉભું થતુ ચિત્ર કાંઈક જુદા પ્રકારનું છે. હવેનો આપણો માર્ગ નક્કી કરવા માટે આ તફાવતનાં તત્વોને યથાસ્વરૂપે ધ્યાનમાં લેવા ઘટે છે.

પ્રજાજનો ઉપર કોંગ્રેસનું પ્રભુત્વ સારા પ્રમાણમાં છે એ ચૂંટણી પહેલાં પણ લાગતું હતું અને આજનાં પરિણામોએ એ જ હકીકતનું સમર્થન કર્યું છે. ચૂંટણી પહેલાં સામાન્યતઃ એવી માન્યતા હતી કે કોંગ્રેસને બાદ કરતાં બીનકોમી રાજકીય પક્ષોમાં સમાજવાદી પક્ષનું સૌથી વધારે પ્રભુત્વ વર્તે છે અને સામ્યવાદી પક્ષને આ દેશમાં હજુ કોઈ મહત્ત્વનું સ્થાન નથી. હિંદુ મહાસભા પક્ષની શી સ્થિતિ છે તે વિષે બે મત પ્રવર્તતા હતા. ચૂંટણીનાં પરિણામો આ સંબંધમાં જુદી જ પરિસ્થિતિ રજુ કરે છે. સમાજવાદી પક્ષની જ્યાં જ્યાં મોટી જમાવટ છે એમ માનવામાં આવતું હતું ત્યાં ત્યાં તેનો ભારે પરાજય થયો છે, એટલું જ નહિ પણ બીજા પ્રદેશોમાં પણ તે પક્ષના ઉમેદવારો મહત્ત્વભર્યું સ્થાન પ્રાપ્ત કરી શકયા લાગતા નથી. બીજી બાજુએ દબાયલો, રૂંધાયલો, અને મોટા ભાગે ભૂગર્ભમાં રહીને કામ કરતો હોવા છતાં સામ્યવાદી પક્ષે હિંદના દક્ષિણ વિભાગમાં—મદ્રાસ, કોચીન-ત્રાવણકોર તથા હૈદ્રાબાદમાં—ચૂંટણી દ્વારા પોતાનું વધતું જતું પ્રભુત્વ પુરવાર કરીને એક નવી જ પરિસ્થિતિનું દર્શન કરાવ્યું છે.

કોમવાદી રાજદ્વારી પક્ષોની સ્થિતિનું અવલોકન કરતાં માલુમ પડે છે કે રામરાજ્ય પરિષદના કે ડૉ. શ્યામાપ્રસાદ મુકરજીના જન સંઘના બહુ ઓછા ઉમેદવારો ચૂંટાઈ શકાયા છે અને મુસલમાનોએ મોટા ભાગે કોંગ્રેસ સાથે રહેવામાં પોતાનું હિત જોયું છે. અલબત્ત રાજસ્થાન અને એવા બીજા કેટલાક પ્રદેશોમાં કેટલાક પ્રત્યાઘાતી તત્વોએ મોટા પ્રમાણમાં બેઠકો મેળવી છે અને એમાં કોમવાદી તત્વોએ પણ સારો એવો ભાગ ભજવ્યો છે; એમ છતાં પણ આ પરિણામોનું વધારે બારીકીથી અવલોકન કરતાં માલુમ પડે છે કે આ બેઠકો પાછળ રાજાઓ, જમીનદારો, ગરાસદારો અને મુડીવાદીએ- આવા કેટલાએક સ્થાપિત અસંતુષ્ટ હિતો જ ઘણા મોટા પ્રમાણમાં કામ કરી રહ્યાં છે.

આમ સમગ્ર પરિસ્થિતિનો વિચાર કરતાં આપણને ત્રણ અનુમાનો સાંપડે છે.

(૧) કોંગ્રેસ આજે પણ દેશમાં સૌથી વધારે બળવાન એવો રાજકીય પક્ષ છે અને આમ પ્રજાએ આખા રાજ્યવહીવટની જવાબદારી મધ્યમાં તેમજ ઘણા ખરા પ્રદેશોમાં બીજા પાંચ વર્ષ માટે કોંગ્રેસ ઉપર નાંખી છે.

(૨) કોમવાદી પક્ષો તેમજ પહેલાંની સ્થિતિ પુનઃ જન્માવવાની વૃત્તિવાળા સ્થાપિત હિતો પોતાની મુરાદ બર લાવવામાં જો કે નિષ્ફળ નીવડયા છે, એમ છતાં પણ તે સંબંધમાં સતત જાગતા રહેવું પડે તેવું પ્રભુત્વ હજુ પણ પ્રજાના કેટલાએક વર્ગો ઉપર તેઓ ધરાવે છે.

(૩) કોંગ્રેસનો આજે ખરેખર કોઈ હરીફ પક્ષ હોય તો તે સમાજવાદી પક્ષ નહિ પણ સામ્યવાદી પક્ષ છે.

આ ત્રીજા મુદ્દાને પક્ષની પરિભાષાથી મુકત કરીને વિચારીએ તો એમ કહી શકાય કે આજે પ્રજા સમક્ષ બે વિકલ્પ ઉભા થયા છે. એક લોકશાહી (Democracy)નો, બીજો સરમુખત્યારશાહી (Totalitarnism)નો. કોંગ્રેસ નિઃસંશયપણે લોકશાહીની પ્રતિનિધિ છે. સામ્યવાદી પક્ષ અને સરમુખત્યારશાહી જાણે કે એકમેકના પર્યાયવાચી શબ્દો હોય એમ આજ સુધીનો સામ્યવાદ વિષેનો આપણો અનુભવ કહે છે.

આ ઉપરાંત કોંગ્રેસ અહિંસક રાજ્યનીતિને વરેલી છે અને બંધારણીય માર્ગે આમ પ્રજાનો સર્વોદય સાધવાનો મનોરથ સેવે છે. સામ્યવાદી પક્ષ હિંસક રાજ્યનીતિમાં માને છે અને બંધારણીય માર્ગે પ્રજાને આગળ લઈ જવામાં તેને કોઈ શ્રધ્ધા નથી. હિંદનો સામ્યવાદી પક્ષ મદ્રાસ કે કોચીન-ત્રાવણકોર બાજુ બીજા કેટલાએક પક્ષો સાથે જોડાણ કરીને તે તે પ્રદેશનું રાજકીય સૂત્ર હાથમાં લેવાનો પ્રયત્ન કરી રહેલ છે અને સંયોગાધીન વેતસી વૃત્તિ ધારણ કરીને અહિંસાને આગળ ધરી રહેલ છે અને બંધારણની અંદર રહીને તથા મધ્યવર્તી કેન્દ્ર સાથે મેળ મેળવીને રાજ્યવહીવટ ચલાવવાની વાતો કરે છે. પણ તે પક્ષનો આજ સુધીનો ઇતિહાસ અને માનસિક ભૂમિકા ધ્યાનમાં લેતાં સામ્યવાદી પક્ષની આવી વાતોમાં શ્રધ્ધાને કોઇ અવકાશ દેખાતો નથી.

કોંગ્રેસ અને સામ્યવાદી પક્ષ વચ્ચેના તફાવતનો વિચાર કરતાં ધ્યાન ઉપર આવતો ત્રીજો મુદ્દો એ છે કે કમનસીબ રાજકીય સંયોગોમાં હિંદના ભાગલા પડયા અને પાકીસ્તાન નિર્માણ થયું. એ બાદ કરતાં અવશિષ્ટ હિંદને એકત્ર અને સુગ્રથિત રાખવું એ કોંગ્રેસનું ધ્યેય છે અને એ જ દિશાએ કોંગ્રેસનો સતત જાગૃત પ્રયત્ન છે. સામ્યવાદી પક્ષને મન આવી એકતાનું કોઈ મહત્વ નથી. હજુ થોડા સમય પહેલાં તેના એક આગેવાને માંગણી કરી હતી કે દરેક પ્રદેશને મધ્યવર્તી કેન્દ્રથી મરજીમાં આવે ત્યારે છુટા થવાની છૂટ હોવી જોઇએ. અને આ દૃષ્ટિ સામ્યવાદી પક્ષ માટે સ્વાભાવિક છે. કારણ કે તે પક્ષની દૃષ્ટિ સાંપ્રદાયિક પ્રચારની છે, અને જે જે પ્રદેશ સામ્યવાદ સ્વીકારે તે આપણા અને ન સ્વીકારે તે પારકા—આમ તેઓ વિચારતા અને વર્તતા હોય છે. આવું વળણ ધરાવતા પક્ષને મન જાણે કે એક નાનો ખંડ હોય તેવા વિશાળ ભારતની એકતા કે અખંડિતતાનું સ્વાભાવિક રીતે કશું મહત્ત્વ હોઇ શકે જ નહિ.

આ રીતે વિચારતાં આખી પરિસ્થિતિ આપણી પાસે એ જવાબ માંગે છે કે હિંદને લોકશાહી જોઇએ છીએ કે સરમુખત્યારશાહી? અહિંસક રાજ્યનીતિ જોઇએ છે કે હિંસક? બંધારણીય માર્ગે આગળ વધવું છે કે બીનબંધારણીય માર્ગે? હિંદની એકતા સુરક્ષિત રાખવી છે કે ખંડિત થવા દેવાનું જોખમ ખેડવું છે? સામ્યવાદી પક્ષનો વધતો જતો જુવાળ ધ્યાનમાં લઇને જે જે પક્ષો લોકશાસનના આગ્રહી હોય, અહિંસક અને બંધારણીય માર્ગે આગળ ચાલવા માંગતા હોય અને હિંદને અખંડિત અને સુગ્રથિત રાખવા ઇચ્છતા હોય તે સર્વ પક્ષોએ, કોંગ્રેસ આજે સૌથી વધારે બળવાન અને અતિ વિપુલ જનસંખ્યા ઉપર પ્રભુત્વ ધરાવતો પક્ષ હોઇને, કોંગ્રેસમાં વિલીન થઇને, ખરી રીતે કોંગ્રેસને નહિ પણ લોકશાહીના-democraery-ના—મોરચાને મજબુત બનાવવાની ખાસ જરૂર છે. આ બાબતમાં જો આપણે ગાફેલ રહીશું અને ભિન્ન ભિન્ન પક્ષ માત્ર પોતપોતાના અસ્તિત્વને ટકાવવાની અને કોંગ્રેસને નબળી પાડવાની ચિન્તામાં મશગુલ રહેશે તો પરિણામે સામ્યવાદી પક્ષનો પંજો દેશના અંગ ઉપાંગો ઉપર વધારે ને વધારે ફેલાતો જશે અને વ્યક્તિસ્વાતંત્ર્ય, અહિંસા તથા એકતા જેનું આપણે મન સર્વોદયની દૃષ્ટિએ બહુ મોટું મૂલ્ય છે તે આપણા હાથમાંથી જોતજોતામાં સરી જશે.

આ વિચારણાના અનુષંગમાં જે પક્ષ કોંગ્રેસની સૌથી વધારે નજીક છે, જેના આગેવાનો હજુ ગઈ કાલ સુધી કોંગ્રેસ સંસ્થાના આગેવાન કાર્યકર્તાઓ હતા, અને જે કોંગ્રેસ પક્ષ જેટલોજ લોકશાહીનો—democracyનો—ઉપાસક હોવાનો દાવો કરે છે તે સમાજવાદી પક્ષના આગેવાન સૂત્રધારોને આજની રાજકારણી પરિસ્થિતિનો ઉપર જણાવેલા ધોરણે ગંભીરપણે વિચાર કરવા વિનંતિ છે.

કાર્લમાર્કસ તેમનો પ્રેરક પુરૂષ હોવા છતાં તેઓ કાર્લમાર્કસના કોઈ આંધળા પૂજારી નથી એમ જણાવે છે અને કાર્લમાર્કસના સિધ્ધાન્તોને દેશના સર્વ સ્થિતિ સંયોગો પૂરેપૂરા ધ્યાનમાં લઈને જરૂરી ફેરફારોપૂર્વક અમલી બનાવવાનું ધ્યેય હોવાનો તેમનો દાવો છે. બીજી બાજુએ કોંગ્રેસ એટલે ચુસ્ત ગાંધીવાદીઓની જ સંસ્થા એવી કોઈ સ્થિતિ આજે પ્રવર્તતી નથી. વળી સાધારણ રીતે અહિંસક તેમજ બંધારણીય માર્ગે ચાલવાનું સમાજવાદી પક્ષનું વળણ જોવામાં આવે છે. બીજી બાજુએ ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કોંગ્રેસને અમાન્ય નથી. તફાવત હોય તો કઈ રીતે અને કેવી ગતિએ આ કરવું એટલા પુરતો જ છે. આમ જો વિચારમાં આવે તો આજ સુધીની નાની મોટી અથડામણો અને તે અંગે ઉભા થયેલા અને પોષાયલા પૂર્વગ્રહો સિવાય કોંગ્રેસ અને સમાજવાદી પક્ષને એકત્ર કરવામાં આડે આવે એવું કોઈ પણ મહત્વનું કારણ છે જ નહિ. અદ્યતન ચૂંટણીમાં સમાજવાદી પક્ષ ભારે કમનસીબ નીવડયો છે, એમ છતાં પણ આજની ઉગતી પ્રજાના માનસ ઉપર સમાજવાદી પક્ષનું પ્રભુત્ત્વ ઉપેક્ષા થઇ ન શકે તેવું છે અને તેથી રાજદ્વારી દૃષ્ટિએ તે પક્ષ સારૂં એવું મહત્વ ધરાવે છે. વર્તમાન પરાજયના કારણે તે પક્ષના અનુયાયીઓનું માનસ આજે દ્વિધામાંથી પસાર થતું જોવામાં આવે છે. તેમાંના કેટલાએક સામ્યવાદી પક્ષ તરફ ઢળી રહેલા માલુમ પડે છે અને બેલટ (મત પ્રદાન) માં ન ફાવ્યા તો બુલેટ (બંદુક ગોળી) નો આશ્રય શા માટે ન લેવો એવા ઉદ્‌ગારો કાઢતા પણ તેમનામાંના કોઈ કોઈ સંભળાય છે. સમાજવાદી પક્ષના આગેવાનો જો લોકશાહી–democracy–વિષે સુદૃઢ શ્રધ્ધા ધરાવતા હોય તો તેમણે પોતાના અનુયાયીઓમાં પેદા થઈ રહેલા દ્વિધા માનસને ગંભીરપણે ધ્યાનમાં લેવાની, અને તેમને સમ્યગ્ માર્ગે વાળવાની અને સામ્યવાદ અને સરમુખત્યારશાહીથી દેશને બચાવી લેવા માટે જો બની શકે તો કોંગ્રેસમાં વિલીન થઈ જવાની અને એમ શકય ન હોય તો અને ત્યાં સુધી કોંગ્રેસના વિરોધમાં કામ કરવાને બદલે કોંગ્રેસ સાથે હાથોહાથ અને ખભેખભા મેળવીને બને તેટલો સાથ આપવાની ખાસ જરૂર છે. દેશના વિચારપ્રવાહો ધ્યાનમાં લેતાં સમાજવાદી પક્ષ એકલો લાંબો વખત ટકી નહિ શકે એમ ઘણા વિચારકોને લાગે છે. પરિણામે સામ્યવાદ જ બળત્તર થશે અને કોંગ્રેસ નબળી પડશે. કોંગ્રેસમાં સમાજવાદી પક્ષ અન્તર્ગત થશે તો કોંગ્રેસ વિશુધ્ધ થશે, વધારે ક્રાન્તિકારી થશે; મજબુત બનશે અને સામ્યવાદ સામે પૂરી ટક્કર ઝીલી શકશે.

આજની આખી પરિસ્થિતિ એક બીજી રીતે પણ વિચારવી ઘટે છે. આજની આખી સમસ્યા મોટા ભાગે આર્થિક છે. પ્રજાની પાયાની જરૂરિયાતો કેમ પૂરી પાડવી એ પ્રશ્ન હિંદ જેવા પછાત અને દુર્બળ દેશ માટે સૌથી વધારે મહત્ત્વનો છે. આ ધ્યેય લોકશાહી તથા સામ્યવાદ પરત્વે સમાન છે. સામ્યવાદી દેશોએ આ સમસ્યાનો નીકાલ આણ્યો છે. રશીઆ અને ચીનની વર્તમાન સુસ્થિતિ જોતાં આ હકીકતનો ઇનકાર થઈ શકે તેમ નથી. પણ આ નીકાલ લાવવામાં પ્રજાજનોના વાણીસ્વાતંત્ર્યનો—રાજ્યવહીવટ તેમજ નવલ સમાજરચના વિષે પોતાના વિચારો યથેચ્છપણે વ્યકત કરવાની છૂટનો–ભોગ લેવાયો છે. સામ્યવાદીઓનું માનવું છે કે વાણીસ્વાતંત્ર્ય અને સમાજની ધરમૂળથી નવરચના એ બેનો કદિ મેળ મળી શકે જ નહિ. એકને જાગવવા જાઓ તો બીજું જોખમાવાનું જ. લોકશાહી પક્ષના સૂત્રધારો આ મન્તવ્ય સ્વીકારતા નથી. તેમને મન વ્યકિત તેમ જ વાણીના સ્વાતંત્ર્યની પ્રજાના સુખસ્વાસ્થ્ય જેટલી જ કીંમત છે, એક અન્યનું વિરોધી છે એમ તેઓ માનતા નથી. વાણી સ્વાતંત્ર્યની રક્ષા સાથે પ્રજાનો સાર્વત્રિક ઉત્કર્ષ અને નવા સમાજનું નિર્માણ શકય છે, સંગત છે એવો તેમનો દાવો છે. આ દાવો સાચો પુરવાર કરવાનો ધર્મ લોકશાહીને વરેલા રાષ્ટ્રનિર્માતાઓનો છે સામ્યવાદીઓનો તેમને આ પડકાર છે અને તે પડકાર ઝીલીને વાણીસ્વાતંત્ર્યની રક્ષા સાથે પ્રજાજનોની પાયાની સર્વ જરૂરિયાતોને પહોંચી વળે એવી સમાજરચના ઉભી કરી બતાવવી એ જવાબદારી લોકશાસનના પુરસ્કર્તાઓની છે. અહિં એ ધ્યાનમાં રાખવું અત્યન્ત આવશ્યક છે કે વ્યકિતના કે વાણીના સ્વાતંત્ર્યની તાત્વિક દૃષ્ટિએ તથા નૈતિક તેમ જ સામાજિક દૃષ્ટિએ ગમે તેટલી મોટી કીંમત હોય તો પણ સામાન્ય પ્રજાજનોને તેની બહુ કીંમત નથી હોતી, અને જ્યારે પણ પ્રજાજનોને એમ માલુમ પડશે કે વાણીસ્વાતંત્ર્ય અને સાર્વત્રિક સ્વાસ્થ્ય ઉભય એક સાથે ટકી શકે તેમ નથી ત્યારે એ અમૂલ્ય લેખાતા વ્યકિત–સ્વાતંત્ર્યને ફેંકી દઇને આમ પ્રજા પોતાનું આર્થિક સ્વાસ્થ્ય ખરીદવા તૈયાર થઈ જવાની છે. આનું નામ છે સામ્યવાદનો પદપ્રવેશ. તો દેશના જે જે, પક્ષો જે જે બળો, વાણીસ્વાતંત્ર્યની ઉપયોગીતામાં માનતા હોય તે સર્વેએ એકત્ર બનીને વાણીસ્વાતંત્ર્યની ઉચિત રક્ષા સાથે એક બાજુ કોમવાદનો અને બીજી બાજુ ભાત ભાતની તંગીઓથી ભરેલી આજની વાસ્તવિકતાનો સંગઠિત સામનો કરવાનો રહે છે. એ આપણે નહિ કરીએ અને પ્રજાજનો હતાશ થઇને, નિરાશ થઇને સામ્યવાદ તરફ ઢળશે તો તેમને લેશમાત્ર દોષ દેવાનો આપણને અધિકાર નહિ રહે. ચૂંટણીદ્વારા વ્યકત થતી દેશની રાજકીય પરિસ્થિતિમાંથી આ બોધપાઠ નીકળે છે. આપણે એ અન્તરમાં ઉતારીએ અને સ્વપરના કલ્યાણમાર્ગે ગતિમાન થઇએ અને જે પગલાં લેવા ઘટે તેમાં અંગત પૂર્વગ્રહો, સ્વાર્થ કે અહંભાવને લેશ માત્ર આડે આવવા ન દઇએ ?

## હરિજનપત્રોની આવરદા છ માસ લંબાય છે.

ચોતરફનો ઉહાપોહ અને પોકારને અધીન થઇને નવજીવન પ્રકાશન મંદિરના ટ્રસ્ટીમંડળે ત્રણે હરિજનપત્રો છ માસ વધારે ચલાવવાનો નિર્ણય જાહેર કર્યો છે. હરિજનપત્રો બંધ થાય છે એવા એકાએક સમાચારથી આઘાત પામેલા અનેક 'હરિજન' પ્રેમીઓ આ સમાચારથી સંતોષ અને રાહત અનુભવે એ સ્વાભાવિક છે. 'જીવતો નર ભદ્રા પામશે' એ કહેવત અનુસાર જો છ મહીનાની મુદત લંબાણી છે તો તેમાંથી એવી શુભ પરિસ્થિતિ જન્મવી જોઇએ કે જેથી એ પત્રો છ મહીના પછી પણ બંધ કરવા ન જ પડે એવી આકાંક્ષા સર્વ હરિજનપ્રેમીઓના દિલમાં ઉભી થઈ રહી છે અને એમ બનવા માટે શું કરવું જોઇએ એ દિશાએ અનેક શુભેચ્છકો રચનાત્મક વિચાર અને પ્રવૃત્તિ કરી રહ્યા છે. આમાં સૌથી મુખ્ય બાબત તો ત્રણે પત્રની બને તેટલી ગ્રાહકસંખ્યા વધારવાને લગતી છે. આજે દેખાડવામાં આવતી મોટે આ પત્રો લાંબો વખત ચાલી ન જ શકે એ તો સાવ દેખીતું તત્કાળ ઉહાપોહના પરિણામે ગ્રાહકસંખ્યા જોઇતા પ્રમાણમાં વધે પણ તેથી નીરાંત ચિન્તવવાનું કારણ નથી. વસ્તુતઃ, ગ્રાહક ખ્યા કેમ વધે અને વધેલી ગ્રાહકસંખ્યા કેમ ટકી રહે એ દૃષ્ટિએ હરિજનપત્રોનું વહીવટી તેમ જ સંપાદકીય કેટલુંક સંસ્કરણ થવું અતિ આવશ્યક છે. આ સંબંધમાં કેટલીક સૂચનાઓ અસ્થાને નહિ લેખાય.

(૧) ગયા વર્ષ દરમિયાન આ ત્રણે પત્રો ચલાવવા પાછળ રૂા. ૪૦૦૦૦ ની ખોટ આવ્યાનું જણાવવામાં આવ્યું છે. આમાં આશરે ૯૦૦૦ ગ્રાહકોનું લવાજમ રૂ. ૫૪૦૦૦ મેળવતાં ભિન્ન ભિન્ન હરિજનપત્રોની આશરે ૯૨૦૦ નકલો પ્રગટ કરવા પાછળ રૂા. ૯૪૦૦૦ નું ખર્ચ થયું ગણાય. સામાન્ય રીતે વિચારતાં આ ખર્ચની રકમ ઘણી મોટી લાગે છે. આ ખર્ચ સંબંધે નવજીવન પ્રકાશન મંદિરે વિગતવાર ખુલાસો બહાર પાડવો ઘટે છે સંભવ છે કે નવજીવન પ્રકાશન મંદિર સાથે પ્રારંભથી સંકળાયલી કેટલીએક આર્થિક જવાબદારીઓ હરિજનપત્રો ખાતે ઉધારવામાં આવતી હોય, આવી જે કોઈ જવાબદારીઓ હોય તેનો ઈનકાર થઇ ન શકે, પણ તેને લગતી રકમો હરિજનપત્રો સાથે સાંકળવી ન જ જોઇએ. આગળ ગમે તે પ્રથા હોય, પણ આજે તો હરિજનપત્રો ચાલુ રાખવા હોય તો હરિજનપત્રો સાથે સીધો સંબંધ ધરાવતી રકમોનો

સરવાળો શું થાય તે જાહેર જનતાને ટ્રસ્ટીમંડળે સ્પષ્ટતાપૂર્વક જણાવવું જોઇએ. કારણ કે તે રકમ ઉપરથી જ કયા પત્ર માટે કેટલી ગ્રાહકસંખ્યા પુરતી ગણાય તેનો પ્રમાણભૂત ખ્યાલ આવી શકે.

(૨) જો હરિજનપત્રોને સ્થાયી પાયા ઉપર મૂકવા હોય તો જેમની ચાલુ નાદુરસ્ત તબિયત રહે છે તેવા શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળાને તંત્રીપણાની જવાબદારીથી હવે મુકત કરવા જોઇએ કે જેથી તેમને આ કાયમનો ભાર ન લાગે અને તબિયત જેટલો અવકાશ આપે તે મુજબ તેઓ હરિજનપત્રોની સેવા કરી શકે. આજના સંયોગોમાં શ્રી. કિશોરલાલભાઈ તંત્રી તરીકે ચાલુ રહે એ જ ઇષ્ટ હોય તો તેમની સમકક્ષાના તેમના બીજા મિત્રોને અને સાથીઓને તેમના આ કાર્યમાં ચાલુ મદદનીશ બનાવવા જોઇએ.

(૩) હરિજનપત્રો સામાન્યતઃ નિહાળતાં માલુમ પડે છે કે આગળ-ઉપર યંગ ઇન્ડીઆ અને નવજીવનમાં અને પાછળના કાળમાં ગાંધીજી હયાત હતા એ દરમિયાન હરિજનપત્રોમાં એવા અનેક લેખકોનાં નામ નજરે પડતા હતા કે જેઓ આજે હયાત હોવા છતાં અને ગાંધીવાદને વફાદાર રહીને પોતપોતાના ક્ષેત્રમાં કામ કરતા હોવા છતાં હરિજનપત્રો માટે લેખો બીલકુલ લખતા નથી. આપણી જાતને ગાંધીજીના અનુયાયી તરીકે ઓળખાવવા છતાં એમ જોવામાં આવે છે કે આપણે આપણા સાથીઓને વધારે ને વધારે સાંકડા માપે માપતા થયા છીએ અને 'હું સમજું છું એ જ ગાંધીવાદ સાચો' એમ માનીને દૂર નજીક રહેતા સાથીઓમાં ગાંધીવાદની દૃષ્ટિએ જાતજાતની ઉણપો તારવવાની આપણે ટેવ કેળવી છે; પરિણામ એ આવ્યું છે કે હું જો આવી સંસ્થાના અધિકારસ્થાને આવું છું તો બીજાનો સહકાર યા તો હું શોધતો નથી અથવા તો મને મળતો નથી. આવું જ કાંઇક હરિજન પત્રો વિષે બન્યું હોય એમ લાગે છે અને તેનું પરિણામ એ આવ્યું છે કે આજના અનેક પ્રશ્નોને ગાંધીવાદની દૃષ્ટિએ નિહાળવા છતાં પોતપોતાની ભિન્ન ભિન્ન નજરે તોળતા એવા અનેક વિચારકો, ચિન્તકો અને સમાજસેવકોની લેખસામગ્રીથી હરિજન-પત્રો ભરપુર હોવાં જોઈએ, તેના બદલે વૈવિધ્યવંચિત અને પ્રમાણમાં નિરસ બનતા ગયા છે. હરિજનપત્રો સાથે જવાબદાર સંબંધ ધરાવતી વ્યક્તિઓ વ્યક્તિગત રીતે તેમ જ સામુદાયિક રીતે આ બાબતનો ગંભીરપણે વિચાર કરે, મનના પૂર્વગ્રહોનું નિરસન કરે, કાકાસાહેબ કાલેલકર, નરહરિભાઈ પરીખ, જે. સી. કુમારપ્પા, સ્વામી આનંદ, જુગતરામ દવે, નાનાભાઈ ભટ્ટ, ઉમાશંકર જોષી, સન્તબાલજી, રવિશંકર મહારાજ, શ્રી. ટેન્ડુલકર, કેદારનાથજી, પંડિત સુખલાલજી, દાદાસાહેબ માવળંકર-આવી અનેક ગાંધીવાદી ચિન્તનનિષ્ટ તથા સાહિત્યનિષ્ઠ વ્યક્તિઓનો હાર્દિક સાથ અને સહકાર મેળવે અને એ રીતે હરિજનપત્રોને બને તેટલાં સમૃધ્ધ અને માર્ગદર્શક બનાવે.

ડાહ્યા ગણાતા માણસોને આવી સૂચનાઓ કરવી એ એક પ્રકારની ધૃષ્ટતા ગણાય. પણ પૂજ્ય ગાંધીજીનું નામ જેની સાથે જોડાયલું છે એવાં આ સામયિકો ચિરકાળ સુધી ચાલે અને આજની અકળાયલી, મુંઝાયલી ત્રસ્ત અને પીડિત જનતાને સતત માર્ગદર્શન કરાવતા રહે અને ગાંધીવાદના પિયુષથી પરિપ્લાવિત કરતા રહે એ ઝંખના આટલું અવિવેકી બનવા પ્રેરે છે. પ્રબુધ્ધ જૈનના વાંચકોને પ્રાર્થના છે કે તેઓમાંથી જે કોઇ માટે શકય હોય તેઓ કોઇ પણ એક હરિજનપત્રના ગ્રાહક બનાવીને તેમને ડુબતા બચાવવામાં પોતાનો ફાળો જરૂર આપે.

## માન્યવર એસ. કે. પાટીલ અને 'સર્વોદય'

તત્વચિન્તક રસ્કીને "Unto the Last" લખ્યું અને તેમાંથી સર્વોદયના વિચારનું બીજ ફુટયું. ધારો કે એક સમાજમાં ૧૦ માણસો કામ શોધવા નીકળ્યા છે અને દરેક પરસેવો ઉતારીને કામ કરવા માગે છે અને એ રીતે પોતાનું ગુજરાન ચલાવવા ઇન્તેજાર છે, પણ કમનસીબે નવ માણસોને જ કામ મળે છે અને એક માણસને અનિચ્છાએ બેકાર રહેવું પડે છે અને ભુખ્યા સુવું પડે છે, આમ એક માણસને કામ ન મળે અને ભુખ્યા સુવું પડે-તેમાં દોષ કોનો? તે માણસનો તો દોષ કાઢી ન જ શકાય. કારણ કે તે આળસુ બનીને જરા પણ સુઇ રહેવા નથી માંગતો. ખરો દોષ એ પ્રકારની સમાજરચનાનો છે કે જેમાં અમુક માણસોને ફરજિયાત બેકાર બની રહેવું પડે છે. યંત્રયુગનું આ સ્વાભાવિક પરિણામ છે. જેમ જેમ નવી શોધો થતી જાય છે તેમ તેમ માણસનું સ્થાન યંત્ર લેતું જાય છે અને માણસો નવરા પડતા જાય છે. આવી યંત્ર-રચનાથી અમુક વ્યકિતઓને આર્થિક લાભ ગમે તેટલો થતો હોય, પણ સમગ્ર સમાજની દૃષ્ટિએ આ રચના વહેલી મોડી ઘાતક નીવડવા સંભવ છે. આ જોખમ ધ્યાનમાં રાખીને આપણે એવી સમાજ-રચના કરવી જોઈએ કે જેના પરિણામે યંત્ર માણસ ઉપર સવાર થઇ ન બેસે અને લોકો મોટી સંખ્યામાં બેકાર બનવા ન પામે.

આ વિચારબીજને ગાંધીજીએ વિકસાવ્યું અને તેમાં ગ્રામોદ્યોગ, હસ્તોદ્યોગ, ચરખો, ખાદી, ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ, સ્વાવલંબન વગેરે અનેક વિચારોને સંલગ્ન કર્યા. આખરે સર્વોદય એટલે એવી સમાજરચના કે જેમાં ગામડાઓ સ્વાવલંબી બને, જેમાં ઉદ્યોગોનું જ માત્ર નહિ પણ રાજ્યવહીવટી વ્યવસ્થાનું પણ બને તેટલું વિકેન્દ્રીકરણ હોય, જેમાં વર્ગવિગ્રહ નહિ પણ વર્ગમેળના ધોરણે આખો સમાજ-વ્યવહાર ગોઠવવાનો તેમ જ ચલાવવાનો પ્રયત્ન હોય, જેમાં પશુબળ વડે નહિ પણ અહિંસા વડે ઇષ્ટ હેતુઓ સિધ્ધ થતા હોય. વળી આ સર્વોદય એટલે સ્થાપિત હિતોનો ઉદય નહિ પણ જેઓ આજ સુધી દબાયલા અને કચરાયલા છે, જેઓ શોષિત અને શાપિત છે તેવા સર્વનો ઉદય કલ્પાયલો હોય. આખરે કોઇ શોષક કે શોષિત ન હોય એવા સમાજનો ઉગમ એ સર્વોદયનો મનોરથ છે એમ કહીએ તો ચાલે. ગાંધીજીના સર્વોદયની કલ્પનામાં આવા કેટલાક ખ્યાલો રહેલા છે, જે આપણે સૌ સારી પેઠે જાણીએ છીએ.

પણ થોડા સમય પહેલાં મુંબઈની કોંગ્રેસના વડા શ્રી. એસ. કે. પાટીલે સર્વોદય વિષે કોઈ નવો જ ખ્યાલ રજુ કર્યો.

આ ચૂંટણી દરમિયાન મુંબઈ શહેરમાં કોંગ્રેસને અસાધારણ સફળતા મળી છે. આનો યશ જરૂર યોજનાકુશળ માન્યવર એસ. કે. પાટીલને ઘટે છે. વળી તેઓ પણ મધ્યવર્તી ધારાસભામાં ચૂંટાયા છે. આ કારણે મુંબઈ શહેરમાં તેમના માટે સંખ્યાબંધ સન્માન-સમારંભો ગોઠવાયા હતા. આમાં પણ વ્યાપારી સંસ્થાઓ મોખરે હતી. કારણ કે દરેક વ્યાપારક્ષેત્રમાં આજે વ્યાપારીઓની મુંઝવણ પારવિનાની છે. કાયદાકાનુનની જટિલતા, અંકુશો અને પ્રતિબંધો, સેલ્સટેકસ અને ઇન્કમટેકસ-આ બધાએ વ્યાપારનું પીઠબળ તોડી નાંખ્યું છે અને અનેક લોકો બેકાર બની બેઠા છે. આમ હોવાથી આ ઉગતા સૂરજની-વિજયને વરેલી કોંગ્રેસના અધિદેવતાની-પૂજા કરવા વ્યાપારી સંસ્થાઓ લાભેલોભે આકર્ષાય એ સ્વાભાવિક છે. આ અનુક્રમમાં મુંબઇના હીરાના વ્યાપારીઓના મંડળે પણ ક્રીકેટ કલબ ઓફ ઇન્ડીઆના મેદાનમાં શ્રી. એસ. કે. પાટીલ તથા મુંબઇની ધારાસભામાં ચૂંટાયેલા શ્રી. નાથાલાલ પરીખના માનમાં એક ભવ્ય સમારંભ યોજ્યો હતો. હીરાની આયાત જ છેલ્લા ચાર વર્ષથી તદ્દન પ્રતિબંધિત છે. એટલે ધંધાની સ્થિતિ ભારે કફોડી બની રહી છે. પ્રમાણિક વ્યાપારીને કશો અવકાશ નથી અને દાણચોરી કરનારાને ત્યાં ઘીકેળાં છે. સેલ્સટેકસની પણ આ ધંધામાં એક મોટી આફત છે. આ પરિસ્થિતિ મંડળના પ્રમુખે રજુ કરી અને તેમાંથી બને તેટલી રાહત અપાવવા અને હીરાના ધંધાને તરતો કરવાની દિશાએ જે કાંઇ બની શકે તે કરવા માનનીય મહેમાનોને વિનંતિ કરવામાં આવી. આના ઉત્તરમાં જો શ્રી. એસ. કે. પાટીલે એમ જણાવ્યું હોત કે "તમારી મુશ્કેલીઓ હું બરોબર સમજું છું, તમારી અગવડો વિષે મારી ખરા દિલની સહાનુભૂતિ છે અને એ દૂર કરવા માટે જ્યારે પણ મને તક મળશે ત્યારે થઈ શકશે તે જરૂર સર્વ કાંઇ કરીશ" ઇત્યાદિ, તો તેમાં કોઇને કશું કહેવાપણું હોત જ નહિ. કારણ

આપણે મોક્ષને લાયક થઇશું નહીં એવી તેમની શ્રધ્ધા હોય છે. એ શ્રધ્ધાને લીધે તેઓ ખોટા આદર્શમાં અને સાધનમાં ફસાઇ પડે છે. તેમણે આને અંગેનો પોતાનો આદર્શ ઠરાવતાં પહેલા મનુષ્યમાં કામ, ક્રોધ, લોભ, એ શી વસ્તુઓ છે તેનો વિચાર કરવો જોઇએ. એ વિકૃતિઓ જ છે કે પ્રકૃતિ સ્વભાવ છે? તેમની દ્વારા માનવી-શક્તિનું પ્રકટીકરણ થાય છે કે તેની શક્તિનો કેવળ હ્રાસ થાય છે? આ શક્તિઓને યોગ્ય વલણ આપવામાં આવે અને તેનો યોગ્ય કાર્યમાં ઉપયોગ કરવામાં આવે તો માણસ ઉન્નત થઇ શકશે કે નહીં? યોગ્ય વિચારથી અને યોગ્ય સાધનથી આ શક્તિઓની શુધ્ધિ કરી શકાય કે નહીં? આપણે જેને વિકાર કહીએ છીએ તેની પાછળ નિસર્ગનો કોઇ હેતુ છે કે નહિ? હોય તો શો છે? તેને માનવી-જીવન માટે ઉપયોગી અને લાભદાયક બનાવી શકાય કે નહીં? વિકારોનો સંપૂર્ણ નાશ કરવાની જરૂર છે કે તેમને ક્ષીણ અને શુધ્ધ કરી સ્વાધીન રાખવાની જરૂર છે? અને આમાંથી કઈ બાબત માણસને પ્રયત્નસાધ્ય છે? વગેરે પ્રશ્નો પર તેણે ઊંડો વિચાર કરવો જોઇએ.

વિકારોનું વર્ચસ્વ આપણા પર જામીને તેની ધૂનમાં ગમે તેમ વર્તવાને લીધે થયેલા અનર્થ અને તે બદલ થતા પશ્ચાત્તાપમાંથી તેની પ્રતિક્રિયારૂપે જે વૈરાગ્ય નિર્માણ થાય છે તેમાંથી આપણે કયારેક પણ નિર્વિકારતાની અતિશયતાના ધ્યેય પર આવ્યા છીએ એમ લાગે છે. આ વિષે આપણે અનુભવાત્મક દૃષ્ટિથી ફરી ફરી વિચાર કરવાની જરૂર હોવા છતાં પરંપરાથી ચાલતી આવેલી શ્રધ્ધાને લીધે તેમ જ શોધકપણાના અભાવને લીધે એ આપણાથી થઇ શકતું નથી. તેથી એકવાર માનેલા ખોટા આદર્શોને આપણે એમ ને એમ માનતા આવ્યા છીએ. સંયમ, બ્રહ્મચર્ય અને જિતેન્દ્રિયતાની પાછળ પડેલા પ્રામાણિક સાધકને પોતાના વિકારોનું બળ ક્ષીણ દશાએ જઈ પહોંચ્યું છે એટલી હદ સુધીની સફળતા યોગ્ય પ્રયત્નથી પ્રાપ્ત થઇ શકે છે. તે સ્થિતિમાંયે યમ, નિયમ અને સદાચારનું સતત પાલન કરીને તે પોતાનો અભ્યાસ ચાલુ રાખે તો તેના વિકારોના અવશિષ્ટ સંસ્કાર પણ અત્યંત ક્ષીણ થાય છે અને તેનું ચિત્ત સહેજે સ્વાધીન રહી શકે છે. એવી સ્થિતિમાં પણ કોઈ સાધકના ચિત્તમાં કોઈ અંતરબાહ્ય કારણથી વિકારનો આવર્ત ઊઠે તોય તેણે ગભરાયા વિના સંયમશીલ રહી ચિત્તને શાંત કરવું જોઇએ. આ રીતે પોતાનો નિશ્ચય અને પ્રયત્ન ચાલુ રાખે તો તેના જીવનમાં સહજતા આવવા લાગે છે. જીવનશુદ્ધ વહેવાર માટે ઉન્નતિ માટે આટલી નિર્વિકારતા જરૂરની છે; ને તે પૂરતી છે. પણ આથી આગળ જઇને જે સાધકો જાણીબૂઝીને પ્રતિકૂળ સંયોગો નિર્માણ કરે છે અને તેમાંથી પોતાની નિર્વિકારતાની પરીક્ષા અને કસોટી કરવાના ભ્રમમાં પડે છે તેઓ યમ, નિયમ, સદાચાર અને નીતિના પાલનમાં શિથિલ થાય છે અને તેનું પરિણામ આગળ જતાં તેમને પોતાને અને બીજાને પણ અનર્થકર જ થાય છે. આવી રીતે અતિશયતાની પાછળ પડેલા સાધકો પોતાના સાધનમાં ફસાઇ જાય છે. ફસાયા પછી વધારે ને વધારે મોહમાં પડી દંભનો આશ્રય લે છે. તેમાંથી જ કોઇ કોઇ વાર વામમાર્ગના સંપ્રદાય પેદા થાય છે. આ બધાનું કારણ ધ્યેય વિષેની આપણી ખોટી માન્યતાઓ છે એમાં શંકા નથી.

તેના કરતાં જીવનનું ધ્યેય યોગ્ય હોય, સંભાવ્ય હોય, તે માટે પાત્રતા, અનુરૂપ યોગ્ય માર્ગ અને સાધન મળ્યા હોય તો તેથી કોઈ પણ માણસ કદી ભ્રમમાં ન પડે. ભ્રમ ન હોય તો પછી દંભનું કારણ ન રહે, અને તેથી ધાસ્તી પણ ન રહે. માટે જીવનનું ધ્યેય યોગ્ય હોવું જોઇએ. વિવેકથી પારખી લીધેલું અને ન્યાય્ય અને ધર્મ્ય હોવું જોઇએ. તે તરફ જતાં માનવીસદ્‌ગુણોનો સહેજે ઉત્કર્ષ થાય એવું તે ઉદ્દાત હોવું જોઇએ. પોતાનું તેમજ માનવ સમાજનું તે કયારે પણ કલ્યાણ જ કરે એવી તેને વિષે ખાતરી હોવી જોઇએ. તેનું સાધન જનસમાજની નીતિમત્તાની ભાવનાને કોઈ પણ પ્રકારે બાધક કે વિઘાતક ન હોવું જોઇએ. ઉલટું ચાલુ નીતિમત્તાને વધારે ને વધારે શુદ્ધ કરતાં રહેવાનું સહજ સામર્થ્ય તેમાં હોવું જોઇએ. સાધનમાં કઠણતા હોય, મર્યાદા હોય અને નિયમન હોય તોયે વાંધો નહીં, પણ તેમાં અસભ્યતા, ઉચ્છૃંખલતા કે અશુદ્ધતા ન હોવી જોઇએ. તેને લીધે આળસ, જડતા અને અહંકાર પેદા ન થવાં જોઇએ. પોતપોતાની પાત્રતા અનુસાર સાધન સ્વીકારીને કોઈ પણ માણસ ધ્યેયની દિશામાં પ્રગતિ કરી શકે એવી સરળતા તેમાં હોવી જોઇએ. આવી રીતે ધ્યેય અને સાધન વિષે સ્પષ્ટતા અને શુધ્ધતા હોય તો તેમાં ભ્રમ અને દંભ પેદા થવાનું કે વધવાનું કારણ જ રહેતું નથી.

માણસ જે મૂળભૂત તત્વોનો બનેલો છે, જે પ્રકૃતિધર્મ અનુસાર તેનાં શરીર, મન, બુદ્ધિ અને પ્રાણ બનેલાં છે અને જે ધર્મ પ્રમાણે તેમનું પોષણ-સંવર્ધન થાય છે, તે તત્વો અને તે ધર્મો કોઇ ને કોઈ રૂપે તેની પ્રકૃતિમાં હંમેશાં હોવાના જ. જે વૃત્તિઓ, જે વાસનાઓ, જે વિકારો માણસના અસંખ્ય પૂર્વજો પાસેથી ચાલ્યા આવીને તેની પોતાની ઉત્પત્તિનું કારણ બન્યાં છે તે એક કે બીજે રૂપે તેનામાં દેખાઈ આવવાનાં જ. માતપિતાની જે વૃત્તિઓ આપણાં જન્મનું કારણ બની છે તેમનો આપણા લોહીમાંથી કાયમનો નાશ થઇ શકે છે એમ સમજવું એ ભ્રમ છે; અને તે થઇ ગયો છે એમ સમજવું એ મહાભ્રમ છે. આ ભ્રમમાંથી જ દંભ નિર્માણ થાય છે. ભ્રમનું કારણ મોક્ષ વિષેની મહત્વાકાંક્ષા અને દંભનું કારણ ક્ષુદ્ર અભિલાષા અને અહંકાર છે. આપણા પૂર્વજો તરફથી જે તત્ત્વોનો અને વૃત્તિઓનો વારસો આપણને મળ્યો છે તે પૈકી કોઇનોએ આપણે સંપૂર્ણ નાશ કરી શકતા નથી. તે પૈકી જે વૃત્તિઓ આપણને અનિષ્ટ લાગે છે તેમને આપણે બહુ તો ક્ષીણ કરી શકીએ, શુધ્ધ કરી શકીએ. ચિત્તવૃત્તિઓનો થોડો સમય આપણે લય કરી શકીએ, પણ તેમનો સંપૂર્ણ નાશ આપણે કદી પણ કરી શકતા નથી. સૃષ્ટિનો તે ધર્મ નથી. પ્રકૃતિનો તે નિયમ નથી. શુધ્ધ વિવેક, પોતાના અને બીજાના અનુભવોનું સુક્ષ્મ નિરીક્ષણ, પરીક્ષણ, પૃથક્કરણ, વર્ગીકરણ વગેરે કર્યા વિના આ બાબતો આપણા ધ્યાનમાં આવશે નહીં.

નિર્વિકારતાના ખોટા આદર્શ અને મોક્ષની અભિલાષાને લીધે માનવીમનનું જેવું સંશોધન, નિરીક્ષણ, પૃથક્કરણ વિગેરે થવું જોઇએ તેવું કરવા તરફ હજુ આપણા મનની પ્રવૃત્તિ નથી. તેથી નિર્વિકાર કે જિતેન્દ્રિય થવાનો પ્રયત્ન કરનારાઓના તે વિશેના ખરા અનુભવો, તેમને નડેલાં વિઘ્નો, કે તેમની સફળતા વગેરેની આપણને કશી ખબર પડતી નથી. ભ્રમ, અજ્ઞાન, દંભ, શોધકપણાનો અભાવ વગેરે કારણોને લીધે આ વિષયનું શાસ્ત્ર નિર્માણ થઈ શકતું નથી. અવિવાહિત અધ્યાત્મવાદી, બ્રહ્મચારી ગણાય છે; અને તે પણ પોતે નિર્વિકારી છે એમ દર્શાવે છે. કારણ તે પરથી જ તેને આત્મપ્રાપ્તિ કે બ્રહ્મપ્રાપ્તિ થઈ છે એમ સમજીને લોકો તેને મોક્ષનો અધિકારી માને છે. પણ તેથી તેને વિશેનો નિર્વિકારિતાનો ભ્રમ કાયમ રહે છે અને દંભને અવકાશ મળે છે. જ્યાં સુધી આપણી તેમ જ લોકોની નીતિમત્તા વિષે ખરી કાળજી આપણા ચિત્તમાં પેદા થઈ નથી અને શુધ્ધ વિવેક કરવાનું આપણે શિખ્યા નથી, ત્યાં સુધી ધાર્મિક, ઇશ્વર-વિષયક અને અધ્યાત્મિક બાબતોમાં આપણા કાલ્પનિક ધ્યેયો આવાં જ રહેવાનાં. વૈરાગ્ય, નિર્વિકારિતા, બ્રહ્મચર્ય અને જિતેન્દ્રિયત્વ વિષેની આપણી ખોટી કલ્પનાઓ આવી ને આવી જ રહેવાની. ભ્રમ અને દંભ આમ જ ચાલ્યા કરવાના. આ સ્થિતિ બદલાવી જ જોઇએ એમ આપણને લાગતું હોય તો જીવનના ધ્યેય વિષે આપણે પારંપરિક દૃષ્ટિ છોડીને વિચાર કરવો જ જોઇએ.

સમાપ્ત

કેદારનાથજી

અનુસંધાન પાના ૧૮૨ નું ચાલુ

**યમ** : નચિકેતા, એ વિદ્યાને બદલે હું તને વીણાધારિણી અનુપમ સુંદરીઓ, વિપુલ ધનસંપત્તિ, હાથી ઘોડા ને ગાયો, રથો મહેલો ને વિસ્તૃત રાજ્ય આપીશ. જગતમાં મળતાં બધાં દુર્લભ સુખો તને મળશે. તને સો વર્ષ જીવનારા અનેક પુત્રો અને પૌત્રો થશે. મારા વરદાનથી તું ધારે એટલી શરદો જીવી શકશે—ધારે તે સુખો ભોગવી શકશે. નચિકેતા, મરણની વાત છોડ, ને એને બદલે આ મહા-વરદાન સ્વીકાર.

**નચિકેતા** : પ્રભુ, આપ આપો છો એ સર્વ વસ્તુ દીર્ઘજીવી હશે, અમર નથી. અંતે એનો નાશ સર્જાયેલો જ છે. અને, ગમે એટલું લાંબું જીવન તમે આપો, તોય એને અંતે તો મૃત્યુ જ બાકી રહેશે ને ? લાંબું જીવન લઇને આનંદપ્રમોદ ક્યાં સુધી કરવા—તમારી મરજી હોય ત્યાં સુધી જ ને ? જે ક્ષણે તમે મને જડબામાં લેવા ઇચ્છશો તે ક્ષણે એ સર્વ સ્વપ્નું નહિ બની જાય ?

**યમ** : મૂર્ખ, હજી વિચાર કર. પાછળથી પસ્તાવું ન પડે !

**નચિકેતા** : ધર્મરાજ—અમારા મર્ત્યલોકના જે માનવે અજર અને અમર એવા જનો જોયા છે એ મર્ત્યલોકની સમૃદ્ધિ માગશે ? અંતે તો ભંગુર ને વૃદ્ધાવસ્થામાં પરિણમતી એવા અતિ લાંબા જીવનને સમજુ માણસ શા માટે ઇચ્છે ? એવું માણસ આ જગતનાં રૂપરંગ ધનસંપત્તિ ને સ્ત્રીસમાજ પર મોહવાનો છે ? ધર્મરાજ—રથમાં બેસીને વીણા વગાડતી એ કમનીય સુંદરીઓ ને હાથીઘોડા આપ રાખો, ને મને તો માત્ર મેં માગેલો વર આપો.

[ યમરાજ ખડખડાટ હસે છે.

કે યમદેવ, આપ આ જ્ઞાન આપતાં પહેલાં મને તાવી જુઓ છો ?

**યમ** : ( હસતાં હસતાં ) એમ જ છે, વત્સ. ( ગંભીર થઇને ) એ જ્ઞાન બહુ દુર્લભ છે, અને સાચેસાચા જિજ્ઞાસુને જ અપાય છે. એ જ્ઞાન બહુ ઓછાને સાંભળવા મળે છે, અને જેટલા સાંભળે છે એમાંથી ગણતર જ સમજી શકે છે. તર્ક અને મતિથી પણ એ જ્ઞાન મળી શકતું નથી. અને ભાઈ, એ જ્ઞાન આપી શકનારા પણ દુર્લભ છે.

**નચિકેતા** : કેમ એમ કહો છો ?

**યમ** : કોઈ અધમ માણસના કહેવાથી એ જ્ઞાન મળતું નથી. બ્રહ્મને સમજનાર પણ એ જ્ઞાન આપી શકતા નથી. જેણે બ્રહ્મને અનુભવ્યો હોય અને જે સતત બ્રહ્મમય હોય—બ્રહ્મનિષ્ઠ હોય તે જ એ જ્ઞાન આપી શકે છે. એટલું બધું એ જ્ઞાન સૂક્ષ્મ છે.

**નચિકેતા** : જગતનાં શ્રેષ્ઠ સુખો આપ બહુ દીર્ઘકાળ માટે આપતા હોવા છતાં એનો અનાદર કરીને હું આપની પાસે એ જ જ્ઞાન માગું છું ! પ્રભુ, આપ મને એ જ્ઞાનથી વંચિત રાખશો ?

**યમ** : ના, બેટા, એ વર તને મળશે. વત્સ નચિકેતા, હું તારા પર ખૂબ પ્રસન્ન છું. કારણ અવિદ્યાનો માર્ગ છોડીને તેં વિદ્યાનો માર્ગ ગ્રહણ કર્યો છે. તારા જેવા ઉત્સાહી જ્ઞાનપિપાસુ માટે જ આ જ્ઞાન છે. એ જ્ઞાન તું મેળવ, ને ચિરકાળ આનંદમાં રમમાણ રહે. અરે, એ ચિરઆનંદનાં દ્વાર તારે માટે ખુલ્લાં છે.

[ યમનો એક કદરૂપો ને બીહામણો પાર્ષદ શતદંષ્ટ્ર બે આંધળા માણસોને પકડીને લાવે છે. એમાં એક આગળ ચાલે છે, ને એના હાથમાંની લાકડી પકડી બીજો પાછળ ચાલે છે. કમ્મરેથી વાંકા વળેલા એ બન્નેની ચાલ ડગુમગુ છે. બન્નેનાં વસ્ત્રો ચિંથરેહાલ છે. નચિકેતા એમના તરફ વિસ્મયથી જુએ છે. તખ્તા ઉપર છે ત્યાં સુધી એ બન્ને વચ્ચે વચ્ચે દુઃખ અને નિરાશાનો ધીમો ઘર્ઘર રવ કાઢ્યા કરે છે.

**શતદંષ્ટ્ર** : મહારાજનો જય થાઓ. અત્યારે આપણી નગરીમાં આ બે જીવોની ભરતી થઈ છે.

**યમ** : કઈ રીતે, શતદંષ્ટ્ર ?

**શતદંષ્ટ્ર** : આજ સવારથી ઇન્દ્રપ્રસ્થ નગરીમાં એક ગાંડો હાથી ઘમસાણ મચાવી રહ્યો હતો. આથી આખા નગરમાં હાહાકાર મચી ગયો. પણ, નગરમાં વેળાસર પટહ ફરી ગયો, એટલે દુકાનદારોએ દુકાનનાં દ્વાર બંધ કરી દીધાં, ને સર્વ પ્રજાજનો ઘરમાં ભરાઇ રહ્યાં. આ બે આંધળા ભીખારીઓએ પણ એ પડો સાંભળ્યો.

**પહેલો ભિક્ષુક** ( વચ્ચેથી જ ) : એમાં મારો કાંઈ ગનો નથી બાપલિયા ! મેં આ રોયાને કહ્યું કે હેંડ, આપણે આ ધરમશાલામાં ભરાઈ જઈ. એ કહે ના, અહીં ભીડ ઘણી છે. નાકે પેલી બીજી ધરમશાલા છે એમાં ભરાઈ જઈ. એ કહે કે ત્યાંનું અન્નક્ષેત્ર પણ સારું છે, એટલે મધ્યાન્હે ખાવા પણ સારું સારું મળશે. મુઆને મેં ઘણીએ ના કહી, પણ—

**બીજો ભિક્ષુક** : બાપજી, મારો કાંઈ વાંકગનો નથી. મેં કહ્યું કે અબઘડી હેંડ્યા જઇશું. ને આ રોયાનેયે ક્યાં સારું સારું ખાવાનો અભખરો ઓછો છે ? હું ત્યાંના બધાય રસ્તાનો ભુમિયો છું. આંખનાં રતન નથી, તોયે લગરીક ભૂલ નો થાય. મેં એને દોરીને ચાલવા માંડ્યું. પણ મુઓ જલદી ડગલું ભરે તો ને !

**શતદંષ્ટ્ર** : આ ઘસડે, તે પેલો પાછળ ખેંચાય, મહારાજ. બન્ને આંધળા, ને પાછા ગભરાયેલા, એટલે અથડાતા કુટાતા ચાલે. પડે, આખડે, વાગે તોયે પાછા ઊભા થઇને દોડે, ને પાછા અથડાય ને પડે. મને તો જોવાની એવી મજા પડી ! ( યમરાજ સ્મિત કરે છે. શતદંષ્ટ્ર ખડખડાટ હસે છે. અટકીને આનંદથી, સંતોષથી ) એ ધર્મશાલાના ચોગાનમાં હતા ત્યાં તો મદનાં હાથીએ બન્નેને સૂંઢમાં ઝાલી પગ નીચે કચડી નાખ્યા.

**બન્ને ભિક્ષુક** ( એક સાથે ) : મહારાજ !

**યમ** : ચૂપ ! એક અક્ષરે બોલતા નહિ.

[ બન્ને ભયના માર્યા મૂગામૂગા ધ્રૂજ્યા કરે છે.

(નચિકેતાને)—બેટા નચિકેતા, તેં જે વિદ્યા માગી છે તેની અહીંથી જ શરૂઆત કરીએ. આ બન્નેને તો ચક્ષુ નથી. પણ જગતના ઘણા ચક્ષુવાળા પણ આ રીતે જ વર્તે છે. આણે જેમ પોતાને નગરના સર્વ રસ્તાઓનો ભોમિયો—જાણકાર ગણ્યો તેમ જગતનાં ઘણાંખરાં માણસો, પોતે કાંઈ જાણતાં ન હોવા છતાં, પોતાને સર્વ વાતમાં પારંગત ગણે છે—પોતાને જ ધીર ને ડાહ્યા માની અવિદ્યામાં—જગતનાં નશ્વર સુખોમાં રચ્યાપચ્યા રહે છે. પોતાની જડ ને મૂર્ખ બુદ્ધિથી દોરાતા એ મતિઅંધોમાં, ને આંધળાથી દોરાયેલા આ આંધળામાં ફેર શો ? આ આંધળાઓ જેમ એક ઇન્દ્રિયના—જીભના—મોહને લીધે મરણ પામ્યા, તેમ એ માણસો પં[illegible] ઇન્દ્રિઓનાં સુખો પાછળ હવાતિયાં મારતા ને ખુવાર થતા મ[illegible] ભેટે છે. મસ્ત હાથીએ જેમ આમને પોતાની સૂંઢમાં પકડ્યા, [illegible]મ માયારૂપી હાથણી એમને પોતાની ચૂડમાં ઝાલે છે. બેટા નચિકેતા, મોહથી મૂઢ થયેલા એવા એ સંસારી અંધો પૃથ્વીને જ સર્વસ્વ માને છે. એનાથી પર કોઇ લોક એમને દેખાતો જ નથી.

**નચિકેતા** : ભગવાન, પૃથ્વીલોક પર અમે જેને નાસ્તિક કહીએ છીએ તેની વાત કરો છો ?

**યમ** : હા. એમને પૃથ્વીની પાર કાંઈ દેખાય પણ શાનું ! આંધળા રહ્યા ને ! એવા માણસો આ બે આંધળાઓની જેમ ફરી ફરી મારા પાશમાં આવે છે. પાર્ષદ, આ બે કેટલામી વાર આપણે ત્યાં આવ્યા ?

**શતદંષ્ટ્ર** : આ તેરસો ત્રેવીસમી વખત, ને આ અગિયાર હજાર અઢારસો ને બાવીસમી વખત.

**યમ** : એમને લઈ જા, ને ચિત્રગુપ્તને સોંપ. એને કહે કે એમનાં કર્મો પ્રમાણે ગતિ આપે.

[ શતદંષ્ટ્ર બન્નેને લઈ જાય છે.

અપૂર્ણ

બિપિન ઝવેરી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ ૧૩ અંક : ૨૨ ] મુંબઇ : ૧૫ માર્ચ ૧૯૫૨ શનિવાર [ વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## શ્રી. મણિલાલ મોકમચંદ શાહની છબીનું અનાવરણ

### એક જીવન્ત વ્યકિતનું "શ્રાદ્ધ"

તા. ૧-૩-૫૨ શનીવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં સંઘના પ્રમુખ કાર્યકર્તા શ્રી. મણિલાલ મોકમચંદ શાહના તૈલચિત્રનો માન્યવર શ્રી. કાકાસાહેબ કાલેલકરના વરદ હસ્તે અનાવરણી સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. સંઘનું કાર્યાલય સંઘના સભ્યો તેમજ નિમંત્રિત મિત્રો અને પ્રશંસકોથી ભરાઈ ગયું હતું. સંઘના પ્રમુખ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ કાકાસાહેબ કાલેલકરને આવકાર આપતાં પ્રસ્તુત પ્રસંગને અનુલક્ષીને નીચે મુજબ નિવેદન કર્યું હતું :—

"આજે આપણા સંઘના પ્રમુખ કાર્યકર્તા શ્રી મણિલાલ મોકમચંદ શાહ જેમને આપણે સૌ મણિભાઇના નામથી ઓળખીએ છીએ તેમના તૈલચિત્રના અનાવરણ પ્રસંગે જે ભાઇઓ તથા બહેનો હાજર રહ્યા છે તેમનું હું અન્તઃકરણથી સ્વાગત કરૂં છું. કેટલાએક દિવસ પહેલાં સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો સમક્ષ સંઘના મંત્રીઓ તરફથી દરખાસ્ત આવી કે આ સંઘના જેઓ આત્મારૂપ છે અને જેમણે આ સંઘને આ સ્થિતિએ પહોંચાડવામાં સૌથી વધારે ફાળો આપ્યો છે એવા શ્રી મણિભાઇનું સ્મરણ કાયમ રહે એ હેતુથી તેમનું એક તૈલચિત્ર તૈયાર કરાવવું અને સંઘના કાર્યાલયમાં ટાંગવું. આ દરખાસ્તને બધા સભ્યોએ હર્ષપૂર્વક વધાવી લીધી અને આપણા જાણીતા ચિત્રકાર શ્રી રવિશંકર મહાશંકર રાવળને એ કાર્ય સોંપવામાં આવ્યું. તેમણે કરી આપેલ તૈલચિત્ર કળાની દૃષ્ટિએ પણ એક સુન્દર નમુનો છે અને મણિભાઇના જે ઉદાત્ત વ્યકિતત્વથી આપણે સૌ પરિચિત છીએ તે વ્યકિતત્વના સર્વ અંશો તે પ્રતિકૃતિમાં મૂર્તિમન્ત થયા છે તે આ ચિત્રનું અનાવરણ થયે આપ જોશો. આ ચિત્રના અનાવ[રણ] માટે કાર્યવાહક સમિતિએ કાકાસાહેબ કાલેલકરને વિનંતિ [કરવા]નો નિર્ણય કર્યો અને તે મુજબ વિનંતિ કરતાં આપણા નિ[મંત્ર]ણનો કાકાસાહેબે વિના સંકોચે આનંદપૂર્વક સ્વીકાર કર્યો. આ માટે આપણે તેમના ખરેખર ૠણી છીએ.

આપણા સંઘ પ્રત્યે કાકાસાહેબનો હંમેશા પ્રેમભર્યો પક્ષપાત રહ્યો છે અને જ્યારે પણ આપણે તેમને બોલાવ્યા છે ત્યારે તેઓ આવ્યા છે અને આપણને સાથ અને પ્રોત્સાહન આપેલ છે. પ્રબુધ્ધ જૈન આપણે શરૂ કર્યું ત્યારે શરૂઆતમાં આપણને લેખો આપીને એ પ્રવૃત્તિને પગભર કરવામાં તેઓ મદદરૂપ થયા હતા. આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળા વિષે તેમનું તદાત્મ્ય કોને અજાણ્યું છે? તે વિષે તેઓ આપણા હંમેશના માર્ગદર્શક રહ્યા છે. આજના પ્રસંગે મણિભાઈ જેવા એક નિષ્ઠાવાન સમાજસેવકની છબીનું અનાવરણ કાકાસાહેબ જેવા પુણ્યપુરૂષને હાથે થાય એ દરેક રીતે ઉચિત છે અને તેથી આ કાર્ય માટે થયેલા તેમના આગમનથી આપણે સૌ ઊંડા આનંદ અને આભારની લાગણી અનુભવીએ છીએ.

શ્રી. મણિભાઇ કે જેમનાથી અહિં હાજર રહેલા ભાઈબહેનોમાંના સૌ કોઇ ઓછા વધતા અંશે પરિચિત છે તેમનો વિગતવાર પરિચય આપવાની હું કોઈ જરુર જોતો નથી. આજે જેમનાં નામો જાણીતાં સમાજસેવકો કે રાષ્ટ્રનેતાઓ તરીકે સુપ્રસિધ્ધ છે તેમનામાંના તેઓ એક નથી. મણિભાઇ ગૃહસ્થ વ્યાપારી, ન્યાયનીતિને વળગી રહીને દ્રવ્યોપાર્જન કરવાની વૃત્તિવાળા ચડતી પડતીના ચક્રમાંથી પસાર થયેલા એવા એક સજ્જન પુરૂષ છે. કોઇ પાંડિત્ય કે વિદ્વત્તાનો તેમનો દાવો નથી, પણ તેમના હૃદયમાં જે પ્રેમ, ઉદારતા, અનુકંપા, સેવાવૃત્તિ, અને પ્રચંડ સુધારકમાં હોય તેવી નીડરતા રહેલી છે, તેવા ગુણો આપણા સમાજમાં બહુ ઓછી વ્યકિતઓમાં જોવામાં આવશે. આજના ધનાઢ્ય લોકો સાથે સરખાવતાં તેમની આર્થીક સ્થિતિ સાધારણ ગણાય. એમ છતાં તેમની ઉદારતા આજના ધનાઢ્યોને શરમાવે તેવી છે. કોઇ પણ તેમની પાસે મદદ માંગવા માટે ગયેલું ખાલી હાથે પાછું આવ્યું જાણ્યું નથી. આમાં પણ મુંબઇ જૈન યુવક સંઘ એ એમની ચોવીશે કલાકની ચિન્તાનો વિષય છે. આ સંઘના આગેવાન કાર્યકર્તા તરીકે તેઓ અનેક સામાજિક લડાઈઓ લડયા છે, અનેક સામાજિક અથડામણોમાં આવ્યા છે અને બાળદીક્ષા માટે તેમણે જૈન સમાજમાં ચિરસ્મરણીય ઝુંબેશ ચલાવી છે. યુવક સંઘવાળા એટલે સમાજ સાથે અથડાતા, સિધ્ધાન્ત ઉપર ઉભા રહેનાર અને અણનમ વૃત્તિવાળા—એવી જે સંઘની એક શાખ બંધાણી છે તેનો સઘળો યશ તેમને જ જાય છે. સંઘ તરફથી જે સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલય ચાલે છે તેને સ્થાયી પાયા ઉપર મૂકવાનું માન પણ તેમને જ ઘટે છે. આ વાંચનાલય અને પુસ્તકાલયની સ્થાપના તો ઈ. સ. ૧૯૪૦ માં કરવામાં આવેલી પણ તેના ખર્ચને કેમ પહોંચી વળવું અને તેનો વિકાસ કેમ કરવો એ સંઘના કાર્યવાહકોને ભારે મુંઝવતો પ્રશ્ન હતો. આજથી લગભગ દશ વર્ષ પહેલાં જ્યારે મણિભાઈ ઉપર એકાએક બ્લડપ્રેશરનો હુમલો થઇ આવ્યો હતો ત્યારે સંઘની આ પ્રવૃત્તિને સ્થાયી રૂપ આપવાના હેતુથી તેમણે રૂા. ૧૦૦૦૦] આપવા ઇચ્છા દર્શાવી. સંઘના સભ્યોએ તેમની અનેકવિધ સેવાઓની કદર રૂપે રૂ. ૧૩૮૭૩ ની થેલી તેમને આજના અર્થસચિવ શ્રી વૈકુંઠભાઇ મહેતાના હાથે અર્પણ કરી. આમાં બાકી રહેલી રકમ ઉમેરીને રૂ. ૧૪૦૦૦ ની રકમ તેમણે વાંચનાલય અને પુસ્તકાલય માટે સંઘને પાછી આપી અને એ રીતે એકત્ર થયેલી કુલ રૂ. ૨૪૦૦૦ ની રકમનું ટ્રસ્ટ કરવામાં આવ્યું. આગળ જતાં પુસ્તકો ખરીદવા માટે તેમણે બીજી એક રૂ. ૫૦૦૦ ની રકમ સંઘને અર્પણ કરી. આવી જ રીતે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ પણ તેમની અગાધ મમતાનું પાત્ર એવી બીજી સંસ્થા છે. તેનું પણ તેમણે પોતાથી રૂ. ૧૦૦૦૦ થી શરુઆત કરીને રૂપિયા એક એક હજાર એમ ઘેર ઘેર અને પેઢીએ પેઢીએ ભટકીને લગભગ બે લાખનું મકાનફંડ એકઠું કર્યું અને આ રકમ પુરી નહિ થાય એમ માનીને પોતા તરફથી બીજા રૂ. ૧૦૦૦૦

આપીને રૂ. ૪૦૦૦૦ એકઠા કરી આપવાનું બીડું ઝડપ્યું. આમ તેમની ઉદારતા અને જે સંસ્થાને પોતાની ગણી, જે કામને પોતાનુ ગણ્યું તે વિષેની નિષ્ઠાના એક પછી એક અનેક દષ્ટાન્તો સ્મરણમાં જાગૃત થાય છે પણ તે સર્વનો ઉલ્લેખ કરવા માટે અહિં અવકાશ નથી.

અલબત્ત મણિભાઈની સેવાઓનું મુખ્ય કાર્યક્ષેત્ર જૈન સમાજ રહેલ છે. એમ છતાં પણ રાષ્ટ્રના કાર્યમાં બને તેટલા મદદરૂપ થવામાં તેમણે કદિ પાછી પાની કરી નથી. વળી હજુ આપણા આખા સમાજની રચના જ કોઇ એવી છે કે જો કોઇને કાંઇ પણ સેવા કરવી હોય છે તો તેને પોતાની નાતજાત કે સંપ્રદાય સમાજની અંદર રહીને કામની તકો સહેલાઈથી મળી જાય છે, બહાર નીકળીને શું કરવું તેની ઘણાને સુઝ પડતી નથી, તેમજ તેવો અવકાશ પણ ઘણાને મળતો નથી. આ જ કારણને લઈને મણિભાઈની પ્રવૃત્તિઓ મુખ્યત્વે કરીને જૈન સમાજ પૂરતી મર્યાદિત રહી છે. આમ છતાં પણ તેમના હૃદયમાં આવી કોઇ દીવાલોને અવકાશ નથી. કોઇનું પણ કેમ ભલું કરવું એ જ તેમના દિલમાં રાત દિવસ ઝંખના હોય છે.

સાધારણ રીતે કોઈ પણ વ્યક્તિની છબીનું અનાવરણ કરવાનું હોય ત્યારે એ કોઇ વિદેહ વ્યક્તિ હોવી જોઇએ એવી આપણે સાધારણતઃ કલ્પના કરીએ છીએ. પણ અહિં તો આપણે એક જીવન્ત વ્યક્તિવિશેષની છબી ખુલી જાહેર કરવા એકત્ર થયા છીએ. અલબત્ત છેલ્લા પાંચ છ વર્ષથી તેઓ ચાલુ માંદગીના કારણે સંઘના કાર્યમાં સક્રિય ભાગ લઇ શકતા નથી. આજ સુધીમાં તેઓ બે કે ત્રણ વાર યમરાજના ઉંબરે જઈને પાછા ફર્યાં છે, આજે તેઓ વજ્રેશ્વરી એક માસથી ગયા છે અને તેમની તબિયત સદ્‌ભાગ્યે ઠીક ઠીક આશા આપે એ રીતે સુધરી રહી છે. તેઓ સાજા હોય કે માંદા હોય—સંઘની ચિન્તાથી તેઓ કદિ મુક્ત રહી શકતા જ નથી. આપણે જરૂર ઇચ્છીએ કે તેઓ પાછા સાજાતાજા થઇને આવે અને આજ સુધી જેમ બનતું આવ્યું છે તેમ તેઓ આપણને પ્રેરણા આપતા રહે અને ધક્કો મારતા રહે.

આમ જેઓ અમો સર્વના અખંડ સ્નેહનું પાત્ર છે એવા ઉદારચરિત, સેવાભાવી, સહૃદયી, અમારા વર્ષોના સાથી અને મુરબ્બી મણિભાઇની અનેકવિધ સેવાઓની આ રીતે કદર કરવાની અમને જે તક મળી છે તે અમારે મન અપૂર્વ આનંદ અને ધન્યતાનો વિષય છે. તેમની છબીનું અનાવરણ કરીને અમને કૃતાર્થ કરવા કાકાસાહેબને અમારા સંઘ વતી નમ્ર પ્રાર્થના છે.”

ત્યાર બાદ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે ઉપરના વકતવ્યનું સમર્થન કરતાં સામાન્ય છતાં અસામાન્ય એવા મણિભાઈ સૌ કોઈના સન્માનને પાત્ર છે એમ જણાવ્યું. તેમની પછી શ્રી શાન્તિલાલ મગનલાલ શાહે, તથા શ્રી લવણપ્રસાદ શાહે પણ મણિભાઇ વિષે પ્રસંગોચિત વિવેચનો કર્યાં. તારાચંદ કોઠારીએ તેમની હીંમત, નીડરતા તથા સામાજિક ક્ષેત્રમાં કામ કરતાં ગમે તેટલો ભોગ આપવાની તત્પરતાનો ભૂતકાળના કેટલાક દૃષ્ટાન્તો ટાંકીને ખ્યાલ આપ્યો. શ્રી જટુભાઇ મહેતાએ એક સામાજિક લડવૈયા તરીકેની મણિભાઈની વિશેષતાને આગળ ધરી અને શ્રી દીપચંદ એમ. શાહે પણ પ્રસંગને અનુલક્ષીને બે શબ્દો કહ્યા. ત્યાર બાદ કાકાસાહેબ કાલેલકરે મણિભાઇની છબીનું અનાવરણ કર્યું અને આ નિમિતે શ્રી મણિભાઇ પ્રત્યેનો પોતાનો આદરભાવ વ્યકત કરવાની તક મળવા બદલ સંઘનો આભાર માનતાં નીચે મુજબ પ્રવચન કર્યું.

“ તાજમહેલ જોવા ગયો હતો. એના આરસપાણની કારીગરી ખૂબ વખણાય છે. સ્થપતિઓ કહે છે કે એના મુખ્ય ગુંબજની અંડાકૃતિ સૌંદર્યની સીમા છે. એટલે માથું ઊંચું કરી એ ગુંબજને કુતુહલથી જોયો અને એનું અભિનંદન કર્યું. કેવા ભાગ્યશાળી પથરા કે આખી ઇમારતને માથે ચઢી બેઠા !

એ કુતુહલ ઓછું થયા પછી એ આખી ઇમારતનો ભાર સહન કરનાર નીચેના પથરા જોયા. એમના તરફ જોતાં માથું નમ્યું. જાણે એમને આદરપૂર્વક મેં પ્રણામ કર્યા.

હરેક સંસ્થામાં કેટલાક ભાગ્યશાળી પુરૂષો અધ્યક્ષ થાય છે, એમની શોભાને કારણે સંસ્થાની શોભા વધે છે. લોકો એમનું જ નામ લે છે, પણ સંસ્થાનો ભાર વહન કરનારા નમ્ર કાર્યકર્તાઓ જુદા જ હોય છે. એમને લીધે જ સંસ્થા બંધાય છે અને ટકે છે. એમનું સ્મરણ કરવું, એમના પ્રતિ કૃતજ્ઞ થવું અને એમનો ઉત્સાહ વધારવો એ આપણું પ્રધાન કર્તવ્ય છે. જ્યારે જ્યારે કોઇ પરિષદ કે સંમેલનનો અધ્યક્ષ થયો છું ત્યારે ત્યારે એ આખો પ્રસંગ સફળ બનાવવા માટે જેમણે દિવસરાત્ર મહેનત કરી તે સ્વયંસેવકોનો આભાર મેં પ્રથમ માન્યો છે. એ સ્વયંસેવકોને સારાં સારાં ભાષણો અને મનોહર ગીતો પણ સાંભળવાને મળતાં નથી અને પરિષદ પૂરી થયા પછી હિસાબ પૂરા કરવા, માંગીને આણેલી વસ્તુઓ પાછી પહોંચાડી દેવી વગેરે કામોમાં એમને કોઈ મદદ પણ નથી કરતું. એવું યજ્ઞકર્મ કરનારાઓ હોય છે માટે જ સમાજ ફાલે છે, ફૂલે છે.

જેમની છબી આ સંસ્થામાં રાખવા માટે આપણે ભેગા થયા છીએ તે એવા એક કાર્યકર્તા છે. તન, મન અને ધન ત્રણે રીતે સેવા કરતા આવ્યા છે. જયારે જ્યારે એઓ મળ્યા છે ત્યારે ત્યારે તેમની સાત્વિકતાની અસર મારા મન પર પડી છે. ન કોઇનો દ્વેષ, ન કશી પંચાત, પોતાનું કામ કેમ આગળ વધે એની જ ચર્ચા અને એની જ ચિંતા.

કેટલાક લોકો સાત્વિકતાનો વિચિત્ર અર્થ કરે છે. નબળો, વેવલો કે પોચો માણસ, દરેકને શરણ જાય, દરેકની વાત માની જાય એવાને સાત્વિક કહે છે. મારી સાત્વિકતાની કલ્પના નોખી છે. સાત્વિક માણસ તેજસ્વી હોય, એ કોઇનો દ્વેષ કરવામાં પોતાની શકિત વેડફી નહિ નાખે, પણ સામાજિક અન્યાય અને અત્યાચાર સામે ઝૂઝતો જાય અને કટોકટીને પ્રસંગે અણનમ રહે. મણિભાઇએ સામાજિક દોષો સામે હંમેશાં જેહાદ ચલાવી છે, પણ તે સાત્વિક ઢબે.

જૈન કોમે એમની સેવાનો ઘણો લાભ ઉઠાવ્યો છે. એક રીતે કહું તો એમને વાપરી ખાધા છે. એમની શકિતનો ઉપયોગ કોમના સ્વાર્થ માટે કર્યો છે. એમનું મન સંકુચિત નથી. એ તમામ અન્યાયો અને દુઃખો દુર કરવા મથે છે. પણ એમને કોમ કામમાં જ આપણે રોકી રાખ્યા છે.

હમણાં જ શ્રી પરમાનંદભાઇએ એક વાતનો ઉલ્લેખ કર્યો કે જીવતા માણસની છબીનું અનાવરણ કરીએ એ કેવું એમ કેટલાકને લાગે છે. આ બાબતમાં મને સ્વામી દયાનંદ સરસ્વતીનો સિધ્ધાંત જે એમણે પોતાના સત્યાર્થ પ્રકાશમાં નોંધી રાખ્યો છે તે વિશેષ પસંદ છે. તેઓ કહે છે, “શ્રાદ્ધ કરવાનું તે જીવતા લોકોનું કરવું જોઇએ. મરેલાઓનું શાનું શ્રાધ કરો ? તેઓ તો પોતાનું પાપપુણ્ય સાથે લઇને ચાલ્યા ગયા.” જે માતપિતાએ તમારા બાળપણમાં તમારી સેવા કરી તેમને તેમના ઘડપણમાં સુખ આપો, સંતોષ આપો, એમની સેવા કરો એ એમનું શ્રદ્ધ એમને બરાબર પહોંચે છે. મરી ગયા પછી કરેલું શ્રાદ્ધ શા કામનું ? મરી ગયેલા લોકો વખતે સ્વર્ગે નહિ પહોંચે એટલે એમને આપણે શ્રાદ્ધની મદદ આપીએ એ એક જાતની એમના પ્રત્યે, એમના ભાવિ પ્રત્યે અશ્રદ્ધા નથી ? (મારાં માતપિતાના અવસાન પછી પણ ? એમનું વિધિસર શ્રાદ્ધ મેં કર્યું; કેમ કે તેઓ આવા શ્રાદ્ધમાં માનતા હતા. પણ મેં મારા દીકરાઓને કહી રાખ્યું છે કે મારી પાછળ શ્રાદ્ધ કરવાની કશી જરૂર નથી.) સ્વામી દયાનંદ સરસ્વતીના સિદ્ધાંત પ્રમાણે આપણે

મણિભાઈનું શ્રાદ્ધ કરીએ છીએ અને ઇચ્છીએ છીએ કે આને જોરે તેઓ ઘણું જીવે!

મારા કેટલાક મિત્રો હવે મને પૂછવા લાગ્યા છે કે તમે તમારી કોમની સંસ્થાઓ સાથે કે કોમી પ્રવૃત્તિઓ સાથે સંબંધ રાખવાની ના પાડતા આવ્યા છો, ત્યારે જૈન સમાજની કોમી પ્રવૃત્તિમાં ભાગ શી રીતે લો છો? એક કોમમાંથી નીકળ્યા અને બીજી કોમમાં સપડાયા એવું તમને નથી લાગતું?

આજે એક ભાઈએ દલીલ કરી છે કે જે લોકો પોતાની કોમ પૂરતી જ સેવા કરે છે તેઓ પણ આખા સમાજની સેવા જ કરે છે. અમે પોતા પૂરતો કામ જેટલો ભાર ઊંચકીએ તો સમાજનો એટલો ભાર તો અમે હળવો કર્યો જ.

આ દલીલમાં હું માનતો નથી, એ ખોટી છે. જો સમર્થ લોકો, સધન લોકો અને હોંશિયાર લોકો પોતાના દીકરા, પોતાના કુટુંબી અને પોતાના ન્યાતીલાઓની જ સેવા કરે તો બાકીના અભણ, ગરીબ અને દુઃસ્થિતિમાં સપડાયેલા લોકોનો બોજો કોણ ઊંચકે? એ શું તમારા નથી? એમને માટે પણ તમારી જવાબદારી છે. એમાંથી ન છટકી શકો.

મારી કોમના લોકો જ્યારે કોમ પુરતો જ વિચાર કરે છે, કોમના જ લોકોને સ્કોલરશિપ આપે છે ત્યારે એમાં હું ભળતો નથી પણ ન્યાતના લોકોના મનમાં મારે વિષે જે આત્મીયતાનો ભાવ રહે છે તે વટાવીને કોઈ પણ અવસર ઉપર પછાત લોકોની સેવા કરવાની વૃત્તિ ઉદય પામતી દેખું છું ત્યારે હું જરૂર સંભારૂં છું કે હું સારસ્વત બ્રાહ્મણ છું. અને એ રીતે પછાત વર્ગોને લાભ અપાવવામાં મારા વિષેની આત્મીયતાનો હું ઉપયોગ કરૂં છું, પોતાની ન્યાતને વિશ્વકલ્યાણને અર્થે મૂંડવાની તક મળે તો તે તક ન છોડાય. જૈન લોકો જૈનો પાસેથી જ પૈસા ભેગા કરી જૈન ઇસ્પિતાલ ચલાવે તો એમાં હું વાંધો નહિ ઉઠાવું. પણ એમાં ફક્ત જૈન રોગીઓ જ દાખલ થાય એવો નિયમ કરો તો એ આખી પ્રવૃત્તિ પાપી છે એમ જ હું કહીશ.

હમણાં જ શ્રી. પરમાનંદભાઈએ કહ્યું કે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહનો પાયો નાખવા માટે મને બોલાવ્યો ત્યારે મેં આવવાની ના પાડી. શ્રી પરમાનંદભાઈ સાથેનો મારો સંબંધ એવો છે કે તેઓ જ્યારે જ્યારે મને બોલાવે ત્યારે ત્યારે મેં હા જ પાડી છે. એમણે અત્યારે જે પ્રસંગનો ઉલ્લેખ કર્યો તે એક જ એમાં અપવાદ છે. અને એ અપવાદ કેટલી પ્રવૃત્તિ પ્રત્યેના મારા વળણને સ્પષ્ટ કરે છે.

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની સ્થાપના મને ગમી, તે એટલા માટે કે દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી વગેરે નોખા નોખા ફિરકાઓનો ભેદ કોરે મુકી બધા એકમાં એકત્ર આવવાના છે, પણ મેં પરમાનંદભાઈને કહ્યું કે જૈનો પોતાને પૈસે પોતાની કોમના યુવકોની જ સગવડ ઊભી કરે અને બીજી કોમના, પછાત કોમના લોકોને માટે એમાં કશું સ્થાન ન હોય તો તે અશુભ પ્રવૃત્તિ છે. એંસી ટકા વિદ્યાર્થીઓ ભલે જૈન હોય, વીસ ટકા જૈનેતર અને તેમાંયે ખાસ કરીને પછાત કોમોના વિદ્યાર્થીઓ હોવા જોઈએ. એવું થઈ શકે તો હું ખુશીથી આવીશ.

મેં આશા રાખેલી કે ગૃહના વ્યવસ્થાપકો અને દાતાઓ પરમાનંદભાઈ મારફતે મને કહેવડાવશે કે વીસ ટકા નહિ પણ પંદર કે દસ ટકાથી પ્રારંભ કરીશું. હું માની જાત; પણ દાતાઓ એકના બે ન થયા. એટલે જ મેં હાજર રહેવાનું માંડી વાળ્યું.

પજુસણું પર્વની વ્યાખ્યાનમાળામાં પરમાનંદભાઈ જેવા સંચાલકો તમામ ધર્મના વ્યાખ્યાતાઓને બોલાવે છે, વ્યાપક દૃષ્ટિનો પરિચય કરાવે છે. એ શુભ પ્રવૃત્તિ છે એટલે એની સાથે સહયોગ કરતાં આનંદ થાય છે. ઉમળકો આવે છે.

જૈન સમાજ સાથે હું ભળું છું એનું કારણ મને હજી આશા છે કે એ સમાજ પોતાના મિશનને ઓળખશે. મહાવીર

( વધુ માટે જુઓ પાનું ૧૯૮ )

# કેટલાક સમાચાર અને નોંધ

## જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનો સુવર્ણ મહોત્સવ: એક વિચારણા

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સના કાર્યવાહકોએ આગામી એપ્રીલ માસમાં સંસ્થાનો સુવર્ણમહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું છે. ૫૦ વર્ષની ઉમ્મરે પહોંચતી કોઈપણ સામાજિક સંસ્થાના કાર્યવાહકોને પોતાની સંસ્થાનો સુવર્ણમહોત્સવ ઉજવવાનું મન થાય એ સ્વાભાવિક છે, પણ એ ઉપરથી એમ ફલિત થતું નથી કે ૫૦ વર્ષની ઉમ્મરે પહોંચતી દરેક સંસ્થા પોતાનો સુવર્ણમહોત્સવ ઉજવવાની યોગ્યતા ધરાવે છે. શું જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સની આજ સુધીની કારકીર્દી અને તેની આજની પરિસ્થિતિ એવી છે ખરી કે જેના લીધે આવો સમારંભ યોજવો ઉચિત ગણાય—આ પ્રશ્ન આપણે વિચારીએ.

અલબત્ત કોઈ પણ સંસ્થા ૫૦ વર્ષ સુધી જીવતી રહે એ કાંઈ નાની સુની વાત નથી. વળી આ કોન્ફરન્સે જૈન શ્વે. મૂ. સમાજની કશી જ સેવા બજાવી નથી એમ પણ કહી નહિ શકાય. આ કોન્ફરન્સનો ઉદ્ભવ જ એવા કોઈ અશુભ ચોઘડીયે થયો લાગે છે કે તેની ૫૦ વર્ષની કારકીર્દી દરમિયાન જુદા જુદા સ્થળોએ કોન્ફરન્સના છુટાછવાયા નાના યા મોટા જલસાઓ જરૂર થયા છે, પણ આટલી લાંબી પ્રવૃત્તિનું આ સ્થાયી અને સંગીન કાર્ય અને પરિણામ—આ રીતે દર્શાવી શકાય એવું કોન્ફરન્સના આજ સુધીના ઇતિહાસનું સારરૂપ કશું પણ રજુ કરી શકાય તેમ નથી. આવી કોન્ફરન્સોનો ઉદ્દેશ પોતપોતાની કોમનું સંગઠન કરવું, અને પરસ્પર એકતા સાધવી, દેશકાળ અનુસાર પોતાના ધાર્મિક તેમ જ સામાજિક જીવનના બંધારણ, રીતરસમ તથા વ્યવહારમાં જરૂરી ફેરફારો કરતા રહેવું, અને પોતપોતાની કોમ યા સમાજનો સામાજિક તેમ જ આર્થિક ઉત્કર્ષ થાય તેવી યોજનાઓ અમલમાં મૂકવી-આ મુજબનો હોય છે. આ ઉપરાંત સાધારણ રીતે પ્રત્યાઘાતી બળ તરીકે કાર્ય કરતો જ્યાં સાધુ સમુદાય હોય ત્યાં તેવા સમુદાયને પોતાના અંકુશ તળે લાવવો અને સમાજને પ્રગતિના માર્ગે આગળ વધવામાં વેગ આપવો એ પણ આવી સંસ્થાનો એક મુખ્ય ઉદ્દેશ હોય છે. કમનસીબે પ્રારંભથી કોમના સ્થાપિત હિતોએ તેમજ મોટા ભાગના સાધુસમુદાયે આ સંસ્થાને સાથ તો આપ્યો નથી, એટલું જ નહિ પણ મોટા ભાગે વિરોધી બળો તરીકે જ કાર્ય કર્યું છે. પરિણામે કોન્ફરન્સ એક અત્યન્ત નિર્બળ અને દુર્બળ સંસ્થા તરીકે ઘડિમાં નવા વિચાર તરફ અને ઘડિમાં જુનવાણી તરફ ઢળતી, પ્રગતિશીલ નહિ પણ અગતિશીલ—આવી દયાજનક દશા વચ્ચે આજ સુધી શ્વાસોચ્છ્વાસ ખેંચતી રહી છે. આમાં પણ જુનવાણી વળણ ધરાવતા વર્ગે તથા કેટલાએક સાધુઓએ તો કોન્ફરન્સને કેવળ જર્જરિત બનાવવાનું જ કામ કર્યું છે. તે વર્ગને પોતા તરફ વાળવા આ કોન્ફરન્સના સૂત્રધારોએ તેની પારવિનાની કદમપોષી કરી છે. પણ તેનું પરિણામ લગભગ નિરાશામાં આવ્યું છે. સુધારક વર્ગે આજ સુધીમાં કોન્ફરન્સને ઠીક ઠીક સાથ આપ્યો છે, એમ છતાં પણ તેની નિષ્પ્રાણ અને સતત ડરપોક મનોદશા જોઈને તેમને કોન્ફરન્સમાં જે કોઈ રસ હતો તે લગભગ ઓસરી ગયો છે. ત્રણેક વર્ષ પહેલાં જુનવાણી વર્ગનું મન રીઝવવા ફાલના મુકામે કોન્ફરન્સને પીછેહઠ કરાવતા બે પ્રત્યાઘાતી ઠરાવો પસાર કરાવવામાં આવ્યા, એમ છતાં પણ એ વર્ગ હજુ કોન્ફરન્સ તરફ જોઈએ તેટલો અભિમુખ થતો જ નથી. જૈન સમાજના અધિદેવતા શેઠ કસ્તુરભાઈ લાલભાઈની આ કોન્ફરન્સે અર્ચના કરી, આરતિ ઉતારી, આમ છતાં પણ એ દેવની કૃપાનિગાહ આ રાંક સંસ્થા ઉપર હજુ જોઈએ તેટલી ઉતરતી નથી, ઠરતી નથી. આજે બે વર્ષથી મધ્યમ વર્ગને રાહત આપવાના કંઈ કંઈ પ્રયત્નો આ કોન્ફરન્સના કાર્યવાહકો વિચારી રહ્યા છે, અમલમાં મૂકી રહ્યા છે, પણ તેનું પરિણામ લાગેલી આગ ઉપર

થોડાં જળબિન્દુઓ વરસાવવા જેટલું જ હજુ આવ્યું છે. આજે આ કોન્ફરન્સ પ્રમત્ત સાધુ સંસ્થા વિષે એક શબ્દ ઉચ્ચારી શકે તેમ નથી, કોઈ પણ ધાર્મિક કે સામાજિક સુધારાની વાત રજુ કરી શકે તેમ નથી, પ્રતિષ્ઠા, ઉપધાન અને અંજનશલાકાના નામે આજે કરવામાં આવતાં લાખો રૂપિયાના દ્રવ્યવ્યય સામે આંગળી ચીંધી શકે તેમ નથી. આ કોન્ફરન્સ તરફથી સ્થિતિચુસ્ત વર્ગની આળી લાગણી રખેને દુભાઈ ન જાય એવા ભય અને સાવચેતી પૂર્વક કેટલાએક સમયથી પ્રગટ થતી પત્રિકા આજે વધારે નિર્માલ્ય દશામાં નીકળી રહી છે. આવી અપંગ દશામાં જીવતી કોન્ફરન્સ કયા સ્વત્વના અભિમાનપૂર્વક પોતાનો સુવર્ણ મહોત્સવ ઉજવશે એ કલ્પનામાં આવતું નથી. કોઈ એમ ન સમજે કે આ નોંધ કોન્ફરન્સ પ્રત્યેની કોઈ વિપક્ષ બુદ્ધિથી લખાઇ રહી છે. જે ઉદ્દેશો ઉપર વર્ણવ્યા તેવા ઉદ્દેશો બર લાવવા માટે આવી કોન્ફરન્સોની જરુર ઉપયોગીતા છે. પણ જ્યાં પોતાના દારિદ્રય, પંગુતા, નિષ્ક્રિયતા, જડતા, અપ્રગતિશીલતા સિવાય બીજું કશું જ રજુ કરવાનું નથી તેવી ચીંથરેહાલ દશામાં કૉન્ફરન્સે પોતાનો સુવર્ણ મહોત્સવ ઉજવવા નીકળવું તેના બદલે ભૂતકાળની કારકીર્દી વિષે મૌન સેવવું, વર્તમાનને બરોબર ઓળખવો અને સમાજનું અને દેશનું ઉજજવળ ભાવી રચવા તરફ તેના કાર્યવાહકોએ —સૂત્રધારોએ—પોતાનું ધ્યાન, શકિત અને સાધનસામગ્રી કેન્દ્રિત કરવી—એમાં વધારે શાણપણ અને ડહાપણ છે. એ વાસ્તવિકતા તરફ તેમનું ધ્યાન ખેંચવું એટલો જ આ નોંધનો ઉદ્દેશ છે.

અલબત્ત, આજે રજત મહોત્સવો અને સુવર્ણ મહોત્સવો સ્થળે સ્થળે ઉજવાઇ રહ્યા છે. આજે ચોતરફ આનો જ પવન વાઈ રહ્યો છે. અનેક કુટકળ સંસ્થાઓ જેમ તેમ કરીને આજ સુધી જીવ્યાની હકીકતને ભારે ધામધુમપૂર્વક ઉજવે છે. ઉલટું આજસુધી કશું જ થઈ શકયું નથી એ વાસ્તવિકતાને ઢાંકવા ખાતર જ અનેક સંસ્થાઓના રજત મહોત્સવો અને સુવર્ણ મહોત્સવો યોજવામાં આવે છે. એ પ્રસંગે સંસ્થાના આજ સુધીના મામુલી કાર્યના અતિશયોકિતભર્યાં વર્ણનો ભારે સુશોભિત આકારોમાં અને અનેક નામદારોની છબીઓ સાથે સમાજ સમક્ષ રજુ કરવામાં આવે છે અને જાણે કે આ કોઇ અજોડ અને અનન્ય સંસ્થા હોય અને અનેક સેવાઓ અને પુરૂષાર્થનાં પ્રકરણોથી ખીચોખીચ ભરેલી હોય અને આખા સમાજની આ સંસ્થાએ જ જાણે કે કાયાપલટ કરી હોય એવું ભ્રામક ચિત્ર ઉભું કરવામાં આવે છે. આવા મહોત્સવો પાછળ મોટા પ્રમાણમાં દ્રવ્યવ્યય કરવામાં આવે છે, ઢોલનગારાં અને પડઘમ વાગે છે, રાષ્ટ્રના કોઈ નેતા પાસે આવા સમારંભનું ઉદ્ઘાટન કરાવવામાં આવે છે અને પ્રમુખસ્થાને નિયોજાયલી વ્યકિત સંસ્થાના ભારોભાર વખાણ કરે છે. પણ આ બધું ચાર દિવસનું ચાંદરણું હોય છે. સમાજ લાંબો વખત ભરમાયલી દશામાં રહેતો નથી અને સરવાળે સંસ્થાનું દારિદ્રય વધારે નગ્નસ્વરુપે બહાર આવે છે. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના આગેવાનો આવા પોલા સમારંભથી દૂર રહે અને કોન્ફરન્સને વધારે સજીવ, વધારે પ્રાણવાન અને કાર્યકારી બનાવવા તરફ પોતાનું લક્ષ્ય કેન્દ્રિત કરે એ જ વધારે આવશ્યક અને સત્યપરાયણ માર્ગ છે.

## જૈન મુનિ ચંદ્રપ્રભસાગર: એક પરિચય

વર્તમાન જીવન જીવતાં જીવતાં પણ જાણ્યે અજાણ્યે કેટલાક પૂર્વગ્રહો બંધાઇ જાય છે અને તે અંગે જૈન સાધુઓ એટલે આવા જ હોય અને આવા ન જ હોય, તેમના વિચારો અને વળણો આજ પ્રકારના હોય અને આ પ્રકારના ન જ હોય એવા કંઇ કંઇ ખ્યાલો પૂર્વક આપણે વિચરતા હોઇએ છીએ તેમાં કાંઇક જુદું જ અપવાદ રૂપ જ્યારે આપણે જોઇએ છીએ ત્યારે આપણને ભારે આશ્ચર્ય થાય છે અને માનવીજીવન ગમે તેવા રૂઢિના ચોગઠામાં જકડાયલું હોય તો પણ તેમાં જો હીર હોય તો તે ઝળકી ઉઠયા વિના રહેતું નથી એવો આપણા હૃદયમાં વિશ્વાસ પેદા થાય છે. થોડા સમય પહેલા જ્યારે મારા જાણવામાં આવ્યું કે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ કેટલાયે વર્ષોથી ખાદી પહેરે છે ત્યારે જૈન સાધુ અને ખાદીને સાધારણ રીતે બારમો ચંદ્રમા હોય એવો મારો ભ્રમ ભાંગ્યો અને તેમના વિષેનો મારો આદર દ્વિગુણીત થયો. આવી જ રીતે બીજા એક ખાદીધારી સાધુનો અઢીએક માસ પહેલાં ભાવનગરમાં પરિચય થયો, તેમના ઉદાત વિચારો સાંભળવામાં આવ્યા, મંદિર, મૂર્તિ અને પ્રતિષ્ઠાને બદલે દયા, દાન અને સેવાને ઉપદેશતા તેમને જોયા, અને સાંપ્રદાયિક વેશમાં આધુનિક સાર્વગ્રાહિતાનું તેમનામાં દર્શન કર્યું ત્યારે હું આનંદ અને વિસ્મયથી મુગ્ધ બન્યો. તેમના વિષે વધારે તપાસ કરતાં એમ જાણવા મળ્યું કે ૧૯૩૦/૩૨ની સત્યાગ્રહની લડતમાં તેમણે જેલવાસ પણ ભોગવેલો. ત્યાર બાદ અમુક સંયોગો તેમને જૈન દીક્ષા તરફ ખેંચી ગયા અને તેમણે તથા તેમના પિતાએ એક સાથે જૈન દીક્ષા અંગીકાર કરી. આજે જો કે જૈન સાધુનું જ પરંપરાગતત જીવન તેઓ જીવે છે, છતાં ગાંધીજી પ્રત્યે તેઓ અપૂર્વ ભકિતભાવ ધરાવે છે અને આજના પ્રશ્નો બહુ વ્યાપક અને ઉદાર દૃષ્ટિએ વિચારી શકે છે. સુન્દર તેમની આકૃતિ છે અને પ્રવાહબધ્ધ સુસંસ્કારી તેમની વાણી છે. આવા સાધુ જે કોઇ સંપ્રદાયમાં હોય તે સંપ્રદાય તેવા સાધુથી જરૂર શોભે છે, ગૌરવાન્વિત બને છે.

આવા એક મુનિવરના ઠીક ઠીક પરિચયમાં આવેલા સૌરાષ્ટ્રના આગેવાન કોંગ્રેસી નેતા શ્રી બળવન્તરાય ગોપાળજી મહેતા તેમના વિષે પોતાના મન ઉપર પડેલી છાપ એક અંગત પત્રમાં નીચે મુજબ વ્યકત કરે છે:—

"છેલ્લા થોડા માસ દરમિયાન જૈન મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજીનો મને અણધાર્યો પરિચય થયો. તેમણે ગયું ચાતુર્માસ ભાવનગરમાં કર્યું હતું તે દરમિયાન એક દિવસ સમવસરણના વંડામાં તેમનું એક જાહેર વ્યાખ્યાન હતું. મિત્રોની ઇચ્છાને વશ થઇને મને પણ ત્યાં જવાનું બન્યું. 'માનવતાનાં સોપાન' એ તેમનો વ્યાખ્યાન વિષય હતો. એમને પહેલી વાર સાંભળતાં તેમના તરફ મને સ્વાભાવિક આકર્ષણ થયું. તેમના વ્યાખ્યાનમાં ઉંડું ચિન્તન, સ્પષ્ટ નિર્મળ દૃષ્ટિ, વાસ્તવિક પરિસ્થિતિ વિષે સભાનતા અને ભાવનાનું પ્રાબલ્ય અનુભવગોચર થતાં હતાં. તેમનું વકતૃત્વ પણ મોહક હતું. સમાજ ઉપર તેમના વકતવ્યનો સારો પ્રભાવ પડતો હોય એમ મને લાગ્યું.

"બીજી વાર શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય ઉપર તેમને પ્રવચન કરતાં સાંભળવાનો પ્રસંગ મને પ્રાપ્ત થયો. વેધક દૃષ્ટિથી એ મહાન આચાર્યના જીવનનું તારતમ્ય તેમણે સભા સમક્ષ રજુ કર્યું હતું. સમાજના સમગ્ર અંગ ઉપાંગોનું વિશાળ દૃષ્ટિથી અવલોકન કરવા તેમણે જૈન સમાજને ઉદ્બોધન કર્યું હતું. એ વખતે મને લાગ્યું કે આવા મુનિશ્રીને માત્ર જૈન સમાજ આગળ જ નહિ પણ વિશાળ જન-સમાજ આગળ પોતાના વિચારો રજુ કરવાની તક મળે એ બહુ જરૂરી છે.

"ભાવનગરના ટાઉનહોલમાં 'સેવાના સન્માર્ગો' ઉપર તેમનું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું, જે વખતે વયોવૃદ્ધ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. તદુપરાન્ત વડવાના ઉપાશ્રયમાં તેમનું અન્તિમ વ્યાખ્યાન સાંભળવાનો મને સુયોગ પ્રાપ્ત થયો હતો. આ બધા ઉપરથી મારા મન ઉપર એક એવી છાપ પડી છે કે આ મુનિશ્રી પાસે જીવનની એક સમગ્ર અને સમન્વય સાધતી દ્રષ્ટિ છે. જગતના, દેશના, માનવ સમાજના, વર્તમાન પ્રશ્નો વિષે તેમની પાસે સ્પષ્ટ માહીતી છે. અને એ પ્રશ્નોના ઉકેલ માટે આવશ્યક એવી નિર્મળ પ્રજ્ઞા પણ તેઓ ધરાવે છે. કોઇ સંકુચિત વાડામાં અટવાઇ ગયા સિવાય જીવનને સર્વગ્રાહી રીતે અવલોકવા માટેની તેમની તત્પરતા ખરેખર પ્રશંસનીય છે.

"તેમના ભાવનગરથી વિહાર કર્યા બાદ ટાણા મુકામે તેમનું એક વિશેષ પ્રવચન સાંભળવાની મને તક મળી હતી તેમજ પાલીતાણા ખાતે ગાંધીજીની સંવત્સરિ વખતે અપાયેલ જાહેર વ્યાખ્યાનમાં હાજર રહેવાનો પણ મને સુયોગ સાંપડયો હતો.

"આ સર્વ ઉપરથી મને એવી પ્રતીતિ થઇ છે કે મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી માત્ર જૈન સમાજનાજ નહિ પણ સમગ્ર માનવ-સમાજના ઉપદેશક અને માર્ગદર્શક થવાની પાત્રતા તથા જ્ઞાન, વૈરાગ્ય અને ઉંડી અન્વેષકદૃષ્ટિને પરિણામે તેઓ સમાજ ઉપર સારો પ્રભાવ પાડવાનું સામર્થ્ય ધરાવે છે, વળી વાસ્તવિકતાની નક્કર ભૂમિકાને છોડયા સિવાય ઉન્નત આદર્શો પ્રજા સન્મુખ તેઓ સરળ અને હૃદયંગમ ભાષામાં રજુ કરી શકે છે; તેમજ સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધિમાં મશગુલ રહેલા લોકોને થોડા સમય માટે પણ એક ઉચ્ચ અને દિવ્ય ભુમિકાનું તેઓ દર્શન કરાવી શકે છે.

"આ દેશમાં જે અનેક સંપ્રદાયો પ્રવર્તે છે તે દરેકમાં ચંદ્રપ્રભ-સાગર જેવી કોઈને કોઇ વિશિષ્ટ અને સત્ત્વશાળી વિભૂતિઓ જોવા મળે છે. પોતપોતાના સંપ્રદાયના અંગમાં તેમના ભાગે જે કાંઇ પ્રવૃત્તિ, કામગીરી કરવાની આવે તે તે પ્રવૃત્તિ અને કામગીરી તેઓ જરુર બજાવે, પણ સાથે સાથે તેઓ સમગ્ર સમાજને માટે પણ પ્રવૃત્તિશીલ રહે, લોકોને પ્રેરણા અને દોરવણી આપે, અને સમાજનું વાતાવરણ, ઉચ્ચ કોટિનું રાખે એ એટલું જ બલકે વધારે જરુરી છે એમ મારૂં માનવું છે.

"આવી વ્યક્તિઓ રૂઢ આચાર વિચારનાં બંધનોના કારણે પોતાની શકિતનો, જ્ઞાનનો તેમજ અનુભવનો વિશાળ જનતાને બહુ જ ઓછો લાભ આપી શકે છે. આ લાભ વધારે વ્યાપક બને એટલા માટે આજના જમાનાને લક્ષ્યમાં રાખીને તેમના આચારની પ્રક્રિયાઓમાં જરૂરી ફેરફારો કરવા જોઇએ અને એમને જરૂરી છૂટછાટ જૈન સમાજે આપવી જોઇએ એવો મુનિ ચંદ્રપ્રભાસાગરજીના પરિચયથી મારો અભિપ્રાય બંધાયો છે અને જૈન સમાજ સમક્ષ એ અભિપ્રાય નમ્ર ભાવે રજુ કરૂં છું."

## ધર્મના નામે થતાં નિર્દોષ પશુઓનાં બલિદાન

હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે અને ખાસ કરીને દેવીના મંદિરો સમક્ષ ધર્મના નામે અનેક નિર્દોષ પશુઓનાં બલિદાન આપવાની પ્રથા કંઇ કાળથી ચાલી રહી છે. આહાર નિમિત્તે માણસ પશુહત્યા કરે એ અસહ્ય હોવા છતાં સમજી શકાય તેવું છે, પણ ધર્મના નામે ચાલતી આ હિંસાનો કોઇ અર્થ જ સમજાતો નથી. આવી હિંસાથી પુણ્ય થાય અને આવું બલિદાન આપનાર સ્વર્ગભાગી બને— આની જેવો બીજો કોઈ મુર્ખાઇભર્યો વહેમ કલ્પી શકાતો નથી.

નાસિક જીલ્લામાં માલેગાંવ પાસે ચંદનપુરી નામનું એક ગામ છે. ત્યાં દર વરસે ખંડોબા નામના દેવતાને નામે મોટો મેળો ભરાય છે, અને એ પ્રસંગે આસપાસના પ્રદેશોમાંથી હજારોની સંખ્યામાં લોકો આવે છે અને સેંકડોની સંખ્યામાં બકરાઓનાં બલિદાન અપાય છે. કોઈ કોઈ વાર આ સંખ્યા ત્રણ હજાર સુધી પહોંચી જાય છે.

આ વખતે માલેગાંવમાં બિરાજતા જૈન મુનિશ્રી જંબુવિજયજીએ માલેગાંવના નાગરિકોને આ હિંસા અટકાવવા માટે પ્રેરણા આપી. અને ત્યાંના કેટલાક આગેવાનો આ દિશાએ કાર્ય કરવા કટિબધ્ધ થયા. નજીકમાં આવેલ ધોડનદીના જીવદયા મંડળે આ કાર્ય ઉપાડી લીધું. ચંદનપુરી તેમ જ આસપાસના ગામડાના હજારો લોકોની સહી સાથે આ કતલ અટકાવવા માટે ત્યાંના જીલ્લા કલેકટરને અરજી કરવામાં આવી. જીલ્લા કલેકટરે ચાલુ હિંસાની અટકાયત કરતો એક હુકમ બહાર પાડયો અને આ હિંસામાં ભાગ લેતા લોકોને સારી રીતે સમજાવવામાં આવ્યા. પરિણામે આ વર્ષે આ પ્રકારની સામુદાયિક હત્યા બંધ થઇ ગઇ અને અનેક પશુઓને અભયદાન મળ્યું. આવી જ રીતે ગયા વર્ષે સોલાપુર જીલ્લાના ટેંભુનિ ગામે કલેકટરનો હુકમ મેળવીને લગભગ ૫૦૦૦ બકરાઓનાં બલિદાન દેવાતાં અટકાવવામાં આવ્યા હતાં.

વસ્તુતઃ ધર્મના નામે થતી પશુઓની કતલની સરકારી કાયદાથી અટકાયત થવી ઘટે છે. કારણ કે આ પ્રથા કેવળ અમાનુષી અને જંગલી છે અને તે પાછળ વહેમ અને અજ્ઞાન સિવાય બીજું કોઈ તત્ત્વ છે જ નહિ. પણ જ્યાં સુધી આવો હિંદવ્યાપી કાયદો ન થાય ત્યાં સુધી જ્યાં જ્યાં આવી પશુહિંસા ચાલતી હોય તે તે સ્થળને લગતા કલેકટર પાસેથી ઉપર મુજબનો હુકમ કઢાવીને તેમ જ તેને લગતું જરૂરી પ્રચારકાર્ય કરીને તે તે સ્થળના મંદિરો સમક્ષ થતી કતલો બંધ કરાવવા સૌ કોઈ જીવદયાપ્રેમી બંધુઓએ ઉદ્યુક્ત થવાની ખાસ જરૂર છે. પ્રસ્તુત કીસ્સાંમાં ધોડનદીના જીવદયા મંડળીના કાર્યવાહકોને તેમજ માલેગાંવના આગેવાનોને આવી પહેલ કરવા માટે અને તેમાં ધારી સફળતા મેળવવા માટે, તેમજ નાશિક જીલ્લાના કલેકટર શ્રી. મ. દ. રોજપાલને ભૂતદયાથી પ્રેરાઇને આવું જાહેરનામું વખતસર બહાર પાડવા માટે સૌ કોઈના ધન્યવાદ ઘટે છે.

## પશુબલિદાનની અટકાયત કરતું કલેકટરનું જાહેરનામું

આવી રીતે અન્યત્ર પશુ હત્યા અટકાવવા ઇચ્છતા સમાજ-સેવકોને ઉપયોગી થાય એ હેતુથી નાશિક જીલ્લાના કલેકટરે બહાર પાડેલા મૂળ મરાઠી જાહેરનામાનો નીચે અનુવાદ આપવામાં આવે છે:–

"અમારા જાણવામાં આવ્યું છે કે માલેગાંવ તાલુકામાં આવેલ ચંદનપુરીમાં દર વર્ષે પોષ શુદ ૧૫ પૂર્ણિમાને રોજ ઉજવાતી શ્રી ખંડોબા દેવની યાત્રામાં શ્રધ્ધાળુ હિન્દુઓ દેવની સામે બોકડા અને બકરાઓનાં બલિદાન આપે છે. તાજેતરમાં તે યાત્રાનો દિવસ તા. ૧૨-૧-૫૨ નજીક આવી રહ્યો છે. ખંડોબા દેવના નામે મુંગા પ્રાણીની હિંસા કરવા ઇચ્છતો પ્રત્યેક મનુષ્ય ભૂતદયાથી પ્રેરિત થઇને એ કામથી અટકે એ અત્યન્ત આવશ્યક છે. મુંગા જાનવરોનું બલિદાન આપવાથી દેવ પ્રસન્ન થાય છે એમ નથી, પણ ઊલટું તેમને જીવતદાન દેવાથી દેવ અધિક પ્રસન્ન થવાની શકયતા છે. તેથી ચંદનપુરી જનારા સર્વ યાત્રાળુઓને એવી નમ્ર વિનંતિ કરવામાં આવે છે કે આજ સુધી પૂર્વાપરથી ચાલી આવેલી આ દેવ સમક્ષની હિંસા પ્રત્યેકે તાબડતોબ બંધ કરવી અને દેવની ભકિતભાવથી પૂજા અર્ચા કરવી. ભજન કીર્તન જેવો ધાર્મિક કાર્યક્રમ ગોઠવીને દેવની યાત્રા આનંદપુર્વક સફળ કરવી.

"આ મુંગા જાનવરોની હત્યા સંબંધમાં અમારી સામે પુષ્કળ જવાબદાર લોકોએ ફરિયાદ કરી છે અને પોતાનો વિરોધ રજુ કર્યો છે. અને તેમાં પણ યાત્રાના પ્રસંગે આવી હત્યા થતાં પુષ્કળ ભાવિક લોકોનાં અન્તઃકરણ દુઃખી થાય છે. આમ હોવાથી આવી હત્યા યાત્રાના પ્રસંગે ચંદનપુરીમાં કોઇ પણ સાર્વજનિક સ્થળે કે રસ્તા ઉપર ન થાય એવી ખબરદારી રાખવી. એમ નહિ થાય તો સાર્વજનિક હિતની દષ્ટિએ આવી ઉપદ્રવકારક હત્યા બંધ કરવાની સરકારને ફરજ પડશે. પરંતુ અમને ચોક્કસ ખાત્રી છે કે સાર્વ-જનિક હિતની દષ્ટિ ધ્યાનમાં રાખીને લોકો વર્તશે અને તેવો પ્રસંગ ઊભો થવા નહિ દે. આ સૌ લોકો જાણે.

તા. ૩૧-૧૨-૫૧ (સહી) **મ. દ. રાજપાલ જીલ્લાધિકારી, નાશિક.**"

## શ્રી મોહનલાલ દીપચંદ ચોકશીને અભિનન્દન

મુંબઈની મ્યુનીસીપલ ચૂંટણીમાં માર્કેટ વિભાગમાં એક કોંગ્રેસી ઉમેદવાર તરીકે ઉભા રહેલા શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી અન્ય ઉમેદવારોની અપેક્ષાએ સૌથી વધારે મતો મેળવીને ચૂંટાયા તે બદલ તેમને જૈન સમાજના અભિનન્દન ઘટે છે. શ્રી મોહનલાલ દીપચંદ ચોકશી જૈન સમાજના શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના અને ખાસ કરીને એ વિભાગની કોન્ફરન્સના એક જાણીતા કાર્યકર્તા છે; મુંબઇ

# યમરાજનો અતિથિ (ગતાંકથી ચાલુ)

( આ નાટકના પ્રકાશન અને ભજવવા ને લગતા સર્વ હક્ક લેખકને સ્વાધીન છે. તંત્રી )

**નચિકેતા** : પ્રભુ, તો આ વિદ્યાનો પહેલો મુદ્દો એ કે પૃથ્વી એ સર્વસ્વ નથી. એની પાર બીજા લોક, બીજાં જગત રહેલાં છે.

**યમ** : યથાર્થ છે, વત્સ. હવે આ વિદ્યાનો બીજો મુદ્દો. બેટા, દેહની અંદર દેહથી જુદું આત્મા નામનું એક સત્ત્વ રહેલું છે. ઘણા લોકો ૐ અક્ષરને જ એ આત્મા ગણે છે. તે આત્મા અથવા ૐ મહાન અને પરમ છે. દેહને ગમે તે થાય, એ આત્મા એમનો એમ રહે છે.

**નચિકેતા** ; તમે શેની વાત કરો છો પ્રભુ ? અમે જેને પ્રાણ કહીએ છીએ તેની ?

**યમ** : પ્રાણ અને અપાનથી મનુષ્ય જીવતો નથી. પ્રાણ ને અપાન તો આત્માને આશ્રયે રહેલા છે.

**નચિકેતા** ; ભગવન્ત, તમે કહો છો એવો આત્મા છે જ એની ખાત્રી શી ?

**યમ** : બેટા નચિકેતા, પ્રજ્ઞાદ્દન, આત્મા જોઈ શકાતો નથી, પણ એ છે. આ બાબત એવી છે કે આપ્ત અને ગુરુ કહે તેમાં શ્રદ્ધા રાખવી પડે. તેઓ કહે તે પરથી માનવું નઈએ કે આત્મા છે. અનુભવથી પણ તને મારી વાત સાચી લાગશે.

**નચિકેતા** ; એ આત્મા દેહના કયા ભાગમાં રહે છે ? બતાવો ને પિતાજી, મારો આત્મા ક્યાં છે ?

**યમ** : હૃદયગુફામાં. સર્વના આત્મા હૃદયગુફામાં રહે છે.

**નચિકેતા** : આત્માનો આકાર શો? એનાં રૂપરંગ શાં?

**યમ** : બેટા, આત્માને રૂપ પણ નથી અને રંગ પણ નથી. એ નિરાકાર છે.

**નચિકેતા** : ધર્મરાજ, પિતાજી—આત્માનું કદ શું?

**યમ** : અંગુઠા જેટલું.

**નચિકેતા** : એ કેમ બને, પ્રભુ? કીડી ને મંકોડીમાં પતંગિયા ને ઈયળમાં અંગુષ્ઠ જેટલો આત્મા કઈ રીતે રહી શકે?

**યમ** : તે તે દેહના અંગુષ્ઠ જેટલો—હાથીમાં હાથીના અંગુઠા જેવડો, ને કીડીમાં એના અંગુઠા જેવડો.

[ યમપત્ની હાથમાં પાણીના બે લોટા સાથે પ્રવેશ કરે છે. એની પાછળ એક નોકર નાસ્તાના બે થાળ લઈને આવે છે. એમાં દુધ કે દૂધપાકનો વાડકો, લાડુ વગેરે છે. યમની પત્ની યમ ને નચિકેતાની વચ્ચે આવેલા બાજઠ ઉપર લોટા મૂકે છે. એ પછી નોકર બંને થાળ મૂકે છે.

**યમપત્ની** (પ્રેમથી) : બેટા, આ ખા.

**નચિકેતા** : મા, મને ભૂખ નથી.

**યમપત્ની** : ભૂખ નથી ? ત્રણત્રણ દિવસથી અમારે આંગણે ભૂખ્યો તરસ્યો બેસી રહ્યો, ને તને ભૂખ નથી ?

**નચિકેતા** : આત્મવિદ્યાની અપૂર્વ ગંગા પિતાજી વહેવડાવી રહ્યા છે. એનું પાન કરવામાં પરમ આનંદ આવે છે. મા, તું એમાં વિક્ષેપ પાડશે ? ને તે આ પાર્થિવ અન્નપાણીથી ?

**યમ** : દેવી, તારો આ પુત્ર જુદી માટીમાંથી ઘડાયો છે. જો ને. હું જાણું છું કે અનિત્ય વસ્તુઓથી નિત્ય વસ્તુ મળી શકે નહિ છતાં મેં યે શું કર્યું ? મહાન યજ્ઞો અને તપને અંતે યમનું આ અનિત્ય સિંહાસન માગ્યું. તું જાણે છે ને, કે, એ નિત્ય લાગે છે, છતાં વસ્તુતઃ તો દરેક પ્રલયકાળે બદલાય છે—યમનો યે પ્રલય થઈ જાય છે ? પણ નચિકેતા મારા કરતાં ચડિયાતો છે. એને એવાં સુખોની તમા નથી, તો ખાવા પીવા જેવી ક્ષુલ્લક વસ્તુની શી પડી હોય ?

**નચિકેતા** : શું, તપ એ પણ અનિત્ય છે, પિતાજી ?

**યમ** : હા બેટા, અંતિમ અર્થમાં તપ પણ અનિત્ય અને નિરુપયોગી છે. કારણ આત્મા ધર્મ અને અધર્મ બંનેથી પર છે. લૌકિક ધર્મસાધનથી નથી એનું જ્ઞાન મળતું, કે નથી એ સમૃધ્ધ થતો. જેમ ધર્મઅધર્મથી, તેમ ભૂત અને ભવિષ્યથી પણ એ પર છે. એ કારણ પણ નથી અને કાર્ય પણ નથી.

**યમપત્ની** : તો શું બેટા, તું પછી ખાશે ?

**યમ** : એની ઈચ્છા ન હોય તો હમણાં આગ્રહ ન કર. દેવી, ખાધાપીધામાં રચ્યા રહેનારને આ જ્ઞાન મળી શકતું નથી.

**યમપત્ની** : બાપ ને બેટા બંને એકએકથી ચડે એવા છો. વારુ બેટા, પછી ખાજે.

[ એ બહાર જાય છે.

**યમ** : બેટા નચિકેતા, જે જ્ઞાન તને હું આપી રહ્યો છું તે મેળવવાનો માર્ગ ખાંડાની ધાર જેવો ને, દુસ્તર અટવી ઓળંગવા જેવો છે.

[શતદંષ્ટ્ર સારથીનો વેષ ધારણ કરેલા એક માણસને પકડીને પ્રવેશે છે ને તેને ધક્કો મારી જમીન પર નાખે છે. એ લોહીલુહાણ માણસ આંકડી આવી હોય તેમ આખો વખત ધ્રુજયા કરે છે.

**શતદંષ્ટ્ર** : ધર્મરાજનો જય હો! પ્રભુ, આજે આ ઘમંડી માનવજંતુ પણ આપણું બન્યું છે.

**યમ** : એ કોણ હતો, ને કેમ કરતાં આપણો શિકાર થયો ?

**શતદંષ્ટ્ર** : પ્રભુ, એ પૃથ્વી પરના એક મહાનો ચક્રવર્તીનો સારથી છે; અશ્વવિદ્યામાં નળરાજા જેવો કુશળ ગણાતો હતો. ગઈ કાલે એણે પોતાના રાજવીને એક રાતમાં પચાસ ગાઉ લઈ જવાનું બીડું ઝડપ્યું. પોતાના રાજાને લઈને એ નીકળ્યો. અડધી વાટ તો એણે રમતવાતમાં કાપી નાખી, પણ પછી એ રસ્તો ભૂલ્યો. પૂરપાટ દોડે જતા ઘોડા એના કાબૂમાં ન રહ્યા, અને અંતે એને પોતાને પણ ચિત્તવિકાર થયો. પરિણામે એનો રથ એક મહા વૃક્ષ સાથે અથડાયો અને ભાંગીને ચૂર્ણવિચૂર્ણ થઈ ગયો. એના સર્વે અશ્વો પણ ઘાયલ થયા અને મરણ પામ્યા. એ પોતે પણ આપણી દાઢમાં આવી પહોંચ્યો.

**યમ** : (આનંદથી હસીને) એના રાજાનું શું થયું ?

**શતદંષ્ટ્ર** : થોડો સમય તો એને મૂર્છા આવી; પણ પછી એ મૂર્છા વળી ગઈ અને અત્યારે તેઓ નવીન અશ્વોવાળા બીજા રથમાં પોતાનો પંથ ક્ષેમકુશળ કાપી રહ્યા છે.

**યમ** : શતદંષ્ટ્ર, તું બહુ ઉચિત સમયે આવી પહોંચ્યો છે. તેં આણેલો જીવ મારા આ પુત્રને દૃષ્ટાંત તરીકે ખૂબ કામ લાગશે.

**શતદંષ્ટ્ર** : સેવકને શી આજ્ઞા છે ?

**યમ** : તું જા. અને પણ લેતો જા. મિથ્યા ઘમંડમાં પોતાના માલિકને હાનિ પહોંચાડનારા મૂર્ખની જે ગતિ હોય એમાં એને મોકલો.

**શતદંષ્ટ્ર** : જેવી પ્રભુની આજ્ઞા.

[ પીડાથી કણસતા સારથીને ઘસડીને લઈ જાય છે.

**નચિકેતા** : પિતાજી, અમૃતવિદ્યાના જ્ઞાનમાં આ ઘમંડી સારથી શા કામનો ?

**યમ** : બેટા, દેહ એ રથ છે. બુદ્ધિ એ સારથી છે. ને મન લગામ છે. ઇન્દ્રિઓ ઘોડા છે, ને ઇંદ્રિયે જોવા-ભોગવવાના વિષયો તે રસ્તા છે. આત્મા તે રથિન્—રથનો માલિક છે.

**નચિકેતા** : પેલા ચક્રવર્તી રાજનની જેમ ?

**યમ :** હા બેટા. હવે, આ રાજા જેમ સારો ને પ્રતાપી છે તેમ આત્મા પણ હમેશાં શુદ્ધ ને પ્રતાપી હોય છે. રથ જેમ નિમિત્ત છે એમ દેહ પણ નિમિત્તમાત્ર છે. પણ અવિચારી સારથી મળતાં જેમ આ દુર્ઘટના બની તેમ અવિચારી, અપવિત્ર અને અવિજ્ઞાનવાન બુદ્ધિવાળાની દુર્દશા થાય છે. આવા માણસોની ઇંદ્રિયો તોફાની ઘોડાની જેમ તેમને વશ રહેતી નથી અને ખોટે માર્ગે લઈ જાય છે.

**નચિકેતા :** અને જેની બુદ્ધિ વિચારશીલ હોય, વિજ્ઞાનવાન હોય, તેનું શું ?

**યમ :** તેની ઈન્દ્રિઓ સારા ઘોડાની જેમ એનું કહ્યું માને છે અને સાચે માર્ગે જાય છે. એવી બુધ્ધિવાળો માણસ પુનર્જન્મ પામતો નથી, પણ પરમ પદને પામે છે. અને તે જ વિષ્ણુનું પરમ પદ છે. તને સમજાય છે, નચિકેતા ?

**નચિકેતા :** હા, અક્ષરે અક્ષર. રાજાને જેમ કાંઇ થયું નહિ એ અકસ્માતથી એ જેમ અલિપ્ત રહ્યા, તેમ જ આત્મા સર્વ અનિષ્ટોથી અલિપ્ત રહે છે.

**યમ :** યથાર્થ છે વત્સ. હવે તને બીજું એક સત્ય કહું. અપઘાતમાંથી બચેલા એ રાજાનો અને તારો આત્મા એક જ છે.

**નચિકેતા :** ( આશ્ચર્યચકિત થઇ પોતાના દેહ તરફ નજર કરતાં ) શું કહો છો ભગવન્ત ? એ કેમ બને ?

**યમ :** તને સમજાવું. જો, ( વેદી તરફ હાથ કરી ) આ વેદીમાં અગ્નિ છે ?

**નચિકેતા :** હા, પ્રભુ.

**યમ :** ( વેદીમાંથી એક લાકડું ઉપાડીને ) આ અરણી કાષ્ટમાં અગ્નિ છે ?

**નચિકેતા :** હા, તાત.

[ યમ લાકડું પાછું વેદીની ધાર પર મૂકે છે. પોતાની પિછોડીમાંથી થોડો ભાગ ફાડી, લાકડું હાથમાં લઈ એનો એક છેડો એના પર ધરે છે. એ ભાગ સળગવા માંડે છે. યમ લાકડું વેદીમાં મૂકે છે.

**યમ :** ( કપડાનો સળગતો ભાગ બતાવીને ) બેટા, ને આ ?

**નચિકેતા :** એ પણ અગ્નિ જ છે.

[ યમ સળગતો કટકો વેદીની ધાર પર મૂકી દે છે. ]

**યમ :** આ ત્રણે વસ્તુ જુદી છે. પણ ત્રણેમાં અગ્નિ છે તે એક છે કે જુદો છે ?

**નચિકેતા :** અગ્નિ તો એક જ છે.

**યમ :** એવું જ આત્માનું છે. માત્ર તારો ને એ રાજાનો જ નહિ, તારો મારો ને એ રાજાનો એ ત્રણેનો આત્મા એક છે. અરે, એટલું જ નહિ, ભૂતમાત્રનો આત્મા એક જ છે.

**નચિકેતા :** પ્રભુ, આ વાત મારા જેવા પામર માનવીની સમજમાં ઝટ ન ઊતરે તો ક્ષમા કરશો.

**યમ :** જો, આ ખંડમાં વાયુ છે ?

**નચિકેતા :** હા જી. એ સિવાય આપણે જીવી પણ ન શકીએ.

**યમ :** અને આ બારીની બહાર ?

**નચિકેતા :** ત્યાં પણ વાયુ છે.

[ યમ એક નાનકડું કુંડું ઊંચકી એ બારી બહાર ઊંધું વાળે છે, પછી એ ચત્તું કરી નચિકેતાને બતાવે છે.

**યમ :** અને આમાં ?

**નચિકેતા :** છે જ. સર્વ સ્થળે હવા વ્યાપેલી છે.

**યમ :** એ સર્વ હવા એક જ છે?

**નચિકેતા :** હા પિતાજી. હવા તો સર્વત્ર એક જ હોય ને !

**યમ :** એવું જ આત્માનું છે. હવાની જેમ એ સર્વ સ્થળમાં અને સર્વ કાળમાં, સચર ને અચર સર્વમાં વ્યાપેલો છે.

**નચિકેતા :** હવા જેમ સર્વવ્યાપી છે તેમ આત્મા પણ સર્વવ્યાપી છે ? આ તો અલૌકિક વાત છે. પણ—સૃષ્ટિમાં તો સર્વ એકરૂપ નહિ, ભિન્નરૂપ છે. બધે દ્વૈતભાવ દેખાય છે.

**યમ :** એ દરેક દ્વૈતની પાછળ એક જ તત્ત્વ છે, અને તે બ્રહ્મન્ અથવા આત્મા. જુદા જુદા દેહ ને આકારમાં રહેલાં હોવાથી આપણને વસ્તુમાત્ર-ભૂતમાત્ર જુદાં જુદાં લાગે છે. જેમ વેદીના દેવતામાંનો અગ્નિ, કાષ્ટમાંનો અગ્નિ, કપડામાંનો અગ્નિ. પણ, આ બધામાં અગ્નિ એક છે તેવી રીતે સર્વ ચેતન–અચેતન વસ્તુમાં એ એક જ આત્મા વ્યાપી રહેલો છે.

**નચિકેતા :** હવે સમજાયું. પણ, આ અદ્વૈતની વાત ન સમજીને જેઓ જગતમાં દ્વૈત જ જોયા કરે એમનું શું ?

**યમ :** જો. ( બારી તરફ આંગળી કરે છે. થોડી વારથી ત્યાં વરસાદ પડી રહ્યો છે, ને ડુંગર એનાથી ભિંજાય છે. ) આ પર્વત ઉપર વરસાદ પડતો દેખાય છે ?

**નચિકેતા :** હા ભગવન્ !

**યમ :** એ પાણી ક્યાં જાય છે ?

**નચિકેતા :** ( વિચાર કરી ) : એ શતધાર બની ચારે બાજુએ અટવાઇ જાય છે.

**યમ :** હવે અહીં જો.

[યમપત્નીએ આણેલાં જલપાત્રોમાંનું એક ઊંચકી એમાંનું પાણી બીજા પાત્રમાં રેડે છે. આ પાણીનું શું થયું ?

**નચિકેતા :** એ બે એકરૂપ બની ગયાં.

**યમ :** હવે સાંભળ ! જેમ પર્વત પરનું પાણી વેડફાઇ ગયું તેમ દ્વૈતમાં માનનારનો આત્મા સંસારચક્રમાં અટવાઇ જાય છે. અદ્વૈતમાં માનનારનો આત્મા, આ જલપાત્રમાંના પાણીની જેમ, અહંકારથી મુકત બનીને, પરમ બ્રહ્મમાં ભળી જાય છે.

**નચિકેતા :** હવે સમજાયું. ( પ્રસન્નતાથી ) ખરે, આ જ્ઞાન તો અદ્ભુત છે–અપૂર્વ છે !

**યમ :** એટલે તો આ જ્ઞાન પ્રવચન, બુધ્ધિ કે પાંડિત્યથી મળતું નથી. આત્મા પોતે જેના ઉપર પ્રસન્ન થાય તેને જ એ જ્ઞાન મળે છે.

[યમની પત્ની પ્રવેશે છે.

**યમપત્ની :** કેમ ગુરુશિષ્ય ! આપની જ્ઞાનલહાણ હજી ચાલ્યા જ કરે છે કે ! ( નચિકેતાને ) દીકરા, હવે તો અમૃતપાનથી તારી તરસ છીપી હશે.

**નચિકેતા :** આ અણચાખ્યા રસનું પાન કરતાં કોણ ધરાય ? ને એમાંયે સ્વયં ધર્મરાજ પોતાની પરિણત પ્રજ્ઞા ને સુમધુર વાણીથી જ્ઞાનપરબ વહેવડાવતા હોય પછી તો પૂછવું જ શું ?

**યમપત્ની** (યમને) **:** હવે કેટલું બાકી છે? નચિકેતાનાં માબાપ ત્યાં રોકકળ કરતાં હશે.

[એક નોકર એક થાળમાં ફૂલ, દૂર્વા વગેરે લઇને પ્રવેશ કરે છે, ને એને યમરાજની બાજુના એક બાજઠ પર મૂકે છે. એ જતો હોય છે ત્યારે–

આપનો પૂજાનો થાળ પણ આવી ગયો.

[નોકર ચાલ્યો જાય છે.

**યમ :** હવે ઝાઝું, નથી.

[ થાળીમાંથી એક દૂર્વા ઉપાડીને ડાબા હાથમાં ઊભી પકડે છે. પછી જમણા હાથે એની મંજરી ખેંચી કાઢે છે. ફરી એક પછી એક બે વાર દૂર્વા લઇ એમ કરતાં–

બેટા નચિકેતા, હું આ શું કરું છું ?

**યમપત્ની** : હું કહું? ઘાસમાંથી કોઇ કોડો ખેંચી લે તેમ આપ દૂર્વામાંથી મંજરી ખેંચી લો છો.

**યમ** : બરાબર. નચિકેતા, આ જ રીતે ડાહ્યા માણસે એ પરમ આત્માને શરીરમાંથી બહાર કાઢવો જોઈએ.

**નચિકેતા** : એ કાઢવાની રીત શી પ્રભુ ?

**યમ** : બેટા, જગતમાં શ્રેય અને પ્રેય એવા બે માર્ગ રહેલા છે. પ્રેયના માર્ગે સુખ મળે છે, પણ તે ક્ષણિક. એ માર્ગ માણસને પૃથ્વી સાથે બાંધી રાખે છે. શ્રેયને માર્ગે જતાં કલ્યાણ થાય છે. જે શ્રેયનો માર્ગ લે છે તે આત્માને મુક્ત કરી શકે છે: જે પ્રેયનો માર્ગ લે છે એનો આત્મા ચોરાશી લાખ યોનિદેહોમાં બંધાઈ રહે છે.

**નચિકેતા** : સમજ્યો પ્રભુ !

**યમ** : બસ, આ જ તારું ત્રીજું વરદાન, તું એ બરાબર સમજ્યો છે ને ?

**નચિકેતા** : હા ગુરુવર્ય ! મરણ પછી પણ આત્માનું અસ્તિત્વ કાયમ રહે છે, એ પોતે દેહ ધારતો હોવા છતાં દેહના ગુણોથી અલિપ્ત છે. સર્વ શરીરોમાં જુદો જુદો ભાસતો હોવા છતાં વસ્તુત: એ એક જ છે, અને સર્વત્ર વ્યાપેલો છે. આત્મવિદ્યાનું જ્ઞાન બ્રહ્મનિષ્ઠ ઋષિ જ આપી શકે છે, અને ગણતર માણસો જ એ મેળવવાના અધિકારી છે. જો અનેક યોનિઓમાં ભમવું ન હોય, પેલા આંધળાઓની જેમ વારંવાર તમારી જાળમાં સપડાયા ન કરવું હોય, તો માણસે એ આત્માને દેહમાંથી મુક્ત કરવો જોઇએ. ઇન્દ્રિયોને વશ કરી, કલ્યાણનો માર્ગ ગ્રહણ કરવાથી એ આત્મા મુક્ત થઇ શકે છે, ને ચિર આનંદને પામે છે.

**યમ** : તું યથાર્થ જ્ઞાન પામ્યો છે, બેટા, જો યોગવિદ્યાની સાચી ઉપાસનાથી તું આત્માને મુક્ત કરવા પ્રયત્ન કરશે તો ખરેખર મારી પાસે ન આવતાં ચિર સુખને પામશે, ને સદા અક્ષરબ્રહ્મમાં વાસ કરશે.

**નચિકેતા** : યોગની કઈ પ્રક્રિયાથી ભગવન્ત ?

**યમ** : પહેલાં તો અવિદ્યા, અહંકાર અને વૃત્તિઓ રૂપી હૃદયની ગ્રંથીઓને ભેદવી જોઇએ, અને અંતે, જે સો નાડીઓ હૃદયમાંથી નીચે જાય છે એમને છોડીને, જે એક નાડી હૃદયકમલમાંથી મસ્તક તરફ જાય છે તે દ્વારા પ્રાણનો ત્યાગ કરીને.

**નચિકેતા** : સમજ્યો, ભગવંત ! (આનંદથી) ત્રણે વરમાં આ વર શ્રેષ્ઠ છે, પિતાજી. ( ખૂબ પ્રસન્ન ને પુલકિત જણાય છે.)

**યમ** (પત્નીને) : દેવી, આ પુત્રનાં માતપિતા એને માટે અધીરાં થતાં હશે. એને હવે રજા આપીશું ?

**યમપત્ની** : તમારા કરતાં મને એની વધારે ઉતાવળ છે. પણ આવો મોંઘેરો પુત્ર ઘેર આવ્યો હોય તેને હું તરત ને તરત જવા દેવાની નથી. મારી મહેમાની ચાખીને પછી જ એ જઇ શકશે. દાસ–

[ભાણાં ને પૂજાપો મૂકી ગયેલો નોકર પ્રવેશ કરે છે.

નર્તકીઓને બોલાવ.

[નોકર જવા તૈયાર થાય છે, ત્યાં–

**યમ** : ઊભો રહે. જો, આજે વિલાસ ને શૃંગારનાં નાચગાન નથી કરવાનાં. અમારા પુત્રને આજે મેં પરા વિદ્યા આપી છે. જો એનાથી એના મોં પર કેવો આનંદ નાચી રહ્યો છે ! એના એ આનંદનાં ગીત ગાવાનાં છે. જા, નર્તકીઓના અધીશને એની બરાબર સૂચના આપ.

[દાસ જાય છે.

**યમપત્ની** : બેઠા, હવે તો ખા. તમે પણ લો.

[બન્ને જરા જરા ખાયપીએ છે. યમપત્ની નચિકેતાને પંખો નાખે છે. જરા વારે બે નર્તકીઓ આવે છે: એકનો વર્ણ શ્યામ છે, ને એણે શ્યામ વસ્ત્રો પહેરેલાં છે. બીજીનો વર્ણ શ્વેત છે, ને એણે શ્વેત વસ્ત્રો પહેરેલાં છે. નર્તકીઓ સર્વેને પ્રણામ કરે છે. નચિકેતા ને યમ પાણીનો ઘૂંટડો પીએ છે. યમ ઉપરણાથી મોં લૂછે છે, ને નચિકેતા ધોતિયાના છેડાથી. એ પછી તેઓ નૃત્ય જોવા ઉત્સુક થાય છે. નર્તકીઓ તખ્તાની કંઇક ડાબી બાજુ પર રહીને મોં સીધાં પ્રેક્ષકો સામે રાખવાને બદલે પ્રેક્ષકોના જમણા અર્ધ તરફ–એટલે કે તખ્તા પરના ત્રણ જણ અને પ્રેક્ષકો બંનેની સમક્ષ–રાખીને ગીત સાથે મનોરમ નૃત્ય શરૂ કરે છે.

**નર્તકીઓ :**

અભિનવો આનંદ આજ, અગોચર ગોચર હવું એ !
પરપંચ પાર મહારાજ, તે પૂરણ બ્રહ્મ સ્તવું એ !
સ્વે ચૈતન્યઘન રાય, શૂન્યમાં સોહામણો એ !
તે ના'વે વાણી માંહ્ય, નહિ વિરાટ ને વામણો એ !
એ જાણ્યે જાએ જંજાળ, યથારથ જ્યમત્યમ થયું એ !
જિહાં કર્મ ન લાગે કાલ, સભર ભરાઈ તે રહ્યું એ !
તિહાં હવું મન લેલીન, જઇ ચૈતન્ય સભર ભર્યું એ !
નહિ કો દાતા દીન, તન્મય સહેજે સજ થયું એ !

[નૃત્ય કરતાં કરતાં કાળી નર્તકી ચાલી જાય છે.

**યમ** : આ અવિદ્યા ગઈ. હવે માત્ર વિદ્યા બાકી રહી.

**શ્વેત નર્તકી :**

પ્રગટયાં કોટિ કલ્યાણ, આપાપર વિણસ્યે રહ્યું એ !
સદા સદોદિત ભાણ, ઉદે-અસ્ત કારણ ગયું એ !
કહે યમ આનંદ, અનુભવ લેહવા તણો એ !
એહવો પૂરણ પરમાનંદ, નિત્ય સરાહું અતિ ઘણો એ !

## પ્રવેશ પાંચમો

[રાત્રી. વાજશ્રવાની પર્ણકુટીની બહારનો ભાગ. આંગણામાં ખાટલો ઢાળેલો છે, ને વાજશ્રવા એના પર સૂતો છે. તખ્તા પર અંધારું છે. અસ્વસ્થ નિદ્રામાં પાસાં ફેરવતાં ફેરવતાં વાજશ્રવા બોલે છે, પણ પ્રેક્ષકોને બોલનાર દેખાતો નથી. વાજશ્રવાની ઉક્તિ આગળ વધતી જાય છે તેમ ધીરે ધીરે તખ્તા ઉપર પ્રકાશ આછે આછે વધતો જાય છે. વચ્ચે વચ્ચે કઠોર ને ભયાનક અવાજો આછા આછા આવ્યા કરે છે.

**વાજશ્રવા** : ( ધીમા ચીસ પાડે છે; પછી ) ઓ માડી, મારી નાખ્યોરે ! જમડાએ મને ઝાલ્યો રે ! મુકાવો, મુકાવો, કોઈ મુકાવો ! ( જરા વાર રહીને સ્વસ્થ થઈ ) હાશ, છૂટ્યો ! માંડ માંડ છૂટયો ! ( થોડી વારે, સહેજ મોટેથી બૂમ પાડી ઊઠી.-) હાય ! જમદૂત પાછા આવ્યા–એ મારી સ્ત્રીને ને છોકરાંને પકડયાં ! બચાવો, બચાવો ! કોઈ તો વહારે આવો ! હાશ, ભાર્યાને તો મૂકી ! બાળકોને મૂકવા માંડયાં છે. બિચારાં કેવાં બેબાકળાં થઈ ગયાં છે– પણ નચિકેતાને કેમ મૂકતો નથી ! નચિકેતા, મારો શ્રેષ્ઠ આત્મજ !

[ પ્રકાશ વધીને પ્રેક્ષકો બોલનારને ઓળખી શકે એટલો થયો હોય છે.

( માથા પર હાથ અફાળી ) પણ મેં વિનકે જ એને યમના હાથમા સોંપ્યો'તો ! હું દુષ્ટ છું, પાપી છું. દુરાત્મા છું–

[એકદમ રડવા માંડે છે. થોડીવારે—ઓ માર્યો રે !

[ખૂબ મોટી ચીસ પાડી ઊઠે છે. અંદરથી નચિકેતાની માતા જાગી ઊઠીને આવે છે.

**માતા** : (એને માથે હાથ ફેરવતાં ) શાંત થાવ નાથ, શાંત થાવ !

[ગૌતમ વાજશ્રવા ધીરે ધીરે ચીસો શાંત કરે છે, ને થોડી વારે કણસતો કણસતો બેઠો થાય છે.

**વાજશ્રવા** : હાય ! એ ગયો ત્યારથી નિદ્રા વેરણ થઇ છે, ને મનનાં ભૂતડાં આમ સતાવે છે ! મેં અધમે શો અનાચાર

કર્યો ! પેટના-આ પેટના પુત્રને સ્વહસ્તે યમને આપી દીધો ! ( કપાળે હાથ દેકી ) ત્રિકાળમાં મારા જેવો દુષ્ટ કોઇ થયો હશે ખરો ? )

**માતા** ; એમ ન બોલો નાથ! કર્મની ગતિ બળવાન છે. તમારા પુત્રના—નચિકેતા—કર્મમાં તમારે જ હાથે સહેવાનું લખાયું હશે તે એમ થયું ! એમાં તમે કે હું કે કોઇ પણ શું કરી શકીએ ?

**વાજશ્રવા** : કર્મ એ તો મન મનાવવાની વાતો છે. કેવું ભયંકર કૃત્ય —અને તે ધર્મનિષ્ઠપુત્ર તરફ? મેં એને માર્યો—કારણ કે લોભી ગણી એ મને સદ્ધર્મનો માર્ગ બોધતો હતો!

[ છેલ્લી થોડી ક્ષણોમાં ભયંકર અવાજો ધીરે ધીરે ઓછા થતા ગયા છે.

**માતા** : નાથ, નચિકેતાએ આયુષ્ય ધરીને કોઇનું અહિત કર્યું નથી. એણે સર્વ કોઇનું કલ્યાણ વાંછ્યું છે, ને કલ્યાણ કર્યું છે.

[ભયંકર અવાજો બંધ પડે છે.

અને, એ કહેતો હતો તેમ, કલ્યાણ કરનારની કદી દુર્ગતિ થતિ નથી. નાથ, જ્યાં હશે ત્યાં એ કુશળ હશે. સ્વયં યમરાજ પણ મારા નચિકેતાનો વાળ વાંકો નહિ કરી શકે.

**વાજશ્રવા** : દેવી ! તું મને આશ્વાસન આપે છે, પણ મારું મન માનતું નથી. અરે, પણ દેવી, આ શું ? તમને સંભળાય છે?

**માતા** : શું?

**વાજશ્રવા** : જો જો ! સૂર્યોદયની સાથે જ મધુર મધુર રવ તારે કાને નથી પડતા ?

[પ્રકાશ વધતો જાય છે, મંજુલ અવાજો, સુમધુર વાજિંત્રો, કિન્નરીઓના નહિવત-શા કલરવ શરૂ થાય છે. ધીરે ધીરે એ વધતા જાય છે. વાર્તાલાપ ચાલુ જ છે.

**માતા** : હા નાથ ! કંઇક સંભળાય છે ખરું. એ શું હશે !

**વાજશ્રવા** : અરે એ મંજુલ નિનાદ તો વધવા માંડયાં ! એ પાસે ને પાસે-આપણા ગૃહ તરફ આવતા જણાય છે !

**માતા** : પણ આ પાર્થિવ ધ્વનિ ન હોય. એનાથી તો એ સાવ નિરાળા જ છે, ખરું ને નાથ ?

**વાજશ્રવા** : સાચે દેવી સાચે, એ સ્વર્ગીય સ્વર છે. પણ મારો નચિકેતા !

[ ધ્વનિ ને પ્રકાશ એકદમ વધી જાય છે, ને વાજશ્રવાના છેલ્લા શબ્દ સાથે નચિકેતા જમણી બાજુથી દોડતો પ્રવેશ કરી એકદમ ઊભો રહે છે. એણે રંગીન પીતાંબર અને હાથે, ગળે, કાને આભૂષણો ધારણ કરેલાં છે.

**નચિકેતા** : ( હર્ષના આવેગથી બૂમ પાડતો ) પિતાજી !

**વાજશ્રવા** : કોણ, બેટા નચિકેતા ?

**નચિકેતા** : હા પિતાજી !

[એ દોડી આવે છે, ને બંને એકબીજાને ભેટે છે. માતા નચિકેતાનો વાંસો પંપાળે છે,

**માતા** : બેટા, પાછો આવ્યો, સદેહે !

[ પિતાપુત્ર છૂટા થાય છે. છૂટા થતાં ગૌતમ વાજશ્રવા પોતાના ડાબા હાથે નચિકેતાનો જમણો હાથ પકડે છે. માતા પોતાના જમણા હાથે નચિકેતાનો ડાબો હાથ પકડે છે. ત્રણેના મુખ પર પ્રસન્નતા છવાયેલી છે.

**નચિકેતા** : હા માતા, સદેહે, અને સાથે સાથે અપૂર્વ આત્મવિદ્યાનું જ્ઞાન લઇને.

[ અતિ પ્રસન્ન નચિકેતા મૂક હાસ્ય કરતો વારા ફરતી બંનેના મોં તરફ જુએ છે. ટેબ્લો, આકાશમાંથી બેત્રણવાર પુષ્પ અને પુષ્પહારની વૃષ્ટિ.

સમાપ્ત

બિપિન જીવણચંદ ઝવેરી

( અનુસંધાન પાનાં ૧૯૧ થી ચાલુ )

સ્વામીએ જે અહિંસાનો સંદેશો આપ્યો એ ઝીલીને દુનિયાના છેડા સુધી પહોંચાડવાની જવાબદારી જૈન કોમની છે.

કેટલાક ધર્મો પોતાની કેવળ સંખ્યા વધારવા ખાતર બધા લોકોને આમંત્રણ આપે છે કે અમારા ધર્મમાં આવો. જૈન સમાજ એમ નથી કરતો. પણ એના દરવાજા તમામ દુનિયા માટે ખુલ્લા છે. ગમે તે ન્યાતનો અને ગમે તે ધર્મ કે દેશનો માણસ જૈન થઇ શકે છે.

પણ જૈન સમાજ સનાતનીઓના એક મહા દોષથી દૂષિત થયો છે. જૈન ધર્મમાં ન્યાતજાતને અવકાશ ન જ હોવો જોઇતો હતો, એ તો આખી માનવજાતિ માટેનો ધર્મ છે. પણ ન્યાતજાતના વિચારમાં જૈન ધર્મ પડયો અને એનું અથાણું થઇ ગયું. પોતે અમુક જાતની અહિંસા પાળે એટલું બસ નથીં, પોતાનું જીવન વધુને વધુ અહિંસક કરે અને એ ધર્મ પ્રત્યે આખી દુનિયાને આમંત્રણ આપે તે ખરો જૈન સમાજ. ખ્રિસ્તી મિશનરીઓ જંગલી લોકો વચ્ચે જઈને રહે છે, એમની સેવા કરે છે અને એમને ઇસામસીનો ઉપદેશ સંભળાવે છે. આફ્રિકાના મનુષ્યભક્ષી લોકો વચ્ચે પણ કામ કરીને તેમણે ઇસામસીનો ઉપદેશ ફેલાવ્યો છે.

જૈન ધર્મના પ્રારંભકાળમાં જૈન સાધુઓએ પણ માંસાહારી અને મનુષ્યભક્ષી લોકો વચ્ચે પણ કામ કર્યું છે. મહાવીર સ્વામીના એવા શિષ્યોને હું પરમ આસ્તિક કહું છું. ઇશ્વર ઉપર કે કોઇ ગ્રંથ ઉપર વિશ્વાસ રાખવો એ કાંઈ આસ્તિકતાની ખરી નિશાની નથી. પણ દરેક માણસના હૃદય પર વિશ્વાસ રાખવો, પછાતમાં પછાત, દુરાચારી માણસમાં પણ અહિંસાનો ઉદય થવાનો છે.
એવો વિશ્વાસ રાખી એની સાથે સેવા દ્વારા સંબંધ બાંધવો એ ખરી આસ્તિકતા છે.

એ આસ્તિકતામાં કોઈને પતિત અથવા પરાયો મનાય જ નહિ. સેવાશકિત-નિઃસ્વાર્થ વિશ્વપ્રેમી સેવા શકિત-દ્વારા દરેકનું હૃદયકમલ ખીલવવું એ સાચી ધાર્મિકતા છે.

એવી શકિત મેં વૈરાગીઓમાં જોઇ નથી. તેઓ પોતાની ધુનમાં જ મસ્ત રહે છે. એટલા માટે જ એક રોટી અને બે લંગોટીવાળા એમના એકલવાયા નિજાનંદી આદર્શને મેં કોરે મૂકયો. જે માણસ બધાને અપનાવે છે, એમનાં સુખદુઃખ પોતાનાં ગણે છે અને સેવા કરતાં કરતાં પોતાની જાતને ભૂલી જાય છે તે જ ખરો ધાર્મિક.

ફકત જૈન કોમની જ સેવા કરશો, સંપન્ન કે ઉજળિયાત લોકોને જ અપનાવશો તો બાકીના ભૂખ્યા તરસ્યાં, અજ્ઞાત અને પછાત લોકો તમારી આગળ આવીને પુછશે કે અમે તમારા કોણ છીએ ? જો તમારાં સગાં સંબંધી અને આત્મીય નથી તો તો અમે તમારા દુશ્મન છીએ. તમે છટકવા માગશો, પણ અમે તમને છોડવાના નથી. અમારો ભાગ અમને નહિ આપો તો તમારી પાસેથી પડાવી લઇશું.

"એ રીતે જ 'કૉમ્યુનિઝમ ફેલાય છે. કૉમ્યુનિઝમને પોષણ રશિયા તરફથી નથી મળતું પણ આપણી આવી સંકુચિત વૃત્તિમાંથી જ મળે છે. પોતાની કોમના નિસ્વાર્થ સેવકોની સેવા પોતાની કોમ પૂરતી જ વાપરવી એ પણ એક દોષ જ છે. મણિભાઈ જેવાઓની સેવાનો લાભ ઉઠાવી ફકત કોમનું જ કામ કરવું એ બરાબર નથી. જૈન સમાજ અહિંસાધર્મની વ્યાપકતા અને મહત્તા ઓળખશે એ આશાએ જ જૈન સમાજની અનેક પ્રવૃત્તિઓ સાથે સહકાર કરતાં મને સંતોષ મળે છે."

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી. જયન્તીલાલ પરીખ તરફથી કાકાસાહેબનો આભાર માનવામાં આવ્યો અને પુષ્પહાર-સમર્પણ-વિધિ સાથે સભા વિસર્જન કરવામાં આવી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૩ અંક : ૨૩ | મુંબઇ : ૨ એપ્રીલ ૧૯૫૨ મંગળવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## કોંગ્રેસની પુનર્રચના થવી જોઇએ

( હવે પછી આપણે શું કરવાનું છે તે વિષે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન આપતો એક પત્ર રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ તથા હિંદના મહા અમાત્ય શ્રી. જવાહરલાલ નહેરૂએ પ્રદેશ કોંગ્રેસ કમીટીઓને અને ચૂંટાયલા કોંગ્રેસી ઉમેદવારોને મોકલ્યો હતો. તે પત્રનો અનુવાદ નીચે આપવામાં આવ્યો છે. વાંચકો જોઈ શકશે કે તાજેતરમાં ભરાયેલી અખિલ હિંદ મહાસભા સમિતિના કોંગ્રેસી કાર્યક્રમને લગતા ઠરાવો આ પત્ર ઉપરથી જ ઘડાયા છે. તંત્રી )

**પ્રિય બિરાદર**

આપણા દેશમાં છેલ્લી સામાન્ય ચૂંટણીના કોંગ્રેસી ઉમેદવાર તરીકે સફળ કે નિષ્ફળ દરેક કોંગ્રેસી ઉમેદવારને હું આ પત્ર લખી રહ્યો છું. આપણે જીત્યા કે હાર્યા તે અગત્યનું નથી, પણ અગત્યનું છે આપણું કાર્ય, અને એટલોજ અગત્યનો છે ચૂંટણીનો અનુભવ. એ અનુભવ લક્ષમાં રાખી આપણે ભવિષ્યનો કાર્યક્રમ ઘડીએ.

આ ચૂંટણી સાથે સંકળાયેલા સૌને એક ભારે મહત્ત્વનો અનુભવ તો પ્રાપ્ત થયો છે, પણ આપણા કરોડો દેશવાસીઓને પણ આ ચૂંટણીથી વિશાળ અનુભવ મળ્યો છે. મારા છેલ્લા દેશવ્યાપી પ્રવાસમાં સ્થળે જે સ્ત્રી પુરૂષોનાં ટોળાં મેં જોયાં, તેમણે મારા હૃદયમાં તીવ્ર ઉત્સાહ અને આનંદ જગાડયા છે. આ સંપર્કે મને નવજીવન આપ્યું છે. સાથે સાથે પ્રજા આપણા તરફથી શું આશા રાખે છે, આપણે કઇ જાતનો ભાર વહન કરવાનો છે તેનું સચોટ ભાન એજ સંપર્કે મને કરાવ્યું છે.

આ પ્રવાસ ઝડપી હોવા છતાંયે તે દ્વારા આપણી કોંગ્રેસ અત્યારે કયાં ઉભી છે, અને દેશની આંતરિક પરિસ્થિતિ શું છે તેનું મને વાસ્તવિક દર્શન થયું છે. આ ઉડતી મુલાકાતોથી બીજાઓને કંઇ ફાયદો થયો કે નહિ. તે મને ખબર નથી. પણ મારે માટે તો આ પ્રવાસની મોટી શૈક્ષણિક કિમત છે. દેશબંધુઓને ફરીવાર મળવાની આ તક મળી તે માટે મારી જાતને હું ભાગ્યશાળી ગણું છું.

### ચૂંટણીનાં પરિણામો

ચૂંટણીનાં પરિણામોએ આપણને ઘણા પાઠ શીખવ્યા છે, અને તેનું સાચું મુલ્યાંકન કરતાં આપણને આવડવું જોઇએ. બીજાઓ શું કરે છે અને શું નથી કરતાં તે ન જોતાં આપણી ઉણપો અને ક્ષતિઓ તરફ હવે ધ્યાન કેંદ્રિત કરવું જોઇએ. પણ આ બધી વસ્તુ વિષે આજે હું વિગતથી કાંઈ કહેવા ઇચ્છતો નથી, કારણ કે એ પ્રશ્નોને પહોંચી વળવાનો આપણે આવતા મહિનાઓમાં અનેક રીતે પ્રયત્ન કરીશું. આજે તો જે પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ કરવાનું છે તે વિશે જ કહીશ. દેશનો અશિક્ષીત વર્ગ કેવી રીતે મત આપશે તે વિષે આપણામાંનાં ઘણાને શંકા હતી. પરંતુ મતદાન કરતી વખતે તેઓએ જે બુધ્ધિ, વિવેક અને શિસ્ત દાખવ્યા છે તે બતાવે છે કે પ્રજા સમક્ષ સાચી પરિસ્થિતિ રજુ કરી હોય તો તે પરિણામોનો ઉંડો વિચાર કરી શકે છે, અને સમજણપૂર્વક પોતાનો અભિપ્રાય દર્શાવી શકે છે. આપણા ભણેલા વર્ગ કરતાં આ અશિક્ષીત વર્ગે ચૂંટણી તરફ વધારે ગંભીરતાથી લક્ષ આપ્યું છે. અને તેથી મારૂં તેમના પ્રત્યેનું માન વધ્યું છે. આ ઉપરથી એમ નથી સમજવાનું કે ચૂંટણીનાં બધાં જ પરિણામો મને ગમ્યાં છે. પણ આ તો ચૂંટણીનાં પરિણામોને એક બાજુ મૂકી આપણી પ્રજા કઇ રીતે વર્તી તેનું સમગ્ર ચિત્ર રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે.

મારા પ્રવાસમાં જેમ જેમ હું આગળ વધતો ગયો તેમ તેમ મને સ્પષ્ટ દેખાયું કે આપણી કોંગ્રેસનું હાલનું સ્વરૂપ પ્રજાહિતનું કાર્ય કરવા સાવ અશકત છે અને ચૂંટણીના પરિણામોએ એ હકીકત વધુ સ્પષ્ટ કરી છે. આપણી સંસ્થાની મધ્યસ્થ કચેરી દ્વારા મહાસમિતિની કચેરીએ સારૂં કામ કર્યું. પ્રાંતિક સમિતિઓએ પણ ઠીક કર્યું, જો કે વધારે સારૂં કરી શકી હોત, પરંતુ આપણી જીલ્લા સમિતિઓ નાકામયાબ નિવડી. આજ કારણે કેટલેક સ્થળે આપણે કામચલાઉ ચૂંટણી સમિતિઓ ઉભી કરવી પડી. આ સમિતિઓમાં બીનકોંગ્રેસી સભ્યો પણ જોડાયા, અને તેમણે સુંદર કામ કરી બતાવ્યું. કેટલાક વિસ્તારોમાં કોંગ્રેસી કાર્યકરો હોવા છતાં, કામનો બધો જ બોજો આ બીનકોંગ્રેસી કાર્યકરો પર પડયો.

આપણા ઉમેદવારોની પસંદગી પણ કોઇ કોઇ સ્થળે બરાબર ન હતી. ઘણીવાર ઉમેદવારોનો આપસઆપસમાં સહકારનો અભાવ હતો. ખરેખર, મને એવી પણ માહિતી મળી છે કે કેટલાક કોંગ્રેસ ઉમેદવારો એકબીજાને હરાવવા પ્રયત્ન કરતા હતા. આમ છતાં એ કબુલ કરવું જોઇએ કે આપણા કાર્યકર્તાઓએ સુંદર અને અત્યંત સખત મહેનત કરી છે. નહિં તો આપણને જે ફત્તેહ મળી તે કયાંથી મળત? પણ તેથી એમ નથી સમજવાનું કે કોંગ્રેસ પ્રત્યે સહાનુભૂતિ હોવા છતાંએ આપણે ઉભા રાખેલા ગમે તેવા ઉમેદવારને સ્વીકારવા આપણી પ્રજા તૈયાર છે. આથી આપણે યોગ્ય ઉમેદવારોને ઉભા કરવાની કાળજી લેવી જોઇએ. પણ સૌથી અગત્યની તો સહકાર અને શિસ્તની ભાવના છે.

હવે આપણે ચોક્કસ આર્થિક કાર્યક્રમ ઘડી એક સુવ્યવસ્થિત અને મજબુત પક્ષ તરીકે કાર્ય કરવાનું છે. આપણે ઢીલા અને અધકચરા માર્ગોનો ત્યાગ કરવાનો છે. હવે ગમે તેને આપણે કોંગ્રેસી સભ્ય કે ઉમેદવાર તરીકે સ્વીકારીશું નહિં. આપણા મૂળભૂત સિધ્ધાંત ભલે વિસ્તૃત કરીએ, પણ પછી પ્રત્યેક કોંગ્રેસી સ્વીકારેલા સિધ્ધાંતને ચુસ્તપણે વળગી રહેનાર હોવો જ જોઇએ. લોકશાહીમાં સંખ્યાબળની ગણના છે, પણ જેમ જીવનની પ્રત્યેક વસ્તુમાં આખરે તો ગુણની કિંમત છે તેમ લોકશાહીમાં પણ ગુણ અવગુણની કિંમત અંકાય છે.

આ ચૂંટણીમાંથી એક સારૂં પરિણામ આવ્યું છે કે આપણે કોમવાદનો સીધો સામનો કર્યો છે, અને કોમી બળોને શિકસ્ત આપી છે. આ વિજય જેટલો સૂચક છે તેટલો જ આનંદપ્રેરક છે. પણ તે વિજય હજુ સંપૂર્ણ વિજય ન કહેવાય અને આપણે સજાગ રહેવું જોઈશે, કેમકે આપણા કેટલાક કોંગ્રેસી સભ્યોનાં હૃદયમાં કોમવાદીઓ સાથે હાથ મિલાવવાની લાગણી પ્રવર્તતી હતી તો કેટલાક કોંગ્રેસીઓ પરિણામના ભયથી કોમવાદ સામે આંખમિચામણા કરતા હતા. હવે કોમવાદ સામે કોઈ પણ સમાધાન ચાલી શકશે નહિં. જ્યાં આપણે કોમવાદ સામે સીધી અને પ્રમાણિક લડત આદરી છે, ત્યાં આપણે જીત્યા છીએ. જ્યાં ઢીલા પડયા છીએ ત્યાં પરાજય થયો છે.

## જ્ઞાતિવાદનું દૂષણ

આપણે હળાહળ કોમવાદનો પડકાર સફળતાપૂર્વક ઝીલ્યો છે, પણ દુર્ભાગ્યે અત્યારે સંકીર્ણ જ્ઞાતિવાદ પ્રસરતો જાય છે, તેના પરિણામો અત્યંત દુઃખદ આવશે. આ સામે આપણે લડવું જ પડશે. કેમકે તે અત્યાર સુધી કોંગ્રેસ જે સિદ્ધાંત માટે કાર્ય કરી રહી છે તેને નકારે છે; એટલુંજ નહિં પણ તે જ્ઞાતિવાદ આપણા રાષ્ટ્રના બંધારણની વિરૂધ્ધ છે. મને લાગે છે કે આપણે એવી વ્યવસ્થા કરવી જોઈએ કે જેથી હિન્દમાં જ્ઞાતિવાદને ઉત્તેજન આપતી કે જ્ઞાતિવાદ પર આધાર રાખતી વ્યકિત કોંગ્રેસના કોઈ પણ હોદ્દા પર આવી શકે નહિં.

આપણે પ્રજાના અત્યંત નિકટના સંપર્કમાં રહીને કામ કરવાનું છે. છેલ્લા થોડા મહિનાઓમાં જે આપણને અનુભવ પયો છે તે પરથી નીચેના મુદ્દાઓ તારવી શકાય.

૧ શિસ્તપાલનની આવશ્યતા

૨ આમપ્રજા સાથે નિકટનો સંપર્ક

૩ પ્રજાની સાથે રહીને સતત શ્રમની આવશ્યકતા

૪ આપણી રાજનીતિ, આપણી મુશ્કેલીઓ અને ગુંચવણભર્યા પ્રશ્નોની પ્રજાને માહિતી આપવી

૫ યુવાનો અને ઓજસ્વી વ્યકિતઓને કોંગ્રેસ તરફ ખેંચવી.

એ વસ્તુ વિશે હું સંપૂર્ણપણે સ્પષ્ટ છું કે આજની કોંગ્રેસ તદ્દન નાકામયાબ છે. તેને એક જીવન્ત સંસ્થા બનાવવા માટે બંધારણમાં શા ફેરફાર કરવા જોઈએ તેનો ગંભીરતાથી અને કાળજીપૂર્વક વિચાર કરવાનો છે. આ પ્રશ્નનો વિચાર કરવા આપણી કાર્યવાહક સમિતિએ એક પેટાસમિતિ નીમી છે. પણ તેનું પરિણામ આવતાં વખત લાગશે. મહાન સંસ્થાઓ હંમેશા બહુ ધીમી ચાલે છે, અને તેઓ એક જ ધરેડમાં પડી જાય છે. તેમાં સર્વ પ્રકારનાં વ્યકિતગત સ્થાપિત હિતો ઉગી નીકળે છે. વ્યકિતની ગણતરી છે અને થવી જ જોઈએ. આગેવાનોની પણ કિંમત છે. પણ લોકશાહીનું સાચું બળ કોઈ એકાદ આગેવાન દ્વારા નથી મળતું. એ તો નીચલા દરજ્જાના કાર્યકરોના વધુ ઉંચા ધોરણમાંથી જ આવે છે, મને યાદ છે કે ત્રીશ વર્ષ પહેલાં અમારા સંયુકત પ્રાંતમાં એક એવો કાયદો હતો કે કોઈ પણ વ્યકિત એક સાથે એક વર્ષથી વધારે મહાસભા સમિતિ, પ્રાંતિક સમિતિ, કે જીલ્લા સમિતિના પ્રમુખ તરીકે રહી શકે નહિ અને એક સાથે બે વર્ષથી વધારે કોઈ પણ વ્યકિત કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે રહી શકે નહિ. આ એક બહુ જ હિતકારી કાયદો હતો અને તેથી આપણી સંસ્થાને ઘણો ફાયદો થયો છે. આ પ્રથાથી ઘણી વ્યકિતઓને સ્થાનિક નેતાગીરીની તાલીમ મળી છે. મને લાગે છે કે આપણી કોંગ્રેસની દરેક સમિતિમાં આવો કાયદો હોવો જોઈએ.

## આમ જનતાનો સંપર્ક

મહદ્ અંશે આપણે જુદી જુદી ધારાસભાઓમાં કાર્ય કરવાનું રહેશે. પણ તે સાથે આમ જનતાના ગાઢ સંપર્કમાં રહેવું તે એટલુંજ—કદાચ એથી પણ વધુ–અગત્યનું છે. ધારાસભાના સભ્યો એ સ્થાનિક કોંગ્રેસ સમિતિના સંપર્કમાં રહેવું જોઈએ. કાંઈ નવી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી વચગાળાના સમય માટે હું એક એવી સૂચના કરૂં છું કે પ્રાંતિય ધારાસભા તથા લોકસભાના સભ્યોએ જીલ્લા કે તાલુકા કોંગ્રેસ સમિતિમાં જોડાઈ જવું જોઈએ. આથી પોતાના વ્યકિતગત જનસંપર્ક ઉપરાંત સ્થાનિક કોંગ્રેસ દ્વારા ધારાસભાના સભ્યો જનતાનો સંપર્ક સાધી શકશે.

દરેક ધારાસભ્ય પોતાના મતદાર વિભાગની શકય હોય તેટલી નિયમિત સમયે મુલાકાત લે તે અત્યંત જરૂરતું છે. અને મધ્યસ્થ ધારાસભાના સભ્યે ઓછામાં ઓછી છ મહિને એકવાર પોતે જે વિભાગમાંથી ચૂંટાયા હોય તેના પ્રત્યેક મતદાન ક્ષેત્રોની પ્રજાના સંપર્કમાં આવવું જોઈએ. છેલ્લા કેટલાક સમયથી આપણી કોંગ્રેસે મુખ્યત્વે છેક જ ટોચ પર રહીને કાર્ય કર્યું છે. આથી કેટલેક અંશે તેણે જનતાનો સંપર્ક ગુમાવ્યો છે. મારૂં એમ માનવું છે કે કોંગ્રેસનું બુનિયાદી એકમ ૨૦-૩૦ ગામડાંના સમુહનું બનાવવું જોઈએ. આ કેન્દ્રે અસરકારક રીતે કામ કરવું જોઈએ અને પોતાના વિસ્તારના એકેએક કુટુંબના પરિચયમાં રહેવું જોઈએ. સંયુક્ત પ્રાંતમાં આવી નાની નાની મંડળ સમિતિઓ રચાઈ હતી અને તેને લીધે કોંગ્રેસમાં ખુબ શકિત આવી હતી. પણ કોણ જાણે શા કારણે આ મંડળ સમિતિઓ નાબુદ કરવામાં આવી, અને આથી આપણને ખુબ નુકસાન થયું છે. હું આશા રાખું છું કે આપણા દરેક સંસ્થાનોમાં આવી મંડળીઓ કે કેન્દ્ર રચાય અને ગતિશીલ અને ક્રિયાશીલ એકમ બને. એક એવી સૂચના કરવામાં આવી છે કે આપણી જીલ્લા સમિતિ અને તાલુકાસમિતિઓ ચૂંટણીના મતદાન ક્ષેત્રો પ્રમાણે રચવી જોઈએ. આ સૂચના વિશે ઘણું કહી શકાય તેમ છે. પણ તેમાં ઘણી મુશ્કેલીઓ પણ છે. પરંતુ કોઈ પણ નિર્ણય ઉપર આવતાં પહેલાં આપણે એ ખાસ ધ્યાનમાં રાખવાનુ છે કે કોંગ્રેસ એ માત્ર ચૂંટણીનુંજ કામ કરતી સંસ્થા નથી, પણ તેથી વિશેષ અગત્યનાં કાર્યો ઉપર પણ તેણે લક્ષ આપવાનું છે. આ વસ્તુ પર ચીવટપૂર્વક વિચારણા કરવી જોઈએ અને સંતોષકારક ઉકેલ શોધવો જોઈએ. તમારી વિચારણા માટે આ મારા થોડા વિચારો તમારી સમક્ષ મેં રજુ કર્યા છે.

આપણે એ યાદ રાખવું જોઈએ કે આ વિષે નિરાંતે લાંબી ચર્ચા કરીએ તે પરવડે તેમ નથી. સમયના વહેણ સાથે તક પણ વહી જાય છે. આપણી સંસ્થાને ઉંચે લાવવાની અને અસરકારક રીતે કાર્ય કરવાની તક આપણને સાંપડી છે. હિન્દી પ્રજાની આગેકુચમાં કોંગ્રેસે જે જોમ અને જુસ્સાથી આગેવાનીભર્યો ભાગ લીધો હતો એ જુસ્સાપૂર્વક કાર્ય કરવું જોઈએ. સાંપડેલી આ તક આપણે તુરત જ ઝડપી લેવી જોઈએ. આપણે તેને નિરર્થક વહી જવા દઈશું નહિં.

તુરત કામે લાગી જવાની હું તમને સલાહ આપું છું. ચૂંટણી દરમિયાન નિમાયેલી કામચલાઉ સમિતિઓ વિષે મેં તમને આગળ કહ્યું છે. આ કામચલાઉ સમિતિઓનું વિસર્જન ન થાય એ જોવું જોઈએ. આથી પ્રત્યેક સફળ કે નિષ્ફળ કોંગ્રેસ ઉમેદવારે આ ચૂંટણી માટે ભેગા કરેલા કાર્યકર્તાઓને બીજા કામે લગાડી દેવા જોઈએ. અને આ વસ્તુ ચરિતાર્થ કરવા તાત્કાલિક પગલાં લેવા જોઈએ. એ સંભવિત છે કે આ ચૂંટણીકાર્યકરો પોતાનો બહુ સમય ન આપી શકે. પણ તેમાં ઘણાએ એવા હશે કે જેઓ આ તક ઝડપી લેવાને તૈયાર હોય. એ સૌને આપણે સ્પષ્ટતાથી કહી દેવું જોઈએ કે કોંગ્રેસના સભ્ય હો કે ન હો, આપણે તેમને આવકારીએ છીએ.

હાલ પુરતું અને જ્યાં સુધી આપણે નવા નિયમો ન ઘડીએ ત્યાં સુધી આ કાર્યકરોની કામચલાઉ સમિતિઓ રચવી જોઇએ. આ સમિતિ એક સંઘની અદાથી કાર્ય કરશે. નાની મંડળીઓ સ્થાપી પ્રત્યેક મંડળીને ચોક્કસ કાર્ય સોંપવું જોઇએ. જે વિસ્તારમાં કાર્ય કરે તે વિસ્તારને આ કાર્યકરોની મંડળી જવાબદાર રહે અને નિયમિત સમયે પોતાના વિસ્તારમાં કરેલા કામનો હેવાલ આપણને આપતા રહે તેવી વ્યવસ્થા કરવી. અલબત્ત આ કાર્યકરો સેવાભાવી હોવા જોઇએ. આમ છતાં તેમનું ખીસા ખર્ચ આપણે આપી શકીએ તે શકય છે. મતદારપત્રકો સુધારવા એ આપણી સમક્ષ તાત્કાલિક કાર્ય છે. આપણે જોયું છે કે ઘણા મતદારપત્રકો અધુરા હતા. તે બધાને સુધારીને શકય તેટલાં સંપૂર્ણ બનાવવાના છે. સમગ્ર ચૂંટણીના આપણા અનુભવ પછી એ કામ બહુ સહેલું થઇ પડશે. આપણા કાર્યકરો આપણી સમસ્યાઓ અને નીતિ બરાબર સમજે અને પ્રજાને સમજાવે તે જરૂરી છે. જનતા રાજકારણમાં વધારે રસ લેતી થાય તો જ આપણાં દરેક કાર્યમાં હૃદયપૂર્વકનો સહકાર મળે જે બહુ જરૂરતું છે. આને માટે થોડા થોડા સમયે જુદા જુદા પ્રશ્નોને ચર્ચતી પત્રિકાઓ બહાર પાડવી જોઇએ.

### સ્થાનિક સમસ્યાઓ

ગામડાં અને શહેરોની સ્થાનિક સમસ્યાઓનું નિરાકરણ એ આપણું ખરૂં અને પાયાનું કાર્ય હોવું જોઇએ. કાર્યકરોએ એ યાદ રાખવાનું છે કે પ્રજા પાસેથી કામ લેવાની સાચી રીત એજ છે. કાર્યકરે સૌથી પ્રથમ પોતે એ કાર્ય કરવું જોઇએ. શરીરશ્રમ કરવામાં નાનમ નથી. અને લોકોને દોરનાર વ્યક્તિ કોઈ એક જુદા વર્ગનો નેતા નથી, પણ તેના હાથમાં હાથ મીલાવીને તેની સાથે ચાલનાર તેનો એક સહબંધુ છે. આપણી સામે વિશાળ કાર્યક્ષેત્ર પડેલું છે. આમાંનું ઘણું ખરૂં જો બહારથી થોડી સહાય મળે તો સ્થાનિક પ્રજા પોતે કરી શકે તેમ છે—જેમકે કુવા ખોદવા, રસ્તા બાંધવા, મકાનો તૈયાર કરવા વગેરે. સરકાર જરૂર મદદ કરશે, પણ પ્રજા પોતે સ્વાશ્રયી બને એ સૌથી અગત્યની વસ્તુ છે. પડતર જમીનનો ખેતી માટે ઉપયોગ કરવાના કાર્યમાં, વાવેતરના કાર્યમાં તથા ગ્રામસફાઇના કાર્યમાં આપણે પ્રજાને મદદ કરવી જોઇએ. આવા પ્રકારના અનેકવિધ કાર્યો છે. આપણી પંચવર્ષીય યોજનાએ આવા કાર્યો વિષે નિર્દેશ કર્યો છે અને જો આપણે પ્રજાની શકિતનો આવા કાર્યોમાં ઉપયોગ કરીશું તો પંચવર્ષીય યોજનામાં જણાવ્યાં કરતાં વધુ ઝડપથી આપણા રાષ્ટ્રની પ્રગતિ થશે.

### પક્ષીય વિભાગો

કાંગ્રેસમાં હવે પક્ષીય વિભાગો કે તડાં જરા પણ ચલાવી લેવામાં નહિ આવે. નિશ્ચિત સાધ્યને સિધ્ધ કરવા સતત પ્રગતિશીલ રહેનાર એક શિસ્તબધ્ધ સૈન્ય તરીકે આપણે કાર્ય કરવાનું છે. કોંગ્રેસ કે તેની સાથે સંકળાયેલી સંસ્થામાં કાર્ય કરતા દરેક સ્ત્રી–પુરૂષનું રાષ્ટ્રીય કાર્ય કરવા આપણે સ્વાગત કરીશું અને કાર્ય કરવાની પૂરતી તક આપીશું. આ રીતે મૂળમાંથી આપણી સંસ્થાનું ચણતર કરીશું. આપણે અત્યાર સુધી ટોચ પર રહીને ઘણું ખરુ કાર્ય કર્યું છે.

હું તમને એક લાંબો અંગત પત્ર લખી રહ્યો છું. આમ છતાં મારા મનની અનેક મથામણોમાંથી માત્ર થોડી જ વિગત આ પત્રમાં મેં વ્યકત કરી છે. મારી એવી ઇચ્છા છે કે તમે આ પત્રને અંગત પત્ર અને એક અંગત વિનંતી સમજો. કેમકે આપણે એક મહાન્ સમુદાય હોવા છતાં પ્રત્યેક સ્ત્રી–પુરષે દરેક સમસ્યા અને તે અંગેની પોતાની ફરજ વિષે વ્યકિતગત રીતે વિચાર કરવો જોઇએ.

મેં આ પત્રમાં જે મુદ્દા વિશે ચર્ચા કરી તે વિશે તમારી પાસે કંઈ વિશિષ્ટ વિચારો હોય તો તેને હું આવકારીશ. મેં જે કામચલાઉ સમિતિઓ વિશે વાત કરી છે એ સમિતિમાં કાર્ય કરવા ઇચ્છતા કાર્યકરોની યાદી મને મોકલશો તો મને ગમશે. આવા કાર્યકરોની સંખ્યાને કોઈ મર્યાદા નથી. કોઇને પણ કંઈ કામ કરવાની ઇચ્છા હોય તેને માટે પુષ્કળ કામ પડયું છે. પણ કાર્ય કરવા ઇચ્છતી વ્યકિતએ સચ્ચાઈપૂર્વક તૈયાર રહેવું પડશે અને કામ કરવું પડશે. આ કાર્ય માટે પોતાના સાથીઓનાં આદર અને પ્રેમ સિવાય બીજો બદલો મળશે નહિં. મુશ્કેલ કાર્ય સુંદર રીતે પાર પાડવાથી જે સંતોષ પ્રાપ્ત થાય છે તે સંતોષ આવા કાર્યકરોને પ્રાપ્ત થશે.

મૂળ લેખક : **જવાહરલાલ નહેરૂ**
અનુવાદક : **મેનાબહેન શેઠ**

## માન્યવર કુંદનમલજી ફિરોદિયાનું જાહેર સન્માન

જૈન શ્વે. સ્થાનકવાસી કોન્ફરન્સ, જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ, મુંબઇ જૈન યુવક સંઘ તથા અન્ય જૈન સંસ્થાઓ તરફથી મધ્યસ્થ ધારાસભાના સ્પીકર શ્રી ગણેશ વાસુદેવ માવળંકરના પ્રમુખપણા નીચે મુંબઇની ધારાસભાના નિવૃત્ત થતા સ્પીકર માન્યવર કુન્દનમલજી ફિરોદિયાનો મુંબઈ ખાતે ભારતીય વિદ્યાભુવનમાં તા. ૨૩—૩—૫૨ રવિવારના રોજ એક સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે જૈન સમાજના ભિન્ન ભિન્ન ફીરકાઓના આગેવાનોએ શ્રી ફિરોદિયાજીને અત્યન્ત ભાવભરી અંજલિઓ આપી હતી. અને પ્રમુખશ્રીએ પણ શ્રી. ફિરોદિયાજીની મુકતકંઠે પ્રશંસા કરતાં રાષ્ટ્રીય ભાવના સાથે કોમી અને ધાર્મિક પ્રવૃત્તિઓના સંવાદ–વિસંવાદ વિષે સવિસ્તર વિવેચન કર્યું હતું. શ્રી ફિરોદિયાજીએ આ સમારંભના પ્રયોજકોનો અંતઃકરણપૂર્વક આભાર માનતાં સ્પીકર તરીકેનાં કેટલાક અનુભવો રજુ કર્યા હતા.

(અનુસંધાન પાના ૨૦૪ નું ચાલુ)

રહ્યા છે. આપણને તેમની ન્યાયપ્રિયગતામાં વિશ્વાસ જ હોય તો આપણા બધા ઝઘડાઓ તેમની જેવાની લવાદી ઉપર શા માટે છોડી ન દઇએ? કાયદો, કોઇનાં હુકમનામાં, માલેકી હકક કે ભૂતકાળના દાખલાઓના, આધારે નહિ પણ જે ન્યાય્ય હોય તે દષ્ટિએ તથા જૈન ધર્મની પ્રતિષ્ઠા વધે એ રીતે એ ઝઘડાઓનો નિકાલ આવવો જોઇએ. આવા કાર્ય માટે આવી વ્યકિતની કેટલી બધી ઉપયોગીતા છે તે આપણા ધ્યાનમાં કેમ આવતું નથી?

અહિં એક વકતા તરફથી એવી જે સૂચના કરવામાં આવી કે મતદાર મંડળને પોતે ચુંટેલા ધારાસભાના સભ્યને પાછા બોલાવવાનો હકક અપાવો જોઇએ તે સંબંધમાં જણાવવાનું કે પોતાના પક્ષ તરફ લોકોને વાળવા માટે આ ઠીક વાત છે, પણ જવલ્લે જ કોઇ દેશના બંધારણમાં આવી સગવડ આપવામાં આવી છે અને જ્યાં એવી સગવડ છે ત્યાં તેવા હકક કે અધિકારનો કદિ પણ લાભ લેવાયાનું હજુ સુધી સાંભળવામાં આવ્યું નથી. અનુભવની દષ્ટિએ આ સૂચના અવ્યવહારૂ છે.

બીજું કોંગ્રેસને આમજનતા સાથે પોતાનો સંપર્ક વધારવાની પણ સલાહ આપવામાં આવી છે. આ પાછળ સદ્ભાવની વૃત્તિ હોય તો એ સલાહ વિષે અમો સાથે ચડાવીએ છીએ, પણ જો એ સલાહ ટીકાની દષ્ટિથી આપવામા આવી હોય તો જવાબમાં કહેવાનું કે આ ચૂંટણીનાં કોંગ્રેસપક્ષી પરિણામો કોંગ્રેસના આમજનતા સાથેના જીવતા સંપર્કનો મોટામાં મોટો પુરાવો છે.

આમ અત્યારે સ્ફૂરતા કેટલાક વિચારો રજુ કરીને આપણે બધાં આમ હળી મળી શકયાં એવો સુંદર પ્રસંગ યોજવા માટે આ સંમેલનના પ્રયોજકોનો હું પુનઃ પુનઃ ઉપકાર માનું છું.”

### આભારનિવેદન

ત્યાર બાદ મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી જયન્તીલાલ પરીખે પોતાના કીંમતી સમયનો ભોગ આપીને આ સંમેલનમાં ભાગ લેવા બદલ હાજર રહેલા ધારાસભાના સભ્યોનો સંઘ તરફથી આભાર માન્યો અને ફુલહાર વડે તેમનું સન્માન કરવામાં આવ્યું.

# સંપર્ક સંમેલન

મુંબઈ ખાતે તા. ૨૬ તથા તા. ૨૭-૩-૫૨ ના રોજ મુંબઇ પ્રદેશની ધારાસભામાં ચૂંટાયલા સભ્યો મુંબઈની લેજીસ્લેટીવ કાઉન્સીલની તથા દીલ્હીની કાઉન્સીલ ઓફ સ્ટેટ્સમાં મુંબઇને ફાળે આવેલા અમુક સંખ્યાના સભ્યોની ચૂંટણી કરવા માટે એકત્ર થવાના હતા એ તકનો લાભ લઇને શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૨૭-૩-૫૨ના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં એક સંપર્ક સંમેલન યોજવામાં આવ્યું હતું અને આ સંમેલનમાં મુંબઇની તેમ જ મધ્યવર્તી ધારાસભામાં ચૂંટાયલા જૈન સભ્યોને ખાસ નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

આ નિમંત્રણને માન આપીને મુંબઇની ધારાસભાના ૧૧ જૈન સભ્યોમાં નીચે મૂજબના સભ્યો હાજર રહ્યા હતા.*

(૧) શ્રી શાન્તિલાલ હરજીવન શાહ (મુંબઇ)
(૨) ,, ઇન્દુમતીબહેન ચીમનલાલ (અમદાવાદ)
(૩) ,, લીલાવતીબહેન બેંકર (મુંબઇ)
(૪) ,, કલંત્રેબાઇ (સાંગલી)
(૫) ,, પોપટલાલ રામચંદ શાહ (પૂના)
(૬) ,, નાથાલાલ ડી. પરીખ (મુંબઇ)
(૭) ,, પી. એચ્. ગુંજાલ (બેલગામ)
(૮) ,, શાન્તિલાલ સરૂપચંદ શાહ (ડીસા)

આ ઉપરાંત સૌરાષ્ટ્ર તરફથી પાર્લામેન્ટમાં ચૂંટાયલા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ પણ હાજર હતા. હિંદી સરકારના પુનર્વસવાટ ખાતાના પ્રધાન શ્રી અજિતપ્રસાદ જૈન સદ્‌ભાગ્યે આ દિવસોમાં મુંબઇમાં હતા અને તેમની હાજરીનો પણ આ સંમેલનને લાભ મળ્યો હતો કચ્છ તરફથી ચૂંટાયલા શ્રી ભવાનજી અરજણ ખીમજીને એકાએક પૂના જવાનું થવાથી આવી શક્યા નહોતા.

તદુપરાન્ત કોંગ્રેસ તરફથી કાઉન્સીલ ઓફ સ્ટેટ્સ માટે ઉભા કરવામાં આવેલા ચાર જૈન ઉમેદવારોમાંથી શ્રી. શ્રેયાંસપ્રસાદ જૈન, શ્રી. મણિભાઈ ચતુરભાઇ શાહ તથા શ્રી લાલચંદ હીરાચંદ દોશી ઉપસ્થિત થયા હતા. શ્રી લીલાવતી બહેન મુનશી અણધાર્યા રોકાઇ જવાથી આવી શકયા નહોતા. સંમેલનમાં સંઘના સભ્યો ઉપરાંત નિમંત્રિત ભાઇ બહેનો સારી સંખ્યામાં હાજર થયા હતા.

## ધારાસભ્યોને ઉદ્‌બોધન

પ્રારંભમાં ધારાસભાના હાજર રહેલા સભ્યોને આવકાર આપતાં મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે "જૈન સમાજ વિષે એક સામાન્ય ખ્યાલ એવો છે કે એ કેવળ વ્યાપારી પ્રજા છે અને તેને ધનપ્રાપ્તિ સિવાય બીજો કોઈ રસ નથી તેમ જ સાંપ્રદાયિક બાબતો સિવાય બીજી કોઇ બાબત વિષે તેને દિલચસ્પી નથી. પણ આ ખ્યાલ તદ્દન એકદેશીય છે. જૈન સમાજ રાષ્ટ્રીય હીલચાલોમાં આગળ પડતા અન્ય સમાજો જેટલો જ, બલ્કે તેથી વધારે રસ લે છે. જ્યારે જ્યારે દેશની હાકલ વાગી છે ત્યારે ત્યારે જૈન યુવાનો જંગમાં મોખરે ચાલતા નજરે પડયા છે. હજુ બે દિવસ પહેલાં મારા મિત્ર શ્રી નવલમલ ફિરોદિયાએ મને કહ્યું હતું કે તેમની અહમદનગર બાજુએ દરેક જંગમાં ભાગ લેતા વિવિધ વર્ગોનું પૃથક્કરણ કરતાં જૈનોનું પ્રમાણ ૩૩ ટકા માલૂમ પડયું હતું. ભગવાન મહાવીરે આ જગતને માનવીજીવન વિષે એક ચોકકસ દૃષ્ટિ અને વિચારસરણી આપી છે અને તેના આપણે વારસદાર છીએ. આ દૃષ્ટિ અને વિચારસરણીમાં કોઇ એવી ઉદાત્તતા રહેલી છે કે તેથી પ્રેરાયલી વ્યકિત કે સમાજ સાંકડા વિચારક્ષેત્રમાં પુરાઇ શકે જ નહિ. અને તેની સહાનુભૂતિને કોઈ કોમ કે સંપ્રદાયની સીમા હોઇ શકે જ નહિ. આ જ કારણે અનેક સાર્વજનિક સેવાક્ષેત્રોમાં તેમ જ રાષ્ટ્રિય પ્રવૃતિઓમાં જૈનો સક્રિય ભાગ લેતાં નજરે પડે છે. આટલી મોટી સંખ્યામાં આમ જનતાએ આપને ચૂંટીને મોકલ્યા છે તે પણ આગળ જણાવી તેવી અહિંસા અને અનેકાન્તપ્રેરિત વિશિષ્ટ જીવનદૃષ્ટિનું જ પરિણામ છે. કોઇ પણ સમાજ કે કોમની મહત્તા તેના કરોડાધિપતિઓથી કે લક્ષાધિપતિઓથી અથવા તો તેના ભોગવૈભવથી અંકાતી નથી પણ સામાન્ય જનતાને એ સમાજ કે કોમ કેટલા અને કેવા જાહેર કાર્યકર્તાઓ અને સમાજસેવકો પૂરા પાડે છે એ ઉપરથી અંકાય છે. જૈન સમાજ આ બાબતમાં બીજી કોમની હરોળમાં આગળ પડતું સ્થાન ધરાવે છે તેનું, આપ સર્વ ધારાસભ્યોનું જે જૂથ અમારી સમક્ષ ઉપસ્થિત થયું છે તે જ મોટામાં મોટું પ્રમાણ છે, અને એ જોતાં જૈન કોમના અંગભૂત તરીકે અમે એક પ્રકારનો આત્મસંતોષ અથવા તો કૃતાર્થતા અનુભવીએ છીએ.

આપને આમ જનતાએ ધારાસભામાં પાંચ વર્ષ માટે ચૂંટીને મોકલ્યા છે તે આપના માટે પંચવર્ષીય દીક્ષા છે. જેવી રીતે કોઇ ગૃહસ્થાશ્રમી સાધુજીવન અંગીકાર કરે અને તેના આખા જીવનમાં પલટો લાવે એ રીતે આપે પણ ધારાસભાનું સભ્યત્વ સ્વીકારીને પૂર્વજીવનમાં જે કાંઈ સ્વાર્થપરતા, કે સાંપ્રદાયિકતા હોય તેનો ત્યાગ કરીને લોકકલ્યાણની સાધનામાં આપની સર્વ શકિતઓને કેન્દ્રિત કરવાની છે. આપે નાત, જાત, ધર્મ કે સંપ્રદાયના ભેદભાવ વિના સર્વ વર્ગોની શકય તેટલી સેવા કરવાની છે. અલબત્ત આપનો ધંધો વ્યવસાય બધું છોડીને આ કાર્ય કરો એવું આપના વિષે અપેક્ષિત નથી. પણ ધંધા વ્યવસાયને આપના જીવનમાં આપે ગૌણ સ્થાન આપવાનું તો રહે જ છે. આજે આપણે એકમેકની ઓળખાણ કરવા—એકમેકથી પરિચિત થવા—એકત્ર થયા છીએ.-પાંચ વર્ષ દરમિયાન આપની એટલી બહોળી અને લોકસંગ્રહકારી કામગીરી હોય કે જે જોઈ જાણીને અમે આજથી પણ બમણા ઉમળકાથી આપનું બહુમાન કરવા—આપની ઉપર ધન્યવાદ વરસાવવા—પ્રેરાઇએ—આવી અમારી આપના વિષે આશા અને અપેક્ષા છે.

આજે પ્રજાએ કોંગ્રેસને બહુમતી આપીને રાજયવહીવટની ધુરા સોંપી છે અને કોંગ્રેસ વિષે પોતાનો વિશ્વાસ દાખવ્યો છે. આમ છતાં પણ આ હકીકત આપના ધ્યાન બહાર ન હોવી જોઇએ કે કોંગ્રેસના ચાર વર્ષના વહીવટ વિષે પ્રજાને મોટા પ્રમાણમાં અસંતોષ હતો અને છે. આ અસંતોષ બને તેટલો દૂર કરવો, આજે રાજ—વહીવટમાં અતિવ્યાપક બનેલી લાંચરૂશ્વતને બને તેટલી નાબૂદ કરવી, અને કાળા બજારના દૂષણથી પ્રજાજીવનને મુકત કરવું એ કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે આપનું મુખ્ય કર્તવ્ય છે. પ્રજાએ આપનામાં મૂકેલો વિશ્વાસ આ જ રીતે ચરિતાર્થ થવો ઘટે છે.

આ સામાન્ય ચૂંટણીના પરિણામોનું તારણ કાઢતાં જે વસ્તુસ્થિતિ તરી આવે છે તે આ મુજબની છે; કોમવાદને પોષતા સર્વ પક્ષોને નિષ્ફળતા મળી છે. સમાજવાદી પક્ષની પણ લગભગ એ દશા થઇ છે. કોંગ્રેસ આજે ફરીથી સૌથી ઉપર આવી છે. બીજી બાજુએ ખાસ કરીને દક્ષિણ વિભાગમાં સામ્યવાદી પક્ષના ઉમેદવારોને આપણી કલ્પનામાં ન આવે એવી સફળતા મળી છે; કોંગ્રેસ લોકશાહીના પાયા ઉપર ઉભેલી છે; સામ્યવાદ સરમુખત્યારશાહી ઉપર રચાયલો છે; સામ્યવાદ એટલે અહિંસાનો ઈનકાર, બંધારણવાદનો અસ્વીકાર, રાજયસત્તા આગળ વ્યકિતએ શૂન્ય બની જવાનું, રાષ્ટ્રની ભૌગોલિક એકતાનું

* આ સંમેલનમાંના ભાગ નહિ લઈ શકેલા બાકીના સભ્યોની યાદી

શ્રી માણેકલાલ વખારીઆ (રાંધણપુર)
શ્રી હીરાચંદ શાહ (મુધોલ)
શ્રી ખંજિરે (કોલ્હાપુર)

એને મન કોઈ મહત્વ નહિ. આવા આપણી સામે ડોકિયાં કરતા સામ્યવાદને ફેલાતો જતો અટકાવવો હોય તો કોમવાદનો વિરોધ કરતા એવાં લોકશાહી તત્વોને આવકારવાં, એકત્ર કરવાં, સંગઠિત કરવા—આ કાર્ય લોકશાહીને સ્વીકારતી રાષ્ટ્રની અગ્રગણ્ય સંસ્થા કોંગ્રેસનો આજે પરમ ધર્મ બને છે. આ રીતે વિચારતાં લોકશાહીનું સર્વ પ્રકારે સમર્થન કરતો સમાજવાદી પક્ષ કોંગ્રેસથી શા માટે અલગ રહે એ સમજાતુ નથી. બન્ને એકમેકની નજીક આવે, નાનો પક્ષ મોટા પક્ષમાં અન્તર્ગત થઇ જાય—એ આજની કક્ષાએ સામ્યવાદને ખાળવાની દિશાએ અત્યન્ત આવશ્યક લાગે છે.

આજે મધ્યમ વર્ગની દુર્દશા ઉત્તરોત્તર વધતી જાય છે અને તે વર્ગના લોકોના ધંધાધાપા નાશ પામતા જાય છે. જૈન સમાજ આ મધ્યમ વર્ગનો જ બનેલો છે. સર્વાંગી વિકાસની અપેક્ષા રાખતા રાજ્યતંત્રે આ મધ્યમ વર્ગને ડૂબતો બચાવવો જોઇએ.

એક વખત આપણે સુરાજ્યની Good Governmentની સ્થાપનાને ઝંખતા હતા. આજે Welfare State–કલ્યાણકારી રાજ્ય-એ શબ્દ બહુ વાપરવામાં આવે છે. આ બન્ને શબ્દો એકમેકના પર્યાય હોય તો કાંઇ ખાસ કહેવાનુ રહેતું નથી. પણ 'વેલફેર સ્ટેટ' એટલે કાયદાકાનુનની બહુલતા અને જટિલતા ભરેલું રાજ્યતંત્ર-આવી કોઇ સમજણ સ્વીકારાયલી હોય એવી સ્થિતિ આજના રાજ્યવહીવટમાં પ્રવર્તે છે. આ કાયદાકાનૂનની અને કંટ્રોલોની બહુલતાએ ધંધાઉધોગને ઘણો ધક્કો પહોંચાડયો છે અને મધ્યમ વર્ગ એને લીધે ગુંગળાઇ રહ્યો છે. આ વસ્તુસ્થિતિ તરફ આપનું હું ધ્યાન ખેંચુ છું.

એક બે બીજી બાબતો પણ આપણે વિચારી લઇએ. જે સંસ્થાના આમંત્રણને માન આપીને આપ પધાર્યા છો તે સંસ્થાનો ઉગમ આજથી ૨૩ વર્ષ પહેલાં શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં ખૂબ જોર પકડી રહેલ્ અયોગ્ય દીક્ષા અને ખાસ કરીને બાલ-દીક્ષાની હીલચાલ સામે જૈન યુવકોએ ચલાવેલી ઝુંબેશમાંથી થયો હતો. એ જોરદાર આંદોલનના પરિણામે અયોગ્ય દીક્ષાની હીલચાલ સારા પ્રમાણમાં નાબૂદ થઈ હતી. અને વડોદરા સરકારે બાલદીક્ષાની અટકાયત કરતો કાયદો પસાર કર્યો હતો. અમે માનીએ છીએ કે આજે જૈન સમાજનો ઘણો મોટો ભાગ બાલદીક્ષાની વિરૂધ્ધ છે. એમ છતાં પણ આ બાજુએ શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં અને મારવાડ બાજુએ તેરાપંથીઓમાં. આવી બાલદીક્ષાઓ હજુ છૂટીછવાઇ અપાયા જ કરે છે. અમને લાગે છે કે આવી બાલદીક્ષાઓનો હવે સત્વર અંત આવવો જ જોઇએ અને જૈન સમાજ પૂરતો જ નહિ પણ આખા હિંદુસમાજ માટે પણ આવો પ્રતિબંધ થવો જોઇએ. મુંબઈ સરકારનું, અને શકય હોય તો હિંદી સરકારનું આ બાબત તરફ ધ્યાન ખેંચવા અને વડોદરા સરકારના ધોરણે આવી કાનૂની વ્યવસ્થા ઉભી કરવા આપને અમારી વિનંતિ છે.

તાજેતરમાં અમલમાં આવેલા 'પબ્લીક ચેરીટીઝ ટ્રસ્ટ એકટ' જૈન સમાજનું તેમજ અન્ય વર્ગોનું ખૂબ ધ્યાન ખેંચી રહેલો છે. આ કાયદો જેના રીપોર્ટના પરિણામે ઘડવામાં આવ્યો છે તે ટેન્ડુલકર કમીટીને અમારા યુવક સંઘે ખૂબ ટેકો આપ્યો હતો. આ ટેકો આપવા પાછળ આજની ધર્માદા સંસ્થાઓના વહીવટનું યોગ્ય નિયમન થાય અને ખાસ કરીને મંદિરોમાં નિરર્થક એકઠું થતું દ્રવ્ય સાર્વજનિક કાર્યમાં ખરચવાની કાયદાથી સગવડ મળે એવો અમારો હેતુ હતો. પણ સરવાળે જે કાયદો ઘડાયો અને અમલમાં આવ્યો તે એટલી બધી જટિલતાથી અને ટ્રસ્ટીઓ ઉપરના બંધનોથી ભરેલો છે અને ચેરીટી કમિશનરને એમાં એટલી બધી વ્યાપક સત્તા આપવામાં આવી છે કે કોઇ પણ ચેરીટીના ટ્રસ્ટી થવાનું કોઈ જલદી પસંદ નહિ કરે. આ તો 'લેને ગઇ પૂત ઔર ખો બેઠી ખસમ' એ કહેવત જેવું કાંઇક થયું હોય એમ લાગે છે. આનું પરિણામ ચેરીટીની વૃત્તિને બહુજ પ્રતિકૂળ નીવડવા સંભવ છે. આપ આ બાબત વિચારશો અને એ કાયદાને વધારે હળવો અને વ્યવહારૂ કરવા આપનાથી બનતું કરશો એટલી વિંનતી અહીં અસ્થાને નહિ લેવાય.

આપણે પરસ્પર જૈન હોવાના નાતે એક બે વાતો કહેવાનું મનથાય છે. જૈન સમાજમાંથી ફિરકાભેદ નાબૂદ થાય અને એકમેકમાં એકતાની વૃત્તિ સ્થાપિત થાય એ અમારા સંઘનો એક ઉદ્દેશ અને અખંડ પ્રયત્ન છે. આપને મળેલા વિશિષ્ટ પ્રભુત્વનો અમારા આ પ્રયત્નમાં પૂરો લાભ મળે એવી અમારી માંગણી છે. વળી આજે પ્રાન્તે પ્રાન્તમાં કેટલાક એવા કાયદા કાનૂન થઇ રહ્યા છે કે જે મુખ્યત્વે સામાજિક જીવનને સ્પર્શે છે અને સાથે સાથે પણ કોઈને કોઈ ધાર્મિક માન્યતા, રૂઢી કે પરંપરાને પણ એક યા બીજી રીતે સ્પર્શતા હોય છે. પ્રગતિના માર્ગે આગળ ધપવા ઇચ્છતા સમાજ માટે આવા કાયદાકાનુન અત્યન્ત આવશ્યક છે. આમ છતાં કેટલોક સ્થિતિચુસ્ત વર્ગ આ કાનૂનોનો સખ્ત વિરોધ કરતો હોય છે અને ભોળી પ્રજાનાં મન ભરમાવતો હોય છે, અને સરકાર વિષે વિનાકારણ બેદીલી ઉત્પન્ન કરતો હોય છે. આવી ગેરસમજૂતીઓ દૂર કરવામાં અને જૈન સમાજને સાચું માર્ગદર્શન કરાવવામાં આપ ધારાસભાના સભ્ય તરીકે બહુ ઉપયોગી ભાગ ભજવી શકો તેમ છો. આ દિશાએ અમારા હાર્દિક સાથની આપને હું ખાત્રી આપું છું.'

આ મુજબનું પ્રારંભિક નિવેદન કર્યા બાદ "આજના સંમેલનના પ્રમુખસ્થાન માટે સૌજન્યમૂર્તિ માન્યવર કુન્દનમલ ફિરોદિયાજી કરતાં કોઇ વધારે યોગ્ય વ્યકિત આપણને મળી ન જ શકે" એમ જણાવીને શ્રી પરમાનંદભાઇએ તેમને આજના સંમેલનનું સૂત્ર હાથમાં લઇને આગળ ચલાવવા વિનંતિ કરી.

## પ્રમુખશ્રીનું પ્રવચન

ત્યાર બાદ સભાપતિ શ્રી કુન્દનમલજી ફિરોદિયાજીએ આવો સુન્દર સુયોગ રચવા માટે મુંબઇ જૈન યુવક સંઘને ધન્યવાદ આપતાં જણાવ્યું કે "આજના સરકારી વહીવટમાં જે લાંચ રૂશ્વત હોવાનું કહેવામાં આવે છે તેમાં જેટલો સરકારનો દોષ છે તેટલો જ અથવા તેથી વધારે પ્રજાનો દોષ છે અને આ બદી સરકાર અને પ્રજા ઉભયના સહકાર વિના દૂર કરવી અશકય છે." વળી પબ્લીક ચેરીટી ટ્રસ્ટ એકટનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે "આ કાયદો ઘડવામાં આપના સંઘની બે અગ્રગણ્ય વ્યકિતઓએ અમુક ભાગ ભજવ્યો છે અને એ કાયદો સરકારે પૂરી શુભ નિષ્ટથી અમલમાં મૂકયો છે. તેનો અમલ ઠીક સમય સુધી ન થાય ત્યાં સુધી તેના ગુણ દોષનો તોલ કરવો યોગ્ય નથી. અને એમ છતાં અનુભવે જ્યારે માલુમ પડે કે આ કાયદામાં અમુક સુધારા કરવાની જરૂર છે ત્યારે એ સુધારા આપણે જ કરી શકીએ તેમ છે." સંમીલિત ધારાસભ્યો સંબંધમાં તેમણે જણાવ્યું કે "જો કે તેઓ જૈન છે છતાં જૈન હોવાના કારણે તેઓ ચૂંટાયા નથી. તેમને આમ-જનતાએ પોતાના પ્રતિનિધિ તરીકે ચૂંટીને મોકલ્યા છે અને તેમની પ્રથમ ફરજ જે મતદારમંડળે તેમને ચૂંટયા છે તેમના હિતોને સંભાળવાની છે."

## શ્રી અજિતપ્રસાદ જૈન

ત્યાર બાદ માન્યુવર સચિવ શ્રી અજિતપ્રસાદ જૈનને પ્રસંગોચિત બે શબ્દો કહેવા પ્રમુખશ્રીએ વિનંતિ કરી જે માન્ય રાખીને તેમણે ભાષણ કરતાં જણાવ્યું કે "આપણે જૈનોએ બધી બાબતોને કેવળ સાંપ્રદાયિક રીતે ન જોવી જોઇએ, પણ વ્યાપક રીતે બધું જોવા સમજવા પ્રયત્ન કરવો જોઇએ." અને ત્યાર બાદ દેશ માટે જૈનોએ આપેલો ભોગ; કોંગ્રેસની તાકાત, દેશને સંગઠિત રાખવાનું કોંગ્રેસનું ધ્યેય અને પ્રયત્ન, લાંચરૂશ્વતને અંગે રાજા-પ્રજાની જવાબદારી, વિગેરે બાબતોનો ઉલ્લેખ કરીને આગળ ચાલતાં જણાવ્યું કે "આજે દેશ સમક્ષ સૌથી મોટા સવાલ રોટી અને કપડાંનો છે અને તે સવાલનો ઉકેલ કોંગ્રેસ સરકારે લાવવો જ જોઇશે અને એ ઉકેલ

જો આપણે નહિ લાવી શકીએ તો પછી સામ્યવાદને ફેલાતો અટકાવી નહિ શકાય". "વળી આજના સંયોગોમાં કંટ્રોલો જરૂરી છે છતાં એની પકડ ધીમે ધીમે ઢીલી કરવી જ જોઇએ." "જૈનોએ દેશના ધંધા ઉદ્યોગને ખીલવવામાં બહુ મહત્વનો ફાળો આપ્યો છે અને જૈન સમાજ હંમેશા પ્રગતિશીલ રહ્યો છે અને આઝાદીની લડતોમાં પણ સારો ફાળો આપ્યો છે." "તાજેતરમાં થયેલી ચૂંટણી લોકશાહીની એક મોટી સફળતા છે. આ લોકશાહીનું રક્ષણ કરવું અને રાષ્ટ્રનું આર્થિક સંગઠન કરવું એ બે બાબત ઉપર આપણા સર્વનું ચિત્ત કેન્દ્રિત થવું જોઇએ". આમ રાષ્ટ્ર અને સમાજને સ્પર્શતા કેટલાએક મુદ્દાઓ ઉપર તેમણે પોતાના વિચારો રજુ કર્યા.

### શ્રી જટુભાઈ મહેતા

ત્યાર બાદ શ્રી જટુભાઈ મહેતાએ ધારાસભાના સભ્યોને વિશેષ આવકાર આપીને આગળ ચાલતાં જણાવ્યું કે:–

"આજના આ સંપર્ક સંમેલનની યોજના સંબંધમાં અમારા સંઘના પ્રમુખ શ્રી. પરમાનંદભાઇએ જે વિચારો દર્શાવ્યા છે, તે બહુ જ સ્પષ્ટ છે, અને તેને મારૂં હાર્દિક અનુમોદન છે. વધુમાં તેમણે ગત ચૂંટણીઓની સમીક્ષા કરતાં હિંદમાં સરમુખત્યારશાહીમાં માનનારા સામ્યવાદી પક્ષની વધતી જતી લાગવગ સામે જે લાલબત્તી ધરી છે, તે તરફ હું પણ સૌનું લક્ષ ખેંચુ છું અને સમાજવાદી પક્ષનો સહકાર મેળવવાને પ્રયત્ન કરવા કોંગ્રેસને તેમણે જે સૂચન કર્યું છે, તેને હું આવકારૂં છું. સમાજવાદી પક્ષનો જન્મ કોંગ્રેસમાં જ થયો છે, અને તે લોકશાહીમાં માને છે, એટલે સામ્યવાદ અને દેશની આફતો સામે લડવામાં એ સરકારને સંપૂર્ણ સહકાર આપશે એવી મને શ્રદ્ધા છે; પરંતુ સામ્યવાદી પક્ષનું જે બળ દક્ષિણ હિંદમાં જામ્યું છે, તેનું કારણ એ છે કે ત્યાં વધુ અંશે ગરીબી અને કંગાલિયત છે, અને તે પરિસ્થિતિનો લાભ લેવામાં સામ્યવાદી પક્ષ ફાવ્યો છે. એટલે દેશની ગરીબી દૂર કર્યા વિના સામ્યવાદની વધતી જતી અસરને કોઇ રોકી શકે એમ નથી.

લોકસભાના સભ્યોને ઉદ્દેશીને મારે વિનંતિ કરવાની છે કે જે હિંદુ કોડ બિલને પડતું મુકવામાં આવ્યું છે. તેને જનતાના અભિપ્રાયો લક્ષમાં લઇને ફરી હાથ ધરવાનું જરૂરી છે. વળી આપણી સરકારની પરદેશનીતિ પાછળના દૃષ્ટિબિંદુને હું આવકારૂં છું; પરંતુ આપણી પરદેશનીતિ હજુ વધારે સ્પષ્ટ થવાની જરૂર છે. છાપાંના કાયદાને ઢીલો કરીને વિચાર સ્વાતંત્ર્યને વેગ આપવાની પણ આવશ્યકતા છે. લોકસભાના સભ્યો પક્ષની દૃષ્ટિએ કેટલાંક શિસ્તનાં બંધનોથી બંધાયેલા હોઇને તેઓ લોકસભામાં તેમની અંગત ઇચ્છા મુજબ વર્તી ન શકે તે હું સમજું છું, પરંતુ પક્ષની બેઠકોમાં પોતાનો સ્વતંત્ર અભિપ્રાય તેમણે દર્શાવવો જોઇએ. આપણા બંધારણમાં પણ એક અગત્યનો ફેરફાર હું સૂચવવા માગું છું. કોઇ પણ ઉમેદવાર ચૂંટાઈ ગયા બાદ જો મતદારોનું હિત જાળવવામાં નિષ્ફળ જાય તો તેને પાછો બોલાવી લેવાનો અધિકાર (Right of Recall) મતદારોને મળવો જોઇએ.

મુંબઇ ધારાસભાના સભ્યોને પણ વિનંતિ કરવાની કે આજે મધ્યમવર્ગ જે કફોડી હાલતમાં જીવી રહ્યો છે તે હવે વધુ મકાન ભાડાનો બોજ સહી શકે એમ નથી, એટલે મકાનભાડું વધારવાના ભાડુત કાયદાના સૂચિત સુધારાને તેઓ પડતો મૂકશે તો મુંબઇની ગરીબ જનતાના તેઓ આશિર્વાદ પામશે.

આજે ધારાસભ્યોનો સંઘના સભ્યો સાથેનો સંપર્ક થયો તે આનંદદાયક છે, પરંતુ તેઓ જનતા સાથે વધુ સંપર્ક સાધે અને તેમનાં હિતોનું રક્ષણ કરે એવી પણ હું અભિલાષા રાખું છું."

### શ્રી. શાન્તિલાલ હ. શાહ

ત્યાર બાદ મુંબઈની ધારાસભાના સભ્ય શ્રી શાન્તિલાલ હરજીવન શાહે નિમંત્રિત ધારાસભ્યો વતી આવો સુન્દર પ્રસંગ યોજનાર શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો આભાર માનતાં જણાવ્યું કે:– "મારી આગળના વક્તાઓએ આપની સમક્ષ કેટલાએક વિચારો રજુ કર્યા છે તે ઉપર તેમ જ આજના જૈન સમાજની મનોદશા સંબંધમાં હું કાંઇક કહેવા માગું છું. શ્રી પરમાનંદભાઇએ ટ્રસ્ટના કાયદા અંગે બોલતાં ઉલ્લેખ કર્યો છે કે એ કાયદાના પરિણામે ટ્રસ્ટીઓની સ્થિતિ એ ખાતાના સરકારી તંત્રના નોકર જેવી બની જશે. શ્રી પરમાનંદભાઇ આમાં કાંઇક અત્યુક્તિ કરતા લાગે છે. વળી આ સામેનો શોરબકોર પણ અકાળે લાગે છે. આપણે જાણીએ છીએ કે કંઇક ટ્રસ્ટોના લાખો રુપીઆ ખોટી રીતે વેડફાઇ જાય છે. યા તો ખવાઇ જાય છે. તો પછી એના રક્ષણ માટેના સખ્ત કાયદાની જરુર હતી જ. અને એ બાબત પુરી ધ્યાનમાં રાખીને આખો કાયદો ઘડવામાં આવ્યો છે. હજુ કાયદાનો અમલ શરૂ થાય અને તેના લાભાલાભ જોઇએ. ઠીક ઠીક અનુભવના પરિણામે જ્યાં એ કાયદાના અમલને લીધે મુશ્કેલી ઉભી થતી હોય, ત્યાં તે પ્રત્યે ધ્યાન દોરી તેમાં યોગ્ય કાળે જરૂરી ફેરફાર કરાવવાનો પ્રયત્ન જરૂર કરી શકાય તેમ છે. આ સંબંધમાં અધીરાઈ અને અસહિષ્ણુતા અનુચિત છે.

આપણા કેટલાક ભાઇઓ તથા પત્રો તરફથી સરકાર દ્વારા પાકના રક્ષણ માટે કરવામાં આવતા તીડોના નાશ સામે પણ વિરોધ વ્યક્ત કરાય છે, અને જૈન ધારાસભ્યોએ તેનો વિરોધ કરવો જોઇએ એવી અપેક્ષા રાખવામાં આવે છે. આ જોઇને મને આશ્ચર્ય થાય છે. આપણે સમજવું જોઇએ કે કોઈ પણ વિશાળ સમાજ માટે આવી આત્યંતિક અહિંસાનું પાલન અશક્ય છે. ધારાસભ્ય એ સમાજનો પ્રતિનિધિ છે. સમાજનું ધારણ અને પોષણ થાય એની કાળજી રાખવી એ તેનું કર્તવ્ય છે. સમાજના રક્ષણ માટે જરૂરી હોય એટલી હિંસા કર્યા સિવાય છુટકો નથી. એના પાપની જવાબદારી અમારી લેખાય તો ભલે પરંતુ એટલા ખાતર અમે સમાજ પ્રત્યેની જવાબદારીનો ત્યાગ કરી શકીએ નહિ.

આપણે તો માનીએ છીએ કે પાપ કર્યું, કરાવ્યું, અને અનુમોદ્યું એ ત્રણે સરખાં છે. તો પછી આપણે જેમાં કેટલીયે બીનજરૂરી હિંસા કરતા યા કરાવતા હોઈએ છીએ તેનું શું? પાકનું રક્ષણ કરવું એ તો સમાજના રક્ષણ અંગે જરૂરી છે, પરંતુ મોતી અથવા રેશમી કાપડ એ કાંઇ સમાજ માટે જરુરી વસ્તુ નથી. એ પણ માછલીઓની અથવા રેશમના કીડાની હિંસા દ્વારાજ પ્રાપ્ત થાય છે, છતાં આપણે તેનો ઘરેણાં તથા વસ્ત્ર તરીકે ઉપયોગ કરીએ છીએ, તે મેળવવા માટે હિંસા કરાવીએ છીએ તેમજ તેનો વ્યાપાર પણ કરીએ છીએ. આમ છતાં પણ એ હિંસાનો વિરોધ ન કરવો અને સમાજના રક્ષણાર્થે અનિવાર્યપણે કરવી પડતી હિંસાનો વિરોધ કરવો એ શી રીતે યોગ્ય ગણી શકાય? હું તો માનું છું કે સમાજ હિતથી અવિરોધી હોય તેટલી અહિંસાનું જ પાલન સામાન્ય વ્યક્તિને માટે શક્ય છે.

મંદિરોમાં હરિજનો પ્રવેશ કરી શકે તે કાયદા સામે પણ વિરોધ કરવામાં આવે છે. તેની સામે કોર્ટે જઇ લડત કરવામાં આવી છે. મારો મત એવો છે કે હરિજનોને જૈન મંદિરમાં પ્રવેશ કરવા દેવો જોઇએ. જો કાયદાના હાથ ત્યાં સુધી પહોંચી શકતા ન હોય તો તે વધુ લાંબા બનાવવા જોઇએ. પરંતુ કોઈ પણ કારણે કાયદાનો હાથ ત્યાં સુધી ન પહોંચે તો પણ કાયદાની અશક્તિનો લાભ લઇ હરિજનોને મંદિરમાં આવતા અટકાવવા ન જોઇએ. એ માટે કોર્ટે જઈ જીત મેળવી હોય, તો પણ તેનો લાભ લેવો ન જોઇએ. જૈન મંદિરોમાં હરિજન પ્રવેશ ન કરી શકે એ મારે મન જૈન મંદિર અને જૈન ધર્મ બંનેને માટે લાંછનરૂપ છે.

થોડા સમય પહેલાં બધા ફીરકાઓની જૈન સંસ્થાઓ તરફથી આજની આપણી સભાના પ્રમુખ શ્રી ફીરોદીઆજીને ધારાસભાના પ્રમુખપદેથી નિવૃત થતા હોઇ માન આપવામાં આવ્યું હતું. તેમાં તેમની ન્યાયપ્રિયતાનાં ભારે વખાણ કરવામાં આવ્યાં હતાં. આપણી વચ્ચે આવા ન્યાયપ્રિય ગૃહસ્થ હોવા છતાં દિગંબર જૈનો અને શ્વેતાંબર જૈનો વચ્ચે તીર્થસ્થાનોના ઝઘડા ચાલી

(અનુસંધાન પાના ૨૦૧ ઉપર)

# બાલદીક્ષાવિરોધી જાહેર સભા

તા. ૧૪-૩-૫૨ શુક્રવારના રોજ મુંબઇ ખાતે હીરાબાગની વ્યાખ્યાન-શાળામાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે બાલદીક્ષા-વિરોધી જૈનોની એક જાહેર સભા ભરવામાં આવી હતી. સભાના પ્રમુખસ્થાનેથી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું હતું કે:—

“આપણે એવી માન્યતા સેવતા હતા કે ભૂતકાળમાં આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાં ચાલેલા અયોગ્ય દીક્ષા વિરોધી પ્રચંડ આન્દોલનના પરિણામે અયોગ્ય લેખાતી દીક્ષાઓ અને ખાસ કરીને બાલ દીક્ષાઓ હવે ભૂતકાળની ઘટના થઇ ગઇ છે અને અન્ય સમાજની માફક જૈન સમાજ અને જૈન સાધુઓ દેશકાળના ફેરફાર મુજબ વિચાર પ્રદેશમાં આગળ વધ્યા છે અને બાલદીક્ષા વિષે હવે કશી પણ ચિન્તા કરવાનું કારણ રહ્યું નથી. પણ આજ કાલ આપણી બાજુએ બાલ-દીક્ષાઓના બનાવો અવારનવાર બનતા સંભળાય છે તે ઉપરથી લાગે છે કે આપણી આ વિષેની નિશ્ચિન્તતા વિશ્વાસ કરવાયોગ્ય નથી, અને કેટલાક દીક્ષાઘેલા સાધુઓ અને તેમના અનુયાયીઓ વળી પાછા એ જ દિશાએ, જાણે કે હવે તેમને કોઇ કહેનાર, રોકનાર કે ટોકનાર ન હોય તેમ, આગળ વધી રહ્યા છે. હજુ ગઇ છઠ્ઠી તારીખે મુંબઈ ખાતે ૧૪ વર્ષની પ્રિયંવદા નામની અમદાવાદની એક છોકરીને અહિં દીક્ષા આપવાની જાહેરાત થઈ હતી, પણ તે છોકરી અહિં આવવા નીકળે તે પહેલાં સદ્ભાગ્યે જ્યોતિસંઘ અને મહીપતરામ રૂપરામ અનાથાશ્રમના કાર્યવાહકોએ કોર્ટની દરમિયાનગીરીથી એ છોકરીને અહિં આવતી અટકાવી અને એ દીક્ષા મુલતવી રહી. આ ઘટના આપણા માટે ચેતવણીરૂપ બનવી જોઇએ અને બાલદીક્ષાની પ્રવૃત્તિને આમ ફેલાતી અટકાવવા માટે આપણે કટિબદ્ધ થવું જોઇએ.

“જૈન દીક્ષા એ એક અસામાન્ય જીવનવ્રત છે. કોઇ પણ ઉગતી ઉમ્મરના છોકરા છોકરીને તેના બાળપણ અને ભોળપણનો લાભ લઇને આવા વિકટ વ્રતથી આખી જીંદગી માટે બાંધી લેવા અને જીવનની બીજી બધી દિશાઓ બંધ કરવી એ કોઇ પણ રીતે ઉચિત નથી. તેમને ઉમ્મરે મોટા થવા દો, સમજણમાં પરિપક્વ થવા દો, ગૃહસ્થાશ્રમ શું, સાધુજીવન શું, વિકાર શું, સંયમ શું, રાગ શું, વૈરાગ્ય શું, એ બધું યથાસ્વરુપે તેને સમજવા દો, અને એ પછી તેની ઇચ્છા સંસારમાં નહિ પડતાં ત્યાગી જીવન તરફ જવાની હોય તો તેને તે રસ્તે યથેચ્છ જવા દો. આવા સંયોગોમાં તેને અટકાવવાનો કોઇને અધિકાર નથી. પણ જ્યાં સુધી તેનામાં આ સમજણ અને સારાસાર વિવેકનો--પ્રેયશ્રેયની સમજણનો–ઉદય થયો નથી અને સાંસારિક પ્રલોભનોના પ્રાબલ્યનું પુરૂં ભાન થયું નથી ત્યાં સુધી વેશ પલટવા સાથે સમાજને વંદનીય બને એવા સાધુપદની જવાબદારીથી તેને જીવનભર માટે જકડી શકાય જ નહિ. સાધુસંસ્થા દુનિયાના અનેક ધર્મ અને સંપ્રદાયોમાં અસ્તિત્વ ધરાવે છે, પણ ચેલાઓ મુંડવાની અને તેમાં પણ બાળપણના ભોળપણનો લાભ ઉઠાવવાની આવી વૃત્તિ જૈન સાધુઓ સિવાય અન્યત્ર કોઈ ઠેકાણે કોઇ સમાજમાં જોવામાં આવતી નથી.

વળી આજે જીવન વિષેની આપણી દૃષ્ટિમાં પણ કેટલોક ફરક પડયો છે તે બરોબર ધ્યાનમાં લેવો ઘટે છે. એક વખત આપણે એવી માન્યતાને જાણે કે વરેલા હતા કે આ સંસાર એક દાવાનળ છે. તેની ઝાળથી જે બચ્યો અને ત્યાગમાર્ગે ગયો તેના જેવો બીજો કોઇ ભાગ્યશાળી નહિ. આ સંસાર રાગદ્વેષની કર્દમભૂમિ છે. તેમાંથી જે ઉગર્યો તે ઉગયો. બાકી બધાએ તેમાં જ ખુંપી જવાનું અને દુર્ગતિના ભાગી થવાનું છે. આપણે બધા આપણી જાતને તો બચાવી ન શકયા, પણ જે કોઇ એથી બચતું હોય અને જે કોઇ તેને બચાવતું હોય તેની આડે આપણે શું કામ આવવું ? એ જીવનદૃષ્ટિમાં આજે મોટું પરિવર્તન થયું છે માનવી જીવનનું મૂલ્ય આપણે બીજી રીતે આંકતા થયા છીએ. વળી આપણે એમ પણ સમજતા થયા છીએ કે સાધારણ રીતે માનવી-સમાજ માટે ગૃહસ્થ જીવન એ જ રાજમાર્ગ છે અને પુરૂષાર્થની અનેક શકયતાઓ એમાં ભરેલી છે. લગ્ન એ માનવીજીવનના સ્વાભાવિક ક્રમ સાથે સંકળાયેલી ઘટના છે અને માનવીજીવનને સંયમપરાયણ રાખવામાં લગ્નસંસ્થાનો પણ ઘણો મોટો ઉપયોગ છે. જીવનને ચોતરફના દમનથી છુંદી નાંખવું એ જુનવાણી આદર્શને બદલે સર્વાંગી વિકાસ સાધીને પ્રાણમય, પુરૂષાર્થમય, જીવન જીવવું એ આદર્શને આપણે હવે સ્વીકારવા લાગ્યા છીએ. આનો અર્થ એ થયો કે જેઓ સંસારમાં રહ્યા, ગૃહસ્થાશ્રમના માર્ગે ચાલ્યા તેઓ કેવળ અવનત બન્યા, અધ:પતિત થયા એમ હવે આપણે માનતા નથી. પણ સાથે સાથે એ પણ આપણે માનીએ છીએ અને સ્વીકારીએ છીએ કે કોઈ વિરલ વ્યક્તિ આ ચીલુ પરંપરાના માર્ગે ચાલવાનું પસંદ ન કરતાં વધારે ત્યાગ, સંયમ, તપ અને વૈરાગ્યના માર્ગે ચાલીને આત્મ-સાધના કરવા ઇચ્છતી હોય તો તે જરૂર સવિશેષ આદરને પાત્ર છે. પણ આ ઇચ્છા તો સ્વયંસ્ફૂરિત હોવી જોઇએ અને તે માટે ઉમર, અભ્યાસ, તથા અનુભવની યોગ્ય ભૂમિકા હોવી જોઇએ. આજે આવી સમજણ પૂર્વક દીક્ષા લેનાર પાત્ર ભાગ્યે જ જોવામાં આવે છે. બાકી મોટા ભાગે કાં તો વખાના માર્યા, સામાજિક જવાબદારીઓનો સામનો કરવામાં નાહિંમત બનેલા, કે કુટુંબમાં અનાથ જેવી સ્થિતિને પ્રાપ્ત થયેલા ભાઇ બહેનો જ દીક્ષા લેવા બહાર પડે છે અથવા તો નાની ઉમરનાં બાળકોને સમજાવી ભોળવીને દીક્ષા આપવામાં આવે છે. આજની સાધુસંસ્થા આટલી બધી નિર્માલ્ય લાગે છે, વિશાળ સમાજ ઉપર જેની પ્રતિભા પડે એવા સાધુઓ અત્યન્ત વિરલ નજરે પડે છે તેનું કારણ પણ આ જ છે. આ દીક્ષાઘેલાપણું આપણે અટકાવવું જ જોઇએ અને તે માટે જરૂરી પગલાં ભરવા જોઈએ.

“આજના સાધુસમાજની મનોદશા જોઇએ છીએ અને તેઓ જે દિશાએ સાધારણ રીતે લોકોને દોરી રહ્યા છે તેનો વિચાર કરીએ છીએ ત્યારે આપણને ભારે દુ:ખ થાય છે. આજે મોંઘવારી, બેકારી, અને હાડમારીથી આપણા સર્વનું જીવન અકળાયલું રૂંધાયલું છે, મધ્યમ વર્ગ જે જૈન સમાજનો લગભગ પર્યાય શબ્દ છે તેની મુંઝવણને કોઇ સીમા નથી; મરવા જીવવાનો પ્રશ્ન તેની સામે ટમટમી રહ્યો છે. આવી પરિસ્થિતિ વચ્ચે જે સાધુઓનું આપણા સમાજ ઉપર ન ઉપેક્ષા થઈ શકે એવું પ્રભુત્વ છે તે સાધુઓનું આ બાબતમાં રૂંવાડું સરખું ફરકતું નથી અને ઉપધાન, ઉજમણાં પ્રતિષ્ઠા અને અંજનશલાકાઓ પાછળ તેઓ જૈન સમાજના લાખો રૂપીઆનું પાણી કરાવી રહ્યા છે, અને સમાજની દુર્દશા સામે કેવળ આંખ મીંચામણા કરીને ચાલે છે. અલબત્ત આ વર્ગમાં કોઈ કોઇ અપવાદો છે, પણ મોટા ભાગે આ સાધુસમાજ એક પ્રગતિવિઘાતક પ્રત્યાઘાતી તત્વ તરીકે જ આપણા સમાજમાં કામ કરી રહેલ છે. તેમની નજર હંમેશાં ભૂતકાળ તરફ ઠરેલ હોય છે અને આજની વાસ્તવિકતા ભૂલવા અને ભુલવાડવા માટે જાતજાતના ઉત્સવો અને સમારંભો તેઓ જ્યાં ત્યાં ઉભા કરે છે. જે આવ્યું તેને દીક્ષા આપવાની અને છોકરા છોકરીઓને મુંડવાની ઘેલછા આવી અણસમજ અને અવિવેકમાંથી જ ઉભી થયેલી છે. આ ઘેલછા ઉપર અંકુશ મૂકવો અને કોઈ પણ સગીર વયના છોકરા છોકરીને દીક્ષા આપવાનું અશક્ય બને એવી સામાજિક તેમ જ કાયદાની પરિસ્થિતિ ઉભી કરવી એ કામ આજના પ્રગતિવાદી યુવકોનું છે. આ દિશાએ જરૂરી પ્રવૃત્તિ હાથ ધરવા અને આવશ્યક આંદોલન ઉભું કરવા આપ સર્વને મારી આગ્રહપૂર્વક વિનંતિ છે.”

ત્યાર બાદ શ્રી તારાચંદ કોઠારીએ સભા સમક્ષ નીચેનો ઠરાવ મૂકયો :—

બાલદીક્ષા-વિરોધી જૈનોની આ જાહેર સભા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં આજ કાલ સગીર વયના છોકરા છોકરીઓને દીક્ષા આપવાની વધતી જતી પ્રવૃત્તિને વખોડી કાઢે છે, થોડા દિવસ પહેલાં દીક્ષા લેવા માટે મુંબઈ રવાના કરવામાં આવનાર પ્રિયવંદા નામની ૧૪ વર્ષની એક બાળાને કોર્ટની મદદ લઇને જ્યોતિસંઘના અને મહીપતરામ અનાથાશ્રમના કાર્યવાહકોએ અટકાવી તે કાર્ય માટે તેમને આ સભા ધન્યવાદ આપે છે. કેટલાંક વર્ષ પહેલાં વડોદરાની સરકારે બાલદીક્ષાની અટકાયત કરતો કાયદો કર્યો હતો તેવો કાયદો કરવા મુંબઈ સરકારને વિનંતિ કરે છે અને જૈન સમાજના બધા ફીરકાઓની કોન્ફરન્સોના કાર્યવાહકોને આ પ્રશ્ન ગંભીરપણે હાથ ધરવા અનુરોધ કરે છે."

આ કરાવ રજુ કરતાં શ્રી તારાચંદ કોઠારીએ જણાવ્યું કે:—

"ઘણાં વર્ષો પર જૈન યુવક સંઘે બાલ દીક્ષાવિરોધી આંદોલનો જગવ્યાં હતાં એ વાતથી આપ સૌ વાકેફ છો. મુંબઇ જૈન યુવક સંઘની એ પ્રવૃતિઓના પરિણામે વડોદરા રાજ્યે બાલદીક્ષાને ગુન્હો ઠરાવતો કાયદો ઘડી અમલમાં મૂકયો હતો અને તેના પરિણામે તેમજ જાગ્રત થએલા લોકમતે બાલદીક્ષા ગુજરાતભરમાં અશકય બનાવી મુકી હતી. એ વખતે બાળકોને ફોસલાવીને બાળકોને ઉપાડી જઇને, અપહરણ કરીને કે વાલીના કબજામાંથી ચોરી જઇને દિક્ષાઓ આપવાની કેટલાક સાધુઓને ઘેલછા લાગી હતી, અને શ્રધ્ધાળુ જૈનો એમાં સાથ આપી રહ્યા હતા. આવાં ઘણાં નવદીક્ષીતો પાછળથી સાધુનો સ્વાંગ છોડી સંસારી બની બેઠાં હતાં અને બીજા કેટલાંકના શિથિલાચારને કારણે જૈન ધર્મની અવહેલના થતી આજે પણ જોવામાં આવે છે.

"અમને હતું કે દીક્ષા દેવાની પ્રવૃતિમાં અને ચેલાઓ વધારવાના પ્રયાસોમાં રાચનારા સાધુઓ અનુભવે કૈંક શિખ્યા હશે કે આવી પ્રવૃતિઓ નહિ કરે, પરંતુ આજે ફરીવાર એક બે વર્ષથી આવી બાલદીક્ષાની પ્રવૃતિઓ ચાલુ થયેલી જોવાય છે. જૈન જુવાનોએ અને આખા સમાજે આ સામે જાગૃત થવું જરૂરી છે.

"ગયા કે આગલા વર્ષે પાલનપુર નજીક પણ આવી એક બાલદીક્ષા વાલીઓને પૂછયા વગર એક સન્માન્ય આચાર્ય તરફથી આપવામાં આવી હતી જેનો કરૂણ ફેજ થયો હતો.

"દીક્ષા લેનાર બહેન પ્રિયવંદા માટે મારે કશું કહેવાનું નથી. સંભવ છે કે એનામાં ધાર્મિક સંસ્કારો સારા પ્રમાણમાં હોય. પરંતુ સંયમ શાને કહેવો એ સમજવા પૂરતી એની વય નથીજ. એ બે ચાર વર્ષ થોભી જાય, સંયમ શું અને એને સાચવવો એટલે શું એ સમજવા જેટલી એની વય થાય પછી ભલે એ દીક્ષા લે. જો એના ધાર્મિક સંસ્કારો દઢ હોય તો એને દીક્ષા આપવા ઇચ્છનારે આટલું થોભવામાં કાંઇ વાંધો ગણવો ન જોઈએ.

"અમદાવાદના કાર્યકરોને હું આ બાલદીક્ષા રોકવા માટે અભિનંદન આપું છું અને આપણે પણ જાગૃત થઇ, મુંબઇ સરકાર પાસે તમામ બાલદીક્ષાઓ—પછી તે ગમે તે ધર્મની હોય—અટકાવવા કાનુન કરાવવો જોઇએ. યોગ્ય વય વિના જેમ લગ્ન હાનિકારક છે એમ આપણે માન્યું છે તેમ બાળદીક્ષાને હાનિકારક માની, લોકમાનસ કેળવવા આપણે પ્રયાસ કરવો જોઇએ."

ત્યાર બાદ શ્રી જટુભાઈ મહેતાએ જણાવ્યું હતું કે :—

"મુંબઈ જૈન યુવક સંઘ તરફથી કેટલાંક વર્ષ અગાઉ બાલદીક્ષા-વિરોધી પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી, અને ત્યારે તો તેની સારી અસર થયેલી, તેમ જ વડોદરા રાજ્યમાં બાલસંન્યાસ પ્રતિબંધક ધારો પણ થયો; પરંતુ વખત જતાં સાધુઓએ બાલદીક્ષાની પ્રવૃત્તિ ફરી હાથ ધરી જણાય છે, અને તેથી યુવક સંઘે ફરી આ પ્રશ્ન હાથ ધરીને તેનો કાયમી નિકાલ લાવવો જરૂરી છે.

"વડોદરા રાજ્ય જેવો કાયદો મુંબઈ અને સૌરાષ્ટ્ર રાજ્યમાં પસાર કરવામાં આવે તે માટે પ્રયત્નો કરવા જરૂરી છે. સાથોસાથ લોકોમાં પ્રચાર કરીને બાલદીક્ષા સામે લોકમાનસ પણ કેળવવું જરૂરી છે; કારણકે જ્યાં સુધી લોકોની મનોવૃત્તિ ફરી હોતી નથી ત્યાં સુધી કેવળ કાયદાના જોર ઉપર કામ લેવું યોગ્ય નથી.

"આ કાર્ય માટે દરેક શિક્ષિત અને સમજુ જૈને જૈન યુવક સંઘની બાલદીક્ષા વિરોધી પ્રવૃત્તિને સહકાર આપવો જરૂરી છે."

ત્યાર બાદ શ્રી જયન્તીલાલ પરીખે ઉપર જણાવેલ ઠરાવને સવિશેષ અનુમોદન આપ્યું; અને શ્રી નાનચંદ શામજીએ ઠરાવના ટેકામાં જણાવ્યું કે :—"હજુ થોડા દિવસ પહેલાં ઘાટકોપરમાં આવો જ એક બાલદીક્ષાનો કીસ્સો બન્યો હતો અને તે સંબંધે થોડી ધમાલ તો થયેલી, પણ પોલીસમાં લાગવગ લગાડીને તેમ જ ભળતું જ સ્ટેઇટમેન્ટ કરીને સગીર વયના બાળકને દીક્ષા આપી દેવામાં આવી હતી. અયોગ્ય દીક્ષા સંબંધે દિગંબર સમાજમાં કોઇ પ્રશ્ન નથી; સ્થાનકવાસી તથા તેરાપંથી સમાજમાં સાધુઓ ઉપર સમાજનો ખૂબ અંકુશ છે, પણ શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં સાધુઓ આ બાબતમાં કેવળ નિરંકુશપણે વર્તે છે. તેમના ઉપર કાયદાથી સખ્ત પ્રતિબંધ મૂકાવાની ખાસ જરૂર છે." ત્યાર બાદ શ્રી શિવલાલ ગુપ્તાએ બાળદીક્ષાને લગતો કાયદો માત્ર મુંબઈ પ્રાન્તમાં જ નહિ પણ આખા હિંદુસ્તાનમાં થવાની અને માત્ર જૈનોને જ નહિ પણ આખા હિંદુ સમાજ ઉપર લાગુ પાડવાની ખાસ જરૂર છે એમ કહીને ઠરાવનું સમર્થન કર્યું હતું અને ત્યારબાદ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

## 'એ અજ્ઞાત અણપ્રીછયો શિક્ષક'

પ્રસિધ્ધ કેળવણીકારો નવી નવી શિક્ષણ પધ્ધતિઓ યોજતા રહે છે, પણ એ પધ્ધતિઓનો અમલ કરનાર ઉગતી પ્રજાને અજ્ઞાનમાંથી મુકત કરીને સમ્યગ માર્ગે દોરનાર, તો એ અજ્ઞાત અણપ્રીચ્છાયો શિક્ષક જ છે. એ શિક્ષક દુનિયાના અગોચર ખુણે રહે છે, અને અનેક અગવડો અને આફતોનો સદા સામનો કરતો હોય છે, નથી એના માટે કદિ ઢોલનગારાં વાગતાં, નથી એના દરવાજે બે ચાર ઘોડાની બગી રાહ જોતી, નથી તેનાં કોઈ ઠાઠમાઠ ભર્યાં સામૈયાં થતાં. અંધકારના સીમાડાઓ ભાંગતા જવા અને અજ્ઞાન અને બેવકુફીનાં મથકો ઉપર ચડાઇ લઈ જવી—આ તેનો ચાલુ જીવન વ્યવસાય હોય છે. પોતાનું નિત્યકર્તવ્ય કુશળતાપૂર્વક સંભાળતો સંભાળતો એ યુવાનોના શત્રુ સમા અનિષ્ટ બળો ઉપર વિજય મેળવવા સદા મથતો હોય છે, સુતેલી શકિતઓને તે જાગૃત કરે છે, પ્રમાદીની ચેતનાને સચેત કરે છે, જિજ્ઞાસુની જિજ્ઞાસાને તે પ્રોત્સાહિત કરે છે, અને અસ્થિરના ચિત્તને તે સ્થિર બનાવે છે. પોતે જેનો અનુભવ કર્યો છે તેવા જ્ઞાનાનંદનો અન્યમાં તે સંચાર કરે છે, અને અનેક કુમાર કુમારિકાઓને પોતામાં ભરેલા અખુટ જ્ઞાન સંપત્તિનાં ભાગીદાર બનાવે છે. એ અનેક દીપકો પ્રગટાવે છે, જેનો પ્રકાશ પાછળનાં વર્ષોમાં તેની પ્રફુલ્લતાને ટકાવી રાખવામાં નિમિત્તભૂત બને છે. આ જ એનો ખરો બદલો છે. જ્ઞાન પુસ્તકોમાંથી મેળવી શકાય છે, પણ જ્ઞાન માટેનો પ્રેમ-તમન્ના—વ્યકિતગત સંપર્કદ્વારા જ અન્યમાં જાગૃત કરી શકાય છે. આ અજ્ઞાત અણપ્રીછયો શિક્ષક જેટલો લોકશાસિત રાજ્યતંત્રના સન્માનનો અન્ય કોઇ અધિકારી નથી. 'પોતાની જાતનો રાજા અને માનવજાતનો એક અદના સેવક' એવા આ અજ્ઞાત અણપ્રીછયા શિક્ષક કરતાં વધારે યોગ્યતા લોકશાસિત પ્રજામાંના શિરસાવંદ્ય વર્ગમાં ગણનાપાત્ર બનવાની અન્ય કોઇ આદમી ધરાવતો નથી.

મૂળ અંગ્રેજી; **હેન્રી વાન ડાઇક**
અનુવાદક : **પરમાનંદ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

(૯)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર		રજી. નં. બી. ૪૨૬૬.

# પ્રબુધ્ધ જૈન

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ: ૧૩
અંક: ૨૪

મુંબઇ: ૧૫ એપ્રીલ ૧૯૫૨ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## ભગવાન મહાવીર

(ભગવાન મહાવીરની ડભોઇ ખાતે તા. ૮-૪-૫૨ના રોજ ઉજવાયલી જન્મજયન્તી પ્રસંગે અપાયલું વ્યાખ્યાન)

આજથી લગભગ અઢી હજાર વર્ષ વહેલાં આ મંગલ પર્વદિને પ્રભુ મહાવીરનો જન્મ થયો હતો. તે ક્ષણ માટે દુઃખિયારી સૃષ્ટિ રોતી બંધ પડી, ને પળભર હસી પડી. તે ક્ષણ માટે આકાશ પાતાળમાં અલૌકિક તેજનુ મહાકુંડાળું વિસ્તર્યું. અને જીવજંતુથી માંડીને દેવેન્દ્ર સુધી સૌ કોઈ એ પરમ પુરૂષના દિવ્ય અવતરણથી કૃતકૃત્ય થયાં. એ માનવેન્દ્રે સિધ્ધાર્થ રાજા અને માતા ત્રિશલાના ઘેર જન્મ લીધો. અને સંસારનું એ પરમ સૌભાગ્ય ઝળકી ઉઠયું. સમગ્ર સૃષ્ટિએ પોતાનું નિર્ભય સ્થાન એ પુણ્યપુરૂષમાં શોધ્યું. આવા એ મહાવીર કોણ હતા?

ભગવાન મહાવીર આપણા જેવી જ સ્થૂળ શરીરધારી વ્યકિત હતા. આપણી જેમ જ આ સુકી ધરતી પર ને વિશાળ આકાશ તળે જન્મ્યા હતા. આપણા જેવા જ ઉપયોગ લક્ષણવાળા જીવદ્રવ્ય હતા. છતાં એ સામાન્ય વ્યકિત ન હતા. તેઓ માનવ ન હતા, માનવેન્દ્ર હતા. આપણું જીવન અન્ય જીવોનું શોષણ કરે છે, જ્યારે તેમનું જીવન સૌને જીવન આપે છે. સંસાર ને મોક્ષ એ બે વિષયનો સ્પષ્ટ ખ્યાલ આવશે ત્યારે આપણું ને મહાવીર વચ્ચેનું અન્તર કેટલું છે તે સમજાશે. સંસાર એટલે આપણે સૌ. મુકિત એટલે મહાવીર. સંસાર એટલે કુવિચાર અને કુકર્મોનું અશુભ મીશ્રણ. મુકિત એટલે સર્વ શુભ ગુણોનુ મીલન સ્થળ. સંસારને મુકિત વચ્ચે—આપણી ને મહાવીર વચ્ચેનું આટલું જુદાપણું છે.

ઐતિહાસિક વ્યકિત તરીકે પ્રભુ મહાવીર દૂર દૂરની એક અસ્પષ્ટ યાદ બની રહ્યા છે. તેમનું જન્મસ્થળ એક અજ્ઞાત ખંડિયેર બની રહ્યું છે. નાલંદા ને રાજગૃહી જ્યાં પ્રભુના કેટલાંય ચોમાસાં થયાં તે આજે રહસ્યમય મૌન ધારી પ્રભુનું મંગલ સ્વરૂપ છુપાવી બેઠેલ છે. તેથી જ પ્રભુનો જીવતો પરિચય આપણે ધર્મકથાઓ ને દેવાલયો દ્વારા કરવો જોઇએ, અને શુધ્ધ ભકિતથી પ્રભુને હૃદયમાં આવકારવા જોઇએ. આપણાં વિચાર, વાણી ને વર્તનમાં પ્રભુની મોહક છબી અંકિત કરવી જોઇએ. કેવળ બાહ્ય વિધિરૂપે નહિ પણ જીવતા હૃદયની સચેત ઉર્મિઓથી પ્રભુસેવા કરીશું તો આપણને સમજાશે કે સંસારનો ઉત્તમ પદાર્થ કયો છે. કવિ અને કલાકાર કહે છે કે સંસારનું શ્રેષ્ઠ તત્વ પ્રેમ ને સૌંદર્ય છે. મુત્સદીઓ અને રાજપુરૂષો કહે છે કે તે તત્વ આબાદ રાષ્ટ્ર છે. રોગચિકિત્સકો નીરોગી શરીરને અને નીતિકારો સ્વચ્છ મનને તે તત્વ ગણાવે છે. વીતરાગ મહાવીરે કહ્યું કે સંસારનું સર્વોચ્ચ તત્વ તે શુધ્ધ બુધ્ધ પૂર્ણ ચૈતન્યની જાગૃતિ છે. મહાવીર ચરિતનું જેઓ અધ્યયન કરે છે તેઓ સમજે છે કે શાથી પૂર્ણ ચૈતન્યના પ્રાગટ્યનું આટલું મહત્વ છે. તેઓ એ પણ સમજે છે કે મહાવીર વિના જીવન કડુ ને બેસ્વાદ, બેહુદુ ને વિરૂપ થાય છે. આથી જ મહાવીર ચરિતનું સર્વેએ અધ્યયન કરવું જોઇએ.

હવે મહાવીર ચરિતના કેટલાક પ્રસંગો જોઇએ. સૌ પ્રથમ તો પ્રભુ નયસારાદિના પૂર્વભવોમાંથી પસાર થયા. એમાંથી જાણીતો બોધ મળે છે. કે આત્મવિકાસ એ કાંઈ મદારીના ખેલ જેવી જાદુઇ સિધ્ધિ નથી. તે માટે યુગયુગનો અખૂટ સત્પુરૂષાર્થ જોઇએ. સર્વોત્તમ સિધ્ધિ માટે સર્વોત્તમ પ્રયત્નો જોઇએ. પ્રભુએ પણ યુગયુગ સુધી સંયમમાં મહા પરાક્રમ કર્યું. જન્મોજન્મ સુધી સમગ્ર શકિતઓનો સર્વોચ્ચ સદુપયોગ કર્યો હતો. એ પછી પ્રભુના જન્મોત્સવનો પ્રસંગ આવે છે. પ્રભુના કરૂણાપૂર્ણ સ્મિતે અખિલ વિશ્વના વદન ઉપરથી થાક ને અશાંતિ લુછી નાખ્યા. પ્રભુની આંગળીઓ પકડી આપણી બાળક દુનિયા વિકટ ડુંગરમાળાઓ ઓળંગી શકી. આથી જ પ્રભુ જેવી પરમ ઉપકારક વ્યકિતનો જન્મ કેવળ કૌટુંબિક આનંદનો જ વિષય નહોતો પણ વિશ્વગૌરવનો હતો.

બાળક વર્ધમાનનું નામ દેવોએ મહાવીર પાડ્યું. એ કથાનક આત્માની મહાન શકિતઓ સમજવાની ચાવી છે. પ્રભુએ રમત રમતાં રમતાં ઝેરી સર્પને ફેંકી દીધો તેમજ ભય પમાડવા આવેલ દેવને ખભા પર મુષ્ટિપ્રહાર કરી ભગાડી દીધો. એ પ્રસંગો વર્ધમાન કુમારની નિર્ભય આંતરદશાનું સૂચન કરે છે. વીરતા સર્વ ભયસ્થળોને સફળતાપૂર્વક ઓળંગી જવામાં છે. મહાવીરનું બાળજીવન લ્યો કે સાધુ જીવન—બંનેમાં સંપૂર્ણ નિર્ભયતાનું સમાન તત્વ આંખે ચડે છે. પ્રભુના જીવનનો નાનો કે મોટો પ્રસંગ લ્યો, તેમાંથી તેમની અપ્રતિમ વીરતા તરી આવ્યા વિના નહિ જ રહે. મહાવીર કથા એટલે જ ભય પામતા દીન આત્માનું નિત્ય પરાક્રમશીલ પરમ સત્વમાં રૂપાન્તર.

ભગવાન નિશાળે ભણવા ગયા, મોટા થતાં પરણ્યા, અને તેમને પુત્રી થઇ—તે બધી બાહ્ય જીવનની સ્થૂલ વિગતો બહુ મહત્વની નથી. મહત્વની તો તેમની પરમાત્મા સ્વરૂપની અજોડ સાધના અને સાક્ષાત્કાર છે. આમ છતાં પણ મહાવીર આપણા એક માત્ર હૃદયેશ્વર ને ધર્મનાયક હોઇને તેમની નાની નાની વાતો પણ આપણા દિલમાં કુતુહલ અને આકર્ષણ પેદા કરે છે -અને આપણા ભકિતરસને પોષે છે.

વીર પ્રભુ પાસે લોકાન્તિક દેવોએ આવી વાર્ષિક દાન કરવાની વિનંતી કરી એ પ્રસંગ ઔપચારિક વિધિ રૂપે જ છે. સર્વ જીવોને ઉન્માર્ગથી સન્માર્ગ તરફ પ્રેરનારને કોણ પ્રેરી શકે? પણ વ્યવહાર ધર્મ ગણી તેમણે એ સ્વીકાર્યું અને પોતાના નિઃસીમ હૃદયઔદાર્યનો જીવતો પુરાવો આપ્યો.

# સૌન્દર્ય પ્રદર્શન અને આપણું કર્તવ્ય

તા. ૩ એપ્રિલ ૧૯૫૨ ના દિવસે મુંબઈમાં ભરાયલા સૌંદર્ય પ્રદર્શનની હકીકત મુંબઇ તેમ જ મુંબઈની બહાર વસતા અનેક લોકોએ જાણી હશે. આ પ્રદર્શનની પાછળ કોના, શા હેતુ હશે એ વિષે તર્કમાં ન પડતાં યે હરેક વિચારવાન અને સુજ્ઞ મનુષ્ય એટલું તો સ્પષ્ટ અને નિશ્ચિતપણે સમજી શકે જ કે આથી સ્રીજાતિનું કોઇપણ રીતે કલ્યાણ થતું નથી. એ સાચું છે કે સમગ્ર સ્રીજાતિને આવું પ્રદર્શન માન્ય હોતું નથી. પરંતુ ભારતની થોડી યે સ્રીઓ તેમાં ભાગ લે એટલું યે સ્રીજાતિને કલંકરૂપ સમજવું જોઇએ. આવી હિલચાલને તુરત જ અટકાવવામાં ન આવે તો આવા સમારંભો સમાજમાં વધતા રહે એવો ઘણો સંભવ છે. એનું પરિણામ ચાલુ અને ભવિષ્યની પેઢી પર બહુ અનિષ્ટ પ્રકારનું થવાની અને તેને લીધે સમાજ તથા રાષ્ટ્રની દુર્દશા થવાની ધાસ્તી છે.

આજે આપણા દેશની સ્થિતિ અનેક બાજુથી ઘણી વિકટ થયેલી છે. બહુજનસમાજને પેટ પૂરતું ખાવા મળતું નથી. બાળકોને દૂધ મળતું નથી. પૂરાં કપડાં નથી. લાખો લોકોને રહેવાને જગ્યા નથી. આવી રીતે દુઃખ અને દરિદ્રતાથી ઘેરાયલા દેશમાં મૂઠીભર સ્રીપુરૂષોને પણ સૌન્દર્યનું પ્રદર્શન ભરવા જેવી વાત સૂઝે અને તેને પાર પાડીને મનમાં ધન્યતા લાગે એ આપણું દુર્દૈવ છે.

આ પ્રદર્શનમાં ભાગ લેનારી બહેનોએ મનુષ્યજીવન શા માટે છે, તેમાં આપણું કર્તવ્ય શું છે, તેનો કદીયે ગંભીરપણે વિચાર કર્યો હશે ખરો? દેશની સર્વ બાજુથી થયેલી દુર્દશાનાં કારણો શોધી તેને દૂર કરવાનો તેમણે કદી પ્રયત્ન કર્યો છે ખરો? પ્રયત્ન જવા દઈએ, તેમણે કદી માનવજાતિ પર એક પછી એક આવતાં મહાન સંકટો ક્યારેય સૂક્ષ્મપણે, શાંતપણે, લાગણીપૂર્વક અને ઊંડો વિચારે કર્યો છે ખરો? દેશના દુઃખોનું નિવારણ કરવા માટે દરેક મનુષ્યે કર્તવ્ય સમજીને જે સહન કરવું જોઈએ તે તેમણે કદી કર્યું છે? તે માટે કદી તેમણે પોતાના શરીર કે મનને ઘસ્યાં છે? મનુષ્યજીવન કૃતાર્થ કરવા માટે જે સુસંસ્કાર, સદ્‌ગુણ, જ્ઞાન, વિદ્યા, કલા વગેરેની આવશ્યકતા છે, તે આવી દૃષ્ટિથી ગંભીરપણે અને ભાવનાપૂર્વક વિચાર કર્યા વિના સમજાવાં શકય નથી. મનુષ્યજાતિના કલ્યાણ માટે નિષ્ઠાપૂર્વક સહન કરતાં જે અનુભવો મળે તે દ્વારા જ્ઞાન થાય છે. આમ હોવાથી જે પોતાના કર્તવ્યને જાણતા નથી, અને કર્તવ્ય માટે જેણે કદી સહન કર્યું નથી, એવી થોડી સ્રીઓએ કળાને નામે પોતાની તેમ જ સ્રીજાતિની વિડંબના થાય તેવા માર્ગે પડવું એ હકીકત સમાજના અને રાષ્ટ્રના હિતમાં અત્યંત નુકસાનકારક છે એ વિષે શંકા નથી.

પ્રતિષ્ઠા અને કીર્તિના મોહમાં નાંખી જે લોકો સ્રીઓને આ માર્ગ તરફ ખેંચી રહ્યા છે, તેઓ તે દ્વારા તેમનું કયું કલ્યાણ સિદ્ધ કરવા ઇચ્છે છે? એવા ભ્રમ અને મોહમાં સ્રીવર્ગ જેમ જેમ ફસાતો જશે, તેમ તેમ તેમની વિવેકબુદ્ધિ નષ્ટ થતી જશે. એ દશામાં-બલ્કે એ નશામાં-તેમને વિડંબના અને ગૌરવ વચ્ચેનો તફાવત ઓળખાશે નહીં. કર્તવ્ય અને મોહ, કીર્તિ અને કલંક, પવિત્રતા અને ભ્રષ્ટતા, વિકાસ અને વિલાસ-એ વચ્ચેના ભેદો તેઓ સમજી શકશે નહીં. આમાંથી તેઓ કદી પછી જાગી જશે, તો ત્યાં સુધીમાં કર્તવ્ય કરવાનું સામર્થ્ય તેઓ ખોઇ ચૂકી હશે. સુંદર વસ્ત્ર અને ઘરેણાંના મોહમાં નાંખીને એક કાળે પુરૂષોએ સ્રીઓ પાસેથી પોતાનો પૂરો સ્વાર્થ સાધ્યો. આ પ્રલોભનો હવે જુનાં થઈ ગયાં છે, તેથી હવે પુરૂષવર્ગ તેમને દ્રવ્ય, પ્રતિષ્ઠા અને કીર્તિની લાલચ બતાવી પોતાનો તે જ સ્વાર્થ સિદ્ધ કરવા ઇચ્છે છે. પણ મોહવશ સ્રીઓને આ વાત કેમ સમજાય? જે લોકો સ્રીઓની આ નબળાઇ દૂર કરવાનો પ્રયત્ન કરવાને બદલે તેમના મોહને ઉત્તેજન આપી રહ્યા છે, તેઓ એ માર્ગે સ્રીઓનું અથવા તેમની મારફત માનવજાતિનું શું કલ્યાણ સિદ્ધ કરી રહ્યા છે, તેનો થોડો યે વિચાર કરશે કે? આપણા આ કાર્યનું પરિણામ આપણી પેઢીને માટે કેવું ભયંકર સિદ્ધ થશે તેનો શું તેઓ વિચાર કરશે? પોતે કરેલા આ કામનો આગ્રહ અને દુરભિમાન છોડીને તેઓ એકવાર સ્રીઓ અને માનવજાતિનાં કલ્યાણ અને ઉન્નતિની દૃષ્ટિથી પોતાનાં કાર્ય અને વિચારોનું પુનર્પરીક્ષણ કરે એવી મારી તેમને વિનંતિ છે. જે મહાન અને પુણ્યવાન વિભૂતિનું નામ આપણે વારંવાર લઈએ છીએ, અને તેમના પ્રત્યે આપણી શ્રદ્ધા જાહેરમાં પ્રગટ કરીએ છીએ, શું તેમને આપણું આજનું આ આચરણ અને વિચાર પસંદ પડત ખરા? આ દૃષ્ટિથી તેમણે પોતાના આ કામનો વિચાર કરવો જોઈએ. દુનિયામાં એક પણ એવો ધર્મ નથી, જે આવાં પ્રદર્શનોને પોતાની અનુમતિ આપે. કોઈ પણ મહાપુરૂષે આવા કાર્યને કદી માન્યતા આપી નથી. આધુનિક કાળમાં યે આપણા દેશમાં દાદાભાઈ નવરોજી, ન્યાયમૂર્તિ રાનડે, બદરૂદ્દીન તૈયબજી, સુરેન્દ્રનાથ બેનરજી, આગરકર, લોકમાન્ય ટિળક, માનનીય ગોખલે, ફિરોઝશાહ મહેતા, જોસફ બેપ્ટિસ્ટા, અને હમણાં ચાર વર્ષ પહેલાં જ પોતાનું જીવનકાર્ય સમાપ્ત કરીને ગયેલા મહાત્મા ગાંધી જેવા રાષ્ટ્રભકત અને સાધુચરિત પુરૂષો થઇ ગયા છે. તેમનામાંથી શું કોઇએ આવી વાતની સંમતિ આપી હોત કે? આવાં કૃત્યોથી તેમને ધન્યતાનો અનુભવ થાત કે લજ્જાનો? મારી પ્રાર્થના છે કે આ કાર્યનું સમર્થન કરનારા આનો પણ વિચાર કરે.

ભારતની પ્રત્યેક ધર્મની મહિલાઓને મારી વિનંતિ છે કે "આવી પ્રવૃત્તિનો વિરોધ કરવો એ તમારૂં પ્રથમ કર્તવ્ય છે. તમે જેટલી તીવ્રતાથી તેનો વિરોધ કરશો, તે પર તમારી સંસ્કારિતા અવલંબિત છે. ભાવિ પેઢીનું કલ્યાણ, અકલ્યાણ તમારા નિષેધ કે તમારી ઉદાસીનતા પર આધાર રાખે છે. મને લાગે છે કે આ વિષય પર સમયસર જાગ્રત થઇને તમારે પોતાનો મત પ્રગટ કરવો જોઇએ. અને તમારા આ સત્કાર્યનું સમર્થન કરવું સમસ્ત પુરૂષવર્ગનું કર્તવ્ય છે."

સર્વ જનતાને મારી નમ્ર વિનંતિ છે કે મુંબઈમાં તા. ૩-૪-૫૨ ના રોજ જે સૌન્દર્ય પ્રદર્શન થયું તેની વિરૂદ્ધ જનહિતની દૃષ્ટિથી સભ્યતાપૂર્વક પોતાનો વિરોધ જાહેર કરવો એ આપણું સૌનું કર્તવ્ય છે. આ વિરોધને જેટલું બની શકે એટલું સાર્વજનિક રૂપ મળવું જોઈએ એવો અમારો મત છે. જે જે વ્યકિતઓને અને સંસ્થાઓને એ પ્રમાણે લાગતું હોય, તેઓ કૃપા કરીને નીચે લખેલા સરનામે પત્રવ્યવહાર કરે, જેથી આ કાર્યને વ્યવસ્થિત રૂપ આપી શકાય.

પ્રત્યેક સ્રીસંસ્થા તેમ જ સામાજિક ધાર્મિક કે રાષ્ટ્રીય પ્રવૃત્તિ કરનારૂં પ્રત્યેક મંડળ આ કામમાં ઉત્કટતાપૂર્વક ભાગ લે એવી વ્યવહાર શુદ્ધિ મંડળની તરફથી મારી બધા લોકોને વિનંતિ છે.

વ્યવહારશુદ્ધિ મંડળ
૧૮૭, હોર્નબી રોડ, મુંબઈ ૧.
તા. ૧૫-૪-૫૨.

વિનીત
કેદારનાથ

# કેટલાક સમાચાર અને નોંધ

## મહાવીર જયન્તી

હિંદ ભરમાં સ્થળે સ્થળે એપ્રીલ માસની સાતમી અથવા તો આઠમી તારીખે ભગવાન મહાવીરની જન્મ જયન્તી ઉજવવામાં આવી છે. આ જયન્તીઓની સૌથી વધારે ધ્યાન ખેંચે એવી એક વિશેષતા એ છે કે ઘણું ખરૂં આ જયન્તીઓ જૈન સમાજના જુદા જુદા ફીરકાઓના આગેવાનો એકત્ર થઈને ઉજવે છે અને બધા જૈનો કશા પણ ભેદ ભાવ વિના મળે છે અને તેમાં આનંદપૂર્વક ભાગ લે છે. આવી જયન્તી પ્રસંગે વકતાઓ પણ એ ઘડિ સાંપ્રદાયિક વૃત્તિ અને માન્યતાભેદને બાજુએ રાખીને ઉદારતાભર્યાં પ્રવચનો કરે છે. આ રીતે આ પ્રસંગે પરસ્પર એકતાની ભાવનાને નવું ઉત્તેજન મળે છે. અલબત્ત આ જયન્તીઓ પ્રસંગે થતાં ભાષણોમાં એક ત્રુટિ ઘણે ઠેકાણે જોવામાં આવે છે અને તે એ કે મહાવીર-જન્મદિવસ બહુ સમીપ આવે ત્યારે જ એકાએક જૈન સંસ્થાઓના આગેવાનો મળે છે અને જાહેર સભાઓની યોજના કરે છે. વકતાઓને પણ સાધારણ રીતે વખતસરની ખબર આપ્યા સિવાય બોલવાનું કહેવામાં આવે છે. પરિણામે પૂર્વ તૈયારી સિવાય એ પ્રસંગે જે સુઝે તે બોલાય છે. આવા પ્રસંગે ભગવાન મહાવીર અને તેમણે પ્રરૂપેલ જૈન ધર્મ સંબંધી વિસ્તૃત માહીતી ધરાવતા અને ઉંડા ચિન્તનથી ભરેલાં વ્યાખ્યાનો ભાગ્યે જ સાંભળવામાં આવે છે. આજે સાંભળવા મળતાં વ્યાખ્યાનો કાં તો મહાવીરસ્વામીના ચરિત્રનો ઉપરછલો સ્પર્શ કરતા હોય છે અથવા તો તે ચરિત્રને બાજુએ રાખીને પ્રાસંગિક પ્રસ્તુત તેમ અપ્રસ્તુત બાબતોને ઘણું ખરું ચર્ચતા હોય છે. આમાં સુધારણા થવાની ખાસ આવશ્યકતા છે.

બીજું આવી જયન્તીઓ ખરી રીતે આમ જનતા માટે આનંદ અને ઉત્સવનો પ્રસંગ છે. તે કેવળ શુષ્ક ભાષણોથી ઉજવાવો ન જોઈએ. તેમાં સંગીત જોઈએ. આ પ્રસંગને અનુલક્ષીને વરઘોડા કાઢવામાં આવે, દેવ મંદિરો શણગારવામાં આવે, પ્રભુના ચરિત્રનું નિરુપણ કરતાં સંગીત નાટકો ભજવવામાં આવે તો તે એટલું જ આવકાર યોગ્ય લેખાવું જોઈએ.

## મહાવીર જયન્તી સાર્થક કયારે થાય?

ભગવાન મહાવીરની જન્મ જયન્તી આપણે હરહંમેશ ઉજવીએ છીએ. તે સાર્થક ત્યારે લેખાય કે જયારે ભગવાન મહાવીરના ચરિત્રનાં જે વિશિષ્ટ લક્ષણો છે તે લક્ષણોને આપણા જીવનમાં ઉતારવાનો આપણે દૃઢ નિશ્ચય કરીએ. આ લક્ષણો શું હતા? તેમના વિષે સૌથી મોટી વસ્તુ તો તેમનું ક્રાન્તિકારી માનસ હતું. એ વખતના સમાજની રુઢ રચના અને તેના અનિષ્ટ અંશો સામે તેમણે બળવો કર્યો હતો. એ સમાજ રચનાના વિશિષ્ઠ અંશો શું હતા? વેદનું અબાધિત પ્રામાણ્ય, બ્રાહ્મણ વર્ગનું અમર્યાદિત સર્વોપરિપણું, યજ્ઞાદિ ક્રિયાકાંડનું પ્રાબલ્ય, માણસ માણસ વચ્ચે ઉંચાનીચાનો કૃત્રિમ ભેદભાવ ઊભી કરતી વર્ણવ્યવસ્થા. આવી સમાજ રચનામાં મોટો પલટો લાવવાનો ભગવાન મહાવીરનો ભગીરથ પ્રયત્ન હતો. વેદપ્રામાણ્યની સામે પ્રજ્ઞાપ્રામાણ્યની તેમણે પ્રતિષ્ઠા કરી અને તેમાંથી અનેકાન્તવાદનો પ્રાદુર્ભાવ થયો. બ્રાહ્મણ બ્રાહ્મણકુળમાં જન્મવાથી શ્રેષ્ટ અને આદર યોગ્ય છે એ માન્યતાનો તેમણે ઇનકાર કર્યો અને સર્વ કોઇને અભ્યુદયના સરખા અધિકારી બનાવ્યા. યજ્ઞાદિ ક્રિયાકાંડના મહત્વને હળવું કરીને જીવન શુધ્ધિના મહત્વ તરફ તેમણે જનતાનું ધ્યાન ખેંચ્યું—તે ઉપર ખૂબ ભાર મૂકયો. વળી વર્ણવ્યવસ્થાના વિચારને તેમણે પાયામાંથી ઉથલાવી નાંખ્યો. આવી રીતે ભગવાન મહાવીરના આપણે મુકતકંઠે ગુણગાન કરીએ છીએ. અને એમ છતાં આજની પરિસ્થિતિનો વિચાર કરતાં માલુમ પડે છે કે ભગવાન મહાવીરે તત્કાલીન સામાજિક પરિસ્થિતિના જે અનિષ્ટ અંશો સામે બળવો કર્યો હતો તેના તે જ અંશો આજના આપણા વ્યકિતગત તેમ સામાજિક વ્યવહારમાં આચાર વિચારમાં જરાંક પલટાયલા સ્વરૂપે પણ એટલા જ પ્રમાણમાં વિદ્યમાન છે અને તેને દૂર કરવાનો આપણે કદિ પણ વિચાર કરતા નથી. આપણે વેદપ્રામાણ્યનો જરૂર ઇનકાર કર્યો છે, પણ આગમપ્રામાણ્યને એટલા જ આવેગથી આપણે સ્વીકાર્યું છે. આગમમાં લખ્યું છે તે તો સર્વજ્ઞનાં વચનો, તેમાં આપણે દેશકાળના ધોરણે તેમ જ વૈજ્ઞાનિક દૃષ્ટિએ કશો પણ વિચાર કરી શકીએ જ નહિ—આવી આપણી આજની માન્યતા છે. આ રીતે આપણે એક પ્રકારની શબ્દગુલામી છોડી છે અને અન્ય પ્રકારની શબ્દગુલામી અંગીકાર કરી છે. બ્રાહ્મણનાં શ્રેષ્ટત્વનો આપણે જરૂર ઇનકાર કર્યો છે, પણ નાત નાતના ભેદભાવને આપણા જીવનમાં જડી બેઠા છીએ, અને દરેક નાતવાળો પોતાને અન્યથી નિઃસંશય ઉંચો માને જ છે. યજ્ઞક્રિયાકાંડનો આપણે વિરોધ કર્યો છે, પણ બીજા ધાર્મિક ક્રિયાકાંડો આપણી ઉપર અસવાર થઇ બેઠા છે અને જીવન-શુધ્ધિના મહત્વને આપણે તદ્દન વિસારી દીધું છે. વળી વર્ણવ્યવસ્થાને આપણે સ્વીકારતા નથી, પણ તેની ઉપપત્તિરૂપ અસ્પૃશ્યતાવાદ આપણા જીવનમાં એટલી જ ઉંડી જડ નાંખીને બેઠો છે.

આમ વિચારીએ છીએ તો માલુમ પડે છે કે મહાવીરના આપણી જાતને અનુયાયી ભકત કહેવરાવવા છતાં તેમના જીવનમાં પ્રતીત થતો આદર્શ જે સૌ કોઇ માટે સહજ અનુકરણીય છે તેથી આપણે હંમેશાં દૂરના દૂર રહીએ છીએ. ભગવાન મહાવીરનો અપરિગ્રહ એટલે જીવનનું એવું મૂલ્યાંકન કે જેમાં ભોગ યા સંપત્તિને કશું પણ સ્થાન હોઇ ન જ શકે. આની જગ્યાએ આજના આપણા આખા જીવનનું મૂલ્યાંકન અમર્યાદિત ભોગોપભોગ તથા પરિગ્રહ ઉપર જ નિર્ભર થયેલું છે. 'અહિંસા આપણી વિશેષતા છે એવો આપણે દાવો કરીએ છીએ, છતાં આપણાં દિલ માનવી માનવી સાથેના વ્યવહારમાં અનુકંપાથી કરુણાથી કેટલાં બધાં વંચિત છે? અનેકાન્તવાદની જૈન ધર્મના નામે આપણે જયાં ત્યાં ધજા ફરકાવીએ છીએ, એમ છતાં આપણાં વિચાર, વાણી અને વર્તન કેવળ એકાન્તિક વૃત્તિથી ભરેલાં છે; અન્યને જાણવા સમજવા આપણે કદિ તૈયાર હોતા નથી, જાણે કે અસહિષ્ણુતા એ જ આપણો પરમ ધર્મ બન્યો ન હોય! જો આપણે આવા છીએ અને આવા જ રહેવા માંગતા હોઇએ તો મહાવીરના નામની ઘોષણા કરવાનો, મહાવીર જયન્તી ઉજવવાનો આપણને કશો અધિકાર નથી.

ભગવાન મહાવીરના જીવનને સંક્ષિપ્તમાં વિચારીએ તો ભગવાન મહાવીર એટલે સત્ય અને શ્રેયના માર્ગે પોતાની જાતને તેમ જ સારા સમાજને ગતિમાન કરવાનો નિરધાર. ભગવાન મહાવીરના પગલે ચાલવાની વૃત્તિવાળા આપણ સર્વમાં આ નિરધાર હોવો જોઇએ, અસત્યનો અસ્વીકાર, અન્યાયનો પ્રતિકાર અને સત્યનો અંગીકાર—અને તેમ કરવા જતાં જે કાંઇ સહન કરવાનું આવે તે સહન કરવાની પૂરી તત્પરતા—આ ધોરણ ઉપર આપણું આખું જીવન ઘડાવું જોઇએ, આપણા નાના ક્ષેત્રમાં, સાંકડા સંયોગોમાં આપણે પણ નાના મહાવીર બનીએ એવી આપણા દિલમાં અહોનિશ આકાંક્ષા પ્રજ્જવલિત રહેવી જોઇએ. આમ બને તો જ અને ત્યારે જ આપણા હાથે થતું મહાવીર જયન્તી ઉદ્યાપન સાર્થક થયું લેખાશે.

## વૈશાલી મહોત્સવ અને શ્રી ક. મા. મુનશી.

બીહાર પ્રાન્તમાં આવેલ વૈશાલી નગરી ભગવાન મહાવીરનું જન્મસ્થાન છે, આ નગરીમાં ૧૯૪૫ માં સ્થાપવામાં આવેલ વૈશાલી સંઘ તે સ્થળ સાથે સંકળાયલી અનેક ભવ્ય ઘટનાઓનું સ્મરણ તાજું કરવાના હેતુથી દર વર્ષે વૈશાલી મહોત્સવ ઊજવે છે.

આ વૈશાલીમાં આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં પ્રજાસત્તાક ગણ-રાજ્ય પ્રવર્તતું હતું. આ સ્થળમાં ભગવાન બુધ્ધે અનેક ચાતુર્માસ કર્યા હતા અને ત્યાંના પ્રજાસત્તાક રાજ્ય શાસનની તેમણે ખૂબ પ્રશંસા કરી હતી. આ વર્ષે તા. ૭-૯-૫૨ ના રોજ મહાવીર-જન્મના દિવસે ઉજવાયેલા વૈશાલી મહોત્સવમાં માન્યવર શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ પ્રમુખસ્થાનેથી પ્રવચન કરતાં જણાવ્યું કે:-

"સર્વ કાંઇ હિંદમાં અને હિંદ સર્વકાંઇમાં' એવી એકતાની ભાવના જો આપણે નહિ કેળવીએ તો આપણે મળેલી આઝાદી ગુમાવી દઇશું. આપણે આપણા સાંકડા કેવળ વ્યકિતલક્ષી માનસને પલટાવીને તેમાં સમસ્ત હિંદને વ્યાપતી સમષ્ટિલક્ષી ચેતનાની પ્રતિષ્ટા કરવી જોઇએ, અને હિંદથી માંડીને દુનિયા સુધી અને દુનિયાથી માંડીને સમસ્ત વિશ્વ સુધી અને તે માત્ર વિચાર અને કલ્પનાથી નહિ પણ વ્યક્તિગત અને સમષ્ટિગત જીવનમાં ક્રમશઃ પલટો નિપજાવે તેવા શ્રેયઃસાધક નિરધારપૂર્વક તે ચેતનાને વિસ્તારવી જોઇએ. માત્ર આપણી પોતાની જાત સાથે જ નહિ પણ વિશ્વવ્યાપી ચેતના સાથે એકરૂપ એવા જીવનને વધારે ને વધારે આપણે અખત્યાર કરવું જોઇએ. માત્ર સિધ્ધાન્ત કે માન્યતા તરીકે નહિ પણ સતત સંવેદન અને તથા પ્રકારના જીવન વડે આપણામાં સર્વને તેમ જ ઇશ્વરમાં સર્વને આપણે જોતાં અનુભવતાં શિખવું જોઇએ. એમ થશે ત્યારે જ એક અને અખંડ ભારત, એક અને અખંડ દુનિયા, અનુપમ એવો નવો યુગ અને અપૂર્વ એવા નવજીવનનો અરૂણોદય આપણને પ્રાપ્ત થશે, અને ત્યારે જે લોકોત્તર મહાપુરૂષો વૈશાલીની ધરતી ઉપર વિચર્યા હતા તેમનું જીવ્યું સાર્થક થયું લેખાશે. બુધ્ધ અને મહાવીર જેવા તીર્થંકરોનો સંદેશ હતો કે "જે આત્મતત્વમાંથી નિઃશ્રેયસની અભીપ્સા ઉભી થાય છે તે જ આત્મતત્વની સ્ફુરણા આપણા માનસમાં ક્રાન્તિ પેદા કરી શકે છે, તેને વિશ્વવ્યાપી બનાવી શકે છે, જીવનના દર્શનને વિશાળ બનાવી શકે છે. આ તીર્થંકરોએ-લોકોત્તર પુરૂષોએ-સંકીર્ણ વ્યકિતલક્ષી માનસનાં બંધનોને સ્વપુરૂષાર્થ વડે ભેદી નાખતી દિક્કાલાતીત ચેતનાની પ્રાપ્તિ દ્વારા અને નહિ કે સંયુકત રાજ્ય-સંસ્થાદ્વારા કે શસ્ત્રસામગ્રી દ્વારા કે છાપાંના પ્રચાર દ્વારા 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાનો સાક્ષાત્કાર કર્યો હતો. એ ઘટનાને આજે ૨૫૦૦ વર્ષ પસાર થયા છે. અને એમ છતાં પણ આપણી દૃષ્ટિ આજે પહેલાં જેટલી જ સાંકડી, અદૂરલક્ષી, આત્મઘાતી રહી છે. શ્રી કૃષ્ણના, બુધ્ધના, મહાવીરના, ઇશુ ખ્રીસ્તના શબ્દો આજે પણ કાળ ભેદીને આપણા કાન ઉપર પ્રતિધ્વનિત થયા કરે છે. આમ છતાં પણ આખી દુનિયાની વાત તો બાજુએ રહી, પણ હિંદવ્યાપી એકતાની બુધ્ધિનો પણ શું આપણામાં ઉદય થયો છે ખરો?"

મહાવીર જન્મ દિનને અનુલક્ષીને વૈશાલી મહોત્સવ પ્રસંગે ઉચ્ચરાયલા આ ઉદ્દગારો ભારે પ્રેરણાદાયી લાગે છે.

## 'વિકાસનાં વહેણ': કિલ્લોલ કેળવણી મંડળ.

પાટણ ખાતે શિક્ષણ પ્રવૃત્તિ ચલાવતા કિલ્લોલ કેળવણી મંડળ તરફથી 'વિકાસનાં વહેણ' એ નામની એક નાની સરખી પુસ્તિકા થોડા સમય પહેલાં પ્રગટ કરવામાં આવી છે. આ પુસ્તિકામાં પ્રસ્તુત સંસ્થાના કાર્યવાહકોએ પોતાની સંસ્થાનો ઉત્તરોત્તર કેમ વિકાસ થયો, એ વિકાસ સાધતે સાધતે બાળકોના, વિદ્યાર્થીઓના તેમજ શિક્ષકોને લગતા કેવા કેવા પ્રશ્નો ઉપસ્થિત થતા રહ્યા અને તે તે પ્રશ્નોનો નિકાલ કરતાં તેઓ ધીમે ધીમે નાની મોટી અનેક મુશ્કેલીઓને વટાવીને કેમ આગળ વધતા ગયા-તેનું બહુ સુન્દર અને ઉદ્‌બોધક વિવરણ કરવામાં આવ્યું છે. તે સંસ્થાના મુખ્ય સંચાલક શ્રી પુનમચંદ શાહ છે. તેમણે પોતાના વિશાળ અને જીવનસ્પર્શી શિક્ષણવિષયક અનુભવનો આ પુસ્તિકામાં નીચોડ આપ્યો છે. આ સંસ્થાનો ઉદ્દભવ કેમ થયો તેનો ખ્યાલ આપતાં અન્યત્ર જણાવવામાં આવ્યું છે કે "૧૯૪૪ના જુનમાં મંડળની પ્રવૃત્તિઓની શરૂઆત બાળમંદિર સ્વરૂપે જ્યારે થઇ ત્યારે ભાઈશ્રી અમૃતલાલ ગભરૂચંદ શાહે પાંચ વર્ષ માટે પ્રતિવર્ષે રૂા. ૫૦૦૦) સુધી જે કાંઈ ખોટ આવે તે પુરી કરવાની ખાત્રી આપી હતી અને કોઇ પણ જાતની ઉપકારક વૃત્તિનું ભાન કરાવ્યા સિવાય, કહ્યા પ્રમાણે, એમણે એ બાબત પોતાનો સક્રિય સહકાર ચાલુ રાખ્યો છે. પાછલાં પાંચ છ વર્ષમાં આશરે રૂા. ૩૫૦૦૦ જેવી મોટી રકમની ભેટ એમણે સંસ્થાને આપી છે. સંસ્થાનો ઉગમ અને વિકાસ એમનીજ સહૃદયતાને આભારી છે એમ કહીએ તો કશીજ અતિશયોક્તિ નથી. એમણે જે કાંઇ રકમ આપી છે એના કરતાં એમણે જે રીતે એ રકમ આપી છે એ વધારે મહત્વનું છે."

ઉપર જણાવેલી આર્થિક મદદ કરવાની દરખાસ્ત કરતી વખતે તેમણે કાઢેલા ઉદ્દગારો પણ આજના ધનવાન દાતાઓએ ધ્યાનમાં લેવા જેવા છે. તે વખતે તેમણે જણાવેલું કે "મારે તો પ્રયોગ પાછળ જ રકમ ખર્ચવી છે. મોટી મૂડી ભેગી કરી વ્યાજમાંથી સંસ્થા ચલાવવાની કલ્પના મને જરાયે ગમતી નથી- મૂડીમાંથીજ આપણે પાંચ વર્ષ અખતરો કરીએ, અને એ દરમિયાન આપણી સંસ્થા સાચેજ આશાસ્પદ પૂરવાર થશે તો સમાજ એને ઉપાડી લેશે. કદાચ નિષ્ફળ પૂરવાર થઇશું છતાંયે પ્રમાણીકપણે આપણે પ્રયોગ કર્યો હશે તો મને મારી રકમ છૂટી પડવાનું જરાયે દુઃખ નહિ થાય. તે દિવસે મારી ચિન્તા એટલીજ હશે કે તમારી યુવાનીનાં પાંચ વર્ષ નકામાં ગયાં. શરત કહો તો શરત અને મહેચ્છા કહો તો તે પણ મારી બે માગણી છે કે (૧) સંસ્થા સાથે મારૂં કયાંય નામ ન જોડવું અને (૨) મને કયાંય જાહેર સભાઓમાં ભાષણ કરવા ઊભો ન કરવો."

આમ ભાઈશ્રી અમૃતલાલ ગભરૂચંદ શાહનો અને ભાઈ પુનમચંદનો સોનું અને સુગંધ જેવો સુયોગ શરૂ થયો અને એક નાના સરખા બાળ મંદિરમાંથી ક્રમશ: એક પછી એક અનેક શિક્ષણ-પ્રવૃત્તિઓ જન્મ પામવા લાગી. બાળ મંદિરનો પ્રારંભ કર્યાને ત્રણ વર્ષ થયાં અને કુમાર મંદિરની શરૂઆત કરવામાં આવી. પછાત વર્ગમાં બે બાલવાડી પણ શરૂ થઈ અને છાત્રાલયની પણ એજ દિવસોમાં શરૂઆત કરવામાં આવી. પાટણમાં આજે સૌથી ધ્યાન ખેંચે એવી આ શિક્ષણ સંસ્થા છે. મુંબઇ સરકાર આ સંસ્થાને ઠીક પ્રમાણમાં આર્થિક સહાય આપે છે. શિક્ષણ પ્રદાન અને તે શુધ્ધ સેવાભાવથી-આવું જીવનવ્રત લઇ બેઠેલા કેટલાક આશાસ્પદ શક્તિશાળી યુવાન શિક્ષકોનું એક નાનું સરખું જૂથ આ સંસ્થાના છત્ર નીચે કામ કરી રહ્યું છે. આ સંસ્થાના સૂત્રધારોએ માત્ર ઉજળા વર્ગનાં બાળકોને વધારે ઉજળા બનાવવાનું કામ ઉપાડયું છે એમ નથી, પણ હરિજનો વચ્ચે પણ તેમનું ખૂબ કામ ચાલી રહ્યું છે. હરિજનો વચ્ચે કામ કરવાનું તેમજ તેમનાં બાળકોને સંસ્કારવાનું કામ કેટલું વિકટ છે, તે કામમાં પડતાં સુધરેલાં ઉજળા સમાજ તરફથી કેવી કેવી મુસ્કેલી ઉભી કરવામાં આવે છે તેનો પણ કેટલોક ખ્યાલ તેમના 'વિકાસનાં વહેણ'માંથી આપણને મળે છે. આ સંસ્થાના શ્રી રાધવજી થો. લેઉઆ પ્રમુખ છે અને શ્રી પૂનમચંદ શાહ તથા શ્રી ચંદ્રાબહેન પારેખ મંત્રીઓ છે. આ સંસ્થાના કાર્યકર્તાઓ મોટા ભાગે જૈન છે અને તેઓ સાર્વજનિક શ્રેયની તમન્નાપૂર્વક આવું આવું સુન્દર કાર્ય કરી રહ્યા છે એ જૈન સમાજ માટે ભારે ગૌરવપ્રદ હકીકત છે. આવી સંસ્થા જે સમાજમાં કાર્ય કરી રહી છે તેને મોટા આશીર્વાદરૂપ છે અને સર્વ પ્રકારના ઉત્તેજનને પાત્ર છે.

## માન્યવર કુંદનમલજી ફિરોદિયાનું જાહેર સન્માન

પ્રબુધ્ધ જૈનના તા, ૧-૪-૫૨ ના અંકમાં જણાવ્યું છે તે મુજબ તા. ૨૭-૩-૫૨ ના રોજ મુંબઈની આગેવાન જૈન સંસ્થાઓએ શ્રી કુન્દનમલજી ફિરોદિયાનું બહુમાન કરીને એક આદર્શનિષ્ટ પુરૂષની યોગ્ય કદર કરી છે. ઉત્કૃષ્ટ ચારિત્ર્ય અખંડ રાષ્ટ્રસેવા, અપૂર્વ સૌજન્ય અને અનુકરણયોગ્ય ઉદારતા— આ શ્રી ફિરોદિયાજીના જીવનમાં તરી આવતા વિશિષ્ટ ગુણો છે. આ ઉપરાંત ઉંડી ધાર્મિકતાના કારણે તેમનામાં આપણને જુદી જ પ્રસન્નતાનો અનુભવ થાય છે. મુંબઈની ધારાસભાના સ્પીકર તરીકે સર્વ પક્ષોએ તેમની તટસ્થ ન્યાયવૃત્તિની જે પ્રશંસા કરી છે તે તેમના ઉદાત્ત વ્યકિતત્ત્વનો અચૂક પુરાવો છે. રાષ્ટ્રની અનેકવિધ-સેવાઓ કરવા સાથે તેમણે જૈન સમાજની પણ વિવિધ સેવાઓ કરી છે અને સ્થાનકવાસી કાન્ફરન્સમાં તેઓ એક મુરબ્બી અને માર્ગદર્શકનું સ્થાન ધરાવે છે, આવી ચારિત્ર્યશાળી વ્યકિત જૈન સમાજ માટે એક ગૌરવસ્થાન છે. જૈન સમાજના આગેવાનોએ આવી વિશિષ્ટ વ્યકિતનો પુરો લાભ ઉઠાવવો જોઈએ. જૈન સમાજ-ના ફીરકા ફીરકા વચ્ચે કોઇ પણ પ્રશ્ન ઉપર જ્યારે પણ મતભેદ પડે ત્યારે તે મતભેદને વધવા ન દેતાં આવી વ્યક્તિઓ દ્વારા નીકાલ લાવવો જોઇએ **मित्ति मे सव्व भूएसु, वेरं मज्झ न केणइ ।**

જૈન ધર્મનો આ મુદ્રાલેખ ફિરોદિયાજીના પ્રતિભાવાન જીવનમાં પદે પદે મૂર્તિમન્ત થતો હોય એવી તેમના નિકટ પરિચયમાં આવતાં આપણા મન ઉપર છાપ પડે છે. તેમને આપણે દીર્ઘ આયુષ્ય અને સંપૂર્ણ આરોગ્ય ઇચ્છીએ અને તેમની દ્વારા રાષ્ટ્રને અને જૈન સમાજને હજુ પણ અનેક સેવાઓ મળતી રહે એમ આપણે પ્રાર્થીએ !

## ટોલ્સ્ટોયની ગાંધીજીએ કરેલી અવસાનનોંધ

દક્ષિણ આફ્રીકાની સત્યાગ્રહની લડત દરમિયાન ગાંધીજી ઇન્ડીયન ઓપીનિયન નામનું છાપું ચલાવતા હતી. રશીઆના સુવિખ્યાત સન્તપુરૂષ કાઉન્ટ લીઓ ટોલ્સ્ટોયના તા. ૨૦-૯-૧૯૧૦ ના રોજ નિપજેલ અવસાન વિષે એ પત્રના અગ્ર લેખમાં નીચે મુજબ નોંધ કરવામાં આવી હતીઃ–

"સદ્‌ગત કાઉન્ટ ટોલ્સ્ટોય વિષે લખતાં અમારૂં દિલ ઉંડા આદરની લાગણી અનુભવે છે. તેમને આપણે દુનિયાના એક મોટામાં મોટા માણસ પૂરતાજ ઓળખતા હતા એમ નથી, તેમની સાથે આપણો સંબંધ આથી પણ વિશેષ હતો. આપણે તેમના ઉપદેશને બને તેટલું અનુસરવા પ્રયત્ન કરી રહ્યા હતા. તેમણે જે માનવી-સમાજના ઉધ્ધારનું કાર્ય પોતાની લાક્ષણિક રીતે શરુ કર્યું હતું તે કાર્યને તેમના જીવનનો જે રીતે છેડો આવ્યો તેથી છેવટનો આકાર મળ્યો છે. ટોલ્સ્ટોયનું ઐહિક મૃત્યુ થવા છતાં તેઓ જીવન્ત છે, આ દુનિયામાં તેમના અસંખ્ય અનુયાયીઓના જીવનદ્વારા તેઓ અમર છે. અમે ચોક્કસ માનીએ છીએ કે જેમ જેમ વખત જશે તેમ તેમ તેમના વિચારો અને તેમના બોધપાઠો આ દુનિયામાં વધારે ને વધારે ફેલાતા જશે. જો કે તેઓ એક શ્રધ્ધાળુ ખ્રિસ્તી હતા, એમ છતાં પણ એમણે ખ્રિસ્તી ધર્મનું ખરૂં રહસ્ય સમજાવ્યું હતું; એટલું જ નહિ, પણ દુનિયાના એ મહાન ધર્મના પાયામાં રહેલ સત્ય તત્વનું તેમણે વાસ્તવિક નિરુપણ કર્યું હતું, અને કેવળ પશુબળ ઉપર નિર્માણ થયેલી આજની સભ્યતા પ્રત્યેક માનવીમાં રહેલ દિવ્ય તત્વનો કેવી રીતે ઇનકાર કરે છે અને માનવી સંપૂર્ણ માનવતાને પ્રાપ્ત કરી શકે તે પહેલાં ચાલુ દિન-ચર્યાના પ્રત્યેક કાર્યમાં તેણે કેવી રીતે પશુબળના સ્થાને પ્રેમભાવની પ્રતિષ્ટા કરવી જોઈએ એ તેમણે સચોટ રીતે દેખાડી આપ્યું હતું. તેમણે મી. ગાંધી ઉપર લખેલો પત્ર જે અમે પહેલા પાના ઉપર પ્રગટ કરીએ છીએ તે, કદાચ તેમનું સૌથી છેલ્લું લખાણ નહિ તો સૌથી છેલ્લા લખાણોમાનું એક હતું. એ પત્રમાં તેમણે પોતાના મૃત્યુની આગાહી કરી છે અને યાસ્નાના પોલીયાનાના સન્ત પુરૂષે ટ્રાન્સવાલની લડતને વિશ્વવ્યાપી મહત્વવાળી લેખી છે. આ જાણીને હિંદી સત્યાગ્રહીઓ જરુર ત્યારે પ્રોત્સાહન અને ગ્લાનિપૂર્ણ સંતોષ અનુભવશે."

આજે ગાંધીજી વિષે આપણું દિલ આવી જ લાગણીઓ અનુભવે છે.

## કાંતનારીનો કરિયાવર

કાંતવાની પ્રવૃત્તિ દ્વારા થતી નાની સરખી કમાણી ગરીબ લોકોના જીવનમાં આવતા લગ્ન જેવા મહત્વના પ્રસંગોને ઉકેલવામાં કેટલી મદદરૂપ થાય છે તેનું એક સુંદર દૃષ્ટાન્ત શ્રી વીઠ્ઠલદાસ જેરાજાણીએ 'ખાદી ઔર ગ્રામોદ્યોગ પત્રિકા'ના જાન્યુઆરી માસના અંકમાં પ્રગટ કર્યું હતું. તેઓ થોડા સમય પહેલાં બિહાર પ્રાન્તમાં આવેલા બિહારે શરીફમાં ચાલતા ખાદી ઉત્પાદન કેન્દ્રની મુલાકાતે ગયા હતાં. આ મુલાકાત દરમિયાન કાંતનારીઓ પોતપોતાનું સૂતર લાવી રહી હતી, જેમાં એક કાંતનારી સાથે તેમને નીચે મુજબની વાત થયાનું તેઓ જણાવે છે. :–

પ્રશ્ન : કેટલી આંટી કાંતીને લાવી છું ?

જવાબ : એક વીશ અને પંદર (આ બાઈ પાંત્રીસ સુધી ગણી શકતી નહોતી)

પ્રશ્ન : એટલા કાંતેલા સૂતરના તને કેટલા પૈસા મળશે ?

જવાબ : એ ગણુતાં મને નથી આવડતું.

પ્રશ્ન : સૂતર લેનાર તને ઓછા પૈસા આપશે તો ?

જવાબ : મારો દીકરો ભણેલો છે. તેની પાસે હિસાબ ગણાવી લઇશ. ઓછા પૈસા મળ્યા હશે તો અહિં ફરીથી આવીને પૂછીશ.

પ્રશ્ન : આ પૈસાનો શો ઉપયોગ કરીશ ? (મારો આ પ્રશ્ન સાંભળીને તેના ચહેરા ઉપરનો ભાવ બદલાતો દેખાયો)

જવાબ : બાબુજી, મારી દીકરી મોટી થઈ છે. તેના લગ્ન કરવાનાં છે. લગ્નના પ્રસંગે તેને કાંઇક ઘરેણું કરાવી આપવું પડશે. તમો મોટા લોકો સોનાના દાગીના આપી શકો છો, પણ અમે ગરીબ માણસો એટલો ખર્ચ શી રીતે કરી શકીએ ? હું મારી દીકરીને નાકની નથ, તથા કાનનાં લવીંગીયાં ચાંદીના બનાવીને આપીશ. બાબુજી, એટલામાં ત્રણ ચાર રૂપિયાનો ખર્ચ થશે."

કીડીને કણ અને હાથીને મણ. મુંબઇમાં રહેતા આપણી જેવા સાધારણ માણસોને ત્યાં લગ્ન એટલે સહેજે ચાર પાંચ હજારનો ખર્ચ થાય છે. દીકરીને પણ સાધારણ રીતે ત્રણ ચાર હજારના દાગીના કપડા કરવાનું મન સૌ કોઈ કરે છે. આ બાઈ પોતાની દીકરીને ત્રણ ચાર રૂપિયાનો કરિયાવર કરવામાં કૃતાર્થતા માને છે. અને એ ત્રણ ચાર રૂપિયા ઉપર જણાવ્યું તે મુજબ કાંતેલા સુતરના મહેનતાણામાંથી તે મેળવવા પામે છે. આ રીતે આવાં ખાદી ઉત્પાદન કેન્દ્રો કેટલાયે ગરીબ કુટુંબની જીવન-સમસ્યાઓ ઉકેલી આપવામાં મદદરૂપ થઇ શકતાં હશે. રકમ નાની છતાં આ સેવા કાંઈ નાની સુની નથી.

**પરમાનંદ**

## સંઘના સભ્યોને વિનંતિ

ચાલુ સાલનું લવાજમ રૂા. ૫] જે સભ્યોએ હજુ સુધી મોકલ્યું ન હોય તેમને સંઘના કાર્યલય ઉપર મોકલી આપવા વિનંતિ છે. અને આ માટે સંઘનો માણસ આપની પાસે આવે તો તેને ફરીથી આવવાનું ન કહેતાં આપનું ચઢેલું લવાજમ તુરત આપી દેવા પ્રાર્થના છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# સૌંદર્ય સ્પર્ધા

તાજેતરમાં પશ્ચિમમાંથી એક નવી પ્રવૃત્તિની ભારતમાં આયાત થયેલી છે, અને તે છે 'સૌંદર્ય—સ્પર્ધા' ની પ્રવૃત્તિ. ગયા વર્ષમાં આવી સૌંદર્ય—સ્પર્ધા નાના પાયા પર યોજવામાં આવી હતી. હવે આ વર્ષમાં આ પ્રવૃત્તિએ વધુ પ્રગતિ કરી છે. ત્યારે એ પ્રવૃત્તિના હેતુઓ, જરૂરિયાત અને સંચાલન વિષે વિચારી લેવું જરૂરનું છે.

છેલ્લાં થોડાં વર્ષોથી પશ્ચિમના દેશોમાં આવી સૌંદર્ય—હરિફાઇઓ યોજવાની શરૂઆત થઇ છે, અને હરિફાઇમાં ઉતરેલી નારીઓમાં જે સૌથી વિશેષ રૂપવતી ગણાય તેને તે દેશની તે વર્ષની સૌથી વધુ રૂપવતી નારી તરીકે જાહેર કરવામાં આવે છે. આ રીતે બ્રિટનની 'મિસ ૧૯૫૦' કે 'મિસ ૧૯૫૨' અથવા 'મિસ બ્રિટન' કે 'મિસ ફ્રાન્સ' તરીકે તેને નવાજવામાં આવે છે.

સૌંદર્ય મહદ્અંશે પ્રકૃતિની ભેટ છે. કૃત્રિમ સાધનો દ્વારા સૌંદર્યને જરા વધુ ખીલવી શકાય છે, પરંતુ એ તો બહુ જ ઓછે અંશે. વળી સાધનો દ્વારા ખીલવેલું સૌંદર્ય ચિરંજીવ તો બની જ શકતું નથી. તે માટે કાયમ જ સાધનોનો ઉપયોગ કરવો પડે છે. વળી મૂળ જ જો સૌંદર્યનો અભાવ હોય તો સાધનો કાંઇ ઉપયોગનાં રહેતાં નથી.

સૌંદર્યની વ્યાખ્યા કરવી કે તેનું માપ કાઢવું એ ભારે કઠિન વસ્તુ છે. આંખને ગમે તેને જો સૌંદર્ય કહીએ તો ગમે તેવો આકર્ષક ગણાતો ચીની, જપાની કે હબસી ચહેરો હિંદના વતનીને આકર્ષક લાગતો નથી. સૌંદર્ય અંગે દરેક દેશની દૃષ્ટિ જુદી હોય છે. વળી જ્યાં મમત્વ કે સ્નેહ હોય ત્યાં હોય તે કરતાં વધારે સૌંદર્ય લાગે છે. અને દ્વેષ કે વિરોધ હોય ત્યાં સૌંદર્ય પણ કુરૂપ જણાય છે. ક્યાંય ચહેરાના રંગમાં તો ક્યાંય યુવાનીમાં જ સૌંદર્ય દેખાય છે. જાતીયતા પણ સૌંદર્યની આંકણીમાં અગત્યનો ભાગ ભજવે છે. શારીરિક સ્વાસ્થ્ય પણ સૌંદર્યની માત્રાને વધારી દે છે. આ સ્થિતિમાં સૌંદર્યનું એકાન્તિક મૂલ્યાંકન કેમ થઈ શકે એ એક પ્રશ્ન છે.

છતાં સૌંદર્ય માણસને ગમે છે, પછી તે જડ વસ્તુમાં હોય કે ચેતનમાં હોય; પશુમાં હોય કે માનવીમાં હોય. કાશ્મિરનાં હિમાચ્છાદિત શિખરો મનોહર છે, રાજસ્થાનનો રેતાળ પ્રદેશ નહિ. તાજમહાલનું દર્શન કરતાં આંખને તૃપ્તિ જ થતી નથી, જ્યારે ગંદા—તૂટેલાં ઝુંપડાંઓ જોવા જ ગમતાં નથી. રેશમ જેવા લીસા વાળવાળો કૂતરો ગમે છે, શેરીનો 'ડાઘીઓ' નહિ. પ્રકૃતિનું સૌંદર્ય આલ્હાદક જણાય છે અને જે જડ નથી એને એ સૌંદર્ય ગમે પણ છે. એનું પાન કરવું એ નીતિની દૃષ્ટિએ કોઇ ગુન્હો નથી; એ તો રસિકતા છે, અને એવી રસિકતા જેનામાં નથી, એ માનવી અરસિક જડ હોવાનો દોષ વહોરી લ્યે છે.

પરંતુ માનવી-સૌંદર્ય એ જુદી વસ્તુ છે, કારણ કે એમાં જાતીયતા અગત્યનો ભાગ ભજવે છે. સુંદર સ્ત્રી કે પુરૂષમાં સુંદરતાનાં બધાં લક્ષણો અસ્તિત્વમાં હોવા છતાં કેવળ વૃધ્ધાવસ્થા કે રુગ્ણાવસ્થાને કારણે જ તે અસુંદર લાગે છે. વળી સમાજે નીતિના પણ કેટલાક બંધનો કે નિયમો નક્કી કર્યા છે, જે જાતીય સૌંદર્યનો યથેચ્છ ઉપયોગ કરતાં અટકાવે છે. આવા નીતિ—નિયમો જુદા જુદા દેશમાં અને જુદા જુદા સમાજમાં જુદા જુદા હોય છે. પશ્ચિમની યુવતી સ્નાન-પોષાકમાં પણ જાહેર ફરી શકે છે અને તે કોઈને વાંધાજનક જણાતું નથી. પરંતુ ભારતીય યુવતી એ રીતે જાહેરમાં ફરશે તો તેમાં ઔચિત્યભંગ જણાશે. ભારતની સંસ્કૃતિ અનોખી છે—અને એના નીતિ—નિયમે પણ પશ્ચિમના કરતાં જુદા પ્રકારના છે. અહિં ચારિત્ર્યને-શિલને—બહુ અગત્યનું ગણવામાં આવ્યું છે. ચારિત્ર્યહીનતા બહુ મોટો દોષ ગણવામાં આવ્યો છે, જ્યારે પશ્ચિમમાં ચારિત્ર્યનું મહત્વ બહુ મોટું આંકવામાં આવતું નથી. આપણે ત્યાં તો કેવળ હસ્ત-ધૂનન પૂરતાં ઔપચારિક શરીરસ્પર્શને પણ વર્જ્ય ગણવામાં આવ્યો છે. આ પરિસ્થિતિમાં પશ્ચિમમાં યોજાતી સૌંદર્યસ્પર્ધા ભારતમાં કેટલે અંશે યોગ્ય ગણાય એ વિચારવા જેવું છે.

એ પણ એક પ્રશ્ન છે કે સ્પર્ધા સૌંદર્યમાં હોઇ શકે ? સૌંદર્ય તો કેવળ પ્રકૃતિની ભેટ છે. એ માનવીનું સર્જન નથી. માણસ પોતાના શરીરનો, બુધ્ધિનો કે મનનો વિકાસ પ્રયત્નથી સાધી શકે છે અને શરિરસૌષ્ઠવ કે શરીરબળ, બુધ્ધિબળ અને મનોબળ ખીલવી શકે છે—અને જ્ઞાન, કળા, વિજ્ઞાન વગેરેમાં આગળ વધી શકે છે. એમાં પ્રયત્નનું ફળ દેખાય છે. અને એનો વિકાસ પોતાને તથા પરને લાભદાયક બની શકે છે. આવો વિકાસ માણસ સાધતો રહે એ જરૂરનું છે, અને તેથી આવા વિષયો માટે સ્પર્ધા થાય એ અગત્યનું પણ છે. પરંતુ સૌંદર્ય—સ્પર્ધાની કોઈ અગત્ય કે એની પાછળ માનવ પ્રગતિનો કોઇ હેતુ હોય એ દેખાતું નથી. તેમાં બહુધા હેતુનો સદ્હેતુનો અભાવ દેખાય છે, અથવા જો કોઇ હેતુ હોય તો તે હેતુ માનસિક નિર્બળતા કે મનોવિકારને પોષનારો હોઇને મલીન હેતુ છે. પુરૂષો યુવતીઓના અર્ધ નગ્ન શરીર અને અંગોપાંગોને નિહાળે, તપાસે, સ્પર્શ કરે અને નારી પુરુષ વૃંદ પાસે પોતાની દેહની પરીક્ષા કરાવે એ ભારતીય નીતિની મર્યાદાનું ઉલ્લંઘન કરનાર છે. આ તો આપણી પ્રણાલિકા જાણનાર કોઇ પણ સમજી શકશે.

થોડા દિવસ પહેલાં 'મિસ ઇન્ડીયા' ની પસંદગી મુંબઇના બ્રેબોર્ન સ્ટેડિયમમાં હજારો માણસોની હાજરીમાં કરવામાં આવી. હિંદના આગેવાન શહેરોની સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલી યુવતીઓની ત્યાં પરીક્ષા કરવામાં આવી અને તે યુવતીઓને પ્રેક્ષકોની પાસે લાવીને બધે ફેરવવામાં આવી. નબળું મન જે જોવાને તલસે છે એ બતાવવામાં આવે ત્યારે પૈસા ખરચીને પણ હજારો માણસો ત્યાં હાજર રહે તે સ્વાભાવિક છે: પરંતુ યોજનામાં શહેરનાં શિષ્ટ સમાજના રાષ્ટ્રિય અને સામાજિક કાર્ય કરતાં જાહેર આગેવાનો પણ સામેલ થાય અને તેમાં અગ્રગણ્ય ભાગ લ્યે ત્યારે નવાઈ લાગે છે કે આ સૌંદર્ય-સ્પર્ધામાં દેશ કે સમાજનું કાંઈ હિત છે. કે, તેવા આગેવાનો પણ આખરે તો માણસો હોઈને નબળું મન ધરાવે છે?

આવી સૌંદર્ય—સ્પર્ધામાં દેશ કે સમાજની પ્રગતિ કે વિકાસ તો નથી જ, તેમજ ભારતીય સંસ્કૃતિ સાથે એ બંધ બેસતી પણ નથી. અમેરિકાના ફિલ્મ—ઉત્પાદકો અને સૌંદર્ય—પ્રસાધનોના ઉત્પાદકોએ પોતાના ધંધાની જાહેરાત અર્થે આ સ્પર્ધા યોજી છે, એમાં સામેલ થવામાં દેશના આગેવાન સ્ત્રી પુરુષોને શો લાભ છે એ સમજી શકાતું નથી.

આવી સ્પર્ધામાં સંસ્કારી કે ગ્રહસ્થ કુટુંબની તરુણીઓ ભાગ લેતી નથી, એટલું જ નહિ પરંતુ ચિત્ર જગતની અભિનેત્રીઓ પણ આ સ્પર્ધામાં ઇરાદાપૂર્વક ઉતરતી નથી. 'મીસ ઇન્ડીયા' તરીકે ચૂંટાયેલી યુવતી કદાચ હરિફાઈમાં ભાગ લેનારી અલ્પસંખ્યક યુવતીઓમાં સૌથી સુંદર હશે; પરંતુ જે કરોડો ભારતીય તરુણીઓએ આ સ્પર્ધામાં ભાગ લેવાનું મુનાસબ માન્યું નથી તેમાંની ઘણી યુવતીઓના સૌંદર્ય કરતા આ 'મિસ ઇન્ડીયા' નું સૌંદર્ય ઘણું ઉતરતું હોય એ સહજ કલ્પી શકાય તેવું છે. બ્રેબોર્ન સ્ટેડિયમમાં હાજર રહેલાઓએ જોયું.

( અનુસંધાન જુઓ પાનું ૨૦૮ )

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ. મુંબઈ, ૩
મુદ્રણસ્થાન; શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫—૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર		રજી. ન. બી. ૪૨૬૬.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪ અંક : ૧ ]	મુંબઇ : ૧ મે ૧૯૫૨ ગુરૂવાર	[ વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## પ્રકીર્ણ નોંધ

( આજ સુધી 'કેટલાક સમાચાર અને નોંધ' એ મથાળા નીચે પ્રગટ થતી નોંધો હવેથી ઉપરના મથાળા નીચે પ્રગટ કરવામાં આવશે.		તંત્રી.

**'પ્રબુધ્ધ જૈન' ચૌદમા વર્ષમાં પ્રવેશ કરે છે.**

આ અંકથી પ્રબુધ્ધ જૈન તેર વર્ષ પુરાં કરીને ચૌદમા વર્ષમાં પ્રવેશ કરે છે. પ્રગતિશીલ વિચાર ધરાવતા જૈન તેમ જૈનેતર સમુદાયમાં પ્રબુધ્ધ જૈને સારી લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. તેર વર્ષના લાંબા ગાળા દરમિયાન પ્રબુધ્ધ જૈન એકસરખું નિયમિત રીતે પ્રગટ થતું રહ્યું છે અને સામાજિક, ધાર્મિક, તાત્ત્વિક તેમ જ રાજકીય અનેક પ્રશ્નોની ચર્ચા, મિમાંસા તેમાં પ્રગટ થતી રહી છે. કેટલાયે જટિલ વિષયો પરત્વે તેણે અવારનાવાર સ્પષ્ટ માર્ગદર્શન આપવાનો પ્રયત્ન કર્યો છે. સત્યને તેમજ લોકશ્રેયને સન્મુખ રાખીને આ પ્રવૃત્તિ હંમેશા ચલાવવામાં આવી છે. સંયોગોની અનુકુળતા હોય ત્યાં સુધી પ્રબુદ્ધ જૈન આજ રીતે ચલાવતા રહેવું એ તેના સંચાલકોની ભાવના અને ધારણા છે, પણ આ ભાવના અને ધારણા મુજબ ચાલવામાં—આગળ વધવામાં—કેટલીક પ્રતિકુળતાઓ છે જે આ પ્રસંગે પ્રબુધ્ધ જૈનના વાચકો સમક્ષ રજુ કરવી જરૂરી છે.

પ્રબુધ્ધ જૈનની આર્થિક બાજુ સદા ચિન્તા કરાવનારી રહી છે. તેમાં આવતી ખોટને મિત્રો, પ્રશંસકો પુરી કરતા આવ્યા છે અને એ રીતે આજ સુધી પ્રબુધ્ધ જૈન જીવતું રહી શકયું છે. પણ આવી રીતે પ્રબુદ્ધ જૈન ચાલુ રહે એ ઇચ્છવાયોગ્ય નથી. કોઇ પણ સામયિક ટકવા માટે આખરે તો ગ્રાહકસંખ્યા ઉપર જ આધાર રાખવાનો રહે છે. પ્રબુધ્ધ જૈનની અનેક દિશાએથી અમે પ્રશંસા સાંભળતા રહીએ છીએ. પણ એ પ્રશંસકો પ્રબુધ્ધ જૈનની ગ્રાહક સંખ્યા વધારવામાં સક્રિયપણે મદદરૂપ ન થાય તો તેમના પક્ષપાતનો પ્રબુદ્ધ જૈન માટે બહુ અર્થ નથી. પ્રબુદ્ધ જૈનનો દરેક ગ્રાહક અને મુંબઇ જૈન યુવક સંઘનો દરેક સભ્ય એક એક ગ્રાહક મેળવી આપે તો આ પત્ર સહેજે સ્વાશ્રયી બની શકે.

સાધારણ રીતે જાહેરખબરો એ આજના સામયિક પત્રોને ટકાવવાનું એક બળવાન સાધન છે. પણ જે સત્યની ઉપાસનાનો પ્રબુદ્ધ જૈનનો દાવો છે તેની સાથે જાહેરખબરો લેવી તે વિસંગત છે એવા પ્રથમથી સ્વીકારેલા અભિપ્રાયને વળગી રહીને જાહેર ખબરથી દૂર રહેવું અમે ઉચિત ધાર્યું છે. આ અમારી ટેક લક્ષ્યમાં લઇને પણ જેઓ પ્રબુધ્ધ જૈનની ઉપયોગીતા સ્વીકારતા હોય તેઓ ગ્રાહકો મેળવીને અથવા તો સીધી આર્થિક સહાય કરીને અમને આ બાબતમાં ચિન્તામુકત કરે એવી ખાસ પ્રાર્થના છે.

પ્રબુધ્ધ જૈન દેખાવમાં તો એક કોમી સંસ્થાનું મુખપત્ર છે, પણ આ સંસ્થાનો મૂળ હેતુ જૈન સમાજના દિલમાં જે સાંપ્રદાયિક જડ ઘાલી બેઠેલી છે તેને હળવી કરવી, અને તેના સ્થાને વિશાળ સમાજના શ્રેય સાથે તેના દિલમાં તાદાત્મ્ય પેદા કરવું એ છે. પ્રબુધ્ધ જૈનની સમગ્ર પ્રવૃત્તિ પાછળ પણ આ જ હેતુ રહેલો છે. સ્વાભાવિક રીતે આનું એ જ પરિણામ આવે કે જૈન સમાજના સ્થિતિચુસ્ત વર્ગના સદ્ભાવ અને અનુમોદનથી આવું પત્ર વંચિત રહે. આ હકીકત લક્ષમાં લેવા પ્રબુદ્ધ-જૈનપ્રેમીઓને વિનંતી છે.

અમારી અદ્યતન આર્થિક પરિસ્થિતિમાં લેખકોને પુરસ્કાર આપવાનો અમે વિચાર કરી શકતા નથી. પ્રબુધ્ધ જૈનનું સમગ્ર સંપાદન આજ સુધી વિનાવેતન થઇ રહ્યું છે. સંભવ છે કે આ કારણે અમે લેખકોનો સારો સહકાર મેળવી શકતા નથી અને પરિણામે આ પત્રમાં લેખકવૈવિધ્ય જોઇતા પ્રમાણમાં રજુ કરી શકાતું નથી. પ્રબુધ્ધ જૈન પાછળ રહેલું અમારૂં ધ્યેય અને અદ્યતન આર્થિક પરિસ્થિતિ લેખકો ધ્યાનમાં લે અને પ્રબુધ્ધ જૈનને વિચાર-સમૃધ્ધ બનાવવામાં બને તેટલો સહકાર આપે એવી તેમને અન્તરની અભ્યર્થના છે.

પહેલાં ચાલુ આઠ પાનાં ઉપરાંત અમે બે કે ચાર પાનાં વધારે આપતા હતા. આજના આર્થિક સંયોગોમાં એ પણ શકય નથી રહ્યું એનું અમને ભારે દુઃખ છે. આશા રાખીએ કે જરૂર પડે ત્યારે દશથી બાર પાનાનું સાહિત્ય અમે ગ્રાહકોને આપી શકીએ એવી આર્થિક સરળતા અમને જલ્દિથી પ્રાપ્ત થાય.

ગયા વર્ષ દરમિયાન જે જે લેખકોએ લેખો મોકલીને પ્રબુધ્ધ-જૈનની પ્રતિભા ટકાવી રાખવામાં મદદ કરી છે તે સર્વનો અહિં અન્તરથી આભાર માનવામાં આવે છે અને તેઓ એ રીતે પોતાનો સહકાર ચાલુ રાખશે એવી આશા અમે અહિં વ્યકત કરીએ છીએ. ઘણીયે મનમાં હોંશ છે કે આજના સર્વ જટિલ પ્રશ્નો-પછી તે ધાર્મિક હોય, સામાજિક હોય, રાજકીય હોય, આર્થિક હોય કે આધ્યાત્મિક—આ સર્વ પ્રશ્નોને પહોંચી વળવાની તાકાત પ્રબુદ્ધ જૈન પ્રાપ્ત કરે, અને માનવીજીવનને સ્પર્શતા સર્વ વિષયો પરત્વે સાચું માર્ગદર્શન કરાવી શકે. પણ એ મનોરથ અને આજની નાની સરખી સિધ્ધિ વચ્ચે આસમાન જમીનનું અન્તર છે. આમ છતાં પણ અમારો પ્રયત્ન એ દિશાએ રહ્યો છે અને રહેવાનો છે. આ સ્વપ્ન ઓછા વધતા અંશે સફળ કરવાનો આધાર પ્રબુદ્ધ જૈનના સંચાલકો, વિદ્વાન લેખકો અને પત્રના ગ્રાહકો—એ ત્રણના પરસ્પર સહકાર ઉપર રહેલો છે. આ સહકાર સદા સંવર્ધિત થતો રહે અને પ્રબુધ્ધ જૈન સદા વિકસતું રહે એવી અમારી સતત પ્રાર્થના છે.

**તંત્રી, પ્રબુધ્ધ જૈન.**

**મુંબઇના એક ઉદારચરિત આગેવાનનું અવસાન**

મુંબઇના એક આગેવાન શહેરી શ્રી નસરવાનજી નવરોજજી વાડીઆ જેઓ વ્યાપારી આલમમાં 'નેસ વાડીઆ' ના

નામથી ઓળખાતા હતા તેઓ ૭૯ વર્ષની ઉમ્મરે તા. ૨૨-૪-૫૨ ના રોજ અવસાન પામ્યા. મીલઉદ્યોગના વિષયમાં તેમની જેટલી કુશળતા બહુ જ ઓછા ઉદ્યોગપતિઓ ધરાવતા હતા. મીલ ઓનર્સ એસોસીએશનના બે વાર તેઓ પ્રમુખ થયા હતા. એક ઉદ્યોગપતિ તરીકે તેમણે જેટલી નામના મેળવી હતી તેટલી જ નામના એક સખી ગ્રહસ્થ તરીકે તેમણે પ્રાપ્ત કરી હતી. એકવીશ લાખ રુપીઆ આપીને તેમણે મુંબઈમાં એક મોટું સૂતિકાગૃહ બંધાવી આપ્યું હતું. તેમણે કરેલી સખાવતો જે વાડીઆ ચેરીટીઝ ટ્રસ્ટના નામે ઓળખાય છે, તે એક કરોડ રૂપીઆ ઉપરાંતની અંકાય છે. કોલાબા ઉપર પારસી કોમ માટે 'ખુશરૂ બાગ' નામની આલીશાન ઇમારત બાંધીને પારસી કોમને તેમણે સદાની રૂણી બનાવી છે. તેમના નિકટ પરિચિત મિત્ર તેમના જીવનનું મૂલ્યાંકન કરતાં જણાવે છે કે "શ્રી. નેસ વાડીઆના અવસાન સાથે આપણા શહેરની પ્રગતિના સીમાચિહ્નરૂપ એક વિશિષ્ટ વ્યકિત આપણી વચ્ચેથી સદાને માટે અદ્રશ્ય થાય છે. કારણ કે લગભગ અડધી સદી સુધીની તેમની એક વ્યાપારી તરીકેની ઉજ્જવળ કારકીર્દી સામાન્યતઃ સર્વ નાગરિકો માટે અને ખાસ કરીને વ્યાપારી સમુદાય માટે અદ્ભુત ઉદ્યોગકુશળતા અને નક્કર પ્રામાણિકતાના દ્રષ્ટાન્તરૂપ હતી. પોતાના વ્યાપારક્ષેત્રમાં અજોડ આગેવાનસમા શ્રી. નેસ વાડીઆએ લાંબા જીવન દરમિયાન અનેક વાવાઝોડાંઓનો મક્કમપણે સામનો કર્યો હતો અને તેમનો સમગ્ર જીવનવ્યવહાર થોડાએક ચોક્કસ સિધ્ધાન્તો ઉપર ઘડાયો હતો અને એ સિધ્ધાંતોના અનુપાલનમાંથી તેમણે ખૂબ ફાયદો ઉઠાવ્યો હતો. તમારો જે કોઈ પ્રશ્ન હોય તેનો ઉંડાણથી અભ્યાસ કરો, તમે જે પેદા કરો તે સરસમાં સરસ બને તે માટે તન તોડીને કામ કરો. તમારા ગ્રાહકો સાથે બને તેટલો સારો વર્તાવ રાખો. તેમને સંગીન સેવા આપો અને વ્યાજબી નફાથી સંતોષ માનો. ગમે તેવા સંયોગો હોય, કદિ પણ નફાખોરી તરફ નજર સરખી ન કરો.

અપ્રામાણિકતા તેમને મન મોટામાં મોટું પાપ હતું. સાધારણ માણસમાં હોય તે કરતાં ઘણી વધારે તેમનામાં સાદી સમજ હતી. પોતાના વિષયનું તેઓ તલસ્પર્શી જ્ઞાન ધરાવતા હતા. તેમનામાં અથાક ઉદ્યોગશીલતા હતી. કોઈ પણ પ્રશ્ન સંબંધમાં નિર્ણય ઉપર આવતાં તેમને જરૂર વાર લાગતી; પણ એક વખત નિર્ણય લીધા બાદ પોતાનો હેતુ સિધ્ધ થાય ત્યાં સુધી તેઓ પોતાના નિર્ણયનો અમલ કરવા પાછળ મક્કમપણે આગળ વધ્યે જતા. તેમનામાં ઉંડા દિલનું પ્રાકૃતિક માયાળુપણું હતું અને તેથી, અવારનવાર કોઈ નાની મોટી બાબતમાં ઉશ્કેરાઈ જવાનો તેમનો સ્વભાવ હોવા છતાં જે કોઈને તેમના સહવાસમાં આવવાનું કે તેમની સાથે કામ કરવાનું બનતું તે સર્વ તેમને ખરા દિલથી ચાહવા માંડતા. તેમનામાં કદિ નહોતો દ્વેષ કે મત્સર. દરેક અંશમાં તેમનું વ્યકિતત્વ ઉચ્ચ કોટિનું હતું. તેઓ એક વીરપુરૂષને શોભે એવી રીતનો જીવનસંગ્રામ ખેલ્યા હતા અને આ દિવસોમાં દેશને માટે અનુકરણ યોગ્ય લેખાય એવું દૃષ્ટાન્ત રૂપ જીવન તેઓ જીવી ગયા હતા."

કેવળ ન્યાયનીતિપૂર્વક જેમણે અઢળક ધન કમાઈ જાણ્યું હતું અને પોતાની કોમ માટે તેમજ આમ જનતા માટે મોટામાં મોટા દાનો કરવામાં જેમણે જીવનની કૃતાર્થતા માની હતી તેવી આ જમાનામાં અતિ વિરલ વ્યકિત આપણા આદરની સર્વ પ્રકારે અધિકારી છે. એક આદર્શલક્ષી અને પુરૂષાર્થભર્યું જીવન જીવીને તેમણે પોતાની કોમને તેમ જ પોતાના દેશને વધારે ઉજળાં બનાવ્યાં છે.

## પંતપ્રધાનપદેથી નિવૃત્ત થતા બાલાસાહેબ ખેર

બાલાસાહેબ ખેર મુંબઈ પ્રાન્તના મહાઅમાત્યપદેથી નિવૃત્ત થયા છે. પાંચ વર્ષ સુધી તેમણે મુંબઈ પ્રાન્તની અગણિત સેવા બજાવી છે. એમનું સ્થાન હવે પછી ગમે તે વ્યકિત લેશે, પણ બાલાસાહેબની પ્રકૃતિમાં જે માધુર્ય છે અને વાણીમાં જે રસાળતા—સંસ્કારપ્રચુરતા—છે તે ભાગ્યે જ અન્ય વ્યકિતમાં આપણને જોવા મળશે. આ રીતે બાલાસાહેબખેરને મુંબઇ પ્રાન્તના પ્રજાજનો કંઇ સમય સુધી યાદ કરતા રહેશે. તેમણે પ્રધાનમંડળને પાંચ વર્ષ સુધી સુગ્રથિત રાખીને ભારે કુશળતાપૂર્વક પ્રાન્તનો વહીવટ ચલાવ્યો છે. અને એ રીતે મુંબઇ પ્રાન્તના પ્રધાનમંડળે અન્ય પ્રાન્તોના પ્રધાનમંડળની અપેક્ષાએ ભારે પ્રતિષ્ટા મેળવી છે. ખેરસાહેબનું જીવન સાદું અને સરળ છે. તેમની પ્રવાહબધ્ધ વાણીમાં ધાર્મિકતાનો અનુભવ કરાવતો જુદા જ પ્રકારનો રણકાર હોય છે. તેમની સૌજન્યશીલતા ઉપર મુંબાઇની જનતા હંમેશાં મુગ્ધ રહી છે. કવિવર ભવભૂતિએ સાધુ પુરૂષના કેટલાંક લક્ષણો ઉત્તરરામ ચરિત નામના નાટકમાં વર્ણવ્યા છે જે નીચે મુજબ છે:—

प्रियप्राया वृतिर्विनयमधुरो वाचि नियम
प्रकृत्या कल्याणी मतिरनवगीतः परिचयः।
पुरो वा पश्चाद्वा तदिदमविपर्यासितरसं
रहस्यं साधूनामनुपधि विशुध्धं विजयते ॥

"સાધુ પુરૂષની વૃત્તિ સૌ કોઇને પ્રિય બનવાની હોય છે, તેમની વાણી વિનયથી મધુર હોય છે; તેમની મતિ સ્વભાવથી જ કલ્યાણકારિણી હોય છે તેમના પરિચયથી કદિ કોઇ લોકટીકાને પાત્ર બનતો નથી; પ્રારંભમાં કે પાછળથી તેમના પ્રકૃતિમાં કદિ પણ નાનો સરખો વિકાર કે ક્ષતિ જોવામાં આવતી નથી. સાધુપુરૂષનું આવું નિર્દોષ વિશુધ્ધ ચરિત્ર સદા વિજયને પામે છે."

ખેરસાહેબના નિકટ પરિચયમાં આવેલ સૌ કોઇ નિરપવાદ કબુલ કરશે કે ભવભૂતિએ સાધુ પુરૂષનાં ઉપર જણાવેલાં સર્વ લક્ષણો ખેરસાહેબમાં વિદ્યમાન છે. આવી માનવ વિભૂતિ કોઈ પણ દેશના ગૌરવમાં વૃધ્ધિ કરે છે. મુંબઇના વડા પ્રધાનપદેથી તેઓ નિવૃત્ત થાય છે, પણ મુંબઇવાસી તરીકે તેઓ મટતા નથી. તેઓ આપણી વચ્ચે આપણી જેવા થઇને રહેવાના છે. તેમની શકિતઓનો તેમ જ શ્રેયલક્ષી જીવનનિષ્ટાનો, તેમના પ્રભુત્વભર્યા રસાળ પ્રવચનોનો અને નાના મોટા પ્રસંગે સત્યનિષ્ટ માર્ગદર્શનનો આપણને લાભ મળતો રહે એમ આપણે ઇચ્છીએ અને તેમને ચિરાયુષ્ય અને સુદૃઢ આરોગ્ય પ્રાપ્ત થાય એમ આપણે પ્રાર્થીએ !

## મુંબઇના નવા મહાઅમાત્ય મોરારજીભાઇ

મુંબઇ પ્રાન્તના મહાઅમાત્યપદે તાજેતરમાં આરૂઢ થયેલા શ્રી. મોરારજીભાઇને આપણાં અભિનન્દન અને અનેક શુભેચ્છાઓ છે. સુદૃઢ ચારિત્ર્ય અને નિશ્ચળ મન એ તેમની વિશેષતા છે. તેમનામાં પ્રતિભાશાળી વ્યકિતત્વ છે અને નિશ્ચિત રીતે કામ લેવાની તાકાત છે. તેમની સચ્ચાઈ વિષે બેમત છે જ નહિ. બહારની કડક રીતભાત પાછળ દિલ સાફ છે અને દેશ વિષે અનુપમ નિષ્ટા છે આને લીધે તેઓ પંડિત જવાહરલાલ નહેરૂના પ્રીતિપાત્ર અને મુંબઇની પ્રજાના આદરપાત્ર બન્યા છે. તેમની મુખ્ય પ્રધાન તરીકેની કારકીર્દી બધી રીતે ઉજ્જવળ બને અને લોકોને જરૂરી રાહત મેળવવામાં અનેક રીતે મદદરૂપ થાય, અને આજનું વહીવટીતંત્ર વધારે વિશુધ્ધ અને પ્રગતિશીલ બને એમ આપણે અન્તરથી ઇચ્છીએ.

## મુંબઇનું નવું પ્રધાનમંડળ

નવું પ્રધાનમંડળ નક્કી કરતાં મોરારજીભાઈને જે તકલીફ પડી છે એની વિગતો જાણતાં ચિત્તમાં ગ્લાનિ થાય છે. આપણા આગેવાનો અને તેને અનુસરનારા ધારાસભાના સભ્યો પ્રાન્તીયવાદથી કેટલા બધા લેપાયલા છે તેનો આને લીધે કાંઇક ખ્યાલ આવે છે અને મન ખિન્ન બને છે. આખરે મોરારજીભાઇ પોતાની ધારણા મુજબ નવ વ્યકિતઓનું પ્રધાનમંડળ રચી શકયા તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. આ પ્રધાન મંડળમાં એકાદ પણ સન્નારીને સંમીલિત કરવામાં આવી હોત તો વધારે આનંદ થાત. આગળના પ્રધાનમંડળમાંના શ્રી. દિનકરરાવ દેસાઇને ચાલુ રાખવામાં આવ્યા છતાં તેમને પુરવઠાનું ખાતું ન સોંપતાં શિક્ષણ અને કાયદાનું ખાતું સોંપવામાં આવ્યું છે એ આશ્ચર્ય પેદા કરે છે. જો તેમની અન્ન-નીતિ મોરારજીભાઇને સ્વીકાર્ય હતી તો તે ખાતા ઉપર જ તેમને

( વધુ માટે જુઓ પાનું ૭ મું. )

# ગાંધીજી અને સામ્યવાદ

(આજથી બે વર્ષ પહેલાં 'ગાંધીજી અને સામ્યવાદ' એ વિષય ઉપર શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળાએ હરિજનબંધુમાં એક લેખમાળા પ્રગટ કરી હતી. ત્યાર બાદ એ લેખમાળા નવજીવન પ્રકાશનમંદિર તરફથી પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવી છે અને તેની ભૂમિકા શ્રી. વિનોબા ભાવેએ લખી છે. એ ભૂમિકા પ્રસ્તુત ચર્ચાસ્પદ વિષયના અંગમાં અત્યન્ત ઉદ્બોધક અને વિચારપ્રેરક લાગવાથી પ્રકાશકની અનુમતિપૂર્વક પ્રબુધ્ધ જૈનમાં ક્રમશઃ પ્રગટ કરવામાં આવે છે.—તંત્રી.)

## ૧. વર્તમાનનો અખંડ મહિમા.

સૃષ્ટિ તો સદાયે અનાદિ કહેવાઇ જ છે. પણ જે પૃથ્વી પર આપણે રહીએ છીએ તેનેય ઓછામાં ઓછાં બસો કરોડ વર્ષ થઇ ગયાં છે એવો પુરાણકારોનો તેમ જ હાલના વિદ્વાનોનો મત છે. કહે છે કે પહેલાં પૃથ્વી નિર્જંતુક—જીવસૃષ્ટિ વિનાની—હતી. સૂર્યના જેવો એ એક સળગતો ગોળો હતો. પછી ઠંડી પડતાં પડતાં જ્યારે તે જીવનયોગ્ય બની ત્યારે તેમાં જીવસૃષ્ટિ પેદા થઇ. સૂક્ષ્મ જીવોથી શરૂ થઈ આગળ વધતાં વધતાં મનુષ્યનો આવિર્ભાવ થયો. તેનેય પાંચ દસ લાખ વર્ષ થઇ ગયાં એમ વૈજ્ઞાનિકોનું કહેવું છે. માનવના આટલા મોટા જીવનપ્રવાહમાં સો—બસો વર્ષનો શો હિસાબ? પણ ગયા સો—બસો વર્ષ આપણે માટે એટલાં મહત્ત્વનાં થઈ ગયાં છે કે માનવીનો અર્ધાથી પણ વધારે ઇતિહાસ આ સો—બસો વર્ષમાં જ સમાયેલો છે એમ આપણને લાગે છે.

ચાલુ સમય ક્યારેય પણ મહત્ત્વનો જ હોય છે. ભૂતકાળનું તે ફળ છે, ભવિષ્યનું બીજ છે, બન્ને બાજુએ તેનું મહત્ત્વ અદ્વિતીય જ ગણાય. ભૂત અને ભવિષ્યનો સંધિકાળ હોવાને લઇને તે સ્વાભાવિક રીતેજ ક્રાંતિનો કાળ ઠરે છે. પછી તે ક્રાંતિ જન્મદાતા નીવડે કે મૃત્યુદાતા, વૃધ્ધિ કરનારી કે ક્ષય કરનારી. ચાલુ ક્ષણ ક્યારેય પણ ક્રાંતિની ગણાય એટલું જ નહીં, તે "**न भूतो न भविष्यति**" જ હોય છે. આપણે જોઇએ છીએ કે સાઠ પાંસઠ વર્ષથી કોંગ્રેસ લગભગ દરેક વર્ષે ભરાય છે. પણ 'આ વેળા'ની કોંગ્રેસ અનેક કારણોને લઇને સદાય અપૂર્વ અને કટોકટીની મનાય છે કે નહીં? એટલું જ શા માટે, ઘરમાં બનતો નાનો દાખલો જ લો. કોઈ પણ માતાને પોતાના બાળકનું દર્શન થાય છે, ત્યારે તેને તે પહેલાં બીજી કોઇ માતાને આવું દર્શન થયું નહીં હોય એમ લાગે છે કે નહીં? હમણાં હમણાં હું ઘણી માતાઓને કહેતાં સાંભળું છું કે, "મારા છોકરા માટે એવું કંઇક નામ બતાવો કે જે આજ સુધી કોઇ પણ છોકરાનું રાખેલું ન હોય."

મતલબ કે ચાલુ સમય નિઃસંશય ક્રાંતિનો જ નહિ પણ અપૂર્વ ક્રાંતિનો હોય છે. એક ભાઇએ કહ્યું, "અમને હવે તમારો **शान्तिः शान्तिः शान्तिः**નો ઘોષ નથી જોઇતો. હવે અમે **क्रान्तिः क्रान्तिः क्रान्तिः** એમ ત્રણ વાર ઉદ્ઘોષ કરવાના છીએ." મેં કહ્યું: ભાઈ, એક જ વખત ક્રાંતિનો ઘોષ કરશો તો ઠીક. ત્રણ વખત ઘોષ કરવાથી મૂળ વસ્તુથી પણ પાછળ જઇને બેસશો. શાન્તિ માટે તેવી કોઈ ધાસ્તી નથી. તે કાયમની જૂની છે. ક્રાંતિ જૂની થઈ એટલે વાસી બની. આથી ત્રણ વખત બોલવામાં કંઈ જ સાર નથી. એકજ વખત ક્રાન્તિ બોલી પછી તેનું નામ ન લેવું"

ચાલુ સમયનું મહત્ત્વ પાછલા સમયમાં ક્યાંથી આવે? તે જૂનો સમય જે વખતે ચાલતો હશે તે વખતે તેનું અપૂર્વ મહત્ત્વ હશે એ જુદી વાત છે. તેમાંયે જો ચાલુ સમય દુઃખભર્યો હોય તો તેની અપૂર્વ કિંમત હોય છે. દુઃખનો એક પ્રસંગ સુખના અનેક પ્રસંગો પચાવીને પોતાની મહત્તા ઠારે છે. સુખના અનેક પ્રસંગો વિસ્મૃતિના પેટાળમાં સહજ હજમ થઈ જાય છે. દુઃખનો પ્રસંગ ભૂલવો એટલે તેથી વધારે દુઃખનો પ્રસંગ આવે ત્યારે જ તે બની શકે. દુઃખને ભૂંસી નાખવાની શકિત સુખમાં નથી. ઉલટું સુખથી તેની યાદ વધારે ખૂલે છે. દુઃખને ભૂંસવાનું કામ તીવ્ર દુઃખ જ કરી શકે. ગયાં સો દોઢસો વર્ષનો આપણો ચાલુ જમાનો. અને તેમાં પણ તે દુઃખનો જમાનો. પછી આપણી દૃષ્ટિએ માનવનો બધો ઇતિહાસ તેજ રોકીને બેસે તેમાં નવાઈ શી?

## ૨. જેલનાં વિદ્યાપીઠો

આજના જમાનાને દુઃખભર્યો કહેવો પડે એવી કઇ ઘટના આ જમાનામાં થઇ? સુખનાં સાધન વધ્યાં, આરામ અને ઉપભોગની ચીજોના ઢગલા નિર્માણ થયા, એ જ એ ઘટના છે, જેણે આટલાં બધાં દુઃખને જન્મ આપ્યો છે. સુખ અને દુઃખ પરસ્પર વિરોધી કહેવાય છે, પણ તે એકબીજાનાં મા—બાપ છે. સુખ દુઃખને જન્મ આપે છે, દુઃખ, સુખને. બીજો જન્મ થવાનો હશે ત્યારે થશે, પણ અત્યારે તો પહેલો જ જન્મોત્સવ ચાલુ છે. એકલા સુખ પાછળ કેટલી ઉપાધિ ને કેટલી મુસીબતો! સુખ આવ્યું કે તેની વહેંચણીનો કેટલો મોટો પ્રશ્ન? દુઃખ માટે તેવી કંઇ જ પીડા નહીં! તેને ભલે કોઇ રાજી ખુશીથી પૂરું ઉઠાવી લે, ભલે કોઇ ખુશીની સાથે એકલો જ ભોગવી લે. તેના તરફ કોઇની નજર જતી નથી. કોઈ મહાત્માની કે મહામૂર્ખની જાય તો તે અપવાદ સમજવો "**स महात्मा सुदुर्लभः**" (એવો મહાત્મા બહુ દુર્લભ). આપણા આ આજના જમાનાએ સુખના રાશિ નિર્માણ કરી, તેના ભાર નીચે આખી દુનિયાની સામાન્ય જનતાને કચડી નાખી છે. ખાંડની ગૂણો બળદની પીઠ પર લદાઈ અને તે માલિકના પેટમાં ગઈ. માલિકનું પેટ ખાઈ ખાઇને બગડયું. બળદની પીઠ ભાર વહેતાં વહેતાં તૂટી. જે ખાંડ નિઃસંશય ગળી જ ગળી છે તેણે આવો ચમત્કાર કરી બતાવ્યો! સુખની વહેંચણીમાં કોઇએ સિંહનો ભાગ માગ્યો, કોઇએ શિયાળનો. ઘેટા માટે કંઈ જ બચ્યું નહીં. ઉલટું તે પોતેજ બેઉ વચ્ચે વહેંચાઇ ગયું! અસંખ્ય લોકોને રડાવનારી આજના જમાનાની આ હાસ્યકથા છે.! તેમાંથી છૂટવું શી રીતે, એ જ અત્યારે બધાની સામે પ્રશ્ન છે. તે માટે અનેક ચળવળો, ખળભળાટો અને હાયવરાળો ચાલુ છે.

૧૯૩૦—૩૨ ના સમયની પેલી જેલો! જ્યાં ત્યાં સત્યાગ્રહી કેદીઓથી ખીચોખીચ ભરાયેલી! લોકોના ટોળાંઓએ ચોરોને છોડીને ઈશુ ખ્રિસ્તને ક્રોસ પર ચડાવવા ફરજ પાડી એવી વાત બાઇબલમાં આવી છે. તે જ પ્રમાણે એ વખતમાં સરકારે અનેક ચોર કેદીઓને છોડી સત્યાગ્રહીઓને જેલોમાં સમાવ્યા. આવા ભરેલાં ઘરોમાં કયા કયા બનાવો બન્યા—ન બન્યા તેની કથા તે બધું ધોળીને પોતાના ઉદરમાં સમાવી દેનાર આકાશને જ પૂછવી જોઇએ. ઘણા લોકો ફળ—જ્યોતિષના છંદમાં પડયા. બધા ક્યારે છૂટશે તેના વર્તારો કાઢવા લાગ્યા. એક પછી એક વર્તારો ખોટો પડે તો યે નિરાશા ન બતાવતાં પોતાના અભ્યાસને પાકો કરવા લાગ્યા. પણ નિરાશા દેખાડે નહીં તો એ તે છુપાઇ શકે એમ નહોતી. સો વર્ષની લડાઈનુ વર્ણન અમે ઇતિહાસમાં વાંચેલું હતું ખરું, પણ એક એક મહિનો અમને ભારે પડવા લાગ્યો. છેવટે કેટલાક લોકો ધર્માનુષ્ટાન તરફ વળવા લાગ્યા, કેટલાકે પાકશાસ્ત્રના પ્રયોગ શરૂ કર્યા. કેટલાકે બન્ને ઉદ્યોગોનો સમન્વય સાધ્યો. આવા જ બીજા કેટલાક ઉદ્યોગો અનેક જણે શોધી કાઢ્યા. આટઆટલું કર્યા છતાં બધી સંખ્યા પૂરી થઈ નહીં. કેટળાક લોકો નકામા બાકી રહ્યા જ. તેમણે પછી ભારતનાં અને સંસારનાં દુઃખોના શા ઉપાયો થઇ શકે તે વિશે બુધ્ધ-ભગવાનના ઉત્સાહથી ચિંતન કરવા માંડયું.

ગાંધીજીએ બતાવેલે રસ્તેજ આ કોયડા છૂટશે એવો જેમણે શ્રધ્ધાથી નિર્ણય કર્યો હતો તેઓ પોતાના દોષો તપાસવા લાગ્યા.

તે કહેવા લાગ્યાઃ "રસ્તો તો આજ સાચો છે. પણ આપણાં પગલાં જ સીધાં પડતાં નથી. અહીં જ જુઓને! આપણે જેલમાં આવ્યા તો સત્યાગ્રહી બનીને, પણ ચોરી કરીને બહાર સંદેશા મોકલીએ છીએ એટલું જ નહીં, પણ જરૂરની વસ્તુઓ પણ ચોરીથી મેળવીએ છીએ. આ આપણું સત્ય છે! અને આગ્રહ શકિત આપણી એટલી છે કે બે ચાર માસ પણ ભારે પડી રહ્યા છે! આવા આપણે નામના સત્યાગ્રહી છીએ. આવા 'ભાગ્યાં-તૂટયાં સાધનોથી સફળતા શી રીતે મળે? માટે જ આજે આપણને જે એકાંતનો લાભ મળ્યો છે તેનો ફાયદો ઉઠાવી જરૂરી ગુણ વિકાસ કરવો જોઇએ." આમ કહી એ લોકો સંયમનું આલંબન લઇ, જેલનું કામ પૂરૂં કરી, તે ઉપરાંત જેલમાં કાંતવાનું, પીંજવાનું, વણવાનું અને ભંગીકામ પણ કરવા લાગ્યા.

બીજા કેટલાકને આ અંતર્વૃત્તિ ગળે ઉતરી નહીં. "સત્ય અને અહિંસાનું ઝીણવટથી આચરણ કરવાની વાત તમે રાજકીય લડતમાં કરો છો. પણ તમે જ કહો કે જગતના ઇતિહાસમાં આટલી રાજકીય લડાઇઓ થઇ, તેમાંથી એક પણ દાખલો એવો છે કે જેમાં આપણે આજે જે સંયમ પાળીએ છીએ તેથી વધારે સંયમ પળાયો હોય? અહિંસક લડાઇની સફળતા માટે જો મનુષ્યનો સર્વ સામાન્ય સ્વભાવ જ બદલવાની જરૂર હોય તો અહિંસક લડાઇ મૃગજળ જ ઠરશે. સદ્ગુણોની વૃધ્ધિ કરી કરી તમે બધી પ્રજાને કયાં સુધી ત્યાગના બોધપાઠો આપી શકશો? દુર્જનનું હૃદય-પરિવર્તન કયારે થશે? અને આ રીતે પ્રજાનાં દુઃખ કયારે ફીટશે? નજીકના ભવિષ્યમાં આ વસ્તુ બનશે ખરી કે? બીજો કોઈ માર્ગ દેખાયો નહીં માટે અમે ગાંધીજીનો માર્ગ લીધો. રસ્તો સારો તો છે પણ જો તે ધ્યેય પર પહોંચાડી શકે તેમ ન હોય તો શું તે સારો છે માટે જ તેના પર ચાલતા રહેવું? બીજી તરફ રશિયાને જુઓ. જોતજોતામાં ત્યાં કેટલી ક્રાંતિ થઇ ગઈ. દેશની કાયા જ તેણે પલટાવી નાંખી. અને હવે તે આખા જગતને ગળી જવાની ઉમેદ ધરાવે છે. અને આપણે તો અહીં સત્ય, અહિંસાના અને જેલના નિયમોના સકંજામાં ફસાઇ પડયા છીએ. એથી શું વળવાનું છે? ચાર મહિના પણ ધીરજ રાખી શકતા નથી એમ કહો છો. પણ દેશમાંના બધા કાર્યકર્તાઓ મહિનાના મહિના જેલમાં સબડયા કરે છે તે શું નાની સૂની વાત છે? તેમાંયે જો બહાર કાંઇ ચાલ્યા કરતું હોત તો જુદી વાત હતી. પણ બહાર તો બધે સૂમસામ અને અમે અહીં સંયમ પાળતા બેઠા છીએ!! શું બહારના સૂમસામ અને અમારા સંયમમાંથી સ્વરાજ્ય પેદા થવાનું છે? માટે આપણે માર્ગ જ ભૂલ્યા છીએ એમ સમજીને આત્મસંશોધનમાં પડવાને બદલે માર્ગસંશોધન પર લાગવું જોઇએ. આપણો આત્મા તો જેવો જોઇએ તેવો જ યોગ્ય છે." આમ કહી આ મંડળીએ સમાજવાદી અને સામ્યવાદી સાહિત્યનો અભ્યાસ શરૂ કર્યો. પ્રલય-કાળમાં પૃથ્વી જળમય થતાં એકલા બચેલા માર્કંડેય જે રીતે અફાટ સાગરમાં તરતા રહે છે, તે પ્રમાણે જેલના આ એકાંતવાસમાં આ તરૂણ વર્ગ સમાજવાદી અને સામ્યવાદી સાહિત્યના સાગરમાં તરવા લાગ્યો. અને સાચે જ, આ સાહિત્ય કોઈ જગ્યાએ ઉંડું તો કોઈ જગ્યાએ છીછરૂં, છતાં સમુદ્રના જેવું અપરંપાર છે. થોડા ભાઇઓએ માર્કસકૃત **केपिटल** ના ઉંડા દરિયામાં ડૂબકી મારી. ઘણાઓ રશિયામાંથી બહાર પડેલાં, સાધારણ ઉંડાણવાળા, પ્રચારક સાહિત્યમાં જ મજ્જન કરવા લાગ્યા. વારંવાર ગમે તેટલી પુનરુકિત થાય તેની પરવા ન કરતાં સાહિત્યનો સતત પ્રચાર કરતા રહેવાનો અદમ્ય ઉત્સાહ પ્રાચીન પૌરાણિકો પછી આજ સુધી કોમ્યુનિસ્ટો સિવાય બીજા કોઇએ બતાવ્યો નહીં હોય. સાંભળનાર અને વાંચનાર કેટલુંયે ભૂલી જાય છતાં તેની બુધ્ધિમાં કંઇક ને કંઇક સંસ્કાર રહી જ જવાનો—આવી શ્રધ્ધા તે પ્રાચીન ઋષિઓની તેમ જ આ આધુનિક ઋષિકો (રશિયનો-રીંછપુત્રો) ની! મર્યા પછી કોઇ એક સ્વર્ગ મળે છે એવી કલ્પના પર પુરાણનો વાચક ઊડતો રહે છે, અને રશિયામાં કોઈ એક સ્વર્ગ આવ્યું છે એ કલ્પનામાં અમારી આ મંડળી આ વિશાળ સમાજ-વાદી સાહિત્યના અભ્યાસનું કષ્ટ વેઠતી. ૧૯૪૦ના વ્યકિતગત સત્યાગ્રહના સમયે જેલમાં એક કોમ્યુનિસ્ટ મિત્ર મને કહેવા લાગ્યા: "તમે કોમ્યુનિસ્ટ સાહિત્ય હજુ વાંચ્યું નથી લાગતું, તે વાંચવું જોઇએ." મેં કહ્યું: "હું કાંતવા બેસું છું તે વખતે તમે જ મને વાંચી સંભળાવો." તે વખતે તેમણે પોતાની દૃષ્ટિએ ચૂંટેલું સાહિત્ય મને વાંચી સંભળાવ્યું. તે પહેલાં માર્કસનું **केपिटल** જે આ નવીન વિચારોની સરિતા છે, તે હું બહાર હતો ત્યારે જ ફુરસદે વાંચી લીધું હતું, તેથી તેમણે જે વાંચી સંભળાવ્યું તે સમજવામાં મને મુશ્કેલી પડી નહીં. રોજ કલાક-દોઢ કલાક સાંભળતો. કેટલાક મહીના આ કાર્યક્રમ ચાલ્યો. તેમણે વાંચી સંભળાવેલું સાહિત્ય ચૂંટેલું હતું, છતાં પણ તેમાંની પુનરૂકિતઓની મારા પર ખૂબ છાપ પડી છે. આપણાં યુવાનોનાં મન આ પુનરૂકિતઓના દોષથી કંટાળ્યા નથી પણ ઉલટાં તરબોળ થયાં છે એમાં કંઇ નવાઇ નથી.

## ૩. બે નિષ્ઠાઓ

ગુણવિકાસ અને સમાજરચના આ બે એકાંતિક નિષ્ઠાઓ પુરાણ કાળથી હજુ સુધી ચાલુ જ છે. ગુણવિકાસવાદી કહે છે: "ગુણોને લઇને જ આ જગત ચાલે છે. માણસનું જીવન પણ આવું જ ગુણપ્રેરિત છે. ગુણોનો જેમ જેમ વિકાસ થાય છે તેમ તેમ સમાજનું ઘડતર સહેજે બદલાતું જાય છે. માટે સજ્જનોએ પોતાનું બધું લક્ષ ગુણવિકાસ પર કેન્દ્રિત કરવું જોઇએ. સમાજ-રચનાના ફંદમાં પડવું તે નકામો અહંકારનો વળગાડ છે. "**जगद्-व्यापारवर्जनम्**"—જગતના (ઉત્પત્તિ વગેરેના) વ્યાપારના અપવાદ છોડીને—આ ભક્તોની મર્યાદા છે. અહિંસા, સત્ય, સંયમ, સંતોષ, સહકાર વગેરે યમનિયમોની નિષ્ઠા દૃઢ કરવી, આ ગુણો પોતાના રોજના વ્યવહારમાં ઉત્તરોત્તર પ્રગટ થાય તે માટે પ્રયત્ન કરવો, એટલું જ આપણું કામ છે. આટલું કરીએ તો બાકીનું બધું આપોઆપ થશે. બાળકને 'દૂધ પિવડાવ' એમ માતાને કહેવું પડતું નથી. દુઃખ પડે એટલે રડવું એ નાના બાળકને શીખવવું પડતું નથી. વાત્સલ્ય હશે તો દૂધ આપોઆપ પિવડાવશે. દુઃખ હશે તો સહેજે રડશે.

આ એક નિષ્ઠા છે. તે બધા સંતોના હૃદયમાં સહજ સ્ફૂર્તિથી રહે છે. ગીતામાં દૈવી સંપત્તિના ગુણ અને જ્ઞાનના લક્ષણની જે યાદી આપી છે તેના એક એક ગુણ અને લક્ષણ પર જ્ઞાનદેવે જે રસાળ વિવેચન કર્યું છે તેના મૂળમાં આ જ નિષ્ઠા છે.

તેથી બિલકુલ ઉલટું કોમ્યુનિસ્ટોનું તત્વજ્ઞાન છે. તેઓ કહે છે: "જેને તમે ગુણવિકાસ કહો છો તે થાય છે જો કે ચિત્તમાં, પણ તે ચિત્તે કરેલો હોતો નથી, પણ પરિસ્થિતિએ કર્યો હોય છે. ચિત્ત જાતે જ પરિસ્થિતિ પ્રમાણે બનેલું હોય છે. '**भौतिकम् चित्तम्**' (ચિત્ત ભૌતિક પદાર્થ છે). નાના બાળકને દાઢીમૂછ રાખનાર બાવાની બીક લાગે છે, તેનું કારણ તેની માને દાઢીમૂછ નથી હોતાં, તે સિવાય બીજું શું છે? જો તેની માને દાઢીમૂછ હોત તો બડમૂછાનો વેશ જોઇને બાળક ન ગભરાત. દુઃખ થાય તો સહેજે રડવું આવે છે એમ કહો છો, પણ સોય ભોંકીએ તો દુઃખ પણ સહેજે થાય. ચિત્ત કંઈ સ્વતંત્ર પદાર્થ છે શું? સાચું પૂછતાં તે સૃષ્ટિનું એક પ્રતિબિંબ માત્ર છે, છાયારૂપ જ છે. છાયાના નિયમનથી વસ્તુનું નિયમન થાય કે વસ્તુના નિયમનથી છાયાનું થાય? રાત્રે ગાઢ નિદ્રા આવે તો ચિત્ત પ્રસન્ન થાય છે અને સત્ત્વગુણ પ્રગટે છે. ત્યાર બાદ થોડા વખત પછી ભૂખ લાગે છે, એટલે રજોગુણ જોર કરે છે, અને જમ્યા કે તરત તમોગુણ વધે છે. તો પછી ગુણોનો શા માટે

મહિમા ગાઓ છો? યોગ્ય પરિસ્થિતિ નિર્માણ કરી દો એટલે યોગ્ય ગુણોનો ઉદય થશે જ. માટે પરિસ્થિતિને બદલો, ને તે પણ જલદીમાં જલદી અને ગમે તે રીતે બદલો. મનોવૃત્તિની જાળ ગૂંથતા ન બેસો. મનુષ્યનું મન જે છે તે છે. તે કોઇ રીતે પશુનું મન થવાનું નથી અને કલ્પનાના દેવો જેવુંયે બનાવી શકાતું નથી. તે પોતાની મર્યાદામાં જ રહે છે. પરિસ્થિતિ સુધરે તો થોડું ઘણું સુધરશે અને બગડે તો થોડું ઘણું બગડશે. તેની ચિંતા ન કરો. સમાજરચનાને બદલવા હિંસા કરવી પડે માટે 'સદ્ગુણ મરી ગયો રે !' કહીને રડવા ન બેસો. ખરાબ રચનાનો નાશ થયો એટલું જ સમજો. તે માટે કરવી પડેલી હિંસા સામાન્ય હિંસા ન ગણાય. તે તો એક ઉંચી કક્ષાની હિંસા કહેવાય. તેવી હિંસાને એક સદ્ગુણ જ સમજવો જોઇએ, આ સમજશો તો તમારો યોગ્ય ગુણવિકાસ થશે.'

(અપૂર્ણ) **વિનોબા ભાવે**

## સત્તા અને સેવા

ઉત્તર પ્રદેશની યાત્રા કરતાં દેવરિયામાં સાંજના પ્રાર્થના સભામાં પ્રવચન કરતાં અંતમાં વિનોબાજીએ કહ્યું કે "મેં ઘણી વાર કહ્યું છે કે સત્તા મારફતે પણ સેવા થઇ શકે છે, પરંતુ ક્રાંતિકારી સેવા થઈ શકતી નથી. આજે હું ચૂંટણીમાં જે હાર્યા છે કે જીત્યા છે તેમને બધાને એક બીજી વાત કહી દેવા ઇચ્છું છું. જેઓ હારી ગયા છે, તેમણે તો સેવામાં લાગી જ જવું જોઇએ. પણ જેઓ જીત્યા છે, તેમણે શું કરવું ? તેઓ પણ સેવામાં લાગી જાય. જેઓ જીત્યા છે કે જેઓ હાર્યા છે તેઓ ઘણાખરા એવા ખ્યાલના છે કે સેવા વિના સત્તા પ્રાપ્ત નથી થતી અને સત્તા વિના સેવાનાં કામ થાય નહીં. થવું તો એમ જ જોઇએ કે સત્તા પણ સેવાને માટે છે. જ્યાં લોકોએ એમ માન્યું કે સત્તા વિના આપણે સેવા કરી શકીએ નહીં તો પછી સેવાને માટે સત્તા, સેવાને માટે સત્તા કહેતાં કહેતાં સત્તાને માટે સેવા, સત્તાને માટે સેવા, એમ થઇ જાય છે. એટલે કે છેવટે સત્તા આપણી મુખ્ય દેવી બની જાય છે. અને તેની પાસે પહોંચવાને માટે—કારણ કે આપણે સેવા દેવીને ટાળી શકતા નથી તેથી તેની ઉપાસના કરીએ છીએ—મહાદેવની પાસે જેમ નંદીને ખુશ કર્યા વિનાં પહોંચી શકતા નથી, એ પ્રમાણે આજ સેવા નંદી બની ગઈ છે, અને સત્તા મહાદેવ; આથી શુધ્ધ સેવા થઇ શકતી નથી. એક પક્ષને બીજા પક્ષના સંબંધમાં એ શંકા રહે છે કે આ સેવા તો કરે છે, પણ સત્તા ચાહતા હશે. અને પછી એક પક્ષ બીજા પક્ષ સાથે સહયોગ કરતો નથી. જે કામો બધાં મળીને એક સાથે કરવા જેવાં હોય છે તે પણ થઇ શકતાં નથી. દરેકને બીજાની બાબતમાં એ ભય રહે છે કે જો અમે સામાવાળાનો સહયોગ લઇશું તો તેના પક્ષની પ્રતિષ્ઠા વધશે, અને તેથી સહયોગ અસંભવિત થઇ જાય છે. મારા ભાઈઓ, મારી તમને એ વિનંતી છે કે હવે સ્વરાજ્ય આવ્યા પછી તમે બધા સત્તા—નિરપેક્ષ વૃત્તિથી સેવાના કામમાં લાગી જાઓ.

આજે ગરીબ લોકો તમારા બધાના ચહેરા તરફ જોઇ રહ્યા છે કે તમે તેમની સેવાને માટે આવશો ? તેઓ સફેદ ટોપીવાળાની તરફ જોઈ રહ્યા છેઃ લાલ ટોપીવાળાની તરફ જોઈ રહ્યા છે; કાળી ટોપીવાળાની તરફ પણ જોઇ રહ્યા છે, અને ગેરૂવા રંગવાળાની તરફ પણ જોઇ રહ્યા છે. ભાઇઓ, એ માટે તમને લોકોને મારી વિનંતી છે કે તમે આવો, કારણ કે આ કામ જે મારા એકલાથી પાંચસો વર્ષમાં બની શકશે, અને ડો. લોહિયાના સહયોગથી ત્રણસો વરસમાં બની શકશે, તે કોંગ્રેસવાળાઓની મદદથી સો વરસમાં બની શકશે. અને બધાની મદદથી પાંચ વરસમાં જ પૂરું થઇ શકશે."

('હરિજન બંધુ' માંથી)

## 'મંદીનું રહસ્ય'

( "જૈન જગત"માંથી સાભાર ઉધ્ધૃત અને અનુવાદિત )

ચીજોની કીંમત લડાઇના પ્રારંભથી જે વધતી ચાલી તે વધતી જ રહી. આ વર્ષના પ્રારંભ સુધી એ ક્રમમાં કશો પણ ફેરફાર થયો નહોતો. લડાઇના વખતમાં ચીજોના ભાવ હમેશા વધે છે. કારણ કે આમ જનતાની જરુરિયાતની ચીજોનું ઉત્પાદન લડાઇની ચીજોના ઉત્પાદનને કારણે ઘટતું જાય છે. અને જરૂરિયાતની ચીજોના દામ ઉત્પાદનના અભાવ દરમિયાન વધતા જાય છે. લડાઇ સમાપ્ત થયા પછી ધીરે ધીરે પરિસ્થિતિમાં ફેરફાર થતો જાય છે. અને દરેક દેશમાં આવશ્યક ચીજોના ઉત્પાદન તરફ ધ્યાન આપવામાં આવે છે. આને લીધે આવશ્યક ચીજોનું ઉત્પાદન વધતું જાય છે, અને કીંમત ઘટતી જાય છે.

આ લડાઇ બંધ થયાને છ સાત વર્ષ થયાં, તો પણ જીવન ઉપયોગી વસ્તુઓની ઉણપ આજ સુધી ચાલુ રહી હતી. આનું એક કારણ તો એ હતું કે લડાઈમાં આ વખતે જે ભયાનક વિનાશ થયો હતો એની પૂરવણી કરતાં વખત લાગ્યો. વળી કોરિયાની લડાઇના કારણે તથા આંતરરાષ્ટ્રીય વાતાવરણમાં ગરમી આવવાને લીધે જીવનઉપયોગી ચીજોની અપેક્ષાએ લડાઇનો સામાન ઉત્પન્ન કરવા પાછળ કેટલાક લોકોને ધ્યાન આપવું પડયું જેને લીધે મંદી આવવામાં વિલંબ થયો. જ્યારે કોરિયાની લડાઇ આગળ વધવાની સંભાવના રહી નહિ ત્યારે જીવનઉપયોગી ચીજોના ઉત્પાદન તરફ સૌ કોઈનું ધ્યાન ખેંચાયું.

જીવનઉપયોગી ચીજો તરફ ધ્યાન ખેંચાવાનું એટલા માટે જરૂરી હતું કે આવશ્યક ચીજોની તંગીને લીધે લગભગ બધા દેશોને પુષ્કળ ત્રાસ સહન કરવો પડયો હતો અને તેને લીધે આમજનતામાં અસંતોષ વધતો જતો હતો. આ રીતે તે લાંબા વખત સુધી અસંતોષ વધતો રહે એ કોઇ પણ દેશને પરવડે તેમ નહોતું. ભારતમાં જનતાની સરકાર સ્થપાઇ હતી તો પણ આન્તરરાષ્ટ્રીય કારણોને લીધે જીવનઉપયોગી ચીજોની તંગી દૂર થઈ શકી નહોતી અને પ્રજાને ઓછામાં ઓછું કષ્ટ પડે એ હેતુથી નિયંત્રણ મૂકવામાં આવ્યા તેમજ બહારથી ચીજો મંગાવવામાં આવી તો પણ ચીજોની તંગી મટાડવામાં સરકાર સફળ થઇ ન શકી. આમ છતાં પણ લડાઈનું જોખમ ઓછું થયું એટલે લડાઇનો ઉપયોગી સામાન વધારવાને બદલે જીવનઉપયોગી સામાન વધારે પ્રમાણમાં તૈયાર થવા લાગ્યો. આ રીતે બધી જગ્યાએ ચીજોનું ઉત્પાદન વધ્યું એ આજની મંદીનું મુખ્ય કારણ છે.

આ વખતે અહીં આ મંદી આવવામાં અનેક બાબતો કારણભૂત બની. આમાં સૌથી મહત્વની બાબત રૂપીયાની તંગી છે, જ્યાં સુધી માલ સ્ટોકમાં રાખવાની વ્યાપારીઓમાં શકિત હોય છે ત્યાં સુધી માલની તંગી ન હોય તો પણ કૃત્રિમ તેજી ટકાવી શકાય છે. કેટલાક અંશમાં આ પણ થયું. કારણ કે પાછલાં બે વર્ષમાં ચીજોનું ઉત્પાદન તો વધ્યું હતું. તો પણ વ્યાપારીઓની લોભી મનોવૃત્તિએ તથા નિયંત્રણ તેમ જ ખરીદનારાઓની અવિશ્વાસુ મનોવૃત્તિએ કૃત્રિમ તંગી ઉભી કરીને ભાવને નીચે પડવા દીધા નહીં. આમ છતાં પણ જેમ જેમ લોકોની પાસે લડાઇના જમાનામાં કમાયલું તથા કાળા બજારનું ધન ધીમે ધીમે ઘટતું ગયુ તેમ તેમ તેની માલ સંગ્રહ કરવાની શકિત ઘટતી ગઇ. એમ છતાં પણ જ્યાં સુધી બેંકો તરફથી માલ ઉપર રકમો મળતી ગઇ ત્યાં સુધી વ્યાપારીઓ બેંકામાંથી રકમ લઇને માલ ભરતા રહ્યા.

આ રીતે જીવન માટે આવશ્યક એવી ચીજોનો બહોળા નફાને માટે સંગ્રહ કરવો એ જો કે સમાજદ્રોહ હતો, એમ છતાં પણ

લોભમાં અંધ બનેલા વ્યાપારીઓએ જનહિતનો ખ્યાલ રાખ્યો નહીં. તેમની આ લોભવૃત્તિનું પરિણામ આખરે તો તેમણે જ ભોગવ્યા સિવાય છુટકો નહોતો. આ રીતે બદલાતી જતી પરિસ્થિતિ વિષે તેઓ તદ્દન બેભાન રહ્યા અને માલની કીંમત વધશે એમ માનીને માલનો સંગ્રહ કરતા રહ્યા.

દેશમાં કોઇ વરસ વરસાદ ઓછો પડે તો કોઇ વાર વધારે. વરસાદ ઓછો વધતો પડે તેનું પરિણામ પાક ઉપર આવે છે. એ પ્રદેશના લોકો પોતાના પ્રાન્તમાં કોઈ ચીજની ઓછી ઉપજના કારણે એ ચીજના ભાવ વધી જશે એમ સમજીને એ માલનો સંઘરો કરે છે. આ કોઇ કલ્પનાની વાત નથી. મેં પ્રત્યક્ષ આવી ચર્ચા સાંભળી છે અને એ કલ્પનાના આધાર ઉપર માલ સંગ્રહ કરીને નુકસાની ભોગવતા કેટલાયે વ્યાપારીઓને જોયા છે. તેઓ એ જાણતા નથી હોતા કે દુનિયાનો પરસ્પર સંબંધ આજે ખૂબ વધી ગયો છે. પહેલાના વખતમાં રાજસ્થાનથી દક્ષિણ, પૂર્વ અથવા તો પરદેશમાં માલ પહોંચાડતાં છ મહીના લાગતા હતા અને પારવિનાની મુશ્કેલીઓ પડતી હતી. પરન્તુ આજે માલ લાવવા લઇ જવામાં પહેલાની માફક મુશ્કેલી પડતી નથી તેમ જ એટલો સમય પણ લાગતો નથી. આ રીતે પોતાના પ્રાન્તની ચોક્કસ સ્થિતિનો ખ્યાલ રાખીને કામ કરવામાં જોખમ રહેલું છે. દરેક માણસે આજે વિશાળ દ્રષ્ટિકોણથી કામ કરવું જોઇએ. પરંતુ જેઓ સ્વાર્થવશ યા લોભવશ બનીને અદૂરદ્રષ્ટિથી કામ કરશે તેઓ ધન તો ગુમાવશે એટલું જ નહિ પણ આબરૂ પણ ગુમાવશે.

આવી પરિસ્થિતિમાં એ સવાલ પેદા થાય છે કે વ્યાપારીએ કરવું શું? કેવી રીતે પોતાનો વ્યાપાર કરે કે જેથી પોતાનું તેમજ સમાજનું હિત થાય. આ માટે ધનનો વધારે પડતો લોભ છોડી ને એવું કામ તેણે કરવું જોઇએ કે પોતાની મહેનતનું તેને વ્યાજબી મહેનતાણું મળે. એટલે કે ખરીદ વેચાણમાં વ્યાજબી નફાથી વ્યાપાર કરવો જોઇએ. ભાવ બહુ વધી જશે એવી અપેક્ષા રાખીને સંઘરો કરવાનું કે માલ ભરવાનું બંધ કરવું જોઇએ.

જે વ્યાપારી વ્યાજબી નફો લઇને માલ વેચતો રહેશે અને પોતાના ગ્રાહકોનું હિત જોતો રહેશે તેનો વ્યાપાર સારો ચાલશે. તે લોકપ્રિય પણ બનશે. જેવી રીતે ગામનું સ્વાસ્થ્ય જાળવવા માટે ડાકટરની જરૂરિયાત લોકો સ્વીકારે છે, શિક્ષણને માટે શિક્ષકની, રક્ષણને માટે સીપાઈની, એવી જ રીતે સમાજમાં જરુરી ચીજોની આપલે માટે વ્યાપારીની જરુર છે જ. પણ તે વ્યાપારીએ પોતાનો વ્યાપાર સમાજહિતની દ્રષ્ટિ રાખીને કરવો જોઇએ. એમ કરવાથી સમાજનું હિત તો થશે જ; સાથે સાથે પોતાનું પણ ભલું થશે. આપણી આ વાત એ ભાઇઓના ગળે ઉતારવી કઠણ છે કે જેમણે પોતાનો ખર્ચ ખૂબ વધારી દીધો છે અને નોટોના કારણે પોતાની જાતને ધનવાન માનવાની જેમને ટેવ પડી ગઈ છે અથવા તો નોટોના ઢગલાને જ જેઓ સંપત્તિ માને છે. આ રીતે આગળનું દૃષ્ટિકોણ ન બદલતાં પહેલાંની માફક જેઓ વ્યાપાર કરતા રહે તેમના વિનાશને વિધાતા પણ ટાળવાને સમર્થ નથી. કાં તો આ મંદીની આંધી કે જેની હજુ શરૂઆત છે અને જે હજુ વધતી જ જવાની છે, તે આંધીમાં તે પોતાની ધનસંપત્તિ ગુમાવી ખોઈ બેસવાનો છે અથવા તો લોકોના દિલમાં તેની તરફ જે તિરસ્કારની ભાવના પેદા થઈ છે તે તેને કદિ સુખે સુવા દેવાની નથી.

હવે તો સાચી વાત તો એ છે કે આપણે પરિશ્રમી, સેવાભાવી સાદું જીવન સ્વીકારીએ અને સદ્‌ગુણી બનીએ. જેવી રીતે આપણે આપણાં બાળકોના હિત ખાતર દ્રવ્યત્યાગને આપણું કર્તવ્ય સમજીએ છીએ, તેવી જ રીતે આપણાં સંતાનોને વધારે ને વધારે યોગ્ય, સદ્‌ગુણી, પરિશ્રમી તેમ જ નીતિમાન બનાવીએ જેથી તેઓ પોતાનું જીવન સુખી બનાવે અને દેશ કે સમાજ ઉપર ભારરૂપ ન બને.

જીવનનું દષ્ટિકોણ જો આપણે નહિ બદલીએ, પહેલાં માફક ધનથી જ બધું સુખ મળે છે એવી માન્યતાપૂર્વક આપણે જો ધન પ્રાપ્ત કરતા રહીશું તથા આજની માફક ખર્ચ કરતા રહીશું તો સંભવ છે કે આપણા માર્ગમાં અનેક મુશ્કેલીઓ ઉભી થાય અને આપણો વેપારધંધો જેવી રીતે આજે ચાલી રહયો છે તે ખલાસ થઇ જાય. કારણ કે જે ધંધો સમાજ માટે ઉપયોગી તથા આવશ્યક છે તે તો ચાલવાનો જ છે પણ સમાજને હાની પહોંચાડે તેવો અથવા તો જનતાનું શોષણ કરે એવો ધંધો આગળ ચાલવાનો કોઇ સંભવ છે જ નહિ. કારણ કે જનતામાં જાગૃતિ વધી રહી છે. તે પોતાનું હિતઅહિત સમજવા લાગી છે તથા સરકાર જનતાની હોઇને જનતાની ઉપેક્ષા કરી શકતી નથી.

આજે આ મંદી પેદા કરવામાં સરકારનો હાથ નથી એમ છે જ નહિ. સરકારે રીઝર્વ બેંક મારફત બજારમાં પૈસાની તંગી પેદા કરી છે. બેંકો માલ ઉપર પહેલાં જે રૂપીઆ ધીરતી હતી તે ઉપર પણ, લોકો વધારે સંઘરો કરી ન શકે એ હેતુથી, સરકારે નિયંત્રણ મૂક્યું છે.

જે સરકારે આજે આ પગલું લીધું છે તે સરકાર, સંભવ છે કે, જરૂર જણાયે બીજાં પણ પગલાં ભરે. એના સ્વરૂપમાં થોડો ઘણો ફેરફાર હોઈ શકે છે, પરંતુ સરકાર એ જ કામ કરવાની કે જેથી જનતાનું ભલું થાય. ભલે આવી પરિસ્થિતિને કોઈ વ્યાપારી પોતાની ચતુરાઈ વડે થોડા સમય માટે ટાળે તો પણ આખરે આ પરિસ્થિતિ ટળવાની છે જ નહિ. કારણ કે સરકાર જનતાની છે અને જનતા જાગૃત થઈ ચુકી છે.

આમ હોવાથી વ્યાપારીઓએ સમયને ઓળખીને પોતાના જીવનના દૃષ્ટિકોણમાં ફેરફાર કરવો જોઇએ અને એવું જીવન બનાવવું જોઇએ કે અન્યને માટે પોતાની ઉપયોગીતા સહજપણે પુરવાર થાય.

પણ આમાં ગભરાવા જેવી કોઇ વાત છે જ નહિ. આજની મંદીને લીધે જે નુકશાની દેખાઇ રહી છે તે ખરી રીતે છે જ નહિ. કારણ કે જે ચીજ પહેલાં એક રૂપીઆમાં મળતી હતી તે આજે દશ આનામાં મળશે. પણ હવે જો આપણી પાસે લાખ રૂપીઆ હતા અને આજે પચીસ હજારની નુકશાની આવી તો એમાં ખોટ કયાં આવી? અવશ્ય તેને જરૂર ખોટ આવી કે જેણે પોતાની મર્યાદા અથવા શક્તિનો ખ્યાલ ન રાખતાં અધિક વ્યાપાર કર્યો હતો. અથવા તો ભાવ વધવાની આશાએ માલનો સંગ્રહ કર્યો હતો. આવું તો બન્યા જ કરે છે. કરોડોની મંદી આવવામાં જે રાહતનો અનુભવ થઈ રહ્યો છે તેમાં જો કોઇ થોડા લોકોને દરિદ્ર થવું પડયું તો તેમાં દુઃખ માનવા જેવું કશું નથી. કારણ કે આ મંદીએ કરોડોનું હિત કર્યું છે. જનતામાં આજે સુખ અને આનંદની લહેર ઉઠી રહી છે.

**રિષભદાસ રાંકા**

## સંઘના સભ્યોને વિનંતિ

ચાલુ સાલનું લવાજમ રૂા. ૫) જે સભ્યોએ હજુ સુધી મોકલ્યું ન હોય તેમને સંઘના કાર્યાલય ઉપર મોકલી આપવા વિનંતિ છે. અને આ માટે સંઘનો માણસ આપની પાસે આવે તો તેને ફરીથી આવવાનું ન કહેતાં આપનું ચઢેલું લવાજમ તુરત આપી દેવા પ્રાર્થના છે.

મંત્રીઓ, **મુંબઈ જૈન યુવક સંઘ**

વિગતો રજુ કરી અને શ્રી, ગણુપતિશંકર દેસાઇ તાજેતરમાં મુંબઇના મેયર તરીકે ચૂંટાયા છે તેમના વિષે બહુમાન પ્રગટ કરવાની આ તક સમજીને તેમને આ સભાનુ પ્રમુખસ્થાન શોભાવવા વિનંતિ કરવામાં આવતા તેનો સ્વીકાર કરવા બદલ તેમનો આભાર માનીને સભાનું કામકાજ શરૂ કરવા વિનંતિ કરી હતી.

ત્યાર બાદ પ્રસ્તુત પ્રસંગને અનુલક્ષીને **શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે** શાન્તિલાલ શાહ સાથેના કેટલાંક સ્મરણો રજુ કર્યા અને તેમનામાં રહેલો મહત્વાકાંક્ષાનો અભાવ, પ્રામાણિકતા, નિસ્વાર્થપરતા તેમજ તટસ્થતા આદિ તેમના કેટલાક વિશિષ્ટ ગુણોનો ખ્યાલ આપ્યો હતો. **શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલે** જૈન ધર્મના આદર્શો અને દેશની નવરચનાના માર્ગો વચ્ચે સુમેળ છે એવો અભિપ્રાય વ્યકત કરીને જન્મભૂમિ સંસ્થાને અંગે શાન્તિલાલ શાહ સાથે પોતાને પરિચય થયો હતો અને તે ઉપરથી શાન્તિલાલ શાહના વિશિષ્ટ વ્યકિતત્વનો પોતાને ખ્યાલ આવ્યો હતો એમ જણાવ્યું હતું. શ્રી તારાબહેન માણેકલાલ પ્રેમચંદે પ્રસ્તુત સન્માન સમારંભમાં ભાગ લેતાં પોતાને થતો આનંદ વ્યકત કરતાં જણાવ્યું કે પ્રજા અને પ્રધાન એ જુદા નથી, બન્ને એક જ છે. પ્રજાએ પ્રધાનને પુરો સાથ આપવો જોઇએ અને પ્રધાને પ્રજાને પુરા વિશ્વાસમાં લેવી જોઇએ, આજ સુધી આમ નહિ બનવાથી રાજ્યવહીવટમાં અનેક ન ઇચ્છાવાયોગ્ય ધુંચો ઉભી થઇ છે વગેરે. **શ્રી શ્રેયાંસપ્રસાદ જૈને** શાન્તિલાલ શાહ વિષે આદરભાવ વ્યકત કરતાં જૈન સમાજ રાજકારણમાં કદી કોમી ભાવથી પ્રેરાયો નથી કે તેણે કોમી અધિકાર માંગ્યો નથી તેના ફળ રૂપે આજે ધારાસભામાં આપણે કેટલાયે જૈનોને બીરાજતા જોઇએ છીએ અને તેના જ પરિણામે શાન્તિલાલ શાહ જેવી વ્યકિતને આપણે પ્રધાનપદ સુધી પહોંચેલી જોવા ભાગ્યશાળી થયા છીએ એમ કહીને માલીક અને મજુરો વચ્ચે મીઠો સંબંધ કેળવવા શાન્તિલાલ શાહને વિનંતિ કરી હતી અને માલીક પક્ષે પોતા તરફથી પુરો સાથ આપવાની ઇચ્છા વ્યકત કરી હતી. **શ્રી કેદારનાથજીએ** શાન્તિલાલ શાહ વિષે પોતાના મન ઉપર પડેલી સુન્દર છાપનો ખ્યાલ આપતાં વ્યવહાર શુધ્ધિ મંડળમાં દાખલ થતાં પહેલાં તે સંબંધમાં લેવી પડતી પ્રતિજ્ઞાઓ પોતાથી બરાબર પળાશે કે કેમ તે વિષે શાન્તિલાલ શાહે અનુભવેલી મુંઝવણ છ મહીના સુધીના મન્થનના પરિણામે વ્યવહાર શુધ્ધિ મંડળમાં દાખલ થવાનો તેમનો નિર્ણય વગેરે વિગતો રજુ કરીને તેમની સત્યનિષ્ઠાના વખાણ કર્યા હતા અને તેમને મળેલી સત્તાનો હંમેશા ન્યાયપૂર્ણ અમલ કરશે, કદિપણ દુરૂપયોગ નહિ કરે એવી પોતાની પ્રતીતિ રજુ કરી હતી. શ્રી શાન્તિલાલ શાહના વર્ષોના મિત્ર અને કોંગ્રેસી સહકાર્યકર્તા **શ્રી કાકુભાઇએ** શાન્તિલાલ સાથેના અનેક ગંભીર તેમ જ રમુજી પ્રસંગોનું વર્ણન કરીને સભાનું મન રંજિત કર્યું હતું, અને સાથે સાથે માતપિતા અને પત્ની બન્ને વચ્ચે અથડાતા, અકળાતા અને માર્ગ કાઢતા પુત્ર અને માલીકો તથા મજુરો બન્નેને સંતુષ્ટ રાખવાની જવાબદારી ધરાવતા મજુરપ્રધાન વચ્ચેનું સાદ્રશ્ય રજુ કરીને શાન્તિલાલ શાહને સોંપાયલી જવાબદારીની ગંભીરતાનો સભાને સચોટ ખ્યાલ આપ્યો હતો.

ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી **શ્રી ગણુપતિશંકર દેસાઇએ** શાન્તિલાલ શાહ સાથેનાં પોતાનાં સ્મરણો રજુ કરતાં સૌ કોઇને સાચી સલાહ આપનાર વાસ્તવિકતાનો પુરો ખ્યાલ ધરાવનાર, બીજાના દુઃખે દુબળા રહેનાર, સત્ય વકતા, સ્પષ્ટ વકતા અને એમ છતાં નિર્ણય વખતે પોતાનું જ પકડી બેસવાનો જેનામાં કદિ દુરાગ્રહ નથી એવા શાન્તિલાલભાઈ છે એવો પરિચય આપીને તથા જેના માટે તમે કામ કરશો તેઓ એટલા બધા અજ્ઞાન અને પછાત છે કે તેઓ તમારા ન પણ થાય એવું કપરૂં તેમનું કામ છે એમ કહીને પછાત વર્ગો અને હરિજનો માટે મરી ફીટનાર ગાંધીજીનો તેમણે દાખલો આપ્યો હતો. અને મજુરોને વ્યાજબી વેતન મળે એટલું બસ નથી, તેમને મળતા વેતનનો સદુપયોગ કરતાં પણ તમારે જ શિખવવાનું છે એ બાબત ઉપર તેમણે ખાસ ભાર મૂકયો હતો.

ત્યાર બાદ પ્રમુખસાહેબે શાન્તિલાલ શાહનું પુષ્પહારથી સન્માન કર્યું હતું. સર્વ શુભેચ્છાઓ અને પ્રશંસાનો ઉત્તર આપતાં **શ્રી શાન્તિલાલ શાહે** જણાવ્યું કે "સાધારણ રીતે કોઇ પણ કોમી પ્રવૃતિ કે સંપ્રદાયવૃતિથી હું હંમેશાં દુર રહ્યો છું, એમ છતાં મુંબઇ જૈનયુવક સંઘ પ્રત્યે મારો હંમેશાં પક્ષપાત રહ્યો છે અને તેનું કારણ તે સંસ્થા સાથે પરમાનંદભાઇ જોડાયલા છે અને જૈન ધર્મ પ્રત્યે મારો પક્ષપાત રહેલો છે તેનુ કારણ એ છે કે હું સમજું છું ત્યાં સુધી ગાંધીજી કે જે મારે મન અત્યંત આદરણીય અને અનુકરણીય પુરૂષ છે તેમના વિચારો અને જૈન ધર્મના સિધ્ધાંતો ઘણા અંશે મળતા છે. "આમ જણાવીને
એવી પોતા વિષે અનેકવાર અનુભવેલી નબળાઈ, અને સત્ય અને વિવેકના માર્ગે ચાલવાનો પોતાનો પ્રયત્ન, વ્યકિતગત સત્યાગ્રહમાં જોડાતાં પહેલાં પોતે અનુભવેલી મુંઝવણ, જેલજીવન દ્વારા પોતાને મળેલી મજુર પ્રશ્નની દીક્ષા, પોતાનું ચારિત્ર્ય ઘડવામાં મુખ્યત્વે તેમના પિતાનો અને પાછળનાં વર્ષોમાં બાળાસાહેબ ખેર, કિશોરલાલ મશરૂવાળા અને સરદાર વલ્લભભાઇનો ફાળો, મજુર યા માલિકનો દેશના હિતની દૃષ્ટિએ જ વિચાર કરવાની જરૂર—એવા અનેક મુદ્દાઓ તેમણે ચર્ચ્યા હતા અને છેવટે જણાવ્યું હતું "કે આ પ્રસંગે નાથજી જેવી પવિત્ર વ્યકિતના મને આશીર્વાદ મળે છે તે હું મારૂં મોટું ભાગ્ય સમજું છું. અને મારા માટે મંગળ મુહુર્ત સમાન લેખું છું અને તેથી એમ કહેવાની મને હીંમત આવે છે કે મારાથી સારૂં થશે કે નહિ, પણ કદિ ખોટું તો નહિ જ થાય." ત્યાર બાદ શ્રી જયન્તીલાલ પરીખે આ સભા માટે વખત કાઢવા માટે મેયરસાહેબનો અને શાન્તિલાલ શાહનો આભાર માનતાં મુંબઇ જૈન યુવક સંઘ અને જૈન સમાજને બને તેટલો સાથ અને માર્ગદર્શન આપતા રહેવા શાન્તિલાલ શાહને અનુરોધ કર્યો હતો.

પ્રમુખશ્રીને ફુલહાર સમર્પણ અને 'જનગણમન અધિનાયક' રાષ્ટ્રગીત સાથે સભા વિસર્જન કરવામાં આવી હતી.

## વિષય સૂચિ

(હવે પછીથી દરેક અંકના છઠ્ઠા અથવા તો આઠમા પાને દરેક અંકની વિષય સૂચિ આપવામાં આવશે. **તંત્રી**)


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| **પ્રકીર્ણ નોંધ** | પરમાનંદ | ૧ |
| પ્રબુધ્ધ જૈન ચૌદમા વર્ષમાં પ્રવેશ કરે છે, મુંબઇના એક ઉદારચરિત આગેવાનનું અવસાન, પંતપ્રધાનપદેથી નિવૃત થતા બાળા સાહેબ ખેર, મુંબઇના નવા મહાઅમાત્ય મોરારજીભાઇ, મુંબઇનું નવું પ્રધાન મંડળ, શેખ અબ્દુલ્લાનો વિકૃત પ્રલાપ, માણુસાઇની વાતો | | |
| **શાન્તિલાલ શાહ સન્માન સમારંભ** | | ૭ |
| **ગાંધીજી અને સામ્યવાદ** | વિનોબા ભાવે | ૩ |
| **સેવા અને સત્તા** | વિનોબા ભાવે | ૫ |
| **મંદીનું રહસ્ય** | રિષભદાસ રાંકા | ૫ |


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩
મુદ્રણસ્થાન: શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫—૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪ અંક : ૨ | મુંબઇ : ૧૫ મે ૧૯૫૨ ગુરૂવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## ઉરૂલી કાંચન: નિસર્ગોપચાર આશ્રમ

(આજ કાલ જ્યારે પણ આપણા શરીરમાં કાંઈ વિકૃતિ જણાય છે તે આપણે ડાકટર પાસે જઈએ છીએ, તે પીવાની દવા, ગોળીઓ અથવા ઈન્જેકશન આપણને આપે છે, આપણે બે દિવસમાં સારા થઈએ છીએ. વળી પાછી કાંઇ બીમારી આવી પડે છે, ડાકટર દવા આપે છે અને તેથી સાજા થઈ ગયા છીએ એવો આપણો ભ્રમ પાછો ચાલુ થાય છે. આમ દવાદારૂ આપણા શરીરમાં થીગડાંનું કામ કરે છે અને શરીર ઉત્તરોત્તર બગડતું જ જાય છે. શરીરમાં કોઈ દરદ પ્રવેશ કરવા જ ન પામે અથવા તો શરીરનું મૌલિક સંશોધન કરાવીને સ્થાયી આરોગ્યને પ્રાપ્ત કરીએ—એ રીતે આપણા શરીરનો આપણે કદિ વિચાર કરતા નથી. આ માર્ગ નિસર્ગોપચારનો છે અને એ હેતુથી ગાંધીજીએ જીવનના આખરી વર્ષોમાં ઉરૂલી–કાંચનનો આશ્રમ શરૂ કર્યો છે.

ખાદીપ્રચાર સાથે જેમનું નામ ગાઢપણે સંકળાયલું છે, અને જેઓ હાલ કેટલાક સમયથી બોરીવલી પાસે આવેલા કોરા ગ્રામોદ્યોગ કેન્દ્રમાં અગ્રસ્થાને કામ કરી રહ્યા છે તે શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણી આજે ૭૦ વર્ષની ઉમ્મરે પોતાની કેટલીક શારીરિક ઉપાધિઓ દૂર કરવા માટે તેમ જ શરીરની સેવાક્ષમતા મેળવવા તથા ટકાવી રાખવા માટે થોડા સમય પહેલા એક મહીનો આ નિસર્ગોપચાર આશ્રમમાં રહી આવ્યા. તે આશ્રમ તેમ જ ત્યાં અખત્યાર કરવામાં આવતી ઉપચારવિધિ સંબંધમાં કેટલીક અગત્યની માહીતી આપતો તેમનો લેખ નીચે પ્રગટ કરવામાં આવે છે અને તે એ આશાએ કે ગુમાવેલું આરોગ્ય પાછું મેળવવા ઝંખતા ભાઈ બહેનો ડાકટરોનું આલંબન છોડીને આ દિશા તરફ જોતા થશે, પોતે સારા થશે અને કેમ સારા થવું તે બીજાને શિખવશે. **પરમાનંદ**)

ભારતની જનતા સાદું સરળ જીવન જીવી શકે એ માટે ગાંધીજીએ અનેક રચનાત્મક કામોની દેશને ચરણે ભેટ ધરી છે. એવી એક વધુ ભેટ સ્વાસ્થ્ય જાળવવા અને કુદરતી ઉપચારોથી દરદો સારાં કરવાની એક સંસ્થા પુના પાસે ઉરૂલી કાંચનમાં નિસર્ગોપચાર આશ્રમને નામે સ્થાપીને દેશને આપી છે. સંસ્થાનું આ સ્થાન પુનાથી સોલાપુર જતાં દશ બાર માઈલના અંતરે આવતા ઉરૂલી નામના રેલ્વે સ્ટેશનની પાસે આવેલ છે. અત્રેનાં હવાપાણી સારાં છે. વિશાળ જમીન પર એક મોટા મકાનમાં પુરી ગોઠવણોવાળી એક હોસ્પીટલ ચાલે છે. હોસ્પીટલનું સંચાલન ટ્રસ્ટીમંડળ મારફતે શ્રી બાલકોબા ભાવે અને શ્રી મણિભાઈ દેસાઇ નામના યુવાન હસ્તક રહેલ છે. હોસ્પીટલ માટે તંદુરસ્ત ગાયો પાળવામાં આવી છે તેમ જ શાકભાજીના બગીચા અને પોતાની ખેતી છે. ઉપચારનું તંત્ર સંભાળવા માટે ત્યાગી અને સેવાપરાયણ ભાઇબહેનોનું એક જૂથ કામ કરે છે.

અત્રેનું વાતાવરણ આશ્રમજીવનને યાદ કરાવે છે. સવાર સાંજ બંને વખત પ્રાર્થના થાય છે અને કાંતણ પ્રવૃત્તિ ચાલે છે. સ્વચ્છતાનું પાલન હરખૂણામાં દેખાય દેખાય છે. અહીંનાં રસોડાની વ્યવસ્થા અભ્યાસ કરવાયોગ્ય ગણાય. જુદા જુદા દરદીને જે ખોરાક આપવો હોય તેની બધી સગવડતા રસોડા મારફતે સમયસર પુરી પાડવામાં આવે છે. દરદીઓનાં બિછાનાં માટે ગાદી, તકીઆ ચાદર, ઓઢવાનાં વસ્ત્રો બધાં ખાદીનાં છે.

દરદી દાખલ થાય કે તેની શારીરિક તપાસ અને પૂર્વ ઇતિહાસ જાણી લઇ માવજત કરવાનું નકકી થાય છે. દવા નિમિત્તે કાંઈ જ આપવાપણું નથી હોતું. શરૂ શરૂમાં મળશુધ્ધિના ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. આ ક્રિયા દરદના પ્રમાણમાં કેટલા દિવસ સુધી ચાલે છે. દરદીની શકિત અનુસાર આ શુધ્ધીકરણ ઉપવાસથી શરૂ થાય છે. ઉપવાસ વખતે માત્ર પાણી, પાણી સાથે ખાટાં લીંબુ, લીંબુ–પાણી અને મધ અથવા ફળના રસ આપવામાં આવે છે. તેની જ સાથે જરૂર હોય તેટલા દિવસ એનીમા, માલીસ, માટીની પટી, સૂર્યસ્નાન તેમ જ ગરમ, ઠંડા પાણીના બાથ આપવાનું ચાલુ રહે છે. દરેક દરદીને ઠરાવેલા સમયે આટલાં કામ કરવાનાં હોય છે. દરદીને આપવાનો ખોરાક દરદીને સમયસર પહોંચાડવામાં આવે છે.

અનેક ઉપચાર કરીને થાકેલા દરદીઓ પર આ ઉપાય અજમાવવામાં આવે છે. આ ઉપચાર કુદરતી હોવાથી એની અજમાયશની મુદત કાંઈક લાંબા ગાળાની હોય છે. નિદાન અનુસાર જરૂરી દિવસો સુધીમાં માવજત લીધાથી તંદુરસ્તી તો મળે છે જ. પણ તેની જ સાથે બાકીનું જીવન તંદુરસ્તીમાં કેમ જાળવવું તેની તાલીમ મળે છે. આ તાલીમ દરદીને પોતાને તો કામ લાગે જ છે. પણ એના આખા કુટુંબને સ્પર્શ કરે છે. શું ખાવું અને કેમ ખાવું—આટલું પાલન થાય એટલે રોગમાંથી મોટે ભાગે બચી જવાય છે.

મને વર્ષોજુનો કબજીયાતનો રોગ છે. લો બ્લડ પ્રેશર કોઇ કોઇ વખતે ખબર કાઢી જાય અને ખરજવા જેવું હઠીલું દરદ મને અવારનવાર ઉપડે છે. આટલું ઠીક કરી લેવા મારે શું કરવું એ સમજી લેવા મેં એક મહિનાની માવજત અત્રે લીધી. મારી વૃધ્ધાવસ્થાને કારણે મારી શકિત મર્યાદિત ગણાય. આ બધું વિચારીને મારી માવજત શરૂ થઈ. પરંતુ આ વખતે હું એક જ મહિનાનો સમય લઇને આવ્યો હતો એટલે એટલા સમયમાં જે કરી શકાયા તેવા ઉપચાર મને મળ્યા. પૂર્ણ શુધ્ધિ અને સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા માટે ત્રણેક મહિના રહેવા મને ભલામણ થઈ. એટલો સમય જ્યારે મળે ત્યારે મેળવી લેવા મારે વિચારવું રહ્યું.

પ્રારંભમાં આશ્રમના ડોકટરે મને પૂર્ણ રીતે તપાસ્યો અને શરીર શુધ્ધિ કરી લેવા માટે મારી વૃદ્ધાવસ્થાનો ખ્યાલ રાખીને માત્ર પાણી પર રાખીને ઉપવાસ કરાવવાને બદલે ફળનો રસ આપવાનો નિર્ણય લેવાયો. આ વખતે દ્રાક્ષની મોસમ હતી અને દ્રાક્ષનો રસ શરીરશુદ્ધિમાં સરસ કામ કરે છે એમ માનીને શરૂઆત તેનાથી થઇ.

વહેલી સવારે અને રાત્રે સૂતી વખતે કાગદી લીંબુ, મધની સાથે પાણીમાં આશરે ૪ ઔંસ આપવામાં આવતું અને સવારે છ વાગ્યાથી બપોરના બાર વાગ્યા સુધીમાં પાંચ વખત અને સાંજના અઢી વાગ્યાથી સાત વાગ્યા સુધીમાં ચાર વખત એટલે નવ વખત મને દ્રાક્ષનો રસ દરેક વખતે ૧૦ ઔંસ આપવામાં આવતો. શરૂઆતના ૧૦ દિવસ સુધી એનીમા આપીને મળશુદ્ધિ કરવામાં આવી.

દરરોજ સાંજના પેટ ઉપર માટીનો પાટો મૂકવામાં આવતો. કટિસ્નાન એટલે કે એક નાના ટબમાં ગરમ પાણી અને બીજામાં ઠંડુ પાણી ભરવામાં આવતું અને પગ બહાર રાખીને કમર અને પેટ સુધી પાણી લાગે એમ મને વારાફરતી બેસાડવામાં આવતો. પેડુ ઉપર નાના ટુવાલથી મર્દન કરવામાં આવતું. પૂરા ટબની અંદર ગળું બહાર રાખીને પાણીમાં સુવડાવી લગભગ પાંત્રીસ મિનીટ સુધી પાણીમાં જ આખા શરીરની માલિસ કરવામાં આવતી. ટબમાંથી ગરમ પાણી કાઢી નાખ્યા પછી ઠંડે પાણીએ મને નવડાવવામાં આવતો. સૂર્ય ઊગે ત્યારે એકાદ કલાક સુધી સૂર્યનાં કિરણો આખાં શરીરને મળી રહે એ રીતે ખાસ ગોઠવવામાં આવેલી અગાશીએમાં મને નવસ્ત્રો બેસાડતા. સવારે એકાદ કલાક ફરવા જતો.

વર્ષોજૂના કબજિયાતના રોગથી હું હેરાન હતો. ઉપલી માવજત જેમ જેમ ચાલતી ગઈ તેમ તેમ કબજિયાત હટતી ગઇ, પેટ નરમ થતું ચાલ્યું અને પંદરેક દહાડા પછી પેટ માખણ જેવું પોચું થઈ ગયું. મળત્યાગ દિવસભરમાં ક્યારે પૂરેપૂરો કરીશ તેની વિટંબણામાંથી છૂટયો અને વહેલી સવારે કુદરતી રીતે બંધાયેલો ઝાડો થતો ચાલ્યો. હું ત્યાં પહોંચ્યો ત્યારે ખરજવું ઠીક પ્રમાણમાં ઉપડેલું હતું, જેના ઉપર માત્ર માટી ચોપડવામાં આવતી અને સૂર્યકિરણો આપવામાં આવતાં. ખરજવું મટયું અને ચામડી સાફ થઇ ગઇ. મારા બન્ને પગના ગોઠણોમાં રૂમેટીઝમ—વા—ભરાયેલો હતો. બેસતાં ઉઠતાં ઠીક ઠીક તકલીફ થતી. આ ગોઠણો ઉપર માટી પણ ચોપડવી પડી અને ક્રમે ક્રમે હું એ દર્દમાંથી છૂટી ગયો.

ઉરૂલી કાંચન હોસ્પીટલમાં દાખલ થયો ત્યારી મારી પાચન શકિત ઘણી મંદ હતી તેને બદલે મને વધુ અને વધુ ભૂખ લાગતી ગઇ અને મળશુધ્ધિ થયા પછી ક્રમે- ક્રમે દ્રાક્ષનો રસ ઓછો કરીને છાસ, દહીં દૂધ, માખણ; ખીચડી, ભાખરીનો ખોરાક આપવામાં આવ્યો. શાક માત્ર બાફેલું અને મીઠું કે કોઇ પણ મસાલા વગરનું આપતા. મીઠાના સ્વાદને ટેવાયેલી જીભને એ શાક ગમશે કે કેમ એ પ્રશ્ન મારા મનમાં ઉઠયો, પરંતુ શરૂઆતના ૨૦ દિવસ દરમિયાન મારી જે શરીરશુદ્ધિ થઈ હતી, તેથી જીભના પૂર્વ-સ્વાદો મંદ પડયા હતા. એટલે મીઠા વગરનું શાક લઈ શકાયુ. ખરજવાનો દર્દી જો મીઠું છોડી દે તો સ્વાસ્થ્ય વધુ ઠીક રાખી શકાય એવો અભિપ્રાય ડોકટરોનો હતો. ઘેર આવ્યા પછી પણ હું અલૂણો ખોરાક લઉં છું.

આશ્રમમાં ખાસ જાતની ગાયો પાળવામાં આવે છે, તેની વૈજ્ઞાનિક ઢબે માવજત કરવામાં આવે છે એટલે દુધ, દહીં, માખણ વગેરે ઉત્તમ કોટિનાં મળી રહે છે. શરીરશુધ્ધિમાં મેં બે રતલ વજન ગુમાવેલું. માવજત પૂરી થતાં ત્રણ રતલ વધ્યું. માવજત પૂરી કર્યા પછી શરીરને સંભાળવું હોય તો ખોરાક ઉપર સંયમ રાખવો જરૂરી છે તેમ જ શું ખાવું, કેટલું ખાવું અને ક્યારે ખાવું એનું પૂરૂં ભાન આ માવજત પછી મેં મેળવ્યું. હું એક મહિનો ત્યાં રહ્યો, તે દરમિયાન માવજત માટે જે ખર્ચ થયો એનું બીલ રૂા, ૧૬૪ થયું.

કોરા ગ્રામોદ્યોગ કેંદ્ર
બોરીવલી

**વિઠ્ઠલદાસ જેરાજાણી**

## ગાંધીજી અને સામ્યવાદ

(ગતાંકથી ચાલુ)

આ થયા બે છેડા. આ બેની વચ્ચે બીજા બધાને બેસવાનું છે. દરેક પોતપોતાની સગવડ પ્રમાણેની જગ્યા જોઇને બેસે છે. કોઇ કહે છેઃ "સમાજરચના બદલવાનીયે જરૂર છે એની ના નથી, પણ ખાસ ગુણોના વિકાસ સાથે જ તે થવું જોઇએ. સમાજમાં કેટલાંક સ્થિર મૂલ્યો હોય છે, તે ગુમાવીને અમુક એક સમાજરચના સિદ્ધ કરવાની ઉતાવળ કરવામાં **लाहे कारण मूल गँवायो** વ્યાજના લોભમાં મૂળ રકમ ખોવા જેવું થાય. સમાજરચના એ કંઇ શાશ્વત વસ્તુ નથી. દેશકાળ પ્રમાણે તે બદલાશે અને બદલવી જોઇએ. કાયમ માટે એક સમાજરચના કરી લઇએ અને પછી નીરાંતે ઊંઘીએ એમ થઈ શકવાનું નથી. સમાજરચનાને દેવી કરીને બેસાડવામાં કંઈ જ સાર નથી. વળી, સમાજરચના કરશે પણ કોણ? મનુષ્ય જ ને? તો જેવા મનુષ્ય હશે તેવી જ તે બનશે. માટે સૌજન્યની મર્યાદા સંભાળીને, એટલું જ નહીં બલ્કે ઉત્તમ સૌજન્ય રાખીને, સૌજન્ય વધારીને, સૌજન્યના બળથી જ સમાજરચનામાં પલટો લાવવો જોઇએ. આવો પલટો ધીરે ધીરે થાય તો પણ તેની ચિંતા કરવાની જરૂર નથી. ધીરે ધીરે ચાવીને ખાધેલું પચે છે પણ સારૂ, અને છેવટે એ ધીરી ગતિ જ જલદીમાં જલદી કાર્ય-સાધક નીવડશે. સૌજન્ય વધારવાની વાતો આપણે કરીએ તેનો અર્થ એ નથી કે આપણે દેવ બનવા માગીએ છીએ. તે અહંકાર આપણને ન જોઇએ. આપણે માનવ જ હોવાથી, સૌજન્યનો ગમે તેટલો વિકાસ કરીશું તોયે આપણને દેવ બની જવાની ધાસ્તી જ નથી. માટે જેટલો વધારેમાં વધારે ગુણોનો ઉત્કર્ષ સધાય તેટલો આપણે બેધડક સાધી લેવો. સમાજરચના સારી હોય તો સદ્‌ગુણોનો વધારો થવામાં મદદ મળે એ વાત ખોટી નથી, પણ સદ્‌ગુણોની યોગ્ય વૃદ્ધિ થાય તો જ સમાજરચના પણ સારી થાય એ તેથીયે વધારે મૂળભૂત વસ્તુ છે. સદ્‌ગુણનિષ્ઠા એ પાયો છે. સમાજરચના ઇમારત છે. પાયાને ઉખાડીને ઇમારત શી રીતે મજબૂત બનાવી શકાશે?"

ત્યારે બીજા કહે છેઃ "સમાજરચના બદલવાનું કામ શાશ્વત મૂલ્યો સંભાળીને જ કરવું જોઇએ, સદ્‌ગુણનિષ્ઠા નીચી પડવા ન દેવી જોઇએ, એ અમને પણ કબુલ છે, પણ નૈમિત્તિક કર્મ માટે નિત્યકર્મ છોડવા પડે છે, તે પણ ભૂલશો નહીં. તમે પ્રાર્થનાને નિત્યકર્મ સમજો છો. પણ તમારી પ્રાર્થના વખતે ક્યાંક આગ લાગે તો પ્રાર્થના છોડીને આગ હોલવવા જશો કે નહીં? આગ હોલવવા પછી નિરાંતે પ્રાર્થના કરશો. આ નિત્ય-નૈમિત્તિક-વિવેક કહેવાય. આવો જ વિવેક બધે કરવો પડે છે. ક્રાંતિ માટે હિંસાનાં સાધન વાપરવાં જ જોઇએ, હિંસા સિવાય ક્રાંતિ થઇ શકતી જ નથી, એમ કોમ્યુનિષ્ટોની જેમ અમે માનતા નથી. હિન્દુસ્તાન જેવા દેશમાં અને લોકશાહી રાજ્યમાં હિંસક સાધનનો ઉપયોગ કર્યા વિના માત્ર મતદાનના બળ પર રાજ્યક્રાંતિ કરી શકાશે એવો અમને વિશ્વાસ છે. તે માટે લોકમત તૈયાર કરવામાં પાંચ પચીસ વર્ષ લાગે, તો પણ અમને હરકત નથી. અમે ધીરજથી લોકમત તૈયાર કરતા રહીશું. પણ ધારો કે સત્તાધારી પક્ષ ચૂંટણીની પવિત્રતા રાખે નહીં, અને સત્તાનો દુરૂપયોગ કરી ચૂંટણીઓ લડે તો એવે પ્રસંગે સાધનશુધ્ધિનો આગ્રહ રાખવો એટલે સદા માર ખાતા રહેવું એવો અર્થ થાય. માટે લાચારીથી ખાસ પ્રસંગે તેટલા પૂરતો બીજાં સાધનોનો ઉપયોગ કરવામાં અમને દોષ દેખાતો નથી. અમને તે નૈમિત્તિક ધર્મ લાગે છે. જોઇએ તો તમે તેને આપદ્ધર્મ કહો, પણ અધર્મ ન કહેશો એ જ અમારી તમને વિનંતિ છે. તેટલાથી શાશ્વત મૂલ્યો ખોવાને કારણ નથી. કારણસર સ્ક્રૂ ઢીલો કરવો પડયો હોય તો તે પછી પાછો મજબૂત કરી શકાય. સત્તાની ફેર-બદલી થતાં શાશ્વત મૂલ્યોને એથી પણ વધારે પાકાં કરી લઇશું. હલાવીને ખૂંટો મજબૂત કરવો એમ કહે છે તે જ પ્રમાણે આ સમજો. અહિંસાના લાભ માટે જ આ કામચલાઉ હિંસાનો આશ્રય છે. નહીં તો અહિંસા જ આપણાથી દૂર જશે. ઝાડના મૂળ પર ઘા કરવો એ એક વાત છે અને શાખાઓની કાટ-છાંટ કરવી એ બીજી વાત છે. પૂંજીવાદ, સામ્રાજ્યવાદ, નીતિવંશવાદ—આ બધા

(અનુસંધાન પાનું ૧૫)

## જૈન સ્થાનકવાસી સાધુસંમેલન અને સ્થા. કૉન્ફરન્સનું બારમું અધિવેશન

સાદડી (મારવાડ) મુકામે તા. ૨૭-૪-૫૨ થી શરૂ થયેલ હિંદભરના સ્થાનકવાસી જૈન સાધુઓના સંમેલનનું કાર્ય તા. ૭-૪-૫૨ ના રોજ પૂર્ણ થયેલ છે અને સફળતાપૂર્વક પાર પડેલ છે. સ્થાનકવાસી સાધુ-સાધ્વીઓ અન્ય ફિરકાઓની જેમ અનેક સંપ્રદાયમાં વહેંચાયેલ હતા; તે બધા સંપ્રદાયોનું વિલીનીકરણ કરવામાં આવેલ છે અને 'શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રમણ સંઘ-' ના નામથી બધાં સાધુ-સાધ્વીઓ એકત્રિત બનેલ છે. પોતપોતાના સંપ્રદાયો અને પોતપોતાની પદવીઓ ત્યાગવાની વિધિ તા. ૭-૫-૫૨ ના રોજ થઈ હતી; તે સમયનું દૃશ્ય અભૂતપૂર્વ હતું અને સ્થા સમાજના જ ઇતિહાસમાં નહિ, પરન્તુ સમસ્ત જૈન સમાજના ઇતિહાસમાં આ ઘટના અત્યન્ત આવકારદાયક અને ચિરસ્મરણીય લેખાશે. આ સમયે દરેક આચાર્યે શાસ્ત્રોકત રીતે પોતાને પ્રાપ્ત થયેલી આચાર્યપદવીનો ત્યાગ કર્યો હતો, પોતપોતાના સ્વતંત્ર સંપ્રદાયને વિસર્જિત કર્યો હતો, અને 'શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રમણ સંઘ' માં આ સર્વ આચાર્યો જોડાયા હતા; આ સંઘના આચાર્ય તરીકે પંજાબના પૂ. શ્રી. આત્મારામજી મહારાજની અને ઉપાધ્યાય તરીકે પૂ. શ્રી. ગણેશીલાલજી મહારાજની સર્વાનુમતે વરણી થયેલ છે. આ ઉપરાંત ૧૬ મુનિરાજોનું એક મંત્રીમંડળ નીમવામાં આવ્યું છે.

જેવી રીતે હિન્દભરના સ્થા. જૈન સાધુ-સાધ્વીઓનું એકમ રચાયું તેવી જ રીતે હિન્દભરના સ્થાનકવાસી જૈનોનું પણ એકમ રચવાનો તા. ૪-૫-૬ મે ના રોજ મળેલ કૉન્ફરન્સના બારમાં અધિવેશનમાં ઠરાવ થયો હતો. આ ઠરાવ અનુસાર હિંદભરની સ્થાનકવાસી સમાજની સામુહિક મિલકતોનો વહીવટ એક મધ્યસ્થ સંઘ મારફત થશે અને તેની શાખાઓ હિન્દભરમાં ખોલવામાં આવશે. બૃહદ્ સાધુ સંમેલનમાં થયેલ કાર્યવહી ઉપરથી ફલિત થતી આ નવી રચનાને મૂર્તસ્વરૂપ આપવાનું કાર્ય હવે ત્વરિત રીતે હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત કૉન્ફરન્સના બારમા અધિવેશનમાં (૧) વિશ્વ વિદ્યાલયોમાં અર્ધ માગધીને યોગ્ય સ્થાન આપવાનો અનુરોધ કરતો (૨) મહાવીર જયંતીના તહેવારને હિંદભરમાં જાહેર તહેવાર તરીકે માન્ય રાખવાનો મધ્યસ્થ સરકારને અનુરોધ કરતો (૩) જૈન ધર્મના પ્રચાર માટે ધાર્મિક પાઠ્યપુસ્તકો અને ધર્મસૂત્રો (આગમો)-ના પ્રકાશન અને પ્રચારને વેગ આપતો, (૪) પશુ-પક્ષીઓને હિંસા માટે બહાર મોકલવાનું બંધ કરવાનો તેમ જ દુધ દેતા અને ઉપયોગી પશુઓની કતલ બંધ કરવાનો અનુરોધ કરતો, (૫) જૈનોના ત્રણે ફિરકાઓની એકતા માટે સક્રિય પગલાંઓ લેવાનું સૂચન કરતો-આવા કેટલાક ઠરાવો પસાર થયા હતાં. નિર્વાસિતો હવે થાળે પડી ગયેલ હોઈ, પંજાબ સિંધ રાહત ફંડને સ્વધર્મી સહાયક ફંડમાં ફેરવી નાખવાનું નક્કી થયું હતું.

કૉન્ફરન્સની વાર્ષિક બેઠકમાં ૩૦ સભ્યોની એક મેનેજીંગ કમિટી નીમવામાં આવી હતી; અ. ભા. શ્વે. સ્થા. જૈન કૉન્ફરન્સના પ્રમુખ તરીકે આ અધિવેશનમાં બીકાનેરના આગેવાન અને સાહિત્યપ્રેમી શેઠ શ્રી ચંપાલાલજી સા. બાંઠીઆ સર્વાનુમતે નીમાયેલ છે.

આ સમયે કૉન્ફરન્સના માનદમંત્રી શ્રી. ચીમનલાલભાઇ પોપટલાલ શાહે પોતાની લાક્ષણિક શૈલીમાં ફંડ માટે અપીલ કરી હતી જેના પરિણામે રૂ. ૨૫૦૦૦-૨૬૦૦૦નું ફંડ થવા પામ્યું હતું-જેમાં અધિવેશનના પ્રમુખે રૂા. ૨૦,૦૦૦ની અને શ્રી. વનેચંદભાઇ દુર્લભજી ઝવેરીએ કરેલ રૂા. ૨૫૦૦ની સખાવત મુખ્ય છે.

આ રીતે સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ ચતુર્વિધ શ્રી. સંઘ (સાધુ, સાધ્વીઓ, શ્રાવક અને શ્રાવિકાઓ)ને જે એક અને અવિભાજ્ય બનાવવા માટે છેલ્લા ત્રણ વર્ષથી તનતોડ પ્રયત્ન કરી રહી હતી તે કાર્ય સાદડી (મારવાડ) મુકામે સંપૂર્ણપણે પાર પડેલ છે. હિંદભરના સ્થા. જૈન આગેવાનો સાધુ-સાધ્વીઓએ અને સાદડી પધારેલ ૨૫૦૦૦-૩૦૦૦૦ સ્થા. જૈનોએ એક અવાજે આ કાર્યને વધાવી લીધું છે.

ટી. જી. શાહ

## સર સ્ટેફર્ડ ક્રીપ્સનું અવસાન

એપ્રીલ મહિનાની ૨૧ મી તારીખે બ્રિટિશ મજુર પક્ષના પ્રાણ સમા સર સ્ટેફર્ડ ક્રિપ્સનું ૬૨ વર્ષની વયે અવસાન થયું. બ્રિટનના "લોખંડી નાણામંત્રી" તરીકે જાણીતા થયેલા આ સમાજવાદી આગેવાન હિન્દની આઝાદીના અને ત્યારબાદના હિન્દ અને બ્રિટનના મીઠા સંબંધોનાં પ્રમુખ ઘડવૈયા હતા. ઈ. સ. ૧૯૪૨ અને ૧૯૪૬માં આવેલા 'કેબિનેટ મિશન'માં ક્રિપ્સે અગ્રગણ્ય ભાગ લીધો હતો. આથી જ હિન્દના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂએ લેડી ક્રિપ્સને પાઠવેલ આશ્વાસન-સંદેશમાં કહ્યું કે "હિન્દુસ્તાનને સર સ્ટેફર્ડ ક્રિપ્સ પ્રતિ આદર અને મમતા હતી. છેલ્લા વીશ વર્ષથી હિન્દની મુક્તિના ધ્યેય માટે તેમણે જે અંગત કાળજી અને સતત વફાદારીપૂર્વક કાર્ય કર્યું હતું તે માટે તેઓ હિન્દીઓના દિલમાં વસી ગયા છે. અમારા ઇતિહાસમાં તેમનું સ્થાન માનભર્યું છે."

અત્યંત રૂઢિચુસ્ત અને શ્રીમંત કુટુંબમાં સર સ્ટેફર્ડ ક્રિપ્સનો જન્મ થયો હતો. તેમણે રસાયણશાસ્ત્રમાં રસ કેળવ્યો અને તેમાં નાની વયમાં એટલા બધા પારંગત થયા કે પ્રસિધ્ધ વિજ્ઞાનશાસ્ત્રી સર વિલિયમ રામ્સે તેમને પોતાની સાથે કાર્ય કરવા નિમંત્રણ આપ્યું. પણ થોડો સમય વૈજ્ઞાનિક કાર્ય કરી ક્રિપ્સે બાપદાદાના વકીલાતના ધંધામાં ઝંપલાવ્યું.

પોતાની બુધ્ધિશક્તિ અને શિસ્તમય સ્વભાવથી ક્રીપ્સે એટલી બધી પ્રગતિ સાધી કે તેમની વાર્ષિક આવક એક સમાયે ૩૦,૦૦૦ પૌંડ (લગભગ ૪ લાખ રૂપિયા) સુધી પહોંચી. પણ આ દરમિયાન તેમના માસી અને વિશ્વવિખ્યાત અર્થશાસ્ત્રી અને સમાજવાદી લેખિકા શ્રીમતી બીએટ્રિસ વેબે ક્રિપ્સના જીવન પર ખૂબ અસર કરી, અને ક્રિપ્સે બાઇબલના માર્ગે સમાજવાદ સ્વીકાર્યો. ખ્રિસ્તી દેવળોમાં તેમણે ઉપદેશ આપવા માંડ્યો કે ખ્રિસ્તી ધર્મમાં માનવું અને મુડીવાદ પણ સ્વીકારવો તે અશક્ય છે. ક્રિપ્સે વકીલાત છોડી અને મજુર પક્ષના ઉદ્દામ આગેવાન તરીકે જાણીતા થયા.

૧૯૩૨ માં ક્રિપ્સ સોસ્યાલીસ્ટ લીગના પ્રમુખ થયા. આ સમય ઇંગ્લેંડના સમાજવાદીઓ માટે અત્યંત કઠિન હતો. તેમના સર્વમાન્ય આગેવાન રામ્સે મેકડોનાલ્ડે સમાજવાદી સરકાર વિખેરી નાખી રૂઢિચુસ્તો સાથે હાથ મિલાવ્યા અને મજુર પક્ષમાં મોટું ભંગાણ પડ્યું. આ સમયે પોતાની અપાર નિષ્ઠા, બુધ્ધિબળ અને અથાક કાર્યશક્તિથી તેમણે મજુર પક્ષમાં નવી શ્રધ્ધા પ્રકટાવી.

જ્યારે બીજું વિશ્વયુધ્ધ શરૂ થયું ત્યારે ઇંગ્લંડમાં મજુર અને રૂઢિચુસ્ત પક્ષની સંયુક્ત રાષ્ટ્રીય સરકાર અસ્તિત્વમાં આવી. આ સમયે બ્રિટનના વડાપ્રધાન શ્રી. વિન્સ્ટન ચર્ચીલે સર સ્ટેફર્ડને રશિયામાં બ્રિટિશ એલચી તરીકે મોકલ્યા. તે સમયે બ્રિટનની સ્થિતિ કરૂણ હતી. ફ્રાંસ પરાજિત થયું હતું. રશિયા અને જર્મની વચ્ચે સમજુતી થઈ હતી, એમ કહેવાય છે કે રશિયાને સાથી રાજ્યો તરફ વાળવામાં ક્રિપ્સની મુત્સદીગીરીનો મોટો ફાળો હતો.

ઇ. સ. ૧૯૪૫ માં અપૂર્વ બહુમતીથી બ્રિટનમાં સમાજવાદીઓ સત્તા પર આવ્યા. ક્રિપ્સે પ્રથમ કાર્ય હિન્દની આઝાદી માટે સચ્ચાઇ અને નિષ્ઠાપૂર્વક કર્યું એ હકીકત ઠીક ઠીક જાણીતી છે. પણ ક્રિપ્સે સાવ ખખડી ગયેલા બ્રિટનના અર્થતંત્રને ટકાવી રાખી બ્રિટીશ પ્રજાનું સમાજવાદી ન્યાયે જીવનધોરણ કેવી રીતે ઉંચું ચડાવ્યું એ હકીકત બહુ જાણીતી નથી. લોકપ્રિયતાની જરા પણ પરવા કર્યા સિવાય ક્રિપ્સે તમાકુ અને દારૂ પર ભારે કર નાખી, સરકારી સહાયથી માખણ, દૂધ અને બીજી જીવનોપયોગી વસ્તુઓ એક અદનો શ્રમજીવી ખરીદી શકે તેટલી સસ્તી કરી દીધી. જ્યારે રોમ, બર્લીન અને પારીસમાં લોકોના 'ભૂખ-સરઘસો' નીકળતા હતા ત્યારે ઇંગ્લેંડમાં કોઈ ભૂખ્યું કે બેકાર ન હતું.

પણ નાણામંત્રીના કાર્ય માટે ક્રિપ્સ કેટલીયે વાર અખંડ રાતના ઉજાગરા કરતા. ઇ. સ. ૧૯૪૯ અને ૧૯૫૦માં તેમને સ્વીટ્ઝર્લૅંડ હવાફેર કરવા જવું પડેલું. આખરે ગયા વર્ષના ઓકટોબરમાં તેમણે ફરજિયાત નિવૃત્તિ લીધી. માંદગી સામે તેમણે ઈંગ્લંડની ફરી સેવા કરવાની આશાથી સાચા અર્થમાં યુધ્ધ આદર્યું. તેમના શરીરનો પરાજય થયો, પણ તેમની ખુમારીની કદી હાર થવાની નથી.

તેમણે લખેલાં પુસ્તકોમાં (૧) Why This Socialism (૨) The Strugale for Peace (૩) Democracy Up-to-date અને (૪) Towards Christian Democracy નોંધપાત્ર છે,

બ્રિટનના રૂઢિચુસ્ત વડાપ્રધાન શ્રી. વિન્સ્ટન ચર્ચીલ સાથે સર સ્ટેફર્ડ ક્રિપ્સને બુનયાદી મતભેદ હતો. શ્રી ક્રિપ્સને પાર્લામેન્ટમાં અંજલિ આપતા શ્રી. ચર્ચીલે કહ્યું કે "સ્ટેફર્ડ ક્રિપ્સ અતાંત શકિતશાળી અને જાજ્વલ્યમાન વ્યકિત હતા. દુન્યવી સુખ સગવડો કે આર્થિક લાભ પ્રત્યે તદ્દન બેપરવા રહી તેમણે જીવનયુધ્ધ ખેલ્યું. આ પાર્લામેન્ટમાં એવી એક પણ વ્યકિત નહિ હોય કે જેને ક્રિપ્સ સાથે કોઇવાર તિવ્ર મતભેદ નહિ થયો હોય. આમ છતાં એવો કોઈ પણ સભ્ય નહિ હોય કે જેને ક્રિપ્સ પ્રત્યે આદર અને પ્રસંશાની લાગણી ન હોય".

**વાડીલાલ ડગલી**

# પ્રકીર્ણ નોંધ

## નવજીવન સંસ્થા અને હરિજનપત્રોનો હિસાબ

તા. ૨૯-૩-૫૨ ના હરિજનબંધુમાં નવજીવન સંસ્થાનું તા. ૩૧-૧૨-૧૯૫૧ ના દિને પુરા થતા વર્ષનું સરવૈયું, ઉપજ ખર્ચનો હિસાબ તથા હરિજન પત્રોના હિસાબની વિગતો પ્રગટ કરવામાં આવી છે. નવજીવન સંસ્થા પ્રજાકીય સંસ્થા છે. તેના સ્થાપક રાષ્ટ્રપિતા ગાંધીજી છે. એ સંસ્થા વિષે સ્વાભાવિક રીતે સૌ કોઇના દિલમાં ઉંડુ મમત્વ રહેલું છે. તેથી તેના અદ્યતન વહીવટ વિષે, તેના સરવૈયા અતે આવક જાવકના હિસાબ વિષે કંઇ પણ લખતાં મન ભારે સંકોચ અનુભવે છે. આવા કોઇ લખાણથી એ સંસ્થાને રખેને કાંઇ નુકસાન ન થાય એ ચિન્તા લખાણ ઉપર સ્વાભાવિક અંકુશ મૂકે છે.

આ સંસ્થાનું સરવૈયું જોતાં માલુમ પડે છે કે આ સંસ્થાએ પોતાનાં સ્વતંત્ર મકાનો તેમ જ કાર્યકર્તાઓનાં નિવાસસ્થાન બંધાવવા પાછળ તથા તેને લગતી જમીન ખરીદવા પાછળ રૂા. ૧૯૪૩૯૩૭-૮-૬નો ખર્ચ કર્યો છે અને તે માટે રૂા. ૨૦૬૪૧૦૯-૬-૩ની લોન લીધી છે, જેમાં શ્રી મહાદેવ દેસાઇ સ્મારક ટ્રસ્ટની રકમ રૂા. ૧૦૬૫૪૩૪-૧-૬નો સમાવેશ થાય છે. પારકી થાપણ ઉપર આ આખી રચના ઉભી કરવામાં સંસ્થાના જવાબદાર કાર્યવાહકોએ વધારે પડતું સાહસ કર્યું છે અથવા તો યોગ્ય વિવેકનો ઉપયોગ કર્યો નથી એમ વ્યવહારૂ નજરે જોનારને લાગ્યા વિના રહે તેમ નથી. લોન લીધેલી રકમના વ્યાજનો બોજો એટલો બધો રહેવાનો કે સંસ્થાને જો કોઈ મોટાં દાન ન મળે તો તેમાંથી ઉંચે આવવાનું હંમેશાને માટે બહુ જ મુશ્કેલ રહેવાનું. અલબત્ત આ બધી રચના કરવામાં આવી ત્યારે સરદાર વલ્લભભાઇ પટેલ જીવતા હતા અને આ આર્થિક બોજો તરી જવામાં સરદાર વલ્લભભાઈ ઉપર સંસ્થાના કાર્યવાહકોએ કેટલીક મદાર બાંધી હોય એ સ્વાભાવિક છે. આમ છતાં પણ હાથમાં પુરતા નાણાં મેળવીને પછી બાંધકામની યોજનાનો અમલ શરૂ થયો હોત અથવા તો સંસ્થાની આર્થિક તાકાત મુજબ જ મકાન બાંધકામની યોજના વિચારાઇ હોત તો આજે તેઓ જે મુંઝવણ અનુભવે છે તેવી મુંઝવણ અનુભવવાને અવકાશ ન રહેત. પણ હવે આ ચર્ચાનો બહુ અર્થ રહેતો નથી. દેવું થઇ ગયું છે, મકાનો બંધાઈ ગયાં છે. આ નવરચના કરનારાઓએ એકાન્તશુભ હેતુ અને નિષ્ઠાથી કાર્ય કર્યું છે જે વિષે બે મત હોઇ શકે જ નહિ. એ સંસ્થા જેટલી તેમની છે તેટલી જ આપણી છે. તેમની સંસ્થાગત આર્થિક મુશ્કેલી પાર કરવામાં તેમને બને તેટલા મદદરૂપ થવું તે આપણો ધર્મ છે.

હવે હરિજનપત્રોનો વિચાર કરીએ. તે પત્રોના સંચાલન પાછળ આવતી આર્થિક ખોટના કારણે તેના વ્યવસ્થાપકો એ પત્રો બંધ કરવાનો વિચાર કરે છે એવા સમાચાર જ્યારે પ્રગટ થયા ત્યારે અનેક લોકોને સખ્ત આઘાત લાગ્યો અને કોઇ પણ રીતે આમ ન જ થવું જોઈએ એવો ચોતરફથી પોકાર ઉઠયો. આ ખોટ કઇ રીતની છે તેનો ખ્યાલ તેને લગતા હિસાબ ઉપરથી મળે છે. તે હિસાબની વિગત નીચે મુજબ છે.

હરિજનપત્રોની ગ્રાહક સંખ્યા કુલ ૯૦૦૦ છે. હરિજન ૨૮૪૦, હરિજનબંધુ ૩૮૯૦, હરિજનસેવક ૨૨૭૦.

તેના આવક ખર્ચનું તારણ આ પ્રમાણે છે,

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૫૧૩૪૪-૦-૦ | લવાજમ તથા છુટક વેચાણના | ૨૫૧૫૨-૦-૦ | સંપાદન ખર્ચ, વર્ધા તથા અમદાવાદનું મળીને |
| ૪૦૮૯૫-૦-૦ | વાર્ષિક ખોટ | ૧૨૫૨૮-૦-૦ | વ્યવસ્થા ખર્ચ, તાર, સ્ટેશનરી, ભાડું તથા ઓફીસકામનું કુલ ખર્ચ. |
| | | ૪૮૦૭૯-૦-૦ | પ્રેસ બીલ |
| | | ૬૪૮૦-૦-૦ | પત્રોની રવાનગી અને ટપાલ ખર્ચ |
| ૯૨૨૩૯-૦-૦ | | ૯૨૨૩૯-૦-૦ | |

ઉપરના હિસાબમાં મોટા ચાર મથાળા નીચે ખર્ચની ચાર મોટી રકમો આપવામાં આવી છે, પણ તે દરેક રકમની કશી પણ પેટાવિગતો આપવામાં આવી નથી. તેથી તે સંબંધમાં વિચારણા કે ચર્ચા માટે બહુ અવકાશ રહેતો નથી. વર્ધા તથા અમદાવાદના સંપાદન પાછળ રૂા. ૨૫૧૫૨-૦-૦ જેટલી મોટી રકમનો શી રીતે ખર્ચ થાય તે કલ્પનામાં આવતું નથી, સિવાય કે નવજીવન સંસ્થાના લેખકોની કેટલીક સંસ્થાગત જવાબદારીઓ આ ખાતે ઉધારવામાં આવી હોય. પ્રેસબીલ ખાતે ઉધારેલ રૂા. ૪૮૦૭૯ એક એવી રકમ છે કે જેનો પ્રબુધ્ધ જૈનની છપાઈને લગતા અનુભવના આધારે થોડોક વિચાર કરી શકાય તેમ છે: દરેક પત્રની આશરે ત્રણ ત્રણ હજાર નકલ, કુલે ૧૦૦૦૦) નકલ, અને હરિજનપત્રો છપાય તેવા કાગળો તેમના ભાવે મળે તો—આ રીતે મુંબઇમાં હરિજનપત્રો છપાવવા હોય તો સોળરતલી કાગળના, રૂા. ૧૨૪૮૦ છપાઈના પ્રબુધ્ધ જૈનના જો કે એક ફારમના રૂા. ૩૨ પડે છે એમ છતાં દરેક પત્રની ૩૦૦૦ લગભગ નકલ અને દરેક પત્ર અંગ્રેજી, ગુજરાતી અને દેવનાગરીમાં છપાવવાનું એ હકીકત ધ્યાનમાં લઇને એક ફારમનો રૂા. ૫૦ નો ભાવ ગણીએ તો છપાઈનાં કુલ રૂા. ૧૫૬૦૦ થાય, અને પ્રુફ રીડીંગ સાધારણ રીતે છપાઇમાં સમાઇ જાય છતાં તેના રૂા. ૨૦૦૦) જુદા ગણીએ તો કૂલ રૂા. ૩૦૦૯૮) થાય. અને તેમાં પ્રેસ જરૂરી નફો કરે જ. સંભવ છે કે આ ગણતરીમાં કાંઇક ભૂલ થતી હોય, છતાં રૂા. ૧૮૦૦૦) નો ગાળો પુરાય એટલી મોટી ભૂલ તો હોઇ ન જ શકે. સંભવિત છે કે હરિજનપત્રોની છપાઇ વગેરેનો દર ઘણો મોટો લગાડવામાં આવતો હોય અને તેનો નફો મુદ્રણાલય ખાતામાં જમે કરવામાં આવતો હોય. કારણ કે નવજીવન સંસ્થાના આવક ખર્ચના હિસાબમાં મુદ્રણાલય ખાતે રૂ, ૩,૨૮,૪૧૪-૧૦-૦ જમે બતાવવામાં આવ્યા છે. સાધારણ સંયોગોમાં આમાં કોઇને કશો વાંધો ઉઠાવવાપણું ન હોય, કારણ કે એક ખાતાની નુકસાની બીજા ખાતાનાં નફામાં પરિણમતી હોય તો

એમાં સંસ્થાની સમગ્ર દૃષ્ટિએ કશો મહત્વનો ફેર પડતો નથી. પણ જ્યારે હરિજનપત્રોના હિસાબમાં રૂા. ૪૦૮૯૫ ની ખોટ રજુ કરવામાં આવે અને તે કારણે હરિજનપત્રો બંધ કરવાની ધમકી આપવામાં આવે ત્યારે આ ખોટ વાસ્તવિક ખોટ છે કે કેમ અને હરિજનપત્રોનો જે રીતે હિસાબ રજુ કરવામાં આવ્યો છે તે રીત બરોબર છે કે કેમ એ જરુર વિચારણીય બને છે. આજે જો નવજીવન સંસ્થાના સંચાલકોના દિલમાં હરિજનપત્રોને ખરેખર ચાલુ રાખવાનો આગ્રહ હોય તો સંપાદન ખર્ચના નામે જણાવાયલી રૂ. ૨૫૧૫૨ ની રકમમાંથી હરિજનપત્રોના સંપાદન સાથે સીધી રીતે ન જોડાયલી એવી જો કોઇ રકમ હોય તો તે તેમણે બાદ કરવી જોઇએ, ગાંધીજી હયાત હતા ત્યારે આવશ્યક લેખાતો હોય અને અત્યારે એટલો આવશ્યક ન હોય તેવો સંપાદનખર્ચ પણ કમી કરવો જોઇએ, બીજા છાપખાનાના દરો મુજબ પ્રેસબીલ આકારાવું જોઈએ, અને એ રીતે હરિજનપત્રોની ખરી આર્થિક સ્થિતિનું વાસ્તવિક ચિત્ર રજુ કરવું જોઇએ અને તેને પહોંચીવળવા માટે કેટલી ગ્રાહક સંખ્યા વધારવાની જરૂર છે તે બતાવવું જોઇએ. આટલું જ નહિ પણ તે સંખ્યા વધારવા માટે તેમણે પૂરેપૂરા સક્રિય થવું જોઇએ. હરિજનપત્રોના પ્રકાશન પાછળ જે પ્રમાણે ખોટ આવે છે તે પ્રમાણે અમુક સમય સુધી ચાલુ રહેશે તો હરિજનપત્રો બંધ કરવામાં આવશે એમ કહીને હાથ જોડીને બેસી રહેનાર કાર્યવાહકો હરિજનપત્રો કે નવજીવન સંસ્થા પ્રત્યેની પોતાની ફરજ અદા નથી કરતા એમ આપણે કહેવું રહ્યું. આજે આ સંસ્થા પાસે ગાંધીજીનાં લખાણોનો કુલ ઇજારો છે અને તેની માંગ કદી ઘટવાની નથી એમ માનીને અથવા તો કોંગ્રેસ સરકારનો પોતાને ઘણો મોટો ટેકો છે અને શાળાનાં પાઠ્યપુસ્તકો વગેરે છપાવવાનું સરકારી કામ બહુ મોટા પ્રમાણમાં મળે છે એથી બેપરવા બનીને ખોટ ચાલું રહે તો હરિજનપત્રો બંધ કરવા એમ તે સંસ્થાના કાર્યવાહકો હળવા દિલે વિચારી શકે છે, બોલી શકે છે. પણ હરિજન-પત્રો અને નવજીવન સંસ્થાની પ્રતિષ્ટા ઉભય કેટલા ગાઢપણે સંકળાયલા છે તેનો તેમને પૂરો ખ્યાલ નથી. એ સંસ્થાના કાર્ય-વાહકો બરોબર સમજી લે કે હરિજનપત્રો બંધ થવા સાથે નવજીવન સંસ્થાની પ્રતિષ્ટાને ઘણો સખત ધકકો લાગવાનો છે અને કેવળ સંસ્કારઘડતર સાધવાના હેતુથી ઉભી કરવામાં આવેલી સંસ્થા નફાનુકસાનના ખ્યાલ ઉપર જ ચાલતી એક વ્યાપારી પેઢીમાં રૂપાન્તર પામવાની છે.

હરિજનપત્રો બંધ કરવાને લગતી જાહેરાત વાંચીને અનેક લોકોને સખ્ત આઘાત લાગેલો. તેમાંથી કેટલીક આગેવાન વ્યક્તિઓએ જાહેર જનતાને હરિજનપત્રોના ગ્રાહક થવા અપીલ કરેલી અને કેટલાક ભાઇઓએ સ્વતંત્ર રીતે ગ્રાહકો નોંધવાના પ્રયત્નો શરૂ કરેલા. તેના પરિણામે. તા. ૧૯–૪–૫૨ના હરિજનબંધુમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ, તા. ૧૫–૪–૫૨ સુધીમાં હરિજનપત્રોના ગ્રાહકોની સંખ્યા નીચે પ્રમાણે છેઃ–

"હરિજન ૩૮૭૮, હરિજનબંધુ ૬૩૭૦, હરિજનસેવક ૩૨૩૯, કુલ ૧૩૪૮૭" પહેલી માર્ચ પછી કુલ ગ્રાહકસંખ્યામાં ૪૪૮૭ નો વધારો થયો છે.

આ રીતે જોતાં હરિજનબંધુ તો લગભગ સ્વાશ્રયી થયું ગણાય. એમ છતાં હરિજનબંધુની તેમ જ અન્ય બે પત્રોની ગ્રાહક સંખ્યા જેટલી વધે તેટલી ઇચ્છવાયોગ્ય છે. પણ તે માટે નવજીવન સંસ્થાના કાર્યવાહકોએ તટસ્થતા–ઉદાસીનતા–છોડીને વધારે ક્રિયાશીલ, કૃત-નિશ્ચય થવાની જરૂર છે. આમ નહિ બને તો થયેલા ગ્રાહકો પણ ખરી પડવાના છે અને પરિણામે હરિજનપત્રોને બંધ કરવા સિવાય બીજો કોઇ વિકલ્પ રહેવાનો નથી. ગાંધીજીએ પ્રગટાવેલી આ જ્યોત કોઈ પણ રીતે ન બોલવાય એવા અનેક વ્યક્તિઓના દિલમાં રહેલા આગ્રહનો પુરો લાભ ઉઠાવવા અને હરિજનપત્રોના સ્થાયીત્વ વિષે સૌ કોઇને નચિન્ત બનાવવા નવજીવન સંસ્થાના સૂત્રધારોને સાદર વિનંતિ છે.

**તા. ક.** તા. ૧૦–૫–૫૨ના હરિજનબંધુમાં હરિજનપત્રોની ઘરાકી સંબંધમાં છેલ્લા આંકડાઓ નીચે મુજબ આપવામાં આવ્યા છે.

| તારીખ | હરિજન | હરિજનબંધુ | હરિજનસેવક | કુલ |
|---|---|---|---|---|
| ૫–૫–૫૨ | ૪,૧૧૪ | ૬,૭૯૯ | ૫,૨૯૧ | ૧૬,૨૦૪ |
| ૧૫–૪–૫૨ | ૩,૮૭૮ | ૬,૩૭૦ | ૩,૨૩૯ | ૧૩,૪૮૭ |
| | ૨૩૬ | ૪૨૯ | ૨,૦૫૨ | ૨,૭૧૭ |

આ જોતાં હરિજનસેવક પણ લગભગ સ્વાશ્રયી થવાની સ્થિતિએ પહોંચ્યું ગણાય.

## સમાજવાદી પક્ષ અને અન્ન સત્યાગ્રહ

છાપાઓમાં આવતી જાહેરાતો ઉપરથી માલુમ પડે છે કે અનાજના ચાલુ ભાવોમાં કરવામાં આવેલા ૫૦ ટકાના વધારા સામે સમાજવાદી પક્ષે મુંબઇમાં તા. ૧–૬–૫૨થી સત્યાગ્રહની લડત શરૂ કરવાનો નિર્ણય કર્યો છે અને સરકારી અનાજના કોઠારો ઉપર હલ્લો લઇ જવો, અને એ રીતે મેળવેલું અનાજ પહેલાને ભાવે લોકોમાં વહેંચી દેવું–એવું આ સત્યાગ્રહનું સ્વરૂપ છે. આ પ્રકારની લડત માટે સત્યાગ્રહનું નામ યોગ્ય છે કે નહિ તેની ચર્ચા અહિં આપણે ન કરીએ, કારણ કે તે ચર્ચા કેવળ તાત્વિક જ રહેવાની અને બન્ને પક્ષને સ્વીકાર્ય હોય એવો આ સંબંધમાં કદિ પણ નિર્ણય થઇ શકવાનો નહિ.

અહિં પ્રશ્ન તો એ છે કે ભાવવધારાનો જે મુદ્દો આપણી સામે ઉભો છે તે ખરેખર એટલો બધો ઉગ્ર છે કે તે સંબંધમાં પોતાને ઇષ્ટ ફેરફાર કરાવવા માટે આ પ્રકારની સુલેહશાન્તિને જોખમમાં મૂકતી લડત સુધી દોડી જવું તે યોગ્ય અને અનિવાર્ય છે એમ આપણે વિનાસંકોચે કહી શકીએ? આપણને આ સત્યાગ્રહ'નો વારસો ગાંધીજીદ્વારા ચાલેલી આપણી આઝાદીની લડતમાંથી મળેલો છે. તે વખતે પ્રતિપક્ષ અંગ્રેજ સરકાર હતી, જેના સ્વાર્થો અને આપણા સ્વાર્થો અત્યન્ત ભિન્ન હતા, જ્યારે પ્રસ્તુત બાબતમાં એક બાજૂએ સમાજવાદી પક્ષ અને કોઈ પણ રીતે વધેલા ભાવ ઘટવા જ જોઈએ એમ માનતો કેટલોક જનસમુદાય છે અને બીજી બાજુએ પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓની બનેલી મધ્યવર્તી તેમ જ મુંબઈ–ની સરકાર છે. આ એ સરકાર છે કે જેનો સ્વાર્થ પ્રજાને બને ત્યાં સુધી રાજી અને સંતુષ્ટ રાખવાનો છે અને તેથી પ્રજાના સ્વાર્થ કરતાં લેશમાત્ર ભિન્ન નથી. અલબત્ત ખાવાની ચીજોનો આમ એકાએક ભાવ વધે તે ખાસ કરીને આજની અસહ્ય મોંઘવારીના વખતમાં કોઇને પણ ન જ ગમે એ તદ્દન સ્વાભાવિક છે. પણ જે સંયોગો-માં આ ભાવવધારો આવી પડયો છે તે સંયોગો તદ્દન ઉપેક્ષા થઇ શકે તેવા સાધારણ નથી, એ પણ કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી. વળી જે પ્રાન્તિક સરકાર સામે આ સત્યાગ્રહનો મોરચો ઉભો કરવામાં આવ્યો છે તે પ્રાન્તિક સરકાર કેવળ ઉદાસીન બનીને સુતી નથી એ પણ કબુલ કરવું જ રહ્યું. આ પ્રાન્તિક સરકારે જુવારના ભાવ પોતે ખોટ ખમીને ઘટાડયા અને રેશનદ્વારા મળતા અનાજના ભાવના પ્રમાણમાં ફેરફાર કરીને ૫૦ ટકાના વધારાને ઉતારીને ૨૮ ટકા ઉપર લાવીને મૂકયો. એ પણ ઉપેક્ષા કરવા યોગ્ય હકીકત નથી. આની સામે બે રીતે વાંધા રજુ કરવામાં આવે છે. એક તો ૨૮ ટકા વધારો પણ અસહ્ય છે અને બીજું જુવાર મધ્યમ વર્ગના લોકો ખાતા નથી તેથી આ ઘટાડાનો તેઓ લાભ લઇ શકવાના નથી. જુવારની સરખામણીએ આ બાજુ વસતા લોકો ઘઉં વધારે પસંદ કરે છે કારણ કે ઘઉંથી તેઓ વધારે ટેવા-યલા છે. પણ એનો અર્થ એમ નથી કે તંગીના સમયમાં લોકો

( અનુસંધાન પાનું ૧૦ )

વાદો અહિંસાના મૂળ પર જ પ્રહાર કરે છે. કોમ્યુનિસ્ટોની ભારોભાર હિંસાની રીતને લઈને તેમનો પ્રહાર પણ અહિંસાની જડ પર જ પડે છે. જો કે તેમનો તેવો ઉદ્દેશ નથી હોતો પણ તેનું પરિણામ તે જ આવે છે. માટે અમે તેવી રીતોને સંમતિ આપી શકતા નથી. પણ વિશિષ્ટ ગુણોમાં નિષ્ઠાને નામે આખા સમાજની પ્રગતિ રોકી રાખવી અને ગરીબોની સતામણી લાંબો સમય ચાલવા દેવી તેમાં અમને ગુણનિષ્ઠાનો અતિરેક થતો લાગે છે. ઉપરાંત, પરારાજ્યનો હુમલો રોકવા માટે અને આંતરિક હુલ્લડ–બળવા સમાવવા માટે શસ્ત્રબળનો પ્રયોગ કરવો પડે તો અમારૂં એ કહેવું છે કે તેની ગણના હિંસામાં ન કરતાં તેને દંડધર્મ કહેવો જોઈએ. આટલો અપવાદ છોડી બાકી બધા પ્રસંગોમાં અહિંસાનાં સાધનોનો આગ્રહ રાખવો બહુ જ જરૂરી છે એમ અમે માનીએ છીએ."

સંતોની અને કોમ્યુનિષ્ટોની ભૂમિકાઓ એ બે નૈષ્ઠિક ભૂમિકાઓ છે. તે બે વચ્ચેની આ બે ભૂમિકાઓને આપણે નૈતિક ભૂમિકા કહીશું. આમાંથી પહેલી નૈતિક ભૂમિકાનું આપણા દેશમાં ગૌતમ–બુધ્ધ અને ગાંધીજીએ પ્રભાવશાળી રીતે પ્રતિપાદન કર્યું. બીજા પણ કેટલાક ધર્મસંસ્થાપકોએ તેનો આશ્રય લીધો છે. થોડાંક જ સ્મૃતિવચનોએ તેને માન્યતા આપી છે. બીજી નૈતિક ભૂમિકાનું પ્રતિપાદન અનેક સ્મૃતિકારોએ કર્યું છે. આજના સમયમાં હિંદુ–સ્તાનમાં ઘણાખરા કોંગ્રેસવાળા કે કોંગ્રેસના ઉપપક્ષોવાળા, અને રાષ્ટ્રિયતાનું અભિમાન રાખનારા લગભગ બધા સમાજવાદી આ ભૂમિકા પર જ રહેલા દેખાય છે. ગાંધીવાદી કહેવડાનારા પણ ઘણા ખરા ફરી ફરીને છેવટે આ ભૂમિકાની નજીક જ રહે છે.

આ વિશ્લેષણ પ્રમાણે કિશોરલાલભાઇના આ પુસ્તકમાં ગાંધીજીની સત્યાગ્રહી નૈતિક ભૂમિકા અને કોમ્યુનિસ્ટોની રચનાગ્રહી ક્રાંતિનિષ્ઠાની વચ્ચે તુલના કરવામાં આવી છે એવો અર્થ થાય છે.

## ૪. માર્કસ અને ગાંધી

મહાત્મા ગાંધી અને માર્કસ મહામુની બન્નેના વિચારોની તુલના કરવા કરતાં વધારે આકર્ષક વિષય આજના સમયમાં બીજો કયો હોઈ શકે? પાછલાં સો–દોઢસો વર્ષનું મનુષ્યસમાજનું જીવન ચાળી નાખીએ તો ઘણું કરીને છેવટે આ બે જ નામો હાથમાં રહી જશે. માર્કના ઉદરમાં લેનિન સમાઇ જાય છે. ગાંધીજીની પાછળ ટોલ્સ્ટોયની છાયા ગૃહિત છે જ. આ બે વિચારપ્રવાહો એક બીજાને ગળી જવા માટે સામસામા ઉભા છે. આજે ઉપરથી તો સંસારના આંગણામાં રશિયાની આગેવાની નીચે સામ્યવાદ અને અમેરિકાની આગેવાની નીચે લોકશાહીના ઢાંકણ તળે છુપાવેલો પૂંજીવાદ પરસ્પર ભુંજદંડ ઠોકતાં ઉભેલા દેખાય છે. પરંતુ તપાસીને જોતાં આ બીજા નકલી દળમાં સત્વ રહ્યું નથી. આથી લશ્કરી તાકાતના બળ પર તે ગમે તેટલી શેખી કરે, તો પણ કોમ્યુનિસ્ટ પક્ષની હરીફાઇમાં તેનું અસ્તિત્વ રહયું જ નથી એમ જ હું તો સમજું છું. ઉલટું, ગાંધીવિચાર-સંગઠિત રૂપે જો કે આજે કયાંય વ્યવસ્થિત થયેલો દેખાતો નથી છતાં તેમાં વિચારનું સત્વ હોવાને કારણે કોમ્યુનિઝમને તેનો જ સામનો કરવો પડશે. આવાં આ બે બળવાન દર્શનોની તુલના કિશોરલાલભાઇએ આ નાનકડી લેખમાળામાં કરી છે. વિષય અદ્યતન રસથી એટલો ભરેલો છે કે કિશોરલાલભાઈની વિશિષ્ટ પ્રકારની "નિરસવિશદ" વિવેચનશૈલી છતાં વાંચકોથી એ પુસ્તક સંપૂર્ણ વાંચ્યા સિવાય રહી શકાશે નહીં. કિશોરલાલભાઇએ ગાંધી–વિચાર–દોહન પહેલાંજ કરી રાખેલું હોવાથી ગાંધી–વિચારનું આ પુસ્તકમાં તેમણે કરેલું વિશ્લેષણ અધિકૃત મનાશે. માર્કસવાદનું તેમનું વિશ્લેષણ એટલું અધિકૃત ન માનવામાં આવે તોપણ તે વાદને અન્યાય ન થાય એટલી કાળજી તેમાં રાખેલી છે, એમ મને લાગે છે.

જગતની વાત છોડી દઇએ તોયે ઓછામાં ઓછું હિન્દુસ્તાનમાં આજે ગાંધી–વિચાર અને સામ્યવાદની તુલના એક રોજની ચર્ચાનો વિષય બનેલો છે. દરેક જણ પોતપોતાની રીતે બન્નેની તુલનાત્મક કિંમત આંકયા કરે છે. ગાંધી–વિચારની ચારે તરફ આધ્યાત્મિક તેજપુંજ દેખાય છે. સામ્યવાદની પાછળ શાસ્ત્રીય પરિભાષાનું મોટું પીઠબળ દેખાય છે. ગાંધી–વિચારે ભારતની સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું શ્રેય મેળવીને અવહેવારૂપણાના આક્ષેપમાંથી છુટકારો મેળવી લીધો છે. સામ્યવાદે ચીન જેવા પુરાણ પુરૂષને તારૂણ્ય આપી તાત્કાલિક શકિત દેખાડી આપી છે. આથી બની શકે એમ હોય તો બન્ને વિચારોનો મેળ કરવો એવી લાલસા કેટલાક પ્રચારકોના મનમાં ઉઠયા કરે છે. પછી 'ગાંધીવાદ એટલે હિંસા-વર્જિત સામ્યવાદ' એવાં કેટલાંક સ્થૂળ લેખાં રચવામાં આવે છે. વસ્તુતઃ આ બે વિચારોનો મેળ બેસી શકતો નથી. તેમનો વિરોધ છેક મૂળમાંથી છે. આ બન્ને એકબીજાના પ્રાણ હરવા ખડા છે, એ વાત આ નિબંધમાં આરસા જેવી સ્પષ્ટ થઇ છે.

એક વખત "ગાંધીવાદ અને સામ્યવાદમાં ફકત અહિંસાનો જ ફરક છે." એવી ચર્ચા ચાલી રહી હતી. મેં કહ્યું. "બે મનુષ્યો નાક, કાન, આંખની દષ્ટિએ બિલકુલ એકસરખા હતા. એટલા મળતા કે રાજકપટના કામમાં એકની જગ્યાએ બીજાને બેસાડી શકાય. ફરક એટલો જ હતો કે એકના નાંકમાંથી શ્વાસ ચાલી રહ્યો હતો, જ્યારે બીજાનો બંધ પડી ગયો હતો, પરિણામ એ આવ્યું કે એકને માટે ભોજનની તૈયારી ચાલતી હતી, ત્યારે બીજાને માટે નનામી બાંધવાની". અહિંસાનું હોવું, ન હોવું–આવો એક "નાનકડો" ફરક બાદ કરતાં બચેલી સમાનતા આ પ્રકારની છે. કિશોરલાલભાઇએ તો નાક, કાન, આંખમાં પણ ફરક દેખાડી આપ્યો છે. ભલે ઉપરઉપરથી તે ગમે તેટલા સમાન દેખાંતાં હોય પણ જેનો શ્વાસ ચાલી રહ્યો છે અને જેનો નથી ચાલી રહ્યો તેનાં નાક, કાન અને આંખોમાં પણ ફરક પડયા સિવાય કેવી રીતે રહે?

સામ્યાવાદ એ એક દેખીતી રીતે આસકિતનો (રાગદ્વેષાત્મક) વિચાર હોવાથી તેના તાત્વિક પરીક્ષણની મને કોઇ દિવસ જરૂર લાગી નહીં. જો કે એ લોકોએ તેની ચારે બાજુ એક લાંબીપહોળી તત્વજ્ઞાનની ઇમારત ઉભી કરી દીધી છે, છતાં તત્ત્વજ્ઞાન તરીકે એમાં કશો સાર નથી. કારણ કે તેમાં 'ઉભારણી' (ઉભુ કરવાપણું) નથી પણ 'ભારણી' (ટીપીને બેસાડી દેવાપણું) છે. એ કમળાવાળાની દષ્ટિ છે. દા. ત. 'સંઘર્ષ' નામના એક પરમતત્ત્વને આ લોકો માને છે. સર્વત્ર સંઘર્ષ સિવાય આ દુનિયામાં બીજું કંઇ છે જ નહીં. "(**न्यान्यद् अस्ति**)" એ એ વાદીઓનું બિરૂદ જ હોય છે. જેમ પેલો પરમાણુવાદી કણાદ મરણ સમયે, "(**पिलवः, पिलवः, पिलवः**) :" (પરમાણુ. પરમાણુ, પરમાણુ) નો જપ કરતા મર્યો, તે જ પ્રમાણે આ સંઘર્ષવાદીઓનું છે. નાના બાળકને માતાના સ્તનમાંથી દુધ મળે છે; આ ચમત્કાર કેવી રીતે થયો? તેમની દષ્ટિએ તો એ એક મહાન સંઘર્ષ જ હોય છે–માતાના સ્તનનો અને બાળકના મોઢાનો! હું તો આ દષ્ટાંત વિનોદમાં આપુ છું, પણ તે લોકો તો આને ગંભીરતાથી સ્વીકારી લેશે. સારાંશ કે આપણે જેને સહકાર સમજીએ છીએ તે પણ જો સંઘર્ષ જ છે, તો પછી પ્રતિકાર કેટલો મોટો સંઘર્ષ હશે? ડો. રઘુવીરની ભાષામાં કહીએ તો એ એક 'પ્રસંઘર્ષ' જ હશે. આવા એકાંતિક વિચારથી ભારેલા લોકો સાથે વાદ શો કરવો? તેમનું કુતૂહલ જ કરી શકાય. એમાં તત્ત્વજ્ઞાનને અનુસરી આચારમાર્ગની રચના કરવાની નથી, પણ નકકી કરેલા આચાર પ્રમાણે તત્ત્વજ્ઞાન રચવાનું છે.

સૃષ્ટિનું મન થયું છે કે મનની સૃષ્ટિ થઇ છે આવો વાદ પણ આ લોકો કર્યા કરે છે. સૃષ્ટિનું મન થયું છે–એ વિષયમાં ભ્રાન્ત મનુષ્ય સિવાય બીજા કોઇને સંદેહ નથી. જો મનની જ સૃષ્ટિ બની

હોત, તો સૃષ્ટિકર્તા ઈશ્વરની કોને જરૂર પડત? પરંતુ સૃષ્ટિનું મન ભલે બન્યું હોય, છતાં સૃષ્ટિ અને મન બન્નેથી અલગ આત્મા સિલકમાં રહી જાય છે. પણ તેનું તો અહીં ઠેકાણું જ નથી; અને કોઈ ઠેકાણું બતાવી દે તો તે તુરત જ તેનો ઈન્કાર કરશે. શંકરચાર્ય એવા મનુષ્યને કહે છે. 'ભાઈ રે' તારી જોડે મારે વાદ જ નથી. કારણ કે આત્માનો અસ્વીકાર કરનાર જે તું છે, તે તું પોતે જ આત્મા છે. જો તું તેનો સ્વીકાર કરીશ તો તારા સ્વીકારથી તે સિધ્ધ થશે. તું તેનો અસ્વીકાર કરીશ તો તારા અસ્વીકાર કરવાથીયે તે જ સિધ્ધ થશે.' "હું જાગું છું" કહેનારની જાગૃતિ જેટલી સહજ રીતે સાબિત થાય છે તેટલી જ "હું ઉંઘું છું" કહેનારની પણ સાબિત થાય છે. સૃષ્ટિ અને મન એ બંનેને આકાર આપનાર આ ત્રીજા આત્માનો વિચાર ન કરતાં સમાજરચનાના ચક્કરમાં પડવાને લીધે સદ્‌ગુણોનું સ્વતંત્ર મહત્વ જ રહેતું નથી. જેને આપણે આધ્યાત્મિક સદ્‌ગુણ કહીએ છીએ તે એ લોકોની દૃષ્ટિએ ફક્ત અર્થશાસ્ત્ર (ભૌતિક પરિસ્થિતિ) ની ઉપજ છે.

આત્મશૂન્ય વિચારમાં વ્યક્તિ સ્વાતંત્ર્યનો સવાલ જ ઉભો થતો નથી. હજામતમાં કેટલા વાળ કપાયા તેની ગણતરી કોણ અને શું કામ કરવા બેસે? તેમ વ્યક્તિઓ આવે છે અને જાય છે, સમાજ નિત્ય ચાલે છે, માટે સમાજનું અસ્તિત્વ છે, વ્યક્તિ શૂન્ય છે, એટલું જ સમજી લેવાનું છે.

સગરપુત્રે જે રીતે ગંગાના મૂળ પ્રવાહ (ગંગોત્રી) ની શોધ કરી, તેમ આ તત્ત્વવેત્તાઓએ સંપૂર્ણ માનવઇતિહાસનો મૂળ પ્રવાહ શોધી કાઢયો છે. નિર્ણય એ આપ્યો છે કે જેવી રીતે બાણ છૂટી ગયા પછી તેની દિશા બદલી શકાતી નથી, ચોક્કસ દિશામાં જવાનું તેના નસીબમાં લખાયેલું જ છે તેવી જ રીતની આપણી સ્થિતિ છે. પૂર્વ ઇતિહાસના પ્રવાહે આપણા કાર્યની દિશા નક્કી કરી નાખેલી છે. આપણે માટે ક્રિયાસ્વાતંત્ર્ય રહ્યું નથી. પહેલા લોહીની નદીઓ વહેશે, ત્યાર પછી દૂધ અને મધની નદીઓ વહેશે, અને છેવટે બધાંની તરસ છિપાવનાર શીતળ જલની નદીઓ દરેકના ઘર આગળથી વહેશે. આમ બધું પહેલેથી નક્કી થઈ ચૂકેલું છે. યુક્લિડની ભૂમિતિની માફક ક્રાંતિનું એક સુવ્યવસ્થિત શાસ્ત્ર ઇતિહાસની સંપૂર્ણ તપાસ અને શોધ-ખોળથી તેમને પ્રાપ્ત થયું છે. પહેલાં ક્રાંતિ કયાં કયાં થશે તેનું ભવિષ્યકથન પણ માર્કસે કરી રાખ્યું છે. જો કે તે સાચું નથી પડયું, પણ તે તો જ્યોતિષના ભવિષ્યકથનમાં થાય તેવી થોડી નજરચૂક જ થઇ છે. તેટલાથી ફલજ્યોતિષનું શાસ્ત્ર નિષ્ફળ ગણાતું નથી. યમરાજનું નોતરું જેમ ટાળી શકાય નહીં, તે પ્રમાણે ક્રાંતિનું ભવિષ્ય ટાળી શકાવાનું નથી. આમ હોવાથી તેમાં ભાગ લેવો, સાથ દેવો, એટલું જ આપણા હાથમાં છે. અને માત્ર એટલું જ આપણે કરવાનું છે.

આવી આ આત્યંતિક નિષ્ઠામાં ગાંધી-વિચાર બેસી શકતો નથી, આ જણાવી દેવાની જરૂર લાગવાથી કિશોરલાલભાઈએ આ નાનકડો પ્રયત્ન કર્યો છે.

## ૫. બાંધ્યુ શાસ્ત્ર અને મોકળી બુદ્ધિ

કહે છે કે વાલ્મીકિએ રામચરિત્ર અગાઉથી જ લખીને રાખ્યું હતું અને પછી રામ તે પ્રમાણે અક્ષરશઃ ચાલ્યા. આથી તેમને રતીભર પણ મુશ્કેલી ન પડી. ચોપડીમાં જોતા ગયા અને કરતા ગયા પરિણામ પણ લખ્યું-લખાયેલું તૈયાર હતું. આથી તેની ચિંતા કરવાનું પણ કારણ રહ્યું નહીં. સામ્યવાદીઓની આવી સ્થિતિ છે. માર્કસે જે લખ્યું તે લેનિને કર્યું. આપણે પણ તેની પાછળ પાછળ ચાલતા રહી મુકામ પર પહોંચવાનું છે. માર્કસના લખવામાં અને લેનિનના કરવામાં કોઇ કોઈ જગ્યાએ તફાવતનો ભાસ થાય છે. તેટલી એકવાકયતા કરીને દેખાડવાનો પ્રયાસ કોઇ કોઈ વખત કરવો પડે છે. તે પણ બહુ મુશ્કેલ કામ નથી, કારણ કે એ જાણીતું છે કે શ્રુતિવચન પ્રમાણે જ સ્મૃતિ હોવી જોઇએ. આથી જો સ્મૃતિવચન વધારે સ્પષ્ટ હોય તો તે પ્રમાણે શ્રુતિનો અર્થ કરી લેવાથી કામ થઈ જાય છે. આટલું કર્યું કે બધી બાજુથી 'લાઇન કિલયર' (રસ્તો સાફ).

ગાંધી-વિચારની દશા બરાબર આથી ઉલટી! પેલી પાકી સંગીન ઈમારત, તો આનું બધું પોલું ભોંયરું! ગાંધીજીનાં વચનો જોઈએ તો તે વચનોનો પણ વિકાસ થયો છે. પછીનાં વચનો વિરૂધ્ધ પહેલાનું કોઇ વચન મળી આવે તો ગાંધીજી કહેશે કે એનો મેળ કરી આપવા ન બેસો. પછીનું વચન સાચું માની પહેલું છોડી દો એમ કહી તે છુટી લે છે. તેમની મોટામાં મોટી લડાઇ માંયે નહોતી કોઇ પૂર્વયોજના, ન તંત્ર, ન રચના. "મારે એક ડગલું બસ થાય" કહેનારને ભગવાન બે પગલાં બતાવે પણ શા માટે? વારૂ, પછીના વચનોનેયે પ્રમાણ માનવું કે? તો તેમનો જવાબ છેઃ "વચનપ્રમાણ માનો જ નહીં. તમારી પોતાની અકકલ દોડાવો. જ્યાં સુધી હું છું ત્યાં સુધી મને પૂછો. મારા પછી તમે બધા સર્વતંત્ર-સ્વતંત્ર જ છો." આથી અનુયાયીઓમાં પણ કોઇનો કોઈ સાથે મેળ બેસતો નથી. એક સજ્જન વિનોદમાં બોલ્યાઃ "ગાંધીજી હતા અને તેમની નજીકના સાથીઓ પણ ગીતાભક્ત છે, અને દરેકે ગીતા પર કંઇ ને કંઈ લખ્યું છે. પણ કોઈ એકના ગીતાર્થનો બીજાના ગીતાર્થ સાથે મેળ ખાતો નથી." આ વિનોદને આપણે ભૂલી જઇએ, કારણ કે તેથી ગીતાના શબ્દોની વ્યાપકતા પ્રગટ થવા સિવાય બીજું કંઈ સાબિત નથી થતું. પણ એ વાત તો સાચી જ છે કે જીવન વિષેના કોઈ પણ પ્રશ્ન પર, બલ્કે ખાદી જેવા સર્વોદય વિચારના મૂળભૂત વિષય પર પણ, ગાંધીજીના બધા નજીકના સાથીઓ કોઇ એક જ નીતિ દર્શાવશે એવી ખાતરી નથી. આથી જ્યારે કોઈએ ગાંધીજીને સૂચવ્યું કે તેમણે પોતાના વિચાર શાસ્ત્રીય પરિભાષામાં મૂકવા જોઈએ, ત્યારે તેમણે જવાબ આપ્યો કેઃ "એક તો મને તેમ કરવાનો સમય નથી, અને બીજું અત્યારે તો મારા પ્રયોગ ચાલી રહ્યા છે. તેમાંથી ધીમે ધીમે જયારે શાસ્ત્ર બને ત્યારે બરૂં." તેમણે આપેલાં કારણો બિલકુલ યોગ્ય હતાં, પણ બીજા એક કારણસર પણ મને તેમનો જવાબ ગળે ઊતરી ગયો. શાસ્ત્રયપરિભાષા રચવાથી થાય શું? એટલું જ કે તેનાથી વિરોધી શાસ્ત્રીય પરિભાષાને જવાબ મળે. પણ જે રીતે શસ્ત્રબળથી શસ્ત્રબળ ક્ષીણ નથી પડતું પણ વધ્યે જાય છે, અને એક કાયદામાંથી અનેક કાયડા પેદા થાય છે, તેવી જ રીતે એક પરિભાષાને બીજી પરિભાષા સાથે લડાવવામાં ખુલાસો થવાને બદલે વધારે ગુંચવાડા જ પેદા થાય છે, એટલે વિચારને પરિભાષામાં ઠોકી બેસાડવા કરતાં તેને છૂટા રાખવામાં વધારે લાભ છે. પણ તેમાંથી વિસંવાદી સૂર નીકળવા લાગે છે અને બુધ્ધના અનુયાયીઓ જેવી ગતિ થાય છે. તેમાં જેમ ચાર શિષ્યોએ ચાર રસ્તા લીધા, તેવી રીતે આમાં દસ જણા દસે દિશાઓ પકડે છે. એ સ્થિતિમાં ગાંધીજીએ કહ્યું છે તેમ દરેકે પોતાની અકકલ ચલાવવી એ જ સાચો રસ્તો છે.

અપૂર્ણ

**વિનોબા ભાવે**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ. મુંબઈ, ૩
મુદ્રણસ્થાન; શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫—૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ ૩

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪ અંક : ૩ | મુંબઇ : ૧ જુન ૧૯૫૨ રવીવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## બે અણપીછી ઘરદીવડીઓ

સામાજિક પ્રકર્ષ માટે ઘસાતા, નામના મેળવતા અને કાળક્રમે ભુંસાતા સમાજસેવકોની જીવનનોંધ અવારનવાર છાપાઓમાં જોવામાં આવે છે અને તેમના જીવનમાં રહેલાં અનુકરણયોગ્ય અંશોને સુન્દર આકારમાં રજુ કરવામાં આવે છે, પણ કુટુંબજીવનમાં દટાયલી અને પતિની, બાળબચ્ચાંની, સ્વજનસંબંધીઓની સેવામાં ઘસાતી અને ભૂંસાઇ જતી સ્વાર્પણની–આત્મવિલોપનની–મૂર્તિસમી ગૃહિણીઓની ભાગ્યે જ કોઇ નોંધ લે છે. આવી ઘરદીવડી આયુષ્યનું તેલ પહોંચે ત્યાં સુધી કોઇ નાના ઘરનો નાનો ખુણો અજવાળે છે અને તેલ ખુટયે આ જગતમાંથી વિદાય લે છે અને કંઇ કાળ સુધી ન ભુંસાય એવું સ્મરણ નજીકનાં સ્વજનોનાં દિલમાં મૂકતી જાય છે. આવી હજુ થોડા સમય પહેલાં જ ઓલવાયલી બે ઘરદીવડીઓનો થોડોક પરિચય આપવો એ આ નોંધનો હેતુ છે.

### અમથી

એકનું નામ હતું અમથી. એ ગામડા ગામમાં રહેતા એક ગરીબ કુટુંબની ગૃહિણી હતી. તેના પતિ શિક્ષકનું કામ કરતો હતો. તે ફકત ગુજરાતી બે જ ચોપડીઓ ભણેલી હતી, છતાં એનામાં તેજસ્વીતા, નીડરતા કોઇ જુદા જ પ્રકારની હતી. વ્યવહારદક્ષતા, ચતુરાઇ, ચપલતા અને કામની ઝડપમાં ભાગ્યે જ એને કોઇ પહોંચી શકતું. જૂઠ, પ્રપંચ, ચોરી, અસત્ય સાથે એને ભારે વેર હતું. અને તેથી એ આવા પ્રસંગોએ કડક અને સામાને સ્પષ્ટ ભાષામાં સંભળાવી દેવા જેટલી કડવી પણ બનતી. એનામાં સ્વાભિમાન અને તેજસ્વીતા એટલી જોરદાર હતી કે સિદ્ધાન્તના પ્રશ્ન ઉપર પોતાના પતિ સાથે લડવામાં પણ તે કશીં જ સંકોચવૃત્તિ ધરાવતી નહિ. આમ છતાં બીજી બાજુ એનામાં પ્રેમભકિત અને કુણી લગણીઓ પણ એટલી જ ઉત્કટપણે વિકસેલી હતી. જુનવાણી ઢબે ચાલતાં ક્રિયાકાંડ તરફ એને રસરૂચિ નહોતાં. એવી રસવૃત્તિ સેવાભાવનામાં હતી અને સદ્‌ગુણ એને સહજ પ્રાપ્ત થયો હતો. સાધુસંતોની સેવા, મહેમાનોની પરોણાગત, ઘર પૂછતા આવનારને આવકાર આપવો એ એનો મુખ્ય સ્વભાવ હતો, અને તેથી એ સ્ત્રીવર્ગમાં આગળ પડતું સ્થાન મેળવી શકી હતી. ગામના નાનાં મોટાં ઘરના વડિલો સુધ્ધાં એને આત્મીય ભાવથી જ બોલાવતા. કોઇએ 'વહુભાવ' કે 'સગાઇભાવ' એની સાથે ભાગ્યે જ બતાવ્યો હતો. આ સ્થાન સેવાવૃત્તિના કારણે મેળવેલા સદ્‌ભાવને લીધે જ એણે પ્રાપ્ત કર્યું હતું.

તે બજારમાંથી શાકથી માંડીને એક એક ચીજ લાવવાની, ઢોરઢાંખરને સંભાળવાની, રસોઇ વખતસર કરવાની વગેરે સઘળી જવાબદારીઓ ઉઠાવીને તેના ધણીને નિશ્ચિન્ત રાખતી અને તેના જ્ઞાનવ્યવસાયમાં બને તેટલી અનુકુળતા કરી આપતી. યુવાવસ્થાના કાળમાં તેના ધણીને ભકિતયોગનો નાદ લાગેલો. ઘેરથી સવારના બહાર નીકળે તો બાર બાર કલાકે વનવગડેથી રઝળતો સાંજે ઘેર આવે, જ્ઞાનસાહિત્ય ચર્ચા કે ભકતમંડળના સમાગમમાં સોંપેલું કામ વિસારી કદિ કદિ રાત્રીના બાર બાર વાગ્યે ઘેર પાછો ફરે–છતાં આ બાઇએ તેના ધણીને કદિ ઊંચે સાદે એક અક્ષર સંભળાવ્યો નહોતો. તેમજ તેના વિષે દિલમાં કદિ કોઇ પ્રકારનો અસંતોષ સેવ્યો નહોતો. ઉમ્મર વધવા સાથે તેમના જીવનની કક્ષા પણ વધતી રહી હતી. છેલ્લાં બે વર્ષથી બન્ને બ્રહ્મચર્ય વ્રતને સ્વીકારીને જીવન વ્યતીત કરતાં હતાં. બાઇને બે સન્તાન હતાં. વૃધ્ધ સાસુસસરા જીવતા હતા. આ બાઇ ૧૦ મહીનાની માંદગી ભોગવી અને પોતાના પતિની અમાપ સેવા પામીને થોડા દિવસ પહેલા વિદેહ થઇ. તેના અવસાન ખબર આપતાં તેનો પતિ જણાવે છે કે "જે ગુણથી નારી જાતિએ જગતમાં અજાણ રહીને પણ જગતને ચડાવવામાં ફાળો આપ્યો છે તેમ જ અનેકોને જેની દીક્ષા આપી છે એ છે એનું ચારિત્ર્ય અને પવિત્રતા. મારા ચારિત્ર્યઘડતરમાં એણે જે ફાળો આપ્યો છે, અને મને જે રીતે જાગૃત કર્યો છે એ તો હું આ નાનકડા પત્રમાં કેવી રીતે કહી શકું ? જગત્ હંમેશાં મહાન પુરૂષોને જ પિછાણે છે અને પૂજે છે, પણ એ મહાપુરૂષોને ઘડનાર, પ્રેરણા આપનાર કે સહાય્ય ઉત્તેજન આપનાર નારી વર્ગ એ તો હંમેશાં અણજાણ જ રહ્યો છે. માન પ્રતિષ્ઠા વિનાની આ મૂક સેવાથી જ નારી વન્દનીય–પૂજ્ય અને સતી કહેવાઇ છે એ વસ્તુનું ભાન આવા પ્રસંગે મને પૂરી રીતે કરાવ્યું છે."

### સુરજ

આવી જ એક બીજી બાઇનું નામ હતું સુરજ. તેનું હજુ થોડા દિવસ પહેલા ૬૩–૬૪ વર્ષની ઉમ્મરે અવસાન થયું. તેના જીવનની ભાત વળી કાંઇક જુદા જ પ્રકારની હતી. ૧૪–૧૫ વર્ષની ઉમ્મરે તેનું લગ્ન થયેલું. સાસરામાં કુટુંબની આર્થિક સ્થિતિ સારી હતી. ભણતરમાં તેને સાધારણ ગુજરાતી વાંચતાં લખતાં આવડતું, પરણીને સાસરે આવી ત્યારે સાસુ હયાત નહોતાં. ઘરમાં આધેડ વયના સાસરા, કાયદાનો અભ્યાસ કરતા જેઠ, સ્કુલમાં ભણતા બે દેર અને એક નણંદ હતાં. જેઠ પરણેલાં હતાં, નણંદ નાનાં હતાં અને તેને સંભાળવાની કેટલીએક જવાબદારી આ બાઇને માથે આવી હતી. થોડા સમય બાદ જેઠાણી બે બાળકો મુકીને મરી ગયાં. જેઠ પરણે નહિ ત્યાં સુધી અને ત્યાર પછી પણ કેટલોક સમય જેઠાણીનાં બે બાળકો તેના ભાગે સંભાળવાના આવ્યા. કેટલાક વર્ષના ગાળે મોટા દેર એક નાની ઉમરની વિધવા મૂકીને ગુજરી ગયાં. તેને આ બાઇ સિવાય બીજું કોણ સંભાળે ? વળી પોતાનાં બાળકોને ઉછેરવાનો બોજો ઉત્તરોત્તર વધતો જ જતો હતો. થોડાંક વર્ષ બાદ નાના દેર તથા દેરાણી અલ્પ સમયના ગાળે તરતમાં જ જન્મેલી એક બાળકીને મૂકીને મરી ગયાં. તેને તેણે જ ઉછેરી મોટી કરી, ભણાવી અને પરણાવી. આઠેક વર્ષ પહેલાં તેમના પતિ બહુ લાંબી

માંદગી ભોગવીને ગુજરી ગયા. તેની સુશ્રૂષા કરવા પાછળ આ બાઇએ પોતાનું શરીર ઘસી નાંખ્યું. છોકરાંને ઘેર છોકરાં થયાં. મોટા દીકરાની પત્ની એક બાળકને મૂકીને ગુજરી ગઇ. આને મોટું કરવાનો ભાર પણ તેના માથે આવ્યો. આ ઉપરાંત તેનું કુટુંબ ઘણું મોટું, ત્રણ ચાર શાખામાં વહેંચાયલું હતું. નાના મોટા અનેક કૌટુંબિક પ્રસંગો આવે. લગ્નસમારંભોએ હોય તેમ જ નાના મોટાંના મૃત્યુની ઘટનાઓ પણ બન્યા કરે. બધા વ્યવહાર સંભાળે, બધે પહોંચી વળે. સૌ કોઇ સાથે મીઠો પ્રેમભર્યો સંબંધ રાખે. કોઇનું પણ કામ કરીને છુટે. મોટા કુટુંબમાં અવારનવાર નાની મોટી અથડામણો પણ ઊભી થયા કરે. અનેક કડવા ઘુંટડાઓ ગળી જાય પણ મોઢેથી કદિ પણ નાનું સરખું કડવું કે અવળું વેણ ન ઉચ્ચારે. સુમધુર તેની આકૃતિ હતી, વાત્સલ્યભર્યો તેમનો સ્વભાવ હતો, વાણી તેની ખૂબ મીઠી હતી. આટલી મોટી ઉમ્મરે પણ આકૃતિનું નમણાપણું તેણે ગુમાવ્યું નહોતું. તેનું આખું જીવન જોઇએ તો એકધારી સેવાથી–અખંડ તપશ્ચર્યાથી–ભરેલું લાગે. છતાં પોતે કોઇની સેવા કરી રહ્યાં છે એવું ન મળે લેશ માત્ર અભિમાન કે જરાપણ પોતાને ભાન. તે બાઇ આદર્શ ગૃહિણી હતી, અનુપમ માતા હતી. માત્ર પોતાના પેટનાં જ નહિ પણ અન્ય અનેકનાં સંતાનોને તેણે ઉછેર્યા હતાં, મોટાં કર્યાં હતાં. આ રીતે સમસ્ત કુટુંબને અજવાળનાર, માતૃત્વના પિયુષનું અનેકને પાન કરાવનાર આ બાઇ, જયાં સુધી આયુષ્યની માત્રા હતી ત્યાં સુધી, પ્રકાશ પાથરતી રહી, પ્રેમની ઉષ્મા ફેલાવતી રહી. એક રાત્રે પક્ષઘાતનો એક સખ્ત આંચકો આવ્યો અને બહુ વેદના ન ભોગવતાં જોત–જોતાંમાં એની જીવનજ્યોત ઓલવાઈ ગઇ.

પાયામાં દટાયલી આવી અનેક સેવામૂર્તિઓ-ત્યાગ મૂર્તિઓ-ઉપર જ આપણાં કુટુંબો અને આપણો સમાજ ટકી રહ્યો છે અને તેમના તપપુણ્યમાંથી નવી ચેતના અને પ્રાણમયતા મેળવી રહેલ છે. આવી અણપ્રીછી વરદીવડીઓને આપણાં અનેકશઃ વન્દન હો! **પરમાનંદ**

## શ્રી. ભારત જૈન મહામંડળ

### એક આછો પરિચય

દેશભરમાં રાષ્ટ્રીય અને સામાજિક જાગૃતિ સને ૧૮૮૫માં થઇ. એના પરિણામે રાષ્ટ્રીય કોંગ્રેસની પણ આ જ અરસામાં સ્થાપના થઈ. ઇ. સ. ૧૮૯૫માં થોડાક મિત્રોએ દિગંબર જૈન સભાની સ્થાપના કરી અને ઇ. સ. ૧૮૯૯માં એને યંગમેન્સ જૈન એસોસીએશનનું નામ આપી, જૈનોના બધા ફિરકાની સંસ્થા બનાવવામાં આવી. એના પહેલા જ અધિવેશનમાં જાતિ યા સંપ્રદાયના ભેદભાવ ઓછા કરી. જૈનો માત્રનો પરસ્પર સંબંધ વધે એવો પ્રચાર કરવાનો ઉદ્દેશ જાહેર કરાયો.

ઈ. સ. ૧૯૧૦ માં આ સંસ્થાનું નામ ફરી એક વાર બદલાયું, અને અંગ્રેજીમાં ઓલ ઇન્ડીયા જૈન એસોસીએશન અને હિંદીમાં ભારત જૈન મહામંડળ નામ અપાયું. એનાં અધિવેશન રાષ્ટ્રીય કોંગ્રેસના સમયે અને મંડપમાં મળતા. બાબુ અજીતપ્રસાદજી જૈન, શ્રી. માણેકચંદ પાનાચંદ, શ્રી ગુલાબચંદજી ઢઠ્ઠા, બ્રહ્મચારી શીતલ–પ્રસાદજી વિ. આગેવાન પ્રતિષ્ઠિત વ્યકિતઓ એમાં કામ કરતી હતી.

વિદ્યાવિકાસ, વિદ્યાર્થીઓને મદદ, પારિતોષિકો, પુસ્તકાલયો, અનાથોને મદદ, વિધવાઓને મદદ, તેમજ ચર્ચાસભા ઇ૦ મંડળ-ની પ્રવૃતિઓ રહેતી. સામાજિક સુધારાઓમાં સ્ત્રીપુરૂષોનો સમાન ભાવ, પડદાપ્રથાનો વિરોધ, વૃધ્ધ લગ્નનો વિરોધ, બાળલગ્નનો વિરોધ, લગ્નમાં નૃત્ય કરવા આવતી વેશ્યાઓને બંધ કરવાનું કામ, તીર્થ ઝઘડાઓને પરસ્પર સમજુતીથી નીકાલ કરવામાં મદદગાર થવાના કાર્યો ચાલતાં.

ઓલ ઇંડીયા જૈન એસોસીએશનની મોટામોટાં શહેરોમાં શાખાઓ હતી.

પછી બધે આવે છે તેમ આ સંસ્થામાં પણ ઓટ આવી. એના જુના કાર્યકરો વૃધ્ધ બન્યા હતા અને નવા જોડાયા નહોતા.

શ્રી. ચિરંજીલાલજી બડજાતેના પ્રયાસથી ઇ. સ. ૧૯૩૮ માં એનું મુખ્ય કાર્યાલય વર્ધા રાખવામાં આવ્યું. એને જીવાડવાનો બધો ભાર શ્રી. ચિરંજીલાલજી બડજાતેએ, મિત્રો સાથે મળી, ઘરના પૈસા ખરચી ઉપાડયો, સાત વર્ષ આ રીતે શ્રી. ચિરંજીલાલજીએ એકલાએ બોજો ઉઠાવ્યો.

ઈ. સ. ૧૯૪૫ માં નાગપુરવાળા ડૉ. હીરાલાલજી જૈન એના પ્રમુખ બન્યા. એ મંડળમાં પુનર્જીવન આવ્યું. શ્રી. શાંતિપ્રસાદજી અને શ્રી. શ્રેયાંસપ્રસાદજી જૈન–આ બે ભાઇઓની આર્થિક સહાયથી મંડળ પાછું ટટ્ટાર થયું. શ્રી. કુંદનમલજી ફિરોદીઆના અધ્યક્ષપદે મળેલા અધિવેશનમાં વધારે વેગ મળ્યો. બીયાંવરનાં અધિવેશનમાં જન્મભૂમિવાળા શ્રી. અમૃતલાલ શેઠ અધ્યક્ષપદે આવ્યા. અને મંડળને અખિલ હિંદ પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત થઈ. શ્રી શેઠના વ્યકિતત્વને કારણે તમામ પત્રોએ મંડળના પ્રચારમાં ખૂબ સાથ આપ્યો.

જામનેરના અધિવેશન પછી શ્રી. રિષભદાસજી રાંકાએ 'જૈન જગત'નું તંત્રીપદ એવી રીતે સભાળ્યું કે સર્વોદય દૃષ્ટિવાળું એક જૈન પત્ર 'જૈન જગત' બની રહ્યું. તે પછી, મદ્રાસના અધિવેશનમાં શ્રી. રિષભદાસજી રાંકા પ્રમુખ બન્યા અને કાયમી કાર્યાધ્યક્ષ થયા. શ્રી. રિષભદાસજીએ મંડળને તન મન ધન આપ્યાં અને મંડળની પ્રવૃત્તિ એમના જીવનની એક સૌથી મહત્વની પ્રવૃત્તિ બનાવી. એમની સમજાવવાની શૈલી અને સમાધાન કરવાની વૃત્તિએ તેમજ નાનાં મોટાં કાર્યકરોને પ્રોત્સાહન આપવાની આવડતને કારણે આજે મંડળની હિંદભરમાં ૨૦ જેટલી શાખાઓ ઉભી થઇ શકી છે.

મંડળનો મુખ્ય ઉદ્દેશ બીજી કોમો અને ધર્મો સાથે ભાઈચારો જાળવીને જૈનોનું સંગઠન કરવું, પોતપોતાના સંપ્રદાયોની વિધિઓ પાળતાં છતાં જૈનો તરીકે ઐકય સાધવું, કેળવણી વધારવી, ગરીબ વિદ્યાર્થીઓના અભ્યાસમાં મદદરૂપ થવું, કેળવણીવિષયક સંસ્થા-ઓને આર્થિક સહાય મેળવી આપવી. જગ્યાએ જગ્યાએ સાધર્મી-વાત્સલ્ય ફંડ એકત્રિત કરી, દુઃખી, બીમાર, નિરાધારોને મદદ પહોં-ચાડવી–આ બધાં કાર્ય મંડળ આજે કરે છે.

ભારત જૈન મહામંડળે પુસ્તક પ્રકાશન ખાતું ખોલ્યું છે–જેમાં જૈન સાહિત્ય તેમજ એવું અન્ય સાહિત્ય સસ્તી કિંમતે જનતાને પૂરૂં પાડવામાં આવે છે. આજ લગી બહુજ થોડા સમયમાં ૨૦ હજાર રૂપિયાની કિમ્મતનાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે.

મંડળની આ પ્રવૃત્તિઓને આગળ ધપાવવામાં ખાનદેશના દેશ-સેવક શેઠ રાજમલજી લલવાણી તેમ જ શ્રી. સુગનચંદજી લુણાવતનો ફાળો ઓછો નથી.

જૈનોની પરિસ્થિતિનો અભ્યાસ કરવા તેમ જ સંપર્ક કેળવવા મંડળના કાર્યકર્તાઓ હિંદભરમાં વારંવાર પ્રવાસ ગોઠવે છે. પ્રવાસની સગવડ ખાતર શ્રી. શાંતિપ્રસાદજીએ સોળ હજાર રૂપીયાનું સ્ટેશનવેગન ભેટ આપ્યું છે.

કયાંક પણ રાષ્ટ્રનું રાહતનું અગર તો અન્ય કોઇ લોકસેવાનું કામ કરવાનું હોય તો તે કરવા મંડળ સદા તત્પર રહે છે.

છેલ્લાં વર્ષ દરમિયાન મંડળે સાધુઓમાંથી સાંપ્રદાયિક કટ્ટરતા ઘટાડી, અન્ય સંપ્રદાયના સાધુઓ પ્રત્યે પરસ્પર સન્માન જાળવવાના સફળ પ્રયાસો કર્યાં હતા. આને પરિણામે શ્રાવકો અન્ય સંપ્રદાયના સાધુઓ પ્રત્યે સન્માન કરવાની પોતાની ફરજ સમજે છે. આથી એક જ ધર્મના છતાં જૂદા સંપ્રદાયના સાધુઓની બીજા સંપ્રદાયના સાધુઓ કે શ્રાવકો તરફથી થતી કનડગત કે અવજ્ઞા ઓછી થવા પામી છે.

જૈનોના ચારેય ફિરકાઓમાં ઐકયની દૃષ્ટિએ કામ કરતી આવી ભારતવ્યાપી સંસ્થા આ સિવાય બીજી એકેય નથી.

એનું તેરમું અધિવેશન શેરે ખાનદેશ શેઠ રાજમલજી લલવાણીના અધ્યક્ષપદે મનમાંડ પાસે ચાંદવડમાં તા. ૨૪–૨૫ મે ના દિવસોમાં મળ્યું હતું.

**તારાચંદ**

# ચાંદવડ અધિવેશન

## એક સ્મરણનોંધ

નાશીકથી ઉત્તરે ૪૦ માઈલ જેટલા અન્તરે ચાંદવડ મુકામે ભારત જૈન મહામંડળનું ૧૩ મું અધિવેશન માન્યવર મહાશય શ્રી. રાજમલ લલવાણીના પ્રમુખપણા નીચે મળ્યું હતું. આ અધિવેશનમાં હિંદના ભિન્ન ભિન્ન વિભાગોના આગેવાન કાર્યકર્તાઓએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. મુંબઇ બાજુએથી હું, ભાઇ તારાચંદ કોઠારી તથા શ્રી નેમચંદ નગીનદાસ વકીલવાળા-એમ અમે ત્રણ મિત્રો આ અધિવેશનમાં ભાગ લેવા ગયા હતા. ભાઇ તારાચંદ ભારત જૈન મહામંડળના એક મંત્રી છે. આ અધિવેશન બાદની નવી નિમણુંકોમાં પણ તેઓ મંત્રી તરીકે ચાલુ રહ્યા છે. શ્રી નેમચંદભાઇ પણ આ ભારત જૈન મહામંડળની પ્રવૃત્તિમાં ઠીક સમયથી રસ લઇ રહ્યા છે, અને તેની કાર્યકારિણી સમિતિના એક સભ્ય છે. પણ મારા માટે તો ભારત જૈન મહામંડળની પ્રવૃત્તિમાં થોડો સરખો પણ સક્રિય ભાગ લેવાનો આ પહેલોજ પ્રસંગ હતો. આ મંડળના મુખ્ય કાર્યકર્તા વર્ધાવાસી શ્રી રિષભદાસ રાંકાને આમ તો હું ઘણા વર્ષથી ઓળખતો હતો. પણ એ ઓળખાણ થઇ ત્યારે તેમનો ભારત જૈન મહામંડળ સાથે કશો પણ સંબંધ નહોતો. છેલ્લાં ચારેક વર્ષ પહેલાં ભારત જૈન મહામંડળના એક અધિવેશનના તેઓ પ્રમુખ થયા ત્યારથી તેઓ આ મંડળના સક્રિય કાર્યકર્તા બન્યા છે, એટલું જ નહિ પણ આજે તો આ સંસ્થા સાથે તેમણે એટલું બધું તાદાત્મ્ય સાધ્યું છે કે ભારત જૈન મહામંડળની આત્મારૂપ કોઇ વ્યકિત હોય તો તે શ્રી રિષભદાસ રાંકા જ છે એમ વિના અત્યુકિતએ કહી શકાય. શ્રી રિષભદાસજી મૂળ તો કોંગ્રેસના ઘણા વર્ષના જુના કાર્યકર્તા છે. નિર્મળ તેમનું ચારિત્ર્ય છે; અપ્રતિમ તેમની કાર્યનિષ્ઠા છે. એવો જ તેમનો પોતાના વિચારોને અનુરૂપ જીવન ઘડવાનો સતત પ્રયત્ન છે અને તે ખાતર કોઈ પણ ભોગ આપતાં તેઓ પાછું વાળીને જોતા નથી. વળી તેઓ સુજ્ઞ અને વ્યવહારદક્ષ પુરૂષ હોઈને ભારત જૈન મહામંડળ પ્રતિ અનેક કાર્યરત શકિતશાળી વ્યકિતઓને આકર્ષી શકયા છે. ગયા વર્ષે મેરારમાં મળેલા ભારત જૈન મહામંડળના અધિવેશનમાં દિગંબર જૈન સમાજની જાણીતી શ્રીમાન વ્યકિત શ્રી શાન્તિપ્રસાદ જૈન પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. આમ છતાં પણ મંડળની ચાલુ કાર્યવાહીની જવાબદારી શ્રી રિષભદાસજીના માથે નાંખવામાં આવી હતી અને એ હેતુથી તેમની મંડળના કાર્યાધ્યક્ષ તરીકે નીમણુંક કરવામાં આવી હતી. શ્રી રિષભદાસજીએ પોતાની આસપાસ હિંદભરમાં ભિન્ન ભિન્ન સ્થળે વસતા ઉચ્ચ કોટિના કાર્યકર્તાઓનું જૂથ જમાવ્યું છે. આ કાર્યકર્તાઓ સરળતાથી પ્રચારકાર્ય કરી શકે તે માટે શ્રી શાન્તિપ્રસાદજીએ ભારત જૈન મહામંડળને એક નવુ સ્ટેશન વેગન ખરીદીને ભેટ આપેલ છે, જેનો મંડળના કાર્ય માટે સારો ઉપયોગ થઇ રહ્યો છે.

ભારત જૈન મહામંડળ તરફથી 'જૈન જગત' નામનું એક હિંદી માસિક પ્રગટ કરવામાં આવે છે. આના તંત્રી પણ શ્રી રિષભદાસ રાંકા છે. આ માસિક અત્યન્ત ઉદાર ભાવના અને ઉચ્ચ ધોરણ ઉપર ચલાવવામાં આવે છે. અનેક જાણીતા હિંદી લેખકોનો આ માસિકને સારો સહકાર છે અને તેથી તેમાં ઉચ્ચકક્ષાપૂર્વકનું વિષયવૈવિધ્ય સારી રીતે જળવાઇ રહે છે. આ ઉપરાંત આ સંસ્થા તરફથી લોકોપયોગી પુસ્તકો પણ બહુ સારા પ્રમાણમાં બહાર પડે છે. અને તેનો ઉઠાવ પણ સારો હોય છે.

આ ભારત જૈન મહામંડળનો આશય જૈનસમાજમાં ફીરકાનો ભેદ ટાળીને એકતાની સ્થાપના કરવી, સમસ્ત જૈન સમાજને સમાનપણે સ્પર્શતા પ્રશ્નોનો ઉકેલ શોધીને માર્ગદર્શન કરાવતા રહેવું, આખો સમાજ એક અને સુગ્રથિત બને તેવા કાર્યક્રમો યોજવા અને તેનો અમલ કરવો વગેરે છે. પ્રાન્ત પ્રાન્તના કાર્યકર્તાઓ આવા અધિવેશન પ્રસંગે એકઠા થાય છે, પોતપોતાના સ્થાનિક પ્રશ્નોની પણ બધા સાથે મળીને ચર્ચા કરે છે અને તે તે પ્રશ્નો સંબંધે શું શું થઈ શકે તેમ છે તેનો નિર્ણય કરે છે. મે માસની તા. ૨૪ અને ૨૫ મીના રોજ મળેલા અધિવેશનની કાર્યવાહી પણ આ જ પ્રકારની હતી. ત્યાં પસાર થયેલા ઠરાવો આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે. આ અધિવેશનમાં એકત્ર થયેલા કાર્યકર્તાઓ સંબંધમાં સૌથી વધારે ધ્યાન ખેંચે તેવી એ હકીકત હતી કે આમાંના ઘણાખરા કાર્યકર્તાઓ કોંગ્રેસના જુના અને પ્રતિષ્ઠિત સેવકો હતા. 'આપણે જો દેશને એક અને આઝાદ બનાવ્યો તો જે સમાજના આપણે અંગભૂત લેખાઇએ છીએ તે સમાજના ભેદભાવોને પણ દુર કરીને શા માટે આપણે એકત્ર ન થઇએ અને આપણી પોતાની અને કોમની શકિતને રાષ્ટ્રના ઉત્કર્ષમાં શા માટે સંલગ્ન ન કરીએ'—આ ભાવના અને તમન્ના આ પ્રતિનિધિઓના મોઢા ઉપર તરવરતી હતી અને તેમના પ્રત્યેક ઉદ્‌ગારમાં પ્રતિબિંબિત થતી હતી.

સાધારણ રીતે કોઇ કોમી કે સાંપ્રદાયિક સંમેલનમાં આપણે જઇએ છીએ તો એ સંમેલનનું વાતાવરણ આપણા ચિત્તને ઘણીવાર રૂંધતું લાગે છે. આવા સંમેલનના આગેવાનોમાં—તેમના વાણીવિચારમાં—ઉપર ઉપરના ઉદાર ઉદ્‌ગારોની પાછળ એકાન્તિક સાંપ્રદાયિતા, સ્થિતિચુસ્તતા, જડતા અને કેટલીક વાર આંધળા ધર્મઝનુનનો અનુભવ થાય છે, "મારો સમાજ, મારો ધર્મ, મારો સાધર્મી બંધુ' આટલામાં જ જાણે કે તેમની આખી દુનીયા પર્યાપ્ત થતી હોય એવી સાંકડી મનોદશા આવે ઠેકાણે આપણને બહુધા જોવા મળે છે અને આપણું દિલ અકળાય છે. ભારત જૈન મહામંડળનું અધિવેશન પણ એક રીતે તો કોમી સંમેલન જ હતું પણ કોઇના વાણી કે વર્તનમાં કોમી સંકીર્ણતા લેશ માત્ર નજરે પડતી નહોતી. કોમ વિષેની વિચારણા પણ ઉદાર જીવન-દર્શન અને રાષ્ટ્રીય ભાવનાથી પરિપૂત હોય એમ લાગતું હતું અને તેથી સમસ્ત વાતાવરણ કોમી અભિનિવેશથી મુકત અનુભવાતું ગણાય, વળી જે કાંઇ ઠરાવો રજુ કરવામાં આવતા તે ખાલી ઉપરછલ્લા અનુમોદનથી પસાર કરી નાંખવા એમ નહિ પણ આ ઠરાવનો આપણે પોતે જાતથી અમલ કરવાનો છે એવી ગંભીરતાપૂર્વક દરેક ઠરાવની વિચારણા અને ચર્ચા કરવામાં આવતી હતી. આ રીતે ભારત જૈન મહામંડળના અધિવેશનના બે દિવસો બહુ આનંદમાં અને અનેક મીઠા અનુભવોપૂર્વક પસાર થયા અને જેને જોતાં આપણું મન ઠરે અને આપણામાં નવા આશાવાદનો સંચાર થાય એવી અનેક સત્ત્વ અને શીલસંપન્ન વ્યકિતઓના દર્શનનો—પરિચયનો—લાભ મળ્યો.

ચાંદવડ જવાનો વિચાર કર્યો ત્યારે મુંબઈ કરતાં પણ ગરમી તો વધારે ભોગવવાની જ રહેશે એમ ધારેલું, તેના બદલે બે દિવસ દરમિયાન ઋતુ પણ ભારે પ્રસન્ન અને આલ્હાદક હતી. કોઈ હવા ખાવાની ટેકરી ઉપર પણ અનુભવવા મળતી નથી એવી ઠંડા પવનની લહરિઓ ચોવીશે કલાક વાયા કરતી હતી અને જરા પણ ગરમી લાગવા દેતી નહોતી. ચાંદવડમાં ભાઈશ્રી કેશવલાલ કરીને એક મારવાડી બંધુના વર્ષોભરના પુરૂષાર્થના પરિણામરૂપ શ્રી નેમિનાથ બ્રહ્મચર્યાશ્રમના વિશાળ આવાસમાં આ અધિવેશન ભરવામાં આવ્યું હતું. આસપાસ ગગનચુંબી શિખરોવાળી નાની મોટી ટેકરીઓ પ્રસ્તુત સ્થળને કોઇ જુદી ભવ્યતા અર્પણ કરતી હતી. કોઇ ઉન્નતિપ્રેરક વાતાવરણમાં—અલૌકિક ધામમાં—બે દિવસ પસાર કરી આવ્યા હોઇએ એવા મીઠા સ્મરણપૂર્વક ત્યાંથી અમે પાછા ફર્યા અને ચાલુ જીવનની રેંટમાળમાં પાછા અમે પહેલાં માફક જોડાઇ ગયા.

પરમાનંદ

# પ્યારીબાઇને દીક્ષા અપાતી કેમ અટકી ગઈ ?

આજે મુંબઇ શહેરના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં દીક્ષા લેવા દેવાનો કોઇ અજબ પવન વાયો છે. સાધુસંખ્યા જેમ બને તેમ વધારવી અને એ માટે યોગ્યતા—અયોગ્યતાના કોઇ પણ ચોકકસ ધોરણ સિવાય જે માંગતું આવ્યું તેને દીક્ષા આપવી એવી જેની ખ્યાતિ છે તેવા શ્રી વિજયરામચંદ્રસૂરિના વયોવૃદ્ધ ગુરૂ શ્રી વિજયપ્રેમસૂરિ મુંબઇમાં છેલ્લા બાર માસથી બિરાજે છે. શરૂઆતના કેટલાએક મહીના દરમિયાન તેમના તરફથી દીક્ષા વિષયક કોઈ પ્રવૃત્તિ સાંભળવામાં આવતી નહોતી. પણ છેલ્લા બે ત્રણ મહીનાથી તેમણે આ પ્રવૃત્તિ બહુ જોરશોરથી શરૂ કરી દીધી છે. લગભગ બે માસ પહેલાં એક મોટી ઉમ્મરની બહેન સાથે પ્રિયંવદા નામની ૧૪ વર્ષની છોકરીને દીક્ષિત બનાવવા તેઓ તૈયાર થયા હતા. પણ સદ્‌ભાગ્યે અમદાવાદની જાણીતી બે સ્ત્રીસંસ્થાઓએ કોર્ટની મદદથી એ છોકરીને અહિં આવતી અટકાવી અને કોર્ટે બીજો હુકમ થતાં સુધી એ છોકરીને દીક્ષા નહિ આપવાનો તેના માબાપને હુકમ ફરમાવ્યો. ગઈ ૧૬ મી તારીખે શેઠ શ્રી જીવતલાલ પરતાપશીના ભત્રીજા ભાઇ ઇન્દ્રવદનને તેમણે મોટી ધામધુમપૂર્વક દીક્ષા આપી હતી.

વળી તા. ૨૯-૫-૫૨ ના રોજ મુંબઇમાં એક મોટો જૂથદીક્ષા-મહોત્સવ ઉજવાયો, જેમાં એક સાથે નાની મોટી સાત વ્યકિતઓને દીક્ષા આપવામાં આવનાર હતી. આ દીક્ષાના ઉમેદવારોની યાદીમાં ભાઇ જેઠમલજી હીરાચંદ નામનો ૨૮ વર્ષની ઉમરનો એક મારવાડી યુવક હતો અને પ્યારીબાઇ નામની તેની ૧૮ વર્ષની પત્ની હતી. આમાંથી પ્યારીબાઇને દીક્ષા આપવાનું બંધ રાખ્યાની તા. ૨૭-૫-૫૨ ના રોજ એકાએક જાહેરાત કરવામાં આવી. આ બન્ને દંપતી દીક્ષા લેવાને કયા સંયોગોમાં તૈયાર થયા અને તેમાંથી એકને દીક્ષા આપવાનું એકાએક કેમ બંધ રાખવામાં આવ્યું તેની વિગતો સામાજિક તેમ જ સાંપ્રદાયિક દૃષ્ટિએ બહુ જાણવા જેવી છે. આ વિગતો જે રીતે જાણવા મળી તે નીચે મુજબ છે:—

જેઠમલનું નાનપણથી ધાર્મિક ક્રિયાકાંડ તરફ ખૂબ વલણ હતું અને તેમાંથી તેના દિલમાં કાળક્રમે દીક્ષા લેવાની વૃત્તિ જાગી હતી. દીક્ષા લેવાના હેતુથી તે ૨૧ વર્ષની વયે ઘર છોડીને એકવાર ભાગી ગયો હતો, પણ પછી તેના બાપના સમજાવવાથી તે ઘેર પાછો આવ્યો હતો. ત્યારબાદ તેનું મન ગૃહસ્થાશ્રમ તરફ વળ્યું અને ૨૩ વર્ષે તેણે સંસારમાં સ્થાયીપણે રહેવાની પોતાના સાસરાને પુરી ખાત્રી આપીને પ્યારીબાઇ નામની તેર વર્ષની કન્યા સાથે લગ્ન કર્યું. એક વર્ષ પહેલાં તેને એક બાળક પ્રાપ્ત થયું. ત્યારબાદ કુટુંબમાં કાંઇક કલેશનું નિમિત્ત ઉભું થયેલું કહેવામાં આવે છે. આ દરમિયાન આજથી સાત મહિના પહેલાં તેણે ઉપધાનવહન કર્યાં અને તેમાંથી પાછો પહેલાંનો દીક્ષાનો સંસ્કાર તેના દિલમાં જાગૃત થયો અને ઉત્તરોત્તર દૃઢીભૂત થતો રહ્યો. અને ઉપર જણાવ્યું તે મુજબ તા. ૨૯-૫-૫૨ ના રોજ તેણે શ્રી વિજયપ્રેમસૂરિ પાસે દીક્ષા લેવી એમ નકકી કરવામાં આવ્યું. તા. ૧૭-૫-૫૨ સુધી તે એકલો જ દીક્ષા લેવાનો હતો અને તે દીક્ષા લે તો તેની પત્ની અને બાળકનું શું કરવું, અથવા તો તેમના માટે શું આર્થિક વ્યવસ્થા કરવી એ સંબંધમાં કુટુંબમાં અંદર અંદર વાટાઘાટ ચાલતી હતી. ત્યાર પછી એકાએક શું બન્યુ તેની બહારના કોઇને ખબર ન પડી, પણ તે બાઇ પણ જેઠમલની સાથે જ દીક્ષા લેવાની છે એવી વાત બહાર આવી.

પ્યારીબાઇના દીક્ષા લેવાના વિચારની તેના પિતાને ઘણી મોડી ખબર પડી અને જેવી ખબર પડી કે તરત જ પોતાને ગામથી નીકળીને તા. ૨૬-૫-૫૨ ના રોજ સવારના મુંબઇ આવી પહોંચ્યો. આવતાંવેંત ભાઇ જેઠમલને તથા તેના માતપિતાને મળ્યા અને જેઠમલ વૈરાગ્યવાસિત હોઇને દીક્ષા લે તો ભલે લે પણ પ્યારીબાઇને દીક્ષા ન આપવા માટે સમજાવવા તેણે ખૂબ પ્રયત્ન કર્યો, પણ તેમાં તેને કોઇએ કોઠું ન આપ્યું. તે પોતાની પુત્રીને પણ મળ્યો, પણ તેની સ્થિતિ લગભગ પઢાવેલા પોપટ જેવી તેને લાગી. ત્યારબાદ તે વિજયપ્રેમસૂરિજી પાસે દોડયો, મહારાજશ્રીને વિનવ્યા, આજીજી કરી, પણ મહારાજશ્રી તરફથી તો તેને લગભગ આવો જવાબ મળ્યો કે "તમારી દીકરીને તમે સમજાવી શકો તો લઇ જાઓ, ન સમજાવી શકો તો તેને દીક્ષા લેવા દ્યો. દીક્ષાના ઉમેદવારના સાંસારિક શું સંયોગો છે તે અમારે વિચારવાનું નથી. અમારી પાસે તો જે પચખ્ખાણવ્રત લેવા આવે તેને પચખ્ખાણવ્રત આપવું એ જ અમારૂં કામ છે. તેના બાળકનું શું થાય તે અમારે જોવાનું નથી. અને ધારો કે કોઇ બાળકની મા બાળકને પાંચ છ મહીનાનો મૂકીને મરી જાય છે તો તેનું શું થાય છે? તે બાળક જેમ મોટું થાય છે તેમ આ બાળક પણ મોટું થશે" ઇત્યાદિ. આ જવાબ અને દલીલ સામે અસહાય અને અનભિજ્ઞ બાપ શું ઉત્તર આપે ? આખરે નિરાશ થઇને એ જ રાત્રે આ પ્યારીબાઇના પિતા શા. ચુનીલાલ છોગાભાઇએ મુંબઇના સકળ સંઘ જોગ નીચેની વિનંતિ છાપેલ પત્રિકાદ્વારા બહાર પાડી:—

"આથી સર્વ જૈન સંઘ અને સાધુ મુનિ મહારાજને મારી વિનંતિ છે કે મારી પુત્રી પ્યારીબહેન, જેની ઉંમર ૧૮ વર્ષની છે તેનાં લગ્ન શ્રી જેઠમલજી હીરાચંદજી સાથે કર્યાં છે. તેમને સંતાનમાં એક બાળક લગભગ એક વર્ષનો છે. શ્રી જેઠમલજીને વૈરાગ્ય ભાવનાની રઢ લાગી હોઇ તેઓ દીક્ષા સ્વીકારવા ઉત્સુક બન્યા છે અને તેમની સાચી વૈરાગ્ય ભાવના હોઇ તેમની આ દીક્ષામાં કોઈપણ જાતનો વિરોધ ન કરતાં હું સંમત થાઉં છું. પરંતુ મારી પુત્રી જે તદ્દન ભોળી, અણસમજુ અને અજ્ઞાન છે જેને નવકારમંત્ર સિવાય કોઈપણ જાતનો ધાર્મીક અભ્યાસ નથી તેને પણ દીક્ષા અંગીકાર કરવા માટે ભરમાવી દીધી છે અને મને તેની ખબર મળતાં જ હું અહીં આવ્યો છું અને તેને દીક્ષા આપવામાં મારો સખ્ત વિરોધ છે. કારણ તેના દુધ પીતા બાળકનું છે. સહુ કોઇ સમજી શકે છે કે એક વર્ષના બચ્ચાનું મા-બાપ વગરનું ઉછરવું બચ્ચાની જીંદગી માટે કેટલું ખતરનાક ગણાય ? મોટે ભાગે બાળકનું જીવવું પણ અકુદરતી બની જાય છે, એની દીક્ષા જેઠ સુદ ૫ ને ગુરૂવારે હોઈ મારી સકળ સંઘને એક જ વિનંતિ છે કે આ બચ્ચાની જીદગી ખાતર કોઇ પણ જૈન સાધુ અથવા સંઘ આ કામમાં સાથ ન આપે અને એનો ઠેકાણે ઠેકાણે સભાઓ દ્વારા સખ્ત વિરોધ દર્શાવી બાળકના અંતરના આશીર્વાદ મેળવે"

આ વિનંતિએ ચોતરફ ખળભાટ પેદા કર્યો. મારવાડી સમાજ ઉકળી ઉઠયો. તા. ૨૭-૫-૫૨ ના રોજ રાત્રીના આઠ વાગે લાલબાગમાં દીક્ષા લેવા ઇચ્છતા ઉમેદવારોને અભિનન્દન આપવાની સભા મળી તેમાં આ બાઇને અપાતી દીક્ષા સામે ઉગ્ર વિરોધ થયો અને ખૂબ ધમાલ તથા મારામારી થઈ. તા. ૨૯-૫-૫૨ ના રોજ યોજાયલા દીક્ષા મહોત્સવમાં તોફાન થશે અને આજ સુધીમાં મેળવેલી પ્રતિષ્ઠા ધૂળમાં મળી જશે એમ આચાર્ય મહારાજને ભય લાગ્યો અને પરિણામે એ બાઇને દીક્ષા આપવાનું બંધ રાખવામાં આવ્યું. આ દીક્ષામોકુફીની જાહેરાત કરતી જેઠમલના પિતા અને પ્યારીબાઇના સસરા શ્રી હીરાચંદ રૂપાજી તરફથી તા. ૨૮-૫-૫૨ના રોજ બહાર પાડવામાં આવેલી પત્રિકામાં જણાવવામાં આવ્યું છે કે "પૂ. પા. શ્રી આચાર્ય મહારાજ સાથે વાતચિત કરતાં તેઓશ્રીએ શાસનની હેલના થાય તેવા સંયોગોમાં પ્યારીબહેનની દીક્ષા થાય એ ઇચ્છવાજોગ નથી એમ જણાવ્યું."

આ આખી ઘટનાની વિગતો ઉપરથી આપણી સામે કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

એક તો જેઠમલની વૈરાગ્યવૃત્તિ કેટલી ચંચળ છે ? અને દીક્ષા લેવાની ધુન સિવાય તેનામાં બીજી કશી યોગ્યતા નથી. આવા અસ્થિર મનના યુવાનો સાધુસંસ્થાને શું ઉજાળવાના હતા અને સમાજનું શું કલ્યાણ સાધવાના હતા ?

બીજું પ્યારીબાઇના દીક્ષા લેવાના વિચાર પાછળ કોઇ

વેડફાઇ, જુના રેંટીયા જ્યાં પડયા હતા ત્યાં મને લઇ જવામાં આવ્યો. આશરે ત્રીશેક પેટી–રેંટીયા હતા, જેમાંના ચાર પાંચ રેંટીયા મેં જોયા. એકે રેંટીયો ઉપયોગમાં આવે એવો ન હતો.

આમ અમે બધું જોતાં ફરતા હતા એવામાં દશેક વર્ષના એક બાળકની સાથે મારી ઓળખાણ કરાવવામાં આવી. એ બાળક કાંતે છે, નિયમિત રીતે કાંતવાનું મળે તો દરરોજનો બે આંટી કાંતવાની એની શકિત છે, કાંતવા એ તૈયાર છે, પણ કામ કોણ આપે? એ બાળકનો બાંધો પોષણના અભાવે નબળો હતો. આ છાવણીમાં લગભગ અઢી કલાક હું રહ્યો. એની ભારે ઉંડી અસર મારા ઉપર થઇ. રચનાત્મક કાર્યકર્તાઓ પૈકી કેટલાક અનુકુળતાવાળું કોઇ ગામડું અથવા સ્થાન મળે તો ત્યાં બેસી જવાની અભિલાષા ધરાવી રહ્યા છે. બીજા કેટલાક કાર્યકર્તાઓ અનુકુળતા હોય ત્યાં જઇને સેવા કરવાની ભાવના ધરાવે છે. મુંબઇ પાસે થોડાક માઇલ દૂર કુરલા સ્ટેશનની નજીકમાં ૧૭૦૦ નિરાધાર બહેનોના આ ગામડામાં સેવાનું ક્ષેત્ર ભરપુર પડયું છે. ભાવનાશાળી આવડતવાળા અને વહેવારૂ ભાઇબહેનોને આ છાવણી નોતરે છે. છાવણીમાંની વસતી ‘કામ આપો, કામ આપો’નો પોકાર કરે છે, કામના અભાવે અડધે પેટે, પેટમાં ટુંટીયાં વાળીને રામનામ લેતી સુઇ જાય છે. મુંબઇ શહેરની જનતા આ બહેનોની દયાજનક સ્થિતિનો વિચાર કરે અને તેમના માટે જરૂરી ઉદ્યોગોનો પ્રબંધ કરીને તેમના જીવનનિર્વાહના અત્યન્ત વિકટ પ્રશ્નને હળવો કરે એજ પ્રાર્થના!

કોરા કેન્દ્ર, શીંપવલી
બોરીવલી, (મુંબઇ)

**વીઠ્ઠલદાસ વ. જેરાજાણી**

# ગાંધીજી અને સામ્યવાદ

( ગતાંકથી ચાલુ )

## ૬. ત્રણ ગાંધી–સિધ્ધાન્તો

ગાંધી–વિચારનું મોકળાપણું કાયમ રાખી તેને કંઇક વ્યવસ્થિત રૂપ આપવાનો કિશોરલાલભાઇએ પ્રયત્ન કર્યો છે. વર્ણવ્યવસ્થા, વિશ્વસ્ત–વૃત્તિ (ટ્રસ્ટીશિપ) અને વિકેન્દ્રીકરણ–આ ત્રણ વિષયોને મેળવી તેમણે એક ખોખું તૈયાર કર્યું છે. ચાલો, તેની પર થોડી નજર નાખીએ.

**વર્ણવ્યવસ્થા** ની પુરાણી કલ્પનામાં નવો અર્થ ભરી, અથવા તે કલ્પનામાંનો મૂળભૂત વિચાર ધ્યાનમાં રાખી ગાંધીજીએ તેનો સ્વીકાર કર્યો છે. આ તેમનો એક અહિંસાનો પ્રયોગ છે એમ હું સમજું છું. સમાજમાં આદરણીય બનેલા શબ્દો અને કલ્પનાઓને તોડી ન નાખતાં તેમને માન્ય રાખી તેમના અર્થમાં વધારો કરવો, તેમને વિકસિત રૂપ આપવું, તેમનામાં નવજીવન રેડવું એ અહિંસાની પ્રક્રિયા છે. ભારતીય પરંપરામાં ઉતરેલો સમન્વયનો બધો વિચાર આ અહિંસાની પ્રક્રિયામાંથી જ નીકળ્યો છે. જૂના શબ્દોમાં નવો અર્થ ભરવાનું ભાન પણ આ પ્રક્રિયામાં નથી હોતું. જૂના શબ્દોના મૂળ અર્થને અજવાળ્યાનો જ ભાસ તેમાં થાય છે. ગીતાએ યજ્ઞાદિ શબ્દના અર્થોનો વિકાસ કરી આ પધ્ધતિનો દાખલો બેસાડયો છે. આ પ્રક્રિયામાં શબ્દોની ખેંચાતાણ થવાનો ઘણો ડર રહે છે. તેમ થતાં તે અહિંસાના પ્રયોગને બદલે અસત્યનો પ્રયોગ બની જાય છે. શબ્દોની ખેંચાતાણ કર્યા વગર મુકત આદરથી શબ્દાર્થનું સ્વલ્પમાત્ર દોહન કરાય તો તે અહિંસાની પ્રક્રિયા થાય. ગાંધીજી ભારતીય સંસ્કૃતિમાં જન્મ્યા અને ઉછર્યા અને એ જ સંસ્કૃતિને પચાવેલી પ્રજાને માટે જ તે ખાસ કરીને બોલતા હતા. આથી તેમણે વર્ણસમાજ–કલ્પનાનો સ્વીકાર કર્યો, એમ મને લાગે છે. બીજી ભાષામાં કહું તો, જો તે બીજા કોઇ સમાજમાં જન્મ્યા હોત અને તે સમાજ માટે બોલતા હોત તો અહિંસક સમાજરચનાના અનિવાર્ય અંગ રૂપે વર્ણવ્યવસ્થા શબ્દ અને કલ્પના તેમને સ્વતંત્રપણે સૂઝત જ એમ કહી શકાય નહિ. તો પણ એટલું કહી શકાય કે આ કલ્પનાનો જે સાર તેમણે ગ્રહણ કર્યો છે, તે એ સ્થિતિમાં પણ બીજા કોઇ શબ્દો મારફતે તેમને ગ્રહણ કરવો જ પડત. મારા કહેવાની મતલબ એ છે કે જેને વર્ણ અને વર્ણવ્યવસ્થા આ શબ્દો પસંદ નથી, તેમણે ગાંધીજીના આ શબ્દોના પ્રયોગથી ચમકી જવાની જરૂર નથી. અહીં શબ્દોનો આગ્રહ નથી, સાર સાથે કામ છે. (૧) મજૂરીનું સરખાપણું (૨) હરીફાઇનો અભાવ, અને (૩) આનુવંશિક સંસ્કારોનો લાભ ઉઠાવનાર શિક્ષણ યોજના–આ વર્ણવ્યવસ્થાનો સાર છે. અમારી દષ્ટિએ અહિંસક સમાજરચનામાં આટલાનો જ સમાવેશ છે.

વર્ણવ્યવસ્થાના જેવી જ **ટ્રસ્ટીશિપ** ના સિધ્ધાંતની વાત છે. આ શબ્દ પણ ઘણાને ગમતો નથી. વર્ણધર્મ શબ્દ મૂળમાં નિઃસંદેહ એક સદ્‌વિચાર અને સુયોજનાનો દ્યોતક છે. ટ્રસ્ટીશિપના સિધ્ધાંત માટે કદાચ ખાતરીપૂર્વક એમ ન કહી શકાય. એટલે કે આ શબ્દ જ્યારથી પેદા થયો છે ત્યારથી જ તેના દુરૂપયોગ પણ શરૂ થયો છે. પણ કાયદાની ભાષામાં તે સારા અર્થમાં યોજાયો છે. અને ગાંધીજી કાયદાના અભ્યાસી હોવાથી આ શબ્દ તેમને વળગી ગયો, તથા તેઓ સત્યોપાસક હોવાથી તેમણે તેનો મૂળ શુધ્ધ અર્થ જ પોતાના હૃદયમાં રાખી લીધો. હું કાયદાનો અભ્યાસી ન હોવાથી ગાંધીજીએ આ શબ્દનો પ્રયોગ કરેલો હોવા છતાં મને તે વળગી કે આકર્ષી શકયો નથી. છતાં ગાંધીજીએ જે અર્થમાં આ શબ્દ વાપર્યો છે, તે અર્થની બાબતમાં મારી ગેરસમજ થઇ નથી. ગીતાના અપરિગ્રહ, સમભાવ વગેરે શબ્દોએ ગાંધીજીના મનને મજબૂત રીતે પકડી લીધું, અને એ વૃત્તિઓ વ્યવહારમાં કેવી રીતે ઉતારવી તેનું ચિંતન કરતાં કરતાં તેમને કાયદાના ટ્રસ્ટી શબ્દની મદદ મળી. ગીતાના અભ્યાસથી ટ્રસ્ટી શબ્દના અર્થ પર વધારે પ્રકાશ પડયો અને તે શબ્દે અપરિગ્રહનો કોયડો ઉકેલી આપ્યો એમ ગાંધીજીએ પોતાની આત્મકથામાં નિવેદન કર્યું છે. સારાંશ, ગાંધીજીની દષ્ટિએ સમાજની આજની પરિસ્થિતિમાં જ નહીં, પણ કોઇ પણ પરિસ્થિતિમાં દેહધારી મનુષ્યને માટે પોતાની શકિતઓનો ટ્રસ્ટીને નાતે ઉપયોગ કરવો એ એક જ અપરિગ્રહ સાધવાનો વ્યાવહારિક ઉપાય છે. કિશોરલાલભાઇએ તેની જે બારીકાઇથી છણાવટ કરી છે તે બાળકનેયે સમજાય એવી છે. તેમાં કંઇ ગૂઢ રહ્યું નથી તેમ જ ગેરસમજ માટેયે ગુંજાશ નથી રહી એમ મને લાગે છે.

સંપત્તિની વિષમતા કૃત્રિમ વ્યવસ્થાને લઇને પેદા થઇ છે, એમ માની તેને બાજુએ રાખો તોયે મનુષ્યોની બૌધ્ધિક અને શારીરિક શકિતઓની વિષમતા પણ હોય છે. તે પૂરી રીતે દૂર નથી થઇ શકતી. શિક્ષણ અને નિયમનથી આ વિષમતાયે અમુક અંશે ઓછી કરી શકાય એમ આપણે માનીએ. છતાં આદર્શ સ્થિતિમાંયે આ વિષમતાનો સર્વથા અભાવ થાય એવી કલ્પના કરી નથી શકાતી. માટે બુધ્ધિ, શરીર અને સંપત્તિ, ત્રણમાંથી જે કાંઇ જેને મળ્યા હોય, તેણે સમજવું જોઇએ કે તેને એ સૌના હિતને માટે જ પ્રાપ્ત થયાં છે. આને જ સારા અર્થમાં ટ્રસ્ટીશિપની વૃત્તિ કહીશું. પણ આ શબ્દ દુર્જનોના હાથમાં પડીને એટલો પતિત થયો છે કે તેનો ઉધ્ધાર હવે અશકય જેવો છે. આથી તે માટે મેં “**વિશ્વસ્ત-વૃત્તિ**” એ ભાવવાચક નામ વાપર્યું છે. કોઇ બીજાના ઉપર આધાર ન રાખવો એને આપણે સામાન્યપણે સ્વાવલંબનના તત્વને નામે માન્ય કરીશું. પણ કોઇ કોઇનો ભરોસો જ ન કરે, એવી સ્થિતિ જો થઇ જાય, તો તે એક નરકની જ યોજના થશે. માબાપે બાળક પર, બાળકે માબાપ પર, પાડોશીએ પાડોશી પર, એટલું જ નહીં પણ જુદાં જુદાં રાષ્ટ્રોએ પણ એકબીજા પર વિશ્વાસ કરવો જોઇએ. આવો વિશ્વાસ મૂકવામાં જો આપણને ધાસ્તી લાગ્યા કરતી હોય તો તેનો અર્થ એ થયો કે આપણે માનવતાથી

### વિષય સૂચિ


| | | પૃષ્ટ |
|---|---|---|
| એ અણપ્રીછી વરદીવડીઓ | પરમાનંદ | ૧૭ |
| શ્રી ભારત જૈન મહામંડળ | તારાચંદ | ૧૮ |
| ચાંદવડ અધિવેશન | પરમાનંદ | ૧૯ |
| પ્યારીબાઇને દીક્ષા અપાતી કેમ અટકી ગઇ? | પરમાનંદ | ૨૦ |
| ‘અમને કામ આપો, કામ આપો!’ | વીઠ્ઠલદાસ વ. જેરાજાણી | ૨૧ |
| ગાંધીજી અને સામ્યવાદ | વિનોબા ભાવે | ૨૨ |

નીચેની પાયરી પરથી વિચાર કરીએ છીએ. આવી "વિશ્વસ્ત-વૃત્તિ" શિક્ષણથી પરિપુષ્ટ કરી શકાશે. પણ તેમ કરવાને બદલે આખા સમાજનું એક જ પોટલું કરી નાખવું જેથી વિશ્વાસની માથાકૂટ જ ન રહે એમ માનવું તે બુધ્ધિનું આળસ જ ગણાય.

પરસ્પર વિશ્વાસ પર આધાર રાખનારી સમાજરચના એટલે બધાની વિવિધ શક્તિઓનું સુસંવાદી સંયોજન. લોકસંગ્રહ શબ્દથી આપણે આ જ અર્થ બતાવીએ છીએ. વ્યક્તિગત અપરિગ્રહ, એટલે કે 'વિશ્વસ્ત-વૃત્તિ' થી શક્તિનો સર્વાર્થે ઉપયોગ કરવો, એ લોકસંગ્રહનું એક મૂળભૂત તત્ત્વ છે. ટ્રસ્ટીશિપ શબ્દ ન ગમે તો ભલે છોડી દો, પણ આ તત્વને ન છોડો, એટલુંજ કહેવાનું છે.

**વિકેન્દ્રીકરણ** ની વાત બિલકુલ જુદા પ્રકારની છે. આ શબ્દ નવો હોવાથી તેની સાથે સારો ખોટો કોઈ ભાવ અથવા સંસ્કાર વળગેલો નથી. તે શબ્દ જેમ નવો છે, તેમ તેનો અર્થ એટલે કે તેની પાછળની કલ્પના પણ નવી છે. યંત્રયુગના આવવા પહેલાં બધું વિકેન્દ્રીકરણ જ હતું. તો પછી એમાં નવું શું છે, એમ કોઇ પૂછશે. પરંતુ, યંત્રયુગના પહેલાં વિકેન્દ્રીકરણ નહોતું, પણ બધું વિકેન્દ્રિત હતું. ગામડાઓમાં બધા ઉદ્યોગ વિકેન્દ્રિત રૂપે ચાલે એટલે વિકેન્દ્રીકરણ થયું એમ ન કહેવાય. વિકેન્દ્રીકરણમાં વિકેન્દ્રિત ઉદ્યોગોની સાથે સાથે સમગ્રદૃષ્ટિની એક વ્યાપક યોજના ગૃહીત છે. એવી યોજના ન હોય તો વિકેન્દ્રિત ઉદ્યોગોનો અર્થ ઉદ્યોગોનો વિખેર એટલો જ થશે. આવા વીખરાએલા ઉદ્યોગો યંત્રયુગના પહેલાં હતા. સ્વાભાવિક રીતે જ યંત્રયુગનો પહેલો ફટકો લાગતાં જ તે તૂટવા માંડયા. એથી ઉલટું, વિકેન્દ્રીકરણ તૂટી પડનારી વ્યવસ્થા નથી, પણ તે યંત્રયુગને તોડનારી વ્યવસ્થા છે. આજનો યંત્રયુગ નામે ભલે યંત્રયુગ કહેવાય, વસ્તુતઃ તે એક બહુ જ અયંત્રિત યુગ છે. તેને બદલે સામ્યવાદી સુયંત્રિત યંત્રયુગ ઇચ્છે છે. પરન્તુ જે રીતે શસ્ત્ર, તે જ પ્રમાણે યંત્ર પણ, ભલે મનુષ્યની શોધ હોય, પરન્તુ તે જાતે અમાનવી છે. આથી તેનું માનવીકરણ એક હદથી આગળ નથી થઇ શકતું. ઉલટું તે જ મનુષ્યને પોતાના હાથમાં રમાડે છે. આ જગ્યાએ શસ્ત્ર શબ્દનો અર્થ સંહારક શસ્ત્ર જ સમજવો; સર્જનના હાથમાં રહેતું ઉપકારક શસ્ત્ર નહીં, એ દેખીતું છે. તે જ પ્રમાણે યંત્ર એટલે મનુષ્યને બેકાર, આળસુ અથવા જડ બનાવનારાં લુંટારૂં યંત્રો જ સમજવાં, મનુષ્યની મદદ માટે દોડીને આવનારાં, ઉપકરણની માફક તેના હાથમાં શોભા આપનારાં, માનવ-સ્વભાવની 'ભાવના' (સ્પર્શ, પાસ) પામેલાં ઓજારો સમજવાનાં નથી. એક જ ઉદાહરણ આપવું હોય તો "વ્હીલ બેરો" (એકચાકી હાથગાડી)નું આપી શકાય. અમે જે કૂવો ખોદી રહ્યા છીએ તેની માટી વહી જવા માટે તે અમને જે મદદ કરે છે તેનો હું દરરોજ અનુભવ કરું છું. સેનાપતિ બાપટની કડી હું મનમાં ગણગણું છું. "ધન્ય ધન્ય, આ ઓજાર." આ પણ યંત્રયુગે જ આપેલું છે. આથી જ્યારે અમે એમ કહીએ છીએ કે વિકેન્દ્રીકરણ યંત્રયુગને તોડી નાખશે, ત્યારે મારી મતલબ એ હોય છે કે યંત્રયુગનો આવો લાભ ઉઠાવીને તેને તોડી નાખશું. આ પ્રમાણેનો લાભ ઉઠાવ્યા સિવાય યંત્રયુગ તોડી શકાશે પણ નહીં. પણ આ પ્રમાણેની શક્તિ, યંત્રયુગને હજમ કરી લેવાની તાકાત, પુરાણા વિકેન્દ્રિત ઉદ્યોગોમાં નહોતી. વિકેન્દ્રિત ઉદ્યોગો અને વિકેન્દ્રિકૃત ઉદ્યોગોમાં આ એક મોટો મૂળભૂત શક્તિભેદ છે. આથી વિકેન્દ્રીકરણ શબ્દ અને તેની મારફતે દર્શાવાતી કલ્પના-બન્ને નવાં જ છે. જો આ વિશ્લેષણ પર ધ્યાન અપાય તો વિકેન્દ્રીકરણની વિરૂધ્ધ કરવામાં આવતા ઘણાખરા આક્ષેપો ખડક પર મારેલી તલવારની ધાર માફક બુઠ્ઠા થયા સિવાય રહેશે નહીં.

પણ વિકેન્દ્રીકરણ ફક્ત ઉદ્યોગ સુધી જ મર્યાદિત રાખવાનું નથી. વિકેન્દ્રીકરણની પ્રક્રિયા રાજસત્તાને પણ લાગુ પડે છે. અહિંસક સમાજરચનાની ઘોષણા કરનારા વિચારકોનાયે ધ્યાનમાંથી ઘણી વખત આ વસ્તુ ખસી જાય છે. તેઓ ઔદ્યોગિક વિકેન્દ્રીકરણનું સમર્થન કરીને તેના રક્ષણ માટે મજબૂત કેન્દ્રીય સત્તાની (મોટે ભાગે વચગાળાના સમય દરમ્યાન) કદી કદી માગણી કરે છે. સામ્યવાદીઓની કલ્પનામાં પણ છેવટે રાજ્યસત્તા સખત ઉનાળાના ઘીની માફક ઓગળી જવાની છે. પણ તેની પહેલાં તેમને તે સખત ટાઢમાં જામેલા ઘીના જેવી જ નહીં પણ ટ્રોટ્સ્કીના માથામાં મારેલા લોખંડના હથોડાની માફક ઘટ્ટ અને મજબૂત જોઇએ છે. 'વચગાળાના સમય' માટે આવા ગુલાંટિયા-કૂદકાની યોજના ઠેઠ પુરાણકાળના સમયથી આજ સુધી લગભગ બધા "જવાબદાર" મહાજનો કરતા આવ્યા છે. ગાંધીજીએ જ માત્ર આદિ, મધ્ય અને અંત ત્રણે કાળ માટે સત્તાના વિકેન્દ્રીકરણની યોજનાની કલ્પના કરી છે. "તેને તમે ભલે રામરાજ્યની કલ્પના માનીને ત્રેતાયુગમાં ધકેલી દો કે ભાવિ સર્વોદયની યોજના સમજીને ભવિષ્યકાળને સોંપી દો. પણ અત્યારના સમયમાં આ ભાષા ન બોલશો." એમ અમારા મિત્રોનું કહેવું છે.

### ૭. બે માતાઓ

ગાંધી-વિચાર અને સામ્યવાદમાં અનેક વાતો પર વિરોધ હોવા છતાં કેટલાક સમાન અંશ પણ છે, અને તે પણ મહત્વના છે. રામ-રાવણમાં કવિને 'ર' કારનું સામ્ય દેખાયું. તો પછી આ તો દેખીતી રીતે સદ્ભાવનાથી પ્રવૃત્ત થયેલા લોકહિતેચ્છુ વાદો છે. તેમાં સમાન અંશ કેમ ન હોય? ગરીબોની તરફદારી આ બન્નેનો સ્થાયી ભાવ છે. અનેક ગુણોમાં એકાદ દોષ સહજ જ વિલીન થઇ જાય છે; બલ્કે તેને લઇને ગુણસમૂહ વધારે ખૂલીને પ્રગટ થાય છે, આ અર્થનું કાળીદાસનું એક વાક્ય છે. * પણ તેથી વિપરિત એકાદ ઉત્કટ ગુણમાં પણ બધો દોષસમૂહ લોપાઈ જઇ શકે છે. ઉત્કટતાની આ મોટાઇ છે. આખાયે જગતમાં ગરીબોની આજે એવી દીનદશા છે કે કોઈ માતાના જેવી ઉત્કટ તલ્લીનતાથી તેમને સંભાળવાની, અને સંભાળવાની જ નહીં પણ તેમની સર્વાંગી ઉન્નતિ કરવાની જે હિમ્મત બાંધે અને હોંશ રાખે, તેણે, જાણે, સર્વ દોષોનો નાશ કરનાર હરિ નામનો મંત્ર જેવો ગુણ પ્રાપ્ત કર્યો એમ જ કહેવું જોઇએ. ગાંધી-વિચાર અને સામ્યવાદ માતાની ઉત્કટતાથી ગરીબોનો ઉદ્ધાર કરવા ઇચ્છે છે. પરન્તુ ઘણી વખત માતાની ગાંડી માયા ઝડપી પરિણામના ચક્કરમાં પડી સ્થાયી પરિણામ પર ધ્યાન આપતી નથી. આવી જ હાલત સામ્યવાદની થઇ છે. માતાની માત્ર ઉત્કટતાથી મુશ્કેલી દૂર થતી નથી. ઉત્કટતામાંથી તો માત્ર સફળતા મેળવવાની ઉત્કંઠા પેદા થાય છે. પણ મુશ્કેલીના ઉકેલ માટે ગુરૂની કુશળતાની અપેક્ષા રહે છે.

એક ઉત્કટ પરંતુ વિચારોથી હાથ ધોઈ ન બેઠેલા સામ્યવાદી સાથે ચર્ચા ચાલી રહી હતી. મેં પૂછયું, "શું હિંસા સામાન્ય પ્રજાની શક્તિ છે એમ કહેવાશે?" તે બોલ્યો "સામાન્ય રીતે ન કહેવાય, પણ વિશેષ પ્રસંગમાં અને વિશેષ ઉપાયોથી હિંસાને માટે પ્રજાને તૈયાર કરી શકાય."

મેં કહ્યું, "માનો, કે વિશેષ પ્રસંગ માટે તેને તૈયાર કરી શકાય તો પણ તેનો ઉપયોગ શો? એક વાર કમાય અને હંમેશાં ખાય એમ તો બનવાનું નથી. જે શક્તિ આપણા સ્વભાવમાં નથી તેનો ઊછીનો વેષ લાવીને દેખાડીએ તોપણ છેવટે તો જેના સ્વભાવમાં એ શક્તિ સાચે રહેલી છે, એવા લોકોના હાથમાં જ તે સત્તા રહેશે;

* एको हि दोषो गुण सन्निपाते निमज्जतीन्दोः किरणेष्विवाङ्कः॥
—कुमारसंभवम् १-३॥

વારૂ, પ્રજાનો સ્વભાવ જ બદલવાની વાત કહો તો એક તો એ વાત અશકય છે. અને માનો કે તે શકય બને એટલે કે સંપૂર્ણ સમાજ ક્રુર સ્વભાવનો બને તો તે એક અત્યંત ભયાનક ઘટના થશે. એવી ઘટના, કે જેનું પરિણામ તમારી પણ અપેક્ષા અને કલ્પનાથી વધુ ભયાનક આવશે."

તેમણે કહ્યું, "ભલે તેમ થાય. તેનું ગમે તે પરિણામ આવવા દો. પણ આજની સ્થિતિ બદલવા દો. એટલું જ બસ છે."

મેં કહ્યું "આજની સ્થિતિ બદલાઇ ગઇ છે એમ એક ક્ષણને માટે બહુ મજાનો આભાસ દેખાશે. પરંતુ ત્યાર પછી બેવડા જોરથી પાછી તે સ્થિતિ પલટાશે."

તેમણે કહ્યું, "પલટાય તો પલટાવા દો. આગળનું આગળ પર જોઈ લેવાશે."

મેં કહ્યું "આ વૈજ્ઞાનિક બુધ્ધિની ભાષા નથી. વ્યાકુળ બુધ્ધિની ભાષા છે. સામ્યવાદી વૈજ્ઞાનિક બુધ્ધિનો દાવો કરતો હોય છે."

તે બોલ્યા, "હા, તેવો દાવો કરે છે. કારણ કે 'એક વાર સત્તા હાથમાં આવ્યા પછી હંમેશ માટે વ્યવસ્થા કરી દઇશું' આવી ભાષા તેમણે ચલાવી છે. પણ હંમેશ માટેની વ્યવસ્થાની ભાષા મને બરાબર નથી લાગતી. કારણ કે સંસારમાં કોઈ પણ વસ્તુ હંમેશ માટે ટકી નથી શકતી. છતાં શ્રીમંતોને એક વખત શ્રીહત તો કરવા જોઇએ જ. પછી આગળનો પ્રશ્ન આગળની પેઢીઓ જોઇ લેશે."

સામ્યવાદી લોકો આ ભાઈને કાચો સામ્યવાદી સમજશે. હું તેને ચિત્તભ્રમમાંયે કાંઇક ઠેકાણે-બુદ્ધિ રહેલો સમજું છું. હંમેશાની અવ્યવસ્થા માટે ચોકકસ બંદોબસ્ત સામ્યવાદી તત્વજ્ઞાને શોધી કાઢયો હોય તોયે તે એક અફીણની ગોળી જ શોધી કાઢી છે. સાધારણ સામ્યવાદીઓની ભૂમિકા 'તરતદાન મહાપુણ્ય' ની જ હોય છે. માતાની વ્યાકુળતા તેમાં દેખાય છે ખરી, પણ ગુરુમાતાની કૂર્મ-દૃષ્ટિ તેમાં નથી.

## ૮ બે સાધન

તે ગમે તે હો. ભારતવર્ષની અજ્ઞાન પ્રજાની દશા આજે સ્વરાજ પ્રાપ્તિ પછી પણ અત્યંત અનુકંપનીય છે. એટલે તે ગમે તે રસ્તે છુટકારો મેળવવા ઇચ્છે છે. જુદા જુદા વાદો માટે વિચાર કરવાની તેનામાં શકિત જ નથી. ફુરસદ પણ નથી. ભોગ ચડાવવા માટે સહેજે મળી આવે તે દેવ એવી તેમની સ્થિતિ છે. આથી છેવટમાં કિશોરલાલભાઇએ જે ચેતવણી આપી છે તે ભૂલવાથી કામ નહીં ચાલે. સામ્યવાદનો વિરોધ કરવાથી કે તેનો તાત્વિક ઉત્તર આપવાથી અથવા સત્તાના બળથી તેનું દમન કરવાથી કામ નહીં ચાલી શકે. વરસાદમાં નદી-નાળાં બધી તરફથી ઉભરાઈ જઇ જેમ સમુદ્ર પ્રત્યે દોડે છે, એવી જ રીતે સ્વરાજ્ય કાળમાં બધા સેવકોની સેવા ગામડાંની અને દીનદુ:ખી પ્રજાની દિશામાં દોડી જવી જોઇએ.

સદ્ભાગ્યથી આટલી આપત્તિમાં પણ પ્રજાનું હૃદય હજુ સાબૂત છે. ગામડાંના લોકોને હજુ એવી શ્રધ્ધા છે કે અમારો છુટકારો કદી થવાનો જ હશે તો તે ગાંધીજીને જ રસ્તે થશે. આજની સરકાર ગાંધીજીના સહયોગીઓની સરકાર છે. દેશની સૌથી મોટામાં મોટી સંસ્થા જે કોંગ્રેસ તેને પણ ગાંધીજીએ જ આગળ વધારી છે. સર્વોદયવાળા રચનાત્મક કાર્યકર્તા તો જાણે ગાંધી-વિચારનો ધ્વજ જ ફરકાવે છે. ભારતના સમાજવાદી પણ ગાંધીજીની જ પ્રજા (સંતાન) છે, અને આ દેશમાં સત્યાગ્રહી સમાજવાદ સ્થાપિત કરવાની તેમની ઘોષણા છે. આ બન્ને, ત્રણે યા ચારે બધા એકત્ર થઈ પોતપોતાની શકિત પ્રમાણે પોતપોતાના વલણ પ્રમાણે પરંતુ સહવિચારથી પ્રજાની સેવામાં લાગી જાય તો દૈન્ય, દારિદ્ર અને દુ:ખ કયાં પોતાનું મોં દેખાડી શકશે? પણ આ ચારેએ આજે ચાર રસ્તા પકડી લીધા છે, અને પેલો પાંચમો દોડીને આવી રહ્યો છે. પાંચમો તે કયો? ઉપનિષદની ભાષામાં "**मृत्युर्धावति पंचमः**" (મૃત્યુ પાંચમો દોડે છે.)

એક કહે છે: "માણસો ભૂખમરાથી મરે છે." બીજો જવાબ આપે છે: 'ભૂખમરાથી નથી મરતા, પણ કોઇ ને કોઇ બીમારીથી મરી રહ્યા છે!" ભુખ્યા માણસને પણ મરતા પહેલાં કોઇ ને કોઇ બીમારી તો પકડી જ લે છે! સ્વામી રામદાસે કહ્યા પ્રમાણે:

> **"कांहीं मिळेना मिळेना मिळेना खायाला,**
> **ठाव नाहीं रे नाहीं रे नाहीं रे जायाला,**
> **हौस कैची रे कैची रे कैची रे गायाला,**
> **कोठें जावें रे जावें रे जावें भागायाला?"**

["ખાવા માટે કંઈ મળે ના, મળે ના, મળે ના; જવા માટે કોઇ સ્થાન નથી રે, નથી રે, નથી; ગાવા માટે હોંશ કયાંથી રે, કયાંથી રે, કયાંથી? માગવા માટે કયાં જવું રે? જવું રે, જવું?]

આવી સ્થિતિ થઇ ગઇ છે.

પણ આથી હું કોઇને દોષ પણ નથી દેતો, નિરાશ પણ નથી થતો. દોષ એટલા માટે નથી દેતો કે દેશ ઘણો મોટો છે જ. તેના પ્રશ્નો પણ મોટા છે. પછી મતભેદો પણ મોટા હોય તેમાં શંકા નથી. નિરાશ પણ નથી થતો. મારા હાથમાં કોદાળી હોવા છતાં હું નિરાશ શું કરવા થાઉં? અમારે ત્યાં ચર્ચા થઈ કે ઠેકઠેકાણે કૂવા ખોદીએ તો પેદાશ વધારે થાય. ભૂખમરો ટળે. સરકારે આ દિશામાં વિચાર કરવો જોઇએ. મેં કહ્યું: "આપણે જ સરકાર તો છીએ. સરકાર બીજી કઇ? ચાલો આપણે જ ખોદવા માંડીએ." ખોદવાનું શરૂ કર્યું. ખોદનારાઓને રજ જેટલોય અનુભવ નહોતો. પણ કોદાળી પોતાનું કામ કરતી હતી. ખોદનારાઓને પાણીની ભાળ ન હોતી. કોદાળીને હતી. તે ખોદતી ચાલી. જોતજોતામાં પાણીએ દર્શન આપ્યું. આસપાસના લોકો તેને તીર્થજળ માની તેનું પ્રાશન કરવા લાગ્યા. ત્યાં તે ગામના પટેલ બોલ્યા: "વૃદ્ધ કોટીબાબા* જેવા પણ કૂવા પર કામ કરવા લાગ્યા છે, તો પછી આપણે પણ કૂવો કેમ ન ખોદીએ?" તેમણે પોતાના ગામમાં કૂવો ખોદવાનું શરૂ કર્યું. સુરગાંવનાં જવાનોએ તો કમાલ કરી. તે બોલ્યા, "દીવાળીના દિવસ છે. આપણે બાબાજીના કૂવા પર કામ કરવા જઇએ." અને અમને ખબર આપ્યા વગર દસ-પંદર જુવાનો અમારા કૂવા પર આવી હાજર થયા, તથા ચાર કલાક શ્રમદાન આપી કંઇ પણ દેખાવ કે જાહેરાત કર્યા વિના પાછા ચાલ્યા ગયા. પ્રજાના હૃદયમાં જ્યારે ઈશ્વર જ આટલી દિવ્ય પ્રેરણા જગાવી રહ્યો છે, ત્યારે કોઇએ નિરાશ શા માટે થવું? રામદાસ પૂછે છે "માગવા માટે કયાં જવું રે, જવું રે, જવું?" માગવા કયાં જવાનું હોય? અમેરિકા પાસે? શું સ્વરાજ ભોગવનાર લોકોએ બીજા પાસે હાથ લંબાવવો? ચાલો શ્રમદેવીની ઉપાસના કરીએ અને તેની પાસે માગીએ. તે કહી રહી છે: "માગો એટલે મળશે અને શોધો એટલે જડશે."

મને પોતાને તો આજે "કાંચન-મોહ-મુકિત અને "શરીર-પરિશ્રમ" આ એક જ વસ્તુમાં ભારતનો ઉધ્ધાર દેખાય છે. આમાં જ ગાંધી-વિચારનો સાર દેખાય છે, સામ્યવાદ સાથે તેનો મેળ જણાય છે, અને સામ્યવાદનો ઉકેલ પણ જણાય છે. વળી તે જ દેખાય છે ઉકેલ પૂંજીવાદનો યે.

સમાપ્ત. **વિનોબા ભાવે.**

* પવનારના લગભગ એંસી વર્ષના એક કાર્યકર્તા અને ભકત.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ. મુંબઈ, ૩
મુદ્રણસ્થાન: શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫—૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ ૩

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪ અંક : ૪

મુંબઈ : ૧૫ જુન ૧૯૫૨ રવીવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## मेरी भावना

( एक राष्ट्रीय नैतिक प्रार्थना )

[ रचयिताः- श्री. जुगलकिशोर जी. मुख्तार ]

जिसने राग, द्वेष, कामादिक जीते, सब जग जान लिया।
सब जीवों को मोक्ष-मार्ग का, निस्पृह हो उपदेश दिया।
बुद्ध, वीर, जिन, हरि, हर, ब्रह्मा, या उसकी स्वाधीन कहो।
भक्ति-भाव से प्रेरित हो, यह चित्त उसी में लीन रहो॥ १॥

विषयों की आशा नहिं जिन के, साम्य-भाव धन रखते हैं।
निज-पर के हित साधन में, जो निश-दिन तत्पर रहते हैं।
स्वार्थ-त्याग की कठिन तपस्या, बिना खेद जो करते हैं।
ऐसे ज्ञानी साधु जगत के, दुःख-समूह को हरते हैं॥ २॥

रहे सदा सत्संग उन्हीं का, ध्यान उन्हीं का नित्य रहे।
उनही जैसी चर्य्या में, यह चित्त सदा अनुरक्त रहे।
नहीं सताऊं किसी जीव को, झूठ कभी नहीं कहा करूं।
पर-धन वनिता पर न लुभाऊं, संतोषामृत पिया करूं॥ ३॥

अहंकार का भाव न रक्खूं, नहीं किसी पर क्रोध करूं।
देख दूसरों की बढ़ती को, कभी न ईर्षा भाव धरूं।
रहे भावना ऐसी मेरी, सरल सत्य व्यवहार करूं।
बने जहां तक इस जीवन में, औरों का उपकार करूं॥ ४॥

मैत्री भाव जगत में मेरा, सब जीवों से नित्य रहे।
दीन-दुखी जीवों पर, मेरे उर से करुणा-स्त्रोत बहे।
दुर्जन-क्रूर कुमार्ग-रतों पर, क्षोभ नहीं मुझको आवे।
साम्यभाव रक्खूं मैं उन पर, ऐसी परिणति हो जावे॥ ५॥

गुणी-जनों को देख हृदय में, मेरे प्रेम उमड़ आवे।
बने जहां तक उनकी सेवा, करके यह मन सुख पावे।
होऊं नहीं कृतघ्न कभी मैं, द्रोह न मेरे उर आवे।
गुण-ग्रहण का भाव रहे नित, दृष्टि न दोषों पर जावे॥ ६॥

कोई बुरा कहे या अच्छा, लक्ष्मी आवे या जावे।
लाखों वर्षों तक जीऊं, या मृत्यु आज ही आ जावे।
अथवा कोई कैसा ही भय, या लालच देने आवे।
तो भी न्याय-मार्ग से मेरा, कभी न पद डिगने पावे॥ ७॥

होकर सुख में मग्न न फूले, दुख में कभी न घबरावे।
पर्वत-नदी-श्मशान-भयानक-अटवी से नहिं भय खावे।
रहे अडोल अकंप निरन्तर, यह मन दृढ़-तर बन जावे।
इष्ट-वियोग अनिष्ट-योग में, सहन-शीलता दिखलावे॥ ८॥

सुखी रहें सब जीव जगत के, कोई कभी न घबरावे।
बैर-पाप अभिमान छोड़, जग नित्य नये मंगल गावें।
घर-घर चर्चा रहे धर्म की, दुष्कृत दुष्कर हो जावें।
ज्ञान, चरित उन्नत कर अपना, मनुज-जन्म फल सब पावें॥ ९॥

ईति भीति व्यापे नहीं जग में, वृष्टि समय पर हुआ करे।
धर्म-निष्ठ होकर राजा भी, न्याय प्रजा का किया करे।
रोग-मरी दुर्भिक्ष न फैले, प्रजा शान्ति से जिया करे।
परम अहिंसा-धर्म जगत में, फैल सर्व-हित किया करे॥ १०॥

फैले प्रेम परस्पर जग में, मोह दूर ही रहा करे।
अप्रिय-कटुक-कठोर शब्द, नहिं कोई मुख से कहा करे।
बन कर सब 'युग-वीर' हृदय से, देशोन्नति रत रहा करें।
वस्तु-स्वरूप विचार खुशी से, सब दुख संकट सहा करें॥ ११॥

## મુકિતનું દર્શન

( દેશની સાચી વિમુકત દશાનું ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોરે ગીતાંજલિમાં કલ્પેલું ચિત્ર )

ચિત્ત ભયમુકત, ઉન્નત રહે મસ્તકો,
જ્ઞાનને નવ રહે બંધનો જ્યાં;

જ્યાંહી ઘરઘરતણી સાંકડી વાડથી
વિશ્વ શત ખંડમાં તૂટતું ના;

માનવીશબ્દની સ્ફૂરણા સત્યના
ગહન ઊંડાણમાંથી થતી જ્યાં;

યત્ન વણથાકતો બાહુ ઉન્નત કરે
પૂર્ણતાને સદા પામવા જ્યાં;

જ્યાંહી જડ રૂઢિની હૃદયને રૂંધતી
શુષ્ક વેરાનની રેતમાંહી

નાહિ પ્રજ્ઞાતણો સ્વચ્છ ને નિર્મળો
સ્રોત નિજ માર્ગ ભૂલે કદાપિ;

નિત્ય ગતિશીલ સુવિચાર ને કર્મમાં
જયાં વિભુ, ચિત્તને આપ દોરે;

ત્યાં જ એ મુક્તિથી મહેકતા મુલકમાં,
આજ મુજ રાષ્ટ્રનો પ્રાણ જાગો!

અનુવાદક : યશવંત દોશી

## પ્યારીબાઇએ આખરે કરેલો વેશપલટો

પ્રબુદ્ધ જૈનના ગતાંકમાં જણાવવા મુજબ તા.–૨૯–૫–૫૨ ના રોજ પ્યારીબાઇને દીક્ષા આપવાનું આગલા દિવસે એકાએક અટકાવવામાં આવ્યું અને તેના પતિ જેઠમલને દિક્ષા આપવામાં આવી ત્યારથી પ્યારીબાઇ ઉપવાસ ઉપર ગઇ હતી, પણ પછી બે કે ત્રણ દિવસ બાદ વડીલો અને જ્ઞાતિના આગેવાનોની સમજાવટના પરિણામે તેણે પારણું કર્યું હતું. આમ છતાં પણ દીક્ષા લેવાની તેની હઠ ચાલુ હતી.

આ દરમિયાન મુંબઇ સમાચારના ખબરપત્રીએ તા. ૪-૬-૫૨ ના રોજ પ્યારીબાઇની મુલાકાત લીધી હતી અને તેની સાથે થયેલા સવાલ જવાબની વિગતો તા. ૫-૬-૫૨ ના મુંબઈ સમાચારમાં પ્રગટ થઈ હતી. પ્યારીબાઇ સંબંધે તેના પિતાએ પ્રગટ કરેલી પત્રિકામાં જણાવ્યું હતું કે તેની પુત્રી તદ્દન ભોળી, અણસમજુ અને અજ્ઞાન છે અને નવકારમંત્ર સિવાય કોઇ પણ જાતનો તેને ધાર્મિક અભ્યાસ નથી. આ વિધાન ધ્યાનમાં લેતાં મુંબઇ સમાચારના ખબરપત્રીને પ્યારીબાઇએ આપેલા જવાબો તેના પોતાના નહિં પણ પ્યારીબાઈ વિષે જાહેર જનતાના દિલમાં સારી છાપ ઉઠે એ હેતુથી કોઈ અન્ય વ્યકિતએ વ્યવસ્થિત રીતે ઘડી આપેલા છે એમ કોઇ પણ તટસ્થ વાંચનારને લાગ્યા સિવાય રહે તેમ નથી–આમ છતાં પણ દીક્ષા લેવાની તેની જીદ ચાલુ જ છે એટલું એમાંથી સહેજે તારવી શકાય છે. અને આખરે બન્યું પણ એમ જ.

પ્યારીબાઇએ તા.–૭–૬–૫૨ નાં રોજ દીક્ષા લીધાના સમાચાર આપતાં તા.–૧૧–૬–૫૨ના મુંબઇ સમાચારનાં અંકમા જણાવવામાં આવ્યું છે કે "વૈરાગ્યના રંગે પૂર્ણપણે રંગાયેલા શ્રીમતી પ્યારીબહેને જેઠ વદ ૧૪ (એટલે તા.–૭–૬–૫૨) ને દિવસે માટુંગા દહેરાસરમાં દાખલ થઇ પોતાની મેળે સ્વેચ્છાપૂર્વક સાધ્વીજીનો વેષ લઇ પ્રભુજી આગળ જાવજ્જીવનું સામાયિક ઉચર્યું અર્થાત પરમ પવિત્ર શ્રી ભાગવતી દીક્ષા અંગીકાર કરી છે અને સંસારી પ્યારીબહેને સાધ્વી પુષ્પલતાશ્રીજી નામ ધારણ કર્યું છે."

જૈન પરંપરાંમાં સાધારણ રીતે દીક્ષા આવી રીતે લેવાતી નથી. તેની સાથે વિપુલ વિધિ અને ક્રિયાકાંડ જોડાયલો હોય છે, વળી ગુરૂ વિના દીક્ષા લેવાયાની પણ કોઇ પરંપરા જાણવામાં નથી. પણ અહિં તો સમાજવિરોધનો ભય હતો. તેથી ચાલુ રીત પ્રમાણે દીક્ષા લેવા દેવાનું શકય નહોતું. જે કાંઇ કરવું તે એકાએક છુપી રીતે કરવાનું હતું. આમ છતાં પણ પ્યારીબાઇએ જે રીતે વેશપલટો કરીને દીક્ષા લીધી છે તે પણ પહેલાની ગોઠવણનું જ પરિણામ હોવું જોઇએ એ શક વિનાની વાત છે.

પ્યારીબાઇની દીક્ષા પાછળ સંયોગોનું કેટલું દબાણ હતું કે દીક્ષા લેવાની કેટલી ઘેલછા હતી એનું, પુરતી હકીકતની જાણકારીના અભાવે, આજે માપ કાઢવું શકય નથી. પણ આ પ્યારીબાઇએ સંસારી જીવન ચાલુ રાખ્યું હોત તો પોતાના બાળકને સંભાળપૂર્વક ઉછેરી શકી હોત અને કુટુંબને પણ કેટલીએ રીતે ઉપયોગી થઇ શકી હોત. આ જવાબદારીનો અને સ્વાભાવિક કાર્યક્ષેત્રનો ઇન્કાર કરીને મોટા ભાગે નિરૂદ્યમી અને બીનજવાબદાર જીવન જીવતા સમુદાયમાં દાખલ થવાનું આ બાઇએ પસંદ કર્યું છે. આ રીતે તે બાઇએ પોતાની બેવકુફી અને અણસમજને સચોટપણે પુરવાર કરી આપી છે. આની જવાબદારી તેને પ્રારંભથી ખોટી દોરવણી આપનાર ગુરૂમહારાજની અને સામાન્યત: જે અનુમાન કરવામાં આવે છે તે સાચું હોય તો તેના ઉપર દબાણના સંયોગો ઉભા કરનારા તેના વડિલજનોની છે. જૈન સમાજ આવા સાધુ સાધ્વીઓને યોગ્યતા અયોગ્યતાનો વિચાર કર્યા સિવાય જ્યાં સુધી નીભાવવાને તૈયાર છે ત્યાં સુધી આવી પુષ્પલતાશ્રીઓને અને પુષ્પવિજયોને ખાવા પીવા કે રહેવાની મુશ્કેલી નડવાની નથી.

**પરમાનંદ**

## ચાંદવડ અધિવેશનના કેટલાક અગત્યના પ્રસ્તાવો

(શ્રી ભારત જૈન મહામંડળના ચાંદવડ ખાતે મળેલા ૩૨મા અધિવેશનમાં પસાર કરવામાં આવેલા કેટલાક અગત્યના પ્રસ્તાવો.)

### જૈન મંદિરોમાં લૂંટ

આજ કાલ રાજસ્થાનના કેટલાક ગામોમાં જૈન મંદિરોમાં થયેલી લૂંટથી જૈન સમાજને ખૂબ નુકશાન થયું છે. ભારત જૈન મહામંડળની ભારત સરકાર તથા રાજસ્થાન સરકારને વિનંતિ છે કે આ પ્રકારની લૂંટફાટ તથા અરાજકતાની તપાસ કરીને ઉચિત કાર્યવાહી કરવામાં આવે.

### સ્થાનકવાસી મુનિઓની એકતા

સાદડી ખાતે એકત્ર થયેલ સ્થાનકવાસી મુની સંમેલનમાં સ્થાનકવાસી સંપ્રદાયના સર્વ ભેદપ્રભેદો દૂર કરીને સાધુઓની એકતાનો નિર્ણય કરવામાં આવ્યો–આ ઘટનાથી મહામંડળનું આ અધિવેશન પ્રસન્નતા અનુભવે છે, મહામંડળનું આ અધિવેશન આ સમયોચિત પ્રવૃત્તિ વિષે આદર વ્યકત કરે છે અને આ રીતે જૈન સમાજના અન્ય સર્વ સંપ્રદાયોના સાધુસમુદાયો પરસ્પર એકતા તરફ પ્રગતિ કરે એવી આશા વ્યકત કરે છે.

### શ્રમશિક્ષાની આવશ્યકતા

દેશ અને સમાજના મધ્યમ વર્ગની વર્તમાન સ્થિતિનો વિચાર કરતાં મહામંડળ એવો અભિપ્રાય વ્યકત કરે છે કે આપણા જીવનમાં શ્રમને મહત્ત્વ આપવું એ આવશ્યક બન્યું છે, અને તેથી જૈન સમાજની સમસ્ત શિક્ષણ સંસ્થાઓ (વિદ્યાલયો, છાત્રાલયો) ને અનુરોધ કરવામાં આવે છે કે અન્ય બૌધ્ધિક શિક્ષાની સાથે સાથે જીવનોપયોગી શ્રમઉદ્યોગની શિક્ષાની પણ એવી રીતે વ્યવસ્થા કરવામાં આવે કે જેથી વિદ્યાર્થીઓમાં કોઈ એક ઉદ્યોગકળાના સાથે પોતાના ભાવી જીવનમાં શ્રમ કરવાની વૃત્તિ જાગૃત થાય અને તે દ્વારા વિદ્યાર્થીઓનું જીવન સ્વાવલંબી બને અને એવા શ્રમ ઉદ્યોગોદ્વારા સંસ્થાઓને પણ ઓછો વધતો લાભ મળી રહે.

### ભૂમિદાન યજ્ઞ

આચાર્ય વિનોબાજી ભાવેએ દેશની વર્તમાન સ્થિતિ અને સમસ્યાનો વિચાર કરીને ભૂમિદાનયજ્ઞનું જે દેશવ્યાપી આંદોલન શરૂ કર્યું છે તે અત્યન્ત સમયોચિત છે. વિનોબાજીની આ પ્રવૃત્તિનું ભારત જૈન મહામંડળનું આ અધિવેશન અભિનન્દન કરે છે અને જૈન સમાજને અનુરોધ કરે છે કે દેશની સ્થિતિ સુધારવા માટે, સ્વાશ્રયી બનવા માટે તથા અહિંસક સમાજ નિર્માણ કરવા માટે ભૂમિ, શ્રમ અને ધન વડે ભૂમિદાનયજ્ઞને પૂરો સહયોગ આપે.

### સાધર્મીવાત્સલ્ય ફંડ

મહામંડળના કાર્યકર્તાઓના પ્રવાસ દરમિયાન એવો અનુભવ થયો છે કે ભિન્ન ભિન્ન વિભાગોમાં કેટલાક લોકો અથવા પરિવાર એવા હોય છે કે જેમની આર્થિક સ્થિતિ સારી હોતી નથી અને સામાજિક સંકોચને લીધે અનેક પ્રકારની તંગી અને મુશ્કેલીઓ વેઠતા હોય છે. એવા બુઢા, અપંગ, અનાથ તેમ જ વિધવાઓને સહાય મળતી રહે તે માટે સ્થળે સ્થળે સ્થાનિક લોકો તરફથી એક સાધર્મીવાત્સલ્ય ફંડ ખોલવામાં આવે અને એ રીતે ધર્મવાત્સલ્યને વૃદ્ધિંગત કરવામાં આવે.

---

## સંઘના સભ્યોને વિનંતિ

ચાલુ સાલનું લવાજમ રૂા. ૫) જે સભ્યોએ હજુ સુધી મોકલ્યું ન હોય તેમને સંઘના કાર્યાલય ઉપર મોકલી આપવા વિનંતિ છે. અને આ માટે સંઘનો માણસ આપની પાસે આવે તો તેને ફરીથી આવવાનું ન કહેતાં આપનું ચઢેલું લવાજમ તુરત આપી દેવા પ્રાર્થના છે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

# ત્રણ વિશિષ્ટ પ્રવચનો

(મે માસની ૪, ૫, તારીખે મારવાડમાં સાદડી ખાતે શ્વે. સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સનું બારમું અધિવેશન ભરાઈ ગયું, જેનું ઉદ્દઘાટન રાજસ્થાનના વડા પ્રધાન માન્યવર શ્રી ટીકારામજી પાલીવાલે કર્યું હતું અને જેનું પ્રમુખસ્થાન શ્રી ચંપાલાલજી સા. બાંઠીઆએ શોભાવ્યું હતું. જુન માસની ૧૩, ૧૪ અને ૧૫ મી તારીખે મુંબઈ ખાતે શ્વે. મૂર્તિપૂજક કૉન્ફરન્સનું ઓગણીશમું અધિવેશન ભરાઈ ગયું, જેનું ઉદ્દઘાટન એ જ કૉન્ફરન્સના મૂળ સ્થાપક વયોવૃદ્ધ માન્યવર શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાએ કર્યું હતું અને જેનું પ્રમુખસ્થાન શ્રીમાન અમૃતલાલ કાળીદાસ દોશીએ શોભાવ્યું હતું. પોતપોતાના સ્થાન ઉપરથી શ્રી પાલીવાલે, શ્રી ચંપાલાલજી બાંઠીઆએ તથા શ્રી અમૃતલાલ દોશીએ આપેલા પ્રવચનોમાંથી ઉપયોગી ભાગ ઉધ્ધૃત કરીને ક્રમશઃ નીચે આપવામાં આવે છે. તંત્રી.)

## શ્રી પાલીવાલના ઉદ્દઘાટક પ્રવચનમાંથી ઉધ્ધૃતઃ

હિન્દમાં અનેક ધર્મો છે, પરન્તુ દરેક ધર્મના મૂળભૂત સિદ્ધાન્તો એક જ છે; તેમાં તફાવત માલૂમ પડે છે તેનું કારણ એ છે કે વિવિધ ધર્મોના અનુયાયીઓના આચરણમાં તફાવત પડી જાય છે—વિકૃતિ આવી જાય છે. અને તે કારણે વિવિધ ધર્મો વચ્ચે અંતર વધતું જાય છે. તે સમયે દુનિયામાં મહાપુરુષ જન્મે છે અને ખરો માર્ગ બતાવે છે.

જે સમયે બ્રાહ્મણ ધર્મમાં—વૈદિક ધર્મમાં—વિકૃતિ પેસી ગઇ હતી અને બલિદાન આદિની પ્રથા વધતી જતી હતી તે સમયે ભગવાન મહાવીરે અને ગૌતમ બુધ્ધે લોકોને યજ્ઞનું ખરું રહસ્ય સમજાવ્યું અને અહિંસા ધર્મનો પ્રચાર કર્યો. અમુક સમયે જૈન ધર્મનો પ્રચાર સારા પ્રમાણમાં હતો અને રાજા મહારાજાઓએ પણ તે ધર્મ અપનાવ્યો હતો અને અહિંસાના સિધ્ધાન્તોના પ્રચાર માટે પ્રયત્ન કર્યો હતો. ઘણા સમય સુધી જૈનધર્મ એ આ દેશનો મુખ્ય ધર્મ બની ગયો હતો અને અન્ય ધર્મનું વર્ચસ્વ જતું રહ્યું હતું. બૌદ્ધ ધર્મનું ઉલટું બન્યું. તે અન્ય દેશોમાં ફેલાયો અને આ દેશમાંથી લગભગ અદૃશ્ય થઇ ગયો.

પરન્તુ આજે મારે કહેવું જોઇએ કે જૈનધર્મમાં પણ વિકૃતિઓ પ્રવેશી ગયેલ છે અને પરિણામે જૈનધર્મ પણ અનેક શાખાઓ—ઉપશાખાઓ—માં વહેંચાઈ ગયેલ છે. આ તફાવત મૌલિક નથી, પરન્તુ વિકૃતિનું, અજ્ઞાનનું, ગેરસમજનું પરિણામ છે. આમ છતાં મને જાણવા મળે છે કે અત્રે સાધુ સંમેલન અને અધિવેશન સ્થાનકવાસી સમાજના ટુકડાઓને સાંધવા અને તેને એક અને અવિભાજ્ય બનાવવા યોજાયેલ છે તે એક પ્રશંસનીય હકીકત છે. તેથી દેશને પણ એકંદરે ફાયદો જ થવાનો છે. જૈન સમાજની એકતા અને વિકાસમાં દેશનો પણ વિકાસ રહેલો છે, કેમ કે જૈન સમાજ એ દેશનો મહત્વનો સમાજ છે, જૈન સમાજની નીતિ હંમેશા રાષ્ટ્રની નીતિ સાથે સુસંગત રહી છે અને તેથી જૈન સમાજની પ્રગતિ એકંદરે દેશને પણ લાભદાયક થઈ પડે તે સ્વાભાવિક છે.

જૈનધર્મ અને સમાજે રાષ્ટ્રના વિકાસમાં જે મહત્વનો ફાળો આપેલ છે તે અંગે બે શબ્દો કહીશ. ધાર્મિક ભાવનાઓમાં પેઠેલી વિકૃતિ અને ધર્મને નામે થતી હિંસા જૈન ધર્મે દૂર કરી છે; જૈન આચાર્યોએ સાહિત્યના વિકાસમાં પણ સારી રીતે ફાળો આપ્યો છે, જે માટે દેશ ગર્વ અનુભવી શકે તેમ છે; દેશની કળા અને સ્થાપત્યમાં પણ જૈન સમાજે મહત્વનો ફાળો આપ્યો છે, જેની વિદેશીઓ પણ મુક્ત કંઠે પ્રશંસા કરે છે. આ ફાળા માટે દેશ જૈનધર્મનો આભારી રહેશે.

જૈનધર્મ અને સમાજે આપેલ મહત્વના ફાળા અંગે આટલો નિર્દેશ કરીને, જૈન સમાજ અને મુનિરાજોને બે શબ્દો સૂચના રૂપે કહીશ. આજે જૈન સમાજ અને સાધુઓએ નવો દૃષ્ટિકોણ અપનાવવાની જરૂર છે; પોતાના સિધ્ધાંતોના પ્રચારની સાથે બીજા સંપ્રદાયો પ્રતિ પૂર્ણ આદર અને સદ્‌ભાવના દાખવવાની જરૂર રહે છે; આ ઉપરાંત દેશની મહત્વની રાજનૈતિક, આર્થિક અને સાંસ્કૃતિક બાબતોમાં પણ સહયોગ આપવાની તેટલી જ આવશ્યકતા રહે છે. ધર્મ એ વ્યક્તિગત બાબત, વ્યક્તિગત આચરણની વસ્તુ છે; તેનું સામાજિક કે રાજનૈતિક જીવન સાથે ઘર્ષણ થવું ન જોઇએ. ધર્મને નામે રાજનૈતિક અને સામાજિક ક્ષેત્રમાં અજ્ઞાન વડે કે અંધશ્રધ્ધા વડે દખલગીરી ઉભી કરવી ન જોઈએ. આ બાબત માત્ર જૈનોએ જ નહિ, પરન્તુ પ્રત્યેક ધર્માવલંબીઓએ ધ્યાનમાં રાખવાની રહે છે.

અન્ય સમાજની અપેક્ષાએ હું જૈન સમાજ પાસેથી વિશેષ આશા રાખું છું; જૈન સમાજ સાધનસંપન્ન સમાજ છે; સમજદાર અને સમયને ઓળખીને ચાલનાર સમાજ છે. આજે દેશ સમક્ષ જે અનેકવિધ સમસ્યાઓ ઉપસ્થિત થયેલ છે. તેના ઉકેલમાં જૈન સમાજ પોતાનાથી બનતો ફાળો આપશે એવી અપેક્ષા રાખવી અસ્થાને નથી.

અલબત્ત, જૈન સમાજે ભૂતકાળમાં રાષ્ટ્રિય પ્રશ્નોના ઉકેલમાં સુંદર ફાળો આપેલ છે તે ભૂલી શકાય તેમ નથી; રાજસ્થાનના ઇતિહાસમાં રાણા પ્રતાપનું જેટલું મહત્વનું સ્થાન છે તેટલું જ ઉચ્ચ સ્થાન વીર ભામાશાહનું છે, જેમણે મેવાડની રક્ષા માટે પોતાની સંપત્તિ દેશને ચરણે ધરી અને મેવાડને સ્વતંત્રતા ફરી અપાવી. આ જ રીતે વર્તમાનમાં પણ જૈનો પોતાની શક્તિ અને લક્ષ્મીનો જરૂરીઆત મુજબ રાષ્ટ્રના હિતાર્થે ઉપયોગ કરશે તો જૈન સમાજ પોતાનું સ્થાન વિશેષ ગૌરવવંતુ બનાવી શકશે અને અન્ય સમાજને પણ અનુકરણીય દૃષ્ટાંત પૂરું પાડી શકશે.

## શ્રી ચંપાલાલજી બાંઠિયાના પ્રમુખ પ્રવચનમાંથી ઉધ્ધૃત

બન્ધુઓ ! આ અધિવેશન સાધારણ અધિવેશન નથી. આ અવસર પર ભારતના જુદા જુદા સ્થાનોએથી પાદવિહાર કરીને અનેક સંત મહાત્મા પધારેલ છે. આ મહાત્માઓની કરણી કેટલી કઠણ છે? પગે ચાલવું, આહાર પાણી ગ્રહણ કરવાના કડક નિયમો, જીવન પર્યન્ત અસ્નાન અને ઉઘાડે પગે ચાલવું, એક ગામથી બીજે ગામે ચાલીને આવેલ હોય, ભૂખ અને તરસથી ચિત્ત વ્યાકુલ હોય. છતાં પણ ઘેર ઘેર ફરીને ભ્રમર વૃત્તિની જેમ શુદ્ધ આહાર પાણી મેળવવા, એક ગામમાં શુધ્ધ આહાર પાણી ન મળે તો સમભાવ રાખીને બીજે ગામ જવું અને ફરી પ્રયત્ન કરવો; શરીર પરસેવાથી રેબઝેબ હોય છતાં પણ નહાવું નહી, પોતના અંતર્યામીના દર્શન માટે કેટલી કઠોર સાધના છે? આવા મુનિવરો ધન્યવાદને પાત્ર છે. લોકકલ્યાણ અને પોતાના કલ્યાણ માટે રાત્રિ દિવસ પ્રયત્ન કરનાર સાધકો ! આપનું જીવન સાર્થક છે. સંસારની વાસનામાં ફસાયેલ અમારા માટે એક માત્ર આપ જ આધારભૂત છો. આપ જ અમારી આધ્યાત્મિક નૌકાના રખેવાળ છો. આપણે સ્થાનકવાસી જૈનો માટે સંત મુનિરાજો સિવાય અન્ય કોઈ આધાર નથી. આપ શ્રમણ છો અને અમે શ્રમણોપાસક છીએ. મુનિરાજ અને આપણે આધ્યાત્મિક બંધનથી બંધાયેલા છીએ. ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છના મુનિ મહારાજો આ સંમેલનમાં પધારેલ નથી એ દુઃખની વાત છે. તેઓ પધાર્યા હોત અને વિચારોની આપ લે કરી હોત તો સારું હતું. આપણે પૂર્ણ વિશ્વાસ રાખવો જોઇએ કે આ સંગઠ્ઠનથી તેઓ કદિ અલગ રહી શકશે નહિ. આ સંમેલનમાં જે કંઇ નિર્ણય થશે તેનો તેઓ અવશ્ય સ્વીકાર કરશે. પ્રગતિશીલ પ્રદેશના મુનિરાજ કદી પાછળ

નહિ રહે, તેવો આપણો વિશ્વાસ છે.

હવે આપણે એ બાબત વિચારીએ કે આ યુગમાં જૈન ધર્મની પ્રભાવના કેવી રીતે થઇ શકે? આ સમયે દુનિયા બે વિભાગમાં વહેંચાયેલ છે. એક બાજુ સામ્રાજ્યવાદી દેશો, બીજી બાજુ સામ્યવાદી શકિત. બન્ને શકિતઓ એક બીજાને પોતાની તરફ ખેંચી રહેલ છે. આ માટે પરમાણુ બોમ્બ અને હાઇડ્રોજન બોમ્બની શોધ કરવામાં આવેલ છે. શું આપણી પાસે એવી કોઇ શકિત છે જે આ દ્વન્દ્વ યુદ્ધને અટકાવી શકે? આપણી પાસે તેવી શકિત અવશ્ય છે. ભગવાન મહાવીર પાસેથી અમોઘ શસ્ત્ર આપણને વારસામાં મળેલ છે જેનો પ્રયોગ કરીને મહાત્મા ગાંધીજીએ ભારતને આઝાદ બનાવ્યું હતું. તે શસ્ત્ર વડે આ કાર્ય થઇ શકે તેમ છે. અહિંસા રૂપી અસ્ત્રનો પ્રયોગ કરીને સંસારમાં લાગેલી આગને શમાવી શકાય તેમ છે. આપણા ધર્મનો 'અહિસા પરમો ધર્મ;' મૂળભૂત સિધ્ધાન્ત છે. ભગવાન મહાવીરે પોતાના યુગમાં મુખ્ય ચાર વાતો પર ધ્યાન આપ્યું હતું :—(૧) બાહ્ય ક્રિયાકાંડોની નિઃસારતા બતાવીને અહિંસાની પ્રાણપ્રતિષ્ટા કરી; (૨) નારી જાતિને સમાનાધિકાર આપ્યા; (૩) જન્મગત વર્ણવ્યવસ્થાને સ્થાને કર્મ પ્રમાણે વર્ણવ્યવસ્થા બતાવીને ઉચ્ચનીચની ભાવના દૂર કરાવી; (૪) પંડિતોને જ ઉપયોગી સંસ્કૃત ભાષાને સ્થાને લોકભાષા અર્ધમાગધીનો આદર કર્યો.

૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરે આરંભેલું કાર્ય ગાંધીયુગમાં આપણી રાષ્ટ્રીય સરકારે નવું વિધાન બનાવીને પૂર્ણ કરેલ છે. આપણી સરકારની સારી નીતિ અહિંસામય ચાલી રહેલ છે. આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રમાં પણ આ નીતિનો આશ્રય લેવાઇ રહેલ છે. સ્ત્રીજાતિ અને શુદ્રો માટે નવા બંધારણમાં સુંદર કાયદાઓ બનાવવામાં આવેલ છે. રાષ્ટ્રભાષા હિન્દીને રાજ્યભાષા સ્થાપિત કરીને, લોકભાષાનો આદર કરવામાં આવેલ છે. આ બધી જૈન ધર્મની જ પ્રભાવના છે. જૈન સિદ્ધાન્તોનો જ આ પ્રચાર છે, પરન્તુ માનવની આ નબળાઇ છે કે તે પોતાના વડે થયેલ કાર્યથી જ આનંદ પામે છે અને તે કારણે જ આ વાતોનું મહત્વ આપણે સમજી શકયા નથી. સમાજને મારી પ્રાર્થના છે કે તે આ ઉપર લખેલ ચારે મહત્વના કાર્યો પ્રતિ પૂર્ણ ધ્યાન દે. તેથી આપણે આપણા ધર્મની પ્રભાવનાની સાથે સાથે રાષ્ટ્ર-નિર્માણના કાર્યોમાં પણ સહયોગ આપી શકીશું. આપણા મુનિરાજોને પણ હું ખાસ પ્રાર્થના કરૂં છું કે તેઓ પોતાની ઉપદેશની શૈલીમાં પણ સમયાનુકૂળ ફેરફાર કરે. નારીને નરકની ખાણ બતાવવાને બદલે નારી જાતિના ઉત્થાનના ઉપાય બતાવે. ભારતીય લોકમાનસમાં ઠસેલી સ્પૃશ્યાસ્પૃશ્યની બિમારીને દૂર કરનારી વિચારધારાનો પ્રચાર કરે; રાષ્ટ્રભાષા હિન્દીના ખજાનામાં વૃધ્ધિ કરે અને તેનો પ્રચાર કરે; તથા અહિંસાધર્મનો ઉપદેશ આપીને માનવ સમાજમાં રહેલ રાગ-દ્વેષ અને મારા-તારાની વિષમ ભાવનાને દૂર કરે.

બહુ નમ્રતાપૂર્વક સંત જનોની સેવામાં તથા સમાજના ભાઇઓની સેવામાં એ વાત રજુ કરવા ઇચ્છું છું કે આ જમાનો જનસંપર્કથી દૂર રહેવાનો નથી. આપણે જૈનો આમજનતાથી આપણી જાતને જુદા રાખવાનો પ્રયત્ન કરીએ, તેમનાથી દૂર રહીએ અને તેમનામાં આપણાપણાનો અનુભવ ન કરીએ તો તે આપણી ભૂલ છે. આ વાત સાંભળતાં મને દુઃખ થાય છે કે જ્યારે સંત મુનિરાજો પણ એમ કહે છે કે 'અમુક ગામમાં આપણા આટલા ઘર છે.' તે ગામમાં ખેડુત આદિના અનેક ઘર હોવા છતાં અને તેમની પાસેથી આહાર-પાણી ગ્રહણ કરવા છતાં તેમને પોતાના ન માનવા તેમજ તેમના જીવન સુધારવાની જવાબદારીથી આપણને અલગ સમજવા, એ સંકુચિત માનસનું જ પરિણામ છે. જૈન સાધુઓ કોઇ જાતિ વિશેષના ગુરૂ નથી. તે માનવ માત્રના ગુરૂ છે. સંકુચત મનોવૃત્તિનો ત્યાગ કરીને, રાષ્ટ્રનિર્માણના કાર્યો પ્રતિ પણ આપણે ધ્યાન રાખવું જોઇએ. ભારતનું નૈતિક ધોરણ ઉંચું લઇ જવા માટે થતા રાષ્ટ્રીય પ્રયત્નોમાં આપણો હિસ્સો મુખ્ય હોવો જોઇએ. અહિંસાનું નામ લેવું જ બસ નથી, તેને જીવનમાં ઉતારીને, તેનો રસ આમજનતા સુધી પહોંચાડવામાં જ જૈનધર્મની મહત્તા છે.

આધુનિક યંત્રયુગમાં મહાત્મા ગાંધીજી અને વિનોબા ભાવેએ પગવિહાર કરીને, પાદવિહારની ઉપયોગિતા સંસાર સમક્ષ રજુ કરી છે. આપણા મુનિરાજો અનાદિકાળથી પાદવિહાર કરતા આવ્યા છે. જો તેઓ કોઇ વ્યવસ્થિત યોજના સાથે ઘૂમે તો તેમનો વિહાર દેશની નજરે તરી વળે. ધ્યેય વિનાનો વિહાર કાંઇ પરિણામ લાવી શકતો નથી.

સત્ય અને અહિંસા પર નિર્ભર વર્ગવિહીન અને શોષણ રહિત સમાજ બનાવવો એ આપણું ધ્યેય છે જેમાં દરેકને વિકાસ માટે પૂર્ણ અવકાશ હોય. આજે આપણા દેશમાં જે આર્થિક વિષમતા છે તેમાં પરિવર્તન આણીને, આ દિશામાં કેવી રીતે આગળ વધવું—એ પ્રશ્ન આજે આપણી સમક્ષ મહત્વનો છે. માત્ર સંસારને છોડી દેવાના ઉપદેશથી હવે કાર્ય ચાલી શકશે નહિ; આ સંસારને સુધારવાનો માર્ગ પણ બતાવવો પડશે. રાગ-દ્વેષ અને સ્વાર્થને કારણે સંસાર નરક બને છે અને તે દૂર કરવાથી સ્વર્ગ પણ બને છે. નૈતિક જીવન સુધારવાનો ઉપદેશ જરૂરી છે. આપણે જૈનો પર કોઇને એ આક્ષેપ કરવાની તક મળવી ન જોઇએ કે તેઓ અનૈતિક સાધનો વડે અર્થોપાર્જન કરી રહેલ છે. આમજનતાનો એ સ્વભાવ છે કે તેઓ કોઈ પણ ધર્મના અનુયાયીઓનું આચરણ જોઇને તે ધર્મને સારો કે નરસો સમજી લે છે. આપણે આપણા આચરણો વડે જૈન સિધ્ધાન્તોની વિશુધ્ધતા દુનિયા સમક્ષ પ્રગટ કરીએ, તે ઇચ્છનીય છે. સર્વોદયની યોજનામાં જૈનોનો મુખ્ય હિસ્સો હોવો જોઇએ. આ જ જૈનધર્મની પ્રભાવના છે. આપણે ઉણોદરી (ઓછું ખાવું) તપ કરીને, ખાદ્ય સમસ્યાનો ઉકેલ લાવવામાં મદદરૂપ થઇ શકીએ તેમ છીએ. આપણા મુનિરાજો પોતાના ઉપદેશ વડે ડાકુગીરી બંધ કરવામાં મદદગાર થઇ શકે છે. જે કામ શકિત અથવા કાયદાથી નથી થઇ શકતું તે કામ પ્રેમપૂર્ણ ઉપદેશથી થઇ શકે છે. દારૂનિષેધ જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લઇને, રાષ્ટ્રધર્મનું પાલન કરી શકાય છે. કહેવાનો સાર એ છે કે આપણે આપણો દૃષ્ટિકોણ વિશાળ બનાવવો જોઇએ. આ જ જૈનધર્મની સાચી સેવા અને પ્રભાવના છે.

જૈન સાહિત્યમાં બહુ કિંમતી ગ્રંથો ભરપૂર પડયા છે; તેમનું બહુ સુંદર રીતે પ્રકાશન થવાની જરૂર છે. કોન્ફરન્સે આગમ-પ્રકાશનનું કાર્ય હાથ ધર્યું છે. આની પર પણ ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે. જ્યારે આજે સાહિત્યક્ષેત્રમાં પ્રગતિ થઇ રહી છે, ત્યારે આપણું સાહિત્યનું ધોરણ નીચું હોય તે કેમ સહન થઇ શકે? ભારતના ઉચ્ચ વિદ્વાનોને વાંચવા યોગ્ય સામગ્રી પ્રકાશિત થવી જોઇએ. જૈન ધર્મ પર વખતો વખત જે આક્ષેપો થાય છે, તેમાં આપણી કમજોરી પણ રહેલી છે. આપણે આપણા વિચારો વિદ્વાનો સુધી યથાસ્વરૂપે પહોંચાડવા માટે ખાસ પ્રયત્ન કર્યો નથી. આ માટે, રાષ્ટ્રભાષાનો ભંડાર જૈન પ્રકાશનોથી ભરવાનો રહે છે, જેથી વિદ્વાનોનું ધ્યાન તે તરફ આકર્ષિત થાય. તે માટે 'મંગલા પ્રસાદ પારિતોષિક' ની જેમ ઇનામ રાખીને, કાર્યમાં ઉત્તેજન અને પ્રેરણા આપી શકાય છે. એક એવા પુસ્તકની પણ બહુ લાંબા સમયથી બહુ આવશ્યકતા

લાગ્યા કરે છે કે જેમાં જૈન ધર્મના સમગ્ર સ્વરૂપનો સમાવેશ થઇ જાય. મુંબઇ અધિવેશનમાં પણ આ વાતની ચર્ચા ચાલી હતી, પરન્તુ ૨૬ વર્ષો થયા આ દિશામાં કોઇ પ્રયત્ન થયો નથી.

ધાર્મિક શિક્ષણ તરફ પણ આપણે ધ્યાન આપવાનું રહે છે. ભારતના બંધારણ અનુસાર સરકાર ધર્મ કાર્યોમાં સાધક કે બાધક નહિ રહે. 'સેકયુલર સ્ટેટ' નો અર્થ એજ છે કે સરકાર આપણા આધ્યાત્મિક જીવનની જવાબદારી નથી લેતી. તે તો માત્ર આપણી ભૌતિક આવશ્યકતાઓ પૂરી કરવાની જવાબદારી લે છે. આ પરિસ્થિતિમાં આપણા પર આપણા ધર્મના સિધ્ધાન્તોના પ્રચારની જવાબદારી આવે છે. યોગ્ય જૈન વિદ્યાર્થીઓને જૈન ધર્મના સૈધ્ધાન્તિક, દાર્શનિક અને સાંસ્કૃતિક શિક્ષણ આપવાની આપણી ફરજ થઈ પડે છે; નાના બાળકોમાં જૈન ધર્મના સંસ્કાર જાગૃત કરવા માટે કોન્ફરન્સે પાઠયપુસ્તકો તૈયાર કરેલ છે તે યોગ્ય છે, પરન્તુ એક વાતનું ઘણું દુઃખ રહે છે કે અત્યારે આપણા સમાજમાં એક પણ એવી સંસ્થા નથી, જ્યાં વિદ્યાર્થીઓને જૈન આગમ, દર્શન શાસ્ત્ર, કર્મગ્રન્થ, અર્ધમાગધી ભાષા વગેરેનું ઉચ્ચ કોટિનું જ્ઞાન અપાતું હોય. બનારસમાં પાર્શ્વનાથ વિદ્યાલય (બોર્ડિંગ) અવશ્ય છે,. પરન્તુ પૂર્વ ભૂમિકા તૈયાર કરનારી કોઇ સંસ્થા ન હોવાથી ત્યાંનો લાભ પણ બહુ થોડા પ્રમાણમાં લેવાઇ રહેલ છે. એવી સંસ્થાની મને ખાસ અગત્ય લાગે છે. ભારતના મધ્ય સ્થળમાં એવી સંસ્થા હોવી જોઇએ. આ સંસ્થાનો લાભ મુનિરાજો પણ ગ્રહણ કરે, કેમ કે ત્યાગ અને તપની શોભા જ્ઞાનની સાથે છે.

આજે મુનિરાજોમાં આંગળીને ટેરવે ગણી શકાય તેટલા પણ ઉચ્ચ વિદ્વાન નથી. સંતોને મારી પ્રાર્થના છે કે યોગ્ય સાધુઓ અને સાધ્વીઓને એવી સંસ્થામાં અવશ્ય ભણાવવા જોઇએ. કોઇ બુઝર્ગ સંતની દેખરેખમાં અભ્યાસનું કાર્ય થવું જોઇએ.

ગૃહસ્થોમાં પણ જૈનધર્મના વિદ્વાન હોવા જોઇએ, પરન્તુ આ ત્યારે જ બની શકે, જ્યારે જૈન સમાજ વિદ્વાનોનો આદર કરતાં શીખે. સમાજમાં ધનની પ્રતિષ્ઠા છે. જો વિદ્વાનની આશા રખાતી હોય તો સરસ્વતીનો આદર કરવાનું અનિવાર્ય છે. તે સિવાય આગમિક અભ્યાસને પ્રેરણા મળી શકશે નહિ. હું આશા રાખું છું કે એક ઉચ્ચ સંસ્થાના નિર્માણ કાર્ય પર ધ્યાન આપવામાં આવશે-જેને સિધ્ધાન્તશાળા કે અન્ય નામ આપવામાં આવે. જ્યાં સુધી સાહિત્યરસિક વ્યક્તિ નહિ હોય, ત્યાં સુધી સાહિત્ય પ્રકાશનનો પણ શું ઉપયોગ છે? ભગવાન મહાવીરનું જે જ્ઞાન આપણા આગમોના રૂપમાં છે તેને સુરક્ષિત રાખવાનો-જીવિત રાખવાનો-એક માત્ર ઉપાય અધ્યયન દ્વારા પરંપરા ચાલુ રાખવાનો જ છે. પંચાંગી-મૂળ આગમ, ટીકા, ભાષ્ય, ચૂર્ણી અને અવચૂરીના જ્ઞાનની પરંપરા લુપ્ત થઇ રહી છે. આપણે જ્ઞાન-પરંપરાનું રક્ષણ કરવાની જવાબદારીથી દૂર રહી શકીશું? કદિ નહિ. આશા છે કે આ વાત પર અધિવેશનમાં વિચાર કરવામાં આવશે.

* * *

આપને એ વિદિત છે કે હું વ્યક્તિગતરૂપે બાળદીક્ષાનો વિરોધી છું. બિકાનેર સ્ટેટમાં તે વિષયને લગતું બીલ પણ મેં રજુ કર્યું હતું. મદ્રાસ અધિવેશનમાં પણ બાળદીક્ષા વિરોધી પ્રસ્તાવ મેં રજુ કર્યો હતો, પરન્તુ કારણવશાત્ અધિવેશનમાં હાજરી આપીને હું તે રજુ કરી શકયો ન હતો. આ પ્રસ્તાવ જે રૂપે પાસ થયો છે, તેથી મને સંતોષ છે. તેનો અમલ પૂર્ણરૂપે થવો જોઇએ. ગયા સાધુ-સંમેલનમાં દીક્ષાર્થીની વય ૧૬ વર્ષની યોગ્ય માનવામાં આવી હતી, કિન્તુ ૨૦ વર્ષમાં જમાનો બદલી ગયો છે. હવે ૧૮ વર્ષથી ઓછી ઉમરની વ્યક્તિને દીક્ષા ન અપાવી જોઇએ. ઉમરની સાથે સાથે યોગ્યતા પર પણ ધ્યાન અપાવું જોઇએ.

## શ્રી. અમૃતલાલ દોશીના પ્રમુખ પ્રવચનમાંથી ઉધ્ધૃત

આપણી સામાજિક સ્થિતિનું ચિત્ર સામાન્ય રીતે ઠીક દેખાવા છતાં ગંભીર ચિંતા ઉપજાવે તેવું છે. લગ્નક્ષેત્ર, નાની નાની જ્ઞાતિઓ, ગોળ કે એકડા પૂરતું મર્યાદિત છે, તેથી લગ્નજીવનમાં જોઇએ તેવો સંવાદ જળવાતો નથી. આપણા સંસ્કારોને હરકત ન પહોંચે તે રીતે જો એ ક્ષેત્રનો વિસ્તાર કરવામાં આવે તો સામાજિક સ્થિતિ સારા પ્રમાણમાં સુધરે એમ મારૂં નમ્ર મંતવ્ય છે. આ સાથે સંતતિનિયમનનો પ્રશ્ન પણ વિચારવા જેવો છે. તે માટે આપણા શાસ્ત્રકારોએ બ્રહ્મચર્યની જે વિવિધ ભૂમિકાઓ બતાવી છે, તેનું પાલન કરવાની આવશ્યકતા છે.

આરોગ્યની બાબતમાં પણ આપણે ખૂબ જ પછાત છીએ. વિવિધ પ્રકારના વ્યાધિઓ આપણી વારંવાર મુલાકાત લેતા જ હોય છે અને તે આપણી કમાણીનો એક સારા જેવો ભાગ લઇ જાય છે. વળી રોગી માતપિતાના સંતાનો રોગી કે દુર્બળ થાય છે, અને એ ક્રમ ઉતરોત્તર વૃધ્ધિ પામતાં સારાયે સમાજની અધોગતિ થાય છે. આ સ્થિતિમાં તેમને યોગ્ય ઉપચારો ઉપરાંત આરોગ્ય સાચવવાના સિધ્ધાંતોનુ વાસ્તવિક જ્ઞાન મળે તે અત્યંત જરૂરનું છે.

આપણી ઉછરતી પ્રજાના શારીરિક બંધારણ પર જ્યારે હું નજર કરૂં છું, ત્યારે વિષાદની ઘેરી લાગણી અનુભવું છું. ફીકકા ચહેરા, દુર્બલ દેહ અને સૌષ્ઠવનો અભાવ-એ જાણે કે આપણી ખાસિયત થઈ પડી છે. અને તેમ છતાં જાણે કે આ બધાનું કંઇ જ મહત્ત્વ ન હોય તે રીતે આપણે વર્તીએ છીએ; પણ એ યાદ રાખવું ઘટે છે કે દુર્બળ શરીરમાં વિકારી મનનો વાસ થાય છે અને વિકારી મન આપણી સર્વોત્તમ ભાવનાઓનો નાશ કરે છે. વળી તપ, તિતીક્ષા અને વૈયાવૃત્યના માર્ગે આગળ વધવું હોય તો ત્યાં પણ સારૂં સ્વાસ્થ્ય અને ખડતલતા જરૂરી છે. તેથી આ વિષયમાં પ્રવર્તતી ઉપેક્ષાવૃત્તિનો સત્વર ત્યાગ કરીને તે માટે યોગ્ય પ્રબંધ કરવો જોઇએ. વ્યાયામ, યોગાસનો, પુષ્ટિકારક ખોરાક અને યોગ્ય પરિચર્યા એ એના અનુભવસિધ્ધ ઉપાયો છે.

આપણા વાનપ્રસ્થ અને વૃદ્ધ પુરૂષો જે રીતે પોતાનો સમય ગાળે છે. એમાં પણ સુધારો કરવા જેવો છે. સામાન્ય પ્રથા એવી હોવી જોઇએ કે વાનપ્રસ્થ થયેલા મનુષ્યોએ આપણી ધાર્મિક અને સામાજિક સંસ્થાઓમાં પોતાનું સ્થાન શોધી લેવું જોઇએ અને તેને પોતાના અનુભવનો બને તેટલો લાભ આપવો જોઇએ. નિરાંત અને નિષ્ક્રિયતા એક નથી-એ વાત આપણે જેટલી વહેલી સમજી લઇએ તેટલો વધુ લાભ છે.

વૃધ્ધ, અશકત અને નિરાધાર સ્ત્રી-પુરૂષોની જીંદગી કેવી રીતે સુખી થાય તે માટે અન્ય દેશોમાં અને અન્ય સમાજોમાં ઘણી ઘણી વિચારણાઓ થઈ છે, જ્યારે આપણે ત્યાં થોડા છુટાછવાયા પ્રયાસો વિના વિશેષ કંઇ પણ થયું નથી. હું ઇચ્છું છું કે આ પ્રશ્ન પર સમાજસુધારકો ગંભીર વિચાર કરે.

આપણો સમાજ એકવાર શ્રીમંત અને સુખી ગણાતો, પણ આજે તો પરિસ્થિતિએ તદ્દન પલટો લીધો છે. ગરીબાઇ અને બેકારીએ એકાબુ બનીને પોતાનું સ્થાન જમાવ્યું છે અને તેની નાગચૂડમાં મધ્યમ વર્ગ ખૂબ ખૂબ ભીંસાઇ રહ્યો છે. આ સ્થિતિ ઉત્પન્ન થવાનું કારણ સરકારની રાજનીતિ ઉપરાંત આપણી અજ્ઞાન અને જડ મનોદશા પણ છે. પરિસ્થિતિમાં અસાધારણ પરિવર્તન થાય તો પણ આપણે આપણી રીતરસમો બદલીએ નહિ તો બીજું પરિણામ શું આવે? ધનની દરિદ્રતા કરતાં મનની દરિદ્રતા આપણને વિશેષ નુકશાન કરે છે એ વાત કદી પણ ભુલવા જેવી નથી.

ધીરધાર, અનાજ અને કાપડનો ધંધો આપણા હાથમાં હતો, તે મોટે ભાગે ઝુંટવાઈ ગયો છે અને નજીકના ભવિષ્યમાં પાછો આવે તેમ દેખાતું નથી. વળી આપણા સમાજના ઘણા માણસોએ સટ્ટામાં પડીને પાયમાલી નોતરી છે. હાલની રાજનીતિ એવી છે કે સટ્ટાનાં તત્ત્વને જેમ બને તેમ નાબુદ કરવું અને ભવિષ્યમાં તે નીતિનો વધારે ઉગ્રપણે અમલ થશે. એટલે સાચી વાત તો એ છે કે આપણા ભાઈઓએ સટ્ટાનો ધંધો છોડી દઇને વહેલામાં વહેલી તકે હુન્નર, ઉદ્યોગ કે બીજા કોઇ પણ પ્રામાણિક ધંધામાં જોડાઈ જવું.

આગામી યુગ કૃષિકારો શ્રમજીવીઓનો છે અને રાજ્યતંત્ર મોટા ભાગે તેમના જ હાથમાં આવશે, એટલે કાયદાઓ પણ તેને જ અનુકૂળ ઘડાશે. આ સ્થિતિમાં આપણા સમાજે ખેતી-વાડી, કલા-કારીગરી અને હુન્નર-ઉદ્યોગ તરફ જેમ બને તેમ ઝડપથી વળવાની જરૂર છે. જેઓ આગામી યુગના એંધાણ પારખીને રીતરસમો બદલશે તથા વેપારક્ષેત્રોને વ્યવસ્થિત કરશે, તેઓ પોતાનું ભાવી સલામત બનાવી શકશે.

મધ્યમ વર્ગની કફળી ગયેલી સ્થિતિમાં તાત્કાલિક શું થઇ શકે તેમ છે તે પણ વિચારવા જેવું છે. છેલ્લા બે ત્રણ વર્ષથી આ વિષયમાં ખૂબ ખૂબ ઉહાપોહ થયો છે ને કેટલીક યોજનાઓ અમલમાં આવી છે. આ યોજનાઓ કેટલાકને અધૂરી ને અસંતોષકારક લાગે છે, પણ વાસ્તવિકતાની સપાટી ઉપર ઊભા રહીને અવલોકન કરીએ તો લાગે છે કે શરૂઆતમાં આથી વધારે સારી યોજનાઓ ભાગ્યે જ થઇ શકી હોત. આમ છતાં હવે આપણે શું કરવું? તે વિષે હું બે શબ્દો કહીશ.

(૧) સહુએ સ્વાશ્રયી થવાની ભાવના કેળવવી જોઇએ.
(૨) ગમે તેવો શ્રમ કરતાં પણ અચકાવું ન જોઇએ.
(૩) ઘરના માણસોએ ફુરસદના વખતમાં નાના નાના હુન્નરો કરવા જોઇએ અને એ રીતે આવકમાં વધારો કરવો જોઇએ.
(૪) સાધર્મિક-વાત્સલ્યની ભાવનાનો બને તેટલો વધારે પ્રચાર કરવો જોઇએ.
(૫) સહકારી મંડળીઓ સ્થાપીને ભંડારો વગેરે ચલાવવા જોઇએ.
(૬) જુદા જુદા પક્ષોએ ભેગા થઇને એક નાણાંકીય યોજના ઉભી કરવી જોઇએ, જેમાંથી વેપાર-ધંધા અંગે નાણાં ઉછીનાં આપી શકાય.
(૭) આપણાં કારખાનાંઓ તથા પેઢીઓની એક ડીરેકટરી બનાવવી જોઇએ અને કામધંધે લગાડનારૂં તથા વેપાર રોજગારની સલાહ આપનારૂં ખાતું ખોલવું જોઇએ.
(૮) સસ્તાં ભાડાની ચાલીઓ બનાવવી જોઇએ.
(૯) સસ્તાં ભોજનાલયો ખોલવાં જોઇએ.

આવાં કામો કરવા માટે પુષ્કળ નાણાંની જરૂર પડે, તે સ્વાભાવિક છે, તેથી હું સર્વે જૈન ભાઇબહેનોને વિનંતિ કરૂં છું કે આપ બધા આ અત્યંત આવશ્યક કાર્યમાં આપનો ઉદાર ફાળો આપશો અને સમાજ પ્રત્યેનું મહાન કર્તવ્ય બજાવ્યાનો સંતોષ પામશો.

આજે આપણા દેશમાં આપણું રાજ્ય છે, એ સૌભાગ્યનો વિષય છે. તેનું સુકાન મહાસભાના કસાયેલા સૈનાનીઓના હાથમાં છે એ પણ આનંદની બીના છે. તેમના કુશળ નેતૃત્વ નીચે આપણો દેશ આબાદીના રસ્તે આગળ વધશે, તેમાં મને જરા પણ શંકા નથી; પરંતુ આ બધી પ્રવૃત્તિઓમાં આપણું સ્થાન ક્યાં? તે વિચારવાની જરૂર છે.

રાજકારણ પ્રત્યેની ઉપેક્ષા આપણા ધર્મ અને સમાજની રચના પર તથા વેપાર-રોજગાર પર ઊંડી અસર કરશે, એ વાત ભૂલવા જેવી નથી. તેથી હું જૈન સમાજને વિજ્ઞપ્તિ કરૂં છું કે તેણે રાજકારણ પ્રત્યેની ઉપેક્ષા છોડીને કેંદ્રસ્થ તથા પ્રાદેશિક સરકારોની સર્વ પ્રવૃત્તિઓમાં રસ લેવો અને તેની હિતકારી પ્રવૃત્તિઓમાં બને તેટલો ફાળો આપવો.

પબ્લીક ટ્રસ્ટસ એકટને લીધે સમાજના મોટા ભાગની લાગણી દુઃખાયેલી છે અને તેની વાંધાભરેલી કલમો સુધારી લેવામાં આવે તે જાતની વિનંતિ સ્થળે સ્થળેથી મુંબઇ સરકારને થયેલી છે, તે પર યોગ્ય ધ્યાન અપાશે તેવી હું આશા રાખું છું.

મધ્યસ્થ સરકાર તરફથી વાંદરા, હરણ વગેરે પશુઓની હિંસા કરવાનાં જે ફરમાનો થઇ રહ્યા છે, તે પણ ભારતીય પ્રજાની ધાર્મિક લાગણી દુઃખાવનારાં છે, એટલે તે પાછા ખેંચી લેવાની મધ્યસ્થ સરકારને વિનંતિ કરૂં છું.

આપણી ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક, આર્થિક અને રાજકીય સ્થિતિનાં અવલોકન સાથે આપણી સાહિત્યવિષયક સ્થિતિનું અવલોકન કરવાની પણ જરૂરત છે, કારણ કે આધુનિક યુગમાં ધર્મપ્રચાર માટેનું તે મોટામાં મોટું સાધન છે. આ વિષયમાં પણ આપણે ખૂબ પાછળ છીએ. દર વર્ષે પ્રકાશકો તરફથી જુદી જુદી ગ્રંથમાળાઓ અને ઘણું સાહિત્ય બહાર પડે છે, પણ તેમાં નથી હોતી સંપાદનની કળા, નથી હોતું શુધ્ધ અને વ્યવસ્થિત લખાણ, નથી હોતી મુદ્રણકળાની સુંદરતા કે નથી હોતો આકર્ષક દેખાવ. એટલે ખર્ચના પ્રમાણમાં કંઇ સંગીન ફળ પ્રાપ્ત થઇ શકતું નથી. જો જૈનધર્મ અને સંસ્કૃતિનાં વિવિધ અંગો પર વેધક પ્રકાશ પાડતું સરળ, રૂચિકર અને આકર્ષક સાહિત્ય બહાર પાડવામાં આવશે તો હું માનું છું કે સુશિક્ષિત સમાજનો મોટો ભાગ જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિ પ્રત્યે અભિરૂચિવાળો થશે અને એ રીતે આપણી 'સવી જીવ કરૂં શાસન રસી'વાળી પુરાતન-પ્રાચીન ભાવના મૂર્તિમંત થશે તથા આપણા ધર્મ અને સંસ્કૃતિ પર અઘટિત આક્ષેપો થવાનો વખત જ આવશે નહિ.

પાટણ, જેસલમીર વગેરે સ્થળોએ જ્ઞાનભંડારોમાં રહેલી પ્રતિઓની વ્યવસ્થિત યાદીઓ તૈયાર થઇ છે, તે જ રીતે અમદાવાદના ભંડારોમાં રહેલી પ્રતિઓની તેમજ પુનાના ભાંડારકર ઓરિએન્ટલ ઇન્સ્ટીટ્યુટમાં રહેલી જૈન પ્રતિઓની વ્યવસ્થિત યાદી થવાની જરૂર છે.

આ પરિસ્થિતિ સુધારવા માટે તનતોડ પ્રયાસ કરવો એ કોન્ફરન્સનું કર્તવ્ય છે અને તે કર્તવ્ય બરાબર બજાવી શકે તે માટે પ્રથમ તો તેણે પોતાનું બંધારણ વ્યવસ્થિત કરવું જોઇએ, અને તેમાં કસાયેલા કાર્યકરો એકત્ર થાય એ જોવું જોઇએ. બીજું તેણે સમાજના ગાઢ સંપર્કમાં આવવું જોઇએ અને તેમાંથી માણસ તથા નાણાંનું પૂરતું પીઠબળ મેળવવું જોઇએ. ત્રીજું તેણે જે જે કાર્યો કરવાનાં છે, તે સઘળાંની વ્યવસ્થિત યોજનાઓ ઘડવી જોઇએ અને તેનો ત્રિવાર્ષિક કે પંચવાર્ષિક કાર્યક્રમ મુકરર કરવો જોઇએ. ચોથું કોન્ફરન્સની ભાવના સમાજ બરાબર સમજી શકે તે માટે તેનું પ્રચારકાર્ય મોટા પાયે થવું જોઇએ અને તેને પોતાનું સ્વતંત્ર સાપ્તાહિક કે પાક્ષિક હોવું જોઇએ.

## વિષય સૂચિ


| વિષય | | પૃષ્ઠ |
|---|---|---|
| મેરી ભાવના | જુગલ કિશોર જી. મુખ્તાર | ૨૫ |
| મુક્તિનું દર્શન | અનુવાદક-યશવંત દોશી | ૨૫ |
| પ્યારીબાઇએ આખરે કરેલો વેશપલટો | પરમાનંદ | ૨૬ |
| ચાંદવડ અધિવેશનના કેટલાક અગત્યના પ્રસ્તાવ | | ૨૬ |
| **ત્રણ વિશિષ્ટ પ્રવચનો** | | ૨૭ |
| શ્રી પાલીવાલનું ઉદ્ઘાટક પ્રવચન | | |
| શ્રી ચંપાલાલજી બાંઠિયાનું પ્રમુખ પ્રવચન | | |
| શ્રી અમૃતલાલ દોશીનું પ્રમુખ પ્રવચન | | |
| મારો ક્ષય અને ગાંધીજી | કુંવરજી ખેતસી પારેખ | ૩૧ |

# મારો ક્ષય અને ગાંધીજી

પૂજ્ય ગાંધીજી સાથેનો મારો સંબંધ એ હું મારા જીવનની ધન્યતાનો પ્રસંગ ગણું છું. હું તેમનો પુત્રજમાઈ છું એને અંગત રીતે હું ગૌરવનું કારણ ગણતો હોઉં, તો પણ તેની વાત હું અહીં નથી કરતો. પણ મારી ક્ષયની માંદગીના સમયમાં જેમની સાનિધ્યમાં રહેવાનો મને લાભ મળ્યો અને જેમને લીધે હું જીવી શક્યો છું એને હું કેમ ધન્યતા ન ગણું ? પૂ. ગાંધીજી પોતાના સામાન્ય વ્યવહારમાં કેવી રીતે વર્તતા અને ત્યાં પણ તેમની મહાન વિભૂતિનું દર્શન કેવું થતું એ વિષેનો પ્રસંગ હું લખવા માગું છું.

હું છેલ્લા અઢાર વર્ષથી મુંબઈમાં રહું છું અને ઝંડુ ફાર્મસીમાં કામ કરૂં છું. સને ૧૯૩૯ની સાલમાં પાંત્રીસ વર્ષની ઉમ્મરે મારૂં શરીર ઘસાતું ચાલ્યું. વજન ઘટતું જતું હતું. મિત્રોની સલાહ અને આગ્રહથી મેં સર હરકીસનદાસ હોસ્પીટલમાં મારી દાક્તરી તપાસ કરાવી. તે તપાસમાં ડાબી બાજુના ફેફસામાં ક્ષયના જંતુઓ હોવાનું માલુમ પડયું. દાક્તરોએ મને ક્ષયની ઇસ્પીતાલમાં દાખલ થવાની અને એ. પી. લેવાની ભલામણ કરી. એ. પી. (હવાના ઈંજેક્શનો) જેને 'ન્યુમોથરસ ટ્રીટમેન્ટ' કહેવાય છે.

હું અને મારા કુટુંબીઓ મુંઝાયા. મેં મારી માંદગીના સમાચાર ગાંધીજીને જણાવ્યા અને મારે શું કરવું અને કયાં જવું એ વિષે તેમની સલાહ માગી. પરંતુ મને તેમના તરફથી જવાબ મળે તે પહેલાં જ કેટલાક સ્નેહીઓના આગ્રહથી હું મીરજ જવા ઉપડી ગયો. મીરજના હવાપાણી ક્ષયના દરદીઓ માટે સારા ગણાય છે. ગામથી બેએક માઇલ દૂર વાલનેસવાડીમાં ક્ષયના સેનીટોરીયમમાં દાખલ થવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ત્યાં જગ્યા ખાલી ન હોવાથી દાક્તરોએ મને બહાર રહીને એ. પી. લઇ જવાની ભલામણ કરી. ગામમાં પણ ક્ષયના દરદીઓને જગ્યા ભાગ્યે જ મળે. તેથી હું અને મારાં પત્ની જેમ તેમ કરીને ધર્મશાળામાં રહ્યા. મેં મારી મુસ્કેલીઓ વિષે ગાંધીજીને જણાવ્યું. જવાબમાં તેમણે લખ્યું. "મેં તો તમારે સારૂ નાગપુરની તૈયારી કરી રાખી હતી. નાગપુરમાં સેનીટોરીયમ નથી. પણ ક્ષયના દાક્તર કુશળ, અનુભવી ને પરમાર્થિક છે. બાળકોબા અને મેથ્યુ (બે જુના આશ્રમવાસી ભાઈઓ)ની દવા એણે જ કરી. પણ તમે મીરજ ગયા એટલે ઉતાવળથી ભાગી ન આવવાનો તાર કર્યો. ગરીબોને સામાન્ય અગવડ ભોગવવી જ પડે છે, તેથી ત્યાં રહેવાનું પ્રોત્સાહન આપ્યું. હવે ધીરજથી બીજી મુસ્કેલીઓ આવે તો દૂર કરી લાભ થતો હોય તો લેજો. લાભ ન થાય તો તુરત લખજો. શું થાય છે તે લખ્યા કરજો. બાળકોને ત્યાં ન તેડાવજો. બાપુના આશીર્વાદ. ૮-૧૦-૩૯ સેગાંવ. વર્ધા."

મીરજમાં હું એકાદ મહીનો રહ્યો, પણ ત્યાં યોગ્ય સારવારના અભાવે મારી તબિયતમાં કાંઈ ફેર ન પડયો. છેવટે ગાંધીજીએ મને વર્ધા બોલાવ્યો અને લખ્યું "તમારે જ્યારે આવવું હોય ત્યારે આવી જાઓ. રહેવાનું તો વર્ધા-સેગાંવ વચ્ચે જ રાખીશ. જ્યાં બાલકૃષ્ણને રાખ્યા હતા ત્યાં. મારી સાથે તો એટલી સાંકડ છે કે તમે ગુંગળાઇ જાઓ, પણ એ તો તમે આવ્યે થઇ રહેશે. વિશારદ દાક્તરને દેખાડવા તમને નાગપુર મોકલવા પડશે. આમ બે તો સાજા થયા, ત્રીજા તમે થશો. રામીને આવવાની જરૂર નથી, પણ આવે તો હરકત પણ નથી. જેમ તમે બન્ને ઠીક સમજો તેમ કરજો. જો ત્યાં અનુકૂળ ન હોય તો અહીં આવવામાં ઢીલ ન કરશો. બાપુના આશીર્વાદ. સેગાંવ. વર્ધા." (૨૬-૧૦-૩૯)

બાપુજીનો પત્ર વાંચી હું નિર્ભય થયો અને અમે વર્ધા જવાની તૈયારી કરીને તેમને ખબર આપ્યા. જે દિવસે અમે વર્ધા પહોંચ્યા તે જ દિવસે સવારે બાપુજી વાઇસરોયને મળવા માટે દિલ્હી જવાના હતા એટલે તેઓ દા૦ સુશીલા નય્યર અને પ્યારેલાલજી સાથે અમને સ્ટેશન પર જ મળ્યા. અમે પગે લાગ્યા. બાપુજીએ મારૂં કાંડુ પકડીને હલાવ્યું. સામાન્ય રીતે તેઓ ધબ્બો મારતા, પણ હું તે સહન કરી શકું તેવી મારી સ્થિતિ નહોતી. તેઓ દિલ્હીથી પાછા ફરે ત્યાં સુધી સંભાળીને રહેવા મને ભલામણ કરી. અને અમને આશ્રમમાં જવા માટે રવાના કર્યા.

આશ્રમમાં પૂ. બા વગેરે હતા. તેઓએ ઉમળકાથી અમને આવકાર્યા. પૂ. બાને મારી ચિંતા ખૂબ થતી હતી. અમે ત્યાં પહોંચ્યા એટલે તેમને નિરાંત થઈ. મને પણ સાંત્વન મળ્યું. શરૂઆતમાં મારા માટે રહેવાની ગોઠવણ તો બાપુજીએ આશ્રમથી બેએક માઈલ દૂર જયાં બાળકોબાને રાખ્યા હતા તે જ જગ્યાએ કરી હતી. તેથી સાંજે અમને ત્યાં લઇ જવામાં આવ્યા. ત્યાં દરેક જાતની વ્યવસ્થા રાખી હતી. પૂ. બા તથા આશ્રમના ભાઈઓ બહેનો અમારી પ્રેમપૂર્વક સંભાળ રાખતા હતા. પણ કમનશીબે બીજા જ દિવસથી મને તાવ લાગુ પડયો અને બેચેની લાગવા માંડી. માંદગીની શરૂઆતમાં મને તાવ બહુ ઓછો રહેતો અને ઉધરસ પણ ઓછી હતી, તેનું જોર વધવા માંડયું. પૂ. બા ગભરાયા. તેમણે શહેરની ઇસ્પીતાલમાંથી દાક્તરોને બોલાવ્યા. દાક્તરોએ મને તપાસીને જુદી જુદી જાતની દવાઓ આપી. જેમ તેમ કરીને મેં થોડા દિવસો વિતાવ્યા. પાંચ છ દિવસ બાદ બાપુજી દિલ્હીથી પાછા ફર્યા અને તે જ વખતે સાંજના દા૦ સુશીલા બહેનને તેમણે મારી પાસે મોકલ્યા. તેઓ મારી તબિયત જોઇ ગયા. બીજે દિવસે સવારે તેમની સાથે બાપુજીએ મારા પર ચિઠ્ઠી મોકલી, તેમાં લખ્યું. "હું ત્રણ દિવસ મોડો આવ્યો ને તમે તો તાવને આવકાર આપ્યો. આજે તો મારો 'હરિજન'નો દીવસ છે એટલે હું નહીં આવું. વળી મૌન છે એ ઠરાવ છે. તમે પૂર્ણ આરામ નથી લેતા. આરામ પૂર્ણ લેવો જ જોઇએ. સુશીલાબહેન કહે તે બધું કરજો. એણે રાતે મને બધું કહ્યું. છેક આરામ લેવાથી તાવ તો જશે જ, પછી નાગપુર લઇ જવાનું થાય. કંઇ અગવડ તો નથી કે ? હોય તો સુશીલાબહેનને કહેજો. મને લખજો. કાલે તો મળીશ જ. બાપુના આશીર્વાદ." (૬-૧૧-૩૯).

બીજે જ દિવસે સવારે વહેલાં બાપુજી દા૦ સુશીલાબહેન સાથે મારી ઝુંપડીએ આવી પહોંચ્યા. મારી તબિયત જોઇને મને એકાંતમાં દૂર છોડી દેવાનું તેમને યોગ્ય ન લાગ્યું, વળી એટલે દૂર તેઓ અવારનવાર મારી પાસે આવી પણ ન શકે. તેથી ફરી મને આશ્રમમાં પાછો લઇ જવામાં આવ્યો. અને આશ્રમમાં જ એક બાજુના છેડા પર મારા માટે સ્વતંત્ર રહેવાની ગોઠવણ કરવા લાગ્યા. આવી રીતે બાપુજી પોતે મારા માટે તકલીફ લેતા હતા તે જોઇને મારાથી જરા વિવેક થઈ ગયો. "બાપુજી, આપ પોતે આટલી બધી શા માટે તકલીફ લ્યો છો ? મારી ગોઠવણ તો થઇ રહેશે" આમ મારાથી બોલાઈ ગયું. બાપુએ વિનોદમાં જવાબ આપતાં કહ્યું "તમે જમાઈ થઇને અહીં માંદા પડીને આવ્યા એટલે મારે તકલીફ લેવી જ જોઇએ ને ? જમાઇઓ તો બધાને હેરાન કરે જ." આ સાંભળીને બાજુમાં ઉભેલાં બા અને બીજાઓ હસી પડયાં. હું પણ ખૂબ જ હસી પડયો. પછી બાપુજીએ કહ્યું કે 'તમારે આ રોગમાં વધારે હસવું પણ ન જોઇએ.'

બીજા દિવસથી પૂ. બાપુજીની દેખરેખ નીચે મારી સારવાર શરૂ થઇ. મારી રહેવાની જગ્યા ચારે બાજુ ખુલ્લી હતી. ઉપર ફક્ત છાપરૂં હતું. મને સંપૂર્ણ આરામ મળે એ દષ્ટિએ મારા ખાટલા પાસે જ કુદરતી હાજતો વગેરેની બધી વ્યવસ્થા રાખી હતી. મને પથારીમાંથી ઉઠવાની ખાસ બંધી કરવામાં આવી. ખાવાપીવાનું પણ બધું પથારીમાં જ બેઠા બેઠા. મીરજમાં હું જે આરામ લેતો

હતો તેના કરતાં આ જુદી જાતનો આરામ હતો. આ રોગમાં દરદી સંપૂર્ણ આરામ લે તો જ સાજો થઇ શકે અને એ આરામની વ્યાખ્યા બાપુજી મને આ પ્રમાણે સમજાવવા લાગ્યા. "તમારે બાદશાહની જેમ પડયા રહેતાં શીખવું જોઇએ. ખાવાને માટે પણ કોઇ ચમચાથી ખવડાવે અને તમને સંતોષ થાય તો તમારે હાથ હલાવવાની પણ તકલીફ ન લેવી જોઇએ. માખી ઉડાડવાને પણ તમારે હાથ ન હલાવવો જોઇએ. આનું નામ સંપૂર્ણ આરામ." જરૂર વગર બોલવાની પણ મને બંધી કરી હતી. કોઇને જરૂર પડે ત્યારે બોલાવવા માટે મારી પાસે એક ટોકરી મુકવામાં આવી હતી. આ જાતના આરામથી મને તાત્કાલિક ફેર પડવા લાગ્યો. મારો તાવ હડતો ગયો અને હું ઠીક ઠીક ખોરાક લેતો થયો. નાગપુરથી ડો. ડેવીડને મારી તબિયત જોવા માટે બોલાવવામાં આવ્યા હતા. તેમણે મારી તબિયત જરા ઠીક થાય ત્યારે તેમની કલીનીકમાં લઈ જવાની અને જરૂર પડે તો એ. પી. લેવાની ભલામણ કરી હતી. પરંતુ બાપુજીએ મારા પર પોતાનો પ્રયોગ ચાલુ રાખ્યો અને તેમાં દિન પ્રતિ દિન સફળતા જણાવા લાગી. સંપૂર્ણ આરામથી, અને સાદા, સાત્વિક ખોરાકથી મારો તાવ બિલકુલ હઠી ગયો અને મને સારી રીતે સ્ફુર્તિ આવવા લાગી.

દરરોજ સવારે બાપુજી ઠા. સુશીલાબહેન સાથે મારી સંભાળ લેવા આવતા. સંપૂર્ણ આરામની દૃષ્ટિએ વિવેકની ખાતર પણ પથારીમાંથી ઉઠવાની મને મનાઇ હતી. એટલે જરા પથારીમાં-થી બેઠો થયો હોઉં તોપણ દૂરથી બાપુજીને આવતાં જોઇને તરત જ લાંબો થઈને સુઇ જતો. એક દિવસ બાપુજીને મેં પૂછ્યું 'મને દાઢી કરવાની રજા આપો તો સારૂં' ત્યારે બાપુજીએ કહ્યું 'હમણાં તો તમારે પંચકેશ વધારવા જોઇએ' આ વાત મારા ગળે ન ઉતરી. એક દિવસ બપોરે મારાં પત્ની પાસેથી મેં મારી હજામતની પેટી માંગી. તેણે બાપુજીની રજા વગર આનાકાનીથી માંડ આપી. પછી પથારીમાં બેઠા બેઠા તકીયાને અઢેલીને મેં હજામતની ક્રિયા પતાવવા માંડી. પણ મને તેમાં શ્રમ લાગવાને લીધે સાંજના થોડો તાવ ચડવા માંડયો. હું સમજી ગયો કે મને બરાબર પાઠ મળી ગયો પણ કોઇને કહેવાય તેમ નહોતું. સાંજનું ભોજન જેમ તેમ પતાવીને મેં બરાબર સોડ તાણી. ઈશ્વરનું નામ લઇને આખી રાત આરામમાં ગાળી. અને તેની કૃપાથી સવારે માંડ ઠેકાણે આવ્યો. બાપુજીને મેં આ વાત ન કરી તેનો મને પસ્તાવો થયો. પણ આરામનું મહત્વ હું બરાબર સમજયો.

આ રોગમાં આરામની સાથે બીજી મહત્વની વસ્તુ ખોરાકની છે. તે પણ બાપુએ સમજાવી. ખોરાક સાદો, સાત્વિક, અને પૌષ્ટિક હોવો જોઇએ. તાજું દૂધ, માખણ-ફળો, લીલોતરી વગેરે છૂટથી લેવાં જોઇએ. ખોરાકમાં ગરમ મસાલા અને તળેલી વસ્તુઓ નુકસાનકારક છે, પણ લસણનો પ્રયોગ-કોઇ પણ પ્રકારે ચાલુ રાખવા જેવો છે. તેથી ફાયદો થાય છે. આશ્રમના સાદા અને સાત્વિક ખોરાક સાથે તાજું દૂધ, માખણ અને ફળો વગેરે પૂરતા પ્રમાણમાં લેવાથી મારૂં વજન ઠીક ઠીક વધતું જતું હતું. વજન દર અઠવાડિયે લેવાનો નિયમ રાખ્યો હતો.

અને ત્રીજી અગત્યની વસ્તુ હતી તે ચોખ્ખા હવા-પાણીની. સુકી, ખુલ્લી અને તાજી હવાથી ફેફસાને આરામ મળે છે. ભેજવાળી અથવા અંધારી જગ્યામાં રહેવાથી ફેફસાને ઘણું નુકશાન થાય છે. અકુદરતી હવા અને પ્રકાશમાં પણ વધારે વખત રહેવું સારૂં નથી.

ક્ષયના દરદીને કુદરતી ઉપચારોથી સાજા થવા માટે ઉપરની ત્રણે વસ્તુઓ અતિ આવશ્યક છે એમ મને બાપુજીએ સમજાવ્યું અને એ રીતે-મારી તબિયતમાં ઝડપી સુધારો લાવી શકયા.

જેમ જેમ મારૂં વજન વધતું જતું હતું તેમ તેમ મને હરવા ફરવા વગેરેની છૂટ મળતી હતી. મારે કોઇ ખાસ દવા લેવાની પછી જરૂર પડી નહોતી. પરંતુ ઠા. સુશીલાબહેનના આગ્રહથી થોડા ગોલ્ડના અને થોડા કેલ્શીયમના ઇંજેકશનો વારાફરતી મને આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ મેં આજ સુધીમાં કોઈપણ જાતની દવા લીધી નથી. એ. પી. લેવાની પણ મારે કદિ જરૂર પડી નથી. સાજા થયા પછી ચારેક મહિના બાદ નાગપુરના ડાકતર ડેવીડ પાસે મને સુશીલાબહેન લઈ ગયાં. ત્યારે મારી તબિયત જોઇને ડાકતરને ખૂબ સંતોષ થયો. મારે કોઇપણ જાતની સારવારની હવે જરૂર નથી એમ તેમણે જણાવ્યું. અને ઉનાળામાં કોઈ સારી જગ્યાએ રાખવાની ભલામણ કરી. પરંતુ બાપુજીનો ઉદ્દેશ જેમ બને તેમ ગામડામાં જ મને રાખવાનો હતો એટલે નાગપુરથી થોડે દુર છીંદવાડામાં મને તથા બાળકોબાને રાખવામાં આવ્યા. ત્યાં બે મહિના અમે રહ્યા, પણ ગરમીનું પ્રમાણ મને વધારે લાગવાથી અમને બન્નેને બાપુએ પંચગની મોકલવાની ગોઠવણ કરી. પંચગનીમાં વાડીલાલ સારાભાઈ આરોગ્ય ભુવનમાં હું ચારેક મહિના રહ્યો. ત્યાં મારી તબિયતમાં ઘણો સારો સુધારો થયો. ચોમાસું લગભગ પૂરૂં થતાં હું પાછો વર્ધા બાપુજી પાસે ગયો ત્યારે ફરીથી નાગપુરના ડો. ડેવીડ પાસે શ્રી. પ્યારેલાલજી સાથે મને મોકલવામાં આવ્યો. એ વખતે મારી તબિયત સંતોષકારક જોઈને ડાકતરને સાનંદાશ્ચર્ય થયું. અને મને મુક્તિ મળી.

આ જ અરસામાં મહારાષ્ટ્રના એક વિદ્વાન પરચૂરે શાસ્ત્રી જેઓ (*Leprosy*) રગતપિત્તના દરદથી પીડાતા હતા તેઓ પોતાની આખર સ્થિતિમાં પૂ. બાપુજીને શરણે આવી ચડયા હતા. તેમને આશ્રય આપતાં બાપુએ કહેલું "ક્ષયથી પીડાતા જમાઈને જો હું આશ્રય આપી શકું તો તમને મારાથી ના કેમ કહી શકાય? તેની સંભાળ રાખનાર તો બા વગેરે છે જ, પણ તમારી સંભાળ કોણ રાખશે!" આમ કહીને શાસ્ત્રીજીને તેમણે પોતાની નજીકમાં જ રાખવાની ગોઠવણ કરી ને તેમની સેવા કરવાનું માથે લીધું. સ્વ. મહાદેવભાઈએ પોતાના એક લેખમાં ઉપરની હકીકત લખી છે.

પૂ. બાપુજીએ મારી જે સુશ્રૂષા કરી તે કેવળ સગા તરિકે જ નહિ પણ પોતાનો આપદ્ધર્મ સમજીને કરી હતી. તેમણે સગપણ-ના સંબંધો તો કયારના છોડયા હતા. ખરૂં જોતાં તેમના સાથીદારો અને આશ્રયવાસીઓને જ તેમણે પોતાના સગા તરિકે માન્યા હતા. એટલે જયારે હું સાજો થઇને મુંબઈ આવવા માટે તેમની રજા લેવા ગયો ત્યારે તેમણે મને પોતાનો સિધ્ધાંત સમજાવતાં કહ્યું. "તમે જાણો છો કે હું જાહેરના પૈસે આશ્રમનો ખર્ચ નભાવું છું તેથી સગા તરિકે તમારી માંદગીનો ખર્ચ હું આશ્રમના માથે નાખું તે મને શોભે નહિ. એટલે તમારી માંદગીને અંગે જે ખર્ચ થયો હોય તેનો હિસાબ તમે લઇ જજો અને તે તમે ભરી આપવાની ગોઠવણ કરજો."

હું બાપુજીની મહત્તા બરાબર સમજી ગયો. તેમણે મને જે નવું જીવન આપ્યું તેના હિસાબે મારી માંદગીના ખર્ચની રકમ જે આશરે પાંચસો રૂપિયા હતી તે નજીવી હતી. તે અમારા વૈદ જુગતરામભાઇએ ભરી આપવાની ગોઠવણ કરી અને તેથી બાપુને ખૂબ સંતોષ થયો.

પૂજ્ય બા, બાપુજી અને આશ્રમવાસી ભાઇ-બહેનોએ મારી માંદગીમાં જે સેવા કરી તે ખરેખર અમૂલ્ય હતી, જે હું કદિ ભૂલી શકું તેમ નથી.

તા. ૨૬-૧-૫૦
૭૨, શાન્તિનાથ ભુવન
માટુંગા-મુંબઈ ૧૯.
કુંવરજી ખેતસી પારેખ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ. મુંબઈ, ૩
મુદ્રણસ્થાન; શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫—૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ ૩

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪ અંક : ૫

મુંબઇ : ૧ જુલાઈ ૧૯૫૨ મંગળવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## શાસ્ત્ર-આજ્ઞાઓનો પાયાનો હેતુ

ભારતીય ધર્મોને વૈદિક, જૈન અને બૌધ્ધ એવી ત્રણ પરંપરામાં વહેંચી શકાય છે, ખ્રીસ્તી અને મુસલમાન એ બન્ને ધર્મો ભારતમાં છે, પણ એનું સંવર્ધન ભારતમાં નથી થયું. પારસી ધર્મ એ આર્યધર્મ છતાં આર્યધર્મની ભારતીય શાખાથી ભિન્ન એવી ઇરાની શાખા એ ગણાય છે. એટલે ભારતના મૌલિક ધર્મો ત્રણ જ છે; વૈદિક, જૈન અને બૌદ્ધ. એ ત્રણે ધર્મમાં આજ્ઞાનું શું સ્થાન છે એ વિષે થોડું અહિ લખવા વિચાર છે.

આજ્ઞા એટલે આદેશ. આદેશનો જ્યારે વિચાર કરીએ ત્યારે કોણે આદેશ આપ્યો અને કોને આપ્યો. એ ઉપરાંત શું આદેશ આપ્યો એ ચર્ચવું જોઇએ, પણ અહિં તો એ બધા વિષે વિવરણમાં ઉતરવાનું સ્થાન નથી. વૈદિકધર્મમાં જે વેદ છે તે જ આદેશોનું મૂળ છે. વેદ એ સંસ્કૃતભાષામાં છે. એટલે બીજી કોઈ પણ ભાષાના પુસ્તકની જેમ એ પણ કોઇ એક કે અનેક પુરૂષની રચના હોવી જોઇએ એમ સામાન્ય માણસ કહે. પણ એ બાબતમાં ઐતેહાસિકો અને વેદને ધાર્મિક પુસ્તક માનનારાઓમાં વિવાદ છે. ઐતિહાસિકો કહે છે કે કેટલાક કવિ અથવા ઋષિઓએ વિવિધ પ્રાકૃતિક દેવોની જે સ્તુતિઓ કરી તેનો સંગ્રહ એ વેદ છે. પણ વૈદિકધર્મના અનુયાયીઓનો એક વર્ગ કહે છે કે વેદની રચના કદી કોઈ પુરુષે કરી જ નથી. જે કવિ અથવા ઋષિનું નામ વદિક ઋચાઓ સાથે જોડાયલું છે તેઓ તો માત્ર તે તે ઋચાઓના દ્રષ્ટા હતા. એમને પણ એ ઋચાઓ પૂર્વપરાથી મળી હતી. તેમણે એની રચના નવી કરી નથી. એ પૂર્વપરંપરા કયારે શરૂ થઇ એનો પત્તો લાગતો નથી, તે અનાદિ છે, તેથી વેદનો કોઇ કર્ત્તા નથી, તે અપૌરુષેય છે. જે વર્ગ આ માન્યતાનો સ્વીકાર કરે છે તે ભારતીય વૈદિક પરંપરામાં મીમાંસક કહેવાય છે. વેદમાં દેવોની સ્તુતિઓ હતી. એ સ્તુતિઓનો પ્રયોગ કેમ, કયારે અને કેવી રીતે કરવો એ બતાવનારા જે શાસ્ત્રો રચાયા તે બ્રાહ્મણગ્રન્થો કહેવાયા. તેને પણ એ પરંપરા અપૌરુષેય માને છે. એ બન્નેને આધારે વર્ણાશ્રમધર્મના વિધિ–નિષેધો બતાવનારા જે શાસ્ત્રો રચાયા તે ગૃહ્યસૂત્રો અને ધર્મ–સૂત્રો કહેવાયા. આની રચના પૌરુષેય હોવા છતાં તે વેદમૂળક હોવાથી વેદ જેટલું જ તેમનું પ્રામાણ્ય મનાયું અને ત્યાર પછી તો સ્મૃતિ–ગ્રન્થો પણ બન્યા. એને પણ પુરુષોએ જ બનાવ્યા. આ રીતે જોઇએ તો અપૌરુષેય વેદ માન્ય છતાં તેની વ્યાખ્યા અને વ્યવસ્થા તો છેવટે પુરુષાધીન જ રહી. સારાંશ એ છે કે મીમાંસક ભલેને વેદને અપૌરુષેય માને, પણ વેદના વ્યાખ્યાતા જે પુરુષો થયા એમનું જ વચન અત્યાર સુધી પ્રમાણ માનીને અત્યાર સુધીની મીમાંસક પરંપરા વર્તી રહી છે. એટલે કે વિધિ–નિષેધો તો છેવટે પુરુષોએ જ બતાવ્યા છે અને તે જ પ્રમાણે મનુષ્ય જાતિએ પોતાનું આચરણ ઘડવાનું છે.

ઉકત મીમાંસક સિવાયની બીજી વૈદિક પરંપરાઓ વેદને અપૌરુષેય નહિ, પણ ઇશ્વરકૃત માને છે. વસ્તુતઃ જેમ પુરુષનો પત્તો ન હોવાથી તેને અપૌરુષેય કહેવામાં આવે છે તેમ ઇશ્વરે પણ કદી આપણી વચ્ચે આવીને એ વેદ કોઇને શીખવ્યા નથી. એટલે એમાં તો માત્ર નામાન્તરનો ભેદ છે. અપૌરુષેય કહો કે ઇશ્વિરકૃત કહો–આપણા માટે તેનો અર્થ એક જ છે અને તે એ કે આપણા જેવા હાથ–મોઢાવાળા કોઇ પુરુષે તેને બનાવ્યા નથી. એટલે ઇશ્વરકૃત માનીને પણ છેવટે વ્યાખ્યા વગેરે તો પુરુષાધીન જ માન્યા સિવાય ઇશ્વરવાદીઓને છૂટકો રહ્યો નથી. સારાંશ એ છે કે વૈદિકોની આ બીજી પરંપરા પ્રમાણે પણ છેવટે તો પુરુષપ્રાધાન્ય માન્યા સિવાય છૂટકો નથી. આ પ્રમાણે આપણે જોયું કે વૈદિક પરંપરા વેદને અપૌરુષેય કે ઇશ્વરકૃત માન્યા છતાં પુરુષ–મનુષ્ય જ આદેશ આપે છે એમ માને છે. વેદનો ધર્મ મનુષ્યને કેન્દ્રમાં રાખીને આદેશ આપે છે. મનુષ્ય પોતાની સુરક્ષા માટે, સંપત્તિ માટે, સંતતિ માટે બીજાં પશુઓ જેવાં કે ગાય–બકરી–અશ્વ વગેરેને યજ્ઞમાં હોમી શકે છે હિંસા કરી શકે છે એમ પ્રાચીન કાળમાં મનાતું. પણ જેમ જેમ વૈદિક ધર્મનું હિન્દુ ધર્મમાં રૂપાન્તર થયું એટલે કે વૈદિક–જૈન–બૌધ્ધના સંમિશ્રણથી જે ધર્મનું નિર્માણ થયું તેમાં આવા હિંસક યજ્ઞોનું સ્થાન અહિંસક યજ્ઞોએ અને પછી તો આધ્યાત્મિક યજ્ઞોએ લીધું. અહિંસક યજ્ઞોમાં જીવહિંસાને બદલે ઘૃત અને ધાન્યનો હોમ શરૂ થયો, પણ છેવટે એનો પણ ત્યાગ કરીને માનસિક દુર્વાસનાઓનો નિરાસ તપસ્યા વડે કરવો–એ પ્રકારનો આધ્યાત્મિક યજ્ઞ શરૂ થયો તે આજ સુધી ચાલુ છે, અને એવા આધ્યાત્મિક યજ્ઞનું જ સમર્થન અથવા તો આદેશ વેદાદિ શાસ્ત્રો કરે છે એવી વ્યાખ્યાઓ આચાર્યોએ કરવા માંડી. આ સૂચવે છે કે કોઇ પણ શાસ્ત્રનો કોઇ પણ એક સ્થાયી આદેશ નથી, અને જો છે જ એમ કહેવું હોય તો તે એટલો જ છે કે મનુષ્યનું તત્કાળે સમજાતું સર્વોત્તમ હિત શામાં છે એનો નિર્દેશ એ શાસ્ત્રો કરે છે.

બુદ્ધધર્મ તો પુરૂષપ્રધાન છે. ભગવાન બુધ્ધે આત્મહિતનો માર્ગ સ્વયં શોધ્યો અને એ માર્ગનો ઉપદેશ તેમણે આપ્યો. તેમના ઉપદેશ અને આદેશોને જ બુદ્ધધર્મ એવું નામ મળ્યું છે. ભગવાન બુદ્ધના જે આદેશો છે, તેમણે નિર્દેશેલા જે કર્તવ્ય છે તેનો સંગ્રહ ત્રિપિટકમાં થયેલો છે. એનો એક ધ્રુવ મંત્ર છે તે એ કે હું કહું છું તે ઇશ્વરી કે વેદવાકય નથી. તેની સૌ કોઇને પરીક્ષા કરવાનો હક્ક છે. અને ગ્રહણ કર્યા પહેલાં પરીક્ષા કરવી પણ જોઇએ. તેમણે સાવ સાદી વાત કરી છે. સંસારમાં દુઃખ છે, તેનું કારણ છે, દુઃખથી છૂટકારો છે અને છૂટવાનો માર્ગ પણ છે. આમાં જ તેમને જે કાંઈ કહેવું છે તે બધું આવી જાય છે. આ મૂળ મંત્રની આસપાસ બુદ્ધધર્મના હજારો વિધિનિષેધો રચાયા છે. તેમાંનો એક પણ વિધિનિષેધ એવો નથી જે અંતિમ હોય. ભગવાન બુધ્ધે સ્વયં પોતાની હયાતીમાં

સર્વપ્રથમ કેટલાક સાદા નિયમો બનાવ્યા. પણ તેમની પોતાની હયાતીમાં જ તેમાંના મોટા ભાગના નિયમોમાં તેમણે પોતે જ સુધારા કર્યા એમ વિનયપિટકમાં ડગલે ને પગલે જણાય છે. એ બતાવે છે કે આદેશો કે આજ્ઞાઓ એ અંતિમ સત્ય નથી, પણ સર્વે જીવોનું હિત શામાં છે તે જ અંતિમ સત્ય છે અને તેથી તેને અનુકૂળ એવું પરિવર્તન એ આદેશો અને આજ્ઞાઓમાં કર્તવ્ય બને છે. બુદ્ધધર્મના ઇતિહાસના અભ્યાસીને એ જણાયા વિના નહિ રહે કે બુદ્ધધર્મનો એવો કોઈ પણ વિચાર કે આચાર નથી જેમાં કશું જ પરિવર્તન થયું ન હોય. ઉક્ત ચતુરાર્ય સત્યો વિષે પણ ગૌણ મુખ્યભાવે અનેક પ્રકારે વિચારવિકાસ વિચારપરિવર્તન થયું છે. એનું એક જ કારણ છે અને તે એ કે મનુષ્યની બુદ્ધિમાં વિશ્વાસ. ભગવાન બુદ્ધ તો એક પ્રતીક માત્ર રહ્યા, અને જેને જે કાંઈ સર્વોદયકારી લાગ્યું તે તેણે ભગવાન બુદ્ધનો જ ઉપદેશ છે એમ કહી પ્રચારમાં વહેતું મૂક્યું. અને તે તે કાળે લોકોએ તેને બુદ્ધધર્મ તરીકે સ્વીકાર્યું.

જૈનધર્મ પણ પુરૂષપ્રધાન છે. જૈનધર્મના જેટલા પ્રવર્તક થયા તે સામાન્ય મનુષ્યો જ હતા, પણ ભેદ એ જ હતો કે સાધારણ મનુષ્યોથી તે બધા ઉંચા ઉઠેલ હતા—વીતરાગ હતા. તેમના આદેશ કે ઉપદેશનો સાર એ જ છે કે બધા જીવો જીવવા માગે છે, કોઇ મરવા માગતું નથી. માટે એવી રીતે જીવવું જેથી બીજા જીવોને ત્રાસ ન થાય. આ ઉપદેશની આસપાસ જ જૈનધર્મના બધા વિધિ–નિષેધો ગોઠવાયા છે. આચારાંગાદિ શાસ્ત્રોમાં ભગવાનનો ઉપદેશ એકત્ર કરવામાં આવ્યો છે અને આચારાંગ–દશવૈકાલિક–છેદશાસ્ત્રો એ બધા ગ્રન્થોમાં ક્રમે કરી અપવાદો વધ્યા જ છે, ઘટયા નથી. વિધિ-નિષેધોમાં પણ ઘટાડો વધારો થયો છે. એ બધું ગમે તેટલું પરિવર્તન થયું હોય છતાં એ બધાનો એક માત્ર ઉદ્દેશ એ જ છે કે એવી રીતે જીવવું, જેથી આત્મહિત તો થાય પણ પરનું અહિત ન થાય, એટલું જ નહી, પણ આત્મહિત સાથે સાથે પરહિત પણ થતું રહે. જૈનધર્મના શાસ્ત્રોનો ઉદ્દેશ પણ એક જ છે. આદેશો એ મુખ્ય નથી, પણ સાધકનું જીવન મુખ્ય છે. એ જીવનને અનુકૂળ આવે તેજ આદેશનું અનુસરણ કરવાનું છે અને જે આત્મહિતથી પ્રતિકૂળ હોય તે ગમે તે શાસ્ત્રમાં લખ્યું હોય પણ સાધક તેનું અનુસરણ નહિ કરે. ઘણીવાર આપણે ઉપદેશકોના મોઢે **'आणाए धम्मो'** ભગવાનની આજ્ઞાના પાલનમાં ધર્મ છે એવું સાંભળીએ છીએ, પણ ભગવાનની આજ્ઞા કોને ગણવી અને કોને ન ગણવી એનો નિર્ણય તો તે તે કાળના પુરૂષોએ જ કર્યો છે. એવી કોઇ એક ધ્રુવ આજ્ઞા છે જ નહિ, જેના વિષે કોઇ પણ અપવાદ ન હોય. એટલે છેવટે આચાર્ય હરિભદ્ર જેવાએ તો કહી દીધું કે ભગવાને આ કરવું કે તે ન કરવું એવું કશું જ કહ્યું નથી, પણ સત્ય માર્ગનું-સંયમમાર્ગનું અનુસરણ કરવું એ ધ્રુવમંત્ર આપી દીધો છે. ખરી રીતે આજ્ઞા જેવી કોઈ વસ્તુ છે જ નહી. આત્મા સાક્ષી આપે કે આમાં મારૂં હિત છે તે જ કરવાનું છે. મહાપુરુષોના દિશાસૂચનને લોકો આજ્ઞા એવું નામ આપી દે છે, માર્ગ પોતે જ પસંદ કરવાનો હોય છે. જ્યાં સુધી મનુષ્ય પોતે પસંદગી કરતો નથી અને માત્ર બીજાના નિર્દેશાનુસાર ચાલે છે ત્યાં સુધી તેને ધર્મ આત્મસાત્ થતો નથી, અને જ્યાં સુધી ધર્મ આત્મસાત્ થાય નહિ ત્યાં સુધી તે ગમે તેટલું અનુષ્ઠાન કરે, પણ તે શુદ્ધ સમ્યક્ત્વમાં પરિણમતો નથી. એટલે બીજાની આજ્ઞાનો સ્વીકાર એ ધર્મ નથી પણ અંતરાત્માની આજ્ઞાનો સ્વીકાર એ ધર્મ છે.

**દલસુખ માલવણિયા**

## આજની પરિસ્થિતિ અને આપણું કર્તવ્ય

(જૈન શ્વે, મૂ. કોન્ફરન્સના ૧૯મા અધિવેશનના સ્વાગત–પ્રમુખ શ્રી ખીમજી એમ. ભુજપુરીઆના ભાષણમાંથી ઉધ્ધૃત)

ગયા વર્ષે કોન્ફરન્સનું અધિવેશન જુનાગઢમાં ભરાયું તેને એક વર્ષ જેટલો સમય વીતી ગયો છે. એ ટૂંકા ગાળામાં રાજકીય દૃષ્ટિએ ચૂંટણી સ્વરૂપે દેશભરમાં એક મહાન અખતરો અજમાવાઈ ગયો છે. સદ્‌ભાગ્યે કેન્દ્ર ઉપરાંત લગભગ બધા જ પ્રદેશોમાં મહાસભાવાદી સરકાર પાછી સત્તા પર આવી છે. રાષ્ટ્રિય મહાસભાનું ધ્યેય ભારત વર્ષમાં વસતા સમગ્ર માનવસમુદાયની ઉન્નતિ કરવાનું હોવાથી સમસ્ત જૈન સમાજે પણ હંમેશ મુજબ તેને સઘળી રીતે સાથ અને સહકાર આપી પોતાની ફરજ અદા કરવાની છે.

ઇતિહાસ કહી જાય છે કે જૈનોએ સૈકાઓથી રાજકારણમાં મોખરે રહી દેશની ઉન્નતિમાં આગેવાનીભર્યો ભાગ ભજવ્યો છે. કેટલાક રાજ્યોના દીવાનપદે પણ જૈનો હતા અને હાલની આઝાદી મેળવવા માટેની રાષ્ટ્રિય ચળવળમાં પણ જૈનોનો હિસ્સો નાનોસુનો ન હતો. પરિણામે આપણે જોઇ શકીએ છીએ કે વડી તેમજ પ્રાદેશિક ધારાસભાઓની તાજેતરમાં જે ચૂંટણીઓ થવા પામી તેમાં જૈનોને બહુ સારી સંખ્યામાં સેવા કરવાની તક મળી છે. રાજકીય માર્ગે આગળ વધ્યા સિવાય સમાજ અને દેશની ઉન્નતિમાં આપણો સમાજ ધારેલો ફાળો આપી ન જ શકે એ સમજાય તેવું છે. દેશ અને કાળને અનુરૂપ થવા માટે આપણે શું શું કરવાની જરૂર છે, તે વિચારવા માટે આપ સહુ અહીં એકત્ર થયા છો. તેથી મને ખાત્રી છે કે આપ એ દિશામાં ગંભીર વિચારણાઓ કરશો અને એવા નિર્ણયો પર આવશો કે જેથી આપણું ભાવી ઉજ્જવળ અને પ્રગતિમય બને. આ તકે આપ બધાને હું એક વિનંતી કરૂં તો તે અસ્થાને નહિ ગણાય. જૈન ધર્મને અને સંસ્કૃતિને અપનાવનાર કોઇ પણ દેશ કે જ્ઞાતિની વ્યક્તિ હવે જૈન ગણાવી જોઇએ અને તેને જૈન તરીકેના સર્વ સામાજિક હકકો પ્રાપ્ત થાય એવી જાહેરાત હવે આપણે કરવાની રહેશે. આમ કરવાથી જૈન ધર્મ પ્રત્યે મમત્વ રાખનારા હજારો ભાઈબહેનોનો માર્ગ મોકળો થશે. હવે સમય આવી લાગ્યો છે કે જ્યારે આપણા ધર્મને વિશ્વભરમાં વિસ્તારવો પડશે, અને એમ થશે તો જ આ કોન્ફરન્સની સ્થાપના પાછળનો હેતુ સચવાશે. જૈન ધર્મ તો સ્યાદ્વાદનો છે; અને દેશકાળ પ્રમાણે આપણે વિવેક વાપરી એને વિસ્તારવો જ રહ્યો, તો આજથી જ આપણે કાં ન જાગીએ? આમ જ્યારે આપણા ધર્મને વિશ્વભરમાં વિસ્તારવાનો વિચાર કરીએ છીએ ત્યારે સહેજે જ આપણા જૈન સમાજની, અને તેમાં પણ શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગની એકતાનો પ્રશ્ન આપણી સામે આવીને ઉભો રહે છે. શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં પણ આજે કેટલા બધા તડ છે? આપણા વર્ગને સ્પર્શતા સવાલોનો આપણે બધા સાથે મળીને વિચાર પણ કરી શકતા નથી. આ સ્થિતિ હવે સત્વર દૂર થવી જોઇએ. આખા જૈન સમાજમાં એકતાની ભાવના ઉભી કરવા પાછળ પણ આપણા ચિત્તને કેન્દ્રિત કરવું જોઇએ. આ માટે જૈનો જૈનો વચ્ચે રોટીબેટીનો વ્યવહાર પણ હવે સહજ અને સરળ થવો જોઇએ. આપણા મહાન પર્વો પણ એકસરખા દિવસે ગોઠવાવા જોઇએ. ભિન્ન ભિન્ન સંપ્રદાયના સાધુ મુનિરાજોને જુદા રાખતી દીવાલ હવે એકદમ દૂર થવી જોઇએ. આવી એકતાની ભૂમિકા ઉભી કરવામાં નહિ આવે ત્યાં સુધી જૈન ધર્મને બહુમાન્ય બનાવવાનું સ્વપ્ન કદિ પણ આપણે સિધ્ધ કરી શકીશું નહિ.

ઘર આંગણેના કેટલાક સળગતા સવાલોનો પણ આપણે હવે ઉદાર ચિત્તે નિકાલ લાવવો પડશે. એક જ ધર્મ અને માર્ગને અનુસરતો આપણો મૂર્તિપૂજક સમાજ ચોથ અને પાંચમની તિથિના પ્રશ્નના યોગ્ય નીકાલના અભાવે વહેંચાયેલો રહે એ હવે જમાનાને અનુરૂપ નથી. દીક્ષાર્થીઓની યોગ્યતાના પ્રશ્નનો સવેળા ઉદારચિત્ત નિકાલ લાવીશું તો જ આપણા પોતાના અને દેશના સર્વાંગી વિકાસમાં યોગ્ય ફાળો આપી શકીશું, એવું મારૂં નમ્ર મંતવ્ય છે.

**ખીમજી ભુજપુરીઆ**

# જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સનું સુવર્ણ અધિવેશન

જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનો ઉદ્‌ભવ થયાને પચાસ વર્ષ થવા આવ્યા. આ કારણે એ કોન્ફરન્સના આ ઓગણીશમા અધિવેશનને સુવર્ણ અધિવેશન તરીકે જાહેર કરવામાં આવ્યું હતું અને કોન્ફરન્સના સુવર્ણ મહોત્સવ તરીકે આ વખતે લગ્નસમારંભ જેવી સુન્દર મંડપરચના કરવામાં આવી હતી, અને થોડો રંજન કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. આ અધિવેશનની કાર્યવાહીનું સાચું મૂલ્યાંકન કરવા માટે કોન્ફરન્સના છેલ્લાં વીશેક વર્ષના ઇતિહાસનું સિંહાવલોકનની રીતે નિરીક્ષણ કરવું જરૂરી છે.

## પશ્ચાદ્ ભૂમિકા

આ કોન્ફરન્સનો છેલ્લા વીશ વર્ષનો ઇતિહાસ તપાસતાં માલુમ પડે છે કે કોન્ફરન્સમાં બે પ્રકારની વૃત્તિના લોકો કોન્ફરન્સનો ઇતિહાસ પોતપોતાની રીતે નિર્માણ કરી રહ્યા છે. એક વૃત્તિ સુધારકની છે. તેનો પ્રયત્ન સંસ્થાની વિચારભૂમિકાને સદા સંસ્કારતા રહેવાનો, જે કક્ષાએ તે પહોંચી હોય ત્યાંથી નીચે નહિ ઉતરવા દેવાનો અને ફરતા જતા દેશકાળ મુજબ સમાજના વિચારોને નવા નવા આકારો આપવાનો રહ્યો છે. આને લીધે તે વૃત્તિ સદા જુનવાણી માનસ સાથે અથડાતી રહી છે, અને તેનું પરિણામ જુનવાણી માનસ ધરાવતા લોકોને કોન્ફરન્સ સાથે એકરૂપ થતા અટકાવવામાં અને કદિ કદિ તેથી વિમુખ કરવામાં પણ આવ્યું છે. બીજી વૃત્તિનો પ્રયત્ન વિચારોની, અભિપ્રાયોની, સિધ્ધાન્તોની ગમે તેવી બાંધછોડ કરીને પણ બને તેટલા લોકોને કોન્ફરન્સ તરફ વાળવાનો અને તેમાં સાથ આપતા કરવાનો રહ્યો છે. આ વૃત્તિને આપણે વૈશ્યવૃત્તિ તરીકે ઓળખીએ. આ બે વૃત્તિની અવાર નવાર અથડામણ, પાછી પરસ્પર સમજુતી, વળી પાછી અથડામણ આવો આરોહ–અવરોહનો ક્રમ ૧૯૮૬ માં મળેલી જુન્નેર કોન્ફરન્સથી માંડીને આજ સુધીની કોન્ફરન્સનો ઇતિહાસ પ્રગટ કરે છે.

## જુન્નર કોન્ફરન્સમાં પહેલી અથડામણ

સુધારક વૃત્તિથી પ્રભાવિત બનેલી જુન્નેર કોન્ફરન્સમાં અયોગ્ય દીક્ષાનો વિરોધ કરતો ઠરાવ પસાર થયો અને જુનવાણી માનસ ધરાવતા વર્ગે કોન્ફરન્સનો ત્યાગ કર્યો. ત્યાર બાદ પછીનાં વર્ષો દરમિયાન તેમને કોન્ફરન્સ તરફ વાળવા અવારનવાર કંઈ કંઈ પ્રયત્નો ચાલતા રહ્યા અને આખરે ૧૯૯૭ માં મળેલ નિંગાળા અધિવેશનમાં એક ઐક્ય સમિતિ નીમવામાં આવી. આ ઐક્ય સમિતિએ શેઠ કસ્તુરભાઈ લાલભાઇનું શરણ અને માગદર્શન માગ્યું. તેમણે કૃપા કરીને કોન્ફરન્સને પીછેહઠ કરાવતા બે પ્રત્યાઘાતી ઠરાવો ઘડી આપ્યા અને એ ઠરાવો જો કોન્ફરન્સ સ્વીકારે તો પછી જુના વિચારના લોકોને કોન્ફરન્સમાં ભાગ લેવામાં કશી નડતર નહિ રહે એવી તેમના તરફથી આશા આપવામાં આવી.

## ઐક્ય સમિતિના ઠરાવો

ઉપર જણાવેલ વૈશ્યવૃત્તિના આગેવાનોએ આ ઠરાવોના સારાસાર કે ગુણ દોષ વિચારવાની વાત છોડીને કોઇ પણ રીતે એ બે ઠરાવો કોન્ફરન્સ પાસે સ્વીકારાવવાની ઝુંબેશ ચલાવી. સંવત્ ૨૦૦૧ માં મળેલ મુંબઇના અધિવેશન સમક્ષ એ બે ઠરાવો લાવવામાં આવ્યા. આ ઠરાવો સંબંધમાં સાનુકુળ પ્રતિકુળ પક્ષો વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ. સુધારક વર્ગે તે ઠરાવોનો સખ્ત સામનો કર્યો અને બહુમતીએ એ ઠરાવો ઉડાડી મૂકયા. આમ સુધારક વર્ગની ફત્તેહ તો થઈ. પણ કોન્ફરન્સની કાયા દુબળી થતી ચાલી. તે કોઇ પણ રીતે પુષ્ટ થવી જ જોઇએ એ વૃત્તિ વધારે જોર પકડતી ગઈ. ૨૦૦૬માં ફાલનામાં અધિવેશન મળ્યું. ત્યાં વળી આગલી કોન્ફરન્સે ઉડાવી દીધેલા પેલા બે પ્રત્યાઘાતી ઠરાવો ફરીથી લાવવામાં આવ્યા. ત્યાં પણ તેનો વિરોધ તો થયો, પણ આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભ સૂરિએ જૈન સમાજનું સંગઠ્ઠન થાય, કૉન્ફરન્સ કોઇ પણ રીતે પરિપુષ્ટ થાય, તેથી અળગો રહેતો વર્ગ સામેલ થાય એ હેતુથી ઉપરના બે ઠરાવોના સમર્થનના છાબડામાં પોતાનું વજન ઉમેર્યું અને એ બે ઠરાવો મોટી બહુમતીથી પસાર થયા. આ બહુમતી વર્ગમાં એવી અનેક વ્યક્તિઓ હતી કે જેઓ મનથી આ બે ઠરાવની વિરૂધ્ધ હતી, છતાં માત્ર એકતાના ખ્યાલથી પ્રેરાઇને આ ઠરાવોને તેમણે ટેકો આપ્યો હતો. આ રીતે સુધારક પક્ષની હાર થઇ. વૈશ્ય વૃત્તિનો વિજય થયો.

## જુનાગઢ અધિવેશન અને પછી

જુનવાણી માનસને રીઝવવા કોન્ફરન્સ આ રીતે પીછેહઠ કરીને નીચામાં નીચી કક્ષાએ ઉતરી. પછી ૨૦૦૭માં જુનાગઢમાં અધિવેશન મળ્યું. એ અધિવેશન મળવાના થોડા સમય પહેલાં કોન્ફરન્સના એક આગેવાન કાર્યકર્તા શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસીએ કૉન્ફરન્સ પત્રિકામાં 'દાનની દિશા બદલો' એ મથાળા નીચે એક અગ્રલેખ લખ્યો અને તે લેખમાં આજે ધાર્મિક ઉત્સવો અને ક્રિયાકાંડ પાછળ જે દાનનો પ્રવાહ ચાલી રહ્યો છે તે બદલીને સમાજનું રક્ષણ અને ઉત્કર્ષ થાય તેવી પ્રવૃત્તિઓ પાછળ એ પ્રવાહ વાળવો જોઇએ એ મતલબના વિચારો પ્રગટ કર્યા. આ સામે વળી પાછો જુનવાણી સમાજ અને સાધુઓ ઉછળી પડયા અને એ લેખ પાછો ખેંચી લેવરાવવા માટે તેમણે ખૂબ શોરબકોર મચાવ્યો. આ બાબતમાં કોન્ફરન્સના સંચાલકો સદ્‌ભાગ્યે મક્કમ રહ્યા, જો કે આ સંચાલકોમાં એવી વ્યક્તિઓ હતી કે જે પેલા પ્રત્યાઘાતી ઠરાવો માફક આ કડવો, ઘૂંટડો પણ ગળી જવાને તૈયાર હતી. ઉપર જણાવેલી મક્કમતાનું પરિણામ એ આવ્યું કે પેલા પ્રત્યાઘાતી ઠરાવો પસાર થવાના પરિણામે આખો જુનવાણી વર્ગ કોન્ફરન્સમાં સામેલ થશે એ આશા બહુ ઓછા પ્રમાણમાં સફળતાને પામી. બીજી બાજુએ કોન્ફરન્સના સૂત્રધારોમાં એક એવું માનસ ઉભું થવા લાગ્યું કે આજે ઘસાઇ રહેલા સમાજની દુર્દશા ધ્યાનમાં લઇને બીજી બાજુઓથી સંકોચ કરીને આ દિશાએ ધનનો પ્રવાહ વાળો–આવા સાદી સમજની વાત પણ જેને સ્વીકાર્ય ન હોય તેનો સાથ મેળવીને પણ કોન્ફરન્સ શું કરી શકવાની હતી–આ રીતે અત્યન્ત કટ્ટર વળણ ધરાવતા જુનવાણી વિચારસરણિ ધરાવતા આગેવાનો અને આચાર્યોનું સંવનન છોડીને જે અને જેટલા છે તેનો સાથ લેવો અને કોન્ફરન્સના કાર્યને આગળ ધપાવવું એ વૃત્તિ વેગવાન બની. આ ભૂમિકા ઉપર મુંબઇનું અધિવેશન મળ્યું.

## મુંબઈ અધિવેશનના ઠરાવોની પર્યાલોચના

આ અધિવેશનની બીજી વિગતો ચર્ચવા પહેલાં, વિચારભૂમિકાના ક્ષેત્રમાં કોન્ફરન્સ ઉભી હતી ત્યાં જ છે કે ત્યાંથી એક બે ડગલાં આગળ વધી છે તેનો આપણે પહેલાં વિચાર કરીએ. આજે પણ કોન્ફરન્સના સંચાલન ઉપર આગળ જણાવેલી વૈશ્યવૃત્તિનું જ પ્રભુત્વ વર્તે છે, અને જુનવાણીના આળા માનસને સીધો આઘાત ન લાગે અને જૈન સમાજનાં ભાઇબહેનો બને તેટલી મોટી સંખ્યામાં આ કોન્ફરન્સમાં જોડાય એ વૃત્તિથી જ કામ લેવામાં આવે છે અને ઠરાવો ઘડાય છે, તથા પસાર કરવામાં આવે છે. આમ છતાં પણ સ્થિતિચૂસ્તોથી બધી બાબતોમાં ભયભીત રહીને જ ચાલવું આ વળણમાં હવે થોડોક ફેરફાર થતો દેખાય છે. આની નીશાની રૂપે દાનની દિશાને બદલો એ વિચારનું સીધી રીતે સમર્થન કરતો નીચે મુજબનો ઠરાવ આ અધિવેશનમાં પસાર થયો છેઃ-

"જૈન સમાજે પ્રાપ્ત થતા પ્રસંગોએ ખર્ચમાં કરકસર કરી બચતનો ઉપયોગ સાધર્મિક ભાઇઓના ઉત્કર્ષ માટે કરવો."

આ પ્રસંગોમાં સામાજિક તેમ જ ધાર્મિક ઉભય પ્રકારના પ્રસંગોનો સમાવેશ થાય છે એમ તેને લગતી ચર્ચામાં સ્પષ્ટ થયું છે.

આ ઉપરાંત કૉન્ફરન્સે પોતાના કાળજુના બંધારણમાં જરૂરી ફેરફારો કરવાનો પ્રશ્ન હાથ ધર્યો છે અને આ રીતે પોતાના ઉદ્દેશોમાં જે સુધારણા કરી છે તેમાં "જુદા જુદા ફિરકાઓ વચ્ચે ભ્રાતૃભાવ અને નિકટતા કેળવાય એવા પ્રયાસો કરવા" એ મુદ્દાને એક ઉદ્દેશ તરીકે સ્વીકારેલ છે અને એ જ મતલબનો એક ઠરાવ પણ પસાર કરેલ છે.

વળી સૌથી વધારે ધ્યાન ખેંચે તેવો તો આ કૉન્ફરન્સે બહુ મોટી બહુમતીથી અને તેના વિરોધની બધી બાજુ ધ્યાનમાં લઇને નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો છેઃ—

# મેડમ મોન્ટીસરીને અંજલિ

(તા. ૨૩-૬-૫૨ ના રોજ મુંબઈની હાઈકોર્ટના મુખ્ય ન્યાયમુર્તિ શ્રી ચાગલાના પ્રમુખપણા નીચે થોડા સમય પહેલાં અવસાન પામેલાં સુપ્રસિધ્ધ કેળવણીકાર અને નૂતન બાલશિક્ષણ પધ્ધતિના પ્રણેતા ડૉ. મેરીઆ મોન્ટીસરીને અંજલિ આપવાના હેતુથી મુંબઇના નગરજનોની એક જાહેર સભા મળી હતી. આ પ્રસંગે નૂતન બાલશિક્ષણ સંઘના પ્રમુખ શ્રી સરલાદેવી સારાભાઈએ મેડમ મોન્ટીસરીને નીચે મુજબ અંજલિ આપી હતી. તંત્રી)

માનનીય ડૉ. મેરીઆ મોન્ટેસરીને અંજલિ આપવા યોજાયેલી આ શોકસભામાં બોલવા ઉભા થતાં જ મારૂં હૃદય દુઃખથી દ્રવી ઉઠે છે. જેમણે બાલયુગ નિર્માણ કર્યો હતો એવી એ માનવ-વિભૂતિના મૃત્યુ સાથે માનવજાતે કેળવણીનો એક મહાન દૃષ્ટા ગુમાવ્યો છે.

લગભગ પાંત્રીશ વર્ષ પહેલા એમનાં પુસ્તકો મારા જોવામાં આવ્યા હતાં અને એમની પધ્ધતિને મારી રીતે અમલમાં મૂકવાનો મેં પ્રયત્ન કર્યો હતો. અને એમ કરતાં મને તરત ખ્યાલ આવ્યો હતો કે એમણે જે વિચારો રજુ કરેલા હતા તે તદ્દન નવીન અને ક્રાન્તિકારી હતા, પણ સાથે સાથે તે વિચારો એકદમ સાદા, સીધ્ધા, પધ્ધતિસરના અને અસરકારક પણ જણાયા હતા. થોડા જ વખતમાં એમની શિક્ષણપધ્ધતિની સફળતા તેમ જ શકયતાઓમાં મને શ્રધ્ધા ઉત્પન્ન થવા પામી હતી.

લગભગ તે જ વખતે મેડમ મોન્ટીસરીનો સંદેશો સ્વ. ગિજુભાઇ બધેકા તથા શ્રીમતી તારાબહેન મોડકના સાંભળવામાં આવ્યો. તે પોકાર એટલો જોરદાર બન્યો કે તે બન્ને તરત જ મેડમ મોન્ટીસરીએ દર્શાવેલ માર્ગે બાલશિક્ષણનું કામ શરૂ કરવા પ્રેરાયા. તે બન્નેના તીવ્ર ઉત્સાહ અને વેગવાન પ્રચારના પરિણામે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં નૂતન બાલશિક્ષણનું કોઈ મહાન આંદોલન પેદા થયું. જો આજે આપણાં બાળકોને ઘરમાં તેમ જ શાળામાં વધારે સુખી, પ્રસન્ન અને સ્વતંત્ર દેખતા હોઇએ તો તેનો સર્વ યશ મેડમ મોન્ટીસરીની પ્રેરણાથી કામ કરતી આ બે સેવાભાવી વ્યકિતઓને ફાળે જાય છે. બાલશિક્ષણની આ નવી ચળવળ વધારે વ્યાપક અને પરિણામવાહી બને એ હેતુથી ૧૯૨૬ માં તેમણે "નૂતન બાલશિક્ષણ સંઘ" ની સ્થાપના કરી. આ એ સંઘ છે કે જેના સંયુકત આશ્રય નીચે આ સભાની યોજના કરવામાં આવી છે.

યુરોપ અને અમેરિકા તરફથી એમની આ પધ્ધતિ પર વ્યાખ્યાનો દેવા માટે મેડમ મોન્ટીસરીને આમંત્રણ મળ્યાં હતાં. આપણું પણ એ મહાભાગ્ય હતું કે ડૉ. એરંડેલના આમંત્રણને માન આપીને તેઓ અદિયાર આવ્યાં અને વર્ગો ચલાવ્યા. અને તેઓ હિંદમાં લગભગ એક દાયકો રહ્યાં, તેમ જ કાસ્મીરથી કન્યા-કુમારી સુધી તથા સીલોન અને કરાંચી સુધીના જુદા જુદા પ્રદેશોમાં એમણે વ્યાખ્યાનો દીધાં તેમ જ વર્ગો ચલાવ્યા. અત્યારે દેશભરમાં એમની દ્વારા તાલીમ પામેલા સેંકડો વિદ્યાર્થીઓ હસ્તી ધરાવે છે.

તેઓ આપણા દેશમાં રહ્યાં તે દરમ્યાન એમના જીવંત વ્યકિતત્ત્વ સાથે ખૂબ ગાઢ પરિચયમાં આવવાની મને અનેક તકો મળી હતી. જરાવસ્થામાં પણ તેઓ ખૂબ જ જાગૃત, પ્રવૃત્ત અને સ્વસ્થ હતાં અને હંમેશાં નવી કલ્પનાઓ અને હકીકતોની શોધમાં નિમગ્ન રહેતાં હતાં. તેઓ આનંદી સ્વભાવનાં એક ધર્મપરાયણ વ્યકિત હતાં. તેઓ વિશ્વવ્યાપી દિવ્ય પરમાત્માનું સર્વત્ર અસ્તિત્વ અનુભવતાં હતાં, અને ઇશ્વરે સર્જેલો દરેક માનવી માનવતાના શ્રેય માટે જન્મે છે અને જીવે છે એમ તેઓ માનતાં હતાં. એમની સાથેના ચાલુ સંપર્ક દ્વારા બાલશિક્ષણ અને બાલજીવન પરત્વે એમણે શોધેલ રહસ્યોના ઉંડાણમાં ઉતરવાની મને સારી તક સાંપડી હતી.

બાલપ્રકૃતિને માનસશાસ્ત્રની રીતે સમજવા ઉપર તથા એની જરૂરિયાતોને યથાર્થ રીતે પારખવા ઉપર તેઓ ખૂબ ભાર મૂકતા. તેઓ આપણા ધ્યાન ઉપર એ હકીકત લાવવા માંગતા હતાં કે બાળક કોઇ એક રમકડું નથી, પણ માનવીસમાજમાં ચોકકસ સ્થાન ધરાવતો એવો આવતી કાલનો માનવી (Humanity to be) છે. તેમની પધ્ધતિ વડે બાળકો સંપૂર્ણ વ્યકિતગત વિકાસને પ્રાપ્ત કરી શકે છે, એટલું જ નહિ પણ એક સુગ્રથિત અને પરસ્પરાવલંબી સમાજમાં ભલા પાડોશી અને નાગરિક તરીકે સંવર્ધિત થઈ શકે છે. મારે એમ કહેવું જોઈએ કે દુનિયાની સુલેહશાન્તિ અને સુખમ-યતાની સાધનામાં તેમણે એક ભારે વિધાયક અને વૈજ્ઞાનિક ફાળો આપ્યો છે. દુનિયાની સુલેહશાન્તિ અને સદ્‌ભાવના રાજદ્વારી પુરૂષોની પરિષદમાં પ્રાપ્ત નથી થવાની, પણ બાલમંદિરોમાં જ આવિર્ભાવ પામવાની છે. જો કે મેડમ મોન્ટીસરીની પધ્ધતિ માનસશાસ્ત્રની દ્રષ્ટિએ તદ્દન સાચી છે, એમ છતાં પણ હું પ્રતીતિપૂર્વક જણાવું છું કે તેમણે આપણને જે આપેલ છે તે માત્ર એક સાચી શિક્ષણ પધ્ધતિ આપી છે એટલું જ નહિ પણ વ્યકિતગત જીવનનો તેમજ સામાજિક જીવનનો સમગ્રપણે વિચાર-કરતું એવું એક સમન્વિત જીવનનું આપણને દર્શન કરાવ્યું છે, એક સભર જીવનનો રાજમાર્ગ નિર્માણ કર્યો છે. અને જોકે તેમનો આત્મા કાવ્યથી ભરેલો હતો, છતાં તેમણે આ બધું કોઈ ગૂઢ ભાષામાં કે સહેલાઇથી સમજી ન શકાય એવી અગમનિગમની વાણીમાં કહ્યું નથી. તેઓ જેટલાં તત્વવેત્તા હતાં તેટલાંજ વિજ્ઞાનવેત્તા હતાં. તેમનું નિરૂપણ બુધ્ધિને સંપૂર્ણ રીતે ગ્રાહ્ય બને અને પ્રતીતિ ઉપજાવે તેવું હતું અને એમ છતાં પણ જીવન પ્રત્યેનો તેમનો અભિગમ મુખ્યત્વે કરીને એક કેળવણી-કારનો, જીવનનું શિક્ષણ આપતા એક આચાર્યનો હતો. તેમનો સંદેશ કોઈ એક વર્ગ માટે નથી, અથવા તો કોઇ એક રાજકારણી તત્વવાદ કે આર્થિક વિચારસરણીને આગળ ધરવા માટે નથી. વળી તેમાં કોઇ શૈક્ષણિક વ્યવસાયનો અભિનિવેશ નથી. તે કોઇ દ્રવ્યો-પાર્જક શિક્ષણપધ્ધતિને આગળ ધરતો નથી કે કોઈ ચોકકસ સંસ્કૃતિને અનુલક્ષીને નિર્માણ કરવામાં આવેલ નથી. તે જીવનની કોઇ એક જ બાજુ ઉપર ભાર મૂકતો નથી. તેનો પ્રયત્ન બાળકમાં યોગ્ય ઉમ્મરે હાથ અને સ્નાયુઓની ભિન્ન ભિન્ન શકિતઓને પ્રગટ કરવાનો અને શરીર અને મનની પાયાની ટેવોને ઘડવાનો તેમ જ સાચાં વળણોને પેદા કરવાનો હતો કે જેના પરિણામે કોઇ પણ સંયોગોમાં, કોઇ પણ કક્ષાએ તે જીવનનો સફળતાપૂર્વક સામનો કરી શકે. પાયાની કેળવણીનું આ જ હાર્દ છે.

મેડમ મોન્ટીસરી પોતાના જીવનની છેલ્લી ઘડી સુધી કામ કરી રહ્યાં હતાં. તેઓ કાર્યરત સ્થિતિમાં અવસાન પામ્યાં હતાં, તેઓ સાચા કર્મયોગી હતાં. તેમના કાર્યને વિશેષ ઉત્સાહથી આગળ ધપાવવું એ આપણ સર્વનું કર્તવ્ય છે. આ માટે માબાપોનો અને આખી પ્રજાનો સહકાર અને પરિવર્તન માટે ચિત્તની અનુકુળતા અપેક્ષિત છે. સમસ્ત માનવસમાજે તેમનો શૈક્ષણિક આદર્શ સમજવો જોઈએ, તેની યોગ્ય કદર કરવી જોઇએ.

મને ખાત્રી છે કે 'એસોસીએશન મોન્ટીસરી ઇન્ટરનેશનલ' અને 'નૂતન બાલ શિક્ષણ સંઘ'ના સહકાર વડે મેડમ મોન્ટીસરીની શૈક્ષણિક ફિલસુફી અને પધ્ધતિના પ્રચાર માટે વધારે સારૂં વાતા-વરણ પેદા થશે. અને આજે તો મેડમ મોન્ટીસરીએ તૈયાર કરેલા સેંકડો વિદ્યાર્થીઓ દેશભરમાં પડયા છે. હું આશા રાખું છું કે તેઓ ધર્મપ્રચારકોની માફક કાર્ય કરશે, અને આજે અહિં આ બાલપયગંબરને આપણા દિલની અંજલિ આપવા જેઓ એકત્ર થયા છે તે આપણે સર્વ બાલશિક્ષણના તેમના સંદેશાને આપણા હૃદયમાં સાચી રીતે અને સુદૃઢપણે પ્રતિષ્ઠિત કરીશું.

મેડમ મોન્ટીસરીનું જીવન બાળકને એવી સમગ્ર રીતે સમર્પિત થયું હતું કે જેથી માનવ જાતનો સમ્યગ્ સિધ્ધાન્તોના પાયા ઉપર પુનરૂધ્ધાર થાય. તેમના આત્માનો અંશ આપણામાં અવતરિત થાય એવી અહિં એકત્ર થયેલા આપણ સર્વની ઉંડી આશા અને પ્રાર્થના છે.

**સરલાદેવી સારાભાઈ**

## શ્રી માણેકલાલ મોદીને રૂા. દશ હજારની થેલી

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કૉન્ફરન્સના મદદનીશ મંત્રી શ્રી માણેકલાલ મોદીને કૉન્ફરન્સના કાર્યકર્તાઓ તથા શુભેચ્છકો તરફથી તેમણે આજ સુધી કૉન્ફરન્સની કરેલી એકધારી સેવા બદલ રૂા. ૧૦,૦૦૦ની થેલી મુંબઇના અધિવેશન દરમિયાન અર્પણ કરવામાં આવી છે. આ માટે શ્રી માણેકલાલ મોદીને તેમ જ આવી રીતે કદર કરનાર કાર્યકર્તાઓ તેમજ શુભેચ્છકોને ધન્યવાદ ઘટે છે. શ્રી માણેકલાલ મોદી કૉન્ફરન્સના વર્ષોજુના સેવક છે. કૉન્ફરન્સની ચાલુ કાર્યવાહીની વહીવટી જવાબદારી તેઓ વર્ષોથી વહન કરી રહ્યા છે. તેમની કુશળ દેખરેખ અને દોરવણી નીચે કૉન્ફરન્સનાં અનેક નાનાં મોટાં અધિવેશનો સફળતાપૂર્વક ભરાયાં છે. કૉન્ફરન્સની ચડતી પડતી–ભરતીઓટ–ના તેઓ એક અને અજોડ સાક્ષી છે. કૉન્ફરન્સની તેમણે આજ સુધી એક સરખી નિષ્ઠાથી અને વફાદારીથી નોકરી કરી છે. કૉન્ફરન્સના સૂત્રસંચાલકો વખતો–વખત બદલાતા રહે છે. આ સર્વ સૂત્રસંચાલકોને તેઓ એક–સરખો સંતોષ આપી શકયા છે, કારણ કે કોઇ પણ પક્ષાપક્ષીની વૃત્તિથી કે ખટપટની પ્રવૃત્તિથી દૂર રહીને કૉન્ફરન્સનું શ્રેય કેમ થાય એ એક જ વૃત્તિથી તેમણે સૌ કોઇને કામ આપ્યું છે અને અજાણ્યા નવા સંચાલકોને માર્ગદર્શન કરાવ્યું છે. કોઇ પણ મારવાડીની પેઢીમાં 'મુનીમજી' નું જે સ્થાન હોય છે તે સ્થાન તેમનું કૉન્ફરન્સના ચાલુ સંચાલનમાં રહેલું છે. ફેર માત્ર એટલો જ કે મુનીમજીને એક જ શેઠજીને સંભાળવાના હોય છે, જ્યારે ભાઇ માણેકલાલ મોદી પક્ષે હંમેશાં શેઠજી બદલાતા રહ્યા છે. આવી વિષમ પરિસ્થિતિમાં પણ સૌ કોઇનો એકસરખો વિશ્વાસ સંપાદન કરવો એ કાંઇ નાનીસરખી સિદ્ધિ નથી. કોઇ પણ સંસ્થાની સુરક્ષિતતાનો આધાર તેને ચાલુ વહીવટ ભાળનાર કેવી વ્યકિત મળે છે તેના ઉપર રહે છે. ભાઇ માણેકલાલ કૉન્ફરન્સના નોકર હોવા છતાં નોકરની રીતે તેમણે કદિ કૉન્ફરન્સનો વિચાર કે વ્યવહાર કર્યો નથી. કામના ગમે તેટલા બોજાને પહોંચી વળવામાં તેમણે કદિ પાછી પાની કરી નથી કે રાતદિવસનો વિચાર કર્યો નથી. પોતે ગ્રહસ્થાશ્રમી હોવા છતાં કોઇ દિવસ તેમણે સ્વતઃ પગારવધારો માંગ્યો નથી. કે કોઇ મહત્ત્વાકાંક્ષાની પાછળ કદિ ભટકયા નથી. અન્ય સર્વના રસઉત્સાહમાં ભરતી ઓટ આવતી રહી છે. તેમના કાર્યોત્સાહમાં ભરતી ઓટ આવી કદિ કોઇએ જાણી નથી. કૉન્ફરન્સ જેવી એક નાની સરખી સંસ્થા અને તેનો એક નાનો સરખો વૈતનિક મદદનીશ મંત્રી તેની આટલી લાંબી નોંધ શી એમ કોઇ જરૂર પ્રશ્ન કરે. પણ આવી વ્યકિતઓને જાણવી, ઓળખવી, તેની યોગ્ય કદર કરવી એ ભૂગર્ભમાં રહેલા સાચા માનવીરત્નોની શોધ કરવા બરોબર છે. આવી વ્યકિતઓની કાર્યશકિત વડે જ અનેક સામાજિક સંસ્થાઓ નિભંરપણે ચાલતી હોય છે. બાહ્ય જગતમાં ખ્યાતિ અને નામના પામતા આગેવાન નેતાઓથી સંચાલિત સંસ્થાઓની કાર્યસિધ્ધિના પાયામાં ઘણી વાર આવી વ્યકિતઓની તપશ્ચર્યા અને અડગ કાર્યનિષ્ઠા રહેલી હોય છે. આવા પોતાના એક માણસનું આવી થેલી આપીને બહુમાન કર્યું એ બદલ કૉન્ફરન્સના સંચાલકો અને અનુગામીઓ પણ અભિનંદનના અધિકારી બને છે. કારણ કે આપણે ત્યાં આવી કદરદાની વિરલ છે. થોડાં વર્ષો પહેલાં ઇન્ડિયન મરચન્ટસ ચેંબર એન્ડ બ્યુરોના નિવૃત્ત થતા મંત્રી શ્રી જયસુખલાલ કૃષ્ણલાલ મહેતાને એ સંસ્થાના આગેવાનોએ એક લાખ રૂપિયાની થેલી આપી હતી. આવી જ કદરદાની નાના પાયા ઉપર પોતાની કાર્યવાહી ઉપર હજુ ચાલુ રહેતા શ્રી માણેકલાલ મોદીની કરવામાં આવી છે એ આનંદજક છે. શ્રી માણેકલાલ મોદી પોતાના સુખસ્વાસ્થ્ય વિષે હવે પછી પણ ચિન્તામુકત રહે એવી કૉન્ફરન્સના કાર્યકર્તાઓ કાળજી ધરાવતા રહે અને આ પગલાનું અન્ય સંસ્થાઓના આગેવાન કાર્યકર્તાઓ પણ અનુસરણ કરતા રહે એવી આપણે આશા રાખીએ.

**પરમાનંદ**

## સ્વ. શ્રી જીવરાજ ઓધવજી દોશી

ભાવનગરનિવાસી શ્રી જીવરાજ ઓધવજી દોશીનું ૭૫ વર્ષની ઉમ્મરે તા. ૨૮–૬–૫૨ના રોજ અવસાન થતાં ભાવનગરને એક અગ્રગણ્ય નાગરિક અને જૈન સમાજને એક વિદ્વાન આગેવાનની ખોટ પડી છે. જૈન સમાજની સૌથી જુની અને જાણીતી પ્રકાશન સંસ્થા શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના તેઓ પ્રમુખ હતા અને 'જૈન ધર્મ પ્રકાશ' નામના માસિકનું તેઓ કેટલાક સમયથી સંપાદન કરતા હતા. ભાવનગર જૈન બોર્ડીંગનો તેઓ ઘણાં વર્ષોથી વહીવટ સંભાળતા હતા ભાવનગર પાંજરાપોળના પણ તેઓ કેટલાએક વખતથી પ્રમુખ હતા અને બે કે ત્રણ વર્ષ પહેલાં નાદુરસ્ત તબિયતના કારણે તે જવાબદારીથી મુકત થયા હતા. ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘના તેઓ એક આગેવાન હતા અને સંઘની અનેક પ્રવૃત્તિઓમાં તેઓ સારો ભાગ લેતા હતા.

વિદ્યાર્થી તરીકે તેમની કારકીર્દી ઉજ્જવળ હતી. ૨૦ વર્ષની ઉમ્મર આસપાસ બી. એ. થવા બાદ ભાવનગરની આલફ્રેડ હાઇસ્કુલના એક શિક્ષક તરીકે તેમણે પોતાના વ્યવસાયી જીવનની શરૂઆત કરી હતી. એ વ્યવસાય દરમિયાન તેમણે એલ્. એલ્. બી.ની પરીક્ષા પસાર કરી અને ત્યાર બાદ ભાવનગર રાજ્યના ન્યાય ખાતામાં તેઓ જોડાયા. આ ખાતામાં તેઓ એક પછી એક ઉચ્ચતર અધિકાર પ્રાપ્ત કરતા ગયા અને ત્યાંની હાઇ કોર્ટના સર ન્યાયાધીશ (Chief Judge) ના પદ સુધી પહોંચ્યા. આ સ્થાન ઉપર તેમણે સારી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી અને લગભગ ૬૦ વર્ષની ઉમ્મરે તેઓ નિવૃત્ત થયા હતા.

તેઓ જૈન ધર્મના તેમ જ પાશ્ચાત્ય તત્વજ્ઞાનના સારા અભ્યાસી હતા. જૈન ધર્મ પ્રકાશના સંપાદન કાળ દરમિયાન તેમણે અનેક તાત્ત્વિક અને આધ્યાત્મિક વિષયો ઉપર વિદ્વત્તાપૂર્ણ અને ચિન્તનાત્મક લેખો લખ્યા હતા અને 'કાળ'–'Time' જેવા ગહન વિષયની તેમણે વિસ્તારથી ચર્ચા કરી હતી અને જૈન ફિલસુફીનું આ પ્રશ્ન સંબંધમાં શું દૃષ્ટિબિન્દુ છે તે સમજાવવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો હતો. નિવૃત્ત જીવન તેમણે મોટા ભાગે વાંચન, ચિન્તન તેમ જ અધ્યયન પાછળ ગાળ્યું હતું. તેઓ ધાર્મિક તેમ સામાજિક બાબતોમાં ઉદાર વિચાર ધરાવતા હતા અને સુચારિત્ર્ય અને સૌજન્ય વડે તેમણે ચોતરફ સુવાસ ફેલાવી હતી. તેમનામાં ઉંડી ધર્મશ્રદ્ધા અને ચોકકસ પ્રકારની તત્વનિષ્ટા હતી. તેઓ પોતાની પાછળ પુત્ર-પુત્રીઓનો એક બહોળો સુખી પરિવાર મૂકી ગયા છે.

આ રીતે આપણે જેમના દીર્ઘ જીવનને સફળ અને મૃત્યુને ભાગ્યશાળી લેખીએ એવા શ્રી જીવરાજભાઇના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ !

**પરમાનંદ**

### વિષય સૂચિ


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| શાસ્ત્ર–આજ્ઞાઓનો પાયાનો હેતુ | દલસુખ માલવણિયા | ૩૩ |
| આજની પરિસ્થિતિ અને આપણું કર્તવ્ય | ખીમજી ભુજપુરીઆ | ૩૪ |
| જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સનું સુવર્ણ અધિવેશન | પરમાનંદ | ૩૫ |
| મેડમ મોન્ટેસરીને અંજલી | સરલાદેવી સારાભાઇ | ૩૭ |
| શ્રી માણેકલાલ મોદીને રૂા. દશ હજારની થેલી | પરમાનંદ | ૩૮ |
| સ્વ. શ્રી જીવરાજ ઓધવજી દોશી | પરમાનંદ | ૩૮ |
| સાદડી તથા મુંબઇનાં અધિવેશનમાં પસાર થયેલા પ્રસ્તાવો | | ૩૯ |

# સાદડી તથા મુંબઈનાં અધિવેશનોમાં પસાર થયેલા પ્રસ્તાવો

(મે માસની શરૂઆતમાં સાદડી ખાતે જૈન શ્વે. સ્થા. કૉન્ફરન્સનું બારમું અધિવેશન અને જુનની મધ્યમાં મુંબઈ ખાતે જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સનું ઓગણીસમું સુવર્ણ–જયંતિ અધિવેશન ભરાયું. આ બન્ને અધિવેશનોમાં પસાર કરવામાં આવેલા અગત્યના પ્રસ્તાવો પરસ્પર સરખાવી શકાય એ હેતુથી નીચે અનુક્રમે આપવામાં આવે છે. વળી અમુક વર્ગ યા વિભાગની અદ્યતન માનસભૂમિકાનું તેમ જ તેની આકાંક્ષાઓનું માપ કાઢવામાં તે તે વર્ગ યા વિભાગની પરિષદમાં પસાર કરવામાં આવતા ઠરાવો ઘણી રીતે માર્ગદર્શક બને છે. આ દૃષ્ટિએ આ ઠરાવો જોવા વિચારવા વિનંતિ છે. તંત્રી.)

## શ્વે. સ્થા. કૉન્ફરન્સના અગત્યના ઠરાવો

### વિશ્વવિદ્યાલયોમાં જૈન દર્શન, સાહિત્ય વગેરેને સ્થાન

ભારતીય સંસ્કૃતિમાં જૈન દર્શન, સાહિત્ય, સ્થાપત્ય, પ્રાકૃત અને અર્ધમાગધી ભાષાનું મહત્વપૂર્ણ સ્થાન છે, પરન્તુ એ ખેદનો વિષય છે કે ભારતીય વિશ્વવિદ્યાલયોના પાઠ્યક્રમમાં તેમને યોગ્ય સ્થાન મળેલ નથી; તેથી આજનું આ અધિવેશન ભારત સરકાર તથા બધા વિશ્વવિદ્યાલયોને અનુરોધ કરે છે કે ભારતીય સંસ્કૃતિના સર્વાંગી અધ્યયન માટે ઉપરોક્ત વિષયોના અધ્યયનની પણ તેઓ વ્યવસ્થા કરે.

### મહાવીર જયંતિનો તહેવાર હિંદભરમાં જાહેર તહેવાર તરીકે મંજુર કરો

(૧) ૧૯૪૦ ની સરકારી વસતીગણતરી અનુસાર ભારતમાં જૈનોની સંખ્યા ૬૧ લાખની અંદાજે છે, પરન્તુ વસ્તુતઃ તો ભારતમાં જૈનોની વસતી તેથી ઘણી વધારે હોવાની જૈનોની ત્રણે મુખ્ય સંસ્થાઓની માન્યતા છે. જૈન સમાજ હંમેશા રાષ્ટ્રવાદી રહ્યો છે, એટલું જ નહિ પરન્તુ આઝાદીની લડતમાં પણ હંમેશા આગળ રહ્યો છે. આઝાદી મળ્યા બાદ પણ જૈનોએ કદી વિશિષ્ટાધિકારોની માગણી કરી નથી, એટલુંજ નહિ પરંતુ અલગ અધિકારોની લડત સામે પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો છે; જૈન સમાજ ભારત સરકાર સમક્ષ માત્ર એટલી જ માગણી કરે છે કે જે અહિંસક શસ્ત્ર દ્વારા આઝાદી પ્રાપ્ત થઈ છે તે અહિંસાના પ્રવર્તક ભગવાન મહાવીરના જન્મદિન ચૈત્ર શુદ ૧૩ને હિંદભરમાં જાહેર તહેવાર તરીકે માન્ય કરવામાં આવે.

(૨) આ અધિવેશન જૈન સમાજને પણ સાગ્રહ અનુરોધ કરે છે કે તેઓ મહાવીર જયંતિ દિને પોતપોતાના વેપાર આદિ કામકાજ બંધ રાખે.

(૩) મુંબઈ સરકાર રાજસ્થાન સરકાર અને અન્ય જે જે પ્રાંતિક સરકારોએ "મહાવીર જયંતિ દિન" જાહેર તહેવાર તરીકે મંજુર કરેલ છે તેમનો આ અધિવેશન આભાર માને છે.

### કૉન્ફરન્સ પ્રકાશિત ધાર્મિક પાઠ્યપુસ્તકો શાળાઓમાં દાખલ કરો

સ્થાનકવાસી જૈન સમાજની ધાર્મિક તેમ જ વ્યવહારિક શિક્ષણ શાળાઓમાં વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવા માટે કૉન્ફરન્સે વિદ્વત સમિતિના સહકાર વડે અંગ્રેજી ધોરણ એકથી મેટ્રીક સુધીના ધોરણ માટે જે પાઠ્યપુસ્કો તૈયાર કર્યા છે, તેમાંથી ચાર ભાગ ગુજરાતીમાં અને પાંચ ભાગ હિન્દીમાં પ્રગટ થઈ ગયેલ છે; આ કાર્ય પ્રતિ આ અધિવેશન સંતોષ પ્રગટ કરે છે અને સમગ્ર હિન્દની પ્રત્યેક જૈનશાળાઓ, પાઠશાળાઓ વ્યવહારિક શાળાઓને અને શ્રી સંઘના સંચાલકોને અનુરોધ કરે છે કે તેઓ આ પાઠ્યપુસ્તકોને સર્વે શિક્ષણ શાળાઓમાં પાઠ્યક્રમ તરીકે મંજુર કરે.

### પશુ–પક્ષીઓની નિકાસ અટકાવો

પશુ–પક્ષીઓની નિકાસ અન્ય દેશોમાં વેક્સીનેશન તેમજ અન્ય પ્રયોગો માટે થઇ રહેલ છે તે તથા પ્રાન્તિક સરકારો દ્વારા સમય સમય પર વાંદરાઓ, આદિ મૂક પ્રાણીઓ મારવાના જે હુકમો કાઢવામાં આવેલ છે તે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની માન્યતા, અહિંસાના સિધ્ધાન્તો તથા રાષ્ટ્રીય સરકારની શાનની વિરૂદ્ધ છે; તેથી કૉન્ફરન્સનું આ બારમું અધિવેશન ભારત સરકારને અનુરોધ કરે છે કે આ નિકાસ જલ્દીમાં જલ્દી રોકવામાં આવે તેમજ વાંદરાઓ, આદિ મારવાના હુકમો જે પ્રાંતમાં હજુ ચાલુ છે તે હુકમો ત્યાંની પ્રાન્તિક સરકારો પાછા ખેંચી લે. દેવદેવીઓ નિમિત્તે જે લાખો પશુઓનો વધ થાય છે તે વધ બંધ કરવાનો પણ આ અધિવેશન રાષ્ટ્રીય સરકાર તેમજ પ્રાંતિક સરકારોને અનુરોધ કરે છે.

### જૈનોના વિવિધ ફિરકાઓ વચ્ચે એકતા કેળવો

ભારતની બિનસામ્પ્રદાયિક વર્તમાન રાજનીતિને લક્ષમાં લેતાં, જૈન સમાજના સર્વ ફિરકાઓની એકતા આજે સમગ્ર જૈન સમાજના સામુદાયિક હિત માટે અત્યંત આવશ્યક છે. જૈન સમાજના સર્વ ફિરકાઓમાં મુખ્યતઃ ક્રિયાભેદ સિવાય કોઇ ખાસ મતભેદ નથી; આ દૃષ્ટિયે સામ્પ્રદાયિક મતભેદોને બાજુયે રાખીને, જૈન સમાજે સર્વગ્રાહી પ્રશ્નોમાં સાથે રહીને કાર્ય કરવું જોઇએ એમ આ અધિવેશન માને છે. તેથી જ્યારે જ્યારે સમગ્ર જૈન સમાજને સ્પર્શતા પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે ત્યારે જૈન સમાજના સર્વે ફિરકાઓને, હિંદભરના શ્રી સંઘોનો સહકાર લઇને કાર્ય કરવાનો આ અધિવેશન અનુરોધ કરે છે.

સર્વ મુનિરાજોને પણ આ અધિવેશન વિનંતિ કરે છે કે સર્વ સંપ્રદાયોની એકતા વધે તેવા પ્રયત્નો તેઓ પણ કરે.

### ઉપયોગી અને દુધ દેતાં પશુઓની કતલ અટકાવો

આ કૉન્ફરન્સ ભારતની વર્તમાન રાષ્ટ્રીય સરકાર પ્રતિ આદર અને શ્રદ્ધાની દૃષ્ટિયે જુએ છે; કેમ કે આપણી સરકાર અહિંસાના પરમ ઉદ્ધારક ભગવાન મહાવીર પ્રરૂપિત સિદ્ધાન્તને તેમજ મહાત્મા ગાંધીજીની અહિંસાની નીતિને અનુસરી રહેલ છે; તેમની આ નીતિ અનુસાર આ અધિવેશન મધ્યસ્થ સરકારને અનુરોધ કરે છે કે,

(અ) ભારતવર્ષમાં ગોવધ અને દુધ દેતા પશુઓની તેમજ માદા પશુઓની કતલ રોકવાને માટે ખાસ કાનૂન બનાવવામાં આવે.

(બ) કૃષિ ઉદ્યોગની કહેવાતી રક્ષાને નામે પ્રાંતિક સરકારો વાંદરાઓ. રોઝ, હરણ, હાથી, વગેરે પ્રાણીઓની હિંસા કરવા માટે કાયદાઓ બનાવી રહેલ છે તેને તેમજ પ્રાંતિક સરકારોએ જયાં જયાં માછલીઓ મારવાનો આદેશ આપેલ છે તેને ત્વરિત રોકવામાં આવે;

આ અધિવેશન સ્પષ્ટરૂપે માને છે કે આ જાતની હિંસા રોકવાથી, જે અહિંસાના સિદ્ધાન્તો દ્વારા આઝાદી મળી છે, તે સત્ય અને અહિંસાના સિદ્ધાન્તોનો પ્રચાર થશે અને રાષ્ટ્રનું એકાન્તતઃ હિત જ થશે, એટલુંજ નહિ પરન્તુ સત્ય, અહિંસા અને ગોરક્ષાના પ્રેમી ભારતવાસીઓને આથી સંતોષ થશે અને પરિણામે જનતાની રાષ્ટ્રીય સરકાર પ્રતિની શ્રધ્ધામાં વિશેષ વૃધ્ધિ થશે.

### સાધુ સંમેલનની અજોડ કાર્યવાહી

(અ) કૉન્ફરન્સ તરફથી શરૂ કરવામાં આવેલ સંઘ–ઐક્ય યોજના–જે પાછલા ત્રણ વર્ષથી ચાલી રહેલ છે અને જેને સફળ બનાવવા માટે કૉન્ફરન્સ અને સાધુ સંમેલન નિયોજક સમિતિએ સતત અવિશ્રાંત પ્રયત્ન કર્યો છે અને મોટા ભાગના

પૂ. મુનિરાજોએ હાર્દિક સહકાર આપેલ છે; એટલું જ નહિ પરન્તુ સખ્ત ગરમીમાં પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા વિના દૂર દૂરથી ઉગ્ર વિહાર કરીને બૃહદ્ સાધુ સંમેલન–સાદડીમાં પધારીને, સામ્પ્રદાયિક મતભેદો દૂર કરીને; પ્રેમપૂર્વક સંગઠિત થઈને, સ્થાનકવાસી જૈન સમાજ અને ધર્મના ઉત્કર્ષ માટે એક આચાર્ય અને એક સમાચારીની સુદૃઢ અને સંગીન યોજના બનાવીને, 'શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રમણ સંઘ'ની સ્થાપના કરી છે તે માટે સર્વ મુનિરાજો પ્રતિ આ અધિવેશન સંપૂર્ણ શ્રધ્ધા અને આદર પ્રદર્શિત કરે છે અને બહુમાનની દૃષ્ટિયે જુએ છે. ભગવાન મહાવીરના શાસનમાં બૃહદ્ સાધુ સંમેલન એક અદ્વિતિય અને અભૂતપૂર્વ ઘટના છે– જે જૈન શાસનના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે ચિરઃસ્મરણીય સ્થાન પ્રાપ્ત કરે છે.

(બ) શ્રી બૃહદ્ સાધુ સંમેલન–સાદડીમાં થયેલ કાર્યવાહીનું આ અખિલ ભારતવર્ષીય શ્રી શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સનું બારમું અધિવેશન હાર્દિક અનુમોદન કરે છે અને સમેલનના પ્રસ્તાવોના પાલનમાં શ્રાવકોચિત સર્વાંગી અને હાર્દિક સહકાર દૃઢતાપૂર્વક આપવાની પોતાની સર્વ પ્રકારની જવાબદારી સ્વીકારે છે; તે માટે હિન્દભરના સર્વ સ્થાનકવાસી જૈન સંઘોને આ અધિવેશન અનુરોધ કરે છે કે સાધુ સંમેલનના પ્રત્યેક પ્રસ્તાવોનું પૂર્ણ પાલન કરાવવા માટે સૌ પોતાની જવાબદારીપૂર્વક સક્રિય કાર્ય કરે.

(ક) જે જે સમ્પ્રદાય અને મુનિરાજોના પ્રતિનિધિઓ સાદડી સાધુ સંમેલનમાં એક યા બીજા કારણે પધારી શકેલ નથી તેઓને આ અધિવેશન સાગ્રહ અનુરોધ કરે છે કે તેઓ શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રમણ સંઘમાં એક વર્ષમાં સામેલ થઇ જાય; તેમાં જ તેમનું અને સ્થા. જૈન સમાજનું ગૌરવ છે.

(ડ) આ અધિવેશન ભારપૂર્વક ઘોષણા કરે છે કે સમસ્ત હિંદના વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રમણ સંઘના સંગઠનમાં, જે સાધુ સાધ્વીજીઓ એક વર્ષમાં સામેલ નહિ થાય તેઓને માટે કોન્ફરન્સને ગંભીર વિચાર કરવાનો રહેશે.

સને ૧૯૩૩માં અજમેર સંમેલનમાં આરંભાયેલું કાર્ય આજે સફળ થઇ રહેલ છે, તેથી આ અધિવેશન હાર્દિક સંતોષ પ્રગટ કરે છે.

## શ્વે. મૂ. કૉન્ફરન્સના અગત્યના ઠરાવો

### ધાર્મિક શિક્ષણ

(અ) સુસંસ્કાર અને સચ્ચારિત્રની વૃધ્ધિ માટે ધાર્મિક શિક્ષણ અતિ અગત્યનું હોઇ આ અધિવેશન સમગ્ર જૈન સમાજને ભલામણ કરે છે કે પોતાના પરિવારને ધાર્મિક શિક્ષણ આપવા માટે પૂરતો પ્રયાસ કરવો. શિક્ષણ સંસ્થાઓને આગ્રહ કરે છે કે વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ યોગ્ય સ્વરૂપમાં મળી રહે, તેવો પ્રબન્ધ કરવો, તથા પ્રકાશનસંસ્થાઓને વિજ્ઞપ્તિ કરે છે કે જનતાની ધાર્મિક ભાવના વધે તેવું સાહિત્ય, સરળ, રૂચિકર અને તુલનાત્મક શૈલીમાં આકર્ષક ઢબે બહાર પાડવું.

(આ) ધાર્મિક શિક્ષણના અભ્યાસક્રમનું પુનરાવલોકન કરવાની તથા તે પ્રમાણે પાઠ્ય પુસ્તકો યોજવાની જરૂર હોઇ આ અધિવેશન શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડને તે દિશામાં ઘટતી પ્રયાસો કરવાની ભલામણ કરે છે.

### વ્યવહારિક શિક્ષણ

(અ) આ અધિવેશન જ્ઞાનદાનના અપૂર્વ મહીમા તરફ સમાજનું લક્ષ ખેંચે છે અને એવો અભિપ્રાય ધરાવે છે કે શિક્ષણનું કાર્ય કરતી જૈન સંસ્થાઓએ હુન્નર ઉદ્યોગ આદિ દ્વારા બને તેટલા સ્વાશ્રયી થવાનો પ્રયત્ન કરવો જોઇએ. વિદ્યાર્થીઓને નીતિમય, ઔદ્યોગિક જીવન તથા શારીરિક શ્રમનું મહત્વ સમજાવવું જોઇએ. તથા તેઓ તંદુરસ્ત, ખડતલ, સ્વાશ્રયી અને સંસ્કારી થાય તે જાતનો શિક્ષણક્રમ યોજવો જોઇએ.

(આ) જૈન શિક્ષણ સંસ્થાઓના પરસ્પર સહકાર, સંગઠન અને સંપર્કના હેતુથી આ સંસ્થાઓનું સંમેલન ભરાય તે માટે સ્થાયી સમિતિ પ્રયત્ન કરશે એવી આ અધિવેશન આશા રાખે છે.

### શ્રાવક–શ્રાવિકા ક્ષેત્રનો ઉત્કર્ષ

શ્રાવક–શ્રાવિકા ક્ષેત્રના ઉત્કર્ષ માટે ફાલના તથા જુનાગઢ અધિવેશનમાં થયેલ ઠરાવ અનુસાર કૉન્ફરંસે જે પ્રવૃત્તિ અને પ્રયાસ કર્યા છે તેની આ અધિવેશન નોંધ લે છે અને તે ઠરાવને વધુ અમલી બનાવવા માટે નીચે પ્રમાણે કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરે છે.

(અ) જૈન સમાજે પ્રાપ્ત થતાં પ્રસંગોએ ખર્ચમાં કરકસર કરી બચતનો ઉપયોગ સાધર્મિક ભાઇઓના ઉત્કર્ષ માટે કરવો.

(બ) શ્રીમંતો અને સાધનસંપન્નોએ શક્તિ પ્રમાણે સાધર્મિક ભાઈઓના ઉત્કર્ષ માટેના કૉન્ફરંસે ઉભા કરેલા ફંડમાં ઉદારપણે ફાળો આપવો અને તેમને ઉદ્યોગ–ધંધે લગાડવા તરફ લક્ષ આપવું.

(ક) સ્થાયી સમિતિએ વર્ષ દરમીયાન ઓછામાં ઓછા રૂા. ૨૫/– અને વધુ ઇચ્છા મુજબ આપે તેવા ઓછામાં ઓછા એક હજાર દાતાઓ નોંધવા.

### રાજકારણ અને જૈનો

આ અધિવેશન રાષ્ટ્રોન્નતિના કાર્યમાં વધુ ભાગ લેવા જૈન સમાજને અનુરોધ કરે છે અને મધ્યસ્થ સરકાર, પ્રાદેશિક સરકારો અને બીજી સરકારી અને અર્ધ સરકારી સંસ્થાઓમાં દાખલ થઇ રાષ્ટ્ર હિતના કાર્યમાં યથાશક્તિ સેવા આપવા ભલામણ કરે છે.

### સંસ્કૃતિ રક્ષણ

(૧) ભારતવર્ષની વિદ્યાપીઠોમાં પ્રાકૃત તથા અર્ધમાગધી ભાષાનું અધ્યયન ઉચિત સ્થાન પામે,

(૨) જૈન સ્થાપત્ય અને મૂર્તિના અવશેષો જૈન સમાજને મળે.

(૩) જુદા જુદા ભંડારોમાં રહેલા જૈન સાહિત્યની વ્યવસ્થિત યાદી થાય તે માટે તથા

(૪) પાઠ્ય પુસ્તકો તથા સાહિત્યમાં જૈન ધર્મની હકિકતો સાચા સ્વરૂપે રજુ થાય તે અંગે વ્યવસ્થિત પ્રયત્નો કરવા આ અધિવેશન જૈન સમાજનું ધ્યાન ખેંચે છે.

### પુનર્ઘોષણા

જૈન ધર્મ અને સંસ્કૃતિને અપનાવનાર કોઇ પણ દેશ, વર્ણ કે જ્ઞાતિની વ્યક્તિને જૈન ગણવાની અને તેને જૈન તરીકેના હકકો આપવાની આ અધિવેશન પુનર્ઘોષણા કરે છે.

### જૈન સમાજની એકતા

જૈન સમાજના બધા ફિરકાઓ વચ્ચે ભ્રાતૃભાવ અને નિકટતા કેળવવા તેમજ સર્વસામાન્ય પ્રશ્નો વિષે સહકારથી કાર્ય કરવા આ અધિવેશન જૈન સમાજને અનુરોધ કરે છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩
મુદ્રણસ્થાન; શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬.

# પ્રબુદ્ધ જૈન

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪
અંક : ૬

મુંબઇ : ૧૫ જુલાઈ ૧૯૫૨ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## સર્વોદયી ફૂલિયા

ગયે મહિને હું રાજસ્થાનમાં ગાયની ઓલાદ સુધારવા માટે સાંઢને લાયક થોડા વાછરડા ખરીદવા માટે હરિયાના ગયો હતો. ત્યાંથી અમે ચાર જણ નીકળ્યા હતા પણ એક બે દિવસ પછી મેં સાથીઓને પાછા મોકલી દીધા. આટલા માણસોનો સમય અને પૈસા ખરચવાની જરૂર મને ન લાગી. એટલે રોહતક જિલ્લામાં ગામડાંઓમાં એકલા જ ફરવા માટે લાલા હરદયાળજી પાસેથી કેટલાક પરિચય પત્રો લીધા. એક ગામથી બીજે ગામ જતી વખતે ત્યાંથી પછીથી જવાના ગામના લોકોનાં નામ તથા સરનામાં પૂછી લેતો અને તેમની મદદથી ત્યાં વાછરડા જોતો. મેં જોયું કે આજે પણ હરિયાનાના ખેડૂતો જેટલાં પશુ રાખે છે એટલાં બહુ સારી રીતે રાખે છે. પરંતુ ધીમે ધીમે તેઓ પણ ભેંસ તરફ ઢળતા જાય છે. વાછરડીઓ તથા સારા સાંઢ પાળવા તરફ જેટલું જોઇએ તેટલું તેમનું ધ્યાન નથી. આથી હરિયાનાની ઓલાદ પણ ધીમે ધીમે નષ્ટ થતી જાય છે. આજે પણ ત્યાં સારી ગાય કે સાંઢ માટે સારા વાછરડા મળવા મુશ્કેલ છે. આમનું આમ જો ચાલતું રહ્યું અને સરકાર તથા ગોસેવકો આ તરફ જલદી ધ્યાન ન આપે તો હિંદની એક બધી રીતે ઉત્તમ ઓલાદ નાશ પામશે.

હું જે ગામમાં જતો તે ગામની સ્થિતિનો થોડો પરિચય પણ કરી લેતો. એ ગામમાં હિંદુ મુસલમાનના સંબંધ કેવા છે, હરિજન સાથે કેવો સંબંધ છે, ખાદી પહેરનારા કેટલા છે, ત્યાંની આર્થિક સ્થિતિ કેવી છે, સાર્વજનિક કામોમાં લોકો કેવો સહકાર આપે છે વગેરે મુખ્ય મુખ્ય બાબતો જાણી લેતો. ત્યાં ગામડાંઓમાં તો મુસલમાનો લગભગ રહ્યા જ નથી.

હું એક ગામથી બીજે ગામ જઇ રહ્યો હતો. રસ્તામાં પાસેના જ ગામના એક ભાઈ મળી ગયા. તે પણ એ જ ગામ જતા હતા. ગામમાં પેઠા ત્યારે આખુંયે ગામ ઉજ્જડ થઇ ગયેલું દેખાયું. માત્ર હિંદુઓનાં બેચાર ઘરો હતાં. મેં પેલા ભાઇને પૂછ્યુ: 'આ ગામ ઉજ્જડ શાથી થઇ ગયું?' તેમણે કહ્યું : 'અહીં લગભગ ત્રણસો મુસલમાનોના ઘર હતાં. એ બધા હિંદુ-મુસલમાનના ઝઘડામાં નાસી ગયા. બધા બહુ સારા માણસો હતા. અને અમારો પરસ્પર ઘણો સારો સંબંધ હતો. તેઓ બહુ ઉદાર અને સેવાભાવી હતા. રાત્રે કોઇ મુસાફર આવતો તો તેઓ તેની સારી પેઠે ખાતરબરદાસ કરતા, પછી તે હિંદુ હોય કે મુસલમાન. હિંદુ મહેમાનો માટે તો તેમણે ખાસ વ્યવસ્થા રાખી હતી. હું જ્યારે પણ આ ગામમાં આવતો ત્યારે ચારે બાજુથી અવાજ આવતો, 'પંડિતજી સલામ! પંડિતજી સલામ! આવો બેસો.' અને મારું હૃદય પ્રેમથી ભરાઇ આવતું. આજે મને આ શેરીઓ જોઇને ભારે વેદના થાય છે. સાચે જ, એ ઉજ્જડ થઇ ગયેલા ગામને જોઇને પથ્થરના હૃદયવાળા માણસને પણ રડવું આવ્યા વિના નહીં રહે. આવી કમનસીબ ઘટનાઓ, ભગવાન જાણે, હિંદ અને પાકિસ્તાનમાં કેટલી બનવા પામી હશે? અને કેટલાયે નિર્દોષ માણસો ઘરબાર વિનાના અને હંમેશને માટે એકબીજાથી અલગ થઇ ગયા હશે. આવે ભયંકર પ્રસંગે પણ જે લોકો પોતાની હિંમત ટકાવી રાખી શકયા તેમને ધન્ય છે. કેટલાયે તોફાનો આવ્યાં, છતાં હિંદુ મુસલમાનોમાં એવા અનેક ભાઇઓ પડયા છે, જેમણે આવી બૂરી પરિસ્થિતિમાંયે એકબીજા પ્રત્યેની વફાદારી ટકાવી રાખી. અને ભલે તેમને કોઇ ન જાણે, પણ તેમની નિષ્ઠા ભારે સેવા કરી રહી છે. એવો એક આત્મનિષ્ઠ સેવક મને આ પ્રવાસમાં મળ્યો, જેના પરિચયથી મને ઘણો આનંદ થયો. हरीजन પત્રોના વાચકોને આ આનંદના ભાગીદાર બનાવવા તથા એ ભાઇનો પરિચય કરાવવાના લોભથી આ પ્રસંગ લખ્યા વિના હું રહી શકતો નથી.

હરિયાનામાં જ્યાં પ્રસિદ્ધ બળદોનું હાટ ભરાય છે તે જહાજગઢની પાસે જ મારોથ ગામ છે. આગલે ગામથી એક ભાઇનું નામ પૂછીને હું મારોથ પહોંચ્યો. હું કોંગ્રેસીઓને ત્યાં જ કે ખાદીવાળાઓને ત્યાં જ જતો એવું નથી, પણ સામાન્ય રીતે એમ જ બનતું. જે ભાઈ પાસે ગયો તે કોંગ્રેસના કાર્યકર્તા હતા. પ્રથમ તો મેં તેમને ગામમાં વાછરડા વગેરે વિષે પૂછ્યું અને પછી તેમની સાથે ગામમાં ફરીને વાછરડા જોયા. પછી મેં તેમને પૂછ્યું, આ ગામમાં કેટલા ખાદીધારી છે? તેમણે કહ્યું, 'ત્રણ'. ગામની સ્થિતિ વિષે બીજી વાતો પણ થઇ, ભોજન માટે હું તેમને ત્યાં જતો હતો ત્યારે રસ્તામાં એક ઘરમાં ચણતરકામ ચાલતું હતું. ત્યાં જે કડિયો કામ કરી રહ્યો હતો તેમનો મારી સાથેના ભાઈએ મને પરિચય કરાવ્યો. મને કહ્યું : 'અમારા ત્રણ ખાદીધારીઓ પૈકીના આ એક છે.' એ વાતમાં મેં ઝાઝો રસ ન લીધો. વાત સાંભળી લીધી અને તેમને ઘેર ભોજન માટે ગયો. ભોજન કરીને હું પરવાર્યો અને એ ભાઈને પણ કામમાંથી રજા મળી એટલે તે મારી પાસે આવ્યા. ત્રીજા ભાઈ પણ આવી ગયા હતા. ત્રણે સાથે થોડી ચર્ચા થઇ. જે ભાઈને ત્યાં હું ઉતર્યો હતો તેમણે આ મકાન ચણનાર ભાઇના જીવન વિષે મને વિગતે વાત કરી. તેમણે કહ્યું: 'એમનું નામ ફૂલિયા છે. ન્યાતે કુંભાર છે. પણ બીજાં કેટલાંક કામ પણ તેમને આવડે છે. ભારે નિષ્ઠાવાન ખાદીભક્ત છે. તેમના ઘરમાં બધાં ખાદી પહેરે છે, છાપું પણ મંગાવે છે,' આટલે સુધીની વાતમાં પણ મને ફૂલિયા તરફ કશું ખાસ આકર્ષણ ન થયું. 'કયું છાપું મંગાવો છો?' મેં તેમને પૂછ્યું. હું માનતો હતો કે કોઇ સામાન્ય છાપું સમાચાર જાણવા માટે મંગાવતા હશે. તેમણે જવાબ આપ્યો, 'हरीजन सेवक મંગાવું છું.' હું એકદમ ચોંકયો. કેમ કે ત્યાં કોઈ हरीजन सेवक વાંચનાર હશે એની મને કલ્પના પણ નહોતી. ફૂલિયાએ કહ્યું: 'આજકાલ તો વિનોબાજીની હૈદરાબાદની પગપાળી યાત્રાનું બહુજ સુંદર વર્ણન આવે છે.' ત્યારે

ફૂલિયાના જીવનમાં ઉંડા ઉતરવાની મને સહેજ ઇચ્છા થઇ. મેં પૂછયું : 'તમે નિયમિત **હરીજન સેવક** વાંચો છો ?' તેમણે કહ્યું: 'હું પોતે તો વાંચી શકતો નથી પણ મારા દીકરા પાસે વંચાવીને સાંભળું છું. હું ભણ્યો નથી.' આ સાંભળીને મને આનંદ થયો અને ભારે અચંબો પણ થયો અને લાગ્યું કે આ કોઇ અસામાન્ય માણસ હોવો જોઇએ. પોતે વાંચી શકતો ન હોવા છતાં સાંભળવા માટે **હરીજન સેવક** મંગાવે છે. તેમણે આગળ કહ્યું: 'આમ મેં વાંચતાં શિખવાનો પ્રયત્ન તો કર્યો છે અને થોડું વાંચી પણ લઉં છું પણ વાંચતી વખતે મારી આંખમાંથી પાણી નીકળે છે. આથી વાંચવાનું કામ બહુ આગળ ન ચાલ્યું. હા, મજુરીના કામમાં કદી પણ થાકતો નથી. આમ તો હું કુંભાર છું પણ કડિયાનું કામ પણ કરી શકું છું. વણાટકામ કરું છું, કાંતવા પીંજવાનું જાણું છું અને ખેતીનું કામ પણ કરૂં છું. પહેલાં સંવત '૯૫ અને '૯૭ માં મોટા દુકાળ પડયા હતાં. એ વખતે બે ત્રણ માણસો સાથે ભાગમાં નાનો કોસ બનોવીને બળદની જગ્યાએ માણસોથી પાણી ખેંચીને અને જમીન ખોદીને ખેતી કરી હતી. એમાં એક વાર પચાસ મણ અને બીજી વાર પંચાવન મણ જવ પાકયા હતા. એથી અમારો દુકાળ ટળી ગયો. જ્યારે બીજું કામ નથી હોતું ત્યારે બેસીને વણાટકામ કરૂં છું. છોકરાઓ તથા પત્નીને કાંતવા પીંજવાનું શીખવી દીધું છે. મેં નિશ્ચય કર્યો છે કે મારા ઘરમાં મિલનો એક તાંતણો પણ ન પેસી શકે. દૂધ માટે હું ગાય રાખું છું. મરતી વખતે મારાં છોકરાઓને કહેતો જઇશ કે ઘરમાં મિલનું કપડું તથા ભેંસનો પ્રવેશ ન થવો જોઇએ. વાણસો પણ માણસના જીવનને માટે ઉપયોગનાં હોય તે જ બનાવું છું. માટીના હુક્કા, ચલમો, મિજબાનીઓમાં ઉપયોગમાં આવતાં શકોરાં પણ નથી બનાવતો. કેમ કે, એ વાસણોને હું નુકસાનકારક અને બિનજરૂરી માનું છું. એથી ગામના લોકો મારા પર નારાજ પણ છે. આથી મારો કુંભારનો ધંધો તૂટી ગયો. પાણી પીવાનાં માટલાં, દૂધ દોહવાનાં અને જમાવવાનાં વાસણ, શાક માટેની હાંડી, અનાજ રાખવાનાં વાસણ, જાનવરોને અનાજ ખવડાવવાની અને પાણી પાવાની કૂંડી—આવાં માણસ અને પશુઓનાં ઉપયોગી વાસણો જ હું બનાવું છું.'

'દિલ્હી જઇને મેં એ વખત મહાત્માજીનું ભાષણ સાંભળ્યું હતું. એમાં તેમણે કહ્યું હતું કે ગાયની રક્ષાથી જ ભેંસની રક્ષા થઈ શકે છે. બીજી વાત તેમણે એ કહી હતી કે આપણી વચ્ચે રહેતા થોડા મુસલમાનોને મારી કાઢવામાં બહાદુરી નથી પણ કાયરતા છે. મને તેમની બંને વાતો પસંદ પડી. પંજાબમાં જ્યારે હિંદુ-મુસલમાન વચ્ચેના ઝઘડાનું ગાંડપણ વ્યાપ્યું હતું ત્યારે લગભગ બધા જ લોકો વિવેક ખોઇ બેઠા હતા. એ દિવસોમાં ગામેગામ હિંદુ-મુસલમાન ઝઘડાનાં ભારે તોફાનો ચાલી રહ્યાં હતાં. એક દિવસ તેની આંધી અહીં પણ આવી. એના નેતા મારા આર્યસમાજી દીક્ષાગુરુ હતા. આ પ્રદેશમાં તેઓ એક મોટા વિદ્વાન અને ત્યાગી ગણાય છે. તેઓ એક વિદ્યાલયના આચાર્ય છે. તેમના પ્રત્યે મને ઘણી ભકિત અને શ્રદ્ધા હતી. તેમણે કહ્યું : 'ફૂલિયા, ચાલ ઉભો થા. અમારી સાથે ચાલ.' તેમના હાથમાં બંદૂક જોઇને હું કંપી ઉઠયો. મેં કહ્યું : 'મહારાજ, મારાથી મનુષ્યને મારવાનું કામ નહીં થાય. એને હું ધર્મ નહીં પણ અધર્મ માનું છું. ગાંધીજીએ કહ્યું છે કે આપણી વચ્ચે રહેતા થોડા મુસલમાનોને મારવા એ કાયરતા છે. અને જો આપને મુસલમાનો સાથે લડવું જ હોય તો પાકિસ્તાનમાં જઈને લડો.' તેઓ તથા બીજા લોકો મારા પર ક્રોધે ભરાયા અને બોલ્યા : 'ઠીક, મુસલમાનોની સાથે તને પણ મોતને ઘાટે ઉતારીશું.' મેં કહ્યું : 'મારા ઘરમાં સાત જીવ છીએ. અમે ધણીધણિયાણી, ત્રણ છોકરા, એક ગાય અને તેનું વાછરડુ. તમે અમને સાતેને એકી વખતે મોતને ઘાટે ઉતારો તો બહુ સારૂં ! પણ હું માણસને મારવાના કામમાં હરગિજ ભાગ નહીં લઉં.' તેઓ ઉશ્કેરાઈ ગયા અને, ઠીક, તને પછીથી જોઇ લઈશું.' એમ કહીને ચાલ્યા ગયા. એ જ ઝઘડામાં ગુરકુળનો એક વિદ્યાર્થી મુસલમાનની ગોળીથી માર્યો ગયો. તેના અગ્નિસંસ્કાર કરવા માટે પ્રત્યેક ઘરથી પાશેર ઘી અને એક રૂપિયો ઉઘરાવવાની વાત આવી. મારી પાસેથી પણ એની માગણી કરવામાં આવી. મેં સાફ ના પાડી દીધી. કેમ કે, તે બીજાઓને મારવાને ગયો હતો. એ બીજાઓએ તેને મારી નાખ્યો. એવાં કામમાં હું ભાગ ન લઇ શકું. એ માટે પણ ઘણા લોકોએ મને ભાલા દેખાડયા. પણ મેં તો નિશ્ચય કરી લીધો હતો કે પ્રાણ જાય તોયે એ કામમાં ભાગ નહીં લઉં.''

સાચે જ, એ આપસઆપસના મત્સરમાં સારા સારા લોકો ફસાઇ પડયા. જેમને ભગવાને બચાવ્યા, તેઓ જ એ બૂરા વખતમાં બચી શકયા. નહીં તો કયાં ગધેડાં ચારનાર ફૂલિયા અને કયાં વેદોના જાણનાર અને ઉચ્ચ કોટિના ત્યાગી હિંસા માટે ઉશ્કેરનાર ફૂલિયાના ગુરુ? દૈવયોગે, ફૂલિયાને મળ્યા પહેલાં જ મારે તેમને મળવાનું થયું હતું અને તેમના એ રૂપની થોડી ઝાંખી મને પણ થઇ ચૂકી હતી. આથી ફૂલિયાની વાત આપોઆપ મારે ગળે ઉતરી ગઇ. સારા ગુણો કંઇ વિદ્વત્તા પર આધાર રાખતા નથી. પણ મોટા મોટા ત્યાગીઓ પણ ઉપરથી જોતાં સાધારણ દેખાતા માણસના મુકાબલામાં પામર પુરવાર થાય છે. ફૂલિયા તથા ફૂલિયાના આચાર્ય ગુરુનું આ જ્વલંત ઉદાહરણ છે.

ફૂલિયાએ આગળ કહ્યું: હું ૭ વરસનો હતો. મારી એક મોટી બહેન હતી. એ વખતે સંવત '૭૫ની બીમારીમાં મારાં માતાપિતા મરી ગયાં હતાં. એ વખતે હું ગધેડાં ચારવાનું કામ કરતો હતો. મારા કાકાને ત્યાં હું રહેતો હતો. કાકાએ મારી સાથે બહુ સારો વર્તાવ ન રાખ્યો. આથી હું પોતે મજૂરી કરવા લાગ્યો. મજૂરી કરીને મેં પહેલાં બહેનનું લગ્ન કર્યું, પછી હું પરણ્યો. પછી ધીમે ધીમે ઘર બાંધ્યું. મારી બહેનને એક દીકરો છે. તે તેને પરણાવવા ઇચ્છતી હતી. બહેને ખબર આપી કે છોકરાનું લગ્ન છે અને તારે એમાં આવવું પડશે. મેં કહ્યું : 'હજી તો છોકરો તેર વરસનો થયો છે. અને અઢાર વરસની ઉંમર થયા વિના લગ્ન કરવું એ નિયમ વિરુદ્ધ છે. વળી, લગ્નમાં ઘરેણાં કે બીજો કોઇ પ્રકારનો ખરચ ન થવો જોઇએ. જાનમાં પાંચથી વધારે માણસો ન જવાં જોઇએ. તારો છોકરો અઢાર વરસનો થાય ત્યારે તેને પરણાવવાની જવાબદારી હું લઉં છું. અને હું મારી માન્યતા પ્રમાણે જ કરીશ. પણ આજે તેના લગ્નમાં હું ભાગ લઇ શકું એમ નથી.' મારી બહેનનો આગ્રહ ત્યારે જ લગ્ન કરવાનો હતો. હું તેના છોકરાના લગ્નમાં ભાગ ન લઉં એ પણ તેને માટે ભારે દુઃખની વાત હતી. મારે માટે પણ મોટું ધર્મસંકટ હતું. પણ હું તો નિશ્ચય કરી ચૂકયો હતો કે મારા સિદ્ધાંત વિરુદ્ધ હું નહીં વર્તું. બહેન પણ એ જ વખતે તેનું લગ્ન કરવાનો મોહ ન છોડી શકી. આથી મેં એ છોકરાના લગ્નમાં ભાગ ન લીધો.'

આ વાતચીતમાં મને ફૂલિયાનું ઘર જોવાની ઇચ્છા થઈ. હું ફૂલિયાને ઘેર ગયો. તેના ઘરમાં ચાર ઓરડી છે. મેં જોયું કે પહેલી ઓરડીમાં વણાટકામનો તેનો બધો સામાન હતો. બીજી ઓરડીમાં માટીનાં વાસણોનો સંગ્રહ હતો. ત્રીજીમાં ગાયને માટે ખાણ હતું અને ચોથી જે બીજે માળ હતી તેમાં રેંટિયો, પીંજણ વગેરે સામાન હતો. વચ્ચે મકાનની સામે, છાયેલી ચોક જેવી જગ્યા હતી. તેમાં તેનું કાંતવા વણવાનું તથા વાસણો બનાવવા વગેરેનું બધું કામ ચાલતું હતું. એમાં જ વાસણ બનાવવા માટેનો તેનો ચાક, માટી તૈયાર કરવાની જગ્યા, ભઠ્ઠી, ચક્કી તથા ગાલ્લી પર નાખવાના પડદા, વણવા માટેનો તૈયાર કરેલો તાણો વગેરે હતું. ફૂલિયાના

(વધુ માટે પાના ૪૭ ઉપર)

# પ્રકીર્ણ નોંધ

## રૂશ્વતખોરી સામે રાજાજીની જેહાદ

તા. ૧૨-૭-૫૨ ના રોજ મદ્રાસના મુખ્ય પ્રધાન ચક્રવર્તી રાજગોપાલાચાર્યે આજના સરકારી તંત્રમાં સર્વત્ર વ્યાપક બનેલી રૂશ્વતખોરીને નાબુદ કરવા સંબંધે પોતાનો મક્કમ નિરધાર જાહેર કરતાં જણાવ્યું કે: "હું એકસો એકમી વાર જાહેર કરૂં છું કે મને કોઈ પક્ષમાં રસ કે મમત્વ નથી, પણ મને કેવળ મારા દેશમાં અને તેનું નૈતિક ધોરણ ઉંચે લાવવામાંજ રસ રહ્યો છે. હું અહિં જણાવું છું કે મેં સંખ્યાબંધ કીસ્સાઓ તપાસ માટે મોકલી આપ્યા છે અને આ કીસ્સાઓ માત્ર જાહેર બાંધકામ ખાતાને લગતા નથી, પણ બીજા ખાતાઓ સાથે પણ સંબંધ ધરાવે છે. કોઈ સભ્ય એમ ન ધારે કે હું આળસુ બનીને બેસી રહ્યો છું. લાંચરૂશ્વતને લગતી નનામી અરજીઓની વિગતમાં પણ હું ઉતરી રહ્યો છું. કયાં કયાં અપ્રમાણીકતા-રૂશ્વતખોરી ઘર કરીને બેઠી છે તેનું મને પુરૂં ભાન છે. મને એ પણ ખબર છે કે ઘણે ઠેકાણે અપ્રમાણીકતાએ ચાલુ રવૈયાનું-શીરસ્તાનું, રૂપ ધારણ કર્યું છે. પૈસા કેમ પડાવવામાં આવે છે તેની પણ મને ખબર છે. આ ઠેકાણે ઠેકાણે ચાલી રહેલા રવૈયા કે અમુક કામ કરવું હોય તો નકકી થઇ ચૂકેલા અમુક પૈસા આપવા જ પડે-એવી સ્થિતિ ઉભી થવા પાછળ અને આ બધી બદીના પાયામાં માણસના કૌટુંબિક સંયોગો પણ ઘણો મોટો ભાગ ભજવે છે એ પણ મારી જાણમાં છે. આ બદીનાં મૂળ શોધી કાઢવાની મારામાં કુનેહ છે અને કેટલાક કીસ્સાઓ પ્રત્યે મારૂં હૃદય એક પ્રકારની સહાનુભૂતિ પણ અનુભવે છે. મારાથી બનતું કરવાનું હું વચન આપું છું. આને લગતું તપાસ ખાતું પણ નિષ્પક્ષપણે કામ કરશે કે કેમ એ શંકા પડતું છે. એ તપાસ ખાતા ઉપર પણ મારી નજર છે. આ તપાસ ખાતું પણ આપણું દુશ્મન બની બેસશે એ ભય મારા ધ્યાનમાં છે."

આ પ્રકારનો નિરધાર જાહેર કરવા માટે રાજાજીને હિંદની સમસ્ત પ્રજાના ધન્યવાદ ઘટે છે અને રૂશ્વતખોરી સામેની આ જેહાદમાં તેઓ પુરી સફળતાને પામે એ સમસ્ત પ્રજાગણની અન્તરની પ્રાર્થના છે. કારણ કે રાજ્યકારભારમાં રૂશ્વતખોરીનો સડો પેઠેલો છે એ તો દરેક જવાબદાર પ્રધાન જાણે છે, પણ એ એટલો બધો વ્યાપક છે, અને એ દૂર કરવા જે કોઇનો પણ તે ઉપયોગ કરવા માંગે તેની વિશ્વસનીયતા પણ એટલી બધી સંદિગ્ધ હોય છે કે આ બદીને કેમ દૂર કરવી તેની ખરેખર કોઇને પણ-પંડિત જવાહરલાલને પણ-સુઝ પડતી નથી અને પરિણામે આપણા દેશમાં રૂશ્વતખોરી અને કાળા બજાર એકમેકને પોષતા વધ્યે જ જાય છે અને પ્રજાજીવનના મર્મ ભાગને કોરી રહેલ છે. આધુનિક ચીનમાં આ લાંચરૂશ્વત અને કાળા બજારની બદી કેમ દૂર કરવામાં આવી તેનાં વિગતવાર વર્ણનો છાપામાં પ્રગટ થયેલાં છે અને આપણે ત્યાં પણ એ મુજબ કેમ ન કરીએ એવો વિચાર આપણને પુલકિત કરે છે. અલબત્ત ચીનનો આવો મક્કમ નિરધાર આપણા માટે જરૂર આદરણીય અને અનુકરણીય છે, પણ તેની રીતે આજની પરિસ્થિતિમાં આપણાથી કામ લઇ શકાય તેમ નથી. કારણ કે ત્યાં સરમુખત્યારશાહી રાજ્યતંત્ર છે અને ત્યાંની કાનુની તેમજ ન્યાય વ્યવસ્થા ચાલુ કાનુની વ્યવસ્થાના ખ્યાલોને પાયામાંથી અવગણીને ઉભી કરવામાં આવી છે. સાથે સાથે એ પણ કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી કે આજના વ્યાપક સડાને પહોંચી વળવા માટે આપણી કાનુની વ્યવસ્થા ઘણીવાર નાકામયાબ નીવડે છે. એવી ઘણી વ્યાપારી પેઢીઓ છે કે જેણે લાંચરૂશ્વતદ્વારા લાખોની કમાણી કરી છે અને સરકાર પણ તે જાણે છે, છતાં આજના કાનુની ધોરણે તે પુરવાર કરવું લગભગ અશક્ય હોવાના કારણે આવા કીસ્સાઓમાં સરકાર માટે નિષ્ક્રિયતા સ્વીકાર્યા સિવાય બીજો વિકલ્પ રહેતો નથી. આજની આવી કાનુની પરિસ્થિતિ સામે સંતબાલજી કેટલાય સમયથી પોકાર કરી રહ્યા છે અને લોકશાસનનું ધોરણ જળવાય અને આ કાનુની વિષમતામાંથી પ્રજા બચે એવો કોઈ માર્ગ શોધવા સૂચવવા મથી રહ્યા છે. જો રાજાજીએ પોતાના પ્રાન્તમાંથી રૂશ્વતખોરી નાબુદ કરવાની પ્રતિજ્ઞા લીધી છે તો તે પ્રતિજ્ઞાને પહોંચી વળવા માટે તેમણે માત્ર રૂશ્વતખોરોની શોધખોળ જ નહિ પણ તેમને કાયદાની પકડમાં કેમ લાવવા અને યોગ્ય નસિયત કેમ પહોંચાડવી એને લગતી જરૂરી કાનુની વ્યવસ્થા પણ વિચારવી પડશે જ. આ કાર્યમાં તેઓ જો સફળ થશે તો અન્ય પ્રદેશોના તેમ જ મધ્યવર્તી રાજ્યવહીવટની સાફસુફીનું કામ ઘણું સરળ થશે અને એ સાફસુફી એટલે ખરી રીતે પ્રજાજીવનની સાફસુફી હશે. આ સાફસુફીના અભાવે આપણું આખું જીવનચક્ર ખોટકાઈ ગયું છે અને આઝાદી મળવા છતાં પ્રજાની હાડમારી અને પાયમાલી વધતી રહી છે. તેથી આ સાફસુફી જે કોઇ નિર્માણ કરી શકશે તે પ્રજાના અન્તરના જરૂર આશીર્વાદ મેળવશે.

## બહુમુખી વેચાણવેરો અને પ્રજાજનોનો વિરોધ

મુંબઇ સરકારના નાણાપ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ પોતાનું બજેટ રજુ કરતાં પ્રાદેશિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે કેટલાક કરોમાં ફેરફાર કે વધારો સૂચવેલ છે તેમાં એક છે આ બહુમુખી વેચાણ વેરો. આ નવા કરવેરાએ સામાન્ય જનતામાં અને ખાસ કરીને વ્યાપારી વર્ગોમાં તીવ્ર અસંતોષ પેદા કર્યો છે. કારણ કે આ કરવેરાથી આજની દુઃસહ મોંઘવારીમાં વળી પાછો વધારો થશે અને તેનું બીજું પરિણામ વચગાળાના વ્યાપારી વર્ગને સારા પ્રમાણમાં નાબુદ કરવામાં આવશે. એક વખત એવો હતો કે જ્યારે રાજ્યતંત્રની જવાબદારી રાજ્ય તેમજ પ્રજા પક્ષે અત્યન્ત મર્યાદિત લેખવામાં આવતી હતી. પ્રજાના જાનમાલનું રક્ષણ કરવું, થોડીક વૈદ્યકીય થોડીક શૈક્ષણિક જવાબદારી સ્વીકારવી, ખેતીવાડીમાં કાંઇ પ્રતિકુળતા હોય તો દૂર કરવી, જવા આવવાના રસ્તા સંભાળવા-આવી કેટલીક બાબતો સાથે રાજ્યની જવાબદારીઓનો અન્ત આવતો. આજે પ્રજાના સર્વાંગી વિકાસ, સુખી અને સ્વાસ્થ્ય તેમજ આર્થિક ઉત્કર્ષ માટે રાજ્યને જવાબદાર લેખવામાં આવે છે અને આ ધ્યેયને સ્વીકારનાર રાજ્યવહીવટને પ્રજાની આબાદી સાધતી અનેક યોજનાઓ હાથ ધરવી પડે છે અને તેનુ પરિણામ સ્વાભાવિક રીતે કર વધારામાં જ આવે છે. આ કરવધારો પ્રજા પ્રસન્નતાપૂર્વક સહન કરી શકે અને તેનો બોજો સધ્ધર વિભાગ ઉપર વધારે પડે આ ધોરણ ધ્યાનમાં રાખીને સાધારણ રીતે અર્થસચિવ પોતાની દરખાસ્તો ઘડે છે અને લોકનિયુક્ત ધારાસભા સમક્ષ મંજુરી માટે રજુ કરે છે. જેમ જેમ રાજ્ય પાસેથી વધારે અપેક્ષા રાખવામાં આવે તેમ તેમ ચાલુ કરોમાં વધારો થતો રહે એટલું જ નહિ પણ નવા કરો નાંખવા પડે એ વસ્તુસ્થિતિ સ્વીકારવા છતાં જો કરવેરા સામે પ્રજાનો ઘણો મોટો વિભાગ વિરોધ ઉઠાવે અને એ વિરોધ પાછળ જો પ્રજાનો ખરેખર ઉંડા દિલનો કચવાટ હોય તો એ કરવેરાના સ્વરૂપમાં ફેરફાર કરવો અથવા તો તત્કાળ મૂળ સ્થિતિ કાયમ રાખવી અને આવકનાં બીજા સાધનો વિચારવા એ શાણી સરકારનું પ્રથમ કર્તવ્ય બને છે. આ બહુમુખી વેચાણવેરો આ પ્રકારનો છે અને તે હાલ તુરત મોકુફ રાખવામાં આવે તે વધારે ઇચ્છવાયોગ્ય છે અને તેમ ન જ બને તેમ હોય તો આ કરવેરાનું બહુમુખીપણું રદ કરીને ચાલુ વેચાણવેરામાં સરકારી જરૂરિયાતને અનુલક્ષીને થોડો વધારો કરવો-આવી મુંબઇ

સરકારને વિનંતિ છે. જો આ બાબતને યથાસ્વરૂપે ધ્યાનમાં નહિ લેવામાં આવે અને મૂળ દરખાસ્તોને વળગી રહેવામાં આવશે તો પ્રજાના ચાલુ અસંતોષમાં ખૂબ વધારો થશે જેનું પરિણામ આખરે રાજ્ય કરતા પક્ષને સહન કરવું પડશે–આ પરિસ્થિતિ પ્રત્યે મુંબઇ સરકાર આંખ આડા કાન નહિ કરે એવી આપણે આશા રાખીએ.

## સમાજવાદીઓનો અન્નસત્યાગ્રહ

સમાજવાદી પક્ષે કેટલાક વખતથી શરૂ કરેલો અન્ન-સત્યાગ્રહ હવે બંધ કરવામાં આવનાર છે એમ છેલ્લા બે ચાર દિવસથી છાપાઓમાં સમાચાર આવે છે, પણ આ સંબંધમાં હજુ સુધી સમાજવાદી પક્ષ તરફથી પ્રમાણભૂત નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી આમ છતાં આપણે આશા રાખીએ કે આ હાસ્યાસ્પદ બની રહેલા અન્ન-સત્યાગ્રહને હવે સંકેલી લેવાનું સમાજવાદી પક્ષ શાણપણ દાખવશે.

તાત્વિક દૃષ્ટિએ વિચારતાં જ્યારે પણ રાજ્ય કરતી સંસ્થા તરફથી કોઇ પણ પ્રજાપીડક મહા અન્યાય ભર્યું પગલું ભરવામાં આવે અને તે અન્યાયને દૂર કરવા માટે બંધારણપુરઃસરનાં બધાં પગલાં ખતમ થાય, અને રાજ્ય કરતી સંસ્થા જનતાની તીવ્ર લાગણીની કેવળ અવગણના કરીને પોતાના અન્યાયને મક્કમપણે વળગી રહે ત્યારે કોઇ પણ રાજકીય પક્ષ પ્રજાનો તીવ્ર અસંતોષ અને પ્રસ્તુત અન્યાયને અંગે ઉભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઇને સામુદાયિક સત્યાગ્રહનો વિચાર કરે એ દુઃસહ યોગ્ય અને આદરણીય છે; કારણ કે રૂઢ થયેલા અને પ્રજા ઉપર રાજયસત્તા તરફથી ઠોકી બેસાડવામાં આવેલા અન્યાયનો પ્રતિકાર કરવાનો આ જ એક રાજમાર્ગ છે અને ગાંધીજીએ તે બતાવેલો છે. પણ સાથે સાથે એ ભૂલવાની જરૂર નથી કે આવા સત્યાગ્રહનું ઔચિત્ય કેટલાક આનુષંગિક સંયોગો ઉપર અવલંબે છે. એ સંયોગોનું યોગ્ય અનુમાપન કરવામાં આવ્યું ન હોય તો અન્નનો ભાવવધારો કે એવા અન્ય કોઇ પ્રશ્ન ઉપર ઉભો કરવામાં આવેલો સત્યાગ્રહ આખરે નિષ્ફળ નીવડે અને હાસ્યાસ્પદ બને અને એ તદ્દન સ્વાભાવિક છે, સમાજવાદી પક્ષે ઉભો કરેલો અન્નસત્યાગ્રહ આવા યોગ્ય અનુમાપન વિનાનો હતો અને છે એમ કહેવામાં લેશમાત્ર અત્યુકિત થતી નથી. સાધારણ રીતે આજની ચાલુ મોંઘવારીમાં કોઈ પણ ચીજ વધારે મોંઘી બને એ આપણને કે કોઇને પણ ન જ ગમે. એમ છતાં જે સંયોગોમાં અનાજના ભાવને અપાતી રાહત મધ્યવર્તી સરકારે પાછી ખેંચી લીધી તે સંયોગો જરૂર ધ્યાનમાં લેવા યોગ્ય હતા એટલું આપણે કબુલ કરવું જ રહ્યું. સરકારે અનાજનો ૫૦ ટકા ભાવ વધારીને કમાણી કરવાનો ધંધો શરૂ કર્યો હોત તો જરૂર આપણને તેનો સખ્ત વિરોધ કરવાનું કારણ રહેત. બીજું મધ્યવર્તી સરકારે અનાજના ભાવમાં ૫૦ ટકાની રાહત આપવાનુ મુલતવી રાખ્યાની જાહેરાત કર્યાં પછી મધ્યવર્તી અન્નસચિવ નિરાંત વાળીને સુતા નહોતા. આ અન્નસમસ્યાને હળવી કરવા પાછળ તે ખૂબ મથામણ કરી રહેલ હતા તે કોઇને પણ અજાણ્યું નહોતું. મુંબઇ સરકાર પણ આ બાબતમાં ઉભા થયેલા પ્રજાના અસંતોષ સામે આંખ મીંચીને સુતી નહોતી. મુંબઈના નવા અન્નસચિવે જુવારના ભાવમાં ઘટાડો કર્યો, ઘઉંના ભાવમાં પણ થોડી રાહત મેળવી અને આ રીતે નવી વ્યવસ્થાનો પુરો લાભ ઉઠાવનારને અનાજ મૂળ ભાવો કરતાં માત્ર પંદર કે સત્તર ટકા વધારે મોંઘુ પડે લગભગ એવી સ્થિતિ નિર્માણ કરી હતી. આ બધું થઇ રહેલું જોવા જાણવા છતાં સમાજવાદી પક્ષે આજ સુધી અન્ન સત્યાગ્રહ ચાલુ રાખવાનું યોગ્ય ધાર્યું છે. એ પક્ષના આગેવાનો એવો દાવો કરી રહ્યા છે કે આ અન્નસત્યાગ્રહમાં આટલી મોટી સંખ્યામાં માણસો જોડાયા એજ અન્નસત્યાગ્રહના ઔચિત્યને બળવાન રીતે પુરવાર કરી આપે છે. પણ આ સામે એ ધ્યાનમાં લેવું ઘટે છે કે પક્ષ વિષેની શિસ્તબુધ્ધિ, અને દળબંધી આજના પ્રજામાનસમાં સરકારી તંત્ર સામે ઘર કરી રહેલો અસંતોષ, બેકારી, હળવી શિક્ષા- આ બધાં કારણોને આજની જેલ–ભરતી આભારી છે. કોઇ પણ પ્રશ્ન ઉપર ઉભી કરવામાં આવેલસત્યાગ્રહની લડતનું વ્યાજબીપણું એ પ્રશ્ન ઉપર કેટલા માણસો જેલમાં જાય છે તે ઉપરથી માત્ર નહિ, પણ એ લડત આમપ્રજામાં કેટલું બળવાન આંદોલન પેદા કરી શકે છે તે ઉપરથી નિર્ણીત થઇ શકે છે. આ રીતે તપાસતાં, જો કે આજે જે અનાજનો ભાવવધારો ચાલુ છે તે પ્રજાને ગમતો નથી, તે દૂર થાય તો જરૂર પ્રજા રાજી થાય એમ છતાં પણ, એ તો નરી આંખે જોઈ શકાય તેવું છે કે અન્નસત્યાગ્રહ કેટલાય દિવસથી ચાલુ છે, આજે એક ટુકડી તો કાલે બીજી ટુકડી જેલ ભણી વિદાય થઇ રહી છે, જેની સરવાળે સંખ્યા ત્રણ ચાર હજારથી વધારે થઈ હશે એમ અનુમાન થાય છે, એમ છતાં પ્રજાજીવનમાં તેનો નથી કોઇ ક્ષોભ કે ખળભળાટ, પ્રજાને જાણે કે આ સત્યાગ્રહની કાંઇ પડી ન હોય એમ તે વિષે ઉદાસીન છે અને પોતાના ચાલુ વ્યાપાર વ્યવસાયમાં મશગુલ છે, અને રાજ્યકર્તાઓ પણ હળવા દિલે આ સત્યાગ્રહનો સામનો કરી રહેલ છે. આનો અર્થ એ થયો કે અનાજના ભાવ વધારાનું શળ, જેટલું કહેવામાં કે માનવામાં આવે છે તેટલું, પ્રજા માનસને ખૂંચતુ નથી. નહિ તો આવો જોરદાર સત્યાગ્રહ અને તેના એટલા જ જોરદાર અને વ્યવસ્થિત પ્રચારના પરિણામે સમસ્ત પ્રજા ખળભળી ઉઠવી જોઇએ અને રાજ્યકર્તાઓને ગુંગળાવી નાંખે એવી રાજકારણી કટોકટી ઉભી થવી જોઇએ. સદ્ભાગ્યે આમાંનું કશું જોવામાં આવતું નથી: આ ઉપરથી એ સાર નીકળે છે કે સમાજવાદી પક્ષે અન્ન સત્યાગ્રહની લડત ઉભી કરવામાં અનાજના ભાવવધારાના પ્રશ્નને ઘણું વધારે મહત્વ આપ્યું છે અને તેને લગતી લોકલાગણી અને અનુષંગિક સંયોગોના અસમ્યગ્ માપ ઉપર તેમણે આ લડત ચલાવી છે.

કોંગ્રેસની નજીક કોઇ રાજકારણી પક્ષ હોય તો તે સમાજવાદી પક્ષ છે એ ધારણા ઉપર એવી અપેક્ષા રાખવામાં આવતી હતી કે સમાજવાદી પક્ષ કોંગ્રેસ પક્ષ સાથે રચનાત્મક વૃત્તિથી. વિધાયક બુધ્ધિથી વર્તાવ કરશે, કોંગ્રેસની સારી વાતમાં સાથ આપશે અને ખોટી વાતને પણ સરખી કરવાનો પ્રયત્ન કરશે. પણ આજે સમાજવાદી પક્ષનું માનસ કોંગ્રેસ પ્રત્યેના કેવળ આત્યન્તિક વિરોધની વૃત્તિથી કામ કરી રહ્યું લાગે છે અને જાણે કે પોતે રાજયસત્તા ઉપર આવશે ત્યારે કશા પણ કરવેરા નાંખવાના ન હોય અથવા તો લોકમાનસને તત્કાળ પ્રતિકુળ હોય એવું કોઈ પણ પગલું ભરવાના ન હોય એમ કોંગ્રેસ સરકારના દરેક પગલાનો સમાજવાદી પક્ષ વિરોધ કરી રહેલ છે અને સીધા પગલાનો પડકાર આપી રહેલ છે. આથી લોકો આડે માર્ગે દોરવાય છે, જરૂર પડ્યે સામુદાયિક સામનો કરવાની પ્રજાશકિતનો દુર્વ્યય થાય છે, અરાજકતાના બળોને ઉત્તેજન મળે છે. જે પક્ષ તરફથી ઘણી મોટી આશા રાખવામાં આવી હતી તે પક્ષની પ્રતિષ્ઠા અને કાબુ નબળા પડતા જાય છે અને જે સામ્યવાદી પક્ષનો આપણે સૌ વિરોધ કરી રહ્યા છીએ તે જ પક્ષને બળવાન બનાવવામાં સીધી કે આડકતરી રીતે સમાજવાદી પક્ષ મદદરૂપ બની રહેલ છે. આ જે આપણને સ્પષ્ટ દેખાય છે, સમજાય છે તે સમાજવાદી પક્ષના આગેવાનોને કેમ દેખાતું કે સમજાતું નહિ હોય?

**તા. ક.** આ અન્નસત્યાગ્રહ સમાજવાદી પક્ષ તરફથી સંકેલી લેવામાં આવ્યો છે એમ રીતસરની જાહેરાત થઈ છે.

## શ્રી જયપ્રકાશ નારાયણના મુદતી અનશનની સુખદ પૂર્ણાહુતિ

સમાજવાદી પક્ષના પ્રમુખ અને રાષ્ટ્રના એક આગેવાન નેતા શ્રી જયપ્રકાશ નારાયણે આત્મશુદ્ધિના હેતુથી સ્વેચ્છાએ સ્વીકારેલું ૨૧ દિવસનું અનશન નિર્વિઘ્ને પુરૂં કર્યું અને જે સ્થળે રહીને તેમણે ઉપવાસ શરૂ કર્યા હતા તે જ સ્થળે પુના ખાતે આવેલા શ્રી દીનશા મહેતાના નિસર્ગોપચાર આશ્રમમાં–તા. ૧૪–૭–૫૨ ના રોજ સવારના મિત્રો અને સહકાર્યકર્તાઓની હાજરી વચ્ચે તેમણે પારણું કર્યું. આ સમાચારથી દેશભરમાં આનંદ અને રાહતની

લાગણી ફેલાઇ છે. કારણ કે શ્રી જયપ્રકાશ નારાયણ ગમે તે પક્ષના હોય, તેમની રાષ્ટ્રનિષ્ટા વિષે હિંદના પ્રજાજનો હંમેશાં ઉંડા આદરની લાગણી ધરાવતા આવ્યા છે.

આજથી લગભગ ચાર વર્ષ પહેલાં શ્રી કીડવાઇ વાહન–વ્યવહારખાતાના પ્રધાન હતા તે દરમિયાન પોસ્ટ ખાતાના નોકરોને અમુક હડતાળના દિવસોનો પગાર આપવા ન આપવા સંબંધમાં શ્રી કીડવાઈ સાંથે તેમની વાટાઘાટ ચાલતી હતી. આ પ્રસંગ દરમિયાન બન્ને વચ્ચે ચાલેલી મોઢાની વાતચીતમાં શ્રી જયપ્રકાશની અને શ્રી કીડવાઇની સમજુતીમાં ફરક પડયો અને તેથી ટપાલ ખાતાના નોકરોને તેમણે જે રાહત મેળવી આપવાની આશા આપેલી તેમાં તેઓ નિષ્ફળ નીવડયા. આ ઘટના અંગે તેમને એમ લાગ્યું કે એક જવાબદાર નેતા તરીકે જે ચોકકસાઇપૂર્વક કામ લેવું જોઇતું હતું તે ચોકકસાઇપૂર્વક પોતે કામ લીધું નહિ, મોઢાની વાતને તરત જ લખાણથી પાકી કરી લેવી જોઇતી હતી તે કરી નહિ, અને તેનું પરિણામ તેમની ઉપર વિશ્વાસ રાખી બેઠેલા ટપાલીઓને આર્થિક નુકશાન થવામાં આવ્યું. આ બાબત તેમને સતત ડંખ્યા કરતી હતી અને પોતે કલ્પેલા આ ગાફેલપણાના પ્રાયશ્ચિત તરીકે અને આત્મશુદ્ધિની દૃષ્ટિએ તેમના મનમાં આવો કોઈ લાંબી મુદતનો ઉપવાસ કરવાનો વિચાર ઘોળાયા કરતો હતો. આ મંથનમાંથી ઉપર જણાવેલ ૨૧ દિવસનો ઉપવાસ જન્મ પામ્યો હતો.

આવા કારણે આવો ઉપવાસ કરવો અને તેમાંથી રાજકારણી જે કાંઈ આઘાત પ્રત્યાઘાતો ઉભા થાય તેનું જોખમ વહોરવું એના ઔચિત્ય–અનૌચિત્ય વિષે વિચારકોમાં મતભેદ હોવા સંભવ છે. આવો મતભેદ ગાંધીજીએ આદરેલા અનેક ઉપવાસો સંબંધે પણ પ્રવર્તતો હતો. આવા કીસ્સાઓ કે જ્યારે દિલના ઉંડા દર્દથી કોઇ વ્યકિત આવી આત્મશુધ્ધિનો પ્રયોગ કરવા તરફ આકર્ષાતી હોય ત્યારે તેણે અખત્યાર કરેલ પ્રયોગને વ્યાજબી–ગેરવ્યાજબીના ધોરણે બહુ ચકાસવાને બદલે તેની અન્તઃપ્રેરણાને સન્માનવી, સ્વેચ્છાપ્રેરિત અનશન જેવા પ્રયોગ પ્રત્યે સહાનુભૂતિ દાખવવી અને તેની આત્મ-શુધ્ધિની ભાવનાનું અભિનન્દન કરવું એ વધારે યોગ્ય માર્ગ લાગે છે.

રાજકારણના ક્ષેત્રમાં ઉપવાસ અને અનશનના વિચારને ગાંધીજીએ આ દેશમાં વહેતો કર્યો ત્યાર બાદ કંઇ કંઇ લોકોએ ઉપવાસ કર્યા છે અને લોકજીવનમાં ક્ષોભ પેદા કર્યો છે. આવા ઉપવાસો મોટા ભાગે ત્રાગા જેવા માલુમ પડયા છે અને ઉપવાસ કરનાર વ્યકિતમાં ભાગ્યે જ કોઇ ઉદાત્ત માનસનો કે આધ્યાત્મિક વૃત્તિનો અનુભવ થયો છે. શરૂઆતમાં જ્યારે શ્રી જયપ્રકાશ નારાયણે ઉપર જણાવેલ ૨૧ દિવસના ઉપવાસ કરવાનો વિચાર જાહેર કરેલો ત્યારે તે ઉપવાસના હેતુ વિષે કંઇ કંઇ પ્રકારના તર્ક-વિતર્કો ઉભા થયા કરતા હતા. પોતા માટે કે પોતાના પક્ષ માટે કોઈ રાજકારણી લાભ ઉઠાવવાનો શું આ અનશન પાછળ હેતુ નહિ હોય એવો પ્રશ્ન ચિત્ત ઉપર અવારનવાર ફરકી જતો હતો. પણ જયપ્રકાશે જે રીતે ઉપવાસ શરૂ કર્યા તેમ જ પૂરા કર્યા—ન કોઇ તેમણે ઉપવાસની મોટી જાહેરાત કરી, ન કોઇ છાપા જોગાં નિવેદનો મોકલ્યાં, ન કોઇ શરતો મૂકી કે આમજનતામાં ઉશ્કેરાટ પેદા થાય એવી કોઇ પધ્ધતિ અખત્યાર કરી અને શાન્તિથી સમભાવપૂર્વક નિરવપણે જાણે કે કોઇ એક પ્રકારની યોગસાધના ન હોય એ રીતે તેમણે ૨૧ દિવસ પસાર કર્યા અને વ્રતની પરિપૂર્તિ થતાં એવી જ શાન્તિ અને પ્રસન્નતાથી અને કશો પણ ઘોંઘાટ કે ધમાલ ઉભી કર્યા સિવાય તેમણે પારણું કર્યું—આ બધું જોતાં આ કોઇ પક્ષવાદી બુદ્ધિથી પ્રેરાયલા કે રાજકારણી લાભ ઉઠાવવાની વૃત્તિથી આદરવામાં આવેલા ઉપવાસ નહોતા, પણ શુધ્ધ ગાંધીઢબના ઉપવાસ હતા એવી પ્રતીતિ આપણું ચિત્ત અનુભવે છે અને શ્રી જયપ્રકાશને આપણું દિલ આદરભાવથી નમે છે તેમ જ આવી એક પ્રકારની નાની સરખી અગ્નિપરીક્ષામાંથી પાર ઉતરવા માટે તેમનું સહર્ષ અભિનંદન કરે છે. તેઓ ગુમાવેલી તાકાત પુનઃ પ્રાપ્ત કરે અને આપણી વચ્ચે જલ્દિથી સ્વસ્થતાપૂર્વક ફરતા હરતા થાય એમ આપણે ઇચ્છીએ અને પ્રાર્થીએ!

પરમાનંદ

## શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષ માફક આ વખતે પણ પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૧૭–૮–૫૨ થી તા. ૨૫–૮–૫૨ સુધી એમ નવ દિવસો માટે ગોઠવાઇ રહી છે. તા. ૨૪–૮–૫૨ની સભા રોકસી થીએટરમાં અને અન્ય દિવસોની સભા ફ્રેન્ચ બ્રીજ પર આવેલા બ્લેવાટસ્કી હોલમાં ભરવામાં આવશે.

## શ્રી અંબાલાલ પુરાણીનું વ્યાખ્યાન

તા. ૨૨–૭–૫૨ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે શ્રી અંબાલાલ પુરાણીનું 'સાવીત્રી' ઉપર વ્યાખ્યાન રાખવામાં આવનાર છે, આ સંબંધે સ્થળ સમય વગેરેની ચોકકસ માહીતી એ દિવસોના છાપાઓમાંથી જોઇ લેવી.

---

# વર્ષાગાન

છલ છલાછલ, છલ છલાછલ,
વરસે છે આજ વર્ષાનાં જલ,
—છલ છલાછલ...

નાદ મધુરા વાગતા કેવા
'નુપૂ...નુપૂર...નુપૂર......'
રણઝણંતા નેવલે એવા
પાયલ કેરા સૂર;
કોણ નાચે જેના તાલમાં મૃદંગ
બજવે ઘેરાં આભનાં બાદલ?
—છલ છલાછલ...

'ધિન્નકતિન ધિન્નકતિન'
તાલમાં સહુ લીન;
ગૂંજી ઉઠયુંઆ ઉર-બીન
'રીનન્ ઝીનન્ ઝીન્';
'તિન્નકધિન્' બજવે બાદલ
વરસી જાયે નભનું કાજલ
—છલ છલાછલ...

થનગનતા મોરલા બોલ્યા
અધીર ડોલ્યા પ્રાણ,
નદીએ એનાં નીર હિલોળ્યાં
ઝીલવાને આસમાન;
હરખે ઘેલી થાય રાધાશી
નિરખી નિરખીને ઘન શ્યામલ
—છલ છલાછલ...

ઘનઘેરેલા આભને વિંધી
વીજ ઝબુકી જાય,
ઝુલતો વાયુ ધ્રુજવે લીલી
ધરણી કેરી કાય;
આજ અહો શા જડને ચેતન
મસ્તીમાંહે થાય છે પાગલ!
—છલ છલાછલ...

ગીતા કાપડિયા

(6)



# મારો દક્ષિણનો પ્રવાસ

દક્ષિણ હિંદુસ્તાન પ્રત્યે મને કાયમ આકર્ષણ રહ્યા કર્યું છે અને દક્ષિણ હિંદુસ્તાનનો પ્રવાસ મેં ઘણી વખત કર્યો છે. પરંતુ આ વખતે અમો ભારત જૈન મહા મંડળના પ્રતિનિધિ તરીકે ગયા હતા. એટલે આ પ્રવાસ વિશિષ્ટ પ્રકારનો હતો. આ પ્રવાસ પાછળનો અમારો ઉદ્દેશ ત્યાંના જૈન સમાજના સંપર્કમાં આવવું અને તેઓની પરિસ્થિતિથી માહીતગાર થવું એ હતો. મારા મિત્રો સાથે હું લગભગ એક મહિનો દક્ષિણમાં રહ્યો. અમોએ જામનેર, અજન્ટા, ઇલોરા, અહમદનગર, ઘોડનદી, પુના, બેંગલોર થઈ મૈસુર, કોલારગોલ્ડફીલ્ડ, મદ્રાસ વગેરે સ્થળોની મુલાકાત લીધી. પ્રવાસમાં મારી સાથે શ્રી. ફકીરચંદજી જૈન [ભુસાવલ] શ્રી. કેસરીમલજી ગુગલિયા [અમરાવતી] શ્રી. દાદા, સા ધામણસ્કર અને ઇશ્વરલાલ રાંકા હતા. ભારત જૈન મહામંડળની મૈસુર સ્ટેટ શાખાના કાર્યકર્તા શ્રી. જે. એમ. કોઠારી પહેલેથી જ અમારી સાથે હતા. એટલે અમારો પ્રવાસ સરળ બન્યો હતો અને મદ્રાસમાં શ્રી. ખુશાલચંદ ધાડીવાળે અમારો કાર્યક્રમ ગોઠવ્યો હતો.

દક્ષિણ ભારતને મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલ અને તેલુગુ એમ ચાર વિભાગોમાં વહેંચી શકાય. હું મહારાષ્ટ્રમાંજ રહેતો હોવાથી મહારાષ્ટ્રીય ભાષા સમજવામાં મને સ્વાભાવિક સરળતા રહેતી. મહારાષ્ટ્રમાં શ્વેતાંબર, દિગંબર, તેરાપંથી તથા સ્થાનકવાસી ભાઈઓ રહે છે તે લોકોને હું મળ્યો. ત્યાંની પરિસ્થિતિ તપાસતાં મારા મન પર એવી છાપ પડી કે મહારાષ્ટ્રના મૂળ વતની દિગંબર જૈન ભાઇઓની આર્થિક સ્થિતિ ખૂબ જ મુશ્કેલ છે. અને બહારથી આવીને વસેલા જૈનોની સ્થિતિ પણ સંતોષકારક કહી શકાય એવી નથી,

મરાઠીમાં 'ખેત' ને 'શેત' કહે છે. મહારાષ્ટ્રમાં શેતવાલ ભાઇઓના ઘર ઘણાં છે. તેઓ મોટે ભાગે ગામડાઓમાં જ રહે છે અને ખેતી કરે છે. તેઓ ખેતી કરતા હોવાથી તેમને 'શેતવાલ' કહેવામાં આવે છે. બીજા જૈનો પહેલાં તેમની સાથે ખાવા-પીવાનો વ્યવહાર રાખતા નહોતા, પરંતુ હવે ખાવા-પીવાનો વ્યવહાર તો શરૂ થયો છે. ઉપરાંત લગ્ન સંબંધથી પણ જોડાવા લાગ્યા છે. ખેતવાલ ભાઇઓની સામાન્ય આર્થિક પરિસ્થિતિ તો મુશ્કેલ છે જ, પરંતુ અમુક કુટુંબો તો બીજાને ત્યાં કપડા-વાસણ ધોવાનું કામ કરી પોતાની આજીવિકા મેળવે છે. કર્ણાટક અને તેલંગણાના સ્થાનિક રહીશોની ઉપર મુજબ પરિસ્થિતિ છે. રાજસ્થાનના અને ગુજરાતના દિગંબર તથા શ્વેતાંબર જૈનો બહારથી આવીને અહીં વસ્યા છે તેમની આર્થિક સ્થિતિ સદ્ધર છે.

ત્યાંના મૂળવતની તથા બહારથી આવેલા બન્ને જૈનો હોવા છતાં તેઓમાં ભ્રાતૃભાવ કે સંપ્રદાય સેવાભાવ બીલકુલ નથી અને એક બીજા વચ્ચે પરિચય કે સંપર્કનો પણ બીલકુલ અભાવ છે. એની પાછળનું એક કારણ સંપ્રદાય-ભિન્નતા છે અને બીજું કારણ જે બહારથી આવી વસેલા છે તેઓમાં છૂત-અછૂતના સંસ્કારો એટલા દૃઢ છે કે કોઇ કોઇ કિસ્સામાં તો પોતા સિવાયના બીજાઓનો તેઓ જૈન તરીકે સ્વીકારવા તૈયાર નથી હોતા. બહારથી આવી વસેલા ભાઇઓ વ્યાપારી અને સાધનસંપન્ન હોવાના કારણે તેઓની આર્થિક પરિસ્થિતિ સધ્ધર હોઇ તેઓ સામાજિક રીતરિવાજ, ધર્મ તથા સેવાના કાર્યોમાં જરૂર ખર્ચ કરે છે, પરંતુ તેનો કોઇ ખાસ લાભ સ્થાનિક જૈનોને મળતો નથી.

દક્ષિણની સંસ્કૃતિ શ્રમણ સંસ્કૃતિ છે. વિદ્વાનોએ તેને 'દ્રવિડ' સંસ્કૃતિ કહી છે. દ્રવિડ અને શ્રમણ સંસ્કૃતિ એક જ છે એમ કહેવાય છે. દક્ષિણની પ્રજામાં દયાળુતા, સરળતા, કર્મપર વિશ્વાસ, સાદાઇ, પરિશ્રમશીલતા અને સહિષ્ણુતા વિગેરે ગુણો આજ પણ જોવા મળે છે.

ઉત્તર પ્રદેશમાં જે જે સ્થળે આર્યો બહારથી આવવા લાગ્યા તે તે સ્થળેથી મૂળવતનીઓ દક્ષિણ તરફ પાછા હઠવા લાગ્યા. આર્યોના આગમન પહેલાં અહીંની જે સંસ્કૃતિ હતી તેમાં પુનર્જન્મ કર્મવાદ, અહિંસા અને આત્મનિગ્રહ વિગેરેનું પ્રાધાન્ય હતું. આર્ય લોકોના આગમનથી અને તેઓના સંપર્કથી સંસ્કૃતિમાં થોડુંઘણું પરિવર્તન થયું હોય એમ લાગે, છતાં દ્રવિડ સંસ્કૃતિએ પોતાનું અદ્યતન સ્વરૂપ ગુમાવ્યું નથી. તેનું કારણ એ છે કે મધ્યયુગમાં જૈન સંસ્કૃતિનો વિકાસ અને ફેલાવો આ બાજુએ સારા પ્રમાણમાં થયેલો છે. તામીલ, તેલુગુ અને કન્નડ પ્રાન્તના સાહિત્ય અને કળામાં તેનો સ્પષ્ટ પ્રભાવ જોવા મળે છે.

દક્ષિણમાં પ્રાચીનમાં પ્રાચીન મૂર્તિઓ, તાડપત્રીઓ, ગ્રંથો અને મંદિરો જ્યાં ત્યાં જોવા મળે છે. સમ્રાટ ચંદ્રગુપ્ત અને આચાર્ય ભદ્રબાહુના આગમન બાદ દક્ષિણમાં જૈન સંસ્કૃતિનો સારો ફેલાવો થયો અને પછી ગંગ, રાષ્ટ્રકુટ, ચાલુકય વિગેરે વંશના રાજાઓએ પણ જૈન સંસ્કૃતિનો સારો ફેલાવો કર્યો. પણ જ્યારથી જૈન સંસ્કૃતિના અનુયાયીઓમાં સાંકડાપણું આવ્યું અને અન્ય લોકો સાથેના વ્યવહારમાં ભેદભાવપણું આવ્યું અને બાહ્ય ક્રિયાકાંડ અને રીતરીવાજ ઉપર વધારે ભાર મૂકાવા લાગ્યો ત્યારથી ત્યાં જૈન ધર્મનો હ્રાસ શરૂ થવા માંડયો.

દક્ષિણના કાસાર (ઠઠેરે), કલાર અને કીસાન ભાઇઓ, જે પહેલાં અહિંસાધર્મી હતા તેઓ હવે હિંસા તરફ ઢળી રહ્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ લોકો આ રીતે હિંસા તરફ વળીને જૈન ધર્મથી દૂર જઇ રહ્યા છે. આ બાબતનું ત્યાંના જૈનોને કશું દુઃખ તો થતું નથી, પરંતુ એવા-પણ જૈનો ત્યાં અમને મળ્યા કે જેઓ આ ઘટનાને ગૌરવરૂપ લેખે છે.

મૈસુરમાં સ્થાનિક ભાઇઓને મળવાની ઇચ્છા હતી. પરંતુ મોટા ભાગના જૈનોએ તો મળવાની જ ના કહી, પરંતુ થોડા પ્રયત્ન બાદ એક ભાઇની સાથે જે વાતચીત થઇ તે નીચે પ્રમાણે છે.

મેં પૂછયું:-"આ પ્રાંતમાં જૈન ભાઇઓ કેટલા હશે?"

એણે કહ્યું:-"ખબર નથી, પણ ઘણા ખેડુતો પણ પોતાને જૈન માને છે, પણ અમે તેમને કેવી રીતે જૈન માનીએ? કેમકે તેઓના ઘરમાં કેટલાક જૈન ધર્મ પાળે છે અને કેટલાક જૈન ધર્મ નથી પાળતા અને કેટલાકે તો ધર્માન્તર કર્યો છે. આવા લોકોને અમે મંદિરમાં પૂજા કેમ કરવા દઇએ? અને એમની સાથે સંબંધ પણ શેના રાખીએ?"

મેં પૂછયું:-"કોઇ ભાઈ જૈન ધર્મ પાળતો હોય અને જૈન તરીકે રહેવા માગતો હોય તો તેની સાથે સદ્ભાવના રાખવામાં તમને શું વાંધો છે?"

તેણે કહ્યું:-"અમે એવો અધર્મ નહિ કરીએ. અમારા ધર્મ-ગુરૂઓએ અમોને દૃઢપણે એવી ધાર્મિક શીખામણ આપી છે કે કોઇ ધર્મવિમુખ થાય તો ભલે થાય. પરંતુ તમે તમારા આચાર વિચારને સુદૃઢપણે વળગી રહો અને તે રીતે વર્તે તેને જ જૈન તરીકે સ્વીકારો.

મેં પૂછયું:-"એટલે શું?"

તેણે કહ્યું:-"અમારા મૈસુરની જ વાત છે. ત્યાંના રાજા જૈન હતા. ત્યાંના એક રાજા વેતવર્ધન લડાઈમાં ગયા હતા ત્યાં તેની બે આંગળીઓ કપાઈ ગઇ. એક દિવસ તેને ત્યાં એક મુનિ આહાર માટે આવ્યા. રાજા આહાર વહોરાવવા માટે આગળ આવ્યો. મુનિએ તેની આંગળીઓ તૂટેલી જોઇને-તેને અંગવિચ્છેદ ગણીને-આહાર વહોર્યો નહિ. આ વાત જ્યારે વૈષ્ણવોના ગુરૂઓએ સાંભળી ત્યારે તેમણે તેમના શિષ્યોને રાજાની પાસે મોકલીને કહેવરાવ્યું કે જે ધર્મના ગુરૂ તમારા હાથે આહાર લે તે ધર્મનો તમો સ્વીકાર કરો. રાજાએ જૈન અને વૈષ્ણવ મુનિઓને એકઠા કર્યા અને કહ્યું. "જે મારા હાથનો આહાર લેશે તેના ધર્મનો હું સ્વીકાર કરીશ." જૈન મુનિએ કહ્યું કે:

## વિષય સૂચિ


| વિષય | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- |
| સર્વોદયિ કૂલિયા | બળવંતસિંહ | ૪૧ |
| પ્રકીર્ણ નોંધ | પરમાનંદ | ૪૩ |
| રૂશ્વતખોરી સામે રાજાજીની જેહાદ. બહુમુખી વેચાણવેરો અને પ્રજાજનોનો વિરોધ. સમાજવાદીઓનો - અન્ન સત્યાગ્રહ. શ્રી જયપ્રકાશ નારાયણના મુદતી અનશનની સુખદ પૂર્ણાહુતિ. | | |
| વર્ષાગાન | ગીતા કાપડિયા | ૪૫ |
| મારો દક્ષિણનો પ્રવાસ | રિખબદાસ રાંકા | ૪૬ |

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ ન. બી. ૪૨૬૬.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪
અંક : ૭

મુંબઇ : ૧ ઓગષ્ટ ૧૯૫૨ શુક્રવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## જતાં સ્વજન સર્વના–

( છંદ : પૃથ્વી )

જતાં સ્વજન સર્વના નયન અશ્રુથી ભીંજતાં,
કહે જન કંઇક "સાન્ત* સહુ છે જ આ વિશ્વમાં,"
છતાં રૂદન એ નહીં વિરમતાં જ શોકાર્તનાં
અને ઉરવ્યથા અજાણ પ્રગટી રહે અશ્રુમાં.

અરે ! પણ વિદાય આપની નહીં સહી જાય આ,
વ્યથા થતી અસહ્ય બિન્દુ પણ ના વહે આંસુનું;
ઉદાર ઉરમાં અખૂટ જનપ્રેમ તો આપના,
થતાં સ્મરણ એ ભર્યાં દિલથી હું પ્રભુને પુછું:
"કિરીટમહિં તાહરા નહિ જડયું તને રત્ન કે
લીધો 'મણિ' જ છીનવી અમ ગરીબનો આમ તેં ?"

ગીતા

*સાન્ત=નાશવંત

### અંતિમ દર્શન



બ્લોક–જન્મભૂમિના સૌજન્યથી.

જણાવતાં અત્યન્ત ખેદ થાય છે કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આજીવન મંત્રી અને પ્રબુદ્ધ જૈન-નું પ્રકાશન શરૂ કર્યું ત્યારથી તે ચાલુ સાલના ગયા એપ્રીલ માસ સુધીના તંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ ૭૪ વર્ષની ઉમ્મરે લગભગ ત્રણેક વર્ષની અખંડ માંદગી ભોગવીને તા. ૨૫-૭-૫૨ શુક્રવારના રોજ સવારે સાત વાગ્યે અવસાન પામ્યા છે. તેમની સ્મશાન-યાત્રામાં અનેક મિત્રો, સ્વજનો અને પ્રશંસકો સામેલ થયા હતા. તેમને અગ્નિસંસ્કાર આપતાં પહેલાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ, મીલ જીન સ્ટોર્સ મરચન્ટ્સ એસોસીએશનના ઉપ–પ્રમુખ શ્રી. ડાહ્યાલાલ ત્રીભોવનદાસ શાહે, શ્રી. અમૃતલાલ દલપતભાઈ શેઠે તથા શ્રી. ટી. જી. શાહે સદ્‌ગત-ને પ્રસંગોચિત અંજલિ આપી હતી. મણિભાઇના મૃતદેહ સમક્ષ સૌ કોઈ ઉભા હતા. સૌ કોઇના દિલને ન વર્ણવી શકાય એવો શોકાવેગ વ્યાકુળ કરી રહ્યો હતો; મણિભાઇ ગાઢ નિદ્રામાં સ્વસ્થતા-પૂર્વક સુતા હોય એમ લાગતું હતું. તેમની પ્રભાવશાળી મુખમુદ્રાને હજુ મૃત્યુની જાણે કે કોઇ કાલિમા સ્પર્શી ન હોય એવું સ્મિત તે મુદ્રા ઉપર ફરકી રહ્યું હતું. એ સમયનું દૃશ્ય ભારે હૃદયવિદારક હતું.

તે જ દિવસે સાંજના મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો સંઘના કાર્યાલય-માં એકત્ર થયા હતા. સંઘના પ્રમુખે ગદ્‌ગદ્ કંઠે મણિભાઇના અવસાનથી સંઘને કદિ ન પુરાય એવી ખોટનો ભાંગી તુટી ભાષામાં ખ્યાલ આપવા પ્રયત્ન કર્યો હતો. શ્રી. ટી. જી. શાહે તેમજ શ્રી. દીપચંદ ટી. શાહે અશ્રુપૂર્ણ નયનોં વડે પોતાના દિલની વેદના પ્રગટ કરી હતી. સૌ કોઇની આંખો-માંથી આંસુ ટમટમી રહ્યાં હતાં. ઉંડી ગમગીની વચ્ચે અને વિરહ-વ્યાકુળ હૃદયે સંઘની કાર્યવાહક સમિતિએ પોતાના ચિરસાથી અને સહકાર્યકર્તા સદ્‌ગત મણિભાઇને નીચે મુજબના પ્રસ્તાવ દ્વારા અંજલિ આપી હતી.

### પ્રસ્તાવ

"શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ સંઘના પ્રાણસમા શ્રી મણિલાલ મોકમચંદ શાહના અવસાનથી ઉંડી વ્યથાની લાગણી અનુભવે છે. તેમની સેવા અને આર્થિક મદદ જૈન સમાજની અનેક સંસ્થાઓને સ્પર્શતી રહી હતી. જૈન સમાજને એકત્ર બનેલો જેવા તેઓ સતત ઝંખી રહયા હતા અને તે જ કારણે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ વિષે તેમના દિલમાં ઉંડી આત્મીયતા હતા. પણ મુંબઈ જૈન યુવક સંઘના તો તેઓ એક પિતાના સ્થાને હતા. તેઓ સંઘના આદ્યસંસ્થાપક અને જીવનના અન્ત સુધી સક્રિય કાર્યકર્તા હતા. સંઘના આજ સુધીના વિકાસમાં તેમનો અનન્ય ફાળો હતો. વળી સંઘની કોઇ પણ જરૂરિયાતને પહોંચી વળવામાં તેમણે કદિ પાછું વાળીને જોયું નહોતું. આ રીતે મુંબઈ જૈન યુવક સંઘને શ્રી મણિભાઈના અવસાનથી કોઇ કાળે પણ ન પુરાય એવી ખોટ પડી છે.

આજની સભા તેમના પવિત્ર આત્માને પરમ શાન્તિ ઇચ્છે છે અને તેમના પુત્ર શ્રી રમણિકલાલ તથા અન્ય કુટુંબીજનો પ્રત્યે આ સભા ઉંડી સહાનુભૂતિની લાગણી પ્રગટ કરે છે."

# માનવતાની વિરલ વિભૂતિ: મણિભાઈ

આખરે જે દિવસ માથા ઉપર ઝઝુમતો હતો તે દિવસ આવી પહોંચ્યો અને લગભગ ત્રણેક વર્ષની લાંબી માંદગી ભોગવીને મારા નીકટ સાથી, મિત્ર અને મુરબ્બી શ્રી મણિભાઇએ જુલાઇ માસની ૨૫ મી તારીખે સવારે સાત વાગે હંમેશને માટે વિદાયગીરી લીધી. લાંબા વખતની માંદગી, એમાં પણ બે ત્રણ વખત એવી કટોકટી આવેલી કે જ્યારે એમ જ લાગે કે મણિભાઈ હવે વધુ સમય ટકી નહિ શકે—આ રીતે તેમનું અવસાન તેમના માટે શારીરિક પીડા અને હેરાનગતીથી ભરેલા જીવનમાંથી એક રીતે છુટકારા સમાન હતું. અમો મિત્રો અને સાથીઓ માટે પણ મન જેના માટે કેટલાય સમયથી તૈયાર હતું એવી આ આ એક ઘટના હતી. તેથી કોઈ અકાળે એકાએક બનેલી ઘટના જેવો આંચકો આપે તેવો આંચકો આ વખતે મન અનુભવતું નહોતું. આમ છતાં પણ આયુષ્યની છેલ્લી ઘડી સુધી તેઓ અમારા માટે જીવન્ત હતા, સંસારિક બીજી અનેક બાબતોમાંથી તેમણે અમુક અંશે મન વાળી લીધું હતું, પણ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ અને મુંબઇ જૈન યુવક સંઘ—આ બે સસ્થા અને તેની પ્રવૃત્તિઓ તેમની સતત ચિન્તા, પૂછપરછ અને ચર્ચાનો વિષય બની રહેતી હતી. અને આ બાબતમાં તેઓ લગભગ જીવનના છેલ્લા દિવસો સુધી પુરા સજાગ હતા. આને લીધે તેમની માંદગી દરમિયાન તેમને મળવું એટલે તેમની શારીરિક સ્થિતિના ખબર અન્તર પૂછવામાત્રમાં એ મીલન પર્યાપ્ત નહોતું થતું. પણ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહનો ફંડફાળો અને મકાન બાંધકામ, મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહીની નાની મોટી બાબતો, પ્રબુદ્ધ જૈનનું સંચાલન, વાંચનાલય પુસ્તકાલયની વહીવટી વિગતો અને આ બધી પ્રવૃત્તિઓની આર્થિક બાજુ—આવી કંઈ કંઇ બાબતો તેમને મળવાનું બને ત્યારે તેમની સાથે ચર્ચવાની રહેતી અને એ ચર્ચા આડે તેમની માંદગીની વાતો ગૌણ બની જતી. આમ લાંબી માંદગી છતાં હજુ ગઇ કાલે તેમની સાથે આમ વાત થઈ હતી, પરમ દિવસે તેમણે આને મળવાનું કહ્યું હતું, આગલે દિવસે તેમણે આ ઇચ્છા પ્રગટ કરી હતી—એવા અમારી આંખ સામે જીવતા જાગતા મણિભાઇ જાણે કે એકાએક અમને છોડીને ચાલી નીકળ્યા હોય એવો આઘાત તેમના અવસાનની ક્ષણેએ અમારા દિલ ઉપર પેદા કર્યો હતો અને આજે પણ તેમના અવસાનથી જાણે કે પોતાના જીવનનું એક મહત્વનું અંગ સરી પડયું હોય એવું ખાલીપણું—શૂન્યતા—ચિત્ત અનુભવી રહેલ છે અને ન વર્ણવી શકાય એવી વ્યાકુળતા—વેદના હૃદયના મર્મસ્થાનને કોરી રહેલ છે.

આજે એટલું બરોબર યાદ છે કે આજથી લગભગ ૩૫ વર્ષ પહેલાં મણિભાઇએ અને તે વખતના તેમના ભાગીદાર પ્રખર લેખક અને વિવેચક સ્વ. વાડીલાલ મોતીલાલ શાહે મળીને પોતાની પેઢીમાંથી રૂા. ૩૧૦૦૦)નું દાન કરીને મુંબઈ ખાતે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની સ્થાપના કરેલી અને તે સંસ્થાનું ઉદ્ઘાટન ઝાલરા-પટનના મહારાજાના હાથે તા. ૨૪-૬-૧૯૧૭ રવિવારના રોજ કરવામાં આવેલું. તે ઉદ્ઘાટન સમારંભમાં મણિભાઇને જોયેલા અને તેમની આ પ્રવૃત્તિને મનથી ખૂબ આવકારેલી. આ કદાચ મારા માટે તેમને પહેલી વાર જોયાનો પ્રસંગ હોય. પછી તો ૧૯૨૫ થી ૩૦ ના ગાળામાં અયોગ્ય દીક્ષાવિરોધનું આન્દોલન ઉભું થયું અને વધારે ને વધારે જોર પકડતું ગયું, તે વિરોધને ખૂબ વેગ આપવા માટે ૧૯૨૯માં મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના કરવામાં આવી. એ આન્દોલનમાં હું અને મણિભાઇ પ્રારંભથી જ સામેલ થયેલા હોઇને અમારો પરસ્પર સબંધ વધતો ગયો અને એકમેકની વધારે નજીક આવવાનું બન્યું. તેમની આ બાબતમાં ધગશ, નીડરતા અને જે વાત લીધી તેને પુરી નિષ્ટા અને ખંતથી વળગી રહેવાની ટેવ—થાક કે નિરાશા શું તે જાણે નહિ, ઝુંબેશ ચલાવવામાં સદા શુરા—આ તેમની વિશેષતાઓના કારણે તેઓ અમારા સ્વાભાવિક નેતા બની ગયેલા અને અમારૂં દિલ તેમને સદા આદર અને પ્રેમથી નમતું રહેલું. પછી તો ૧૯૩૦-૩૨ની સત્યાગ્રહની લડત આવી અને આ દીક્ષાવિરોધી આન્દોલન નબળું પડયું. મુંબઇ જૈન યુવક સંઘની પ્રવૃત્તિમાં પણ થોડી શિથીલતા આવી. હું પણ તે વિષે કેટલોક સમય ઉદાસીન રહેલો. આમ છતાં મણિભાઇ સાથેના સંબંધમાં કશી પણ મન્દતા આવેલી નહિ. જૈન સમાજને લગતી એક યા બીજી પ્રવૃત્તિમાં સાધરણ રીતે બંડખોર તરીકે અમે સાથે જ હોઇએ એમ બનતું. ૧૯૩૦ માં જુન્નર કોન્ફરન્સમાં અયોગ્ય દીક્ષા વિરૂધ્ધ હીલચાલ ઉભી કરેલી અને તેવી દીક્ષાનો વિરોધ કરતો ઠરાવ કરાવેલો. ૧૯૩૪માં મુંબઇમાં જૈન યુવક પરિષદ ભરી. ૧૯૩૬માં અમદાવાદની જૈન યુવક પરિષદ ભરાઇ અને ત્યાર બાદ મારા નામ સાથે જોડાયલા સંઘબહિષ્કારને લગતું તુમુલ આન્દોલન અને સ્થળે સ્થળે ધમાલ ઉભી થઈ. આ બધા પ્રસંગોએ અમે સાથેના સાથે જ હતા.

આ બધાં વર્ષો દરમિયાન મણિભાઇ મુંબઇ જૈન યુવક સંઘનું કાર્ય એક નિષ્ટાથી આગળ ચલાવી રહ્યા હતા અને હું એ સંસ્થામાં વધારે રસ લેતો થાઉં એમ તેઓ સતત ઇચ્છયા કરતા હતા. ૧૯૩૦-૩૨ની લડતના પરિણામે જે નવી રાષ્ટ્રવાદી વિચારસરણિ પેદા થઇ હતી તેને અનુરૂપ સંઘના બંધારણની નવરચના કરવા પ્રસંગોપાત્ત મણિભાઈનું મેં ધ્યાન દોર્યું. વળી આજ સુધી સંઘ એક જ ફીરકાની સંસ્થા હતી તેના બદલે જૈન સમાજની એકતાને કેન્દ્રમાં રાખીને બધા ફીરકાના યુવકો આ સંઘમાં દાખલ થઈ શકે એવી વ્યવસ્થા ઉભી કરવાની આવશ્યકતા તરફ મેં તેમનું લક્ષ્ય ખેંચ્યું. આ બન્ને વાત તેમણે સહજભાવે સ્વીકારી. તેમના સાથ અને સહકાર વડે મુંબઇ જૈન યુવક સંઘના બંધારણનું પુનર્વિધાન કર્યું અને ત્યારથી તેમની સાથે ખૂબ ગાઢપણે જોડાઇને—સંકળાઇને—સંઘની પ્રવૃત્તિનું સંચાલન કરવાનો અમારો સહયોગ શરૂ થયો. હું પ્રમુખ અને તેઓ મંત્રી એમ કેટલાય વર્ષો સુધી સંઘના અધિકારપદ ઉપર ચાલુ રહ્યા. ૧૯૩૯માં પ્રબુધ્ધ જૈન શરૂ કર્યું. એ પણ અમારી સહયોગી પ્રવૃત્તિ બની રહી. ૧૯૪૦ ના ઑગસ્ટ માસમાં સંઘના સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયની સ્થાપના કરી. પર્યુષણ વ્યાખ્યાનમાળા તો વર્ષો પહેલાંથી ચાલતી જ હતી. તે પ્રવૃત્તિ પણ વધારે ને વધારે વિકસિત અને લોકપ્રિય બનતી રહી. મુંબઇ જૈન યુવક સંઘના પ્રારંભકાળની પ્રવૃત્તિઓ તીવ્ર આંદોલન જગાડવા પાછળ અને તદ્લક્ષી વેગવાન પ્રચારકાર્ય હાથ ધરવા પાછળ કેન્દ્રિત થયેલી હતી. મારૂ લક્ષ્ય મુંબઇ જૈન યુવક સંઘને એક સંસ્કારલક્ષી, એકતાપ્રેરક, સર્વધર્મ સમભાવસમર્થક, અને જૈન સમાજની વિચારણામાં ઉદારતા અને ઉદાત્તતા આવે એવી વિચારસર્જક સંસ્થા બનાવવા તરફ હતું અને રહ્યું છે. મારા આ લક્ષ્યને મણિભાઈ બરોબર સમજ્યા હતા, સ્વીકાર્યું હતું અને તેને પાર પાડવામાં તેમણે હંમેશા પુરો સાથ આપ્યો હતો. મારી અને અન્ય સભ્યો વચ્ચે મણિભાઈ હંમેશાં એક સાંકળ જેવા હતા. તેમને આજની ઉચ્ચ કેળવણીનો લાભ નહોતો મળ્યો. એમ છતાં કાળપ્રવાહને પરખવાની તેમનામાં એક અન્તઃપ્રેરિત સુજ હતી. તેથી કોઈ પણ નવી વાત, નવો વિચાર, નવુ પ્રસ્થાન તેઓ સહજ પણે સ્વીકારતા, આવકારતા, ઉપાડી લેતા. કોઇ કોઇ વાર તો મારા કરતાં તેઓ બે ડગલા આગળ જવાને તૈયાર હોય એમ હું જોતો અને ચકિત થતો. પ્રારંભમાં તેમનું ધ્યાન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજના પ્રશ્નો ઉપર કેન્દ્રિત હતું, પણ

## સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના મકાનના તા. ૨૧-૫-૫૨ના રોજ કરવામાં આવેલા ખાતવિધિ સમારંભનાં દૃશ્યો.




(૧) સભામંડપ (૨) પ્રમુખ સ્થાને શ્રી કેદારનાથજી તથા બાજુએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ (૩) મણિલાલ મોકમચંદ શાહના હાથે ખાતવિધિ (૪) સમારંભ સભા.

વય અને અનુભવ વધવા સાથે તેમનું દિલ વધારે ને વધારે વિશાળ બનતું હતું. સમયાન્તરે સમસ્ત જૈન કોમની એકતા ઉપર જ તેઓ ખૂબ અને ખૂબ ભાર મૂકતા થયા હતા અને એ પણ કોઈ કોમી ભાવનાથી નહિ પણ સંકીર્ણતામાંથી વિશાળતા તરફ પ્રગતિ સાધતા રહેવાની તેમની ચિત્તવૃત્તિથી જ પ્રેરાઇને તેઓ આગળ અને આગળ ડગલાં ભર્યે જતા હતા. અને રાષ્ટ્રની આઝાદી વિષે પણ તેઓ એટલી જ ઉંડી તમન્ના ધરાવતા હતા. આમ ૩૦ થી ૩૫ વર્ષના વિશાળ પટ ઉપર અમારો સંબંધ પથરાયલો હતો. જાહેર જીવનના, સામાજિક વર્તુળના, સંસ્થાના વહીવટના અનેક પ્રશ્નો સામે આવ્યા અને ઉકેલ્યા. એ દરમિયાન અનેક સાથે મતભેદ પડ્યા, અને કદિ કદિ કોઇ કોઈ સાથે મનદુઃખ થયું. પણ મણિભાઈ સાથે ન કદિ મતભેદ પડયો, ન કદિ મનદુઃખ થયું. મુંબઇ જૈન યુવક સંઘના ૧૯૩૮માં કરવામાં આવેલા નવવિધાન બાદ હું, મણિભાઇ અને ભાઇ વ્રજલાલ મેઘાણી એવી અમારી એક ત્રિપુટી બની ગઇ હતી. અમે એકમનથી વિચારતા, એક વાણીથી બોલતા. અમારૂં કાર્ય એકમેકનું પૂરક અને પોષક હતું. મારે મન એ બન્ને મારી ચાલનાશક્તિઓ હતી. એમની એક શક્તિ ભાઇ મેઘાણીના ૧૯૪૭માં નીપજેલા અકાળ અવસાન સાથે ખોટકાણી, બીજી શક્તિ ભાઇ મણિભાઇના તાજેતરમાં નીપજેલી અવસાન સાથે નષ્ટ બની. આમ જીવનના ચિરસાથીઓના એક પછી એક નીપજતા પરલોકગમનથી ઘટ્ટ બનતી જતી એકલપણાની વૃત્તિ દુઃસહ બને છે અને પરિણામે જીવનમાંથી રસ ઉત્સાહ કમી થતો જાય છે.

મણિભાઈના મૃત્યુથી આજે અનેક મિત્રો, ભાઇઓ અને બહેનો ઉંડા શોકની લાગણી અનુભવે છે. તો એવું તે તેમના વ્યક્તિત્વમાં શું હતું કે જેણે અનેકના દિલમાં આટલો વિપુલ પ્રેમ અને આદર જગાડ્યો હતો? તે કોઇ અસાધારણ માનવી નહોતા. તેમનામાં કોઈ લોકોત્તર બુધ્ધિવૈભવ નહોતો. તેમણે દેશ કે સમાજના જીવનમાં એવી કોઈ ઉથલપાથલ કરી નહોતી. તેઓ એક આપણી જેવા અદના માનવી હતા. ભણતરમાં પણ ખાસ આગળ ધરી શકાય એવું કશું નહીં. વ્યાપાર એ તેમના જીવનનો મુખ્ય વ્યવસાય હતો. બહુ નાની ઉમ્મરે તેમણે ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો. આઠ દશ વર્ષના લગ્નજીવન બાદ તેમના પ્રથમવારનાં પત્ની એક પુત્ર તથા પુત્રી મૂકીને ગુજરી ગયા. બીજી વાર લગ્ન કર્યાં અને તે પણ મણિભાઇની ૪૦ વર્ષની ઉમ્મરે તેમને છોડીને તેમ જ પાછળ પાછળ આગલા ઘરની પુત્રીને લઇને ચાલી નીકળ્યાં. આમ સામાન્ય મધ્યમવર્ગના કોઈ પણ માનવીના જીવનમાં અને તેમના જીવનમાં કોઇ મોટો તફાવત નહોતો,

આમ છતાં પણ અસાધારણ સંવેદનશીલ હૃદય એ તેમની અનુપમ વિશેષતા હતી. એ વિભૂતિની પ્રેરણા અને બળ ઉપર તેમનું અંગત તેમ જ જાહેર જીવન રચાયું હતું. સમાજના સુખદુઃખ સાથે તેમણે અપૂર્વ આત્મીયતા સાધી હતી. સમાજમાં ચાલતા અન્યાય, આપખુદી, અધર્મ, અસત્ય, પાખંડ સામે તેમનો અન્તરાત્મા સદા ઉકળી ઉઠતો અને તેનો સામનો કરવા, તેનું નિવારણ કરવા, તેઓ સદા કટિબધ્ધ રહેતા.

સૌ કોઈ દેશનેતા થવા સરજાતું નથી. દરેક વ્યક્તિનું કાર્યક્ષેત્ર તેને મળેલી કેળવણી, આર્થિક પરિસ્થિતિ, માનસિક અભિનિવેશો અને કૌટુંબિક સંયોગો મુજબ નિર્માણ થાય છે, સહજપણે સરજાય છે. આખરે માનવીજીવનનું સાચું મૂલ્ય તેના કાર્યક્ષેત્રના વિસ્તાર ઉપરથી કે વ્યાપક ઉથલપાથલથી નહિ પણ પોતાના ભાગે જે કાર્યક્ષેત્ર આવ્યું તેમાં તેણે કેવો ભાગ ભજવ્યો છે એ ઉપરથી જ નક્કી થઈ શકે છે. આ રીતે મણિભાઈના ભાગે આવેલા કાર્યક્ષેત્રને તેમણે સેવા અને પુરૂષાર્થ વડે અજવાળ્યું હતું. ધંધામાં તેમણે અનેકવાર ચડતી અને પડતી જોઈ હતી પણ તેમના દિલની ઉદારતાને, અનુકંપાને, સેવાવૃત્તિને લેશ માત્ર ક્ષતિ પહોંચી નહોતી. જાહેર જીવનમાં તેઓ સદા ખડા પગે રહેતા, જે કાંઇ મનમાં આવ્યું તે કરી છુટે નહિ ત્યાં સુધી જંપ વાળીને બેસે નહિ, કે સાથીઓને બેસવા દે નહિ એ તેમનો સ્વભાવ હતો. કોઈ પણ વિચારને પકડયા પછી કોઇથી પણ નમાવ્યા નમે નહિ એવી તેમની પકડ અને નિડરતા હતી. અંગત જીવનમાં નાતજાતના ભેદ સિવાય જે સમીપ આવ્યું તેનું બને તે કરી છૂટવું, એ તેમની પ્રકૃતિ હતી. મદદ માટે ગયેલો માણસ ભાગ્યે જ તેમના દ્વારેથી પાછો ફર્યો હોય. ગરીબની ગરીબાઇ જોઇને તેમની આંતરડી કકળી ઉઠતી અને તેને મદદરૂપ થવા માટે તેમનો હાથ સદા લંબાયલો રહેતો. કોઈ પણ માણસની અગવડો કે વિપરીત સંયોગોની તેમની પાસે વાત કરીએ તો તેમનો પ્રશ્ન એક જ હોય કે "કહો હું તેને શી રીતે ઉપયોગી થઈ શકું?" અને સો બસો જે માંગો તે તમને મળ્યું જ હોય. અંગત સંબંધોમાં તેમની મમતાને કોઈ સીમા નહોતી. જેને પોતે સ્વજન માન્યા—અને આ સ્વજનોની સંખ્યા કંઇ નાની સુની નહોતી—તે સ્વજનની દરેક ચિન્તા—આર્થિક, વ્યાપારવિષયક, છોકરાં છોકરીને લગતી—તેમને વળગેલી જ હોય. આમ મારી જેવા અનેકના તેઓ વાસ્તવિક અર્થમાં મુરબ્બી હતા અને અમારા સન્તાનોનાં તેઓ 'મણિકાકા' હતા.

તેઓ કોઇ લોકોત્તર પુરૂષ નહોતા. રાગદ્વેષથી પર કે કોઇ સ્થિતપ્રજ્ઞ નહોતા. પ્રકૃતિની અસમતાથી તેઓ મુક્ત નહોતા. નહોતા

તેઓ મોટા ધનવાન કે નામી વ્યાપારી, નહોતા કોઇ ત્યાગી કે યમનિયમધારી. તેઓ નીતાન્ત માનવી હતા. ભગવાને સોનાનું તેમને હૃદય આપ્યું હતું. તેઓ ઘણીવાર મારા જેવા મિત્રો સાથીઓ ઉપર ખીજાતા ચીડાતા, અમને કદિ કદિ ધમકાવતા પણ ખરા. પણ એ પાછળ એમનું ઉંડા પ્રેમથી ધબકતું હૃદય હતું, અમારી આળસ કે પ્રમાદને ન સહી શકનારી તેમની અધીરાઈ હતી. આપણી જ જેવા નાની મોટી નબળાઇથી ભરેલા છતાં પણ તેમના હૃદયની ઉદારતા, પ્રેમવત્સલતા, કરૂણામયતા, તેમ જ અધર્મ, અસત્ય તથા પાખંડ તેમ જ પ્રમાદની સામેની અસહિષ્ણુતાનો વિચાર કરીએ છીએ ત્યારે તેની અને આપણી વચ્ચેના મહદ્ અન્તરનો ખ્યાલ આવે છે અને આપણું—આપણો સમાજ—કેવા અણમોલા માનવીરત્નથી વંચિત થયો છે એ વિચાર આપણા મનને ઉંડી ગમગીનીમાં ડુબાડી દે છે. તેમણે કેટલાય તરસ્યાને પાણી પાયું છે, ભુખ્યાને અન્ન આપ્યું છે, નવસ્ત્રાને વસ્ત્રોથી ઢાંકયા છે, નિરાશાને છેલ્લે તળીએ બેઠેલાને આર્થિક સહારો આપીને ઉભા કર્યા છે, અને સાથે સાથે સામાજિક બદીઓ કુપ્રથાઓ, આપખુદી અને અન્યાય સામે પણ ખૂબ ઝુઝયા છે. અને એમ છતાં તેમના મન, વાણી અને વર્તનને અભિમાનનો અંશ સરખો સ્પર્શ્યો નથી, નરસિંહ મહેતા ગાઈ ગયા છે કે "વૈષ્ણવ જન તો તેને કહીએ, પીડ પરાઇ જાણેરે, પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણેરે" આપણા મણિભાઇ આવા જ એક વૈષ્ણવ જન, પ્રભુના માણસ, હતા એમ કહેવામાં આપણે જરા પણ અત્યુકિત નથી કરતા.

આમ મણિભાઇ વિષે ચિત્ત ઉપર પડેલા સંસ્કારોને શબ્દમાં આલેખવા જતાં તેનો જલ્દિ છેડો આવે એમ નથી. આજે જયારે દુનિયા સ્વાર્થ અને લોભના પાશમાં સપડાયેલી છે અને માનવજાત નૈતિક અધોગતિ અને હૃદયશૂન્યતા તરફ ઘસડાઇ રહી છે ત્યારે મણિભાઇ જેવી માનવ વિભૂતિનું અસ્તિત્વ આપણામાં એક વિશ્વાસ અને શ્રધ્ધા પેદા કરે છે. જેમ આપણે ત્યાં સાધુ સંતોની પરંપરા ચાલતી આવી છે તેમ સમાજનિષ્ટ ગૃહસ્થોની પણ એક પરંપરા ચાલતી આવી છે. સાધુસન્તોની પરંપરા જગતને આત્માભિમુખ રાખવાનો પ્રયત્ન કરે છે; સમાજનિષ્ટ ગૃહસ્થ વ્યકિતઓ જગતની સુકાતી વાડીને લીલી રાખે છે, કાંટા ગોખરૂ દૂર કરીને જગતના સુખ સ્વાસ્થ્યમાં વધારો કરવા પ્રયત્ન કરે છે. આ સમાજનિષ્ટ ગૃહસ્થોની પરંપરામાંના મણિભાઇ એક હતા. તેઓ ધન કમાયા પણ દાન આપવા માટે. તેમણે પોતાનું જીવન જગતમાં એટલે કે વિધાતાએ તેમના માટે જે એક નાનો ખુણો નિર્માણ કર્યો હતો તે ખુણાને અજવાળવા પાછળ, તેમાં સુખ અને સ્વાસ્થ્યની શકય તેટલી વૃધ્ધિ કરવા પાછળ ખરચ્યું અને એ રીતે પોતાની જાતને ધન્ય કરી ગયા. સાધુસંતોના પગલે આપણે બધા ચાલી નહિ શકીએ, પણ મણિભાઇના પગલે ચાલવાનું આપણા માટે તદ્દન શકય છે. આપણે એમના માર્ગે આપણા જીવનને ઘડીએ, જનતાની બને તેટલી સેવા કરીએ, જયાં જયાં અસત્ય અન્યાય દેખાય ત્યાં ત્યાં આપણે તેનો સામનો કરી તેનું નિવારણ કરીએ, દુઃખવ્યાકુળ દુનિયાને આપણાથી બને તેટલી રાહત આપીએ અને એ રીતે એ ઉદાત્ત આત્મા સાથેના આપણા સંબંધને ચરિતાર્થ કરીએ!

**પરમાનંદ**

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

તા. ૧૭ ઓગસ્ટ રવિવારથી તા. ૨૫ ઓગસ્ટ રવિવાર સુધીની યોજાઈ રહેલી વ્યાખ્યાનમાળાની સભાઓ ફ્રેંચ બ્રીજ ઉપર આવેલા **બ્લેવાટ્સ્કી લોજમાં** ભરવામાં આવશે. ચાલુ ક્રમ" મુજબ દરેક સભા સવારના ૮।। વાગે શરૂ કરવામાં આવશે. તા. ૨૪-૯-૫૨ ના રવિવારની સાવંત્સરિક સભા ક્વીન્સ રોડ ઉપર આવેલા **રોકસી થીએટરમાં** સવારના ૯ વાગે શરૂ કરવામાં આવશે. આ વખતની વ્યાખ્યાનમાળામાં પંડિત સુખલાલજી પ્રમુખસ્થાને બીરાજશે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## શ્રી. અંબાલાલ પુરાણીનું વ્યાખ્યાન

તા. ૨૪-૭-૫૨ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે બોલાવાયલી જાહેર સભામાં શ્રી. અરવિન્દના અન્તેવાસી શ્રી. અંબાલાલ પુરાણીએ 'સાવિત્રી' ઉપર વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. અને એ વ્યાખ્યાન દ્વારા તેમણે 'સાવિત્રી' મહાકાવ્ય પાછળ શ્રી. અરવિન્દના ભવ્ય જીવનદર્શનની ઝાંખી કરાવી હતી અને તેના અનુષંગમાં કાવ્ય, સાહિત્ય, તત્વજ્ઞાન તેમજ અધ્યાત્મને લગતી અનેક બાબતો ચર્ચી હતી.

## અન્તિમ મીલન



ડાબી બાજુથી:— (૧) શ્રી. રતીલાલ સી. કોઠારી (૨) શ્રી. ભીખાભાઈ ભુદરદાસ કોઠારી (૩) શ્રી. તારાચંદ એલ. કોઠારી (૪) શ્રી. ટી. જી. શાહ (૫) શાહની પાછળ શ્રી. જયંતિલાલ લલ્લુભાઈ પરીખ (૬) શ્રી. ધીરજલાલ ધનજીભાઈ શાહ (૭) શ્રી. અમૃતલાલ દલપતભાઈ શેઠ (૮) મણિભાઈનો ઘાટી ભાઇ લક્ષ્મણ (૯) શ્રી. રમણિકલાલ મણિલાલ શાહ (૧૦) મહેતાજી પ્રમોદભાઈ (૧૧) શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા (૧૨) શ્રી. શાંતિલાલ મગનલાલ શાહ (૧૩) મણિભાઈનો ડ્રાઇવર ભાઈ હરગોવિંદ (૧૪) શ્રી. દીપચંદ ત્રી. શાહ (૧૫) શ્રી. મહેન્દ્ર કમળશંકર જોશી. ફોટો: જન્મભૂમિના સૌજન્યથી.

# સ્વ. મણીભાઈના જીવનની ઝરમર

લેખક:– તારાચંદ કોઠારી

ઈ. સ. ૧૯૧૦–૧૫માં શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજની સેવાનું કામ કુદરતે જાણે સિંહ રાશીને સોંપ્યું. જ્યાં જુઓ ત્યાં 'મ' નામવાળા જ કાર્યકરતા જણાતા અને પછી લોકો એ જુથને 'મમ્મા' પાર્ટી કહેતા થયા. શ્રં. મોહનલાલ દલિચંદ દેશાઇ, શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીયા.શ્રી. મકનજી જુઠ્ઠાભાઇ મ્હેતા, શ્રી. મણીલાલ બાલાભાઇ નાણાવટી, શ્રી. મણીલાલ મહોકમચંદ શાહ, ઇત્યાદિ.

એકે જૈન સાહિત્યને પ્રકાશમાં આણ્યું, બીજાએ મહાવીર જૈન વિદ્યાલયને સાચવ્યું અને વિકસાવ્યું, એકે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહને સ્થાપ્યું અને છેવટ સુધી સાચવ્યું અને બીજાએ નાણાકીય, ક્ષેત્રે નામના મેળવી.

x x x

જૈન સમાજમાં એક પ્રખર વિચારક પેદા થયો. એની શૈલી અને વિચારોની રજુઆતે ગુજરાતી સાક્ષરોમાં એને સ્થાન અપાવ્યું. શ્રી. મણીભાઇએ એમની મૈત્રી સાધી. સમાજની સાથે બાથ ભીડનારને એની આર્થિક બાજુ નરમ કરી મૂકે તો એ ઝાઝો વખત ટકી શકે નહિ અને પછી એને કહેવાનું એ સ્પષ્ટ કહી ન શકે. માટે એને આર્થિક મુંઝવણ ન રહે એ જોવું જોઇએ, કે જેથી એનો ક્રાન્તિનો માર્ગ સરળ બને. આ ભાવનાથી ઉદારચિત્ત મણીભાઇએ એમને પોતાના ધંધામાં અર્ધા ભાગીદાર બનાવ્યા.

x x x

મુંબઇ જૈન યુવક સંઘ સ્થપાયો. એની શરૂઆતની પ્રવૃતિ બાળદીક્ષા માટે ભગાડાતાં બાળકોને બચાવવાની અને એના કુટુંબીજનોને મદદ કરવાની હતી. સંસ્થા પાસે પૈસા મળે નહિ અને બાથ ભીડવાની લક્ષ્મિનંદનોની સ્હામે–જેઓ ધર્મ બચાવવાના લોભાર્થે પોતાના ને અંધશ્રધ્ધાળુ જૈનોના લાખો ખર્ચવાની શકિત ધરાવતા. શ્રી મણીભાઇની પોતાની આર્થિક સ્થિતિ પણ એ વેળા સારી ન હતી. ઘેર તકલીફો વેઠતાં છતાં એમણે યુવક સંઘનાં કાર્યકરોને નાણાંની ભીડ કદિ ન પડવા દીધી–પોતે આપ્યા કે કયાંકથી મેળવી આપ્યા.

x x x

મુંબઇ જૈન યુવક સંઘની ઉદ્દામ પ્રવૃત્તિઓમાં જુદાં જુદાં માણસો જુદાં જુદાં કારણે રસ લ્યે છે. અને શકય તેટલી સહાય તન, મન અને ધનથી કરે છે. પ્રસંગો પેદા થાય ત્યારે કોઇક પોતાનું ધાર્યું કરાવવા માગે પરંતુ એવી કોઇ બાબતમાં ગમે તેટલો સરસ સહાયક હોય તો પણ અયોગ્ય વાત હોય તો યુવક સંઘ નમતું ન આપે–શ્રી. મણીભાઇ નમતું ન આપવા દે....અને આમ યુવક સંઘના શુભેચ્છકો જેમ જેમ બદલાતા જાય તેમ તેમ શ્રી. મણીભાઇની સંઘની પ્રવૃતિઓ ચાલુ રાખવા માટે જોઇતાં નાણાં એકઠા કરવાની મહેનત પણ વધતી જાય. પણ એની એમણે કદી પરવા કરી નહિ. ઘરનો ભોગ આપ્યો પરંતુ નતમસ્તકે એમણે કોઇની પાસે 'આજીજી' કરી નહિ.

x x x

મિલ જીન સ્ટોર્સના એમના ધીકતા ધંધામાં મંદિ આવી–એ દેવાદાર બની ગયા પણ એમની નિષ્ઠા એવી હતી કે કોઇ વેપારીએ એમને હેરાન ન કર્યા. પાછી ભરતી આવી. બધું દેવું આપ્યું–કાયદાની મુદત ઓળંગી ગેરકાયદે બનેલું દેવું પણ આપ્યું. એ ધંધાના મંડળે એમને પ્રમુખપદ આપ્યું. વૃધ્ધાવસ્થાની માંદગીના કારણે એમણે પોતે છોડયું ત્યાં સુધી એના પ્રમુખ રહ્યા.

x x x

એમના ધંધામાં જ્યારે ઓટ આવી ત્યારે એક નિકટના ને ન્હાનપણના મિત્રનું દેવું હતું. મિત્રે કહ્યું કે મને બાકી કહાડી આપો હું એનો ઉપયોગ કરી, તમારી તકલીફ નહિ વધારૂં. એનું લ્હેણું તો આપવાનું જ હતું એટલે શ્રી. મણિભાઇએ એને તરત બાકી કહાડી આપી. બસ એટલી જ વાર હતી. મિત્રે લ્હેણું વસુલ કરવા એમને નોટીસ આપી અને કોરટે ગયા. કયાંકથી ઉધાર મેળવી, શ્રી. મણિભાઇએ એ મિત્રનું લ્હેણું ભરી દીધું...અને છતાંય એ મૈત્રી જાળવી રાખી.

x z x

એક જૈન સાધુએ સાધુવેશ છોડી દીધો હતો. તેઓ યુવક સંઘની પ્રવૃતિઓમાં કામે લાગી જવા માગતા હતા પરંતુ એમના નિર્વાહની ચિંતા કોઇએ ઉપાડવાની હતી. શ્રી. મણીભાઇએ એમને ચિંતામુકત કર્યા–એ સમયે કે જ્યારે એમને પોતાને ઘરખરચમાં પણ તકલીફ વેઠવી પડતી હતી.

x x x

'યુનાઇટેડ જૈન સ્ટુડન્ટસ હોમ' અથવા સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ એમણે અને સ્વ. વાડીલાલ મોતીલાલ શાહે ઉભું કર્યું. જ્યારે સૌ પોતપોતાની જ્ઞાતિઓ કે ફિરકાઓ માટે સંસ્થાઓ ઉભી કરતા હતા ત્યારે જૈનોના તમામ ફિરકાઓ માટે–સમસ્ત જૈન કોમના વિદ્યાર્થીઓના વિકાસ માટે આ સંસ્થા એમણે ઉભી કરી, એટલું જ નહિ પણ એમની એ વેળાની શકિતની ઉપરવટ જઇ રૂા. ૩૧૦૦૦ જેવી મોટી રકમ પોતાની પેઢીમાંથી આપી. લડાઇએ પૈદા કરેલા આજના ફુગાવામાંય આ રકમ મોટી લાગે પણ ઇ. સ. ૧૯૧૭ ના સમયમાં આ રકમ ખૂબ મોટી ગણાય તેવી હતી.

વચગાળાનો સમય યુવકસંઘની પ્રવૃત્તિઓમાં ગાળ્યો. એમને લાગ્યું કે યુવકસંઘની પ્રવૃત્તિઓ તો હવે ચાલ્યાં કરે છે એટલે પાછું એમણે મન વાળ્યું સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના વિકાસ પર. એનું પોતાનું એક મકાન થાય તો થોડાક વધુ વિદ્યાર્થીઓને રાખી શકાય–અને સારી રીતે રાખી શકાય. પોતે રકમ ભરી અને ઘેર ઘેર ફરી ફંડ એકઠું કરવા લાગ્યા. વચમાં માંદગી એમની ખબર લઇ ગઇ. એમને થયું કે વધતી જતી અશકિત ફંડ અધુરૂં રખાવી દેશે–મારે ઝડપ કરવી જોઇએ. એમણે આમ આ જ કાર્ય માટે મોટર વસાવી અને બે અઢી લાખ રૂપીયા ભેળા કર્યાં. 'હવે મારા જીવતાં પાયો નંખાવી મકાન પુરૂં કરી નાખો અને મકાન બનેલું જોઇ હું જાઉં' જે સંસ્થાને તેના ઉદ્‌ઘાટન પ્રસંગે ઇ. સ. ૧૯૧૭માં પુ. મહાત્માજીએ હાજર રહી, આશિર્વાદ આપ્યા હતા તે સંસ્થાના મૂળ ઉત્પાદક–શ્રી મણીભાઇએ પૂજ્ય પુરૂષ શ્રી. કેદારનાથજીના પ્રમુખપદે મળેલા મેળાવડામાં સંસ્થાના મકાનનો પાયો નાખ્યો. 'હવે ? પાયો તો નંખાયો, મકાન કયારે શરૂ થશે? કયારે પુરૂં થશે ? શા શારૂ વિલંબ થયાં કરે છે ?'– આ છેલ્લી ઘડી સુધીના, પથારીની પાસે ઉભેલાંઓને એમના પ્રશ્નો હતા.

x x x

પહેલી માંદગી આવી. પંદર વર્ષ લગી, યુવકસંઘના કામો માટેની આર્થિક જવાબદારીઓ એકધારી ઉપાડેલી એટલે માનતા હતા કે એમના બીજા સાથીઓમાં નાણાં લાવવાની ફાવટ એમના પ્રમાણમાં ઓછી હતી. 'યુવકસંઘ નાણાંના અભાવે અટકી તો નહિ જાયને ?' એમણે યુવકસંઘને એક સરસ રકમ આપી. સાજા થયા એટલે થોડો વધુ ફાળો કરી આપ્યો. નવું કંઇ ન આવે તો દશેક વર્ષ ચાલે એટલી સગવડ કરી આપી.

x x x

બીજી માંદગી આવી. 'શું કરૂં ? તમારે શામાં જોઇએ છે ?' એમને કહેવામાં આવ્યું કે આપણા સાર્વજનિક પુસ્તકાલયને નાણાંની જરૂર છે. મિત્રોએ એમને એમની સેવાની કદરરૂપે પુષ્પાંજલિ આપતી 'પર્સ'. આપી. એમણે અંદર સારી રકમ ઉમેરી પુસ્તકાલયને પર્સ આપી દીધી. પુસ્તકાલયની તાત્કાલીન જરૂરીઆતો મળી રહી.

આજે એમના નામને દિપાવતું, એમનું સદા સ્મરણ આપતું સાર્વજનિક પુસ્તકાલય વાંચનાલય જ્ઞાનની પરબ બની રહ્યું છે. સેંકડો માણસો એનો લાભ લે છે.

આ પુસ્તકાલય વિકાસ માગે છે, કોઇ સખી ગૃહસ્થોની એ રાહ જોઇ રહ્યું છે.

x x x

યુવકસંઘની વ્યાખ્યાનમાળા ચાલી રહી છે. ન્હાનાં મોટાં સૌ કાર્યકરો વ્યાસપીઠ પર શોભી રહ્યા છે. પણ આ બધાંના મુગટ શિરોમણિ કયાં ? મણીભાઇ કયાં ? કેમ વ્યાસપીઠ પર જોવાતા નથી ? અરે, એ તો આનંદભવનનાં સભાગૃહની બહાર ઓસરીમાં, જ્યાં લોકોએ ઉતારેલાં જોડાંઓનો સાગર પથરાયલો પડયો છે ત્યાં, ટેબલ પાસે બેઠી, યુવકસંઘની પ્રવૃત્તિઓ વર્ષ ભર ચાલે તે માટે ફાળો ઉઘરાવતા બેઠા છે. પ્રત્યેક વર્ષની વ્યાખ્યાનમાળાના પ્રત્યેક દિવસનો આ પ્રસંગ છે.

......અને મને યાદ આવે છે મથુરાજીનું એક મંદિર. એના બંધાવનારે એમાં પોતાની તકતી મારી નથી. પોતાનાં યશોગાન ગાતાં કર્મ-ગીતો લખાવ્યાં નથી, ફોટા રખાવ્યા નથી, એનાં બંધાવનાર પતિ-પત્નીએ ઓટલા પરની લાદીમાં એમની તસ્વીરો અંકિત કરાવી છે, એવી જગ્યાએ કે જેના ઉપર થઈ હજારો યાત્રાળુઓ ચાલે છે. એ તસ્વીરો નમ્રભાવે જાણે કહેતી જણાય છે કે 'યાત્રાળુઓ ! તમારા પગની રજથી અમારૂં જીવન ધન્ય બને છે—એ રજથી અમે બડભાગી બનીએ છીએ.'

x x x

આવાં માણસ જેણે જોયા હોય તે બતાવજો. તમને મદદ કરવા, તમને તન મન અને ધનથી મદદ કરવા ઉલટભેર રોજ દોડતા આવે. તમારે કહેવું ન પડે, એ તમને કહેતા આવે. શ્રી. મણીભાઇ એવા માણસ હતા. ત્રણ કામની એમને ઝંખના હતી: ૧. દુઃખીને મદદ કરવાની, ૨. કેળવણીના ક્ષેત્રે કોઈ સંસ્થાને કે વિદ્યાર્થીને મદદ કરવાની, ૩. સમાજમાં ક્રાંતિ લાવવાની.

પૂછજો કોઇ એમના સાથીને નહિ, માત્ર ઓળખીતાને પણ: એકેય પ્રસંગ તમને એમના લાંબા જીવન દરમ્યાનમાં એવો નહિ મળે કે જ્યારે એમણે ઉપરનાં ત્રણમાંના કોઈ પણ કામને મદદ કરવાની ના કહી હોય.

ને પૂછજો એમના સાથીઓને કે વગર માંગ્યે તમને એમણે તમારી આવી પ્રવૃત્તિઓમાં કેટલી હુંફ આપી છે ?

x x x

મણિભાઈની ત્રણ વર્ષ પહેલાંની છબી.



ભાઇ નરેન રાવળના સૌજન્યથી

એમના મિત્રો કોણ છે ? ન્હાનપણના કે ધંધાના જે હોય તે ભલે. બાકી બધા કોઇને કોઇક ક્ષેત્રે સમાજોપયોગી પ્રવૃત્તિઓ કરનારા. એમને લાગે કે આ માણસ સારૂ લોકોપયોગી કામ કરે છે તો એને આપ્તજન બનાવી દેવાના. એની રોજ ખબર પૂછવાના, એના કુટુંબની ખબર રાખવાના, એની ચિંતામાં ભાગ પડાવવાના અને બોલાવી બોલાવીને એની સતપ્રવૃતિને ઉત્તેજન આપવાના અને ઝાંખી પડતી પ્રવૃતિને ફુંક મારી સતેજ કરવાના, એને હુંફ આપવાના, જરૂર પડે ત્યારે એને પોતાને માટે કે એની પ્રવૃતિઓને તન મન ધનથી મદદ કરી છૂટવાના.

બાળપણના ને ધંધાદારી મિત્રો માટે પણ એમના ઉત્કર્ષ માટે બને તે કરી છૂટવાના.

મોટા છે, પ્રતિષ્ઠિત છે, એ બધાં—એટલે નિરાધાર બની રડતાં નથી પણ એમના જીવનમ થી શ્રી. મણીભાઇના જવાથી કાંઇક ખોવાયું છે જે પાછું આવવાનું નથી એવું ખાલીપણું એ બધાં અનુભવી રહ્યાં છે ને દુઃખી થઇ રહ્યાં છે.

x x x

એ નમ્ર સેવક હતા. કદિ કોઇ વ્યાસ પીઠપર એ મોખરે બેસતા નહિ. કોઇ સભાના પ્રમુખ થતા નહિ. જૈન યુવક પરિષદના પ્રમુખ થવા માટે એમને ઘણીવાર કહેવામાં આવ્યું હતું—પણ એ કદિ સહમત થયા નહિ. યુવકસંઘના પ્રમુખ કે ઉપપ્રમુખ થવાનું એમને કહેવામાં આવ્યું હતું પરંતું એમણે 'આજીવન મંત્રં' રહેવાનું જ પસંદ કર્યું બીજાંનેઆગળ ધરીને, અન્યના ઉત્કર્ષમાં એ આનંદ લેતા.

પુજ્ય કાકાસાહેબ કાલેલકરે એમને માટે એકવાર કહ્યું હતું તેમ, એ 'પાયાના ચણતરમાંની પ્હેલી ઇંટ બનવાનું જ પસંદ કરતા હતા'

જાહેરજીવનમાં ઉદ્દામ વિચારસરણીથી કામ કરનારના વિરોધીઓ હોય છે. એવું કામ કરનાર કેટલાંકને પોતાના વિરોધી માને છે. પ્રસંગો પુરતાં જ જૂદી છાવણીમાં ભલે હોય, પરંતુ એ પ્રસંગો વીત્યા પછી, શ્રી. મણીભાઇના મનમાં કોઈના વિષે વિરોધની લાગણી રહી હોય એવું જાણમાં નથી. એમના મનની ઉત્કૃષ્ટભાવના આથી જણાઈ આવે છે.

x x x

જૈનોની એકતાની દિશામાં ભારત જૈન મહામંડળની પ્રવૃતિઓ એમને આકર્ષી રહી હતી, યુવકસંઘના જ આદર્શોને વરેલું છતાં જુદી પધ્ધતિથી કાર્ય કરતું આ મંડળ, મુંબઇ ગુજરાતમાં ઓછું

જાણીતું છે. શ્રી. મણીભાઇને આનું દુ:ખ હતું. 'એનું એક અધિવેશન અહિં, મુંબઇમાં ભરો, હું સાજો હોત તો મેં ક્યારનું યે ભર્યું હોત!' અને એમના આગ્રહને કારણે આવતું અધિવેશન અહિં ભરવાનું નક્કિ કર્યું છે ત્યારે તે શ્રી. મણીભાઇ વગરનું હશે!

x x x

ભારત જૈન મહામંડળના કાર્યાધ્યક્ષ શ્રી. રિષભદાસજી રાંકા, મ્હારી સાથે, શ્રી. મણીભાઇને મળવા જુહુ આવ્યા હતા. ઘણી વાતો પછી મધ્યપ્રાંતમાંના શેતકારી જૈનોની દુર્દશાની વાત શ્રી. રિષભદાસજીએ કરી. આ શેતકારી જૈનો, આજીવિકા માટે કોઇનાં એંઠાં વાસણ માંજે છે, દરજીકામ કરે છે, હજામત કરે છે, અરે, બીજાંય ન કહેવાય તેવાં કામો કરે છે. શ્રી. મણીભાઇની આંખમાંથી આંસુ વહ્યાં. મને થયું, એમની આવી તબિયતમાં આ વાત ન થઇ હોત તો સારૂં થાત. થોડીવારે શાંત થઈ કહે, 'આટલા રૂપીઆ લઈ જાઓ. કોઇને કામમાં આવશે. વધારે જોઇએ તો મંગાવજો.'

આમાંથી પ્રેરણા પામી, ભારત જૈન મહામંડળે સાધર્મી વાત્સલ્ય ફંડ શરૂ કર્યું. એની ત્રીસેક જેટલી ભારતમાં પથરાયેલી શાખાઓ સ્થાનિક ઉપયોગ માટે આ ફંડ ઉભું કરે છે અને જરૂરિયાત વાળાં જૈન ભાઈબ્હેનોને રાહત અપાય છે. ધન્ય મણીભાઈ! નાખ્યો તો તો એક કણ, પણ એ બરાબર ઉગી નિકળ્યો!

x x x

છેલ્લીવાર પથારીમાં પડયા તેના આગલા દિવસે; વરલીના સાગરતટે મોટરમાં બેસી કહે, 'તારાચંદ! યુવકસંઘમાં તમે બધાં છો, એટલે એની તો મને જરાય ચિંતા નથી–એ તો ચાલ્યા કરશે. ઘર અને દુકાનની બાબતમાં પણ રમણે (એમના એકના એક પુત્રે) બધું સંભાળી લીધું છે. જેને એના જેવા પુત્ર મળે એ પુરો ભાગ્યશાળી છે. એણે મારી બધી ઇચ્છાઓ પુરી કરી છે. પણ આ 'હોમ' નું (યુનાઇટેડ જૈન સ્ટુડન્ટ્સ હોમ, સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહનું) મકાન હજુ ન થયું. મને માત્ર એની ચિંતા રહ્યાં કરે છે.'

......અને પછીના અઠવાડીયે એ પળ આવી. મ્હેં તો એમનું શબજ જોયું–જે આપણને બધાંને 'જન્મભૂમી' ના ફોટોગ્રાફરે બતાવ્યું તે. એમાં ક્યાંય, કશી ચિંતાની નિશાની ન્હોતી. કર્તવ્ય પૂર્ણ કર્યું છે જેણે તેવા માનવીની એમાં પ્રસન્ન મુદ્રા હતી.

ક્યાં ગઇ એમની 'હોમ' ની ચિંતા? એમણે વિશ્વાસ રાખ્યો હશે આપણાં બધાં પર, એમના સાથીઓ, મિત્રો પર અને જૈન જનતા પર કે એમનું કામ આપણે અધુરૂં નહિ રહેવા દઇએ? આપણે હવે શું કરશું? વાંચક! હું અને તમે હવે શું કરશું?

## જાહેર શોકસભા

તા, ૩૧–૭–૫૨ ના સાંજના ૬ વાગે મુંબઇ ખાતે મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં સ્વ. મણિલાલ મોકમચંદ શાહના અવસાન પરત્વે શોક પ્રદર્શિત કરવા માટે મુંબઇની ૧૪ પ્રમુખ જૈન સંસ્થાઓ તરફથી એક જાહેર શોકસભા ભરવામાં આવી હતી. આ સંસ્થાઓનાં નામ નીચે મુજબ છે:–

જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, અખીલ ભારત શ્વેતાંબર સ્થાનકવાસી કોન્ફરન્સ, મુંબઇ દિગંબર જૈન પ્રાન્તિક સભા, ભારતવર્ષીય દિગંબર જૈન તીર્થક્ષેત્ર કમીટી, જૈન મહિલા સમાજ, મહાવીર જૈન વિદ્યાલય, જૈન કેળવણી મંડળ, મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ, જૈન શ્વેતાંબર તેરાપંથી સભા, કચ્છી વીશા ઓશવાળ શ્રેયસાધક સંઘ, જૈન સેવા મંડળ, (લાલબાગ), પંડિત રત્નચંદ્રજી જૈન કન્યાશાળા, અને મુંબઇ જૈન યુવક સંઘ.

આ સભામાં જૈન સમાજના આગેવાનો ભાઇઓ બ્હેનો તથા વિદ્યાર્થીઓ બહુ સારી સંખ્યામાં હાજર થયા હતા. શરૂઆતમાં **શ્રી. જયન્તીલાલ પરીખે** આ શોકસભામાં જોડાયલી સંસ્થાઓનો ઉલ્લેખ કરીને સર મણિલાલ બાલાભાઈ નાણાવટીને સભાનું પ્રમુખસ્થાન સ્વીકારી સભાનું કામકાજ શરૂ કરવા વિનંતિ કરી હતી. ત્યાર બાદ પ્રમુખસાહેબની આજ્ઞાથી **શ્રી. ટી. જી. શાહે** મણિભાઇના અવસાન સંબંધે ખેદ પ્રદર્શિત કરતા અને મણિભાઇને અંજલિ આપતા મણિભાઇથી પરિચિત અનેક વ્યકિતઓના આવેલા પત્રો, સંસ્થાઓના ઠરાવો તેમજ સામયિકોની નોંધોને લગતી વિગતો રજુ કરી હતી અને આવેલા પત્રોમાંથી તારવીને શ્રી. કિશોરલાલ મશરૂવાળા, શ્રી. કેદારનાથજી, સન્તબાલજી, પંડિત સુખલાલજી, શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી. શાન્તિલાલ હ. શાહ તથા શ્રી. ફકીરચંદ એન. જૈને (મંત્રી, ભારત જૈન મહામંડળ) આપેલી અંજલિઓ વાંચી સંભળાવી હતી.

ત્યાર બાદ **શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ** નીચે મુજબનો શોકપ્રસ્તાવ રજુ કર્યો હતો:–

"આજે મુંબઇ શહેરની ૧૪ પ્રમુખ જૈન સંસ્થાઓના આશ્રય નીચે મળેલી આ શોકસભા જૈન સમાજના અગ્રગણ્ય સેવક શ્રી. મણિલાલ મોકમચંદ શાહના અવસાન પરત્વે ઉંડા શોકની લાગણી પ્રદર્શિત કરે છે. તેઓ નીડર સમાજસુધારક હતા, મુંબઈ જૈન યુવક સંઘ તથા સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના આદ્ય પ્રણેતા હતા, જૈનોની બીજી અનેક સંસ્થાની કાર્યવાહી સાથે જોડાયલા હતા, એટલું જ નહિ પણ જૈન જૈનેતર અનેક સંસ્થાઓને પોતાની અપ્રતિમ ઉદારતા વડે તેમણે નવાજી હતી. જૈન સમાજને એક થયેલી જોવાનું તેઓ કંઇ વર્ષોથી સ્વપ્ન સેવી રહ્યા હતા. સામાજિક કુપ્રથાઓ, અન્યાય તથા આપખુદી તત્વો સામે તેઓ જીંદગીભર ઝુઝયા હતા. તેમના અવસાનથી માત્ર જૈન સમાજે જ નહિ પણ વિશાળ માનવ સમાજે એક નિષ્ઠાવાન સેવક, નીડર સુધારક, કરૂણાપૂર્ણ માનવી અને ઉદાર દિલના ગૃહસ્થને ગુમાવ્યો છે. તેમના પવિત્ર આત્માને આ સભા પરમ શાન્તિ ઇચ્છે છે અને તેમના પુત્ર શ્રી. રમણિકલાલ તથા અન્ય સ્વજનો પ્રત્યે આ દુ:ખદ અવસાન પ્રસંગે આ સભા ઉંડી સહાનુભૂતિ પ્રગટ કરે છે."

આ પ્રસ્તાવ રજુ કરતાં ૩૦ થી ૩૫ વર્ષના લાંબા સમયપટ ઉપર પથારાયલાં સ્મરણોનો, મણિભાઇ સાથેના પોતાના ઘટ્ટ સંબંધનો, મણિભાઇની કેટલીક ગુણવિશેષતાઓનો તેમ જ છેલ્લાં છેલ્લાં મણિભાઇને અવસાનના પાંચ દિવસ પહેલાં તેમની તીવ્ર ઇચ્છાને માન આપીને આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીના દર્શનાર્થે લઇ જવામાં આવેલા તે પ્રસંગનો તેમણે વિગતવાર ઉલ્લેખ કર્યો હતો.

આ એક શોકપ્રસ્તાવના સમર્થનમાં બોલતાં **શ્રી. રવિશંકર મહાશંકર રાવળે** જણાવ્યું કે "મણિભાઇ માત્ર જૈન સમાજના નહોતા, પણ વિશાળ સમાજના એક ઉદાત્ત માનવી હતા, વિદ્યાર્થીઓ વિષે ખૂબ ચિન્તા ધરાવતા હતા અને તેમને વણમાગ્યે મદદ આપતા હતા." **શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારીએ** જણાવ્યું કે "તેમની સાથે મને ૨૫ વર્ષનો સબંધ હતો. કેટલાંય વર્ષો સુધી મુંબઈ જૈન યુવક સંઘના અમે જોડીયા મંત્રી હતા. તેઓ પોતે તો અપાર ધગશવાળા હતા, પણ અમારા કામમાં તેઓ ખૂબ જોશ પ્રેરતા હતા. અને હમણાં જ્યારે હું જૈન શ્વેતાંબર કોન્ફરન્સનો મંત્રી થયો ત્યારે મને ખાસ બોલાવીને તેમણે આશીર્વાદ આપ્યા હતા અને મને પુરો સાથ આપવાની ખાત્રી આપી હતી." **શ્રી. તારાબહેન માણેકલાલ પ્રેમચંદે** મણિભાઇ વિષે જણાવ્યું કે "બોલે તે પુરેપુરૂં આચરણમાં ઉતારે એવી વિરલ વ્યકિતઓમાંના તેઓ એક હતા. અજની શોકસભામાં આપણે ભાગ લીધો તે ત્યારે સાર્થક થાય કે જ્યારે આપણે તેમણે શરૂ કરેલા–ઉપાડેલા કામને આગળ વધારીએ, અને રોપેલાં બીજને જળસીંચન કરીને તેનું મોટું વૃક્ષ બનાવીએ." **શ્રી. નેમચંદભાઈ નગીનદાસ વકીલવાળાએ** જણાવ્યું કે "મણિભાઇ જૈનોની એકતાના સાચા પૂજારી હતા, અને માનવીના સારામાં સારા ગુણો તેમનામાં એકત્ર થયા હતા."

**શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહે** જણાવ્યું કે "પોતાને લાગે તે વિચાર સ્પષ્ટપણે, કોઇને ગમશે નહિ ગમે તેની દરકાર કર્યા વગર, કહે એવી તેમની નીડરતા હતી અને સાથે સાથે સામો માણસ તેમનાથી જુદો પડે, પ્રતિકુળ અભિપ્રાય દર્શાવે તો જરા પણ અણગમો ન અનુભવે એવી તેમનામાં ખેલદીલી હતી. જે પેઢીના મણિભાઈ હતા એ પેઢી હવે ખલાસ થતી જાય છે. તેમાંની ગણી ગાંઠી એક બે વ્યકિતઓ હવે હયાત રહી છે. એ પેઢીનું ખમીર, હીંમત, ધૈર્ય, ધગશ અને સાથે સાથે સ્વભાવની અમીરાઇ આજે ભાગ્યે જ જોવા મળે છે." **શ્રી લીલાવતી બહેન કામદારે** મણિભાઇની પ્રકૃતિમાં રહેલા અખૂટ પ્રેમનો, દિલના ઉમળકાનો પોતાનો અનુભવ ટાંકીને ખ્યાલ આપ્યો હતો અને મુંબઇ જૈન યુવક સંઘને તથા સંયુકત જૈન વિદ્યાર્થીગૃહને તેમણે અડગતા, ઉદારતા તથા આત્મભોગ વડે કેવી રીતે વિકસાવ્યા છે તે વિગતવાર સમજાવ્યું હતું. **શ્રી ચીમનલાલ પોપટલાલ શાહે** જણાવ્યું કે "મણિભાઇ સ્થુળ દેહે અવસાન પામ્યા છે, પણ સુક્ષ્મ દેહે મુંબઈ જૈન યુવક સંઘમાં તથા સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં જીવે છે. યોગીઓને પણ કઠણ એવા સેવાધર્મને તેમણે સફળતા-પૂર્વક આચરી બતાવ્યો હતો. તેમણે જીવન જીવવાની કળા સંપાદન કરી હતી. તેઓ એક ગૃહસ્થસાધુ હતા. આવા પુરૂષનું કાંઇને કાંઇક સ્મારક વિચારવાની ખાસ જરૂર છે."

ત્યાર બાદ પ્રમુખ **સર મણિલાલ નાણાવટીએ** ઉપસંહાર કરતા જણાવ્યું કે "હું તેમને સૌથી વહેલી વાર કેટલાંય વર્ષો પહેલાં યુવક સંઘ મહામંડળનું વડોદરામાં અધિવેશન હતું ત્યારે મળેલો. ત્યારથી તેમના વિષે મારા દિલમાં ઉંડો આદર ઉભો થયેલો અને પછી જેમ તેમના પરિચયમાં આવવાનું બનતું ગયું તેમ તેમ તે આદર દઢીભૂત થતો ગયો. તેમના વ્યકિતત્વમાં મને જે ચાર વિશિષ્ટ ગુણો માલુમ પડયા છે તે આ મુજબ છે. (૧) સરળતા–મનમાં હોય તેજ વાણીમાં–કશો પણ ઢાંકપીછોડો મળે નહિ. (૨) એક એવું વિશિષ્ટ વ્યકિતત્વ કે તમે તેને જાણો એટલે ચાહ્યા વિના રહી શકો જ નહિ. તમને તેના તરફ આકર્ષણ થયા વિના રહે જ નહિ. (૩) બહાદુર લડવૈયો–જે લે તે છોડે નહિ, કદિ હીંમત હારે નહિ. કોઇની શેહમાં દબાય નહિ–સામે પુરે ચાલે. (૪) વગર માંગ્યે આપે." એમ કહીને તેમણે પોતાનો અનુભવ ટાંકયો કે "તેઓ એક વાર મારી પાસે સંયુક જૈન વિદ્યાર્થીગૃહ માટે રૂા. ૧૦૦૦ ભરાવવા આવેલા, પણ એ વાત પોતે શરૂ કરે તે પહેલાં અમારા હોસ્પીટલમાં પોતા તરફથી રૂા. ૧૦૦૦ આપવાની તેમણે ઈચ્છા દર્શાવેલી અને હું તો આ જોઇને ચકિત જ થઇ ગયો હતો. માંગ્યા વિના આપે એવી મણિભાઇ જેવી મે જીંદગીમાં બે કે ત્રણ વ્યકિતઓ જ જાણી છે."

ત્યાર બાદ શોકપ્રસ્તાવ સભા સમક્ષ અનુમતિ માટે રજુ કરવામાં આવ્યો અને સભાજનોએ બે મીનીટ ઉભા રહીને શોક-પ્રસ્તાવને મંજુર કર્યો.

ત્યાર બાદ **શ્રી. શાન્તિલાલ મગનલાલ શાહે** સભા સમક્ષ નીચે મુજબ બીજો પ્રસ્તાવ રજુ કર્યો:-

"આજની સભા સ્વ. મણિલાલ મોકમચંદ શાહની સ્મૃતિમાં એક ફંડ એકઠું કરવાનો નિર્ણય કરે છે અને આ ફંડ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના ચાલુ ફંડમાં આપવાનો ઠરાવ કરે છે અને આ દિશાએ યોગ્ય પગલાં ભરવા નીચેના સભ્યોની એક સમિતિ નીમે છે :—

શ્રી. શાન્તિલાલ મગનલાલ શાહ
,, ચંદુલાલ વર્ધમાન શાહ
,, ચીમનલાલ પી. શાહ
,, પરમાનંદ કુંવરજી કાપડિયા
,, ચીમનલાલ ચકુભાઇ શાહ
,, ખીમજી માંડણ ભુજપુરીઆ
,, લીલાધર પાસુ શાહ
,, સારાભાઇ ડાહ્યાભાઇ
,, ત્રીકમલાલ મહાસુખલાલ
,, શાન્તિલાલ પૂંજાલાલ
,, વિનોદચંદ્ર શાહ
,, જયન્તીલાલ લલ્લુભાઇ પરીખ
,, ધીરજલાલ ધનજીભાઇ શાહ
,, જીવરાજ ભાણજી શાહ
,, નેમચંદ નગીનદાસ વકીલવાળા
,, દીપચંદ મગનલાલ શાહ
,, જસુમતીબહેન કાપડિયા
,, તારાચંદ કોઠારી (મંત્રી)

આ ઠરાવ રજુ કરતાં જૈનોની એકતા ઉપર તેમણે ખૂબ ભાર મુકયો હતો અને તે એકતાના પ્રતીક રૂપ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહને મણિભાઇના સ્મરણમાં બની શકે તે દાન આપવાની મણિભાઇના પ્રશંસકોની ખાસ ફરજ છે એમ જણાવ્યું હતું.

**ભાઈ શ્રી તારાચંદ કોઠારીએ** આ ઠરાવને અનુમોદન આપતાં જણાવ્યું કે "આજના કપરા વખતમાં આવું સ્મારકનું નિમિત્ત આગળ ધરીને સમાજ પાસેથી નાણું માંગતાં જરૂર સંકોચ થાય છે. એમ છતાં પણ મણિભાઇ આપણા માથે આ રૂણ મુકી ગયા છે અને તે આપણાથી બને એ રીતે આપણે ચુકવવું જ રહ્યું. મણિભાઇ-ની ઉદારતાનો, સેવાનો અને આ સંસ્થા વિષેની તેમની તમન્નાનો આપણે વિચાર કરીએ અને જે આજે પણ આપણે મૂર્તિમન્ત કરી શકયા નથી તે જૈન સમાજની એકતાના સ્વપ્નથી પ્રેરાઇને આજથી ૩૫ વર્ષ પહેલાં શ્રી મણિભાઇએ અને જાણીતા ચિન્તક અને વિચારક સદ્‌ગત વાડીલાલ મોતીલાલ શાહે સાથે મળીને આ સંસ્થાની સ્થાપના કરી હતી–આ પગલાનું આપણે મહત્વ સમજીએ અને તેમના અધુરા કામને પુરૂં કરીએ આગળ વધારીએ." આ જ ઠરાવને શ્રી જીવરાજ ભાણજી શાહે સવિશેષ અનુમોદન આપ્યું, સર્વાનુ-મતે એ ઠરાવ પસાર થયો અને ત્યાર બાદ સભા વિસર્જન કરવામાં આવી.

## સંઘના સભ્યોને વિનંતિ

સંઘના કેટલાક સભ્યોનાં વાર્ષિક લવાજમના રૂા. ૫ હજુ સુધી આવ્યા નથી તો તેવા સભ્યોને પોતપોતાનાં લવાજમ સંઘના કાર્યાલયમાં ભરી જવા અથવા છેવટે પર્યુષણની વ્યાખ્યાન માળા દરમિયાન પહોંચાડવા વિનંતિ છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

---

અનુસંધાન ૫૭ પાનાનું ચાલુ

ઉદ્‌ગારો કદી ઔપચારિક ન હતા. શરીર ખુબ લથડયું ત્યારે પણ કરેલ સંકલ્પને સિદ્ધ કરવા 'સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ' માટે તેમણે અકલ્પ્ય જહેમત ઉઠાવી છે.

મેં એ પણ જોયું છે કે તેમના ચિ. રમણલાલ પિતા પ્રત્યે કેવા વફાદાર અને કેવા કહ્યાગરા. આ એક વારસાગત ગુણ છે કે જે બહુ ઓછા કુટુંબમાં આજે દેખાય છે. શ્રી. મણીભાઇને પોતા-ના જીવનમાં આ એક પરમ સંતોષ હશે એમ હું સમજુ છું.

ગગા જૂનની ૧૦મી તારીખ આસપાસ મુંબઇમાં તેઓ સાવ લથડેલી તબીયતે મોટરમાં આવી મળી ગયા અને હું શરમાઇ ગયો કે આજ જાઉં કાલ જાઉં એમ કરતાં મોડું થયું ને મણિભાઇ છેવટે આવ્યા વિના ન રહ્યા.

એક રીતે તેમણે સાચેસાચું જીવી જાણ્યું છે. સમજદાર સમક્ષ જીવનનો નમૂનો રજૂ કર્યો છે. કાર્યકર્તાઓ સમક્ષ પ્રવૃત્તિઓ પાથરી છે, વિદ્યાર્થીગૃહના ભાવિ વિશાળ કાર્ય અને 'પ્રબુદ્ધ જૈન'ના ભાવિ ઉત્કર્ષ માટે માર્ગ મોકળો કર્યો છે. આપણે સહુ પાછળના તેમના પ્રત્યે માન ધરાવનાર તે બધી પ્રવૃત્તિઓને પૂરો વેગ આપીએ અને યુવકસંઘને એવો વિકસાવીએ કે બીજા નામશેષ થયેલા યુવકસંઘો ફરી બળ પામે તેમજ કાર્ય કરતા થાય તો શ્રી મણીભાઇનું સ્મરણ વધારે લેખે લાગ્યું ગણાશે.

**પંડિત સુખલાલજી**

# સૌમાં વૃધ્ધ પણ સૌથી જુવાન

શરીર ધરડું થવા લાગે ત્યારે પણ મન નબળું ન પડે, બિચારો, નિર્ણયો અને આદર્શમાં જરાય મોળાશ ન આવે એવા વૃધ્ધ યુવકો વિરલ હોય છે. શ્રી. મણીભાઈ એવા એક વિરલ વૃધ્ધયુવક હતા એની પ્રતીતિ તેમના દરેક પરિચિતને હશે એમ હું સમજું છું. જુદાં જુદાં સ્થાનોના જૈન યુવકસંઘના સભ્યોને હું જાણું છું ત્યાં લગી એમ નિઃશંક કહી શકું છું કે એ સભ્યોમાં શ્રી. મણીભાઇ જેટલો વૃધ્ધ અને તેમના જેવો યુવક મેં નથી જોયો. યુવકસંધના તરુણ સભ્યોમાં પણ કટોકટીને પ્રસંગે માનસિક ઘડપણ જોયું છે, જ્યારે મણીભાઈમાં તેથી ઊલટું અનુભવ્યું છે. જેમ મુશ્કેલી વધારે તેમ તેમની જુવાની વધારે દીપી નીકળે. અમદાવાદ અને બીજા સ્થાનોના જૈન યુવકસંઘો નામશેષ થયા અગર ઘરડા થયા ત્યારે પણ મુંબઇનો એ સંઘ જુવાની સેવે છે એમાં શ્રી. મણીભાઈનો હાથ મુખ્ય છે એમ હું સમજું છું. એમણે પોતાની કુનેહ, આદર્શની ઉચ્ચતા અને સહજ માયાળુતા વગેરે ગુણોથી અનેક તરુણોને યુવકસંઘ પ્રત્યે આકર્ષ્યા, કેટલાકને હંમેશ માટે તેની સાથે સંકળાવા લલચાવ્યા એથી જ આપણે મુંબઇ જૈન યુવકસંઘને અને તેની વિવિધ પ્રવૃત્તિઓને નિત્યનૂતન રૂપમાં જોઇએ છીએ.



**મણિભાઇની દશ વર્ષ પહેલાંની છબી**

કાશી કે આગ્રાથી (બરાબર યાદ નથી) હું વઢવાણ કેમ્પ ગયેલો. કેટલાક મિત્રો મણિભાઇને ત્યાં જમનાર હતા. મને પણ લઇ ગયા. હું મણીભાઇને જાણતો જ નહિ. પ્રથમ પરિચયે એટલી છાપ પડી કે આ મળવા જેવા છે. ત્યારબાદ તો દસ–પંદર વર્ષ ગયાં હશે. જયારે ૧૯૩૦ની હિલચાલ વખતે પજુસણ વ્યાખ્યાનમાળાએ અમદાવાદમાં જાહેર રૂપ લીધું ત્યારે તેના કાંઇક પડઘા મુંબઇમાં પડયા. એને ઝીલનાર જે બે વ્યકિતઓ મુખ્ય હતી. તેમાં શ્રી. મણીભાઇ પ્રધાન અને બીજા અમીચંદ ખીમચંદ.

મુંબઇમાં વ્યાખ્યાનમાળાની શરૂઆત થઇ અને મારો પરિચય શ્રી. મણીભાઈ સાથે વધતો ચાલ્યો. એમ તો કદાચ તેઓ મહાવીર વિદ્યાલય આદિ સ્થળે મળ્યા હશે પણ મારૂં સ્પષ્ટ સ્મરણ વ્યાખ્યાનમાળાથી શરૂ થાય છે. મેં જોયું કે શ્રી. મણીભાઇની ધગશ જૈન સમાજના સંકુચિત વાડાઓને ભેદી સંવાદી એકતા સ્થાપવાની છે. એ પણ જોયું કે તેમને અયોગ્ય તેમજ બાળદીક્ષા બહુ ખટકે છે. ઊગતી પેઢીને સંસ્કારી, શિક્ષિત અને ઉદ્યોગી બનાવવાની પણ તેમની ધગશ જોઇ, સ્ત્રીવર્ગ, ખાસ કરી વિધવા અને ઇતર પરાશ્રિત વર્ગ પ્રત્યે એમની મમતા જોઈ, ચાલુ ફિરકાવાર જૈન સંસ્થાઓમાં ઉદાર તત્ત્વ દાખલ કરવાની ભાવના જોઈ, વગેરે વગેરે કેટલાંય ઉદાત્ત તત્ત્વોનો મને સાક્ષાત્કાર થયો. અને સાથે એ પણ જોયું કે તેઓ જે વિચાર બાંધે છે તેને અમલમાં મૂકવા માટે પણ તેઓ બધું જ કરી છૂટે છે ત્યારે તેમના પ્રત્યે અનન્ય આદર બંધાયો. અને મનમાં થયું કે 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ'ની કલ્પના જેને કેટલાંય વર્ષો અગાઉ આવેલી, અને જેણે મૂર્ત પણ કરેલી તે શ્રી. મણીભાઈ ખરેખર પહેલેથી જ કાન્તિકારી તત્ત્વ ધરાવનાર છે.

શ્રી. મણીભાઇ દેખીતી રીતે કામ જૈન સમાજને લક્ષી કરતા પણ રાષ્ટ્રીયતા અને માનવતા તેમના હાડમાં હતી, તેથી કોઇ પણ શુભ પ્રવૃત્તિને બનતો ટેકો આપવો અને પોતાની જાતથી શ્રીગણેશ કરવા એ તેમનો મૂળમંત્ર. 'પ્રબુદ્ધ જૈન' ચલાવવું હોય, વ્યાખ્યાનમાળા વિકસાવવી હોય, અયોગ્ય દીક્ષાવિરોધી હિલચાલ શરૂ કરવી હોય, વિદ્યાર્થીઓને કે વિદ્યાર્થીનીઓને ભણવામાં મદદ કરવી હોય, સંસ્થામાં તેમને ગોઠવવા હોય, નવા આવેલ ધંધાર્થીને ધંધે ચડાવવો હોય કે કોઇને ચાલતા ધંધામાં ટેકો આપવો હોય એમ અનેક ક્ષેત્રે શ્રી મણીભાઇને પહેલ કરતાં જોયા છે. તેથી જ તેમના પ્રત્યે સુધારક કે રૂઢિચુસ્ત સહુનો એકસરખો આદર જોવામાં આવે છે. 'સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ'નો તેમનો છેલ્લો મનોરથ આટલી હદે સફળ થયો તેની પાછળ આ જ ભૂમિકા રહી છે.

શ્રી. મણીભાઇ રૂઢી અને સંકુચિતતા સામે ઉકળી ઉઠતા. બોલે ત્યારે એમ લાગે કે રોષે ભરાયા છે પણ દિલમાં ડંખ મેં નથી જોયો. એક રીતે તેમનામાં ગુણદર્શન મુખ્ય હતું. ખાસ દોષ દેખાય તો ત્યાં તટસ્થ, પણ મનમાં ડંખવૃત્તિ ન પોષે. જેઓ તેમને જાણે છે તેમને તે કહેવાની જરૂર નથી કે તેઓ કેટલા નમ્ર હતા. વચગાળામાં તેમની આર્થિક સ્થિતિ નબળી પડેલી પણ વળી ઉજળા દિવસ આવ્યા અને તેઓએ જાતે જઇ પોતાના લેણદારોને જગાડી ચૂકતે લેણુ આપી દીધું. ઘણા લેણદારના વારસો એવા હતા કે જેઓ આ લહેણાં વિષે કાંઈ જાણતા જ નહીં. પણ મણીભાઇએ જૂનાં ચોપડા કઢાવી પાઈએ પાઇ ચૂકવી. હું સમજું છું કે આ પૈસાની ઉચાપતના તેમજ થાપણ ઓળવવાના જમાનામાં શ્રી. મણીભાઈનું વર્તન શાસ્ત્રમાં વર્ણિત સાચા જૈનને શોભે તેવું જ છે.

મણિભાઇ ભણેલ બહુ નહિ. ગૂજરાતી અને હિંદી સારાં લખાણો ખુબ વાંચે પણ તેમાંથી સારભાગ એવો પકડે કે જે તેમનાં કામમાં પ્રગટ થાય. પોતે પાછળ રહી બીજા સુયોગ્ય કાર્યકર્તાને આગળ આણવો અને તેના ઉપર એવો વિશ્વાસ મૂકવો કે જેથી તેને કામ કરવામાં કદી નિરાશા ન વ્યાપે અને કામમાં આવી પડતી આર્થિક કે બીજી મુશ્કેલીઓનો ભાર પોતાને માથે વહોરવો એ મણિભાઇની ખાસ વિશેષતા. તેથી જ આપણે જોઈએ છીએ કે મુંબઇ જૈન યુવક સંઘને શ્રી. ચીમનલાલ ચકુભાઇ, શ્રી. પરમાનંદ કાપડિયા, શ્રી. દીપચંદભાઇ, શ્રી તારાચંદ કોઠારી આદિ કાર્યકર્તાઓ મળ્યા છે અને અત્યારે સૌનું ધ્યાન ખેંચે એવી વિવિધ પ્રવૃત્તિઓ સંઘ ચલાવે છે.

મને તો જ્યારે મળે ત્યારે મણિભાઇ એક જ વાત કહે કે મારે લાયક કામ બતાવજો. અને મેં જોયું છે કે તેમના એ

અનુસંધાન પાના ૫૬ ઉપર

વિજ્ઞાનમાં જેટલા પ્રયોગ થાય છે, તે પહેલાં નાના પાયા પર પ્રયોગશાળામાં થાય છે. જ્યારે કોઇ સિધ્ધાન્ત પ્રયોગશાળામાં સિધ્ધ થાય છે ત્યારે તેના વ્યાપક અમલની બાબતમાં વિચારી શકાય છે. માણસનું વ્યકિતગત જીવન પણ એક પ્રયોગશાળા જ છે. નિર્વૈરતાનો સિધ્ધાંત બધાને જીતનારો છે અને સંતોએ એ સિધ્ધાન્ત વ્યકિતગત જીવનમાં સાબિત કરી દીધો છે.

દરમિયાનમાં દુનિયામાં વિજ્ઞાન આગળ વધ્યું. એ વિજ્ઞાનની શકિતથી લોકોએ અનેક દેશો પર કબજો કર્યો. અંગ્રેજ અહીં આવ્યા અને તેઓ અહીંના માલિક બન્યા. તેમણે એક ચમત્કાર અહીં કર્યો. તેમણે હિંદુસ્તાનના બધા લોકોના હાથમાંથી શસ્ત્ર છીનવી લીધાં. આ એક એવી વસ્તુ હતી કે જો એને એમ ને એમ જ સાંખી લેવામાં આવત તો દેશે હંમેશને માટે ગુલામી જ સ્વીકારવી પડત. પરંતુ જે દેશની પાછળ હજારો વરસોના અનુભવનું બળ હોય, તે કાયમને માટે ગુલામ રહી શકે નહીં. તેથી નિઃશસ્ત્ર છતાં આપણે ઉઠી શકીએ અને ગુલામી તોડી શકીએ એવું કોઇ શસ્ત્ર આપણે માટે જરૂરી હતું. તેથી જે સિધ્ધાન્ત સંતોએ પોતાના વ્યકિતગત જીવનમાં સિધ્ધ કર્યો હતો, તેનો પ્રયોગ સામાજિક જીવનમાં કર્યો. પરિણામે આપણને આઝાદી મળી.

હું એ દાવો નથી કરતો કે આપણને જે આઝાદી મળી તે આપણી અહિંસાના પરિણામે જ મળી. કારણ કે દાવો વાજબી લેખાશે નહીં. ગીતાએ કહ્યું છે કે કોઇ પણ કામ પાંચ કારણોથી બને છે. તેથી કેવળ આપણા અહિંસક પ્રયોગથી જ આઝાદી મળી એમ કહેવું અહંકાર થાય. પણ અહિંસાત્મક લડાઇ એ એક મોટું કારણ છે એમ આપણે કહી શકીએ છીએ. દુનિયાનો ઇતિહાસ લખનારાઓએ લખવું જોઇશે કે હિંદુસ્તાનના રાજકીય સવાલનો ઉકેલ નૈતિક ઉપાયથી થયો હતો. તથા હિંદુસ્તાનમાં રાષ્ટ્રીય આઝાદીનો પ્રયત્ન કરનારાઓને જે યશ મળ્યો તે એટલો અપૂર્વ અને એવો અદ્‌ભુત છે કે તેણે દુનિયાનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરી લીધું છે.

આ પ્રમાણે આપણે જોયું કે આપણે એક અત્યંત બળવાન રાષ્ટ્ર પાસેથી આઝાદી હાંસલ કરી.

બીજો એક ચમત્કાર આ દેશમાં એ થયો કે આટલી મોટી સલ્તનત, જેની બાબતમાં એમ કહેવામાં આવતું કે તેના પર કદી સૂર્ય આથમતો નથી, તે અહીંથી પોતાની બધી સત્તા સંકેલીને ચાલી ગઇ. તેણે એક તારીખ મુકરર કરી અને બરોબર એ તારીખ પહેલાં તે અહીંથી કૂચ કરી ગઇ. તેથી મારૂં માનવું છે કે આપણે જે અહિંસક પધ્ધતિ આપણી આઝાદી મેળવવા માટે અખત્યાર કરી હતી તેનો મહિમા છે. તે એ વાતનો છે કે અંગ્રેજોએ એક નિશ્ચિત તારીખે અહીંથી હકૂમત ઉઠાવી લીધી. ઇતિહાસકારો માનશે કે આ પણ નૈતિકતાનો એક અદ્‌ભુત વિજય હતો. એક બીજો ચમત્કાર, અને તે ઉપરના ચમત્કારથી પણ મોટો ચમત્કાર એ થયો કે જ્યાં માઉન્ટબેટને હિંદુસ્તાનનો કારભાર હિંદુસ્તાનના લોકોને સોંપી દીધો ત્યાં આપણા લોકોએ તેમને જ ગવર્નર જનરલ તરીકે ચાલુ રાખ્યા. નૈતિક વિજયનો આથી વધારે મોટો દાખલો બીજો હોઇ શકે નહીં. નૈતિક પધ્ધતિની ખૂબી જ એ છે કે એમાં જે જીતે છે, તે તો જીતે છે, પણ જે નથી જીતતા તે પણ જીતે છે. એકની હારના આધાર પર બીજાની જીત નથી હોતી. અને તમે જુઓ છો કે આપણને ઇગ્લંડથી અનેક જાતનું દુઃખ પહોંચ્યું, આપણને યાતનાઓ વેઠવી પડી છતાં આપણા લોકોના મનમાં આજે ઇગ્લંડ પ્રત્યે દુશ્મનાવટનો ભાવ નથી. કોઈ પણ લડાઈ પૂરી થયા પછી આવો સદ્‌ભાવ પ્રગટ થયો નથી.

હવે જ્યારે એક રાજ્ય જઇને બીજું રાજ્ય આવ્યું છે, ત્યારે એ વિચારવાનો સમય છે કે આપણે કેવી રીતે આપણી સમાજરચના કરવી છે. આ સંધ્યાનો સમય છે, ધ્યાનનો સમય છે, આપણી સામે આજે પચાસ–સો રસ્તા ખુલ્લા છે. કયો રસ્તો લેવો તેનો આપણે નિર્ણય કરવાનો છે. આજે આપણે એક ઘણા મોટા રાજ્યનો બોજો ઉઠાવી રહ્યા છીએ. તેથી આપણી આર્થિક અને સામાજિક રચના કરવામાં કયો માર્ગ લેવો એ આપણા બધાની સામેનો એક ઘણો મોટો સવાલ છે. ગાંધીજીના જમાનામાં આપણે અહિંસાનો માર્ગ અજમાવ્યો હતો, પણ તેમાં આપણી કશી વિશેષતા નહોતી. કારણ કે ત્યારે આપણે લાચાર હતા. જો આપણે તે રસ્તેથી ન જાત તો માર ખાત. બીજો કોઇ રસ્તો આપણા માટે ખુલ્લો જ નહોતો. તેથી જે રસ્તો અખત્યાર કર્યો, તે તો અશરણનું શરણ હતું, અનાથનો આશ્રય હતો. તેથી આપણે અહિંસાનો રસ્તો લીધો અને આપણને ગાંધીજીનું નેતૃત્વ મળ્યું. આપણે આ રસ્તો અજમાવવાનો વિચાર કર્યો. હિંસામાં આપણે જેટલા તાકાતવાળા હતા, તેથી વધારે તાકાતવાળા આપણા દુશ્મન હતા. પણ અહિંસામાં આપણે તેમનાથી વધારે તાકાતવાળા હતા. તેથી આપણી સામે એક જ રસ્તો હતો. કાં તો આઝાદી હાંસલ કરવા માટેની તમન્ના છોડીને ચૂપચાપ ગુલામી સ્વીકારી લઇએ અથવા અહિંસક પ્રતિકારને માટે તૈયાર થઈ જઇએ. તે સમયે આપણી સામે પસંદગીનો સવાલ જ નહોતો. પણ હવે જુદી પરિસ્થિતિ છે. હવે આપણે પસંદગી કરી શકીએ છીએ. જો ઇચ્છીએ તો હિંસાનો રસ્તો પસંદ કરી શકીએ છીએ. ઇચ્છીએ તો અહિંસાનો પણ પસંદ કરી શકીએ છીએ. ઇચ્છીએ તો સેનામાં માણસો વધારી શકીએ છીએ. નૌકાદળ અને હવાઇદળ પણ વધારી શકીએ છીએ. અને દેશને અન્ન-વસ્ત્ર ન મળે તોયે દેશવાસીઓને આ સેના માટે ત્યાગ કરવાને કહી શકીએ છીએ. અને ઇચ્છીએ તો અહિંસાને રસ્તે પણ જઈ શકીએ છીએ. પસંદગી કરવાની આ સત્તા આજ આપણા હાથમાં છે. પહેલાં લાચારી હતી, આજે એવી લાચારી નથી.

અને વળી આજે જ્યારે ગાંધીજી ચાલ્યા ગયા છે, ત્યારે આપણે લોકો મુકત મનથી અને ખુલ્લા દિલથી કોઇ પણ જાતના દબાણ વિના નિર્ણય કરી શકીએ છીએ. માનો કે તે માટે જ ભગવાન ગાંધીજીને આપણી વચ્ચેથી ઉઠાવીને લઇ ગયા છે. હવે તેમનું દબાણ આપણા પર નથી. જો આપણે હિંસાનો માર્ગ માનીએ તો આપણે રશિયા કે અમેરિકાને ગુરૂ બનાવવું પડશે. કોઇ એકને ગુરૂ માનીને તેના પડખિયા બનીને સ્વતંત્રતાપૂર્વક તેમનામાંથી કોઇના ગુલામ બનવું જોઇશે. સવાલ એ છે કે શું સ્વતંત્ર ઇચ્છાથી આપણે તેમના પડખિયા બનવાને ઇચ્છીએ છીએ? શું તેમના જૂથના અનુયાયી બનવાથી, તેમની પાછળ પાછળ જવાથી આપણી તાકાત વધવાની છે? તેમની તાકાતમાંથી તાકાત લેવામાં આપણને પચાસ-સો વર્ષ લાગી જવા સંભવ છે, છતાંયે આપણે તેમનાથી વધારે તાકાતવાળા બની શકીશું નહીં. પરિણામ એ આવશે કે હિંદુસ્તાનને ફરીથી ગુલામ બનીને રહેવું પડશે. અને આપણે જો અમેરિકા અને રશિયા બંને કરતાં વધારે તાકાતવાળા બની જઇએ તો દુનિયાને માટે એક ભય પેદા થશે. હવે સવાલ આપણી સામે એ છે કે સ્વતંત્રતાને નામે શું આપણે ગુલામ બનવા ઇચ્છીએ કે દુનિયાને માટે એક ભય બનવા ઇચ્છીએ? આ વિષે આપણે ગંભીરતાથી વિચારવું જોઇશે.

આજે હિંદુસ્તાન સ્વતંત્ર છે, છતાંયે કાપડ બહારથી મંગાવવું પડે છે. આજે હિંદુસ્તાન સ્વતંત્ર છે, છતાંયે નિષ્ણાત લોકોને બહારથી બોલાવવા પડે છે. આજે હિંદુસ્તાન સ્વતંત્ર છે છતાં શસ્ત્ર અને સેનાપતિ બહારથી લાવવાં પડે છે. આજે હિંદુસ્તાન સ્વતંત્ર છે, છતાંયે તાલીમ માટે આપણે બહારના દેશો પર નિર્ભર રહેવું પડે છે. તો શું આઝાદીની સાથે સાથે આપણે સ્વતંત્રતાપૂર્વક ગુલામ બની રહેવા ઇચ્છીએ છીએ? આજે આ સવાલ આપણા લોકોની સામે ખડો છે, ભગવાને હિંદુસ્તાનનું નસીબ એવું બનાવ્યું છે કે, કાં તો તેણે અહિંસાને રસ્તે શ્રધ્ધાપૂર્વક ચાલવું જોઇએ, અથવા જે લોકો હિંસામાં પંડિત છે, તેમની ગુલામી મંજૂર કરવી જોઇએ.

કારણ કે હિંદુસ્તાન એક પચરંગી દુનિયા છે, એક ખંડ જેવો દેશ છે. તેમાં અનેક ધર્મ, અનેક ભાષા, અનેક પ્રાંત અને તેમના અનેક રીતરિવાજો છે. તેનો એક એક પ્રાંત યુરોપના. મોટા મોટા દેશ જેવડો છે. શું આવી અનેકવિધ કોમોને આપણે હિંસક પધ્ધતિથી એકરસ રાખી શકીએ છીએ? એક એક સમસ્યા આપણી સામે ખડી છે. આંધ્રવાળાઓ એક સ્વતંત્ર પ્રાંત ઇચ્છે છે. તેઓ ભારતભૂમિથી અલગ રહેવા ઇચ્છતા નથી. તેમની અલગ પ્રાંતની માગણી અનુચિત નથી. તો શું તેમની આ માગણી હિંસક પધ્ધતિથી પૂરી થઈ શકે છે? જો હિંસાત્મક પધ્ધતિને આપણે ઠીક માનીએ તો આપણે એમ માનવું જોઇશે કે ગાંધીજીનો હત્યારો પુણ્યવાન હતો. તેનો વિચાર ભલે તો ખોટો હોય, પણ તે પ્રમાણિક હતો. જો આપણે સારા અને સાચા વિચારને માટે હિંસાત્મક માર્ગ અપનાવીશું તો હું તમને કહેવા ઇચ્છું છું કે પછી હિંદુસ્તાનના ટુકડા ટુકડા થઇ જશે, તે મજબૂત નહીં રહી શકે. હિંસાથી એક સવાલનો ઉકેલ થતો દેખાશે, પણ તેથી બીજો સવાલ પેદા થશે. સવાલો ઓછા થવાને બદલે નવા નવા પેદા થતા રહેશે. આજે પણ હરિજનોને મંદિરમાં પ્રવેશ મળતો નથી, આભડછેટનો આ ભેદ ન મટયો તો હરિજને પોતાના હાથમાં શસ્ત્ર-અસ્ત્ર લેવાં? જો સારા કામ માટે હિંસા બરોબર હોય તો હરિજનભાઈ શસ્ત્ર ઉઠાવે એ પણ બરોબર માનવું જોઇશે. તેઓ શસ્ત્ર નહીં ઉઠાવે એ જુદી વાત છે.

તેથી આજે આ બધી વાતો ધ્યાનમાં રાખીને નિશ્ચય કરવો જોઇશે કે જે મહત્ત્વની સમસ્યાઓ આપણી સામે આજે છે તેમનો ઉકેલ કરવા માટે કયો માર્ગ ઉચિત છે, અને કયો માર્ગ અનુચિત છે. જો આપણે સારા ઉદ્દેશને માટે ખરાબ સાધન વાપરીશું તો હિંદુસ્તાનની સામે સમસ્યાઓ પેદા થતી જ રહેવાની છે. પણ જો આપણે અહિંસક રીતથી આપણી સમસ્યાઓનો ઉકેલ કરીશું તો દુનિયામાં સમસ્યાઓ રહેશે નહીં. આ કારણથી હું ભૂમિની સમસ્યાનો ઉકેલ શાંતિપૂર્વક કરવા ચાહું છું. ભૂમિની સમસ્યા નાની સમસ્યા નથી. હું લોકો પાસેથી દાનમાં ભૂમિ માગી રહ્યો છું, ભીખ નથી માગતો. એક બ્રાહ્મણ તરીકે હું ભીખ માગવાનો અધિકારી તો છું, પણ આ ભીખ હું વ્યકિતગત રીતે જ માગી શકું છું. જ્યાં દરિદ્ર-નારાયણના પ્રતિનિધિ તરીકે મારે માગવું છે ત્યાં મારે ભિક્ષા માગવાની નથી. દીક્ષા દેવાની છે. તેથી હું એ પરિણામ પર પહોંચી ચૂકયો છું કે ભગવાન જે કામ બુધ્ધની મારફત કરાવવા ઇચ્છતા હતા તે કામ તેણે મારી આ કમજોર કાંધ પર નાખ્યું છે. અને હું માનું છું કે આ કાર્ય ધર્મચક્ર—પ્રવર્તનનું કાર્ય છે. આ મારી સિંહગર્જના છે. જમીન તો મારી પાસે કયારની આવી પહોંચી છે. તમે જે રીતથી ચાહો તે રીતથી આ સમસ્યાનો ઉકેલ કરી શકો છો. તમારે નક્કી કરવાનું છે કે ઘીના ડબ્બાને આગ લગાડવી છે કે વેદમંત્રોની સાથે યજ્ઞમાં આહુતિ આપવી છે. તમે એમ ન સમજશો કે આપણા દેશમાં બહારથી ફકત વરસાદ જ આવે છે. ક્રાંતિકારી વિચાર પણ બહારથી આવે છે અને જેમ બહારથી હવા રોકટોક વિના આવે છે, તેમ ક્રાંતિકારી વિચાર પણ રોકટોક વિના આવે છે, પાસપોર્ટ વિના આવે છે. જ્યાં દીવાલો નહોતી ત્યાં લોકોએ દીવાલો બનાવી. ભગવાને જર્મની અને ફ્રાંસની વચ્ચે કોઇ દીવાલ ખડી કરી નહોતી, પણ તેમણે સિંગફ્રીડ અને મેજિનો લાઇનો બનાવીને ક્ષેત્રને સંકુચિત કરી દીધું. દીવાલો લોકોને અહીંથી ત્યાં જવા આવવામાં રોકી શકે છે. પણ વિચારોના આવવા જવાને રોકી શકતી નથી. તે પ્રમાણે અહીં પણ દુનિયાના દરેક દેશથી વિચારો આવશે અને અહીંથી બહાર જશે. તેથી નકકી કરવું જોઈએ કે ભૂમિની સમસ્યાનો આપણે શાંતિથી ઉકેલ કરવો છે કે હિંસાથી. મારા મનમાં આ બાબતમાં સંદેહ નથી કે આ સમસ્યા શાંતિથી ઉકલી શકાય છે. આ સંબંધમાં આટલું સ્પષ્ટ દર્શન મારા મનમાં છે. તેથી હું નિઃસંદેહ થઇને બોલી રહ્યો છું, અને કહું છું કે ભાઇઓ વનમાં પક્ષી બોલી રહ્યાં છે, તેથી હવે જાગો. તમે સાંભળો છો કે નહીં? તમે જાગો છો કે નહીં? હું મારા અંતર્યામી ભગવાન, પ્રાતઃકાળનો સમય થઈ ગયો છે, તમે જાગો અને દીનને દાન આપો. જે પ્રમાણે તુલસીદાસજી ભગવાનને સમજાવી રહ્યા હતા એ પ્રમાણે હું મારા ભગવાનને એટલે કે તમને કહું છું કે જાગો. જો તમે બધા દાન આપશો તો તમારી ઈજ્જત થશે.

જે પ્રમાણે બહારની હવા આ દેશમાં આવી શકે છે, તે પ્રમાણે અહીંની હવા પણ બહાર જઈ શકે છે. જે પ્રમાણે બહારથી વિચારોનું આક્રમણ અહીં થઈ શકે છે, તે પ્રમાણે આપણે પણ આપણા વિચારો બહાર મોકલી શકીએ છીએ. આ ભૂદાન યજ્ઞ એક નાનોશો કાર્યક્રમ છે. પણ આજે દુનિયાની નજર આ તરફ લાગેલી છે. દુનિયાના બધા લોકો આ તુચ્છ આંદોલન વિષે બોલી રહ્યા છે. લોકો કહે છે કે જમીન તો મારવાથી મળે છે, માગવાથી કેમ મળી શકે? ભારતમાં આ એક અદ્દભુત તમાસો ચાલી રહ્યો છે કે માગવાથી જમીન મળી રહી છે. આ એક સ્વતંત્ર દષ્ટિથી વિચાર કરવા લાયક વાત છે કે અત્યાર સુધીમાં માગવાથી એક લાખ એકરથી વધારે જમીન મળી છે. જ્યાં દુનિયામાં ચારે બાજુ લેવાની—છીનવી પડાવી લેવાની વાતો ચાલી રહી છે ત્યાં આ દેશમાં દેવાનો આરંભ થઈ રહ્યો છે અને અન્તર્યામી ભગવાન જાગી રહ્યો છે. અને જે પ્રમાણે બહારથી વિચાર અહીં આવી શકે છે તે પ્રમાણે જો આપણે ધીરજ અને હિંમત રાખીએ તો અહીંના પણ વિચારો બહાર જઇ શકે છે. જે નિષ્ઠાથી ભગવાન બુધ્ધના શિષ્યોએ કામ કર્યું તે નિષ્ઠાથી ભૂદાન યજ્ઞનો સંદેશ બધે દૂર દૂર ફેલાવવા માટે કામ કરવું જોઇએ. તેઓ બહાર દેશોમાં ગયા અને ત્યાં પ્રેમથી પ્રચાર કર્યો. તે નિષ્ઠાથી આપણે આ નવા ધર્મચક્ર-પ્રવર્તનમાં લાગી જવું જોઇએ. એમ થશે ત્યારે તમે પણ દુનિયાને એક નવો આકાર આપી શકશો. મેં કહ્યું છે કે પ્રલય વખતે જ્યારે આખી દુનિયા પર પાણી ફરી વળે છે ત્યારે એકલા માર્કંડેય ઋષિ તરતા રહે છે અને પછી તે દુનિયાને બચાવે છે. એ પ્રમાણે આજે પણ દુનિયામાં વિચારોથી, વચનથી, વેપારથી, શસ્ત્ર-અસ્ત્રથી, એટમ બોમ્બથી, દરેક રીતથી પ્રલયાત્મક પ્રયત્નો થઈ રહ્યા છે. ત્યારે આ બધા પ્રલયના પાણી પર જે દેશ માર્કંડેયની જેમ એકલો તરશે તેના હાથમાં દુનિયાની નેતાગીરી આવવાની છે. હું આ અભિમાન-પૂર્વક નથી બોલી રહ્યો; બલકે નમ્રતાપૂર્વક બોલું છું. આપણે નમ્ર બનીશું ત્યારે જ ઉંચા ઊડી શકીશું. મનુ મહારાજે ભવિષ્ય લખી રાખ્યું છે કે આ દેશમાં જે મહાન પુરુષ પેદા થશે તેનામાં એવી શકિત હશે કે તેની મારફત આખી દુનિયાના લોકો પોતાના જીવનને માટે આદર્શ શીખશે.

હું કહું છું કે તે શકિત, તે સત્તા તમારા હાથમાં છે. તમને એક નેતા મળ્યો હતો જેની આગેવાનીમાં તમારો દેશ અહિંસાને માર્ગે સ્વતંત્ર થઇ શકયો. આજે પણ આ દેશમાં એવા લોકો છે જેમના હૃદયમાં સદ્દભાવ મોજુદ છે. હવે થોડી હિંમત રાખો અને થોડી કલ્પનાશકિત રાખો તો તમારા હાથમાં તે શકિત છે જેથી તમે દુનિયાને આકાર આપી શકો છો. આ આક્રમણ નથી, બલકે દુનિયાને બચાવવાની વાત છે. આ એક એવી મહત્ત્વાકાંક્ષા છે જે રાખવા જેવી છે.

મારાં ભાઈઓ, આજે મેં મારું દિલ ચીરીને તમારી સામે રાખી દીધું છે.

(હિંદી પરથી)

તા. ૫ તથા ૧૨ મી જુલાઇના હરિજન બંધુમાંથી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ. મુંબઈ, ૩
મુદ્રણસ્થાન; શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫—૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ ૩

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪
અંક : ૮

મુંબઇ : ૧૫ ઓગષ્ટ ૧૯૫૨ શુક્રવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## કુલપતિજીનું જીવનદર્શન અને ઇષત્‌વાદ

ભારતીય વિદ્યાભવનના કુલપતિપદને પ્રાપ્ત થયેલા અને ઉત્તર પ્રદેશના ગવર્નર પદે આરૂઢ થયેલા શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી આજના આપણા ગણ્યા ગાંઠયા જીવનદ્રષ્ટાઓમાંના એક છે. કોઇ પણ પ્રાન્તના ગવર્નર થવું એટલે કે એ પ્રાન્ત અને એ પ્રાન્તના રાજધાનીની ભાગ્યે જ બહાર નીકળી શકાય એવી પાંચ વર્ષ સુધીની જીવનસ્થિતિ અથવા તો એક પ્રકારની કેદ સ્વીકારવાની રહી. કેન્દ્રસ્થ સરકારના તેઓ અન્નસચિવ હતા ત્યારે તો તે ખાતાનું સ્વરૂપ જ એવું હતું કે જે તેમને હાલતાં ચાલતાં મુંબઇ ખેંચી લાવતું અને પોતાના મિત્રો, સાથીઓ, સહકાર્યકર્તાઓ અને પ્રશંસકો સાથે તેમનો સંપર્ક લગભગ અખંડપણે જીવતો જાગતો રહેતો. ગવર્નરપદની નવી ઉપાધિ સ્વીકારતાં મુંબઇનું ગમનાગમન બંધ થયું અને ઉપર જણાવેલો સંપર્ક પણ સ્થગિત થયો. મુનશીજી માટે આ એક પ્રકારની દુઃસહ પરિસ્થિતિ ઉભી થઈ. આ દુઃસહ પરિસ્થિતિ સુસહ્ય બને અને મનને થોડું સમાધાન રહે એ હેતુંથી તેમ જ ભારતીય વિદ્યાભવનની વિવિધ પ્રવૃત્તિઓના કારણે તેમની સાથે સંકલાયલા અનેક મિત્રો, સાથીઓ તથા પ્રશંસકોને તેમના તરફથી કંઈ ને કંઇ પ્રેરક જીવનદર્શન મળતું રહે એ હેતુથી તેમણે ઉપર જણાવેલ વર્ગને ઉદ્દેશીને દર પખવાડીએ અનેક અંગત સંવેદનો તેમજ સામયિક ચિન્તનો રજુ કરતો એક પત્ર લખવાની પ્રથા શરૂ કરી છે. આ પત્રો અંગ્રેજી ભાષામાં લખાય છે અને તે માત્ર તેમના મિત્ર વર્ગની માલેકીના રહ્યા નથી, પણ મૂળ તેમ જ અનુવાદિત આકારમાં અનેક સામયિકોમાં પ્રગટ થતા હોઇને બહુજનસમાજ માટે ઉપભોગયોગ્ય બન્યા છે. આ પત્રો માત્ર તેમાં રજુ કરવામાં આવેલા મન્તવ્યોના જ કારણે નહિ પણ ભાષાલાલિત્યના કારણે પણ અત્યન્ત બોધપ્રદ અને મનોરંજક હોય છે.

આવા એક પત્રમાં શ્રી મુનશી ગવર્નરપદની જવાબદારી સ્વીકારવા માટે લખનૌ ગયા તે પહેલાં તેઓ થોડા દિવસ માટે મુંબઇ આવેલા તે દરમિયાન તેમને વેસ્ટર્ન ઈન્ડીયા ટર્ફ કલબમાં લંચ (બપોરનું ભોજન) માટે જવાનું બનેલું એ પ્રસંગના ઉલ્લેખ સાથે નાનપણથી ઘોડા ઉપરનો તેમનો પક્ષપાત, માનવી જીવનમાં ઘોડાનું વિશિષ્ટ સ્થાન, રેઇસ કોર્સ, ઇન્ડીયન કાઉન્સીલ ઑફ એગ્રીકલ્ચરલ રીસર્ચ ઇન્સ્ટીટયુટ તરફથી યોજવામાં આવેલ મુનશી કપ, ચાલુ વર્ષના માર્ચની પહેલી તારીખે કાસ્મીરના મહારાજાને શ્રીમતી લીલાવતી મુનશીના હાથે અપાયલો મુનશી શીલ્ડ કપ, 'મહારાજકુમારી' નામની ઘોડીને ૧૯૫૨ના શ્રેષ્ટ અશ્વ તરીકે શ્રી મુનશીના હાથે અપાયેલું ખાસ ઈનામ—આ બધી બાબતોનો તેઓ પ્રસંગવશાત્ ઉલ્લેખ કરે છે અને આવા માનવીજીવનમાં રસમયતાનું સીંચન કરતા રેઇસ કોર્સ વિષે કેટલાક લોકો શા માટે અણગમો ધરાવતા હશે એ સંબંધે ગ્લાનિયુકત વિસ્મય દર્શાવતાં શ્રી મુનશી ચોક્કસ પ્રકારનું જીવનદર્શન રજુ કરે છે. પત્રના એ વિભાગનો અનુવાદ નીચે મુજબ છેઃ—

"મહારાજકુમારી જેવા અજાયબી પમાડે તેવા નમુનેદાર પ્રાણીઓના ઉછેરને ઉત્તેજન આપે છે તેવા રેઇસ કોર્સ (ઘોડ દોડની સરતનું મેદાન) પ્રત્યે આપણામાંના કેટલાક શા માટે અણગમો દર્શાવતા હશે? આપણે સુખ અથવા સૌન્દર્ય કરતાં Blessedness ને—નૈતિક પવિત્રતાને—શા માટે વધારે પસંદ કરતા હોઇશું? નૈતિક પવિત્રતા વિષે પક્ષપાત ધરાવતા આપણામાંના કેટલાકનું વળણ 'જીવન એ કેવળ માયા છે' એવા માયાવાદના આપણને મળેલી કમનસીબ વારસાને આભારી છે. આને લીધે આપણા ગૂઢ મનમાં એક પ્રકારની moral snobbery—નૈતિક દાંભીકતા—નો અથવા તો એકાન્તિકતાનો ઉદ્‌ભવ થયેલો હોય છે. પરિણામે આપણે એમ માનવાને પ્રેરાઇએ છીએ કે નૈતિક પૂર્ણતાને સૌન્દર્યાનુભવથી અલગ કરી શકાય છે, અલગ કરવી જોઈએ. આના કરતાં બીજો કોઇ વિચાર સત્યથી પધારે વેગળો નથી.

"આત્મા કે જે સર્વ સૌન્દર્ય અને નૈતિક પૂર્ણતાનું મૂળ છે, ઉદ્‌ભવસ્થાન છે તેની અભિવ્યકિત બે રીતે થાય છે. જ્યારે મન ક્રમશ: આત્માથી શુધ્ધતર બનતું જાય છે ત્યારે પ્રાણ અને પુદ્‌ગળ સુન્દરતાને ધારણ કરે છે. એવી જ રીતે જ્યારે પાશવ, પૌદ્‌ગલિક કે સામાજિક એવા બાહ્ય જીવનને સુન્દર બનાવવામાં આવે છે ત્યારે આત્મા ચિત્તને પણ ઉન્નત બનાવે છે. આત્માની શકિત જીવનને સુન્દર બનાવે છે. જ્યારે જીવનમાં જેમ જેમ સૌન્દર્યને વધારે અવકાશ મળતો જાય છે તેમ તેમ આત્મા વધારે ઉંચી શકિતને પ્રાપ્ત કરે છે. આ પરસ્પરાવલંબી અને પરસ્પર સંવાદી ક્રિયા છે. આ જીવનસત્ય આપણે ભુલી જઇએ છીએ.

"અલબત્ત રેઇસ કોર્સ સંબંધમાં એક એવી મર્યાદા છે કે જેનું ઉલ્લંઘન થવું ન જોઇએ. રેઇસ કોર્સ જુગારખાનાં બનવાં ન જોઇએ. આમ છતાં એ પણ ખરૂં કે જુગારનો થોડો અંશ રેઇસીંગ—ઘોડદોડ સાથે સંકળાયલો રહેવાનો છે, કારણકે શિકાર અને જુગારને સાહજિક ભાવે ચાહતા માનસિક વળણમાંથી રેઇસ કોર્સનો ઉદ્‌ભવ થયો છે. માનવી પ્રકૃતિની પાયાની નબળાઈઓ સાથે જોડાયલી આ તેમજ અન્ય બાબતોમાં અમર સ્મૃત્તિકાર મનુ મહારાજે આપણને ખૂબ શાણપણ ભરેલું માર્ગદર્શન કરાવ્યું છે. તેઓ કહે છે કે

> व्यसनस्य च मृत्योश्च, व्यसनं कष्टमुच्यते ।
> व्यसन्योधोऽधो व्रजति, स्वर्यात्यव्यसनी मृतः॥

(ખરાબ ટેવ અને મૃત્યુ બન્નેને સરખાવતાં ખરાબ ટેવ વધારે નિન્દનીય છે. કારણ કે ખરાબ ટેવ વાળો માણસ ઉત્તરોત્તર નીચે

જતો જાય છે જ્યારે ખરાબ ટેવના વળગાડ વિનાનો મૃત માનવી સ્વર્ગે જાય છે.

આ શ્લોક ઉપર ટીકા લખતાં મનુ મહારાજના સૌથી મોટા ટીકાકાર માનાહે મેધાતિથિ જણાવે છે કે:–

व्यसनशब्देन अत्यन्तोऽभ्यास एतद्
वर्ग्यविषय उच्यते न तु इषद् आसेवनम्।

(વ્યસન શબ્દથી જેનો નિષેધ કરવામાં આવ્યો છે તે દારૂ જેવી વસ્તુની ધર કરી બેઠેલી કુટેવ સમજવાની છે. થોડા પ્રમાણમાં દારૂ પીવો તેનો આવી કુટેવમાં સમાવેશ થતો નથી)

"આવી કુટેવનું જાહેર અભિપ્રાય, નૈતિક શિક્ષણ અને કાયદા દ્વારા નિયમન કરવાનું રહે છે, આ નિયામકોએ એવું કહ્યું કે 'ઇષત્' શબ્દથી સૂચિત થતી મર્યાદાનું ઉલ્લંઘન કરતી કુટેવનું નિયમન કરવામાં આવે અને એ મર્યાદા માણસની સાધારણ નબળાઇને ધ્યાનમાં રાખીને ઠીક પ્રમાણમાં પહોળી રાખવી જોઈએ"

આ વિચારનિરૂપણ સ્થળે સ્થળે સંદિગ્ધ લાગે છે અને પરિણામે શ્રી મુનશી શું કહેવા માંગે છે તે આપણને પૂરૂં સ્વષ્ટપણે સમજાતું નથી. આ દોષ અનુવાદનો નથી, પણ મૂળ અંગ્રેજી લખાણનો છે. આમ છતાં પણ શ્રી મુનશીજી જે કાંઈ કહેવા માંગે છે તે નીચે પ્રમાણે સંક્ષેપમાં રજુ કરી શકાય.

સૌન્દર્યનો ઇનકાર કરીને ઉંચી એકાન્તિક નીતિમત્તા દ્વારા માનવીએ આત્મતત્વનો સાક્ષાત્કાર કરવાની આશા રાખવી અથવા તો પૂર્ણતાને પ્રાપ્ત કરવાનો મનોરથ સેવવો એ સાચી સમજણ વિનાનો પ્રયત્ન અથવા માનસિક ભ્રમ છે. કારણ કે પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે જેટલી શીલશુદ્ધિની જરૂર છે તેટલી જ વિવિધ પ્રકારની અને ક્રમશઃ ઉચ્ચતર સૌન્દર્ય–અનુભૂતિની જરૂર છે અને એ દૃષ્ટિએ રેઇસ કોર્સ જેવી સૌન્દર્ય અનુભૂતિ કરાવનારી પ્રવૃત્તિઓથી વિમુખ બનીને ચાલવું અથવા તો સામુદાયિક દૃષ્ટિએ તે ઉપર અટકાયત મૂકવાનો વિચાર કરવો એ જીવનના સર્વાંગી વિકાસની કેવળ અવગણના કરવા બરોબર છે.

સાથે સાથે તેઓ એમ પણ કહેવા માંગતા હોય એમ લાગે છે કે રેઇસ કોર્સ જેવી પ્રવૃત્તિ કેવળ જુગારખાનું બનવું ન જોઇએ. એમ છતાં પણ, તેઓ જણાવે છે કે, રેઇસ કોર્સથી જુગારને તદ્દન વિખુટો કરી શકાય તેમ નથી, કારણ કે શિકારની વૃત્તિ માફક જુગારની વૃત્તિ માનવીની મૂળ પ્રકૃતિ સાથે જોડાયલી છે, આવી જ રીતે દારૂની લત ઘણી જ ખરાબ વસ્તુ છે અને તેથી શ્રેયાર્થી માનવીએ તેનાથી સદા દૂર રહેવું જોઇએ એમ છતાં પણ મદ્યના અલ્પ આસેવનને, इषत् आसेवनને માનવીની એક સર્વસાધારણ નબળાઇ લેખીને તેનો વિરોધ કે પ્રતિબંધ કરવાની જરૂર નથી.

હવે આપણે શ્રી મુનશીની આ પ્રકારની વિચારધારાની જરા વિગતથી આલોચના કરીએ. માનવીમાત્રમાં રહેલી ઇન્દ્રિયજન્ય સુખવૈભવની લોલુપતા પશુયોનિનો વારસો હોઇને પશુજાતિ તથા માનવજાતિ ઉભયને સામાન્ય છે. પણ માનવી પોતે જે કાંઈ જાણે છે તથા અનુભવે છે તે કરતાં વધારે ને વધારે જાણવાની તેમ જ વધારે ને વધારે વ્યાપક તથા ઉન્નત એવા સૌંદર્ય અનુભવની માનવી માત્રમાં ઝંખના રહેલી છે. આ એક માનવી તરીકેની વિશેષતા છે. માનવી જ્ઞાનમાં જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ આગળનું જ્ઞાન તેને અજ્ઞાન સમું લાગે છે. અને તેવી જ રીતે તેની સૌંદર્ય-દૃષ્ટિ જેમ જેમ વધારે ને વધારે વિકસતી જાય છે તેમ તેમ જેને તેણે પહેલાં સુંદર તરીકે માન્યું, જાણ્યું, કે અનુભવ્યું હોય તે પછી અસુંદર અને સામાન્ય લાગે છે. લોકોત્તર જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જ્ઞાનદૃષ્ટિ સતત વિકસતી રહેવી જોઇએ તેમ જ તે દિશાએ ચાલુ સાધના હોવી જોઇએ. આવી જ રીતે લોકોત્તર સૌંદર્યાનુભૂતિ પ્રાપ્ત કરવા માટે સૌંદર્યની દૃષ્ટિ પણ સતત વિકસતી રહેવી જોઇએ તેમ જ તેવી દૃષ્ટિ પ્રાપ્ત કરનાર વ્યક્તિ તથા સાહિત્યનો ચાલુ સંપર્ક રહેવો જોઇએ.

આપણા વ્યક્તિગત રાગદ્વેષ તથા પૂર્વ અભિનિવેશ, ચિત્તની અનેક વિકૃતિઓ તેમ જ અહંભાવ આપણી જ્ઞાનદૃષ્ટિને તેમ જ સૌન્દર્યદૃષ્ટિને નિર્મળ બનવામાં ભારે અન્તરાય રૂપ બને છે. આ નિર્મળતા–વિશદતા પ્રાપ્ત કરવા માટે શીલશુદ્ધિ નીતિમત્તાની અત્યન્ત આવશ્યકતા ઉભી થાય છે. એક બાજુએ શીલશુદ્ધિ અને બીજી બાજુએ જ્ઞાનપ્રકર્ષ કે સૌન્દર્યાનુભૂતિનો ઉત્કર્ષ એકમેક ઉપર અવલંબતા તત્વો છે. શીલશુદ્ધિથી આપણું જ્ઞાન અને સૌન્દર્યાભિમુખ વૃત્તિ અથવા તો રૂચિ વધારે ને વધારે વિશદ બને છે, ઉભયનું ઉર્ધ્વીકરણ થાય છે, જ્ઞાન તેમ જ રૂચિના પ્રકર્ષથી શીલશુદ્ધિ ચેતનાવાન, પ્રાણવાન, રસમય, આનંદમય બને છે અને શીલશુદ્ધિમાં એકાન્તિકતા કે જડતા પ્રવેશવાનું જોખમ દૂર થાય છે.

આ જ્ઞાનોપાસના અને સૌન્દર્યોપાસનામાંથી સૌન્દર્યોપાસનાને છુટી પાડીને તેનો અને શીલસાધનાનો–નીતિમત્તાનો–પરસ્પરાવલંબી સંબંધ શ્રી. મુનશીએ પોતાના પત્રમાં ચર્ચ્યો છે.

આજે અનેક દિશાએથી કમનસીબે વિષયલોલુપતાને–ભોગલાલસાને–ઉપર જણાવ્યું તે મુજબની પશુસામાન્ય ભોગોપભોગ વૃત્તિને–સૌન્દર્યોપાસનાના નામે વટાવવામાં આવે છે અને શ્રી મુનશીની વિચારણામાં પણ આજ દોષ અમુક અંશે નજરે પડે છે. આજના શહેરમાં વસતા સુસ્થિત વર્ગમાંના કેટલાક વિભાગનું જીવન તપાસીએ તો તેઓ વ્યાપારવ્યવસાય બહારનો સમય કલબોમાં સીનેમા જોવામાં અને ઘોડદોડની સરતના કે એવા કોઈ જલસા ચાલતા હોય ત્યારે તે પાછળ મોટા ભાગે વ્યતીત કરે છે. વળી પોતાની સુખસગવડ વધારનારાં સાધનો વસાવવા અને ભોગવવામાં તે પોતાના જીવનની ઇતિકર્તવ્યતા માને છે. આમ સામાન્ય છતાં બીજી રીતે સુસ્થિત માનવી, પોતામાં આથી વધારે ઉચ્ચ કોટિના જીવનનું કશું પણ દર્શન ન હોવાના કારણે, આવા ભોગવૈભવથી રાચે છે અને ખુશખુશાલ હરેફરે છે. વિધિની આવી સાનુકુળતા જ્યારે કોઈ બુધ્ધિશાળી વિદ્યાનિપુણ માનવીને પ્રાપ્ત થાય છે અને તે જ્યારે પોતાના જીવનને સર્વ પ્રકારે વૈભવશાળી બનાવે છે ત્યારે તે પોતાના વૈભવશાળીપણાને સૌન્દર્યોપાસનાના અંગ તરીકે મનાવે છે અને આ વૈભાવશાળીપણામાં અને પરમ તત્વની ઉપાસનામાં તેને કશી વિસંગતિ દેખાતી નથી. ખરી સૌન્દર્યોપાસના તો વિશ્વરચનાના અંગે અંગમાં વ્યાપ્ત એવા પરમ સૌન્દર્યને જાણવું, અનુભવવું, સ્થૂળ સૌન્દર્ય ભૂમિકા વટાવીને સૂક્ષ્મ સૌન્દર્યને પીછાણવું, જેના અનુભવમાં આસક્તિ ન હોય, વિકૃતિ ન હોય, લોલુપતા ન હોય એવા ઇન્દ્રિયગમ્ય છતાં અતીન્દ્રિયભોગ્ય સૌન્દર્યને ઓળખવું હસ્તગત કરવું એમાં રહેલી છે. આવી સૌન્દર્યોપાસના હંમેશા આત્માભિમુખ હોય છે, જીવનને પૂર્ણતા તરફ લઇ જનારી હોય છે, જ્યારે શ્રી. મુનશી ઉપર જણાવેલા પોતાના વિચારો દ્વારા જે સૌન્દર્યોપાસનાની પ્રતિષ્ઠા કરે છે તે પામર માનવી જેના તરફ સદા આકર્ષાયલો રહે છે એવી એક યા બીજા પ્રકારની વૈભવલક્ષી ભોગોપાસના માલુમ પડે છે.

વિશ્વના સર્વ અંગઉપાંગમાં અને માનવીની સર્વ પ્રવૃત્તિઓમાં સૌન્દર્યઅનુભૂતિને ઓછો વધતો અવકાશ હોય જ છે અને એ રીતે રેસીંગમાં–ઘોડદોડ–ની પ્રવૃત્તિમાં સૌન્દર્યાનુભવને બીલકુલ અવકાશ નથી એમ નહિ કહી શકાય. આમ છતાં એ પ્રવૃત્તિનું સામુદાયિક પરિણામ, આપણે જે રીતે અનુભવી રહ્યા છીએ એ રીતે વિચારતાં, માનવસમાજને વધારે પાર્થિવ, વધારે દ્યુતપરાયણ, વધારે ભોગોપભોગલક્ષી બનાવવામાં આવ્યું છે. રેસીંગ કે એવી અન્ય પ્રવૃત્તિઓ દ્વારા કોઇની રૂચિનું ઉર્ધ્વીકરણ થયું કે માનવી વધારે આત્માભિમુખ થયો જાણ્યો કે

સાંભળેલ નથી. સૌન્દર્યોપાસના પણ આખરે એજ પ્રશસ્ય છે કે જે માણસની ચિત્તવૃત્તિને નિર્મળ બનાવે, જીવનને ઉર્ધ્વગામી બનાવે, આત્માની અભિવ્યકિતને સમીપ લાવે, વિશ્વવ્યાપી સૌન્દર્ય અને તેના અનુભવમાંથી મળતા નિર્વિકારી આનંદનો ભોકતા બનાવે, દુનિયાના મોજશોખ માણવા, તેને સૌન્દર્યની ઉપાસનાના નામે પ્રતિષ્ટા આપવી અને સાથે સાથે આત્મતત્વની વાતો કરવી અને પરમ તત્વની ઉપાસનાથી પોતે લેશ પાત્ર દૂર નથી એમ મનને મનાવવું-આ એક પ્રકારની સ્વપરવંચના છે. આ રીતે પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે, આત્મા અને પરમાત્માના દ્રૈઅતનો સાક્ષાત્કાર કરવા માટે જે સૌન્દર્યોન્મુખ રૂચિના ઉધ્વીકરણની અનિવાર્યપણે અપેક્ષા રહેલી છે તે સૌન્દર્યોન્મુખ રૂચિની સાધનાને ઘોડદોડના વ્યસન સાથે સંલગ્ન કરીને શ્રી. મુનશીએ સૌન્દર્ય સાધનાના લોકોત્તર આદર્શને કેવળ બજારૂ બનાવ્યો છે.

**इषत् मद्यावसेवनं न दोष:** એ પ્રકારના મેધાતિથિના અભિપ્રાયનું શ્રી મુનંશી જે અનુમોદન કરે છે તેની પણ આપણે જરા વિગતથી ચર્ચા કરીએ તો અસ્થાને નહિ લેખાય. માનવીના ખાનંપાન કે રહેલી કરણીને લગતી એવી કેટલીએક બાબતો છે કે જે માનવજાતને વ્યકિતગત રીતે તેમજ સામુદાયિક રીતે નિ:સશય હાનિકારક ગણાય અને એમ છતાં કંઇ કાળથી તે બાબતો નબળાઈ-ના આકારમાં માનવીની પ્રકૃતિ સાથે જોડાયલી હોઇને તેને મૂળ-માંથી ટાળવી યા નાબુદ કરવી અશકય હોય છે. મદ્યપાન કે દ્યુતસેવન માનવી જીવન સાથે ચિરકાળથી સંકળાયલી આવી જ એક પ્રકારની નબળાઇ છે. અને તેથી તેની આત્યન્તિક નાબુદી સમાજ-સુધારકોના ગમે તેટલા પ્રયત્નો હોવા છતાં શકય બનતી નથી. આને નાબુદ કરવા માટે યોજાયલા કાયદાઓ પણ બહુ ઓછા પ્રમાણમાં સફળતાને પામે છે. જેમ બહારનો પ્રતિબંધ વધારે તેમ આ નબળાઇઓ ભુગર્ભમાં જઇને પણ પોતાની તૃપ્તિ ઓછાવધતા પ્રમાણમાં શોધે જ છે. આ પરિસ્થિતિ વચ્ચે આવી બાબતોના નિયમન સંબંધે આપણે શું કરવું, કેમ વર્તવું ? શ્રી. મુનશી આપણને આ સંબંધમાં એમ સૂચવતા લાગે છે કે મદ્યપાન જ્યાં સુધી અલ્પ પ્રમાણમાં ચાલતું હોય ત્યાં સુધી આપણે તેને નીભાવી લેવું જોઇએ અને તેને યોગ્ય મર્યાદાની બહાર જતાં અટકાવવું જોઈએ. દ્યુત સંબંધમાં પણ તેમનું લગભગ આવું જ વળણ લાગે છે, કારણ કે ઘોડદોડની સરત જુગારખાનું બની જવું ન જોઇએ એમ તેઓ જરૂર જણાવે છે, એમ છતાં ઘોડાદોડ સાથે દ્યુત પ્રારંભથી જ જોડાયલું છે અને દ્યુત અને શિકારની આદિકાળની વૃત્તિમાંથી જ ઘોડદોડ-રેઇસીઝ-નો ઉદ્ભવ થયો છે એમ તેઓ સાથે સાથે જણાવે છે. આ રીતે તેમના અભિપ્રાયને આ રીતે વર્ણવી શકાય. **इषत् मद्यं, इषत् द्युतं, न वाच्यं, न दोषं, न तु निन्दनीयम् ।** સમાજ સાથેના વ્યવહારમાં આવું વલણ સ્વીકારીને ચાલવું એ જ વ્યવહારૂ અને શાણપણ ભરેલો માર્ગ લાગે છે. આવી બાબતમાં જ્યારે અતિરેક થાય ત્યારે સમાજે તેમ જ રાજ્યે જરૂરી અંકુશ મૂકવો ઘટે છે. પણ સાથે સાથે એ પણ ધ્યાનમાં રાખવું ઘટે છે કે કાયદા દ્વારા આવા વ્યાસનોની આત્યન્તિક નાબુદી શકય નથી,

આ તો આપણે સામાજિક દૃષ્ટિએ આ નબળાઈઓની તૃપ્તિને કેટલો અવકાશ આપવો, ન આપવો તેનો વિચાર કર્યો. વ્યકિતગત જીવનની વિચારણામાં જેને આપણે શારીરિક, માનસિક કે આધ્યાત્મિક દૃષ્ટિએ હાનિકારક ગણ્યું તેનો આત્યન્તિક ત્યાગ જ આદરણીય ગણવો જોઇએ અને તે ધોરણ ઉપર જ આપણા આચારને ઘડવો જોઇએ. પોતાની જાતને **इषत् द्युतम् इषत् मद्यम्** આ પ્રકારે જે માણસ ચાલુ જીવનમાં છુટ આંપતો રહે છે તે માણસ ઈષત્માંથી કોઈ સમયે બૃહત્માં પ્રવેશ કરવાનું-અલ્પવ્ય-સનમાંથી મહાવ્યસની બનવાનું-જોખમ ખેડે છે અને એમ ન બને તો પણ તેનું જીવન અતિ સામાન્ય પામર કક્ષાનું જ રહે છે. આત્માની અભિવ્યકિતનો મનોરથ સેવવો અને 'ઇષત્ મદ્યમ્ ઈષત્ દ્યુતમ્ , ઇષત્ મૈથુન સેવનમ્ આવું જીવન જીવવું તથા આત્માને હાનિકારક કોઈ પણ નબળાઇને મૂળમાંથી ટાળવાનો પ્રયત્ન જ ન કરવો એ પરસ્પરવિરોધી જીવન જીવવા બરોબર છે અને તેનું પરિણામ પરમ પુરૂષાર્થની પ્રાપ્તિથી હમેશા દૂરને દૂર રહેવામાં આવે છે. આવા પૃથક્કરણના અભાવે શ્રી મુનશી સામાજિક કે વ્યકિતગત જીવનમાં જાણે કે નાનીશી નબળાઇઓને જતી કરવાના, નીભાવી લેવાના મતના હોય અને 'એમાં શું ?' 'માનવી આખરે માનવી છે, દેવ નથી,' અથવા તો 'નબળાઇના કારણે જ માનવી માનવી છે અને તેને લીધેજ સમસંવેદનનો અધિકારી છે' એ રીતે માનવીની નબળાઈઓ વિષે અલબત્ત અમુક મર્યાદિત હદ પુરતી તેઓ જાણે કે સહાનુભૂતિ ધરાવતા હોય એવો ખ્યાલ ઉભો થાય છે. તેમણે પેતાની નવલકથાઓ તથા નાટકોમાં કરેલાં પૌરાણિક તેમ જ ઐતિહાસિક પાત્રોના આલેખન પણ આવી માન્યતાનું ઘણી વાર સમર્થન કરતા લાગે છે. આપણે ઇચ્છીએ કે ઈષિતૂવાદ સંબંધમાં શ્રી મુનશી વધારે સ્પષ્ટતાથી પોતાના વિચારો દર્શાવે અને તેમને અન્યથા સમજવાની સંભાવનામાંથી આપણને ઉગારે. **પરમાનંદ**

## સાંવત્સરિક પ્રતિક્રમણ અને જૈનો

કોઈપણ સામાન્ય દિનોના પ્રતિક્રમણ કરતાં સાંવત્સરિક પ્રતિક્રમણનો મહિમા અનોખો છે. કારણ કે તે દિવસે આખા વર્ષનાં સળંગ કાર્યોનું ઉંડું ચિંતન કરવાનું હોય છે. અને તે ચિંતન વ્યક્તિગત ઉપરાંત સાનુદાયિક પણ હોય છે. આપણા દેશના ધર્મ-માત્રમાં વ્યકિતગતશુદ્ધિની વાર્તા પર ખુબ ભાર અપાયો છે. વાત પણ સાચી છે. આખરે તો સમાજ પણ વ્યકિતમાંથી જ બને છે. એમ છતાં માત્ર વ્યકિતગત શુદ્ધિથી બેસી રહેવું કે અટકવું એ પણ બરાબર નથી. વ્યકિતગતશુધ્ધિની સાથોસાથ સમાજવિશુદ્ધિનો ખ્યાલ રાખવો જરૂરી છે. કેટલીકવાર તો તે અનિવાર્ય જરૂરી થઇ પડે છે. જૈન અને બૌદ્ધ બન્નેના ધર્મક્રાન્તિકાર પુરુષોએ એટલે કે મહાવીર અને બુદ્ધ બન્નેએ વ્યકિતશુદ્ધિ અને સમાજશુદ્ધિ બન્નેને એકમેક સાથે જોડયાં છે, આથી જ એ બે ધર્મોની આ વિશેષતાએ પ્રજ્ઞાપૂર્ણ અને ત્યાગપ્રાણ એવા શ્રી શંકરાચાર્યના જીવન પર બહુ મોટો પ્રભાવ પાડયો છે. શ્રીમાન શંકરે ગૃહસ્થાશ્રમ પછી સંન્યાસના વૈદિક વિધાનને અવગણીને અને સીધો સંન્યસ્તાશ્રમમાં પ્રવેશ કરીને એક મોટી ક્રાન્તિ નિર્માણ કરી છે. અલબત્ત **संघं-गच्छामि** એ સૂત્રને પાછળથી બૌધ્ધધર્મમાં જે ઝોક મળ્યો છે, તે અને તેટલો ઝોક જૈન ધર્મમાં સતત નથી મળ્યો. એમ છતાં કોઇને કોઇ રૂપે તો જૈનધર્મોમાં પણ **સંઘસંસ્થા** ટકી તો રહી જ છે, અને કયાંક તો એનું વધુ પડતું પ્રભુત્વ પણ છે. સંઘસંસ્થાના ઝોકમાં એક ભયસ્થળ છેજ કે તેમાં વ્યકિતસ્વાતંત્ર્ય ઉપર નિયમન આવે છે; પરંતુ જો એક બાજુ વ્યકિતશુદ્ધિનું મૂળ બરાબર રહે તો પછી એવી સંઘસંસ્થા વિશ્વમાં અભૂતપુર્વ કાર્યો કરી શકે છે. આ દૃષ્ટિએ સંવત્સરીના સામુદાયિક પ્રતિક્રમણની કિંમત ઘણી વધી જાય છે. તે દિવસનો માફી માગવા આપવાનો પાઠ પણ વ્યાપક સક્રિયતા લે છે. સંવત્સરીને દિને જૈન લોકો ખમતખામણા કરવા માટે વ્યાપક રીતે ઠેર ઠેર નીકળી પડે છે. માણસમાત્ર ભૂલને પાત્ર હોય છે, પણ જ્યારે એ નાની કે મોટી ભૂલ માટે આમ જાહેરમાં પસ્તાવો રજુ કરી પોતાના વૈર વિરોધ ભુંસી નાખે એ અંગત ઉપરાત સામાજિક વિશુદ્ધિનું એક જબ્બર આંદોલન છે. આ આંદોલનનો વિવેકપૂર્વક યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો કેટલું મોટુ કામ થાય ?

આ દેશની ચૂંટણી પછી આ પ્રથમ સંવત્સરી આવે છે. વર્ષોથી જૈનોનો-સાધુ અને શ્રાવક તરીકે રાજકારણમાં ઘણો મહત્ત્વનો ફાળો રહ્યા કર્યો છે. કદાચ છેલ્લા કેટલાક સમય પછી આવો ઉત્તમ અવસર આવે છે કે જ્યારે જૈનોને સમાજની સર્વતોમુખી વ્યવહાર

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૭-૮-૫૨ રવિવારથી તા. ૨૫-૮-૫૨ સોમવાર પર્યન્ત પંડિત સુખલાલજીના પ્રમુખપણા નીચે યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ છે:—

| તારીખ | વકતા | વિષય |
|---|---|---|
| તા. ૧૭-૮-૫૨ રવિવાર | પંડિત સુખલાલજી | સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ |
| ,, ,, | શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | લોકશાહીનું હાર્દ |
| ,, ,, | સંગીતકાર શાન્તિલાલ શાહ | પ્રભુકીર્તન |
| તા. ૧૮-૮-૫૨ સોમવાર | શ્રી આદમ અદીલ | વ્યક્તિગત તેમજ સામુદાયિક દૃષ્ટિએ અહિંસા |
| ,, ,, | શ્રી ઉષાબહેન મહેતા | મેડમ ક્યુરીનો જ્ઞાનયોગ |
| તા. ૧૯-૮-૫૨ મંગળવાર | શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ | ભગવાન મહાવીર |
| ,, ,, | શ્રી કરસનદાસ માણેક | ઉપનિષદનો સંદેશ |
| તા. ૨૦-૮-૫૨ બુધવાર | શ્રી બાબુલાલ દેરીઆ | જૈન ધર્મની તાત્વિક ચર્ચા |
| ,, ,, | અધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલા | આધુનિક જીવન અને ધર્મ |
| તા. ૨૧-૮-૫૨ ગુરૂવાર | શ્રી મધુભાઈ પટેલ | કાવ્યો અને ભજનો |
| ,, ,, | શ્રી દસ્તુરજી ખુરશેદ દાબુ | આત્મવિદ્યાની દૃષ્ટિએ જીવનની સમસ્યાઓ |
| તા. ૨૨-૮-૫૨ શુક્રવાર | શ્રી રજનીકાંત મોદી | શ્રી અરવિન્દનું યોગદર્શન |
| ,, ,, | શ્રી નાનાભાઈ ભટ્ટ | ગ્રામ વિદ્યાપીઠ |
| તા. ૨૩-૮-૫૨ શનિવાર | શ્રી પુરૂષોતમ કાનજી (કાકુભાઈ) | સર્વોદય |
| ,, ,, | શ્રી કિસનસિંહ ચાવડા | ગાંધીજી |
| તા. ૨૪-૮-૫૨ રવિવાર | પ્રિન્સીપાલ શ્યામલા મઝગાંવકર | ભજનો |
| ,, ,, | કાકાસાહેબ કાલેલકર | શાન્તિસેના |
| ,, ,, | શ્રી કેદારનાથજી | ન્યાયસંપન્ન જીવનવૈભવ |
| તા. ૨૫-૮-૫૨ સોમવાર | શ્રી નાનાભાઈ મ. દવે | અનાસક્તિ યોગ |
| ,, ,, | શ્રી ઉમાશંકર જોષી | સત્યં, શિવં, સુન્દરમ્ |
| ,, ,, | શ્રી પિનાકિન ત્રિવેદી | ઈશ્વરભજન |

તા. ૧૭ થી તા. ૨૩ સુધીની અને તા. ૨૫ મીની વ્યાખ્યાનસભાઓ ફ્રેન્ચ બ્રીજ પાસે આવેલા બ્લેવાટસ્કી લોજમાં સવારના ૮॥ વાગે શરૂ થશે. તા. ૨૪ મી રવિવારની વ્યાખ્યાનસભા કવીન્સ રોડ ઉપર આવેલા રોકસી થીએટરમાં એ જ સમયે એટલે સવારના ૮॥ વાગે શરૂ થશે. આ વ્યાખ્યાનસભાઓ જૈન જૈનેતર સૌ કોઈને માટે ખુલ્લી છે. વ્યાખ્યાન સાંભળવા આવનાર ભાઈબહેનોને વખતસર હાજર રહેવા અને શાન્તિ અને શિસ્ત જાળવવા વિનંતિ છે.

જયંતીલાલ લલ્લુભાઈ પરીખ
રમણલાલ સી. શાહ
૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩ — મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શુદ્ધિમાં સીધો ભાગ લેવાનો આવે. આજે તો ખુદ જૈનોમાં પણ વ્યવહારશુદ્ધિ અંગે ઘણું કરવાનું છે જ. આમ બધું જોતાં મારી વિનંતિ છે કે આવતાં પર્યુષણોમાં જૈનો—દરેક ફિરકાના જૈનો—સાંવત્સરિક પ્રતિક્રમણને રાષ્ટ્રપર્વના અંગ રૂપ ઉજવીને દીપાવે!

### આ અંગેનાં સૂચનો

થોડા આ અંગે રચનાત્મક સૂચનો કરૂં:—(૧) અંગત રીતે ક્રોધ, કામ વિકાર અને અંગત માલિકીહક ઉપર કાબુ લાવવાનો સંકલ્પ (૨) વ્યાપારમાં પ્રમાણિકતા જાળવવાનો દૃઢ પ્રયત્ન. દા. ત. ખોટા ચોપડા કે ડબ્બલ ચોપડા ન રાખવા. યોગ્યે માપે લેવું દેવું. સાક્ષી સાચી પુરવી. સાચું બોલવું ને સદાચારી બનવું. ચોરીની કોઈ પણ પ્રક્રિયામાં ન પડવું. જુગાર, સટ્ટા કે તેવા ધંધાથી દૂર થવું. સમાજમાં ન્યાય અને સચ્ચાઇ વધારવાનો પ્રયત્ન કરવો. (૩) જૈન ધર્મ તો વિશ્વધર્મ છે અને તે હંમેશાં સદ્‌ગુણપૂજક અને સર્વક્ષેત્રી રહ્યો છે. એટલે સર્વ ધર્મો પોતાના છે અને એકેએક ક્ષેત્રમાં પોતે પણ કોઇને કોઇ પ્રકારનો હિસ્સો લેવાનો છે, તે ભાવના જાતે આચરવી અને બીજાઓ પસે અચરાવવી. (૪) યંત્રો અને સંઘરાખોરી કોઇપણ સ્વરૂપમાં રહે, તોય તે અહિંસા અને સામાજિક સમાનતા માટે ભય-રૂપ છે, માટે નિદાન જૈનોએ એ બન્નેને ઘટાડવાનો સતત પ્રયત્ન કરવો. (૫) દેશ, ઉદારતાને, સાદાઇને અને સત્વિકતાને માર્ગે રહે, તે સારૂ ગ્રામોદ્યોગો, પશુધન અને ધરતીમાં જૈનો પોતે પોતાની મૂડી, બુદ્ધિ અને શ્રમનિષ્ઠા રોકે અને બીજાઓને રોકવાનું આકર્ષણ જન્માવે!

જૈનોનાં પ્રતિક્રમણોએ યુગે યુગે નવું માર્ગદર્શન આ પહેલાં પણ આપ્યું જ હતું. એણે કાલિકાચાર્યને સશસ્ત્ર બની સાધ્વી સરસ્વતીને બચાવવા અનેક સાથીઓનું શૌર્ય ઝળકાવવા પ્રેર્યા અને છતાંય કાર્યસિદ્ધિને અંતે વિજયના ગર્વને બદલે પ્રાયશ્ચિત્તનો માર્ગ ચીંધ્યો; સ્થૂળભદ્રને કોશ્યા નિવાસમાં રહેવા છતાં એક બાજુ એણે અડોલ રાખ્યા તો બીજી બાજુ કોશ્યાના માર્ગદર્શક નિમિત્ત બનાવ્યા અને ગુરૂના વારંવાર ધન્યવાદ પામવા છતાં નમ્રતા ઓછી થવા ન દીધી. એણે પંથકની શિષ્યતા ધન્ય બનાવી અને ગુરૂની સુષુપ્ત ગુરુતાને જગાડી દીધી. આવાં તો અનેક દૃષ્ટાંતો મળી શકે. આ દૃષ્ટિએ આજના યુગનો પડકાર ઝીલવા સાંવત્સરિક પ્રતિક્રમણદ્વારા જૈનો—ચતુર્વિધસંઘ—આગળ આવે એ જ પ્રભુપ્રાર્થના!

સંતબાલ

# સ્વ. મણિભાઇને અંજલિપ્રદાન

( સ્વ. મણિભાઇના અવસાનને અનુલક્ષીને તેમના અનેક મિત્રો, સ્વજનો. પ્રશંસકો તરફથી તેમના પુત્ર ભાઇશ્રી રમણીકલાલ ઉપર તેમ જ શ્રી. પરમાનંદભાઈ ઉપર સંખ્યાબંધ પત્રો આવ્યા છે, કેટલીએક સંસ્થાઓએ તેમના વિષે શોક પ્રદર્શક ઠરાવો કર્યા છે તેમ જ કેટલાએક સામયિકોએ તેમની ગુણપ્રશંસા કરી છે, તે બધું આ અંકમાં પ્રગટ કરવું અશકય છે. તેથી તેમાંથી કેટલુંક તારવીને નીચે આપવામાં આવે છે. તંત્રી.)



**શ્રી કિશોરલાલ ધ. મશરૂવાળા (વર્ધા)**

મારો અને એમનો અંગત પરિચય થયાનું યાદ નથી. પણ પ્રબુદ્ધ જૈન મારફતે એમનો પરિચય તો હતો. એમની ઉંમર આટલી મોટી હશે એમ મારી કલ્પના નહોતી. પણ તેથી જ તમને અને સુધારક જૈનોને એમની ભારે ખોટ સાલશે. પરન્તુ નિસર્ગના ક્રમે જે થાય તે સમતાપૂર્વક સ્વીકારવું જ જોઈએ તેમ જ આશા રાખું છું કે સૌ મિત્રો આ ઘટનાને શાન્તિથી સહન કરશે. એમના કુટુંબી-જનોને પણ એ જ કહી શકાય.

**શ્રી કેદારનાથજી (પૂના)**

શ્રી મણિભાઇ એક નિષ્ટાવાન કર્તૃત્વશાળી સાચા સમાજ-સેવક હતા. તેમનામાં ઉદારતા તથા પ્રામાણિકતા પ્રથમ દરજ્જાની હતી. એવા સદ્ગુણી પુરૂષનું અનુકરણ આપણે સર્વેએ કરવું જોઇએ.

**કાકાસાહેબ કાલેલકર (ન્યુ દીલ્હી)**

મણિભાઇની ખોટ આપણ સર્વને બહુ કઠે તેવી છે.

**સ્વામી આનંદ (કૌસાની)**

છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ માંદા ચાલ્યા કરતા અને અપં-ગવત્ થઇ પડયા હતા, છતાં એ સ્થિતિમાંયે બનતી કાળજી લઇને તેઓ તબિયત જ નહિ પણ પોતાનાં જાહેર કામો પણ એવા જ રસપૂર્વક ચલાવ્યે જતા. તેઓ પોતાની કર્તવ્યપરાયણતાની સુગંધ પાછળ મૂકતા ગયા. તમને, પ્રબુદ્ધ જૈનને તેમ જ તમારા આખા સંઘને એમની ભારે ખોટ પડી એમાં શંકા નથી. મને એમનો ઘણો સારો પરિચય હતો અને જયારે જયારે અમે મળતા ત્યારે એમના સૌજન્યનો અનુભવ મને તરબોળ કરી દેતો. એમના કુટુંબીઓ જોડે હું પરિચિત નથી પણ મારી વતી તેમની આગળ શોક પ્રદર્શિત કરશો અને એમની તેમ જ તમારી સૌની ખોટમાં હું ભાગીદાર છું એમ ગણજો.

**શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ (ન્યુ દીલ્હી)**

તેમનું જીવનકાર્ય પુરૂ થયું. અધુરૂં આપણે પુરૂં કરવાનું રહ્યું. તમે તેમની ચાકરી કરવામાં બાકી મૂકી નથી. જૈન સમાજને તેમના જેવો નિસ્પૃહ સેવક મળવો મુસીબત છે.

**મુનિ સંતબાલજી (ખસ. ધંધુકા તાલુકો)**

ભાઇ મણિભાઇ ગયાની જન્મભૂમિની નોંધ ગઇ કાલે જ વાંચી. તેમની ખોટ કઠે તેવી છે.

**માન્યવર શ્રી. શાન્તિલાલ હ. શાહ (પૂના)**

મુંબઇ જૈન યુવક સંઘને, તમને તેમ જ મને પણ આ ઘણી મોટી ખોટ પડી છે. જે ધ્યેયને પોતાના તરીકે સ્વીકાર્યું તેની ખાતર મરી ફીટનાર આવી વ્યકિત મળવી મુશ્કેલ છે.

**શ્રી. ઉમાશંકર જોષી**

પંડિત સુખલાલજી પાસેથી શ્રી. મણિભાઇના અવસાનના સમાચાર સાંભળી ખેદ થયો. કેવા સેવાભાવી સજ્જન હતા ? એમનાં કામો ખાસ કરીને સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ ચલાવીને જ તેમની સ્મૃતિ તાજી રાખી શકાય.

**શ્રી રિષભદાસ રાંકા (કાર્યાધ્યક્ષ, ભારત જૈન મહામંડળ, વર્ધા)**

શ્રી. મણિભાઇના સ્વર્ગવાસના સમાચારથી દુઃખ થયું. માનવ-જાતનો એક સેવક અને અમારા એક એવા સાથી જે હંમેશાં સહુને સહાયતા આપવા તૈયાર રહેતા હતા એવા મહાપુરૂષ ચાલી ગયા. એમ તો બધાંને જવાનું જ છે, પરંતુ આવા મહાન સેવકનું જીવન અને મરણ બન્ને પ્રેરણાદાયક હોય છે. ભગવાન એમના આત્માને શાંતિ અને એમના કુંટુંબીજનોને ધીરજ આપે એવી પ્રાર્થના છે.

**શ્રી ફકીરચંદ જૈન (મંત્રી, ભારત જૈન મહામંડળ, વર્ધા)**

આજના સમાચાર પત્રોમાં જૈન સમાજના પ્રખર કાર્યકર્તા શ્રી. મણિલાલ મોકમચંદ શાહના સ્વર્ગવાસ થયાના સમાચાર જાણી બહુ દુઃખ થયું છે. મુંબઇ જૈન યુવક સંઘના એ પ્રણેતા હતા. ભારત જૈન મહામંડળનું આગામી અધિવેશન જે મુંબઇમાં યોજવાનું છે તેમાં એમનું માર્ગદર્શન બહુ પ્રેરણાત્મક થઇ શકયું હોત. પરંતુ ભાવી બળવાન છે. સારા માણસો સુગંધ પ્રસરાવી જતા રહે છે. આપણે એમના મારફત ફેલાયેલી સુગંધ શોધવી છે અને એને આપણા જીવનની આદર્શ બનાવવી છે. એમના કૌટુંબીઓને ધીરજ અને સહાનુભૂતી જણાવશો. ભગવાન સ્વર્ગસ્થ આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના છે.

આપને એક જૂના સાથીની આવી ખોટ સાલે એ સ્વભાવિક છે. અમારૂં એવું જ દુઃખ અમે પ્રગટ કરીએ છીએ. જૈન સમાજને આવા કાર્યકર્તાઓની ખૂબ જરૂર છે.

**શ્રી જયભિખ્ખુ (અમદાવાદ)**

જૈન સમાજના મુંગા સેવક શ્રી મણિભાઈના અવસાનના સમાચાર જાણી હૃદયે દુઃખ અનુભવ્યું. જેઓને પ્રસિદ્ધિ ભાગ્યે જ વરે છે, ફુલહાર કવચિત જ સાંપડે છે, સન્માનની થેલીઓ અને પ્રશંસાના થેલાઓ ભાગ્યે જ ધરાય છે, એવા જૈન સમાજના ગણ્યા ગાંઠયા સેવકગણમાંના એ હતા. માણસમાત્રને મૃત્યુ હોય છે. મૃત્યુનો એવો કંઇ શોકેય ન હોય. પણ મણિભાઇ જતાં આ કોલાહલી જમાનામાં, 'પરસ્પરં પ્રશંસતિ'ના યુગમાં, એક મુંગા સેવકની ને ખુદ પડદા પાછળ રહીને બીજાને પ્રેરણા આપનાર સુજનની ખોટ જરૂર પડશે. દિન દિન વૃદ્ધ થતા યુવક સમાજને એક રાહબ-રની ખોટ પડશે. એ ખોટ હવે ભાગ્યે જ પુરાશે. એટલો શોક થયા કરે છે. એમના સુચરિત આત્માને ચિર શાંતિ મળો !

**શ્રી રતીલાલ દીપચંદ દેસાઇ (અમદાવાદ)**

કેવળ પાયાના પથ્થર બનીને જ બહુવિધ સેવાઓનો આસ્વાદ

માણનાર શ્રી મણિભાઇ ડગલે ને પગલે સાંભરવાના છે. સદ્‌વિચારને વાણી કે કલમ દ્વારા પ્રગટ કરવાની ધડભાંગમાં પડયા વગર, સીધે સીધો અમલ કરનાર બહુ ઓછા નરરત્નોમાંના તેઓ એક હતા. બોલ્યા કરતાં કરવું ભલું—શ્રી મણિભાઇનું આ જીવનસૂત્ર આપણે સહુએ જીવનમાં ઉતારવા જેવું છે. કોઇ પણ નવીન વિચારને સફળ બનાવવાની એ જ ચાવી છે.

**શ્રી માણેકલાલ અમુલખરાય મહેતા (મુંબઇ)**

મરહુમના સ્વર્ગવાસ થવાથી આપના કુટુંબને જ નહિ પણ આખા જૈન સમાજને તેમની ખોટ પડી છે, જે ઘણા વખત સુધી પુરાવી મુશ્કેલ છે.......ધી યુનાઇટેડ જૈન સ્ટુડન્ટસ હોમને વધુ વિકસાવવાના કામમાં તેમણે જે ભોગો આપ્યા છે અને પરિશ્રમ ઉઠાવ્યો છે તે અનહદ છે.

**શ્રી છગનલાલ જીવણલાલ કોઠારી (ભાવનગર)**

ફીરકાઓના ભેદભાવ વગર તેમણે આખા સમાજની એકધારી સેવા પોતાના લાંબા જીવનકાળ દરમિયાન જુદી જુદી પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ દ્વારા કરી છે. અને તન મન તથા ધનનો ભોગ આપેલ છે. આની અસર છેવટનાં વર્ષોમાં તેમના સ્વાસ્થ્ય ઉપર પણ થયેલી. છતાં સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ માટે સ્થાયી મકાનની રકમ અને વ્યવસ્થા કરી આપવામાં પોતે ઉદાર ફાળો આપી ખૂબ મહેનત લઈ પોતાનું સ્વપ્ન સિધ્ધ કર્યું. મુંબઇ જૈન યુવક સંઘના તો તેઓ આત્મા હતા અને તેની અનેકવિધ પ્રવૃત્તિઓ વિકસાવવામાં તેમનો ફાળો અજોડ છે. તેમના સેવામય જીવનમાંથી આપણે કાંઇક પ્રેરણા મેળવી બીજાના હિત માટે કાંઇક ઉપયોગી કાર્ય કરીએ તો એ જ તેમનું સાચું સ્મરણ છે.

**શ્રી છોટાલાલ ત્રીકમલાલ પારેખ (અમદાવાદ)**

મારે પણ તેમની સાથે સામાન્ય ઓળખાણ તો ઘણાં વર્ષથી હતી, પણ વિશેષ નજીકમાં આવવાનું તો પ્રબુધ્ધ જૈનના અંગે તથા નીંગાળા કોન્ફરન્સના અંગે થયેલું અને ત્યારથી અને તેમના પ્રત્યે ખૂબ ભાવ અને આદર થયેલો. તમે જે રીતે તેમને ઉચ્ચ ગુણોવાળા ગૃહસ્થોની પરંપરાની વિભૂતિ તરીકે ઓળખાવ્યા છે તે મને બહુ જ સાચું લાગે છે. યુવક સંઘને અને તેના અંગે ચાલતી બીજી પ્રવૃત્તિઓને ન પુરાય એવી ખોટ પડી છે અને પ્રસંગે પ્રસંગે તે જણાયા જ કરશે, પણ તેને પૂરવી તે યુવક સંઘના સભ્યોની પવિત્ર ફરજ છે અને મણિભાઇ તરફની સાચી વફાદારી છે.

**શ્રી કમળાબહેન સુતરીઆ (અમદાવાદ)**

માનવ પોતાની જીંદગીમાં પણ ઘણું બધું કરી શકે છે અને મુ. મણિકાકા તે બાબતનો મોટો પુરાવો છે. મુ. મણિકાકાએ પોતાના જીવન દરમિયાન થઈ શકે એવાં અનેક લોકકલ્યાણનાં કાર્યો કર્યા. એટલે એમના મૃત્યુ પ્રસંગે આપણે શોક કરવાનો ન હોય, પરંતુ એમના જીવનમાંથી પ્રેરણા લઇ એમનાં અધુરાં કાર્યો આગળ ધપાવવાનો નિર્ણય જ કરવાનો હોય.

**શ્રી રતિલાલ શેઠ (જન્મભુમિવાળા)**

પ્રસિદ્ધિથી સદાએ દુર રહેવા ઈચ્છનાર, દુઃખી માનવીઓ માટે સદૈવ હૃદયમાં અનુકંપા સેવનાર અને સક્રિય મદદ કરનાર, વિશાળ હૃદય અને ભાવનાવાળા, સેવામૂર્તિ અને જે સમાજમાં જન્મ થયો છે તે સમાજને ઉચ્ચ માર્ગે લઇ જવાની અહોનિશ તમન્નાવાળા મુ. શ્રી મણિભાઇનો આત્મા મહાન હતો. જીવનની છેલ્લી પળ સુધી સમાજની ઉન્નતિના જ વિચાર કર્યા અને આખું યે જીવન ગૌરવભર્યું પસાર કર્યું.

**પંડિત માવજી દામજી (મુંબઇ)**

સ્વ. મણિભાઇનો મને છેલ્લાં સાડા ત્રણ દશકા જેટલાં વર્ષોનો પરિચય હતો. તેમનામાં પ્રથમથી જ સેવાભાવનાનું બીજ જેનું દર્શન થયું હતું, જેણે છેવટના સમયે સુવિકસિત વૃક્ષનું સ્વરૂપ ધારણ કર્યું હતું. તેમના અવસાનથી ન માનશો કે તમે જ વાત્સલ્યપૂર્ણ પિતાને ગુમાવ્યા છે; પરંતુ સમસ્ત જૈન યુવક સમાજે પોતાના પિતા ખોયા છે. સ્વ મણિભાઈ એટલે અનુચિત કે અયોગ્ય પ્રવૃત્તિના કટ્ટર દુશ્મન, સેવાનો મૂર્તિમંત દેહ.

**શ્રી વિનોદચંદ્ર જે. શાહ (અમદાવાદ)**

તમારા તો ખરેખર શિરછત્ર ગયા, પણ અમારા જેવા કંઇક આજે સાચા અર્થમાં શિરછત્ર ગુમાવ્યા. ......એમનું જીવન ઉજ્જવળ રીતે જીવી ગયા છે અને અમર થઇ ગયા છે. એમની ખોટ સમાજને ડગલે ને પગલે સાલશે.

**શ્રી બાબુભાઈ મગનલાલ હરજીવનદાસ (અમદાવાદ)**

જૈન સમાજમાં આવા સ્વતંત્ર વિચારક અને પોતાના વિચારોને જીવનમાં આચરણથી પુરેપુરા બતાવનાર વીરો બહુ જ ઓછા છે.

**શ્રી વાડીલાલ ડગલી (પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડીઆ, અમદાવાદ)**

તેમના અવસાનથી તમારા કુટુંબને તો ખોટ પડી છે જ, પણ સૌથી મોટી ખોટ મુંબઇમાં આવતા અનેક અસહાય જૈન વિદ્યાર્થીઓને પડી છે. આજે તેમના જેવા ઉદારચિત્ત અને વિશાળ દૃષ્ટિવાળા જૈન આગેવાનો આંગળીના વેઢે ગણી શકાય તેટલા છે.

**જન્મભૂમિ**

“સ્વ. મણિલાલ મોકમચંદ શાહની પ્રવૃત્તિ મુખ્યત્વે જૈન સમાજ પુરતી મર્યાદિત હતી. પરંતુ સંકુચિત દષ્ટિ એમણે કદી રાખી નહોતી. રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં તન, મન અને ધનથી એમણે ભાગ લીધો હતો. જૈન સમાજનો જ વિચાર કરીએ તો ઉમ્મરે વૃધ્ધ હોવા છતાં સદાય તેઓ સુધારક રહ્યા હતા. મુંબઇ જૈન યુવક સંઘના તેઓ આગેવાન કાર્યકર્તા હતા. સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ સવિશેષ એમનું સર્જન ગણાય. જૈનોમાં સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર, શ્વેતાંબરના ભેદ એમણે જાણ્યા નહોતા. બધા ફિરકાઓને એકત્ર કરવાની પ્રવૃત્તિમાં તેઓ સદાય મોખરે હતા. આવા સેવાભાવી સજ્જનના મૃત્યુથી સૌ કોઇને દુઃખ થાય એ સ્વાભાવિક હતું.

**હિન્દુસ્તાન**

‘જૈન અગ્રણીનું અવસાન’ એ મથાળા નીચે જણાવે છે કે મુંબઈ ગુજરાતના એક અગ્રણી તથા મુંબઇ જૈન યુવક સંઘના પિતા સમા શ્રી મણિલાલ મોકમચંદ શાહનું આજે સવારે અહિં ૭૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. સ્વ. મણિલાલ શાહ અસલ સાણંદ પાસેના ગોધાવી ગામના રહેવાસી હતા. છેલ્લાં ૫૦ વર્ષથી તેઓ જૈન સમાજની વિવિધ સેવાઓ કરતા આવ્યા છે. જૈન સંપ્રદાયની ત્રણે ફીરકાઓની ભિન્ન ભિન્ન સંસ્થાઓને એકત્ર કરવાની તેમણે અભિલાષા સેવી હતી. સ્વર્ગસ્થે શિક્ષણ ક્ષેત્રમાં પણ ભારે મહત્વનો ભાગ ભજવ્યો હતો તેમણે કોંગ્રેસની તેમ જ અન્ય સામાજિક પ્રવૃત્તિઓને પણ સહાય કરી હતી.

(આ ઉપરાંત ‘જૈન જગત’ તથા ‘જૈન’ શ્રી મણિભાઈના અવસાન સંબંધે સવિસ્તર અને સુંદર નોંધ આપી છે, પણ જગ્યાના અભાવે અહિં આપી શકાતી નથી.)

x x x x

આ ઉપરાંત મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ, મહાવીર જૈન વિદ્યાલય, અમદાવાદ જૈન યુવક સંઘ, વીરચંદ દીપચંદ સેકન્ડરી સ્કુલ, ગોધાવી તથા માંડલના નાગરીકોની સભા, સાણંદ વીરમગામ તાલુકા જૈન મંડળ, સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓની સભા—આટલી સંસ્થાઓ તરફથી પસાર કરવામાં આવેલા શોકપ્રસ્તાવો અમને મળ્યા છે, જે જગ્યાના અભાવે અહિં અમે પ્રગટ કરી શકતા નથી.

# ભડવીર શ્રી મણિલાલભાઈ

"સામાએ ભલું કર્યું કે બૂરૂં કર્યું હોય, છતાં સજ્જન તો સામાનું ભલું જ કરે છે."–(વજ્જા–લગ્ગ)

જૈન સમાજમાં રૂઢબળ પ્રચુર છે. એ બળને લીધે સમાજનો અભ્યુદય રૂંધાતો રહે છે. એ બળની સામે રચનાત્મક કામ કરે એવું અને રૂઢબળને નિષ્ક્રિય કરે એવું બીજું નવું બળ હોવું જરૂરી છે. આ નવા બીજા બળના મૂળરૂપ શ્રી મણિલાલભાઇ મોકમચંદ હતા. તેઓ મૂળ ગોધાવીના હતા, પરંતુ ઉદ્યોગ અર્થે ઘણા વરસથી મુંબઈમાં રહેતા. જે વખતે શ્વેતાંબર દિગંબર અને સ્થાનકવાસી વિદ્યાર્થીઓને સાથે રાખીને ભણાવવાની જોગવાઇ કરી આપવાની વાત એક હવાઇ મહેલ જેવી વા સ્વપ્ન જેવી ગણાતી તે વખતે સદ્‌ગત શ્રી વાડીલાલ મોતીલાલની સાથે સાહચર્યપૂર્વક કામ કરનારા, આપણા આખા સમાજમાંથી, તે જ એક એવા વીર પુરુષ નીકળ્યા કે જેમના પ્રયાસથી મુંબઇમાં સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ હસ્તીમાં આવ્યું. મને એ દિવસો બરાબર યાદ છે કે એ માટે એક મોટો મેળાવડો થયેલો અને ઝાલરાપાટણના રાજવીએ તેનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. ખરી રીતે એ મેળાવડાને ટાણે વિચારોથી ઉદાર વિશાળ મનવાળા કોઇ જૈન શ્રીમંતે જ પ્રમુખસ્થાન શોભાવવું જોઇતું હતું, પરંતુ એવે ટાણે એવો કોઇ જૈન નરવીર જ ન હતો અને કદાચ હશે તો એ જાહેરમાં આ જાતની વિશાળતા બતાવતાં બીતો હતો.

એ વિદ્યાર્થીગૃહના એક સ્તંભ સદ્‌ગત વાડીલાલ મોતીલાલ હતા અને બીજા સ્તંભ શ્રીમાન્ મણિલાલભાઇ હતા. વાડીલાલભાઇ ગયા પછી એ ગૃહને ટકાવી રાખવામાં, નિભાવી રાખવામાં અને તેને ચિરસ્થાયી કરી આપવામાં સદ્‌ગત શ્રી મણિલાલભાઇનો ફાળો અસાધારણ હતો.

તેઓની તબિયત ઘણા વખતથી નાદુરસ્ત રહેતી, છતાં પોતે એવી લથડતી તબિયતે પણ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ માટે ભારે પરિશ્રમ ઉઠાવતા હતા એ મારી પ્રત્યક્ષ જોયેલી હકીકત છે.

મારી અને એમની વચ્ચે છેલ્લાં થોડાં વરસોથી ઠીક ઠીક પરિચય રહ્યો છે. અમદાવાદમાં આવે ત્યારે લગભગ રોજ એક વાર તો તેમને મળવાનું રહે જ. તેઓ ઝાઝું હરીફરી ન શકતા એથી પોતાની પાસે આવવાનું આગ્રહપૂર્વક કહ્યા કરતા. એ વખતે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ માટે જમીન ખરીદેલી અને તેના પર મકાન બંધાવવા માટે, પૈસા એકત્ર કરવાનું માથે લીધેલું. પોતા તરફથી પણ સવિશેષ ધન એ કામ માટે આપેલું. એમની એક જ ઝંખના હતી કે ખરીદેલી જમીન ઉપર મકાન બંધાઇ જાય અને તેને અંગેની સમિતિ નિમાઇ તમામ કામકાજ બરાબર શરૂ થઇ જાય. હું માનું છું કે તેમના ધાર્યા પ્રમાણે એ કામ સંપન્ન થઇ ગયું છે. અને એનો વધારેમાં વધારે જશ શ્રી મણિલાલભાઇને ફાળે જાય છે એમ કહેવું જરાય વધારે પડતું નથી.

બીજી એમની પ્રવૃત્તિ મુંબઇ જૈન યુવક સંઘને લગતી છે. એ જૈન યુવક સંઘના મૂળમાં પણ એ જ ભાઇ હતા. વૃક્ષનું મૂળ હંમેશાં જમીનમાં દટાયેલું રહે છે, દેખાવમાં આવતું નથી, અને વૃક્ષને પોતા દ્વારા પોષણ આપ્યે જ જાય છે. એ જ રીતે શ્રી મણિભાઇએ યુવક સંઘના વૃક્ષને પોતાની તમામ પ્રકારની શકિતથી સિંચ્યું છે અને નવપલ્લવિત કર્યું છે. તેમની અસાધારણ સહાયતાથી યુવક સંઘ મુંબઇમાં એક સાર્વજનિક પુસ્તકાલય ચલાવે છે, ઉપરાંત બીજાં પણ એ સંઘનાં એવાં કાર્યો છે જેને પ્રત્યક્ષ રીતે અને પરોક્ષ રીતે શ્રી મણિભાઇ સહાયતા કરતા રહ્યા હોય. જે કામમાં ખોટ આવે તે કામમાં મણિભાઇ બની શકે તેટલી સહાયતા આપતા જ હોય. પ્રબુદ્ધ જૈનની વ્યવસ્થાનું કામ તેમણે ઘણાં વરસ સુધી સંભાળ્યું છે, આ ઉપરાંત તેમની બીજી પણ અનેક સાર્વજનિક પ્રવૃત્તિઓ હતી. વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવું, આશ્રય લેવા આવનાર હરકોઈને તેઓ ઝાડની પેઠે અભેદભાવે આશ્રય આપતા, આવા માણસો સમાજમાં ઘણા વિરલ હોય છે. હમણાં હમણાં જોઇએ તો જૈન સમાજમાંથી આવા માણસો વિરલતાથી મળે એમ છે. જેઓ એવા વિરલકોટીના છે તેમાં શ્રીમાન મણિભાઇ અગ્રસ્થાને આવે એમ છે. શ્રીમાન્ અને પ્રતિષ્ઠાસંપન્ન હોવા છતાં તેઓ ઘણા જ સાદા, મિલનસાર, ભારે વાત્સલ્યવાળા અને અભેદભાવે સેવાવૃત્તિવાળા હતા. હું હમણાં જ આ વરસના જૂનમાં તેમને ઘેર મળ્યો હતો. અસ્વસ્થ તો હતા જ પણ આમ એકદમ તેઓ ચાલ્યા જશે એમ કલ્પના ન હતી. આવા સજજનોની હયાતી જ ઘણા કઠણ કોયડાને અને કામકાજોને થાળે પાડી દે છે.

જો કે સંસારની ગતિ તો અવિરત ચાલ્યા જ કરે છે, પરંતુ શ્રી મણિભાઈ જેવા સજ્જનોની હાજરી જગતની વાંકી ચાલને સરળ કરવામાં વધારે સહાયક નીવડી હતી. હવે એ સુસીબત યુવક સંઘને, તેની બધી પ્રવૃત્તિઓને અને સંયુકત જૈન વિદ્યાર્થીગૃહને નડવાની જ. જે ભાઇ–બહેનોને તેમની શીળી છાંયનો આશ્રય હતો તેમને તો એમની ગેરહાજરી વિશેષ સાલવાની જ.

શ્રી મણિભાઇ સમાજસેવાનો ઉમદા ગુણ ધરાવતા હતા. તેવો જ તેમનો સ્વભાવ પોતાના સ્નેહીઓના અંગત પ્રશ્નોમાં પણ રસ લેવાનો હતો. જ્યારે જ્યારે હું મળું ત્યારે ત્યારે તેઓ મારા કૌટુમ્બિક અંગત પ્રશ્નોમાં પણ રસ લેતા અને માર્ગ બતાવતા, તેઓ એટલે સુધી પણ તકલીફ લેતા કે મારા તરફથી પસંદ કરેલા–સૂચવેલા માણસને મળવા સુધ્ધાં પોતે જાતે જ જતા. તેમનું આ એક સૂત્ર હતું કે થાય તેટલો સરળભાવે શકિતને છુપાવ્યા વિના પ્રયત્ન કરવો, પરિણામ આવે કે ન આવે.

અવસાન વખતે તેઓનું વય લગભગ પોણી સદી જેટલું હતું. આવા માણસને આટલું લાંબું જીવન મળ્યું એ આપણા સમાજનું સદ્‌ભાગ્ય. તેઓ પોતાની પાછળ પોતાના પુત્ર ભાઈ રમણિકલાલ અને તેમનું કુટુંબ તથા તેમને એક પુત્રીને સુવ્યવસ્થિત રીતે ગોઠવી ગયા છે. તેમનું બધાનું છત્ર ગયું એટલે તથા તેમના સ્નેહીઓને આ અવસાનથી આઘાત થાય એ સ્વાભાવિક છે. પરંતુ આ માર્ગને કોઇ રૂંધી શકતું નથી. માટે શાંતિનો સૌને માટે એક ઉપાય છે કે શ્રી મણિભાઇમાં જે અસાધારણ ગુણો હતા તેમાંથી શકય રીતે આપણા જીવનમાં તે ગુણોને મૂર્ત કરવા.

સદ્‌ગતના આત્માને શાંતિ મળી જ છે એટલે એ વિષે પ્રાર્થનાની જરૂર નથી. પ્રાર્થના તો એ માટે કરૂં છું કે–સમાજમાં આવા ભડવીરો પાકતા રહે અને ચાલ્યા ગયેલા ભડવીરોનું સ્થાન શોભાવે.

**પંડિત બેચરદાસ જીવરાજ દોશી**

## મણિભાઇના જીવનનો એક છેલ્લો પ્રસંગ

મણિભાઈના અવસાનને અઠવાડીયા પહેલાં જ્યારે તેઓ વસ્તુત: જીવન મરણ વચ્ચે ઝોલા ખાઇ રહ્યા હતા તે દરમિયાન તેમના દિલમાં એકાએક વયોવૃધ્ધ આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિનાં દર્શન કરવાની ઇચ્છા થઇ આવી. શ્રીમદ્ વિજયવલભસૂરિ જૈન શ્વે. મૂ. વિભાગના એક પ્રમુખ આચાર્ય છે. થોડા સમય પહેલાં જ તેઓ વડોદરા બાજુથી વિહાર કરતાં કરતાં મુંબઈ આવી પહોંચ્યા હતા. અને ચોમાસા માટે મુંબઇ ખાતે સ્થિર થયા હતા. જૈન સમાજમાં ઉચ્ચ કેળવણીના પ્રચારની દિશાએ તેમણે ખૂબ કાર્ય કર્યું છે અને તેમની પ્રેરણાથી દેશભરમાં કેટલાંક છાત્રાલયો તેમ જ શિક્ષણસંસ્થાઓ ઉભી થવા પામેલ છે. આ કારણે તેમના વિષે શ્વે. મૂ. વિભાગનો

શિક્ષિત વર્ગ ઉંડો આદરભાવ ધરાવે છે. તેમનાં દર્શન કરવાની મણિભાઇના દિલમાં ઉદ્દભવેલી ઇચ્છા પાછળ આવો જ કોઈ ભાવ રહેલો હતો.

પણ સવાલ તો એ હતો કે આ તેમની ઇચ્છા પુરી કેમ કરવી? મણિભાઇના હૃદયની સ્થિતિ બહુ નાજુક હતી. તેમને હેરવવા ફેરવવામાં જોખમ હતું. અને મહાજશ્રીની પણ જર્જરિત કાયા, આંખે દેખાય નહિ, તેમને પણ મણિભાઈ પાસે લાવવાનું, એટલું જ મુસ્કેલ. આખરે થોડું જોખમ ખેડીને પણ મણિભાઈને એંબ્યુલન્સમાં ગોડીજીના ઉપાશ્રયે લઇ જવાનું નક્કી કર્યું. એ તા. ૨૦ ઓગસ્ટ રવિવારનો દિવસ હતો. બપોરે બે વાગે તેમને મહારાજશ્રી પાસે લઈ જવાના હતા. સદ્દભાગ્યે સવારથી તેમની શરીરની સ્થિતિ કાંઇક ઓછી ચિન્તાજનક-પ્રમાણમાં સારી-હતી. મનથી પણ તેઓ ઠીક ઠીક પ્રફુલ્લ હતા. સ્ટેચરવાળા ઉપર આવ્યા અને તેમને ઠીક-ઠાક કરીને લઇ જવાની તૈયારી થઇ. એવામાં મણિભાઇએ મને બોલાવીને પૂછ્યું કે "મહારાજશ્રીને આપણે શું કહીશું? મને એમ ઇચ્છા થઇ આવી છે કે મુંબઇના બધાં જૈન છાત્રાલયો એકંત્ર કરવામાં આવે તો આપણે દશથી બાર હજાર રૂપિયા સંયુકત 'સંસ્થાઓને આપીએ." મેં કહ્યું "જેવી તમારી મરજી." ઘેરથી ઉપાશ્રયે જવા ઉપડયા અને મહારાજશ્રી સમક્ષ સ્ટ્રેચર લાવીને મણિભાઇને ટેકો આપી બેસાડયા. મણિભાઈના આવવાથી મહારાજશ્રી બહુ રાજી થયા. તેમણે મણિભાઈના માથે વાસક્ષેપ મસળ્યો, શાન્તિ અને સમભાવ જાળવવાનું અને પ્રસન્ન રહેવાનું કહેતાં મહારાજશ્રીએ જણાવ્યું કે "જેણે આખી જીંદગી પારકાની સેવામાં ગાળી છે તેને અસંતોષ ચિન્તવવાનું કે અપ્રસન્ન રહેવાનું કશું કારણ ન હોય. તમે તો જીંદગીને સફળ કરી છે. આનંદમાં રહો અને નવકારમંત્ર ગણ્યા કરો." મણિભાઈએ ભાવનાપ્રભાવિત શબ્દો વડે મહારાજશ્રી પાસે આવવાનું બન્યું તે માટે પોતાના દિલનો આનંદ વ્યકત કર્યો અને ભાંગીતુટી ભાષામાં જે વિનંતિ કરી તેનો સાર એ હતો કે "હું તો આપને એ વિંનંતિ કરવા આવ્યો છું કે આપ બધા જૈનોને એક કરો, ફીરકાભેદ ટાળો, મુંબઇમાં આજે જૈનોનાં ચાર જુદાં જુદાં છાત્રાલયો છે અને તેમાંથી એક સિવાય બાકીનાં ત્રણ પોતપોતાના ફીરકાના વિદ્યાર્થીઓને રાખે છે. આ ચારે છાત્રાલયોનું એકીકરણ કરો અને એમ જો આપ કરો તો હું મારી તરફથી દશ બાર હજાર રૂપિયા આપવાની ઇચ્છા ધરાવું છું. કોઇ રીતે બધાને એક કરો. જુદાઇ સહન થતી નથી. અને મારી જીંદગીનો ભરોસો નથી. માટે જેમ બને તેમ જલ્દિથી કરો કે જેથી આવું એકીકરણ જોઇને હું જાઉં." મહારાજશ્રીએ મણિભાઇની એકતાની ભાવનાનું પુરા ઉમંગથી અનુમોદન કર્યું અને "આવી એકતા અમને પણ સંમત અને ઇષ્ટ છે" એમ જણાવીને એ દિશાએ પોતાથી બનતું કરવાની ખાત્રી આપી. પછી મહારાજશ્રીએ મંગળ સંભળાવ્યું અને મણિભાઇને ઘેર લઇ જવામાં આવ્યા.

આપણે સૌ જાણીએ છીએ કે આવું એકીકરણ કંઇ એકાએક નિર્માણ થવું શકય નથી. એમ છતાં પણ જીવનના શેષ દિવસોમાં મણિભાઈને તો એ જ વાતનું રટણ રહ્યું. આ દિવસો અરધી સચેત અરધી અચેત અવસ્થાના હતા. 'મહારાજશ્રીને મળી આવ્યા, કે નહિ?' 'તેમણે શું કર્યું?' ચીમનભાઈને દીલ્હીથી તાર કરીને બોલાવો,' 'તમે અને તારાચંદ મળીને યોજના ઘડી કાઢો' 'મહારાજશ્રીને હમણાં જઇને કહી આવો કે ઢીલ ન કરે' આ રટણામાં અને રટણામાં તેમણે સચેત અવસ્થામાંથી બાર પંદર કલાક માટે લગભગ અચેત અવસ્થામાં પ્રવેશ કર્યો અને ઓગસ્ટની ૨૫મી, તારીખની સવારે છેલ્લો શ્વાસ ખેંચી આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કર્યો. કોઇ એમ પૂછે કે મણિભાઇના જીવનનો છેલ્લો સંદેશ શું હતો તો તેને એકજ ઉત્તર આપી શકાય કે "જૈન સમાજની એકતાનો-મુંબઈની જૈનોની શિક્ષણ સંસ્થાઓના એકીકરણનો"

પરમાનંદ

## માનવમૂર્તિ મણિભાઈ

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી. બચુભાઇ પી. દોશી સદ્દગત મણિભાઇને નીચે મુજબ શ્રધ્ધાંજલિ આપે છે. :-

પોતાની ભાગીદારીમાં ચાલતી પેઢીમાંથી સારી એવી રકમ કાઢી સદ્દગત વાડીલાલ મોતીલાલ શાહે અને સદ્દગત મણિભાઇએ મુંબઈથી પ્રીન્સેસ સ્ટ્રીટ પર આવેલા પીરભાઇ બીલ્ડીંગમાં સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની સ્થાપના કરી. આજે પણ આ સંસ્થા ફુલી ફાલી રહી છે. આ સંસ્થાની શ્થાપનાના સમયથી મણિભાઇ તેમાં ઉંડો રસ લઇ રહ્યા હતા. સંખ્યાબંધ વિદ્યાર્થીઓ જીવનપર્યંત સંપ્રદાય, જ્ઞાતિ ધર્મના ભેદભાવ વિના આ સંસ્થાનો લાભ લઇ ગયા છે. તેમાંથી આજે કેટલા પ્રખ્યાત ડોકટરો, વકીલો, વ્યાપારીઓ છે અને દેશના ખૂણે ખૂણે આવેલા છે; જૈનેતર વિદ્યાર્થીઓ પણ આ સંસ્થાનો લાભ લઈ ગયા છે તેમાં સ્વ. મહાદેવ દેશાઇ, સુપ્રસિધ્ધ નૃત્યકાર ઉદયશંકર મા. પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ બારોટ, શ્રી અમૃતલાલ શેઠ વિ. નામાંકિત આગેવાનોનો સમાવેશ થાય છે.

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓના અભ્યાસના વિકાસમાં પણ તેટલો ઉંડો રસ લેતા. જયાં સુધી તબીયત સારી રહેતી ત્યાં સુધી તો તેઓ વિદ્યાર્થીગૃહમાં આવી વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવતા, પરંતુ જ્યારે ડોકટરોએ દાદરો ચડવાની ના પાડી ત્યારે તેઓ મકાન પાસે નીચે મોટરમાં બેસતા અને વિદ્યાર્થીઓના સુપ્રીટેન્ડન્ટને બોલાવી દરેક બાબત સમજી લેતા. પ્રસંગોપાત કોઇપણ જાતની જાહેરાત વિના વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ થવા સ્કોલરશીપની પણ વ્યવસ્થા કરી આપતા. પૈસાના અભાવે તેજસ્વી વિદ્યાર્થીઓ અભ્યાસ વિના રખડી ન પડે તેની તેઓ કાળજી ધરાવતા.

વરસમાં બે ત્રણ વખત વિદ્યાર્થીગૃહના બધા વિદ્યાર્થીઓના પોતાના ઘરે બોલાવી દરેકનો વ્યકિતગત પરિચય મેળવતા, વિદ્યાર્થીઓના આરોગ્યમાં પણ ઉંડો રસ લેતા. વિદ્યાર્થીઓની ઇતરપ્રવૃત્તિઓના વિકાસમાં પણ ઉત્તેજન આપતા. સાહિત્યમાં પણ સારો રસ લેતા, સારા સારા ગુજરાતી માસિકો સામયિકો પોતે ઘરે મંગાવી વાંચી વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓને વાંચવા મોકલી આપતા. વિદ્યાર્થીઓને ઘરે બોલાવી એકજ ઉપદેશ આપતા કે સૌ વિદ્યાર્થીઓ સંપ, સંગઠ્ઠન અને સહકારથી જૈન સમાજની એકતામાં પોતાનો ફાળો આપે. આવા મણિભાઇના અવસાનથી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓએ એક શિરછત્ર ગુમાવ્યું છે.

મણિભાઈના જીવનમાંથી આપણે ઘણી પ્રેરણા લેવાની છે. એક જ વ્યકિતનો પુરૂષાર્થ સમાજહિતનું કેટલું કાર્ય કરી શકે છે તેનું ઉજવળ દૃષ્ટાંત મણિભાઈ હતા. માનવતાથી સભર તેમનું હૃદય હતું. સ્નેહ અને મમતાથી ઉચ્ચરાયેલી તેમની વાણી આજે પણ કાનમાં ગુંજે છે. સૌજન્યશીલ મણિભાઈનો માયાળુ સ્વભાવ હજુ પણ નજર સમક્ષ તરવરે છે અને એમ થાય છે કે શું મણિભાઇ અવસાન પામ્યાં? ના, ના, મણિભાઇ તો એમની સંસ્થાઓના પ્રાણરૂપે અને આત્મારૂપે-સુક્ષ્મરૂપે 'મુંબઇ જૈન યુવક સંઘ' 'પ્રબુદ્ધ જૈન' અને 'સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ, દ્વારા આપણા હૃદયમંદિરમાં જીવંતા છે અને યુવાનોને પ્રેરણાના પયપાન કરાવતા રહેવાનાં છે.

બચુભાઈ પી. દોશી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ. મુંબઈ, ૩
મુદ્રણસ્થાન; શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજીસ્ટર્ડ ન. બી. ૪૨૬૬.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ ૧૪ અંક : ૯

મુંબઇ : ૧ સપ્ટેંબર ૧૯૫૨ સોમવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## સ્વ. મણિલાલ મોકમચંદ શાહ સ્મૃતિ ફંડ સમિતિ

ભાઇશ્રી
બેનશ્રી

સ્વ. મણિભાઇની સેવાઓથી આપ સુજ્ઞાણ છો. તન મન અને ધનથી સ્વર્ગસ્થે જૈન સમાજ અને જન સમાજની સેવાઓ કરવામાં પાછું વાળીને જોયું નથી.

એમના ૨૫-૭-૫૨ ના રોજ થયેલા અવસાન પછી, જૈન સમાજના તમામ ફિરકાઓની અગ્રગણ્ય ૧૪ સંસ્થાઓએ બોલાવેલી શોક સભાએ સ્વર્ગસ્થના માનમાં એક સ્મૃતિ ફંડ શરૂ કરવાનું અને એ ફંડ સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ-મુંબઇને આપી દેવાનું ઠરાવ્યું છે. આ માટે એક સમિતિ નિમી છે.

ઇ. સ. ૧૯૧૭માં જ્યારે સૌ પોતપોતાની કોમમાં કેળવણીનો પ્રચાર કરતાં હતાં ત્યારે સમસ્ત જૈન કોમના વિદ્યાર્થીઓ માટે, જાણીતા ચિંતક સ્વ. વાડીલાલ મોતીલાલ શાહે અને સ્વર્ગસ્થ મણિભાઇએ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ શરૂ કર્યું હતું. એમની શકિતની ઉપરવટ જઇને, એમણે એ વખતે રૂા. ૩૧૦૦૦ જેવી મોટી રકમથી એની શરૂઆત કરી હતી. પૂ. મહાત્માજીએ આ સંસ્થાના ઉદ્‌ઘાટન પ્રસંગે આશીર્વાદ આપ્યા હતા અને જૈન જૈનેતરોમાંના ઉચ્ચ કોટિના આગેવાનોએ આ સંસ્થાને સાથ આપ્યો હતો. પાંત્રીસ વર્ષ પૂર્વે જૈનોની એકતાની જે ભાવનાને લઇને આ સંસ્થાનો જન્મ થયો હતો. તે ૩૫ વર્ષ પછી પણ જૈનોની એકતાની વાતો ચારે બાજુ ખૂબ થયાં કરે છે, છતાં તેવી ભાવનાને મૂર્ત કરે તેવી કેળવણી ક્ષેત્રે માત્ર આ એકજ સંસ્થા કામ કરી રહી છે.

આ સંસ્થાને પોતાનું મકાન હોય અને એમાં વધારે વિદ્યાર્થીઓ વધુ સારી રીતે રહી શકે તે માટે વૃધ્ધાવસ્થા અને નાદુરસ્ત તબીયત છતાં સ્વ. મણિભાઇએ એમના પાછળના દિવસોમાં જે શ્રમ લીધો હતો તેથી આપણે સૌ માહિતગાર છીએ. એમનું એ અધુરૂં કામ આપણે, એમના મિત્રો એ અને સંબંધીઓએ, અને જૈન સમાજે પૂરૂં કરવાનું રહ્યું.

સ્વ. મણિભાઇનું અધુરૂં કામ પૂરૂં કરવું એથી વિશેષ સારૂ સ્મારક એમના માટે આપણે શું કરી શકીએ? અને એથીજ એમનું સ્મૃતિ ફંડ કરી, આ સંસ્થાનું અધુરૂં રહેલું કામ પૂરૂં કરવું એમ નક્કિ કર્યું છે.

સ્મૃતિ ફંડ સમિતિએ એમ ઠરાવ્યું છે કે ઓછામાં ઓછા રૂા. ૧૦૧ એક સો એક આપે તેવા બસ્સો પચાસ જણને મળવું અને રૂા. ૨૫૦૦૦ જેટલું ફંડ એકઠું કરવું, જેથી સંસ્થાના મકાનમા ખૂટતી રકમ પૂરી થઇ રહે. આ સિવાય ન્હાની મોટી રકમ જે આવશે તે સાભાર સ્વીકારવામાં આવશે.

જે મોટા સમુદાયમાં સ્વ. મણિભાઈ માટે પ્રેમ અને માન છે તે સમુદાયમાંથી આવાં ૨૫૦ જણ તો જરૂર મળી આવવાં જોઇએ.

આપને સ્વ. મણિભાઈની આ સ્મૃતિમાં આપનો ફાળો મોકલવા અને મિત્રો પાસેથી વધુ ફાળો મેળવી આપવાની અમારી વિનંતી છે.

આપના

**તારાચંદ લ. કોઠારી**
**ધીરજલાલ ધનજીભાઇ શાહ**
મંત્રીઓ.

**મુંબઇ જૈન યુવક સંઘ કાર્યાલય**
૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

સ્વ. મણિભાઇ સાથે એક યા બીજા પ્રકારે સંબંધમાં આવેલા અને તેમના પ્રત્યે, તેમની સેવાનિષ્ઠા, જૈન સમાજની એકતા વિષેની તમન્ના અને વિદ્યાર્થીઓ માટે સગવડો ઉભી કરવાની સતત ચિન્તા આવા તેમના વિશિષ્ટ ગુણો વિષે આદર ધરાવતા અનેક સ્વજનોને, મિત્રોને, પ્રશંસકોને, વ્યાપારી બંધુઓને, જૈન સમાજના ભાઇ બહેનોને, અને ખાસ કરીને સંયુકત જૈન વિદ્યાર્થીગૃહનું અવલંબન લઇને આજે સુસ્થિત બનેલા એ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને બાજુએ આપેલું વિજ્ઞાપનાપત્ર ધ્યાનમાં લેવા અને તેમાં જણાવેલી રૂા. ૧૦૧) ની માંગણી મુજબ પોતપોતાનો ફાળો સત્વર મોકલી આપવા વિનંતિ છે. અલબત્ત રૂા. ૧૦૧) થી પણ વધારે રકમ આ શુભ કાર્યમાં કોઇ ભાઇ કે બહેન મોકલી આપે તો તે સવિશેષ આવકારદાયક છે, પણ આજના વખતમાં જેઓ સારૂં દ્રવ્યોપાર્જન કરતા હોય તેમને રૂા. ૧૦૧) જેવી નાની રકમ મોકલવામાં તો જરા પણ અડચણ અનુભવવી પડે તેમ નથી એમ સમજીને સ્મૃતિ ફંડ સમિતિએ મણિભાઇથી પરિચિત દરેક વ્યકિત પાસે માત્ર રૂા. ૧૦૧) ની જ ટેલ નાંખવી ઉચિત ધારી છે. એને લગતી વિજ્ઞપ્તિમાં એ પણ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે આ રીતે જે કાંઇ રકમ એકઠી થશે તે—અને સ્વ. મણિભાઇના વિસ્તૃત સંબંધો જોતાં રૂા. ૨૫૦૦૦ એકઠા કરવાનું જે લક્ષ્ય નકકી કરવામાં આવ્યું છે તેને ટુંકા સમયમાં જરૂર પહોંચી શકાશે એવી તેમની આશા અસ્થાને નથી—આ રીતે એકઠી થયેલી આખી રકમ સ્વ. મણિભાઈના જીવન્ત સ્મારક રૂપ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં જશે એ જાહેરાત પણ ખરેખર પ્રશંસનીય છે. કારણ કે આ જાહેરાત પછી બીજા સ્મારકોમાં જેમ બને છે તેમ આ સ્મૃતિ ફંડમાં એકઠી થયેલી રકમનો કોણ જાણે શો ઉપયોગ કરવામાં આવશે એવા તર્ક વિતર્ક કે વિકલ્પને કોઇ અવકાશ જ રહેતો નથી. આશા રાખીએ કે સૌ કોઇ સ્વ. મણિભાઈ પ્રત્યેનું આ કર્તવ્ય વિના વિલંબે બજાવશે અને તેમના હાથે ઉભા થયેલા, સીંચાયલા અને આજ સુધી પોષાયલા કાર્યને વેગવાન બનાવવામાં શુભ નિમિત્ત રૂપ થશે.

તંત્રી

# હિંસા-અહિંસા વિચાર

[ શ્રી કિશોરલાલભાઈ તરફથી સ્વ. મણિભાઈના અવસાન સંબંધે શોક પ્રદર્શિત કરતો એક પત્ર આવ્યો તેમાં તેમણે છેવટે લખેલું કે "કુતરા અને વાંદરાના પ્રકરણ પર મારા પર કાગળોની ઠીક ઠીક વૃષ્ટિ થઈ છે. એ વિષે પ્રબુધ્ધ જૈનમાં કંઇક આવશે એમ મેં માન્યું હતું અને કઈ દષ્ટિએ તમે આ વિષયને વિચારો છો તે જાણવા ઈન્તેજાર હતો." આના જવાબ રૂપે તા. ૯-૮-૫૨ ના રોજ મેં શ્રી કિશોરલાલભાઈ ઉપર એક પત્ર લખેલો અને તેનો તેમના તરફથી પ્રત્યુત્તર આવેલો ને આજે જ્યારે હિંસા-અહિંસાનો પ્રશ્ન અથવા તો પાકની રક્ષા અર્થે સરકાર તરફથી યોજાયલી હિંસક પ્રવૃત્તિ ખાસ કરીને જૈન સમાજને ખુબ ક્ષુબ્ધ બનાવી રહી છે ત્યારે પ્રબુધ્ધ જૈનના વાંચકોને પણ કાંઇક માર્ગદર્શક બનશે એમ સમજીને આજ સુધી આ વિષય પરત્વે ધારણ કરવામાં આવેલા મૌનનો ત્યાગ કરીને ઉપર જણાવેલ બન્ને પત્રો તથા ઓગસ્ટ માસના સર્વોદમાં પ્રગટ થયેલ પ્રશ્નોત્તરી (મૂળ હિંદીમાંથી અનુવાદિત કરીને) નીચે રજુ કરવામાં આવે છે. પરમાનંદ ]

## શ્રી પરમાનંદભાઇનો પત્ર

મુંબઇ તા. ૯-૮-૫૨

પૂજ્ય શ્રી કિશોરલાલભાઇની સેવામાં

આપનું અમારા મણિભાઈના અવસાન વિષે ખેદ દર્શાવતું કાર્ડ મળ્યું. આપની સહાનુભૂતિ માટે આભાર માનું છું.

કુતરાં વાંદરા વિષે કેટલાક સમય પહેલાં હરિજનબંધુમાં પ્રગટ થયેલો આપનો લેખ મેં વાંચ્યો હતો. આ વિષયને હું કઈ દષ્ટિએ વિચારું છું એ જાણવા આપ ઇન્તેજાર છો તો મારે જવાબ રૂપે કંઇક લખવું જ જોઇએ.

આ સંબધે મારા મનના પ્રત્યાઘાતો અમુક અંશે પરસ્પર વિરોધી હોઇને તે વિષે કંઇ પણ લખવા મન તયાર થતું નથી. એક વાદ એવો છે કે મનુષ્યેતર સૃષ્ટિ માનવીના ભોગોપભોગ માટે જ છે. એટલે માનવીના ઉપભોગ માટે ગમે તેટલી હિંસા થાય એમાં તે કશું ખોટું સમજતો નથી. આ વાદ પશ્ચિમના દેશોમાં લગભગ સર્વત્ર સ્વીકારાયલો છે. આપણને તે સ્વીકાર્ય નથી.

બીજો વાદ એવો છે કે માનવી સમાજના સુખ, સ્વાસ્થ્ય કે નિર્વાહમાં જ્યાં જ્યાં જે કોઈ પ્રાણી કે જીવજન્તુ આડે આવે ત્યાં ત્યાં આપણે તેની હિંસા કરીએ તો તેમા કશું ખોટું નથી કરતા એટલું જ નહિ પણ એ હિંસા આપણાને કર્તવ્યરૂપે પ્રાપ્ત થાય છે. આપની જેવા વાંદરા કુતરાની જે હિંસાને સંમત કરો છો તેની પાછળ આ વિચારણા રહેલી છે એમ હું સમજું છું.

માનવીસમાજના સુખ સ્વાસ્થ્યની રક્ષાનો જવાબદારીપૂર્વક વિચાર કરતાં મારે પણ આ જ વિચારણા સ્વીકારવી જોઇએ અને સમાજ સમક્ષ રજુ કરવી જોઇએ એમ એક રીતે વિચાર કરતાં લાગે છે. પણ તેની સામે જે વિચારો આવે છે તે નીચે મુજબ છે. આ વિવિધ પ્રકારની જીવસૃષ્ટિમાં માત્ર માનવીને જીવવાનો સૌથી વધારે-absolute-હક્ક છે અને બીજા જીવોને આપણી સમાન કક્ષાએ જીવવાનો કોઇ હક્ક જ નથી એમ માની લેવું-એ બળીયાના બે ભાગ-survival of the fittest-might is right-સિધ્ધાન્તને સ્વીકારી લેવા બરોબર છે. અને એમ સ્વીકારવું એટલે મનુષ્યેતર સૃષ્ટિ સાથેના આપણા સંબંધમાં ન્યાયનીતિના વિચારને કશો પણ અવકાશ આપવાની જરૂર નથી એમ કહેવા બરોબર થાય.

વળી બીજો એક વિચાર પણ આવે છે. આજે અનાજ બચાવવાના નામે સામૂહાયિક પશુહિંસાને જે ઉત્તેજના મળી રહી છે તેનું પરિણામ આપણામાં વંશપરંપરાગત જે જીવદયાની ભાવના કેળવાતી આવી છે તે નાબુદ થવામાં આવે એવો સંભવ દેખાય છે. દા. ત. કનૈયાલાલ મુનશી વાનરહિંસાનો આજે જે જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે ("હું આશા રાખું છું કે આપણને કોઇ એવા રાજા મહારાજા મળી આવશે કે જેણે વાંદરાઓ મારવામાં નિપુણતા પ્રાપ્ત કરી હશે અને જેણે સૌથી વધારે વાંદરા માર્યા હશે તેનું એક રાષ્ટ્રવીર તરીકે બહુમાન કરવામાં આવશે") તે આ સંભાવનાનું સમર્થન કરે છે. આ જીવદયાની ભાવના જેટલી ઘટશે એટલો આપણી માનવતાની બુધ્ધિને હૃદયની કોમળતાને ધક્કો લાગશે અને ઉપર જણાવેલ હિંસાસમર્થક બીજી વિચારણામાંથી પહેલી વિચારણા તરફ આપણે પણ સહેજે ઢળી પડીશું આવો હું ભય અનુભવું છું. આ રીતે વિચારતાં પ્રસ્તુત હિંસાથી મન એકદમ પાછું હઠે છે.

આજની વિષમ પરિસ્થિતિમાં અન્ય જીવો બચે અને માનવજાતની જરૂરિયાતની ચીજો પુરતા પ્રમાણમાં મળી રહે-એ જીવોની રંજાડ હોવા છતાં-એ શકય લાગતું નથી. આ કારણે પ્રસ્તુત હિંસા અનિવાર્ય ભાવે જાણે કે આપણી સામે આવીને ઉભી રહે છે.

આમ છતાં વાંદરા, હરણ, કુતરા વિગેરેની હિંસા સામે હૃદય કંપી ઉઠે છે અને આ હિંસા આપણે કરવી જોઇએ એમ લખતાં લેખિની ચાલતી નથી, અને એમ બોલતાં જીભ ઉપડતી નથી, આનું કારણ પશુદયાના ચિત્ત ઉપર નાનપણથી પડેલાં ઉંડા સંસ્કાર છે એમ હું સમજું છું.

આવી દ્વિધા વચ્ચે આજ સુધી પ્રબુદ્ધ જૈન પુરતું મેં મૌન ધારણ કર્યું છે અને તેમ છતાં પણ મનમાં આ વિષય પરત્વે મન્થન તો ચાલ્યા જ કરે છે. ઉપરની વિગતો ધ્યાનમાં લઇને આપ મને કંઈક લખશો તો તે મને જરૂર માર્ગદર્શક થઈ પડશે.

લી. આપનો **પરમાનંદ**

## શ્રી કિશોરલાલભાઇનો ઉત્તર

બજાજવાડી, વર્ધા, ૧૨-૮-૫૨

પ્રિય પરમાનંદભાઇ

તમારો પત્ર મળ્યો.

"મનુષ્યેતર સૃષ્ટિ માનવીના ભોગોપભોગ માટે જ છે." એ વિચાર આપણે સ્વીકારી શકતા નથી, એ વાત બરોબર છે.

"માનવી સમાજના સુખ, સ્વાસ્થ્ય કે નિર્વાહમાં જ્યાં જ્યાં જે કોઈ પ્રાણી કે જીવજન્તુ આડે આવે ત્યાં ત્યાં આપણે તેની હિંસા કરીએ તો તેમાં કશું ખોટું નથી કરતા એટલું જ નહિ પણ એ હિંસા આપણને કર્તવ્યરૂપે પ્રાપ્ત થાય છે-" એ વાદ પણ બરોબર નથી. ખરું પૂછતાં એ વિચાર બરાબર રજૂ થયો નથી.

હું એને આમ કહું : બધાં જ જીવોને જીવન નિર્વાહનો સરખો જ અધિકાર છે. પણ જીવનની રચના જ એવી બની છે કે પોતપોતાની આજીવિકા મેળવવામાં એક બાજૂથી પરસ્પર સહયોગ અને આશ્રયની જરૂર પડે છે, અને બીજી બાજૂથી સંઘર્ષ પણ ઉત્પન્ન થાય છે. કેટલાક જીવોને માટે તો બીજા જીવ જ ભક્ષ્ય હોય છે. આમ જીવ-જીવ વચ્ચે સંઘર્ષ (હિંસા) અને સહયોગ (અહિંસા)-નું દ્વંદ્વ છે. આ એક વાસ્તવિકતા છે. તેમાંથી વિવેકી મનુષ્યે માર્ગ કાઢવાનો છે, અને સમાજને બતાવવાનો છે.

આ એક લાંબો પંથ છે અને કદાચ જ્યાં સુધી સૃષ્ટિ છે, ત્યાં સુધી તે ચાલ્યા જ કરવાનો છે. એમાં ધર્મ હોય તો અહિંસા જ હોઇ શકે. હિંસા ભલે ટાળી શકાતી ન હોય છતાં ધર્મ ન હોઇ શકે એટલું નક્કી સમજવું જોઇએ. જે જે રીતે અનિવાર્ય લાગતી હિંસાને પણ ટાળી શકાય તે શોધ્યા જ કરવી જોઇએ, વ્યક્તિઓએ અજમાવવી જોઇએ અને સમાજ સ્વીકારી શકે એવી રીતે રજૂ કરતા રહેવું જોઇએ. ધર્મ અહિંસાનો છે, તેનો અર્થ એ કે હિંસામાંથી અહિંસા પ્રત્યે આપણે સતત વધતા રહેવાનું છે. પણ હિંસાને જીવનમાંથી તદ્દન નિર્મૂળ કરી શકાશે એમ કલ્પી શકાતું નથી.

આ જ રીતે ઘણા માણસો માંસાહારમાંથી નિરામિષાહાર પર આવ્યા છે. દૂધનો પણ ત્યાગ કરવાની અભિલાષા ઉત્પન્ન થઈ છે.

છતાં એમ ન કહી શકાય કે સર્વત્ર માંસાહાર વિના મનુષ્યને ચાલે એવી રીત શોધતા અથવા અજમાવવામાં તે હજુ સફળ થયો છે. છેવટે નિરામિષાહારી વર્ગ માનવ જાતિનો એક અલ્પાંશ જ છે.

આહાર ઉપરાંત બીજી પ્રાણીહિંસાની બાબતમાં પણ એ જ સિધ્ધાંત છે. બીજાં પ્રાણીઓ કરતાં મનુષ્યજાતિ બે હાથ અને બુધ્ધિને કારણે સરસાઈ ભોગવે છે તેમાં શક નથી. બુધ્ધિ હોય માટે વિવેક પણ આવી જાય છે એમ ન કહેવાય. પણ બીજાં પ્રાણીઓ પોતાની જાતિના લાભ અને નિર્વાહ માટે જે સહજપણે અને સ્વાભાવિક પ્રેરણાથી જ કરે છે, તે જ મનુષ્ય પોતાની ચતુરાઈથી વધારે યોજનાપૂર્વક કરે છે. આમ કરીને જ તેણે પોતાનો વંશ-વિસ્તાર જગતભરમાં ફેલાવ્યો છે, અને જગત પર સર્વાધિકાર જેવું પ્રાપ્ત કર્યું છે. કુદરત ઉપર પણ કાબુ મેળવ્યો છે. એમ કરવામાં એણે સામાન્ય રીતે ભાગ્યે જ હિંસા–અહિંસાનો વિચાર કર્યો છે. મનુષ્યજાતિ પુરતીયે મર્યાદા જાળવી નથી, તો બીજાં પ્રાણીનો પ્રશ્ન જ શો? હજારો વર્ષથી સેંકડો જંગલો તોડી, બાળી, હિંસ્ર પશુઓનો, સર્પ–વીંછી આદિ ઝેરી જીવજંતુઓનો, હરણ, ડુક્કર, હાથી વગેરે ખેતીનાશક નિરામિષાહારી પશુઓનો પણ શિકાર કરીને સ્વજાતિની વંશ–સુખ અને 'સંસ્કૃતિ' (?)ની વૃદ્ધિ કરી છે. કેટલાંયે પ્રકારનાં પ્રાણીઓને બિલકુલ નિર્વંશ કરી મૂકયાં છે. આ ક્રમ હજૂ તૂટયો છે કે હળવો થયો છે એમ નથી. પણ હિંસ્ર અને જંગલી પશુઓની સંખ્યા જ હવે એટલી રહી નથી કે તેના સંહારના મોટા યજ્ઞો કરવા પડે, કે તે જ કામ માટે લશ્કરોને રોકવાં પડે, કે રાજાઓને તે માટે 'ટૂર' પર નીકળવું પડે. ગૂજરાતમાં મોટાં જંગલો કે હિંસ્ર પ્રાણીઓનાં ટોળાં જ રહ્યાં નથી; તેમ ઉત્તર પ્રદેશો વગેરે કેટલાક ભાગોમાં પણ આવી જ સ્થિતિ પ્રવર્તે છે. એટલે આપણને એવો પણ એક રીતસર સંહારાત્મક કાર્યક્રમ યોજવો પડે એવી સ્થિતિની કલ્પના આવી શકતી નથી. પણ જ્યાં હજુ ગાઢ જંગલો છે, ગામની ભાગોળે જ વાઘ–વરૂ વગેરેનો ભય હોય છે, દર કાપણીની અને વાવણીની મોસમે બેચાર મરણો સાપ વગેરેના દંશથી થાય છે, વીંછી તો રોજ જ કોઇને પણ કરડે જ, ત્યાં હિંસા–અહિંસાનો વિચાર કર્યા વિના તમે જેટલી સહજ રીતે ડી. ડી. ટી. કે ફલીટ છાંટો છો, તેટલી જ સહજ રીતે તેઓ તે પ્રાણીઓના સંહાર પાછળ પડે છે. તુકારામ જેવા ભકતના પણ એક અભંગમાં છે કે દેવની મૂર્તિ પર વીંછી દેખાય તેથી શું એને કોઇ ત્યાં ફૂલ ચડાવશે? એ તો ત્યાં યે જોડાથી જ ટીપાશે. આ એ ક્રિયા પ્રજાને કેવી સહજ લાગતી અને આજેયે લાગે છે તે દેખાડે છે. મહારાષ્ટ્ર વગેરેમાં કૂતરાને ઝેર ખવાડે તો કોઇને એનો આંચકો આવતો નથી. હિંદુસ્તાનમાં ને હિંદુસ્તાનમાંયે આવો ફરક છે, તો જગતની તો વાત જ શી કરવી?

કહેવાનું તાત્પર્ય એ કે જે વસ્તુ પર મનુષ્યને પોતાના જીવનનો આધાર લાગે છે, તેમાં સામાન્ય માણસો હિંસાથી અચકાતા નથી, અને જો કોઇ તેમને અટકાવવા જાય તો તેનોય છેદ ઉડાવી દે.

આવી સ્થિતિમાં અહિંસાધર્મી પણ જો સામાજિક જીવન ગાળતો હોય, અને સમાજને કાંઇને કાંઇ અંશે પણ દોરતો હોય તો અને ત્યારે તેણે પોતાના વ્યકિતગત જીવનમાં ગમે તેટલી ઉચ્ચ કોટિની અહિંસાની મર્યાદા રાખી હોય તોયે સમાજને તેની મર્યાદા સમજીને જ માર્ગદર્શન કરાવવું ઘટે. કાં તો જે અડચણો સમાજને વેઠવી પડે છે તેનો અહિંસક ઉકેલ બતાવે, અથવા એને અનિવાર્ય હિંસા કરવા જ દેવી પડે. આમાં એ પ્રાણીઓને જીવવાનો અધિકાર છે કે નહીં એટલો જ પ્રશ્ન નથી, પણ મનુષ્યને જીવવાનો અને પોતાના શ્રમનું ફળ પ્રાપ્ત કરવાનો અધિકાર છે કે નહીં એ પ્રશ્ન પણ એટલો જ મહત્વનો છે. અહિંસક ઉકેલ તેની શકિતની બહારનો હશે તો તે સ્વીકારવાનો નથી એ પણ ધ્યાનમાં રાખવું.

આટલું લખવાનું પ્રયોજન માત્ર તમને વિચાર કરવામાં કાંઇક મદદ થાય એટલા પૂરતું જ છે. 'પ્રબુદ્ધ જૈન' માં એ ચર્ચાવું જોઇએ એમ કહેવા માટે નહીં. મનની દ્વિધા સ્થિતિમાં મૌન રાખવું એ જ બરોબર છે. દરેક વસ્તુ પર તમારે 'મારે પણ કહેવાનું છે' એવી વૃત્તિ રાખવાની જરૂર નથી. પણ તમે મ્યુ. ના પ્રમુખ હો કે શાંતિલાલ શાહની જેમ મંત્રી હો કે કોઇ જંગલના વિભાગના કલેકટર હો તો તમારે આમાં ધર્મસંકટ આવી પડે. તેને માટે મનમાં વિચાર સ્પષ્ટ થયા હોય તેટલું ઠીક.

મુનશી રોમાન્સપ્રિય છે. એટલે તે બોલે તેમાં અતિશયતા હોય જ. તેને અક્ષરશઃ ન લેવું. પણ એક બાજુથી પ્રજા વાંદરાથી ત્રાસે અને બીજી બાજુથી જે આજે અનિવાર્ય થઇ પડયું છે તેનો વિરોધ કરે, ત્યાં એને આવું કહેવું પડે એ સમજી શકાય એવું છે. અહીં જંગલી ગાયોનો ખેતીને ઘણો ત્રાસ છે. થોડા વખત પર અહીંના ડેપ્યુટી કમિશનર (કલેકટર) મુસલમાન હતા. એ કહે કે હું તમને બંદુકો આપું. તમારે જે કરવું હોય તે કરો. લોકો કહે કે તમે એનો નિકાલ કરી નાંખો, અમે ન મારીએ. ડેપ્યુટી કમીશનર કહે કે હું એ કરૂં, અને પછી ગૌહત્યાને નામે તમે મારો અને અહીંના બધાયે મુસલમાનોનો ઘાણ કાઢી નાંખો. એ જોખમમાં હું કેમ પડું? આવી આપણી અહિંસા છે!

લી. કિશોરલાલના પ્રણામ

## પશુહત્યા અને માનવહત્યાનું મૂળ

(પ્રશ્નકર્તા : પ્રાણીદયા–પ્રચારક સંઘ, માઇસોર. ઉત્તરદાતા : શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળા)

**પ્રશ્ન :** આજકાલ ભારતમાં પશુહત્યા ખૂબ વધી ગઇ છે. અને દિવસે દિવસે તેમાં વધારો થઇ રહ્યો છે. એ વાત કોઇથી અજાણી નથી. પહેલાના જમાનામાં આટલા પ્રમાણમાં પશુહત્યા થતી નહોતી, પરંતુ આજકાલ તો માણસ પોતાના સ્વાર્થ માટે પશુહત્યા કરીને તેમાં ધર્મ અને પુણ્ય માને છે, પાપ નહિ, જ્યારે પશુહત્યા કરવી એ ઘોર પાપ છે.

**ઉત્તર :** સંભવ છે કે આ યુગમાં ભારતમાં પશુહત્યા ખૂબ વધી ગઇ હોય અને હજુ વધતી જતી હોય; પરંતુ એમાં ભારતના મનુષ્યો ધર્મ અને પુણ્ય માને છે એ વિધાન અત્યુકિત ભરેલું છે. એ સંભવિત છે કે ઘણા માણસો એમાં પાપ પણ ન માનતા હોય અને પુણ્ય પણ ન માનતા હોય. પાપપુણ્યની ગણતરી એક બાજુએ રાખીયે, તો પણ મારા મત મુજબ એ કર્મ અનુચિત છે. એમ કહી શકાય કે જે માણસો હિંસક યજ્ઞાદિ અને પૂજાવિધિઓમાં માને છે તેઓ પોતાને ઇષ્ટ દેવ દેવીઓને પ્રસન્ન કરવાના હેતુથી આચરવામાં આવેલી હિંસાને પુણ્ય પણ માને છે. આવા માણસોની સંખ્યા પણ આપણા દેશમાં ઘણી મોટી છે અને હંમેશાં મોટી રહી છે. હકીકતમાં શ્રધ્ધાવાન, અહિંસક સમાજ પ્રભાવશાળી હોવા છતાં તેની સંખ્યા ઓછી છે.

**પ્રશ્ન :** હત્યાઓ કરવી અને તેને ધર્મ, પુણ્ય, દેશ. માનવ તથા સમાજની સેવા, પરોપકાર અને જનકલ્યાણ સમજવું એતો વિદેશોની માન્યતા છે, ભારતની નહિ. વિદેશોમાં કરોડો માણસો માંસાહારી છે. પરંતુ ભારતમાં હજારો વર્ષોથી કરોડો માણસો શાકાહારી છે. બન્ને દેશોની સંસ્કૃતિ, સભ્યતા, રહેણીકહેણી, ખાનપાન આચરણ અને વ્યવહાર એ દરેકમાં મહાન અંતર છે. ભારત જેવા આર્ય દેશમાં અનાર્ય દેશનું કાર્ય કરવું ન જોઇએ.

**ઉત્તર :** આપણા દેશમાં પરિસ્થિતિવશાત્ શાકાહારી વર્ગ ઘણો મોટો છે, પરંતુ ધર્મબુદ્ધિથી શાકાહાર કરવાવાળાની સંખ્યા ઓછી

માલુમ પડશે. પરંતુ આપણી સંસ્કૃતિનો ઝોક હંમેશાં અહિંસા તરફ રહ્યો છે તે વાત સાચી છે. આ બાબતમાં આપણી અને બીજા દેશોની સંસ્કૃતિમાં મોટું અંતર છે તો પણ એમ કહેવુ ઉચિત નથી કે માંસાહારી સંસ્કૃતિ આપણા દેશમાં પરદેશથી દાખલ થયેલી વસ્તુ છે. બન્ને સંસ્કૃતિઓ યુગોથી સાથે સાથે ચાલી આવે છે અને ક્યારેક એકનું તો ક્યારેક બીજીનું જોર વધી જાય છે. અહિંસક સંસ્કૃતિમાં માનવાવાળા લોકોનું કામ અહિંસક રીતે અને નિષ્ટાપૂર્વક અને વિવેકપૂર્વક અહિંસાધર્મ લોકોને સમજાવવાનું છે. એ બળથી નહિ બની શકે. પરંતુ આપણે તે આપણા વ્યવહાર, ચારિત્ર્ય અને શિક્ષણ દ્વારા કરવાનુ છે.

**પ્રશ્ન :** જ્યારથી ભારતીય સંસ્કૃતિ પર વિદેશી સંસ્કૃતિનો પ્રભાવ પડયો છે ત્યારથી અંદાજ ચાલીશ ટકા ભારતવાસીઓ વિદેશોની હિંસાત્મક સંસ્કૃતિના પોષક બની ગયા છે.

**ઉત્તર :** એનો અંદાજ કાઢવો મુશ્કેલ છે.

**પ્રશ્ન :** ભારતમાં સેંકડો અવતારી મહાપુરુષોએ જન્મ લીધો છે. આ પવિત્ર ભૂમિ પર બેસીને એ લોકોએ સત્ય, અહિંસા, તપ બ્રહ્મચર્ય અને ધાર્મિક તત્ત્વોનો ઉપદેશ આપ્યો છે, પરંતુ અત્યારે આ દેશના માણસો કેવળ પોતાના પેટના પોષણના બહાના નીચે જુદી જુદી જાતની ઘોર હત્યાઓ કરે છે એ કલંકની વાત છે.

**ઉત્તર :** કલંક તો શું, પરંતુ ખેદથી વાત તો અવશ્ય છે. પરંતુ તેનું કારણ અહિંસાના ઉપાસકોએ પોતાના જીવનમાં શોધવું જોઇએ.

**પ્રશ્ન :** દિનપ્રતિદિન અધિક હિંસા ( હત્યાઓ ) વધતી જાય છે, તેથી આશંકા થાય છે કે ભારતમાં પ્રલયનો વખત નજીક આવી રહ્યો છે. આવી ઘોર હત્યાઓ કરવાથી પૃથ્વીના સર્વશકિતમાન સ્વામી પણ ભારતીઓ ઉપર ક્રોધાયમાન થઇ ગયા છે. તેથી તો આજ ભારતમાં ચારે બાજુ સંકટનાં વાદળો જામી રહ્યાં છે. મનુષ્યો દિનપ્રતિદિન દુઃખી થતા જાય છે, પ્રકૃતિ પણ મનુષ્યની વિરૂધ્ધ જઇ રહી છે. તેથી કયાંક વરસાદ બહુ પડે છે તો કોઇ જગા પર પાણીનું ટીપું પણ પડતું નથી. કયાંક વળી મૂશળધાર વરસાદ પડવા સાથે કરા પડવાને લીધે પાકનો નાશ થાય છે, તો કયાંક ભૂકંપ થવાથી નુકસાન થાય છે. કયાંક અગ્નિના પ્રકોપથી કરોડો રૂપિયાનો માલ ભસ્મીભૂત થાય છે. હમણા જ પૃથ્વીના સ્વામીના રોષના કારણથી આસામમાં અતિવૃષ્ટિથી પાંચ લાખ માણસો સંકટમાં આવી ગયા હતા. ખેતરમાં તૈયાર થયેલ પાક પણ નાશ થઇ ગયો હતો. મુંબઇની અતિવૃષ્ટિથી પણ લાખો અને કરોડો રૂપિયાનું નુકશાન થયું. હતું. અને સાધારણ જનતા તેથી હેરાનપરેશાન થઇ ગઇ હતી.

**ઉત્તર :** અત્યારે પૃથ્વી જે કષ્ટોથી પીડાય છે તેનું કારણ આપણાં ચોરી, જુઠ, અન્યાય, હત્યા આદિ હિંસાના અંગરૂપ દુષ્કર્મો પણ ઓછામાં ઓછું આંશિકરૂપથી કારણભૂત છે એમ માનવું તે જરૂર ઇષ્ટ છે.

**પ્રશ્ન :** ખેતીના રક્ષણ માટે પશુઓને ગોળીથી ઠાર કરવા તે અ-માનવી કૃત્ય છે. પશુઓ બીચારા મૂક અને ભોળા જાનવર છે. તે શાકાહારી અહિંસક છે. તેઓ તે નથી જાણતા હોતા કે ખેતીને નુકશાન કરવાથી પોતાને ગોળીથી ઠાર કરવામાં આવશે. અને જો પશુઓમાં મનુષ્યની માફક સમજવાની કે વિચાર કરવાની બુદ્ધિ હોત તો તે કોઇના ખેતરમાં જઇને પાકને નુકશાન પણ શું કામ કરત ?

**ઉત્તર :** ખેતીના રક્ષણ માટે પશુઓને ગોળીથી ઠાર કરવા તે હિંસક કર્મ ચોકકસ છે. એ મૂક અને ભોળા જાનવર છે, શાકાહારી છે. પ્રથમ તો એ નથી જાણતા હોતા કે ખેતીને નુકસાન કરવા જતાં પોતાને ગોળીથી ઠાર કરવામાં આવશે. પરંતુ અનુભવથી થોડું થોડું સમજતા થાય છે અને પછી આવવાનું પણ બંધ કરે છે. પરંતુ આ હિંસા મનુષ્ય પોતાના સ્વાર્થ માટે જ કરે છે તે નિઃશંક છે.

**પ્રશ્ન :** ખેતીના પાકનું નુકસાન કેવળ પશુ જ નહિ પરંતુ મનુષ્યો પણ કરે છે. તો પછી પાકના નુકસાનને માટે માત્ર પશુઓને જીવથી મારી નાંખવા અને મનુષ્યો નુકસાન કરતા હોવા છતાં સહનશીલતાથી તેમને માફ કરવા તે કયાંનો ન્યાય ? રક્ષણ માટે મનુષ્ય અને પશુ બન્ને સરખા હક્કદાર છે.

**ઉત્તર :** જો સાધારણ માણસને કાયદાનો ડર ન હોત તો પોતાના પાકને નુકસાન કરવાવાળા મનુષ્યને પણ તે ગોળીથી ઠાર કરત તે સંભવિત છે. અને જ્યારે ખેતરના કબજા માટેનો ઝઘડો થાય છે ત્યારે પણ તેમ જ બને છે. પરંતુ સાધારણ સ્થિતિમાં એમ નથી બનતું, કારણ કે દરરોજ પાકને નુકસાન કરવા મનુષ્યો જતા નથી અને તેમને રોકવા માટે કાનુની ઉપાય પણ છે. આ હું સામાન્ય મનુષ્યો માટે લખું છું. વિવેકી માણસ બીકથી નહિ, ધર્મબુદ્ધિથી અને તારતમ્યબુદ્ધિથી મનુષ્ય અને પશુઓના ભેદ કરે છે.

**પ્રશ્ન :** ખેતરનો માલિક ખેતરને નુકસાન કરવાવાળા માણસને મારે તો માર ખાવાવાળો માણસ મારવાવાળાના સાહસનો મુકાબલો કરે છે અને દરેક રીતે તેનો બદલો લેવા તત્પર રહે છે. પરંતુ બીચારા મૂક પશુ તો મારવાવાળાનો મુકાબલો કરી શકતા નથી. તેથી ખેતરનો રક્ષક તો નિર્બળ પશુઓ પર જ પોતાની બહાદૂરીનું પ્રદર્શન કરે છે.

**ઉત્તર :** પશુઓને મારવાવાળા પોતાની બહાદુરીના પ્રદર્શન માટે મારતા નથી. પરંતુ કેવળ માનવીસ્વાર્થ માટે જ મારે છે તે નિશ્ચિત છે.

**પ્રશ્ન :** જેમ જેમ પશુહત્યાનો પ્રચાર વધી રહ્યો છે તેમ તેમ અવિવેકી માણસોના દિલમાંથી દયા અને કરૂણા ઓછી થતી જાય છે અને દયા અને કરૂણા ઓછી થવાના કારણે આજનો માનવી થોડા લાભ માટે પણ નરહત્યા સુધી જવા તૈયાર થઇ જાય છે. આજકાલ સામયિકોમાં એવી અનેક ઘટનાઓ વાંચવા મળે છે કે બે ચાર રૂપિયાના દાગીના માટે નાના બાળકોની કોઇ ગરદન કાપે છે અને તેને ગટરમાં ફેંકી દે છે. આપસઆપસની નારાજી માટે પણ પરસ્પર છુરી ચલાવી દે છે. જ્યાં જ્યાં હિંસા (હત્યા) નો પ્રચાર ચાલી રહ્યો છે ત્યાં ત્યાં મનુષ્યોના દિલ પત્થરની માફક કઠોર બનતા જાય છે અને દયા, કોમળતા, સહિષ્ણુતા વિગેરે માનવસ્વાભાવિક ગુણો વિસરાતા જાય છે.

**ઉત્તર :** મારો એવો ખ્યાલ છે કે પચ્ચીસ સાલ પહેલા જે બે મહાન વિશ્વયુધ્ધો થયા તેના પરિણામરૂપે આખા વિશ્વમાં હિંસક વૃત્તિ ખૂબ જ વધી ગઈ અને તે પશુહિંસા અને માનવહિંસા બન્નેની વૃધ્ધિમાં પરિણમી. જીવ માટે આદર ઓછો થયો, દયા અને કરૂણા ઓછી થઇ અને કામ, ક્રોધ તથા લોભ-ત્રણેનો પ્રભાવ ખૂબ જ વધી ગયો. તેમાં ધન, સત્તા વિગેરેનું વિષમ અને અન્યાયી વિભાજન તથા સાધારણ જનતાની જાગૃતિ પણ કારણરૂપ છે.

## એક ભૂલ વિષે ક્ષમાયાચના

તા. ૧૫-૮-૫૨ના પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થયેલ 'મણિભાઇના જીવનનો એક છેલ્લો પ્રસંગ' એ મથાળા નીચેના લેખમાં જે ઘટનાઓ વસ્તુતઃ અનુક્રમે જુલાઇની ૨૦મી અને ૨૫મી તારીખે બનેલી તે ભૂલથી ઓગસ્ટની ૨૦મી અને ૨૫મીએ બન્યાનું જણાવવામાં આવ્યું છે. પત્રના તંત્રી તરીકે અક્ષમ્ય ગણાવી જોઇએ એવી આ ભૂલ અથવા તો સ્મરણક્ષતિ માટે પ્રબુદ્ધ જૈનના વાંચકોની ક્ષમા યાચું છું.

**પરમાનંદ**

# મુંબઈની પર્યુષણ વ્યાખ્યાનમાળા

## સમાલોચના અને આભાર નિવેદન

અમને જણાવતાં આનંદ થાય છે કે આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ સાંગોપાંગ સફળતાપૂર્વક પાર પડી છે. જેમ શુકલ પક્ષના ચંદ્રની કળા ઉત્તરોત્તર વધતી રહે તેમ આ વ્યાખ્યાનમાળા પણ ગુણવત્તામાં તેમ જ લોકપ્રિયતામાં ઉત્તરોત્તર આગળ વધતી રહી છે અને માત્ર જૈન સમાજને જ નહિ પણ જૈનેતર સમાજને સારા પ્રમાણમાં આકર્ષી રહી છે. આ વખતના નવ દિવસના ભરચક કાર્યક્રમમાં શરૂઆતના સાત દિવસની સભાઓ બ્લેવાટ્સ્કી લોજમાં ગોઠવવામાં આવી હતી, અને પછીના બે દિવસની સભાઓ રોકસી થીએટરમાં ભરવામાં આવી હતી. પહેલા દિવસથી જ વ્યાખ્યાનશાળા જિજ્ઞાસુ ભાઇ બહેનોથી ખીચોખીચ ભરેલી રહેતી હતી. છેલ્લા બે દિવસ માટે રોકસી થીએટર જેવી વિશાળ જગ્યા સાંપડવા છતાં સાંભળવા આવનાર શ્રોતાઓનો સમાવેશ કરવો મુશ્કેલ થઇ પડયો હતો. શ્રોતાઓમાં પણ ભાઇ બહેનો લગભગ સરખી સંખ્યામાં ઉપસ્થિત થતા હતા. અને જે આવતું તે માત્ર કુતુહલથી કે ગતાનુગતિકતાથી નહિં, પણ અહિં આપણને નવુ જાણવાનું મળવાનું છે એવી ચોક્કસ શ્રદ્ધાપૂર્વક આવતું હતું. તેથી સાંભળનારાઓથી ભરચક બનેલી સભાઓનું નિયમન કરવામાં—શાન્તિ શિસ્ત અને વ્યવસ્થા જાળવવામાં—કશી પણ મુશ્કેલી પડતી નહોતી. સભાઓની વ્યવસ્થા જાળવવા માટે જરૂર મુજબ ઓછી વધતી સંખ્યામાં શ્રી. ઝાલાવાડ સ્થાનકવાસી જૈન સ્વયંસેવક મંડળ તથા સ્થાનકવાસી જૈન યુવક મંડળના સ્વયંસેવકો વખતસર હાજર થતા હતા અને તે માટે તેમનો અમારે જરૂર ઉપકાર માનવો ઘટે છે. પણ અમારે જણાવવું જોઇએ કે શ્રોતાસમુદાયની સ્વાભાવિક શિસ્તબધ્ધતાને લીધે તેમનું કામ ખરેખર ઘણું હળવું રહ્યું હતું.

આ વખતના વ્યાખ્યાતાઓમાં આગળ ઉપર આવી ગયેલા વ્યાખ્યાતાઓ કરતાં નવા વ્યાખ્યાતાઓની સંખ્યા વધારે હતી. ઇટારસી બાજુએ આવેલા બાબાઇ ગામમાં વસતા અને જૈન સમાજના તેમ જ કોંગ્રેસના વર્ષો જુના કાર્યકર્તા શ્રી. બાબુલાલ ડેરીઆ અમારા નિમંત્રણને માન આપીને પહેલી જ વાર આવ્યા હતા. તેવી જ રીતે પંડિત સુખલાલજી, ઉમાશંકર જોષી, અને રતિલાલ દીપચંદ દેસાઇ અમદાવાદથી, શ્રી. કિસનસિંહ ચાવડા વડોદરાથી અને શ્રી. નાનાભાઇ ભટ્ટ આંબલા (સૌરાષ્ટ્ર) થી આ વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત થયા હતા. શ્રી. આદમ અદિલ, ઉષાબહેન મહેતા, દસ્તુરજી ખુરશેદ દાબુ, રજનીકાન્ત મોદી, કરસનદાસ માણેક તથા નાનાભાઇ મ. દવે—આ મહાશયોને આ વ્યાખ્યાનમાળામાં પહેલી જ વાર સાંભળવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. વ્યાખ્યાનોનું ધોરણ એક સરખું આદ્યન્ત ઉચી કક્ષા ઉપર જળવાઇ રહ્યું હતું. અને શ્રોતાઓની દષ્ટિએ પણ આ વ્યાખ્યાનો એકસરખાં રસમય અને ઉદ્‌બોધક નીવડયા હતા. દસ્તુરજી દાબુ, કાકાસાહેબ કાલેલકર, પૂજ્ય કેદારનાથજી કે ભાઇ ઉમાશંકરને સાંભળીને સૌ કોઇએ એક પ્રકારની મુગ્ધતા અને આદરપરાયણતા અનુભવી હતી. પંડિત સુખલાલજી શરૂઆતથી જ પધાર્યા હતા અને સમગ્ર વ્યાખ્યાનમાળાનું અધ્યક્ષસ્થાન તેમણે શોભાવ્યું હતું. તેમના પ્રથમ વ્યાખ્યાનથી આ વ્યાખ્યાનમાળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને અવારનવાર જુદા જુદા વ્યાખ્યાતાઓના વ્યાખ્યાનોની સમાલોચના કરતાં તેમણે તે તે વિષયો ઉપર નવો પ્રકાશ પાડયો હતો અને શ્રોતાઓને ઉચિત માર્ગદર્શન કરાવ્યું હતું. આવી રીતે પોતપોતાનાં અનેક રોકાણોમાંથી ખાસ વખત કાઢીને આવવા માટે અને માનવીજીવનને સ્પર્શતા ભિન્ન ભિન્ન વિષયો ઉપર વિદ્વત્તા તથા અનુભવના સુમેળથી ભરેલાં વ્યાખ્યાનો આપવા માટે પ્રત્યેક વકતાનો અને ખાસ કરીને પોતાની નાજુક તબિયતને અવગણીને નવ નવ દિવસની વ્યાખ્યાનમાળાના અધ્યક્ષપદને શોભાવવા બદલ પંડિત સુખલાલજીનો મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આભાર માનવામાં આવે છે.

આવી જ રીતે આ પર્યુષણ વ્યાખ્યાનમાળાને સંગીત વડે સવિશેષ આકર્ષક બનાવવામાં અનેક ભાઇ બહેનોએ ફાળો આપ્યો છે. હંમેશની વ્યાખ્યાન સભાની કોઇ ને કોઇ બહેનના ભજન યા ગીતથી શરૂઆત થતી હતી. આ માટે બહેન વાસંતી કોઠીકલ, મંજુલા મહેતા, મંજુલા ગોરડીઆ, સુલોચના ચોકસી, પ્રમીલા ચોકસી, સુરંગી વકીલ, ઉષા શાહ, દમયંતી ગાંધી, ભારતી મહેતા અને દેવકાબહેન તેમ જ આ બહેનોને લગતા સંગીતના કાર્યક્રમનું આયોજન કરનાર તેમ જ સંગીતમાં ભાગ લેનાર બહેન ગીતા કાપડિયાના અમે ખૂબ આભારી છીએ. આ ઉપરાંત વ્યખ્યાનમાળાના કાર્યક્રમમાં જાહેર કર્યા મુજબ શ્રી. શાન્તિલાલ શાહ, શ્રી. મધુભાઈ પટેલ, તથા શ્રી. પિનાકિન ત્રિવેદીએ ગાયનના સર્વ સાજ સાથે ગીતો તથા ભજનો સંભળાવી શ્રોતાઓના મનનું રંજન કર્યું હતું. તા. ૨૩મીના રોજ શ્રી અભરામ ભગતે પોતાના બુલંદ કંઠથી સુંદર ભજનો સંભળાવીને સાંભળનારના દિલને હલાવ્યાં હતાં. તા. ૨૪મીએ રોકસી થીએટરની મોટી મીજલસમાં વ્યાખ્યાનોનો કાર્યક્રમ પૂરો થવા બાદ સમર્થ સંગીત મહાવિદ્યાલયના પ્રીન્સીપાલ અને સુવિખ્યાત સંગીતકાર શ્રીમતી શ્યામલા મઝગાંવકરે પોતાના મધુર રસવાહી કંઠમાંથી સંગીતનો જે પ્રવાહ વહેતો કર્યો હતો તેનો રણકાર આજે પણ કાનમાં ગુંજ્યા કરે છે. આ સર્વના સહકારથી આખી વ્યાખ્યાનમાળાની આકર્ષતામાં સવિશેષ વૃધ્ધિ થઇ હતી. આ માટે તે સર્વના અમે ખરેખર ખૂબ રૂણી છીએ.

આગળની જાહેરાત મુજબ રોકસી થીએટરમાં માત્ર ૨૪ મી તારીખની સભા રાખવામાં આવી હતી, પણ મેસર્સ કપુરચંદ બંધુઓએ પછીના દિવસે પણ રોકસીમાં જ સભા ભરવાની અમને અનુમતિ આપવાની ઉદારતા દાખવી હતી અને તે રીતે અમારા કાર્યને ઘણું સરળ બનાવ્યું હતું. એ સગવડ ન મળી હોત તો અને મૂળ યોજના મુજબ બ્લેવાટ્સ્કી લોજમાં જ પછીના દિવસની સભા ભરવાની હોત તો જરૂર ૭૦૦ થી ૮૦૦ ભાઇ બહેનોને એમ ને એમ જ પાછા જવું પડયું હોત. આ માટે તે બંધુઓનો અમે અન્તઃકરણપૂર્વક આભાર માનીએ છીએ અને તેમના દિલમાં અમારી સંસ્થા અને આ પ્રવૃત્તિ માટે ઉગેલો સદ્‌ભાવ સદા કાયમ રહે એવી અમે પ્રાર્થના કરીએ છીએ. બ્લેવાટ્સ્કી લોજ પણ ચાલુ ભાડા કરતાં અમને ઠીક ઠીક ઓછા ભાડે આપવામાં આવ્યું તે માટે મુંબઇ થીઓસોફીકલ સોસાયટી અને તેના પ્રમુખ શ્રી જમુ દાણીના પણ અમે એટલા જ આભારી છીએ. આગલાં વર્ષો દરમિયાન જે સ્થળમાં આ વ્યાખ્યાનમાળા ભરાતી હતી તે આનંદભવનમાં બ્લેવાટ્સ્કી લોજ કરતાં થોડા વધારે માણસો જરૂર સમાય, પણ અહિં જે શાન્તિ અને ઉન્નત વાતાવરણ અમને મળ્યું અને સૌ કોઇએ અનુભવ્યું તે ત્યાં ખચિત નહોતું.

આ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અમારી નિમંત્રણને માન આપી તેમ જ અમારી સંસ્થાનું ધ્યેય, ઉદ્દેશ, અને વિવિધ પ્રવૃત્તિઓ અને તે પાછળ રહેલી બીનસાંપ્રદાયિકતા અને માત્ર જૈન સમાજને જ નહિ પણ બહુજનસમાજને ઉન્નતિ અને વિચારની ઉદારતાના માર્ગે આગળ લઇ જવાની અમારી તમન્ના લક્ષમાં લઇને જુદા જુદા ભાઇ બહેનો તરફથી અમને લગભગ રૂ. ૩૦૦૦, અને સાત મિત્રપ્રશંસકો તરફથી પાંચ વર્ષ સુધી દર વર્ષે રૂ. ૨૦૦) આપવાનાં મળેલાં વચનોના પરિણામરૂપ આ વખતે રૂ. ૧૪૦૦ અમને મળ્યા છે. (આને લગતી વિગતો આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.) આ સુઘટના પણ અમને અમારા કાર્યમાં વિશેષતર પ્રોત્સાહન આપે છે.

(૬)

આ વ્યાખ્યાનમાળા ઉત્તરોત્તર વધારે ને વધારે માનવસમુદાયને આકર્ષી રહી છે. પોતાને સવિશેષ પ્રિય એવો કોઈ વકતા જ્યારે બોલનાર હોય છે ત્યારે વિદ્યાર્થીઓનાં ટોળેટોળાં ચાલી આવે છે. બીજી બાજુએ જેમ જેમ વ્યાખ્યાનમાળાનું ધોરણુ ચઢતું જાય છે તેમ તેમ તે ધોરણને ટકાવી રાખવાની જવાબદારી વધતી જાય છે. કશું નબળું કે ઉતરતું હવે ચાલી શકે તેમ છે જ નહિ. આ વ્યાખ્યાનમાળા માત્ર પર્યુષણ પર્વનું ઉદ્યાપન જ નહિ પણ મુંબઇના બહુજન સમાજ માટે આઠ કે નવ દિવસની જ્ઞાનની જાણે કે એક પરબ મંડાતી ન હોય, અથવા તો જાણે કે એક સંસ્કાર સપ્તાહ ચાલતો ન હોય એવો ઉઠાવ આ પર્યુષણમાળા પકડી રહી છે

વિશેષમાં અમારા કાર્યક્રમને પાર પાડવામાં અમારાં સભાજનો અમને જે અદ્દ્ભુત સહકાર આપી રહ્યા છે તેની નોંધ લેવામાં ન આવે તો આ સમાલોચના અને આભાર નિવેદન અધુરાં ગણાય. કોઇ પણ દિવસની સભા હોય, પોતાને બહુ ગમતો કે ઓછો ગમતો એવો કોઈ પણ વકતા હોય–શ્રોતાઓ એક સરખી શાન્તિથી સાંભળે છે, અને બને ત્યાં સુધી આવ્યા પછી ઉઠતા નથી. રોકસીમાં કેવી મોટી માનવમેદની એકઠી થાય છે ? અઢી અઢી કલાક સુધી સભા ચાલે, કેટલાયે ભાઈઓને પહેલેથી ઠેઠ સુધી પુરતી ખુરશીઓના અભાવે કાં તો જમીન ઉપર બેસી રહેવું પડે અથવા પ્રવેશદ્વાર આગળ ઉભા રહેવું પડે–એમ છતાં ન કોઇ ગડબડ કરે, ન કોઇ આગળ આવવા પ્રયત્ન કરે, સ્વસ્થતા અને શાન્તિથી બેઠેલા યા ઉભેલા ૧૩૦૦ થી ૧૪૦૦ માનવીઓની આ સભાનું દર્શન એ જાણે કે આપણે કોઇ સ્વપ્નચિત્ર જોતાં ન હોઇએ એમ જ એ ઘડી લાગે છે. આવી શિસ્તબધ્ધતા અને વ્યાખ્યાતાઓ પ્રત્યે આદરપરાયણતા ભાગ્યે જ કોઇ અન્ય જાહેર સભામાં આપણને જોવા મળે છે. આવો સુન્દર સહકાર આપવા માટે અમારા સભાજનોનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. જ્યાં સુધી અમને વ્યાખ્યાતાઓનો તેમજ શ્રોતાઓનો જરૂરી સહકાર મળતો રહેશે ત્યાં સુધી આના આ જ ધોરણ ઉપર આ વ્યાખ્યાનમાળા ચલાવતા રહેવાની અમારી ઉમેદ છે.

**પ્રમુખ, મુંબઈ જૈન યુવક સંઘ**

## અમદાવાદની પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલ તા. ૧૭–૮–૫૨થી તા. ૨૪–૮–૫૨ પર્યન્તની પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ પ્રત્યેક દિવસે બે વ્યાખ્યાનો એ ધોરણે સફળતાપૂર્વક પાર પડયો હતો. આ કાર્યક્રમ નીચે મુજબ હતોઃ–

| વકતા | વિષય |
|---|---|
| સર હરસિદ્ધભાઈ દિવેટિયા | હિંદુ ધર્મપર જૈન ધર્મની અસર |
| શ્રી સોમચંદ અમથાલાલ શાહ | વાસ્તવિક સુખ |
| શ્રી પુષ્પાબહેન મહેતા | સામાજિક સમસ્યાઓ |
| પ્રોફેસર એમ. એ. આર. ભટ્ટ | આંધળું સુખ |
| શ્રી ભાઇલાલ શાહ | ભજનો |
| શ્રી મધુસૂદન ચીમનલાલ મોદી | સાધર્મિક વાત્સલ્ય |
| આચાર્યશ્રી એચ. વી. દેસાઈ | વ્યકિતસ્વાતંત્ર્ય |
| શ્રી ઉમાશંકર જોષી | મહાભારત |
| શ્રી રતિલાલ મોહનલાલ ત્રિવેદી | જીવન વિષે થોડું ચિંતન |
| શ્રી બાબુલાલ ડેરિયા | જૈન ધર્મની તાત્વિક ચર્ચા |
| શ્રી ભોગીલાલ સાંડેસરા | જૈન આગમ સાહિત્યમાં ગુજરાત |
| શ્રી બાબુલાલ ડેરિયા | જૈન ધર્મની તાત્વિક ચર્ચા |
| શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટે | ગુજરાતનાં વિશિષ્ટ તીર્થસ્થાનો |
| શ્રી રવિશંકર મહારાજ | પરિશ્રમ |
| શ્રી રવિશંકર મહારાજ | ચારિત્ર્ય |
| શ્રી ઇન્દુમતીબહેન મહેતા | ધર્મનો મર્મ |

## મહાવીરચરિત્રને સમજવાની સાચી દૃષ્ટિ

પહેલેથી જ આપણા દેશમાં ઐતિહાસિક કથાઓ લખવાનો રિવાજ ઘણો ઓછો છે. તેમાંય જે કાંઇ ઐતિહાસિક વૃત્તાન્ત આવે છે તે બધાંય કેમ જાણે માનવાતીત હોય તે રીતે કાવ્યના મસાલાથી ભરપૂર હોય છે. આવી મસાલાથી તીખી તમતમતી હકીકતો આપણા જીવનને શી રીતે પ્રેરણા આપી શકે ? જો તે મસાલાઓનું પૃથક્કરણ કરી તે વૃત્તાંતોને સમજવા પ્રયાસ થાય તો જ એ તીખી તીખી વાતોનો પણ તાળો મળી શકે. આપણે એ તાળો મેળવવા વિચાર સરખો પણ કરવા તૈયાર નથી ત્યારે એવી બેતાલ કથાઓ આપણા જીવનનો ઉત્કર્ષ શી રીતે કરે ? ઉલટું એવી બેતાલ વાતો આપણા જીવનને અધોગામી, વિશેષ સંકુચિત, લાલચુ અને ફલાકાંક્ષી બનાવી મૂકે છે.

આ બાબત હમણાં જ આપણા માનનીય શ્રીમાન્ નાનાભાઇ ભટ્ટે પોતે લખેલા 'શ્રીમદ્ ભાગવત' નામના લેખમાં બહુજ સ્પષ્ટપણે જણાવેલી છે. (જુઓ અખંડ આનંદનો જુલાઈ મહિનાનો અંક "શ્રીમદ્ ભાગવત" લેખ) તેઓ જણાવે છે કે "ભાગવત એ કૃષ્ણચરિત્રનો ગ્રંથ છે. કૃષ્ણ પોતાના યુગનાં મહાપુરુષ થઇ ગયા. એ વાત પ્રચલિત કરવા અને લોકોને એ ઉચ્ચ માર્ગે લઇ જવા એ એની પાછળનો ઉદ્દેશ છે. જ્યારે જ્યારે શાસ્ત્રકારો લોકોત્તર પુરૂષોને વર્ણવે છે ત્યારે ત્યારે તેની ઉપયોગિતા પોતાના યુગમાં તેઓ જે નવાં મૂલ્યાંકનો ઉભાં કરે છે તેમાં છે. મોટા પુરૂષો પોતાના જીવતરથી તે વખતના મૂલ્યાંકનોને ફેરવે છે તે જ તેની મોટી કિંમત છે. જેમ ભગવાન મહમ્મદે પોતાના વખતના અરબસ્તાનનાં મૂલ્યાંકનો ફેરવ્યાં, તેથી તે અરબસ્તાનના ભગવાન ગણાયા, તેમ જ ભગવાન કૃષ્ણે તે વખતના હિંદુ સમાજનાં મૂલ્યાંકનોમાં પરિવર્તનો કર્યાં અને એટલે જ તે ભગવાન થયા." ... "એકવાર બધા ગોવાળિયાઓએ વિચાર કર્યો કે ઇંદ્રનો મોટો યજ્ઞ કરવો અને ઇંદ્રનું ધામધૂમથી પૂજન કરવું. ... પણ કૃષ્ણે પોતાના પિતાને પૂછ્યું કે 'આપણે આ દેવને શા માટે પૂજીએ ? આપણે તો આ ગોવર્ધન પર્વત–જે આપણાં ઢોરોને ખાવાનું પૂરૂં પાડે છે–તેને પૂજવો જોઇએ', એટલે ગોવાળિયાઓએ તો પર્વતની પૂજા કરવાનું નક્કી કર્યું. ... તેમણે નક્કી કર્યું કે 'નવી સમાજવ્યવસ્થાને માન આપી જૂની વ્યવસ્થાએ ખસવું જ જોઇએ,' એ ન્યાયે ઇંદ્રની પૂજા જવી જ જોઇએ. આ શ્રીકૃષ્ણનો મૂલ્યાંકન ફેરવવાનો ઉલ્લેખ છે." આગળ ચાલતાં તેઓશ્રી આ હકીકતને વધારે સ્પષ્ટ કરવા જણાવે છે કે "આવી આવી અનેક વાતો ભાગવતમાં છે. કોઇ પણ યુગપુરૂષ પોતાના યુગમાં ચાલ્યાં આવતાં મૂલ્યાંકનો હોય તેનો થર ઉથલાવીને તેની જગ્યાએ નવાં મૂલ્યાંકનો ઉભાં કરે છે અને તેથી જ તે મહાપુરૂષ

## કુદરતી ઉપચાર

પૂજ્ય ગાંધીજી સ્થાપિત ઉરૂલીકાંચન નિસર્ગોપચાર આશ્રમમાં કુદરતી ઇલાજો દ્વારા દરદીઓની સારવાર કરવામાં આવે છે. એ આશ્રમના ડોકટર ઓકટોબર મહીનાની ચોથી તારીખે બે દિવસ માટે મુંબઇ આવવાના છે. પ્રાકૃતિક ચિકિત્સા સંબંધી જે કોઈ ડોકટરને મળવા ઇચ્છતા હોય તેમણે શ્રી. વીઠ્ઠલદાસ જેરાજાણી, કોરા ગ્રામોદ્યોગ કેન્દ્ર, શિંપવલી, બોરીવલી (ટે. નં. ૮૪૧૬૮) એ સરનામે તપાસ કરવી.

### વિષય સૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| હિંસા–અહિંસાવિચાર | કિશોરલાલ મશરૂવાળા | ૭૨ |
| પશુહત્યા અને માનવહત્યાનું મૂળ | કિશોરલાલ મશરૂવાળા | ૭૩ |
| મુંબઇની પર્યુષણ વ્યાખ્યાનમાળા | પરમાનંદ | ૭૫ |
| મહાવીર ચરિત્રને સમજવાની સાચી દૃષ્ટિ | પંડિત બેચરદાસ દોશી | ૭૬ |

કહેવાય છે; પણ બને છે એવું કે આવા ફેરફારો સામાન્ય સમાજ જલદી ઝીલી શકતો નથી. એ ઝીલવા જેટલી મનની કે અંતઃકરણની લાયકાત હોતી નથી. એટલે સામાન્ય રીતે એ બહારની ક્રિયા કરવા લાગી જાય છે અને એને આ મૂલ્યાંકનની વાત સમજાતી નથી. બાહ્ય આચાર ઉપર જ ભાર દેવાય છે. ભાગવતના સંબંધમાં પણ આવું બન્યું છે એમ મારે અફસોસ સાથે કબૂલ કરવું જોઇએ. ...... કથાકારે મીઠું મરચું ભભરાવીને વાત લખી હોય તો તે મીઠામરચાંને જ માથે ભાર મૂકીએ છીએ અને ખરાં મૂલ્યાંકનો ભૂલી જઈએ છીએ. જેમકે ભાગવતમાં વાત છે કે ભગવાન નાના હતા અને સૂતા હતા તે વખતે પાટુ માર્યું કે ગાડું ઉંધું વળી ગયું. આમ બને જ નહીં. જગતમાં માણસ અવતરે ત્યારે જગતના નિયમને તે આધીન છે તે વસ્તુ ભુલાવી જોઇએ નહીં. ભગવાનનો જન્મ પુરુષનો હોય તો તે માને પેટે જ થવો જોઇએ. બીજી રીતે થઇ શકે નહીં. આ વાત આપણે કૃષ્ણના જન્મના સંબંધમાં ભૂલી જવી જોઇએ નહીં. પુરુષનું શરીર લીધું હોય તો તેના બધા નિયમો તેને લાગુ પડવા જ જોઇએ. બીજી બધી વાતો ગલત ગણવી. ”

વળી આ વિશે પોતાના પ્રત્યક્ષ અનુભવનો એક દાખલો ટાંકતા શ્રીમાન નાનાભાઈ એ જ લેખમાં જણાવે છે કે “આપણે તો ભગવાનને નામે ગમે તે વાતો માની લઇએ છીએ અને ભગવાન તો ગમે તે કરી શકે એમ કહીએ છીએ તે બરાબર નથી. એ તો અંધશ્રદ્ધા કહેવાય. ૧૯૩૦માં હું વિરમગામ ગયો હતો. સત્યાગ્રહનો વખત. તે વખતે ગાંધીજીનું બહુ ચાલે. લોકોએ એક દિવસ મને કહ્યું કે વણીથી બીજા ગામ સુધી દરેક ઝાડ ઉપર સૂતર છે. ભગવાને દયા કરી અને સૂતર આપ્યું. મેં કહ્યું કે એમ હોય નહીં. લોકો માને નહીં અને લેવા મોકલ્યા તો કાંઇ નીકળ્યું નહીં. કેમકે ગોળો ગબડાવ્યો અને લોકો ભળ્યા, પણ ખરું જોતાં જગતના નિયમની બહાર ભગવાનની મરજી પણ થઇ શકતી નથી. એ આપણે ભૂલવું ન જોઇએ. પાણી જોઇતું હોય તો એચ. ટુ. ઓ. જ જોઇએ. એટલે કોઇ પણ ભગવાનના સંબંધમાં આવી ભૂલભરેલી માન્યતા હોય તો તેની વિજ્ઞાનના નિયમ પ્રમાણે પરીક્ષા કરવી જોઇએ ”

......“ કથાકારો એમાં મીઠું મરચું ભભરાવીને નકામી વાતો ખોસી ઘાલે છે (‘શ્રીમદ્ ભાગવત’ વાળો લેખ) શ્રીમાન નાનાભાઇએ જે હકીકત કૃષ્ણભગવાનની જીવનકથા વિશે જણાવી છે તે જ હકીકત આપણે ત્યાં ભગવાન મહાવીરની જીવનકથા વિશે બરાબર લાગુ પડે છે. માત્ર ભગવાન મહાવીરની જીવનકથા શું પણ તમામ તીર્થંકરોની જીવનકથા અને એવી જ બીજી અનેક કથાઓ સંબંધે શ્રી નાનાભાઇની કસોટી લાગુ પાડી શકાય એમ છે.

ભગવાન મહાવીરે પણ પોતાની જીવનચર્યાથી તે વખતના ભારતીય જનસમાજમાં જે મૂલ્યાંકનો રૂઢ થઈ ગયેલાં અને હાનિકારક બનેલાં તેમાં મોટું પરિવર્તન કરેલ છે.

જુઓ, પહેલું તો એ ક્ષત્રિયપુત્ર રાજકુમાર હોઇને ભિક્ષુનું પદ સ્વીકારે છે એ જ ભારે મૂલ્યાંકનનુ પરિવર્તન છે. તે જમાનામાં ક્ષત્રિયના ધર્મો આચારો અને પ્રવૃત્તિઓ વૈદિક પ્રવચનની પરંપરાએ જે નક્કી કર્યાં હતાં તે જ પ્રમાણે ક્ષત્રિય વર્તવાને બંધાયેલ હતો. જે ક્ષત્રિય એમ ન વર્તે તે ક્ષત્રિય જ ન કહેવાય. પણ ખરી વાત એમ હતી કે વૈદિકપરંપરાએ ક્ષત્રિય માટે કે બ્રાહ્મણ તથા વૈશ્ય માટે જે નિયમો આચારો અને પ્રવૃત્તિઓ નક્કી કરેલાં હતાં તે બધાં કેવળ પુસ્તકમાં જ હતાં, મોટે ભાગે કોઈ બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય તે પ્રમાણે વર્તતા જ ન હતા, અને કેવળ જન્મે બ્રાહ્મણ જન્મે ક્ષત્રિય અને જન્મે વૈશ્ય બનેલા હતા, નહિ કે આચારે બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય કોઇ હતું. કદાચ કોઈ જુજ એવી આચારવાળી વ્યકિતઓ હોય, પરંતુ સામાન્ય સમાજે સ્મૃતિમાં લખેલા નિયમોને ક્યારના અભરાઇએ ચડાવેલા હતા. અર્થાત્ બ્રાહ્મણો બ્રહ્મવિદ્યાને તજીને ધનમાં ચોંટયા હતા, ક્ષત્રિયો પ્રજાપાલનનો ધર્મ તજીને ઘમંડી બની વિલાસી બન્યા હતા. અને વૈશ્યો પણ પ્રજાના ઉમદા હેતુને લક્ષ્યમાં રાખી કોઇ જાતનો આદાનપ્રદાનનો વ્યવહાર ન કરતાં કેવળ ધનને જ ભેગું કરવા મંડયા હતા અને તેમાં નીતિ અનીતિ વગેરે તમામ મર્યાદાઓને તેમણે નેવે મૂકી હતી. રાજ્યમાં ખટપટો અને એકબીજાનું પડાવી લેવાની વૃત્તિઓ ઉછાળા મારતી હતી. જૈન ગ્રંથોમાં શ્રેણિકના પુત્ર કોણિક અને તેના સગા ભાઈ હલ્લવિહલ્લ વચ્ચે જે સંગ્રામ થયાની હકીકત નોંધાયેલ છે તે જ એ પતીત ક્ષત્રિઓની દશાની સાક્ષીરૂપ છે. બ્રાહ્મણો પણ પરિગ્રહી, રાજાના ખુશામતીયા અને બ્રાહ્મણધર્મને ન છાજે એવી પ્રવૃત્તિમાં પડયા હતા. એનું પ્રમાણ તે સમયની હિંસામય યજ્ઞસંસ્થાનો પ્રચાર, યજ્ઞમાં સુરાપાનનાં વિધાનો અને શુદ્રો તરફ બ્રાહ્મણોનું અમાનુષી વર્તન એ બધા સંબંધે તે તે ગૃહ્યસૂત્રોમાં અને સ્મૃતિઓમાં જે અનેક ઉલ્લેખો આજે પણ ઉપલબ્ધ છે તે છે.

એ જમાનામાં ભારતવર્ષમાં પ્રખ્યાત થયેલા મગધદેશમાં સ્ત્રીઓની સ્થિતિ કેવળ કંદોઇને ત્યાં વેચાતી મીઠાઇ જેવી હતી. મહાભારતમાં એવા ઉલ્લેખ ઉપલબ્ધ છે કે સ્ત્રીઓ વાપરવાની વસ્તુ હતી અને તેમાં કોઇને લાજશરમનું કારણ ન હતું. એનો મોટો દાખલો જૈન પુરાણોમાં ચક્રવર્તી રાજાને ચોસઠ હજાર સ્ત્રીઓ હોવાનો છે અને બીજા રાજાઓ પણ પોતાને ત્યાં અંતઃપુરમાં ઘણી સ્ત્રીઓ રાખતા એ હકીકત કથાગ્રંથોમાં જાણીતી છે. એટલું જ નહીં પણ પુણ્ય-પ્રવૃત્તિને લીધે સ્ત્રીઓ વધારે મળે છે. એવી પણ હકીકતો કથાગ્રંથોમાં ચડેલી છે. વળી ધર્મની સાધનાના ક્ષેત્રમાં સ્ત્રીઓને મુદ્દલ સ્થાન ન હતું. સ્ત્રીઓ સંન્યાસની અધિકારિણી ન બની શકતી. આ રીતે સ્ત્રીઓ ભારે ગુલામ હતી. આ ઉપરાંત ધર્મના ક્ષેત્રમાં જડતામય કર્મકાંડો, દિશાઓની પૂજા, તીર્થસ્થાનો, ગ્રહણનાં સ્નાનો વગેરે પણ લોકોને મૂઢતા તરફ ધકેલતા હતા. ભાષાના ક્ષેત્રમાં પણ તે વખતનો સમાજ ધર્મશાસ્ત્ર માટે પરાવલંબી હતો. અમુક વર્ગ ધર્મશાસ્ત્ર ન જ ભણી શકે અને સાંભળી પણ ન શકે એવી પરિસ્થિતિ વર્તતી હતી. આ બધા જૂના મૂલ્યાંકનોથી તે સમયનો શ્રદ્ધાળુ સમાજ આજે જેમ આપણે કરવેરાથી ત્રાસી જઇએ છીએ તેમ ભારે ત્રાસી ગયો હતો અને કોઇ એ જુનાં મૂલ્યાંકનોને ફેંકી દઈ તેમને સ્થાને નવાં મૂલ્યાંકનો સ્થાપે અને ફેલાવે એવા યુગપુરૂષની રાહ જોતો હતો. બરાબર એવે જ વખતે ભગવાન મહાવીરે પોતે ભિક્ષુપદ સ્વીકારી ક્ષત્રિયને લગતું મૂલ્યાંકન નવું સ્થાપિત કર્યું અને લોકોને જણાવ્યું કે લુંટારૂ અને વિલાસી તથા લંપટ ક્ષત્રિય થવા કરતાં તો ક્ષત્રિયે પોતાના અને પ્રજાના કલ્યાણ માટે સર્વસ્વનો ત્યાગ કરીને તથા પ્રજા ઉપર પડતો પોતાનો બોજો દૂર કરીને પોતાની રહેણીકહેણીથી રહેવું ઉત્તમ છે તથા એ જ રીતે ક્ષત્રિયે પોતાના ક્ષત્રિય શબ્દને સાર્થક કરવા પ્રજાના કલ્યાણ માટે પ્રાણાર્પણ કરતાં પણ પાછું વાળી ન જોવું ઘટે. આ સ્થળે ક્ષત્રિય હોઇ કોઇ સંન્યાસ લે તેને વૈદિકપરંપરાના ચુસ્ત સનાતની ભટ્ટકુમારિલે ક્ષત્રિયાધમ કહેલ છે એ વાત ધ્યાનમાં રાખવાની છે. ભગવાન મહાવીરે લંપટ, જુલમી, વેર લેનાર અને પ્રજાની ખાંધ ઉપર બેસીને જીવન જીવનારા ક્ષત્રિય કરતાં એ વખતના ‘ક્ષત્રિયાધમ’ થવું વધારે પસંદ કરીને ક્ષત્રિયો માટે રાજપુતો માટે એક નવો જ માર્ગ પાડયો અને એ ચીલે ચીલે બીજા ઘણાય રાજપુતો પણ વિશ્વકલ્યાણના ધ્યેયને આગળ કરીને પોતાની શુદ્ધિની સાધનામાં મંડી પડયા.

સ્ત્રીઓને તેમણે પોતાના સંઘમાં અગ્રણીનું સ્થાન આપી સંન્યાસધર્મની અધિકારિણી ઠરાવી અને એ રીતે તેમણે એક ગુલામદાસી તરીકે વેચાયેલી ચંદના નામની સ્ત્રીને તેમણે પોતે સ્થાપેલા સ્ત્રીસંઘનું પ્રમુખસ્થાન આપી તેને શાસ્ત્રો વાંચવાથી માંડીને તમામ જાતની સાધના કરવાની અધિકારિણી સિદ્ધ કરી

આ રીતે તેમણે સ્ત્રીઓ વિશે તે કાળે જે મૂલ્યાંકન હતું તેને પણ મૂળમાંથી ફેરવી નાખ્યું.

ભગવાન મહાવીરે પોતાના સંઘમાં ચાંડાલોને પણ સ્થાન આપીને માનવમાત્ર તરફ પોતાનો સમભાવ વ્યકત કરવાનું અને તે પ્રમાણે આચરણ કરવાનું તદ્દન જુદું મૂલ્યપરિવર્તન જગજાહેર કર્યું; જે એ વખતે ભારે આશ્ચર્યજનક હતું. કારણ કે બ્રાહ્મણશાસ્ત્રોએ શુદ્રોને પોતાથી ઘણા દૂર રાખ્યા હતા અને પોતાની સગવડોને ખાતર તેમના માથે પસ્તાળ પડે એવા ભયંકર નિયમો ઘડી રાખ્યા હતા. બ્રાહ્મણો આ માનવ જેવા માનવોને પશુ કરતાં પણ હલકા સમજતા છતાં પોતાનાં સ્વાર્થનું કામ તેઓ પાસે કરાવવા ચૂકતા નહીં. બ્રાહ્મણો ગાય જેવાં પશુનો સ્પર્શ કરતા, પણ જેના હૃદયમાં પરમાત્માનું તેજ છે એવા આ માણસ જેવા માનવને અડવામાં પાપ માનતા. તેથી ભગવાન મહાવીરે માનવ–માનવ વચ્ચેના અભેદને પ્રધાન સ્થાન આપીને તે વખતનું રૂઢ મૂલ્ય ફેરવી નાખ્યું. એ જમાનામાં લોકો ગંગાસ્નાન વગેરે તીર્થસ્થાનોમાં મહાપુણ્ય સમજતા, પરંતુ અંતર્નિરીક્ષણ પૂર્વક માનસિક શુદ્ધિની પ્રવૃત્તિ મંદ પડી ગઇ હતી તે જોઇને ભગવાને સ્નાન શબ્દને કાયમ રાખી તેનો તદ્દન નવો જ અર્થ લોકોને બતાવ્યો અને એ નવા અર્થનું સ્નાન કેવી રીતે કરવું તે પણ પોતાની જીવનચર્યાદ્વારા લોકોને સમજાવી એવા શાંતિસ્નાનનું સાચું મૂલ્ય પ્રજાની સમક્ષ પ્રગટ કર્યું. વળી યજ્ઞ શબ્દ જે પશુવધ નરવધ વગેરે કર્મકાંડોને સૂચવતો તે જ ભાવમાં રૂઢ ગયો હતો તેનો પણ ભગવાને નવો જ અર્થ બતાવ્યો અને તેમાંથી પશુવધ વગેરે જડકર્મકાંડનો ભાવ કાઢી નાખી સ્વદોષરૂપ પશુઓનો વધ કરવાનો છે એવો તદ્દન નવો જ ભાવ સ્થાપિત કર્યો અને એવો યજ્ઞ પોતે જાતે કરી બતાવ્યો તથા એવો જ યજ્ઞ સર્વત્ર કર્તવ્યરૂપ છે એવાં પ્રવચનો દ્વારા એ યજ્ઞને આમજનતામાં પણ ફેલાવી યજ્ઞના અર્થની નવી કિંમત તેમણે તે વખતની કર્મકાંડમૂઢ જનતાને અને ખાસ કરીને બ્રાહ્મણવર્ગને સમજાવી. લોકો દિશાઓને પૂજતા ત્યારે તેમણે તે લોકોને સમજાવ્યું કે આ દિશાઓ તો આકાશરૂપ છે અને આકાશ કાંઇ પૂજનીય છે? પૂજનીય હોય તો કયા પરમાર્થને લઇને? એ બધું કહીને લોકોને તેવા શુષ્ક અને જડકર્મકાંડથી બચાવ્યા.

એ વખતે ક્ષત્રિયો પરસ્પર એકબીજાની જમીન, સ્ત્રી કે એવી કોઈ પોતાની પ્રિય વસ્તુઓ માટે વાતવાતમાં લડાઇ કરતા. આ માટે રાજા કોણિક તથા તેના બન્ને સગા ભાઇઓ હલ્લ અને વિહલ્લ વચ્ચે જે ભયંકર લડાઇ થઇ તેનો વૃત્તાંત જૈન આગમ ભગવતી સૂત્રમાં પ્રસિધ્ધ છે. એવી લડાઇઓમાં પોતાને સૈનિકો મળે માટે ક્ષત્રિયો લડાઇને ધર્મનું રૂપ આપવા લાગેલા અને તે અર્થે એમ કહેવામાં આવતું કે લડાઈ એ તો ક્ષત્રિયોનો પરમધર્મ છે અને લડાઇથી જે દૂર ભાગે તે હીન ક્ષત્રિય છે એટલું જ નહિ, પણ લડતાં લડતાં ક્ષત્રિય મરી જાય તો તેને સ્વર્ગમાં અપસરાઓ વરે છે. આવી આવી વાતો ફેલાવીને મૂઢ લોકોને ઉશ્કેરી શઠ ક્ષત્રિયો લડાઈમાં સામાન્ય પ્રજાનો કચ્ચરઘાણ કાઢી નાખતા અને પોતાનો સ્વચ્છંદ સિધ્ધ કરતા. આની સામે ભગવાને ભારે વિરોધ કર્યો અને કહ્યું કે સ્વચ્છંદ, ક્રોધ, માન, કપટ, ઇર્ષ્યા, લોભ વગેરે કારણોને લીધે આ ક્ષત્રિયો લડાઈઓ ઉભી કરે છે અને તેમાં લડવા માટે લોકોને ઉત્તેજિત કરવા તેમને અપસરાઓ મળવાની ભારે લાલચ આપે છે. પરંતુ એવી લડાઇમાં કે જ્યાં કેવળ કષાયોની જ મુખ્યતા છે તેમાં લડવાથી તો લડનારા અને લડાવનારા એ બધા જ અપસરાઓને મળવાને બદલે નરકના દુઃખની ભયંકર યાતનાઓ ભોગવે છે. માટે એવી લડાઇઓને ધર્મનું રૂપ આપવું એ કેવળ સ્વાર્થસિદ્ધ કરવાની વાત છે. આમ ભગવાને પોતાના સમયમાં જે જે ક્રિયા કે શબ્દનાં ખોટાં મૂલ્યાંકનો હતાં તે બધાં ફેરવી નાખ્યાં છે અને તેનાં ખરાં સાચાં અને લોકોનું હિત થાય એવાં નવાં મૂલ્યાંકનો લોકોને પોતાનાં પ્રવચનો અને પોતાની જીવનચર્યાદ્વારા સમજાવ્યાં છે. આમ કરવામાં એમને ભારે કષ્ટ પડયું અને આમરણાંત પીડાઓ પણ ઉભી થઇ. છતાં તે તમામ પીડાઓને સમભાવે સહન કરીને તેમણે એ નવાં મૂલ્યાંકનો બતાવવા માટે ભગીરથ પ્રયત્ન કર્યો છે અને જીવનની તમામ સાધના તેમણે એ માટે જ સાધી છે. આ પ્રકારે ભગવાન મહાવીરની કથાનો પૃથક્કરણ-પૂર્વક કેવળ માનવી દષ્ટિએ અભ્યાસ કરીએ તો આપણને પણ તેમના જીવનમાંથી પ્રેરણા મળે, આપણે પણ તેમણે બતાવેલાં નવાં મૂલ્યાંકનોને સમજી શકીએ અને તેમના જીવનનું અનુકરણ કરી આપણું પોતાનું કલ્યાણ અને આમ જનતાનું પણ કલ્યાણ સાધી શકીએ. વર્તમાનમાં આવો અભ્યાસ તો દૂર રહ્યો પરંતુ જે બનાવો તદ્દન અસંભવિત અને માનવસ્વભાવવિરૂધ્ધ છે તથા શાસ્ત્રકારો પણ જેને તદ્દન અસંભવિત જેવા વર્ણવે છે અને કેટલાકને તો શાસ્ત્રનો કે ઇતિહાસનો આધાર જ નથી એવા બનાવોને માનવરૂપ મહાવીર ભગવાનના જીવનમાં આરોપવામાં આવ્યા છે અને કવિની ભાષામાં વર્ણવવામાં આવ્યા છે, તેમને જ આપણે મોટું રૂપ આપીએ છીએ, તે અકલ્પ્ય બનાવોમાં આપણે તેમનું મહાવીરપણું સમજીએ છીએ અને એ રીતે તેમને માનવની કોટિની બહારના ગણી તેમનું જરાય અનુકરણ કરી શકતા નથી. કેવળ તેમની પૂજા જ તે પણ માત્ર જડદૃષ્ટિથી આપણે કરી રહ્યા છીએ. મને લાગે છે કે આ રીતે તેમની જડપૂજા કરવાથી આપણે તેમનું અપમાન જ અવગણના જ અને આજ્ઞાનું વિરાધન જ આચરી રહ્યા છીએ. આપણે જાણવું જોઇએ કે ભગવાન મહાવીર એ કોઈ કલ્પનાની વસ્તુ નથી, એ ઐતિહાસિક વ્યકિત છે અને આપણા જેવી જ એ માનવવ્યકિત છે. માનવીનો જેમ ક્રમે ક્રમે પોતાના પુરુષાર્થને લીધે વિકાસ થાય છે તેમ એમણે પણ પોતે પુરુષાર્થ દ્વારા વિકાસ સાધ્યો છે. જે નિયમો વડે માનવ બંધાયેલ છે તે તમામ તેમને પણ લાગુ પડે છે. તેઓ પૂર્ણવિકાસની ટોચે પહોંચ્યા છતાં માનવધર્મથી કે માનવસ્વભાવથી દૂર જઇ શકતા નથી. આ રીતે સમજીને આપણે તેમની જીવનકથાનો અભ્યાસ કરવો ઘટે.

તેમના જીવનમાં કલ્પાયેલી ગર્ભાપહારની વાત, મેરૂકંપની વાત, દેવોએ કરેલા જન્માભિષેકની વાત, એ અભિષેક વેળા વપરાતા કળશોના માપની વાત અને પછી પણ એમના જીવનમાં જે જે માનવધર્મવિરૂદ્ધ એવી હકીકતો આરોપવામાં આવી છે તે તમામ વાતોને આપણે વિજ્ઞાન દ્વારા તટસ્થપણે અને પૂરેપૂરા પૂજ્યભાવપૂર્વક તપાસવી જોઇએ અને તેમને એક પૂરા માનવ માની તેમનું વ્યકિતત્વ જાળવી આપણે તેમના જીવનનું અનુકરણ કરવાનો પુરૂષાર્થ કરવો જોઇએ. તો જ વર્ષે વર્ષે મહાવીરકથા સાંભળવાથી આપણાં અજ્ઞાન દૂર થશે, આપણા વહેમો નાશ પામશે અને આપણે જે ગાઇએ છીએ કે:–

"બાળપણે આપણ સસનેહી, રમતાં'તા નવે નવે વેશે,
આજ તમે પામ્યા ઠકુરાઇ, અમે તો સંસારને વેશે,
હો પ્રભુજી, ઓળભણે મત ખીજો!"

એટલે કે એકવાર આપણે બન્ને ભેગા રમતા હતા અને અત્યારે તો તમે વિકાસની ટોચે પહોંચ્યા છો અને અમે તો એવાને એવા જ રહી ગયા છીએ–આવા આપણી અને તેમની વચ્ચેના સ્થિત્યન્તરનું હાર્દ સમજાશે.

**પંડિત બેચરદાસ જીવરાજ દોશી**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ. મુબઈ, ૩
મુદ્રણસ્થાન; શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫—૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪
અંક : ૧૦

મુંબઇ : ૧૫ સપ્ટેંબર ૧૯૫૨ સોમવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## नमः शान्ताय तेजसे!

### વિલીન થયેલી વિમલ જ્યોતિને નમસ્કાર હો!

પ્રબુધ્ધ જૈનના છેલ્લા અંકમાં જ્યારે શ્રી કિશોરલાલભાઇની અહિંસાનિષ્ઠાનો સચોટ ખ્યાલ આપતો તેમનો તા. ૧૨–૮–૫૨ નો લખેલો પત્ર અને તે સાથે તેમની અહિંસાવિષયક પ્રશ્નોત્તરી પ્રગટ કરી, ત્યારે સ્વપ્ને પણ એવો ખ્યાલ નહોતો કે પછીના અંકમાં તેમની અવસાનનોંધ લખવાનું નિર્મિત થયું હશે. વિધિની ઘટના ગહન છે! તેણે દમનો એક જીવલેણ હુમલો મોકલીને કિશોરલાલભાઇને આપણી વચ્ચેથી ખેંચી લીધા અને આપણે, ગુજરાતે, સમસ્ત હિંદે એક અણમોલ માનવીરત્ન ગુમાવ્યું.

રાષ્ટ્રપિતા ગાંધીજીના અવસાન સુધી કિશોરલાલભાઇની લેખન–પ્રવૃત્તિ મોટા ભાગે ગુજરાતી ભાષા પુરતી મર્યાદિત હતી અને એક સ્વતંત્ર ચિન્તક વિચારક તરીકે આપણે ગુજરાતીઓ તેમને બહુ સારી રીતે ઓળખતા હતા. પણ બાપુજીના અવસાન બાદ જ્યારથી હરિજન પત્રોનું તંત્રીપદ તેમણે સ્વીકાર્યું અને બાપુજીની પ્રતિભાને લેશ માત્ર ક્ષતિ ન પહોંચે એ રીતે એ પત્રોનું સંપાદન કરવા માંડયું, ત્યારથી તેમણે જીવનના અંત સુધી હિંદના એક અગ્રગણ્ય ચિન્તક અને માર્ગદર્શક તરીકે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, અને હિંદી પ્રજાએ બાપુજીની સત્યનિષ્ઠા, વિચારવિશદતા અને નીડરતાનું કિશોરલાલભાઈની લેખિનીમાં દર્શન કરી કૃતાર્થતા અનુભવી હતી. આમ જીવનની છેલ્લી ઘડિ સુધી દેશની અનુપમ સેવા બજાવતાં બજાવતાં તેમણે દેહ છોડયો અને માનવી જીવન ઉપર શીતળ દ્યુતિ વરસાવતી એક અનુપમ જીવનજ્યોત આંખના પલકારામાં ઓલવાઈ ગઇ. આ અકાળ અવસાને ચિત્ત ઉપર એક એવી સ્તબ્ધતા–શૂન્યતા–પેદા કરી છે કે તેમના વિષે વ્યવસ્થિતપણે લખવાનું અત્યંત મુશ્કેલ ભાસે છે.

કિશોરલાલભાઇ ઘણું ખરૂં જન્મકાળથી દમના વ્યાધિથી ગ્રસ્ત હતા. કદાચ એમ ન હોય તો પણ જ્યારથી મેં તેમને જાણ્યા છે —અને આ કંઇ સમયનો નાનો સુનો ગાળો નથી–ત્યારથી તેમને મેં દમના વ્યાધિથી પીડાતા જોયા છે. ફેરક એટલો જ કે શરૂઆતનાં વર્ષોમાં દમની ઉપાધી ઓછી હતી. વર્ષોના વધવા સાથે આ ઉપાધિ વધતી ચાલી. તેમનું એક તો સુકલકડી શરીર અને તેમાં અવાર નવાર આવતા દમના હુમલા અને તેને લીધે તાવથી પણ હાલતાં ચાલતાં પટકાઇ પડવું–આ તેમની ચાલુ જીવન પરિસ્થિતિ રહી હતી. ગાંધીજીના અનેક નિકટના સાથીઓમાંથી કિશોરલાલભાઇને એ રીતે તારવી શકાય. ગાંધીજી તેમને હંમેશાં અત્યંત નિકટવર્તિ મિત્ર અને સલાહકાર તરીકે લેખતા. ગાંધીજી વિષે કિશોરલાલભાઇને પણ ખૂબ જ આદરભાવ હતો. આમ છતાં પણ કિશોરલાલભાઇ જેટલી સ્વતંત્ર અને ગાંધીજીથી અવારનવાર જુદી પડતી વિચારસરણિ ધરાવતી વ્યકિત ગાંધીજીના સાથીઓમાં અન્ય કોઇ નહોતી એમ કહેવામાં જરા પણ અતયુકિત નથી. બીજું હાલતાં ચાલતાં દમના હુમલાથી બીછાનાવશ થવું પડે એવી શરીરવિકલતા પણ તેમના સાથીઓમાંની બીજી કોઈ વ્યકિતના નસીબમાં નિર્માણ થઇ નહોતી. તેમની નાજુક શરીરસ્થિતિ બહુ જાણીતી હોવા છતાં બાપુજીના અવસાન બાદ જ્યારે તેમને હરિજનપત્રોનું સંપાદન સોંપવામાં આવ્યું છે એમ સાંભળવામાં આવ્યું ત્યારે કિશોરલાલભાઇએ આ જવાબદારી લીધી કેમ અને તેમના ઉપર આવી જવાબદારી લાદનારા કેવા–એમ ઉભય રીતે તેમના અનેક મિત્રોને આશ્ચર્ય થયું હતું. તેઓ તે જવાબદારીને જરૂર સંપૂર્ણ વફાદારીથી પહોંચી વળ્યા હતા અને એ બાપુજીના વારસાને તેમણે જરૂર યશસ્વી રીતે શોભાવ્યો હતો–આ વિષે બે મત છે જ નહિ. પણ તેઓ કઇ રીતે કામ કરતા હતા તે જેઓ જાણે છે તેઓ જરૂર સહમત થશે કે આ અસહ્ય બોજાએ તેમના આયુષ્યને ટુંકાવ્યું છે અને વિધિએ તેમને આપણી પાસેથી અકાળે ઝુંટવી લીધા છે. તેઓ મુંબઇ આવતા ત્યારે તેમને અવારનવાર મળવાનું બનતું. દમથી હાંફતા હોય, ૧૦૦ કે ૧૦૨ તાવ ડીગ્રી હોય, હરિજનને લગતો કાં તો પત્રવ્યવહાર સંભાળતા હોય યા તો હરિજન માટે લેખો લખાવતા હોય, અથવા તો તેમને મળવા આવેલ કોઇ ને કોઇ વ્યકિત સાથે એક યા બીજા પ્રશ્નની ચર્ચા કરતા હોય, અથવા તો સંકેત મુજબનું કાંતવાનું પુરૂં થયું ન હોય તો કાંતતા હોય. આ જોઇને આપણું દિલ હલી ઉઠે અને આપણે વિનવીએ કે "કિશોરલાલભાઈ! આ તો તમારા શરીર ઉપર અત્યાચાર કરો છો. આવું હોય ત્યારે તો બધું છોડીને તમારે આરામ લેવો જ જોઇએ," ત્યારે જવાબ મળે કે "શરીરને હાલતાં ચાલતાં માંદા પડવાના હેવા (ટેવ) પડયા, દમ સાથે જીવજાન દોસ્તી બાંધી. તે કારણે માથા ઉપરનું કામ કાંઇ ઠેલાય છે? એ તો જે થવાનું હશે તે થશે. લીધેલું કામ ચલાવ્યે રાખ્યે જ છુટકો." આ રીતે પણ તેઓ સાડાચાર વર્ષ સુધી કામને ખેંચી શકયા તે પણ તેમના અસામાન્ય આત્મબળને અને સંપૂર્ણ આધ્યાત્મિક વૃત્તિને જ આભારી છે.

કિશોરલાલભાઇની અપાર ગુણસમૃદ્ધિને ટુંકી નોંધમાં કઇ રીતે વ્યકત કરવી એ એક મુંઝવતો પ્રશ્ન છે. મન, વાણી અને કર્મની એકરૂપતા દુનિયાની વિરલ વ્યકિતઓમાં જોવા મળે છે તેમાંના કિશોરલાલભાઇ એક હતા. વિચારની મૌલિકતા એટલે કે દરેક પ્રશ્નના પાયામાંથી–કોઇપણ પ્રકારની પરંપરા કે પૂર્વ અભિનિવેશથી બને તેટલા મુકત બનીને–સમાજનું શ્રેય શેમાં રહેલું છે એ જ માત્ર ધોરણને આગળ રાખીને–વિચાર કરવો અને નિર્ણય ઉપર આવવું એ તેમની અજોડ વિશેષતા હતી. જીવનના પ્રારંભથી સ્વામીનારાયણ સંપ્રદાયના ગાઢ સંસ્કારમાં ઉછરેલા હોવા છતાં તેમના લખાણોમાં આવો કોઈ અભિનિવેશ જોવામાં આવતો નહોતો, એટલું જ નહિ પણ ધર્મશાસ્ત્રની પરંપરાગત માન્યતાઓ, સામાજિક રૂઢિઓ, રાજકારણ કે અર્થકારણના પ્રદેશમાં સર્વસ્વીકૃત લેખાતા કેટલાક ખ્યાલો–આ બધાં બંધનોથી–મર્યાદાઓથી–નિર્બંધી બનીને રાષ્ટ્ર અને

સમાજના પ્રશ્નોનો વિચાર કરવાની તાકાત અસાધારણ આત્મશ્રધ્ધામાંથી જન્મે છે અને આ અસાધારણ આત્મશ્રધ્ધા કિશોરલાલભાઈની એક અસામાન્ય વિભૂતિ હતી. સાથે સાથે વિચારની વિશદતા એ પણ કિશોરલાલભાઇની નાની સુની સંપત્તિ નહોતી. આ પ્રમાણે જે નિર્ણયો ઉપર પોતે આવતા તેના અનુકુળ પ્રતિકુળ પ્રત્યાઘાતો વિષે બેપરવા રહીને તે નિર્ણયો તેઓ નીડરપણે સમાજ સમક્ષ મૂકતા. તેમની વાણી પણ જેટલી સચોટ અને સંયમી હતી તેટલી જ મિતાક્ષરી હતી. અને એ મિતાક્ષરત્વને લીધે તેમનું લખાણ કદિ કદિ ગ્રહણ કરવામાં વિકટ બનતું અને સામાન્ય વાંચકને કદિ કદિ શુષ્ક લાગતું. પણ પોતાના લખાણને કલ્પનાનાં પુષ્પોથી શણગારવાનું અને એ રીતે સામાન્ય વાંચક માટે વધારે રોચક બનાવવાનું તેઓ કદિ પણ પસંદ ન કરતા. કેળવણીના પાયા, જીવન શોધન, સમૂળિ ક્રાંતિ સંસાર અને ધર્મ-આ તેમનાં પુસ્તકો કેવળ મનોરંજનાર્થે વાંચી જવા યોગ્ય સાહિત્યકૃતિઓ નથી, પણ આજના યુગના અનેક પ્રશ્નોનો ઉકેલ આપતા શ્રુતિગ્રંથો છે. તેમને સમજવા માટે સામાન્ય વાંચકોને માર્ગદર્શક ગુરૂના ભાષ્યની જરૂર પડે એવાં-ગહન અર્થ અને સૂચનોથી ભરેલાં આ-પુસ્તકો છે. આ તેમની વિચારણા અને લખાણો પાછળ જે સૌથી મહત્વનું છે તે તેમનું અપૂર્વ કોટિનું જીવનતપ હતું. તેઓ ગૃહસ્થાશ્રમી હતા, છતાં તેમનો ગૃહસ્થાશ્રમ લેશમાત્ર ભોગોપભોગલક્ષી નહોતો. ઓછામાં ઓછી જરૂરિયાતો ઉપર કેમ નિર્વાહ કરવો એ લક્ષ્ય ઉપર તેમનું આખું ગૃહસ્થજીવન નિર્માણ થયું હતું. અને એ લક્ષ્યની સાધનામાં પુરેપુરો સાથ આપે એવાં પદાર્થ પાછળ પ્રતિછાયા સમાં પતિપરાયણ ગોમતીબહેન તેમને સાંપડયાં હતાં એ તેમનું એક મોટું સદ્દભાગ્ય હતું. સંસ્કૃતમાર્ગોપદેશિકામાં એક વાકય આવતું હતું કે 'रामो मूर्तिमान् धर्मः।' કિશોરલાલભાઈને પણ ટુંકાણમાં વર્ણવવા હોય તો એમ જ કહી શકાય કે તેઓ મૂર્તિમાન ધર્મ હતા. અને આ તેમની ધર્મમયતા તેમને પ્રાપ્ત થયેલ સદ્-અસદ્-વિવેક, શ્રેયપ્રેયની તારવણી, સુન્દર અસુન્દરનો ભેદ ઉકેલતી વિશિષ્ટ વિચારસરણિના કારણે અનેકનાં જીવનને અજવાળવામાં સમર્થ-સફળ-નીવડી હતી. તેમની સૌથી મોટી વિભૂતિ તેમને પ્રાપ્ત થયેલી અપૂર્વ કોટિની પ્રજ્ઞા હતી. આ પ્રજ્ઞા એટલે સંકલ્પ વિકલ્પપરાયણ મન નહિ, તર્ક વિતર્કના વ્યવસાયવાળી બુધ્ધિ નહિ, પણ 'સ્વ'નો વિચાર છોડીને સમસ્ત માનવજાત સાથેની આત્મીયતામાંથી ઉત્પન્ન થતી, વિશ્વના કલ્યાણની સતત કામનામાંથી આવીર્ભાવ પામતી, ઊંડા ચિન્તનના પરિણામે દુનિયાના અનેક જટિલ પ્રશ્નોનો સહજમાં બુધ્ધિગમ્ય ઉકેલ આપતી અન્તરચેતના છે. આપણે બધા છદ્મસ્થ માનવીઓ છીએ, અપૂર્ણતાથી ભરેલા છીએ. આપણું જ્ઞાન કોઈ પણ કક્ષાએ સત્યના અંશમાત્રને જ સ્પર્શે છે. આવી આપણી સામાન્યતઃ પામર પરિસ્થિતિમાં પણ કોઈ માનવી આપણી કલ્પનામાં ન આવે એવા ગુણપ્રકર્ષનો પોતાના જીવનદ્વારા પરિચય કરાવે છે ત્યારે તેને આપણે સાપેક્ષભાવે તે ગુણની પૂર્ણતાને પામેલો વર્ણવીએ છીએ. આ રીતે આપણે સૂરિસમ્રાટ હેમચંદ્રાચાર્યને 'કલિકાલસર્વજ્ઞ'ના બિરૂદથી સન્માનીએ છીએ. આ જ રીતે ગાંધીજીને કે અરવિન્દને પૂર્ણ પુરૂષ કહેવા આપણે લલચાઇએ છીએ. આવા કોઇ પણ ગુણપ્રકર્ષને બુધ્ધ દર્શનમાં 'પારમિતા' શબ્દથી ઓળખવામાં આવે છે. પારમિતા એટલે પારને-પૂર્ણતાને-પામેલી શક્તિ. કિશોરલાલભાઈએ પોતાને પ્રાપ્ત થયેલ અપૂર્વ પ્રજ્ઞાના પ્રતાપે માનવી જીવનને સ્પર્શતા અનેક પ્રદેશોને જે રીતે અજવાળેલ છે તે જોતાં કિશોરલાલભાઇ એટલે આજના યુગની 'પ્રજ્ઞા પારમિતા' એમ નિઃશંકપણે કહી શકીએ. આજે મનની ભૂમિકા ઉપર રહેલ અધિમનસને શોધવા પ્રાપ્ત કરવા અનેક સાધકો ઝંખી રહ્યા છે અને તે પાછળ દેશમાં અમુક સ્થળે મોટા પાયા ઉપર વ્યવસ્થિત સાધના ચાલી રહી છે. તે અધિમનસ તે બીજું કશું નથી, પણ જેને આપણે કિશોરલાલભાઇમાં મહદ્ અંશે મૂર્તિમન્ત થયેલ જોઇ રહ્યા છીએ તે પારમિતા પ્રજ્ઞા જ છે.

આ રીતે કિશોરલાલભાઇ માનવ સમાજનું-આપણી જેવા અનેકનું-નાનું સરખું પણ એક જંગમ તીર્થ હતા. તેઓ સર્વને સુલભ હતા. અનેકની જીવનગુંચોના ઉકેલનાર હતા, સાધુ હતા, તપસ્વી હતા, વ્યાધિદગ્ધ બેડોળ માળખામાં પરિબધ્ધ-કરૂણા અને કોમળતાથી સદા ઉચ્છ્વસિત-સદા કર્મપરિણત-ઉચ્ચ કોટિનો આત્મા હતા. તેમના જવાથી આપણી જેવા અનેકે એક પરમ મિત્ર, સાથી, સલાહકાર અને તત્વજ્ઞ સાધુ પુરૂષ ગુમાવ્યો છે. તેઓ સ્થૂળ દેહે આપણી વચ્ચેથી વિદાય થયા છે, પણ અક્ષરદેહે આપણી વચ્ચે જીવન્ત છે, કંઇ કાળ સુધી જીવન્ત રહેવાના છે. એ અક્ષરદેહની ઉપાસના કરીને આપણાં જીવનનું ઉર્ધ્વીકરણ કરીએ, તેમના લેખનસાહિત્યનો બને તેટલો ફેલાવો કરીને તેમના પ્રત્યે કૃતજ્ઞતા દાખવીએ, અને તેમની સત્યનિષ્ઠાને આપણા જીવનનો ધ્રુવતારક બનાવીએ! એ 'પ્રજ્ઞાપારમિતા'ને, એ નાના સરખા પણ જંગમ તીર્થને, એ વિલન થયેલી વિમલદ્યુતિને અનેકશઃ વન્દન હો!

**પરમાનંદ**

## ગુજરાતમાં ભૂમિદાનયજ્ઞ સમાહ

મહર્ષિ વિનોબા ભાવેને આજથી સોળ મહીના પહેલાં શરૂ કરેલ ભૂમિદાનયજ્ઞમાં આજ સુધીમાં લગભગ સાડાત્રણ લાખ એકર જમીનના દાન મળ્યાં છે. આ દાતાઓની સંખ્યા ૧૨૦૦૦ સુધી પહોંચી છે. તેમાં જમીનનો એક નાનો સરખો ટુકડો આપનાર એક હરિજનથી માંડીને ૧૦૦૦૦ એકર સુધીનું દાન આપનાર શ્રી નરેશ સુધીની વ્યકિતઓનો સમાવેશ થાય છે. માત્ર ઉત્તર પ્રદેશમાંથી તેમને ૩,૧૦,૦૦૦ એકર જમીન મળી છે. તેલંગણામાંથી ૨૦૦૦૦ એકર, મધ્ય પ્રદેશમાંથી ૯૦૦૦ એકર અને બાકીની જમીન વિંધ્યપ્રદેશ, રાજ-સ્થાન, મધ્યભારત, ગુજરાત અને ઓરીસ્સામાંથી મળી છે. આ સપ્ટેંબર માસની બારમી તારીખથી વિનોબા ભાવેનો બીહારમાં પ્રવાસ શરૂ થયો છે. ૧૯૫૭ સુધીમાં તેઓ પાંચ કરોડ એકર જમીન દાનમાં મેળવવાનો મનોરથ સેવે છે. અને એ રીતે જમીનવહેંચણીના જટિલ પ્રશ્નનો અહિંસક પધ્ધતિએ ઉકેલ લાવવા ઇચ્છે છે.

આ રીતે શ્રી વિનોબા ભાવેની ચાલી રહેલ ભુમિદાન-પ્રવૃત્તિનું ગુજરાતમાં આંદોલન ફેલાવવા માટે તેમ જ ભુમિદાનો પ્રાપ્ત કરવા માટે એક જવાબદાર સમિતિ નીમાઇ ચૂકી છે અને તે સમિતિએ પોતપોતાનું કાર્ય શરૂ કરી દીધું છે. આ સમિતિએ ગુજરાતમાં બે વર્ષની અંદર ઓછામાં ઓછી ૭૫૦૦૦ એકર જમીન ભુમિદાનયજ્ઞમાં મેળવવાનો સંકલ્પ કર્યો છે. આ જ દિશાએ મુનિ સંતબાલજી પણ પ્રવૃત્ત થયા છે અને પોતાનું કાર્યક્ષેત્ર ભાલનળ-કાંઠાનો પ્રદેશ એટલે ધોળકા, ધંધુકા, આણંદ અને વીરમગામ એ ચાર તાલુકામાંથી ૫૦૦૦ એકર ભુમિનાં દાનો મેળવી આપવાનો સંકલ્પ ઉપર જણાવેલ ભૂમિદાન સમિતિ સમક્ષ જાહેર કર્યો છે. આ પહેલાં પ્રાયોગિક સંઘના ૫૦૦૦ એકર, સાબરકાંઠા તાલુકાના ૫૦૦૦ એકર અને ખેડા જીલ્લાના ૩૦૦૦ એકરના સંકલ્પો જાહેર થઇ ચૂકયા છે. તદુપરાન્ત આ આંદોલનને વેગ આપવા માટે આગામી ગાંધી જયન્તીના પર્વ દરમિયાન તા. ૨૫-૯-૫૨ થી તા. ૨-૧૦-૫૨ સુધીના દિવસો ભૂમિદાનયજ્ઞ સપ્તાહ તરીકે મનાવવાનો ઠરાવ કરવામાં આવ્યો છે અને તેને લગતો ચોકસ કાર્યક્રમ (જેમાં પ્રભાતફેરી, સભાઓ, સરઘસો, તેમજ પ્રદર્શનોનો સમાવેશ થાય છે) યોજવામાં આવ્યો છે. પ્રબુધ્ધ જૈનના વાંચકોને, જમીન સાથે એક યા બીજા પ્રકારે સંબંધ ધરાવતા જૈન બંધુઓને પોતાથી બને તેટલું દાન આપીને, અપાવીને યા તો અન્ય જે રીતે શકય હોય તે રીતે મદદરૂપ બનીને આ ભૂમિદાનયજ્ઞની પુણ્ય પ્રવૃત્તિને સફળ બનાવવા અનુરોધ કરવામાં આવે છે.

**પરમાનંદ**

# સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ

(મુંબઇની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પંડિત સુખલાલજીએ આપેલા વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર)

દૃષ્ટિ એટલે દર્શન. દર્શનનો સામાન્ય અર્થ 'દેખવું' એવો છે. આંખથી જે જે બોધ થાય તેને 'દેખવું' કે 'દર્શન' એમ કહેવાય છે. પરંતુ આ સ્થળે દૃષ્ટિ કે દર્શનનો અર્થ 'નેત્રજન્યબોધ' એટલો જ માત્ર નથી. અહીં તેનો અર્થ ઘણો વિશાળ છે. કોઇ પણ ઇન્દ્રિયથી થતું જ્ઞાન કે મનથી થતું જ્ઞાન એ બધું અહીં દૃષ્ટિ કે દર્શનરૂપે અભિપ્રેત છે, એટલું જ નહિ પણ મનની મદદ વિના જો આત્માને જ્ઞાન શક્ય હોય તો તેવું જ્ઞાન પણ અહીં દૃષ્ટિ કે દર્શનરૂપે અભિપ્રેત છે. સારાંશ એ છે કે સમ્યગ્દૃષ્ટિ એટલે કોઈપણ જાતનો સમ્યગ્બોધ અને મિથ્યાદૃષ્ટિ એટલે દરેક જાતનો મિથ્યાબોધ.

સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ જેવા શબ્દો બધી ધર્મપરંપરામાં પ્રચલિત છે. તેથી આપણે સૌ તેનાથી પરિચિત તો છીએ જ. તેમ છતાં તેના અર્થની સમજણમાં અનેક જાતના ભ્રમો પ્રવર્તે છે. જ્યારે આપણે જાગીને ભજન ગાઇએ છીએ કેઃ-

'ઉઠ, જાગ મુસાફિર, ભોર ભઇ,
અબ રૈન કહાં જો સોવત હૈ?"

ત્યારે આપણે એ ભ્રમો નિવારવાની જ વાત કહીએ છીએ, નિદ્રાત્યાગની નહિ. ગીતામાં કહ્યું કેઃ-

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी।

ત્યારે પણ એ જ કહેવામાં આવ્યું છે કે સંયમી અગર સાચી સમજ ધરાવનારો જ જાગે છે અને એ જ ભ્રમનિશાથી મુક્ત છે.

દેહ ધારણ કરવો, શ્વાસોચ્છ્વાસ લેવો, જ્ઞાનેન્દ્રિયોથી જાણવું, કર્મેન્દ્રિયોથી કામ કરવું એટલું જ માત્ર જીવન નથી, પણ મનની અને ચેતનની જુદી જુદી ભૂમિકાઓમાં જે સૂક્ષ્મ અને સૂક્ષ્મતર અનેક પ્રકારનાં સંવેદનો અનુભવવાં તે પણ જીવન છે. આવા વ્યાપક જીવનના પાસાં પણ અનેક છે. એ બધાં પાસાંને દોરવણી આપનાર અને જીવનને ચલાવનાર 'દૃષ્ટિ' છે. જો દૃષ્ટિ સાચી તો તેનાથી દોરવાતું જીવન ખોડ વિનાનું, અને જો દૃષ્ટિ ખોટી કે ભૂલભરેલી તો તેનાથી દોરવાતું જીવન ખોડખાંપણવાળું જ હોવાનું. તેથી વિચારવું પ્રાપ્ત થાય છે કે સાચી દૃષ્ટિ એટલે શું અને ખોટી દૃષ્ટિ એટલે શું? આ વિચારીએ તે પહેલાં જાણી લેવું જરૂરી છે કે આપણે નાની ઉંમરથી કેવી રીતે શબ્દના અર્થો પકડીએ છીએ અને વ્યવહારમાં પડયા પછી અનુભવની વૃદ્ધિ સાથે એ અર્થોમાં કેવી રીતે સુધારા પુરવણી કરતા જઇએ છીએ.

બાળક છેક નાનું હોય ત્યારે એ ચિત્ર દ્વારા ચકલો, ઘોડો, હાથી અને મોટર જેવા શબ્દોનો અર્થ ગ્રહણ કરે છે. અમુક અમુક પ્રકારનો આકાર અને રંગ ધરાવનાર વસ્તુ તે બાળકને મન તે વખતે ચકલો, ઘોડો કે હાથી છે. પણ એ બાળક જેમ જેમ મોટું થાય અને જીવનવ્યવહારમાં પડે તેમ તેમ પ્રથમ ગ્રહણ કરેલ અર્થમાં તેને ફેરફાર અને સુધારોવધારો કરવો પડે છે. ઝાડ ઉપર બેઠેલ અને આકાશમાં ઉડતાં ચકલાં એ માત્ર ચિત્રગત ચકલાં નથી. આકૃતિ અને રંગની સમાનતા હોય તોય ઉડતાં અને ચિત્રગત ચકલાં વચ્ચે મહદ્ અંતર છે. આ અંતર જણાતાં જ ઉંમરલાયક બાળક પ્રથમનો અર્થ છોડી નવો અર્થ પકડે છે અને પછી કહે છે કે અમુક આકૃતિ અને અમુક રંગવાળું ચકલું પણ આપમેળે બેસે ઉઠે છે, ચણે છે, ઉડે છે અને ચીં ચીં અવાજ પણ કરે છે. ચિત્રગત ઘોડા અને ચાલતા દોડતા તેમ જ ઘાસ ખાતા ઘોડા વચ્ચે કેટલુંક સામ્ય હોવા છતાં પણ મહદ્ અંતર હોય છે. ઉંમરલાયક થયેલ વ્યક્તિ ઘોડા ઉપર બેસે, તેને દોડાવે અને તેની સજીવ અનેક ચર્યા જુએ ત્યારે તે ચિત્ર ઉપર ગ્રહણ કરેલ ઘોડાના અર્થને વિસ્તારી તેનો નવો અર્થ ગ્રહણ કરે છે. હાથી શબ્દના અર્થની બાબતમાં પણ એમ જ છે. સડક ઉપર મોટરો દોડતી હોય ને રસ્તો ઓળંગવો હોય ત્યારે ચિત્ર દ્વારા ગ્રહણ કરેલ મોટર શબ્દનો અર્થ જ ધ્યાનમાં રહે તો એ માણસ અવશ્ય ચગદાઇ જાય. અને ચિત્ર દ્વારા ગ્રહણ કરેલ હાથીનો અર્થ મનમાં રહે તો તે માણસ કદી હાથી ઉપર બેસવાનું સુખ માણી ન શકે કે તેના પગ તળે ચગદાવાનો ભય જ ન રહે. જેમ જેમ વ્યવહારનું ક્ષેત્ર વિસ્તરતું જાય અને નવા નવા અનુભવો થતા જાય તેમ તેમ આપણે નાની ઉંમરથી એકત્ર કરેલ ભાષા-ભંડોળના અર્થોમાં હંમેશાં વિકાસ અને સુધારોવધારો કરતા જ રહીએ છીએ, એટલે કે આપણી દૃષ્ટિને ઉત્તરોત્તર સમ્યક્ યથાર્થ કરતાં રહીએ છીએ. તો જ આપણું જીવન સ્ખલના વિના ચાલે છે. જો આપણે પ્રથમ ગ્રહણ કરેલ શબ્દનો અર્થ ઉત્તરોત્તર થતા નવા અનુભવને આધારે ન સુધારીએ તો આપણું જીવનતંત્ર કદી સુસંવાદી બની શકે નહિ અને ડગલે ને પગલે મૂંઝવણ ઉભી થાય.

કેટલાક શબ્દો ઇન્દ્રિયગમ્ય વસ્તુને લાગુ પડે છે તો કેટલાક મનોગમ્ય વસ્તુને જ લાગુ પડે છે. જ્યાં શબ્દનો અર્થ ઇન્દ્રિયગમ્ય હોય ત્યાં તેના અર્થની પકડમાં સુધારોવધારો કરવાનું કામ સહેલું છે. પણ જ્યાં શબ્દનો અર્થ અતીન્દ્રિય કે મનોગમ્ય માત્ર હોય ત્યાં અર્થના સુધારાવધારાનું કામ કરવું બહુ અઘરું છે. ચકલો, ઘોડો, હાથી વગેરે ઇન્દ્રિયગમ્ય છે એટલે ચિત્રગત અર્થ કરતા એનો સાચા અર્થ તરફ જતાં વાર નથી લાગતી. વળી કોઈ બાહ્ય ઇન્દ્રિયમાં ખોડખાંપણ હોય તે વસ્તુ ખોટી રીતે સમજાય તો પણ બીજાં મારફત એ ભ્રાંતિનો સુધારો જલદી થાય છે. કમળાના રોગવાળો માણસ સફેદ વસ્તુને પીળી સમજે ને જ્યાં જાય ત્યાં શંખ પીળો છે એમ કહે તો તેની બાળકો સુદ્ધાં હાંસી કરે. એટલે એ માણસ સહેલાઇથી પોતાનો ભ્રમ સમજી જાય છે ને શંખને પીળો દેખાવા છતાં એ તો સફેદ જ છે એવી વિચારપૂર્વક દૃઢ માન્યતા ધરાવતો થઇ જાય છે. એ જ ન્યાય બીજી બાહ્યેન્દ્રિયની બાબતમાં પણ લાગુ પડે છે, પણ અતીન્દ્રિય વસ્તુની સમજણ બાબતમાં સુધારાનું કામ તેટલું સરલ નથી. સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એ શબ્દો ચકલા અને ઘોડા આદિ શબ્દોની પેઠે ઇન્દ્રિયગમ્ય વસ્તુને લાગુ નથી પડતા, પણ મનોગમ્ય કે અતીન્દ્રિય ભાવોને સ્પર્શ કરે છે. એટલે તે શબ્દોના ખરા અર્થ તરફ જવાનું કે વારસાથી પ્રથમ ધારેલ અર્થમાં સુધારો ફેરફાર કે વૃદ્ધિ કરવાનું કામ બહુ જ અઘરું હોઇ વિવેક અને પ્રયત્નસાધ્ય છે.

નેત્ર, કાન આદિ બાહ્ય ઇન્દ્રિયો અને અંતર-ઇન્દ્રિય મન એ બેની રચનામાં તેમજ કાર્યશકિતમાં બહુ જ મોટું અંતર છે. બાહ્ય ઇન્દ્રિયો જે વસ્તુ તેની સામે વર્તમાન હોય કે તેની સાથે સંબંધમાં આવે તેને જ જાણી શકે. જે વસ્તુ દૂર હોય, અતિ દૂર હોય, અતિત હોય કે ભાવી હોય કે સૂક્ષ્મ હોય તેને બાહ્ય ઇન્દ્રિયો જાણી ન શકે. પણ મનની મર્યાદા જુદી છે. એ તો 'श्रोत्रस्य श्रोत्रम्' 'चक्षुषश्चक्षुः' છે. અર્થાત્ મન એ બધી ઇન્દ્રિયોનો રાજા છે. દરેક ઇન્દ્રિય દ્વારા જે જ્ઞાન થાય તે બધું મનની મદદથી થાય છે. અને છેવટે મન જ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય દ્વારા થતા બધાજ અનુભવોનું સમાલોચન, પરીક્ષણ અને પૃથક્કરણ કરી તેમાંથી સત્ય તારવે છે. એટલુંજ નહિ પણ મન ઇન્દ્રિયની મર્યાદામાં ન હોય તેવા ત્રૈકાલિક અને દૂરવર્તિ તેમજ સૂક્ષ્મ વિષયોને પણ અવગાહે છે. માત્ર જન્મથી મરણ સુધીના કાળપટને સ્પર્શતા અનુભવોને જ નહિ પણ તેથીયે વધારે અતીત અને અનાગત જીવનના અનુભવો અને કલ્પનાઓને પણ મન ઘણીવાર સ્પર્શે છે. મનનો વિષયપ્રદેશ વધારે વિશાળ અને વધારે સૂક્ષ્મ પણ છે.

તેથી મનોગમ્ય વિષયપ્રદેશને સ્પર્શતા શબ્દોના અર્થની સાચી સમજણનું કામ પણ વધારે જટિલ હોઈ વધારે પુરૂષાર્થની અપેક્ષા રાખે છે.

હવે આપણે સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ તેમજ તેના સમાનાર્થક આસ્તિક, નાસ્તિક જેવા શબ્દોને લઇ તેના અર્થની સમજણ વિષે વિચાર કરીએ. ઉકત શબ્દો બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન એ ત્રણ પરંપરાઓ અને દરેક પરંપરાના અંતર્ગત નાનામોટા બધા ફિરકાઓમાં જાણીતા છે. જો કોઇ વ્યકિત જૈન પરંપરામાં જન્મી અને ઊછરી જ હોય તો તેને છેક નાની ઉંમરથી એ શબ્દોના અર્થ વિષે એવી સમજણ આપવામાં આવી હોય છે કે ભગવાન મહાવીર જેવા પુરૂષોને સુદેવ લેખે માનવા, જૈન ગુરૂઓને સુગુરૂ લેખે ધારવા અને જૈન પરંપરાગત આચાર-વિચારોને સ્વીકારવા તે સમ્યગ્ દષ્ટિ; આથી વિરૂદ્ધ જે કાંઇ હોય તેને સ્વીકારવું તે મિથ્યાદષ્ટિ. કહેવાની જરૂર નથી કે નાની ઉંમરમાં વ્યકિતની સમજણશકિત ઊંડી ન હોવાથી તેને માટે સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ જેવા શબ્દોનો પારમાર્થિક તેમજ અતીન્દ્રિય અર્થ સમજવો સહેલો ન હોઇ ઉપર જણાવેલ પ્રાથમિક સ્થૂળ અર્થ જ બંધબેસતો થઇ શકે. પરંતુ ઉંમર અને સમજણશકિત વધવા સાથે પ્રથમ સમજાયેલ સ્થૂળ અર્થનું સંશોધન કે પરીક્ષણ ન થાય અને એ જ અર્થને વળગી રહેવામાં આવે તો શું પરિણામ આવે એ વિચારવું જરૂરી છે. એ અનિષ્ટ પરિણામ ધ્યાનમાં આવે તો તેનો ખરો અર્થ સમજવાની દિશામાં જવાની પ્રેરણા ઉદ્દભવે. હાથી આદિ શબ્દોના ચિત્ર ઉપરથી કલ્પેલ અર્થમાં પ્રત્યક્ષ દર્શનથી ઘટતો ફેરફાર અને સંશોધન થઇ તેનો યોગ્ય અર્થ સમજવામાં આવે છે, તેવી રીતે સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ કે આસ્તિક અને નાસ્તિક શબ્દોના, કાચી સમજણ વખતે, ધારેલ અર્થમાં પ્રત્યક્ષ દર્શનથી સુધારો કે સંશોધન કરવાનો અવકાશ નથી એ ખરું, છતાં ઉંમરલાયક થવા પછી અને બીજા વિષયોમાં પાકી સમજણ થયા પછી પણ જો એ શબ્દોનો એનો એ અર્થ ધારી રાખવામાં આવે તો સામાજિક વર્તમાનજીવનમાં અને આધ્યાત્મિક જીવનમાં ઘણી જ અસંગતિઓ, ત્રુટિઓ અને વિસંવાદો આવવા પામે છે. દાખલા તરીકે શરૂઆતના સ્થૂળ અર્થ પ્રમાણે જૈન વ્યકિત પોતામાં સમ્યગ્દષ્ટિનું અસ્તિત્વ માનવા-મનાવવા તેમજ મિથ્યાદષ્ટિનો અભાવ સાબિત કરવા એટલું તો અવશ્ય કરશે કે જૈન સિવાયની બીજી કોઇ પણ પરંપરામાં પૂજાતા ઇશ્વર કે દેવને તે કુદેવ લેખશે, તે પરંપરાના ગુરુઓને કુગુરુ લેખશે, અને તે પરંપરાના આચાર વિચારને અધર્મ, કુધર્મ લેખશે; એટલું જ નહિ પણ એ વ્યકિત જૈનપરંપરાના શાસ્ત્રો સિવાયનાં બીજાં બધાં જ શાસ્ત્રોને મિથ્યાશ્રુત કે કુશ્રુત લેખી તેને ત્યાજય અને ઉપેક્ષણીય ગણશે, તે વ્યકિત એવા જૈનેતર શ્રુતના પરિચયથી હંમેશાં અલગ રહેવાનો કાળજીપૂર્વક પ્રયત્ન કરશે. આનું પરિણામ એ જ આવે અને આવેલું આજે પણ જોવાય છે કે આવા સંસ્કારવાળી વ્યકિત બીજી રીતે ગમે તેટલી સમજણમાં આગળ વધી હોય, સામાજિક, આર્થિક, રાજકીય કે શૈક્ષણિક ક્ષેત્રમાં તે ગમે તેટલી પ્રતિષ્ઠિત હોય, છતાં આધ્યાત્મિક અને ધાર્મિક કહી શકાય એવાં શાસ્ત્રોની બાબતમાં તેની જિજ્ઞાસા અને સમજણની સીમા બહુ તો એણે માનેલ જૈન શાસ્ત્ર સુધી જ સીમિત રહેવાની. જૈનશ્રુત સિવાયનું બીજું ધાર્મિક અને આધ્યાત્મિક શ્રુત ગમે તેટલું વિશાળ અને ગમે તેટલું વિવિધ તેમજ ગમે તેટલું ઉપયોગી હોય તો પણ તેવી વ્યકિત એમાંથી કાંઇ લાભ ઉઠાવી શકશે નહિ, પોતાની જિજ્ઞાસાને સંતોષી શકશે નહિ, અને પરિણામે અલ્પમાં બહુ માની લેવાની ટૂંકી સમજણ પોષાતી જ રહેશે. એવી વ્યકિત જિજ્ઞાસા અને બુદ્ધિના નાનામાં નાના ખૂણામાં મોટામાં મોટા સમજણના મહેલની કલ્પનાથી રાચશે. સામ્પ્રદાયિક સમજણ તે આનું જ નામ છે, અને તેનું પરિણામ જિજ્ઞાસા, સમજણ તેમજ વિવેકની અતિ સંકુચિતતા અને બીજાથી પોતાને સાવ જુદા અને ઊંચા માનવાની વૃત્તિમાં જ આવે છે. સામાજિક, રાજકીય અને આર્થિક જેવા વ્યવહારો સામાન્ય રીતે ઠીક ચાલતા હોય તો ઉપર ઉપરથી જોનારને એવી સામ્પ્રદાયિક સંકુચિતતા બાધાકારક નહિ લાગે, પણ સહેજ ઊંડા ઊતરી વિચાર કરીશું તો જણાશે કે સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ જેવા શબ્દના શરૂઆતમાં ગ્રહણ કરેલ સ્થૂળ અર્થની સમજણને પરિણામે આવેલી સંકુચિતતા તે માત્ર વ્યકિતને જ નહિ પણ સમાજ સુદ્ધાંને ભારેમાં ભારે હાનિકારક નીવડે છે. આ હાનિ કેવળ ધાર્મિક અગર આધ્યાત્મિક પ્રદેશ પૂરતી જ નથી રહેતી, પણ તેની અસર સામાજિક અને રાજકીય જેવા વ્યાવહારિક ક્ષેત્રમાં પણ વધારેમાં વધારે આવે છે. કેમકે ધાર્મિક અને આધ્યાત્મિક વિષયમાં શરૂ થયેલ સંકુચિતતા માત્ર ત્યાં જ નથી અટકતી, પણ તે વ્યકિત અને સમાજને બીજા સમાજોથી દૂર રહેવા પ્રેરે છે અને એકરસ થતાં રોકે છે. તેથી જ આપણે જોઇએ છીએ કે જૈન અને જૈનેતર એવા બે જુદાં સમાજ કલ્પાયા છે. અને તેથી જ જ્યાં સંસ્કાર અને વિચારની સમાનતા હોય ત્યાં પણ એક સમાજની વ્યકિતને બીજા સમાજની વ્યકિત સાથે લગ્નસંબંધથી કે સમાનભાવે ખાનપાનના વ્યવહારથી જોડાતાં ભારે મુસ્કેલી અનુભવવી પડે છે. મુસ્લીમ અને ક્રિશ્ચિયન જેવા સમાજની વાત ન કરીએ તોય આપણે જોઇએ છીએ કે વૈષ્ણવ, શૈવ અને બૌધ્ધ જેવા સમાજ સાથે જૈન સમાજને બીજી બધી બાબતમાં સમાનતા હોવા છતાં સામ્પ્રદાયિકતાને કારણે એકરસ થવામાં કેટલા પ્રત્યવાયો નડે છે? શરૂઆતમાં સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિની પ્રાથમિક વ્યાખ્યાએ જૈન અને જૈનેતર વચ્ચે સંકુચિતતાની દીવાલ ઉભી કરી, પણ ધીરે ધીરે એ વ્યાખ્યા વધારે ટૂંકી થતાં સંકુચિતતા પણ વધારે વિકસી. જૈનપરંપરાના ચારે ફિરકામાં એ વ્યાખ્યા નવે રૂપે થવા લાગી. સ્થાનકવાસી ફિરકામાં જન્મેલ વ્યકિતને સમ્યગ્દષ્ટિનો એવો અર્થ વારસાગત મળેલો હોય છે કે સ્થાનકવાસી સિવાયના બીજા જૈન ફિરકાઓના પણ ગુરૂ અને આચારવિચારોને માનવા કે પાળવા તે સમ્યગ્દષ્ટિ નથી. એટલે કોઈ સ્થાનકવાસી મહાવીરને માનવા છતાં પણ તેમની મૂર્તિ, તીર્થસ્થાનો અને શ્વેતાંબર કે દિગંબર પરંપરાના મનાતા શ્રુતને પોતાના આદર અને જિજ્ઞાસાની બહાર જ રાખવાનો. એ જ રીતે શ્વેતાંબર મૂર્તિપૂજક દિગંબર-પરંપરાના મંદિર, મૂર્તિ, તીર્થ, શાસ્ત્ર, ત્યાગી ગુરૂ વગેરેને અસ્પૃશ્ય નહિ તો ઉપેક્ષ દ્દષ્ટિથી જોવાનો. દિગંબર ફિરકાની વ્યકિતઓ પણ સ્થાનકવાસી કે શ્વેતાંબર ફિરકાના શાસ્ત્ર અગર આચારવિચારો વિષે એવી જ કટ્ટરતા સેવવામાં સમ્યગ્દર્શન સાચવ્યાનું અભિમાન રાખવાની. તેરાપંથી હશે તો તે પણ ઉપરના ત્રણે ફિરકાના આચારવિચારને અનુસરવામાં કે તેને સમ્યક્ લેખવામાં પોતાનો આધ્યાત્મિક વિનિપાત જોવાનો.

જે વાત જૈનપરંપરાને ઉદ્દેશી ઉપર કહેવામાં આવી છે તે જ વાત બીજી પરંપરાને પણ તેટલે જ અંશે બલ્કે કયારેક કયારેક ત્રણે વધારે અંશે લાગુ પડે છે. વૈદિક હશે તો તે જૈન, બૌદ્ધ જેવી અવૈદિક પરંપરાઓના બધા જ આચારવિચારોને તેમજ શાસ્ત્રોને સ્પર્શ કરવામાં નાસ્તિકતા લેખશે અને વેદસ્મૃતિ પુરાણ જેમાં વૈદિક ગણાતાં શાસ્ત્રો સિવાયનાં શાસ્ત્રોને ધર્મદષ્ટિએ વિચારવામાં પણ આસ્તિકતાનો અર્થ નહિ જુએ. તે હંમેશને માટે પોતાની જિજ્ઞાસાના પ્રદેશથી અવૈદિક ગણાતાં શ્રુતને-પછી તે ગમે તેટલું સુસંગત અને મહત્ત્વનું હોય તો પણ-દૂર જ રાખશે. બૌદ્ધ ફિરકામાં સામ્પ્રદાયિક દષ્ટિએ જેણે સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિનો અર્થ ધાર્યો હશે તે પણ તેવી જ રીતે બૌધ્ધેતર ધાર્મિક અને અધ્યાત્મિક ક્ષેત્રથી અસ્પૃષ્ટ રહેવામાં પોતાની સમ્યગ્દષ્ટિ પોષાતી જોશે. આ રીતે જુદી જુદી ધર્મપરંપરાને અનુસરનારા અનેક સમાજો સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ,

(૯)

અને ચકલા વગેરેના ચિત્રગત અર્થ કરતા જીવતા ચકલાના અર્થમાં રહેલ તારતમ્યનો પ્રથમ અપાયેલ દાખલો પણ વધારે સ્પષ્ટતાથી સમજી શકાય.

સમ્યગદષ્ટિના ઉપર સૂચવેલ ત્રણ અર્થોમાં જેમ જેમ આગળ પ્રગતિ થાય છે તેમ તેમ પહેલાંનાં અર્થ સાથે સંકળાયેલ ભ્રમો પણ દૂર થવા પામે છે. આધ્યાત્મિક મુસાફરને ઉદ્દેશી જે જાગવાની વાત પેલા 'ઉઠ જાગ, મુસાફિર!' એ ભજનમાં કહી છે તે આ જ આધ્યાત્મિક જાગૃતિ છે.

પંડિત સુખલાલજી

# માનવતાને જગાડતી ભૂમિદાનયજ્ઞની પુણ્ય પ્રવૃત્તિ

## જમાનાની માંગ

દરેક જમાનાની એક માંગ હોય છે. એક જમાનામાં માત્ર ભારતમાં જ નહિ પણ દુનિયાના અનેક દેશોમાં ધર્મપ્રવર્તકો પાકયા, કેમકે એ વખતે એમની જરૂર હતી. એક જમાનામાં ઠેરઠેર સંતો અને ભકતો પાકયા, કેમકે એ વખતે એમની જરૂર હતી અને એક જમાનામાં ઠેરઠેર સ્વાતંત્ર્યવીરો પાકયા, કેમકે એ વખતે એમની જરૂર હતી.

આપણા દેશમાં રાજકીય સ્વાતંત્ર્ય આવી ગયું, પણ એમાંથી સુખ શાંતિ હજુ નથી નિર્માણ થયાં. અને કયાંથી થાય? હજુ ઉચ્ચનીચના ભેદ પડયા છે. તવંગર ગરીબ વચ્ચેની ખાઇ ઉભી છે. એકની પાસે સેંકડો અને હજરો એકર જમીન અને બીજાની પાસે મહેનત મજુરી કરી ખાવા માટે એક ચાસ પણ જમીન નથી. આવી અસમાનતા હોય–જીવનના એક ક્ષેત્રમાં નહિ પણ દરેક ક્ષેત્રમાં–ત્યાં સુધી સુખ શાંતિ કે સર્વનું કલ્યાણ કરનારી આબાદી કયાંથી આવે?

## કતલ, કાયદા કે કરૂણા?

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી આજના જમાનાની માંગ છે સમાનતાની. બીજા દેશોમાં પણ સમાનતા માટે, આર્થિક અને સામાજિક સમાનતા માટે પ્રયાસો ચાલી રહ્યા છે. કોઈ જગ્યાએ દંડ નીતિથી અથવા ક્રૂરતાથી અને કતલથી સમાનતા લાવવામાં આવે છે. કોઇ જગાએ કાયદા અને કાનુનથી સમાનતા લાવવામાં આવે છે. પણ હવે એ રીતે આવેલી સમાનતામાંથી બંધુતા લુપ્ત થઇ જાય છે જેની પાસે હતું અને જેને મળ્યું એ બે વચ્ચે વેર ઝેરની લાગણી પેદા થાય છે. એમાંથી શાંતિ સાચવવા માટે ફરી પાછો દંડનીતિનો જ આશ્રય લેવો પડે છે.

આજના જમાનાની સમાનતાની માંગને પ્રસ્થાપિત કરવા માટે વિનોબાજીએ ભારત દેશમાં એક નવો પ્રયોગ શરૂ કર્યો છે. એ કતલથી કે કાયદાથી સમાનતા લાવવા નથી માંગતા, પણ માનવ હૃદયમાં કરૂણા પેદા કરીને સમાનતા લાવવા માંગે છે. સમાનતાની સાથે સાથે બંધુતાની ભાવનાને પણ સજાગ કરવા માંગે છે. આ પ્રવૃત્તિનું નામ ભૂમિદાન યજ્ઞ.

## પ્રજાસૂય યજ્ઞ

વિનોબાજી એને કહે છે પ્રજાસૂય યજ્ઞ. કેમકે આ ભૂમિદાન યજ્ઞમાં દરેક પ્રજાજને પોતાનો હવિભાગ આપવાનો છે. આજે આખા દેશમાં એ ભૂમિદાન યજ્ઞની પ્રવૃત્તિએ એક નવી હવા ઉભી કરી છે. આપણા ગુજરાતમાં પણ એને સારો આવકાર મળી રહ્યો છે. પરંતુ કેટલાક ભાઇઓને એમ થાય છે કે વિનોબા એક મહાન સત્યાગ્રહી છે. તેઓ મહાન ત્યાગી છે. તેઓ ધર્મશાસ્ત્રોના અભ્યાસી અને આચાર્ય છે. એ બધું કબૂલ. પણ એથી લોકો એમને એમની સોનાના ટૂકડા જેવી જમીન શી રીતે આપી દે? અને શા માટે આપે?

## બ્રાયનો કાર્યક્રમ

જનતાના મનમાં આવા પ્રશ્નો ઉઠતા હતા. એ બધાયને વિનોબાજીએ છેલ્લા સવા વર્ષમાં આપણા દેશમાં જે જાદુ કર્યું એથી જવાબ મળી રહ્યો છે. બસો, પાંચસો કે હજાર એકર નહિ, પણ આજ સુધીમાં એમના હાથમાં ત્રણ લાખ એકર ભૂમિનાં દાનો આવી ચૂકયાં છે, અને આજે રોજના સરેરાશ બે હજાર એકર ભૂમિનાં દાનો મળી રહ્યાં છે. આ દાન ગરીબ આપે છે ને તવંગર આપે છે. દરેક જ્ઞાતિના ભાઇઓ બહેનો અને બાળકો સુદ્ધાં આપે છે. આ પ્રવૃત્તિમાં કોંગ્રેસવાદીઓ મદદ કરે છે, સમાજવાદીઓ મદદ કરે છે અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘવાળા પણ મદદ કરે છે. બધા પક્ષોની અને બધી વ્યકિતઓની આ પ્રવૃત્તિ બની ગઇ છે. કેમકે એ આ જમાનાની માંગ છે.

## સહસ્ત્ર હાથવાળા વિનોબા

એક ભાઈએ કહ્યું કે "વિનોબાજીની આ પ્રવૃત્તિમાં તો અમારો પણ સાથ છે." મેં કહ્યું "એ સારી વાત છે, વિનોબાજીએ તો જણાવી દીધું છે કે હવે આ પ્રવૃત્તિ મારી એકલાની નથી રહી. જે સાથ આપે તે બધાની બની ગઇ છે. હવે વિનોબા બે હાથવાળો નથી રહ્યો. પણ સહસ્ત્ર હાથવાળો થઈ ગયો છે. એટલે કે સહસ્ત્ર લોકો એમની પ્રવૃત્તિમાં સાથ આપવાના છે."

પેલા ભાઇએ કહ્યું કે "પણ પહેલાં મોટા મોટા જમીનદારો પાસે જવું. નાના પાસે તો શું હતું અને શું લેવાનું છે?" મે કહ્યું: "ના; એવું નથી. મોટા, નાના બધા પોતપોતાની શકિત અને વૃત્તિ પ્રમાણે આ યજ્ઞમાં આપી શકે છે. દરેકનો આપવાનો ધર્મ છે અને દરેકની જમીન આ યજ્ઞમાં લેવાનો ધર્મ છે."

પેલા ભાઇએ કહ્યું કે "પણ પેલા તો રાક્ષસો છે, એમના તો દેખાડવાના અને ચાવવાના જુદા છે; સેંકડો અને હજારો એકર જમીન હડપ કરીને બેસી ગયા છે. એમની પાસેથી તો જેટલી કઢાવાય એટલી કઢાવવી જોઇએ."

મેં કહ્યું કે "આવું કહેનાર માણસ ભૂમિદાન યજ્ઞનું કામ નહિ કરી શકે. જેમને તમે રાક્ષસ કહો એમની પાસેથી તમે જમીન શી રીતે મેળવી શકો?"

## વિચારની પણ અસર થાય છે.

પેલા ભાઇએ કહ્યું કે "પણ એ એને મોઢે નહિ કહેવાનું. આ તો ખાનગીમાં બોલું છું." મેં કહ્યું કે "ખાનગીમાં બોલો, કે જાહેરમાં બોલો, તમારા મનમાં જેમના વિષે રાક્ષસભાવ છે એમના ઉપર તમારા વિચારની અસર થયા વિના રહે જ નહિ. વિનોબાજી તો એમ કહે છે કે દરેક માણસમાં સદ્ અને અસદ્ અંશ પડેલો છે. એમાંના સદ્ અંશને જાગૃત કરવો એ આપણું કામ છે. બાઇબલની પેલી વાત તમે નથી સાંભળી કે ઇસૂ પાસે આવીને અનેક લોકો કહેવા લાગ્યા કે પેલી આવે છે એ બાઇ પાપી છે. એને અમે પથરે ને પથરે મારી પાડીએ છીએ. ઇસૂએ કહ્યું કે પથ્થર મારો પણ પહેલા દરેક પોતાની જાતને પૂછી જુએ કે એણે તો આવું પાપ કદી નથી કર્યું ને? જે થોડો પણ દોષિત હોય એ પથરો છોડી દે. એક એક માણસના હાથમાંથી પથરો છૂટી ગયો. એટલે રાક્ષસ કોઇ નથી અથવા બધા જ છે. પણ વિનોબા તો કહે છે કે બધા જ માણસ છે. કોઇની માણસાઇ સૂઈ ગઈ છે, કોઇની દબાઇ ગઇ છે, તો કોઇની કુંઠિત થઇ ગઇ છે. એ માણસાઇને જાગૃત કરવી એ આપણું કામ છે. અને જેની માણસાઈ જાગૃત થઈ છે એવો દરેક માણસ બીજાની માણસાઈ જાગૃત કરી શકે છે. આ જાતની અડગ શ્રદ્ધાને લીધે વિનોબાના પગ આગળ જમીનના ઢગલાં થાય છે."

## માનવતાનાં દર્શન

આવા માનવતાભર્યા વર્તાવથી જ કાશીના રાજા હોંશેહોંશે સાડાસાત હજાર એકર જમીન ભૂમિદાન યજ્ઞમાં આપે છે. આવી માણસાઇના દર્શન કરીને જ મુસ્લિમ બહેન એની પાંચ હજાર એકર જમીન વિનોબાને ચરણે ધરે છે અને આવી માનવતા જોઇને જ કેટલાક ગામોના એક એક જમીન માલિકો આ યજ્ઞમાં પોતાનો હિસ્સો

# સ્વ. મણિલાલ મોકમચંદ શાહ સ્મૃતિફંડ

પ્રબુધ્ધ જૈનના ગતાંકમાં પ્રગટ કરવામાં આવેલી વિજ્ઞપ્તિ વાંચીને રાજકોટથી શ્રી રામજી શામજી વિરાણી રૂ. ૧૦૦૧ નો એક મોકલતાં પોતાના પત્રમાં જણાવે છે કે:—

"સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ અને સ્વ. મણિલાલ મોકમચંદ શાહ બંન્ને ભેગા મળી પદરનો પૂણ ભોગ આપી "સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ" સ્થાપેલ. સ્વ. વાડીલાલભાઇનું અધૂરૂં કામ પૂરૂં કરી સ્વ. મણિભાઈ હમણાં જ પરલોક સીધાવ્યા. આટલું 'પ્રબુધ્ધ જૈન'ના વાંચનથી મારા ખ્યાલમાં છે. મને જો સાધારણ ધાર્મિક ભાવના અને વિચારો મળ્યા હોય તો એ સદ્દગત શ્રી. વાડીલાલ મોતીલાલ શાહના પેપરો અને પુસ્તકોના વાંચનને આભારી. કારણ જે હું બહુ નાની ઉંમરથી જ આફ્રીકામાં ગયેલ હતો એટલે બીજા સત્સંગનો અભાવ હતો. છેલ્લાં 'પ્રબુદ્ધ જૈન'થી જાણવામાં આવેલ છે કે સ્વ. મણિભાઈની સ્મૃતિ રાખવા માટે રૂા ૨૫૦૦૦) નું ફંડ કરી 'સંયુકત વિદ્યાર્થીગૃહ' ને સોંપવું. આ વિચારણા મને ખૂબ ગમી છે. સ્વ. મણિભાઈની સ્મૃતિમાં સ્વ. શ્રી. વાડીલાલભાઇનું મારા પ્રત્યેનું અમુક અંશે ઋણ અદા કરૂં છું એવા મારા આત્મસંતોષાર્થે રૂા. ૧૦૦૧) મારા વતી સ્વીકારી ઉપકૃત કરશોજી." **લે. સેવક રામજી શામજી વિરાણી.**

આ માટે સ્મૃતિફંડના મંત્રીઓ શ્રી. રામજીભાઇનો આભાર માને છે અને હજુ સુધી જેમણે પોતાનો ફાળો મોકલ્યો ન હોય તેમને સત્વર મોકલી આપવા વિનંતિ કરે છે. આ સ્મૃતિફંડમાં આજ સુધીમાં મળેલી રકમોની યાદી નીચે મુજબ છે:—

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦૦૧ | શ્રી. રામજી શામજી વિરાણી | ૧૦૧ | ,, ફતેહભાઇ લાલભાઇ શેઠ વડોદરાવાળા | ૧૦૧ | ,, ચિરંજીલાલજી બડજાતે, વર્ધા |
| ૫૦૧ | ,, ચીમનલાલ પી. શાહ | | | ૧૦૧ | ,, શ્રીચંદજી ફતેહલાલજી ગોલેસા, જયપુર |
| ૨૦૧ | ,, નેમચંદ નગીનચંદ વકીલવાળા | ૧૦૧ | ,, જયંતિલાલ રવજીભાઇ | | |
| ૧૧૧ | ,, ટી. જી. શાહ | ૧૦૧ | ,, હડીસીંગ હરગોવિંદદાસ શાહ | ૧૦૧ | ,, અંબાલાલ એલ. પરીખ |
| ૧૦૧ | ,, ધીરજલાલ ધનજીભાઇ શાહ | ૧૦૧ | ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી | ૧૦૧ | ,, ખુશાલદાસ જે. શાહ |
| ૧૦૧ | ,, જયંતિલાલ લલ્લુભાઇ પરીખ | ૧૦૧ | ,, જાદવજી સોમચંદ મહેતા | ૫૦ | ,, મણિલાલ બાલાભાઇ નાણાવટી |
| ૧૦૧ | ,, તારાચંદ લ. કોઠારી | ૧૦૧ | ,, રાજમલજી લલવાણી, જામનેર | ૨૫ | ,, ગુણવંતીબહેન છોટાલાલ |
| ૧૦૧ | ,, ચંદુલાલ કસ્તુરચંદ | ૧૦૧ | ,, કેશરીમલજી ગુગલીયા,ધામકવાળા | ૩૪૦૪ | |

આપે છે. મંગરુઠ ગામના ૫૪ ખાતેદારોએ એમની સાતસોએ સાતસો એકર જમીન ભૂમિદાન યજ્ઞમાં આપી અને હવે ગામના કુલ ૧૦૪ કુટુંબો વચ્ચે એ જમીન સમાનભાગે વહેંચાઇ જશે.

એક ખેડૂત વિનોબાજીના ચરણે પડી ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યો—જ્યારે ઉભરો શમ્યો ત્યારે વિનોબાજીએ પૂછ્યું "શું કહેવું છે?"

"મહારાજ, મારી પાસે છ વીઘા જમીન અહીં છે એ બધી મારે આ પૂણ્યકાર્યમાં આપવી છે."

"તમારી પાસે ગુજારા માટે પૂરતું છે કે નહિ?"

"મારી પાસે બીજા પાંચ વીઘા છે, પણ જરૂર પડે તો હું તે પણ આપી દઈશ."

વિનોબાએ એની ઇચ્છા મુજબ એની પાસેથી ૬ વીઘાનું દાનપત્ર લેવાની પરવાનગી આપી,

આ બધાં છે **માનવતાને** મળતા માનવ હૃદયના જવાબો. આવા તો અનેક પૂણ્યપ્રસંગો બનતા જાય છે અને ભૂમિદાન યજ્ઞથી હવા પવિત્ર થતી જાય છે.

## લોકોમાં માનવતા ભારોભાર ભરેલી છે.

વિનોબા તો માનવતાના સાગર છે. પણ મારા જેવો નાનો માણસ—હું જ્યાં જ્યાં જાઉં છું અને વિનોબાના ભૂમિદાન યજ્ઞની વાતો કહું છું ત્યાં પણ મને એક જ અનુભવ થાય છે કે લોકોમાં માનવતા ભારોભાર ભરેલી છે. એને જગાડનારની જરૂર છે. જગાડનાર આવે છે ત્યારે એ જાગે છે અને લોકો હોંશે હોંશે આવા યજ્ઞકાર્યમાં એમનો હિસ્સો આપે છે, એ કાર્યમાં વિવિધ પ્રકારનો સાથ સહકાર આપે છે.

જેમની પાસે જમીન નથી એ જમીન ખરીદીને આપે છે કોઇ નવા ખેડૂતના ખેતરમાં કૂવો કરાવી આપે છે. કોઇ ખેડૂતને પગભર કરવા બળદની જોડ આપે છે. આવા સેંકડો કુવા કરાવી આપવાના અને હજારો જોડ બળદ આપવાના સંકલ્પો થયા છે. જેમની પાસે પૈસા નથી એ નવી જમીન ખેડી કે ખોદી આપે છે. વિદ્યાર્થીઓ શરીરશ્રમ કરીને ભૂમિદાન અંગેની પત્રિકા છપાવવાનું ખર્ચ આપે છે. કોઈ નકલો કરી આપે છે તો કોઈ ફેરા ફાંટા ખાય છે. જેમનાથી જે થઇ શકે એ કરે છે. મને તો એમ જ લાગે છે કે વિનોબાએ આ ભૂમિદાન યજ્ઞ મારફત ભારતમાં માનવતાને ફરી સજાગ કરવાનું બીડું ઝડપ્યું છે.

## માનવતાને રસ્તે જ કામ અને રોટલો બધાને મળશે.

એ માનવતા જાગી ગઇ પછી એક બેઠો બેઠો જમ્યા કરે અને બીજા ભૂખથી ઝૂર્યા કરે એવા દિવસો રહેવાના નથી. સુખ, સંતોષ કે શાંતિ કાંઇ કેવળ વિપુલ ઉત્પાદનમાં નથી. ઉત્પાદન કર્યું, પણ એનો કબજો થોડા માણસોના હાથમાં રહે, જ્યાં ત્યાં ખાઉં ખાઉં અને લઉં લઉંની વૃત્તિ પડી હોય ત્યાં સુખશાંતિ કે સંતોષ કયાંથી આવે? જ્યાં એક રોટલામાંથી અડધો વહેંચીને ખાવાની વૃત્તિ છે, ત્યાં હું પણ જીવું, બીજા જીવે, મારા કરતાં પહેલાં બીજા જીવે એવો ભાવ પણ જાગે. ત્યાં સુખશાંતિ અને સંતોષ આવે. સોદામાં હજારોના નફા કરનારા પણ તાણ અને અસંતોષ ભોગવતા કયાં જોવા નથી મળતા? આઠ આનાની રોજી રળીને રોટલો ખાતા અને એમાંથી પણ પ્રેમપૂર્વક બીજાને ટૂકડો વહેંચતા કયાં જોવા નથી મળતા?

આપણા દેશનો પ્રશ્ન વધુ ઉત્પાદનનો છે એના કરતાં કામ અને રોટલો મેળવી આપવાનો છે એમ કહેવું વધારે યોગ્ય થઇ પડશે. બધાને કામ આપવું હોય અને રોટલો આપવો હોય તો જમીનની વહેંચણી કરવી અને ગ્રામ ઉદ્યોગોને સંરક્ષણ આપવું એ એના અનિવાર્ય અંગો થઇ પડે છે.

## ચાલો, આ યજ્ઞમાં ફાળો આપીએ!

થોડાને નહિ પણ બધાને આ કામ અને રોટલો આપવા માટે વિનોબાએ આ યજ્ઞ શરૂ કર્યો છે. આ ભૂમિદાન યજ્ઞથી એની ભૂમિકા તૈયાર થઇ રહી છે. એ માટેની અનુકૂળ હવા તૈયાર થઇ રહી છે, પ્રજા મોટા ઠાઠ ઠઠારા અને એકહથ્થુ કારખાના કે વહીવટી ભીંસથી ગુંગળાઇ રહી છે. હજુ એની ગતિ તો ગતિમાન ચક્ર માફક ભભકા અને એશઆરામ તરફ જ દેખાય છે. પણ એ ગતિમાન ચક્રના દાંતા એને કેવા ચગદી રહ્યા છે એનું એને ભાન થઇ ગયું છે. એમાંથી છૂટવા અને સાદાઈ તથા શાંતિ તરફ વળવા એ તલપાપડ થઇ રહી છે.

વિનોબાએ ઝેક આપી છે, નવા સમાજની રચનાનું દર્શન આપ્યું છે. એમાં સ્વાવલંબન છે. અને સહકાર પણ છે; એમાં સાદાઇ છે અને વિજ્ઞાન પણ છે; એમાં વિકેન્દ્રિત ખેતી અને ગ્રામઉદ્યોગો પણ છે. એ બધાના મૂળમાં છે સર્વનો ઉદય કરનારી માનવતા. ચાલો આપણે પણ એ માનવતા ફેલાવનારા યજ્ઞમાં આપણો ફાળો આપીએ!

('પજાબંધુ'માંથી સાભાર ઉધ્ધૃત) **બબલભાઈ મહેતા**

# સંઘની પ્રવૃત્તિઓને મળેલું આર્થિક સીંચન

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચાલતી વિવિધ પ્રવૃત્તિઓને પર્યુષણ દરમિયાન મળેલી આર્થિક મદદની યાદી નીચે આપવામાં આવી છે. આ રીતે મદદ આપનાર ભાઈ-બહેનોનો આભાર માનવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

**શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય તથા શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને મળેલી મદદ**

૨૦૦ શ્રી. ચીમનલાલ પી. શાહ
૨૦૦ ,, દીપચંદ એન્ડ કુ.
૧૦૦ ,, રમણિક જોશી
૧૦૦ ,, સાકળચંદ જી. શાહ
૧૦૦ ,, હેમચંદ ચત્રભુજ
૧૦૦ ,, કબીબહેન રાયચંદ પીતાંબર
૧૦૦ ,, કાંતિલાલ નથુભાઈ પારેખ
૧૦૦ ,, તારાબહેન ચંદુલાલ ઝવેરી
૧૦૧ ,, ચંપકલાલ ચુનીલાલ દાદભાવાળા
૫૧ ,, ચંદનબહેન ડાહ્યાભાઇ
૫૦ ,, ભોગીલાલ મોહનલાલ ઝવેરી
૫૦ ,, ઇન્દુમતિબહેન હીરાલાલ શાહ
૫૦ ,, મોંઘીબહેન હીરાલાલ શાહ
૫૦ ,, સ્વરૂપચંદ એન. શ્રોફ
૫૦ ,, જગન્નાથ પ્રભુદાસ પારેખ
૫૦ ,, પ્રાગજીભાઇ હીરાચંદ
૫૦ ,, ખીમજી માંડણ ભુજપરિયા
૫૦ ,, લીલાધર પાસુ શાહ
૫૦ ,, સુરજબહેન કોઠારી
૨૫ ,, જયંતિલાલ રવજીભાઇ
૨૫ ,, દીપચંદ કેશરીમલ
૨૫ ,, મંગળદાસ ગોપાળદાસ પારેખ
૨૫ ,, જયાનંદ નરસીદાસ ખીરા
૨૫ ,, જયંત એમ. પટણી
૨૫ ,, રાયચંદ હીરાચંદ ઝવેરી
૨૫ ,, દલપતલાલ કેશવલાલ પરીખ
૨૫ ,, કેમળાબહેન છોટાલાલ ઝવેરી
૨૫ ,, લવંગપ્રસાદ ફુલચંદ શાહ
૨૫ ,, માનબાઈ પદમશી
૨૫ ,, પૂર્ણિમા પકવાસા
૨૫ ,, મણિબહેન સવચંદ કાપડિયા
૨૫ ,, કુબહેન કુંવરજી શાહ
૨૫ ,, મહાસુખભાઇ ભાયચંદ
૨૫ ,, ચુનીલાલ કલ્યાણજી કામદાર
૨૫ ,, કાંતિલાલ હરખચંદ
૨૫ ,, હીમતલાલ મણિયાર
૨૫ ,, કચ્છી વીશા ઓસવાળ પ્રીં. પ્રેસ
૨૫ ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
૨૫ ,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ
૨૫ ,, સાકરચંદ દેવસી શેઠ
૨૫ ,, ભીખાલાલ વ્રજલાલ
૨૫ ,, ખેતસી માલસી સાવલા
૨૫ ,, ભોગીલાલ સુખલાલ શ્રોફ
૨૫ ,, ધનજી ભોજરાજની કું.
૨૫ ,, દેવસી ખેતસી
૨૫ ,, ખીમજી વેલજી
૨૫ ,, કંચનલાલ લાલુભાઈ તલસાણિયા
૨૫ ,, પી. રતીલાલની કું.
૨૫ ,, લખમસી લધાની કું.
૨૫ ,, મણિબહેન શીવલાલ
૨૫ ,, કુસુમબહેન ચંદુલાલ
૨૫ ,, ભોગીલાલ કુબેરદાસ
૨૫ ,, જમકુબહેન ભવાનજી
૨૫ ,, મનુભાઇ ગુલાબચંદ કાપડિયા
૨૫ ,, મોહનલાલ નગીનદાસ જરીવાલા
૨૫ ,, ચીમનલાલ ચકુભાઇ શાહ
૨૫ ડૉ. ચીમનલાલ શ્રોફ
૨૧ ,, મફતલાલ ભીખાચંદ
૧૧ શ્રી. હસુમતિબહેન રમણલાલ શાહ
૧૧ ,, અંબાલાલ ચત્રભુજ શાહ
૧૦ ,, જગન્નાથજીના પત્નિ તરફથી હા. ચંચળબહેન શાહ
૧૦ ,, દીનકરલાલ લક્ષ્મીચંદ કોઠારી
૫ ,, જેઠાલાલ પાશવીર લાલન
૫ ,, પુરૂષોત્તમ કાનજી (કાકુભાઇ)
૫ ,, વીણાબહેન
૧ ,, ચંપકલાલ ચુનિલાલ દાદભાવાળા
૧ ,, નાનાભાઈ ભટ્ટ
૧ ,, પી. ટી. મોદી
૧ ,, રમણિક જોષી
૭૫૭॥ એકંદર ઝોળીમાં આવ્યા.

૨૫૨૬

૧૨૫૩॥

**મુંબઈ જૈન યુવક સંઘ**

૨૦૦ શ્રી. અમૃતલાલ જેઠાલાલ શાહ
૧૫૦ ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
૧૦૦ ,, એક શુભેચ્છક તરફથી
૨૫ ,, એક શુભેચ્છક તરફથી
૨૫ ,, લીલાધર પી. શાહ

**પર્યુષણ વ્યાખ્યાનમાળા**

૧૦૦ એક શુભેચ્છક તરફથી
૧૦૦ શ્રી. રમણલાલ લાલભાઇ શેઠ
૧૦૦ ,, ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૧૦૦ ,, કાંતિલાલ નથુભાઇ પારેખ
૫૦ ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૫ ,, કાંતાબહેન કસ્તુરચંદ ઝવેરી
૨૫ ,, પાસુભાઈ ખીયસી ફુરીયા
૧૫ ,, હીરાલાલ લાલચંદ તલસાણિયા
૧૫ ,, મયાકુંવરબહેન મોહનલાલ
૧૧ ,, મંગળદાસ નાગરદાસ તલસાણિયા
૧૧ એક બહેન તરફથી
૧૦ શ્રી. રતનશી મોનજીની કું.

૫૬૨

**વૈદકીય રાહત**

૨૫ પંડિત સુખલાલજી માર્ફત
૨૫ શ્રી. ખુશાલચંદ કેશવજી સંઘવી.

૫૦

## મુનિ જિનવિજયજીને અભિનંદન

ગુજરાતના ઇતિહાસના ગહન અભ્યાસી અને જૈન પ્રાચીન સાહિત્યના પ્રમાણભૂત સંશોધક મુનિ શ્રી જિનવિજયજીનું નામ તેમણે આજ સુધીમાં કરેલી અનેકવિધ સાહિત્યસેવાના કારણે વિદ્વાનોની દુનિયામાં ખૂબ જાણીતું છે. તેમના સંબંધમાં જણાવતાં આનંદ થાય છે કે જર્મનીમાં 'જર્મન ઓરીએન્ટલ સોસાયટી' નામની પૌર્વાત્ય વિષયોમાં રસ ધરાવતા વિદ્વાનોની અને પંડિતોની એક આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી સંસ્થા છે. જૈન ધર્મસાહિત્યના સુવિખ્યાત જાણકાર હર્મન જેકોબી એ સંસ્થા સાથે જોડાયેલા હતા. આ સંસ્થાએ મુનિ જિન-જિનવિજયજીને પોતાના એક 'ઓનરરી મેંબર'—માનદ સભ્ય—તરીકે નીમ્યા છે અને આ રીતે તેમના અસાધારણ પાંડિત્યની કદર કરી છે. આવી સંસ્થાના માનદ સભ્ય બનવાનું માન દુનિયાની બહુ જ ઓછી વ્યકિતઓને મળ્યું છે. આપણી બાજુએ સ્વ. ડૉ. રામકૃષ્ણ ભાંડારકરને આ માન મળ્યું હતું. ત્યાર પછી અન્ય કોઈ હિંદીને આવું માન મળ્યું હોય તો તે જાણમાં નથી. મુનિ જિનવિજયજીને આવું માન મળવા બદલ માત્ર જૈન સમાજના જ નહિ પણ ગુજરાત તેમ જ રાજસ્થાનના વિદ્વદ્વર્ગના અભિનંદન ઘટે છે. આજે પણ શરીર ઉપર જ્યારે વૃધ્ધાવસ્થાની જર્જરિતતા જામતી જાય છે અને આંખો પાસેથી કામ લેવાનું મુશ્કેલ બનતું જાય છે ત્યારે પણ તેમનું સંશોધનકાર્ય એકસરખું ચાલુ જ હોય છે. મુંબઇ ખાતે ભારતીય વિદ્યાભવનના તેઓ ડીરેકટર છે અને તે સંસ્થા દ્વારા પ્રગટ થતી સીંધી સીરીઝના પુસ્તકપ્રકાશનની જવાબદારી હજુ માત્ર તેઓ જ વહન કરી રહ્યા છે. રાજસ્થાનમાં પણ પુરાતત્ત્વ સંશોધન ખાતાના તેઓ 'ડીરેકટર' છે અપૂર્વ વિદ્યાવ્યાસંગ, અદ્ભુત સંશોધન પરિણિત અનવરત સાહિત્ય ઉદ્યોગ—આ તેમની વિશેષતાઓ દ્વારા તેમણે સિદ્ધસેન દીવાકર, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, યશોવિજયજી ઉપાધ્યાય જેવા પૂર્વકાળમાં થઇ ગયેલા જૈન પંડિતોએ નિર્માણ કરેલી પરંપરાને પોતાના જીવનમાં મૂર્તિમન્ત કરી બતાવી છે અને એ રીતે તેમણે જૈન સમાજને ગૌરવાન્વિત કર્યો છે. આપણાં તેમને સાદર નમન હો! **પરમાનંદ**

**વિષયસૂચિ**


| | | પૃષ્ઠ |
|---|---|---|
| નમઃ શાન્તાય તેજસે! | પરમાનંદ | ૭૮ |
| ગુજરાતમાં ભૂમિદાનયજ્ઞ સમારંભ | પરમાનંદ | ૮૦ |
| સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ | પંડિત સુખલાલજી | ૮૧ |
| માનવતાને જગાડતી ભુમિદાનયજ્ઞની પુણ્યપ્રવૃત્તિ | બબલભાઇ મહેતા | ૮૪ |
| સ્વ. મણિલાલ મોકમચંદ શાહ સ્મૃતિફંડ | | ૮૫ |
| સંઘની પ્રવૃત્તિને મળેલું આર્થિક સીંચન | | ૮૬ |
| મુનિ જિનવિજયજીને અભિનંદન | પરમાનંદ | ૮૬ |


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ. મુંબઈ, ૩
મુદ્રણસ્થાન; શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કસ, ૪૫—૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ ૩

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪ અંક : ૧૧ | મુંબઇ : ૧ અકટોબર ૧૯૫૨, બુધવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

### સ્વ. કિશોરલાલભાઇને

## શ્રી વિનોબાજી ભાવેની અશ્રુ સારતી ભાવાંજલિ

(તા. ૯-૯-૫૨ ના રોજ સાંજના ૫-૪૫ વાગ્યે શ્રી કિશોરલાલભાઇનું વર્ધા ખાતે અવસાન થયું. આ દુર્ઘટનાની તે વખતે કાશી નિવાસ કરી રહેલા શ્રી વિનોબા ભાવેને રાત્રીના સમયે ખબર આપવામાં આવી. આ સાંભળીને તેમના મન ઉપર જે અસર થઇ અને તે પ્રસંગે પોતાના સાથીઓ સમક્ષ તેમણે જે હૃદયસ્પર્શી ઉદ્દ્ગારો કાઢયા તેનો યથાસ્વરૂપે ખ્યાલ આપતું શ્રી નારાયણ દેસાઇ અને પ્રબોધ ચોકસીનું સંયુકત નિવેદન તા. ૧૬-૯-૫૨ ના જન્મભૂમિમાંથી સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી)

સૌમ્ય શાંત યોગી વિનોબા એમના નિત્યક્રમ મુજબ કાશી વિદ્યાપીઠના એમના મુકામે નિદ્રાધીન થયા ન થયા, ત્યાં વર્ધાથી શોક સમાચારનો તાર આવ્યો. સાથીઓએ તેમને જગાડીને સમાચાર આપ્યા કે કિશોરલાલભાઈ દેહ છોડી ગયા. દ્રાવક વેદના અને અક્ષુણ્ણ શાંતિની સંધિ વ્યકત કરતી મુદ્રા સાથે સંત વિનોબા કપાળ પર હાથ મૂકી સૂતાં સૂતાં જ પોતાના અંતરમાં ઊંડા ઊતરી ગયા. બે પાંચ મિનિટ પછી મૌન ભંગ કરી વિગતો પૂછી. ફરી મૌનમાં ગરકાવ થઇ ગયા. પ્રાર્થના કરવાનું સૂચન સ્વીકારી બેઠા થઇ એમણે પ્રાર્થના શરૂ કરી. મંદ, ઘેરાયેલા અને ત્રુટક કંઠે એમના હૈયામાંથી મંત્રધારા ફૂટવા લાગી. ગીતાના બારમા અધ્યાયના છેલ્લા શ્લોકો તથા વેદો અને ઉપનિષદોમાંથી આત્મા તથા દેહના, તત્ત્વજ્ઞાન વિષેના મંત્રો જેમ જેમ હૈયે સ્ફુરતા ગયા તેમ તેમ બોલતા ગયા. આ પવિત્ર ગિરાની સુધાવર્ષામાં શોકને શમાવતા સાથીઓ ચુપચાપ ચારે બાજુ ભેળા થઇ ગયા હતા. મંત્રો પૂરા થયા અને સંતે પોતાના મનોભાવો શબ્દોમાં વ્યક્ત કરવા માંડયા. પ્રવચન દરમ્યાન વખતોવખત એમનો કંઠ રૂંધાઇ જતો, આંખોમાં જળ ઊભરાતાં અને બીજી બાજુ દેહની અનિત્યતા અને આત્માની નિત્યતાના જ્ઞાનની સ્વસ્થતા એમના હૃદયમાંથી ઝરતી ચોમેર પ્રસરતી હતી. ફૂલ સમું કુમળું અને વજ્ર સમું કઠોર ભારતીય સંસ્કૃતિનું આદર્શ સંતહૃદય આવી પળે આવી અદ્દ્ભુત આકૃતિ પામતું જોઇ આ શોકઘટનામાં પણ ધન્યતા અનુભવતું હતું.

સ્વ. કિશોરલાલભાઇ શ્રી. ગોમતીબહેન સાથે



જન્મ તા. ૬-૧૦-૧૮૯૦ દેહાન્ત તા. ૯-૯-૧૯૫૨

વિનોબાજીએ કહ્યું: "કેટલાક દિવસોથી કિશોરલાલભાઈને બહુ તકલીફ રહેતી હતી. આમ તો લગભગ પચીસ વર્ષથી એમની બિમારીની હાટમાળ ચાલ્યા કરતી હતી. પણ છેલ્લા બે ત્રણ માસથી એમની તકલીફની હદ આવી ગઇ હતી. એમણે 'હરિજન' પત્રોની જવાબદારીમાંથી છૂટા થવા ઇચ્છયું હતું. એમને મુક્ત કરવાનો વિચાર પણ ચાલતો હતો. પરંતુ પરમેશ્વરે જ એમને છોડાવ્યા. હું તો પરમેશ્વરનો ઉપકાર માનું છું. છેલ્લા થોડા વખત દરમ્યાન એમની સાથે મારો સાધારણ પત્રવ્યવહાર ચાલતો હતો. ગયે મહિને એક બે કાગળોમાં, અંતકાળની સ્થિતિ કેવી હોય, બ્રહ્મનિષ્ટ પુરૂષની વ્યાખ્યા શી વગેરે ચર્ચા તેઓ કરતા હતા. એમના છેલ્લા કાગળમાં એમણે લખ્યું હતું કે 'આજકાલ મારા મનમાં આમ જ વિચારો ઘોળાયા કરે છે.' આમ તો નજીકના ભવિષ્યમાં મૃત્યુના ચિન્હ નહોતા જણાતાં, પરંતુ કિશોરલાલભાઈએ એમના મનની ઉત્તમ તૈયારી કરી લીધી હતી તે આ પત્રવ્યવહારથી સ્પષ્ટ દેખાય છે. તેઓ ગફલતમાં નહિ, પણ છેવટની ઘડી સુધી કર્તવ્ય બજાવતા બજાવતા ગયા. મને સજ્જનો અને સત્પુરુષોની સંગતિનું સૌભાગ્ય ઘણું મળ્યું છે. પરંતુ મેં એવો બીજો એક પણ માણસ નથી જોયો કે જેને રોજ આટલું તીવ્ર કષ્ટ સહન કરવું પડયું હોય. એમના દમના ઉથલાથી લોકો ગભરાઇ જતા, પણ તેઓ તો રાતની રાત રોગ સાથે યુદ્ધ કરતા રહેતા અને ઉથલો શમે કે તરત હસતા દેખાતા. આ એક અજબ દૃશ્ય જોવા મળતું. શરીરને તેઓ પોતાથી સાવ અલગ જાણતા હતા. સાર્વજનિક સેવક તરીકે—સંપાદક તરીકે—વખત આવે ઘણા વિષે ટીકા પણ કરતા, પરન્તુ જો ભૂલ માલમ પડે તો તરત તે ક્ષમા માગી લેતા. પૂર્ણ નિર્વૈર પુરૂષનો નમુનો જો મને કયાંયે જોવા મળ્યો હોય તો તે કિશોરલાલભાઇમાં. સ્પષ્ટવાદી અને સ્વતંત્ર વિચારક તેઓ હતા. બાપુની સાથે રહેતાં, પણ જો કાંઇ મતભેદ પડે તો તેઓ જણાવી પણ દેતા. જે એમને લાગતું તે સ્પષ્ટ કહી પણ દેતા, સંકોચ નહોતો થતો; પરંતુ મનમાં બધા માટે વિશુદ્ધ અને નિરતિશય સ્નેહ ધરાવતા." (આ વખતે વિનોબાજી ખૂબ વખત સુધી ચુપ થઇ ગયા અને એમની આંખોમાંથી પાણી ટપકવા લાગ્યું.)

થોડીક વારે સ્વસ્થ થઇને વળી તેઓ બોલવા લાગ્યા: "જ્ઞાની પુરૂષના આદર્શમાં એમ મનાયું છે કે સત્ત્વગુણથી પણ પર થયેલો

જ્ઞાનીપુરૂષ આરોગ્યવાન હોય છે. બાપુએ પણ એમ જ કહેલું, અને મને પણ તેવું લાગતું હતું. પરંતુ કિશોરલાલભાઇનો જ દાખલો જોઇએ તો એ કબુલવું પડશે કે એવા પણ જ્ઞાનીઓ હોય છે કે જે શરીરને પોતાનાથી ભિન્ન, કપડાની જેમ, અલગ તરીકે પીછાણે છે. પરિપૂર્ણ જ્ઞાનીપણાનું આરોપણ તો કોના પર કરી શકીએ? એમનો એવો દાવો પણ નહોતો. તેઓ તો પરમ નમ્ર હતા. નમ્રતાનો ઘણો મોટો ગુણ તેમનામાં હતો. તેમ છતાં મારા મનમાં તેમના પ્રત્યે જે ભાવ હતો તેને વિશે વિચારૂં છું ત્યારે જણાય છે કે એક આત્મજ્ઞાની પુરૂષને માટે જે હોવું ઘટે તેવું તેમનામાં હતું. મેં હમણાં જે મંત્ર કહ્યો કે तस्मात् आत्मज्ञं ही अर्चयेत् भूतिकामः તે મુજબ જેવા આત્મજ્ઞાનીની ઉપાસના કરીએ તેવા તેઓ હતા. તેવા તે મને શરીરના વ્યાધિનું દુઃખ જ નથી લાગ્યું. ......મને આશા છે કે એમના દિલમાં જે સ્નેહ અને સૌહાર્દ હતું તેનો હિસ્સો આપણને મળી જાય.

"અહીં મારા જે વ્યાખ્યાન વગેરે થાય છે તેનો સારાંશ તયાર કરીને તેઓને મોકલવામાં આવતો. હું તે લખાણો જોતો પણ નહોતો અને મેં કહી દીધેલું કે કિશોરલાલભાઇ કોઇ પણ જગ્યાએ કોઇ પણ સુધારો કે ફેરફાર કરવાનું ઉચિત માને તે કરી શકે છે. વિચારની દૃષ્ટિએ આટલી શ્રધ્ધા હું કોના પર રાખી શકીશ તે મારી સમજમાં નથી આવતું. ઇશ્વર એમને લઇ ગયો તે તો સારૂં જ થયું પણ હવે એમના પાછળ આપણે જેઓ રહ્યા છીએ તેમણે કિશોરલાલભાઇનું ઉદાહરણ નજર સામે રાખીને નિરંતર ભગવાનની સેવામાં મગ્ન રહેવું જોઇએ. બાપુની નજર સામે એમના બે ભક્તો મહાદેવભાઇ તથા જમનાલાલજી ચાલ્યા ગયા."

અહીં ફરી વિનોબાજીનું હૃદય ભરાઈ આવ્યું અને ત્રુટક અવાજે બોલ્યાઃ "હવે આ પણ ગયા." ફરી લાગણીને દબાવતાં થોડો વખત ચુપ રહ્યા. અને પાછા બોલવા લાગ્યા.

"ભૂદાન યજ્ઞના કામની સાથે વધુમાં વધુ કોઇ એકરૂપ થયું હોય તો તે કિશોરલાલભાઇ. મને તો તેઓ વર્ધામાં રહેતા છતાં તેમની હસ્તી જ અહીં બળ આપતી. એ બળ મેં ગુમાવ્યું નથી. એ તો મળતું જ રહેશે. મેં કિશોરલાલભાઇને વિષે રાધાકૃષ્ણ બજાજને લખ્યું હતું કે તેઓ કાંઇ કરી નથી શકતા તો યે આટલું બધું કરે છે. ગીતામાં અકર્મમાં કર્મની વાત કહી છે. કિશોરલાલભાઇ એનું ઉદાહરણ હતા. બાપુએ કર્મમાં અકર્મભાવ દેખાડયો, તેથી બરાબર ઊલટું ઉદાહરણ કિશોરલાલભાઇએ રજૂ કર્યું. જો કે તેઓ કાંઈ કર્મશૂન્ય નહોતા. લખવું વાંચવું, ચર્ચા વગેરે કરવી, પણ તેઓ આંદોલનોમાં આગળ નહોતા પડી શકતા. તેવું તેમનુ શરીર નહોતું. તેમના આ અકર્મમાં પણ મહાન કર્મ હતું. એમના રોગથી જર્જર દેહમાં મહાન યોગી જેવું સ્વરૂપ મોજૂદ હતું. પોતાના સિદ્ધાંત પર તેઓ અચળ રહેતા હતા. આસપાસના તુચ્છમાં તુચ્છ સેવકની સાથે પણ હમદર્દી અને એકતાનો અનુભવ કેવી રીતે કરી શકાય તેનો જ્યારે હું વિચાર કરૂં છું ત્યારે તેઓ મારી સામે મૂર્તિમંત ખડા થઈ જાય છે.

"આજે સવારે હું સારનાથ જતો હતો, ત્યારે રસ્તામાં એક શબ જતું જોયું. ડાઘુઓ બોલતા હતા. "રામનામ સત્ય છે" ભગવાન બુધ્ધે તો શીખવ્યું છે કે ભોજન માટે પણ સ્મશાનમાં બેસવું. એક બાજુ લાશ બળતી હોય, આજુબાજુ જમણ ચાલતું હોય. બુદ્ધનું તાત્પર્ય એ હતું કે મૃત્યુને સામે રાખીને જીવીએ, મૃત્યુથી ડરીએ નહી. મૃત્યુ તો સંભારી આપે છે કે આપણે ધર્મશાળામાં પડયા છીએ. નિરંતર મૃત્યુને નજર સામે રાખી અત્યંત નિર્ભય રીતે કિશોરલાલભાઇ જીવન જીવી ગયા.

"મહાપુરુષોના તુલનાથી તેમના ચરિત્ર પર વધુ પ્રકાશ પડે છે તેવું નથી, છતાં કિશોરલાલભાઇમાં કેટલીક શક્તિઓ બાપુથી પણ ચઢે તેવી હતી. એમના બધા વિચારોમાં ઊંડા તત્ત્વજ્ઞાનની બેસણી હતી, તેઓ પ્રત્યક્ષ આંદોલનમાં નહોતા પડી શકતા, સાક્ષીરૂપે જોતા, વિચારતા, તેથી કેટલીક બાબતમાં એમનું દર્શન વધુ સાચું નીવડતું.

"કિશોરલાલભાઇ મહાન સાધક, બ્રહ્મનિષ્ટ અને ઇશ્વરપરાયણ પુરુષ હતા. એમના મૃત્યુનો પ્રસંગ પણ એટલો જ પવિત્ર છે.

"આજે સવારે સારનાથથી આવ્યો ત્યારે જ હું બુદ્ધનું સ્મરણ કરતો હતો. અત્યારે આ સમાચાર આવ્યા. કેટલીક વાર આપણને નજીકના લોકોની યોગ્યતાનું ભાન નથી થતું, પણ મારે કહેવું જોઈએ કે કિશોરલાલભાઈ બુદ્ધની કોટિના હતા."

# પ્રકીર્ણ નોંધ

## હિંસા–અહિંસા વિચાર અને અદ્યતન પરિસ્થિતિ

(તા. ૧–૯–૫૨ના પ્રબુદ્ધ જૈનમાં આ વિષયને લગતો કિશોરલાલભાઇનો પત્ર અને પ્રશ્નોત્તરીના અનુસંધાનમાં તૈયાર કરવામાં આવેલી અને જગ્યાના અભાવે તે અંકમાં પ્રગટ થઈ નહિ શકેલી નોંધ.)

આજ સુધી આપણે હિંસા–અહિંસાનો વિચાર કેવળ વ્યક્તિગત દૃષ્ટિએ કરતા આવ્યા છીએ. આપણે પોતાના જીવનને ક્રમશઃ કેમ વધારે ને વધારે અહિંસાપરાયણ બનાવીએ એ રીતે આપણે આપણો પોતાનો આચાર ઘડતા અને એ જ પ્રમાણે અન્ય જે કોઈ સમીપ આવે તેને તે દિશાએ વાળવા પ્રયત્ન કરતા. આજે દેશમાં આઝાદી આવ્યા પછી દેશના સમગ્ર જીવનના આપણે અનુશાસક છીએ એ ભાન ઉગવા સાથે આપણામાંના કેટલાકના દિલમાં એવી મહેચ્છા જાગી છે કે હવે આ તો આપણું રાજ્ય થયું એટલે આપણી પોતાની જે કાંઇ ભાવના હોય તે મુજબ આપણે આપણા દેશનું ભાવી ઘડી શકીએ છીએ. આ રીતે દેશમાં ચાલતા કતલખાનાં બંધ થાય, ગૌવધ અટકે, નિરામિષ આહાર સૌ કોઈ સ્વીકારે, દેશમાં ચાલતી એક યા બીજા પ્રકારની હિંસા અટકે–આવાં સ્વપ્નાઓ આપણામાંના કેટલાએક લોકો સેવી રહ્યા છે. પણ બીજી બાજુએ આજની વાસ્તવિક પરિસ્થિતિનો પુરો ખ્યાલ કરતાં માલુમ પડે છે કે આપણો અંગત જીવન આદર્શ અને તદનુરૂપ આચાર–એના એ એકાન્તિક આકારમાં–આપણે ભિન્ન ભિન્ન રૂચિ, આદત તેમ જ આચાર ધરાવતી સમગ્ર પ્રજા ઉપર લાદી શકતા નથી. પ્રજાએ કે રાજ્ય કરતી સંસ્થાએ આમ કરવું જોઇએ કે આમ ન કરવું જોઇએ એમ કહેવા પહેલાં આખા દેશની આજની વસ્તુસ્થિતિ–પ્રજાના જુદા જુદા વિભાગોની ખાસિયતો અને જરૂરિયાતો, પ્રજામાનસની અહિંસા–ક્ષમતા વગેરે અનેક બાબતો ધ્યાનમાં લેવાની રહે છે અને એ રીતે આપણા અંગત જીવનના વિધિનિષેધો સામુદાયિક દૃષ્ટિએ હળવા કર્યા સિવાય ચાલે તેમ નથી. તા. ૧–૯–૫૨ ના અંકમાં પ્રગટ કરવામાં આવેલી આ વિષયને લગતી આલોચના આ રીતે જોવી વિચારવી ઘટે છે. દાખલા તરીકે ખેતરમાં ઉગેલા પાકને બચાવવા માટે અથવા તો લોકોને અનુભવવા પડતા બીજા કોઈ પણ ઉપદ્રવ, ત્રાસ કે દુઃસહ હાડમારી ટાળવા માટે એક પણ પ્રાણીની હિંસા કરવામાં આવે છે તો આપણને સખ્ત આઘાત લાગે છે અને તે સામે આપણું દિલ પોકારી ઉઠે છે. આ આપણો જન્મજાત સંસ્કાર છે. પણ આજની અનાજતંગીમાં આપણે એમ કહી શકતા નથી કે પ્રજા આખીનું ગમે તે થાઓ–આ તો કોઈ કાળે બની નહિ જ શકે અથવા તો આપણું અહિંસાપ્રણુત ચિત્ત એમ કહે તો પણ પ્રજાને પોતાનું બચાવવા માટે જે કાંઇ સુઝે તે કરતાં તેને આપણે વારી શકતા નથી કે તે દિશાએ પ્રજાને મદદરૂપ થવાને ઉદ્યુક્ત થયેલી સરકારને આપણે અટકાવી શકતા નથી. આવી પરિસ્થિતિ વચ્ચે એક તો આજની તંગી હળવી બને અને બીજું અદ્યતન હિંસાપ્રચુર પ્રજામાનસને આપણે ચાલુ સમજાવટથી પ્રચારથી અહિંસા તરફ વાળીએ તો જ આજે વ્યાપક

બનેલી હિંસાને અટકાવી શકીએ અને સરકાર ઉપર પણ એ મુજબનું દબાણ લાવી શકીએ.

આ ચર્ચાના અનુસંધાનમાં એક મિત્રે કહેલો જાતઅનુભવ યાદ આવે છે. તે મિત્ર કેટલાંક વર્ષ પહેલાં વકીલાત કરતા હતા તે દરમિયાન કોઇ એક સમયે તેઓ અદાલતી કામના કારણે એક ગામથી બીજે ગામ ગાડામાં બેસીને જતા હતા. ગાડાની બાજુએ કોઇ એક ગામડિયણ બાઇ પણ તે ગામ તરફ જઇ રહી હતી. રસ્તામાં ચોળીની શીંગોનું ખેતર આવ્યું. બાઇ શીંગો તોડતી જાય અને ખાતી જાય. પેલા વકીલ મિત્રે તે બાઈને કહ્યું કે "બહેન, આપણાથી આમ કોઇના ખેતરમાં ઉગેલી શીંગો તોડીને ન ખવાય." તે બાઇએ તુરત જ જવાબ આપ્યો કે "ના ભાઇ, એવું કશું નથી. આ ખેતરોનું તો એવું છે કે મોર ખાય, ચોર ખાય, પછી રહે તે ખેડુતનું." આ એ સમયની વાત છે કે જ્યારે દેશમાં ધનધાન્યની વિપુલતા હતી અને વાંદરા હરણાં ગમે તેટલું ખાઇ જતા, અને જતા આવતા લોકો થોડું ઘણું ઉપાડી જતા, છતાં ખેડુતનો ખોળો ભરેલો રહેતો અને કોઈ જાનવરને મારવા રંજાડવાની કે કોઇ આદમીને ધમકાવવાની વાત પણ કદિ કોઇના દિલમાં ઉઠતી નહોતી. કમનસીબે આજે એ સ્થિતિ રહી નથી. અનાજની તંગીથી આજે છેલ્લાં પાંચ સાત વર્ષથી દેશ જે રીતે પરેશાન થઇ રહ્યો છે તેવી સ્થિતિ ભાગ્યે જ દેશે ભૂતકાળમાં અનુભવી હશે અને 'બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપમ્?' એવી સામાન્ય જનતાની અને આપણું શાસન કરતી સરકારની મનોદશા પ્રવર્તે છે. આવા વખતમાં આપણી એ જ સતત પ્રાર્થના હો કે પહેલાંની અન્નવિપુલતા જલ્દિથી પાછી આવે કે જેથી કોઇને એક પણ જીવને કે પ્રાણીને તે ખાતર મારવાનો વિચાર સરખો પણ ન આવે અને વિચાર આવે તો પણ તેને આપણે તેમ કરતાં વારી શકીએ, તેના દિલમાં અહિંસા--અનુકંપાની-વૃત્તિ ઉગાડી શકીએ, તેમ જ સરકારને પોતાની નીતિ બદલવાની ફરજ પાડી શકીએ!

## કિશોરલાલભાઇ પછી કોણ?

શ્રી. કિશોરલાલભાઈના અવસાન સમાચાર સાથે સૌના મોઢા ઉપર એક જ પ્રશ્ન રમી રહ્યો હતો કે હવે હરિજનપત્રોનું સંપાદન કોને સોંપવામાં આવશે? પણ તા. ૧૩-૯-૫૨ના હરિજનબંધુ દ્વારા માલુમ પડે છે કે આ બાબતનો નિર્ણય કિશોરલાલભાઇના અવસાન પહેલાં જ લેવાઇ ગયો હતો, અને આગામી ઓકટોબર માસની ૪થી તારીખથી શ્રી કિશોરલાલભાઇ આ જવાબદારીથી નિવૃત્ત થવાના હતા અને તેમનું સ્થાન શ્રી મગનભાઇ દેસાઇ લેવાના હતા. કિશોરલાલભાઇના અવસાન બાદ તુરતમાં જ નવજીવન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સુરત ખાતે મળ્યા હતા અને ઉક્ત નિર્ણયને તેમણે કાયમ રાખ્યો હતો. આ રીતે કિશોરલાલભાઇ પછી કોણ એ પ્રશ્નની વિચારણાને હવે કશો અવકાશ રહેતો નથી. હવે તો હરિજનપત્રો વિષે મમત્વપૂર્વક વિચાર કરતા વર્ગ ઉપર આ નિર્ણયને અંગે શું પ્રત્યાઘાતો પડયા છે તેટલું જ માત્ર વિચારવા-ચર્ચવાનું રહે છે.

શ્રી. કિશોરલાલભાઇએ પોતાના સંપાદનકાળ દરમિયાન કોઈને પોતાનો કે કોઇને પારકો ગણ્યો નહોતો. ગાંધીજી અને કોંગ્રેસ વચ્ચેનો ચિરકાળ પર્યંતનો અનન્ય સંબંધ ધ્યાનમાં લેતાં કોંગ્રેસ પક્ષ અને કોંગ્રેસ સરકાર ઉભય હરિજનપત્રોના દાક્ષિણ્યના અધિકારી લેખાય. એમ છતાં પણ કોંગ્રેસ પક્ષ કે કોંગ્રેસ સરકારની જ્યારે પણ કોઇ ભૂલ કે ગેરવહીવટને લગતી બાબત કિશોરલાલભાઈના ધ્યાન ઉપર આવતી ત્યારે તેની ખબર લેવામાં કિશોરલાલભાઇ કદિ પણ અચકાતા નહિ કે કોઇથી બીતા નહિ. આ રીતે ગાંધીજીએ હરિજનપત્રો વિષે નિડર અને પક્ષભાવથી અલિપ્ત એવા માર્ગદર્શનની જે પરંપરા ઉભી કરી હતી તે પરંપરાને કિશોરલાલભાઇએ સત્ય અને સ્પષ્ટવક્તૃત્વ વડે સર્વાંશે જીવંત રાખી હતી. આ કારણે સરકારી વર્તુળોમાં કિશોરલાલભાઇ સત્તાધીશોની અપ્રીતિના અનેકવાર ભોગ થઇ પડયા હતા એ કોઈ અજાણી વાત નથી. વચગાળે જ્યારે હરિજનપત્રો બંધ કરવાની વાત ચાલતી હતી અને તે માટે એ પત્રોના સંચાલન પાછળ આવતી ખોટને આગળ ધરવામાં આવતી હતી, ત્યારે પણ તે પાછળ ખરી રીતે સત્તાધીશોનો અણગમો એક બળવાન કારણ હતું એવો સંદેશો કાંઇ તદ્દન બીનપાયાદાર નહોતો. હરિજનપત્રોની આ પરંપરા તથાપ્રકારે ચાલુ રાખે એવી કોઈ પ્રતિભાસંપન્ન વ્યકિતને તેનું સંપાદન સોંપવામાં આવે એવી હરિજનપત્રો વિષે ઊંડી મમતા ધરાવતા સૌ કોઇની અપેક્ષા હતી. જે મુંઝવણ અકળામણ રાજકીય વર્તુળોમાં શ્રી કિશોરલાલભાઇ અવારનવાર પેદા કરી રહ્યા હતા તે મુંઝવણ અકળામણ હવે પછી પેદા ન થાય એવી તકેદારીપૂર્વક શ્રી મગનભાઈની પસંદગી કરવામાં આવી હોય એમ માનવાને ચોતરફના સંયોગો ધ્યાનમાં લેતાં મન લલચાય છે અને તેથી જ હરિજનપત્રો સંબંધમાં જે અપેક્ષા રાખવામાં આવે છે તેને શ્રી મગનભાઈ દેસાઇ પહોંચી શકશે કે કેમ એવી આશંકા અન્યનાં ચિત્ત સ્વાભાવિક રીતે અનુભવે છે.

વસ્તુતઃ પોતાને કોણ અનુકુળ છે કે પ્રતિકુળ છે એટલા જ માત્ર ખ્યાલથી આ બાબત ન વિચારતાં વધારે વિશાળ દૃષ્ટિએ આ પ્રશ્નનો જવાબદાર ટ્રસ્ટીઓએ વિચાર કર્યો હોત તો તેમને માલુમ પડ્યું હોત કે આ પત્રોનું સંપાદન એવી વ્યકિતને સોંપવું ઘટે કે જે વ્યક્તિ બહુમુખી પ્રજ્ઞાથી સંપન્ન હોય, જે ગાંધીજીને અનુરૂપ છતાં સ્વતંત્ર જીવનદર્શન ધરાવતી હોય, જે અન્યના અભિપ્રાયોને અને વિચારોને ઝીલવાની પચાવવાની ઉદારતાથી યુક્ત હોય, જેનામાં પ્રજાની તેમજ સરકારની અવકૃપા વહોરવાની હીંમત અને નીડરતા હોય, અને ખાસ કરીને જે સમકક્ષાની અનેક શકિતઓના સહકારને-પોતાની હસ્તકના પત્રોમાં સામગ્રી-વૈવિધ્ય લાવવાના હેતુથી-બહુ મોટા પ્રમાણમાં આકર્ષી શકે તેમ હોય. શ્રી મગનભાઇ વિષે અને તેમની આજ સુધીની અનેકવિધ સેવાઓ વિષે વ્યકિતગત રીતે પુરો સદ્ભાવ તેમ જ આદર હોવા છતાં તેઓ ગાંધીજી કે કિશોરલાલભાઇની મૌલિક પ્રતિભા કે અન્ય સાથીઓનો સહકાર મેળવવાનું સામર્થ્ય ધરાવતા નથી એમ દુઃખ સાથે પણ જણાવવું જ રહ્યું. ગાંધીજીના અન્તેવાસીઓમાં આવી કોઈ વ્યકિત સુલભ નથી એમ નહિ કહી શકાય. વિનોબા ભાવે, કેદારનાથજી, કાકાસાહેબ કાલેલકર, કુમારપ્પા, પ્રમાણમાં અજાણ્યા છતાં અનેક રીતે સુયોગ્ય એવા અપ્પાસાહેબ પટવર્ધન, છેવટે ઘરઆંગણે નરહરિ પરીખ-આમાંથી કોઇને પણ પસંદ કરી શકાયા હોત અને ભાષાવાર પત્રો મુજબ સંપાદનકાર્યની વહેંચણી થઈ શકી હોત. યુવાનોમાંથી ઉમાશંકર જોષી તરફ પણ ટ્રસ્ટીઓ નજર નાંખી શકયા હોત. પણ નવજીવન સંસ્થાના ટ્રસ્ટીઓએ હરિજનપત્રોના સંપાદનકાર્યની જવાબદારી સોંપવાને લગતા પ્રશ્નનો બહુ સાંકડી દૃષ્ટિથી વિચાર કર્યો છે અને જે હરિજનપત્રો વિષે આજે પણ અનેક લોકોનો અથાગ પ્રેમ છે અને જે પત્રો એની એ કક્ષા ઉપર કંઇ કાળ સુધી ચાલ્યા કરે એમ સૌ કોઇ અન્તરના ઊંડાણથી ઇચ્છે છે તે પત્રોના ભાવીને આવી પસંદગીથી ચિન્તાનો વિષય બનાવ્યું છે-આવો અભિપ્રાય આ બાબતમાં રસ ધરાવતા સર્વ વર્તુળોમાં વ્યકત થઇ રહ્યો છે. આ હકીકત નવજીવન સંસ્થાના ટ્રસ્ટીઓ ગંભીરપણે વિચારે અને હરિજનપત્રોના સંપાદકના સ્થાને પુરોગામી યુગપુરુષોની હરોળમાં મૂકી શકાય એવી વ્યકિતની નિયુકિત કરવાનું ધ્યાનમાં લે એવી આપણે હજુ પણ આશા રાખીએ!

## બોંબે પબ્લીક ટ્રસ્ટ એકટ સંબંધે મુંબઇની હાઇકોર્ટનો ચુકાદો

બોંબે પબ્લીક ટ્રસ્ટ એકટના કાયદેસરપણાને પડકાર કરતી એક અરજી જૈન સમાજના નામે શ્રી રતિલાલ પાનાચંદ ગાંધી તરફથી અને બીજી અરજી પારસી કોમના નામે પારસી પંચાયતના ટ્રસ્ટીઓ

તરફથી મુંબઇ હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી અને મુંબઇ હાઇકોર્ટના ચીફ જસ્ટીસ શ્રી ચાગલા અને જસ્ટીસ શ્રી શાહ સમક્ષ એ અરજીઓની સુનાવણી નીકળી હતી. એ અરજીઓમાં કરવામાં આવેલી દલીલો સાંભળ્યા બાદ ચીફ જસ્ટીસે નીચે મુજબ ચુકાદો આપ્યો હતો.

"અરજી કરનાર બન્ને પક્ષોનો આ કાયદા સામે મુખ્ય વાંધો એ છે કે દરેક ધાર્મિક કોમ કે સંપ્રદાયના અનુયાયીઓને ધાર્મિક તેમજ પરોપકારી સંસ્થાઓ ઉભી કરવાનો તેમજ ચલાવવાનો હક્ક છે. આ હક્ક ઉપર પબ્લીક ટ્રસ્ટ એકટ જે નિયંત્રણો મુકે છે તે ગેરવ્યાજબી છે અને રાજ્યબંધારણે ધાર્મિક હકકોને સુરક્ષિત રાખવાની જે બાંહ્યધરી આપી છે તેની તદ્દન વિરૂદ્ધ છે. એ સાથે એમ પણ વાંધો ઉઠાવવામાં આવ્યો છે કે આ ધાર્મિક સંસ્થાઓ ઉપર જે લવાજમ નાંખવામાં આવ્યું છે તે એક પ્રકારનો કરવેરો છે અને આવો કરવેરો નાંખવાનો પ્રાદેશિક ધારાસભાઓને જરા પણ હક્ક નથી."

ત્યારબાદ પોતાના ચુકાદામાં ચીફ જસ્ટીસે ધર્મની બાબતમાં મૂલભૂત હક્કોને લગતી રાજ્યબંધારણની ૨૫ તથા ૨૬ મી કલમોનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે "બંધારણમાં જે ધાર્મિક સ્વાતંત્ર્યની કલ્પના કરવામાં આવી છે તે કોઇ મર્યાદિત સ્વાતંત્ર્ય નથી, પણ એ સ્વાતંત્ર્ય હિંદ એક બીનસંપ્રદાયિક રાજ્ય છે એ ખ્યાલને અનુરૂપ અને એ ધોરણે મર્યાદિત સ્વાતંત્ર્ય સમજવાનું છે. આપણું રાજ્યબંધારણ ધર્મને લગતી દરેક બાબતને રક્ષણ આપતું નથી તેમ જ એમ પણ એમાં જણાવવામાં આવ્યું નથી કે કોઇ પણ ધાર્મિક પ્રવૃત્તિમાં રાજ્ય તરફથી કદિ પણ દખલગીરી કરવામાં નહિ આવે. આ બાબતમાં બંધારણનો બહુ ઝીણવટથી વિચાર કરવો ઘટે છે."

આગળ ચાલતાં ચીફ જસ્ટીસે જણાવ્યું કે "માણસ અને તેનો નિર્માતા ઇશ્વર—ઉભયને જે સાંકળે છે તેનું નામ ધર્મ છે. જૈનો ઇશ્વરકતૃત્વમાં નથી માનતા એ હકીકત ધ્યાનમાં લઇએ તો પણ જે ધર્મ ઇશ્વરકતૃત્વમાં નથી માનતો તે ધર્મે પણ અન્ય ધર્મો માફક અન્તઃકરણના આદેશમાં, નૈતિક યમનિયમમાં માનવું જ રહ્યું. આ તથ્ય સૌ કોઇએ સ્વીકારવું જ રહ્યું. આમ હોવાથી જે તત્વ માનવીને તેના અન્તઃકરણ સાથે બાંધે છે અને જે કોઇ આચારવ્યવહારના યમનિયમો માનવીના જીવનનું નિયમન કરે છે તેજ રાજ્યબંધારણની સમજણ મુજબ 'ધર્મ' છે.

"ધર્મ સાથે અનેક સામાજિક અથવા તો જેને સાંપ્રદાયિક કહી ન શકાય એવી (secular) અનેક પ્રવૃત્તિઓ જોડાયલી હોય છે, પણ આ બધી પ્રવૃત્તિઓનો બંધારણની જે સમજણ છે તે મુજબ ધર્મ શબ્દમાં સમાવેશ થઇ ન જ શકે. માણસ જે કાંઇ કરે છે—પછી તે કપડાંને લગતી બાબત હોય કે ખાનપાનને લગતી હોય—આ બધું ધાર્મિક પ્રવૃત્તિના નામ નીચે આવી શકે છે. પણ એ ઉપરથી એમ કહેવું કે બીનસાંપ્રદાયિક રાજ્યના ધોરણે ઘડાયલા બંધારણ અનુસાર માનવીની દરેક રહેણી કરણી અને પ્રવૃત્તિને ધર્મના નામ નીચે રક્ષણ મળવું જોઇએ—આ કેવળ બેહૂદુ અને અણસમજભરેલું લેખાય.

"બંધારણની ૨૫ મી કલમ વ્યક્તિગત આચરણ પુરતા ધાર્મિક સ્વાતંત્ર્યને રક્ષણ આપે છે. પણ આ હક્કનો પણ—આ સ્વાતંત્ર્યનો પણ—જાહેર સહીસલામતી, નીતિમત્તા અને સામાજિક આરોગ્યની મર્યાદામાં રહીને જ વિચાર કરવાનો રહે છે, અને આર્થિક, નાણાકીય કે રાજકારણી પ્રવૃત્તિઓનું—પછી ભલે તેની સાથે ગમે તેવા ધાર્મિક ખ્યાલો જોડાયેલા હોય તો પણ—નિયમન કરવાની સર્વ સત્તા રાજ્ય ધરાવે છે. દરેક રાજ્યને સામાજિક કલ્યાણ અને આરોગ્ય સંબંધમાં જરૂરી કાયદાઓ ઘડવાનો અધિકાર હોય જ છે—પછી ભલે આવા કાયદાઓ કોઇ પણ ધર્મના કાનુન, માન્યતા, આચાર કે પ્રચારથી તદ્દન પ્રતિકુળ હોય.

"કોઇ પણ ધાર્મિક સંસ્થાનો પોતાની હસ્તકની મીલ્કતનો વહીવટ ચલાવવાનો હક્ક કોઇ અબાધિત હક્ક છે જ નહિ. આવી મીલકતના વહીવટ સંબંધે કાયદાકાનુન કરવાનો રાજ્યની ધારાસભાઓને સંપૂર્ણ હક્ક છે. આવાં ધારાધોરણો ધર્મને લગતા મૂળભૂત હકકોની કોઇ પણ રીતે આડે આવતા જ નથી."

પ્રસ્તુત કાયદાની જુદી જુદી કલમો અને ચેરીટી કમીશનરને ટ્રસ્ટી તરીકે નીમતી કલમની ચર્ચા કરતાં ચીફ જસ્ટીસે જણાવ્યું કે "આ કલમોને ધર્મ સાથે કશો જ સંબંધ નથી; અને ટ્રસ્ટની મીલકતોનો યોગ્ય રીતે વહીવટ ચલાવવામાં આવે એ જ માત્ર સમગ્રપણે આ કાયદાનો હેતુ છે. આમ હોવાથી આ ધારો કે તેની કોઇ પણ કલમ રાજ્યબંધારણથી પ્રતિકુળ નથી કે બીનકાયદેસર નથી એવો અમારો અભિપ્રાય છે."

આગળ ચાલતાં ચીફ જસ્ટીસે જણાવ્યું કે "આજે રાજ્યસંસ્થા વિષેની કલ્પના પાયામાંથી બદલાઇ ચુકી છે. પહેલાં એમ ધારવામાં આવતું હતું કે સુલેહ શાન્તિ જાળવવી એટલો જ માત્ર રાજ્યસંસ્થાનો હેતુ છે. અને બીજી બધી બાબતોને તેના સ્વાભાવિક માર્ગે વહેવા દેવામાં આવતી હતી. આજે રાજ્યને પ્રજાકલ્યાણની સર્વ જવાબદારી ધરાવતું (Welfare State) લેખવામાં આવે છે અને તેનો અદ્યતન કાર્યપ્રદેશ પણ અનેકગણા વિસ્તારને પામ્યો છે."

ના. ચીફ જસ્ટીસે પોતાના ચુકાદામાં આગળ ચાલતાં જણાવ્યું કે "જૈનો તરફથી એવી દલીલ કરવામાં આવી છે કે આ કાયદાની કેટલીક કલમો તેમના ધર્મમાં આડે આવનારી છે. એમ કહે છે કે તેમના કેટલાંક ટ્રસ્ટો ફક્ત ધાર્મિક કામો માટે જ છે અને તે ટ્રસ્ટ ફંડોને દેવદ્રવ્ય તરીકે લેખવામાં આવે છે. એવાં દેવદ્રવ્યનો ઉપયોગ જૈન દેરાસરો અને મૂર્તિઓ પાછળ જ થાય છે. એટલે એ દેવદ્રવ્યનો ઉપયોગ કોઇ બીજા કામ માટે થઇ શકે નહીં, અને તેમ જણાવીને તેઓ એમ જણાવે છે કે પરકોમોથી એ ટ્રસ્ટોનો વહીવટ થઇ શકે નહીં અને નક્કી કરેલા હેતુઓ સિવાય બીજાં કોઇ કામમાં એ નાણાં ખર્ચી શકાય નહીં. તેમ જણાવીને તેઓ કહે છે કે આ કાયદાની કેટલીક કલમો હિંદના બંધારણની ૨૫ મી અને ૨૬ મી આર્ટીકલોમાં હિન્દની કોમોને અપાયેલા ધાર્મિક છુટાપણાં ઉપર તરાપ મારે છે. આવી રીતની કોઇ ધાર્મિક દખલગીરી સરકાર કરે એવી ધાસ્તી રાખવાનું કાંઇ કારણ નથી અને આ કાયદાની કલમોનો તેવો હેતુ પણ નથી. ધર્મ કેવી રીતે પાળવામાં આવે છે તે જોવા માટે આ કાયદો નથી, પણ આ કાયદો સખાવતી ટ્રસ્ટોનો વહીવટ સારી રીતે ચાલે તે જોવાનો છે. ટ્રસ્ટની જે મિલકતો હોય તેના કારોબારનો અત્રે સવાલ છે અને દરેક રાજ્યની ફરજ સખાવતી ખાતાઓનો વહીવટ બરાબર ચાલે તે જોવાની છે. જો ચેરીટી કમીશ્નરને એમ લાગે કે અમુક ટ્રસ્ટનો વહીવટ તે ટ્રસ્ટના હેતુ મુજબ ચાલતો નથી તો જ તે ટ્રસ્ટના બરાબર વહીવટ માટે કમિશ્નર વચ્ચે પડી શકે છે. તે કાંઇ પોતાની મરજી મુજબ એ નાણાં બીજાં કામમાં ખર્ચવા નહીં કહે. તે તો ટ્રસ્ટીઓને કહેશે કે તમે કોર્ટને અરજી કરો અને કોર્ટ તપાસ કરી જરૂર જણાય તો જ કોઇ ટ્રસ્ટના નાણાં ટ્રસ્ટનો હેતુ જણાય તે રીતે ખર્ચવા કહેશે તેવી જ રીતે એક ધાર્મિક ટ્રસ્ટ માટે કોઇ પરકોમી નહી નીમાય તેની પણ કાળજી રાખવામાં આવી છે.

"સખાવતી ટ્રસ્ટો પાસેથી સરકારના તે ખાતાના નીભાવ માટે લેવાતા ફાળાની રકમ એક કર સમાન નથી અને તેવો ફાળો સરકાર તરફથી અપાતી સેવાના ખર્ચ માટે હોવાથી તેવી ફી લેવાની સરકારને સત્તા આપનારી કલમ કાયદેસર છે." એમ જણાવી ના. ચીફ જસ્ટીસે જણાવ્યું હતું કે "પારસીઓ તરફથી સર જમશેદજી કાંગાએ પણ આ કાયદાની કલમો તેમના ધર્મની આડે આવતી હોવાની ફરિયાદ કરી છે. સર જમશેદજીએ એવી ધાસ્તી રાખી છે કે પરકોમી અમલદારો અને ટ્રસ્ટીઓ તેમનાં આતશબહેરામો, અગીઆરીઓ, દખમાઓ વગેરેમાં દાખલ થશે અને ધાર્મિક ક્રીયાઓ વખતે હાજર રહેશે તો તે તેમના ધર્મની વિરૂદ્ધ કહેવાશે. એવી કાંઇ ધાસ્તી રાખવાનું કારણ નથી. સત્તાવાળાઓ કાંઇ પવિત્ર સ્થળોમાં કે ક્રિયાઓ વેળા હાજર રહેવાના નથી. તેઓ તો ટ્રસ્ટ મીલકતોનો જ

(5)

વહીવટ બરાબર થાય તે જોવા માગે છે. તેમ કરવામાં દરેક ધર્મવાળાની લાગણીને સરકાર માન આપી કામ લેશે. જો કોઇ ટ્રસ્ટનાં નાણાં બીજાં કામો માટે ખર્ચવાનાં હશે તો કોર્ટ પણ ન્યાયની દષ્ટિથી વિચાર કરી દરેક કોમ અને ધર્મની લાગણીને માન આપી કામ લેશે.''

ના. ચીફ જસ્ટીસે તે પછી આ કાયદો અને તેની કલમો કાયદેસર ઠરાવી બેઉ અરજીઓ કાઢી નાખી હતી. શ્રી જસ્ટીસ શ્રી. શાહે ના૦ ચીફ જસ્ટીસના ચુકાદા સાથે મળતો થનારો ચુકાદો આપ્યો હતો.

હિંદના રાજ્યબંધારણે સુરક્ષિત જાહેર કરેલ ધાર્મિક સ્વાતંત્ર્ય–Freedom of Religion–એ શું છે, એ સ્વાતંત્ર્ય કઇ કઇ રીતે મર્યાદિત છે અને આ બીનસાંપ્રદાયિક લેખાતી રાજ્ય સંસ્થા ધાર્મિક ગણાતી કઇ બાબતોમાં હસ્તક્ષેપ કરી શકતી નથી અને કઈ બાબતોમાં હસ્તક્ષેપ કરવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે તે સંબંધે મુંબઇની હાઇકોર્ટના ચીફ જસ્ટીસનો ચુકાદો પુરતો પ્રકાશ પાડે છે. તેમણે કરાવેલું આ માર્ગદર્શન સૌ કોઇએ બરોબર ધ્યાનમાં લેવું ઘટે છે અને આપણા ચાલુ સામાજિક જીવનને સ્પર્શતો કોઈ પણ કાયદો આવ્યો કે 'ધર્મ જોખમમાં' એવી બુમો પાડવાની આપણી આદત કેટલી બધી અણસમજ અને બેવકુફીથી ભરેલી છે તે આપણે બરોબર સમજવુ જોઇએ.

**ભાનુવિજયજીના નિર્બંધ વાણીવ્યાપારને તત્કાળ અંકુશની આવશ્યક્તા**

મુંબઈ ખાતે છેલ્લાં બે વર્ષથી નિવાસ કરી રહેલ શ્રી વિજય–પ્રેમસૂરિના શિષ્ય મુનિશ્રી ભાનુવિજયજીએ એક પ્રકારના તેજોદ્વેષથી પ્રેરાઇને આ ચાતુર્માસ દરમિયાન મુંબઇમાં બિરાજતા વયોવૃદ્ધ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિના વિરોધમાં હમણાં હમણાં જે કુત્સિત વાણીપ્રચાર શરૂ કર્યો છે તે અત્યન્ત દુઃખદ છે અને મુંબઇના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં ભારે ક્ષોભ, અશાન્તિ અને કલેશ પેદા કરી રહ્યો છે. શ્રી વિજયવલ્લભસુરિની ઉમ્મર ૮૨ વર્ષની છે. તેઓ કમનસીબે દેખી શકતા નથી અને વૃધ્ધાવસ્થાના આક્રમણને અંગે ચાલવું પણ તેમના માટે બહુ મુશ્કેલ બન્યું છે. આવા સંયોગમાં ભૂતકાળમાં અનેક સાધુઓ આચાર્યો જેમ કરતા આવ્યા છે તેમ એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે તેઓ ડોળીનો ઉપયોગ કરે છે. વળી બીજા આચાર્યોની આપેક્ષાએ તેઓ અમુક અંશે નવા વિચારના ગણાય છે. જૈન સમાજે ટકવું હોય અને આગળ વધવું હોય તો તે સમાજની ઉછરતી પેઢીએ આજની ઉચ્ચ કેળવણીનો પુરો લાભ લેવો જોઈએ એમ તેઓ માને છે. અને તેથી સ્થળે સ્થળે જૈન વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો, હાઇસ્કુલો તેમ જ કોલેજો ઉભી કરવાનો તેઓ ઉપદેશ આપે છે તેમ જ જૈન સમાજને ઉદ્યોગ તરફ વાળવા પ્રેરણા આપે છે. આ હેતુથી તેમની પ્રેરણાના પરિણામે દેશભરમાં છુટી છવાઇ અનેક શિક્ષણસંસ્થાઓ નિર્માણ થવા પામી છે. તેમના પ્રત્યે બહોળો જનસમુદાય ભક્તિભાવ ધરાવે છે અને તેમનો ઉપદેશ સાંભળવા હજારો ભાઇ બહેનો આતુર હોય છે. તેમનો ઉપદેશ સાધારણ રીતે ઉદાર ભાવનાથી ભરેલો હોય છે, કોમી એકતા અને સંગઠનને પોષનારો હોય છે અને જે સમાજ સાથે પોતે સંકળાયેલા છે તે સમાજ કેમ ઉંચે આવે, આગળ વધે એવી તમન્ના તેમના શબ્દેશબ્દમાં તરવરતી હોય છે. તેમનામાં એક સન્ત પુરૂષની પ્રતિભા છે. તેમને સાંભળવા એકઠા થતા સેંકડો સ્ત્રીપુરૂષો સહેલાઇથી સાંભળી શકે એ હેતુથી આજે જેનો સર્વત્ર ઉપયોગ થઇ રહ્યો છે તે ધ્વનિવર્ધક યંત્રનો આચાર્ય મહારાજ ઉપયોગ કરે છે. પોતાની સમાજના અભ્યુદય અર્થે–આ ઉમ્મરે અને આટલી બધી શારિરિક અગવડો હોવા છતાં પણ–સદા પ્રવૃત રહેતા આચાર્ય મહારાજશ્રી વિષે શ્રી ભાનુવિજયજી શું બોલી રહ્યા છે તે જાણવા માટે તા. ૨૧–૯–૫૨ ના રોજ લાલબાગના ઉપાશ્રામાં 'જૈન સંઘનો અભ્યુદય' એ વિષય ઉપરના તેમના વ્યાખ્યાનમાંના કેટલાક ફકરાઓ તપાસીએ. આ ફકરાઓ તા. ૨૨–૯–૫૨ ના મુંબઇ સમાચારમાં પ્રગટ થયેલા તેમના વ્યાખ્યાનમાંથી લેવામાં આવ્યા છે. તેઓ જણાવે છે કે "જેનો વેશ સાધુનો છે, પણ જો તે શાસ્ત્રાજ્ઞાનો ઝંડાધારી ન હોય તો તેવા સાધુને ચતુર્વિધ સંઘમાં સ્થાન ન હોઇ શકે. કેટલાક સાધુઓ બાહ્ય કોટિના ઉદયમાં રાચે છે. તે અશાસ્ત્રીય છે. બાહ્ય કોટિનો ઉદય એટલે શું? બાહ્ય ઉદયમાં રાચનારા સાધુએ પોતાના શરીરની ખેવના બહુ રાખે છે, અને બીજું તેઓ પૈસા પાસે ન રાખવા છતાં બીનધાર્મિક સંસ્થાઓ માટે ફંડફાળા ઉઘરાવે છે. અને તેઓ તેમણે માનેલા સિદ્ધાંતો ફેલાવવામાં આગળ વધે છે. તેઓ એમ પણ માને છે કે તેમનો ઉદય થયો. પણ આ તો પાપનો ઉદય છે, પાપનો પ્રચાર છે, અને જ્યાં સુધી પુણ્ય હોય ત્યાં સુધી પાપનો પ્રચાર આગળ ચાલે છે નહિંતર તેઓ ઉખડી પડે છે, એટલે જ શાસ્ત્રકારો કહી ગયા છે કે પુણ્યના ઉદય પર ઝાઝો વિશ્વાસ રાખવો નહિ. આવા સાધુઓ લોકોને ઉંધુંચતું ભણાવી ભરમાવે છે. પછી એમ માને છે કે ભક્તોની સંખ્યા વધી એટલે ઉદય થયો. વળી તેઓ તેમના નામ પર બે ચાર ઇમારતો ઉભી કરાવે, અને ઈમારતોના નિભાવ માટે ફંડફાળા ભેગા કરાવે તો તેઓ તેમનો ઉદય થયો એમ માને છે. પણ જેમ ગૃહસ્થાશ્રમીઓ ડીગ્રીધારી કેળવણીમાં કે નૃત્યકળામાં કે સ્ત્રીઓને ગણિકા જેવો વેશ પહેરાવવામાં જેવો ઉદય માને છે, તેવો જ આ ઉદય છે. પુરૂષો માટે ફેશનેબલ ખર્ચા ભયંકર છે, કારણ કે એ ફેશનોને લીધે ધર્મના ક્ષેત્રો પોષાતાં ઓછા થઇ ગયાં છે. દોઢ રૂપિયાની સીગારેટો પીનાર મોઢામાંથી ધૂમાડા કાઢવામાંથી ઉંચો આવે ત્યારે તે દહેસારમાં જઇને બે પૈસાની અગરબત્તી સળગાવે ને? જેમ ગૃહસ્થ માટે આ ભયંકર છે, તેમ સાધુઓ માટે પણ શાસ્ત્રાજ્ઞા-વિરોધી આચરણ મહાભયંકર છે. ત્યારે સાધુનો આદરણીય અભ્યુદય કયો? જેઓ પંચાચારનું સ્થિરતાપૂર્વક–દ્રઢતાપૂર્વક પાલન કરતા હોય તેમનો જ આદરણીય કહેતાં કલ્યાણકારી અભ્યુદય થયો કહેવાય. સાધુની સામાચારીનું પાલન નહિં કરવા ઉપરાંત પોતાના મનઃકલ્પિત સિધ્ધાંતોની સ્થાપના કરનાર શિથિલાચારી છે. એને વંદન કરવાથી પ્રમાદનું, પાખંડનું, અનુમોદન થાય છે. પાપની લીલા એક વાર ફાવટ કરી જાય છે. પણ છેવટે તો પાપ પીપળે ચડીને પૂકાર કરે જ છે.

"સુસાધુએ સુસત્રતાને છોડવી જોઇએ નહિ. તેણે ગહનમાં ગહન પ્રશ્નનું નિરાકરણ સૂત્રાનુસાર કરવું જોઇએ. સાધુતાનો ઉદય, આચાર, સંયમ, શ્રદ્ધા, શુદ્ધ દેશના, સૂત્રાનુસારિતા, સન્માર્ગના પોષણમાં છે. સાધુના મોઢેથી ઉન્માર્ગને પોષે એવો એક પણ શબ્દ નીકળવો ન જોઇએ."

ડોળીમાં બેસવા સંબંધે તેમણે જણાવ્યું કે "સાધુથી ડોળીમાં બેસીને જ્યાં ત્યાં ન ફરાય. કોઇ પૂછે કે સાધુ અંધ હોય, શક્તિહીન હોય કે ચલાતું ન હોય તો ડોળીમાં બેસે એમાં શું વાંધો છે? શાસ્ત્રકારોએ આનો ઉત્તર આપેલો છે. વ્યવહારસૂત્રમાં આચાર્ય પ્રકરણમાં લખ્યું છે કે જો આચાર્ય અંધ થઇ જાય તો તેણે ગુપ્તપણે રહેવું જોઇએ. એટલે પોતાનું સ્થાન પોતાના શિષ્યને આપી પોતે અલાયદા સ્થાનમાં રહેવું જોઇએ. એટલે ડોળીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જ્યારે શાસ્ત્રકારોએ વિહાર દરમ્યાન સાધુનો બોજો મજુર પાસે ઉપડાવવાનો નિષેધ કર્યો છે, ત્યાં જ્યારે સાધુ ડોળીમાં બેસીને મજુરોને ત્રાસ આપે તે જોઇને સામાન્ય પ્રજાને એમ લાગે કે આના કરતાં મોટરમાં બેસીને જાય તો શું વાંધો?"

થોડા સમય પહેલાં મુંબઈમાં જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું સુવર્ણ અધિવેશન મળ્યું ત્યારે તે અધિવેશનમાં શ્રી વિજયવલ્લભસૂરિ હાજર રહ્યા હતા, તેમણે ભાગ લીધો હતો અને તેમની બળવાન પ્રેરણાને પરિણામે સાધર્મી ભાઇઓને મદદ કરવા માટેનું એક મોટું ફંડ એકઠું થયું હતું. "તે પ્રસંગનો નિર્દેશ કરતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે પતીત સાધુ કે વેશવિડંબક સાધુ

પૂજનીય નથી, કારણ કે તેઓ વેશને લજવતા હોય છે. સાધુસંમેલને પણ ઠરાવ કર્યો છે કે જે સભામાં સાધુનું પ્રમુખપદ હોય ત્યાં જ સાધુ જઈ શકે. કારણ કે સાધુ અને ગૃહસ્થ વચ્ચે મોટું અંતર છે, અને સુશ્રાવક તથા વેશવિડંબક વચ્ચે તો એથી પણ મોટું અંતર રહેલું છે.”

રેડીઓ લાઉડસ્પીકર અંગે શાસ્ત્રીય મર્યાદા કઇ એ વિષે તેઓશ્રીએ જણાવ્યું હતું કે “લાઉડસ્પીકર વિજળીથી ચાલે છે, સો બસો ફીટની ઉંચાઇ પરથી પાણીનો ધોધ પડે છે. નીચે ફરતા ચક્કરો પર એ પાણી પડે છે, અને વિજળી ઉત્પન્ન થાય છે. એ ફરતા ચક્કરોમાં કેટલા માછલાંઓનો વિનાશ થતો હશે, એનો વિચાર કરો. અને એવી વિજળીથી લાઉડસ્પીકર ચાલે છે, માટે સાધુને માટે લાઉડસ્પીકર આદરણીય નથી.”

તેઓશ્રીએ ઉપસંહારમાં જણાવ્યું હતું કે “જ્યારે પણ આત્મા ઉન્માદે ચડે છે, ત્યારે તે ઉન્માર્ગનો પ્રચાર કરવા મંડી પડે છે, પણ છેવટે તો સત્યનો જય છે. જીનેશ્વર ભગવાનની આજ્ઞાનો જય છે.”

આ ફકરાઓ વાંચતાં આ વ્યાખ્યાતાનું કેટલું કટ્ટર જુનવાણી માનસ છે તેનો સહજમાં ખ્યાલ આવે તેમ છે. પણ અહિં પ્રશ્ન જુનવાણી માનસનો કે સુધારક માનસનો નથી. સાધુએ અસહાય શારીરિક સંયોગોમાં ડોળીમાં બેસી અત્ર તત્ર વિચરવું કે એકાન્તમાં બેસીને ધ્યાન કરવું અથવા તો વ્યાખ્યાન આપતી વખતે ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવો કે ન કરવો તે દરેકની મુનસફીનો પ્રશ્ન છે. દરેક પ્રવૃત્તિ સાથે કોઇને કોઇ આરંભસમારંભનું-સુક્ષ્મ બાદર હિંસાનું-તત્ત્વ જોડાયલું જ રહેવાનું છે. કોઇ એક વાત સ્વીકારે છે; અન્ય તે વિના ચલાવે છે. તે બન્ને પોતે શું કરવું અને શું ન કરવું તેનો નિર્ણય લાભાલાભની દૃષ્ટિએ જ કરે છે. આ સામે કોઇને વાંધો કે વિરોધ ન હોવો જોઇએ. પણ અહિં કોઇ પણ સમાજહિતચિન્તકના દિલમાં ખેદ કરાવે એવી જે વસ્તુ છે તે તો મુનિ ભાનુવિજયજીએ શુરૂ કરેલો આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિને ભોળી જૈન જનતાના સમક્ષ એક પતીત, શિથિલાચારી, ઉન્માર્ગગામી, સુત્રઅપલાપી, પ્રમાદી, પાખંડી સાધુ તરીકે આળેખવાનો પ્રયાસ અને પ્રચાર છે.

આ આખું પ્રકરણ સવિશેષ દુઃખદ તો એ કારણે છે કે વિજયવલ્લભસૂરિ અને મુનિ ભાનુવિજયજી એક જ સંઘાડાના શ્રીમદ્ વિજયાનંદસૂરિના શિષ્યપરિવારમાંના છે. તેમના ગુરૂ-પરંપરાના સંબંધને સાંસારિક રીતે વર્ણવવો હોય તો તેઓ કાકા ભત્રીજા લેખાય. આ રીતે જે આચાર્યમહારાજ ભાનુવિજયજીને વંદનીય, આદરણીય ગણાય તે જ આચાર્ય મહારાજની વિરૂધ્ધ આવો અપલાપ કરતા ભાનુવિજયજીમાં ધૃષ્ટતાની પણ પરાકાષ્ટાનું અત્યન્ત શોચનીય દૃષ્ટાન્ત આપણને જોવા મળે છે.

શ્વેતાંબર મૂર્તિપુજક સમાજના આગેવાનોની ફરજ છે કે તેઓએ એકત્ર થઇને આ સાધુની સાન ઠેકાણે લાવવી જોઇએ. તેમને જેમ તેમ બોલતા અટકાવવા જોઇએ. જૈન સમાજમાં કુસંપ જગાડનારી આ પ્રવૃત્તિનો સત્વર અન્ત લાવવો જોઈએ. શ્રી ભાનુવિજયજીને ભાન નથી કે જ્યાં સુલેહ શાન્તિ અને સમભાવ પ્રવર્તે છે ત્યાં તેઓ આવાં વ્યાખ્યાનોથી ઝેર વેરનાં બીજ રોપી રહ્યા છે, પરસ્પર વિખવાદની આગ સળગાવી રહ્યા છે. આનો સત્વર ઉપાય થવો ઘટે છે. જૈન સમાજને સ્પર્શતી બાબતો સંબંધમાં પોતે જે કાંઇ વિચારો ધરાવતા હોય તે વિચારો તેઓ જરૂર રજુ કરી શકે છે, પણ વિચારો રજુ કરવાના બહાને જેમને અનેક નરનારીઓ ઉંડા ભક્તિભાવથી જોઇ રહ્યા છે અને જેઓ એમની જૈફ ઉંમર, લાંબા કાળનું નિર્મળ ચારિત્ર્ય, અનેકવિધ સેવાઓ, અને પ્રગતિશીલ વલણને લીધે માત્ર જૈન સમાજના એક વિભાગનું જ નહિ પણ આખા જૈન સમાજનું ગૌરવસ્થાન બની રહેલ છે તેવી એક વિશિષ્ટ વ્યક્તિ સામે આક્ષેપક વાણીપ્રવાહ વહાવીને ક્લેશમય વાતાવરણ પેદા કરે અને તે સમાજની શાન્તિને જોખમમાં મૂકે તે કોઇ પણ રીતે નિભાવી ન જ શકાય.

## શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહને અભિનન્દન

શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ જેમને અમે ‘ધીરૂભાઇ’ના નામથી ઓળખીએ છીએ તેઓ તાજેતરમાં ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી તરીકે ચૂંટાયા છે. આ માટે તેઓ આપણા સર્વના અભિનન્દનના અધિકારી છે. શ્રી ધીરૂભાઇ અમદાવાદની સાહિત્યસભાના મંત્રી છે અને અમદાવાદની અનેક સાહિત્યક તેમજ સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. ઉત્તર પ્રદેશના ગવર્નર માન્યવર કનૈયાલાલ માણેકલાલ મુનશી સાથે તેમને પ્રીતિપાત્ર સ્વજન સમો સંબંધ છે. પહેલા તેઓ મોટા ભાગે અમદાવાદ રહેતા હતા. હવે છેલ્લા વરસ દોઢ વરસથી તેમનું રહેવાનું ધંધા વ્યવસાયને કારણે મોટા ભાગે મુંબઇમાં થાય છે. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના તેઓ સભ્ય છે. તે સંઘ હસ્તક ચાલતા મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયના તેઓ મંત્રી છે. અમદાવાદમાં કેટલાય વર્ષોથી ચાલતી અને ત્યાંના જૈન-જૈનેતરોમાં અતિ લોકપ્રિય બનેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાના તેઓ પ્રમુખ સૂત્રધાર છે. ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સાહિત્યના ક્ષેત્રમાં અગ્રતમ લેખાતી સંસ્થાના તેઓ મંત્રી થાય તે તેમના અનેક સ્વજનો અને મિત્રો માટે આનંદ અને ગૌરવનો વિષય છે. આપણે ઇચ્છીએ કે અતિ મંદ ગતિએ ચાલતી આ સંસ્થામાં તેમની કુશળ યોજકશક્તિથી નવા પ્રાણ આવે અને આ સંસ્થા સમસ્ત ગુજરાતના અક્ષરજીવનને સ્પર્શતી એક ચેતનવન્તી સંસ્થામાં રૂપાન્તર પામે.

પરમાનંદ

## સ્વ. કિશોરલાલ ઘ. મશરૂવાળા વિષે શોકપ્રસ્તાવ

તા. ૨૩-૯-૫૨ મંગળવારના રોજ મળેલી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળાના અવસાન સંબંધે નીચે મુજબ ઠરાવ કર્યો હતો:—

“વર્ધા ખાતે તા. ૯-૯-૫૨ના રોજ નીપજેલા શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળાના અવસાન વિષે આ સભા ઉંડા શોકની લાગણી વ્યક્ત કરે છે. તેઓ ગાંધીજીના અતિનિકટવર્તી સાથી હતા અને પોતાનું આખું જીવન દેશસેવાને તેમણે અર્પણ કર્યું હતું. તેઓ મૌલિક વિચારક, પ્રખર ચિન્તક અને તત્વદર્શી સાધુપુરૂષ હતા. ગાંધીજીના અવસાન બાદ હરિજન પત્રોનું તેમણે સંપાદન સ્વીકાર્યું હતું અને જીવનની આખર ઘડિ સુધી સંભાળ્યું હતું અને ગાંધીજીના વારસાને વિશદ વિચારસરણી, નિડર નિરૂપણ અને મન વાણી અને વર્તનની એકરૂપતા વડે શોભાવ્યું હતું. તેઓ સરકારના તેમજ પ્રજાગણના એક અનુપમ માર્ગદર્શક હતા. દમની સતત માંદગી વચ્ચે તેમણે કરેલી અનેકવિધ લેખનપ્રવૃત્તિ અને નિર્માણ કરેલું વિપુલ સાહિત્ય તેમના જીવનની એક મહાન તપસ્યા હતી. તેમના અકાળ અવસાનથી મુંબઈ ગુજરાતને જ નહિ પણ સમસ્ત હિંદને કંઇ કાળ સુધી ન પુરાય એવા એક સન્તસન્મિત્રની ખોટ પડી છે. તેમના આત્માને શાશ્વત શાન્તિ મળો એવી આ સભા પ્રાર્થના કરે છે.”

વિષય સૂચિ

| વિષય | | પૃષ્ઠ |
|---|---|---|
| સ્વ. કિશોરલાલભાઇને શ્રી વિનોબા ભાવેની અશ્રુ સારતી ભાવાંજલિ. | | ૮૭ |
| પ્રકિર્ણ નોંધ:—હિંસા-અહિંસા વિચાર અને અદ્યતન પરિસ્થિતિ, કિશોરલાલભાઇ પછી કોણ? બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ સંબંધે મુંબઈની હાઇકોર્ટનો ચુકાદો, ભાનુવિજયજીના નિર્બંધ વાણીવ્યાપારને તત્કાળ અંકુશની આવશ્યકતા, શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહને અભિનંદન. | પરમાનંદ | ૮૯ |
| જૈનોને | ‘સન્તબાલ’ | ૯૩ |
| ક્ષમાપર્વ | દલસુખ માલવણિયા | ૯૩ |
| મણિભાઇના પ્રથમ પરિચયની એક સ્મરણ નોંધ | રતિલાલ મફાભાઈ શાહ | ૯૪ |

(7)

# જૈનોને !

આજે વ્રતોની જરૂરીયાત એટલા માટે છે કે આચરણની બહુ તંગી પડી ગઈ છે. પૂર્વના લોકોએ ઘણાં સારાં સારાં કાર્યો કર્યાં છે. એને આપણે યાદ કરીને રાજી પણ થઇએ છીએ. પરંતુ વર્તમાન જમાનામાં આપણે એવું સારૂં ન કરીએ તો જુની મુડી ચાલુ ના રહી શકે અને પેઢીઓને પણ ન્યાય ન આપી શકીએ. માનવ-સ્વભાવમાં સરસાઇ કરવાનો સ્વભાવ તો હોય જ છે, પણ એના પ્રકાર જુદા જુદા હોય છે. કોઈ વ્યાપારમાં, તો કોઇ લેખનમાં તો કોઇ બીજી રીતે, પણ ખરી સરસાઇ તો આચરણ પવિત્ર કરવામાં છે.

આપણે સાધ્ય અને સાધનનો સુમેળ કેમ રહે તે રીતે જીવવું છે. જેવા આદર્શો રાખીશું તે જ રીતે આચરણ બને એ વાત ખાસ વિચારવાની છે. પ્રતિક્રમણમાં (જીવન શોધનમાં) વ્રતોનો ઉચ્ચાર બહુ સારી રીતે કરીએ છીએ, મનમાં પણ હોય છે કે આ વ્રતો પળાય તો સારૂં, પણ વિચારીશું તો સ્થૂલ વ્રતોમાં જેટલા આગળ વધ્યા છીએ તેટલા આચરણમાં આગળ વધ્યા હોત તો આ સ્થિતિ ના હોત. ભૂલ થાય તો માફી માગી લઇએ છીએ પણ એ શિષ્ટાચાર થઇ ગયો છે એટલે આજે જૈનો તરફ લોકોની ભલી લાગણી રહી નથી લાગતી. લોકો માને છે કે તેમના સૂત્રો કે વિચારો ઉંચી અહિં-સાના હોય છે, પણ એ કંઈ બહુ વહેવારૂ નથી, કારણ કે વર્તનમાં હોતું નથી. આ માન્યતા કંઇ પૂર્વગ્રહોથી જ ઊભી થઈ છે એમ નહિ કહી શકીએ. વ્રતોની સફાઇ એટલી સ્પષ્ટ નથી હોતી. તોલ પુરો આપશે, જુઠું તો કરશે જ નહિ—એવો વિશ્વાસ નથી એવો આપણે એકરાર કરવો જોઇએ. એટલા માટે આપણે આપણી જાતનું નિરીક્ષણ કરવું જોઇએ. પછી ગામડાંમાં રહેતા હોઇએ કે શહેરમાં રહેતા હોઇએ એની અસર પોતાને અને આસપાસ બધાને થશે. જો પરંપરાગત ક્રિયાઓ કરીને આત્મવિશ્વાસ લઇ લઇશુ તો પાછળ પડી જઈશું.

આજે આપણી સામે બીજી પણ એક જવાબદારી છે. સાધ્ય અને સાધનના ખ્યાલો જે આજે દેશમાં ચાલે છે તેમાં જૈનોએ મહત્વનો ભાગ ભજવવાનો છે. જો જૈનો એનાથી અલિપ્ત રહેશે તો અહિંસાની વ્યાપકતા નહિ આવે. પરિણામે પોતાને જ સહન કરવાનું આવશે. ગાંધીજીએ સાધ્ય સાધન વિષે બહુ સ્પષ્ટતા કરી છે. તેમના એક ગુરૂ શ્રીમદ્ રાજચંદ્ર પણ હતા. એટલે તેમના જીવનમાં જૈન સંપ્રદાયની અસર પણ ઠીક ઠીક થઈ દેખાય છે. જૈનોએ જો એથી વધુ ધ્યાન આપ્યું હોત તો ઘણો ફાયદો થાત. જે સમાજ નીતિમાં વધારે ચોક્કસ છે તે સમાજ આગળ નીકળી જાય છે. જે નીતિનો પ્રયોગ આપણે કરી રહ્યા છીએ તેની ઉપર વિશ્વાસ આવી જાય તો પાયાનું મંડાણ થશે. ભલે આજે ચપટી ખાંડથી બધું પાણી ગળ્યું ના થાય, પણ એ ખાંડની અસર તો થવાની જ છે. થોડું પાણી તો ગળ્યું થવાનું જ છે. સાચી મીઠાશ જીવનના આચરણમાંથી જ આવે છે. ગાંધીજી ઘણીવાર કહેતા કે સાધ્ય અને સાધન બન્ને શુદ્ધ નહિ હોય તો નુકશાન થશે. જો સાધન સારૂં ન હોય તો સાધ્ય પણ મેલું બની જશે. એક કસાઈ અને ગાયનો દાખલો આપતાં તેમણે જણાવ્યું હતું કે કસાઈ ગાય શોધવા આવ્યો છે. આપણે જોઇ છે. હવે જો સાચો રસ્તો બતાવી દઇએ તો કસાઈ ગાયને મારી નાખવાનો છે. પણ જૂઠું બોલીએ તો ગાય બચી જવાની છે. તો શું કરવું? સાચી વાત તો એ છે કે સત્ય બોલીને પોતાના ચારિત્ર્યબળથી ગાયને બચાવી લેવી. મધ્યમ માર્ગ; મૌન રહીને ખાટકી જે કંઇ શિક્ષા કરે તે સહી લેવી, પણ સાધન ખોટું વાપરી સાધ્યને બચાવવું એટલે ગાયની હિંસા થતી અટકાવવી તે કોઈ રીતે ચલાવી શકાય નહિ, કારણકે એક જૂઠની પડેલી ટેવ જીવનના દરેક વહેવારમાં આવીને ઉભી રહે છે. પોતે કંઇ સહન કરતો નથી એટલે સત્ય અને અહિંસા બન્ને જોખમાય છે. જો સત્યથી બીજાને હાનિ પહોંચતી હોય કે મુશ્કેલીમાં મૂકાવું પડતું હોય તો મૌન રહેવું સારૂં છે. બીજાને ભોગે અહિંસા પાળી શકાય જ નહિ! "મારી જાતના ભોગે અહિંસા પાળીશ. મારી જાત એટલે સગાં સંબંધી પાડોશી કોઇને સહેજ પણ ત્રાસ આપ્યા સિવાય અહિંસા પાળીશ." ઘણા લોકો ક્રિયામાં અહિંસા પાળે છે, પણ ભાવમાં પાળતા નથી. ભાવમાં કરેલી હિંસા કોઈ રીતે ક્ષમ્ય નથી. મેઘરથ (શિબિ) રાજાનો પ્રસંગ છે. પારેવું આવીને ખોળામાં લપાઇ જાય છે. બાજ પોતાના ખાજની માગણી કરે છે, પણ શરણાર્થીને કેમ તરછોડાય? એટલે પોતાનું માંસ આપવા તૈયાર થાય છે. પ્રાણ જવા સુધીની તૈયારી બતાવે છે. પ્રજાએ ઘણું કહ્યું કે આપ જીવશો તો ઘણાને જીવાડી શકશો, ઘણો ધર્મ પાળી શકશો. એટલે ખાટકીને ત્યાંથી માંસ લાવીને તોળી આપીએ. પણ રાજાએ કહ્યું કે ધર્મ પાળવો હોય તો પોતાના ભોગે પાળી શકાય, બીજાના ભોગે અહિંસા ના પાળી શકાય.

સત્યાર્થી પુરૂષ ઉંડામાં ઉંડું ચિંતન કરતો હશે. ભૂલ જણાય તો પાછો વળતો હશે. કોઇને અન્યાય કર્યો હશે તો માફી પણ માગી લેશે. તેને મોટપ કે નાનપનો કોઈ સવાલ નડતો નહિ હોય. રાજકોટમાં ગાંધીજીએ ઉપવાસ કર્યા તેમાં મોરીસ–ગ્વાયરે જે ચુકાદો આપ્યો તેમાં ગાંધીજીની જીત થઇ. પરંતુ ગાંધીજીને પોતાનું સત્ય સમજાયું. મારામાં વીરાવાળા પ્રત્યે પૂર્વગ્રહો હતા. મેં ફળની આશા રાખીને ઉપવાસ કર્યા એટલે એ ચુકાદો ફગાવી દીધો. આ કંઇ નાનીસૂની વાત નહોતી. પણ સત્યાર્થી ગમે તેવી મોટી વાતમાં પણ પાછો વળતાં સંકોચ રાખતો નથી. આટલી હીંમત અને વફાદારી હશે તો ઉલટે માર્ગે હોઇશું તો પણ પાછા વળી શકીશું. અહિંસામાં ઘણી વાર એમ થાય છે કે આ સાચું કે તે સાચું, આ કરવું કે ના કરવું. અર્જુનને થયું લડવું કે ન લડવું. વાસુદેવે કહ્યું કે નહિ લડે તો અધર્મ થશે. અર્જુન કહે મારાં સગાં સ્નેહીઓ, ગુરૂ વ. મરાય છે તેથી અધર્મ થાય છે, પણ છેવટે તો શ્રદ્ધેય પુરૂષ ઉપર વિશ્વાસ રાખ્યો અને યુદ્ધને ધર્મયુધ્ધ બનાવી દીધું.

આપણા જીવનમાં પણ યુધ્ધો તો ડગલે ને પગલે આવ્યા જ કરવાનાં છે. તે વખતે સમતા નહિ ગુમાવીને સત્ય, પ્રેમ અને ન્યાયના હથિયારથી તે લડી લેવાં જોઇએ. આમ થશે તો એ વહેવારનાં બધાં યુધ્ધો ધર્મયુધ્ધો બની જશે.

"જરૂરિયાતો ઘટે તો પાપ ઘટે"

"વિચાર અને વિવેક એ જિજ્ઞાસાનો પાયો છે"

સંતબાલ

# ક્ષમાપર્વ

સંવત્સરી આવી અને ગઇ. એ પર્વમાં જૂના ચોપડા ઉખેળ-વાનો વારો આવે છે અને લેણ–દેણનો હિસાબ સમાપ્ત કરવામાં આવે છે. આત્માએ અન્યનું જે અહિત કર્યું હોય છે તેની માફી માગવી અને બીજાના અપરાધોની પોતે પણ ક્ષમા કરવી એ ઉદ્દેશ સાંવત્સરિક પ્રતિક્રમણનો છે. જેમ દીવાળીએ આર્થિક હિસાબના ચોપડામાંના ખાતા સરભર કરવા પ્રયત્ન કરવામાં આવે છે તેમ આધ્યાત્મિક ચોપડો ઊખેળવાનો અવસર સાંવત્સરિક પર્વ આપે છે. જે વ્યાપારી દીવાળીએ ગાફેલ રહે છે તેને વ્યાપારની ખરી સ્થિતિનો ખ્યાલ આવી શકતો નથી. તે જ પ્રમાણે જે આત્મા આ પર્વમાં ગાફેલ રહે છે તેને પોતાની આત્મપ્રગતિની કશી જ ગમ પડતી નથી. વ્યાપારની સ્થિતિ પ્રતિદિન કે પ્રતિસપ્તાહ કે પ્રતિમાસ કે ચતુર્માસે અવલોકનાર વ્યાપારીને તોટો નથી તેમ આધ્યાત્મિક ક્ષેત્રે પણ બને છે. એવા ઘણા છે કે જેઓ પ્રતિદિન આધ્યાત્મિક પ્રગતિનો હિસાબ રાખે છે. તેવાઓને માટે આ પર્વની ઉજવણી વિશેષ મહત્ત્વ રાખે છે. કારણ કે આધ્યાત્મિક હિસાબના બધા આંકડા તેની સામે તરવરે છે.

પણ જે વ્યાપારીએ બારે માસ કશો જ હિસાબ રાખ્યો ન હોય અને છેવટના દિવસે સ્મરણના બળે હિસાબ લખવા બેસે તેની જે દશા થાય છે તેવી જ આપણામાંના અધિકાંશની છે. આપણે બારે માસ જીવનનો–આધ્યાત્મિક જીવનનો હિસાબ રાખતા નથી અને સાંવત્સરિક પર્વના દિવસે એ જીવનનો હિસાબ લખવા બેસીએ છીએ. પરિણામે હિસાબના પાસા આપણે મેળવી શકતા નથી અને એથી સંવત્સરી પર્વનું માહાત્મ્ય આપણે પામી શકતા નથી, અને છેવટે खामेमि सव्वे जीवा, सव्वे जीवा खमन्तु मे —એવા સામાન્ય વિચાર કરીને આ પર્વ ઉજવીએ છીએ. એની પણ તાત્કાલિક ભાવનાનો જે આવેશ અને ઉત્સાહ હોય છે તદનુસાર આપણા જીવનમાં અસર પડે જ છે. પણ હૃદય જો બૂઠું થઇ ગયું હોય તો માત્ર મુખપાઠનું ફળ મળે છે, જીવનમાં કશું જ નવું પરિવર્તન, નવું બળ પ્રાપ્ત થતું નથી.

સામાન્ય રીતે કહેવામાં આવે છે કે પ્રતિદિન આત્મનિરીક્ષણ કરો, ન બને તો પ્રતિ સપ્તાહમાં એકવાર, તે પણ ન બને તો પક્ષાન્તે, માસાન્તે, ચાર માસને અંતે અને છેવટે વર્ષાન્તે તો અવશ્ય કરો. પણ આથી–આવી છૂટથી–પ્રતિદિન પ્રતિક્ષણ જીવનનું નિરીક્ષણ કરવાની જે ટેવ પડવી જોઇએ તે પડતી નથી. અને સાધક કોરો જ રહી જાય છે. કહેવાનું તાત્પર્ય એ નથી કે વર્ષાન્તે નિરીક્ષણ કરનારને કશો જ લાભ મળતો નથી, કારણ કે ઉચ્ચ ભાવનાથી કરાએલું કૃત્ય કદી જ નિષ્ફળ જતું નથી. પણ તાત્પર્ય એ છે કે સામાન્ય રીતે નિરીક્ષણ કરવાની ટેવ જ ન પડી હોય તો કોઇ એક જ દિવસે–અમુક નિયત દિવસે અચાનક નિરીક્ષણ કરવા બેસવું પડે તેમાં યાંત્રિક નિરીક્ષણ તો થઇ શકે છે, પણ નિરીક્ષણની ખરી ભૂમિકા ઘણીવાર દૂર જ રહે છે. એવા દાખલા મળે છે કે સમસ્ત જીવનમાં ઊંધે રસ્તે ચાલનાર પણ કોઇ એક જ ધન્ય ક્ષણે પોતાનું સમસ્ત જીવન બદલી નાખે છે. પરંતુ એ માટે જબરદસ્ત ઠેસની જરૂર પડે છે. એ વિના એવી ભૂમિકા આવતી નથી. પરંતુ આપણે તો પર્વના દિવસે એવી કોઇ ખાસ ઠેસ વિના જ નિરીક્ષણ કરવા બેસીએ છીએ, એટલે જીવન–પરિવર્તનની આવશ્યક ભૂમિકા તૈયાર હોતી નથી, જેથી કરીને આપણે એ અદ્ભુત પર્વના લાભથી પણ વંચિત રહીએ છીએ. એટલે ખરી રીત એ જ છે કે પ્રતિક્ષણ નહી તો પ્રતિદિન જીવનમાં ડોકીયું કરવાની ટેવ પાડવી જ જોઇએ. અને પૂર્વોકત છૂટ આપવવાને બદલે એમ કહેવું જોઇએ કે પ્રતિક્ષણનો જીવનનો હિસાબ રાખો, એ ક્ષણોમાં શું કર્યું તેનો સરવાળો પ્રતિદિન દો. અને સપ્તાહાંતે તેનું અવલોકન કરો, પાક્ષિક અવલોકન કરો, માસિક અવલોકન કરો, ચાતુર્માસિક અવલોકન કરો, અને છેવટે કુશળ વ્યાપારીની જેમ વાર્ષિક સરવૈયું કાઢો. આ રીતે પર્વનું માહાત્મ્ય વર્ણવીએ ત્યારે જ પર્વ સાર્થક રીતે ઊજવી શકીશું, અન્યથા નહિ.

પણ આ બધું તો જ સાર્થક બને જો આપણી સાંવત્સરિક પ્રતિક્રમણની પદ્ધતિમાં પણ પરિવર્તન આણીએ. અને એ ઉત્સવને માત્ર સમૂહગત નહિ પણ સામુહિક ઉજવ્યા ઉપરાંત વ્યકિતગત પણ ઉજવીએ. કેટલાક દોષો સર્વસાધારણ હોય છે. તેનું પ્રતિક્રમણ સામુહિક થાય એમાં કશું જ ખોટું નથી. પણ વૈયકિતક પ્રતિક્રમણ એથી પણ વધારે જરૂરી છે. પરંતુ ખેદનો વિષય છે કે સાંવત્સરિક જેવા મહાન પર્વને દિવસે પણ એ વૈયકિતક પ્રતિક્રમણને કોઇ સ્થાન રહ્યું જ નથી. આ જ કારણ છે કે પ્રતિક્રમણ કર્યા પછી પણ જીવનમાં જે તાજગી આવવી જોઇએ, અગર જીવન જે પ્રકારે હળવું ફુલ જેવું બની જવું જોઇએ એમાંનું કશું જ બનતું નથી, અને પ્રતિક્રમણ કર્યા છતાં આપણું કશું જ પરિવર્તન થતું નથી. આનો એક જ રસ્તો છે કે વ્યકિતગત પ્રતિક્રમણને પ્રોત્સાહન આપવું અને સામુહિક તમાસાનું રૂપ સાંવત્સરિક પ્રતિક્રમણ ન લે તે માટે તકેદારી રાખવી.

પ્રતિક્રમણના પાઠો વિષે મેં અનેકવાર સૂચન કર્યું છે કે એની પ્રાકૃતભાષાનો મોહ ત્યાગવો જ જોઇએ, એટલું જ નહિ પણ તેને સમયાનુકુળ બનાવવા જોઇએ. ભગવાન મહાવીરે સંસ્કૃતભાષાનો ત્યાગ એટલા માટે કર્યો હતો કે તે આમજનતાને સમજવામાં કઠણ લાગતી અને તેથી જનતાના હિતમાં તેમણે પોતાનો ઉપદેશ પ્રાકૃત ભાષામાં આપ્યો. પણ આપણે એ જ પ્રાકૃત ભાષાને જળોની જેમ વળગી રહ્યા છીએ. પ્રાકૃતનું રૂપાંતર થઇને આજની ગુજરાતી–હિન્દી વગેરે ભાષાઓ બની છે. તો પછી એ પ્રતિક્રમણના સમયાનુસારી નવા પાઠો ગુજરાતી–હિન્દી–જેવી આપણી માતૃભાષાઓમાં રચવામાં કયાં વાંધો આવે છે એ સમજાતું નથી. સાંવત્સરિક પર્વનો મૂળ ઉદ્દેશ દોષનિરીક્ષણનો છે. એ ઉદ્દેશ જો માતૃભાષામાં વધારે સચવાતો હોય તો પ્રાકૃતભાષાનો આગ્રહ નિરર્થક છે એ ચોક્કસ છે. વળી દોષોનું જ નિરીક્ષણ કરવું હોય તો આધુનિક વૈયકિતક અને સામુહિક જીવનમાં જે દોષો ઘર કરી ગયા છે તેનું પ્રત્યવેક્ષણ વધારે જરૂરી છે, નહિં કે આજથી અઢી હજાર વર્ષ પહેલાંના સમુહના દોષો.

એ બહાને બધા જૈનો એક દિવસ એકત્ર તો થાય છે ને? એ કાંઇ નાનોસૂનો લાભ છે? – એવી દલીલો કરીને મન–મનાવવા જતા એ પર્વનો જે ખાસ ઉદ્દેશ છે તે જરા પણ સચવાતો નથી એટલું જ નહીં પણ આત્મવંચના જ લાભમાં મળે છે, કારણકે પ્રતિક્રમણ કરનાર સમજે કે ધર્મના બે અક્ષર કાનમાં પડયા એટલે આપણે પવિત્ર થઇ ગયા. ગંગામાં ડૂબકી મારનાર જે પ્રકારે પોતાને પવિત્ર થયેલો માનીને આત્મવંચના કરે છે એમાં અને આપણી આ માન્યતામાં મને તો કશો જ ભેદ જણાતો નથી. એટલે આ પર્વને સાર્થક કરવું હોય ને જૂને ચીલે ચાલીને નહિ પણ નવી દૃષ્ટિએ એની વિચારણા કરીને જ ઉજવીએ. એમાં જ આપણું કલ્યાણ છે.

દલસુખ માલવણિયા.

---

**સ્વ. મણિલાલ મોકમચંદ શાહ સ્મૃતિફંડમાં આપનો ફાળો મોકલ્યો?**

---

## મણિભાઇનો પ્રથમ પરિચયની એક સ્મરણનોંધ

શ્રી રતિલાલ મફાભાઇ શાહ સ્વ. મણિભાઇને અંતરની અંજલિ આપતાં એક પત્રમાં તેઓ મણિભાઇને પહેલી વાર માંડલમાં મળેલા તે પ્રસંગને અનુલક્ષીને જણાવે છે કે:—

“પાંચેક વર્ષ પહેલાં એ માંડલ આવેલા ત્યારે એમણે મને મળવા બોલાવેલો. નામ સાંભળવા સિવાય એમના વિષે હું કશું જ ત્યારે જાણતો નહિ. ત્યાં બેઠેલા બધાઓને રજા આપી થોડી પ્રાસંગિક વાત પછી મારા હાથમાં એમણે રૂા. ૨૫૦) મદદ આપવા લાયક કુટુંબોમાં વહેંચવા આપ્યા. ઉંડી લાગણીથી અને તે પણ ગુપ્ત રીતે વગર માગે આપનાર એવા પુરૂષને મેં જીંદગીમાં પહેલી જ વાર જોયા. એમની મહત્તાનું–ઉંડી માનવતાનું–મને ત્યારે દર્શન થયું. મારૂં હૃદય એમને નમી પડ્યું. ત્યારપછી નથા મને એમનાં કદી દર્શન થયાં કે નથી અમારી વચ્ચે કોઇ પત્ર–વ્યવહાર થયો. છતાં મૃત્યુ સમીપ ટાણે એમની જે લોકોત્તર મહાનુભાવતાનાં મને દર્શન થયા એથી મારૂં હૃદય ગદ્ગદ્ બની ગયું. મહાત્મા ગાંધીજીએ આફ્રિકામાં ‘તિલક’ વિષે કહેલું કે એ એક જ એવો પુરૂષ ભારતમાં છે કે જેના દિલમાં સાચું દેશાભિમાન છે. તેમ મારે પણ કહેવું પડે છે કે જૈનસમાજમાં આ એક જ એવો પુરૂષ હતો કે જેના દિલમાં શાસનની અને શાસનને કોઇને કોઇ પ્રકારે સેવા આપતા કાર્યકરોની ચિંતા–લાગણી હતી અને એવાઓને મદદ આપવા તત્પર લંબાયેલો હાથ હતો. એવો પુરૂષ તો જૈનશાસનમાં બીજો પાકે ત્યારે ખરો!

રતિલાલ મફાભાઇ શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : ઉષા પ્રિન્ટરી લી. દેવકરણ મેનશન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ, ૨.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર     રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪
અંક : ૧૨     મુંબઇ : ૧૫ ઓકટોબર ૧૯૫૨, બુધવાર     વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## આજાનબાહુ મુનિ જિનવિજયજી

( 'લોકવાણી'માંથી ઉદ્ધૃત અને અનુવાદિત )

"ઈશ્વરે મને રાજસ્થાનમાં જન્મ આપ્યો, પરંતુ રાજસ્થાનની સેવા કરવાનું સુભાગ્ય મને સાંપડયું નહિ. રાજસ્થાનમાં કોઇ સ્થળે રહીને કાંઇક સાર્વજનિક કામ કરવાની છેલ્લાં વીશ વર્ષથી ઈચ્છા રહ્યા કરે છે. એ દૃષ્ટિએ મેં ઘણાં સ્થળોનું નિરીક્ષણ પણ કર્યું છે, પરંતુ કદાચ ઈશ્વરને એ મંજુર નહિ હોય."

### સર્વોદયની સાધના તરફ

આપણે જેમને મુનિ જિનવિજયજીના નામથી ઓળખીએ છીએ તે પરાક્રમી પુરૂષના ઉપરના ઉદ્ગારો છે. આજથી લગભગ બાર વર્ષ પહેલા ઉદયપુરમાં મળેલા રાજસ્થાન હિન્દી સાહિત્ય સંમેલનના તેઓ પ્રમુખ થયા હતા. એ વખતે (૧૯૪૦ માં) જે અશકય લાગતું હતું તે આજે શકય બન્યું છે. ગુજરાતમાં જઇને વસેલા અને તેમના જીવનનો મોટો ભાગ દક્ષિણમાં તથા ગુજરાતમાં વ્યતીત કરેલ મુનિજી રાજસ્થાનના મુખ્ય શહેર જયપુરમાં બેસીને રાજસ્થાન સરકારના પુરાતત્વ મંન્દિરનું સંચાલન કરી રહયા છે. તેમના પ્રિય વિષયમાં ઓતપ્રોત હોવા છતાં એથી આગળ વધીને સર્વોદય સાધનાનું એક વિશેષ કામ ગામડામાં બેસીને તેમણે શરૂ કર્યું છે. કેમકે તેઓનું કહેવું એમ છે કે "મારી આખી જીન્દગી મેં સાહિત્યની સેવા તો કરી. હવે મને લાગે છે કે પીડિત જનોની વચ્ચે જઇને રહેવું જોઇએ. શરૂઆતમાં મારૂં વલણ સમાજવાદતરફ હતું. પરંતુ તે પક્ષ પાસે કાંઇ રચનાત્મક કામ નથી, પરંતુ ખંડનાત્મક છે. સામ્યવાદીઓનો આશય દુષ્ટ છે. અત્યારના સંયોગોમાં જનતાને સાચા માર્ગદર્શનની જરૂર છે, પરંતુ એ કામ હું શહેરમાં બેસીને ન કરી શકું. સામાજિક કાર્ય કરવું હોય તો ગામડામાં જઇને બેસવું જોઇએ. આ બાબતનો વિચાર હું બે વરસથી (૧૯૫૦ પહેલાના બે વર્ષથી) કરી રહ્યો છું. આમાં અન્નની અછતનો પણ પ્રશ્ન છે. હું માનું છું કે હિન્દુસ્તાનમાં અન્નની કમી નથી. જે અત્યારે અછત દેખાય છે તે બહારની સ્થિતિ છે. અગર જો ખરેખર અછત હોય તો કાળા બજારમાં અનાજ કેવી રીતે મળે? આ એક વિષચક્ર છે. સરકારમાં આ વિષચક્રમાંથી બહાર નીકળવાની હીંમત નથી. આ બધી બાબતોમાં આમપ્રજાને કંઇક માર્ગદર્શક થઇ શકું એ મારા સર્વોદય સાધના-આશ્રમ પાછળની દૃષ્ટિ છે."



### અનોખા મુનિ

આ આશ્રમ ચિત્તોડની પાસે ચન્દેરિયા ગામમાં છે. મુનિજી પુરાતત્વનું કામ જયપુરમાં અને મુંબઇમાં કરે છે અને દેશસેવાનું કામ ચન્દેરિયામાં. મુનિજીનું આગલું જીવન જાણવાની કોઇને પણ ઉત્કંઠા થાય એ સ્વાભાવિક છે, કેમકે તેઓ સાંપ્રદાયિક બંધનોમાં જકડાયલા મુનિ નથી. તેઓ રેલ્વે, મોટર ગાડીમાં બેસે છે, સીવેલા કપડા પહેરે છે, જૈન મુનિઓના બ્રહ્માચારોથી પણ તેઓ મુકતપણે રહે છે. સામાન્ય નિવાસોમાં પણ તેઓ રહે છે અને અમદાવાદમાં તો તેમનું પોતાનું મકાન 'અનેકાન્ત વિહાર' તેમણે બનાવ્યું છે. આ વાતો સાંભળીને તથા જોઇને આશ્ચર્ય થાય છે અને નવયુગના આ અનોખા મુનિજીની જીવન-ઘટનાઓ જાણવાનું કુતુહલ આપણે અનુભવીએ છીએ.

મુનિપદના વિષયમાં તેઓ પોતે કહે છે કે—"મારામાં એ નૈસર્ગિક વૈગુણ્ય છે કે હું જનસંપર્કમાં વધારે તાદાત્મ્ય સાધી શકતો નથી. મને પ્રાય: એકાન્તવાસ જ વધારે પ્રિય છે. અને એકાન્તમાં બેસીને જ હું સાહિત્યસાધના કરૂં છું. વ્યાખ્યાનાદિમાં મારી વિશેષ રૂચિ રહેતી નથી. બોલવા કરતાં મૌન રહેવામાં મને વિશેષ આનન્દ રહે છે અને કદાચ આ વિષય પુરતું મારૂં આ 'મુનિ'પદ સાર્થક ગણાય. બાકી આપ મારા જીવનવ્યવહારમાં જોઇ શકશો કે 'મુનિ' નામક વિશેષણ સાથે મારે કંઇ ખાસ લેવા દેવા નથી. સંસ્થાઓના આંતરિક વ્યવહારો અને અધિકારોમાં મને કોઇ ખાસ રસ નથી. તેથી હું એવી ખટપટમાં કયારેય પડતો નથી."

### પૂર્વજીવન

પંડિત જિનવિજયજી આજથી લગભગ ૬૫ વર્ષ પહેલા ઉદયપુર રાજ્યના એક નાના ગામ રૂપાહેલીમાં રાજપુત (પરમાર) કુળમાં જનમ્યા હતા. તેમના પિતાનું નામ વૃદ્ધિસિંહ અને માતાનું નામ રાજ-કુમારી હતું. પોતાનું નામ કિસનસિંહ હતું. માતાએ તેમનું નામ રણમલ રાખ્યું હતું. આ કુટુંબ મૂળ અજમેર મેરવાડાનું માલીક હતું. જયારે ૧૮૫૭ માં ભારતનું પ્રથમ સ્વાતંત્ર્ય યુદ્ધ થયું હતું ત્યારે મુનિજીના પિતા વૃદ્ધિસિંહે અને દાદા ઘનશ્યામસિંહે યુદ્ધમાં ભાગ લીધો હતો. એમના પરિવારના ઘણા માણસો માર્યા ગયા હતા અને યુધ્ધવિફળતાના પરિણામરૂપે અંગ્રેજ સરકારે તેમની જાગીર જપ્ત કરી હતી. અને કદાચ આ વિદ્રોહીઓ હાથ આવી ગયા હોત તો તેમને પણ ફાંસી મળી હોત. આવી પરિસ્થિતિમાં મુનિજીના પિતા તથા દાદાએ અજ્ઞાતવાસ લીધો. અજ્ઞાતવાસ પછી કેટલાક સમય બાદ ઘનશ્યામસિંહજી પોતાના સસરાના ગામ રૂપાહેલીમાં જઇને વસ્યા. એ એક નાનું એવું ગામ હતું. કુટુંબની પણ નિર્ધન અવસ્થા હતી. ભણવાનું કોઈ સાધન હતું નહિ, પરંતુ મુનિજીમાં માતા-પિતાના

ઉચ્ચ સંસ્કાર તો હતા જ. મુનિજીના પિતા બીમાર પડયા. અજમેરના એક સિદ્ધ યતિ દેવીહંસજી-જેમની વય ૧૦૦ વર્ષની હતી-તેમને ઉપચાર માટે બોલાવવામાં આવ્યા. એ ધર્મશાસ્ત્ર, જ્યોતિષ તથા વૈદકમાં પારંગત હતા અને જનપ્રિય તથા રાજપ્રિય હતા. બાળક કિસનસિંહ (રણમલ) તેમના સમાગમમાં આવ્યા. યતિજીના તેઓ પ્રિય થઇ ગયા. એક દિવસ વૃધ્ધિસિંહજીએ યતિજીને બાળકના ભવીષ્ય વિષે પૂછ્યું. "શું આ બાળક અમારી ગુમાવેલી જાગીર પાછી મેળવી શકશે?" આ પ્રશ્નનો ઉત્તર યતિજી જાણતા હતા અને કહી પણ દેત કે 'નહિ', પરંતુ આવા જવાબથી બીમારને આઘાત લાગે તે કારણે યતિજીએ ગોળગોળ જવાબ આપ્યો કે "બાળકનું ભાવિ ઘણું ઉજ્જવળ છે, તે બુદ્ધિમાન થશે અને વિદ્વાન થશે અને તમારૂં નામ ઉજ્જવળ કરશે." અને તેમના પિતાનું મૃત્યુ થયું.

કિસન ઉપર યતિજીને ઘણો પ્રેમ હોવાથી તેને ભણવા માટે આગ્રહ કર્યો. કિસને કહ્યું કે 'હું નિશાળમાં નહિ જાઉં, તમે મને ભણાવો.' યતિજીની પાસે બેસીને કિસને જૈનસ્તોત્ર, વ્યવહારિક હિસાબ કિતાબ, ચાણાકય નીતિ, અમરકોષના શ્લોકો વિ. કંઠસ્થ કર્યું અને યતિજીની પાસે કિસન રહેવા લાગ્યો. જ્યારે યતિજી ૧૦૮ વર્ષના થયા અને બીમાર પડયા ત્યારે તેમને ચિતોડની નજીક સારવાર માટે લઇ જવામાં આવ્યા. યતિજીની ઇચ્છા મુજબ કિસને માતા પાસે યતિની સાથે જવાની આજ્ઞા માગી. "જા બેટા, મહાત્માજીની સેવા કરવી એ તો આપણો ધર્મ છે." પરંતુ બીચારી એ વિધવા માને કયાં ખબર હતી કે તે રણમલનું મુખ ફરીથી પોતે જોઇ શકશે નહિ!

## ધનચંદ્રના સકંજામાં

ચાર માસની માંદગી પછી યતિજીનો દેહાંત થયો. તેથી મુનિજીને સખત આઘાત લાગ્યો. મરતી વખતે યતિજીએ મુનિજીને આશીર્વાદ આપ્યા. યતિજીનો ધનચંદ્ર નામનો એક શિષ્ય હતો. તેને લાગ્યું હતું કે કિસનસિંહ બુધ્ધિમાન છે અને તે યતિજીનું કામ ચાલુ રાખી શકશે. એટલે કિસન સામે ઘણા પ્રલોભનો રાખવામાં આવ્યા, તેમાં અધ્યયનનું પ્રલોભન સવિશેષ હતું.

એક બાજુથી ધનચંદ્રે કિસનને પોતાના કાબુમાં રાખેલ હતો. કિસનની મા તેને ઘેર બોલાવતી, પરંતુ ધનચંદ્ર તેને કોઇને કોઇ બહાને જવા દેતો નહિ. વિધવા માતા વ્યવહારિક દૃષ્ટિએ ઘર છોડીને કિસનને ઘેર લાવવા માટે પોતે બહાર નીકળી શકતી નહોતી. ધનચંદ્રને ત્યાં બીજા યતિ આવ્યા. કિસનને તેના પ્રત્યે આકર્ષણ થયું. યતિજીનું પણ એમ માનવું હતું કે જો કિસન તેમની સાથે આવે તો સારૂં. સંસ્કૃત શીખવવાની લાલચ કિસનને આપવામાં આવી. ધનચંદ્રે યતિની સાથે જવાની કિસનને આજ્ઞા આપી, પરંતુ ધનચંદ્રને કયાં ખબર હતી કે આગતુંક યતિ કિસનને હંમેશને માટે લઇ જાય છે! ધનચંદ્રે કિસનની માતાને જે રીતે ફસાવી હતી તે રીતે અહીં પોતે પણ ફસાઇ રહ્યો હતો.

નવા યતિની સાથે મુનિજી મેવાડ છોડીને માળવામાં ગયા. "મારૂં એ દુર્ભાગ્ય છે કે નાનપણથી જ માતાથી મને દૂર કરી દેવામાં આવ્યો."

આવી રીતે મુનિજી અનેક યતિ સાધુઓના સંપર્કમાં આવ્યા. તેર વર્ષની ઉમ્મરે તેમને સ્થાનકવાસી જૈન સાધુની દીક્ષા આપવામાં આવી. કિશનસિંહને બદલે હવે કિસનલાલ બની ગયા. પરંતુ આ સંપ્રદાયમાં એમને સંકીર્ણતા લાગતાં ૨૨ વર્ષની ઉમ્મરે તેમણે મૂર્તિપૂજક સાધુ તરીકે દીક્ષા લીધી અને ત્યારથી તેમનું નામ જિનવિજયજી પડયું.

## ઇતિહાસ પ્રત્યે અભિરૂચિ

પોતાને ઇતિહાસ પ્રત્યે કયારથી અભિરૂચિ થઇ એ સંબધમાં મુનિજી કહે છે કે "૧૯૦૧ માં જ્યારે મેં ધારમાં ચાતુર્માસ કર્યું હતું ત્યારે ત્યાં ભોજરાજાની પાઠશાળા જોવાનો મને મોકો મળ્યો હતો. ભોજરાજા અને ધારાનગરીએ મારા મન ઉપર પ્રભુત્વ જમાવ્યું. ભાટચારણો પાસેથી સાંભળેલી વાતોથી જે સંસ્કારો પડયા હતા તેમાં આથી ચિંતન અને મનન શરૂ થયું. અમે ભોજરાજાના વંશજો-અમારી પરમારવંશની ઉત્પત્તિ તેમાંથી જ થઈ એવી ચારણકથા છે. જે અમારા પૂર્વજ હતા તે ભોજરાજાની આ નગરી છે. ધારાનગરીના મુંજરાજા યાદ આવ્યા. મુંજ એ જ ભોજ હશે એવી જિજ્ઞાસા ઉત્પન્ન થઈ. કોને પૂછું? સાધુઓને તેની સમજણ નહોતી. ભોજરાજાની પાઠશાળાનું મસ્જીદમાં પરિવર્તન કરવામાં આવ્યું હતું. તેનું શિખર વરસાદને લીધે તૂટી ગયું હતું. એટલે એની શિલાઓને મુસલમાન રાજાએ એ ઉંધી લગાવી દીધી હતી. દીવાલો ઉપર દેવનાગરી લિપિમાં સુંદરતમ લેખો કોરેલા હતા. એ લિપિ હું વાંચી ન શકયો. શ્રી. એસ. આર. ભાંડારકર ત્યાં પુરાતત્વની દૃષ્ટિએ તપાસ માટે આવ્યા હતા. એમને મેં પૂછ્યું. કે ભોજરાજા થઈ ગયા અને એમની જે ધારાનગરી કહેવાય છે તે આ જ?" તેમણે જવાબ આપ્યો. "એ સવાલ જ કેમ ઉદ્ભવે છે? એ તો ઐતિહાસિક ઘટના છે. ઇતિહાસમાં આ બધું લખેલું છે. પાઠશાળામાં વિદ્યાર્થીઓને એ શિખવવામાં આવે છે."

"મને લાગ્યું કે આ બધું જાણવું જોઇએ. પરંતુ સાધુઓનું જીવન ઘણું સંકીર્ણ હોવાથી બીજાઓનો પરિચય ઓછો સાધી શકાય છે. શું કરવું તેની સમજણ પડતી ન હતી. રોજ શૌચ જતી વખતે પાઠશાળામાં જતો હતો. ઇચ્છા હતી કે શિલાઓનું નિરીક્ષણ કરૂં પરંતુ મને વ્યાકરણ અને પ્રાકૃતિનું જ્ઞાન ન હતું અને સંસ્કૃતનું પણ શબ્દ સમજી શકું એટલું જ જ્ઞાન હતું. ત્યાં એક બ્રાહ્મણ પંડિત મળ્યા. તેમણે કહ્યું કે "વ્યાકરણ વિના સમજણ નહિ પડે, જૈન લોકો વ્યાકરણ શીખવતા ન હતા" કેમકે તેમનો એવો ખ્યાલ હતો કે વ્યાકરણ શિખવાથી ધર્મપરની શ્રધ્ધા ઓછી થઇ જાય છે. વ્યાકરણ શિખે તે ભ્રષ્ટ થાય છે. તેથી વ્યાકરણ આગળ શિખવવું ન જોઇએ.

## 'ઇતિહાસ ગપ્પ છે.'

'સ્થાનકવાસી જૈન સાધુ મૂર્તિપૂજામાં નહિ માનતા હોવાથી એવો પ્રચાર કર્યા કરતા હતા કે ઇતિહાસ ગપ્પ છે. જ્યાં જ્યાં હું જતો હતો ત્યાં ત્યાં ઇતિહાસ ગ્રંથ વિષે પૂછતો રહેતો હતો. ઉજ્જૈનમાં એક મૂર્તિપૂજક સાધુના સંપર્કમાં આવ્યો. તેમણે મને ભોજરાજા વિષે લખેલા પુસ્તકનો પરિચય કરાવ્યો. ઉજ્જૈનમાં મહાકાળેશ્વરનું મંદિર અમારા વંશના ઇષ્ટદેવનું મંદિર છે. આથી ઇતિહાસ પ્રત્યે મને વધારે શ્રધ્ધા બેઠી. એ મૂર્તિપૂજક સાધુએ મારો અસંતોષ વધાર્યો. આથી વ્યાકરણ અને પૂરાણી લિપિઓનાં અધ્યયન પ્રત્યે મારી ઉત્કંઠા વધી."

આચાર્યપદનો મોહ છોડી મૂનિજી મૂર્તિપૂજક સાધુ બન્યા. "મને દિક્ષા દેવાવાળા સુંદરવિજયજીએ મારા અધ્યયન માટે એક બ્રાહ્મણ પંડિત રાખ્યા. વ્યાકરણથી મારો અભ્યાસ શરૂ થયો."

વડોદરામાં ચાતુર્માસ હતું ત્યારે ટૅાડકૃત રાજસ્થાનનો હિંદી અનુવાદ જેવા મળ્યો. એમાં પરમાર તથા શિશોદિયાની વાતો વાંચી ત્યારે જ્ઞાન થયું કે આનું નામ ઇતિહાસ છે. ઇતિહાસ એવી ચીજ છે કે જે વિષે એકવાર જિજ્ઞાસા થયા પછી જ્યાં સુધી તેનું સત્ય ન સમજાય ત્યાં સુધી તે છોડી શકાતો નથી. ધીરે ધીરે શાસ્ત્રીય અને ઐતિહાસિક દૃષ્ટિએ પૃથકરણ કરવાનો અભ્યાસ વધવા લાગ્યો અને એથી આ સંપ્રદાય ઉપરની શ્રધ્ધા ઓછી થવા લાગી.

## સાંપ્રદાયિક સાધુજીવનનો ત્યાગ

સન. ૧૯૦૨ થી ૧૯૨૧ સુધી જૈન સાધુઓના બંધનમાં રહેવા છતાં તેમનો ઇતિહાસ પ્રત્યેનો પ્રેમ વધતો ગયો. સંસ્કૃત, પ્રાકૃત, પાલી, ગુજરાતી, મરાઠી, બંગાલી, અંગ્રે વિ. ભાષાઓ તેઓ શીખ્યા. વિદ્યાભ્યાસ વધતો ગયો. જ્યારે તેઓ ભંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટયુટના સબંધમાં પૂનામાં રહેતા હતા ત્યારે તેઓ લોકમાન્ય તિલક મહારાજના સમાગમમાં આવ્યા. રાજસ્થાનના ક્રાંતિકારી અર્જુનલાલ શેઠીના સંપર્કમાં આવવાથી ક્રાંતિના વિચારો શરૂ થયા. સામાજિક ક્રાંતિના વિચારો વાડીલાલ મોતીલાલ શાહના સંપર્કથી

શરૂ થયા. સાંપ્રદાયિક સાધુપણું સાલવા લાગ્યું. એ અરસામાં મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી હિંદ પાછા આવ્યા હતા. તેમણે પોતાનો આશ્રમ અમદાવાદમાં સ્થાપ્યો હતો. આશ્રમ જોવાની ઇચ્છા મુનિજીને થઇ, પરંતુ સાધુ રેલ્વેમાં કેમ બેસી શકે? ઘણા વિચારમંથનના અંતે આખરે મુનિજીને અસહયોગ આંદોલને આકર્ષ્યા. સાધુવેશ છોડીને તેઓ મહાત્માજીના આમંત્રણથી અમદાવાદ ગયા. જીવન વ્યવહારની પરવા કરી નહિ. તેઓ કહે છે કે "સાધુઓને આજીવિકાની ચિન્તા ઓછી નથી હોતી. તેમણે જીવનમાં કાંઇ વ્યવસાય કર્યો નથી હોતો તેથી, જે સંપ્રદાયે તેમનું પોષણ કર્યું હોય છે તેનો ત્યાગ કરતી વખતે તેને બહુ વિચાર કરવો પડે છે. ૧૯૨૧માં મહાત્માજીએ અસહયોગ આંદોલન શરૂ કર્યું હતું. એથી હું પ્રભાવિત થયો. ઉદરપોષણની ચિન્તા ભવિષ્યમાં ઉભી થશે તો હું મજુરી કરીશ. રેલ્વે મજુરોને મેં જોયા હતા. કાંઇ નહિ તો એ કામ તો મને મળી જ રહેશે. આખી જીંદગી હું મસ્ત રહીશ. આજે પણ મારા મનમાં એ જ વાત છે. જો અવસર મળે તો ખબર પડે કે એ મારા દીલની સાચી વાત હતી કે નહિ? પરંતુ એ વખતે મારામાં બીજી કોઇ કુશળતા નહોતી. મજુરી કરવા જેટલી બુદ્ધિ તો હતી જ. ભારતખ્યાત ગુજરાત વિદ્યાપીઠના જન્મ પહેલાં તેના ગર્ભગત સંસ્કારો મારામાં પ્રવેશ્યા હતા અને એની સ્થાપના પછી તેની અધીનતામાં ગુજરાત પુરાતત્ત્વ મંદિર જેવી સંસ્થાની સ્થાપના અને તેના સંચાલનમાં મેં યથાયોગ્ય મારી સેવા આપી. અને એની સાથે સાથે વર્તમાનપત્રોમાં પણ મેં જાહેર કર્યું છે કે આજથી મેં સાંપ્રદાયિક સાધુજીવનનો ત્યાગ કર્યો છે અને નવું જીવન શરૂ કર્યું છે."

અપૂર્ણ

ગોકુળભાઇ દૌલતરામ ભટ્ટ

# પ્રકીર્ણ નોંધ

## નૂતન વર્ષાભિનંદન

આગામી ૧૯ મી તારીખના મંગળ પ્રભાતે વિક્રમ સંવત્ ૨૦૦૮ નું વર્ષ પુરૂં થાય છે અને ૨૦૦૯નું વર્ષ શરૂ થાય છે. આપણું જીવન અનેક આધિ, વ્યાધિ અને ઉપાધિઓથી ઘેરાયેલું હોઇને સામાન્યતઃ આવા પર્વના દિવસોમાં ચિત્તનો જે ઉલ્લાસ હોવો જોઇએ તે આજે આપણે નથી અનુભવતા. ચાલુ જીવન વધારે આબાદ, સુખમય અને હળવું બનવાને બદલે વધારે કઠણ, અગવડોથી ભરેલું અને જટિલ બનતું જાય છે. વળી જે વર્ગમાંના આપણે છીએ તે વર્ગની આર્થિક સ્થિતિ ઉત્તરોત્તર ઘસાતી જાય છે અને કામ ધંધા તુટતા જાય છે. આમ છતાં પણ દીવાળી આવે એટલે ચાલુ પરિસ્થિતિની વિકટતા એ દિવસ વિસારે પડે છે, પરંપરાગત સંસ્કારો અને અધ્યાસને લીધે અણધારી પ્રફુલ્લતાનો ચિત્તમાં સંચાર થાય છે અને નવા વર્ષના ઉગમ સાથે નવી આશાનું સ્પંદન મનને પુલકિત કરે છે. અને એમ બને તે જ યોગ્ય છે. ગમે તેવા પ્રતિકુળ સંયોગો વચ્ચે પણ આશા તે પ્રદીપને સળગતો રાખીને આપણે આગળ વધવાનું છે અને નવાં ક્ષેત્રો સર કરવાનાં છે. આજે ઘનઘોર અંધકાર લાગતો હોય તો પણ આવતી કાલે ઉજાસ દેખાવાનો છે એ શ્રદ્ધાપૂર્વક નિજ નિજના કર્તવ્યમાં સૌ કોઇએ કટિબધ્ધ થવું ઘટે છે. એ રીતે આગળ ને આગળ વધતાં આપણે આજની મુશ્કેલીઓનો અન્ત લાવી શકીશું, આજની ગુંચોનો ઉકેલ શોધી શકીશું, આ પૃથ્વી ઉપર સ્વર્ગનું અવતરણ કરી શકીશું. પ્રબુધ્ધ જૈનના વાંચકોને નુતન વર્ષના મંગળ પ્રભાતે અન્તરનાં અનેક અભિનન્દન છે, દિલની અનેક શુભેચ્છાઓ છે. સૌ કોઇ પોતપોતાના વ્યકિતગત શ્રેયને સમજે અને સાધે અને એ રીતે આપણ સર્વ સમષ્ટિગત શ્રેયને હસ્તગત કરીએ અને આબાદી અને પ્રગતિના પંથે આગળ ને આગળ પગલાં માંડતા રહીએ.

## રાજ્યની અસંપ્રદાયિકતા એટલે શું?
## પ્રજાનું ધાર્મિક સ્વાતંત્ર્ય એટલે શું?

હિંદના નવા બંધારણમાં હિંદના રાજ્યને અસાંપ્રદાયિક—secular—તરીકે ઓળખાવવામાં આવેલ છે. વળી સાથે સાથે દરેકને પોતપોતાના ધર્મ—સંપ્રદાય—મજહબ—અનુસાર વર્તવાની છૂટ રહેશે અને તેમાં રાજ્ય કદિ પણ હસ્તક્ષેપ નહિ કરે એમ પણ જણાવવામાં આવેલ છે. આમ છતાં પ્રાન્ત પ્રાન્તની ધારાસભાઓમાં ખાસ કરીને સામાજિક પ્રશ્નો સંબંધમાં અનેક ધારાઓ લાવવામાં આવે છે, પસાર કરવામાં આવે છે અને આ ધારાઓ સંબંધમાં એક યા બીજા સંપ્રદાયવાળાઓ પોકાર કરી ઉઠે છે કે આ ધારો—આ કાયદો—અમારા ધર્મની વિરૂદ્ધ છે અને અમારા ધર્મપાલનની આડે આવે છે. માટે એવો કાયદો થવો ન જોઇએ અથવા તો થયો હોય તો રદ થવો જોઇએ. આવી પરિસ્થિતિ જોતાં સહજ પ્રશ્ન થાય છે કે તો પછી રાજ્યનું અસાંપ્રદાયિકપણું એટલે શું અને દરેકને પોતાનો ધર્મ પોતપોતાના ખ્યાલો મુજબ પાળવા દેવામાં આવશે—આવી નવા રાજ્ય બંધારણે પ્રજાજનોને આપેલી બાંહ્યધરીનો અર્થ શું? રાજ્ય અસાંપ્રદાયિક છે. એટલે ધર્મવિરોધી છે એમ સમજવું? અને આ ધાર્મિક સ્વાતંત્ર્ય એટલે અમર્યાદિત સ્વાતંત્ર્ય સમજવું કે તે સ્વાતંત્ર્યને પણ કોઇ ચોક્કસ મર્યાદા છે ખરી? આ બીજા પ્રશ્નના ઉત્તરરૂપે બોંબે પબ્લીક ટ્રસ્ટ અંગેના પોતાના ચુકાદામાં મુંબઇ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ચાગલાએ બહુ સ્પષ્ટપણે જણાવ્યું છે કે "બંધારણમાં ધાર્મિક સ્વાતંત્ર્યની કલ્પના કરવામાં આવી છે તે કોઇ અમર્યાદિત (પ્રબુદ્ધ જૈનના ગયા અંકમાં આને બદલે ભૂલથી 'મર્યાદિત' શબ્દ છપાયેલ છે તે સુધારી લેવું) સ્વાતંત્ર્ય નથી, પણ એ સ્વાતંત્ર્ય હિંદ એક બીનસાંપ્રદાયિક રાજ્ય છે એ ખ્યાલને અનુરૂપ અને એ ધોરણે મર્યાદિત સ્વાતંત્ર્ય સમજવાનું છે. આપણું રાજ્યબંધારણ ધર્મને લગતી દરેક બાબતને રક્ષણ આપતું નથી તેમ તેમાં એમ પણ જણાવવામાં આવ્યું નથી કે કોઇ પણ પ્રવૃત્તિમાં રાજ્ય તરફથી કદિ પણ દખલગીરી કરવામાં નહિ આવે........ધર્મ સાથે અનેક સામાજિક અથવા તો જેને સાંપ્રદાયિક કહી ન શકાય એવી—secular—પ્રવૃત્તિઓ જોડાયલી છે. પણ આ બધી પ્રવૃત્તિઓનો બંધારણની સમજણ મુજબ ધર્મ શબ્દમાં સમાવેશ થઇ ન જ શકે. માણસ જે કાંઇ કરે છે—પછી તે પહેરવેશને લગતી બાબત હોય કે ખાનપાનને લગતી હોય—આ બધું ધાર્મિક પ્રવૃત્તિના નામ નીચે આવી શકે છે. પણ એ ઉપરથી એમ કહેવું કે બીનસાંપ્રદાયિક રાજ્યના ધોરણે ઘડાયલા બંધારણ અનુસાર માનવીની દરેક રહેણીકરણી અને પ્રવૃત્તિને ધર્મના નામ નીચે રક્ષણ મળવું જોઇએ—એ કેવળ બેહુદુ અને અણસમજભર્યું લેખાય. બંધારણની ૨૫મી કલમ વ્યક્તિગત આચરણ પુરતા ધાર્મિક સ્વાતંત્ર્યને રક્ષણ આપે છે. પણ આ હકકનો પણ—આ સ્વાતંત્ર્યનો પણ—જાહેર સહીસલામતી, નીતિમત્તા અને સામાજિક આરોગ્યની મર્યાદામાં રહીને જ વિચાર કરવાનો રહે છે અને આર્થિક, નાણાકીય કે રાજકારણી પ્રવૃત્તિઓનું—પછી ભલે તેની સાથે ગમે તેવા ધાર્મિક ખ્યાલો જોડાયેલા હોય તો પણ—નિયમન કરવાની સર્વ સત્તા રાજ્ય ધરાવે છે. દરેક રાજ્યને સામાજિક કલ્યાણ અને આરોગ્ય સંબંધમાં જરૂરી કાયદાઓ ઘડવાનો અધિકાર હોય જ છે. પછી ભલે આવા કાયદાઓ કોઇ પણ ધાર્મિક કાનુન, માન્યતા, આચાર કે પ્રચારથી તદ્દન પ્રતિકુળ હોય."

પ્રજાજનોને બક્ષાયલા ધાર્મિક સ્વાતંત્ર્યની આ મર્યાદાઓ સૌ કોઇએ બરોબર લક્ષ્યમાં લેવાની જરૂર છે. ધાર્મિક સ્વાતંત્ર્ય એટલે જરૂર દરેકને પોતપોતાના મજહબ મુજબ આચરવાની પુરી છુટ હોય—રાજ્ય તરફથી કે કોઇ વ્યક્તિ યા સમુદાય તરફથી તેના ઉપર બીજો કોઇ ધર્મ—સંપ્રદાય—કે મજહબ લાદવામાં ન આવે, પણ એનો અર્થ એવો હરગીજ નહિ કે ધાર્મિક ગણાતી કોઇ પણ આચારની બાબતમાં રાજ્ય કદિ દખલગીરી કરી ન જ શકે. જ્યારે જ્યારે સમાજકલ્યાણની દષ્ટિએ જરૂર પડે ત્યારે ત્યારે રાજ્ય આવી દખલગીરી જરૂર કરી શકે જ છે અને એમ ન હોય તો સમાજમાં પ્રગતિની કોઇ સંભાવના ન રહે. કારણ કે લોકજીવનમાં ધર્મના ખ્યાલો વાણાતાણાની માફક

વણાયલા છે અને આ બાબત ધાર્મિક અને આ બાબત ધાર્મિક નહિ એમ તારવવું ઘણી વાર મુશ્કેલ થઇ પડે છે.

અંગ્રેજી હકુમત વિષે એવી માન્યતા સેવવામાં આવે છે કે તે કદિ પણ ધાર્મિક જીવનમાં દખલગીરી કરતી નહોતી. પણ આ એક પ્રકારનો ભ્રમ છે. જયારે જ્યારે અંગ્રેજ સરકારને પ્રજાના સમાજ-જીવનમાં અમુક ફેરફારો કરવાની ઇચ્છા થઇ ત્યારે ત્યારે અંગ્રેજ સરકારે મજબુત હાથે કામ લીધું જ છે અને ધાર્મિક લેખાતી બાબતમાં દખલગીરી કરી જ છે. એમ ન હોત તો સતીનો પ્રતિબંધ, વિધવા-લગ્નને અનુમતિ, બાલ લગ્ન પ્રતિબંધ અને એવા બીજાં કાયદાઓ એ સરકારની હકુમત દરમિયાન થવા પામ્યા ન હોત; પણ એ નીતિનો અંગ્રેજ સરકારે બહુ અલ્પ પ્રમાણમાં અમલ કર્યો હતો, કારણ કે એક તો એ પરદેશી હકુમત હતી અને બીજું ધર્મિક બાબતોમાં પ્રજાની આળી-સ્થિતિચુસ્ત-મનોદશા તે બરોબર સમજતી હતી અને તેનું ધ્યેય પ્રજા ઉપરના પોતાના શાસનને બને તેટલું દીર્ઘજીવી બનાવવાનું હતું અને નહિ કે પ્રજાને આગળ લઇ જવાનું, સમાજ-રચનામાં ઘર કરી રહેલી ઉંચનીચની ભાવનાને નાબુદ કરીને ન્યાય અને સમાનતાની સ્થાપના કરવાનું અને દબાયલા થરોને ઉંચે લાવવાનું. નવા રાજ્યનિર્માણ નીચે આ નીતિનો વધારે વેગથી અમલ થવા માંડયો છે, કારણ કે સામાજિક ઉત્થાન, પ્રગતિનું-ક્રાન્તિ એ રાજ્ય, એક મુખ્ય ધ્યેય છે. અને કંઇ કાળથી ઘર કરી બેઠેલી પ્રગતિવિઘાતક અનેક રૂઢિઓ-કુપ્રથઓ-રીતરિવાજો-પછી તે ધાર્મિક હો કે સામાજિક-તેને નાબુદ કર્યા સિવાય પ્રજાનું ઉત્થાન શકય જ નથી.

આ તો આપણે ધાર્મિક સ્વાતંત્ર્યનો વિચાર કર્યો. હવે આપણે રાજ્યની બીનસાંપ્રદાયિકતા એટલે શું તે પ્રશ્નની જરા વિગતથી આલોચના કરીએ. આ અસાંપ્રદયિકતાનું આપણે આ રીતે વિશ્લેષણ કરી શકીએ.

(૧) રાજકીય અસાંપ્રદાયિકત્વ એટલે ધાર્મિક તટસ્થતા. દા. ત. પાકીસ્તાન પોતાના રાજ્યને ઇસ્લામી રાજ્ય તરીકે છડેચોક ઓળખાવે છે અને એની સર્વ નીતિ મુસલમાન ધર્મ તેમ જ મુસલમાનો સંબંધમાં પક્ષપાતી છે અને રહેવાની છે એમ સ્પષ્ટરૂપે તે જણાવે છે. આની સામે હિંદનું બંધારણ એમ કહે છે કે અમારે ત્યાં વસ્તીની બહુમતી હિંદુઓની હોવા છતાં આ રાજ્ય એવું કશું નહિ કરે કે જે અન્ય ધર્મો અથવા તો સંપ્રદાયોના વિરોધમાં હિંદુધર્મનું જ પક્ષપાતી હોય અથવા દેખાય અથવા તો જેનો લાભ હિંદુઓને જ મળે.

(૨) આમ છતાં હિંદનું રાજ્ય ધર્મવિરોધી છે એમ પણ નહિ કહી શકાય. કારણ કે હિંદનું બંધારણ દેશમાં પ્રવર્તતા ધર્મો કે સાંપ્રદાયોનો ઉચ્છેદ નથી માગતું (જેમ રશીઆ માગે છે તેમ) પણ ઉલટું પ્રત્યેક પ્રજાજન પોતપોતાનો ધર્મ પાળી શકશે. અને તે બાબતમાં તેની કોઇ આડે નહિ આવે તેવી બાહ્યધરી ઉપર જણાવ્યું તે મુજબના મર્યાદિત આકારમાં હિંદનું બંધારણ આપે છે.

(૩) આટલું જ નહિ પણ કોઇપણ ધર્મની સારી વસ્તુને અપનાવતાં નવું રાજ્યતંત્ર અચકાતું નથી એમ પણ માલુમ પડે છે. દાખલા તરીકે રાષ્ટ્રનું રાજ્યચિહ્ન બૌધ્ધ ધર્મની જ બક્ષીસ છે એમ કહીએ તો ચાલે. પોસ્ટની ટીકીટોમાં અનેક ધાર્મિક ઇમારતો અને સન્તોની છબીઓ છાપવામાં આવે છે. ધર્મ સાથે જોડાયેલ ચિત્રકળા, શિલ્પ, સંગીત, તેમજ નૃત્યને પણ રાજ્ય અપનાવે છે. રેડીઓમાં ધાર્મિક ભજનો, પ્રાર્થનાઓ, પ્રવચનો આપણે અવારનવાર સાંભળીએ છીએ. આ બધું સ્વીકારવામાં આવે છે તે અમુક ધર્મનું છે એટલા માટે નહિ પણ જનતાની સુરૂચિને સંસ્કારવામાં ઉપકારક છે એટલા માટે. આ જ ધોરણે ધાર્મિક અવસરોમાં સરકારી અધિકારીઓ ભાગ લઇ શકે છે, ધાર્મિક સંમેલનો ભરવામાં સરકાર જોઇતી સહાય આપે છે.

(૪) બીજી બાજુએ જ્યાં પ્રજાના કલ્યાણનો, આરોગ્યનો, ઉત્કર્ષનો, ન્યાય અને નીતિનો પ્રશ્ન હોય ત્યાં જરૂરી કાયદાકાનુન કરવામાં કોઇ પણ ધર્મની માન્યતા કે રીત રીવાજના ખ્યાલો આ રાજ્ય-તંત્રને આડે આવી શકશે નહિ કે અટકાવી શકશે નહિ-આ તથ્ય પણ રાજ્યની અસાંપ્રદાયિકતાના ગર્ભમાં રહેલું જ છે.

આનો સાર એ થયો કે રાજ્યનું અસાંપ્રદાયિકત્વ એટલે ધાર્મિક તટસ્થતા અર્થાત કોઇપણ ચોક્કસ ધર્મ પ્રત્યે પક્ષપાતનો અભાવ, ધર્મવિરોધની કે ધર્મોને નાબુદ કરવાની લેશમાત્ર વૃત્તિ નહિ, ધર્મસંસ્થા સાથે એક યા બીજા પ્રકારે સંકળાયેલી સારી બાબતોને અપનાવવાની તત્પરતા, પણ સાથે સાથે એવી જ અનિષ્ટ બાબતોને નાબુદ કરવાની આતુરતા.

## બે રાજકારણી પક્ષોનું વિલીનીકરણ

સમાજવાદી પક્ષ અને કૃષક મજુર પ્રજાપક્ષ વચ્ચે પખવાડીઆ પહેલાં જોડાણ થયું છે અને એ સંમીલિત પક્ષ 'પ્રજા સમાજવાદી પક્ષ'-Praja Socialist Party-ના નામે ઓળખાશે એમ જાહેર કરવામાં આવ્યું છે. આ પક્ષના પ્રમુખસ્થાને આચાર્ય કિરપલાણીજીની વરણી કરવામાં આવી છે અને શ્રી અશોક મહેતાને મુખ્ય મંત્રી તરીકે નીમવામાં આવ્યા છે. આ નવા પક્ષની વિચારસરણી (ideology) વિષે કશી વિગતવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી. અને આખા જોડાણની આ એક ભારે નબળી કડી છે એમ છતાં પણ બન્ને પક્ષના આગેવાનોએ છુટુંછવાયું જે કાંઇ જણાવ્યું છે તે ઉપરથી એટલું તારવી શકાય તેમ છે કે સમાજવાદીઓએ સર્વોદયના આદર્શનો સ્વીકાર કર્યો છે, વિકેન્દ્રીકરણ અને ગ્રામોદ્યોગના મહત્ત્વને પણ તેઓ સ્વીકારે છે. આ મુદ્દાઓને અધીન રહીને કાર્લ માર્કસની વિચારસરણીને મોટા અંશે કિરપલાણીજીનો પક્ષ અપનાવે છે એમ આપણે અનુમાન કરવું રહ્યું. વિનોબા ભાવેની ભૂદાનપ્રવૃત્તિને પણ બન્ને પક્ષો આવકારતા હોય એમ લાગે છે. આ નવા પક્ષની વિચારસરણિની અસ્પષ્ટતા સંબંધમાં શ્રી કિરપલાણીના એક લેખમાં જણાવવામાં આવ્યું છે કે સર્વોદય અને વિકેન્દ્રીકરણ સ્વીકારવામાં આવતા હોય અને રાજકારણી પ્રચાર અને પ્રવૃત્તિમાં અહિંસક પધ્ધતિનું પ્રાધાન્ય અંગીકાર કરવામાં આવતું હોય તો પછી સમાજવાદીઓના ઇષ્ટદેવતા કાર્લ માર્કસ શું કહે છે કે શું નથી કહેતા તેનો બહુ વિચાર કરવાની જરૂર નથી. ઉપરના મુદ્દાઓ સાથે કાર્લ માર્કસના જે સિધ્ધાન્તો અસંગત હશે તે પોતાની મેળે ખરી પડશે. શ્રી અશોક મહેતા પણ આ સંબંધમાં એવા આશયનો ભાવ વ્યકત કરે છે કે બન્ને પક્ષના વિલીનીકરણની ઉભારણી ચોક્કસ વિચારસરણી-ideology-ઉપર કરવામાં નથી આવી એ હકીકતને બહુ વજન આપવાની જરૂર નથી. દેશને શેની જરૂર છે તે બન્ને પક્ષના આગેવાનો બરોબર સમજે છે અને તે વિષે લગભગ સહમત છે. દેશનો વિકાસ કોઇ એક પ્રચલિત વાદના ચોગઠામાં-પછી તે ગાંધીવાદ હો કે કાર્લ માર્કસવાદ-રહીને કરવાનો છે જ નહિ. દેશની જરૂરિયાતો અને પાયાની પ્રતિભા-genius-ને જે કોઇ વિચારસરણિ અનુકુળ હશે તે રાષ્ટ્રોત્થાનનું કાર્ય કરતાં કરતાં સ્વાભાવિક રીતે ઉગી આવશે.

જ્યારે કિરપલાણીજી કોંગ્રેસમાંથી છુટા પડયા અને તેમણે કૃષક મજુર-પ્રજાપક્ષ ઉભો કર્યો ત્યારે તે પક્ષનું સમાજવાદી પક્ષ સાથે જોડાણ કરવા માટે બન્ને બાજુએ ઠીકઠીક વાટાઘાટો ચાલેલી, પણ નવા પક્ષ પાસે કોંગ્રેસના કટ્ટર વિરોધ સિવાય સ્પષ્ટ રૂપે બીજું કશું જ વિધેયાત્મક હતું નહિ અને એ વખતે સમાજવાદી પક્ષ સર્વોદય કે વિકેન્દ્રીકરણને સ્વીકારવાને તૈયાર નહોતો. વળી છેલ્લી ચૂંટણી પહેલાં સમાજવાદી પક્ષ એવી માન્યતા સેવતો હતો કે ચૂંટણીમાં પોતાના ઉમેદવારોને ઘણા મોટા પ્રમાણમાં સફળતા મળશે અને કોંગ્રેસ ઉપર કદાચ જીત નહિ મેળવે તો પણ કેન્દ્રમાં તેમ પ્રાદેશિક ધારાસભાઓમાં બળવાન વિરોધી પક્ષનું સ્થાન તો પોતાનો પક્ષ જ પ્રાપ્ત કરશે. ચૂંટણીએ કિરપલાણીજીના પક્ષ માટે કોઇ મહત્વનું સ્થાન રહેવા દીધું નહિ, એટલું જ નહિ પણ સમાજવાદી પક્ષને પણ ચોતરફ સખત શિકસ્ત મળી. બીજી બાજુએ

સામ્યવાદી પક્ષનો તો ચૂંટણી પહેલાં કોઇ હિસાબ નહોતું લેખતું તે પક્ષને ખાસ કરીને દક્ષિણ હિંદમાં બહુ મહત્વની સફળતા મળી. આ ઘટનાએ બન્ને પક્ષના આગેવાનોની આંખ ઉઘાડી અને એકમેકની નજીક આવવાની સરળતા કરી આપી અને Where there is a will, there is a way–જ્યાં ચિત્તની અનુકુળતા ઉભી થાય છે ત્યાં જોડાણનો માર્ગ નીકળે જ છે. સમાજવાદી પક્ષ અને કૃષક મજુર પ્રજા પક્ષના અદ્યતન વિલીનીકરણની આ પૂર્વભૂમિકા છે.

સાથે ચાલતાં હોય તેમાંથી જુદા પડવું એવો જ્યાં સ્વભાવ થઇ પડયો છે અને તે કારણને લીધે જે દેશમાં પક્ષમાંથી પેટા પક્ષો અને સંપ્રદાયમાંથી પેટા સંપ્રદાયો ઉભા થતાં વાર લાગતી નથી ત્યાં બે અગત્યના રાજકારણી પક્ષો એકત્ર થાય–એકમેકમાં વિસર્જિત થઇ જાય, એ જરૂર આનંદદાયક–આવકારદાયક લેખાવું જોઇએ. આ સંમીલનથી એક વખતના કોંગ્રેસના આગેવાન કાર્યકર્તાઓ પણ પાછળથી કોંગ્રેસની કાર્યવાહીથી અસંતુષ્ટ બનેલા અને સમયને જુદે જુદે ગાળે કોંગ્રેસથી છુટા પડેલા અને બે ફાંટામાં ફંટાયલા રાષ્ટ્રસેવકો આજે પાછા એક પક્ષના છત્ર નીચે એકત્ર થાય છે. આની કોંગ્રેસની કાર્યવાહી અને કોંગ્રેસ સરકારના વહીવટી તંત્ર ઉપર જરૂર આવકારદાયક અસર પડશે એવી આશા રહે છે.

તત્કાળ આ નવા પક્ષની નીતિ બેધારી તરવારે લડવા જેવી રહેશે એક બાજુએ આ પક્ષ કોંગ્રેસ પક્ષના સરકારી તંત્રનો ચાલુ સખ્ત વિરોધ કરતો રહેશે અને કોંગ્રેસ સરકારને પ્રતિષ્ટાભ્રષ્ટ કેમ કરવી, સત્તાભ્રષ્ટ કેમ કરવી એ લક્ષ્ય ઉપર તેની સર્વ પ્રવૃત્તિ કેન્દ્રિત થશે. બીજી બાજુએ સામ્યવાદી પક્ષને આગળ વધતો કેમ અટકાવવો એની પણ તેણે સતત ચોકી કરવાની રહેશે. આ સામ્યવાદી પક્ષને રૂંધી શકાશે તો તો હિંદના રાજકારણમાં બે મુખ્ય પક્ષો રહેશે. એક કોંગ્રેસ અને બીજો 'પ્રજા સોશીયાલીસ્ટ પાર્ટી,' પણ સામ્યવાદને રૂંધવાનું આજના સંયોગોમાં શકય નથી લાગતું અને ધારો કે સામ્યવાદી પક્ષનું પ્રભુત્વ વધતું ચાલે, તો એ આશા અસ્થાને નહિ લેખાય કે સમયાન્તરે આ નવો પક્ષ અને કોંગ્રેસ એકમેકમાં સમાવિષ્ટ બને. કારણ કે વાસ્તવિક રીતે વિચારીએ તો જો કિરપલાણીજી અને અશોક મહેતા એક થઇ શકયા તો તે ઉભય અને પંડિત જવાહરલાલ નહેરૂને અલગ રાખે તેવી પ્રત્યેકની વિચારસરણિ–ideology– માં કોઇ મહત્વની બાબત રહેતી જ નથી. આજે શરૂ થયેલા સંમીલનનું –merger–નું આખરે આ જ સ્વાભાવિક પરિણામ આવવું જોઇએ એમ ઘણા વિચારકોને લાગે છે. એ શુભ પરિસ્થિતિ ઉભી થાય તો પછી દેશને આખરે બે વિકલ્પ વચ્ચે જ પસંદગી કરવાની રહે–ગાંધીજી અને કાર્લ માર્કસની છાયાવાળો અને લોકશાહીને સ્વીકારતો સમાજવાદ કે લેનીન, સ્ટેલીન અને માઓત્સેની છાયાવાળો અને સરમુખત્યારશાહીને સ્વીકારતો સામ્યવાદ. આમાંથી પ્રજા કયો માર્ગ સ્વીકારશે તેનો આધાર લોકશાસનને માનનારો પક્ષ કેવું રાજ્યતંત્ર અને કેવી આર્થિક પરિસ્થિતિ પોતાના હકુમતકાળ દરમિયાન પેદા કરે છે તેના ઉપર રહેશે પ્રજા સુખી અને આબાદ હશે તો જેના હાથમાં સત્તાસૂત્રો હતા તેના હાથમાં કાયમ રહેશે. એમ નહિ હોય તો પછી પ્રજામાનસને સામ્યવાદ તરફ ઘસડાતું કોઇ અટકાવી નહિ શકે.

## આજકાલનાં વિષયલંપટતા પ્રેરતાં ચિત્રપટો પ્રત્યે શ્રી મુનશીનો પુણ્યપ્રકોપ

આજે ચોતરફ જે હલકી કોટિના ચિત્રપટો દેશભરમાં રજુ થઇ રહ્યા છે. અને પ્રજામાનસમાં વિષયલાલસા, વિલાસપરાયણતા અને સાથે હિંસા, ગુન્હાખોરી અને ચોરી લુંટફાટની વૃત્તિને ઉત્તેજી રહ્યા છે તે સામે સર સેનાધિપતિ કરિયપ્પા અને મદ્રાસના મુખ્ય સચિવ ચક્રવર્તી રાજગોપાલાચાર્ય પોકાર કરી રહ્યા છે અને ઉગતી પ્રજાને તે અનિષ્ટપૂર્ણ બદીથી બચવાને ચેતાવી રહ્યા છે. આ જ બાબતમાં ઉત્તર પ્રદેશના ગવર્નર માન્યવર શ્રી કનૈયાલાલ મુનશીએ પોતાના એક પાક્ષિક પત્રમાં એક જાત અનુભવ ટાંકીને આપણે કયાં જઇ રહ્યા છીએ તે વિષે દિલની વેદના બહુ સચોટ રીતે વ્યકત કરી છે. તેઓ જણાવે છે કેઃ—

"એક દિવસ મને એક ફિલ્મ જોવા માટે આમંત્રણ મળ્યું અને મને થીએટરમાં જ લોકમાનસની નૈતિક ધૃતિને જોખમાવતા અનિષ્ટ ભાવિના પડછાયાનો વિવિધ સ્વરૂપે ખ્યાલ આવ્યો અને એક પ્રકારની ધ્રુજારી અનુભવવા લાગ્યો. આ અનિષ્ટ તે ભારતીય સિનેમા છે અને તે આપણા જીવનમાં પેસી રહ્યો છે. આ એટલા માટે લખતો નથી કે મને સિનેમા ગમતો નથી. દેવદાસ, અમૃતમંથન, અછૂતકન્યા, રામરાજ્ય અને કેટલાક બીજાં ચિત્રોને હું ચાહતો આવ્યો છું. મારી કેટલીક વાર્તાઓમાંથી સફળ ચલચિત્રો બનાવવામાં આવ્યાં છે. મેં કેટલાક સારી રીતે ફતેહમંદ નીવડેલા સીનેરીઓ પણ લખ્યા છે. જે કેટલાક નિર્માતાઓ, ઉદ્યોગમાં નાણાં રોકનારાઓ, અને કલાકારોના સારા પરિચયમાં હું આવ્યો છું, તેઓ બધા સંસ્કારી શિક્ષિત લોકો છે, પણ મેં જે ચલચિત્ર જોયું તે એના વર્તમાન વહેણને વ્યકત કરતું હતું અને તેની અધોગતિની પરાકાષ્ટાનો લાક્ષણિક ખ્યાલ આપતું હતું.

"એક રખડતી ઘરબાર વગરની છોકરી કે જેને એક રાજા જે પહેરવેશ પરથી હિંદુ હતો તેણે દત્તક લીધી હતી તે પુખ્તવયે પહોંચે છે. શરીર પરથી ત્રીસ વર્ષની દેખાતી એવી આ નિરાધાર છોકરી કે જેને રાજકુમારી તરીકે ઉછેરવામાં આવી તે સોળ વરસની મધુર યુવતીનો પાઠ ભજવે છે, પણ એમાં એની મધુરતા, આકર્ષણ કે શરમાળપણું કંઇ જોવા મળતું નથી. એ વિદેશી ઢબે ઘોડેસવારી કરે છે અને ચારે તરફ દોડે છે. પણ એમાં એ પોતાની વય ઢાંકવાને ખાતર સવારી કરતી દેખાય છે. એક જમીનદારનો છોકરો કે જેની ઉંમર પણ ત્રીસ વરસની છે એ પેલી રાજકન્યા પ્રત્યે આકર્ષાય છે. તે પણ ઉધ્ધત, રખડુ અને રીતભાત વગરના માણસની જેમ વર્તે છે. તેઓ પરસ્પર પ્રેમ કરતાં હોય એમ બતાવવામાં આવે છે. પણ એમાં કશાં આકર્ષણ, સૌષ્ટવ કે ગૌરવ દેખાતાં નથી. તેમની પ્રેમચેષ્ટાઓ શરીરસંપર્ક સાધવા માટે બેશરમ છૂટછાટ સમી છે.

"વાસ્તવિક જીવનમાં આવું શોધવું તો ખરેખર મુશ્કેલ છે, કદાચ ખરાબ ઉછેર પામેલામાં આમ જોવા મળે. અને તે પ્રેમક્રીડાઓ પણ ઉચ્ચ કક્ષાની અખાડાની વિવિધ રમત ગમતો જેવી છે. તેઓ પરસ્પર અથડાય છે, ધક્કામુકી કરે છે, એકબીજાને પછાડી નાંખે છે અને એકબીજાની આંખોમાં રેતી ઉડાડે છે. ટુંકમાં આઠ વરસના છોકરાં છોકરી કરતાં હોય અને જે આનંદ પામવા જેમ લાગે તે બધું એ બન્ને કરે છે, પણ પુખ્ત વયના માટે તો આ ભારે ત્રાસદાયક ગણાય–સિવાય કે એવી કોઇક ક્ષણે એવી બાલીશતામાં કોઇ સરી પડે. અને સંસ્કારી રીતે ઉછરેલા પુરૂષો અને સ્ત્રીઓ વચ્ચે એવા સંબંધો સામાન્ય હોય એમ કદી માની શકાય જ નહિ.

"પાછળથી એ પુરૂષ રાજકુમારીના નિવાસખંડોમાં રીતભાત શિખવનાર શિક્ષક તરીકે પ્રવેશ કરે છે. એનો પહેરવેશ પરદેશી અને હાસ્યાસ્પદ રીતે દાઢી ઉગાડેલા ઉસ્તાદ જેવો લાગે છે. તે પેલી સ્ત્રીને જે રીતભાત શિખવે છે તે અમેરિકન વિદ્યાર્થીની રીતભાત જેવી હોય છે. શિક્ષક કેવળ વિદુષક જેવો લાગે છે. સ્ત્રી જ્યારે ઘોડેસવારી કરતી નથી હોતી ત્યારે ચીતરી ચડે એવી કોઇક રીતે કપડા પહેરે છે. ફરી પાછા મહેલમાં તેઓ અખાડાની વિવિધ પ્રકારની રમતો જેવી પ્રેમક્રીડા શરૂ કરી દે છે.

"એ આખી ફીલમ, એનાં એકેક એક દ્રષ્યો એટલા હાંસીપાત્ર હતાં કે એનું કોઇ વર્ણન કરી શકે એમ નથી. હું એ વધુ વાર જોઇ શકયો નહિ અને ઘણા દુઃખદ મને અરધેથી ત્યાંથી ચાલી નીકળ્યો.

"પ્લેટોને મારી યાદદાસ્ત પરથી ટાંકતાં કહું તો સામાન્ય રીતે માણસો સુંદર વસ્તુઓ જોઇ સુંદર વિચારો ઉપર ચડે છે; સુંદર

વિચારોમાંથી સુંદર જીવન પર આવે છે; સુંદર જીવનમાંથી એ સાક્ષાત્ સૌંદર્યરૂપ બને છે. પણ પશુતાનું આવું અધઃપાતભર્યું પ્રદર્શન હોલીવુડની પરંપરાની કુત્સિત બાજુનું કેવળ અનુકરણ માત્ર છે. એ પ્રદર્શન કુત્સિત વસ્તુમાંથી આપણને કુત્સિત વિચારે ચડાવે છે, કુત્સિત વિચારમાંથી કુત્સિત જીવન તરફ દોરી જાય છે, અને કુત્સિત જીવનમાંથી સાક્ષાત્ કુત્સિતતા જન્મે છે. જે પુરૂષો અને સ્ત્રીઓ આ અનૈતિક પાખંડમાં ભાગ લઈ રહ્યા છે અને તેઓમાંના કેટલાક ખાનગી જીવનમાં ખરેખર સભ્ય અને સંસ્કારી માણસો છે-તેમને ખ્યાલ છે ખરો કે તેઓ સામાન્ય જનતા અને ખાસ કરીને યુવાન સ્ત્રીઓ અને પુરૂષો સમક્ષ કેવું અધઃપાત જન્માવનારૂં ચિત્ર રજુ કરી રહ્યા છે? અને તે શા માટે? એનો માત્ર એક જ જવાબ છેઃ માનવ પ્રકૃતિમાં રહેલી સૌથી હીન વસ્તુને બહલાવીને પૈસા પેદા કરવા માટે.

"પણ આ સિનેમાની કેળવણી વિષેયક બીજી પણ એક ભયાનક બાજુ છે. આપણી સંસ્કૃતિમાં સત્ય અને અહિંસાનું મૂલ્ય સર્વોચ્ચ છે. ગાંધીજીએ એ સિધ્ધાન્તોને આપણી નવી તાકાતના પાયારૂપ બનાવ્યા છે. આપણા વડા પ્રધાન પંડિતજી વિશ્વભરમાં શાન્તિ અને ન્યાયના પુરસ્કર્તા તરીકે પંકાય છે અને તેઓ આ વારસાને જાળવી રાખવા સતત જહેમત ઉઠાવી રહ્યા છે, અને હિંસાના સિધ્ધાન્ત સામે પ્રજાને ચેતવણી આપી રહ્યા છે, જ્યારે સિનેમાનું અનિષ્ટ તો ગુનાખોરી અને હિંસાને આકર્ષક બનાવી રહેલ છે. એક પછી એક દિવસો વીતતા જાય છે તેમ હજારો સિનેમાગૃહોમાં લાખો લોકોને ગુન્હાખોરી અને હલકટપણાનું જાતજાતનું આબાદ શિક્ષણ મળી રહ્યું છે. તેમની નાજુક અને સુંદર લાગણીઓ કે જે સૌન્દર્ય કે સભ્યતા કેળવવાનું ઝંખે છે તેનું અહીં દમન થાય છે. એટલું જ નહિ પણ આપણા અખબારોની રમુજી અને હાસ્યપ્રેરક ચિત્રાવાલીઓમાં પણ ધાડ, ગોળીબાર, ખુન, અપહરણ અને ધરફાડને લગભગ જીવનની સામાન્ય પરિસ્થિતિ રૂપ જ સ્વીકારી લઇને આપવામાં આવે છે. પણ ગુનાખોરી વૃત્તિના વિકાસમાં મદદરૂપ બને છે. એટલે દેશમાં હિંસા અને ગુનાખોરીનો જે રોગચાળો ફેલાતો જાય છે તેમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી."

શ્રી મુનશીનો આજ કાલ સંખ્યાબંધ પેદા થતી ફીલ્મો સામેનો પુણ્યપ્રકોપ તદ્દન વ્યાજબી અને સમયોચિત છે. આપણે આ બાબતમાં વખતસર નહિ ચેતીએ તો ભાવી ભારે ભયાનક દિસે છે.

## કોરા કેન્દ્ર: ખેતી અને ગ્રામોદ્યોગનું પ્રદર્શન

મુંબઇની બાજુએ બોરીવલીની નજીકમાં આવેલ કોરા ગ્રામોદ્યોગ કેન્દ્ર તરફથી ખેતી અને ગ્રામોદ્યોગને લગતું તા. ૨૩ સપ્ટેંબરથી તા. ૫ ઓકટોબર સુધી એક પ્રદર્શન ભરવામાં આવ્યું હતું. દરેક ગામડું અન્ન, વસ્ત્ર અને ઘરની બાબતમાં કેમ સ્વાવલંબી બને એ ધ્યેય ઉપર આવાં ગ્રામોદ્યોગ કેન્દ્રો સ્થળે સ્થળે ચલાવવામાં આવે છે અને એ બાબતનું શિક્ષણ આપવા માટે આવાં પ્રદર્શનો અવારનવાર ભરવામાં આવે છે. આ દૃષ્ટિએ આ પ્રદર્શન બહુ ઉપયોગી અને આકર્ષક હતું અને તેનો અનેક લોકોએ લાભ પણ લીધો હતો. આ પ્રદર્શનમાં સૌથી ધ્યાન ખેંચે એવી વસ્તુ તો ચોખા પકાવવાની જાપાનીઝ પધ્ધતિનું પ્રાયોગિક નિરૂપણ હતું. જાપાનમાં લોકો આપણી માફકજ ખેતી કરે છે અને બળદના સ્થાને ઘણે ઠેકાણે માણસ પોતે હળ ખેંચે છે અને પાક પેદા કરે છે, ત્યાં રશીઆની માફક હજુ ખેતીનું મંત્રીકરણ કે સમુહીકરણ થયું નથી. આમ છતાં પણ ચોખા પકાવવાની ત્યાંની રીત અને આપણી રીતમાં કેટલોક ફરક હોવાના કારણે આપણને જ્યારે એક એકરે ૬૦ રતલ બીયારણ જોઈએ છીએ ત્યારે જાપાનીઝ પધ્ધતિમાં એક એકરે માત્ર ૧૦ રતલ બીયારણ પુરતું નીવડે છે. પેદાશની દૃષ્ટિએ પણ એટલાજ ક્ષેત્રફળમાંથી જાપાનીઝ ખેડુતો ૪૦૦૦ થી ૬૪૦૦ રતલ ચોખા પેદા કરી શકે છે, જ્યારે આપણો ખેડુત એક એકરમાંથી ૮૦૦ રતલ આસપાસ ચોખા પ્રાપ્ત કરે છે." આવું ભવ્ય પરિણામ થોડાં સાધનોના ફેરફારમાંથી અને પધ્ધતિના થોડા ફેરફારમાંથી નીપજાવી શકાય છે. અને આ સાધનો આપણો ખેડુત બહુ સહેલાઈથી વસાવી શકે તેમ છે. આજ પ્રમાણે હાડકામાં રહેલા બીજા પદાર્થો તારવીને હાડકાનો ભૂકો કરવાનું એક યંત્ર અથવા તો ભઠ્ઠી પરદેશથી લાવવામાં આવેલ છે. આને અંગ્રેજીમાં 'બોન-ડાઇજેસ્ટર' કહે છે અને ગુજરાતીમાં કેન્દ્રસંચાલકોએ દધીચિયંત્ર નામ આપ્યું છે. આને લીધે હાડકાને ચોટેલ સરેસ અને ચરબી છુટા પડે છે જેનો બીજી ચીજો બનાવવામાં ઉપયોગ થઇ શકે છે અને પછી ભઠ્ઠીમાં તૈયાર થયેલ હાડકાનો ભૂકો કરી શકાય છે જે ખાતરમાં ભારે ઉપયોગી થાય છે. આ યંત્રને લીધે મરેલા ઢોરના હાડકાને આપણે મૂલ્યવાન ધનમાં પરિવર્તિત કરી શકીએ છીએ. કેન્દ્રના એક મુખ્ય કાર્યકર્તા શ્રી પ્રાણલાલ કાપડિયા થોડા સમય પહેલાં જાપાન ગયેલા અને ત્યાંથી આ બન્ને વસ્તુઓ લઈ આવ્યા. આપણે ત્યાં અનાજની અને તેમાં પણ ચોખાની ખુબ તંગી છે અને મરેલા ઢોરના અવશેષો પાણીના મૂલે આપણે ફેંકી દઈએ છીએ. હાડકા કાઢી લેવા બાદ માંસ વગેરેમાંથી તેમજ છાણ વગેરેમાંથી ગેસ તથા ખાતર કેમ પેદા કરી શકાય છે અને તેમાંથી વીજળી પણ કેમ પેદા થઇ શકે છે તેને લગતો ગેસ પ્લેન્ટ પણ ખાસ જોવા જેવો છે અને ગામડે ગામડે દાખલ કરવા જેવો છે. આપણા દેશને આર્થિક દૃષ્ટિએ ઉંચે લાવવો હોય, તો અને લોકોને સુખી સ્વસ્થ અને આબાદ બનાવવા હોય તો વિકેન્દ્રીકરણના ધોરણે નકામી લેખાતી વસ્તુઓમાંથી ઉપયોગી ચીજો કેમ પેદા કરવી અને જમીનની પેદાશને સારા પ્રમાણમાં કેમ વધારવી એ બાબત ઉપર આપણું ચિત્ત અને શક્તિઓને કેન્દ્રિત કરવાની જરૂર છે. આ દૃષ્ટિએ ખાસ કરીને ચોખા પેદા કરવાની જાપાનીઝ પદ્ધતિનો દેશભરમાં તત્કાળ ચોતરફ અમલ થવાની જરૂર છે અને સરકારે પણ આ બાબત તત્કાળ હાથ ધરવાની એટલીજ જરૂર છે. કરોડોની રકમો જેમાં ડુબાય છે અને છતાં પરિણામ શું તેની હજુ ખબર પડતી નથી તેવી યોજનાઓ કરતાં આવી સાદી યોજનાઓ હાથ ધરવામાં આવે અને લોકોને તે રસ્તે વાળવામાં આવે તો આબાદી અને સુખાકારી ઉભય વધારે સહેલાઇથી સાધી શકાય. આ દિશા તરફ સરકારની અને પ્રજાની આંખ ઉઘાડે એવું આ પ્રદર્શન હતું અને એવી જ આ કોરા કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ છે. **પરમાનંદ.**

## વૈદકીય રાહત અર્થે સીનેમા શો

શ્રી જૈન ચંદ્રદીપક મંડળના મંત્રી જણાવે છે કે "એ સંસ્થા તરફથી તા. ૨૬-૧૦-૫૨ રવિવાર સવારના ૯ વાગે રોકસી થીએટરમાં 'સ્વયંસિદ્ધા'ની ફીલ્મ બતાવવાની ગોઠવણ કરવામાં આવી છે. આ સીનેમા શોની ટીકીટો તા. ૨૦-૧૦-૫૨ સોમવારથી રોકસી થીએટર ઉપરથી મળશે. આ સીનેમા શોની આવક ગરીબોને વૈદકીય રાહત આપવા પાછળ વાપરવામાં આવશે."

## 'જૈન સાધુ સાધ્વીઓને'

આ મથાળાનો આ અંકમાં પ્રગટ થયેલો લેખ 'વિશ્વવાત્સલ્ય'માંથી ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. **તંત્રી.**

| વિષય સૂચિ | | પૃષ્ઠ |
|---|---|---|
| આજાનબાહુ મુનિ જિનવિજયજી | ગોકુળભાઇ દૌલતરામ ભટ્ટ | ૯૫ |
| પ્રકિર્ણ નોંધ: નૂતન વર્ષાભિનંદન, રાજ્યની અસાંપ્રદાયિકતા એટલે શું? પ્રજાનું ધાર્મિક સ્વાતંત્ર્ય એટલે શું? બે રાજકારણી પક્ષોનું વિલીનીકરણ; આજકાલનાં વિષય-લંપટતા પ્રેરતાં ચિત્રપટો સામે શ્રી મુનશીનો પુણ્યપ્રકોપ. કોરા કેન્દ્રઃ ખેતી અને ગ્રામોદ્યોગનું પ્રદર્શન. | પરમાનંદ | ૯૭ |
| જૈન સાધુસાધ્વીઓને | 'સંતબાલ' | ૧૦૧ |
| 'મેઘાણી સ્મૃતિગ્રંથ' અવલોકન | તારા બહેન શાહ | ૧૦૧ |
| 'શ્રમણ મહાવીર' અવલોકન | પરમાનંદ | ૧૦૨ |

# જૈન સાધુસાધ્વીઓને

હમણાં હમણાં જૈન સાધુ-સાધ્વીઓ સામાજિક કામોમાં પોતાનો ફાળો શી રીતે આપી શકે તે માટે સ્પષ્ટ માર્ગદર્શન માગતા પત્રો અને સમાચારો મને વારંવાર મળ્યા કરે છે. આમ તો સમૌન એકાંતવાસ પછી મેં નિવેદન બહાર પાડ્યું અને જે માર્ગ લીધો ત્યારથી લાગતાવળગતા કેટલાક સાધુઓ ઝંપલાવવા આતુર હતા. હું હંમેશ એમ માનતો આવ્યો છું ને માનું છું કે એકાએક સાહસ ખેડવા કરતાં સહજભાવે જેટલું થાય છે તેટલું નક્કર અને સ્થાયી બની શકે છે. સમાજને સાથે લઇને જે વ્યક્તિને ચાલવાનું હોય છે તેણે તો આ બાબતમાં વળી વધુ કાળજી રાખવાની છે. જૈનદર્શનને હું જે રીતે જોઉં છું, તે રીતે મને લાગ્યું છે કે તેમાં બધાં દૃષ્ટિબિંદુઓને સમજીને સમાવવાની વાતની સાથોસાથ આખા સમાજને સાથે લઇને ચાલવાની વાત મુખ્ય છે. આથી જ વિશ્વને માર્ગદર્શન આપવાની એમાં ગુરૂચાવી છે. અમુક પોષાક ધારણ કરે કે અમુક સંપ્રદાયમાં રહે તે જ જૈન એવું પણ કંઇ નથી. જેના જીવનમાં આદર્શ અને વ્યવહાર વચ્ચે વધુ સુમેળ હોય તે જૈન. શ્રીમદ્ રાજચંદ્રનો ગાંધીજી ઉપર જબ્બર પ્રભાવ આ કારણે જ પડયો હતો.

આટલી પ્રસ્તાવના પછી હું સીધો મૂળ વિષય ઉપર આવું. આ દેશમાં આઝાદી આવ્યા પહેલાં જેટલી જરૂર હતી, તેના કરતાં ઘણી વધુ જરૂર સાધુસંતોના માર્ગદર્શનની આજે ઊભી થઇ છે. આ ધર્મોપદેશકોનો અનુયાયી દેશ હોવાથી દંભી વેશધારીનું સાંભળે છે તો સાચાનું તો સાંભળે તેમાં શી નવાઇ છે? જૈન સાધુસાધ્વીઓને માટે તો બે રીતે આની ઉત્તમ તક છે: (૧) તેઓ બચપણથી જ ત્યાગ, તપથી ટેવાયેલાં છે. (૨) પૈસાની જરૂર જ ન પડે તેવી તેમની આચારપ્રણાલી છે. ઉપરાંત પણ એક વિશેષ વાત એ છે કે સમાજના નાના મોટા સઘળા પ્રશ્નો સીધા કે આડકતરા તેમને વહેલામાં વહેલા સ્પર્શે છે. આથી જ તેઓ જે વાત બોલે છે, તેનું આચરણ તેમના પોતાનામાં, આસપાસના સમુદાયમાં અને પોતાના કહેવાતા વર્તુળમાં તેઓ નથી જોતાં ત્યારે તેમની વ્યથા ઘણી વધી જાય છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી મને જેમ લાગતું હતું, તેમ બીજાઓનાં સંવેદનો પણ જોયાં છે કે તેમને હવે આજનું નિષ્ક્રિય અને રૂઢ કર્મકાંડવાળું જીવન અસહ્ય થઇ પડ્યું છે. જે વર્તુળને સંબોધવાનું હોય છે, તે વર્તુળની ગુલામી કરવી હવે તેમને અકારી થઇ પડી છે. માત્ર ગ્રામોફોનની રેકર્ડ માફક બોલવાનું હવે ઘણાંઓને ગમતું નથી. સાથોસાથ સમાજની ઘરેડથી લગાર જુદે ચીલે ચાલ્યાં કે રૂઢિચુસ્ત સમાજનો કડવો પ્રત્યાઘાત સહવાની પણ તેમનામાં શક્તિ કે જોઇએ તેટલો આત્મવિશ્વાસ નથી. પરિણામે 'બાવાનાં બેય બગડે' જેવી સ્થિતિમાં ખદબદવું પડે છે.

આ બધાનો સૌથી પ્રથમ ઉપાય તો નૈતિક હિંમત છે. જે પોતાને લાગે તે સમાજ આગળ ખુલ્લંખુલ્લા કહી દેવું. આટલી નૈતિક હિંમતની સાથોસાથ આંતરિક શુદ્ધિ એટલી જ વધારવી. પ્રથમ પ્રથમ તો સમાજ આગળ ઉઘાડા થતાંની સાથે જબ્બર વિરોધ ઊઠશે. પોતાનાં ગણાતાંઓની શ્રદ્ધા તૂટશે અને ઘડીભર તો જગતમાં જાણે કોઇ પોતાનું નથી તેમ લાગશે; પરંતુ તેથી જરા પણ ગભરાવાની જરૂર નથી. વેતપલટો કરવાની કે સંપ્રદાય બદલવાની પણ જરૂર નથી. આટલો બધો વિરોધ ઊઠે ત્યારે બહુ ચર્ચાબાજીમાં પડવાનીય જરૂર નથી. અભ્યાસ કરતાં ચિંતન વધારવાની અને ચારિત્ર્યશુદ્ધિમાં સતત જાગ્રત રહી પ્રગતિ કરવાની જરૂર છે. થોડેક વખત આમ ટકી રહેવાથી વિરોધનો વંટોળિયો શાંત થશે અને સંભવ છે કે પ્રતિકૂળતાના રૂપમાં ફેરવાઇ પણ જાય! જો કે આજે તો નાનામાં નાના વર્તુળનું માનસ પણ બદલાયું છે. દુનિયાના વાતાવરણની અસર સ્થિતિચુસ્તોને પણ થવા લાગી છે. આને લીધે બહુ વેઠવું નહીં પડે, એમ છતાં તૈયારી તો મૃત્યુ સુધીની રાખવી જોઇએ. આ હું જાતઅનુભવની વાત એટલા માટે અને એમને માટે કહી રહ્યો છું કે આજના જગતને સાધુમાર્ગદર્શકોની ઘણી જરૂર છે અને જે સાધુઓ ધરમૂળનો ફેરફાર કરવા ઇચ્છે છે!

સાધુસાધ્વીઓ! તમોએ જ્યારથી સંન્યાસને મહાપંથે પ્રયાણ આદર્યું, ત્યારથી તમો વિશ્વનાં બન્યાં છો. વિશ્વનું આજનું દર્દ મૂડીની ઉપાસના છે. એનો ઉકેલ નીતિની ઉપાસનામાં છે. માટે મૂડીદારોની હૂંફ છોડો. પૈસાથી જ ચાલતી અને પૈસા વગર થંભી જતી કહેવાતી ધર્મક્રિયાઓ ભલે અટકી જાય, પણ પૈસાદારો નીતિને માર્ગે ચાલવાની ઇચ્છાથી તમારી પાસે આવે તો જ તેમનો સહકાર લો. નહીં તો એ સહકાર વિના ચલાવી લો. એટલું જ નહીં, તેમની પ્રતિષ્ઠાને સમાજમાં તોડી પાડો. આ સૌથી મહત્ત્વની વાત ભૂલીને જો રાહતનાં કામોવાળી સેવામાં પડયાં, તો તમે છેક ડૂબી ગયાં સમજજો. તમને શ્રમણતપસ્વી મહાવીરે ભ્રમર જેવી આદર્શ ભિક્ષાવૃત્તિ શીખવી છે અને પગપાળા પ્રવાસની ઉત્તમ બક્ષીસ આપી છે. આ બે અણમૂલી ભેટો તમને સાચા સમાજસંપર્કમાં ઘણી મદદ કરશે. તમારી કુદરત પ્રત્યેની શ્રદ્ધામાં અખૂટ બળ સિંચશે. મેં જ્યારે આ પંથમાં પગ મૂક્યો ત્યારે એક માનવીએ મને કહેલું: "વાણિયાઓથી ચેતતા રહેજો." શ્રીમદ્જીએ પણ કહ્યું: "આ વાણિયાઓનો નહીં પણ વીરોનો ધર્મ છે." વાત ખરેખર છે. વાણિયા એટલે માત્ર વાણિજ્ય કરનારા નહીં પણ પૈસામાં લોલુપી બની સત્ય, ન્યાય અને નીતિને નેવે મૂકનારા મૂડીદારો માટેની આ વાત છે.

આટલી ભૂમિકા તૈયાર થયા પછી તમો ગામડે ગામડે ઘૂમજો. ઝૂંપડે ઝૂંપડે ફરી વળજો. તમોને ઠેરઠેર વિકાસભૂખ્યાં જિજ્ઞાસુ ભાંડુઓનાં ટોળાંઓ સાંપડશે. એમને તમો એટલી ખાતરી કરાવી દો કે તમારી પાસે શ્રમની, ભૂમિમાતાની, પશુધનની અનર્ગળ સંપત્તિ વેરાયેલી પડી છે. તમારા સૌમાં અનંત શક્તિના ફૂવારાઓ ઉછાળતી ચેતના પડેલી છે. ઊઠો, હાથથી હાથ મેળવો, કામે લાગો. અનાજ, ઘી-દૂધ અને ચીજવસ્તુઓથી દેશને છલકાવી મૂકો. મોટેરાંઓનો વિનય કરો, નાનેરાંઓને ન્યાય આપો. આજ સુધી તમે મૂડીવાળાઓ સામે જોતાં હતાં, હવે મૂડીવાળાઓ તમારી સામે જોશે. આજલગી બેકારુઓની તમે દયા યાચતાં હતાં, હવે તેઓ તમારી આગળ શ્રમની મૂડી માગવા આવશે; તમો એમને તે સુખેથી આપજો. જગતનાં સ્ત્રીઓ, પુરુષો, નાનાં મોટાં આપણે સૌ એક જ મહાજ્યોતિના સ્ફુલિંગો છીએ. આમાંથી હરિકેશીમુનિ અને મેતાર્યમુનિ જેવાં ભંગીજનોમાં રહેલાં રત્નો સાંપડી રહેશે.

સત્ત્વ બહાર નીકળશે, તમો એનાં નિમિત્ત બનશો. અબળાઓને સબળા બનાવી શકશો. દરિદ્રીઓને શ્રીસંપન્ન કરી શકશો. ઉદ્યોગમય અને સહકારમય વાતાવરણ ફેલાવી શકશો. સમાનતાનો સાચો સ્વાદ માણી શકશો અને બીજાઓ માણી શકે તેવી સ્થિતિ ઉપજાવી શકશો. ત્યારે જ તમોને લાગશે કે અમોએ પચ્ચીસમા તીર્થંકરરૂપ સંઘભક્તિ અને સામ્યયોગનું બોધિરત્ન સહજ સહજમાં મેળવી લીધું છે.

આટલું લખ્યા પછી પણ આમ તો લાગશે કે આમાંથી સ્પષ્ટ માર્ગદર્શન ન મળ્યું, પરંતુ મારા અનુભવથી મને જણાયું છે કે વિગતો તો પછી મળી જ રહે છે, માત્ર પ્રથમ જરૂર પડે છે. સ્પષ્ટ સમજની. ગણધરોએ એથી જ કહ્યું છે: 'પઢમં નાણં તઓ દયા.' આજનું જ્ઞાન એટલે શ્રમજીવીઓનો સાથ અને એમાંથી પેદા થતું ચારિત્ર્ય 'વિશ્વવાત્સલ્ય'માંથી સભાસદ ઉદ્ધૃત એટલે નીતિમય સમાજ. પરમ કૃપાળુ દેવાધિદેવ, આ આપણા સૌના મહા- પ્રમાણમાં સદૈવ પ્રકાશ પાથરો!

'સંતબાલ'

## મેઘાણી સ્મૃતિગ્રંથ

મેઘાણી સ્મૃતિગ્રંથ પ્રકાશક:-મેઘાણી સ્મારક સમિતિ, જન્મભૂમિ ભવન, ઘોઘા સ્ટ્રીટ, મુંબઇ. ૧. (કિંમત ૧૨-૮-૦)

ગુજરાતના સમર્થ સાહિત્યકાર સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણીના સ્મારક તરીકે શ્રી મેઘાણી સ્મારક સમિતિ તરફથી ૭૬૬ પાનાંનું એક

દળદાર પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. તેની પ્રસ્તાવના સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રી રામનારાયણ પાઠકે લખી છે, જેમાં શ્રી મેઘાણીની સર્વતોમુખી સર્જકપ્રતિભાનું અને સોરઠી સંસ્કૃતિની તેમની અનન્ય ઉપાસનાનું સુભગ દર્શન તેમણે કરાવ્યું છે. પ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોષીએ મેઘાણીનાં પુસ્તકોમાંથી વિવિધ વાનગીઓ વીણીને આ પુસ્તકનું સફળતાપૂર્વક સંપાદન કર્યું છે અને સ્વ. ની જીવનરેખા પણ ટૂંકાણમાં આલેખી છે.

શ્રી મેઘાણીએ પચીસ વર્ષો સુધી સારસ્વત સેવા અનેક રૂપે કરી છે. મુખ્યત્વે તો તેઓ સોરઠી જીવનના સાહિત્યકાર હતા. સૈકાઓથી લોકકંઠમાં પૂરાયેલી સોરઠી સંસ્કૃતિને એને અનુરૂપ જોમદાર, ઊર્મિપ્રધાન અને રંગીલી ભાષાશૈલીમાં રજૂ કરી સાહિત્યદ્વારા ચિરંજીવ દેહ એમણે આપ્યો. સોરઠી લોકસાહિત્યના ઢાળોમાં, પ્રચલિત માનસને સહજ એવી ઊર્મિઓ, કલ્પનાઓ, ભાવનાઓ અને વિચારો આદિમાં નવો રસ પૂર્યો. કૈંક ખાંભીઓ અને કથાઓ, ડુંગરમાળાઓ અને દુહા-સોરઠાઓને પોતાની કવિતામાં અમર કર્યાં. સરળ, સુબોધ અને લોકભોગ્ય શૈલીમાં ગાંધીયુગની ભાવનાઓ ઝીલતી કવિતાઓ રચી. રાષ્ટ્રીયભાવનાઓ આલેખતી એમની કવિતાઓએ તો એમને રાષ્ટ્રીય શાયરનું બિરુદ પણ અપાવ્યું. અસલી ખાનદાનીના અવશેષો આલેખતી અને સમાજના શોષિત જનોની કહાણી રજુ કરતી નવલકથાઓ; કૌતુકપ્રેરક, અદ્‌ભુત રસિક, શૌર્યભરી નવલિકાઓ અને નાટકો આપ્યા. આ ઉપરાંત વિવેચન, પ્રવાસવર્ણનો અને પત્રો રૂપે તેમનું લખાણ વિપુલ છે. આવા વિપુલ લખાણમાંથી ઉત્તમોત્તમ કૃતિઓ વીણી લઇ આ ગ્રંથમાં મૂકવામાં આવી છે. જેમાં 'કસુંબીનો રંગ' 'છેલ્લો કટોરો' અને 'કોઇનો લાડકવાયો' જેવી સ્વદેશ પ્રીતિ અને માનવતા જગવતી ૫૦ કવિતાઓ છે; માનવીના મનોરાજ્યો નિહાળતી અને મનોવ્યાપારોના ઢાંકણાં ઉઘાડીને રહસ્યો ઊકેલતી ૧૨ નવલિકાઓ ઉપરાંત જુદી જુદી નવલકથાઓમાંથી ૧૦ હ્રદયસ્પર્શી પ્રકરણો આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ઇતિહાસ, જીવન અને પ્રવાસો આલેખતા ૯ નિબંધો છે, ગુજરાતના લોકસાહિત્ય પ્રગટાવનારા સંસ્કારબળોનું વિવેચન કરતાં ૬ લેખો છે. પ્રતાપી ભૂતકાળને તાદ્દશ કરતી 'જોગીદાસ ખુમાણ', 'કરિયાવર', 'શેત્રુંજીને કાંઠે' વીગેરે લોકકથાઓ અને જેનાં ઉત્પત્તિસ્થાન અણશોધ્યાં રહ્યાં છે છતાં વર્ષોથી લોકજીભે અને લોકહૈયે રમી રહ્યાં છે એવાં 'રાણકદેવડી', 'માનેતીની આંખ', 'જોબનિયાંને રોકો' વગેરે ૨૨-લોકગીતો છે-આ રીતે મેઘાણીનું અક્ષરધન આ પુસ્તકમાં સ્થાન પામ્યું છે.

શ્રી. ઉમાશંકરના શબ્દોમાં કહીએ તો "શ્રી મેઘાણી જે મહાજનોના ખમીરથી પ્રજાઓ ઘડાય છે તેમાંના એક હતા. શૌર્યોદ્‌બોધક સાહિત્ય આપીને તેમણે ગુજરાતની પોચટ પ્રજાને મરદાનગીના પ્યાલા પાયા છે, બુલંદ સૂર વડે સુપ્ત પૌરૂષને જગાડ્યું છે અને મુખ્યત્વે માનવતાનેજ બિરદાવી છે. આ રીતે ગુજરાતની પ્રજાની સેવા મેઘાણીએ કરી છે. આ સ્મૃતિગ્રંથ રચીને એ સેવાની કદર કરવામાં આવી છે તે એક આનંદનો વિષય છે.

પ્રત્યેક સંસ્કારી ગુજરાતી કુટુંબને અને સાહિત્યરસિક સ્ત્રી પુરુષોને આ ગ્રંથ વસાવી લેવાની નમ્ર વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

તારાબહેન શાહ

## શ્રમણ મહાવીર

(શ્રમણ મહાવીર: લેખક: શ્રી શાન્તિલાલ શાહ. પ્રકાશક શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર ફરનાન્ડીઝ પુલ, ગાંધી માર્ગ, અમદાવાદ; કિંમત રૂ. ૧-૪-૦)

'શ્રમણ મહાવીર' એ નામનાં તાજેતરમાં પ્રગટ થયેલા પુસ્તકમાં ભગવાન મહાવીરની જીવનકથા સમાન્ય માણસો સમજી શકે અને તેમને રસમય બને તેવી ભાષામાં અને બને તેટલી સંક્ષેપમાં રજુ કરવામાં આવી છે. મોટા ટાઇપમાં બધું મુદ્રિત થયેલું હોઇને સાધારણ કોટિનો વાચક સહેલાઇથી વાંચી શકે એવી આ પુસ્તકની રચના છે. આ જીવનચરિત્રની વિશેષતા એ છે કે ભગવાન મહાવીરની કથા સાથે જોડાયેલ સર્વ દૈવી ચમત્કારોને બાજુએ રાખીને એક લોકોત્તર પુરૂષ તરીકે ભગવાન મહાવીર કેવા હતા તેનું આ પુસ્તકમાં સુન્દર નિરૂપણ કરવામાં આવ્યું છે. ભગવાન મહાવીર કોણ હતા, કેવા હતા તે વિષેનું કૌતુક ધરાવતા લોકોને ટુંકામાં સારી સમજણ આપે એવું આ પુસ્તક છે. આખા પુસ્તકમાં એક બે ક્ષતિઓ નજર ઉપર તરી આવે છે. પાનું ૧૩૬ ઉપર એમ જણાવવામાં આવ્યું છે કે "અને એ કર્મના ક્ષય માટે સાચા મુનિએ પાંચ મહાવ્રતો—પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, પૂરેપૂરા પાળવા જોઇએ." આ પાંચ મહાવ્રતો તે ઉપર જણાવ્યા છે તે નથી, પણ તે પ્રત્યેકમાંથી વિરમણ એ છે. આ ભુલ સમજણફેરની નથી, પણ સરતચુકની છે. બીજું ભગવાન મહાવીરે જે સંખ્યાબંધ ઉપવાસ કર્યાં હતા તેને પાનું ૧૫૬ માં ક્ષુધાવૃત્તિ ઉપરના અદ્‌ભુત વિજય તરીકે વર્ણવવામાં આવેલ છે. ઉપવાસ એ જરૂર ક્ષુધાવૃત્તિનું દમન છે પણ ક્ષુધાવૃત્તિનો વિજય નથી. ક્ષુધાવૃત્તિનો વિજય તેને કહેવાય કે જેના પરિણામે બીલકુલ ક્ષુધા ન લાગે અથવા તો ક્ષુધાનું દુઃખ અનુભવવાપણું ન રહે. ઉપવાસ કરનારને ભુખ નથી લાગતી એમ નથી તેમ ભુખ નહિ છીપાવ્યાનું દુઃખ નથી લાગતું તેમ પણ નથી. વળી ઉપવાસ એ માત્ર એક ઇન્દ્રિયનું દમન નથી, પણ પંચેદ્રિય ધારણ કરતા એવા આખા શરીરનું દમન છે. આ રીતે ઉપવાસને લગતું આખું નિરૂપણ સુધારવા જેવું છે.

પરમાનંદ

## શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સ્મૃતિ ફંડ

આ ફંડમાં આજ સુધીમાં એકઠી થયેલી રકમોની યાદી નીચે મુજબ છે. સ્વ. મણિભાઇના પરિચિત સ્વજનો સ્નેહીઓ સંબંધીઓને નમ્ર વિજ્ઞપ્તિ કે આ માટે અમારા જાતે મળવા આવવાની રાહ ન જોતાં પોતપોતાની ફાળાની રકમ રૂ. ૧૦૧ વિના વિલંબે મોકલી આપે.

મંત્રીઓ, સ્મૃતિ ફંડ સમિતિ

| | |
|---|---|
| ૩૪૦૪ | આગળનો સરવાળો |
| ૧૦૦૧ | શ્રી. વીરચંદ પાનાચંદ ટ્રસ્ટ તરફથી |
| ૨૦૧ | ,, મણિલાલ શામજી વિરાણી |
| ૧૫૧ | ,, મંગળદાસ ભાઇચંદ, કપડવંજ |
| ૧૦૧ | ,, એચ. ટી. શાહ |
| * ૧૦૧ | ,, ધીરજલાલ લ. અજમેરા |
| * ૧૦૧ | ,, રતીલાલ લલ્લુભાઇ શાહ |
| ૧૦૧ | ,, વૃજલાલ ઓઘડભાઇ દોશી |
| ૧૦૧ | ,, મોતીબહેન જીવરાજ, અમદાવાદ |
| * ૧૦૧ | ,, મણિલાલ જેઠાલાલ, અમદાવાદ |
| ૧૦૧ | ,, હિંમતલાલ મણિયાર |
| ૧૦૧ | ,, હકમચંદ નરોતમદાસ શાહ, બેંગલોર સીટી |
| ૧૦૧ | ,, લવણપ્રસાદ ફુલચંદ શાહ |
| ૧૦૧ | ,, પી. રતીલાલની કું. |
| ૧૦૦ | ,, હેમચંદ મોહનલાલ ઝવેરી |
| ૧૦૦ | ,, અમૃતલાલ જેઠાલાલ શાહ |
| ૫૦ | ,, ફકીરચંદ એન. જૈન, ભુસાવળ |
| ૨૫ | ,, કુંદનમલ સોભાગચંદ ફિરોદિયા |
| ૫ | ,, મણિલાલ ખુશાલચંદ પરીખ |
| ૫ | ,, એ. એસ. પાટણકર |
| ૬૦૫૨ | |

* આ નીશાનીવાળા નામોના પૈસા આવવા બાકી છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: ઉષા પ્રિન્ટરી લી. દેવકરણ મેનશન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ, ૨.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર　　　રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪ અંક : ૧૩ | મુંબઇ : ૧ નવેમ્બર ૧૯૫૨, શનિવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## આજાનબાહુ મુનિ જિનવિજયજી

( ગતાંકથી ચાલુ )

લગભગ આઠ વર્ષ સુધી મુનિજી અમદાવાદમાં રહ્યા. ગુજરાત વિદ્યાપીઠની પુનર્રચના શરૂ થઈ. દરેક કાર્યકર્તાને પ્રતિજ્ઞાપત્ર ભરવાનું વ્યાજબી લાગ્યું. મુનિજીને કોઇ પણ પ્રકારનું બંધન સ્વીકાર્ય નહોતું, તેથી અને સ્વરાજ્યપ્રાપ્તિ માટે કયો માર્ગ સારો છે તેનું અધ્યયન કરવાના આશયથી તેઓ જર્મની ગયા. કેમકે તેમની સાહિત્યસેવાની કદર જર્મનીમાં થઈ રહી હતી. ત્યાં મુનિજી જર્મન ભાષા શીખ્યા. તેઓ એમ માને છે કે જેને સંસ્કૃત વ્યાકરણનું પુરૂં જ્ઞાન થયું હોય છે તેને બીજી કોઈ પણ ભાષા શીખતાં બહુ મુશ્કેલી પડતી નથી. જર્મનીમાં રહીને મુનિજીએ શું કર્યું એ સંબંધમાં તેમણે પોતાના ૧૯૪૦ માં ઉદયપુરના વ્યાખ્યાનમાં કહ્યું હતું કે:—"મેવાડના એક નાના એવા ગામમાં અશિક્ષિત રાજપુતના નિર્ધન કુટુંબમાં જન્મેલા અને જન્મ્યા બાદ અત્યાર સુધીમાં કોઇ પણ નિશાળ, કોલેજ અગર મહાવિદ્યાલયમાં કાંઇ પણ પ્રકારનું શિક્ષણ લીધા વિનાના મારા જીવનમાં—ગૃહયોગાનુસાર મારા નસીબમાં—યુરોપની મુસાફરી પણ લખી હતી અને તે પ્રમાણે આજથી બાર વર્ષ પહેલાં હું યુરોપ ગયો. જર્મનીનું નામ લેવાનું આજે કદાચ (બીજા વિશ્વયુદ્ધના સમયે) કોઇને અમંગળ લાગશે, પરંતુ હું મારા જ્ઞાનમાં વૃદ્ધિ કરવાની અભિલાષાએ જર્મની પહોંચી ગયો. હા, એ વખતે ત્યાં હજ હિટલરનો જયનાદ કોઇ ઠેકાણે સાંભળવામાં આવતો નહોતો. ત્યાં હું લગભગ ૧૮/૨૦ માસ રહ્યો. ત્યાં પણ દૈવે મારે માટે કોઇ એવો યોગ ઉપસ્થિત કર્યો કે જેના બળથી બર્લીન શહેરના એક મોટા રાજમાર્ગ ઉપર એક રાષ્ટ્રિય ભાવનાવાળા મુસલમાન મિત્રની સહાયથી મેં 'હિંદુસ્તાન હાઉસ' નામનું એક વસતિગૃહ ખોલ્યું. એ ગૃહમાં હિન્દુસ્તાની તથા જર્મન મિત્રોની સાથે પરસ્પર સાંસ્કૃતિક સમાગમ સારા પ્રમાણમાં રહેતો. રાજા મહેન્દ્રપ્રતાપ, શિવપ્રસાદ ગુપ્ત, ધોંડો કેશવ કર્વે, સૌમ્યેન્દ્રનાથ ટાગોર, નૃત્યકાર ઉદયશંકર, સ્વામી સત્યદેવ, બેરીસ્ટર ચુડગર આદિ હિંદુસ્તાનની અનેક નામી વ્યક્તિઓએ મારા મહેમાન બનીને આ ગૃહના ઉત્તમ આતિથ્યનો અનુભવ મેળવ્યો. સેંકડો જર્મન મિત્રો—જેમાં મોટા પ્રોફેસરો વ્યાપારીઓ અને કળાવાન રાજનીતિજ્ઞોનો પણ સમાવેશ થતો હતો— આ ગૃહનો ખુબ આદર કરતા અને બર્લીનના બધા મુખ્ય વર્તમાનપત્રો આ ગૃહના સમાચારો છબીઓ સાથે ખૂબ જ સહાનુભૂતિપૂર્વક પ્રગટ કરતા હતા. આ ગૃહમાં રહીને મેં જ્ઞાનપિપાસુ સુશિક્ષિત જર્મન કુમારીઓ તથા કુમારો અને પ્રૌઢોને પણ હિંદી ભાષા શીખવી અને ભારતના રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક જીવનની વિવિધ રીતે તેમને સમજણ આપી. મારા જીવનનો આ એક અદ્ભુત અને સફળ પ્રયોગ હતો."

### જેલયાત્રા

એક બીજી જગ્યાએ મુનિજી કહે છે કે "જર્મનીમાં રહીને સ્વાતંત્ર્યયુદ્ધ લડવાનો વિચાર હતો, કેમકે મને વિશ્વાસ હતો કે જર્મની હિંદુસ્તાનને સ્વાતંત્ર્યપ્રાપ્તિ કરવામાં સહાયભૂત થશે. ત્યાં એક ઇન્ડો—જર્મન ઇન્સ્ટીટ્યુટની સ્થાપના કરવાની કલ્પના સાથે લાહોર કોંગ્રેસ મળવાની હતી તેના એક દિવસ અગાઉ હું હિંદુસ્તાનમાં આવ્યો."

૧૯૩૦ના માર્ચમાં મહાત્માજીએ દાંડી કૂચથી નીમક સત્યાગ્રહ શરૂ કરી દીધો હતો. પછી મુનિજીથી કેમ રહેવાય? તેમણે પણ અમદાવાદમાંથી પોતાના ૭૫ સાથીઓની એક ટુકડી બનાવી. એ ટુકડીની કૂચ પણ ચેતનાપ્રદ હતી. આખા અમદાવાદ શહેરમાં ઉત્સાહ અને શૌર્યના આંદોલન શરૂ થઇ ગયા. મુનિજી પકડાઇ ગયા અને તેમને નાસિક રોડના કારાવાસમાં બ કક્ષામાં રાખવામાં આવ્યા. ત્યાં શેઠ જમનાલાલ બજાજ, નરીમાન, મુનશી વિગેરે નેતાઓનો સમાગમ થયો. ત્યાં પણ પઠનપાઠન ચાલુ થઇ ગયા. નરીમાન હિન્દી શીખવા લાગ્યા. જમનાલાલજી ધમ્મપદ જેવા ગ્રન્થને સમજવા લાગ્યા અને કનૈયાલાલ મુનશી જેની સાથે મુનિજીને પહેલા પણ પરિચય હતો તેમણે પોતાના Gujarat its Language and Literature ગ્રન્થની હસ્તલિખિત પ્રતિ પરિશુદ્ધ કરવામાં મુનિજીની મદદ લીધી. મુનિજીની સજા પુરી થઈ હતી, પણ દંડ માટેની સજા ભોગવવાની બાકી હતી, પરંતુ મુનશીજી જે દિવસે છૂટયા તેજ દિવસે મુનિજીનો દંડ કોઇએ ભરી દીધો અને મુનિજી તથા મુનશીજી બન્ને સાથે મુંબઈ ગયા, જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ગુજરાત વિદ્યાપીઠનું કામ બંધ થઇ ગયું હોવાથી તથા કવિવર રવીન્દ્રનાથ ટાગોરના આગ્રહથી મુનિજી શાંતિનિકેતન ગયા. "બંગાળના શાંતિનિકેતન જેવા વિશ્વવિખ્યાત વિદ્યામંદિરમાં પણ ત્રણ ચાર વર્ષ રહેવાનો અને ત્યાંના મહાજનોની સાથે આત્મીયભાવ પ્રાપ્ત કરવાનો મને અપૂર્વ અવસર મળ્યો. ત્યાં અને દાનવીર બાબુ શ્રી બહાદુરસિંહજી સિંઘી જેવા સંસ્કારમૂર્તિ, શિક્ષાપ્રિય અને સાહિત્યરસિક સજ્જનની પ્રેરણાથી સિંઘી જૈન ગ્રન્થમાળા જેવી શ્રેષ્ઠ પ્રકારની ગ્રંન્થાવલિની પ્રતિષ્ઠા કરાવવાનો સુયોગ પ્રાપ્ત થયો."

સને ૧૯૩૭માં ધારાસભાની નવી ચૂંટણી થઇ. મુનશીજી મુંબઇના ગૃહમંત્રી બન્યા. મુનશીજી અને મુનિજીએ નાસિકના કારાવાસમાં એક યોજના તૈયાર કરી હતી—ભારતીય વિદ્યાભવનની—એને પાકવાનો સમય આવી ગયો હતો. ભારતીય વિદ્યાભવનનું સંચાલનનું કાર્ય મુનિજી પર આવી પડયું. મુનિજીએ પુરી જહેમતથી એ કામ કર્યું. આજે તો મુંબઇનું ભારતીય વિદ્યાભવન એક બહુ મોટી સંસ્કાર—સંસ્થા બની ગઈ છે. મુનિજી આજે પણ ભારતીય વિદ્યાભવનના પુરાતત્વ વિભાગના સંચાલક છે.

### માતાજીનું અવસાન

જ્ઞાનપિપાસા અને રાષ્ટ્રસેવામાં નકારરૂપ કોઈ પણ મર્યાદામાં નહિ માનવાવાળા મુનિજીએ અદ્ભૂત જીવન વીતાવ્યું છે. તેઓ ક્રાન્તિના પરિપાકરૂપ છે. અને તેમણે પરિવર્તન કરવામાં કદિ પણ કોઇ જાતનો સંકોચ અનુભવ્યો નથી. તેઓ નવા જમાનાના સાધુ છે. માતાની ગોદમાંથી ઉઠાવી જવામાં આવેલ મુનિજી જ્યારે સાધુવેશ ત્યજીને અમદાવાદ ગયા

અને ત્યાંથી પોતાની માતાનાં દર્શન માટે પોતાને ગામ ગયા ત્યારે તેમણે શું જોયું? બીચારી માતા જેનું બીજું સંતાન પણ મરી ગયું હતું. કિસન, રણમલનું સ્મરણ કરતી કરતી તે પણ એ સાલ પહેલાં મરણ પામી હતી. મુનિજી ગમે તેટલા શુષ્ક હશે—અને તેમના વિષે કેટલાકનો આવો ખ્યાલ છે—ઇતિહાસજ્ઞને સાધારણ રીતે શુષ્ક વૃત્તિના લેખવામાં આવે છે—પરંતુ માનું દર્શન ન થઈ શક્યું એ ઘટના તેમના માટે ખૂબ સંતાપજનક બની, કેમકે એક જગ્યાએ મુનિજીએ કહ્યું છે કે "હું સન્ ૧૯૯૮ માં પૂનામાં હતો અને ઇન્ફ્લુએન્ઝા તાવથી પીડાતો હતો. બીમારીના દિવસોમાં મરાઠી ઉપન્યાસકાર હરિનારાયણ આપ્તેનો એક ઉપન્યાસ વાંચી રહ્યો હતો. પુત્ર ખોવાઇ જાય છે, મા વિરહથી વ્યાકુળ બને છે. એ વાંચીને મારૂં હૃદય મારા હાથમાં ન રહ્યું, માને મળવાનું મને મન થયું, પરંતુ સાધુથી રેલ્વેમાં કેમ બેસી શકાય? સન્ ૧૯૧૯ માં જૈન સાંપ્રદાયિક સાધુપણું છોડીને ગુજરાત વિદ્યાપીઠમાં ગયો અને પછી માને મળવા ગયો......પરંતુ મા બાવીશ વર્ષ સુધી ઘરની બહાર નીકળી ન હતી. નાનો ભાઇ હું ઘર છોડી ગયા બાદ થોડા સમયમાં મરી ગયો હતો. આમ નિરાધાર સ્થિતિમાં પોતાનો ગુમ થયેલો પુત્ર ક્યારેક તો પાછો આવશે જ એવી આશામાં ને આશામાં પ્રભુસ્મરણ તે કરતી હતી, મીરાંના ભજન ગાતી હતી અને પુત્રસ્મરણ કરતી કરતી રૂદન કરતી હતી. આ રીતે તેનાં બાવીશ બાવીશ વર્ષ પસાર થઇ ગયાં, પરંતુ માનો બેટો પાછો ન આવ્યો તે ન જ આવ્યો. અને ૧૯૨૦ માં અધૂરી આશામાં માએ દેહ છોડ્યો."

એ ઘટના કરૂણ છે. મુનિજીની ભાવનાની દ્યોતક છે. માનો પ્યાર અજબ વસ્તુ છે!

### જર્મન પ્રાચ્ય વિદ્યા પરિષદ દ્વારા સન્માન

આ અલ્પપરિચય એ મુનિજીનો છે કે જે આજે એક વિશેષજ્ઞાતા તરીકે ઓળખાય છે અને જેમણે પોતાની સાહિત્ય ઇતિહાસની સેવાથી જર્મન પ્રાચ્ય વિદ્યા પ્રરિષદ (Deutche Margelandishe Gesellchaft)ને પોતા પ્રત્યે વિશેષ પ્રમાણમાં આકર્ષિત કરી છે. આ વિદ્યાપરિષદે બહુ જ થોડા ભારતવાસીઓને પોતાની સંસ્થાના સંમાનનીય સભ્ય બનાવ્યા છે. ભાંડારકર, કુમ્મુ સ્વામી, ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી જેવા થોડા ગણ્યાગાંઠ્યા પંડિતો આવું સન્માન પામ્યા છે. આ વિદ્યાપરિષદ તરફથી મુનિજીને નીચે મુજબ પત્ર મળ્યો હતો.

(જર્મની) તા. ૨-૮-૫૨

પ્રિય સુહૃદ,

જર્મન ઓરિયેન્ટલ સોસાયટીના વ્યવસ્થાપકોના મંડળે આપને આ સોસાયટીના સન્માનનીય સભ્ય (Honorary Member) તરીકેનું પદ અર્પણ કરવાનો નિર્ણય કર્યો છે. આપની દીર્ઘ-કાલીન પ્રવૃત્તિ કે જેણે ભારતીય સંશોધનના ક્ષેત્રમાં ભવ્ય પરિણામો નિપજાવ્યા છે અને જે એ ક્ષેત્રને ભારે પ્રશંસાપાત્ર વેગ આપી રહેલ છે—એ પ્રત્યેની આભારની લાગણી વ્યક્ત કરવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને જ. ઓ. સો. ની વાર્ષિક સભાએ એકીમતે વધાવી લીધો છે. આ સમાચાર આપને લખી જણાવતાં અમને ભારે ખુશાલી ઉપજે છે. આપનું નિશ્ચિત સરનામું જણાવશો. આપનો પત્ર મળ્યા પછી તરત જ એ સંબંધીનો પાકો દસ્તાવેજ આપને મોકલી આપવામાં આવશે.

ભલી લાગણીઓ સાથે

આપના સહૃદયી

(સહી) વાલ્ધેર શુબ્રીંગ. (સહી) અર્ન્સ્ટ વાલ્ડસ્મીટ

**આ પત્રનો મુનિજીએ નીચે મુજબ જવાબ લખ્યો હતો.**

મુંબઇ, તા. ૨૩-૮-૫૨

પ્રિય સુહૃદો,

આપનો તા. ૨-૮-૫૨નો પત્ર મળ્યો. એ વાંચતાં અચરજ અને આભારની મિશ્રિત લાગણીઓથી મારૂં હૈયું ભરાઇ ગયું હતું અને સાચે જ એને આપની પાસે વ્યક્ત કરવા માટે યોગ્ય અને પૂરતા શબ્દો મને જડતા નથી. કારણ કે, જર્મન ઓરિયેન્ટલ સોસાયટી કે જે વિશ્વની ઓરિયેન્ટલ સોસાયટીઓમાં સર્વોચ્ચ સ્થાન ધરાવે છે, તેના જેવી વિદ્વાનોની એક પ્રૌઢ સંસ્થા તરફથી મારી વિદ્યાસેવાનું સન્માન કરવામાં આવશે એવી આકાંક્ષા મેં કદી સેવી નથી; મારી જાતને હું કોઇ રીતે એવા સન્માનને યોગ્ય માનતો પણ નથી.

વિનમ્રતા અને ભક્તિની ભાવનાથી પ્રેરાઇને એક અદના અભ્યાસી તરીકે હું વિદ્યા અને પાંડિત્યના ક્ષેત્ર પ્રત્યે આકર્ષાયો હતો; અને આજ દિન સુધી પણ હું મારી જાતને સરસ્વતીના ચરણારવિંદમાં એક નમ્ર સેવકથી વધારે ગણતો નથી. વિખ્યાત પંડિત કે મહાસાક્ષર તરીકે તો હું ક્યાંય દૂર છું. બીજી બાજુ, સંશોધન અને વિદ્યા પ્રત્યે અવિરત અને પરિપૂર્ણ ભક્તિ ધરાવતા સ્વનામધન્ય જર્મન મહાવિદ્વાનો કે જેઓ જ્ઞાનની સેવા માટે ભારે શ્રમ ઉઠાવવાની પ્રચંડ શક્તિ ધરાવતા હતા તે વિદ્વાનોની પરંપરાનું હું જ્યારે સ્મરણ કરૂં છું ત્યારે મારૂં મસ્તક, સહજ સન્માન અને પ્રશંસાથી તેમની આગળ ઝુકી જાય છે. એટલે જ્યારે મેં એ જાણ્યું કે, મારૂં અદનું નામ જેઓ જર્મન ઓરિયેન્ટલ સોસાયટીની ઉચ્ચ પરંપરાને જાળવી રહ્યા છે તેવા વિખ્યાત મહાવિદ્વાનોની હરોળમાં મૂકવા યોગ્ય ગણવામાં આવ્યું છે ત્યારે મને ભારે ક્ષોભ અને સંકોચ થયો, કારણ કે આવી મોટી યોગ્યતાને માટે હું કેટલો ઓછો લાયક છું એનો મને પૂરેપૂરો ખ્યાલ છે. તેથી હું માનું છું કે સોસાયટીનું આ પગલું એ ઉદાર ભાવનાનું સૂચન કરે છે કે જે વર્ગ, ધર્મ કે દેશના ભેદભાવ સિવાય, હમેશાં સરસ્વતીના સહૃદય ઉપાસકોની પ્રશંસા અને કદરદાની માટે તત્પર રહે છે, અને સામાન્ય સેવાઓને પણ મોટી કરીને માને છે.

મને જે માન આપવામાં આવ્યું છે તે મેળવવા માટે હું મારી જાતને સદ્‌ભાગ્યશાળી અને ગૌરવયુક્ત માનું છું; અને વિદ્યા-સેવામાં હું જે કંઇ નમ્ર ફાળો આપી શક્યો છું તેના બદલામાં આના કરતાં વધુ મોટા પારિતોષિકની હું કલ્પના પણ કરી શકતો નથી. આમ છતાં મને લાગે છે કે આ કાર્ય મારી કોઈ વિશિષ્ટ યોગ્યતાના બદલે આપની પોતાની મોટાઇને જ વ્યક્ત કરે છે. આપે મારા સામાન્ય કાર્યનું આવું મૂલ્ય આંક્યું તે માટે હું મારી જાતને ભાગ્યશાળી લેખું છું; અને મને મહાકવિ કાલિદાસના આ શબ્દો અત્યારે સાંભરી આવે છે—"आपरितोषाद् विदुषाम् न साधु मन्ये प्रयोगविज्ञानम् ।"

વિદ્યાના પ્રદેશમાં મેં કરેલા ગમે તેવા મૂલ્યવાળા મારા પ્રયોગો, ભારતીય વિદ્યાના વિદ્વાનોની સર્વોચ્ચ સંસ્થાનું ધ્યાન દોરી શક્યા એ બીના પ્રત્યે હું સંતોષની લાગણી અનુભવ્યા વગર નથી રહી શકતો. આ રીતે ઓનરરી મેમ્બર તરીકે એ સંસ્થા સાથે સંકળાવું એ, સાચે જ, ભારે લહાવો છે. મને ખાતરી છે કે, મને આ સન્માન આપવામાં આવ્યું છે તે એક વ્યક્તિ તરીકે કે એક ભારતીય તરીકે નહીં પણ વિદ્યાના ક્ષેત્રની ભારતીય-જર્મન મિત્રતાને વરેલ વ્યક્તિ તરીકે આપવામાં આવ્યું છે.

આ સન્માન માટે હું, આ પત્ર દ્વારા, સોસાયટી પ્રત્યે મારી હાર્દિક આભારની લાગણી વ્યક્ત કરૂં છું—જો કે આ પળે એને યોગ્ય શબ્દોમાં વ્યક્ત કરવાનું મને મુશ્કેલ લાગે છે.

ભલી લાગણીઓ સાથે

આપનો સહૃદયી

(સહી) જિનવિજય મુનિ

મુનિજીના આ સન્માનથી ભારતનું સન્માન થયું છે અને તેથી સૌ કોઇને આનંદ થયો છે, ગર્વ થયો છે. મુનિજીને આ અવસર પર અમો અભિનંદન આપીએ છીએ. ભારતની નામી સંસ્થા ભાંડારકર ઓરિએન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટે પણ મુનિજીને અભિનંદન આપતાં નીચે મુજબ જણાવ્યું છે:—

પૂના તા. ૨૯-૮-૫૨

**આત્મપ્રિય શ્રી મુનિજી**

જર્મન ઓરિયેન્ટલ સોસાયટીએ આપને પોતાના સન્માનીય

સભ્ય તરીકે સ્વીકારીને આપનું જે ભારે સન્માન કર્યું છે તે બદલ મારા સાદર અભિનંદન સ્વીકારશો. હું અને ભાંડારકર ઓરિયેન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટયુટમાંના મારા સાથીઓ એથી રાજી થયા છીએ કે સામાન્ય રીતે ભારતીય વિદ્યા અને વિશેષે કરીને જૈન વિદ્યાની આપની વિશિષ્ટ સેવાઓની જર્મન ઓરીએન્ટલ સોસાયટી જેવી ભારે વિખ્યાત સંસ્થાએ કદર કરી છે. ખાસ કરીને તો અમને એથી હર્ષ થાય છે કે આવું મોટું સન્માન એક એવી વ્યકિતને મળ્યું છે કે જે આ સંસ્થાના એક સમ્માનનીય સભ્ય છે.

ભલી લાગણીઓ સાથે
આપનો સહૃદયી
(સહી) આર. એન. દાંડેકર

## ચારિત્ર્યવિષયક વિશિષ્ટતા

અમારા આ મુનિજીને કોઈએ રાજર્ષિ કહ્યા છે, કોઇએ બંડખોર કહ્યા છે, તો કોઇએ આજાનબાહુ કહ્યા છે. તેમણે પર્યંટન કાળમાં પોતાના શરીરને ખૂબ સારી રીતે સંભાળ્યું છે. તેઓ આજે પણ સીધા બેસે છે, ચાલે છે તો પણ યુવકોને પાછળ રાખી દે એવી ગતિથી છલાંગ મારતા ચાલે છે. એમની વિચારધારા સ્પષ્ટ છે. સ્વરાજ્ય પ્રાપ્તિ પછી દેશસેવકોનું અધઃપતન જોઇને પોતે દુઃખી થાય છે. પોતે મહાત્માજીના માર્ગ પર ચાલવાવાળા છે, પરંતુ તેઓ જનતામાં આવેલી જડતાને નાબુદ કરવાના કાર્યમાં ગતિ ઇચ્છે છે.

મુનિજી પોતે અમુક પ્રાન્તના જ છે એમ માનતા નથી. તેઓ જાત, પ્રાંત અને સંપ્રદાય સાથેનો સંબંધ રાખતા નથી. તેઓ પોતા વિષે લખે છે કે "હું એ પ્રકારની પ્રકૃત્તિવાળો માણસ નથી જેના વિષે સંસ્કૃતમાં કોઇ કવિએ કહ્યું છે કેઃ— तातस्य कूपोयमिति ब्रुवाणाः क्षारं जलं कापुरूपाः पिबन्ति। (આ બાપનો કુવો છે એમ કહીને બાયલા માણસો એ કુવાનું ખારૂં પાણી પીએ છે.) હું તો પૂર્ણતયા પ્રગતિગામી વિચારો અને આચારોનો પરમ ઉપાસક અને પ્રશંસક છું. હું નીતિકારના એ કથનને ખૂબજ ઉચિત સમજું છું કેઃ— 'शत्रोरपि गुणा वाच्या, दोषा वाच्या गुरोरपि' (શત્રુના પણ ગુણો સ્વીકારવા અને ગુરૂજનોના પણ દોષો સ્વીકારવા) અને સાથે સાથે હું એ મહાકવિના કથનને પણ યથાર્થ સમજું છું કેઃ— "पुराणमित्यैव न साधु सर्वं, न चापि नव्यमिति व.घ्यवद्यम् (પુરાણું છે એટલે સર્વ કાંઇ સારૂં નથી અને નવું છે એટલે જ સર્વ કાંઇ ખરાબ નથી.) આ સૈદ્ધાન્તિક વિચારોનું અનુગમન કરતો હું આપણા દેશના પ્રાચીન અને નવીન સર્વે કાર્યકર્તાઓનું નિરીક્ષણ કરતો રહ્યો છું. ધર્મ, સમાજ, શિક્ષણ, સાહિત્ય અને રાજનીતિવિષયક સર્વે પ્રવૃત્તિઓનું હું આ દૃષ્ટિએ અવલોકન કર્યા કરૂં છું અને ઔચિત્ય અનૌચિત્યનો ગુણાંક કર્યાં કરૂં છું.

આ મુનિજી હાલ પોતાની જન્મભૂમિ રાજસ્થાનમાં જઇને બેઠા છે. દેશના સંસ્કારધનનું રક્ષણ કરવા તેઓ સતત ઉદ્યમી રહે છે અને આજે પણ પોતાની આ અવસ્થામાં, આંખોની નબળાઇની પણ પરવા કર્યા વિના વિદ્યાવ્યાસંગમાં લીન રહે છે. રાજસ્થાન સરકારે ત્રણ વર્ષ પહેલાં પુરાતત્વ મંદિરની સ્થાપના કરીને એક ઉત્તમ પગલું ભર્યું છે. એ પુરાતત્વ મંદિરની કાર્યવાહીનો ભાર મુનિજી ઉપર મૂકવામાં આવ્યો છે અને આજે એમનાથી વિશેષ યોગ્ય વિદ્વાન કોણ મળી શકે એમ છે જે આવા કામોનું સંચાલન કરી શકે? રાજસ્થાનનું અહોભાગ્ય છે કે મુનિજી રાજસ્થાનમાં આવીને સ્થિર થયા છે. રાજસ્થાનના વિદ્વાનો, વિદ્યાર્થીઓ સર્વ મુનિજીનો પુરો લાભ ઉઠાવીને રાજસ્થાનના ખુણેખુણામાં, રાજમહેલોમાં, પોથીખાનાઓમાં, ગ્રન્થભંડારોમાં, મંદિરોમાં, કોટોમાં, દુર્ગોમાં, સમાજના પ્રત્યેક અંગમાં—સંસ્કારધન રક્ષિત, અર્ધરક્ષિત તથા અરક્ષિત અવસ્થામાં જામેલું અગર વિખરાયલું પડયું છે એને સંભાળે! દેશની સાચી સમૃદ્ધિ આ સંસ્કારધન છે.

(સમાપ્ત) ગોકુળભાઇ દૌલતરામ ભટ્ટ

## મેરી મેગડેલીન

(જાણીતા તત્વચિન્તક ખલીલ જીબ્રાને 'Jesus, Son of Man' એ નામનું એક પુસ્તક અંગ્રેજીમાં લખ્યું છે. એ પુસ્તકમાં ઇશુ ખ્રિસ્તની સમકાલીન અને તેના સીધા કે આડકતરા સંપર્કમાં આવેલી નિકટવર્તી, અનુકુળ તેમજ પ્રતિકુળ એવી કેટલીએક વ્યક્તિઓનાં કાલ્પનિક સંસ્મરણો રચીને સંગ્રહિત કરવામાં આવેલાં છે. ખલીલ જીબ્રાન ગુજરાતી જનતાને એક બહુ સુપરિચિત લેખક છે અને તેમની કેટલીએક કૃતિઓના ગુજરાતીમાં અનુવાદો પ્રગટ થઇ ચુકેલ છે. પણ આ પુસ્તક હજુ સુધી કોઇએ અનુવાદ માટે હાથમાં લીધું નથી. આ પુસ્તક વાંચતા ઇશુ ખ્રિસ્તની જીવન-પ્રતિભાનો આપણને કોઇ જુદો જ સાક્ષાત્કાર થાય છે અને ઇશુ ખ્રિસ્ત અને ગાંધીજી વચ્ચે કેટલીએક બાબતોમાં જાણે કે અદ્ભુત સામ્ય હોય એવી પ્રતીતિ આપણે અનુભવીએ છીએ.

ઇશુ ખ્રીસ્તના જીવનમાં મેરી મેગડેલીન ભારે મહત્વનું સ્થાન ધરાવે છે. તે વ્યવસાયે વેશ્યા હતી. અત્યન્ત રૂપવતી લાવણ્યવતી અને એ વખતના અનેક અમીર ઉમરાવની તે માનીતી હતી. આ મેરી મેગડેલીનના જીવનમાં ઇશુ ખ્રીસ્તના દર્શન માત્રથી એક મોટા પલટાની શરૂઆત થાય છે અને ઇશુ ખ્રીસ્તની એક અનુપમ ઉપાસિકા બનવામાં તે પલટાનું પરિણામ આવે છે. આ હૃદયપલટાનું ખલીલ જીબ્રાને ભારે નિપુણતાપૂર્વક ઉત્કૃષ્ટ પ્રકારના કવિત્વથી ભરેલું નિરૂપણ કર્યું છે, જેનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનો આ નમ્ર પ્રયત્ન છે.

પરમાનંદ.

એ ઘટના જુન મહીનાના પ્રારંભમાં બની કે જ્યારે મેં તેમને પહેલી વાર જોયા. તેઓ ઘઉંના ખેતરોમાં વિચરી રહ્યા હતા, જ્યારે હું મારી દાસીઓ સાથે તેમની બાજુએથી પસાર થઇ. તેઓ એકલા હતા.

તેમની ચાલનો તાલ બીજા કોઇ લોકોની ચાલ કરતાં જુદો જ હતો, અને તેમના શરીરનું હલનચલન, મેં જે કોઇ આગળ ઉપર જોયું હતું તેમાંથી કોઇની પણ સાથે સરખાવી ન શકાય તેવું હતું.

સામાન્ય માનવીઓ ધરતી ઉપર એ રીતે ચાલતા નથી. અને તેઓ ઝડપથી ચાલતા હતા કે ધીમેથી ચાલતા હતા તેની આજે પણ મને ખબર નથી.

મારી દાસીઓ તેમની તરફ આંગળી ચીંધવા લાગી અને અંદર અંદર ગુસપુસ વાતો કરવા લાગી. અને હું એક ક્ષણ માટે થંભી ગઇ અને તેમને આવકાર આપવા મારો હાથ મેં ઊંચો કર્યો. પણ તેમણે પોતાનું મોઢું ફેરવ્યું નહિ અને તેમણે મારી સામે જોયું નહિ. અને હું તેમના ઉપર ખૂબ ચીડાઇ. મારા ગર્વનો ભંગ થયો અને હું ખીસીયાણી પડી ગઇ અને જાણે કે બરફના ઢગલા ઉપર ઢળી પડી ન હોઉં એમ ઠંડીગાર થઇ ગઇ. અને હું કંપવા લાગી.

તે રાત્રીએ મેં તેમને સ્વપ્નામાં જોયા; અને હું ઉંઘમાં ચીસો પાડતી હતી અને મારા બીછાનામાં ખુબ બેચેની દાખવી રહી હતી એમ પાછળથી મારી દાસીઓએ મને જણાવ્યું હતું.

ત્યાર પછી ઓગસ્ટ મહીનામાં મેં તેમને મારી બારીમાંથી બીજી વાર જોયા. મારા બગીચામાં આવેલા પીપળાના ઝાડની છાયામાં તેઓ બેઠા હતા અને ઉત્તર પ્રદેશમાં આવેલું એન્ટીઓક અને બીજા શહેરોમાં જોવામાં આવે છે તેવી મૂર્તિઓ માફક જાણે કે તેમને પથ્થરમાંથી કોરી કાઢવામાં આવ્યા ન હોય એવા શાન્ત અને સ્થિર તેઓ દેખાતા હતા.

અને મારી મીસરવાસી દાસી મારી પાસે આવી અને બોલી કે "તે માણસ અહિં ફરીથી આવેલ છે અને આપણા બગીચામાં સામે બેઠેલ છે."

અને હું તેમને તાકીને જોઇ રહી અને મારો આત્મા અંદરથી કંપવા લાગ્યો, કારણ કે તેઓ ભારે સુન્દર દેખાતા હતા.

તેમનું શરીર એકવડીયું હતું અને અંગઉપાંગમાં અદ્ભુત સૌષ્ટવ વિલસી રહ્યું હતું.

પછી હું સુન્દર વસ્ત્રોથી સજ્જ થઇ અને ઘરની બહાર નીકળી અને તેમની તરફ ચાલવા લાગી.

શું હું એકલવાયી હતી એટલા જ માટે તેમના તરફ આકર્ષાઇ રહી હતી કે તેમનું માધુર્ય તેમની તરફના આકર્ષણનું કારણ હતું? શું મારી નેત્રતૃષ્ણા કોઇ સૌન્દર્યને શોધી રહી હતી કે તેમનું લાવણ્ય મારી આંખોને ખેંચી રહ્યું હતું?

આજે પણ હું તેનો નિર્ણય કરી શકતી નથી.

સુવાસથી મઘમઘતા વસ્ત્રો વડે સજ્જ થયેલી હું તેમના તરફ પગલાં ભરી રહી હતી અને રોમન સરદારે ભેટ આપેલા સોનેરી ચંપલ મેં પહેર્યા હતા. તેમની સમીપ હું પહોંચી ત્યારે મેં તેમને 'નમસ્તે' કહ્યું.

અને તેમણે પણ 'નમસ્તે' કહીને જવાબ વાળ્યો.

અને તેઓ મારી સામે જોઇ રહ્યા અને પૂર્વે કદિ પણ નહિ અનુભવેલી એવી તેમની કલ્યાણવાહી દૃષ્ટિ મારી ઉપર પડી રહી. અને એકાએક જાણે કે મારાં સર્વ આવરણો સરી પડયાં હોય એવી સ્થિતિ હું અનુભવવા લાગી અને શરમીંદી બની ગઇ.

અને તેમણે તો 'નમસ્તે' એટલું જ કહ્યું હતું. અને ત્યાર બાદ મેં તેમને વિનંતિ કરી કે 'આપ મારા ઘરમાં નહિ પધારો?"

અને તેમણે જવાબ આપ્યો કે "તમારા ઘરની અંદર શું હું પ્રવેશી ચૂકયો નથી?"

તેઓ શું કહેવા માગતા હતા તે હું તે વખતે સમજી નહોતી, પણ હવે મને તે બરોબર સમજાય છે અને મેં કહ્યું કે "મારાં ઘરનાં અન્નજળ આપ નહિ સ્વીકારો?" અને તેમણે જવાબ આપ્યો કે "જરૂર મરીયમ, પણ અત્યારે નહિ."

'અત્યારે નહિ.' 'અત્યારે નહિ' એમ તેમણે કહ્યું, અને એ બે શબ્દોમાં સમુદ્રનું ગાંભીર્ય હતું અને વાયુ અને વૃક્ષોની ઝણઝણાટી હતી.

અને જ્યારે તેમણે આ શબ્દો મને અનુલક્ષીને ઉચ્ચાર્યા ત્યારે જીવન જાણે કે મૃત્યુને સંબોધી રહ્યું હતું.

કારણ કે, પ્રિય સખી, ખરેખર તે વખતે હું મૃતપ્રાય જ હતી. હું એક એવી સ્ત્રી હતી કે જેણે પોતાના આત્મા સાથે છુટા છેડા કર્યા હતા. આજે તમે મને જેવી જુવો છો તેથી હું તદ્દન ભિન્ન પ્રકારની હતી. હું સૌની હતી અને કોઇની નહોતી. લોકો મને એક વેશ્યા તરીકે ઓળખતા હતા અને હું એક ડાકણ છું એમ તેઓ માનતા હતા. હું શ્રાપિત હતી અને છતાં લોકો મારી ઇર્ષ્યા કરતા હતા.

પણ જ્યારે તેમની શુભ્ર દૃષ્ટિ મારી ઉપર પડી ત્યારે મારી રાત્રીના સર્વ તારાઓ અસ્ત પામ્યા અને હું મરિયમ—માત્ર મરિયમ—જે દુનિયાને હું આજ સુધી જાણતી હતી તે દુનિયાથી છુટી પડેલી અને કોઇ નવી દુનિયામાં પ્રવેશ કરતી એક અનોખી સ્ત્રી બની ચૂકી હતી.

અને પાછું ફરીથી મેં તેમને કહ્યું કે "મારા ઘરમાં પધારો અને મને સહભોજનનો લાભ આપો!"

અને તેમણે પ્રશ્ન કર્યો કે "મને શા માટે તમારો અતિથિ થવાનું નિમંત્રણ આપો છો?"

અને મેં જવાબ આપ્યો કે "હું આપને મારા ઘરને પાવન કરવા પ્રાર્થના કરૂં છું." અને એ શબ્દો ઉચ્ચારતી વખતે મારામાં જે કાંઇ પાર્થિવ હતું અને મારામાં જે કાંઇ અપાર્થિવ હતું તે સર્વ કાંઇ તેમને બોલાવી રહ્યું હતું, ઝંખી રહ્યું હતું.

પછી તેમણે મારી સામે જોયું, અને મારી ઉપર પોતાની નજર ટેકવી અને બોલ્યા કે "તમને ચાહનારા અનેક છે અને એમ છતાં હું એકલો જ તમને ચાહું છું. બીજા માણસો તમારા સાન્નિધ્યમાં પોતાની જાતને ચાહે છે. હું તમને જ ચાહું છું. બીજા લોકો તમારામાં એવું સૌંદર્ય નિહાળી રહ્યા છે કે જે સૌન્દર્ય તેમની પોતાની યુવાની ખતમ થશે તે પહેલાં ઝંખું પડી જવાનું છે, ક્ષીણ થવાનું છે. પણ હું તમારામાં એ પ્રકારના સૌન્દર્યને નિહાળી રહ્યો છું કે જે કદિ પણ ક્ષીણ થવાનું નથી. અને તમારી જરાવસ્થામાં પણ એ સૌન્દર્ય પોતાને અરીસામાં નિહાળતાં જરા પણ સંકોચ અનુભવવાનું નથી અને કદિ ખિન્ન થવાનું નથી."

"તમારામાં રહેલા અદૃષ્ટ તત્વને હું એકલો જ ચાહું છું."

પછી તેઓ ધીમા અવાજે બોલ્યા કે "હવે તમે અહિંથી જાઓ! જો આ પીપળાનું વૃક્ષ તમારૂં હોય અને તેની છાયા નીચે હું બેસું એ તમને ગમતું ન હોય તો હું મારા માર્ગે આગળ ચાલ્યો જઇશ."

અને હું પોકાર કરીને તેમને કહેવા લાગી કે "ગુરૂદેવ, મારા ઘરમાં પધારો. હું આપનું ધૂપદીપથી સ્વાગતગત કરીશ અને સુંદર કળશ વડે આપનાં ચરણ પખાળીશ. આપ અજાણ્યા છો. અને છતાં પણ બીલકુલ અજાણ્યા ન હો એમ મને લાગે છે. આપને પગે પડીને વિનવું છું કે આપ મારા ઘરમાં પધારો!"

પછી તેઓ ઉભા થયા અને જેવી રીતે વહેતી રૂતુઓ ખેતર ઉપર નજર નાંખે છે તેવી રીતે તેઓ પોતાના દૃષ્ટિપાતથી મને નવરાવી રહ્યા અને સ્મિતપૂર્વક ફરીથી કહેતા હતા કે "સર્વ માણસો તમને પોતાની જાત માટે ચાહે છે. હું તમને તમારી ખાતર ચાહું છું." અને ત્યાંથી તેઓ ચાલતા થયા.

પણ તેઓ જે ભવ્યતાથી ચાલતા હતા તે ભવ્યતા મેં કદિ કોઇ માણસની ચાલમાં અનુભવી નથી. શું મારા બગીચામાં જ નિર્માણ પામેલી એ કોઇ પવનલહરી હતી કે જે પૂર્વ દિશાએ સંચરી રહી હતી? અથવા તો વસ્તુમાત્રને પાયામાંથી હલાવી મૂકનાર એવો એ કોઇ ઝંઝાવાત હતો?

મને ખબર નથી, પણ એ જ દિવસે તેમના પાપહર દૃષ્ટિપાતે મારામાં રહેલા અસુરનો નાશ કર્યો અને હું એક સ્ત્રી બની, હું મરિયમ, મિજ્દેલની મરિયમ, મારા મૂળ સ્વરૂપને પામી.

અનુવાદક : પરમાનંદ

## શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ જન્મજયન્તી સમારંભ
## આચાર્યશ્રીનો સદુપદેશ

ઓકટોબર માસની ૨૦, ૨૧. તથા ૨૨મીના રોજ જૈન શ્વે. મૂ. વિભાગના અગ્રગણ્ય વયોવૃદ્ધ આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસુરિનો મુંબઇના જૈન સમાજે ભારે ઠાઠમાઠથી જન્મજયન્તી ઉત્સવ ઉજવ્યો હતો. મુંબઇમાં આચાર્યશ્રી આજથી પાંચ માસ પહેલા પધાર્યા ત્યારે બીલકુલ દેખી શકતા નહોતા. આંખના જાણીતા ડૉ. ડગનની કુશળ શસ્ત્રક્રિયાના પરિણામે તેઓ તાજેતરમા એક આંખે થોડું દેખતાં થયા છે. આ ઘટનાએ પ્રસ્તુત ઉત્સવમાં સવિશેષ ઉત્સાહ પ્રેર્યો હતો. તેમના સન્માનમાં જુદાં જુદાં સંમેલનો ભરવામાં આવ્યાં હતાં અને એક દિવસ રાત્રીના મનોરંજક કાર્યક્રમ પણ ગોઠવવામાં આવ્યો હતો. એક સભા વિદ્યાર્થીઓને અનુલક્ષીને પણ ભરવામાં આવી હતી. જુદા જુદા પ્રસંગો આચાર્યશ્રીએ જે કાંઇ પ્રવચનો કર્યા હતા તેમાંથી તારવીને થોડાંક અવતરણો નીચે આપવામાં આવે છે. જે ડૉકટરોએ એક યા બીજા પ્રસંગે આચાર્યશ્રી અથવા તો તેમના સાધુસમુદાયની સેવા બજાવી હતી તેમને માનપત્ર આપવાને લગતા સમારંભમાં ડૉકટરોને ઉદ્દેશીને આચાર્યએ જણાવ્યું હતું કે :—

"જે જનતાની સાચા ભાવથી સેવા કરે છે, જનતાનો પ્રેમ સંપાદિત કરે છે તે જ ખરો ડૉકટર છે. ડૉકટરને મન અમીર કે ગરીબના ભેદ હોવા ન જોઇએ. જે ડૉકટર પૈસાનો ગુલામ બની અમીરોનું કામ કરે છે ને ગરીબોને હડધૂત કરે છે તેને સાચા અર્થમાં ડૉકટર, વૈદ કે હકીમ ન કહી શકાય. પણ જે ડૉકટર ધનવાનોના પૈસા લઇ ગરીબની સેવા કરે છે તે સન્માનને પાત્ર છે. આજે અહીં તમે જે ડૉકટરોને અભિનંદનપત્રો આપ્યા તેનામાં લોકસેવાની ભાવના છે અને તેથી જ તેઓ માનને પાત્ર છે."

ત્યારબાદ તેમની જે કાંઇ પ્રશંસાના ઉદ્ગારો જુદા વકતાઓએ ઉચ્ચારેલા તેને અનુલક્ષીને તેમણે જણાવ્યું હતું કે :—

"સમાજ માટે મેં જે કાંઈ કર્યું છે તે મેં પરમ ઉપકારી ગુરૂદેવ આત્મારામજી મહારાજના ઉપદેશથી કર્યું છે અને તેઓ જ સન્માનને પાત્ર છે.

"ગુરૂદેવે મને શિક્ષણ પ્રચારનો આદેશ આપેલો છે. ગુરૂદેવના પુસ્તકોનો અભ્યાસ કરશો તો જણાશે કે તેમનામાં કેળવણી માટે

કેટલી ધગશ હતી, લુધિયાનામાં દેવમંદિરની તૈયારી થઇ ત્યારે એક ક્ષત્રિય ગૃહસ્થે ટકોર કરી કે 'દેવમંદિરની રક્ષા કરનારાઓને પણ તૈયાર કરો.' ગુરૂદેવે જવાબ આપ્યો કે "દેવમંદિરની સાથે સાથે સરસ્વતી મંદિરની પણ આવશ્યકતા છે. હું ગુજરાંવાલાં જાઉં છું અને ત્યાં સરસ્વતી મંદિર જરૂર સ્થપાવીશ."

સંવત ૧૯૫૨માં ગુરૂદેવે ગુજરાંવાલામાં પ્રવેશ કર્યો, ત્યાં તેમની તબિયત નરમ થઇ. જેઠ શુદિ સાતમનો દિવસ આવ્યો. છાપું વાંચ્યું. પ્રતિક્રમણ કર્યું. તેમને જીવનનો અંત નજીક લાગ્યો. એટલે મને બોલાવ્યો અને કહ્યું "મારી આશા રાખીશ નહિ. તું જૈનોને ધર્મનો મર્મ સમજાવવા સરસ્વતી મંદિરો ઉભાં કરાવજે." અને ગુરૂદેવ ચાલ્યા ગયા. પણ તેમનો ઉપદેશ મારા હૃદયમાં કોતરાઇ ગયો. અને આજે પંજાબમાં જૈન ડોકટરો, વકીલો, બેરીસ્ટરો, પ્રિન્સિપાલો વગેરે દેખાય છે તે ગુરૂદેવના ઉપદેશનું ફળ છે કે ગુરૂદેવનો પ્રતાપ છે. હું જે ઉપદેશ આપું છું તે ગુરૂદેવનો ઉપદેશ છે. મારી એક જ ઇચ્છા છે અને તે જૈન વિશ્વ વિદ્યાલય સ્થાપવાની. જૈન શ્રીમંતો મારી આ આખરી ઇચ્છા પૂર્ણ કરશે?"

ત્યારબાદ એજ સ્થળે યોજાયલી વિદ્યાર્થીઓની વિરાટ સભામાં પ્રવચન કરતાં તેમણે જણાવ્યું હતું કેઃ—

"હું બાળકની માંડી વૃદ્ધને વિદ્યાર્થી સમજું છુંઃ વિદ્યા એટલે જ્ઞાન. જ્યાં સુધી સંપૂર્ણ જ્ઞાન ન મળે ત્યાં સુધી તે વિદ્યાર્થી છે. બાળક હોય, જુવાન હોય, વૃદ્ધ હોય જ્યાં સુધી સંપૂર્ણ જ્ઞાન કે જેને કેવળ જ્ઞાન કહેવાય છે તે નથી પ્રાપ્ત થતું, ત્યાં સુધી દરેક વિદ્યાર્થી રહે છે.

"આ વિદ્યાર્થી સંમેલનમાં યુવાન, વૃદ્ધ, બધા હાજર છે. જે જે 'બાળક' હોય, બાળિકા હોય તેને જ્ઞાન આપવું તે દરેક માબાપની ફરજ છે. બાળકને હુશિયાર કરવાની પ્રથમ ફરજ માતાની છે. પછી પિતાની ફરજ છે. માતપિતા ફરજ અદા કરે ત્યાર બાદ વિદ્યાચાર્યે ફરજ બજાવવાની રહે છે. આજે તો વિદ્યાચાર્યના ઠેકાણે માસ્તર શબ્દ આવી ગયો છે. વિદ્યાર્થીઓની ફરજ શું છે તે તેમણે સમજવું જોઇએ. વિદ્યાચાર્યોની ફરજ છે બાળકને માનવ બનાવવાની. જ્યારે તે બાળકને માનવ બનાવવા તૈયાર થાય ત્યારે પ્રથમ તેણે પોતે વિચારવું જોઇએ કે હું પોતે માનવી છું કે નહિ. શિક્ષક સદાચારી હોવો જોઇએ. સદાચારી શિક્ષકનો પ્રભાવ વિદ્યાર્થી ઉપર પડે છે. આજ માસ્તરનો પ્રભાવ વિદ્યાર્થીઓ ઉપર પૂરો પડતો નથી. માસ્તર સ્કૂલની બહાર નીકળે છે ત્યારે તરત જ સીગારેટો પીવા મંડી પડે છે. આવા શિક્ષકોનો વિદ્યાર્થીઓ ઉપર કેવો પ્રભાવ પડે? તમે કેળવણીનું ઉત્પત્તિસ્થાન તપાસો. રોટી પકાવવા માટે આટામાં પાણી નંખાય છે, આટો મસળાય છે, પછી કણક તૈયાર કરવામાં આવે છે. એકલા આટાથી કાંઇ નથી બનતું. એકલા પાણીથી કંઇ નથી બનતું. આટામાં ચુંટી મારતાં તાર નીકળે તો આટો રોટી પકાવવા માટે લાયક છે. પ્રાણીમાત્રમાં બુદ્ધિ છે. કોઇકમાં થોડી તો કોઇકમાં વધુ. આ બુદ્ધિને આટો સમજો. પુસ્તક વાચન, લેખનરૂપી પાણી બુદ્ધિમાં મળી જાય. અને રોટી પકાવનાર સ્ત્રીની માફક આચાર્ય વિદ્યાર્થીઓને પકાવે. વિદ્યાચાર્ય શિષ્યની બુદ્ધિ ને મનને કેળવણી આપે ને હોશીયાર બનાવે તો જેમ રોટલી ખાવા લાયક બને છે, તેમ બાળક પણ સમાજ ઉપયોગી બને છે. આજના વિદ્યાર્થીઓ એમ સમજે છે કે ધર્મની શું જરૂર છે? તમે એમ માનો છો કે 'અમે કોણ? તો તમે કાંઇ નવું જ્ઞાન પામી શકતા નથી. માટે નમ્ર બની જ્ઞાની બનવા પ્રયત્ન કરો તમારા હાથે તમારા કુળનું, સમાજનું, ધર્મનું સત્કાર્ય થાય તો જ માનજો કે તમે ખરી કેળવણી લીધી છે.

"આહાર, ભય, મૈથુન, નિદ્રા,—આ ચાર વસ્તુ દરેકમાં સામાન્ય છે. ભય દરેકમાં છે, મહાન ચક્રવર્તિ પણ ફોજો રાખે છે, કારણ કે તેને ભય છે. મનુષ્ય ને પ્રાણીમાં મૈથુન છે, મનુષ્ય ને પ્રાણીમાં નિદ્રા છે. મનુષ્ય ને પ્રાણીમાં ફરક છે તે એ છે કે મનુષ્યમાં જ્ઞાન છે. પણ વિવેક વગરના મનુષ્યમાં ને પશુમાં ફરક નથી. વિવેકી, નમ્ર, વિનયી બનવા વિદ્યા ભણવાની જરૂર છે. ગુરૂનો વિનય કરો, માબાપને નમસ્કાર કરો. પ્રથમ માબાપ વિનયી હશે તો જ બાળક વિનયી બનશે. જે વિદ્યાર્થી અભિમાની, વિનયહીન હોય તે આગળ કદી ન વધી શકે. આજે ભણતર મોંઘું છે. ગરીબ લોકો પાસે ભણવા માટે પૈસા નથી. પૈસાદારો પોતાનું ધન ગરીબોને જ્ઞાનવાન બનાવવામાં વાપરે. વિદ્યાર્થીઓમાંથી ખામી કાઢી નાંખવી હોય તો દરેક માબાપ તથા ગુરૂએ સદાચારી બની પોતાની ખામી શોધી કાઢી નાંખવી જોઇએ. શિક્ષણપ્રચાર વિના ધર્મનો પ્રચાર થતો નથી. માટે શિક્ષણપ્રચાર કરો.

"જ્યારે હું નાનો હતો, ત્યારે શિરછત્ર તીર્થસ્વરૂપ મારા બાપાજી એમ લખતો. આજે શિરછત્રના બદલે વિદ્યાર્થીઓ "માય ડીયર પપ્પા" લખતા થઈ ગયા છે. માબાપના કહ્યા મુજબ વર્તો. માતાપિતાને માન આપશો, તો પાડોશીને માન આપવાનું મન થશે. પડોશીને માન આપતા થશો તો ગામવાળાને માન આપતા થશો. ગામવાળાને માન આપતા થશો તો દેશના લોકોને માન આપતા થશો. માટે વિદ્યાર્થીઓ, તમે જ્ઞાનવાન બનો, તમારા માબાપની આજ્ઞા મુજબ વર્તો અને સત્કાર્યો કરવાની ભાવના સેવો!"

## આપણાં મહાજનો

માનવે જ્યારથી સમુહજીવન શરૂ કર્યું છે, ત્યારથી એને એક બીજાં પર આધાર રાખવો પડતો હોઈ પારસ્પરિક સબંધમાંથી સંઘ શકિત નિર્માણ થતી રહી છે. છતાં એને વ્યવસ્થિત આકાર આપી એક સંઘ રૂપે વ્યકિતઓને જોડવાનું કાર્ય ભગવાન પાર્શ્વનાથે કર્યું હતું. એ પહેલાં સંઘો નહોતા એમ નથી. પણ પ્રતિજ્ઞાબદ્ધ જુથરૂપે—ખાસ કરીને ધાર્મિકક્ષેત્રમાં—એવા સંઘો સ્થાપી સંસ્થાઓ ઉભી કરવાનો એમણેજ પ્રથમ આરંભ કર્યો હતો એમ આજના વિદ્વાનો માને છે. ભગવાન મહાવીરે એ સંઘોને વધારે વ્યવસ્થિત કરી એમાં નવો પ્રાણ પૂર્યો હતો, અને સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓના અલગ અલગ સંઘો નિર્માણ કરી એક પ્રકારનું નવ સંગઠિત બળ પેદા કર્યું હતું. આને લીધે પાછળથી અનેક આક્રમણો તથા પડતીના સમયમાં પણ એ સંઘો ટકી રહ્યા હતા, એટલું જ નહી, ત્યારે પણ અન્યસમાજ તથા રાજ્યસત્તા પર પ્રભાવ પાથરવા જેટલી શકિત સાચવી રહ્યા હતા. હરેક ગ્રામ નગરોમાં ઉભેલી મહાજન સંસ્થાઓ જે આજ સુધી ટકતી આવી છે અને હજુ પણ એનો પ્રભાવ ઠીક ઠીક અંશે જળવાઇ રહ્યો છે એ એની સેવા અને સંઘશકિતનેજ આભારી છે. મધ્યયુગમાં તથા પાછળના સમયમાં નથી મળ્યો એને રાજ્યાશ્રય કે નથી વધ્યું એનું સંખ્યાબળ અને સંખ્યા બળ તો એનું એકધારૂં ઘટતું જ રહ્યું છે. છતાં એણે નાના સમુદાય વચ્ચે રહીને પણ જે સત્તા જમાવી રાખી છે, એની પાછળ સંઘોની બુદ્ધિ, શકિત અને તેજસ્વિતા હતી; અહિંસાની ભાવના અને જીવદયાની લાગણી હતી. સાથે કુનેહને ઉંડી સમજ ઉપરાંત દીર્ઘદૃષ્ટિપણું પણ હતું; એને એથી જ મહાજનો આદરપાત્ર બની સમાજને દોરનાર બન્યા હતા. સામાન્ય આમજનતા પણ એમનામાં વિશ્વાસ મૂકી એમના પ્રભાવ, આજ્ઞા અને દોરવણી નીચે ચાલવામાં અને પોતાના પ્રશ્નો એમના હાથમાં સોંપવામાં ગૌરવ અનુભવતી. સંઘના સૂત્રધારો પણ જનતાના વડિલ તરીકે પોતા પર નંખાયેલી જવાબદારી ઉઠાવવામાં જાગ્રત રહેતા તેમજ જનતાના પ્રશ્નો—સુખદુખ—પોતાનું કરી માનતા, ન્યાય—નીતિ જાળવીને અહિંસાની ભાવનાથી એનો તોડ પણ કાઢતા. પ્રસંગ આવ્યે વિરોધીને નમાવવાનું બળ પણ દાખવતા અને પાછળથી એને દિલથી જીતીને પણ આ રીતે એ પોતાનું વડિલત્વ સાર્થક કરતા.

હજુ ગઇ કાલ સુધી મહાજનો કેવી રીતે કામ લેતા તેનો કંઇક ખ્યાલ માંડલમહાજનની કામ લેવાની રીતના એકાદ બે દાખલા ઉપરથી આવી શકશે એમ માની એકાદ બે પ્રસંગો અહીં ઉતારૂં છું.

એક કાળે માંડલ મહાજનની ભારે હાક હતી. શકિત, વૈભવ, ઠાઠમાઠ, પ્રભાવ અને વહીવટમાં એ એક રજવાડા જેવું હતું. અતિ

વિશાળ જગ્યા ધરાવતી એની પાંજરાપોળ આજ પણ નવા આગંતુકને એના વૈભવપ્રભાવની યાદ આપે છે. છતાં આવા કાળમાં પણ મહાજનના શેઠીયાઓ દીર્ઘદ્રષ્ટિ વાપરી વ્યવહારિક અહિંસા ને ડહાપણથી કામ લેતા.

ગામને ઝાંપેજ આવેલા માંડલ ગામના વિશાળ તળાવમાં વિશાળ દયાધર્મી કોમોની લાગણીને માન આપી મચ્છી પકડવાની કે બીજી જીવહિંસા કરવાની સખ્ત મના હતી. છતાં કોળી–મુસલમાન જેવી કોમના લોકો કોઇવાર છાનામાના રાત્રે માછલાં પકડતા. મહાજનના માણસોને હાથે એ કયારેક પકડાઇ જતા ત્યારે મહાજન એમની બંધી કરતું ને માફી માગી દંડ લઈ ફરી પાપ ન કરવાનું વચન મેળવ્યા બાદ બંધી છોડી દેતું. ત્યાં સુધી ભાગ્યેજ કોઇ એની સાથે આપલેનો વ્યવહાર રાખવાની હિંમત કરી શકતું. એકવાર કોળી માછલાં મારતાં પકડાઇ ગયો. એની બંધી થઇ. માફી માગતાં એક મણ જુવારનો એનો દંડ કરવામાં આવ્યો. પણ એ અત્યંત ગરીબ હતો. ઘરમાં ખાવા નહોતું. છોકરાં ભૂખે ટળવળતાં હતાં એથી એ દંડ ભરી શકે તેમ નહોતો. એણે દંડ માફ કરવા ખૂબ કાલાવાલા કર્યાં, પણ મહાજનના શેઠ મોહનલાલ ત્રીકમે પ્રતિષ્ઠા સાચવવા અને ધાક બેસાડવા એનો દંડ માફ ન કર્યો. એ નિરાશ થઇ ઘેર ગયો. પણ ઘેર જતાં જોયું તો મોહનલાલ શેઠે એને ત્યાં છોકરાંઓને ખાવા બે મણ જુવાર મોકલી આપી હતી. સાથે દંડ ભરવાની તાકીદ પણ કરી હતી. કોળી શેઠ પાસે પાછો આવ્યો અને કૃતજ્ઞતાના ભાર નીચે દબાઈ શેઠના પગે પડી ક્ષમા યાચતો રડી પડ્યો. આ હતી દુશ્મનના દિલને પણ સમજવાની અને જીતવાની મહાજનની વ્યવહારિક અહિંસા અને દીર્ઘદૃષ્ટિભર્યું ડહાપણ. પરિણામ એ આવતું કે એથી મહાજનનો પ્રભાવ જામતો. ચોમેર એની હાક બોલતી. અને છતાં દુશ્મન પણ દુશ્મન મટી સેવક બનતો અને તેથી એનામાં રહેલા શુભ અંશો ઉપર હૂંઠી આવી એ કંઇક અંશે સુધરી પણ જતો.

રૂપાભાઇ કુંભારને એકવાર મહાજન સાથે કંઇક આંટ પડેલી જેથી એ પોતાની ઇંટો મહાજનને કોઇ પણ ભાવે આપવા તૈયાર જ નહોતો. મહાજને બીજા પાસે અઢી રૂપીયે છંટો વેચાતી લીધી. લેનાર ધણીએ મહાજનની પાંજરાપોળે ઇંટો–શરત પ્રમાણે–નાખવા જણાવ્યું. રૂપાભાઈએ વિચાર કર્યો કે જો ઇંટો નાખવા માટે પણ મહાજન પાસે જવાનું છે તો હું જ શા માટે યશ ન ખાટું? લેનારની સંમતિ મેળવી પ્રથમનો સોદો રદ કરાવી એણે મહાજનને સવા બે રુપિયે ઇંટો આપી, મહાજને એક લાખ ઇંટો લઇ રૂા. ૩) ભાવ ભરી દીધો. રૂપાભાઇની આંટ–કડવાશ ચાલી ગઇ અને મહાજનના દિલગજાથી આકર્ષાઇ જીવ્યો ત્યાંસુધી મહાજન સાથે ઘર જેવો સંબંધ જાળવી રહ્યો. આવી હતી મહાજનની કામ લેવાની રીત અને દિલ જીતવાની કુશળતા. પણ આજે તો આપણે આપણો પ્રભાવ પ્રતિષ્ટા લાગવગ લગભગ ગૂમાવ્યા છે. જે બુદ્ધિ, ચાતુર્ય, કુનેહ કે વ્યવહારિક ડહાપણ એ વૃધ્ધોએ બતાવ્યાં છે, એ આપણે આજે નથી બતાવી શકતા, જો કે દુનિયાનું વ્યાપક જ્ઞાન, ઉંડો વિદ્યાભ્યાસ, બહોળો અનુભવ અને વૈજ્ઞાનિક આવડતમાં આપણે ઠીકઠીક પાવરધા થયા છીએ. છતાં કામ લેવાની રીત, હૈયાસૂઝ કે વ્યવહારિક ડહાપણનું તો આપણે દેવાળું જ કાઢયું છે. અને એનું કારણ વધેલા વૈભવને કારણે આવેલું મિથ્યાભિમાન, ધનમોહને કારણે વધેલી વણિકવૃત્તિ, કાયદાના અભ્યાસને કારણે વધેલી ખુમારી, વિકૃતિ પામેલું સ્વમાન, બીજાને સમજવાની અનુદારતા, ઉપરાંત અસમયજ્ઞતા, વ્યવહારૂ કૌશલ્યની ખામી અને તોડ કાઢવામાં નડતું મિથ્યાભિમાન વિ. વ્યાધિઓમાં આપણે સપડાયા છીએ એ છે.

એથી જો આપણે–સંઘોએ–સમાજમાં પોતાનું સ્થાન–ગૌરવ ટકાવી રાખવું હોય, પૂર્વજોનો વારસો સાચવવો હોય અને એ રીતે જનતા પર પોતાનો પ્રભાવ પાથરી એમના દિલમાં સ્થાન મેળવવું હોય તો કાળબળને ઓળખી, સમાજ સાથેના વ્યવહારો નવારૂપે ગોઠવવા પડશે. મૂળ વાત તો અન્યના હૃદયને સમજવાની આવડત હોવી જોઇએ. પણ તે વ્યવહારિક અહિંસા–પ્રેમની લાગણી સિવાય ન આવે. એ માટે આપણે અતિ લોભ, મિથ્યાભિમાન અને ઉચ્ચતાના ખ્યાલો ફેરવવા પડશે. અને આજના યુગમાં પીડાતા સમાજને માટે થોડું પણ કરી છૂટવાની ઉદારતા અને ત્યાગભાવ કેળવવો પડશે. જો એ આપણે નહિ કરી શકીએ તો જે રીતે આજે સામ્રાજ્યો નષ્ટ થયા છે, જમીનદારી અને મુડીવાદ હુંપાઈ રહ્યો છે તેમ આપણી મહાજનશાહી પણ–જો એ સેવા મૂકી સત્તાનું રૂપ ધારણ કરશે યા તો સત્તાની શેહમાં તણાઈ એની કદમબોસી કરશે તો–એના પણ કાળ ચોઘડિયા વાગ્યા વિના રહેવાના નથી. પણ મહાજન સંસ્થાઓ તો કેવળ સેવાભાવનેજ વરેલી સંસ્થાઓ હોઇ આ દોષ દૂર કરવામાં એને સંકોચ ન હોવો જોઇએ.

રતિલાલ મફાભાઇ શાહ

## જૈન છાત્રાલય ભવન, અમરાવતી

અમરાવતીની જૈન શિક્ષણ સમિતિના પ્રધાન મંત્રી શ્રી સુગનચંદજી લુણાવત્ જણાવે છે કે:

"સમિતિ તરફથી એક છાત્રાલય ભવન ઉભું કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ માટે ફંડ એકઠું કરવાના હેતુથી સમિતિના સભ્યો શ્રી માંગીલાલજી મૂણોત, શ્રી કેશરીમલજી ગુગલિયા, શ્રી રિખભદાસજી રાંકા, શ્રી મોહનલાલજી ફલોદિયા, તથા સુગનચંદ લુણાવતે ગયા માસની સાત તથા આઠમી તારીખે ભંડારા તથા નાગપુર ખાતે પ્રવાસ કર્યો હતો. ભંડારા ખાતે શ્રી કિશનદાસ મિશ્રીમલજીએ રૂ. ૨૧૫૧) નું દાન કર્યું હતું તેમ જ બીજી કેટલીક રકમો પ્રાપ્ત થઇ હતી. તેવી જ રીતે નાગપુર ખાતે શ્રી ગુલાબીદાસજી બંઠીયા હિંગનઘાટવાળાએ રૂ. ૫૦૦ નું દાન આપ્યું હતું. ભંડારા તથા નાગપુરના આગેવાન જૈનોએ આ પ્રવૃત્તિમાં બને તેટલો સાથ આપવા વચન આપ્યું હતું.

"આ બાજુ આ પ્રકારનું પહેલું જ જૈન છાત્રાલય ભવન નિર્માણ કરવામાં આવે છે. ઇમારતનું કામ એક માળ સુધી પહોંચ્યું છે. હજું રૂ. ૩૫૦૦૦ ની મદદની જરૂર છે. આ કાર્યમાં મદદરૂપ થવા અને બને તેટલી આર્થિક સહાય મોકલવા જૈન બંધુઓને વિનંતિ છે."

## અધ્યાત્મ કલ્પદ્રુમ

પ્રકાશક: શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાલિયા ટેન્ક રોડ, મુંબઈ ૨૬. કિંમત રા. ૬–૪–૦.

ચૌદમીશતાબ્દિમાં થયેલ જૈન આચાર્ય શ્રી મુનિસુન્દરસૂરિએ સંસ્કૃત પદ્યમાં રચેલ અધ્યાત્મ કલ્પદ્રુમ નામનો ગ્રંથ સ્વ. મોતીચંદ ગીરધરલાલ કાપડિયાના સવિસ્તર વિવેચન સાથે સૌથી પ્રથમ ઇ. સ. ૧૯૦૯ માં ભાવનગરની શ્રી જૈનધર્મ પ્રસારકસભા તરફથી બહાર પાડવામાં આવ્યો હતો. વિવેચનકારનું આ પહેલું જ ગ્રંથનિર્માણ હતું જ્યારે તેમની ઉમર ૨૦ વર્ષની હતી, અને એમ છતાં એ ખૂબ લોકપ્રિય બન્યું હતું. ત્યારબાદ ૧૯૧૧ અને ૧૯૨૩ માં એ જ ગ્રંથની બીજી અને ત્રીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી હતી. એ ગ્રંથ આજે ઉપલબ્ધ નહોતો. અને એની ચાલુ માંગ રહ્યા કરતી હતી: આ હકીકત ધ્યાનમાં લઇને શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી તાજેતરમાં એ ગ્રંથની ચોથી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. મૂળ કૃતિ વૈરાગ્ય ભાવનાની પોષક છે અને તે ઉપરનું વિવેચન રોચક અને અનેક રીતે ઉદ્બોધક છે. નવી આવૃત્તિની છાપણી, કાગળ, ઉઠાવ વગેરે સર્વ કાંઇ ખુબ આકર્ષક છે. સ્વ. મોતીચંદભાઇએ જૈન સમાજને અનેક પુસ્તકો અને વિવેચનો આપ્યાં છે. તેમાંનો મોટો ભાગ ધર્મ, તત્વજ્ઞાન અને અધ્યાત્મ ઉપર લખાયલો છે. તેમની કૃતિઓ જૈન સમાજને હંમેશા આકર્ષતી આવી છે. તે સર્વ કૃતિઓમાં પણ જે વિશિષ્ટ સ્થાન ધરાવે છે તે આ અધ્યાત્મ કલ્પદ્રુમ વૈરાગ્યરસિક અને અધ્યાત્મપ્રિય જૈન બંધુઓએ અને બહેનોએ ખાસ વસાવવાયોગ્ય પુસ્તક છે.

વિષય સૂચિ


| વિષય | લેખક | પૃષ્ટ |
|---|---|---|
| આજનબાહુ મુનિ જિનવિજયજી | ગોકુળભાઇ દોલતરામ ભટ્ટ | ૧૦૩ |
| મેરી મેગડેલીન ( અનુવાદ ) | પરમાનંદ | ૧૦૫ |
| શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ જન્મજયન્તી સમારંભ | | ૧૦૬ |
| આપણાં મહાજનો | રતિલાલ મ. શાહ | ૧૦૭ |
| અધ્યાત્મ કલ્પદ્રુમ | | ૧૦૮ |
| જૈન છાત્રાલય ભવન, અમરાવતી | | ૧૦૮ |
| મદ્યનિષેધનો કાયદો | પરમાનંદ | ૧૦૯ |

## મદ્યનિષેધનો કાયદો

દારૂબંધી ગાંધીજીના મુખ્ય જીવન ધ્યેયોમાંનું એક હતું. દેશને આઝાદી મળ્યા બાદ ઘડાયલા નવા રાજ્યબંધારણમાં દારૂબંધીને એક નીતિ તરીકે સ્વીકારવામાં આવેલ છે. આ નીતિને અનુસરીને મુંબઇ પ્રદેશ તથા મદ્રાસ પ્રદેશની સરકારે દારૂબંધીને કાયદાનું સ્વરૂપ આપ્યું છે અને તેના પરિણામે દારૂ વેચનાર તેમજ પીનાર ઉભય કાયદાના ગુનેહગાર બને છે. બીજા પ્રાન્તોએ હજુ મદ્યનિષેધની દિશાએ કોઇ અમલી પગલું ભર્યું નથી. દારૂની વપરાશ પ્રાન્તિક સરકારો માટે ઘણી મોટી આવકનું સાધન હોઇને તેને જતી કરવા અન્ય પ્રાન્તિક સરકારો હજુ તૈયાર નથી. વળી જે પ્રાન્તોમાં કાયદાથી મદ્યનિષેધ કરવામાં આવ્યો છે તે પ્રાન્તોમાં આ મદ્યનિષેધ કેટલો સફળ થયો છે તે હજુ ચર્ચવાનો વિષય છે. આ બે કારણોને લીધે મધ્યવર્તી સરકારની વૃત્તિ પણ બહુ ધીમે પગલે ચાલવાની રહી છે.

હિંદમાં અંગ્રેજ સરકારના આગમન પહેલાં મદ્યપાન બીલકુલ નહોતું થતું એમ છે જ નહિ. અન્ય દેશોમાં તેમ જ હિંદમાં પણ મદ્યપાનની બદી કંઇ કાળથી ચાલતી આવી છે. વ્યસનાભિમુખતા માનવીની પ્રકૃતિની જાણે કે અનિવાર્ય ખાસિયત હોય એમ લાગે છે. અંગ્રેજ સરકારે મદ્યપાનને ખૂબ ઉત્તેજન આપ્યું અને તેને એક મોટી આવકનું સાધન બનાવ્યું. વળી દારૂ બનાવવાનો ઉદ્યોગ ઈંગ્લાંડમાં ખૂબ ખીલેલો હતો. એ ઉદ્યોગને પણ અંગ્રેજ સરકારની નીતિથી ખૂબ લાભ થઇ રહ્યો હતો. અંગ્રેજ સરકારના રાજ્ય દરમિયાન ખાસ કરીને મોટા શહેરોમાં ગલી ગલીએ અને નાકે નાકે કલાલની દુકાનો જોવામાં આવતી. કલાલો અને હોટેલો દારૂ પીવાનાં મોટાં મથક બની રહ્યાં હતાં. અંગ્રેજ સરકારના અમલ પહેલાં લોકો બહુ જુજ પ્રમાણમાં પ્રમાણમાં દારૂ પીતા અને પીનારા શરમાઇને છૂપી રીતે પીતા. અંગ્રેજ સરકારની ઉત્તેજક નીતિ અને મદ્યપાનને પોષક એવી પાશ્ચાત્ય સભ્યતાને લીધે મદ્યપાન સાથે જોડાયલી અપ્રતિષ્ઠા ઘટતી જતી હતી અને તે બાબતની શરમ પણ તુટતી જતી હતી. ઉપલા થરના લોકો પણ છડેચોક દારૂ પીવા લાગ્યા હતા.

દેશની આ પરિસ્થિતિ અંગ્રેજ સરકારે આપણને વારસામાં આપી હતી. દારૂને લીધે લોકજીવનની થતી બરબાદી તરફ અનેક સમાજહિતચિન્તકોનું ધ્યાન ખેંચાયું હતું અને દેશમાં સ્થળે સ્થળે સ્થપાયલી મદ્યનિષેધક મંડળીઓ લોકોને આ બદીથી મુકત કરવા કંઇ કંઇ પ્રયત્નો કરી રહી હતી, પણ તેનું કોઈ સંગીન પરિણામ દેખાતું નહોતું. ગાંધીજીએ હિંદના રાજકારણમાં પ્રવેશ કર્યો ત્યારથી તેમણે મદ્યનિષેધ ઉપર ખૂબ ભાર મૂકવા માંડયો અને અંગ્રેજ સરકાર સામેની આઝાદીની લડતમાં પણ મદ્યનિષેધને તેમણે અતિ મહત્વનું સ્થાન આપ્યું. આ રીતે આ બદીની અનિષ્ટતા તેમ જ ભયાનકતા વિષે હિંદની પ્રજા વધારે ને વધારે સભાન થતી ચાલી અને લોકજીવનના ઉદ્ધારનું મદ્યનિષેધ એક અનિવાર્ય અંગ છે એ તથ્ય લગભગ સર્વસ્વીકૃત બન્યું.

પરિણામે મદ્યની અનિષ્ટતા વિષે આજે ભાગ્યે જ મતભેદ વર્તે છે. જે મતભેદ છે તેની જે કાયદાથી અટકાયત કરવામાં આવે છે તે કાયદાના વ્યવહારૂપણાને અંગે છે. હમણાં હમણાં પંચવર્ષીય આયોજનને લગતી સમિતિ સમક્ષ આ પ્રશ્ન ઉપસ્થિત થયો હતો અને દારૂબંધીનો જ્યાં જ્યાં અમલ થઇ રહ્યો છે ત્યાં ત્યાં તેને લગતા કાયદાને કેટલી સફળતા મળી છે અને તેનાં શું શું પરિણામો આવ્યાં છે અને તે સમગ્ર તપાસના પરિણામે દારૂબંધી સંબંધમાં હવે શું કરવું તેનો રીપોર્ટ કરવા માટે એક સમિતિ નીમવાનું મધ્યવર્તી સરકાર તરફથી નક્કી કરવામાં આવ્યું છે.

આપણે જો મુંબઇ પ્રદેશનો વિચાર કરીએ તો દારૂની વપરાશ દ્વારા રાજ્યને થતી ઘણી મોટી મહેસુલી આવક જેને નવ કરોડ રૂપીઆ સુધીની આકારવામાં આવે છે તે દારૂબંધીના કાયદાને લીધે બંધ થઇ છે, એટલું જ નહિ પણ આ કાયદાનો આખા પ્રદેશમાં અમલ કરાવવા માટે પોલીસખર્ચ પારવિનાનું વધી ગયું છે. આટલી હકીકત આપણે સ્વીકારવી જ રહી. આ વધેલા પોલીસ ખર્ચનો આંકડો ૭ કરોડનો છે એમ આ કાયદાના વિરોધીઓ જણાવે છે. પણ તેમાં અતિશયોક્તિ હોવાનો સંભવ છે.

બીજી બાજુએ આ કાયદાના અમલને લીધે મદ્યપાન ઉપર ઘણો મોટો અંકુશ મુકાયો છે અને અનેક ગરીબ કુટુંબો આના સુખદ પરિણામો અનુભવી રહ્યાં છે આ બાબતનો પણ ઈનકાર થઈ શકે તેમ નથી. પણ આ કાયદાએ બીજી કેટલીએક અનિષ્ટ પરિસ્થિતિઓ નીપજાવી છે તેનો પણ આજની કક્ષાએ ગંભીરતાપૂર્વક વિચાર કરવો ઘટે છે. વર્તમાન દારૂબંધીએ ભૂગર્ભ મદ્યપાનને ઘણો વેગ આપ્યો છે. ખાસ કરીને મોટાં શહેરોમાં અનેક ઠેકાણે છુપી રીતે દારૂ ગાળવાનો અને દારૂ પહોંચાડવાનો વ્યવસાય ખૂબ મોટા પ્રમાણમાં ચાલી રહ્યો છે અને નાના શહેરોમાં અને ગામડામાં પણ આવો વ્યવસાય નથી ચાલતો એમ માનવાને કશું જ કારણ નથી. આ છુપી રીતે દારૂ ગાળનારા લોકો ગુંડાઓને સારા પ્રમાણમાં રોકે છે અને તેથી જ્યાં જ્યાં દારૂ ગળાતો હોય ત્યાં ત્યાં રહેતા લોકોમાંથી સરકારને ખબર પહોંચાડનાર વ્યક્તિ પોતાના જીવને જોખમમાં મૂકે છે. આ ગુંડાઓની પ્રવૃત્તિ છુપી રીતે દારૂ ગાળનારને રક્ષણ આપવા પુરતી મર્યાદિત રહેતી નથી—રહી શકે જ નહિ. આને લીધે મોટાં શહેરોમાં ગુંડાગીરીનો ઉપદ્રવ ખુબ જ વધી રહ્યો છે જે દૈનિક છાપાઓ ઉપરથી કોઇને પણ માલુમ પડે તેમ છે. આ ઉપરાંત પોલીસને લાંચ લેવા માટે આ એક અનર્ગળ દ્વાર ખુલ્લુ થયું છે. વળી જેમ જેમ આ કાયદાનો વધારે સખ્તાઇથી અમલ કરવાનો સરકાર વિચાર કરશે તેમ તેમ આ લાંચરૂશ્વતનું પ્રમાણ પણ વધતું જવાનો સંભવ રહે છે. ઉપરાંત હિંદના કિનારા ઉપર જે જે પરદેશી સત્તાનાં થાણાંઓ હજુ કાયમ છે, દા. ત. દીવ, દમણ, ગોવા, માહે, પોંદીચેરી, કારીકલ—આ થાણાંઓ દારૂ પીવાનાં અને હિંદના અંદરના ભાગમાં રહેલી પ્રજાને દારૂ પહોંચાડવાના ભારે મોટાં મથકો બની રહ્યાં છે. આવાં અનેક અનિષ્ટોથી ભરેલી આજની પરિસ્થિતિ પેદા થવાનું કારણ એ છે કે દારૂ પીવાને ટેવાયલી પ્રજાના ચોક્કસ વર્ગો ઉપર આ કાયદો લાદવામાં આવ્યો છે અને તેથી જાહેરમાં છુટથી જે ન મળે તે ભૂગર્ભમાંથી છુપી રીતે મેળવીને પણ દારૂ તો પીવો જ—એ વૃત્તિ બહુ જોરથી ચોતરફ કામ કરી રહી છે અને તેથી ભૂગર્ભપાન ઉત્તરોત્તર વધતું જતું અને ફેલાતું માલુમ પડે છે.

આપણે એ કબુલ કરવું જ રહ્યું કે મદ્યથી લોકોને પાછા વાળવા માટે આપણે બહુ જ ઓછું પ્રચારકાર્ય કર્યું છે. આવી વ્યાપક બદી એક સર્વવ્યાપી કાયદો કરવાથી નિર્મૂળ થશે એવી માન્યતા આપણે જો ધરાવતા હોઇએ તે તદ્દન ભૂલભરેલી છે. આવા અનિષ્ટને અટકાવવા માટે ચોતરફ ખૂબ પ્રચારકાર્ય થવું જોઇએ, મોટાં શહેરોમાં કદાચ શકય ન હોય તો પણ ગામડે ગામડે અને નાનાં શહેરોમાં મદ્યબંધી સ્વાભાવિકપણે ઉભી થઇ જવી જોઇએ અને એ રીતે પ્રજામાનસમાં સુદૃઢપણે ઉગેલી મદ્યવિરોધી મનોદશાને મૂર્ત સ્વરૂપ આપવા પૂરતો કાયદાનો આશ્રય લેવો જોઇએ. આમ પાયામાંથી કામ કરવાને બદલે આપણે ઉપરથી કાયદો લાદ્યો છે અને પરિણામે નીચે વિરોધી ભૂગર્ભપ્રવૃત્તિઓ ચોતરફ ફેલાઇ રહી છે.

મુંબઇ સરકારે પોતાની નવી હકુમત દરમિયાન સામાજિક સુધારણાના અનેક કાયદાઓ કર્યા છે. દારૂબંધી પણ આવો જ એક સામાજિક સુધારણાનો કાયદો છે. પણ અન્ય કાયદાઓ અને આ કાયદામાં મોટો ફરક એ છે કે અન્ય કાયદાઓના અમલથી સરકારને થતી કોઈ મોટી આવકનું દ્વાર બંધ થયું નથી તેમ જ અન્ય કાયદાઓનું અનુપાલન પોલીસખર્ચમાં કશો મહત્વનો વધારો કરતું નથી. દારૂબંધીમાંથી આર્થિક દૃષ્ટિએ આ બન્ને પ્રતિકુળ પરિણામ આવ્યાં છે.

આમ છતાં પણ જો આપણે લોકોને દારૂની બદીથી અમુક કાળે પણ સર્વથા મુક્ત કરી શકીશું તેવી જો આપણને પ્રતીતિ થતી હોય તો આ આર્થિક ખોટ કે ખર્ચનો આપણે વિચાર કરવો ન જ જોઇએ. કારણ કે દારૂથી ખાસ કરીને ગરીબ લોકોના કુટુંબીજીવન ઉપર

નીપજતાં અનિષ્ટો અનેકવિધ છે અને દારૂ ખરેખર સમાજનો એક ભયંકર દુશ્મન છે. પણ બીજા પાંચ-સાત વર્ષ પછી પણ આપણા પ્રદેશમાંથી દારૂ ખરેખર અદૃશ્ય થઈ જશે અને તે અટકાવવાને અંગે જે વિપુલ પોલીસખર્ચ આપણને આજે કરવું પડે છે તેવું ખર્ચ ત્યારબાદ કરવાપણું નહિ જ રહે—આવી પ્રતીતિ કમનસીબે દારૂબંધીનો આજ સુધીનો અનુભવ પેદા કરતો નથી. છુપી રીતે દારૂ બનાવવાનું એટલું બધું સહેલું અને લોકોની પ્રાકૃતિક વ્યસનાભિમુખતા જોતાં એટલું બધું પ્રલોભક છે કે તે વધતું જ જવાનું છે. વળી આ પ્રવૃત્તિ એટલી બધી દ્રવ્યોપાર્જક છે કે આ પ્રવૃત્તિ ચલાવનાર ગમે તેટલા પૈસા આપીને પોતાનું રક્ષણ કરવા માટે ગુંડાઓ રોકી શકે છે અને સાધારણ પગારના પોલીસને રૂશ્વતવડે બહુ સહેલાઈથી ફોડી શકે છે. પરિણામે શહેરી જીવન વધારે ને વધારે જોખમી બનતું જાય છે એ આપણે જોઈ રહ્યા છીએ, અનુભવી રહ્યા છીએ. આ રીતે જોતાં દારૂબંધીના કાયદાએ 'બકરૂં કાઢતાં ઉંટ પેસે' એવી પરિસ્થિતિ કેટલાક અંશે પેદા કરી હોય એમ લાગે છે. આ સંયોગોમાં શું કરવું દારૂબંધીનો કાયદો જે આકારમાં છે તે આકારમાં ચાલુ રાખવો કે કેમ એ એક પ્રશ્ન છે.

લોકજીવનમાં માત્ર મદ્યપાન જ નહિ પણ બીજાં પણ એવાં ઘણાં અનિષ્ટો છે કે જેની અટકાયત, જો કાયદાથી શક્ય હોય તો, જરૂર કરવી ઘટે છે અને એવી અટકાયત સફળતાપૂર્વક કરવામાં આવે તો જરૂર લોકોની સુખાકારીમાં વધારો થાય અને લોકોની નૈતિક પારાશીશી પણ ઉંચે આવે, દા. તા. દ્યુત, વ્યભિચાર. પણ જુગાર કે વ્યભિચારની કાયદાદ્વારા સદન્તર નાબુદી કરવાનો લોકશાસકો કદિ વિચાર કરતા નથી. આપણે જોઈએ છીએ કે મોટા શહેરોમાં વેશ્યાગૃહો સરકાર ચાલવા દે છે. વળી સમાજજીવનમાં જુગારની પ્રવૃત્તિ એક યા બીજા આકારમાં ચાલી રહી છે તેને પણ સરકાર નીભાવી લે છે. કોઈ પણ સંસ્થા હોય, મંડળી હોય, જ્ઞાતિ હોય કે ચોક્કસ બંધારણવાળો સમાજ હોય, ત્યાં શિસ્તના નિયમ તરીકે એક યા અન્ય બાબતની બંધી થઈ શકે છે અને તેનો પૂરેપૂરો અમલ પણ કરાવી શકાય છે. પણ વિવિધ વળણો, ખાસિયતો અને ભાતભાતના સદ્‌ગુણ દુર્ગુણ ધરાવતી વિશાળ જનતા ઉપર શાસન ચલાવતી વ્યક્તિ કે રાજ્યતંત્ર આમ એકાન્તિક બનીને રાજ્યશાસન ચલાવી શકતી નથી. અલબત્ત લોકોનાં નૈતિક ધોરણને ઉંચે લાવવા માટે, અનિષ્ટ આચારથી તેમને મુક્ત કરવા માટે તેણે શક્ય હોય તે ઉપાયો હાથ ધરવા જોઈએ. પણ આ ઉપાયોની પણ એક મર્યાદા છે. આ મર્યાદાથી જો તે આગળ ચાલે અને લોકજીવનમાં વ્યાપક એવી અમુક બદીને સદન્તર બંધ કરવાનો આગ્રહ ધરાવે અને તે મુજબ કાયદાકાનુન ઘડવા માંડે તો તે બદી જે ઉપર આપણી નજર સામે દેખાતી હોય છે તે જોતજોતામાં ભૂગર્ભમાં દાખલ થવાની અને ચોતરફ ફેલાવા માંડવાની. જેને રાજ્ય ચલાવવું છે અને પ્રજાને સાથે રાખવી છે તેણે લોકો નબળાઈને, ખરાબ આદતને, વ્યક્ત થવા દેવા માટે, તૃપ્ત થવા દેવા માટે થોડો સરખો પણ અવકાશ આપવો જ પડે છે. આ થોડા સરખા અવકાશને નાબુદ કરવાનું કામ સરકારનું નથી, પણ સમાજ સુધારકોનું છે.

આ રીતે વિચારતાં, જ્યારે માત્ર કાયદાથી ઉભી કરવામાં આવેલી મદ્યબંધી સંપૂર્ણપણે સફળતાને પામવાની કોઈ આશા દેખાતી નથી એટલું જ નહિ પણ તે બંધીમાંથી બીજાં અનિષ્ટ પરિણામો ચોંકાવે એવાં નીપજી રહેલાં આપણે જ્યારે અનુભવી રહ્યા છીએ ત્યારે આજના મદ્યબંધીના કાયદાને વ્યવહારૂ દૃષ્ટિએ હળવો કરવો અથવા તો તેમાં જરૂરી ફેરફાર કરવો આવશ્યક છે એવા નિર્ણય ઉપર આવવાની આપણને ફરજ પડે છે. અલબત્ત મદ્યબંધીનો બીજો વિકલ્પ જેને જોઈએ તેને દારૂ મેળવવાની સગવડ અથવા તો છુટ આપવી એજ હોઈ શકે. પણ જેણે મદ્યનિષેધને એક નીતિ તરીકે સ્વીકારી છે તેવા આપણે અને મદ્યપ્રચાર એજ જેની નીતિ હતી એવા અંગ્રેજ સરકાર—એ બેની કાર્યપદ્ધતિમાં આસમાન જમીન જેટલો ફરક હોઈ શકે છે. અંગ્રેજ સરકારે પ્રજાજીવનમાં દારૂને છુટથી વહેતો કર્યો હતો. આપણે જાહેરમાં દારૂ મળી શકે તેટલી સગવડ આપીએ, પણ તે મેળવવામાં અનેક પ્રકારની તકલીફો ઉભી કરી શકીએ છીએ. દારૂ વેચવાની દુકાનો લાંબા લાંબા અંતરે અણછુટકે જરૂરી હોય તેટલી જ ઉભી થવા દઈએ. મદ્યમાં પણ રેશનીંગ દાખલ કરી શકીએ. કલબો ઉપર તેમજ હોટલો ઉપર પણ આ બાબતમાં જાત જાતના અંકુશો મૂકી શકીએ. દારૂ ઉપર કર નાંખીને સારી રીતે મોંઘો બનાવીશકીએ. અહિં પણ આપણી અને પહેલાની અંગ્રેજ સરકારની નીતિમાં મહત્વનો ફરક એ હોઈ શકે કે અંગ્રેજોએ તો મદ્યપાનને સીધે સીધું દ્રવ્યોપાર્જક સાધન માન્યું હતું અને બનાવ્યું હતું. જ્યારે મદ્યને આપણે મોંઘો બનાવીએ તેથી આપણને આવક તો જરૂર થાય પણ તેમ કરવામાં આપણો આશય દ્રવ્યોપાર્જનનો નહિ પણ લોકોને દારૂથી વારવાનો હોય અને તેથી મદ્ય પીવાની ઉત્તેજના મળે એવો કશો પણ પ્રચાર આપણે કરીએ નહિ એટલું જ નહિ પણ કોઈને પણ મદ્યનો પ્રચાર કે જાહેરાત કરવા ન દઈએ. સીનેમા ફીલ્મ ઉપર પણ, મદ્ય પીવાની ઉત્તેજના મળે એવું તેમાં કશું ન આવે—આ પ્રકારનો સખ્ત અંકુશ મુકીએ, એટલું જ નહિ પણ મદ્યનાં અનિષ્ટો યથાસ્વરૂપે રજુ કરે એવી ફીલ્મો નિર્માણ કરીએ, એવી ફીલ્મોને ઉત્તેજન આપીએ. ગામવાળા યા શહેરવાળા લોકો પોતાના ક્ષેત્રમાં સંપૂર્ણ દારૂબંધી ઇચ્છતા હોય તો તેમને મદદ કરીએ. પણ તેની ચોકી કરવાની જવાબદારી તે ગામ યા શહેરના લોકો ઉપર નાંખીએ. સાથે સાથે છુપી રીતે દારૂ ગાળવાની પ્રવૃત્તિ ચલાવનાર સાથે ઘણા સખ્ત હાથે કામ લઈએ. આવી પ્રવૃત્તિ ચલાવનાર રાજ્ય તેમજ પ્રજાનો એક મહાન દ્રોહી છે એમ ગણીને તેના માટે સખ્ત શિક્ષા નિર્માણ કરીએ.

આ ધોરણે આજનો દારૂબંધીનો કાયદો હળવો થવાની જરૂર છે. એમ કરવાથી મદ્યપાન ઉપર જરૂરી અંકુશ મુકાશે, છુપી રીતે ગાળવાની પ્રવૃત્તિ પણ સારા પ્રમાણમાં બંધ થશે, ગુંડાગીરીનો ત્રાસ અને ભય પણ ઘટી જશે અને પોલીસ માટે ઉઘડેલું લાંચરૂશ્વતનું આ રાજદ્વાર લગભગ બંધ થશે. બીજી બાજુએ દારૂબંધીનો કાયદો આજના આકારમાં ચાલુ રહેશે તો મદ્યપાન મૂળમાંથી તો નાબુદ થવાનુંજ નથી અને સાથે સાથે બીજાં અનિષ્ટોની પરંપરા ચાલુ રહેશે જે સમાજ માટે ભારે ખતરનાક નીવડવા સંભવ છે.

મુંબઈ સરકાર અને તેના મુખ્ય સચિવ માન્યવર શ્રી. મોરારજી દેસાઈ દારૂબંધી સંબંધમાં બહુજ મક્કમ વળણ ધરાવે છે એ સૌ કોઈ જાણે છે. મદ્યપાનથી થતી વ્યક્તિગત તેમજ કૌટુંબિક જીવન ઉપર થતી અત્યન્તની માઠી અસર વિષે બે મત છે જ નહિ અને આજનો કાયદો મદ્યપાનની ચૂડથી લોકોને ખરેખર મુક્ત કરી શકે તેમ હોય તો આ બાબતમાં આપણી સરકારને પુરેપુરો ટેકો આપવો એ આપણો ધર્મ બને છે. પણ આજ સુધીના અનુભવમાંથી આપણને આવી શ્રદ્ધા પ્રાપ્ત થતી નથી. ઉલટું આ કાયદામાંથી ઉભા થતાં અનિષ્ટ પરિણામો આપણને સમાજના ભાવી વિષે સચિન્ત બનાવે છે. આ લેખમાં રજુ કરવામાં આવેલી વિચારણા ધ્યાનમાં લેવા અને તેમાં તથ્ય જણાય તો આજના કાયદામાં જરૂરી ફેરફાર કરવા મુંબઈ સરકારને અને ખાસ કરીને આપણા મુખ્ય સચિવ શ્રી. મોરારજી દેસાઈને વિનંતિ છે. *

પરમાનંદ

* પ્રબુધ્ધ જૈનમાં પ્રગટ થતા લેખોમાં રજુ કરવામાં આવતા વિચારોની જવાબદારી તે તે લેખોના લેખકોની જ રહી છે. આમ છતાં પણ આ લેખમાં ચર્ચેલો પ્રશ્ન અત્યન્ત વિવાદાસ્પદ હોઈને તેમાં સૂચવવામાં આવેલો નિર્ણય મારો પોતાનો છે એટલું આ સંબંધમાં કશી ગેરસમજુતી ન થાય તે ખાતર અહિં સ્પષ્ટ કરવાની ખાસ જરૂર લાગે છે. પરમાનંદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩
મુદ્રણસ્થાન : ઉષા પ્રિન્ટરી લી. દેવકરણ મેનશન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૨.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪
અંક : ૧૪

મુંબઇ : ૧૫ નવેમ્બર ૧૯૫૨, શનિવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## ભય મુક્તિ

[ માન્યવર શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી–આજના ઉત્તર પ્રદેશના ગવર્નર–તેમણે તા. ૧૫–૧૨–૫૧ ના રોજ અલ્હાબાદ યુનીવર્સીટીના પદવીદાન સમારંભ પ્રસંગે આપેલા પ્રવચનનો નીચે અનુવાદ પ્રગટ કરવામાં આવે છે. આ પ્રવચનમાં આજે ચોતરફ વ્યકત થઇ રહેલી અને માનવીમાનસને અત્યન્ત ક્ષુબ્ધ અને અશાન્ત બનાવી રહેલી ભયગ્રસ્તતાના પ્રશ્નને મુખ્યતયા ચર્ચવામાં આવેલ છે અને તેમાંથી મુકિત મેળવવા માટે ઉગતી પ્રજાને કેવું શિક્ષણ આપવું જોઇએ તેને લગતી વિચારણા કરવામાં આવી છે. આ ભયગ્રસ્તતા તદ્દન વાસ્તવિક છે અને દરેક સમાજહિતચિન્તકે તેનો ઉપાય ચિન્તવવો ઘટે છે. આખું પ્રવચન અત્યન્ત ઉદ્બોધક અને પથપ્રદર્શક છે. તંત્રી ]

વિદ્યાપીઠના આ વર્ષના પદવીદાન–સમારંભનું વ્યાખ્યાન આપવા મને બોલાવવા બદલ એના 'વાઇસચાન્સેલર'નો હું ઋણી છું. આવા પ્રસંગોથી મને ઘણો આનંદ થાય છે, કારણ કે ત્યારે મને જેમના પર માતૃભૂમિનું ભવિષ્ય આધાર રાખે છે તેવા પ્રતિભાશાળી યુવાનોને મળવાની તક મળે છે. ત્યારે જ મને દુનિયાના છળકપટથી દૂર રહેલી યુવાનીનો તરવરતો ઉત્સાહ ઝીલવા, અને આપણા ભવિષ્યને ઘડતી સમસ્યાઓ પર મારા વિચારો રજુ કરવાનો અવસર પ્રાપ્ત થાય છે.

આજે પોતપોતાની પદવીઓ પ્રાપ્ત કરતા યુવાનો જ્યારે બહારની દુનિયામાં જઇને ઉભા રહેશે ત્યારે તેમને ચોતરફ બધું વિચિત્ર જ લાગશે. ૧૯૪૧ થી દુનિયા પોતાનો આકાર બદલવા માંડી છે, અને સમજાતું નથી કે આ ફેરફારોને અંતે તેનો આકાર કેવો હશે! એમાં પણ અનિશ્ચિતતાના આ યુગમાં દુનિયા ઉપર જાણે કે ભયનો કોઇ રોગચાળો ફાટી નીકળ્યો હોય એમ લાગે છે. આ એક માનસિક વ્યાધિ છે અને એના ઝેર તથા વિસ્તારનો બહુ થોડાને ખ્યાલ હોય છે. ખરૂં પૂછો તો એણે વ્યકિતઓ, કુટુંબો, રાષ્ટ્રો, અરે દુનિયા આખી ઉપર ભારે ગંભીર અસર કરી છે અને એ કઇ રીતે દૂર કરવી તેની ઘણા લોકોને બીલકુલ સુઝ પડતી નથી.

એનાં ચિહ્નો જ્યાં જુઓ ત્યાં દેખાય છે. અભ્યાસ કરતા યુવકો કડક નિયમપાલનથી દૂર ભાગે છે અને કોઇ પણ પ્રકારની સમજણપૂર્વકની ધીરજ દાખવી શકતા નથી અને તેમ છતાં તેમને ઉજળો જીવનવ્યવસાય જોઇએ છીએ અને તે નહિ મળે એ ધાસ્તીમાં તેઓ હીંમત હારી જાય છે.

ખેડુત પોતાનું અનાજ સસ્તા ભાવે વેચવાની આનાકાની કરે છે અને એમ છતાં સસ્તા કાપડ અને સીમેંટની આશા રાખે છે; વેપારી આવકવેરો ભરવામાં અખાડા કરે છે અને એમ છતાં મોટા મોટા નફા કરવાની અપેક્ષા રાખે છે. રાજકારણી કાર્યકર્તા પોતાને મળેલો અધિકાર અને સત્તા રખેને કોઇ છીનવી લેશે એવી ભયગ્રસ્તતા સેવે છે અને એમ છતાં અન્ય સર્વ એને પોતાના આગેવાન તરીકે સ્વીકારે અને એના કથનને કાયદો અને એના મન્તવ્યને સંપૂર્ણ સત્ય તરીકે ગ્રહણ કરે એવી અપેક્ષા રાખે છે.

આવા વ્યાપક ભયથી તંગદીલીથી બચવા માટે, આપણે માંગીએ છીએ કે, બધું સંપૂર્ણ રીતે સહીસલામત અને સહેલું બનવું જોઇએ. આપણે ઇચ્છીએ છીએ કે આપણને સહેલાઇથી ડીગ્રીઓ અને જીવનવ્યવસાય મળી જાય. આપણે જ્યાં પરસ્પર સ્નેહ, સહાનુભૂતિ અને ઉદાર આપલે હોય એવા ગૃહમંદિરની નહિ, પણ બીનજવાબદાર આનંદ ઉપભોગનું સ્થક હોય એવા ભોગવિલાસના સાધનોથી ભરેલા નિવાસસ્થાનની કામના ધરાવીએ છીએ. આપણે રાજ્ય તરફથી સસ્તું અનાજ, ખૂબ નફો, બહોળું પ્રોવીડન્ટ ફંડ, વૃદ્ધાવસ્થાનું પેન્શન, કાનુનના જોરે ઉભી કરવામાં આવેલી સમાનતા, પાર્લામેન્ટની બહુમતી મારફત અમલમાં મૂકાતો ન્યાય અને અન્ય તરફથી આક્રમણ થવાની ભીતિ સામે ટકી રહેવા માટે શસ્ત્રોદ્વારા જળવાઇ રહેતી શાન્તિની હંમેશા અપેક્ષા કરીએ છીએ.

સંક્ષેપમાં સામુદાયિક વાટાઘાટ, સામુદાયિક બળજબરી, સામુદાયિક સહીસલામતી, સાચી ખોટી રીતે ઉભું કરેલું અને ચલાવવામાં આવતું પ્રચાર કાર્ય તેમ જ એજ પ્રકારની રાજ્યનીતિ અથવા તો આન્તરરાષ્ટ્રીય લશ્કરી જોડાણો–આ સર્વ દ્વારા પેદા કરેલા સામુદાયિક ભયના દબાણ વડે બહારની ગોઠવણો મારફત ઉભી કરવામાં આવેલી સહીસલામતી, ભૌતિક સુખસગવડો અને આર્થિક બાબતોમાં પૂરતા રક્ષણની આપણે આશા રાખીએ છીએ.

દુનિયામાં બધે આપણને કોઇ એવો ભય રૂંધી રહ્યો છે કે એનો પ્રત્યક્ષ સામનો કરવાને બદલે આપણે એ ભયમુકિત માટે કોઇ શકિતશાળી સામુદાયિક ભયને જ નોતરી રહ્યા છીએ. જેમાં કેવળ ભૌતિક સુખનો જ ખ્યાલ રાખવામાં આવે છે તેવી કોઇ સામાજિક વ્યવસ્થા બાહ્ય રીતે ટકી રહે તે માટે આપણે આપણી આંતરિક શકિતનો નાશ કરીએ છીએ. આને પરિણામે ભયને લીધે આપણા જીવનના નૈતિક ને આધ્યાત્મિક બળો, કે જે નિર્ભય મનમાંથી જ જાગી શકે છે, તેનો ઘાત થાય છે.

આપણા મનમાં ભય એટલો બધો વ્યાપી ગયો છે કે આપણે પોતાના પર આધાર રાખતા જ ગભરાઇએ છીએ અને રખે ને કોઇ એથીય મોટો ભય આપણને ઝડપી લેશે એ ભ્રમણા વડે ધ્રુજ્યા કરીએ છીએ.

૧૯૫૦ માં બિહારમાં અનાજ વિગેરેની તંગી હતી. પણ એ વખતે શું લોકોએ બહાદુરીથી એકબીજાને મદદ કરી હતી કે ઉદાર દિલથી એકબીજાની મુશ્કેલીમાં ભાગ પડાવ્યો હતો ખરો? ના. લોકોએ મળ્યું તે ભેગું કર્યું, અને મદદ માટે બૂમરાણ મચાવી; કાલ્પનિક ભુખમરાના ચોતરફ ખબર ફેલાવ્યા અને મુશ્કેલીઓને હતી તેટલું મોટું સ્વરૂપ આપ્યું. આપણે દુષ્કાળનું ભૂત ઉભું કર્યું અને ગભરાટથી આકુળવ્યાકુળ બન્યા. આપણે તંગીને નહિ પણ એના ભયને જ ખરી આપત્તિ ગણી.

અત્યારની દુનિયામાં ભયનું સામ્રાજ્ય એટલું બધું વ્યાપક બન્યું છે કે ભયમુક્ત બનવામાં જ આપણે ભય અનુભવીએ છીએ. ૧૯૦૨માં જ્યારે હું પહેલી વાર કોંગ્રેસનો સ્વયંસેવક થયો ત્યારે

## જગતભરમાં શાન્તિ કેમ અને કયારે પથરાય?

ગયા ઓકટોબર માસની બીજી તારીખે ચીનના મુખ્ય શહેર પેકીંગમાં એશીયાઈ દેશોની એક શાન્તિપરિષદ ભરવામાં આવી હતી. આ પરિષદમાં ગુજરાત તરફથી પુણ્યપુરૂષ શ્રી રવિશંકર મહારાજ, કવિવર શ્રી ઉમાશંકર જોષી, સાહિત્યકાર શ્રી યશવન્તશુકલ અને શ્રી મનહરલાલે પ્રતિનિધિઓ તરીકે ભાગ લીધો હતો. આ પરિષદના પ્રારંભમાંથી રવિશંકર મહારાજે ટુંકું છતાં અર્થગંભીર એવું એક નીચે મુજબ પ્રવચન કર્યું હતું:—

આ પરિષદ ત્રણ રીતે મારી દૃષ્ટિએ મંગલમય છે: એક તો એનું ઉદ્દઘાટન એ મંગલમય દિને થયું છે કે જે જગતના મહાન શાન્તિસ્થાપકોમાંના એક એવા મહાત્મા ગાંધીનો જન્મદિવસ હતો. બીજું જે ભૂમિમાં આ પરિષદ મળી રહે છે તે મંગલભૂમિ છે. અહીં મહાન નેતા માઓત્સે તુંગની સરદારી હેઠળ નુતન ચીનની પ્રજા નિશ્ચય અને ખંતથી તમામ આપત્તિઓની સામે હિંમતભેર ઝુઝી રહી છે; અને શ્રમના મહત્ત્વની સ્થાપના કરીને થોડા સમયમાં એણે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તે સારી દુનિયાને ઓછામાં ઓછું એશિયાની પ્રજાને પ્રેરણા આપ્યા વિના રહેશે નહી. ત્રીજી વસ્તુ એ કે, આપણે એક અત્યંત મંગલ કાર્ય માટે મળી રહ્યા છીએ. આપણે શાંતિ માટે, એશિયાની અને સારા જગતની શાંતિ માટે, મળી રહ્યા છીએ.

એક હિન્દી તરીકે સ્વાભાવિક રીતે આજે મને અમારા રાષ્ટ્રપિતા ગાંધીજીનું સ્મરણ થાય છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી જગતની કાયમી શાંતિ માટે એ ઝંખતા હતા. એમના વિચાર અને આચારના કેન્દ્રમાં શાંતિ જ હતી. ખોટા દેશાભિમાનથી કે સંકુચિત રાષ્ટ્રવાદથી એમણે કયારેય પણ પોતાના ધ્યેયને દુષિત થવા દીધું નથી. એ કહેતા હતા કે દુનિયાની વસ્તુઓ સમાજની સહિયારી છે, અને માણસજાતે એની ન્યાયી વ્હેંચણી કરીને એ ભોગવવાની છે. મૂઠીભર માણસોનો કે એકાદ રાષ્ટ્રનો એના પર ઇજારો ન હોવો જોઇએ. આ ધ્યેય તેઓ અહિંસાથી સિદ્ધ કરવા માગતા હતા; કેમ કે તમામ પ્રકારના યુદ્ધ અને હિંસાની નાબુદી તેઓ ઈચ્છતા હતા.

ગાંધીજીના જગતશાંતિના વિચારો અમારા પ્રધાનમંત્રી પં. જવાહરલાલ નહેરૂ પણ ધરાવે છે અને જગતશાંતિની રક્ષા માટે સતત પ્રયત્ન કરી રહ્યા છે.

હિંદની આબાલવૃદ્ધ આમજનતા શાંતિ જ ચાહે છે અને યુદ્ધને તિરસ્કારે છે હું માનું છું કે દરેક દેશમાં આમજનતા તો શાન્તિ માટે જ તલસે છે.

### ભગીરથ પુરૂષાર્થ જોઇએ

પરંતુ ઇચ્છા કરવા માત્રથી શાન્તિ અવતરે નહિ. આપણે એને માટે ભગીરથ પુરૂષાર્થ કરવો પડશે. કાયમી જગતશાન્તિની રચના વિશ્વવ્યાપી સામાજિક ન્યાયની ભૂમિકા ઉપર જ થઇ શકે. સમાજના એક ભાગનું બીજા ભાગથી અને એક રાષ્ટ્રનું બીજા રાષ્ટ્રથી શોષણ થતું હોય ત્યાં સુધી શાન્તિ આવી ન શકે. શોષણનો હરેક પ્રકારનો અંત આવી જવો જોઇએ અને ન્યાયી સમાજરચનાનો ઉદય થવો જોઇએ. કેમ કે અસમાનતા અર્થાત્ બીજાની મહેનતના ફળની ચોરી એ જ શાન્તિ માટે ખરેખર ભયરૂપ છે. આપણે એવો સમાજ જોઇએ છે કે જેમાં દરેક વ્યકિત સમાજકલ્યાણ માટે મથે અને પોતાના માનવીબંધુઓ માટે પ્રાણ પાથરે.

થોડાક સમયમાં શાન્તિ વિષેના મારા વિચારો આપની સમક્ષ પૂરેપૂરા રજુ નહિં કરી શકું, પણ આખી દુનિયાની અનેક પ્રજાઓનું પ્રતિનિધિત્વ ધરાવતી આ સંભાવિત પરિષદ સમક્ષ એક બે વાતો રજુ કરવાની ઇચ્છા થાય છે.

### અહિંસક પ્રતિકાર

નવા શાન્તિમય જગતની રચના સામાજિક ન્યાયની ભૂમિકા ઉપર આપણે કરીએ ત્યારે આક્રમણના બધા જ્ઞાત પ્રકારોથી આપણે દૂર રહેવું જોઇએ અને અહિંસક વ્યવહારના ક્ષેત્રને ઉત્તરોત્તર વિસ્તૃત કરવું જોઇએ; કેમકે હું માનું છું કે શાન્ત મનોભાવથી જ શાન્તિ સિદ્ધ થઇ શકે. ગેરસમજ ન થાય એ માટે અહીં કહી લઉં કે તમામ આક્રમણોનો પ્રતિકાર તો થવો જ જોઇએ. મારા મત પ્રમાણે અહિંસક પ્રતિકાર શ્રેષ્ઠ છે, પણ જેને માટે એ શકય ન હોય તેણે કાયર તો ન જ થવું જોઇએ.

આ કારણે કોરિયા, મલાયા, વિયેટનામ વગેરે જે એશિયાઈ દેશો પોતાના સ્વાતંત્ર્ય માટે હિંમતથી લડી રહ્યા છે તેમના પ્રત્યે મારૂં હૃદય સમભાવથી ઉભરાય છે. કોરિયા, મલાયા અને વિયેટનામના નિર્દોષ શાન્તિપરાયણ લોકો ઉપર જે અમાનુષી અત્યાચારો ગુજરી રહ્યા છે તે માનવઇતિહાસનું એક શરમજનક પ્રકરણ છે. પોતાની સ્વતંત્રતા, એકતા અને ગૌરવ માટે વિદેશી આક્રમણકારોનો સામનો કરી રહેલા એશિયાઈ દેશોના શાંતિપ્રિય પ્રજાજનોને હું ધન્યવાદ આપું છું.

ખાસ કરીને કોરિયાની યાતનાઓને જોઇને આક્રમણકારો પ્રત્યે મારૂં દિલ સમસમી રહ્યું છે. કોરિયાની પ્રજા એક અને અવિભાજ્ય છે. સત્તાકાંક્ષી યુદ્ધખોરોએ આજે જો કે કોરિયાની એકતામાં ફાચર નાખી છે તો પણ દુનિયાની કોઈ પણ સત્તા ઉત્તર અને દક્ષિણ કોરિયાને વિખુટા રાખી શકશે નહિં. એટલે એક એવો વિશ્વવ્યાપી પ્રજામત આપણે કેળવવો જોઇએ, કે જેથી અમેરિકાને કોરિયામાંથી પોતાનું સૈન્ય પાછું ખેંચવું જ પડે અને કોરિયાની ધરતી ઉપર ચીનના સ્વયંસેવકોની હાજરીની જરૂર ન રહે.

જે બહાના હેઠળ એશિયાઇ વિસ્તારોમાં આજે આક્રમક સત્તાઓ નિર્દોષ પ્રજાજનો પર વિનાશ વરસાવી રહી છે તે પાયા વિનાના અને જુઠા છે એ વાત સાવ ઉઘાડી પડી ગઈ છે.

તમામ પ્રજાઓને પોતપોતાનું શાંતિમય સ્વતંત્ર જીવન જીવવાનો હક્ક છે એ હકીકત કાયમને માટે દૃઢતાથી સ્થાપવાની જરૂર છે. જે દુષ્ટ બળો પ્રજાઓના આ કીંમતી અધિકારને છીનવી લેવાની કોશિષ કરે તેમનો પ્રતિકાર કરવો જોઇએ અને તેમને પરાસ્ત કરવાં જોઈએ. દુનિયામાં સર્વત્ર પ્રજાઓને અનિષ્ટનો પ્રતિકાર કરવાની અને અનિષ્ટ પર વિજય મેળવવાની તાલીમ આપવી જોઇએ; અને દુનિયાને શાંતિપ્રિય, પ્રામાણિક અને શ્રમજીવી લોકો માટે સલામત બનાવવી જોઈએ.

પોતાની પૂરી તાકાતથી માણસ જ્ઞાનપૂર્વક શ્રમ કરે અને આખા સમાજને દૃષ્ટિમાં રાખીને એના ફળનો ઉપભોગ કરે, શ્રમપૂર્વક જીવવાની અને પોતાની મહેનતના ફળને કોઇ લૂંટવા આવે તો એનો પ્રતિકાર કરવાની આખા સમાજને તાલીમ આપવાથી કાયમી જગત-શાન્તિનો પાયો રચી શકાશે.

### ત્યાગની ભાવના

બીજી વાત એ કે ભોગની નહિ પણ ત્યાગની ભાવના પર આપણે ભાર દેવો જોઇએ. આપણે ઊંડું વિચારીશું તો માલૂમ પડશે કે આજે દુનિયાના શાંતિનો ભંગ કરનારા તત્ત્વો અમર્યાદ ભોગની વાસનાથી પ્રેરાયેલાં છે. પૂંજીવાદી શોષણ દૂર થાય એની સાથોસાથ એની અંદર પડેલી અમર્યાદ ભોગની વાસના પણ નાબુદ થઇ જાય એ જરૂરી છે. એમ કરવાથી જ માનવજાતની શાન્તિને ભયમાં મૂકનારાં તત્ત્વોનો નાશ થશે.

એક સાદા ખેડુત કાર્યકર તરીકે મને જે થોડા વિચારો સૂઝયા તે મેં આપની સમક્ષ રજુ કર્યા છે. એની યોગ્યાયોગ્યતા આપ વિચારીલેજો.

અંતે અમારા દેશમાં કેટલાયે સૈકાઓથી ગવાઇ રહેલા શાંતિમંત્ર પ્રત્યે એમાંની શાંતિવિષયક પાંચ ભાવનાઓ પ્રત્યે આપનું ધ્યાન ખેંચીને પરિષદની સફળતા ઇચ્છું છું.

* આપણું સાથે રક્ષણ થાઓ.
આપણ સાથે ઉપભોગ કરીએ.
આપણે સાથે પુરૂષાર્થ કરીએ.
આપણું જ્ઞાનોપાર્જન પ્રકાશક બનો.
આપણે એકબીજાને દ્વેષ ન કરીએ.
ॐ શાન્તિ : શાન્તિ : શાન્તિ :

---

* ॐ सह नाववतु, सह नौ भुनक्तु, सह वीर्यं करवावहै,
तेजस्वीनावधीतमस्तु, मा विद्विषावहै ।
ॐ शान्तिः, शान्तिः, शान्तिः ।

# લોકમાનસનું આ તે કેવું વૈચિત્ર્ય ?

શ્રી એસ. વીન્સ્ટન નામના એક અંગ્રેજી લેખકે Days with Benard Shaw– 'બર્નાર્ડ શૉ સાથે ગાળેલા દિવસો'–એ મથાળાનું એક પુસ્તક લખેલું છે. તેમાં તેણે બર્નાર્ડ શૉનાં સંસ્મરણો રજુ કર્યાં છે. એ ઉપરાંત બર્નાર્ડ શૉ સંબંધે તેના જ યુગના લોકો પરસ્પર વિરૂદ્ધ કેવા અભિપ્રાયો ધરાવતા હતા તે રજુ કરતી એક નોંધ લખી છે જેનો નીચે અનુવાદ આપવામાં આવ્યો છે અને તે પછી એ જ ધોરણે ગાંધીજી વિષેના પણ લોકપ્રચલિત પરસ્પરવિરોધી ખ્યાલો વ્યક્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## બર્નાર્ડ શૉ વિષે

કેટલાક આમ કહેતા હતા :—

કે તેમના કથનને ગંભીરતાથી ગ્રહણ કરવું કે તેમની કોઇ ઉક્તિનો વિરોધ કરવો એ મોટામાં મોટી બેવકુફી છે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તે જે કંઇ કહે છે તે પુરી ગંભીરતાથી કહે છે અને પોતાના કથનની ચર્ચા કરવી તેને ગમે છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે તે અભિમાન અને અહંકારથી ભરેલા છે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તે નમ્ર અને વિનીત છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે તે ખુશામતીઆ અને સ્વાર્થી લોકોથી જ ઘેરાયલા રહે છે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે અનેક શાણી ડાહી અને વિદ્વાન વ્યક્તિઓ તેમના મિત્રો છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે તેમને પૈસાનો ખુબ લોભ છે અને પૈસાદારની જ પરવા કરે છે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તે સાધુપુરૂષ છે અને સૌ કોઈ પ્રત્યે સમભાવ ધરાવે છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે તે કળાકારોને લુચ્ચા અને હરામખોર લેખે છે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે ઇશ્વર એક મહાન કળાકાર છે એમ તે માને છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે લોકોને ચીડવવાને અને રમુજ કરવાને તે ગમે તે બોલશે અને લખશે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તે વ્યાખ્યાનપીઠો અને રંગભૂમિનો પોતાની ચોક્કસ માન્યતાઓ રજુ કરવા માટે ઉપયોગ કરે છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે તે સભ્યતાના કોઇ બંધનમાં માનતા નથી અને એકદમ મનસ્વી છે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તે એક મોટા સભ્યતાપરાયણ નાગરિક છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે તે નાસ્તિક છે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તે ગૂઢ તત્વજ્ઞાની અને ઊંડી ધાર્મિક વૃત્તિના છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે તે તદ્દન બીનકેળવાયલા છે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તે સર્વજ્ઞ છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે તે અનુદાર અને કંજુસ છે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તે છુટે હાથે આપે છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે તે કોઈ પણ સિદ્ધાંત વિનાના છે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તે આપણને અજાયબી થાય એ હદ સુધી પોતાના સિદ્ધાંતોને વળગીને ચાલ્યા છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે યૌવન શું તે તેણે કદિ જાણ્યું નથી.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તે નેવું વર્ષે પણ જુવાન છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે તેમને કોઇ પ્રતિષ્ઠા કે સ્થાન નથી.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે આજે વિદ્યમાન મહાપુરૂષોમાં તેઓ સૌથી વધારે લાગવગ ધરાવતી વ્યક્તિ છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે તેમને જાણવા એ મનની ભ્રમણા ભાંગવા બરોબર છે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તેમને જાણવા એ પ્રેરણા મેળવવા બરાબર છે.

કેટલાક આમ કહેતા હતા :—

કે તેમના મૃત્યુ બાદ લોકો તેમને જલ્દિ ભુલી જશે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તેઓ અમર છે.

## ગાંધીજી વિષે

કેટલાક આમ કહેતા હતા :—

કે ગાંધીજી આમજનતાના પ્રતિનિધિ હતા.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે ગાંધીજી સ્થાપિત હિતોના–બુર્ઝવા વર્ગના–પ્રતિનિધિ હતા.

કેટલાક આમ કહેતા હતા :—

કે તેઓ સર્વધર્મસમભાવની મૂર્તિ હતા. :—

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તેઓ કટ્ટર હિંદુ હતા.

કેટલાક આમ કહેતા હતા : —

કે તેઓ વિશ્વબંધુત્વમાં માનતા હતા :—

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તેઓ વર્ણવ્યવસ્થામાં માનતા હતા.

કેટલાક આમ કહેતા હતા :—

કે તેઓ મુસલમાનોના મિત્ર હતા, હિંદુઓના દુશ્મન હતા.

અને કેટલાક આમ કહેતા હતા :—

કે તેઓ હિંદુઓના મિત્ર હતા અને મુસલમાનોના દુશ્મન હતા.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તેઓ ઉભયના પરમ મિત્ર હતા.

કેટલાક આમ કહેતા હતા :—

કે તેઓ મહાન ક્રાન્તિકાર હતા.

અને કેટલાક આમ કહેતા હતા :—

કે તેઓ એક સાધારણ સુધારક હતા.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તેઓ ભૂતકાળના પુજારી હતા, જુનવાણી માનસના હતા અને પૂર્વકાળની સમાજરચના ફરીથી પેદા કરવા માંગતા હતા.

કેટલાક આમ કહેતા હતા :—

કે તેઓ ભોળા સાધુપુરૂષ હતા

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તેઓ પક્કા મુત્સદ્દી હતા.

કેટલાક આમ કહેતા હતા :—

કે તેમની અહિંસાએ પ્રજામાં વીરતા પેદા કરી હતી.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તેમની અહિંસાએ લોકોમાં બાયલાપણું પોષ્યું હતું.

કેટલાક આમ કહેતા હતા :—

કે તેમણે રાજકારણમાં ધર્મતત્ત્વ દાખલ કરીને રાજકારણનું ઉર્ધ્વીકરણ કર્યું હતું.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તેમણે રાજકારણમાં ધર્મતત્ત્વને દાખલ કરીને રાજકરણને ચુંથી નાંખ્યું હતું.

કેટલાક આમ કહેતા હતા :—

કે તેઓ સત્યનિષ્ટ મહાપુરૂષ હતા.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તેમનામાં સત્યનો કેવળ દંભ હતો.

કેટલાક આમ કહેતા હતા :—

કે તેઓ સાચા સૌંદર્યના ખરા પારખુ હતા, રસિક પુરૂષ હતા.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તેમને સૌંદર્ય કે કળાનું કશું ભાન નહોતું, કેવળ શુષ્ક પુરૂષ હતા.

કેટલાક આમ કહેતા હતા :—

કે તેમને સ્વતંત્ર જીવનદૃષ્ટિ હતી.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે તેઓ ગીતાના આંધળા ઉપાસક હતા.

કેટલાક આમ કહેતા હતા :—

કે ગાંધીજીની આકૃતિ ભારે સૌમ્ય અને તેજસ્વી હતી.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે ગાંધીજી કદરૂપા હતા.

કેટલાક આમ કહેતા હતા :—

કે ગાંધીજીએ ઉપદેશેલી અહિંસામાં જ જગતના ઉદ્ધારની ખરી ચાવી રહેલી છે.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે આજના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં ગાંધીજીની અહિંસા કેવળ અવ્યવહારૂ છે. હિંસાના અવલંબન સિવાય આજની દુનિયા આગળ વધી શકે તેમ છે જ નહિ.

કેટલાક આમ કહેતા હતા :—

કે ગાંધીજીએ કરાવેલું જીવનદર્શન જ સાચું અને લોકકલ્યાણનું આવાહક છે.

અને કેટલાક આમ પણ કહેતા હતા ;—

કે ગાંધીજીના માર્ગે ચાલતાં આપણે કોઈ કાળે ધાર્યું ધ્યેય સિધ્ધ કરી શકવાના નથી.

કેટલાક આમ કહેતા હતા :—

કે ગાંધીજી મોટામાં મોટા સાહિત્યસર્જક હતા.

અને કેટલાક એમ પણ કહેતા હતા :—

કે ગાંધીજીને સાહિત્ય સાથે કશી લેવા દેવા નહોતી.

કેટલાક આમ કહેતા હતા :—

કે ઝીણા ગાંધીદ્વેષી હતા.

અને કેટલાક આમ પણ કહેતા હતા :—

કે ગાંધીજી ઝીણાદ્વેષી હતા.

કેટલાક આમ કહેતા હતા :—

કે ગાંધીજી યુગસૃષ્ટા હતા, કાલનિર્માતા હતા, પયગંબર હતા.

અને કેટલાક આમ પણ કહેતા હતા:—

કે ગાંધીજી કાળની પેદાશ હતા. ગાંધીજીમાં કોઈ મૌલિક મહત્તા નહોતી. તત્કાલીન સંયોગોએ તેમને મહાન બનાવ્યા હતા.

પરમાનંદ

## तमेव सच्चं जं............

('तमेव सच्चं जं जिणेहिं पवेइयम्' – જે જિનેશ્વર ભગવાને પ્રરૂપ્યું તેજ સત્ય છે – આ પ્રકારનું જૈન શાસ્ત્રમાં એક જાણીતું લોકસૂત્ર છે. આ સૂત્ર ઉપર નીચેના લેખમાં વિવેચન કરવામાં આવ્યું છે. તંત્રી)

મનુષ્યમાં બુદ્ધિ એ તેની મનુષ્યતાનું વિશેષ લક્ષણ મોજુદ છે તેથી એમ નથી સમજવાનું કે તેનામાં પશુતાનાં બધાં લક્ષણો શૂન્ય થઈ ગયાં છે. આહાર–નિદ્રા–ભય–મૈથુન જેવાં લક્ષણોને શાસ્ત્રકારોએ મનુષ્ય અને પશુનાં સાધારણ લક્ષણો ગણાવ્યાં છે. પરંતુ તેમાં બાળકમાં દેખાતી અનુકરણવૃત્તિને પણ ઉમેરવી જોઈએ. એ અનુકરણવૃત્તિ વિશેષરૂપે આપણે ઘેટાંઓમાં જોઈએ છીએ. અને વાંદરાં જેવાં પશુઓમાં એ વૃત્તિનો વિકાસ અને તેની પરાકાષ્ટા મનુષ્યમાં જોવા મળે છે. મનુષ્યમાં અનુકરણવૃત્તિ સાથે બુદ્ધિ છે એટલે અપેક્ષા એમ રાખી શકાય કે અનુકરણમાં બુદ્ધિબળનું પ્રાધાન્ય હોવું જોઈએ; પરંતુ જ્યારે આપણે બુદ્ધિનો પ્રયોગ છતાં અનુકરણનું પ્રાધાન્ય જોઈએ ત્યારે સમજી લેવું જોઈએ કે ત્યાં બુદ્ધિ ઉપર અનુકરણવૃત્તિએ વિજય મેળવ્યો છે–મનુષ્ય ઉપર પશુએ વિજય મેળવ્યો છે. બાળક મોટું થાય તેમ તેમ અનુકરણવૃત્તિ ઉપર બુદ્ધિબળનું સામ્રાજ્ય વ્યાપ્ત થવું જોઈએ, પણ આપણે મોટા ભાગના વૃદ્ધોમાં પણ તેથી ઉલટું જ જોઈએ છીએ. ખાસ કરીને ધાર્મિક ક્ષેત્રમાં તો અનુકરણ અથવા તેનું જ એક રૂપાંતર અનુકરણ જોવા મળે છે. કોઈ એક મહાપુરુષે કાંઈ કહ્યું એટલે "હા, આપે જે કહ્યું તે જ બરાબર છે."–એમ તુરત જ લોકો કહેવાના.

ધાર્મિક વિચારના વિકાસમાં શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ ત્રણ ભૂમિકાઓ છે. કોઈ પણ ધર્મનો ઉપદેશ જ્યારે નવા રૂપે લોકોની સામે આવે છે ત્યારે શ્રાવકોની પ્રથમ ભૂમિકાનો જે ઉદ્‌ગાર હોય છે તે આ જ પ્રકારનો હોય છે.—"હા ભગવાન, આપે કહ્યું એ જ સત્ય છે." જો શ્રોતાજન આ પ્રથમ જ ભૂમિકામાં રહે અને તેથી આગળ જ ન વધે તો પરિણામ એ આવે કે તે ધર્મને નામે અધર્મનું જ પોષણ કરતો બની જાય. ધર્મવિચારની આ પ્રાથમિક ભૂમિકામાંથી જ નાસ્તિક, મિથ્યાત્વી, સત્કાયદૃષ્ટિ, કાફિર અને હીધન* જેવા શબ્દોની સૃષ્ટિ ભાષામાં થઈ છે. આ પ્રકારના શબ્દોનું સર્જન કરીને જ જો તે અટકયો હોત તો બહુ નુકસાન ન હતું, પણ તેણે તો એ નાસ્તિકોનો સંહાર કરવા સુધીનાં પણ પગલાં ભર્યાં છે. પ્રેમનો સંદેશ જે પ્રકારે ક્રાઈસ્ટે પ્રવર્તાવ્યો છે તેટલો કદાચ બુદ્ધ કે મહાવીરે પણ નહીં પ્રવર્તાવ્યો હોય. છતાં બર્ટ્રાંડ રસેલ જેવાને કહેવું પડયું છે કે ખ્રીસ્તી ધર્મના અનુયાયીઓએ ધર્મને નામે જે કતલો ચલાવી છે તે આખા ઇતિહાસનું કલંક છે. આ કલંકનુ મૂળ કારણ બીજું કશુંજ નહી. પણ એટલું જ છે કે તેમણે માન્યું કે જે ક્રાઇસ્ટે કહ્યું તે જ સત્ય છે અને તેને જે નથી માનતો તે આ વિશ્વમાં રહેવા લાયક નથી. શ્રવણની પ્રથમ જ ભૂમિકામાં રહેનાર ધાર્મિક પુરુષો બધા જ આવું કરે છે એમ કહેવાનું તાત્પર્ય નથી. પણ મૂઢ લોકો આવું કરે તેમાં કશી જ નવાઇ નથી, એટલું જ કહેવાનું છે.

આપણે અહિં જૈન ધર્મનો ઇતિહાસ તપાસીએ તો જણાશે કે જ્યારે ભગવાન મહાવીરે ઉપદેશ દેવો શરૂ કર્યો ત્યારે 'तमेव सच्चं जं जिणेहिं पवेइयम्'ં એવું કહેનારા ઘણા હતા. એટલું સારૂ છે કે એ ભૂમિકામાં જૈન ધર્મના અનુયાયીઓએ મિથ્યાત્વીઓની દયા ખાધી, તેમની નિંદા કરી અને તેમના સાથેનો સંસર્ગ ઓછો કરવાની

---

* દરેક ધર્મની પરિભાષામાં તે તે ધર્મની માન્યતા નહિ સ્વીકારતા લોકો માટે ચોક્કસ પ્રકારનો શબ્દપ્રયોગ કરવામાં આવે છે. હિંદુધર્મ અન્યધર્મીને નાસ્તિક કહે છે, જૈન ધર્મ મિથ્યાત્વી કહે છે, બૌદ્ધધર્મ સત્કાયદૃષ્ટિ કહે છે, ઇસ્લામ ધર્મ કાફિર કહે છે, ખ્રીસ્તી ધર્મ 'હીધન' કહે છે. બૌદ્ધધર્મના તત્ત્વજ્ઞાનનું મુખ્ય સૂત્ર છે यत् सत् तत् क्षणिकम्–જે સત્ છે તે ક્ષણિક છે. આથી અન્યથા વિચારનાર એટલે કે જે સત્ છે તેને કાયમ કે સ્થાયીપણું છે તેને 'સત્કાયદૃષ્ટિ' શબ્દથી ઓળખવામાં આવે છે. તંત્રી.

## જ્યોતિર્ધરોના જીવનમાંથી

દોડયે જતી જુવાની જરા થંભી ગઈ; નિજનાંજ જીવન દરમ્યાન જે પાંચ મહાવિભૂતિઓ મધ્યાહ્નના સૂર્ય તેજે પ્રકાશી રહી હતી અને જગતના પોતપોતાના પ્રદેશનાં કલ્યાણ માટે જેમણે જીવનના દાવ નાખ્યા હતા, લોકો જેમને પ્રભુતુલ્ય ગણતા હતા—તેમની અંતિમ અવસ્થા વિષે વિચાર કરવા, દોડયે જતી જુવાની જરા થંભી ગઈ.

એણે જોયા રશિયન ક્રાંતિમાંથી પૈદા થએલ વીર લેનીન. કાર્લ માર્કસના પુસ્તકીયા સિદ્ધાંતોને એણે રશિયન જીવનમાં અપનાવ્યા. અયશ-આરામી, ક્રૂર કતલી અને નિજના જ સ્વાર્થમાં મશગુલ ઝાર તંત્રમાંથી, ઝારની કતલ કરી, પ્રજાએ પૈદા કરેલ દાવાનળને એણે શાંત વ્યવહારૂ સ્વરૂપ આપ્યું—પ્રજાના પોતાના તંત્રની એની પોતાની રીતે, લેનીને રચના કરી. જીવન પર્યંત લોકોનો એ આરાધ્ય દેવ બની ગયો—અને મૃત્યુ પછી પણ એનાં પૂજન થાય છે.

એણે જોયા... મહાત્મા ગાંધી. અંગ્રેજોએ વ્યવસ્થિતપણે સર્જાવેલી ગુલામી જે ભારતનાં નરનારને કોઠે પડી ગઇ હતી અને એની નાગચુડમાંથી છૂટવા થોડાક માણસો જે પ્રયાસો કરતા હતા—જેને લોકજુંફ સાંપડી નહોતી, તેવી નિદ્રામાંથી એણે કરોડો નરનારને જગાડયાં—એમને વાચા આપી, એમનામાં પ્રાણ પૂર્યો, વિશ્વાસ પ્રેર્યો, ન્હાની મોટી અગ્નિપરીક્ષાઓમાં પસાર કરાવી, ક્ષતિઓ દૂર કરાવી... અને ગુલામી નાબુદ કરી, સ્વતંત્ર બનાવ્યા. એણે કશી સત્તા હાથ કરી નહિ, છતાં આઝાદી પછીનાય એના જીવન દરમ્યાન એ લોકોના આરાધ્ય દેવ રહ્યા, પ્રેરણાના પાનાર રહ્યા. એના મૃત્યુ પછીય થતી દેશમાંની નવરચનાઓ 'ગાંધી હોત તો શું કહેશે ?'. એ કસોટીએ કસાઇ રહી છે. હિંદનાં વર્તમાનપત્રોમાં લખાતી દર દશ લીટીઓમાં ઓછામાં ઓછું બે વાર ગાંધીજીનું નામ આવે છે અને કોઇ વક્તાનું વક્તવ્ય 'ગાંધીજી'ના શબ્દોચ્ચાર સિવાય પૂર્ણ બનતું નથી—એટલી વ્યાપકતા મન અને વચનમાં ભારતના દિલમાં ગાંધીજીની રહી છે.

અને એણે જોયા......મુસોલીની. આત્મવિશ્વાસ ખોઇ બેઠેલી ઈટલીની પ્રજામાં એણે વિશ્વાસ પ્રેર્યો. રસોઇઆઓનો પ્રદેશ કહેવડાવાતા ઇટલીને એણે વીરોનો પ્રદેશ બનાવ્યો. યુરોપમાં જેની ગણના ન હતી તે દેશની એના લીધે ગણના થઇ. લોકોએ એનું પૂજન કર્યું—એના જીવનની કથાઓથી યુવાનોનું ઘડતર થવા લાગ્યું. પરંતુ એનો સૂર્ય મધ્યાહ્ને તપીને અસ્તાચળે ઉતરી ગયો—એની વાણી બકવાટ ગણાવા લાગી......એ મર્યો અને કોઇ રડયું લાગ્યું નહિ.

એણે જોયા......હિટલર. પ્રથમ વિશ્વયુદ્ધમાં નામોશી વ્હોરી બેઠેલી, હતાશ જર્મન પ્રજામાં એણે પ્રાણ પૂર્યા. હારેલા જર્મનોને કચડી રહેલી સત્તાઓ સામે એણે પ્રબળ હુંકાર કર્યો—જર્મનો પર લદાયેલી જંજીરો એણે તોડી નાખી. એણે જર્મનોની વ્યવસ્થાશક્તિ ઉદ્યોગશક્તિ વ્યાપાર, ખૂબ વિકસાવ્યા. પડતલ જર્મનોએ એના 'શબ્દ' ને દૈવી માની કર્તવ્ય અદા કર્યું......પરંતુ એનું સ્વમાન અભિમાન બની ગયું......એણે જગત્પર આક્રમણ કર્યું. લડાઇઓનો ઇતિહાસ જ્યારે લખાશે ત્યારે, લોહી રેડયા વિનાની એની કેટલીક લડાઇઓ ઇતિહાસમાં અજોડ ગણાશે. નેપોલીયન પછી, આટલી સરસ વ્યવસ્થાપૂર્વક દેશોના દેશો જીતનાર બીજો, ઇતિહાસે જોયો નથી... ...એના જીવને અનેકને પ્રેરણા આપી, પરંતુ એના મૃત્યુની જાણ જગતને હજુ પૂરી થઇ નથી. મૃત્યુ સાથેજ એની શક્તિઓ વિસરાઇ ગઇ......અને એની યાદ જર્મન પ્રજાને શરમમાં ડૂબાવતી લાગે છે. એની યાદ......જગતને એક ક્રૂર માનવીનું સ્મરણ માત્ર આપે છે.

અને એણે જોયા...ચર્ચીલ. હારેલી, થાકેલી, નિરાશ બનેલી ઈંગ્લંડની પ્રજામાં એણે ચિરૂટ ફુંકતાં ફુંકતાં આશા ફુંકી. સર્વસ્વ હોમવા અને જીત મેળવવા એણે અંગ્રેજોને ખડા કરી દીધા. માત્ર અંગ્રેજો જ શા માટે, હારી ગયેલા તમામ દેશોમાં એણે જાણે તાકાત બક્ષી. એક માણસની અપાર આત્મશ્રધ્ધાએ (Will Power) બીજા વિશ્વ યુધ્ધને જીતાડયું. અંગ્રેજોનું ગૌરવ જાળવ્યું અને સરમુખત્યારીના ભયમાંથી, જગતને બચાવ્યું. પરંતુ કંઇક એને નડયું......અને લોકોએ, ઇંગ્લંડની પ્રજાએ, એના હાથમાંથી સુકાન છિનવી લીધું. દેવ જેવો ચર્ચીલ માત્ર માનવ બની રહ્યો.

આ શું કે શું? આવા અપ્રતિમ માણસો જેના માટે લાખો લોકો બલિદાન આપવા તત્પર થતા, જેના અવાજે દેશ દેશના લોકોને પ્રેરણા આપી તેની આવી અવગણના કેમ થતી ગઇ? લેનીન ને ગાંધી આરાધ્ય દેવ બન્યા અને મુસોલીની, હિટલર, ચર્ચીલ કેમ વિસરાતા જાય છે?

કહે છે કે લોકો એમનાથી કંટાળી ગયા હતા. પણ શા માટે કંટાળી ગયા હતા? એ વિચારવા દોડયે જતી જુવાની, જરા થંભી ગઇ.

આ પાંચેય વીરો, લોકોના હૃદયની, એમના વાણી અને વર્તનની પેદાશ હતા. પ્રજાની જરૂરીઆતમાંથી ઉદ્ભવેલી એમની પ્રતિમાઓને પ્રજાએ પ્રોત્સાહન આપ્યું હતું અને પ્રજાએ ભાવેલી ભાવનાનુસાર એમનો વિકાસ થતો જતો હતો—એટલે એમના કહેવા પર લોકોએ બલિદાન આપવામાં ગૌરવ માન્યું. એ બલિદાન લેનીન અને ગાંધીએ લોકકલ્યાણ માટે વાપર્યાં. એ બલિદાન પાછળથી હિટલર, મુસોલીની અને ચર્ચીલે એમનાં અભિમાન વધારવા જ વાપર્યાં અને લોકો એમનાથી કંટાળી ગયા.

પણ ખરેખર શું હિટલર, મુસોલીની, ચર્ચીલ પોતાના કોઇ સ્વાર્થ ખાતર પ્રજાનાં બલિદાન માગતા હતા? ના. છેલ્લી ઘડી સુધી એમણે પોતાનો સ્વાર્થ કે શોધ્યો ન્હોતો...ખરી વાત એ છે કે સત્તાના આટલા ઉચ્ચ આસને આવ્યા પછી, એમનો લોક સંપર્ક જતો રહ્યો હતો...લોકોને શું જોઇએ છે એ એ સમજી શક્યા નહિ...અને સમજવાની દરકાર પણ કરી નહિ. એમનાજ સાથીદારોની વાતો સાંભળવાનો એમણે ઇન્કાર કર્યો...અને એ ઇન્કાર લોકોના સંપર્કની સાંકળને તોડનાર નિવડયો.

મુસોલીનીએ બીજાની તો ઠીક પણ એના પોતાના જમાઇની, જેનું ત્યાંના રાજકારણમાં વર્ચસ્વ હતું તેની વિનંતીઓની પણ અવગણના કર્યા કરી. હિટલરે જર્મન સેનાધીપતિઓની વાતો સાંભળવા ઇન્કાર કર્યો, રોમેલ જેવા અજોડ સેનાધિપતીની વાતો પણ એણે સાંભળી નહિ. ચર્ચીલે એનીજ કેબીનેટના મજુર પ્રતિનિધિઓની વાતો સાંભળવા ઇન્કાર કર્યો...આ ત્રણેય પોતાનાજ વિચારો પ્રજા પર લાદવા માંડયા. પ્રજાનો સાથ ઓછો થયો...ગૌરવના શિખરેથી એ ગબડી પડયા.

શું જાહેર જીવનમાં કે શું ખાનગી જીવનમાં, જે માણસો પોતાની નજીકનાં માણસોને બોલવા દેતા નથી, જેમની ધાકથી નજીકનાં માણસો બોલી શકતા નથી, એ માણસો ગમે તેટલી અપ્રતિમ શક્તિ ધરાવતા હોય, ગમે તેટલા નિસ્વાર્થ હોય છતાં જીવનના અંત સુધી કદિ યશસ્વી રહેતા નથી. કદી કાયમને માટે ઉપયોગી નિવડી શકતા નથી. એ આખરે ડૂબે છે અને સાથેનાંને ડૂબાડે છે. ઇટાલીયનોએ અને જર્મનોએ એમના આરાધ્ય દેવની અવળ મતિને મનથી તરછોડવા છતાં શરીરથી સાથ આપ્યો—પરિણામે દેવ પોતે ડૂબ્યા અને પ્રજાને પણ ડૂબાડી. ઇંગ્લંડની પ્રજાએ એના આરાધ્ય દેવને એની મર્યાદાઓ સમજાવી એકલા મૂકી દીધા...દેવ માનવી બની ગયા અને પ્રજા ડૂબતી બચી ગઇ.

લેનીન ને ગાંધીએ એમની નજીકના મહાનામાં મહાના આદમીની વાત સાંભળી, વિવેકથી વિચારી અને એનેય પોતાના નિર્ણયોનાં કારણો સમજાવવા પ્રયાસો કર્યા. લોકસંપર્ક એમણે કદિ ખોયો નહિ. એ જીવનમાં અને મરણ પછી પણ પૂજનીય રહ્યા.

નિર્ણય ગમે તે થાય, પણ ન્હાનામાં ન્હાના માણસની ન્હાની વાતો પણ વિચારવી જોઇએ. રાજકારણમાં આ જેટલું સત્ય છે એટલુંજ જીવનનાં તમામ ક્ષેત્રો માટે પણ સત્ય છે—ઘરના ન્હાનકડા જીવનમાં પણ આ એટલુંજ સત્ય છે. નજીકના માણસો ધાકથી દબાય નહિ—પેટ છૂટી વાત કરી શકે તેવું વાતાવરણ સર્જવું જોઇએ.

દોડયે જતી જુવાની, આ સત્યને પારખી પુનઃ વિકાસ પંથે પડી.

તારાચંદ કોઠારી

## ભય મુક્તિ

[ ૧૧૨ મા પાનાનું ચાલુ ]

તત્વ સાથે જીવન્ત સંપર્ક શોધે છે કે જે સંપર્ક–તેની શ્રદ્ધા જ માત્ર તેને સૂચવે છે તે મુજબ–અખંડ આનંદ તરફ–જે મળ્યા પછી બીજી કોઇ વસ્તુની કામના રહેતી નથી એવા અનુપમ આનંદ તરફ–તેને લઇ જાય છે. આ વિલક્ષણ તત્વને તમે ગમે તે નામ આપો–તેને તમે પ્રેમ, પ્રકાશ સૌન્દર્ય, આનંદ, મોક્ષ, અમૃતત્વ, શાન્તિ, સાક્ષાત્કાર, આધ્યાત્મિક અનુસંધાન કે ઇશ્વર–ગમે તે નામે ઓળખો; પણ છેવટનું પૃથકકરણ કરતાં તે આત્મપ્રાગટયની જ વૃત્તિ છે, દિન પ્રતિ દિન પોતે છે તે કરતાં વધારે સારા વધારે ઉન્નત થવાની, માનવી દિલમાં રહેલી ભાવના છે અને પોતામાં રહેલી અનન્ત શક્તિની પ્રતીતિ ઉપર સ્થિરપ્રતિષ્ઠિત થવાની બનવાની કલ્પના છે.

શિક્ષણના કેળવણીના આ સાચા પાયાના હેતુને ભુલી જવા જેટલી આત્મવંચનાને–ઇન્દ્રજાળને–આપણે શા માટે અધીન થયા? તેનું કારણ શોધવું બહુ મુશ્કેલ નથી. આપણે આધ્યાત્મિક દષ્ટિએ માનવઇતિહાસની એક સૌથી મોટી કટોકટીના તબક્કામાંથી પસાર થઇ રહ્યા છીએ. એ કટોકટી આપણા સમયની ભૌતિક સભ્યતા અને માનવી ચિત્તમાં રહેલી મૌલિક ઉર્ધ્વગામિની વૃત્તિ વચ્ચેના કુમેળમાંથી પેદા થઇ છે. વિજ્ઞાને દુનિયાને ભૌગોલિક રીતે, આર્થિક રીતે એક બનાવેલ છે, માનવીસ્વભાવ અથવા તો માનવી પ્રકૃતિની દૃષ્ટિએ આ દુનિયા રાષ્ટ્રિય, સાંપ્રદાયિક, ભાષાગત અને અર્થવિષયક વર્તુળોમાં વહેંચાયલી છે. આજના જમાનાની ભૌતિક સગવડોએ સામાજિક સંસ્થાઓની દીવાલો તોડી નાંખી છે. હવાઇવિમાનોએ પેદા કરેલ હવાઇ માનસ અને બળદગાડીના યુગનું સામાજિક માનસ આજે યત્ર તત્ર એક સાથ જોવા મળે છે. સામાજિક સંસ્થાઓ કે જે સાધારણ રીતે કોઈ પણ યુગની ભૌતિક સભ્યતા અને સાંસ્કારિક મૂલ્યો વચ્ચે સમન્વય સાધવાનું કાર્ય કરતી હોય છે તે સંસ્થાઓનો આજે આ બન્ને તત્વો સાથે મેળ રહ્યો નથી. સાંસ્કારિક જીવનમૂલ્યો કે જે માણસના આત્માને તથા કૌટુંબિક જીવનને બળ આપે છે અને જે સ્વાતંત્ર્ય, સ્થિરતા, શાન્તિ, સૌન્દર્ય, એકતા, પ્રેમ અને 'સ્વ'નો વિચાર વટાવી જતી ઇશ્વરપરાયણતા–આ સર્વને પોષણ આપે છે તે સાંસ્કારિક જીવનમૂલ્યો આજે હતપ્રતિષ્ટ બન્યાં છે.

આ બેસુરપણાની અસર નીચે આધુનિક શિક્ષણે પાયાની ઉર્ધ્વગામિની વૃત્તિની–આધ્યાત્મિક એષણાની ઉપેક્ષા કરી છે. ભૌતિક-તેમજ સામાજિક વિજ્ઞાનો કે જે માનવજાતના ઉત્કર્ષ માટે ઘણા ઉપયોગી છે–આ વિજ્ઞાનોએ ઉચ્ચ કક્ષાના અભ્યાસમાં એવી અગત્ય ધારણ કરી છે કે તેને લીધે જે વિષયો માનવીની ઉર્ધ્વગામિની વૃત્તિને પોષે છે અને વેગવાન બનાવે છે અને વધારે ઉન્નત જીવન તરફનાં પાયાનાં પ્રેરક બળોને ઉત્તેજીત કરે છે તે વિષયોના અભ્યાસ માટે કશો અવકાશ રહેતો જ નથી; સત્યઆચરણ માટેનું બળ જરા પણ વિકસતું નથી; જે કાંઇ અપેક્ષિત હોય તે બહારની ગોઠવણો વડે જ સધાવું જોઇએ–આવી આદતને ખૂબ જોર મળે છે. આખરે ઉજ્જવળ વૈજ્ઞાનિક પ્રગતિએ આત્માની પ્રગતિને આવરી લીધી છે. વધારે સારી કોટિના માનવીઓની ભૂમિકાવિનાના સામાજિક વિજ્ઞાને જેટલા પ્રશ્નોનો ઉકેલ શોધી આપ્યો છે તે કરતાં વધારે પ્રશ્નો તેણે ઉભા કર્યા છે. માણસની પોતાની જાત ઉપરની શ્રધ્ધાનો નાશ થયો છે, ઇશ્વરી સત્વસમી આત્મગત પ્રતિભાથી તે વંચિત બન્યો છે, અને જાણે કે ભૌતિક બળો વડે આમથી તેમ ધકકેલાતા મગતરા જેવો પોતે હોય એવી રીતે પોતે પોતાની જાતનો વિચાર કરતા શિખ્યો છે.

મૂળ અંગ્રેજી: ક. મા. મુનશી
અનુવાદક: પરમાનંદ

અપૂર્ણ

# સ્વ૦ મણિભાઈ સ્મૃતિ ફંડ

## મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો જોગ

પ્રિય ભાઇ બહેનો,

આપ મુંબઇ જૈન યુવક સંઘની પ્રવૃતિઓમાં રસ લો છો. યુવક સંઘ આજે પચ્ચીસેક વર્ષથી જૈન સમાજમાં એની વિવિધ સેવાઓ આપી રહ્યું છે એ આપ જાણો છો. આપણા મુંબઇ જૈન યુવક સંઘના આજના ઘડતરમાં શ્રી. મણિલાલ મોકમચંદ શાહનો ખૂબ ફાળો છે એ આપ જાણતાં હશો. યુવક સંઘ એમનું ખુબ ઋણી છે.

શ્રી. મણિભાઇના અવસાન પછી, એમની સ્મૃતિમાં એક ફંડ શરૂ કરવામાં આવ્યું છે. એ ફંડ ઓછામાં ઓછું પચ્ચીસ હજાર રૂપીઆનું થવું જોઇએ. શ્રી. મણિભાઈએ સ્થાપેલા સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના નવા બનતા મકાનમાં એ વપરાવાનું છે. આપ જાણો છો કે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહનું મકાન બનાવવાની તમન્ના પાછળ શ્રી. મણિભાઇએ એમના જીવનના છેલ્લા દિવસોમાં કેટલી જહેમત ઉઠાવી હતી. મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોની ફરજ છે કે પોતે આપીને અને બીજા પાસેથી મેળવીને શ્રી. મણિભાઇના સ્મૃતિફંડની ઝોળીને છલકાવી દેવી જોઇએ. આપ આપો તે અને બીજા પાસેથી ઉઘરાવો તે અમને કૃપા કરીને નીચેના સરનામે મોકલી આપશો.

શ્રી. મણિભાઇ સાથેનો આપનો સંપર્ક, અને સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ જેવી ઉપયોગી પ્રવૃત્તિનો સુમેળ જોતાં અમે આશા રાખીએ છીએ કે આપ આપની ફરજ અદા કરવામાં યથાશક્તિ પ્રયત્ન કરશો જ.

સ્વ. મણિલાલ મોકચંદ શાહ સ્મૃતિ ફંડ સમિતિ
મુંબઇ જૈન યુવક સંઘ કાર્યાલય
૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.

આપના
તારાચંદ લ. કોઠારી
ધીરજલાલ ધનજીભાઇ શાહ
મંત્રીઓ.

| | | |
|---|---|---|
| ૬૦૫૨) અગાઉ સ્વીકારેલા | ૦ ૧૦૧) ,, મીલ સ્ટોર્સ (ઇન્ડીયા) એજન્સી | ૦ ૧૦૧) ,, બોમ્બે ટુલ્સ સપ્લાઇંગ એજન્સી |
| ૫૧) મેસર્સ દીનકર ટ્રેડીંગ કું. | ૦ ૫૧) ,, આઈ. એન. સુખડીયાની કું. | ૦ ૫૧) ,, રીલાયન્સ મશીન ટુલ્સ |
| ૩૦૧ શ્રી વાલજી ગોવિંદજી શાહ | ૦ ૧૦૧) ,, મોડર્ન મશીન ટુલ્સ | ૦ ૫૧) ,, બાલકૃષ્ણ એન્ડ બ્રધર્સ |
| ૨૫) મેસર્સ પીઅરલેસ એન્જીનીઅરીંગ | ૦ ૫૧) ,, સી. વાડીલાલની કું. | ૦ ૧૦૧) ,, યુ. ડી. પટેલની કું. |
| કોર્પોરેશન | ૦ ૧૦૧) ,, એમ. જે. થાણાવાળાની કું. | ૦ ૫૧) ,, ટી. મોતીલાલની કું. |
| ૫૧) ,, ચીમનલાલ દેસાઈ એન્ડ કું. | ૦ ૧૦૧) ,, હીરાલાલ ગોકળદાસની કું. | ૦ ૧૦૧) શેઠ ત્રીકમલાલ મહાસુખરામ |
| ૦ ૧૦૧) ,, મોતીલાલ કલ્યાણદાસની કું. | ૦ ૧૦૧) ,, મસરાણી મીલજીન સ્ટોર્સ | ૦ ૫૦૧) એક સદ્‌ગૃહસ્થ હા. શ્રી કમળાબ્હેન રતનચંદ સુતરિયા. |
| ૦ ૧૦૧) ,, જે. ખુશાલદાસની કું. | ૦ ૧૦૧) ,, જી. વિઠ્ઠલદાસની કું. | |
| ૦ ૧૦૧) ,, જીન સ્ટોર કું. | ૦ ૧૦૧) ,, શાહ પટેલની કું. | ૦ ૧૦૧) શ્રી. પદમસી પુરૂષોત્તમદાસ શાહ |
| ૦ ૧૦૧) ,, મીલ સ્ટોર કું. | ૦ ૧૦૧) ,, મૂળજીભાઇ છોટાલાલની કું. | ૦ ૧૦૧) ,, કકલભાઇ ભુદરદાસ વકીલ |
| ૦ ૧૦૧) ,, કાંતિલાલ ભોગીલાલની કું. | ૦ ૫૧) ,, મહેતા હાર્ડવેર માર્ટ | ૦ ૧૦૧) ,, ચીમનલાલ ચકુભાઇ શાહ |
| ૦ ૧૦૧) ,, શાંતિલાલ એમ. શાહની કું. | ૦ ૫૧) ,, ચીમનલાલની કું. | ૯૪૪૧ |
| ૦ ૧૦૧) , ન્યુ હિંદ એન્જીનીયરીંગ કું. | ૦ ૧૦૧) ,, દીવાન બ્રધર્સ | ૦ આ નીશાનીવાળા નામોના પૈસા આવવા બાકી છે. |
| ૦ ૧૦૧) ,, રમેશ ટ્રેડીંગ કું. | ૦ ૫૧) ,, આર. મોહનલાલની કું. | |

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : ઉષા પ્રિન્ટરી લી. દેવકરણ મેનશન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ, ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪ અંક : ૧૫ | મુંબઈ : ૧ ડીસેમ્બર ૧૯૫૨, સોમવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

## ભય મુકિત

सा विद्या या विमुक्तये।

( ગતાંકથી ચાલુ )

ખરી રીતે શિક્ષણ માનવીની ઉર્ધ્વગામિની વૃત્તિ અને પ્રત્યેક યુગની આધિભૌતિક સભ્યતા વચ્ચે સમન્વય સાધતી એક મહાન પ્રવૃત્તિ હોવી જોઇએ. પહેલું તો આ પ્રકારના શિક્ષણ વડે દરેક પેઢીના યુવાન યુવતીઓમાં પાયાની ઉર્ધ્વગામિની વૃત્તિ—સતેજ—સક્રિય બને છે અને એ રીતે તે વૃત્તિને દાખવતા સાંસ્કારિક મૂલ્યોને નવી ઉત્તેજના અને દિશાસૂચન મળે છે. બીજું આવું શિક્ષણ એ પ્રકારના નવીન વિચારો અને અસરો નીપજાવે છે કે જે દ્વારા સાંસ્કારિક મૂલ્યોને અનુલક્ષીને પ્રત્યેક યુગની અધિભૌતિક સભ્યતાને અનુકુળ હોય એવી સંસ્થાઓ અને હીલચાલો નિર્માણ પામે છે.

આનું રહસ્ય સર્જક પ્રાણમયતા ધરાવતા મહાન યુગપુરૂષો આપણી સમક્ષ યુગે યુગે સુશ્લિષ્ટ રીતે પ્રગટ કરતા આવ્યા છે. માનવી માત્ર આત્મસાક્ષાત્કારને પામે અને પોતામાં વિલીન થઇ જાય કે જેથી તે સર્વ અનિષ્ટોથી સુરક્ષિત બને—આવી ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેક માનવી પાસેથી આશા રાખતા હતા. આ દુનિયામાં સર્વત્ર શાન્તિ પસરે એ હેતુથી ભૂત માત્ર વિષે સર્વવ્યાપી આન્તરિક કરૂણા પ્રગટે એવી ભગવાન બુધ્ધે માનવી જાત પાસે માંગણી કરી હતી. સૌ કોઇ ઇશ્વરને પ્રેમમૂર્તિ તરીકે ઓળખે એવો ઇશુ ખ્રીસ્તે અનુરોધ કર્યો હતો. આપણી પેઢીના ગાંધીજી ઇચ્છતા હતા કે આપણે ઇશ્વરી ઇચ્છાના વાહક બનીએ અને આન્તર્ગત હિંસાથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લઇએ. આ પાર્થિવ દુનિયા રૂપાન્તર પામે, વિશુદ્ધ બને, ઉન્નત થાય એ માટે ઉર્ધ્વ ચેતનાના પ્રગટીકરણ દ્વારા ઇશ્વરનું આ જગત ઉપર અવતરણ સિદ્ધ કરવાની શ્રી અરવિંદે હામ ભીડી હતી. આપણે સૌથી પહેલાં અન્તઃપ્રદેશમાં કાર્યની શરૂઆત કરીએ એમ તે સર્વ મહાનુભાવો ઇચ્છતા હતા, આપણને એવો અનુરોધ કરતા હતા; બહારનું કાર્ય અંદરના બળમાંથી જ પેદા થવું જોઇએ, નિર્માણ પામવું જોઇએ. કારણ કે તેમનામાંના દરેકે પ્રતિપાદન કર્યું હતું કે मनः एव मनुष्याणां कारणं बंधमोक्षयोः।— મન માનવીના બંધન અને મુકિતનું કારણ છે.

આધુનિક શિક્ષણ બહારના કાર્ય ઉપર, બાહ્ય પ્રવૃત્તિ ઉપર જે એકાન્ત ભાર મૂકે છે તેને લીધે આન્તરિક વિકાસની ઉપેક્ષા થાય છે અને માનવીના ભાવીમાં રહેલી શકયતાઓનો હ્રાસ થાય છે. માનવી જાણે કે માત્ર પાશવી જરૂરિયાતો ધરાવતો એક સામાન્ય પ્રાણી હોય તેવો ખ્યાલ આજનું શિક્ષણ ઉભો કરે છે અને પરિણામે માણસજાત ઉંચે ચડવાને બદલે નીચે ઉતરતી જાય છે. આ પદ્ધતિને આપણે 'ઇતિહાસનું આધિભૌતિક નિરૂપણ' એવું તાત્વિક નામ આપીને એક પ્રકારની પ્રતિષ્ઠા આપીએ છીએ. આધુનિક જગતના શિક્ષણશાસ્ત્રીઓ, કેળવણીકારો, જે પદ્ધતિ માત્ર બાહ્ય તત્ત્વોના વિકાસ ઉપર જ આધાર રાખવાની વૃત્તિ ઉપર ભાર મૂકે છે તે પદ્ધતિ વિષે, આવી મુગ્ધતા-ઘેલછા-કેમ અનુભવી રહ્યા છે?

આજના ભૌતિક વિજ્ઞાનની પ્રગતિના પરિણામે લાખોનો સંહાર કરવાની અથવા તો તેમને અસહાય યંત્રોમાં પલટી નાંખવાની તાકાત માણસે પ્રાપ્ત કરી છે. પરિણામે સંપૂર્ણ સ્વતંત્ર લેખાતા વિશાળ દેશોમાં પણ સ્વતંત્ર વ્યકિતનો નાશ થયો છે અને વિચાર સ્વાતંત્ર્ય ઉપર નિષ્ઠુર પ્રતિબંધ મુકાયા છે. સ્વતંત્ર વિચાર ધરાવતા આદમીઓને પહેલાં કોઇપણ વખતે ફરજ પડતી હતી તે કરતા વધારે મોટી સંખ્યામાં પોતાનો દેશ છોડીને અન્યત્ર વસવાની ફરજ પડી છે. આજે દુનિયાના કેટલાક વિભાગો ઝનુની મત્સર અને નિષ્ઠુર સત્તાના મદ વડે પાગલ બન્યા છે અને જે માણસ સ્વતંત્ર રીતે વિચારવા માંગે છે, અને એ વિચારો મુજબ જીવન જીવવા માંગે છે તેને પોતાને માર્ગે જવા માટે—પોતાના સ્વત્વનો સાક્ષાત્કાર કરવા માટે—યુનીવર્સીટીના એકાન્ત ખૂણાઓમાં પણ—આજે જગ્યા રહી નથી.

જે ભોળપણપૂર્વક આજનો બુદ્ધિમાન વર્ગ સ્વત્વ દાખવવાના સ્વાતંત્ર્યને જતું કરતો માલુમ પડે છે તે ભોળપણ માનવીના આત્માની આ કટોકટી સૌથી વધારે પ્રગટ કરે છે. જેને લીધે તેમનામાં રહેલી પાયાની ઉર્ધ્વગામિની વૃત્તિ અનુસાર વિચારવાની કે વર્તવાની તકલીફમાંથી બચી જાય એવા—એક સર્વવ્યાપી વ્યવસ્થા વડે આયોજિત-યંત્રીકરણ દ્વારા આ દુનિયાને નિયંત્રિત કરવા તેઓ ઝંખી રહ્યા છે. સ્વતંત્રતા કે જે હજુ ગઇ કાલ સુધી લાખો માણસોના દિલને આરપાર હલાવી રહી હતી અને અપાર પુરૂષાર્થને પ્રેરી રહી હતી તેને પદભ્રષ્ટ કરીને તેના સ્થાને follow the leader—નેતાને અનુસરો—આ એક એવું સૂત્ર છે કે જે તેમની પોતાની ભયાન્વિત મનોદશાએ ઉભા કરેલાં ભયસ્થાનોમાંથી જોખમોમાંથી—ભાગી છુટવાની ગતાનુગતિક વૃત્તિને ઢાંકે છે, છુપાવે છે—આ પ્રકારની 'નેતાને અનુસરો, તેની આજ્ઞાને શિરસાવંદ્ય ગણો' આવા વ્યાપક લોકનાદે ઘણા પ્રદેશોમાં જગ્યા લીધી છે. વિચારવન્ત પુરૂષો અને તેમાં પણ કેળવણીકારો, પંડિતો અને શિક્ષકો જેમનું કાર્ય અંદરના બળ વડે અને પ્રેરક ચારિત્ર્ય વડે ઉગતી પેઢીનું જીવન ઘડવાનું છે અને તેને સમ્યગ્ દૃષ્ટિ આપવાનું છે તેઓ આજે મુંઝાઇ બેઠા છે. જેમના હાથમાં પ્રચારના વિપુલ સાધનો છે તે કુશળ પ્રચારકોએ આ વર્ગના મનને જકડી લીધાં છે. બુદ્ધિશાળીઓમાં વ્યામોહ પેદા કરવાની પ્રવૃત્તિએ એક વિશિષ્ટ કળાનું રૂપ ધારણ કર્યું છે. જેઓ આ પકડમાંથી બચવા પામ્યા છે તેમને આ દુનિયામાં સુરક્ષિતપણે ઉભા રહેવાનું કોઇ ઠેકાણું નથી.

આપણે એ બરાબર સમજી લેવું ઘટે છે કે ભૌતિક વિદ્યાઓ સાધન છે, સાધ્ય નથી. કારણ કે જો તે વિદ્યાઓ સાધ્ય હોય તો તેનું પરિણામ આ દુનિયા ઉપર માનવીના ભાવીને ગુંગળાવી દેવામાં જ માત્ર નહિ, પણ માણસજાતનો બહુ જલ્દિથી નાશ થવામાં જ

આવે. સામાજિક વિદ્યાઓનો ઉદ્દેશ જો સામાજિક પરિસ્થિતિનું પૃથક્કરણ કરવાનો હોય તો તેમાંથી આપણને આજની પરિસ્થિતિનું નિદાન મળશે, ઉપાય નહિ મળે. ભૌતિક સગવડોમાં સતત વધારો કર્યા કરવો અને તે સગવડો રખેને આપણે ગુમાવી દઇશું એવો ચાલુ ભય સેવતા રહેવો–આવી જીવનયોજના આજની દુઃસ્થિતિમાંથી બચવાનો ઉપાય હોઇ ન જ શકે. તેથી તો માણસ વધારે ને વધારે પામરતાને–અસહાયતાને–જ પ્રાપ્ત કરતો રહેવાનો.

આજે એક એવી માન્યતા ચાલી રહી છે કે જો માત્ર સામાજિક તેમજ આર્થિક પાયા ઉપર અસાંપ્રદાયિક રાજ્યતંત્રની રચના કરવામાં આવે તો તેથી રાષ્ટ્રોની ભૌતિક સુખાકારી સુરક્ષિત બને અને તે વિષે પછી કશી ચિન્તાનું કારણ ન રહે. આ કરતાં અન્ય કોઇ માન્યતા સત્યથી વધારે વેગળી ન હોઇ શકે. રાજ્ય એ આખરે એક સામાજિક સંસ્થા છે. તે તો જ સફળતાપૂર્વક ચાલી શકે કે જો તે દ્વારા પાયાની ઉર્ધ્વગામિની વૃત્તિનો યોગ્ય ધોરણે વડે ભૌતિક સભ્યતા સાથે સુમેળ સાધવામાં આવે.

એ ધ્યાનમાં રાખવું ઘટે છે કે અસાંપ્રદાયિક રાજ્ય–Secular state–એટલે ઇશ્વરનો ઇનકાર કરતું રાજ્ય એવો તેનો અર્થ છે જ નહિ. કારણ કે જો એમ હોય તો તે એવું રાજ્ય હોવાનું કે જે ભયમાં જ જીવતું હશે અને ભય ઉપર જ નભતું હશે. કલ્યાણકારી રાજ્ય–welfare State–સર્વ કોઇ માટે ભૌતિક સગવડ–સાધનો પુરાં પાડવાનો જરૂર પ્રયત્ન કરતું હશે; એમ છતાં પણ સાથે સાથે માનવીજીવનની અન્તઃપ્રકૃતિના સ્વીકાર ઉપર જ–આત્મતત્વના–પાયા ઉપર જ–એ રાજ્ય ટકી શકવાનું છે. તેના સમર્થકોએ પોતાની અંદરના બળમાંથી જ તેવું રાજ્ય નિર્માણ કરવાનું રહેશે.

અશોક કલ્યાણકારી રાજ્યનો–ઇશ્વરનો ઇન્કાર કરતા રાજ્યનો નહિ પણ સર્વ ધર્મો પ્રત્યે ઉદાર અભિગમ ધરાવતા રાજ્યનો—ઇશ્વરી રાજ્યનો–પ્રથમ સંસ્થાપક હતો. તેના શિલાલેખો ઉપરથી માલુમ પડે છે તે મુજબ, તેનો આગ્રહ હતો કે સર્વ ધર્મો પ્રત્યે આદર દાખવવો જોઇએ, સર્વ ધાર્મિક સત્યોમાં રહેલી દીવ્યતાનો સ્વીકાર કરવો જોઇએ, સર્વ સંપ્રદાયના ધર્મોનો અભ્યાસ કરવો જોઇએ. દુનિયાના ઉદય બાદ આથી વધારે ઉંચો પરમતસહિષ્ણુતાનો–સર્વ ધર્મ સમભાવનો–સંદેશ કદિ કોઇએ સુણાવ્યો નથી અને તેની ઉપેક્ષાથી માનવજાતને જે કાંઈ નુકસાન થયું છે તે કરતાં વધારે નુકસાન અન્ય કોઇ કારણથી થયું નથી. અને એ ઉદાર જાતિનું અનુસરણ કરતાં, જે બૌદ્ધધર્મની તેના ઉપર ખૂબ છાપ પડી હતી તે ધર્મનો ફેલાવો કરવા માટે પણ તેણે એ વખતની સામાજિક વ્યવસ્થા કે ધાર્મિક માન્યતાને ચુંથવાનો કે પલટાવવાનો કદિ પ્રયત્ન કર્યો નહોતો.

તેણે ધર્મનો ઉપદેશ આપવા માટે પ્રચારકોનું એક તંત્ર ઉભું કર્યું હતું. તેણે ઉદ્દઘોષણા કરી હતી કે સૌ કોઇ માનવીઓ તેનાં બાળકો છે, અને જણાવ્યું હતું કે "જે કાંઇ થોડો ઘણો પ્રયત્ન હું કરી રહ્યો છું તે શાને માટે છે? તે એ માટે છે કે તે વડે હું અહિં કેટલાકને સુખી કરી શકું અને પરલોકમાં તેમને સ્વર્ગ પ્રાપ્ત કરાવી શકું." એ રાજાધિરાજ પોતાની જાતને દુનિયાના નૈતિક અને પૌદ્દગલિક કલ્યાણનો જવાબદાર રક્ષક લેખતો હતો. અફઘાનીસ્તાનથી માઇસોર અને કુર્ગ સુધી અને સૌરાષ્ટ્રથી આસામની સીમા સુધી ધર્મચક્રનું પ્રવર્તન કરવામાં આવ્યું હતું. ધર્મમહામાત્રો ધર્મની સંભાળ લેતા હતા; સ્ત્રી–અધ્યક્ષા–મહામાત્ર સ્ત્રીઓની સંભાળ લેતી હતી; બીજા અધિકારીઓ પશુ તથા પંખીઓની સંભાળ લેતા હતા. નીતિમત્તા, ઉદારતા અને સૌ કોઈ પ્રત્યે અનુકંપાના પાયા તરીકે કુટુંબજીવનની અગત્ય, સર્વ સંપ્રદાયો પ્રત્યે સમભાવ, જીવ ભૂતમાત્ર પ્રત્યે મૈત્રી અને સુલેહશાન્તિ જળવાય તે હેતુથી આન્તરરાષ્ટ્રીય સંબંધોની સુઘટનાની ઘોષણા કરતા વટ–હુકમો કાઢવામાં આવ્યા હતા અને સંપૂર્ણ રીતે અમલી બનાવવામાં આવ્યા હતા. આ પ્રકારના સર્જક વિચારોમાં–ભાવનાઓમાં–હું હંમેશાં શ્રદ્ધા ધરાવતો આવ્યો છું. જ્યારે ઇજીપ્ત અને બેબીલોન ઉગતાં બાળરાજ્યો હતાં ત્યારે આપણા પૂર્વજોએ આ સર્જક વિચારો શોધી કાઢયા હતા; આને લીધે હિંદ અનેક યુગો દરમિયાન જાણે કે એકધારો શકિતનો સ્ત્રોત વહી રહ્યો ન હોય એમ આજ સુધી ટકી રહ્યું છે. માનવીના વ્યકિતત્વનું એવું સમવાયી સુગ્રથિત સંગઠ્ઠન કે જેથી તે અખંડ અને અનાહત આનંદને સદા વ્યકત કરતું સાધન બની રહે–આવી માનવીપણાની સાધનાને હિંદે જીવનધ્યેય અને હેતુ તરીકે સ્વીકારેલ છે. બળ અને પ્રતિભાના અભંગ કેન્દ્ર તરીકે તે માનવીને સ્વીકારે છે, વિશ્વને રક્ષણ આપતા અને ટકાવી રાખતા અચળ નિયમ તરીકે નૈતિક વ્યવસ્થાને સ્વીકારે છે, અનન્ત અને એક એવા દિવ્ય તત્વને સ્વીકારે છે, તેના હેતુઓને સિદ્ધ કરવા માટે તેના જ સાધન બનવાની તત્પરતાને સ્વીકારે છે, અને કામ, ક્રોધ, અને ભયના પાયાના બંધનોને તોડીને અને એ રીતે આ જીવનમાં અનન્ત તત્વને પ્રાપ્ત કરીને આત્મનિષ્ટ બનાવતા બળના અસ્તિત્વને પણ તે સ્વીકારે છે.

આ તત્વો ઉપર–આ જીવનમૂલ્યો ઉપરજ આપણે સ્વતંત્ર અને સ્વત્વવાન માનવીઓનો સમાજ ઉભો કરી શકીએ છીએ. આ મૂલ્યોનું મહત્વ આધુનિક શિક્ષણે આપણા ઉગતા જુવાનોના અન્તરમાં ઉતારવું જોઇએ. કારણ કે તે સમગ્ર સંસ્કૃતિ માટે અને ખાસ કરીને આપણી પ્રજા માટે પાયાની વસ્તુ છે. આની તાલીમ અદ્યતન શિક્ષણના સમગ્ર તંત્રની પુનર્રચના વડે જ આપી શકાય. આ માટે નીચે જણાવેલ કેટલાક પાયાના વિષયોનું શિક્ષણ વિદ્યાર્થીઓ માટે અત્યન્ત આવશ્યક છેઃ—

(૧) પૂર્વકાલીન–Classical–સાહિત્યનો અભ્યાસ. કારણ કે આવા અભ્યાસ વડે આપણે વ્યાસ, વાલ્મીકી અને કાલીદાસ, હોમર, વર્જીલ, શેકસપીઅર અને ગેટે જેમની ઉર્ધ્વગામિની વૃત્તિમાંથી અનેક મહાપુરૂષો અને સુન્દર વસ્તુઓ પેદા થયેલ છે એવા સંસ્કારસ્વામીઓના હાર્દને આપણે પ્રાપ્ત કરી શકીએ છીએ.

(૨) શ્રીકૃષ્ણ અને બુદ્ધ, સોક્રેટીસ અને ઇશુ ખ્રીસ્ત અને આધુનિક કાળ તરફ નજર કરીએ તો ગાંધીજી, મેઝીની, અબ્રાહામ લીંકન અને રેડીઅમના શોધક કયુરી દંપતી–જેમણે ધ્યેય સમર્પિત જીવનમાં જ પોતપોતાની ઉચ્ચતમ આકાંક્ષાનો સાક્ષાત્કાર કર્યો હતો–આવા મહાન અને ઉમદા કોટીના પુરૂષોના ચારિત્ર અને જીવનસંદેશનો અભ્યાસ.

(૩) હિન્દનો ઇતિહાસ કે જે યુદ્ધો અને અથડામણોની વિગતો આપે છે અને આપણા દેશમાં ધર્મતત્વ કઇ રીતે શોધાયું અને વિકાસ પામ્યું, નૈતિક વ્યવસ્થા માનવી જીવનની કેમ પાયારૂપ બની, કાળપરિવર્તન સામે પણ અડગપણે ટકી રહે એવું અધ્યાત્મિક બળ માણસોએ કેવી રીતે સાધ્યું, કવિઓએ કેમ ગાયું, વીરપુરૂષોએ મૃત્યુને કેવી રીતે અપનાવ્યું અને સન્તોએ હિંદની શી રીતે સેવા કરી, એક ગ્રંથ મહાભારત અને એક ભાષા સંસ્કૃત–આમાંથી પેદા થયેલી પ્રેરણાશકિતએ હિંદને મધ્યકાલીન યુગના જંગલીપણા સામે ટકી રહેવાનું બળ અને સાતત્ય કેવી રીતે આપ્યું, અને આજના કાળમાં આપણી આંખ નીચેથી પસાર થયેલા અહિંસક આઝાદી યુદ્ધનું ભવ્ય દ્રશ્ય, જનતાની અનુમતિ ઉપર ઉભું કરવામાં આવેલ અને દુનિયામાં સંમાનિત બનેલ સ્વતંત્ર રાજ્યનો ઉદય, અને આજના યુગને શાન્તિ અને સૌંદર્યનો સંદેશ આપતા સાંસ્કૃતિક પુનર્નિર્માણનો ઉગમ–આ બધું આપણે કેવી રીતે જોયું–આવી આ પવિત્ર ભૂમિના ઐતિહાસિક ચિત્રપટનો આપણને જે પરિચય કરાવે છે એવા હિંદના ઇતિહાસનું અધ્યયન.

(1)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪
અંક : ૧૫

મુંબઈ: ૧ ડીસેમ્બર ૧૯૫૨, સોમવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## ભય મુકિત

सा विद्या या विमुक्तये ।

( ગતાંકથી ચાલુ )

ખરી રીતે શિક્ષણ માનવીની ઉર્ધ્વગામિની વૃત્તિ અને પ્રત્યેક યુગની આધિભૌતિક સભ્યતા વચ્ચે સમન્વય સાધતી એક મહાન પ્રવૃત્તિ હોવી જોઇએ. પહેલું તો આ પ્રકારના શિક્ષણ વડે દરેક પે..ના યુવાન યુવતીઓમાં પાયાની ઉર્ધ્વગામિની વૃત્તિ—સતેજ—સક્રિય બને છે અને એ રીતે તે વૃત્તિને દાખવતા સાંસ્કારિક મૂલ્યોને નવી ઉત્તેજના અને દિશાસૂચન મળે છે. બીજું આવું શિક્ષણ એ પ્રકારના નવીન વિચારો અને અસરો નીપજાવે છે કે જે દ્વારા સાંસ્કારિક મૂલ્યોને અનુલક્ષીને પ્રત્યેક યુગની અધિભૌતિક સભ્યતાને અનુકુળ હોય એવી સંસ્થાઓ અને હીલચાલો નિર્માણ પામે છે.

આનું રહસ્ય સર્જક પ્રાણમયતા ધરાવતા મહાન યુગપુરૂષો આપણી સમક્ષ યુગે યુગે સુશ્લિષ્ટ રીતે પ્રગટ કરતા આવ્યા છે. માનવી માત્ર આત્મસાક્ષાત્કારને પામે અને પોતામાં વિલીન થઇ જાય કે જેથી તે સર્વ અનિષ્ટોથી સુરક્ષિત બને—આવી ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેક માનવી પાસેથી આશા રાખતા હતા. આ દુનિયામાં સર્વત્ર શાન્તિ પસરે એ હેતુથી ભૂત માત્ર વિષે સર્વવ્યાપી આન્તરિક કરૂણા પ્રગટે એવી ભગવાન બુધ્ધે માનવી જાત પાસે માંગણી કરી હતી. સૌ કોઇ ઇશ્વરને પ્રેમમૂર્તિ તરીકે ઓળખે એવો ઇશુ ખ્રીસ્તે અનુરોધ કર્યો હતો. આપણી પેઢીના ગાંધીજી ઇચ્છતા હતા કે આપણે ઇશ્વરી ઇચ્છાના વાહક બનીએ અને આન્તર્ગત હિંસાથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લઇએ. આ પાર્થિવ દુનિયા રૂપાન્તર પામે, વિશુદ્ધ બને, ઉન્નત થાય એ માટે ઉર્ધ્વ ચેતનાના પ્રગટીકરણ દ્વારા ઇશ્વરનું આ જગત ઉપર અવતરણ સિદ્ધ કરવાની શ્રી અરવિંદે હામ ભીડી હતી. આપણે સૌથી પહેલાં અન્તઃપ્રદેશમાં કાર્યની શરૂઆત કરીએ એમ તે સર્વ મહાનુભાવો ઇચ્છતા હતા, આપણને એવો અનુરોધ કરતા હતા; બહારનું કાર્ય અંદરના બળમાંથી જ પેદા થવું જોઇએ, નિર્માણ પામવું જોઇએ. કારણ કે તેમનામાંના દરેક પ્રતિપાદન કર્યું હતું કે मनः एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।—મન માનવીના બંધન અને મુકિતનું કારણ છે.

આધુનિક શિક્ષણ બહારના કાર્ય ઉપર, બાહ્ય પ્રવૃત્તિ ઉપર જે એકાન્ત ભાર મૂકે છે તેને લીધે આન્તરિક વિકાસની ઉપેક્ષા થાય છે અને માનવીના ભાવીમાં રહેલી શકયતાઓનો હ્રાસ થાય છે. માનવી જાણે કે માત્ર પાશવી જરૂરિયાતો ધરાવતો એક સામાન્ય પ્રાણી હોય તેવો ખ્યાલ આજનું શિક્ષણ ઉભો કરે છે અને પરિણામે માણસજાત ઉંચે ચડવાને બદલે નીચે ઉતરતી જાય છે. આ પદ્ધતિને આપણે 'ઇતિહાસનું આધિભૌતિક નિરૂપણ' એવું તાત્ત્વિક નામ આપીને એક પ્રકારની પ્રતિષ્ઠા આપીએ છીએ. આધુનિક જગતના શિક્ષણશાસ્ત્રીઓ, કેળવણીકારો, જે પદ્ધતિ માત્ર બાહ્ય તત્ત્વોના વિકાસ ઉપર જ આધાર રાખવાની વૃત્તિ ઉપર ભાર મૂકે છે તે પદ્ધતિ વિષે, આવી મુગ્ધતા—ઘેલછા—કેમ અનુભવી રહ્યા છે?

આજના ભૌતિક વિજ્ઞાનની પ્રગતિના પરિણામે લાખોનો સંહાર કરવાની અથવા તો તેમને અસહાય યંત્રોમાં પલટી નાંખવાની તાકાત માણસે પ્રાપ્ત કરી છે. પરિણામે સંપૂર્ણ સ્વતંત્ર લેખાતા વિશાળ દેશોમાં પણ સ્વતંત્ર વ્યકિતનો નાશ થયો છે અને વિચાર સ્વાતંત્ર્ય ઉપર નિષ્ઠુર પ્રતિબંધ મુકાયા છે. સ્વતંત્ર વિચાર ધરાવતા આદમીઓને પહેલાં કોઇપણ વખતે ફરજ પડતી હતી તે કરતા વધારે મોટી સંખ્યામાં પોતાનો દેશ છોડીને અન્યત્ર વસવાની ફરજ પડી છે. આજે દુનિયાના કેટલાક વિભાગો ઝનુની મત્સર અને નિષ્ઠુર સત્તાના મદ વડે પાગલ બન્યા છે અને જે માણસ સ્વતંત્ર રીતે વિચારવા માંગે છે, અને એ વિચારો મુજબ જીવન જીવવા માંગે છે તેને પોતાને માર્ગે જવા માટે—પોતાના સ્વત્વનો સાક્ષાત્કાર કરવા માટે—યુનીવર્સીટીના એકાન્ત ખૂણાઓમાં પણ—આજે જગ્યા રહી નથી.

જે ભોળપણપૂર્વક આજનો બુદ્ધિમાન વર્ગ સ્વત્વ દાખવવાના સ્વાતંત્ર્યને જતું કરતો માલુમ પડે છે તે ભોળપણ માનવીના આત્માની આ કટોકટી સૌથી વધારે પ્રગટ કરે છે. જેને લીધે તેમનામાં રહેલી પાયાની ઉર્ધ્વગામિની વૃત્તિ અનુસાર વિચારવાની કે વર્તવાની તકલીફમાંથી બચી જાય એવા—એક સર્વવ્યાપી વ્યવસ્થા વડે આયોજિત-યંત્રીકરણ દ્વારા આ દુનિયાને નિયંત્રિત કરવા તેઓ ઝંખી રહ્યા છે. સ્વતંત્રતા કે જે હજુ ગઇ કાલ સુધી લાખો માણસોના દિલને આરપાર હલાવી રહી હતી અને અપાર પુરૂષાર્થને પ્રેરી રહી હતી તેને પદભ્રષ્ટ કરીને તેના સ્થાને follow the leader—નેતાને અનુસરો—આ એક એવું સૂત્ર છે કે જે તેમની પોતાની ભયાન્વિત મનોદશાએ ઉભા કરેલાં ભયસ્થાનોમાંથી જોખમોમાંથી—ભાગી છુટવાની ગતાનુગતિક વૃત્તિને ઢાંકે છે, છુપાવે છે—આ પ્રકારની 'નેતાને અનુસરો, તેની આજ્ઞાને શિરસાવંદ્ય ગણો' આવા વ્યાપક લોકનાદે ઘણા પ્રદેશોમાં જગ્યા લીધી છે. વિચારવન્ત પુરૂષો અને તેમાં પણ કેળવણીકારો, પંડિતો અને શિક્ષકો જેમનું કાર્ય અંદરના બળ વડે અને પ્રેરક ચારિત્ર્ય વડે ઉગતી પેઢીનું જીવન ઘડવાનું છે અને તેને સમ્યગ્ દૃષ્ટિ આપવાનું છે તેઓ આજે મુંઝાઇ બેઠા છે જેમના હાથમાં પ્રચારના વિપુલ સાધનો છે તે કુશળ પ્રચારકોએ આ વર્ગના મનને જકડી લીધાં છે. બુદ્ધિશાળીઓમાં વ્યામોહ પેદા કરવાની પ્રવૃત્તિએ એક વિશિષ્ટ કળાનું રૂપ ધારણ કર્યું છે. જેઓ આ પકડમાંથી બચવા પામ્યા છે તેમને આ દુનિયામાં સુરક્ષિતપણે ઉભા રહેવાનું કોઇ ઠેકાણું નથી.

આપણે એ બરાબર સમજી લેવું ઘટે છે કે ભૌતિક વિદ્યાઓ સાધન છે, સાધ્ય નથી. કારણ કે જો તે વિદ્યાઓ સાધ્ય હોય તો તેનું પરિણામ આ દુનિયા ઉપર માનવીના ભાવીને ગુંગળાવી દેવામાં જ માત્ર નહિ, પણ માણસજાતનો બહુ જલ્દિથી નાશ થવામાં જ

અને છતાં કેટલી બધી શાંત હોય છે! આ રીતે આપણાં તીર્થસ્થળો યાત્રાનો તો આપણને લાભ આપે છે જ, પરંતુ સાથે સાથે નિસર્ગના સૌન્દર્યનાં અપૂર્વ દૃશ્યો નિહાળીને અખૂટ આનંદ લુંટવાની તક પણ આપણને આપે છે. આબુ અને ગિરનાર, શત્રુંજય અને તારંગા, રાણકપુર, શંખેશ્વર અને કાવી જેવાં સ્થળોની તીર્થ માટે પસંદગી કરનાર પુરૂષો ખરેખર કુદરતના પ્રેમી હોવા જોઇએ.

કારતક પૂનમને દિવસે કેસરીઆજીની જાત્રા કરી અને ઉદેપુર પાછા આવ્યા. ઉદયપૂરમાં એક બે દિવસ રોકાઈ અમે ત્યાંથી રાણકપુર જવા નીકળ્યા. ઉદયપુરના ડુંગરાઓ અને માવલી અને મારવાડ વચ્ચેના ઘાટમાંથી પસાર થતી અમારી ગાડી મધરાતે ફાલના સ્ટેશને આવી પહોંચી. ચાંદની રાત હતી એટલે આસપાસનો પ્રદેશ જોઈ શકાતો હતો. માવલી અને મારવાડ જંકશન વચ્ચે ગાડી જે રસ્તે પસાર થતી હતી તે ફક્ત ડુંગરોનો જ પ્રદેશ હતો. એક પછી એક ડુંગરની કમર પર, ધારે ધારે, ખીણ પાસેથી ધીમે ધીમે પસાર થતાં ગાડીને, પોનાનો રસ્તો જાણે શોધવો ન પડતો હોય તેમ કેટલાયે વળાંક લેવા પડતાં. મુંબઈ અને પૂના વચ્ચેના ખંડાલાના ઘાટની અથવા તો કેસલરોકથી ગોવા જતાં વચ્ચે આવતા તીનાઈ ઘાટની યાદ આપે એવો એ રસ્તો હતો.

રાતના લગભગ સાડાત્રણ વાગે ફાલના સ્ટેશને અમે ઉતર્યાં. ચાંદની રાત હતી, પણ સાથે ઠંડી પણ ઠીક ઠીક પડતી હતી. સ્ટેશન પાસેની જૈન ધર્મશાળામાં અમે અમારો સામાન મૂક્યો અને થોડીવારમાં તૈયાર થઇ ફાલનાથી સાદડી જતી મોટરમાં અમે અમારી જગ્યા મેળવી. સાડાપાંચે અમારી મોટર સાદડી જવા ઉપડી. એક તો મારવાડના સૂકા પ્રદેશમાં રસ્તો ખૂબ પહોળો હતો, અને વાહનોની બિલકુલ અવરજવર હતી નહિ, એટલે લગભગ ૬૫ જેટલા પૅસેન્જરોને લઇ અમારી મોટર પૂર જડપે જતી હતી, અને સામેથી ઠંડા પવનને એટલી જ ઝડપથી અમારી પાસે લાવતી હતી. રસ્તામાં બાલી નામનું ગામ આવ્યું અને મોટર ઉભી રહી. મોટરમાંથી જ ગામના નાના સરખા કિલ્લાનો થોડો ભાગ જોઇ શકાતો હતો. ઘણાખરા ઉતારૂઓ અહીં ઉતરી ગયા, અને મોટાર આગળ ચાલી. આસપાસના પ્રદેશ નિહાળતાં અમે આગળ જઇ રહ્યા હતા. પુર્વ દિશામાં આકાશના બદલાતા જતા રંગો થોડી જ વારમાં સૂર્યોદય થવાની આગાહી કરી રહ્યા હતા. ધીમે ધીમે પ્રકાશ વધતો જતો હતો, પરંતુ સૂર્યોદય સમયે અંધારાનું અજવાળામાં રૂપાંતર થતું જોવામાં જેટલી મજા આવે છે તેટલી મજા ચાંદનીનું અજવાળામાં રૂપાંતર થતું જોવામાં આવી નહિ. જો કે દુનિયાના કોઇ પણ છેડામાં પ્રભાતનું વાતાવરણ તો ખુશનુમા, અને આનંદોલ્લાસમય જ હોય છે એની ના પાડી શકાય નહિ. અને એથી જ આગલી રાતનો ઉજાગરો અને પ્રવાસનો થાક હોવા છતાંયે ક્ષિતિજમાં થતો સૂર્યોદય જોઇને અમે સૌ આનંદ અને તાજગી અનુભવતા હતા. મોટર જ્યારે મુંદડા પહોંચી ત્યારે સવાર થઇ ગયું હતું, અને સાદડી પહોંચી ત્યારે તો અમે સૌ કોઇ ચાની વાતો કરતા થઇ ગયા હતા.

સાદડીથી રાણકપુર જવા માટે મોટરસર્વિસ ન હોવાને લીધે આગળી મોટર કરીને અમારે જવું પડ્યું. સાદડીથી રાણકપુર લગભગ ૭ સાત માઈલ છે. પરંતુ એ ૭ સાત માઇલનો રસ્તો હંમેશ યાદ રહી જાય એવો છે. રાણકપુર પહોંચવા માટે જંગલ જેવા રસ્તામાંથી પસાર થવું પડે છે. કોઈ કોઈ વાર ચારે બાજુ જમીન પર બસ ગોળમટોળ નાના મોટા પથરા જ પથરા પડેલાં દેખતા, તો કોઈ વાર મોટરની બન્ને બાજુ ઝાંખરાં ઘસાય એવી ગીચ ગાડીમાંથી પણ રસ્તો આગળ વધતો દેખાતો. ઊંચા નીચા અને આડાઅવળા થવાના બધા જ અખતરા જાણે રસ્તાએ કરી લીધા ન હોય એવું લાગતું હતું. આવા વિકટ રસ્તામાં મોટર હાંકનાર ખુબ જ સાવધાનીથી જો મોટર ન હાંકે તો તો અકસ્માત થવાનો પૂરેપૂરો ભય. એકાદ બે વખત તો નદીના છીછરા પાણીમાં થઇને મોટર ચાલી ગઈ. નદીના વર્ષો વર્ષ બદલાતા જતા પ્રવાહે પોચી ડુંગરાળ જમીન સારી પેઠે અને સારા પ્રમાણમાં ધોઈ નાખી હતી એ આસપાસ રેતીમાં પડેલા ગોળમટોળ પથરાઓ બતાવી આપતા હતા. દૂર દૂરના ડુંગરાઓ હવે પાસે આવવા લાગ્યા. આસપાસ ક્યાંય ઘર કે માણસની અવરજવર દેખાતી ન હતી. શાંતિ ચોમેર પથરાતી હતી. મોટર જાણે કોઈ અગમ્ય સ્થળે અમને લઇ જતી હોય એમ લાગતું હતું. થોડીવારે એક ઊંચો ઢાળ ચઢી મોટર સીધી ચાલવા લાગી, અને ફરી પાછો સહેજ ઢાળ ઉતરી નદીના પાણી પાસે આવીને ઉભી રહી.

નદીનો પટ ઘણો પહોળો હતો. પરતું પાણી તો એક બાજુ પર જ થોડું થોડું વહી રહ્યું હતું. મોટર ઉભી રહી ત્યાંથી દેરાસર લગભગ એક ફર્લાંગ જેટલું દૂર હતું. નદીના ઘૂંટણ સુધીના પાણીમાં ચાલતા ચાલતા અમે દેરાસરના કંપાઉન્ડ સુધી પહોંચ્યા. બરાબર દેરાસરના કંપાઉન્ડને અડીને નદી વહે છે. એ દરવાજામાં દાખલ થતાં પહેલાં શીતલ જલમાં ઉભા ઉભા ચારે બાજુ જોઈ લેવાનું મને મન થયું, નજર કરતાં જ મનમાં વિચાર ઉદ્ભવ્યા કે, “ઓહો ! પ્રભુ ઠેઠ ક્યાં આવીને વસ્યા છે! પ્રભુપ્રાપ્તિનો માર્ગ ઘણો વિકટ છે એ અહીં સ્થુલ અને સૂક્ષ્મ બંન્ને દૃષ્ટિએ સાચું લાગે છે. ખરેખર, ભગવાને તો અહીં જંગલમાં જ મંગલ કર્યું છે!”

રાણકપુરમાં ધર્મશાળા છે. ન્હાવા ધોવાની વ્યવસ્થા પણ છે. દરેક જાત્રાળુને ભાતું આપવામાં આવે છે, અને સાદડીના કોઇક શેઠ તરફથી ભોજનશાળા પણ ચાલે છે. નાહીને અમે સૌ પુજા કરવા ગયા. ઊંચા ઊંચા પગથિયાં ચડીને અમે દેરાસરમાં પ્રવેશ્યા. કેટલું ભવ્ય અને વિશાળ દેરાસર! પ્રવેશદ્વારમાં પ્રવેશતાં જ સામે આદીશ્વર ભગવાનનાં દર્શન થાય છે. પૂજાને ઘણી વાર હતી એટલે દર્શન કરીને અમે દેરાસર જોવા લાગ્યા. લગભગ ૫૦૦ વર્ષો પહેલાં ધનાશા પોરવાડ નામના ધનિકે કરોડો રૂપયાને ખર્ચે આ દેરાસર બંધાવ્યું હતું. એને બાંધતાં પણ કેટલાંયે વર્ષો લાગ્યાં હતાં. દેરાસરમાં ૧૪૪૪ તો થાંભલા છે, છતાંયે એની ગોઠવણીને લીધે આટલા બધા થાંભલા ખીચોખીચ લાગતા ન હતા. શરૂઆતમાં તો મારી કુતૂહલવૃત્તિને સંતોષવા મેં થાંભલાઓ ગણવાનું શરૂ કર્યું, પણ ત્યાં તો એક ગણું અને એક ભૂલું છતાં પ્રયત્ન ચાલુ રાખ્યો, અને આંકડો લગભગ ૯૦૦ ઉપર પહોંચ્યો, એટલે બાકીના થાંભલા ગણવાનો વિચાર પડતો મૂકી મેં શ્રદ્ધાનો આશ્રય લીધો. મુખ્ય દેરાસરની ચારે બાજુ નજીકના થાંભલાઓ પર દેલવાડાનાં દહેરાંની કંઇક યાદ અપાવે એવું સુંદર કોતરકામ છે, જ્યારે બીજા બધા થાંભલાઓ તદ્દન સાદા છે. કોતરકામવાળા કેટલાક થાંભલાઓ વચ્ચે આરસમાં કોતરેલી સુંદર કમાનો (તોરણ) અમે જોઈ. આવી કમાનો તો પહેલાં લગભગ ૩૦૦ જેટલી હતી, પરંતુ મુસલમાન આક્રમણકારોએ એમાંની લગભગ બધી જ તોડી નાખી એમ કહેવાય છે. આજે એમાંની ફક્ત ત્રણ ચાર કમાનો જ જોવા મળે છે, અને બાકીની કમાનો તૂટી ગઇ હોવાની થાંભલાઓ પર સ્પષ્ટ નિશાની જોઇ શકાય છે. પૂજારી તો એવી લોકવાયકા કહેતો હતો કે આ દેરાસર તોડવા આવેલા ઝનુની મુસલમાન સુલતાને તો દેરાસરની મૂર્તિઓ પણ ખંડિત કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ જેવો એ દેરાસરમાં પ્રવેશતો કે આંધળો બની જતો અને બહાર જતો ત્યારે પાછો જોઇ શકતો.

ફરતાં ફરતાં એક જગ્યાએ છતના એક મોટા પથ્થર પર કલ્પવૃક્ષનુ મોટું પાન કોતરેલું અમે જોયું. સ્વર્ગના વૃક્ષના પાનની કલ્પના પણ કેવી ભવ્ય અને કેટલી કલાત્મક લાગતી હતી! આવું

પાન ફક્ત દેલવાડાના દહેરામાં અને અહીં જ છે એમ પૂજારીએ કહ્યું. મુખ્ય દેરાસરની ચારે બાજુ ફરતા નાનાં નાનાં ૮૪ જિનાલયો છે. બધા તીર્થો કરતાં આ દેરાસરમાં આવાં ફરતા જિનાલયોની સંખ્યા સૌથી વધારે છે. દેરાસરમાં બે મોટા ઘંટ લટકતા હતા. આટલા મોટા ઘંટ તો ભાગ્યે જ કોઇ દેરાસરમાં જોયા હશે. એકેક ઘંટનું વજન ૧૩ મણ છે અને એનો અવાજ આસપાસ ત્રણ ચાર માઇલ દૂર સાંભળી શકાય છે. ભકતોની પ્રાર્થનામાં ખલેલ ન પડે એટલા માટે અત્યારે એ ઘંટમાં પિત્તળને બદલે લાકડાના દાંડા નાંખવામાં આવ્યા છે. દેરાસર ઘણું વિશાળ છે અને છતાં બાજુ જ સમપ્રમાણ છે. ચારે બાજુ સરખી જ બાંધણી અને સરખું જ કોતરકામ. પ્રવેશદ્વારની ઉપરની જગ્યામાં એક હાથી ઉપર ઋષભદેવના જ્યેષ્ટપુત્ર ભરત અને માતા મરુદેવી ઋષભદેવનાં દર્શન કરી રહ્યાં છે. દેરાસરની જમણી અને ડાબી બાજુ મધ્યમાં આવેલા જિનાલયમાં નવ દશ ફુટ જેટલી મોટી મૂર્તિ છે. દેરાસરમાં ભોંયરાં સંખ્યાબંધ હોવાનું કહેવાય છે. આજે તો ફક્ત ત્રણ ચાર જેટલાં મોટાં ભોંયરાં જોવા મળે છે. બાકીનાં ભોંયરાં મળતાં નથી.

ફરતા ફરતા અમે દેરાસરના ઉપરના ભાગમાં ગયા. ત્યાં એક ઊંચા ઘુમટ પર ચડી ચારે બાજુનું દૃશ્ય નિહાળવા લાગ્યા. એટલામાં ક્યાંય કોઇ ઘર દેખાતું ન હતું. નિર્જન વનમાં, ડુંગરોની વચમાં આવેલું આ એકનું એક દેરાસર કુદરતની શોભામાં વધારો કરી રહ્યું હતું. પાછળના ભાગમાં તો બરાબર દેરાસરને અડીને જ બે ત્રણ ડુંગરો ઊભા છે. ચારે બાજુ હાથમાં હાથ ભરાવી નજીક નજીક ઉભેલા લીલાછમ ડુંગરો જાણે દેરાસરનું રક્ષણ કરવા માટે જ ત્યાંથી ઉભા હોય એવું લાગે છે. આખું દેરાસર જાણે કોઇએ ઊંચકીને ડુંગરાની વચમાં, સુરક્ષિત સ્થળે મૂકી દીધું હોય એમ લાગતું હતું. દૂર દૂર નદીનું શાંત પાણી સૂર્યના પ્રકાશમાં ચળકાટ મારતું હતું. આસપાસનું નિસર્ગદત્ત મનોહર વાતાવરણ અને વચમાં શોભતા દેરાસરને જોઈને હૃદય કોઇ પરમ ધન્યતા અનુભવતું હતું. ભૂતકાળ કલ્પનાચક્ષુ સમક્ષ ખડો થતો હતો. કેટલાંયે વર્ષોની મહેનત પછી દેરાસર જ્યારે પુરેપુરું બંધાઇ રહ્યું હશે ત્યારે ભગવાનની પ્રતિષ્ઠા વખતે અહીં કેટલો મોટો મહોત્સવ થયો હશે ! કયાં કયાંથી શ્રાવકશ્રાવિકાઓ અને સાધુ સાધ્વીઓ અહીં આવ્યા હશે ! દેરાસર માટે આવા સ્થળની પસંદગી કરવા માણસો આ જંગલમાં કયાં કયાં ભટકયા હશે ! કેવી કેવી તપાસ કરી હશે, અને એ જમાનામાં દૂર દૂરથી આ સ્થળે મોટા મોટા પથ્થરો ઊંચકી લાવી આટલું વિશાળ દેરાસર બાંધતાં કેટલો સમય લાગ્યો હશે; અને સેંકડો મજૂરો, કડિયાઓ, સલાટો અને શિલ્પીઓ રોજ સવારથી તે સાંજ સુધી કામે લાગ્યા હશે; ત્યારે અહીં કેવો નાદ ગુંજતો હશે—એ બધાંની કલ્પના કરીએ છીએ ત્યારે આ દેરાસર બંધાવનાર અને બાંધનાર સમક્ષ મસ્તક નમ્યા વિના રહેતું નથી.

પૂજા કરી અમે ધર્મશાળામાં આવ્યા. ભોજનશાળામાં ભોજન કર્યું અને થોડીવાર ત્યાં રોકાઈ પાછા ફર્યા. જતી વખતે જે નદીએ પોતાના શીતલ જલ વડે અમને પાવન કર્યા હતાં એ જ નદીએ ફરી અમને પાવન કર્યા. નદીએ તો અમને પાવન કર્યા, પણ બદલામાં અમારે તો નદીના નીતરેલા નીરને ડહોળી ડહોળીને ચાલવું પડયું. રાણકપુરનો જાણે કોઈ યાદગાર અનુભવ લઈને અમે મોટરમાં બેઠા અને મોટર ફરી પાછી જંગલમાંથી પોતાનો વિકટ માર્ગ કાપવા લાગી. અમારૂં શરીર દૂરને દૂર જતું હતું, પણ મન હજુ ય રાણકપુરના દેરાસરમાં ભમતું હતું. વિચારમાં ને વિચારમાં સાદડી કયારે આવી પહોંચ્યું તેની પણ ખબર ન પડી. સમી સાંજે સાદડીથી ફાલના આવી આબુ જવાની ગાડી અમે પકડી.

રમણલાલ ચી. શાહ

## પ્રકીર્ણ નોંધ

**સ્વર્ગસ્થ સુરચંદ બદામી**

તા. ૧૮-૧૧-૫૨ ના રોજ શ્રી. સુરચંદભાઇ બદામીનું ૮૦ વર્ષની ઉમ્મરે અવસાન થયું. એ જ દિવસે જામનગર ખાતે પંડિત ફતેહચંદ કપુરચંદ લાલનનું ૯૮ વર્ષની ઉંમરે અવસાન થયું. આ બન્ને વયોવૃધ્ધ વ્યકિતઓ ખાસ કરીને જૈન શ્વે. મૂ. વિભાગમાં બહુ જાણીતી હતી. બન્ને વિદ્વાન સુચરિત અને ધર્મપરાયણ હતી. એકની ખ્યાતિ સ્થિતિચુસ્તની હતી; અન્યની ખ્યાતિ સુધારકની હતી. એકે જીવનનો મોટો ભાગ સરકારી ન્યાય ખાતાને શોભાવ્યું હતું અને પાછળનાં વર્ષો નિવૃત્તિમાં અને ધર્મપ્રવૃત્તિમાં પસાર કર્યાં હતા. જાહેર જીવનમાં તેમણે બહુ જ ઓછો ભાગ લીધો હતો, જ્યારે પં. લાલનના જીવનનો મોટો ભાગ જાહેરપ્રવૃત્તિ, જનસેવા અને ધાર્મિક ઉપાસનામાં વ્યતીત થયો હતો. બન્ને વિષે જૈન સમાજમાં ખૂબ આદર હતો.

શ્રી સુરચંદભાઇ મૂળ સુરતના વતની. બી. એ. એલ. એલ. બી. થયા બાદ તેઓ સરકારી ન્યાયખાતામાં જોડાયા હતા. ગુજરાતમાં તેમ જ મહારાષ્ટ્રમાં તેમણે અનેક સ્થળોએ સબજજ તરીકે કામ કર્યું હતું અને તેઓ જ્યાં જ્યાં ગયા અને રહ્યા ત્યાં ત્યાં તેમનામાં રહેલા મર્મસ્પર્શી સૌજન્યે અને ઉચ્ચ કોટીની પ્રમાણીકતાએ તેમ જ ઉંડી ધાર્મિકતાએ અનેકનાં દિલ જીતી લીધાં હતાં. ૫૮ વર્ષની ઉમ્મરે તેમણે નોકરીમાંથી નિવૃત્તિ લીધી હતી. ત્યાર બાદ થોડાંક વર્ષ તેમણે સુરતમાં ગાળ્યા હતા અને પછી તેમના બે પુત્રો શ્રી પ્રસન્નમુખ અને જયન્તીલાલ મુંબઇમાં સ્થિર થયેલા હોવાથી તેઓ પણ મુંબઇમાં આવીને રહ્યા હતા. તેમનો સ્વભાવ પ્રસન્ન અને પ્રેમાળ હતો. જીવન શિસ્તબદ્ધ અને યમનિયમપરાયણ હતું. શ્રાવકોચિત દૈનિક ધર્મક્રિયાનું તેઓ ચુસ્તપણે અને નિયમિત રીતે અનુપાલન કરતા. અને નવરાશનો સમય મોટા ભાગે વાંચનવિચારમાં પસાર કરતા. છેલ્લાં દોઢેક વર્ષથી તેમને હૃદયરોગની બીમારી લાગુ પડી હતી અને તેને લીધે તેમની હીલચાલ ઉપર મર્યાદા મુકાઇ હતી. પણ પાછળના મહીનાઓ દરમિયાન તેમની તબિયત બહુ સારી રહેતી હતી અને હજુ થોડા દિવસ પહેલાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં આચાર્યશ્રી વિજયવલ્લભ સૂરિ પધારેલા તે પ્રસંગે યોજાયેલા આખા કાર્યક્રમમાં તેમણે ખૂબ રસપૂર્વક ભાગ લીધો હતો.

જ્યારે માનવીજીવનનો વ્યાપક દૃષ્ટિએ વિચાર કરીએ છીએ ત્યારે આ સ્થિતિચુસ્ત અને આ સુધારક—એવો ભેદ મનમાંથી સરી જાય છે અને મનુષ્યભવ પામીને તે વ્યકિત કેવું જીવન જીવી ગઈ, તેણે લોકકલ્યાણની માત્રામાં કેટલો વધારો કર્યો અને તેના પરિચયમાં આવેલ બહુજનસમાજના દિલ ઉપરથી કેવી છાપ મુકી ગઇ તે ઉપરથી જ તે તે વ્યકિતના જીવનનું મુલ્યાંકન કરવા તરફ આપણું મન વળે છે. આ રીતે વિચારતાં આપણે કબુલ કરવું રહ્યું કે શ્રી. સુરચંદભાઇ તથા પં. લાલન ઉભય પોતપોતાની રીતે ઉત્કૃષ્ટ કોટિનું જીવન જીવી ગયા હતા, આત્મકલ્યાણ સાથે અનેકનું કલ્યાણ તેમણે સાધ્યું હતું અને અનેકનાં દિલ ઉપર તેઓ મીઠી સુવાસનો સંસ્કાર મૂકતા ગયા હતા. તે ઉભયના જવા સાથે ચોકકસ પ્રકારના જીવનઘડતરવાળી એક આખી પેઢીએ વિદાય લીધી હોય એમ આપણને લાગે છે અને આપણું ચિત્ત ઉંડી ગમગીની અનુભવે છે.

**સ્વ. મણિભાઇ સ્મૃતિ ફંડ**

| | |
|---|---|
| ૯૪૪૧ | અગાઉ સ્વીકારેલા |
| ૧૦૧ | શ્રી. મોહનલાલ મગનલાલ |
| ૧૦૧ | ,, ફુલચંદ કસ્તુરચંદ |
| ૧૦૧ | ,, છગનલાલ વાલચંદ |
| ૧૦૧ | ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી |
| ૯૮૪૫ | |

## એમ. આર. એ.

મુંબઇ શહેરમાં છેલ્લા પખવાડીઆ દરમિયાન પરદેશથી ચોક્કસ પ્રકારની વિચારસરણી ધરાવતી લગભગ ૨૦૦ સદસ્યોની એક મંડળી આવી હતી. તે Moral Rearmament Group-નૈતિક પુનરૂત્થાન મંડળ-ના નામે ઓળખાય છે. તેમની પ્રવૃત્તિને ટુકાણમાં એમ. આર. એ. ના નામથી ઓળખવામાં આવે છે. આ પ્રવૃત્તિના પુરસ્કર્તાનું નામ ડૉ. ફ્રાંક બુકમેન છે. તેમની ઉમર આજે લગભગ ૬૫ વર્ષની છે. તે મૂળ અમેરિકન છે. તેમના જીવનની શરૂઆત ધર્મવિષયના-Divinity-ના અધ્યાપક તરીકે થઇ હતી. કેટલાંક વર્ષો પહેલાં ચીનમાં તેઓ પ્રવાસ કરતા હતા તે દરમિયાન પોતાના હાથે થયેલી રેલ્વે ખાતા સાથે કોઇ ચોકકસ અપ્રમાણીકતા તરફ તેમનું એકાએક ધ્યાન દોરાયું અને વિચાર આવ્યો કે "હું ચોતરફ ધાર્મિકતાની વાતો કરૂં છું અને નાનાસરખા લાભ ખાતર આવી અપ્રમાણીકતા કરૂં છું.-જીવનમાં આવો પરસ્પર વિસંવાદ કેમ ચલાવાય ? મારી અપ્રમાણીકતાનો મારે જાહેર એકરાર કરવો જોઇએ અને અપ્રમાણીકતાથી આવેલી રકમ રેલ્વેને પાછી આપી દેવી જોઇએ." આ વિચારે તેમને બેચેન બનાવી મુકયા ! પોતાની અપ્રમાણીકતાનો તેમણે જાહેર એકરાર કર્યો; અને રેલ્વે કંપની ઉપર બચાવેલી રકમનો ચેક મોકલી આપ્યો. આ ઘટનામાંથી તેમનામાં એક નવી વિચારસરણી પેદા થઇ અને તે આ મુજબ કે "મારે કોઇ પણ વ્યકિતને પોતાના જીવનમાં પરિવર્તન કરવાનું કહેવા પહેલાં મારી જાતમાં જ પરિવર્તન કરવું જોઇએ અને તે પરિવર્તન absolute honesty, absolute purity, absolute unselfishness, અને absolute love-નિરપવાદ પ્રમાણીકતા, નિરપવાદ પવિત્રતા, નિરપવાદ નિઃસ્વાર્થતા અને નિરપવાદ પ્રેમ-ના આધાર ઉપર નિર્માણ થવું જોઇએ. જ્યારે પણ કોઇ પણ કાર્ય અકાર્ય વિષે નિર્ણય કરવાનો પ્રસંગ આવે ત્યારે આ ચાર પ્રકારની કસોટીએ તે કાર્ય યા અકાર્યને કસવું જોઇએ અને તેના પરિણામે જે નિર્ણય થાય તે પ્રમાણે વર્તન કરવું જોઇએ. આ ચાર ધોરણમાં 'નિરપવાદ' શબ્દનો અર્થ પોતાના સંયોગમાં શકય તેટલી એમ સમજવો અને 'પરિવર્તન' શબ્દનો અર્થ પણ આમૂલ પરિવર્તન નહિ પણ એક એક પગલું ભરતાં ભરતાં વિકસતું જતું પરિવર્તન એમ સમજવું. આ રીતે પોતાની જાતને પરિવર્તિત કરવી એટલે અન્ય સાથેના પોતાના વ્યવહારને પ્રમાણીક અને વિશુદ્ધ બનાવવો. અને આ જ પ્રકારની સાધના તરફ પોતાના કુટુંબને, પોતાના સમાજને, પોતાના રાષ્ટ્રને, આખી દુનિયાને વાળવા પ્રયત્ન કરવો. આ રીતે સમધારણવાળું કુટુંબ ઉભું કરવું. અને આ રીતે સમાન આદર્શવાળું માત્ર નહિ પણ સમાન આચારવાળું મંડળ ઉભું કરવું." આ વિચારસરણિ મુજબ તેમણે પોતાના વિચારનું-આચારનું-પરિવર્તન સાધ્યું અને તે જ માર્ગનો તેમણે ચોતરફ પ્રચાર કરવા માંડયો.

૧૯૦૯ માં પેન્સીલવેનીઆની એક કોલેજમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વચ્ચે એક મોટી ધમાલ ઉભી થઇ હતી અને આખું તંત્ર ભાંગી પડયું હતું. એ વખતે અમેરિકામાં દારૂબંધી હતી. આમ છતાં કોલેજનો એક નોકર છુપી રીતે વિદ્યાર્થીઓને દારૂ પુરો પાડતો હતો અને અધ્યાપકો આ દારૂને આવતો કેમ અટકાવવો તેની મુંઝવણમાં પડયા હતા. ડૉ. બુકમેનને આ કોલેજનો કીસ્સો હાથ ધરવાનું કહેવામાં આવ્યું. તેમને આખી પરિસ્થિતિનું, નિરીક્ષણ કરતાં માલુમ પડયું કે 'આ અવ્યવસ્થા પેદા કરવામાં ત્રણ વ્યકિતનો મુખ્ય હાથ છે. કોલેજનો ડીન, એક આગેવાન વિદ્યાર્થી અને પેલો દારૂ લઇ આવનાર નોકર. આ ત્રણમાં જો પરિવર્તન કરવામાં આવે તો આખી કોલેજમાં પરિવર્તન થઇ શકે.' આ રીતે તેઓ દરેકને છુટા છુટા મળ્યા અને દરેકના અન્તરાત્માને સ્પર્શવાનો-દરેકને સચ્ચાઇ તરફ વાળવાનો-સાચું શું છે તે શોધીને દરેકના ધ્યાન ઉપર લાવવાનો-તેમણે પ્રયત્ન કર્યો અને તેમાં તેમને સફળતા મળી, અને ત્રણેનાં દિલમાં પરિવર્તન પેદા થયું અને જોતજોતામાં આખી અવ્યવસ્થાનો એ રીતે અન્ત આવ્યો.

આ જ પ્રયોગ કોઇ પણ ફેકટરીના મજુરો અને મેનેજર વચ્ચેના ઘર્ષણ પ્રસંગે થઇ શકે છે. એમ. આર. એ. ની વિચારસરણી ધરાવનાર દરેક પક્ષના આગેવાનને સીધે સીધો મળે છે, કોણ સાચું છે તેનો નહિ પણ શું સાચું છે તેનો નિર્ણય કરવા પ્રયત્ન કરે છે, અને બન્ને પક્ષમાં વ્યાજબી સમાધાન ઉપર આવવાની વૃત્તિ પેદા કરે છે, અને ઉપર જણાવેલ ચાર ધોરણે જો દરેક વ્યકિત વિચારે અને વર્તવાનો નિશ્ચય કરે તો કોઇ પણ ઘર્ષણનો વ્યાજબી નીકાલ આવ્યા વિના ન જ રહે એવી શ્રદ્ધા સેવે છે.

ઉપર જણાવ્યું તે મુજબ મુંબઇમાં એક મોટી મંડળી લઇને ડૉ. ફ્રાંક બુકમેન એમ. આર. એ. નો પ્રચાર કરવા આવેલા હતા અને દરરોજ સવારના તાજમહાલ હોટલમાં એક જાહેર સંમેલન ભરવામાં આવતું હતું જે પ્રસંગે આ મંડળીના સભ્યો ક્રમસર પોતપોતાના અનુભવો કહેતાં હતા. પહેલાં પોતાનું જીવન કેવું હતું, આ નવી વિચારસરણી સ્વીકાર્યા બાદ પોતાનાં જીવનમાં કેવો ફેરફાર થયો અને પોતાનું કૌટુંબિક, સામાજિક, ઔદ્યોગિક તેમ જ ધંધાદારી જીવન કેવું પરસ્પર સંવાદી અને સુખમય બન્યું-આ વિગતો તેઓ રજુ કરતા હતા. આ ઉપરાંત આ જ વિચારસરણીને પરિપોષક એવાં ચાર નાટકો તેમની મંડળી ભજવતી હતી. નાટયકળાની દ્રષ્ટિએ પણ આ નાટકો ઉત્તમકોટિના હતા અને મુંબઇની જનતા આ નાટકો પાછળ ભારે મુગ્ધ બની હતી.

એમ. આર. એ. ની વિચારસરણીનો બીજો મુદ્દો આ મુજબ છે. ઇશ્વર હંમેશા દરેક કાર્યમાં આપણને દોરવણી આપે છે. પણ એ દોરવણી સાંભળવાની કે તે મુજબ વર્તવાની આપણે દરકાર કરતા નથી. હંમેશા સવારે વહેલાં ઉઠીને સ્થિર આસન ઉપર બેસવું ચિત્તને શાન્ત અને ઇશ્વરાભિમુખ કરવું અને આજના દિવસ માટે ઇશ્વરની દોરવણી માંગવી. એ રીતે જે સૂચન મળે તે ડાયરીમાં લખી લેવું અને તે મુજબ દિવસભરમાં વર્તવાનો આગ્રહ રાખવો. આવી ઇશ્વરનિષ્ટા અને જીવનસંશોધન ઉપર એમ. આર. એ.ની આખી હીલચાલ ઉભી કરવામાં આવી છે અને દેશ દેશમાં આ વિચારસરણી સ્વીકારનારા વર્ગો, વર્તુળો, મંડળો ઉભા થયા છે અને સામુદાયિક જીવનને ઘડી રહ્યા છે, તેને નવો આકાર આપી રહ્યા છે.

એમ. આર. એ. ની ઉપર જણાવેલી વિચારસરણીમાં તત્વતઃ કશું નવીન નથી. દરેક ધર્મ, દરેક પયગંબર, દરેક સાધુપુરૂષ આ જ વાત કહી રહેલ છે અને આ જ જીવનસત્યોને આગળ ધરી રહેલ છે. નવીનતા હોય તો આ રીતે જીવન નિર્માણ કરવાનો આગ્રહ ધરાવતી પ્રાણવાન વ્યકિતઓનો અને વર્તુળોનો સમુદ્ભવ. સત્ય અને શ્રેય શું છે, શેમાં છે તે સૌ કોઇ સમજે છે. અભાવ છે તે મુજબ વર્તવાની ઉંડા દિલની વૃત્તિનો, એકનિષ્ટ આગ્રહનો. આ રીતે વિચારતાં આ પ્રવૃત્તિ ખરેખર આવકારપાત્ર છે અને તે મુજબ સાચા દિલથી અનુસરવામાં આપણો તેમ જ સૌ કોઇનો જરૂર અભ્યુદય રહેલો છે. આ સંબંધે વિશેષ વિવેચન હવે પછી.

**પરમાનંદ**

---

વિષય સૂચિ


| | | |
|---|---|---|
| **વિષય સૂચિ** | | **પૃષ્ટ** |
| ભયમુકિત (અનુવાદ) | પરમાનંદ | ૧૧૯ |
| રાણકપુર | રમણલાલ ચી. શાહ | ૧૨૧ |
| **પ્રકીર્ણ નોંધ-સ્વર્ગસ્થ** | | |
| સુરચંદ બદામી, એમ. આર. એ. | પરમાનંદ | ૧૨૩ |
| સ્વ.પંડિત ફતેહચંદ કપુરચંદ લાલન | પરમાનંદ | ૧૨૫ |

# સ્વ. પંડિત ફતેહચંદ કપુરચંદ લાલન

તા. ૧૮-૧૧-૫૨ ના રોજ જામનગર ખાતે જાણીતા જૈન ચિન્તક, તત્ત્વવિવેચક પંડિત ફતેચંદ કપુરચંદ લાલનનું લગભગ ૯૮ વર્ષની વૃધ્ધ ઉમ્મરે અવસાન થયું અને એ રીતે એક ઉજ્જવળ અને પવિત્ર જીવનકારકીર્દીનો અન્ત આવ્યો. તેમના જીવનની ઉપલબ્ધ હકીકત નીચે મુજબ છેઃ—

તેમનો જન્મ ઇ. સ. ૧૮૫૪ માં થયો હતો, તેમના બાળપણની વિગતો કોઇના સ્મરણમાં નથી. અઢારેક વર્ષની ઉમ્મરે તેઓ મેટ્રીક સુધી પહોંચ્યા. ત્યાર બાદ અંગત સંજોગોને લીધે તેમને અભ્યાસ છોડવો પડયો અને રૂા. ૧૦ ના પગારે તેમણે શિક્ષકનો વ્યવસાય શરૂ કર્યો. એક શિક્ષક તરીકેની વિશિષ્ટ યોગ્યતા નક્કી કરતી તેમણે અમુક પરીક્ષા આપી, જેના પરિણામે તેમનો રૂા. ૧૦ નો પગાર વધીને રૂા. ૧૨ાા થયો. એ દરમિયાન સ્માઇલ્સના 'સેલ્ફ–હેલ્પ' નામના અંગ્રેજી ગ્રંથ ઉપરથી લોકમાન્ય તિલકે લખેલ 'સ્વાશ્રય' નામની એક ચોપડી પંડિત લાલનના વાંચવામાં આવી, જેના પરિણામે પોતાના જીવનમાં પુરૂપાર્થ કરીને તેમણે આગળ વધવાનો નિશ્ચય કર્યો. તેમની નોકરીમાંથી મળતી અડધા શનીવારની અને આખા રવિવારની એમ દોઢ દિવસની છુટીનો પોતાના અભ્યાસ પાછળ પુરી નિષ્ઠા અને ખંતપૂર્વક અને કશા અપવાદ સિવાય તેમણે ઉપયોગ કરવો શરૂ કર્યો. અને પોતાના અંગ્રેજી ભાષાના જ્ઞાનમાં તેમણે ખુબ વધારો કર્યો, સંસ્કૃત ભાષનું સાહિત્ય પણ સારા પ્રમાણમાં વાંચ્યું, બંગાળી, હિંદી તેમ જ મરાઠી પણ તેઓ શિખ્યા. પરીણામે તેમને સારાં સારાં 'ટ્યુશનો' મળવા લાગ્યા અને તેમાંથી તેમને માસિક રૂા. ૩૦૦ ની આવક થવા લાગી. મૂળથી જ તેમનું વળણ મોટા ભાગે ધાર્મિક તેમજ તાત્વિક વિષયોના અધ્યયન પાછળ હતું. જૈન ધર્મના ગ્રંથ સાહિત્યનો તેમનો અભ્યાસ પણ વધતો જતો હતો. ૧૮૫૯ ની સાલમાં મળનાર અમેરીકાની સર્વ ધર્મ પરિષદમાં જૈન સમાજના પ્રતિનિધિ તરીકે મુનિશ્રી આત્મારામજી મહારાજની નીમણુક કરવામાં આવેલી. જૈન મુનિ માટે આવો પરદેશપ્રવાસ શકય નહિ હોવાથી તેમણે પોતાના પ્રતિનિધિ તરીકે સદ્ગત શ્રી. વીરચંદ રાઘવજી ગાંધીને મોકલવાનું નક્કી કર્યું. પંડિત લાલનને શ્રી વીરચંદ રાઘવજી ગાંધી સાથે બહુ ગાઢ સંબંધ હતો. શ્રી. વીરચંદ ગાંધીને જૈન સમાજ તરફથી બહુમાનપૂર્વક વિદાય આપવામાં આવેલી. શ્રી વીરચંદ ગાંધી અમેરિકા જાય અને પંડિત લાલન, અહિં એકલા કેમ રહી શકે? તેમનું દિલ અમેરિકા જવા માટે અને વીરચંદભાઇના કાર્યમાં પુરવણી કરવા માટે અત્યન્ત આતુરતા અનુભવવા લાગ્યું, પણ ત્યાં જવા માટે તો એ પાંચ હજાર રૂપીઆ જોઇએ! તેમના અડગ સંકલ્પના પરિણામે જોઇતી રકમ પંડિત લાલનને મળી ગઇ, પ્રવાસની બધી વ્યવસ્થા થઇ ગઇ અને શ્રી. વીરચંદ ગાંધી પાછળ બીજે જ અઠવાડીએ પંડિત લાલન અમેરિકા જવા ઉપડયા. બન્ને મિત્રો ઇગ્લાંડમાં ભેગા થયા અને સાથે અમેરિકા પહોંચ્યા. ત્યાં તેઓ ૪ાા વર્ષ રહ્યા અને જૈન ધર્મ વિષે, જૈન ધર્મના સિદ્ધાન્તો અને આચારવિચાર વિષે તેમણે કેટલાયે લેખો લખ્યા, સંખ્યાબંધ ભાષણો કર્યા અને જૈન ધર્મથી કેવળ અજાણ અમેરિકન પ્રજામાં જૈન ધર્મ વિષે ખુબ માહિતી ફેલાવી.



પંડિત લાલન

૧૯૦૧ ના જાન્યુઆરી માસમાં તેઓ હિંદ ખાતે પાછા ફર્યા. અહિં આવીને તેમણે લખાણો લખવા માંડયાં, ભાષણો કરવા માંડયાં. નવી દુનિયા પંડિતજી જોઈ આવેલા, વિચારસ્વાતંત્ર્યની નવી ભાવનાથી પંડિતજી રંગાયેલા. આની છાપ તેમના લેખો અને ભાષણો ઉપર પડયા વિના કેમ રહે? એ વખતનો આપણો જૈન સમાજ વિચારના પ્રદેશમાં કેવળ સુષુપ્ત દશા અનુભવતો હતો, નવા વિચાર અને નવી કેળવણીનો બહુ જ અલ્પ ભાગને કાંઈક નહિ જેવો સ્પર્શ થયો હતો. પરંપરા વિરૂધ્ધ, ચાલુ રૂઢ માન્યતા વિરૂધ્ધ, કાંઇ પણ બોલાય કે લખાય–એ એ વખતનો જૈન સમાજ સહન કરી શકે તેમ નહોતું. મૂળ સિધ્ધાન્તોનું–મૂળ માન્યતાઓનું–ઉદાર ભાષ્ય–liberal interpretaion–કરવામાં આવે તો તે પણ એ વખતની સ્થિતિચુસ્ત મનોદશાને માટે અસહ્ય હતું. આ કારણે પંડિતજીના વિચારોએ જૈન સમાજમાં ક્ષોભ ઉભો કરવા માંડયો. એ વખતે એક માણેકજી નામના પારસી ગૃહસ્થે પંડિત લાલનના પરિચયના પરિણામે જૈન ધર્મ અંગીકાર કર્યો. પારસી જૈન થઈ શકે જ કેમ? તેને જૈન તરીકે સ્વીકારી જ કેમ શકાય? માણેકજી શત્રુંજય આવ્યા, આદીશ્વર ભગવાનની તેમણે પૂજા કરી. આ બધું સાંભળીને તેમના વિષે અને તેમને પંડિત લાલનનો ટેકો છે એમ સમજીને પંડિત લાલન ઉપર જૈન સમાજ ખુબ ખળભળવા લાગ્યો. જૈનોમાં પાંચ પ્રતિક્રમણની પરંપરાગત માન્યતા છે. આ પાંચ પ્રતિક્રમણ તે દિવસનું, રાત્રિનું, પાક્ષિક, ચોમાસિક અને સાંવત્સરીક. આ અનુક્રમને લંબાવીને પંડિત લાલને એમ પ્રતિપાદન કર્યું કે આ ઉપરાંત એક આ ભવનું અને બીજું ભવોભવનું એમ બે પ્રકારના પ્રતિક્રમણો ઉમેરાવા જોએ. જૈન સમાજના આગેવાનો અને સાધુઓને લાગ્યું કે આ તો કેવળ મિથ્યાત્વ, નાસ્તિકતા છે. મંદિરોમાં નર્કનાં ચિત્રો જ્યાં ત્યાં આલેખવામાં આવતાં હતાં. પંડિત લાલને સુચવ્યું કે આ મુજબ સ્વર્ગનાં ચિત્રો પણ આલેખવા જોઇએ કે જેથી સત્કર્મોનાં શુભ ફળોનો પણ લોકોને ખ્યાલ આવે અને પરિણામે શુભ કર્મ કરવાને લોકો પ્રેરાય. આ તે વળી કેવી વાત? આજ સુધી કોઇને ન સુઝયું અને પંડિત લાલન એવા તે કોણ કે આવી વાતો કરે? એવામાં પંડિતજીએ જાણીતા દિગંબર આચાર્ય શ્રી. યોગીન્દ્રદેવના રચેલા મૂળ સંસ્કૃત 'સ્વાનુભવ દર્પણ' નામના ગ્રંથનો અનુવાદ તથા વિવેચન લખ્યાં. આ આચાર્યે તત્કાલીન સમાજમાં કંઈ કાળથી રૂઢ થયેલી જડ મૂર્તિપૂજાનું પોતાના ગ્રંથમાં ખંડન કર્યું હતું અને વાસ્તવિક પ્રભુપૂજા કેવી હોય એ બાબત આગળ ધરી હતી. આ સંબંધમાં પોતે યોગીન્દ્રદેવઆચાર્યથી કેવી રીતે જુદા પડે છે અને પ્રચલિત મૂર્તિપૂજાદ્વારા પોતે પ્રભુપૂજાને કેવી રીતે ઘટાવે છે એ વિષે પંડિતજીએ એક સ્વતંત્ર નોંધ એ પુસ્તકમાં પ્રગટ કરી હતી. પણ આ કોણ જુએ, વાંચે કે વિચારે? એ સ્વાનુભવદર્પણ પ્રગટ થયું અને પંડિત લાલન મૂર્તિપૂજાના કટ્ટર વિરોધી છે એવો કોલાહલ આખા જૈન સમાજમાં વ્યાપી વળ્યો. એવામાં વળી શત્રુંજય ઉપર પંડિત લાલને પોતાની પૂજા કરાવી એવી કેવળ પાયા વિનાની વાત ચાલી અને આવા માણસને સંઘબહાર કરવો જોઇએ એવી હીલચાલ શરૂ થઈ. આજથી લગભગ ૪૦ થી ૪૫ વર્ષ ઉપર બોટાદ મુકામે શ્રી. વિજયનેમિસૂરિની આગેવાની નીચે પંડિત લાલનનો અને સાથે સાથે તેમના સાથી શિવજી

દેવશીનો સંઘબહીષ્કાર કરવામાં આવ્યો. આમ એ વખતના સમાજનો પુષ્કળ વિરોધ ચાલુ રહેવા છતાં તેમણે પોતાનું કાર્ય ચાલુ રાખ્યું. તેમનું એક બાજુ વિદ્યાર્થીજીવન ચાલુ હતું. બીજી બાજુએ તેમનું અધ્યાપન કાર્ય પણ ચાલુ જ હતું. તેમની પાસે અનેક જિજ્ઞાસુઓ આવતા અને પોતાના ચિત્તનું સમાધાન શોધતા. તેમનાં પુસ્તકો તો પ્રગટ થયે જ જતાં હતાં. ઉપરોકત યોગીન્દ્રદેવ આચાર્યના સમાધિશતક તેમજ પરમાત્મપ્રકાશ પણ પોતાના વિવેચન સાથે તેમણે પ્રગટ કર્યાં. આજ સુધીમાં તેમની મારફત ૨૪ ગુજરાતી ગ્રંથો અને ૨ અંગ્રેજી ગ્રંથો પ્રગટ થયા છે. તેમનાં સમાધિશતકનું તેમની જ દ્વારા જૈન ધર્મની દીક્ષા પામેલા શ્રી. હરબર્ટ વોરને ૧૯૧૪ માં અંગ્રેજી ભાષાન્તર કર્યું છે.

આ ઉપરાંત તેઓ યોગના અભ્યાસમાં પણ આગળને આગળ પ્રગતિ કરી રહ્યા હતા. પતંજલ યોગદર્શન તો તેમને કંઠાગ્ર હતું. પતંજલ યોગ અને જૈન યોગનો સમન્વય એ તેમના અભ્યાસ, ચિન્તન અને મનનો વિશિષ્ટ વિષય હતો. તેઓ યોગના કેવળ અભ્યાસી જ હતા એમ નહોતું પણ યોગ સાધનાની દિશાએ તેમણે ઘણી પ્રગતિ સાધી હતી અને અનેક સાધકોને તેમણે યોગમાર્ગમાં પ્રવેશ કરાવ્યો હતો.

વકતૃત્વના પ્રદેશમાં તેમણે પ્રાપ્ત કરેલી કુશળતા એ તેમના જીવનની એક ખાસ નોંધવાલાયક સાધના છે. વકતૃત્વની દિશાએ તેમને સુરેંદ્રનાથ બેનરજીએ પ્રેરણા આપેલી. સુરેંદ્રનાથ બેનરજી જેવો પ્રખર વકતા હજુ સુધી આપણા દેશમાં બીજો કોઇ પાકયો નથી. એક તો પંડિત લાલનમાં વકતૃત્વની કુદરતી બક્ષીસ તો હતી જ અને આ બક્ષીસને તેમણે પ્રયત્ન અને પુરૂષાર્થપૂર્વક કેળવેલી. પરિણામે એમના જમાનામાં એ વખતના લોકોને પંડિતજીને બોલતા સાંભળવાનું ભારે કૌતુક રહેતું હતું. તેમની પાછળ યુવાન પ્રજા ગાંડી હતી. તેમના વખતમાં આજની જેવા ધ્વનિવર્ધક કોઈ સાધનો નહોતા. દશ દશ હજાર માણસોની સભા સમક્ષ તેઓ સહેલાઇથી ભાષણ આપી શકતા અને તેમને સૌ કોઇ બરોબર સાંભળી શકે તેવો તેમના ગળામાં રણકાર હતો. એ યુગ પણ વકતૃત્વનો જ હતો. કોઇ પણ વિદ્વાન માણસને, કાર્યકર્તાને સાંભળવો એ બાબતનો એ વખતના લોકોને ભારે મોહ હતો. પંડિત લાલનનું વકતૃત્વ માત્ર વાણીનું જ નહોતું. તેને જ અનુરૂપ તેમનામાં અદ્ભુત અભિનયકળા હતી. કોઇ પણ વાત યા વિચારને લાક્ષણિક રીતે જાણે કે કોઇ નવા જ આકારમાં મૂકવાની તેમનામાં કળા હતી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સનું એવું ભાગ્યે જ કોઇ અધિવેશન હોય કે જેમાં તેમની હાજરી ન હોય. એમની હાજરી વિનાનું અધિવેશન સૌ કોઇને નિરસ જ લાગે. આ કોન્ફરન્સના અધિવેશનમાં તેમને આવવા દેવા કે નહિ, બોલવા દેવ કે નહિ–એ સમસ્યા દર અધિવેશન વખતે ઉભી થાય, તેનો આખરે કાંઇક નિકાલ આવે, પંડિત લાલન હાજર થાય અને તેમને સાંભળીને સૌ કોઇને કૃતકૃત્ય થયા જેવું લાગે.

આ તેમનું વકતૃત્વ આટલું બધું આકર્ષક તેમ જ અસરકારક હતું તેનું ખરૂં કારણ તો આખરે તેમનું ચારિત્ર્ય, જનસેવાની લાગણી અને વિશાળ જ્ઞાનાનુભવ હતા. ઉમ્મરે તેઓ વૃદ્ધ થવા લાગ્યા, તેમનું જાહેરજીવન કમી થવા લાગ્યું, તેમની શારીરિક તાકાત પણ ઘટવા લાગી. એમ છતાં પણ અધ્યયન અને અધ્યાપન એ તો તેમની આજની ૯૮ વર્ષની ઉમ્મરે પણ છુટયું નહોતું. પાછળના સમયમાં તો, જે સાધુઓએ અને આચાર્યોએ તેમનો પહેલાં સખ્તમાં સખ્ત વિરોધ કરેલો તેમની સાથે પણ તેમનો સંબંધ પુરો સદ્ભાવભરેલો બન્યો હતો અને સૌ કોઇ તેમને આદરભાવથી જોતા થયા હતા. આનું કારણ એ હતું કે પંડિત લાલનના અમુક અમુક બાબતમાં વિચારો ગમે તે હોય, પણ તેમનામાં ઉંડી ધાર્મિકતાએ વાસ કર્યો હતો અને જૈન ધર્મમાં તેમની શ્રદ્ધા અને નિષ્ઠા એટલી જ ઉંડી હતી એવી તેમના એક વખતના વિરોધી લેખાતા જૈન આચાર્યો અને આગેવાનોને પ્રતીતિ થઈ હતી. છેલ્લાં છેલ્લાં ૧૯૩૬ માં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિના પ્રતિનિધિ તરીકે સર્વધર્મપરિષદમાં ભાગ લેવા તેઓ ઈંગ્લાંડ ગયેલા અને ત્યાં સાતેક માસ રહ્યા હતા.

૧૯૪૮ ના પ્રારંભમાં મુંબઇના જૈન કચ્છી સમાજ તરફથી તેમને રૂ. ૧૩૦૦૦ ની થેલી અર્પણ કરાવવામાં આવી હતી અને એ સમારંભનું સદ્ગત શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિઆએ પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. એ વર્ષ દરમિયાન મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તેમના સન્માનમાં એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો. સાધુપુરૂષ શ્રી કેદારનાથજી એ સમારંભના સભાપતિ હતા. પંડિત લાલનના પૂર્વજીવનના વિરોધી તેમ જ પક્ષપાત ધરાવતા અનેક જૈન આગેવાનોએ તેમને મુક્તકંઠે ભાવઅંજલિ આપી હતી.

છેલ્લાં ૭ સાત વર્ષ દરમિયાન તેમની શરીરસ્થિતિ વધારે ને વધારે જર્જરિત થતી જતી હતી. આંખે દેખાતું ઓછું થતે થતે છેલ્લાં ત્રણ ચાર વર્ષથી તેઓ બીલકુલ દેખતા નહોતા. કાને પણ સાંભળવાનું ઉત્તરોત્તર વધારે ને વધારે કઠણ બનતું જતું હતું. પાછળનાં વર્ષો અમદાવાદ શ્રી માણેકબહેનને ત્યાં અથવા તો સોનગઢ શ્રી કાનજી મુનિની નિશ્રામાં અથવા તો તેમની પોતાની જન્મભૂમિ જામનગરમાં–એ રીતે છુટક છુટક રહીને તેમણે પસાર કર્યાં હતા. જીવનના અન્ત સુધી તેઓ સંજાગ હતા અને આધ્યાત્મિક ઉપાસનામાં સદા સંલગ્ન હતા. સામાયિક વ્રતનું તેમને મન ખૂબ મહત્વ હતું. તેમની પાસે જે કોઈ આવે તેને આ વ્રતના રહસ્યની સમજણ આપવી અને સામાયિક તરફ તેને વાળવો–આ તેમનો સાધારણતઃ મુખ્ય વ્યવસાય હતો.

તેમનું જીવન લગભગ પ્રારંભથી જ જૈન સમાજની એક યા અન્ય પ્રકારની સેવામાં જ ગયું હતું. જૈન સમાજમાં નવા અને જુના વિચારની આજે જે છેલ્લા પચ્ચાસ વર્ષથી લડત ચાલે છે તે લડતના–વિચારસ્વાતંત્ર્યની હીમાયતના–પક્ષે તેઓ પ્રથમ સૈનિક હતા, સેનાની હતા અને એ રીતે આજની યુવાન પ્રજા અને ઉગતી પ્રજા તેમની ભારે રૂણી છે. તેમના સમગ્ર જીવન દરમિયાન તેમણે આ સેવા કરી કે તે સેવા કરી એવી તારવણી કરવી શકય જ નથી. દ્રવ્યોપાર્જન અને કુટુંબની ઉપાસના એ જ જેના જીવનનાં પ્રધાન લક્ષ્યો હોય અને તે સાથે જેણે બીજાં અનેક કાર્યો સાધ્યા હોય તેમના જીવનમાંથી આવી તારવણી કરવાની જરૂર લેખાય, પણ જેનું જીવન કોઇ એક નદી માફક તેના સંસર્ગમાં આવતા સૌ કોઇનું શ્રેય સાધવામાં જ વ્યતીત થયું હોય તેવા સાધુપુરૂષના જીવનનું મૂલ્ય મોલવવાનું શકય જ નથી. પંડિત લાલન આવા એક સાધુ સન્તપુરૂષ હતા. આપણા તેમને અન્તરનાં અનેક અભિવન્દન હો! તેમની આપણા ઉપર હંમેશા શુભાશિષો ઉતરતી રહો!

પરમાનંદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪
અંક : ૧૬

મુંબઈ : ૧૫ ડીસેમ્બર ૧૯૫૨, સોમવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## સત્યયુગ આવી રહ્યો છે

આજની પ્રાર્થનાસભામાં ભાષણ આપતાં આચાર્ય વિનોબાએ કહ્યું:

"આપણી ચારે બાજુ અનંત સૃષ્ટિ ફેલાયેલી છે. અને આ અનંતની વચ્ચે આપણે એક તુચ્છ શરીર ધારણ કરીને ઉભા છીએ. આ આખીએ સૃષ્ટિ આપણને નિરંતર આપતી જ આવી છે. સૂર્ય-નારાયણ સવારે ઉગે છે અને પોતાનાં સહસ્ત્ર કિરણોથી આપણને આલિંગન આપે છે. તે આપણા ઘરમાં એવી રીતે દાખલ થાય છે, જાણે કોઈ પોતાના સ્વામીના ઘરમાં દાખલ થતું હોય. એની એવી તો મર્યાદા છે કે આપણે સહેજ પણ બારણું બંધ રાખ્યું હોય તો તે ધક્કો મારીને અંદર નહીં આવે. પોતાનાં કિરણો લઈને બહાર જ ઉભા રહે છે, અને એમ રાહ જોતા રહે છે કે માલિક ક્યારે દરવાજો ખોલે અને ક્યારે હું સેવાને માટે અંદર જાઉં. પવન રોજ વાય છે. કોણ જાણે પ્રાચીન કાળથી આજ સુધી આ હવા ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે? એક હિમાલયની તરફથી આવે છે અને આપણી છાતીને મધુર સ્પર્શ કરે છે. તેને કારણે આપણો શ્વાસોચ્છ્વાસ ચાલી રહ્યો છે. આપણા તુચ્છ જીવનને પરિપૂર્ણ બનાવવા માટે તે નિરંતર કામ કરે છે. તે ન વાય તો આપણે ખલાસ થઇ જઇએ. તે પ્રમાણે આ ગંગા આપણી સેવાને માટે નિત્યનિરંતર વહે છે. આપણે ચાહે આંબાનું ઝાડ વાવીએ કે બાવળનું, પણ તે તો તેને જીવન આપ્યા જ કરે છે. આપણે જે તેમનાં બાળકો છીએ તેમની સેવા કરવાનું તે વરદાત્રીએ વ્રત લીધું છે.

"આ વાદળાં પણ આપણી પાસેથી કશું ન લેતાં, આપણને નિત્યનિરંતર આપતાં જ રહે છે. તે પ્રમાણે આખી સૃષ્ટિ આપણને દાનની શિક્ષા આપે છે."

આગળ ચાલતાં વિનોબાજીએ કહ્યું.: "માબાપ આપણે માટે ત્યાગ કરે છે. તેથી આપણી રક્ષા થાય છે. આપણને દૂધ પિવાની જેટલી તમન્ના હોય છે, તેથી પણ અધિક ઇચ્છા માને આપણને દૂધ પિવાડવાની હોય છે. આ પ્રમાણે ભગવાને આપવાનો પાઠ આપણને બચપણથી જ શીખવ્યો છે. લોકો કહે છે કે મારૂં કામ ઉલટી ગંગા વહાવવાનું છે, પણ હું તો સીધી ગંગા જ વહાવી રહ્યો છું. કારણ કે સમગ્ર સૃષ્ટિને અનુકૂળ આ કામ છે. અને આજે જે ચાલી રહ્યું છે, તે અત્યન્ત કૃત્રિમ અને વિપરીત છે. બાળકનું પાલન થાય છે, તે કયા કાનૂનથી? આપણે કુટુંબમાં કેટલો આનંદ અનુભવીએ છીએ? તે જ પ્રેમનો પ્રવાહ આખા સમાજને માટે વહાવો તો કેટલો મોટો આનંદ આવશે તે જરા ગણિત કરીને જુઓ."

સામ્યવાદી અને ફોરવર્ડ બ્લોકવાળાઓએ વિનોબાજીના કાર્ય-ક્રમની આલોચના કરતાં જનતાને એથી સાવધાન રહેવાને કહ્યું હતું. તેની તરફ ઇશારો કરતાં વિનોબાએ કહ્યું:

"આ લોકો કહે છે કે સંઘર્ષ જ જીવનનો પાયો છે. તેમને માટે આખું જીવન સંઘર્ષ જ છે. માતા બાળકને સ્તનપાન કરાવે છે, તો તે પણ તેમને માટે બાળકનો માતાના સ્તનની સાથે સંઘર્ષ હોય છે. પણ સમગ્ર દુનિયા સંઘર્ષ પર નહીં, પણ પ્રેમ પર ચાલે છે. પોતાનાં પ્રિયજનોને જોઈને મરતા માણસને સંતોષ થાય છે, તો ત્યાં શું તેની આંખોનો પોતાના આપ્તજનોની સાથે સંઘર્ષ થાય છે? પણ આ લોકો બરોબર વિચારતા નથી, તેથી તેમનાં બધાં કામો નકામાં થાય છે. ઉપનિષદોએ ગાયું છે કે આપણું સમગ્ર જીવન આનંદમય છે. સુખ-નિધાન તો તમે પોતે છો, પછી સુખની પ્રાપ્તિને માટે કોશિશ શી કરવી? જો કોશિશ કરવી પડતી હોય તો દુઃખની પ્રાપ્તિને માટે અને તે તમે કરી પણ રહ્યા છો. આજે આનંદની પ્રાપ્તિને માટે નહીં, પણ આનંદની શુદ્ધિને માટે પ્રયત્ન કરવો જોઇએ. આનંદનું સ્વરૂપ જેટલું શુદ્ધ હશે, તેટલું જ મનુષ્યનું જીવન ઉન્નત થશે. હું તમને નગરવાસીઓને કહું છું કે ગામડાંના લોકો જેમણે આજ સુધી તમને ખૂબ આપ્યાં કર્યું છે, તેમની તમે સેવા કરો. ત્યારે તમને અત્યન્ત શુદ્ધ આનંદની પ્રાપ્તિ થશે.

"લોકો કહે છે કે આ કળિયુગમાં આ બધું કેમ થાય? પણ જે શ્રાવસ્તીમાં બુદ્ધ ભગવાનના નિવાસને માટે પણ સોનામહોરો પાથરીને જમીન લેવી પડી, તે જ શ્રાવસ્તીમાં મારા જેવા તુચ્છને-બુદ્ધિની સરખામણીમાં જે કશી વિસાતમાં નથી-આ કળિયુગમાં સો એકર જમીન મળી, તો કહો આ કળિયુગ છે કે સત્યયુગ? યુગ આપણને સ્વરૂપ નથી આપતો, પણ આપણે તેને સ્વરૂપ આપનારા કાળપુરૂષ છીએ. આપણે ચેતન છીએ. તેથી આ આખી જડ સૃષ્ટિ આપણા હાથમાં છે. આપણે માટીને ચાહે તે આકાર આપીએ, પણ તે ફરિયાદ નહીં કરે. આજે એટલો ઉન્નત સમય આવ્યો છે કે આપણે ઇતિહાસમાં એક અભૂતપૂર્વ ઘટનાને આપણી આંખોથી જોઇ. શું આજ સુધી ક્યાંયે ઇતિહાસમાં સ્વતંત્રતાની લડાઈ અહિંસાથી લડાઇ હતી? તો ભાઇઓ, ગેરસમજમાં પડશો નહીં. આજે આપણી આંખોની સામે સત્યયુગ આવી રહ્યો છે અને અત્યન્ત તેજ ગતિથી આવી રહ્યો છે.

"લોકો કહે છે કે મહાયુદ્ધ આવી રહ્યું છે. હું કહું છું કે, આવવા દો. જેટલાં મહાયુદ્ધો આવશે, તેટલી આ દુનિયા શીખશે કે હિંસાથી કોઇ સમસ્યાનો ઉકેલ આવતો નથી. હું બધા મહાયુદ્ધોનું સ્વાગત કરૂં છું, કારણ કે તેના પરિણામ રૂપે આખી દુનિયા સીધી મારી પાસે આવવાની છે અને મને કહેવાની છે કે અમે હારી ગયા હવે અમને અહિંસાનો રસ્તો બતાવો. હું તો લડનારાઓને કહું છું કે નાનીનાની લડાઇઓ કેમ લડો છો? મહાયુદ્ધ લડો. કારણ કે મહાયુદ્ધ માનવ-નિર્મિત નથી હોતાં. તે તો દૈવી હોય છે. ભગવાન જ્યારે ઇચ્છે છે ત્યારે મહાયુધ્ધના રૂપમાં પ્રલય થાય છે.

"આ વિજ્ઞાનના યુગમાં હિંસાને માટે કોઇ સ્થાન નથી. વિજ્ઞાન અને હિંસાના મેળથી સર્વનાશ થશે. તેથી જો તમે વિજ્ઞાનને વધારવા ઇચ્છતા હો, તો અહિંસાનો રસ્તો લેવો પડશે. પોતાના જીવનને ઉન્નત, વ્યાપક અને વિશાળ બનાવવાને માટે વિજ્ઞાન ખૂબ વધવું જોઇએ. વિજ્ઞાન અને અહિંસાના મેળથી આપણે આ પૃથ્વી પર સ્વર્ગ લાવી શકીશું. આજે દુનિયામાં જેટલી અહિંસાવૃત્તિ છે, તેટલી પહેલાં કદી નહોતી. આજે બાળક પણ અહિંસાની વાત કરે છે. આજે હરકોઈ વિચારે છે કે અહિંસાથી બધા પ્રશ્નોનો ઉકેલ થઈ શકે કે નહીં. પહેલાં તો આપણે હિંસાનું થોડું સ્થાન માની જ લીધું હતું. તેથી હવે એવો એક મહાન યુગ આવી રહ્યો છે, જેને તમે અને હું બનાવનારા છીએ. પ્રતિદિન મારા પર જમીનનો વરસાદ થાય છે, તો કેટલો આનંદ થાય છે! દાન આપનારને કોણ પ્રેરણા આપી રહ્યું છે? આ હિંદુસ્તાનની ધર્મભાવના છે, તે તેમને પ્રેરણા આપી રહી છે.

"ફોરવર્ડ બ્લોકવાળાઓએ લોકોને સાવધાન કર્યા છે કે બાબાના મોહમાં ફસાશો નહીં. પણ શું તેઓ એમ સાવધ કરવા ઇચ્છે છે કે જેમને જમીન મળી રહી છે, તેમને તેઓ એમ સમજાવશે કે જમીન લેશો નહીં? અથવા જે જમીન આપી રહ્યા છે, તેમને શું એમ સમજાવશે કે જમીન આપો નહીં? આ લોકોએ એવા જ મોકા આજ સુધી ખોયા છે. સ્વતંત્રતાની લડતમાંયે સામ્યવાદીઓએ સાથ ન આપ્યો અને એક ઘણો મોટો મોકો ખોયો. તેથી હું તેમને સાવધ કરૂં છું કે આ વખતે મોકો ખોતા નહીં; મારા આંદોલનમાં સહયોગ આપજો. પણ આ લોકોએ પોતાનાં દિલ અને દિમાગના દરવાજા બંધ કર્યા છે. આ વિજ્ઞાનના યુગમાં તો દરવાજા સદૈવ ખુલ્લા રાખવા જોઇએ.

"જે ભૂમિ પર ભગવાન બુધ્ધે કારુણ્યથી લોકોને ધર્મ સમજાવ્યો, તે જ ભૂમિ પર હું પણ કારુણ્યથી તમને ધર્મવિચાર સમજાવવા આવ્યો છું. ભાઇઓ, આ ભૂમિ પર એક નવો ધર્મ ફેલાઈ રહ્યો છે, તેનો હું નિમિત્ત બની રહ્યો છું. તમે પણ બની જાઓ."

મુકામ ઔરંગાબાદ, ગયા. ૧૦-૧૧-'પર દા. મૂ.
(હિંદી પરથી)

# આગ સાથે અડપલાં

( 'રત્નદીપ' નામના ચિત્રપટના ઉદ્‌ઘાટનપ્રસંગે ન્યુ થીએટર્સવાળા શ્રી દેવકી બોઝે દીલ્હી ખાતે ઇંપીરીયલ હોટેલમાં તા. ૯-૮-૫૨ ના રોજ પ્રેસ-સેમીનાર સમક્ષ આપેલા અંગ્રેજી વ્યાખ્યાનનો શ્રી ગિરીશ ભટ્ટે કરેલો અનુવાદ નીચે આપવામાં આવે છે શ્રી દેવકી બોઝની જીવનસમજ ખૂબ દૂરદર્શી અને પારદર્શક છે. તેમના કહેવા મુજબ આજ સમાજની સાથે ફીલ્મોની નીગઢ ગાંઠ બંધાઈ ગઈ છે. તેથી ફીલ્મોની કક્ષા ઉંચી રહે તો સમાજની સામાન્ય સપાટી ખૂબ ઉંચે ઉઠી આવે અને એ કક્ષા આજે મોટા ભાગે જોવામાં આવે છે તેમ ઉતરતી જ જાય તો સમાજનો વિધ્વંસ થઈ જાય-આવા આપણા ચિન્તાજનક ભાવીનું તેમણે સુશ્લિષ્ટ ભાષામાં સુન્દર નિરૂપણ કર્યું છે. **તંત્રી** )

અહીં તમને બધાને મળી શકાયું તેથી ખૂબ આનંદ થાય છે. મને લાગે છે કે દિલ્હીથી કલકત્તા સુધીનો મારો આંટો સફળ થયો. ખરૂં પૂછો તો હું અહીં મારા ચિત્ર 'રત્નદીપ"ના ઉદ્‌ઘાટન માટે નથી આવ્યો. એ તો પ્રસંગોપાત બની ગયું. મારે આજે તમને એક મહત્ત્વની વાત કહેવાની છે. એ વાતનું મારે મન એટલું મહત્ત્વ છે કે "રત્નદીપ" જેવાં કોઇ રખાખડ્યા ચિત્રની સફળતા અસફળતાની અત્યારે મને કશી વિસાત નથી. મારે જે વાત કહેવાની છે તે તો સમગ્ર ફીલ્મ-જગતને સ્પર્શે છે.

"રત્નદીપ" વિષે મારે કશું નથી કહેવું. મારી જવાબદારી હવે પુરી થઇ. એના પર ન્યાય આપવો એ તમારૂં કામ છે. લોકોને ગમશે તો મને ખૂબ આનંદ થશે. અને નહિ ગમે તો મને થશે કે હજી કયાંક મારામાં અધુરપ છે. પણ મુંબઇ વિ૦ સ્થળોએ "રત્નદીપ"ને ઠીક આવકાર મળ્યો છે. એટલે મારે નિરાશ થવાનું કંઈ કારણ નથી. આપણે જેને બુદ્ધિશાળી કહી શકીએ તેવા વર્ગે તથા આમજનતાએ આ ચિત્રને ઠીક આવકાર આપ્યો છે. ઘણા વખતથી હું માનતો આવ્યો છું કે વાંક આપણા લોકોનો નથી પણ સીને-ઉત્પાદકો જ દોષીત છે. તેમણે સીને-ઉત્પાદકોએ પોતાનું દૃષ્ટિબિંદુ બદલવાની જરૂર છે. આજે હું એના પર તમને થોડું કહેવા ઇચ્છું છું.

પૈસા પાછળ આપણે ગાંડાતુર થઇ ગયા છીએ. પૈસા ભેગા કરવાની ધુનમાં આપણે ઘણા પાયાના સત્યો વિસારે પાડી ચૂકયા છીએ. સીનેમા એ કાંઇ ધ્યેય નથી. એ તો ધ્યેય પર પહોંચવાનું સાધનમાત્ર છે. રંજન એ જ જો ફીલ્મોનો પ્રધાન હેતુ હોત, તો તો સીને-ઉત્પાદકોને શીરે કશી જ જવાબદારી ન રહેત જો કે લોકોનો મોટો ભાગ તો રંજન અર્થેજ ચિત્ર જોતો હોય છે. પણ રંજન એ કાંઇ ફીલ્મોનો આખરી અને એકલો હેતુ નથી. બહુ જનસમાજની સુખવૃદ્ધિમાં આ રંજનથી વધારો ન કરી શકાતો હોય તો મારે મન એની કોડી જેટલી પણ કિંમત નથી. આ ધોરણે મુલ્યાંકન કરીએ તો-મારા મત પ્રમાણે તો એ જ સાચું ધોરણ છે અને કલાવિકાસના બધા પ્રયત્નોનું આ નિકષ પર જ મુલ્યાંકન થવું ઘટે-આપણી ઘણી ખરી ફીલ્મો અપાર ખામીભરી લાગશે. રંજનને નામે ક્ષણીક અને રોગીષ્ટ ઉશ્કેરાટ પેદા કરી, સુખ વધારવું તો દૂર રહ્યું પણ કેટલીએ દુઃખવૃદ્ધિ કરી રહ્યાં છીએ.

સુખી થવું એટલે શું? માનસશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે સુખી થવું એટલે આ વિરાટ પ્રકૃત્તિમાં જે કંઇ વિરોધાભાસ હોય તેમાંથી સંવાદ રચવો. અને પ્રકૃત્તિ તો આપણી અંદર અને બહાર એમ બન્ને ઠેકાણે વસે છે. આ અકળ વિરોધાભાસમાંથી આપણે કશુંક સમતોલપણું શોધી કાઢવું જોઈએ. બહારની પ્રકૃત્તિના તત્ત્વોનું પૃથક્કરણ કરીને આપણે તેના પર વિજય મેળવ્યો છે. પણ આપણી ભીતર રહેલી પ્રકૃત્તિને જાણી તેના પર વિજય મેળવવો બાકી છે.

આપણી ભીતર રહેલી પ્રકૃત્તિના અજાણબળો આપણી જાણબહાર આપણું દોરીસંચાલન કરી રહ્યાં છે. પરિણામ એ આવે છે કે આપણે વાસ્તવીક જીવનથી દૂર પડી જઇએ છીએ. નિર્દોષ અને નિરૂપદ્રવી રસ્તો હોય ત્યાં સુધી તો બધું બરાબર ચાલે છે. પણ આપણે તો એક મહા બળવાન વેગ સાથે અડપલું કરી રહ્યા છીએ. એનો અર્થ એ થયો કે આપણે અગ્નિ સાથે રમત કરી રહ્યા છીએ. અને આગ એક વાર બેકાબુ બની એટલે થઇ રહ્યું. કેટલીએ ઉપયોગી વસ્તુઓનો વિધ્વંસ થઇ જવાનો.

અત્યારની રંજનપ્રધાન કહેવાતી, આપણી ફીલ્મો આગ સાથે, જીવનના મહાવેગ સાથે અડપલાં કરે છે. માનવઉર્મિઓના ભારેલા અગ્નિ પર ખોટી ફૂંકો મારી એક જાતની ભૂખ-હવસ પેદા કરે છે પણ આ ભૂખ ખોટી છે. કૃત્રિમ રીતે ઉત્પન્ન કરેલી અને અકુદરતી છે. થોડા ક્ષણીક સુખ પછી અપાર વેદના પ્રગટાવે છે.

જીવનની આકરી ધમાલ અને કંટાળાથી થાકી માણસ ચિત્રમાં જાય છે. અને એ ત્યાં શું જુવે છે? સીનેમાની રૂપેરી ચાદર પર એક સાવ નવી, આકર્ષક અને રંગભરી દુનિયા ખડી થાય છે. અને પરિણામે એને આ પ્રકારના સુખોની ઝંખના થાય છે. પણ એ સાવ અશકય હોય છે. આની તેના ચિત્ત પર ખૂબ બુરી અસર થાય છે.

ચિત્રની રંગભરી દુનિયા જોયા પછી તેને પોતાની સાચી

( અનુસંધાન પાને ૧૩૪ જુઓ )

## પ્રકીર્ણ નોંધ

### એમ. આર. એ. (પુરવણી)

ગયા અંકમાં એમ. આર. એ. વિષેની નોંધ અધુરી રહી હતી. એમ. આર. એ. ની બીજી એક માન્યતા એ પ્રકારની છે કે માનવી સ્વભાવમાં કોઇ પણ પ્રકારનો પલટો લાવી શકાય છે. આપણે પોતાની જાતને પલટીએ અને એ રીતે બીજામાં પલટો લાવવા પ્રયત્ન કરીએ. આ માન્યતા પાછળ માનવજાતવિષેની ઊંડી શ્રદ્ધાનું સૂચન રહેલું છે. કેટલાએક એમ જ માનતા હોય છે કે તમે ગમે તેટલો પ્રયત્ન કરો–માનવ જાત છે એવી ને એવી જ રહેવાની. માનવી હંમેશા પોતાનો સ્વાર્થ જોવાનો અને પોતાના સ્વાર્થ ખાતર ધર્મ અધર્મ, સત્યઅસત્યના વિવેકને બાજુએ રાખીને ચાલવાનો. આવી અશ્રદ્ધાને–નિરાશાને એમ. આર. એ. પડકાર કરે છે. ગાંધીજી પણ હંમેશાં આ પ્રકારની શ્રદ્ધાથી પ્રેરાઇને માનવીસમાજ સાથે વ્યવહાર કરતા હતા અને અનેકના દિલમાં ભારે પરિવર્તન પેદા કરી શકયા હતા એ આપણે તેમના જીવન દરમિયાન બનેલી અનેક ઘટનાઓમાં જોયું છે.

સાધારણ રીતે સામ્યવાદીઓ આ હીલચાલના વિરોધી હોય એમ માલુમ પડે છે; કારણ કે એમ. આર. એ. વાળા ઇશ્વરના અસ્તિત્વને જ માત્ર નહિ પણ તેની ચાલુ દોરવણીને સ્વીકારે છે, જ્યારે સામ્યવાદીઓની વિચારસરણી ઇશ્વરતત્વના ઇનકાર ઉપર રચાયેલી છે.

આ ઉપરાંત એમ. આર. એ. નો પ્રયત્ન જ્યાં જ્યાં સંઘર્ષ હોય ત્યાં ત્યાં સમન્વય સ્થાપવાનો હોય છે. સામ્યવાદ વર્ગવિગ્રહ વર્ગ સંઘર્ષ ઉપર જ ખુબ ભાર મૂકે છે અને પરસ્પરવિરોધી સ્વાર્થો હોય ત્યાં કદિ સમન્વય હોઇ શકે જ નહિ, સ્થાપિત હિત વાળા વર્ગને પદભ્રષ્ટ કરવો જ જોઇએ અને તેના સ્થાને સ્વહિતવંચિત વર્ગની સ્થાપના કરવી જોઇએ. આ પ્રકારના ખ્યાલો વડે પ્રેરાઇને તે હંમેશા સંઘર્ષને ઉત્તેજન આપે છે, ન હોય ત્યાં વર્ગવિગ્રહ પેદા કરે છે. એમ. આર. એ. સમજાવટમાં માને છે, સ્થાપિત હિતવાળા વર્ગના હૃદયને સ્પર્શવામાં શ્રદ્ધા ધરાવે છે અને શોષિત દલિત વર્ગને ધીરે પગલે ચાલવાનું કહે છે. આ વલણ અને ગાંધીજીના વલણમાં એક મોટું સામ્ય માલુમ પડે છે. અમદાવાદમાં તેમણે સ્થાપેલ મીલ મજુરમહાજન આ વિચારસરણિ ઉપર જ ઉભો કરવામાં આવ્યો છે અને તે મજુરમહાજન સમન્વય પદ્ધતિથી લવાદીદ્વારા મજુરોનું પુષ્કળ હિત સાધી શકેલ છે.

એમ. આર. એ. નો ઇશ્વરપ્રેરણા–God's Guidance–નો સિધ્ધાન્ત જરા વિચારણા માંગે છે. દરેક વ્યક્તિને પોતપોતાના કર્તવ્ય વિષે હંમેશા ઇશ્વર પ્રેરણા આપે છે અને તે મુજબ આપણે વર્તીએ તો આપણું હંમેશા શ્રેય જ થાય એમ તેઓ જણાવે છે. સવારના શાન્ત ચિત્તે બેસીને ધ્યાન કરવાથી જે સુઝે છે તે ઇશ્વર-પ્રેરિત જ હોય છે એમ માની લેવું વધારે પડતું છે અને આ રીતે જે કાર્ય અકાર્ય સુઝે તે બરોબર જ હોય છે એમ પણ કહી ન જ શકાય. ઘણી વખત અનુભવ આપણને કાંઇક જુદું જ કહે છે. આમ છતાં પણ આ જ વિચારને આપણે બીજી રીતે મૂકી શકીએ. દરેક વ્યકિતમાં ઇન્દ્રિય-વ્યાપારો, વાસનાઓ અને સ્વાર્થપરવશતાથી પ્રેરિત સદા ક્ષુબ્ધ સદા ચંચળ એવું મન હોય છે અને એ મન ઉપર સારાસારનો વિવેક કરનારી, મનના વ્યાપારોને તટસ્થપણે જોનારી અને ઘણી વખત ઘોર અંધકારમાં પ્રકાશ આપનારી, ન ઉકલે એવી જટિલ મુંઝવણનો એકાએક ઉકેલ દર્શાવતી બુદ્ધિ અથવા તો પ્રજ્ઞા હોય છે. આ પ્રજ્ઞાને શ્રદ્ધાળુની ભાષામાં ઇશ્વરપ્રેરણા કહી શકીએ. આ મન અને આ પ્રજ્ઞાનો ભેદ સમજ્યા બાદ આપણે એટલું તો જરૂર કહી શકીએ કે આપણા પ્રત્યેક કર્તવ્યનો નિર્ણય સદા ક્ષુબ્ધ સદા ચંચળ એવા મનથી કરવાને બદલે પ્રમાણમાં ઘણી સ્વસ્થ અને સ્થિર એવી પ્રજ્ઞાથી કરીએ તો તેવા નિર્ણય વિષે પસ્તાવાનું ભાગ્યે જ બને. એ ખરૂં છે કે પ્રજ્ઞા ઉપર મનની અમુક અસર હોય જ છે અને તેથી પ્રજ્ઞાનું શાસન સર્વથા વિશ્વસનીય ગણી ન જ શકાય. અને એ માટે પ્રજ્ઞાની પણ વિશુદ્ધિ આવશ્યક લેખાય છે. આમ છતાં પણ ચાલુ જીવનમાં સામાન્ય માનવી માટે પ્રજ્ઞાની દોરવણી ઉપયોગી અને હિતકર હોવાનો ઘણો વધારે સંભવ છે.

ગયા અંકની નોંધ લખ્યા બાદ એમ. આર. એ. ને લગતું કેટલુંક સાહિત્ય વાંચ્યું. તે સાહિત્યમાં એમ. આર. એ. થી પ્રેરિત થયેલી વ્યકિતઓના જીવનમાં થયેલા પરિવર્તનની અનેક ઘટનાઓ વાંચવા મળે છે. આ ઘટનાઓનું લગભગ સર્વત્ર એક જ ધ્રુવપદ માલુમ પડે છે અને તે એ કે એમ. આર. એ. ની દીક્ષા અમુક વ્યકિતએ સ્વીકારી અને તરત જ તેના સમગ્ર જીવનમાં સુખની, શાન્તિની, આનંદની શરૂઆત થઇ ચુકી. આમાં અત્યુકિત હોવાનો ઘણો સંભવ છે. કારણ કે સાધારણ રીતે કોઇ પણ માણસ પ્રમાણીકતા, પ્રેમ, પવિત્રતા અને નિઃસ્વાર્થતાના પાયા ઉપર પોતાનું જીવન ઘડવાની શરૂઆત કરે કે તરત જ અને પછી પણ કંઇ કાળ સુધી તેને અનેક સાથેની અથડામણમાંથી જ પસાર થવું પડે છે અને કંઈ કંઈ વિટંબણાઓ તેના માટે ઉભી થાય છે. 'હરિનો મારગ છે શુરાનો, નહિ કાયરનું કામ જોને' આનો પણ એ જ અર્થ છે. ઉપર જણાવ્યું તેમ એમ. આર. એ. નો સ્વીકાર કર્યો કે તેનો ઉદ્ધાર થયો અને તેના માટે સુખનું સ્વર્ગ શરૂ થયું–આવું સતત ઉજળું ચિત્રામણ પ્રચારપ્રેરિત હોય એમ લાગે છે અને આવી પ્રચારપદ્ધતિ તેમના કાર્યની નકકરતા વિષે થોડો અવિશ્વાસ પેદા કરે છે.

અને એ તો કબુલ કરવું જ જોઇએ કે તેમની આખી પ્રવૃત્તિમાં પ્રચારલક્ષિતા ખુબ જ જોવામાં આવે છે. અને આને લીધે જ આપણે ત્યાંના કેટલાક વિચારકો આ હીલચાલને શંકાની નજરે–અવિશ્વાસની નજરે જોતા–માલુમ પડે છે. તેમનો પ્રયત્ન લોકજીવનમાં ધરમુળનો ફેરફાર કરવાને બદલે ચોતરફ પોતાની વાહવાહ કહેવરાવવાનો, જીવનસાધના તરફ લોકોને વાળવાને બદલે પોતાની સિદ્ધિની જાહેરાત કરવા તરફ વધારે હોય એમ કદિ કદિ ભાસે છે. પોતાનું આ નાટક આટલા હજાર કે લાખ માણસોએ જોયું, તેમની સભાઓમાં આટલી મોટી સંખ્યામાં માણસોએ હાજરી આપી. તેઓ અમુક સ્થળે ગયા તો તે દેશનો મુખ્ય પ્રધાન તેમને સ્ટેશને લેવા આવ્યો, ત્યાંના આગેવાન રાજપુરૂષોએ તેમનું આ પ્રકારે સન્માન કર્યું, તેમની સાથે ખાણામાં તે રાજ્યના પ્રમુખે ભાગ લીધો, સાદાઇ અને ગરીબ જનતાના સંપર્કને બદલે ભપકો, ખોટો ખર્ચ અને ઉપલા થરના લોકો સાથેનો જ વિશેષે કરીને સંપર્ક–આવી અનેકવિધ પ્રચારપ્રક્રિયા તેમની પ્રવૃત્તિમાં ખુબ જોવા મળે છે. આની આપણા મન ઉપર અમુક અંશે પ્રતિકુળ અસર પડે છે.

આમ છતાં પણ તેમની જે પાયાની વિચારસરણિ છે તે વિચારવાયોગ્ય છે, આદરયોગ્ય છે, આપણે ત્યાં એ ઢબે જનતાના જીવનને વિશુદ્ધ કરવાની પ્રવૃત્તિ શરૂ થવાની ખાસ જરૂર છે. આપણે તેમનો સંદેશ લઇને નૈતિક પુનરૂત્થાન તરફ વળીએ એ અત્યંત આવશ્યક છે.

### અણુવ્રત સંઘ અને આચાર્ય તુલસીરામ

આ અંકમાં અન્યત્ર આજથી બે વર્ષ પહેલાં તેરાપંથી

**વિષય સૂચિ**


| | | પૃષ્ઠ |
|---|---|---|
| સત્યયુગ આવી રહ્યો છે ! | વિનોબા ભાવે | ૧૨૭ |
| આગ સાથે અડપલાં (અનુવાદ) | ગિરીશ ભટ્ટ | ૧૨૮ |
| **પ્રકીર્ણ નોંધ** એમ. આર. એ.; અણુવ્રતી સંઘ અને આચાર્ય તુલસીરામ | પરમાનંદ | ૧૨૯ |
| અણુવ્રતી સંઘ | | ૧૩૧ |

સંપ્રદાયના આચાર્ય શ્રી તુલસીરામજીએ સ્થાપેલ અણુવ્રતી સંઘની રૂપરેખા આપવામાં આવી છે. આ સંઘ માત્ર પોતાના અનુયાયીઓ માટે અથવા તો જૈન સમાજ માટે જ સ્થાપવામાં નથી આવ્યો, પણ તેનો હેતુ આજના સમગ્ર સામાજિક જીવનમાં જે નૈતિક અધોગતિ ઊંડે સુધી વ્યાપેલી જોવામાં આવે છે તે દૂર કરવાનો અને લોકોને ધર્મમાર્ગે, સત્ય અને અહિંસાના માર્ગે પ્રવૃત્ત કરવાનો છે અને તે સંઘ સૌ કોઇને માટે ખુલ્લો છે. અણુવ્રતી એ જૈન પરિભાષાનો શબ્દ છે, અને તે શબ્દ પંચમહાવ્રતધારી સાધુથી અલ્પવ્રતધારી શ્રાવકને માટે વાપરવામાં આવે છે. ગૃહસ્થધર્મમાં બેઠેલો શ્રાવક કોઇ પણ સંયોગમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ મહાવ્રતનું સંપૂર્ણ પાલન કરી શકતો નથી. કારણ કે તેને આરંભસમારંભના અનેક નિમિત્તો હોય છે અને પરિગ્રહધારી હોઇને તેમ જ અનેક સામાજિક બંધનોથી તે સંકળાયેલો હોઇને રાગ અને દ્વેષથી પર થઇ શકતો નથી. આ કારણે જૈન સાધુને મહાવ્રતધારી અથવા તો સર્વવિરતિ કહેવામાં આવે છે અને શ્રાવકને દેશ વિરતિ અથવા તો આચાર્ય તુલસીરામજીએ જે નવો શબ્દ નિર્માણ કર્યો છે તે મુજબ અણુવ્રતી કહેવામાં આવે છે.

આજે જ્યારે ચોતરફ અધર્મ અને અનૈતિકતા ફેલાયલી નજરે પડે છે અને હિંસક વૃત્તિએ સારી માનવજાતને ઘેરી લીધી છે, જકડી લીધી છે ત્યાર એક જૈન આચાર્ય આવી જીવનશુદ્ધિની પ્રવૃત્તિ શરૂ કરે તે ખરેખર આનંદજનક છે. તે માટે આચાર્ય તુલસીરામજીને જૈન સમાજના ધન્યવાદ ઘટે છે. પણ આવા સંઘમાં નાત જાતના ભેદભાવ સિવાય સૌ કોઈ લોકો જોડાય અને તેમની આ પ્રવૃત્તિ જનતાવ્યાપી બને એવી તેમની ભાવનાને સફળતા મળવા બહુ જ ઓછો સંભવ છે. તેનાં કારણો નીચે મુજબ છે.

(૧) આ હીલચાલના આગેવાન પ્રમુખ જૈનોના એક પેટા-સંપ્રદાયના મુખ્ય આચાર્ય છે. આ પેટાસંપ્રદાય તેરાપંથી સંપ્રદાયના નામે ઓળખાય છે. અને આ આચાર્યની આજ સુધીની મુખ્ય પ્રવૃત્તિ પોતાના સંપ્રદાયની પ્રતિષ્ટા વધારવાની અને તેનો બને તેટલો પ્રચાર કરવાની રહી છે.

(૨) તે સંપ્રદાયના પાયામાં રહેલા અહિંસાના ખ્યાલો નકારાત્મક છે અને વ્યકિતગત મોક્ષના ખ્યાલ ઉપર રચાયેલા છે.

(૩) અણુવ્રતી સંઘના નિયમો અને પ્રતિજ્ઞાઓ જૈન આચાર-વિચારનું જ પ્રતિબિંબ છે અને તેમાં એવી ઘણી બાબતો છે કે જે વિશાળ જનસમાજને અપીલ કરે–આકર્ષી શકે–તેમ છે જ નહિ. આ પ્રવૃત્તિ પણ પોતાના સંપ્રદાયને પ્રતિષ્ટા આપવાના હેતુથી જ ઉભી કરવામાં આવી હોય એમ માનવાને આ પ્રવૃત્તિના રૂપરંગ જોતાં કોઇ પણ પ્રેરાય તેમ છે.

(૪) આ પ્રવૃત્તિ તો જ લોકવ્યાપી બની શકે કે જો તેનો મુખ્ય પ્રણેતા સાંપ્રદાયિક ભાવના અને વળગાડથી મુકત હોય, વિશાળ સમાજના અન્ય પ્રતિષ્ટિત અને ચારિત્ર્યવાન પુરૂષોનો તેને સક્રિય સાથ હોય, સંઘની પ્રતિજ્ઞાઓ સાદી, સીધી બને તેટલી થોડી અને આજના ચોકકસ પ્રશ્નોને સચોટ રીતે સ્પર્શતી હોય. જે પ્રતિજ્ઞાઓની હારમાળા અણુવ્રતી સંઘના બંધારણમાં જોવામાં આવે છે તેમાં અતિ અગત્યની અને અતિ નજીવી એવી અનેક બાબતોનો શંભુમેળો રહેલો છે. સંઘનું નામ પણ જૈન પારિભાષિક છે.

આ બધું જોતાં આ સંઘનો વધારે વ્યાપક ફેલાવો થવાનો સંભવ નથી. એમ છતાં પણ તેમનો પોતાનો સંપ્રદાય મોટા ભાગે જે મારવાડી સમાજનો બનેલો છે તે સમાજની વ્યકિતઓ મોટા પ્રમાણમાં આ સંઘમાં જોડાય, લીધેલી પ્રતિજ્ઞાઓનું યથાર્થ રીતે પાલન કરે અને અન્ય સમાજ માટે અનુકરણીય દાખલો બેસાડે તો તેથી પણ વિશાળ જનતાને લાભ જ થવાનો છે. એમ. આર. એ. ના એક આગેવાન પ્રચારક કહેતા હતા કે અંગ્રેજ પ્રજા સૌથી વધારે સ્થિતિચુસ્ત અને ભૌતિકવાદને વરેલી ગણાય છે. આ 'અંગ્રેજ પ્રજા બદલાય તો આખી દુનિયા બદલાય. અને અમને જાહેર કરતાં આનંદ થાય છે કે એમ. આર. એ. નો અંગ્રેજ પ્રજામાં બહુ જોસ ભેર ફેલાવો થઇ રહેલ છે.' આપણે પણ મારવાડી સમાજ માટે આવો જ અભિપ્રાય જાહેર કરી શકીએ કે જો મારવાડી સમાજમાં નૈતિક પલટો આવે તો અન્ય સર્વ સમાજનું સદ્દશ રૂપાન્તર થવા માટે જરૂર બહુ મોટી આશા બંધાય. આચાર્ય તુલસીરામજીના આ શુભ પ્રયત્નને આપણા અન્તરની શુભેચ્છા હો, તેમને પુરી સફળતા મળે એવી આપણી પ્રાર્થના હો !

**પરમાનંદ**

## સંઘ સમાચાર

તા. ૧–૧૨–૫૨ના રોજ મળેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ નીચેના બે ઠરાવો પસાર કર્યા હતાઃ—

### સ્વ. પંડિત લાલનના અવસાન અંગે શોકપ્રસ્તાવ

પોતાની જાતને સદા જુવાન તરીકે ઓળખાવી યુવાનીની ધગશથી અઠ્ઠાણું વર્ષ જેટલું દીર્ઘ જીવન સમભાવપૂર્વક જીવવાને યત્નશીલ, એક સમયના પ્રખર વકતા, અને જૈન સંસ્કૃતિના પ્રચાર માટે પરમ ઉત્સાહી, જૈન સમાજની આવશ્યક ક્રિયાઓમાંથી મુખ્ય એક સામાયિકના વાસ્તવિક અર્થમાં ઉપાસક અને પ્રચારક પંડિત લાલનના ગયે અઠવાડિએ જામનગર ખાતે થયેલ અવસાનની આ સભા ભારે હૃદયે નોંધ લે છે અને તેમના આત્માને ભાવપૂર્વક અંજલિ અર્પે છે.

ઉપરનો ઠરાવ સભાએ સદ્દગતના માનમાં ઉભા થઈ પસાર કર્યો હતો.

### મુનિશ્રી જિનવિજયજીને અભિનંદન માટેનો ઠરાવ

તે પ્રમુખસ્થાનેથી રજુ કરવામાં આવ્યો હતો અને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

"પ્રાચ્યવિદ્યાવિશારદ મુનિશ્રી જિનવિજયજીને તેમની અનેકવિધ સાહિત્ય સેવા અને વિપુલ સંશોધન વૃત્તિની કદરરૂપે જર્મન પ્રાચ્યવિદ્યા પરિષદે પોતાના સન્માનનીય સભ્યનું વિરલ પદ આપ્યું તે બદલ આજ રોજ (તા. ૧–૧૨–૫૨) મળેલી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભા મુનિજીને હાર્દિક અભિનંદન આપે છે અને તેમના હાથે હજુ પણ વિવિધ પ્રકારની સાહિત્ય સેવા થતી રહે એ ભાવના સાથે તેમને દીર્ઘ આયુષ્ય અને પૂર્ણ આરોગ્ય ઇચ્છે છે."

## વાર્ષિક સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સભા તા. ૧૦–૧–૫૩ શનિવાર ના રોજ સાંજના ૭ વાગે ધનજી સ્ટ્રીટમાં આવેલા સંઘના કાર્યાલયમાં મળશે, તો દરેક સભ્યને સમયસર પધારવા વિનંતિ છે.

મંત્રીઓ, **મુંબઇ જૈન યુવક સંઘ**

### સ્વ. મણિભાઈ સ્મૃતિ ફંડ

| | | |
|---|---|---|
| | ૯૮૪૫ | અગાઉ સ્વીકારેલા |
| * | ૧૦૧ | શ્રી હીરાચંદ ધરમસી દોસી |
| * | ૧૦૧ | ,, કાંતિલાલ ચંદુલાલ–અમદાવાદ |
| * | ૧૦૧ | ,, અમીચંદ ખેમચંદ શાહ |
| * | ૧૦૧ | ,, સી. જે. પટેલ એન્ડ કું.–ખંડવા |
| * | ૫૧ | ,, પારેખ ટ્રેડીંગ કું. હા. મોહનલાલ |
| * | ૫૧ | ,, શ્રોફ એન્ડ કું. |
| | ૧૦૩૫૧ | |

*આ નીશાની વાળા પૈસા આવવા બાકી છે.

# અણુવ્રતી સંઘ

છેલ્લા ૫૦ વર્ષના ગાળામાં સધાયેલ વૈજ્ઞાનિક પ્રગતિ, ભૌતિકવાદનો સમુત્કર્ષ અને બે વિશ્વયુધ્ધના પરિણામે માનવજાતનો જે નૈતિક અપકર્ષ થઇ રહેલ છે અને સામાજિક સંઘર્ષ વધતો રહ્યો છે તે તરફ અનેક સમાજહિતચિન્તકોનું ધ્યાન ખેંચાયું છે. અને અધોગતિને અટકાવવી કેમ અને આ સંઘર્ષને ટાળવો કેમ એ દિશાએ અનેક વિચારો અને યોજનાઓ રજુ થતી રહી છે અને પ્રવૃત્તિઓ સંચાલિત થતી રહી છે. પ્રબુદ્ધ જૈનના ગયા અંકમાં યુરોપ અમેરિકામાં ડૉ. ફ્રાન્ક બુકમેનની પ્રેરણા નીચે Moral Rearmament—નૈતિક પુનરૂત્થાનની પ્રવૃત્તિ કેટલાંક વર્ષોથી શરૂ થઇ ચુકી છે. આ પ્રવૃત્તિ વિષે કેટલોક ખ્યાલ પ્રબુદ્ધ જૈનના ગયા અંકમાં આપવામાં આવ્યો હતો અને તેની વિશેષ ચર્ચા આ અંકમાં પણ કરવામાં આવી છે. આવી જ એક પ્રવૃત્તિ કેટલાક સમયથી શ્રી કેદારનાથજીની પ્રેરણા નીચે વ્યવહારશુદ્ધિ મંડળ દ્વારા મુંબઈ તેમ જ આસપાસના પ્રદેશમાં તેમ જ શ્રી કૃષ્ણદાસ જાજુના નેતૃત્વ નીચે વર્ધા આસપાસના પ્રદેશમાં ચલાવવામાં આવે છે. જે વિષે પ્રબુદ્ધ જૈનના આગળના અંકોમાં વિગતવાર ખ્યાલ આપવામાં આવ્યો છે. જૈન સમાજમાં પણ તેરાપંથી સંપ્રદાયના મુખ્ય આચાર્ય શ્રી તુલસીરામજીએ ઇ. સ. ૧૯૪૯ માં અણુવ્રતી સંઘની સ્થાપના કરી છે તેનો આશય પણ માનવી જીવનને બને તેટલું વિશુધ્ધ બનાવવાનો છે. આ સંઘનું શું સ્વરૂપ છે અને તેની શું કલ્પના છે તેનો તેના નિયમો અને અણુવ્રત–નિરૂપણ ઉપરથી ખ્યાલ આવી શકે તેમ હોઇને તે ઉભય નીચે પ્રગટ કરવામાં આવે છે:-

## અણુવ્રતી સંઘના નિયમો

૧. આ સંગઠનનું નામ 'અણુવ્રતી સંઘ' રહેશે.

૨. ઉદ્દેશ.

[ક] જાતિ, વર્ણ, દેશ, ધર્મનો ભેદ ન રાખતાં માનવમાત્રને સંયમના માર્ગે આગળ વધારવા.

[ખ] લોકોને અહિંસા, સત્ય, અચૌર્ય બ્રહ્મચર્ય અને અપરિગ્રહનાં વ્રત ધારણ કરાવવા.

[ગ] આધ્યાત્મિકતાના પ્રચાર દ્વારા જીવનમાં નૈતિકતાનું ધોરણ ઉચ્ચ કરવું.

[ઘ] અહિંસાના પ્રચાર દ્વારા વિશ્વબંધુત્વ અને જગત્‌શાંતિને પ્રસરાવવી.

૩. આ સંઘમાં જોડાનાર વ્યકિત 'અણુવ્રતી' કહેવાશે.

૪. સંઘમાં કોઇને લેવાનો અધિકાર માત્ર સંઘપ્રમુખને રહેશે.

૫. અહિંસામાં શ્રદ્ધા રાખનાર કોઇ પણ ધર્મ, દળ, જાતિ, વર્ણ અને દેશનાં સ્ત્રી પુરૂષ આ સંઘના સભ્ય થઇ શકશે.

૬. અણુવ્રતિને સંઘના નિયમો અને આજ્ઞાઓનું પાલન કરવું પડશે.

૭. સૌ સભ્યો પરસ્પર મૈત્રીભાવ રાખશે.

૮. અણુવ્રતિએ લીધેલી પ્રતિજ્ઞાઓને વ્રતરૂપે પાળવી પડશે.

૯. કોઇ અણુવ્રતિ બીજા અણુવ્રતિને નિયમ, આજ્ઞા અથવા પ્રતિજ્ઞાનો ભંગ કરતાં જોશે તો તે તે વ્યકિતને જાગૃત થવા કહેશે અગર સંઘપ્રમુખને જણાવશે. તે સિવાય પ્રચાર કરશે નહિ.

૧૦. દરેક અણુવ્રતિ, સંઘ પ્રત્યે સદ્‌ભાવ અને વફાદારી રાખશે અને સંઘની નિંદા કરશે નહિ અને કોઇએ કરેલી નિંદાને ઉત્તેજન આપશે નહિ.

૧૧. દર વર્ષે મહા સુદ પાંચમ અથવા નક્કિ કરેલી તીથીએ, નક્કિ કરેલા સ્થાને સંઘના સભ્યોનું–અણુવ્રતીઓનું–સંમેલન થશે જેમાં ઘણું ખરૂં દરેક સભ્ય હાજર રહેશે.

૧૨. દર પખવાડીએ ઓછામાં ઓછું એક વાર લીધેલી પ્રતિજ્ઞાઓનું સ્મરણ અને લાગેલા દોષોની આંતરસમિક્ષા કરી આત્મશુધ્ધિ કરવી પડશે.

૧૩. સભ્યોમાં પરસ્પર કડવાશ થઇ હોય તો પંદર દિવસની અંદર ક્ષમાયાચના કરવી, આ સંભવિત ન બને તો સંઘપ્રમુખને જાણ કરવી રહેશે.

૧૪. કોઈ પણ નિયમમાં સ્પષ્ટિકરણ, સુધારણા, પરિવર્તન અગર ઉમેરવા વિ. સંઘપ્રમુખ કરશે, જે સર્વ સભ્યોને માન્ય રહેશે.

૧૫. આ સંઘમાં જોડાનાર એક કે બે નિયમો ન પાળી શકે તેમ હોય તો તે સંઘપ્રમુખને જણાવશે અને તેને બદલે બીજા ખાસ નિયમો સ્વિકારી સંઘમાં જોડાઈ શકશે.

૧૬. તર્કદૃષ્ટિએ યોગ્ય છતાં કદિ કોઈ અનિચ્છનીય કાર્ય કરશે તો તેને પ્રાયશ્ચિત કરવું પડશે.

૧૭. સંઘના સર્વોપરી સંચાલક અથવા સંઘપ્રમુખ તેરાપંથ સમાજના વર્તમાન આચાર્ય રહેશે.

૧૮. યોગ્ય પરિસ્થિતિમાં સંઘપ્રમુખ દ્વારા સંઘના નેતૃત્વની બીજી વ્યવસ્થા કરી શકાશે.

૧૯. નિયમ, આજ્ઞા અથવા પ્રતિજ્ઞાભંગનું પ્રાયશ્ચિત આપવાનો અધિકાર સંઘના પ્રમુખને રહેશે.

## અણુવ્રત–નિરૂપણ

અણુવ્રતી-સંઘના પહેલા વાર્ષિક અધિવેશનમાં જે પ્રતિજ્ઞાઓ લેવામાં આવી તે નીચે મુજબ છે:—

### (૧) અહિંસા વ્રત

અહિંસાના સંબંધમાં નીચે જણાવેલી પ્રતિજ્ઞાઓનું પાલન અણુવ્રતીને માટે અનિવાર્ય છે:—

૧ ચાલતાં-ફરતાં નિરપરાધ પ્રાણીની સંકલ્પ, લક્ષ્ય અથવા વિધિપૂર્વક હિંસા કરવી નહિ.

૨. કોઈ ખાસ વ્યકિત કે ખાસ પક્ષની હત્યા કરવાનો ઉદ્દેશ રાખનારા મંડળ, પક્ષ કે સંસ્થાના સભ્ય બનવું નહિ તથા એમના કાર્યોમાં ભાગ લેવો નહિ.

૩. સ્વદેશની બહાર બનેલા વસ્ત્રો પહેરવાં કે ઓઢવાં નહિ.

**અપવાદ**—ખાસ સંયોગોમાં તથા વિદેશવાસમાં ઉપર્યુક્ત નિયમ લાગુ પડતો નથી.

૪. રેશમી અને તેનાં જેવાં હિંસાજન્ય વસ્ત્રોને પહેરવાં તથા ઓઢવા નહિ.

**અપવાદ**—વ્રતગ્રહણ પૂર્વેના વસ્ત્રોની વપરાશમાં ઉપરના બન્ને નિયમો બાધક નથી.

૫. કોઈ પણ વ્યક્તિને અસ્પૃશ્ય માનીને તેનો તિરસ્કાર કરવો નહિ.

૬. મોટાં જમણવારો કરવા નહિ અને રાજકીય નિયમ ન હોય તો તેનું ઉલ્લંઘન કરવું નહિ.

**નોંધ**—જ્યાં પોતાના નજીકના સંબંધીઓ અને બીજી આમંત્રિત વ્યકિતઓ મળીને ૧૦૦ થી વધારેની સંખ્યા એકત્રિત થાય, તેને મોટો જમણવાર ગણવામાં આવશે.

૭. નિયમ નિષિદ્ધ જમણવારમાં ભોજન કરવા જવું નહિ.

૮. વિશ્વાસઘાત કરીને કોઇના હૃદયને આઘાત પહોંચાડવો નહિ.

૯. કાયદા અને વ્યવહારિક દૃષ્ટિથી પશુઓ પર વધારે ભાર ભરવો નહિ.

૧૦. પોતાના આશ્રિત જીવોની ખાદ્ય–પેય વસ્તુઓનો કલુષિત ભાવનાથી વિચ્છેદ કરવો નહિ.

૧૧. આશ્રિત અને અનાશ્રિત પ્રાણીઓ પ્રત્યે ક્રૂર વ્યવહાર તથા પ્રહાર કરવો નહિ.

૧૨. ચિકિત્સાના કારણ સિવાય કોઇ પ્રાણીનો અંગ વિચ્છેદ કરવો નહિ. તપાવેલા સળિયા કે બીજા કષ્ટદાયક ઉપાયોથી ત્રિશૂલાદિ નિશાનો કરવાં નહિ.

૧૩. કોઇ પ્રાણીને કઠોર બંધનથી બાંધવું નહિ.

૧૪. આત્મહત્યા કરવી નહિ.

૧૫. ભ્રૂણહત્યા કરવી નહિ.

૧૬. માંસ–જેમાં ઇંડા, માંસ, સત્ત્વ, ચરબી અને રક્તનો પણ સમાવેશ થાય છે—ખાવું નહિ.

૧૭. દારૂ પીવો નહિ.

૧૮. દારૂ, માંસ, માછલી તથા ઇંડા આદિનો વ્યાપાર કરવો નહિ.

૧૯. શિકાર કરવો નહિ.

૨૦. અળગણ પાણી પીવું નહિ.

૨૧. કસાઈનું કામ કરવું નહિ. કરનારને સહકાર આપવો નહિ, અને કસાઈપણાનું કામ કરનારી કંપનીના શેર લેવા નહિ.

૨૨. જન્મ, વિવાહ, તહેવાર આદિ પ્રસંગોએ આતશબાજી કરવી નહિ કે કરાવવામાં સંમતિ આપવી નહિ.

૨૩. તપસ્યા (ઉપવાસ) ના કારણે જમણવાર કરવો નહિ અને તે માટે થતા જમણવારમાં ભોજન કરવા માટે જવું નહિ.

૨૪. શોક્ય, જેઠાણી, દેરાણી તથા નણંદ આદિ સાથે તથા તેમનાં બાળકો સાથે દુર્વ્યવહાર કરવો નહિ.

૨૫. મરનારની પાછળ રિવાજ તરીકે રોવું નહિ.

૨૬. ભાંગ, ગાંજો, ચરસ, તમાકુ, જર્દા આદિ ખાવા-પીવા કે સુંઘવાના કામમાં લેવો નહિ.

૨૭. વિવાહ તથા હોળી આદિ પર્વોમાં ગંદા ગીત અને ગાળો બોલવી નહિ તથા અશ્લીલ વ્યવહાર કરવો નહિ.

૨૮. હોળીના પર્વમાં રાખ. વગેરે ગંદા પદાર્થો બીજા પર ફેંકવા નહિ.

૨૯. મનુષ્ય દ્વારા ખેંચાતી રીક્ષામાં બેસવું નહિ.

૩૦. કોઈ પણ પ્રકારના મૃત્યુ-ભોજનમાં જમવા માટે જવું નહિ.

**અપવાદ**—શોક બતાવવા બીજા ગામમાં ગયેલી વ્યક્તિઓને આ નિયમ લાગુ પડતો નથી.

૩૧. ક્રોધાદિ વશ કોઇને ગાળ દેવી નહિ.

૩૨. લાભ કે દ્વેશ વશ આગ લગાડવી નહિ.

## (૨) સત્યવ્રત

સત્યના સંબંધમાં નીચેની પ્રતિજ્ઞાઓનું પાલન અણુવ્રતીઓને માટે અનિવાર્ય છેઃ—

૧. જમીન–મકાન, પશુ-પક્ષી, સોના–ચાંદી, ધન-ધાન્ય તથા ઘી-તેલ આટો વગેરે ખાદ્ય પદાર્થો અથવા અન્ય કોઇ વસ્તુની લે-વેચ કરતાં તેના પ્રકાર, માપ, તોલ, સંખ્યા વગેરે બાબતોમાં અસત્ય બોલવું નહિ.

૨. સમજીબૂઝીને ખોટો નિર્ણય યા ફેંસલો આપવો નહિ.

૩. કોઇ વ્યક્તિ, મંડળ, પક્ષ, અથવા ધર્મ વિશેપ પ્રત્યે આક્ષેપાત્મક નીતિથી ભ્રાન્તિ ફેલાવવી નહિ કે જૂઠો આરોપ મૂકવો નહિ.

૪. ન્યાયાધિશ અને પંચ આદિની સમક્ષ અનર્થકારી અસત્ય સાક્ષી આપવી નહિ.

૫. કોઇ વ્યકિત પાસેથી જૂઠું ખત અથવા દસ્તાવેજ લખાવવો નહિ. (જેમકે રૂપિયા ૧૦૦, આપીને ૨૦૦) નું ખત લખાવવું વગેરે.

૬. સ્વ અથવા પર કન્યા-પુત્રના વિચાર આદિ વિષયમાં અસત્ય બોલવું નહિ. જેમકે કોઇ આંધળી ને દેખતી અનોઈ કે સચ્ચરિત્રાને દુશ્ચરિત્રા કહેવી.

૭. ખોટો કેસ કરવો નહિ કે કરવામાં સંમતિ આપવી નહિ.

૮. ખોટા આરોપ કે કલંક મૂકવું નહિ.

૯. વ્યકિતગત સ્વાર્થ અથવા દ્વેષથી કોઇનો મર્મ (ગુપ્ત વાત) ઉઘાડો પાડવો નહિ.

૧૦. કોઇને મિત્રભાવ દેખાડીને અનિષ્ટકારી સલાહ આપવી નહિ.

૧૧. ખાતરી આપીને કે બંધન કરીને તેનો ઇનકાર કરવો નહિ.

૧૨. ખોટા દસ્કત બનાવવા નહિ કે બનાવવાની સંમતિ આપવી નહિ.

૧૩. જૂઠા રેશનકાર્ડ બનાવવા નહિ.

૧૪. કોઇને ખોટું પ્રમાણપત્ર આપવું નહિ.

૧૫. ખોટી જાહેર ખબર કરવી નહિ.

## (૩) અચૌર્ય વ્રત

અચૌર્યના સંબંધમાં નીચે જણાવેલી પ્રતિજ્ઞાઓનું પાલન અણુવ્રતીઓના માટે અનિવાર્ય છે :—

૧. તાળું તોડીને, ભીંત વગેરેમાં ખાતર પાડીને, ગાંઠડી કે તીજોરી ખોલીને, ધાડ પાડીને કે ખિસ્સું કાતરીને કોઇ વસ્તુની ચોરી કરવી નહિ.

૨. બીજાની પડેલી વસ્તુને ચોર વૃત્તિથી લેવી નહિ.

૩. રાજ્યનિષિદ્ધ વસ્તુઓનો વેપાર કરવો નહિ.

૪. રાજ્યનિષિદ્ધ વસ્તુઓને બીજા દેશમાં લઇજઇને અથવા બીજા દેશમાંથી લાવીને વેચવી નહિ.

૫. કોઈ ચીજમાં ભેળસેળ કરીને કે નકલીને અસલ તરીકે ઓળખાવીને વેચવી નહિ. (ભેળસેળ—જેમ કે દૂધમાં પાણી, ઘીમાં વેજીટેબલ અને આટામાં સિંગોડાનો લોટ વગેરે. નકલી ને અસલ તરીકે ઓળખાવવા, જેમ કે કલ્ચર મોતીને સાચું મોતી કહેવું).

૬. લે-વેચમાં જૂઠાં તોલમાપ કરવાં નહિ.

૭. એક પ્રકારની વસ્તુ બતાવીને બીજા પ્રકારની વસ્તુ આપવી નહિ.

૮. સારા માલને વટાવ કાપવાના દાનતથી ખરાબ અથવા નુકશાનવાળો ઠરાવવો નહિ.

૯. કોઈ સંસ્થાના ટ્રસ્ટી, અધિકારી કે કાર્યકર્તા વગેરે થઇને તેના ધનમાલનું અપહરણ કે સ્વાર્થવશ અપવ્યય કરવો નહિ.

૧૦. ખોટા સિક્કા કે નોટો બનાવવી નહિ, તેમજ બનાવવાની સંમતિ આપવી નહિ.

૧૧. ટિકિટ વિના રેલ્વે વગેરેમાં મુસાફરી કરવી નહિ.

**નોંધ**-અમુક રાજનૈતિક પક્ષની નીતિ અનુસાર તે પ્રકારના રાજ-નિયમોનું ઉલ્લંઘન કરવું પડે તો પ્રતિજ્ઞાઓને બાધ આવશે નહિ.

૧૨. કોઈ સોદામાં ગોળો ખાવો નહિ.

૧૩. ચોરીની વસ્તુ ખરીદવી નહિ અને ચોરને ચોરી કરવામાં સહાયતા આપવી નહિ.

## (૪) બ્રહ્મચર્ય વ્રત

બ્રહ્મચર્યના સંબંધમાં નીચે જણાવેલી પ્રતિજ્ઞાઓનું પાલન અણુવ્રતીઓ માટે અનિવાર્ય છેઃ-

૧. વેશ્યાગમન કે પરસ્ત્રીગમન કરવું નહિ.

૨. કોઈ પણ પ્રકારનું અપ્રાકૃતિક મૈથુન કરવું નહિ.

૩. દિવસે સંભોગ કરવો નહિ.

૪. ૪૫ વર્ષની ઉમ્મર પછી વિવાહ કરવો નહિ.

૫. રાજકીય કાયદાઓમાં દર્શાવેલી વિવાહની ઉમ્મરથી ઓછી

ઉંમરે વિવાહ કરવો નહિ.

૬. જ્યાં શીલભંગનો પ્રસંગ કે આશંકા જણાય, ત્યાં નોકરી કરવી નહિ કે રહેવું નહિ.

૭ એકલી પરસ્ત્રી સાથે એક જ ઓરડામાં રાત્રિ-શયન કરવું નહિ.

૮. એકલા પરપુરૂષની સાથે ફરવા જવું નહિ, રમવું નહિ કે સીનેમા વગેરેમાં જવું નહિ.

૯. વેશ્યાનું નૃત્ય કે ગાન કરાવવું નહિ.

૧૦. વેશ્યાનું નૃત્ય જોવાના ઉદ્દેશથી તે માટે યોજાયેલા સમારંભમાં ભાગ લેવો નહિ.

૧૧. કોઇ સ્ત્રીને ફોસલાવીને, ધમકાવીને, પીડીને કે લોભાવીને તેની સાથે વિવાહ કરવો નહિ.

**નોંધ**–ઉપર બતાવેલા મહિલાઓના નિયમો પુરૂષોને અને પુરૂષોના નિયમો મહિલાઓને લાગુ થાય છે.

**(૫) અપરિગ્રહ વ્રત**

અપરિગ્રહના સંબંધમાં નીચે જણાવેલી પ્રતિજ્ઞાનું પાલન અણુવ્રતીઓને માટે અનિવાર્ય છે.

૧. વ્યાપાર અંગે કાળાં બજાર કરવાં નહિ.

૨. લાંચ લેવી નહિ.

૩ પહેરામણી, આણું આદિ બીજાને ત્યાં જોવા જવું નહિ તથા પોતાને મળેલી પહેરામણી વગેરે ગોઠવીને બીજાને બતાવવી નહિ.

૪. પોતાના લોભની ખાતર રોગીની ચિકિત્સા કરવામાં અનુચિત વિલંબ કરવો નહિ.

૫. એક દિવસમાં ખાવાપીવાની વસ્તુઓ ૩૧ થી વધારે વાપરવી નહિ.

૬. રૂપિયા લઇને કન્યા-પુત્ર આદિનો વિવાહ-સંબંધ કરવો નહિ

૭. એક બીજાથી વધારે ઘરેણું પહેરવું નહિ.

(આ નિયમ માત્ર પુરૂષો માટે સમજવાનો છે.)

૮. વોટ, મત કે સાક્ષી આપવા માટે પૈસા માગવા નહિ અને આપવા પણ નહિ.

૯. જુગાર રમવો નહિ.

૧૦ તપસ્યા (ઉપવાસ) અંગે આભૂષણ વગેરે લેવાં નહિ.

૧૧. દોષિત અને હલકટ રીતેથી નોકરી, ઇજારો કે લાયસન્સ આદિ મેળવવાં નહિ.

૧૨. હોટેલ રેસ્ટોરન્ટનો ધંધો કરતાં માંસ, માછલી, ઇંડાં આદિનું ખાણું તૈયાર કરવું નહિ પીરસવું નહિ તથા પીવા માટે દારૂ આપવો નહિ.

૧૩. ઘર-ભૂમિ સોનું-ચાંદી, ધન-ધાન્ય, દ્વિપદ-ચતુષ્પદ તથા ઘરનો સામાન અને પરચુરણ વસ્તુઓ આદિ પરિગ્રહના પરિમાણથી વધારે રાખવી નહિ—સંઘરવી નહિ. (પોતે ધારેલું પરિમાણ સંઘ પ્રમુખને જણાવવું પડશે.)

**સાધના**

૧. દરેક વર્ષે એક અહિંસા દિવસ પાળવો.

૨. દરેક મહિને એક ઉપવાસ કરવો. જો બની શકે તેમ હોય નહિ તો દરેક મહિને બે દિવસ એક વખતથી વધાર વાર ખાવું નહિ.

૩. પ્રતિદિન ઓછામાં ઓછું ૧૫ મિનિટ આત્મ-ચિંતન કરવું.

૪. દરેક મહિને ઓછામાં ઓછું ૧૫ દિવસ બ્રહ્મચર્ય વ્રત પાળવું.

**અહિંસાદિવસનો કાર્યક્રમ**

૧ ઉપવાસ અવશ્ય કરવો.

૨ કોઇ પણ મનુષ્ય, પશુ પક્ષી વગેરે પર સામાન્ય કે વધારે પ્રહાર કરવો નહિ.

૩. પશુઓ પર સવારી કરવી નહિ.

૪. અસત્યમાત્રનો ત્યાગ કરવો.

૫. પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવું.

૬. કોઇને કડવું વેણ કહેવું નહિ.

૭. પોતાના બચાવ માટે પણ હિંસાત્મક પ્રત્યાક્રમણ કરવું નહિ.

૮. એક કલાક સુધી આધ્યાત્મિક સ્વાધ્યાય કરવો.

૯. અર્ધો કલાક આત્મ-ચિંતન કરવું, જેમાં વર્ષ દરમિયાન કરેલી ખોટી પ્રવૃત્તિઓ યાદ કરી આત્મનિંદા કરવી.

૧૦. પોતાના માતા-પિતા ભાઇ તથા અન્ય કુટુંબી અને પોતાના નોકર તથા કામ કરનારાઓ વગેરે જેઓ નિરંતર સંપર્કમાં આવનારા છે, તેમાંથી જેઓ મળે તેમને સાક્ષાત્ અને ન મળે તેમને પોતાની ભાવનાથી વર્ષભરમાં થયેલા અસદ્વ્યવહાર માટે ખમાવવા (ક્ષમા માગવી) અને તેમને પોતાના તરફથી ક્ષમા આપવી.

૧૧. ખાસ આયોજન દ્વારા અહિંસા આદિ સિદ્ધાંતોનો અને શકય હોય તો 'અણુવ્રતી–સંઘ'નો પ્રચાર કરવો.

**આત્મચિંતન**

૧. ભૌતિક સુખોમાં આસક્ત થઇને આત્મોન્નતિના મુખ્ય લક્ષને ભૂલ્યો તો નથી ?

૨. સ્વ-પ્રશંસા અને પરનિંદાથી પ્રસન્નતા તો નથી થઇ અને સ્વ-નિંદા અને પર-પ્રશંસાથી અપ્રસન્નતા તો નથી થઇ ?

૩. પોતાના મોઢે જ પોતાનાં વખાણ તો નથી કર્યાં ?

૪. કોઇનો જૂઠો પક્ષ લઇને ઝગડા તો નથી કર્યા ? અને કોઇનું અપમાન કરવાની કોશિશ તો નથી કરી ?

૫. કોઇની નિંદા તો નથી કરી ?

૬. કોઈની ઉન્નતિ અને ઐશ્વર્ય જોઇને ઇર્ષ્યા તો નથી કરી?

૭. બીજાની બરાબરી કરવા માટે નૈતિક જીવનથી ભ્રષ્ટ કરનારૂં કામ તો નથી કર્યું ?

૮. કોઇની સાથે તોછડાઇ તો નથી વાપરી ? બોલવામાં અશ્લીલ શબ્દોનો ઉપયોગ તો નથી કર્યો ?

૯. વડીલ અને વૃદ્ધોની અવહેલના કે તેમનો અવિનય તો નથી કર્યો ? પોતાના માતાપિતા આદિ પૂજ્યજનોના સન્માનમાં કોઇ અવિનય તો નથી કર્યો ?

૧૦. અવિનય, ભૂલ કે અપરાધ થતાં ક્ષમાયાચના કરી કે નહિ ?

૧૧. બાળક–બાળિકાઓએ કહેલું ન માનતાં તેમને નિર્દયતાથી માર્યા તો નથી ?

૧૨. જૂઠું બોલીને પોતાની ભૂલ છુપાવવાની કોશિશ તો નથી કરી ?

૧૩. સ્વાર્થથી કે વિના સ્વાર્થે કોઇ જૂઠી વાતનો પ્રચાર તો નથી કર્યો ?

૧૪. કોઈની કોઈ વસ્તુ ચોરી તો નથી ?

૧૫. પરસ્ત્રીને પાપદૃષ્ટિથી તો નથી જોઇ ? અથવા પરપુરૂષને પાપદૃષ્ટિથી તો નથી જોયો ?

૧૬. અપ્રાકૃતિક મૈથુન તો નથી કર્યું ?

૧૭. ધન મેળવવા માટે વિશ્વાસઘાત આદિ અમાનવોચિત કામ તો નથી કર્યું ?

૧૮. કોઇની સાથે કોઈ માનસિક, વાચિક અને કાયિક હિંસા તો નથી કરી ?

૧૯. આજે મને ક્રોધ તો નથી આવ્યો ? આવ્યો તો કેમ કોનાપર, કેટલી વાર ?

૨૦. કોઇને ઠગવાની કે ફસાવવાની કોશિશ તો નથી કરી ?

૨૧. ભાંગ, ગાંજો, ચરસ આદિ નશાવાળી વસ્તુઓ વાપરી તો નથી?

૨૨. પોતાના વિચારો સાથે સહમત ન થનારાઓનો દ્વેષ તો નથી કર્યો ?

૨૩. જીભની લોલુપતાને લીધે વધારે ખાધું-પીધું તો નથી ?

૨૪. ગંજીપો, ચોપાટ, કેરમ વગેરે રમવામાં સમયને બરબાદ તો નથી કર્યો ?

૨૫. ઘરની કે પડોશની વ્યકિતઓ સાથે ઝગડો તો નથી કર્યો ?

૨૬. કોઇ અનૈતિક અથવા અપ્રિય કામોમાં ભાગ તો નથી લીધો ?

૨૭. કોઇની સાથે વ્યકિતગત અથવા સમૂહરૂપમાં કોઇ કાવતરૂં કે દગો તો નથી કર્યો, જે દેશ. સમાજ અને વર્ગને અશાંતિ પમાડવાની સાથે આત્માને પણ ગ્લાનિ ઉપજાવે ?

૨૮. ખોટો ખર્ચ તો નથી કર્યો ?

૨૯. કાળા બજારની કોઇ વસ્તુ ખરીદી કે વેચી તો નથી ?

૩૦. જુગાર, સટ્ટો, તેજીમંદી વગેરે પ્રવૃત્તિ તો નથી કરી ? અથવા તે સંબંધી કોઇને પ્રેરણા તો નથી આપી ?

૩૧. વિધવા સ્ત્રી આદિને અપશુકન માનીને તેનું દિલ તો નથી દુખાવ્યું ?

## નારી સમાજ માટે ખાસ

૧. ઘરેણા વગેરે બનાવવા માટે પતિને હેરાન તો નથી કર્યો?

૨ સાસુ, નણંદ, જેઠાણી, દેરાણી આદિ કૌટુંબિક સ્વજનોની સાથે ઈર્ષ્યા, દ્વેષ કે કલહ તો નથી કર્યો ?

૩. શોકય, જેઠાણી નણંદ આદિ બીજાના બાળકોની સાથે દૃષ્ટિવ્યવહાર તો નથી કર્યો ?

૪. કોઇ વિધવા બહેનનું અપશબ્દોથી અપમાન તો નથી કર્યું ?

૫. દેખાવ, શ્રંગાર કે વિષયવાસનાઓમાં શકિત અને સમયનો અપવ્યય તો નથી કર્યો ?

૬. દિવસભરમાં કયા અનુચિત, અપ્રિય અને અવગુણ પેશ કરનારા કાર્યો કર્યા ? અને કઇ સુંદર શિખામણ ગ્રહણ કરી ?

---

**( આગ સાથે અડપલાં......** ૧૨૮ પાનેથી ચાલુ **)**

જીંદગી પર કંટાળો આવે છે, અને ધીક્કાર છૂટે છે. આ રીતે વાસ્તવિક જીવનમાં ખોટી વ્યથા ઉપજાવવામાં સિને-ઉત્પાદકો કારણભૂત બને છે. થોડા પૈસામાં બે કે ત્રણ કલાકની મોજ ખરીદનારનું સાચું જીવન અસહ્ય બની જાય છે. આ રીતે ઉત્પન્ન થયેલા અસંતોષના અગ્નિએ અત્યારની આપણી ઘણી સારીમાઠી, સામાજીક અને રાજકીય, સમસ્યાઓ જન્માવી છે. જીવનની વાસ્તવિક ધરતી પરથી નાસી છૂટવાનો પ્રયત્ન કરવો એ પ્રાણઘાતક ઉપાય છે. ફીલ્મોની આ બાજુ પરત્વે આપણે ખૂબ સાવચેત રહેવું જોઇએ.

મારા અભિપ્રાય મુજબ રંજનપ્રધાન ફીલ્મોનું સ્વરૂપ કંઇક આવું હોવુ જોઇએ: આપણે આપણા ઘરને અને કુટુંબને ચાહતા શીખીએ, આપણે ભાગે આવેલી જીવનપરિસ્થિતિમાં વધુ ધીરજથી, વધુ કળાપૂર્વક જીવતા શીખવાડે અને વાસ્તવિક જીવન તથા પ્રકૃતિ સાથે એક પ્રકારનો સુમેળ જન્માવી સુખી થતા શીખવે એવી ફીલ્મો હોવી જોઇએ.

છાપા લોકમતને ઘડે છે. તેની અવજ્ઞા કરવી આપણને પાલવે એમ નથી. એજ રીતે માનવચિત્ત પર પ્રબળ અસર કરી ક્ષુબ્ધ કરી મૂકતી ફીલ્મોની પણ અવજ્ઞા ન થઇ શકે. ફીલ્મની અસર તો છાપા કરતાં પણ વધુ પ્રબળ હોય છે. કારણકે ફીલ્મમાં એક નવી જ સૃષ્ટિ ખડી થાય છે. તેના પાત્રો હરતા ફરતા હોય છે. ત્યાં વાણીનો ઉચ્ચાર થાય છે, છાપાની જેમ મૌન વાણી નથી હોતી સીનેમાને પોતાનું નિજનું કહી શકાય એવું એક નિરાળુ જીવન છે. ફીલ્મ જોતી વખતે આપણા મન પર સામુહિક ઉશ્કેરાટની કોઇ અજબ પકડ હોય છે. ચિત્ર જોવામાં તમે એકલા નથી હોતા આસપાસ સેંકડો માનવીઓ હોય છે. જ્યારે છાપા તો ઘણુંખરૂં એકલા જ વાંચીએ છીએ.

બહુજનસમાજની કેળવણી અને સંસ્કારવિકાસ માટે સાધનરૂપ બની શકે એવા આ બે પ્રબળ માધ્યમો એકબીજાના સહકારથી માનવીકલ્યાણ માટે પ્રયત્ન કરે એમ હું ઇચ્છું છું. કલા અને વિજ્ઞાનમાં સાધેલા આવા અપૂર્વ અને અજાયબ વિકાસ પછી પણ જાણે માનવજાત શૂન્યમાં-ભયંકર શૂન્યમાં ન ધસી જતી હોય એવું લાગે છે. આપણી ભૌતિક સિદ્ધિઓ અને સીને—જગતના કહેવાતા વિકાસ વચ્ચે સરખામણી કરવાની પળ આવી લાગી છે છાપાઓ સીને-તારિકાઓના આકર્ષક ફોટા છાપે છે, તેમના અંગત જીવનમાં નાહક ડોકીયા કરે છે અને લોકોને તેમના તરફ આકર્ષવા માટે એથી વિશેષ પણ ઘણું ઘણું કરી છૂટે છે. છાપાના આ ધુરાવાહકોએ ફીલ્મની અસરથી જીવનક્ષિતિજ પર દેખા દઇ રહેલા ધ્વંસાત્મક ચિન્હો પ્રત્યે પણ લાલબત્તી ધરવી જોઇએ.

છાપાના ધુરાવાહકોએ ફીલ્મો પ્રત્યે ટીકાકારની દૃષ્ટિએ નહિ પણ સહાનુભાવ પ્રેક્ષક તરીકે જોવું જોઇએ. એકદમ ટીકાની ઝડીઓ વરસાવવાનો કશો અર્થ નથી. છાપુ કેમ ચલાવવુ વિ૦ બાબતો વિષે હું તમને સલાહ આપું તો કેટલું હાસ્યાસ્પદ લાગે ? એવું જ આ બાબત વિષે છે. ખાલી ઉપદેશથી કોઇ વસ્તુ સુધરતી નથી જેમને સુધારવા ઇચ્છતા હો તેમની વચ્ચે તમારે કામ કરવું જોઇએ. ઉપર રહ્યાં રહ્યાં નીચેના માણસોને સીંચવા કરતાં નીચે આવી ઉપર લઇ જવા એ વધુ સલાહભર્યું છે.

આપણા નેતાઓ પણ હવે ફીલ્મરક્ષકો તરીકે બહાર આવવા લાગ્યા છે. જે વિનતિ મેં પત્રકારોને કરી તે જ વિનંતિ મારે આપણા નેતાઓને પણ કરવાની છે. સિને-જગતમાં સુધારો કરવાનો વિચાર કરતા પહેલાં એમણે તે જગત સાથે મૈત્રી કરવી જોઇએ. આમ કરવાથી તેમને તે જગતનું ખરૂં સ્વરૂપ સમજાવશે.

કૃપા કરીને આમાં ગેરસમજ ન થવા દેશો. મને ફીલ્મોની ટીકા થાય તે સામે કશો વાંધો નથી. મેં આગળ કહ્યું તેમ ઘણી વસ્તુઓથી આપણે સાવચેત રહેવાનું છે. પણ વર્તમાન પરિસ્થિતિની માત્ર ટીકા કર્યા કરવાથી કશો અર્થ ન સરે. આ પ્રશ્ન પરત્વે ઉંડી સમજ અને સહાનુભૂતિ અનિવાર્ય છે હીંદી ફીલ્મજગતમાં સુધારો કરવાના આપણા નેતાઓના ધ્યેયમાં એ બે વસ્તુઓનો સુમેળ સધાય એમ હું ઇચ્છું છું.

માનવીજીવન અને માનવીસુખ સાથે સીનેમાની કોઇ નીગઠ ગાંઠ બંધાઇ ગઇ છે. ફીલ્મજગતના પ્રશ્નો માનવજીવનના પણ પ્રશ્નો બની રહે છે. અને એટલે જ ફીલ્મોનો વિકાસ કરવાની વાત હું કરતો હોઉં છું.

મને આશા તો છે જ કે રાષ્ટ્ર તેમજ માનવીકલ્યાણ માટે પ્રયત્ન કરતા આપણા આ વૃત્તનિવેદકો સમક્ષ કરેલી મારી આ વિજ્ઞપ્તિ એળે નહિ જાય.

મૂળ અંગ્રેજી : **શ્રી દેવકી બોઝ**

અનુવાદક : **ગિરીશ ભટ્ટ**

---

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ મુંબઈ ૨.